॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

વડતાલધામ શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ગ્રંથમાળા - ૩૧

# વડતાલધામ

# મહિમા લીલાગાથા

## ભાગ - ૧

**મહિમા ● લીલાપ્રસંગ ● દર્શન**



**પ્રસિદ્ધ કર્તા : શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન**



આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ

सर्वावतारधर्तारं भुक्तिमुक्तिप्रदायकम् ।
वन्देऽहं स्वेष्टदेवं तं हरिकृष्णं मनोहरम् ॥



શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ - વડતાલધામ

उद्धवज्ञानदातारं धर्मभक्तिवरप्रदम् ।
वन्देऽहं राधिकायुक्तं वृन्दावनविहारिणम् ॥



શ્રી રણછોડરાયજી, શ્રી લક્ષ્મીનારાયણદેવ - વડતાલધામ

श्रीकान्तं द्वारिकाधीशं लक्ष्मीनारायणं तथा ।
वन्देऽहं स्वेष्टदातारं देशवृत्तालयस्थितम् ॥



શ્રી વાસુદેવનારાયણ, શ્રી ધર્મ-ભક્તિ - વડતાલધામ

धर्मभक्तिवासुदेवं भक्तदोषनिवारकम् ।
वन्देऽहं दुःखहर्तार विद्याशक्तियशःप्रदम् ॥



શ્રી ઘનશ્યામ મહારાજ
અક્ષરભુવન



શ્રી ઘનશ્યામ મહારાજ - અક્ષરભુવન



શ્રી ઘનશ્યામ મહારાજ
હરિમંડપ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



॥ શ્રી હરિકૃષ્ણ ॥


**સનાતન ધર્મધુરંધર આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**

શ્રી લક્ષ્મીનારાયણ દેવ દક્ષિણ દેશ ગાદી

સંસ્થાન : વડતાલ - પીન : ૩૮૭ ૩૭૫


આચાર્ય જા. ર. નં. ૮૧/૨૦૮૦

# આશીર્વાદપત્ર

તા.૧૨ - ૧૦ - ૨૦૨૪

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પિઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

ભગવાન શ્રી સ્વામિનારાયણને અતિશય પ્રિય તેમજ વારંવાર જેમને યાદ તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયનું કેન્દ્ર સ્થાન બનાવ્યું એવું અક્ષરધામ તુલ્ય "શ્રી વડતાલધામ" તેમનો મહિમા અવર્ણનીય છે. એવા વૃત્તપુરનો મહિમા દરેક ગ્રંથો વગેરેમાંથી સંકલન કરી શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી દ્વારા **"શ્રી વડતાલ લીલા ભાગ – ૧ - ૨"** નું **શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ** અંતર્ગત વડતાલ મંદિર દ્વારા પ્રકાશન થઈ રહ્યું છે. ત્યારે દરેક જીવમાત્રના હૃદયમાં વડતાલધામ પ્રત્યે આ પુસ્તકને વાંચ્યા પછી વિશેષ નિષ્ઠા દ્રઢ થાય તેવી ભગવાન શ્રીહરિના ચરણારવિંદમાં પ્રાર્થના.

તેમજ આ પુસ્તકમાં સંપાદનની તેમજ સંકલનની સાથે સાથે આર્થિક સેવા કરનાર તમામ ઉપર ભગવાન શ્રીહરિની કૃપા વરસતી રહે તેવી શ્રીહરિના ચરણ કમળમાં પ્રાર્થના સહ શુભાશિર્વાદની સાથે અમારા અતિ ભાવથી જય શ્રી સ્વામિનારાયણ.

આચાર્ય મહારાજ શ્રી

શ્રી નિલકણ્ઠ ! હરિકૃષ્ણ ! હરે ! દયાલો, સ્વામિન્ ! પરાત્પરવરાક્ષર ધામવાસિન્ ॥
હારિપ્રસાદ ! પુરુષોત્તમ ! ધર્મપુત્ર ! નારાયણં સુખનિર્ધિપ્રણમામ્યહ ત્વામ્ ॥

# વડતાલધામ શ્રીજી મહારાજના પ્રસાદીના દર્શનીય સ્થળ મંદિર પરિસર



હરિમંડપ
(શિક્ષાપત્રી ભુવન)



રામપ્રતાપભાઈનો
બંગલો



નંદ સંતોની
ધર્મશાળા



આચાર્ય સ્થાપન
છત્રી



ગાદીવાળો મેડો



વચનામૃત પ્રબોધન
છત્રી



શ્રી ગણપતિજી
શ્રી હનુમાનજી



જ્ઞાનકૂપ




બુરજ

# વડતાલધામ સ્થિત શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો



જ્ઞાનબાગ



ગોમતી તળાવ



સભાની છત્રી
(ગોમતીજી)



સમી પૂજનની છત્રી
(ગોમતીજી)



નારાયણ કુપ
નારાયણ બાગ




ગંગામાનો ઓરડો
(ગૌશાળા પાસે)



આંબાનો ઓટો
(ગોમતીજી)



ગંગાજળીયો કુવો



વડેઉ માતાજી

# વડતાલધામ સ્થિત શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો



જોબનબગીની મેડી



ઘેલા હનુમાનજી



કેદારેશ્વર મહાદેવ



સોનાર કુઇ



ગોપી તળાવડી



ખોડિયાર માતાજી




ટાડર તળાવ



ઘના તળાવ



સુંદરપગીનો કુવો




## વડતાલધામમાં આવેલ પ્રસાદીના સ્થળોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. મુખ્ય મંદિર | ૨. નરેન્દ્ર ભુવન | ૧૦. આંબાનો ઓટો | ૧૮. ગોપીતળાવડી |
| A સભા મંડપ | ૩. ત્રણદરવાજા | ૧૧. ગંગાજળીયો કુવો | ૧૯. ખોડીયારમાતાજી |
| B હરિ મંડપ | ૪. બસ્ટેન્ડ | ૧૨. વડેવમાતાજી | ૨૦. ટાડણ તળાવ |
| C અક્ષર ભુવન | ૫. સ્મૃતિ મંદિર | ૧૩. જોબનપગીની મેડી | ૨૧. ઘનાતળાવ |
| D રામપ્રતાપભાઈ નો બંગલો | ૬. ગોમતી તળાવ | ૧૪. ઘેલા હનુમાનજી | ૨૨. રેલ્વેસ્ટેશન |
| E શ્રી ગણપતી | ૭. સભાની છત્રી | ૧૫. કેદારેશ્વર મહાદેવ | ૨૩. સુંદરપગીનો કુવો |
| F શ્રી હનુમાનજી | ૮. સમી પુંજનની છત્રી | ૧૬. જ્ઞાનબાગ | |
| G જ્ઞાન કુપ | ૯. રઘુવિરવાડી | ૧૭. સોનાર કુઈ | |
| H ભોજનાલાય | | | |

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ આયોજીત



શ્રી લક્ષ્મીનારાયણ દેવ

વડતાલધામ

સંવત ૧૮૮૧ સે ૨૦૮૧

દ્વિશતાબ્દી મહોત્સવ 7 to 15 Nov. 2024

# વડતાલધામ

## મહિમા લીલાગાથા

॥ વૃતાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૩૧

# વડતાલધામ

# મહિમા લીલાગાથા

## ભાગ-૧

**મહિમા • લીલાપ્રસંગ • દર્શન**

દક્ષિણ વિભાગ વડતાલ શ્રીલક્ષ્મીનારાયણદેવ ગાદીના સનાતન ધર્મમાર્તણ્ડ પીઠાધિપતિ
૫.પૂ.ધ.ધુ. ૧૦૦૮ **આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની આજ્ઞા


: સંપાદન-લેખન :

**સ્વામી નિત્યસ્વરૂપદાસજી - સરધારધામ**



: પ્રસિદ્ધકર્તા :

**શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી,**
મુખ્ય કોઠારી શ્રી પૂ. શા. સંતવલ્લભદાસજી સ્વામી (Ph.D., D.Litd.)
શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૩૧

# વડતાલધામ મહિમા લીલાગાથા

**સંપાદક-લેખક :** સ્વામી નિત્યસ્વરૂપદાસજી (સરધારધામ)

**પ્રકાશક :**
શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલધામ
તા. નડિયાદ, જી. ખેડા. પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)
ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬
E-mail : vadtaldhamvikas@gmail.com, Visit us : vadtalmandir.org

**પ્રકાશન તિથિ :**
વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ. સં. ૨૦૮૧
તા. ૭ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૪

**આવૃત્તિ :** પ્રથમ

**પ્રત :** ૩૦૦૦

**પડતર કિંમત :** ૨૫૦/-

**સૌજન્યને આભારી સેવા મૂલ્ય :** ૧૦૦/-

**પ્રાપ્તિસ્થાન:**
શ્રીહરિકૃષ્ણ ધાર્મિક સ્ટોર, વડતાલધામ
ફોન નં. +૯૧૭૨૦૩૦૯૨૬૨૦

**મુદ્રક :**
હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી., અમદાવાદ
મો. ૯૮૭૯૯ ૬૧૭૮૯, મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯
Email : hgppl1008@gmail.com

# સમર્પણ



**સદ્‌ગુરુ કોઠારી શ્રી હરિજીવનદાસજી સ્વામી - જેતપુરધામ**

જેમણે વડતાલ ગાદીના આચાર્ય મહારાજશ્રી પાસે, ગુણાતીતાનંદ સ્વામીની
પરંપરામાં સંત દીક્ષા ગ્રહણ કરી. જેમણે આજીવન નંદ સંતોના પગલે
પગલે સાધુતા રાખી સત્સંગની સેવા કરી. જેમણે શ્રીજી ગાદી સ્થાન
જેતપુર મંદિરનો વિકાસ કર્યો. જેમણે યાત્રાળુઓ માટે બારે
માસ - બંને ટાઈમ પ્રસાદરૂપ ભોજનની સેવાઓ કરી.
જેમણે પોતાના આચરણથી ઉપદેશ આપ્યો અને
અનેક સંતોના જીવનનું ઘડતર કર્યું એવા
સાધુતાના શણગારરૂપ પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
**''કોઠારી સ્વામી સદ્‌ગુરુ શ્રીહરિજીવનદાસજી સ્વામી જેતપુર શ્રીજી ગાદીસ્થાનના''**
કરકમળમાં
વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી
ગ્રંથમાળાનું આ ગ્રંથપુષ્પ અર્પણ કરીએ છીએ.

કોઠારી સાધુ દેવપ્રકાશદાસ
ચેરમેનશ્રી, વડતાલધામ

શાસ્ત્રી સાધુ સંતવલ્લભદાસ
મુખ્ય કોઠારીશ્રી, વડતાલધામ

# સંપાદકીયમ્



સંપ્રદાયમાં શૈક્ષણિક, સામાજિક, આર્થિક, રાજકીય અને ઐતિહાસિક દૃષ્ટિએ સમૃદ્ધ કહી શકાય એવા ઘણાં ગામો અને શહેરો છે. એ સ્થળોની સરખામણીમાં વસ્તી, વેપાર, વ્યવહાર અને શિક્ષણ-સંપત્તિ વગેરે દૃષ્ટિએ વડતાલ તો એક નાનું ગામ ગણાય. પરંતુ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે એ બધા સ્થળોમાં એકમાત્ર વડતાલને પ્રિયાતિપ્રિય સ્થાન ગણીને 'તીર્થોમાં શિરોમણિ મોટું ધામ' બનાવ્યું છે. એની મહત્તા ભગવાન અને ભગવાનના ભક્તોના પ્રત્યક્ષ નિત્યયોગને કારણે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં ઘણા સ્થળોએ, ઘણા ઉત્સવો ઉજવ્યાં છે પણ જો કોઈ સ્થળે વર્ષના બધા જ ઉત્સવો ઉજવ્યા હોય તો તેવું સ્થળ સંપ્રદાયમાં માત્ર એક જ છે - વડતાલ. ગઢડામાં વર્ષના લગભગ બધા જ ઉત્સવો ઉજવ્યા છે પણ ત્યાં વર્ષની બધી જ એટલે કે ચોવીશે એકાદશીઓના ઉત્સવો ઉજવ્યાં નથી, જ્યારે વડતાલમાં ભગવાન શ્રીહરિએ એ ઉત્સવો પણ ઉજવ્યાં છે. સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ આ હકીકતની નોંધ લેતા 'શ્રીસત્સંગિજીવન' ગ્રંથમાં કહે છે :

**प्रतिवर्षं दुर्गपुराह्यरि वृत्तालयं पूरम् । मुहुर्जगाम नृपते धर्मस्थापन उद्यतः ।।**

**तेनोत्सवास्तत्र महान्त एव कृता ह्यनेकेऽखिल सौख्यकर्ता ।**

જગતમાં એકાંતિક ધર્મનું પ્રવર્તન અને પ્રતિષ્ઠા કરવા માટે સદા ઉત્સુક, સદાપ્રવૃત એવા ભગવાન શ્રીહરિ, ગઢડાથી વડતાલ પ્રતિવર્ષ વારંવાર પધારતા અને ત્યાં ભક્તજનોને ભારે સુખ-શાંતિ અને આનંદ આપે એવા અનેક ઉત્સવો કરતા.

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૩/૪૬/૩૧-૩૨)

ભગવાન શ્રીહરિએ વડતાલ જ્યાં આવેલું છે એ ચરોતર પ્રદેશ, પોતાને વૃંદાવન જેવો પ્રિય છે' તેમ સ્વમુખે કહેલું : **'स देशोऽस्ति मम प्रेष्ठो वृन्दावनमिवानध !'** (શ્રીસત્સંગિજીવન : ૪/૨૭/૧૦) જ્યારે સદ્‌ગુરુ શતાનંદ મુનિએ 'શ્રીસત્સંગિજીવન' ગ્રંથમાં સુયોગ્ય રીતે વડતાલને **'पुण्यभूमिर्वृन्दावनमिवोत्तमः ।'** 'વૃંદાવન જેવી ઉત્તમ પુણ્યભૂમિ' કહી છે. (૩/૪૭/૫૭)

આ વડતાલ ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, પ્રથમ વખત સંવત ૧૮૫૫ (ઈ.સ. ૧૭૯૯)માં વનવિચરણ દરમ્યાન, નીલકંઠ વર્ણીસ્વરૂપે ઉમરેઠથી પ્રભાતકાળે પધારી જોબનપગીને ઘરે જઈ ફળાહાર કર્યું હતું. ત્યારબાદ જેતપુરમાં ગાદીપદારુઢ થયા પછી રાજાધિરાજ સ્વરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણ, સંવત ૧૮૬૦ (ઈ.સ. ૧૮૦૪) માં બોચાસણથી સંતો-પાર્ષદો સાથે વડતાલના નરવાદાર શ્રી બાપુભાઈ પટેલના નિમત્રંણ થકી વડતાલ પધાર્યા અને સંવત ૧૮૮૬ (ઈ.સ. ૧૮૩૦)માં અંતિમ વખત પધાર્યા. ઈ.સ. ૧૮૦૪થી ઈ.સ. ૧૮૩૦ના ૨૬ વર્ષના આ સમયગાળા દરમ્યાન, ભગવાન શ્રી સ્વામિનારાયણ ચાલીશથી વધુ વખત વડતાલ પધાર્યા હતા અને તેમાં એક દિવસથી માંડીને ચારથી વધુ માસ સુધી રોકાયા છે.

ભગવાન શ્રીહરિના પ્રથમ વખત આગમન વખતે બાપુભાઈ પટેલ, વાસણ સુથાર, વનમાળી ગોરી વગેરે અગિયાર વ્યક્તિઓને વ્રતમાન ધરાવ્યા હતા. ત્યારબાદ શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી સત્સંગના પ્રચાર - પ્રસાર માટે વડતાલ વિસ્તારમાં પધાર્યા. સ્વામીની ભક્તિ અને જ્ઞાનથી પ્રભાવિત થઈ નારણગિરિ ગોસાઈ એમને પોતાના મઠમાં બોલાવતા, સત્સંગ રાખતા, થાળ આપતા અને પછી તો મઠમાં જ રાખતા. ભાઈરામદાસ સ્વામી પણ વડતાલમાં સત્સંગ પ્રચાર - પ્રસાર માટે રહેલા. મંદિર નિર્માણ કાર્ય માટે બ્રહ્માનંદ સ્વામી અને અન્ય સંતો ખાસ્સો સમય વડતાલમાં રહેલા. આ અને અન્ય સંતોની આગતા સ્વાગતા ને સરભરા સમસ્ત ગામ દ્વારા થતી.

શ્રીહરિ અને અન્ય સંતો - ભક્તો માટેનું ગામ સમસ્તનું સમર્પણ અનન્ય રહ્યું છે.

વડોદરા રાજ્યના પેટલાદ પરગણા અંતર્ગત વડતાલ ગામ આવેલ. એ સમયે હજાર-પંદરસોની વસ્તી; જેમાં તમામ જ્ઞાતિના લોકો રહે. ગામની આસપાસ તળાવો-કૂવા-કૂઈઓ. ગામ ફરતે ખેતીની ઉત્તમ જમીન. વૃક્ષોની વનરાજી એવી કે 'વૃંદાવન'ની ઉપમા આપી શકાય. ગામમાં તમામ જ્ઞાતિઓ વચ્ચે સંપ. પરંતુ જોબનપગી અને એના સાથીઓનાં પરાક્રમો થકી વડોદરા રાજ્યનું લશ્કર પણ ગામનું નામ દેતાં ડરે. તો જોબન પગીની ધાક ગુજરાત અને મહારાષ્ટ્ર સુધી વાગે. વડોદરા રાજ્યની તીજોરી બે વખત સફળતાપૂર્વક લૂંટે. પણ, ડભાણ ખાતે તે ભગવાન શ્રીહરિની ઘોડી કે અન્ય કોઈની વસ્તુ ચોરી ન શકે. ચોર લૂંટારાના રાજા ગણાતા જોબરપગી એક જ ક્ષણમાં ભગવાન શ્રીહરિની શરણાગતી સ્વીકારી, ભક્તરાજ બની જાય.

વડતાલ ગામનું તર્પણ ભવ્યાતિભવ્ય રહ્યું છે. એ બાબતે પ્રથમથી જ શ્રી બાપુભાઈ પટેલ મોભી બની રહ્યા. સાથી બન્યા વાસણ સુથાર, જોબન પગી, નારણગિરિ ગોસાઈ અને અન્ય. ગામ સમસ્તે શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિર માટે જમીન અર્પણ કરી. પછીથી ગોમતી તળાવ, ઓટાની જમીન વગેરે. વડતાલ મંદિરના પાયામાં જ નવ લાખ ઈંટો પૂરાઈ. સાત શિખરનું મંદિર વડતાલની ભક્તિનો પૂરાવો છે. માટે જ, શ્રીહરિએ વડતાલને સંપ્રદાયના એક વિભાગની ગાદીનું સ્થાન બનાવ્યું. વડતાલ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની બનેલ છે.

વડતાલ ગામના તર્પણનાં ઉદાહરણ યાદ કરતાં આજે પણ વડતાલવાસીઓ જ નહીં, ચરોતરવાસીઓ પણ ગૌરવ લે છે. નારણગિરિ ગોસાઈ મંદિર નિર્માણ દરમ્યાન અવાર નવાર જેટલી રકમની જરૂર પડે તે પૂરી પાડતા. મૂર્તિ પ્રતિષ્ઠા પછી ભગવાન શ્રીહરિએ હિસાબ કરવા કહ્યું તો, નારણગિરિ ગોસાઈએ હિસાબના ચોપડા પર તુલસીપત્ર મૂક્યાં ને એ હિસાબ શ્રીહરિને અર્પણ કરી દીધો. એ ઘણી મોટી રકમનું તર્પણ હતું. વડતાલની પ્રથમ મુલાકાત વખતે ભગવાન શ્રીહરિએ વાસણ સુતારના ઘરે પધરામણી કરી. ત્યારે કહેલું કે તે ઘર જ્ઞાન ભક્તિનું કેન્દ્ર બનશે. શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિર નિર્માણ બાદ તેમનું ઘર બહેનોનું મંદિર બન્યું. શ્રીલક્ષ્મીનારાયણદેવ મંદિરના ઠાકોરજીનાં થાળ માટે જોબનપગીએ પોતાનું રાવલીવાળું ૧૨ વીઘાનું ખેતર અર્પણ કર્યું. વડતાલની આસપાસની સેંકડો એકર જમીન ગામલોકોએ મંદિરને અર્પણ કરેલી.

ભગવાન શ્રીહરિએ વડતાલમાં તમામ એકાદશીઓ ઉજવી. કોઈ એક ગામે તમામ એકાદશીઓ ઉજવી હોય તો માત્ર વડતાલ ગામે જ. કાર્તિકી અને ચૈત્રી સમૈયા ઉજવી ભગવાન શ્રીહરિએ આજ્ઞા જાહેર કરી કે, પ્રતિ વર્ષ કાર્તિકી અને ચૈત્રીસમૈયામાં હરિભક્તોએ વડતાલ વણતેડે આવવું.

**પછી ઉત્સવ આદર્યા, વરસોવરસ વરતાલ; દેઈ દરશન દાસને, કરવા કોટિક નિહાલ...૦૩**
**રામનવમી પ્રબોધની, ઉત્સવના દિન એહ; અણ તેડ્યે સહુ આવજો, કહ્યું શ્રીમુખે કરી સનેહ...૦૪**

(શ્રી નિષ્કુળાનંદ કાવ્ય-પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૨૪)

**વળી શ્રીજી બોલ્યા છે વચન, સુણો હેતથી સૌ હરિજન; હરિનવમી પ્રબોધની માંય, જાવું સૌ જને જાત્રાયે ત્યાંય...૬૦**
**મારી આજ્ઞાને જો અનુસરો, બે સમૈયા તે વરતાલે કરો; એવી આજ્ઞા હમેશની કીધી, સૌએ સ્નેહથી દિલ ધરી લીધી...૬૧**

(શ્રીહરિલીલામૃત : ૭/૨૨)

ભગવાન શ્રીહરિએ વડતાલ ગામે તમામ ઉત્સવો ઉજવ્યા. એમાંય ફૂલદોલોત્સવ તો ન ભૂતો ન ભવિષ્યતી. જ્ઞાનબાગ ખાતે એના માટે બે ભવ્ય કુંડ બનાવ્યા ને ભગવાન શ્રીહરિને લાડ લડાવવા અલૌકિક ૧૨ બારણાંનો હીંડોળો સમસ્ત ગામે નિષ્કુળાનંદ સ્વામી પાસે બનાવડાવ્યો. શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિરની સંતોની ધર્મશાળામાં ભગવાન શ્રીહરિએ ૪૯૬ વખત સંતોને પીરસ્યું.

આવા મહિમા યુક્ત વડતાલધામનો મહિમા વર્ણવતાં યોગીવર્ય સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી 'અર્ચાવતાર સ્તોત્ર'માં કહે છે કે,

**जयति जयति धन्यं गामवृत्तालयाख्यम्, जयति जयति धन्यं धामवृत्तालयाख्यम्।**
**जयति जयति धन्यं तत्स्थितं देववृन्दम्, जयति जयति धन्यं तत्स्थितं साधुवृन्दम्॥**

"વડતાલ ગામ ધન્ય છે, વડતાલ ધામ ધન્ય છે. વડતાલધામમાં રહેલા સમગ્ર દેવવૃંદને ધન્ય છે અને વડતાલધામમાં રહેલા સમગ્ર સંતવૃંદને ધન્ય છે. આ દરેક સર્વત્ર જયકારી પ્રવર્તે છે, જયકારી પ્રવર્તે છે."

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવન ચરણકમળથી અંકિત વડતાલધામને કોઈની ઉપમા ન આપી શકાય; કારણ કે અક્ષરાધામાધિપતિ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પોતાનું સ્વરૂપ સ્વહસ્તે વડતાલધામમાં 'શ્રીહરિકૃષ્ણ મહારાજ' સ્વરૂપે પધરાવેલ છે. આ વડતાલધામ એટલે પૃથ્વી પરનું અક્ષરધામ; કારણ કે અહીં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ 'શ્રીહરિકૃષ્ણ મહારાજ' સ્વરૂપે પ્રત્યક્ષ બિરાજી દર્શન આપી ભક્તજનોના સર્વ દુઃખોને કાપી રહ્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ઈ.સ. ૧૭૯૯ તેમજ ઈ.સ. ૧૮૦૪ થી ઈ.સ. ૧૮૩૦ના આ સમયગાળા દરમ્યાન, ભગવાન શ્રી સ્વામિનારાયણ ચાલીશથી વધુ વખત વડતાલ પધાર્યા હતા અને તેમાં એક દિવસથી માંડીને ચારથી વધુ માસ સુધી રોકાયા છે. આ દરમ્યાન ભગવાન શ્રીહરિએ કરેલ તમામ દિવ્ય લીલાઓનું સંપાદિત કરી ગ્રંથ સ્વરૂપ પ્રકાશિત કરતા અતિ હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.

વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી વડતાલ સંસ્થા તરફથી આ ગ્રંથ પ્રકાશિત કરવા બદલ વડતાલ સંસ્થાના ચેરમેન પૂ. કો. શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી તથા મુખ્ય કોઠારી પૂ. ડો. શા. શ્રી સંતવલ્લભદાસજી સ્વામી તેમજ વડતાલ ટેમ્પલ બોર્ડના ટ્રસ્ટીમંડળનો પણ આભાર માનું છું.

ગ્રંથ લેખનમાં જો ક્યાંય કોઈપણ વ્યક્તિ કે જાતિ-જ્ઞાતિ, સમાજ કે સંગઠન લાગણી દુભાવાનો લેશમાત્ર ઉદ્દેશ નથી પણ તેમ છતાં કોઈ ક્ષતિ જણાય તો અમે આપની કરબદ્ધ ક્ષમાયાચના પણ કરીએ છીએ.

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં આ ગ્રંથ સંપાદિત કરવામાં તથા ટાઈપિંગથી માંડીને ગ્રંથને તૈયાર કરવામાં સર્વ પ્રકારની ઘણી સેવા અમારા સંતમંડળના સંતોએ કરી છે. આ ગ્રંથનું પ્રૂફ રીડિંગ સાધુ અમૃતવલ્લભદાસજી (વડતાલ)એ કાળજીપૂર્વક કર્યું છે. આ ગ્રંથના નિર્માણ કાર્યમાં જે કોઈએ યત્કિંચિત યત્ન કર્યો છે તેમના પર ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો પૂર્ણ રાજીપો પ્રાપ્ત થાય તેવી અભ્યર્થના સહ....

લી. **સ્વામી નિત્યસ્વરૂપદાસજી** (સરધારધામ)ના
ઘણા સ્નેહપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

# પ્રકાશકીયમ્



जयति जयति धन्यं गामवृत्तालयाख्यम् ,
जयति जयति धन्यं धामवृत्तालयाख्यम्।
जयति जयति धन्यं तत्स्थितं देववृन्दम् ,
जयति जयति धन्यं तत्स्थितं साधुवृन्दम्॥



આ ધરતી પર અક્ષરધામ સ્વરૂપ વડતાલની પુણ્યભૂમિના મસ્તકે પરબ્રહ્મ અને પરમહંસોની પદરજનું તિલક છે. વૃત્તાલય - વૃતપુરી - વડતાલ - વરતાલ જેવા નામોથી ઓળખાતા આ તીર્થધામનો અપરંપાર મહિમા છે , હતો અને રહેશે. આ તીર્થધામ 'યાવચ્ચંદ્રદિવાકરૌ' આત્યંતિક કલ્યાણનું કેન્દ્ર છે, એ નંદસંતોની કલમે લખાયેલ સાંપ્રદાયિક ગ્રંથોના અભ્યાસ પરથી જણાય છે.

સંપ્રદાયના આશ્રિતોનાં માનસ પટલ ઈષ્ટદેવના લીલારસામૃતની ઝંખના હોય. ગઢડા પ્રથમના તૃતીય વચનામૃતમાં કહ્યા પ્રમાણે ચરિત્રોનું ચિંતન અખંડ મૂર્તિ દેખનારે પણ કરતાં રહેવાનું છે. આ સંપ્રદાયના આશ્રિતો સદ્દભાગ્યવાળા છે. તેમના માટે મોટા મોટ-સંતોએ ગદ્ય-પદ્ય સંસ્કૃત-પ્રાકૃતભાષામાં શતાધિક નાના-મોટા પ્રબંધો રચ્યા છે. આ પ્રબંધોનું વિહંગાવલોકન કરીને, શ્રવણ મનન નિદિધ્યાસ કરતાં વડતાલનો મહિમા સમજાય છે.

વડતાલ ગામ દેખાય છે, પરંતુ દિવ્યધામ છે. દિવ્યભાવ કેળવીને આધ્યાત્મિક ઉન્નતિ ઈચ્છતા મુમુક્ષુ ભક્તો માટે શ્રીહરિચરિત્રો અમોઘ સાધન છે એટલુ નહિ સાધ્ય પણ છે. સાક્ષાત્ ભગવાન જેટલો જ પ્રભાવ - આશ્ચૈર્ય ભગવચ્ચરિત્રોમાં છે. એની અનુભૂતિ ભક્તોના અંતઃકરણમાં થાય છે. સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, હરિચરિત્રામૃતસાગર, હરિલીલામૃત, હરિલીલાકલ્પતરૂ , હરિલીલા પ્રદીપ જેવા ગ્રંથોમાં વડતાલના લીલાઓનો વૈભવ પથરાયેલો છે.

આ તમામ ગ્રંથોનો વર્ષો સુધી ઝીણવટ પૂર્વક અભ્યાસ કરીને કથા-વાર્તા દ્વારા સત્સંગનું પોષણ કરનાર સરધાર નિવાસી પૂજ્ય શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામીએ ''વડતાલધામ મહિમા લીલાગાથા''નું સંપાદન-લેખન કર્યું છે. જે અતિ ઉત્તમ કાર્ય થયુ છે. પૂ. સ્વામીએ સત્સંગમાં અનેક કાર્યો કર્યા છે. શતાધિક મંદિરોનું નવનિર્માણ કર્યું છે. મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો છે. દેશ વિદેશમાં વિચરણ કર્યું છે. વ્યસનમુક્તિનું કામ કર્યું છે. આરોગ્યક્ષેત્રે કામ કર્યુ છે. શિક્ષણક્ષેત્રે કામ કર્યુ છે પરંતુ આ તમામ કાર્યોમાં અવિસ્મરણીય ચિરસ્થાયી કાર્ય વડતાધામ મહિમા લીલાગાથા ગ્રંથના રૂપમાં થયુ છે.

પ્રાચીન અર્વાચીન સમયના ઈતિહાસમાં દ્રષ્ટિ કરીએ તો વડતાલધામ નવલી ક્ષિતિજો સર કરી રહ્યું છે. નિત્ય પાંચ આરતી, નિત્ય કથા, નિત્ય નિયમ, નિત્ય મહાપૂજા, નિત્યયજ્ઞ, અખંડમંત્રનાદ, અખંડ સેવા, અખંડ ભજનની સરિતા વહી રહી છે. આરોગ્યક્ષેત્રમાં ઉચ્ચાદર્શ સાથે નિશુલ્ક હોસ્પિટલ ચાલે છે. શ્રીલક્ષ્મીનારાયણદેવ સંસ્કૃત પાઠશાળા ચાલે છે. શ્રીલક્ષ્મીનારાયણદેવ ગૌશાળા ચાલે છે. ૧ હજાર જેટલા કક્ષ સાથે વિશાળ અતિથી ગૃહ છે. ૧૦ હજાર અતિથિઓ ભોજન પ્રસાદ લઈ શકે એવું વિશાળ ભોજનાલય છે. વિદ્યાનગરમાં હજાર વિદ્યાર્થીઓ રહી શકે એવુ છાત્રાલય છે. ગૌસેવા, શૈક્ષણિક સહાય, ચંપલ વિતરણ, કંબલ ( ધાબળા ) વિતરણ, સમૂહલગ્ન, સમૂહ યજ્ઞોપવીત, કુત્રિમ હાથપગ વિતરણ , ટ્રાયસિકલ વિતરણ , કોરોના સમયની સેવાઓ, પૂર રાહત સેવાઓ જેવી

સર્વજીવ હિતાવહ સેવાઓથી સંસ્થા ઈષ્ટદેવના આદેશને મૂર્તીમાન કરવાનો વિનમ્ર પ્રયાસ કરી રહી છે. આ સેવાની સૌરભ દેશ વિદેશમાં વસતા સજ્જનો અને સત્સંગીઓમાં પ્રસરી રહી છે. આપણું વડતાલધામ આપણું ગૌરવ છે, એવાં અનુભવથી સત્સંગીઓ ગૌરવ અનુભવી રહ્યા છે. છેલ્લા બે દશકોથી સતત અવિરત વિચરણથી પ.પૂ.ધ. ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજે સંતો - સત્સંગીઓમાં નવો વિશ્વાસ - પ્રેમ સંપાદન કર્યો છે. અને વહીવટી ક્ષેત્રે વડતાલ ટ્રસ્ટીબોર્ડ પણ વડિલ સદ્‌ગુરૂ સંતોના આશીર્વાદ સાથે સત્સંગીઓના વિશ્વાસથી વડતાલ - ધોલેરા - સાળંગપુર - વડોદરા - વિરસદ - ખંભાત - જલગાવ ( મહારાષ્ટ્ર) વગેરે મંદિરોમાં સમયની માંગ પ્રમાણે જીર્ણોદ્ધાર - નવનિર્માણના કાર્યો કરી રહ્યા છે. આમ વડતાલધામ ચંદ્રકળા કૌમુદી વિસ્તરી રહી છે. આપણા જીવનનું આ મહદ્ સૌભાગ્ય છે કે, આ દર્શન કરવાની તક પ્રાપ્ત થઈ રહી છે.

આજ આપણી જીંદગીમી બંદગીના ફળરૂપ ક્ષણ આવી રહી છે. અને આપણા મન મંદિરમાં દિવ્યતાની તેજરશ્મીઓ પથરાય એવી વિક્રમ સંવત્ ૨૦૮૧ કારતક સુદ -૧૨ની ઘડીઓ આવી રહી છે. મહામહોત્સવ આવી રહ્યો છે. ઈષ્ટદેવ હરિકૃષ્ણ મહારાજ, મહાપ્રતાપી શ્રીલક્ષ્મીનારાયણદેવના પગથિયે શ્રદ્ધા વિશ્વાસ રાખનારા સત્સંગીઓ આ ક્ષણને માણવા તલસી રહ્યા છે.

આ મહામહોત્સવ જપ, તપ, યજ્ઞ, કથા, દર્શનના માધ્યમે અંતસમયની મૂડી જેવો છે. આ મહોત્સવની સ્મૃતિરૂપે અનેકવિધ આયોજનો થયા છે તેમાં સત્સંગ સાહિત્ય પ્રકાશન એક મહત્વનું ચિરસ્મરણીય આયોજન છે.

આજ આ વડતાલધામ મહિમા લીલા ગાથા ગ્રંથ પણ , વડતાલ બોર્ડની સંમતિ એવં આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સાથે, શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ - ૨૦૨૪ના ઉપક્રમે એકત્રીસ (૩૧)નાં પ્રસ્વરૂપે સત્સંગ સમક્ષ મુકતા આનંદ સહ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

આ ગ્રંથ પ્રકાશનમાં તન મન ધનથી સહયોગી થતા અમૃત સ્વામી-સરધાર, અમૃત સ્વામી-વડતાલ વગેરે સંતો, તથા પૂજ્ય શુકદેવ સ્વામી-નારની પ્રેરણાથી આર્થિક સહયોગ આપનાર , અ. નિ. રમણભાઈ છેટાભાઈ પટેલ, ગં. સ્વ. હસુબેન રમણભાઈ પટેલ - ડભાણનો સમગ્ર પરિવાર તથા સુંદર છાપકામ કરનાર (હરિકૃષ્ણ ગ્રાફિક્સ-અમદાવાદ ) વગેરે ભક્તો પર આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીલક્ષ્મીનારાયણદેવ, આચાર્ય મહારાજશ્રી, વડિલ સદ્‌ગુરૂ સંતોની કૃપાદ્રષ્ટિ રહે, એવી પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ.

**કોઠારી સાધુ દેવપ્રકાશદાસ**
**(ચેરમેનશ્રી, વડતાલધામ)**

**શાસ્ત્રી સાધુ સંતવલ્લભદાસ**
**મુખ્ય કોઠારીશ્રી, વડતાલધામ**

# • અનુક્રમણિકા •


**❁ વડતાલધામ મહિમા** **૦૧**

**❁ વડતાલધામના ભગવાન શ્રી સ્વામિનારાયણના લીલાચરિત્રોની દિવ્ય ગાથા** **૧૯**

**• વડતાલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું નીલકંઠ વર્ણી સ્વરૂપે પ્રથમ આગમન : સં. ૧૮૫૫ (ઈ.સ. ૧૭૯૯)** **૨૦**

- વડતાલમાં નીલકંઠ વર્ણીપ્રભુના સ્મૃતિરૂપ ઘેલા હનુમાનજી ૨૪

**• વડતાલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રથમ આગમન : સં. ૧૮૬૦ (ઈ.સ. ૧૮૦૪)** **૨૫**

- બોચાસણમાં વડતાલના બાપુભાઈ અને શ્રીહરિનું પ્રથમ મિલન : ૨૬
- બાપુભાઈના આમંત્રણથી વડતાલમાં ભગવાન શ્રીહરિની પધરામણી : ૨૭
- બદરિકાશ્રમના મુક્તની આગમવાણી : 'બાપુભાઈને પ્રગટ ભગવાન મળશે. ૨૭
- ભગવાન શ્રીહરિએ દાજીભાઈને સોળ ચિહ્નો દર્શન કરાવી શંકાનું નિવારણ કર્યું : ૨૯
- જોબનને ભગવાન શ્રીહરિનો ઘોડો ચોરવાનું મન થાય છે : ૨૯
- વડતાલની ભૂમિમાં મંદિર નિર્માણ કરવાનું મૂળ રહસ્ય : ૩૦
- લક્ષ્મીજીની તીવ્ર તપસ્યા : ૩૧
- મુક્તાનંદ સ્વામી દ્વારા વડતાલમાં સત્સંગનું પોષણ : ૩૨
- ભગવાન શ્રીહરિની સર્વોપરિતાથી વડતાલની સર્વોપરિતા : ૩૩
- વિશ્વકર્માએ વડતાલને સજાવ્યું : ૩૩
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ હાથી ઉપર સવારી કરી : ૩૪
- ભગવાન શ્રીહરિને રાજી કરવા મુક્તાનંદ સ્વામીએ નૃત્ય કર્યું : ૩૫
- મુક્તાનંદ સ્વામીએ માગેલા ૧૫ સદ્‌ગુણો : ૩૬
- ભગવાન શ્રીહરિનું વડતાલની આસપાસના ગામોમાં વિચરણ : ૩૭

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ જણાવેલો પ્રૌઢ પ્રતાપ : સં. ૧૮૬૨ (ઈ.સ. ૧૮૦૬)** **૩૮**

- મૂળુખાચરે હોકો ફોડી નાંખ્યો : ૩૮
- ભગવાન શ્રીહરિ બામરોલીમાં તખા પગીને ત્યાં પધાર્યા : ૩૯
- સ્વામિનારાયણ ભગવાન ક્યાં છે ? ૪૦
- ભગવાન શ્રીહરિએ બામરોલીમાં આમ્ર ઉત્સવ કર્યો : ૪૧
- બુધેજના ખોડાભાઈ તથા હઠીભાઈ બંનેને સ્વપ્નમાં દર્શન થયાં : ૪૧
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ જણાવેલો પ્રૌઢ પ્રતાપ : ૪૨
- વડતાલમાં મૂળુખાચરે અફીણ ફેંકી દીધું : ૪૨

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ રામનવમીનો ઉત્સવ ઉજવ્યો : સં. ૧૮૬૨ (ઈ.સ. ૧૮૦૬)** **૪૪**

- ભગવાન શ્રીહરિએ રામનવમીનો ઉત્સવ કરવા માટે વડતાલના હરિભક્તોની સંમતિ લીધી : ૪૬

# • અનુક્રમણિકા •


- બાપુભાઈએ ભગવાન શ્રીહરિ અને સંતોની પૂજા કરી : ૪૮
- સંતોની સેવાની દુર્લભતા : ૪૮
- નારાયણગિરિએ ભગવાન શ્રીહરિ અને સંતોની પૂજા કરી જમાડ્યા : ૪૯
- જેસંગભાઈએ ભગવાન શ્રીહરિ અને સંતોની પૂજા કરી જમાડ્યા : ૪૯
- દાદાભાઈએ ભગવાન શ્રીહરિ અને સંતોની પૂજા કરી જમાડ્યા : ૪૯
- પ્રગટ શ્રીહરિ તથા સંત જમે, તે જ સાચો બ્રહ્મયજ્ઞ છે : ૫૦
- ઉત્સવ પર ઘણા હરિભક્તો આવ્યા ત્યારે ભગવાન શ્રીહરિએ સભા કરી : ૫૧
- ભગવાન શ્રીહરિ જોરાભાઈના ઘરે થાળ જમ્યા : ૫૩
- હિંડોળા પર બિરાજમાન થઈને ભગવાન શ્રીહરિએ કીર્તનગાન કરાવ્યું : ૫૫
- ભગવાન શ્રીહરિએ ઠગોથી સાવધાની તથા સાચા સંતોની મહત્તા કહી : ૫૫
- ભગવાન શ્રીહરિએ પરોક્ષપણે અંગ્રેજોની નીતિની પ્રશંસા કરી : ૫૬
- જોબનપગીની સ્વરૂપનિષ્ઠા તથા શુદ્ધ જ્ઞાન : ૫૮
- ભગવાન શ્રીહરિ રામનવમીના દિવસે ભક્તોને દર્શન આપવા માટે ગામની બહાર આવ્યા : ૫૯
- ભગવાન શ્રીહરિની જયંતી પ્રસંગે દેશોદેશના ભક્તોએ પૂજન કર્યું : ૬૧
- ભગવાન શ્રીહરિનું પૂજન પુરું થયા બાદ શ્રીહરિ મંડપની વચ્ચેના દિવ્ય હિંડોળામાં બિરાજ્યા : ૬૭
- ભગવાન શ્રીહરિ વડતાલથી ચાલવા તૈયાર થયા : ૭૩

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ માંગરોળના ગોવર્ધનભાઈની સ્થિતિ જણાવી : ૭૫**
**સં. ૧૮૬૫ (ઈ.સ. ૧૮૦૮)**

**• ભગવાન શ્રીહરિ ડભાણ યજ્ઞ પૂર્ણ કરી વડતાલ પધાર્યા : ૭૭**
**સં. ૧૮૬૬ (ઈ.સ. ૧૮૧૦)**

- જોબન પગી ઘોડા ચોરવા આવે છે : ૭૯
- જોબનપગી ભગવાન શ્રીહરિને શરણે આવે છે : ૮૧
- ભગવાન શ્રીહરિ વડતાલમાં જોબનપગીને તેની મેડીએ દર્શન આપે છે : ૮૨
- ભગવાન શ્રીહરિના મિ. એરણ સાહેબ દર્શન કરે છે : ૮૩
- ભગવાન શ્રીહરિએ પ્રભાતગિરિને પોતાનું સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું : ૮૪

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ હરિજયંતી-એકાદશી-પૂનમના ઉત્સવો ઉજવ્યાં : ૮૫**
**સં. ૧૮૬૭ (ઈ.સ. ૧૮૧૧)**

**• વડતાલમાં જોબનપગીની મેડી અક્ષરધામ તુલ્ય બની ગઈ : ૮૭**
**સં. ૧૮૬૮ (ઈ.સ. ૧૮૧૨)**

- વડતાલમાં ભગવાન શ્રીહરિનું સંતોએ પૂજન કર્યું : ૮૭
- વડતાલમાં ભગવાન શ્રીહરિ પગી સ્ત્રીભક્તોની કળા જોઈ પ્રસન્ન થયા : ૮૭
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ ઘાટ-સંકલ્પોનો વિવેક બતાવ્યો : ૮૮
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ સંતોના મંડળો કર્યા : ૮૯
- વડતાલમાં ભગવાન શ્રીહરિને સભામાં ઝાલાવડ સંઘના ડોશીમાં વઢ્યાં : ૯૨

# • અનુક્રમણિકા •


- વડતાલમાં ભગવાન શ્રીહરિએ અગણોતેરા કાળની આગાહી કરી : ૯૩

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ રંગોત્સવ ઉજવ્યો : ૯૪**

**સં. ૧૮૭૦ (ઈ.સ. ૧૮૧૪)**

- ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે રંગે રમ્યા : ૯૫
- સંતો પોતાના નિયમિત આહાર કરતાં ત્રણગણું વધારે જમ્યા : ૯૬
- સંતો તથા ભક્તોએ ભગવાન શ્રીહરિની પૂજા કરી : ૯૬
- દિવ્યભાવની દૃઢતાના ઉપાય : ૯૭
- વડતાલમાં રંગોત્સવ પ્રસંગે તૈયાર થયેલ હિંડોળાની શોભા વર્ણવી : ૯૮
- શ્રીહરિએ વડતાલમાં હિંડોળા પ્રસંગે ચરોતરની ઉત્તમતા કહી : ૯૯
- ભગવાન કૃપાસાધ્ય છે કે ક્રિયાસાધ્ય છે ? ૧૦૦

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ દિવાળી-અન્નકૂટ-પ્રબોધિની-પૂર્ણિમાના ઉત્સવ કર્યા : ૧૦૫**

**સં. ૧૮૭૧ (ઈ.સ. ૧૮૧૪)**

- વડતાલમાં ભગવાન શ્રીહરિના દર્શને હરિભક્તોનો ભીડો થયો : ૧૦૬
- વડતાલમાં અન્નકૂટોત્સવ : ૧૦૬
- બામરોલીમાં ભગવાન શ્રીહરિ હિંડોળે ઝૂલ્યા : ૧૦૬
- ભગવાન શ્રીહરિએ ગુજરાતના ભક્તોની ભક્તિને બિરદાવી : ૧૦૭
- ભગવાન શ્રીહરિ સમક્ષ દીપમાળા પૂરી દિવાળીનો ઉત્સવ ઉજવ્યો : ૧૦૯
- ભગવાન શ્રીહરિ સંતો સાથે રાસ રમ્યા : ૧૦૯
- સંતો-હરિભક્તોની મહાનતા : ૧૧૦
- ભગવાન શ્રીહરિની હરિભક્તોએ પૂજા અને સ્તુતિ કરી : ૧૧૧
- વડતાલમાં નાના સંતો પાસે ભગવાન શ્રીહરિએ પ્રશ્નોત્તર કરાવ્યાં : ૧૧૨
- શ્રીહરિ બામરોલીમાં લીલા કરી વડતાલ પધાર્યા : ૧૧૩
- જ્યાં સત્સંગ છે ત્યાં ભગવાન શ્રીહરિ રહે છે : ૧૧૪

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ રંગોત્સવ કર્યો : ૧૧૬**

**સં. ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૫)**

- જોબન પગીની સેવાથી રાજી થઈને વડતાલમાં રંગોત્સવનું વરદાન : ૧૧૬
- વડતાલથી ગઢપુર પધારી ભગવાન શ્રીહરિએ ગઢપુરવાસી ભક્તોને રાજી કર્યા : ૧૧૭
- માણકીએ ચડ્યા રે મોહન વનમાળી : ૧૨૦
- રંગોત્સવની ભવ્ય તૈયારીઓ : ૧૨૨
- ભગવાન શ્રીહરિએ રંગોત્સવ ઉજવ્યો : ૧૨૨
- શ્રીહરિએ અનેકરૂપ ધરી ભક્તોને દર્શન આપ્યા : ૧૨૫
- જોબન પગીએ માંગેલું પ્રભુ પાસે વરદાન : ૧૨૫
- અઘહારી આંબાનાં વૃક્ષો : ૧૨૬
- સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીની બેનમુન કાષ્ટ કલાકૃતિ - બાર બારણાનો હિંડોળો : ૧૨૬

# • અનુક્રમણિકા •


- કીર્તનપદો : ૧૨૮
- ભગવાન શ્રીહરિની વડતાલથી વિદાય અને શિખામણ આપી : ૧૨૯
- ધર્મને અર્થે પણ ચોરી કરવી નહીં : ૧૩૦
- ભગવાન શ્રીહરિએ પગીઓ માટે ઘોડાને ખેલવ્યાં : ૧૩૦
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ વિપ્ર બાળકોને જનોઈ આપી : ૧૩૧
- માણકીએ ચડ્યા રે મોહન વનમાળી - કીર્તન આસ્વાદ ૧૩૨

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ જન્માષ્ટમી-દશેરાના ઉત્સવ ઉજવ્યાં : ૧૩૭**

**સં. ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૫)**

- સંતોની નાસિકાએ અત્તર ચરચીને ભગવાન શ્રીહરિએ કહ્યું : એક તમારા મુખનું જ પાણી રહેશે : ૧૩૮
- શ્રીહરિએ સંતોને જમાડ્યા પછી વિવિધ પ્રકારે સંતોને સુખ આપ્યું : ૧૪૦
- પોતાને અક્ષરરૂપ માનીને પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરવી : ૧૪૧
- વડતાલમાં જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવ્યો : ૧૪૧
- વડતાલમાં દશેરાના ઉત્સવમાં કાઠીઓએ પોતાની અશ્વકળા મહારાજને બતાવી : ૧૪૩
- બામરોલી ગામમાં ભગવાન શ્રીહરિએ શરદપૂનમનો ઉત્સવ ઉજવ્યો : ૧૪૩

**• વડતાલમાં ભગવાન શ્રીહરિ એક માસ સુધી ગુપ્તવાસમાં રહ્યા : ૧૪૬**

**સં. ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૫)**

- ભગવાન શ્રીહરિએ ઈટોલાના નારણભાઈને દર્શન આપ્યા : ૧૪૭
- વડતાલમાં ગુપ્તવેશે ભગવાન શ્રીહરિની શોધખોળ કરવા નાજા જોગિયા આવ્યા : ૧૪૭
- વડતાલવાસીઓની મંદિર માટે ભૂમિદાન : ૧૪૯
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ ઉદાસીનતા ગ્રહણ કરી : ૧૫૦

**• વડતાલ-ચરોતર પ્રદેશમાં ભગવાન શ્રીહરિએ આમ્રોત્સવ કર્યો : ૧૫૩**

**સં. ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૬)**

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ દિવાળી તથા અન્નકૂટના ઉત્સવો ઉજવ્યાં : ૧૫૯**

**સં. ૧૮૭૩ (ઈ.સ. ૧૮૧૬)**

- ભગવાન શ્રીહરિએ દાતણ આપનાર બીબડીનું કલ્યાણ કર્યું : ૧૫૯
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીની સમજણ વખાણી : ૧૬૦
- પ્રત્યક્ષ હરિકૃષ્ણને લીધા વિના અક્ષરને પણ ભગવાન ન કહેવાય : ૧૬૦
- ભગવાન શ્રીહરિએ વેદિકા ઉપર બેસીને સમજણ અને વર્તનની વાત કહી : ૧૬૧
- ભગવાન શ્રીહરિએ દીપાવલીનો ઉત્સવ ઉજવ્યો : ૧૬૨
- શ્રીહરિનું યોગૈશ્વર્ય તથા સંતો-ભક્તોને માળાના નિયમ આપ્યા : ૧૬૨
- અન્નકોટ દર્શન તથા ભગવાન શ્રીહરિનું પૂજન : ૧૬૪
- ભગવાન શ્રીહરિએ વાતની વિશિષ્ટતાની સાથે સંતોને ગુપ્ત પ્રશ્ન કર્યા : ૧૬૬

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ હુતાશનીનો ઉત્સવ કર્યો : ૧૬૮**

**સં. ૧૮૭૩ (ઈ.સ. ૧૮૧૬)**

# • અનુક્રમણિકા •


- ભગવાન શ્રીહરિએ વડતાલમાં જળ છાયાનો યોગ માનીને ત્યાં હુતાશની કરવા પત્ર લખ્યો : ૧૬૮
- ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા તે સમયની શોભાનું વર્ણન : ૧૭૨
- સંઘની ચોકીની વ્યવસ્થા : ૧૭૪
- વડતાલમાં શ્રીહરિએ સંતો વગેરેને ઘી, કેળા, સાકર અને રોટલી પીરસીને જમાડ્યા : ૧૭૪
- સમૈયાની ત્રણ વિશિષ્ટ બાબત : ૧૭૫
- ભગવાન શ્રીહરિ તથા સંતોની પૂજા કરી જમાડ્યા : ૧૭૮
- ભગવાન શ્રીહરિ માટે સુંદર હિંડોળો બનાવ્યો : ૧૭૯
- હુતાશનીને દિવસ થયેલી સભામાં બેઠેલા સંતો વગેરેના નામ : ૧૮૦
- હિંડોળે પધારેલા શ્રીહરિ નોબત વગાડનાર ચિદાનંદસ્વામી ઉપર પ્રસન્ન થયા : ૧૮૧
- હોળીની રાતે હિંડોળામાં બિરાજેલા શ્રીહરિએ સહુને દર્શનનું સુખ આપ્યું : ૧૮૨
- શ્રીહરિ, સંતો અને હરિભક્તો રંગના હોજ પાસે સામસામે રંગે રમવા ઊભા રહ્યા : ૧૮૩
- ફૂલદોલને દિવસ શ્રીહરિએ સંતો-હરિભક્તોની સાથે રંગક્રીડા કરી : ૧૮૪
- શ્રીહરિએ ઉત્સવ પછી સભામાં નીતિ અને નિયમની વાત કહીને ભક્તોને વિદાય આપી : ૧૮૫
- રાજબાઈને ઘેર ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણી સ્વરૂપે પધાર્યા હતા : ૧૮૭

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ વેદાંતાચાર્યનો પરાજય કર્યો : ૧૮૯**

**સં. ૧૮૭૪ (ઈ.સ. ૧૮૧૭)**

- વડતાલમાં ભગવાન શ્રીહરિએ દીપોત્સવની ઉજવણી કરી : ૧૯૧
- ભગવાન શ્રીહરિએ અન્નકૂટ પછી સંતો વગેરેને પીરસીને જમાડ્યા : ૧૯૨
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ વેદાંતાચાર્યનો પરાજય કર્યો : ૧૯૪

**• ભગવાન શ્રીહરિ આણંદમાં દ્વેષીઓની ઉપાધિ સહન કરી વડતાલમાં પધાર્યા : ૨૦૫**

**સં. ૧૮૭૪ (ઈ.સ. ૧૮૧૮)**

- વડતાલમાં ભગવાન શ્રીહરિએ કહ્યું : 'આજ ઈડરિયો ગઢ જીત્યા' ૨૦૮

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ પુષ્પદોલોત્સવ કર્યો : ૨૧૦**

**સં. ૧૮૭૫ (ઈ.સ. ૧૮૧૯)**

- ભગવાન શ્રીહરિ સાથે ધર્મકુળનું સૌપ્રથમ મિલન ૨૨૨
- 'ધર્મકુળ' શબ્દ : એક સાર્થક-અર્થસભર અધ્યયન ૨૨૫

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ સર્વપ્રથમ શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી : ૨૨૮**

**સં. ૧૮૭૫ (ઈ.સ. ૧૮૧૯)**

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ સંતોને ઉપદેશ આપ્યો : ૨૩૧**

**સં. ૧૮૭૬ (ઈ.સ. ૧૮૨૦)**

- સંતને સમાન બીજું કોઈ નથી : ૨૩૨
- ભગવાન શ્રીહરિએ સભામાં સુમતિ, કુમતિ, મર્યાદા અને સુહૃદભાવ વગેરે વાત કરી : ૨૩૩
- ભગવાન શ્રીહરિએ દંભી, નિર્દંભી, કપટી અને નિષ્કપટી વગેરેના વર્તન સંબંધી વાતો કરી : ૨૩૬

# • અનુક્રમણિકા •


**• વડતાલમાં શિખરબદ્ધનું ખાતમુહૂર્ત કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ : ૨૩૯**

**સં. ૧૮૭૮ (ઈ.સ. ૧૮૨૨)**

- વડતાલમાં ભગવાન શ્રીહરિએ વાંદરાને સમાધિ કરાવી : ૨૩૯
- તમે ત્યાગના ધર્મનો મર્મ વિચાર્યો નથી : ૨૩૯
- વડતાલના ભક્તોએ વડતાલમાં મહામંદિર કરવા ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી : ૨૪૦
- વડતાલ મંદિર નિર્માણકાર્યની જવાબદારી ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને સોંપી : ૨૪૩
- ભગવાન શ્રીહરિએ વડતાલ મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓનું કાર્ય નારાયણભાઈને સોપ્યું : ૨૪૩
- ભગવાન શ્રીહરિએ વડતાલ મંદિરમાં સેવા કરવા માટે હરિભક્તોને ભલામણ કરી : ૨૪૪

**• ભગવાન શ્રીહરિએ વડતાલ મંદિરનું નિર્માણકાર્ય કરવા બ્રહ્માનંદ સ્વામીને મોકલ્યા : ૨૪૯**

**સં. ૧૮૭૮ (ઈ.સ. ૧૮૨૨)**

- અપની પહોંચ બિચાર કે કરીએ તેતી દોડ : ૨૫૦
- સાહેબ સરીખા શેઠિયા, બસે નગ્રકે માંહી : ૨૫૦
- લક્ષ્મીજી બોલ્યા છે તો હવે બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સિદ્ધ થશે : ૨૫૧
- શ્રીહરિ કહે : વડતાલ મંદિરના ઉપયોગમાં આવેલા વૃક્ષોને સત્સંગમાં જન્મ આપશું : ૨૫૨
- વડતાલ મંદિરની તથા જોબન પગીના પૂર્વજીવનની વાત કહી : ૨૫૫
- વડતાલમાં વિશાળ ત્રણ શિખરનું મંદિર કરવાનો બ્રહ્માનંદ સ્વામીએ આરંભ કરાવ્યો : ૨૫૭

**• વડતાલમાં ભગવાન શ્રીહરિ મંદિરનું કાર્ય નિહાળે છે : ૨૬૧**

**સં. ૧૮૮૦ (ઈ.સ. ૧૮૨૪)**

- વડતાલ પધારી ભગવાન શ્રીહરિએ મંદિરનું નિરીક્ષણ કર્યું : ૨૬૩
- ધારુ તળાવનો લેખ કરી આપ્યો : ૨૬૩
- ભગવાન શ્રીહરિએ પાયામાં પૂરવા ઈંટો પોતાના મસ્તકે ઉપાડી : ૨૬૪
- આ ગારો નથી પણ ચંદન છે : ૨૬૪
- મંદિરનું આટલું મોટું કામ કેવી રીતે ચલાવો છો ? ૨૬૫

**• વડતાલ મંદિરની મૂર્તિઓ માટે સંતોને મહારાજ વડોદરા મોકલ્યા : ૨૬૬**

**સં. ૧૮૮૦ (ઈ.સ. ૧૮૨૪)**

- ભગવાન શ્રીહરિએ નિર્જીવ પૂતળાંઓને સજીવ કર્યા : ૨૬૮

**• વડતાલમાં ભગવાન શ્રીહરિ દેવોની પ્રતિષ્ઠા કરે છે : ૨૭૧**

**સં. ૧૮૮૧ (ઈ.સ. ૧૮૨૪)**

- વડતાલ મંદિર પ્રતિષ્ઠાનું મુહૂર્ત આપ્યું : ૨૭૧
- ભગવાન શ્રીહરિએ પ્રતિષ્ઠાની પૂર્વ તૈયારી માટે અક્ષરાનંદ સ્વામીને ભલામણ પત્ર લખ્યો : ૨૭૨
- વડતાલ મંદિર પ્રતિષ્ઠાની મંગલ પત્રિકા (કંકોતરી) લખાવી : ૨૭૪
- ભગવાન શ્રીહરિનું સંઘ સહિત ગઢપુરથી વડતાલ આગમન : ૨૭૫
- મુક્તાનંદ સ્વામી ઘોડી ઉપરથી પડી જવાથી હાથે ઈજા થઈ : ૨૭૫

# • અનુક્રમણિકા •


- ભગવાન શ્રીહરિએ વડતાલ પધારી મંદિરનું નિર્માણકાર્ય નિહાળ્યું : ૨૭૬
- ભગવાન શ્રીહરિએ પ્રતિષ્ઠા યજ્ઞ માટે વિપ્રોની વરણી કરી : ૨૭૭
- ભગવાન શ્રીહરિએ પ્રતિષ્ઠાના યજ્ઞનો પ્રારંભ કરાવ્યો : ૨૭૮
- ભગવાન શ્રીહરિએ નિજમંદિરમાં દેવોની પ્રતિષ્ઠા કરી : ૨૭૮
- ધ્વજારોહણવિધિ પ્રસંગ : ૩૦૦
- ભગવાન શ્રીહરિએ બુરાનપુર અને ધરગામના ભક્તોને મૂર્તિઓ આપી : ૩૦૧
- વડતાલમાં સૂર્યનારાયણની સ્થાપના : ૩૦૨
- વડતાલમાં સુવર્ણ શિખરની આગાહી : ૩૦૪
- વડતાલ મંદિર અને સ્થાપત્યકલા : ૩૦૫
- વડતાલ મંદિરમાં ચિત્રકલા ૩૦૯
- રૂપચોકીની ડબલ કમાન : ૩૧૦
- વડતાલ મંદિર કાષ્ઠકલા : ૩૧૧

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ ગોમતીજીની સ્થાપના કરી : ૩૧૩**

**સં. ૧૮૮૧ (ઈ.સ. ૧૮૨૪)**

- શ્રી સત્સંગિજીવન ગ્રંથ : ૩૧૫
- શ્રી હરિલીલામૃત ગ્રંથ : ૩૨૫
- શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથ : ૩૨૯
- શ્રી હરિચરિત્રામૃતસાગર ગ્રંથ : ૩૫૭
- વડતાલમાં ભવ્ય રંગોત્સવ : ૩૬૪
- શ્રીભક્તચિંતામણિ : ૩૬૬

**• વડતાલમાં ભગવાન શ્રીહરિએ હરિનવમીનો ઉત્સવ ઉજવ્યો : ૩૭૧**

**સં. ૧૮૮૧ (ઈ.સ. ૧૮૨૪)**

- વાસણ સુતાર અને તેના પરિવારના સદ્‌ગુણો : ૩૭૧
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ રામનવમીનો ઉત્સવ ઉજવ્યો : ૩૭૩
- સેવા કરનારા પર ભગવાન શ્રીહરિનો રાજીપો : ૩૭૪
- ભગવાન શ્રીહરિની પ્રશંસા સાંભળીને પાદરી બિશપ હેબર શ્રીહરિને મળવા ભારત આવ્યા : ૩૭૪
- ભગવાન શ્રીહરિ વડતાલથી બિશપ હેબરને મળવા નડિયાદ ગયા : ૩૭૬
- ભગવાન શ્રીહરિ તથા બિશપ હેબરનો પરસ્પર વાર્તાલાપ : ૩૭૭
- નડિયાદમાં બિશપ હેબરે ભગવાન શ્રીહરિને કુળ-કુટુંબ અંગે પરિચય પૂછ્યો : ૩૭૮
- બિશપ હેબરને મળીને ભગવાન શ્રીહરિ વડતાલ આવ્યા અને નીતિ-અનીતિવાળા રાજાની વાત કરી : ૩૮૦
- વડતાલમાં ભગવાન શ્રીહરિએ હરિભક્તોને સંતસેવાની અને ધર્માદો દેવાની ભલામણ કરી : ૩૮૧
- ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બિશપ હેબરની મુલાકાત : ગુજરાતના ઈતિહાસનું એક અવિસ્મરણીય પ્રકરણ ૩૮૨

# • સ્તુતિ-વંદના •

**श्रीमानक्षरनायकोऽखिलगुरुः षड्भिर्भगैः संयुतः; सर्वेशोऽखिलकारणं यदपरो नास्तीशिता कोऽपि वा ।**
**लीनत्वं समुपागतेऽथ निखिले मायापरे पूरुषे, सोऽस्मिंस्तिष्ठति मे शुभं च कुरुतात्स्वीयैः समं क्रीडति ।।१।।**
**श्रीदिव्यांबरधारिणं जनमनःसन्तोषविस्तारिणं, भक्ताशर्मविदारिणं मनसिजव्यामोहसंहारिणम् ।**
**धर्मारिक्षयकारिणं श्रुतिमुनित्यक्ताकसंवारिणं, तं ध्यायाम्यवतारिणं मुहुरहं श्रीस्वामिनारायणम् ।।२।।**

સર્વ શોભાનું ધામ, અક્ષરબ્રહ્મના પણ નિયંતા, સમગ્ર જીવ પ્રાણીમાત્રના સ્વામી, જ્ઞાન-બલ-ઐશ્વર્ય-વીર્ય-શક્તિ-તેજ આ છ ગુણોથી યુક્ત, ચિદ્-અચિદ્ સમગ્રના નિયંતા, સર્વનું કારણ, વળી જેનાથી ઉપર બીજો કોઈ નિયંતા નથી એવા તથા પ્રલયકાળે આ સમગ્ર જડ-ચિદ્ વિશ્વ માયાથી પર એવા મહાપુરુષમાં લીન થઈ જાય છે ત્યારે તે મહાપુરુષ પણ આ પરબ્રહ્મ પરમાત્માને આધારે રહે છે. વળી, પોતાના મુક્તો સાથે જે આનંદ કરે છે, એવા તે સર્વાત્મા શ્રીહરિ મારું મંગળ કરો. (૧) અતિ સુંદર દિવ્ય વસ્ત્રો ધારણ કરનાર, આશ્રિત જનોના મનને સર્વ રીતે સંતોષ પમાડનાર, પોતાના ભક્તોનાં દુઃખોનો નાશ કરનાર, કામાસક્તિના વેગનો નાશ કરનાર, અધર્મનો નાશ કરનાર તથા વેદો તથા ઋષિમુનિઓએ બતાવેલાં પાપો અથવા દુઃખોનો નાશ કરનાર, એવા તે સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનું હું નિરંતર ધ્યાન ધરું છું. (૨)

(શ્રીહરિલીલામૃત : ૧/૧-૨)

# ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યની શ્રીવેદવ્યાસજી પ્રણીત આગાહી

**मया कृष्णेन निहताः साऽर्जुनेन रणेषु ये ।**
**प्रवर्तयिष्यन्त्यसुरास् ते त्वधर्मं यदा क्षितौ ॥४२॥**
**धर्मदेवात् तदा भक्तादहं नारायणो मुनिः ।**
**जनिष्ये कोशले देशे भूमौ हि सामगो द्विजः ॥४३॥**
**मुनिशापान् नृतां प्राप्तान् ऋषींस्तात ! तथोद्धवम् ।**
**ततोऽवितोऽसुरेभ्योऽहं सद्धर्मं स्थापयन्नज ! ॥४४॥**

હે બ્રહ્મન્ ! અર્જુને સહિત મારા દ્વારા રણમાં હણાયેલાં સવાસનિક અસુરો જ્યારે પૃથ્વી ઉપર અધર્મ પ્રવર્તાવશે ત્યારે **નારાયણમુનિ** (શ્રીસ્વામિનારાયણ ભગવાન) એવો જે હું તે પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી થકી પૃથ્વી ઉપર કોશલ દેશમાં સામવેદી-દ્વિજકુળમાં **અવતાર** ધારણ કરીશ.

હે અજ ! હે તાત ! સદ્ધર્મનું સ્થાપન કરતો થકો હું મુનિના શાપથી મનુષ્યત્વ પ્રાપ્ત કરેલા તે ઋષિઓનું તથા ઉદ્ધવનું અસુરો થકી **રક્ષણ** કરીશ.

**સ્કંદપુરાણ : વિષ્ણુખંડ : વાસુદેવ માહાત્મ્ય : ૧૮/૪૨-૪૩-૪૪**

**પ્રકાશક**

૧. શ્રીવેંકટેશ્વર (સ્ટીમ્) મુદ્રણાલય - મુંબઈ ૨. નાગ પ્રકાશક - દિલ્હી
૩. ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી - વારાસણી ૪. ગુરુમંડલ ગ્રંથમાલા - કલકત્તા

# ● ગ્રંથ મંગળાચરણ ●

ભક્તિધર્મ સુત શ્રીહરિ, સહજાનંદ સુખરૂપ; વિનય સહિત વંદન કરું, પાવન પરમ અનુપ...૦૧
ચિંતવિ ચરણનખચંદ છટા, લખી ઉર અમિત પ્રતાપ; વંદુ વિઘ્ન વિનાશકર, હરણ વિપત અણમાપ...૦૨
સ્વામિનારાયણ સુખદ, પ્રગટ વિદિત જગસૂર; ત્રિવિધ તાપ અજ્ઞાન તમ, કળિમળ મત કર ચૂર...૦૩
આપો વાણી રસભરી, વિમળ મતિ અવિનાશ; ચરણ વંદી આદર કરું, પુરુષોત્તમ પ્રકાશ...૦૪
(પુરુષોત્તમ પ્રકાશ : પ્રકાર-૧)

મંગલમૂર્તિ મહાપ્રભુ, શ્રીસહજાનંદ સુખરૂપ; ભક્તિધર્મ સુત શ્રીહરિ, સમરું સદાય અનુપ.૦૧
પરમ દયાળુ છો તમે, શ્રીકૃષ્ણ સર્વાધીશ; પ્રથમ તમને પ્રણમું, નામું વારમવાર હું શીષ.૦૨
ક્ષર અક્ષર પર સર્વજ્ઞ છો, સર્વકર્તા નિયંતા અંતર્યામી; સર્વકારણના કારણ નિર્ગુણ, સ્વયંપ્રકાશ સહુના સ્વામી.૦૭
સ્વતંત્ર બ્રહ્મરૂપ સદા, મુક્ત અનંતકોટિ ઉપાસે મળી; અનંતકોટિ બ્રહ્માંડની કરો, ઉત્પત્તિ સ્થિતિ ને લય વળી.૦૮
ભક્તિ ધર્મ ભય પામિયાં, રહ્યું નહિ રહેવા કોઈ ઠામ; ત્યારે તમે પ્રકટિયા, કોસલ દેશમાં ઘનશ્યામ.૧૫
નરનાટ્યક ધરી નાથજી, વિચરો વસુધા માંય; અજ્ઞાની જે અભાગિયા, તે એ મર્મ ન સમજે કાંય.૧૬
સમર્થ છો તમે શ્રીહરિ, સર્વોપરી સર્વાધાર; મનુષ્યતન મહાજ્ઞાનઘન, જન મન જિતનહાર.૧૭
મહાધીર ગંભીર ગરવા, દયાસિંધુ દોષ રહિત; કરુણાનિધિ કૃપાળુ કોમળ, શુભ શાંતિગુણે સહિત.૧૮
ઉદાર પરઉપકારી અતિ, વળી સર્વના સુખધામ; દીનબંધુ દયાળુ દલના, પરમાર્થી પૂરણકામ.૧૯
જે જન તમને આશર્યા, હર્યા તેના ત્રિવિધ તાપ; કાળ કર્મ માયાથી મુકાવી, આપિયું સુખ અમાપ.૨૦
એવા સમર્થ સ્વપ્રભુ, શ્રીહરિ શુદ્ધ બુદ્ધિ દીજિયે; નિજ દાસ જાણી દીનબંધુ, કૃપાળુ કૃપા કીજિયે.૨૮
તવ ચરિત્ર ગાવા ચિત્તમાં, ઉમંગ રહે છે અતિ; શબ્દ સર્વે થાય સવળા, આપજ્યો એવી મતિ.૨૯
વળી સાચા સંતને હું, લળી લળી લાગું પાય; કરો કૃપા ગ્રંથ કરતાં, વિઘન કોઈ ન થાય.૩૦
હરિજન મન મગન થઈ, એવી આપજ્યો આશિષ; શ્રીહરિના ગુણ ગાતાં સુણતાં, હર્ષ વાધે હંમેશ.૩૧
સર્વે મળી સહાય કરજ્યો, મન ધારજ્યો મે'ર્ય અતિ; પ્રકરણ સર્વે એમ સૂઝે, જેમ અર્કમાં અણુ ગતિ.૩૨
સંસ્કૃત પ્રાકૃત શબ્દે, ગ્રંથ કવિએ બહુ કર્યા; મનરંજન બુદ્ધિમંજન, એવી રીતે અતિ ઓચર્યા.૩૩
ગદ્ય પદ્ય ને છંદ છપય, સાંભળતાં બુદ્ધિ ગળે; એવું જાણી આદર કરતાં, મન પોંચે નહિ પાછું વળે.૩૪
તેને તે હિંમત દીજિયે, લીજિયે હાથ હવે ગ્રહી; આદર કરું આ ગ્રંથનો, પ્રતાપ તમારો લહી.૩૫
તમારા પ્રતાપ થકી, પાંગળો પર્વત ચડે; તમારા પ્રતાપ થકી, અંધને આંખ્યો જડે.૩૬
તમારા પ્રતાપ થકી, મૂકો મુખે વેદ ભણે; તમારા પ્રતાપ થકી, રંક તે રાજા બણે.૩૭
એવો પ્રતાપ ઉર ધરી, આદરું છું આ ગ્રંથને; વિઘ્ન કોઈ વ્યાપે નહિ, સમરતાં સમર્થને.૩૮
હરિકથા હવે આદરું, સદ્‌મતિ શ્રોતા જે સાંભળે; શ્રવણે સુણતાં સુખ ઊપજે, તાપ તનના તે ટળે.૩૯
ભવદુઃખહારી સુખકારી, સારી કથા આ અનુપ છે; પ્રકટ ઉપાસી જનને, સાંભળતાં સુખરૂપ છે.૪૦
(શ્રી ભક્તચિંતામણિ : પ્રકરણ-૧)

# ● ગ્રંથ વંદના ●

### આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ

જેને મહાપ્રભુજિએ પદ આપ આપ્યું, જેનું વિશેષ જનમાં યશ વિશ્વ વ્યાપ્યું;
જેણે પ્રસન્ન પરિપૂર્ણ કર્યા હરિને, વંદૂં સદા સદગુરુ રઘુવીરજીને.
આચાર્યધર્મ બહુ મર્મ સુકર્મ જાણે, સુજ્ઞાનવાન અભિમાન ઉરે ન આણે;
દેતા વિશેષ ઉપદેશ કૃપા કરીને, વંદૂં સદા સદગુરુ રઘુવીરજીને.
(શ્રીહરિલીલામૃત : ૧/૧/૨૨-૨૩)

### આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

કૃપાસિંધુયે મસ્તકે હાથ થાપ્યો, દયા આણિને ઉત્તરાખંડ આપ્યો;
ઉરે એહના સદ્‌ગુણો આણિ યાદ, નમું પ્રેમથી શ્રી અયોધ્યાપ્રસાદ.
રચ્યું મૂળિમાં ધામ ઉદ્દામ જેણે, તથા શ્રીછપૈયે કર્યું ધામ તેણે;
દઈ બોધ સૌનો મટાડ્યો વિષાદ, નમું પ્રેમથી શ્રી અયોધ્યાપ્રસાદ.
(શ્રીહરિલીલામૃત : ૧/૧/૨૬-૨૭)

### સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી

નમું મુક્તાનંદ પ્રભુપદ તણા સેવક સદા, મહાશાસ્ત્રાભ્યાસી વ્યરથ ન ગુમાવે પળ કદા;
કરે વાર્તા જ્યારે સુરસરિત ધારા સમ વહે, કુસંગી સત્સંગી સકળ જન ચિત્તે અતિ ચહે.
(શ્રીહરિલીલામૃત : ૧/૧/૩૩)

### સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી

સાધ્યો અષ્ટાંગયોગ પ્રગટ હરિ તણી પ્રીતિ માટે પ્રયત્ને, શોધી વેદાંત તત્વો સકળ ગૃહિ લિધાં જેમ સિંધુથી રત્ને;
આધિ વ્યાધિ ઉપાધિ પ્રણતજન તણી ટાળી કિધી સમાધી, ગોપાળાનંદ સ્વામી સકળ ગુણનિધિ વંદું માયા અબાધી.
જેને શ્રીભક્તિપુત્રે નિજજન બહુના ઊપરી આપ કીધા, બન્ને આચાર્ય કેરા ઉપરિ કરિ વળી હાથમાં હાથ દીધા;
જેનો સદ્‌બોધ પામી વટપુરપતિયે સાર લીધો ધરીને, ગોપાળાનંદ સ્વામી સકળ ગુણનિધી વંદું પ્રેમે કરીને.
(શ્રીહરિલીલામૃત : ૧/૧/૩૪-૩૫)

### સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી

બ્રહ્માનંદમુનિ કવિ અતિ ભલા જે શીઘ્ર કાવ્યો કરે, હેતે હાસ્ય રસે હસાવિ હરિને ધ્યાને છબી તે ધરે;
જેને શ્યામ સખા સમાન ગણિને રાખે સમીપે સદા, એવા બ્રહ્મમુની મુનીંદ્ર પદને વંદૂં જ વંદૂં મુદા.
(શ્રીહરિલીલામૃત : ૧/૧/૩૬)

### સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી

નિત્યાનંદ મુનીંદ્ર ચંદ્ર પ્રણમું જે શાસ્ત્ર સર્વજ્ઞ છે, જેણે શ્રીહરિ પાસ શાસ્ત્ર ઉચર્યાં સર્વોપરિ સુજ્ઞ છે;
જેની ભક્તિ અભંગ અંગ ગણિને રીઝ્યા મહારાજ છે, ટીકાઓ કરિ શ્રેષ્ઠ શાસ્ત્ર ઉપરિ પ્રખ્યાત એ આજ છે.
(શ્રીહરિલીલામૃત : ૧/૧/૩૭)

### સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી

સ્વરૂપે તો પોતે ત્રિગુણ પર વૃત્તિ ધરિ રહે, કરે વાર્તા એવી સુણિ કદિ નહી સંશય રહે;
જુઓ જીતી જેણે મનમથ અમર્ષાદિક ચમૂ, ગુણાતીતાનંદં સકળ ગુણકંદં નમું નમું.
(શ્રીહરિલીલામૃત : ૧/૧/૩૯)

### સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી

સદા શ્રીજી પાસે રહિ રહિ રહસ્યો સુણિ લિધાં, દયા આણી વાણી વદિ સુજનને જ્ઞાન જ દિધાં;
સદા શાંતાકારં મહત ગુણવંતં મુનિવરં, શુકાનંદ સ્વામિ પ્રણમું પ્રતિપન્ન પ્રિયકરં.
(શ્રીહરિલીલામૃત : ૧/૧/૪૧)

**વૃતપુર મહિમા કહ્યો ન જાય, કદિ મુખ શેષ સહસ્ત્ર કલ્પ ગાય;**
**વૃષસુતતણિ મુખ્ય ગાદિ જ્યાં છે, ત્રિભુવન તત્ત્વ અનેક તીર્થ ત્યાં છે.**
(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૬૪)

**'વાલ્યમ કહે વરતાલ જેવું, નથી બીજું કોઈ ગામ;**
**સતસંગના મધ્યમાં, સુંદર છે એહ ઠામ.'**
(ભક્તચિંતામણિ : ૭૪/૧૫)

**'ગામમાંઈ તથા સીમમાંઈ, નથી રમણરેતી વિના ક્યાંઈ;**
**ઝાડે ઝાડે તથા ઘેર ઘેર, વિચર્યા છે પ્રભુ રુડી પેર.**
**હરિ ઝુલ્યા છે સરસ હિંડોળે, રંગ ખેલ કર્યો ફુલદોળે;**
**સમૈયા ઘણા વરતાલે કીધા, પરચા ઘણા લોકને દીધા.'**
(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૫૭, ૫૯)

**એક ત્રાજવે તીર્થ હજારે, બીજા ત્રાજવે વરતાલ ધારે;**
**ધામ વૈકુંઠ આદિ ધરાય, તોય વરતાલ તુલ્ય ન થાય.'**
(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૬૧)

**'પરમ પુનિત પૃથ્વિ પૃથ્વિપાળ, પુર વરતાલ તણી ઘણી રસાળ;**
**પુનિત સુપુરિ સાત જે ગણાય, પણ વરતાલ સમાન તે ન થાય.'**
(શ્રીહરિલીલામૃત : ૧/૧૫/૬૨)



# વડતાલધામ મહિમા

## ● મહિમા દર્શન ●


**વૃત્તપર મહિમા કહ્યો ન જાય, કદિ મુખ શેષ સહસ્ત્ર કલ્પ ગાય;**
**વૃષસુતતણિ મુખ્ય ગાદિ જ્યાં છે, ત્રિભુવન તત્ત્વ અનેક તીર્થ ત્યાં છે.**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૬૪)

તીર્થનો મહિમા ધર્મશાસ્ત્રોમાં ઘણો જ વર્ણવ્યો છે. **'तरत्यनेन पापमज्ञानं वेति तीर्थम् ।'** - જેના દ્વારા પાપ અને અજ્ઞાનથી તરી શકાય તેને 'તીર્થ' કહેવાય. **'तीर्यतेऽनेनेति तीर्थम् ।'** - જેનાથી સંસૃતિરૂપ ભવસાગર તરી જવાય એનું નામ 'તીર્થ.' ભારતીય શાસ્ત્રીય સિદ્ધાન્તાનુસાર તીર્થના બે પ્રકાર છે. સ્થાવર અને જંગમ. પવિત્ર પર્વતો, પવિત્ર નદીઓ, જળાશયો, દેવાલયો, વૃક્ષો વગેરે 'સ્થાવર તીર્થ' છે. અને સત્પુરુષો 'જંગમ તીર્થ' છે. જંગમ તીર્થોની પ્રાપ્તિ પ્રાયઃ સ્થાવર તીર્થોમાં થાય છે. ધર્મશાસ્ત્રોમાં કહેલા વિધિ પ્રમાણે તીર્થયાત્રા કરવાથી આપણને જંગમ તીર્થનો સત્સંગ સહેજે પ્રાપ્ત થાય છે. આવો સત્સંગ કરવાથી આપણામાં ભગવાનને વિષે ભક્તિ ઉદય થાય છે અને પરિણામે આપણો આત્યંતિક મોક્ષ થાય છે. તીર્થનો આવો અપાર મહિમા હોવાથી તે દરેકને માટે આવશ્યક અને અનિવાર્ય છે.

તીર્થને શાસ્ત્રોમાં બે પ્રકારના વર્ણવેલા છે (૧) સ્થાવર અને (૨) જંગમ. તેમાં સ્થાવર એટલે સ્થિર-તીર્થોમાં પવિત્ર દેવસ્થાનો, પવિત્ર નદીઓ, પવિત્ર પર્વતો, જળાશયો, પવિત્ર વૃક્ષો વગેરેનો સમાવેશ થાય છે. જંગમ એટલે હાલતા-ચાલતા તીર્થોમાં ભગવાનને ધારી રહેલા સત્પુરુષો, આચાર્યો વગેરેનો સમાવેશ થાય છે. આવા જંગમ તીર્થોની પ્રાપ્તિ પ્રાયઃ પૂર્વોક્ત સ્થાવર તીર્થોમાં જ થતી હોય છે માટે તીર્થયાત્રામાં સ્થાવર તીર્થોનો લક્ષ્ય વિશેષ કરીને રહે છે. વાસ્તવિકમાં સત્પુરુષો જ તીર્થમાં નિવાસ કરીને પાવનકારી તીર્થસ્થાનોનું તીર્થત્વ જાળવી રાખતા હોય છે માટે એમનો પણ મહિમા શાસ્ત્રમાં સવિશેષ કહેવામાં આવ્યો છે.

આપણાં જીવનમાં જે કાંઈક પ્રાપ્તિ કરાવે અને જીવનધોરણને આગળ લઈ જાય તેને યાત્રા કહેવામાં આવે છે. **'यापयति प्रापयति ईति यात्रा ।'** જ્યાં જઈને આપણે આપણા જીવન માટે, પરલોક માટે કાંઈક પ્રાપ્ત કરવું છે અને તેને માટે સુખ-દુઃખ, ટાઢ-તડકો,



માન-અપમાન વગેરે તમામ દ્વન્દ્વોની પરવા કર્યા વિના દેહગેહના તમામ સુખ-વૈભવોની ભોગેચ્છાનો ત્યાગ કરીને આપણે જે સ્થાનમાં પૂર્વોક્ત બંને પ્રકારના તીર્થો હોય તેવા સ્થાનમાં જવા માટે પ્રયાણ કરીને તેવા તીર્થોનું સેવન કરીએ તેને ખરા અર્થમાં તીર્થયાત્રા કહેવામાં આવે છે.

તીર્થયાત્રામાં સંપૂર્ણ ફળપ્રાપ્તિ માટે સાવધાનતાની ખૂબજ જરૂર રહે છે. શ્રી સત્સંગિજીવન પ્ર. ૨, અધ્યાય - ૪૦માં ભગવાન શ્રીહરિ કહે છે : હે ભક્તો ! **'पुण्यतीर्थेषु यत्कर्म, मानवैः क्रियते जनाः ! । सहस्रगुणितं तद्धि जायते नात्र संशय ॥२७॥'** - પુણ્યકારી તીર્થોમાં મનુષ્યો જે સત્કર્મ કરે છે તેનું હજારોગણું ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ આ તીર્થોમાં જો અસાવધાનતાથી પાપ થાય તો તેનું પાપ પણ ખૂબ જ લાગે છે. તે ભગવાન શ્રીહરિ કહે છે : **'कृतं तीर्थेष्वल्पमपि यत्पुण्यं तद्विवर्धते । तथैव पापकर्मापि वृद्धिमाप्नोति देहिनाम् ॥२८॥'** - તીર્થ સ્થાનમાં કરેલું અલ્પ પણ પુણ્ય જેમ વૃદ્ધિને પામે છે તેમ અસાવધાનપણાથી થયેલું અલ્પ પાપ પણ તેવી જ રીતે વૃદ્ધિ પામે છે માટે ભક્તજનોએ ભગવાનનાં કથા-વાર્તા, કીર્તન, નામ-સ્મરણાદિકથી જ તીર્થમાં સમય વ્યતીત કરવો જોઈએ. પરંતુ અપશબ્દો, અશ્લીલ વાણી કે ગ્રામ્યવાર્તા કહેવા સાંભળવામાં ક્યારેય જોડાવું નહિ અને તે તે તીર્થસ્થાનનો મહિમા ભગવાન અથવા સત્પુરુષનાં નિવાસાદિ પ્રસંગથી સવિશેષ હોય તેને સત્પુરુષો અથવા શાસ્ત્રોના માધ્યમથી જાણી-સાંભળીને તેમાં દર્શન, સ્નાન, પૂજા, દાન, અર્ચનાદિક કરવાં જેથી તીર્થયાત્રાનું ફળ સંપૂર્ણ પ્રાપ્ત થાય છે. સત્પાત્રમાં દાન કરવાથી સવિશેષ ફળ પ્રાપ્તિ થાય છે.

પૂર્વ ભગવાનના અવતારો અને સત્પુરુષોએ જ્યાં જ્યાં વિચરણ કર્યું છે તે બધા સ્થાનો તીર્થો બન્યા છે. વળી, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોના કલ્યાણ કરવા માટે અનેક સ્થળે વિચર્યા છે. તે સ્થળે અનંત ઉત્સવો અને લીલાચરિત્રો કરી તથા ઉપદેશો આપીને તે સ્થળોને તથા વસ્તુઓને તીર્થરૂપ દિવ્ય બનાવી દીધાં છે.

તે માટે 'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથના નવમા સ્કંધમાં આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ ભગવાન શ્રીહરિના પ્રસાદિભૂત તીર્થનો મહિમા બતાવતાં લખે છે : **'अवीक्ष्याऽपि प्रमादेन सर्वतीर्थानि भूतले । सर्वतीर्थफलं नृणामेतस्यैवेक्षया भवेत् ।।'** - 'પૃથ્વી પરનાં તીર્થોમાં જે (મનુષ્ય) પ્રમાદને લીધે જઈ શકતો નથી, પરંતુ કેવળ શ્રીજીમહારાજના પ્રસાદિસ્થાનના જ જે દર્શન કરે છે તેવા મનુષ્યોને સર્વ તીર્થનું ફળ મળે છે.' તેથી જ તો વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

**ભાગ્ય મોટા એ ભૂમિનાં, જીયાં હર્યા ફર્યા હરિ આપ; પાવન થઈ એ પૃથ્વી, હરિચરણને પ્રતાપ.**

(શ્રીપુરુષોત્તમ પ્રકાશ : ૨૯/૪)

જ્યાં જ્યાં શ્રીજીમહારાજે વિચરણ કર્યું છે તે ભૂમિના મોટા ભાગ્ય છે. અને તે ધરતી પાવનકારી તીર્થરૂપ બની ગઈ છે. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી બતાવે છે :

**જ્યાં જ્યાં ફર્યા કૃષ્ણ કૃપાળુ નાથ, જ્યાં જ્યાં ફર્યા સંત મહાંત સાથ;**
**તે સ્થાન તો ઉત્તમ તીર્થ થાય, પવિત્ર તે તીર્થ વિષે થવાય.**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯/૪૭)

જે સ્થળે ભગવાન શ્રીહરિ, તેમની સાથે આવેલા મુક્તો આદિક સંતો-ભક્તોએ સહિત ફર્યા છે તે તે સ્થાનો સર્વે શ્રેષ્ઠ તીર્થધામ બની ગયા છે. તે તીર્થસ્થાનોમાં જવાથી વ્યક્તિ પવિત્ર બની જાય છે.

વૈજ્ઞાનિકોના મત પ્રમાણે પૃથ્વીનું ક્ષેત્રફળ ૫,૦૮૭ લાખ ચોરસ કિ.મી. છે. તેમાં ૭૦ ટકા જળ વિસ્તાર છે. અને ફક્ત ૩૦ ટકા જ જમીન વિસ્તાર છે. તે ૩૦ ટકા જમીન વિસ્તારમાં એશિયા, યુરોપ, આફ્રિકા, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા, એન્ટાર્કટિકા અને ઓસ્ટ્રેલિયા - આ સાત ખંડો છે. એમાં એન્ટાર્કટિકા ખંડમાં માનવ વસતી નથી. છ ખંડોમાં બ્રિટનનો વર્લ્ડ રેકોર્ડ મેળવનાર, અંગ્રેજ પ્રવાસી 'જહોન ટોડ'ના મત મુજબ ૩૧૧ નાના-મોટા સ્વતંત્ર અને પરતંત્ર દેશ છે. તેમના પાસપોર્ટમાં આજે પણ ૩૧૧ દેશોની સરકારના સિક્કાઓ સાક્ષી પૂરે છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો પૃથ્વીનું ક્ષેત્રફળ ૫૦ કરોડ યોજન છે. ગઢડા પ્રથમ પ્રકરણના ૫૧માં અને ખગોળ-ભૂગોળના વચનામૃતમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ ૫૦ કરોડ યોજન પૃથ્વીનું ક્ષેત્રફળ કહે છે.

આ મૃત્યુલોકમાં સાત દ્વીપ છે - જંબુ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, ક્રૌંચ, શાક અને પુષ્કર. આ સાત દ્વીપમાં પ્રથમનો જે જંબુદ્વીપ છે, તેમાં નવ ખંડ છે - ઈલાવર્ત, કેતુમાળ, રમ્યક, હિરણ્યમય, કુરુ, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરુષ અને ભરત. આ નવખંડમાં ભરતખંડ સર્વશ્રેષ્ઠ છે. કારણ કે, ભગવાન સ્વયં આ ભરતખંડમાં અવતાર ધારણ કરે છે. એમાં પણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી

સ્વામિનારાયણના ચરણારવિંદથી જે ભૂમિ પાવન થયેલ હોય તેના ભાગ્યની તો શું વાત કરવી ? એટલા માટે તો પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી કહે છે :

**પ્રભુપદ રજ હોય જેહ ઠામે, અજ ભવ આદિ તહાં સ્વશીશ નામે;**
**પુનિત કરણ તીર્થ ત્યાં ગણાય, બહુ મહિમા મુખથી કહ્યો ન જાય.**

(શ્રીહરિલીલામૃત : ૧/૬/૭૨)

''પ્રભુચરણની રજ જે સ્થાનમાં પડેલી હોય તે સ્થાનમાં સૃષ્ટિકર્તા સ્વયં બ્રહ્માજી અને સંહારકર્તા સ્વયં મહાદેવ શંકરજી પણ તે પવિત્ર ભૂમિમાં આવી મહિમાપૂર્વક વંદન કરી તે પૃથ્વીની ચરણરજ પોતાના મસ્તક ઉપર ચડાવી પોતાનું પરમ સૌભાગ્ય સમજે છે.''

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પણ ચરણરજનો મહિમા વર્ણવતાં 'પુરુષોત્તમ પ્રકાશ'માં લખે છે :

**ચરણ અંકિત જે અવનિ, વળી પદની સ્પર્શેલ રજ; તે જોતા ન જડે જાણજો, જેને ઈચ્છે છે ઈશ્વર અજ.**
**પદરજના સ્પર્શ પ્રતાપે રે, જન અભય થાય છે આપે રે; ભવભય હરણી એ રજ રે, થાય નિર્ભય એમાં શું આશ્ચરજ રે.**

(શ્રી પુરુષોત્તમ પ્રકાશ : ૪૪/૪-૫)

વળી, સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી ભગવાન શ્રીહરિના સ્પર્શથી પ્રાસાદિક ભૂમિનો મહિમા ગાતાં લખે છે :

**ધન્ય ભૂમિકા ભાગ્ય અમિત રે, થઈ હરિચરણે અંકિત રે; ધન્ય ધન્ય એ શેરી બજાર રે, જિયાં હરિ ફર્યા બહુવાર રે.૧૧**
**ધન્ય ઘર ઓસરી આંગણાં રે, જિયાં પગલાં થયાં પ્રભુતણાં રે; ધન્ય રાણ્ય વાડી ધર્મશાળા રે, જિયાં જમ્યા છે સંત સઘળા રે.૧૨**
**એહ આદિ બીજાં બહુ સ્થાન રે, જિયાં જમ્યા રમ્યા ભગવાન રે; જુવે સર્વે સ્થળ સંભારી રે, એકએકથી કલ્યાણકારી રે.૧૩**
**ભારે ભાગ્ય છે એ ભૂમિતણાં રે, રમ્યા રાજ રાખી નહિ મણા રે; જે જે જન જાયગા એ જોશે રે, તે તો અતિ મોટી ખોટ ખોશે રે.૧૪**
**લેશે અલભ્ય લાભ અપાર રે, તે તો નિશ્ચે જાણો નિર્ધાર રે; બ્રહ્મમો'લ જાવાને નિસરણી રે, એવી ઘનશ્યામે કરી ઘણી રે.૧૫**
**ચરણરજે ભર્યાં ભરપૂર રે, સ્પરશે રજ કરે દુઃખ દૂર રે; તિયાં પાપી તજે કોઈ પ્રાણ રે, તે પણ પામે પદ નિર્વાણ રે.૧૬**

(શ્રી પુરુષોત્તમ પ્રકાશ : પ્ર.૨૬ તથા પ્ર.૨૯)

શ્રીજીમહારાજે જે જે સ્થાનોમાં વિચરણ કર્યું, પધરામણીઓ કરી તે તે શહેર-ગામ-ઘર-ધર્મશાળા-ફૂલવાડી, બાગ-બગીચા, નદી-તળાવો, વાવ-સરોવરો અને સ્થાવર-જંગમ સમસ્ત જડ-ચેતન મહાપ્રસાદીરૂપ બની ગયાં. જ્યાં જ્યાં પ્રગટ પરમેશ્વર એવા શ્રીહરિનાં ચરણકમળ પડ્યાં એ ઓરડા, ઓસરી, ફળી, વાડી, ખેતર અને ચોક વગેરે અક્ષરધામ સમાન બની ગયાં..!!

જ્યાં ભગવાન શ્રીહરિ પોતે રમ્યા-જમ્યા અને હર્યા-ફર્યા એ સર્વે ભૂમિ દંડવત કરવા યોગ્ય બની ગઈ. તે પવિત્ર પૃથ્વીની રજને સ્પર્શતા તન-મન બંને પાવન થઈ જાય છે. શ્રીજી પ્રાસાદિક આ ધરતીમાં કોઈ પાપી મૃત્યુ પામે તો તેની પણ સદ્ગતિ થાય છે..!!

**'બંધ કીધા બીજા બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ, પુરુષોત્તમ પ્રગટી રે...'** પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ આ બ્રહ્માંડમાં પહેલીવાર પધાર્યા અને નાત-જાત, ઊંચ-નીચ કે પાત્ર-કુપાત્ર જોવા રહ્યાં નહિ. બસ યેન કેન પ્રકારે જે કોઈ પોતાના યોગ-સંબંધમાં આવતા ગયા તે સૌને પોતાનો કલ્યાણકારી અલૌકિક પ્રભાવ આપતા ગયા. સ્થૂળ અને જડ સંબંધમાં આવ્યા તેને તીર્થત્વ પ્રદાન કર્યું. પછી તે ગોમતી તળાવ હોય કે પછી વડતાલનો જ્ઞાનબાગ ને અમદાવાદનો રંગમહોલ, ગઢડાની લક્ષ્મીવાડી કે સરધારનું મીનસરોવર, સૌ પ્રભુપદે અંકિત થઈ મહાન તીર્થત્વને પામી ગયાં.

ભગવાન શ્રીહરિએ જે ઝાડના છાંયે વિસામો લીધો કે કોઈ વૃક્ષ-વેલીનાં ફળ-ફૂલને ગ્રહણ કર્યાં, કોઈ ઢોર-ઢાંખરનાં દૂધ-દહીં ગ્રહણ કર્યાં કે કોઈ બળદગાડામાં બેઠા, હાથી-ઘોડા-ઘોડીએ અસવારી કરી - આ તમામે તમામની ગતિ એટલી તો દિવ્યતાને પામી જાય છે કે, મુક્તોની માનસીનાં સંભારણાં બની મોક્ષ પ્રાપ્તિનાં પરમ સાધન બની જાય છે. હાંડા-હુંડી ને વાસણ-કૂસણ, જે કાંઈ શ્રીજીમહારાજના સંબંધમાં આવ્યાં તે સઘળાં લોટા-લોટી ને નાવણિયા સહિત ભવસાગરના તારણહાર બની ગયાં છે.

**જન ભુવનમાં જ્યાં જ્યાં ગયા રે, તિયાં દિનરજની જે રહ્યા રે; એહ ભૂમિકાનાં ભાગ્ય ભારી રે, થઈ ધામરૂપ સુખકારી રે.૦૬**
**એહ પૃથ્વી પર તજે પ્રાણ રે, તે તો પામે પદ નિરવાણ રે; વળી નદી નદ ને તળાવ રે, સિંધુ કુંડ કૂવા વળી વાવ રે.૦૭**
**તિયાં જિયાં જિયાં અમે ના'યા રે, સ્પરશ્યું પાણી જે અમારી કાયા રે; તેહ સ્પર્શનું જેહ પાણી રે, જન ઉદ્ધારણ લિયો જાણી રે.૦૮**
**તેહ તટે તજે કોઈ તન રે, પામે અમૃતધામે સદન રે; એમ કલ્યાણના જે ઉપાય રે, બહુ કર્યા છે આ જગમાંય રે.૦૯**

(શ્રી પુરુષોત્તમ પ્રકાશ : ૪૪)

સર્વાવતારી, સર્વકારણના કારણ, સર્વના નિયંતા, સર્વ સત્તાધીશ, સર્વ શક્તિ અને સામર્થીઓના કારણ સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ થયા અને જ્યાં જ્યાં હાથ મૂક્યો ત્યાં સુખનો સાગર છલકાવી દીધો. જેના પર દૃષ્ટિ ઠેરાવી તે સર્વમાં દિવ્યતાના ફુવારાઓ છૂટા કરી દીધા અને જે જે સંકલ્પ છેડ્યા તે સઘળા મૂર્તિમાન મંદિરો બની ગયા. અનંત પ્રભુઓના મહાપ્રભુ શ્રીહરિએ જેને જેને પોતાનો આશરો આપ્યો તે સૌ જંગમ તીર્થત્વને પામી ચૈતન્યની મૂર્તિ બની ગઈ. સંબંધભાવમાં ઊછળતા મોજાઓ જેવા છલકાતા હૈયામાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીને જ્યારે આવા વિચારોનો ઊભરો આવ્યો ત્યારે 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથમાં તેનું આચમન કરાવતાં લખે છે :

**વળી અમારા અંગનું અંબર રે, બહુ સ્પરશેલ સારું સુંદર રે; એહ પ્રસાદીનું જેહ પટ રે, મળે ટળે સર્વે સંકટ રે.૧૪**
**એહ વસ્ત્ર અનુપમ અતિ રે, થાય પૂજતાં પરમ પ્રાપતિ રે; અતિ માહાત્મ્ય એનું અતુલ્યે રે, કહો ક્યાંથી મળે એહ મૂલ્યે રે.૧૫**
**જે જે અમારા સંબંધની વસ્ત રે, ન મળે ગોતતાં ઉદે ને અસ્ત રે; જણસ અમ સંબંધની જે જે રે, છે એ કલ્યાણકારી માની લીજે રે.૧૬**
**તે તો રાખી છે અમે અપાર રે, સહુ જન અરથે આ વાર રે; નખ શિખા લગી નિરધાર રે, રાખી સ્પરશી વસ્તુ કરી પ્યાર રે.૧૭**
**સ્પરશી ચીજ જે બહુ પરકારે રે, અડી હોય જે અંગે અમારે રે; તે તો સર્વે છે કલ્યાણકારી રે, માટે રાખી છે અમે વિચારી રે.૧૮**

(શ્રી પુરુષોત્તમ પ્રકાશ : ૪૭)

મહાપ્રભુ શ્રીહરિનો સંબંધ સ્થાવર-જંગમ, જડ-ચેતન, જળચર-સ્થળચર કે નભચર. જેને જેને થયો એ સર્વે મોક્ષના અધિકારી બની ગયાં ! શ્રીજીમહારાજના દર્શન કર્યાં, તેઓનો સ્પર્શ કર્યો, તેઓના વરદ હસ્તે પ્રસાદ જમ્યા, જે વૃક્ષ નીચે ભગવાન શ્રીહરિએ વિશ્રામ કર્યો, તેઓના કામમાં ઘોડા-ઘોડી વગેરે પશુઓ આવ્યાં. અરે ! નદી-તળાવમાં સ્નાન કરતા મહાપ્રભુનો જેમને સ્પર્શ થયો એવાં જળનાં માછલાં-કાચબા વગેરે જંતુઓ, જે જે ગાયો-ભેંસોનું દૂધ પીધું, જે જે છોડનાં ફૂલ ભગવાન શ્રીહરિના ઉપયોગમાં આવ્યાં અને જે જે વૃક્ષનાં ફળો પ્રગટ પરમાત્મા સ્વયં જમ્યાં; એ દરેક કલ્યાણના અધિકારી બની ગયાં !

ભગવાન શ્રીહરિની પ્રસાદીભૂત વસ્તુઓ માયિક અને લૌકિક જેવી દેખાતી હોવા છતાં પણ તે અમાયિક અને અલૌકિક છે. તેમનાં દર્શન, સ્પર્શ અને સ્મરણથી આજે પણ ભગવાન શ્રીહરિની દિવ્ય ચેતનાની દિવ્ય અનુભૂતિ હજારો શ્રદ્ધાળુ ભક્તોને આ પ્રાસાદિક વસ્તુઓમાં થાય છે. માટે તે જડ હોવા છતાં ચૈતન્ય છે ! એનો મહિમા અપરંપાર છે. પરંતુ જ્યાં શબ્દની સીમા પૂર્ણ થાય ત્યાંથી દિવ્યતાની શરૂઆત થતી હોય છે. માટે એ અણમોલ જણસોનો મહિમા ગાતા શબ્દો પાંગળા લાગે છે. માટે તેમના મહિમાનો હવાલો શબ્દ પાસેથી લઈને સ્વાનુભવને સુપ્રત કરીએ. એ જ સાચો વિનય અને વિવેક ગણાય.

ભગવાન શ્રીહરિના મંદિરમાં લાગેલા દરવાજાનું દર્શન અને સ્મરણ જો તે ભરવાડ માટે મુક્તિનું કારણ બની ગયું હોય તો જે વસ્તુને પ્રગટ ભગવાન શ્રીહરિનો સાક્ષાત્ સંબંધ થયો હોય તેનાં દર્શન-સ્પર્શ અને સ્મરણ કલ્યાણકારી કેમ ન હોય ? અર્થાત્ ચોક્કસ કલ્યાણકારી જ છે. માટે સદ્‌ગુરુ નિષ્કુળાંદ સ્વામી લખે છે :

**પુરુષોત્તમ સ્પરશની જે વસ્તુ રે, ન મળે જ્યાં લગી ઉદે ને અસ્તુ રે; બહુ દેશ બહુ ગામ ઘર રે, કર્યા સ્પરશી પવિત્ર સુંદર રે.૧૪**
**જિયાં જિયાં વિચર્યા વાલમ રે, કર્યા ઘર તે વૈકુંઠ સમ રે; સ્પરશી જાગ્યે ત્યાગે કોઈ તન રે, જાય બ્રહ્મમો'લે તેહ જન રે.૧૫**
**માટે જિયાં જિયાં હરિ રહ્યા રે, જે જે સ્થાનકે પોતે હરિ ગયા રે; તે તો સ્થાનક કલ્યાણકારી રે, જે જે જોયાં તે રાખવાં સંભારી રે.૧૮**
**એ છે દોયલા દનની દોલત્ય રે, સહુ માની લેજો વાત સત્ય રે; હરિને આગ્રહ છે આજ અતિ રે, કરાવવા પોતાની પ્રાપતિ રે.૧૯**

(શ્રી પુરુષોત્તમ પ્રકાશ : ૨૯)

ભગવાન શ્રીહરિએ જે જે સ્થાનોમાં વિચરણ કર્યું, પધરામણીઓ કરી તે તે શહેર-ગામ-ઘર-ધર્મશાળા-ફૂલવાડી, બાગ-બગીચા, નદી-તળાવો, વાવ-સરોવરો અને સ્થાવર-જંગમ સમસ્ત જડ-ચેતન મહાપ્રસાદીરૂપ બની ગયાં. જ્યાં જ્યાં પ્રગટ પરમેશ્વર એવા શ્રીહરિનાં ચરણકમળ પડ્યાં એ ઓરડા, ઓસરી, ફળી, વાડી, ખેતર અને ચોક વગેરે અક્ષરધામ સમાન બની ગયાં..!!

જ્યાં ભગવાન શ્રીહરિ પોતે રમ્યા-જમ્યા અને હર્યા-ફર્યા એ સર્વે ભૂમિ દંડવત કરવા યોગ્ય બની ગઈ. તે પવિત્ર પૃથ્વીની રજને સ્પર્શતા તન-મન બંને પાવન થઈ જાય છે. શ્રીહરિ પ્રાસાદિક આ ધરતીમાં કોઈ પાપી મૃત્યુ પામે તો તેની પણ સદ્‌ગતિ થાય છે..!!

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, ભગવાન શ્રીહરિના સંસર્ગમાં આવેલી પ્રસાદીભૂત વસ્તુ કે સ્થાન 'દોયલા દનની દોલત્ય' છે. અર્થાત્ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રિવિધ તાપથી જીવાત્મા જ્યારે અતિશય સંતપ્ત થાય, એમાંથી ઉગરવાનો ક્યાંયથી આરો ન દેખાય ત્યારે આ પ્રાસાદિક વસ્તુઓનાં દિવ્ય દર્શન, સ્પર્શ કે સ્મરણ તેને તેમાંથી છોડાવે છે અને પરમશાંતિની અનુભૂતિ કરાવે છે. આ ફક્ત પ્રસાદીની વસ્તુઓનો મહિમા વધારવા કરેલી ફોક વાતો નથી, પરંતુ સંપ્રદાયના ગ્રંથોમાં જેના અનેક પ્રસંગો નોંધાયેલા-લખાયેલા છે, એવી પ્રમાણભૂત હકીકતોમાંથી દિશમાત્ર વાતો છે.

આ ગ્રંથમાં જેનું વર્ણન છે, જ્યાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાકાર્યો જેવા કે - પોતાનું સ્વસ્વરૂ શ્રીહરિકૃષ્ણ મહારાજની સ્થાપના, સર્વજીવોના હિતાર્થે શિક્ષાપત્રીની રચના, આચાર્યપદની સ્થાપના, ૨૦ વચનામૃતો વગેરે કર્યા છે તેવા વડતાલધામમાં તે વખતે ભગવાન શ્રીહરિના ચરણથી અંકિત થયેલી એવી વડતાલની પવિત્ર ભૂમિમાં પ્રસાદીભૂત વૃક્ષો, મકાનો, તળાવ કે બીજી અનેક વસ્તુઓ અત્યારે પણ મોજુદ છે. આપણે 'વડતાલ'માં જઈએ ત્યારે તે તે સ્થળો પોકારી પોકારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો જયનાદ સંભળાવતા હોય તેવું લાગે છે.

**વૃત્તપર મહિમા કહ્યો ન જાય, કદિ મુખ શેષ સહસ્ત્ર કલ્પ ગાય;**
**વૃષસુતતણિ મુખ્ય ગાદિ જ્યાં છે, ત્રિભુવન તત્ત્વ અનેક તીર્થ ત્યાં છે.**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૬૪)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શૈક્ષણિક, સામાજિક, આર્થિક, રાજકીય અને ઐતિહાસિક દૃષ્ટિએ સમૃદ્ધ કહી શકાય એવા ઘણાં ગામો અને શહેરો છે. એ સ્થળોની સરખામણીમાં વસ્તી, વેપાર, વ્યવહાર, શિક્ષણ અને સંપત્તિ વગેરે દૃષ્ટિએ વડતાલ તો એક નાનું ગામ ગણાય. પરંતુ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણે એ બધાં સ્થળોમાં એકમાત્ર વડતાલને પ્રિયાતિપ્રિય સ્થળ ગણીને 'તીર્થોમાં શિરોમણિ મોટું ધામ' બનાવેલું છે. ભગવાન શ્રીહરિએ સંપ્રદાયમાં ઘણાં સ્થળોએ અનેક ઉત્સવો ઉજવ્યા છે, પરંતુ જો કોઈ સ્થળે વર્ષના બધા જ ઉત્સવો ઉજવ્યા હોય તો તેવું સ્થળ સંપ્રદાયમાં માત્ર એક જ છે - વડતાલ. ગઢડામાં વર્ષના બધા જ ઉત્સવો ઉજવેલા છે પણ ત્યાં વર્ષની બધી જ એટલે કે ચોવીશે એકાદશીઓના ઉત્સવો ઉજવેલા નથી, જ્યારે વડતાલમાં શ્રીજીમહારાજે એ ઉત્સવો પણ ઉજવેલા છે. આ હકીકતની નોંધ લેતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી સત્સંગિજીવનમાં લખે છે :

**प्रतिवर्षं दुर्गपुराद्धरिर्वृत्तालयं पुरम् । मुहुर्जगाम नृपते ! धर्मस्थापन उद्यतः ।।**
**तेनोत्सवास्तत्र महान्त एव कृता ह्यनेकेऽखिलसौख्यकर्त्रा । वदामि तत्रैकतमं समासात्तेनानुमेया इतरेऽपि तद्वत् ।।**

"હે રાજન્ ! એકાંતિક ધર્મના સ્થાપન માટે ઉત્સાહી-ઉદ્યમી શ્રી સ્વામિનારાયણ ભગવાન દરેક વર્ષે વારંવાર ગઢપુરથી વડતાલ આવતા હતા. સમગ્ર ભક્તજનોને સુખ આપનારા શ્રીહરિએ વડતાલમાં અનેક મોટા ઉત્સવો કરેલા જ છે. તે અનેક ઉત્સવોમાંથી એક ઉત્સવનું વર્ણન હું સંક્ષેપમાં કરું છું. તેને આધારે બીજા ઉત્સવો કેવા થયા હશે, તેનું અનુમાન કરી લેવું."

(શ્રી સત્સંગિજીવન : ૩/૪૬/૩૧-૩૨)

સંપ્રદાયના કેટલાક વિદ્વાન-કવિજનોએ ગઢડાને ગોકુળરૂપ ગણાવેલું છે એ તો બરાબર જ છે, પણ શ્રીજીમહારાજે સ્વમુખે જ વડતાલ જ્યાં આવેલું છે એવા ચરોતર પ્રદેશને **'स देशोऽस्ति मम प्रेष्ठो वृन्दावनमिवानघ ! ।'** - પોતાને વૃંદાવન જેવો પ્રિય છે એમ કહ્યું છે.(શ્રી સત્સંગિજીવન : ૪/૨૭/૧૦) તેમજ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ પણ ભગવાન શ્રીહરિના વિચરણ મહિમાથી વડતાલને **'पुण्यभूमिर्वृन्दावनमिवोत्तमः ।'** - વૃંદાવન જેવી ઉત્તમ પુણ્યભૂમિ કહેલી છે. (શ્રી સત્સંગિજીવન : ૩/૪૭/૫૭)

વૃંદાવન અને વડતાલની રાશિ જેમ એક છે તેમ એમની ઈતિહાસ કથામાં પણ ઘણી સામ્યતા છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં કહ્યું છે કે - સત્યયુગમાં મહારાજા કેદારની રાજકુમારી વૃંદાએ રાજવૈભવનો ત્યાગ કરીને વૃંદાવનમાં જે સ્થળે રાસલીલાનો મહોત્સવ ઉજવાયો હતો, (આજે જેને કુંજગલી-સેવાકુંજ કહે છે) તે સ્થળે બેસીને સ્ત્રીજાતિ માટે અતિ કઠણ એવું તપ ભગવાનને પ્રત્યક્ષ પતિરૂપે મેળવવાના હેતુથી કર્યું હતું. તેવી જ રીતે વડતાલમાં પણ ભૃગુઋષિની પુત્રી લક્ષ્મીજી (રમા)એ વૃંદાના હેતુ પ્રમાણે જ દ્વાપર યુગમાં તીવ્ર તપ કર્યું હતું. બંનેની મનોકામનાઓ પરમાત્માએ પ્રસન્ન થઈને પૂર્ણ કરી હતી. વૃંદાએ જે સ્થળે બેસીને તપ કર્યું હતું તેને ઈતિહાસમાં 'વૃંદાવન' કહેવાય છે. અને લક્ષ્મીજીએ જે ગામના બદરીવૃક્ષ નીચે બેસીને તપ કર્યું હતું તે ગામને ઈતિહાસમાં 'વૃત્તાલય અથવા વડતાલ' કહેવાય છે. વૃંદાએ જ્યાં તપ કર્યું હતું તે સ્થળે દ્વાપર અને કળિયુગની સંધિમાં ભગવાન શ્રીકૃષ્ણે રાસક્રીડા મહોત્સવ ઉજવ્યો હતો. અને લક્ષ્મીજીએ જે ગામમાં બેસીને તપ કર્યું હતું તે ગામની રમ્ય ભૂમિ ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણે વિ.સં. ૧૮૭૫માં રંગક્રીડામહોત્સવ અને પુષ્પદોલોત્સવ ઉજવ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વડતાલને ભગવાન શ્રી સ્વામિનારાયણની લીલાભૂમિ ગણાય છે. તે ઉપરાંત કર્મભૂમિ અને ઉત્સવભૂમિ પણ ગણાય છે. અને આજે વિશ્વમાં પણ પ્રસિદ્ધ ઉક્તિ છે કે 'નરસિંહ મહેતાની કરતાલ, ગાંધીજીની હડતાલ અને સ્વામિનારાયણનું વડતાલ.'

સંપ્રદાયનો ઈતિહાસ કહે છે કે શ્રીજીમહારાજે જેમ વિ.સં. ૧૮૬૨માં ગઢપુરના પ્રેમીભક્તોને નિત્ય દર્શનાદિકનો લાભ મળે તેવા હેતુથી શ્રી વાસુદેવનારાયણની મૂર્તિની સ્થાપના દાદાખાચરના દરબારગઢમાં ઉગમણાબારના ઓરડામાં કરી હતી. તેમ એ

પછી બે વર્ષે વડતાલના પ્રેમીભક્તોને દર્શનાદિકનો લાભ મળે એટલા માટે વડતાલમાં પણ બદરીવૃક્ષની બાજુએ એક ઓરડીમાં શ્રીનરનારાયણદેવની યુગલ મૂર્તિ પધરાવી હતી. સંપ્રદાયમાં મંદિર કરવા માટે સૌથી પહેલી પ્રાર્થના-યાચના અને સૌથી પહેલો દસ્તાવેજ વડતાલના ઉત્તમ નિર્વિકલ્પ નિષ્ઠાવાળા ભક્તોએ કરી આપેલો છે. જો કોઈ સ્થાનને તીર્થશિરોમણિ મોટું ધામ બનાવવાની ઈચ્છા શ્રીજીમહારાજે જાહેરમાં વ્યક્ત કરી હોય તો તે પહેલી વહેલી એકમાત્ર વડતાલ માટે જ કરેલી છે. ભગવાન શ્રીહરિએ અમદાવાદ, ભૂજ, વડતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડા - આ છ સ્થળોએ મંદિરો કર્યા અને તેમાં સ્વહસ્તે ભગવત્પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરેલી છે પરંતુ એ પૈકી કોઈ મંદિર માટે જો પોતે જાતે ખાતપૂજન કર્યું હોય તો તેવા સ્થળો બે જ છે : ૧. વડતાલ ૨. ગઢડા. પોતે કરાવેલા મંદિરો પૈકી જો કોઈ મંદિર માટે શ્રીજીમહારાજે પોતે ઈંટો, પથ્થર અને ચૂનાના તગારા ઉપાડ્યા હોય તો તે પહેલા વડતાલ મંદિર માટે અને પછી ગઢડા મંદિર માટે જ ઉપાડેલા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે પ્રત્યક્ષ દેખરેખ નીચે છ મંદિરોમાંથી કોઈ મંદિર કરાવ્યું હોય તો એવા સ્થળ બે જ છે : ૧. વડતાલ ૨. ગઢડા. સંપ્રદાયમાં પોતે કરાવેલા મંદિરોમાં 'જે મંદિરમાં ધર્મ-ભક્તિ છે ત્યાં જ હું છું અને જ્યાં હું છું ત્યાં જ ધર્મ-ભક્તિ છે. ' એવું કહીને ધર્મ-ભક્તિ અને શ્રી વાસુદેવની મૂર્તિઓની પહેલી વહેલી પ્રતિષ્ઠા કરી હોય એવું સ્થળ એકમાત્ર વડતાલ જ છે. આ બ્રહ્માંડમાં એકમાત્ર પોતાનું શ્રી હરિકૃષ્ણ નામે સ્વરૂપ સ્વહસ્તે પધરાવીને પ્રતિષ્ઠા કરી હોય એવું મંદિર જો કોઈ હોય તો તે એકમાત્ર સ્થળ વડતાલ મંદિર છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાકાર્યો શ્રીજીમહારાજે વડતાલમાં બિરાજીને કરેલા છે. ભગવાન શ્રીહરિએ પોતાને સ્થાને આચાર્યપદની સ્થાપના વિ.સં. ૧૮૮૨ના કાર્તિક સુદ - ૧૧ના રોજ વડતાલમાં બિરાજીને કરી છે, પોતાની વાણીરૂપા મૂર્તિ ભગવતી શિક્ષાપત્રીની રચના સર્વજીવોના હિતાર્થે શ્રીજીમહારાજે વડતાલમાં વિ.સં. ૧૮૮૨ના મહા સુદ - ૫ (વસંતપંચમી)ના દિને કરેલી છે, જ્યાં ઉપનિષદ્ સમા ૨૦ વચનામૃતોના શબ્દોનો ગુંજારવ કર્યો છે, ત્યાગીવર્ગમાં મંડળો (મંડળ એટલે જેમાં એક કરતાં વધુ ત્યાગીઓ હોય તેવાં પાંચસો મંડળો)ની યોજના અને ત્યાગીજનોએ જોડ સિવાય એકલા ન રહેવું અને જોડ સિવાય એકલા મંદિર બહાર ન જવાનો પ્રબંધ પણ ભગવાન શ્રીહરિએ વડતાલમાં બોરડી નીચે બિરાજીને કરેલ છે. (સં. ૧૮૬૮ કારતક વદ - ૪)

સંતો માટે ધર્મશાળાનું નિર્માણ પહેલું વહેલું વડતાલમાં જ થયું છે. ધર્મકુળનું સપરિવાર સૌપ્રથમ આગમન પણ અહીં જ સં. ૧૮૭૫ના ફાગણ સુદ - ૧૧ના દિવસે થયેલું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે છ મંદિરોમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરેલી છે, પરંતુ વડતાલ મંદિર માટે શ્રીજીમહારાજે જે શબ્દો ઉચ્ચારેલા છે તેવા બીજા કોઈ મંદિર માટે ઉચ્ચારેલા નથી.

**पौर्णमास्यां पौर्णमास्यां ये च ग्रामान्तरादपि । एत्यैषां दर्शनं भक्त्या करिष्यन्त्यत्र मानवाः ।।**
**सर्वे मनोरथास्तेषां सिद्धिमेष्यन्ति निश्चितम् । भुक्तिं तथेप्सितां मुक्तिं प्राप्स्यन्त्येषां प्रसादतः ।।**

''જે મનુષ્યો દરેક પૂનમને દિવસે બીજાં ગામોથી પણ વૃત્તપુરીમાં આવીને આ લક્ષ્મીનારાયણાદિ સ્વરૂપોનાં દર્શન ભક્તિથી કરશે, તે મનુષ્યોના સર્વે મનોરથો સિદ્ધ થશે. તે મનુષ્યો પોતાને ઈચ્છિત ભુક્તિ તથા ઈચ્છિત મુક્તિ આ લક્ષ્મીનારાયણાદિ સ્વરૂપોના અનુગ્રહથી પામશે. એમાં સંશય નથી.''

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૭/૫૮-૫૯)

સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ પણ 'પૂનમનો મહિમા' ગાતાં કીર્તનમાં ગાય છે :

પૂનમિયા સાંભળજ્યો હરિજન રે, પૂનમનો મહિમા સુણો એકમન રે;૦
પૂનમનો મહિમા છે અતિ ભારી રે, ગાયે શેષ શારદા અજ ત્રિપુરારી રે.૧
પૂનમનો મહિમા અપરંપાર રે, ગાયે વેદ પુરાણ વારમવાર રે.૨
પૂનમનો મહિમા છે અનહદ રે, ગાયે શુક સનકાદિક નારદ રે.૩
પૂનમે રાસ રમ્યા રણછોડ રે, પુર્યા વાલે ગોપિજના કોડ રે.૪
પૂનમે મોરમુગટ ધર્યો માથ રે, રમ્યા વાલો રાસ ગોપિજન સાથ રે.૫
પૂનમે પૂનમે દરશને જાય રે, તેને એક ડગલે જગનફળ થાય રે.૬
જુવે જાઈ મુગટસહિત વ્રજચંદ રે, તેના ટળે જનમમરણના ફંદ રે.૭
પૂનમિયા હરિજન જે નિ'મ ધારી રે, પ્રેમાનંદ જાયે તેની બલિહારી રે.૮

ભગવાન શ્રીહરિએ મંદિરમાં સ્વહસ્તે પ્રતિષ્ઠિત કરેલ દેવોનો સ્વમુખે મહિમા કહેતા લખે છે :

**'तदन्तिके तु मे मूर्तिरस्ति स्वीयप्रसत्तये । धर्मभक्तियुता चास्ति मन्दिरे तूत्तरे मम ।।'** ભગવાન શ્રીહરિ સ્વમુખે કહે છે : ''દક્ષિણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણની સમીપે મારી મૂર્તિ મારા એકાંતિક ભક્તોની પ્રસન્નતા માટે છે. તેમજ ઉત્તર મંદિરમાં પણ ધર્મ ભક્તિએ સહિત મારી મૂર્તિ પોતાના ભક્તોની પ્રસન્નતા માટે છે.''

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૭/૫૬)

મધ્યખંડમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી ને શ્રીહરિએ કહ્યું : ''જેવી વૈકુંઠમાં મૂર્તિ છે તેવી આ લક્ષ્મીનારાયણદેવની મૂર્તિ છે. **બ્રહ્મચર્ય રાખી સો વર્ષ સુધી ચાર ધામમાં ફરે તેનાથી એકવાર અહીં દર્શન કરે તેને અધિક ફળ મળે છે** તેવું દૈવત આ મૂર્તિમાં છે. ભાવ વિના પણ દર્શન કરશે તે ફરી મનુષ્યતન પામશે અને સત્સંગ કરી અવિનાશી સુખ મેળવશે. શ્રીજીમહારાજ લક્ષ્મીનારાયણદેવ સ્વરૂપે પોતાના ભક્તોને સુખ, સમૃદ્ધિ, સંપત્તિ, વૈભવ, ધનધાન્ય, પુત્ર, પરિવાર, વિદ્યા, બળ, બુદ્ધિ, રિદ્ધિ, સિદ્ધિ વિગેરે તમામ મનોવાંછિત ફળને આપે છે.

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી સત્સંગિજીવનમાં લખે છે :

**लक्ष्मीनारायणादीनां स्वरूपाणां तु दर्शनम् । प्रत्यहं ये करिष्यन्ति ते मोक्ष्यन्त्येव संसृतेः ।।**
**यस्तु श्रीद्वारिकाधीशो लक्ष्मीनारायणः स हि । भेदोऽत्र नैव विज्ञेयः सत्यं हि वचनं मम ।।**
**संशयोऽत्रापि यच्चित्ते सम्भवेत्तमपि स्वयम् । कालेनाल्पेन भगवानेष एवापनेष्यति ।।**

જે મનુષ્યો લક્ષ્મીનારાયણાદિ સ્વરૂપોનાં દર્શન દરરોજ કરશે તે જનો સંસારબંધનથી મુક્ત થશે જ. જે દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ તે જ આ લક્ષ્મીનારાયણ છે આ બેમાં ભેદ જાણવો નહિ. આ મારું વચન સત્ય જ છે. આ પરમ સત્ય મારા વચનમાં જેમના ચિત્તમાં સંશય થાય તે સંશય પણ થોડા સમયમાં સકલ ઐશ્વર્યસંપન્ન આ સ્વયં લક્ષ્મીનારાયણ જ નાશ કરશે. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૭/૫૭, ૬૧, ૬૨)

**લક્ષ્મીનારાયણ સુખદાય, સ્થાપ્યાં મધ્યના મંદિરમાંય; ભક્તિ ધર્મ પોતાનું સ્વરૂપ, સ્થાપ્યું ઉત્તર ડેરે અનૂપ...૧૭**
**રાધા ને વૃન્દાવન વિહારી, પાસે પોતાની મૂરતિ સારી; કર્યો દક્ષિણ ડેરામાં સ્થાપ, નિજજનના ટાળવા તાપ...૧૮**
**તિયાં વરત્યો છે જયજયકાર, ધન્ય ધન્ય બોલે નરનાર; પછી જમાડિયા વિપ્રજન, આપ્યાં મનવાંછિત ભોજન...૧૯**
**દિધી દક્ષિણા વસ્ત્ર રૂપૈયા, તેણે વિપ્ર રાજી મન થયા; પછી પાંચ દિવસ પોતે રહ્યા, ત્યાંથી વસોએ વાલો આવિયા...૨૦**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૯૦)

**શ્રીભક્તિપુત્રે કરુણા કરીને, તે મૂર્તિયો સ્થાપિ કરે ધરીને; તેથી ઘણું દૈવત તેહમાં છે, આશ્ચર્ય મોટાં બહુ એહમાં છે.**

(શ્રીહરિલીલામૃત : ૧/૫/૧૨)

**લક્ષ્મીજી નારાયણ બેય રૂપ, તે મધ્યના મંદિરમાં અનુપ; ત્યાંથી બીજો દક્ષિણ ખંડ જ્યાંય, બેસારી સારી ત્રણ મૂર્તિ ત્યાંય...૦૮**
**રાધાજી વૃંદાવનના વિહારી, તથા સ્વમૂર્તિ હરિકૃષ્ણધારી; તહાં ત્રીજા ઉત્તર ખંડમાંય, બેસારી રૂડી ત્રણ મૂર્તિ ત્યાંય...૦૯**
**શ્રીભક્તિ ધર્માત્મજ વાસુદેવ, તે મૂર્તિયો ત્યાં ધરી તર્તખેવ; શ્રીજી તણું બાળસ્વરૂપ તેહ, તે મર્મ જાણે જન જાણ જેહ...૧૦**
**તે આગળે મંડપમાં પ્રમાણો, જુદા જુદા ખંડ વિષે જ જાણો; વરાહજી ને નરસિંહરૂપ, શ્રીશેષશાયી મુરતી અનૂપ...૧૧**
**શ્રીકૂર્મ ને સૂર્યસ્વરૂપ મત્સ્ય, તે મૂર્તિયો ત્યાં પધરાવી સ્વચ્છ; સુશોભિતો દક્ષિણ ખંડ ધારી, શ્રીજીની સજ્યા પધરાવી સારી...૧૨**
**છે દુર્ગનું દ્વાર પ્રમુખ્ય જ્યાંય, ગણેશ થાપ્યા હનુમાન ત્યાંય; રુડી રીતે તે હનુમાન વીર, સ્થાપ્યા જ ભૈભંજન નામ ધીર...૧૩**

(શ્રીહરિલીલામૃત : ૮/૨૮)

વિ.સં. ૧૮૭૫ના ફાગણ મહિનાનો હુતાશની-પુષ્પદોલોત્સવ ઉજવવો હતો ત્યારે શ્રીજીમહારાજે સંતોને સુંદર ગામ શોધવાની આજ્ઞા કરી હતી. તે સમયે વડતાલ જેવું કોઈ સ્થાન સંતો તેમજ ભગવાન શ્રીહરિના નજર સમક્ષ આવ્યું નહોતું. જેની નોંધ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લેતા લખે છે :

**વાલ્યમ કહે વરતાલ જેવું, નથી બીજું કોઈ ગામ; સતસંગના મધ્યમાં, સુંદર છે એહ ઠામ.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૪/૧૫)

વડતાલ ગામના મહિમાનો પાર આવે તેમ નથી, કારણ કે વડતાલની વરવી વસુંધરાના કણ કણમાં શ્રીજીમહારાજ અને નંદસંતોના પવિત્ર પાદારવિંદથી પાવન થયેલ ભૂમિમાં આધ્યાત્મિકતાના દિવ્ય સ્પંદનો ગુંજી રહ્યા છે. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી લખે છે :

**'ગામમાંઈ તથા સીમમાંઈ, નથી રમણરેતી વિના ક્યાંઈ; ઝાડે ઝાડે તથા ઘેર ઘેર, વિચર્યા છે પ્રભુ રુડી પેર.**

**હરિ ઝુલ્યા છે સરસ હિંડોળે, રંગ ખેલ કર્યો ફુલદોળે; સમૈયા ઘણા વરતાલે કીધા, પરચા ઘણા લોકને દીધા.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૫૭, ૫૯)

આ ધામના મહિમાને કલમ શબ્દોમાં ગુંથી શકવા સમર્થ નથી. એટલે તો પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ ટૂકમાં કહ્યું છે : **'એક ત્રાજવે તીર્થ હજારે, બીજા ત્રાજવે વરતાલ ધારે; ધામ વૈકુંઠ આદિ ધરાય, તોય વરતાલ તુલ્ય ન થાય.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૬૧)

આ વૃત્તાલયનું નામ ભગવાન શ્રી નારાયણના જ શબ્દો પ્રમાણે **શ્રી લક્ષ્મીજીના તપનું સ્થાન** એવો અર્થ થાય છે :

**'तपोवृत्तस्य ते यस्मादालयो वर्तते त्विदम् । ततोऽस्मिन् भविता स्थाने पुरं वृत्तालयाभिधम् ।।'**

ભગવાન શ્રી લક્ષ્મીજી પ્રત્યે કહે છે : "હે લક્ષ્મીજી ! આ સ્થાન તમારા તપરૂપ વૃત્ત (વ્રત)ના આલય=સ્થાન રૂપ હોવાથી આ સ્થાનમાં વૃત્તાલય નામનું પુર થશે. આ પ્રમાણે સાર્થક કરેલું છે." (શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૧૫/૩૧)

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ 'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથમાં વડતાલનો મહિમા કહેતા લખે છે :

જે જનો વૃત્તાલયપુરમાં રહીને લક્ષ્મીનારાયણ આદિક દેવોના હંમેશા દર્શન કરે છે તે જનો નિશ્ચય મુક્તિ પામેલા છે, માટે તેમને ધન્ય છે, જન્મથી આરંભીને જે જને કદી પુણ્ય નથી કર્યા તેવો મનુષ્ય આ વૃત્તાલયના દર્શનથી જ પુણ્ય કરનારો થાય છે.

સમગ્ર તીર્થોના દર્શન કરીને પણ જે મનુષ્ય વૃત્તાલયે જો દર્શનાર્થે ન આવે તો તેની યાત્રા પૂર્ણ થાય નહિ. તેમજ તેણે દર્શન કરાયેલા સમગ્ર તીર્થનું પણ ફળ તેને પ્રાપ્ત ન થાય. પૃથ્વી ઉપરના સર્વ તીર્થોમાં જે પ્રમાદને લીધે જઈ શકતો નથી પરંતુ કેવળ વૃત્તાલયપુરના જ જે દર્શન કરે છે તેવા મનુષ્યોને સર્વ તીર્થનું ફળ થાય છે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૬/૧૦-૧૨)

**द्वारिका मथुरा माया काश्ययोध्वा ह्वन्तिका । काञ्ची तुल्या न सप्तैता अन्यक्षेत्राण्यनेन वै ।।**
**कलिप्रवेशरहिते पुरे पुण्येऽत्र भूपते । ये वसेयुः कलेर्वश्यं प्राप्नुयुश्च न ते जनाः ।।**

પૃથ્વી ઉપર દ્વારિકા, મથુરા, માયા, કાશી, અયોધ્યા, અવંતિકા, કાંચી આ પુરીઓ આ વૃત્તાલયની સમાન નથી. તેમજ અન્ય ક્ષેત્રો પણ આની તુલ્ય નથી જ.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૬/૧૩-૧૪)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં ઉપરોક્ત પ્રમાણે જ લખે છે :

**પરમ પુનિત પૃથ્વિ પૃથ્વિપાળ, પુર વરતાલ તણી ઘણી રસાળ;**
**પુનિત સુપુરિ સાત જે ગણાય, પણ વરતાલ સમાન તે ન થાય.**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫/૬૨)

**काश्यादौ वसतां पुंसां यावज्जीवं तु यत्फलम् । स्यात्पुरेऽस्मिन्निवसतां दिनेनैकेन तत्फलम् ।।१६।।**
**चिन्तितं मनसाऽप्येतत्पातकं शतवर्षजम् । पापं हरेदपि जनैः कीर्त्तितं सप्तजन्मजम् ।।१८।।**

કાશી વગેરેમાં જીવન પર્યન્ત રહેનારા પુરુષોને જે ફળ થાય તે ફળ વૃત્તાલયમાં રહેનારાઓને ફક્ત એકજ દિવસમાં થાય છે. વૃત્તાલયપુરનું મનથી જે ચિંતવન કરે છે તેના સો વર્ષમાં કરેલા પાતકો નાશ થાય છે. જે જનો 'વૃત્તાલય' એ પ્રકારનું ફક્ત નામ ઉચ્ચારણ કરે છે તેના સાત જન્મમાં કરેલા પાપ નાશ પામે છે. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૬)

●

## વડતાલ મહિમાનું વર્ણન કરતાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી લખે છે :

શ્રીહરિ પહેલીવાર વડતાલમાં પધાર્યા ત્યારે બધા ગામજનો આગળ બોલ્યા, આ વડતાલ ગામ આખા ચરોતર પ્રદેશની મધ્યમાં છે. અહીંથી ચારે તરફ દસ દસ કોશ સુધી જાત જાતના અપાર વૃક્ષો છે. તેમાં પણ સહુથી સારા આંબાના વૃક્ષ તો અનંત છે. જાણે વૃંદાવનનો બધો પ્રદેશ અહીં આવીને પ્રકટ થયો હોય, તેમ લાગે છે. અને પક્ષીઓમાં પ્રવેશ કરીને મોટા ઋષિઓ જાણે તપ કરતા હોય તેમ લાગે છે. ચારે બાજુ દસ દસ કોશ સુધી વિવિધ પ્રકારના પંખીઓ રહ્યા છે. જાણે તે બધા ધામના અપાર ઋષિઓ તપ કરવા માટે અહીંયાં આવ્યા હોય તેમ જણાય છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૫/૬૨)

શ્રીહરિ ગઢપુરમાં જ્યારથી રહ્યા ત્યારથી કેટલીય વાર વારંવાર વડતાલ આવતા હતા. શ્રીહરિએ વારંવાર વડતાલ આવીને ફૂલદોલ

અને રામનવમીના ઘણા સમૈયા કર્યા છે. તેનો ગણતા પાર આવે તેમ નથી. ભીમ એકાદશી, જન્માષ્ટમી, અન્નકોટ, પ્રબોધની એકાદશી વગેરે ઉત્સવો ઘણા કર્યા છે. તેમજ અહીં વસંતપંચમીએ ખૂબ રંગ ઉડાડીને ઘણા સમૈયા કર્યા છે. અને અપાર ગુલાલ ઉડાડ્યો છે. કેટલીએ વખત બ્રહ્મભોજન કરાવ્યું, બ્રાહ્મણોને દાન બહુ અપાવ્યાં. બ્રાહ્મણ બટુકોને જનોઈ અપાવી છે અને કન્યાદાન પણ કર્યા છે.
(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૫/૬૪)

શ્રીહરિ સંતો અને હરિભક્તોને અપાર સુખ આપી વડતાલથી ગઢપુર આવ્યા. ત્યારે ગઢપુરના ભક્તોએ જય જયકાર કર્યો. ગઢપુર આવીને હરિભક્તોને ઘણા પ્રેમરસપૂર્વક દિવાળી અને અન્નકોટના ઉત્સવની વાત કરી. શ્રીહરિએ રાજી થઈને ગુજરાતના હરિભક્તોનો જે પ્રેમભાવ હતો તે બધી વાત કાઠિયાવાડના ભક્તોને વિસ્તારીને કહી. ગુજરાતના હરિભક્તોના પ્રેમભાવની વાત સાંભળીને ગઢપુરના બધા હરિભક્તો મનમાં હરખાઈને બોલ્યા કે, મહારાજ ! ગુજરાતની વાત તો ઘણી મહાન છે. ગુજરાતમાં તો ફળ, ફૂલ અને વિવિધ પ્રકારના મેવાઓ અપાર થાય છે. ગામેગામ આંબાઓના ઘાટાં વન રહ્યાં છે. ગુજરાતની ભૂમિમાં છાંયા વિના ખાલી ભાગ લગારેય નથી. તે તો વૃંદાવનથી પણ વધારે પ્રિય ભાગ છે. શ્રેષ્ઠ શ્રેષ્ઠ વૃક્ષો ગુજરાતમાં રહ્યાં છે.
(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૬૯)

શ્રીહરિ ગઢપુરમાં હતા અને હુતાશની સમીપ આવવા લાગી. ત્યારે સંતોને કહ્યું, "હવે આપણે હુતાશની ક્યાં કરશું ? વડતાલમાં જે પાટીદારો છે કે પગી છે, તે બધા બાઈ ભાઈ હરિભક્તોના સમાન બીજે ક્યાંય ભક્તો નથી. વડતાલના હરિભક્તો અમને તથા સંતો-ભક્તોને જોઈને પોતાના માને છે. આસપાસના ફરતા ગામોના હરિભક્તો પણ ઘણા ક્ષમાશીલ છે. સંતો અને હરિભક્તોની જેમ વધારે ભીડ થાય તેમ વડતાલના હરિભક્તો મનમાં ખૂબ રાજી થાય છે. ચરોતર દેશ વધારે ગામોથી સાંકડો છે અને ગામ પણ મનુષ્ય અને વૃક્ષોને લીધે ઘણાં ઘાટાં છે. દબાવીને તીર ભરેલા ભાથાની જેમ ચરોતરમાં મનુષ્યો અને વૃક્ષો અપરંપાર ભર્યા છે, પ રંતુ આપણા સંતો ઉપર સહુને અપાર હેત છે.

પછી શ્રીહરિ બોલ્યા કે, "વડતાલના જેવું બીજું કોઈ ગામ નથી, તેથી ઉત્સવ કરવાને માટે યોગ્ય સુંદર સ્થળ તો વડતાલ જ છે."
(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૨૨)

ભગવાન શ્રીહરિ જેટલી વખત વડતાલ આવ્યા અને જેટલા સમૈયાઓ કર્યા, તે બધી પરિસ્થિતિને વડતાલના જેટલા પાટીદારો છે તે બધા જ જાણે છે. સંવત્ અઢારસો બાસઠના વર્ષથી છ્યાશીના વર્ષ સુધી શ્રીહરિ વરસમાં એક, બે કે ત્રણ વાર ફરી ફરીને વડતાલ આવતા રહ્યા છે. શ્રીહરિએ અહીં એવા સમૈયા કર્યા છે કે જે બીજે ક્યાંય કોઈ દિવસ સાંભળ્યા ન હોય. તે સમૈયામાં શ્રીહરિ હંમેશાં એવી વાત કરતા કે ક્યારેય અધર્મનો પ્રવેશ થાય નહીં. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૫/૫૬)

શ્રીહરિ વડતાલના વાસણ સુતારના ભવનમાં નિવાસ કરીને રહેતા હતા. તેમનું ભવન શ્રીહરિને રુચે તેવું હતું. વાસણ સુતારના ઘરના નાના મોટા સહુ મનુષ્ય શ્રીહરિ ત્યાં નિવાસ કરે તેનાથી વારંવાર બહુ જ પ્રસન્ન થતા હતા. શ્રીહરિ જે હરિભક્તને ઘેર જઈને રહેતા, ત્યાં તે ઘરના નાના મોટા સર્વે મનુષ્યોમાંથી એકાદ જણ પણ જો ખુશ ન હોય, તો શ્રીહરિ ત્યાં રહેતા નહિ, આવી શ્રીહરિની રીત હતી. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૫૩)

જ્યારે શ્રીહરિ ગોમતી સરોવરે આવતા ત્યારે પહેલા તો ગોમતીને ચારેબાજુ ઘણા ભાવથી દેખતા. પછી બીજાને પણ ઘણા પ્રેમથી પ્રસાદીભૂત તીર્થનો મહિમા જણાવતા. તે માટે શ્રીહરિ પોતે આવું કહેતા કે, જે કોઈ ભાવથી આ ગોમતી સરોવરમાં સ્નાન કરે છે તેનાં જન્મ-મરણ છૂટી જાય છે. તે સ્નાન કરનારને જેવો ભાવ હોય તેવું તેને ભગવાન ફળ આપે છે. જેને સારું કે મોળું જેવું ફળ મળે છે તે તેના ભાવને અનુસારે મળતું હોય છે. ભગવાન તથા સત્પુરુષના સંકલ્પમાં જ તે સ્નાનાદિકનું ફળ રહેલું હોય છે.
(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૫૪)

સુખદાતા શ્રીહરિએ શ્વેત ખેસ પહેર્યો હતો. હાથમાં રૂમાલ લીધો હતો અને બધા પાર્ષદો સાથે હતા. આવી રીતે શ્રીહરિ મંદિરમાં આવ્યા. મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યાં. દર્શન કરીને બોલ્યા કે, "જેવો આ ચરોતર દેશ છે તેવું જ આ મંદિર થયું છે અને તેવા જ આ લક્ષ્મીનારાયણ દેવ અહીં વિરાજ્યા છે. તે પ્રભુ અનેક જનોના મનને ખેંચી લે છે. ગાયકવાડ જેવા કોઈ રાજા ન કહેવાય, તેને પણ આ ભગવાન અહીં પોતા તરફ ખેંચે છે. આ દેવ કેટલીય વાર જીવોને પોતાના તરફ આકર્ષે છે એવો આમનો પ્રતાપ દેખાય છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૫૮)

●

**'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં વડતાલ મહિમાનું વર્ણન કરતાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી લખે છે :**

શી વર્ણવું વૃતપુરીનિ શોભા, જે દેખવા દૃષ્ટિ દિસે સલોભા; શ્રીલક્ષ્મિનારાયણ જ્યાં વસે છે, તેથી જ સર્વોત્તમ તે દિસે છે...૦૪
વસ્યા જહાં અક્ષરના નિવાસિ, તે તુલ્યતા કોણ કહે જ કાશી; માહાત્મ્ય તેનું મનમાં વિચારે, દ્વારાવતીને વળતી વિસારે...૦૫
નક્ષત્ર કોઈ રવિ તુલ્ય ના'વે, મેરૂ સમો પર્વત ના કહાવે; ચિંતામણીથી ધન સર્વ છોટું, સર્વેથિ વૃત્તાલય તીર્થ મોટું...૦૬

(શ્રીહરિલીલામૃત : ૧/૫)

શિક્ષાપત્રી તો વાંચો છો નિત્ય, તેનો અર્થ વિચાર્યો ન ચિત્ત; સતસંગી જે જન કહેવાય, તે તો દ્વારિકા તીરથે જાય...૨૩
તે તો દ્વારિકાના દેવ જેહ, વરતાલે આવી વસ્યા તેહ; તહાં ગોમતિમાં કરી સ્નાન, છાપો લેવી કહે ભગવાન...૨૪
છાપો બીજે લેવાનું જ ક્યાંઈ, નથિ સત્સંગના ગ્રંથ માંઈ; નિજ બે છબિ પોતાને હાથે, પધરાવિ ત્યાં વૃષકુળનાથે...૨૫
છબિ પોતાની મંદિર માંઈ, પધરાવિ નથી બિજે ક્યાંઈ; રામનવમી પ્રબોધનિ જેહ, એવા શ્રેષ્ઠ સમૈયા બે તેહ...૨૬
વર્ષોવર્ષ આવિને સદાય, કરતા હરિ વરતાલમાંય; ઉદ્ધવી સંપ્રદાયના જેહ, વરતાલે કરે તીર્થ તેહ...૨૭
અતિ ઉગ્ર માહાત્મ્ય છે એવું, નથિ તીરથ વરતાલ જેવું; માટે સર્વ કુટુંબ સહીત, કરો જાત્રા જઈ રુડી રીત...૨૮
વરતાલનો મહિમા વખાણ્યો, અમે સાંભળિ અંતરે આણ્યો; સાથે લૈને કુટુંબ સમાજ, વરતાલે આવ્યા અમે આજ...૫૨
વરતાલ તણો મહીમાય, વળી છે સુણવાની ઈચ્છાય; દયાસિંધુ દયા દીલ ધરો, મહિમા આંહીં કેરો ઉચ્ચરો...૫૩
સુણી બોલિયા વરણીરાય, સુણો વરતાલનો મહિમાય; ગુરુશ્રી ગોપાળાનંદજી છે, જેનાં ઈશ્વર દર્શન ઈચ્છે...૫૪
તેણે મહિમા કહ્યો મુજ પાસ, તે હું આજ કહું સહુલ્લાસ; બ્રહ્મા ઉચ્ચરે છે મુખ ચારે, શેષ ઉચ્ચરે વદન હજારે...૫૫
મહિમા તણો પાર ન પામે, નેતિ નેતિ કહીને વિરામે; વાલો અક્ષરધામના વાશી, વિચર્યા છે જહાં અવિનાશી...૫૬
ગામમાંઈ તથા સીમમાંઈ, નથી રમણરેતી વિના ક્યાંઈ; ઝાડે ઝાડે તથા ઘેર ઘેર, વિચર્યા છે પ્રભુ રુડી પેર...૫૭
વરતાલે કરી લીલા જેવી, બીજે ક્યાંઈ કરી નથી એવી; ધર્યો મણિમય મુગટ માથે, લીધી હેતથી મોરલી હાથે...૫૮
હરિ ઝુલ્યા છે સરસ હિંડોળે, રંગ ખેલ કર્યો ફુલદોળે; સમૈયા ઘણા વરતાલે કીધા, પરચા ઘણા લોકને દીધા...૫૯
ઘણીવાર બોલ્યા ઘનશ્યામ, મને વાલું છે વરતાલ ધામ; દ્વારિકાપતિ રણછોડરાય, વશ્યા આવીને વરતાલ માંય...૬૦
એક ત્રાજવે તીર્થ હજારે, બીજા ત્રાજવે વરતાલ ધારે; ધામ વૈકુંઠ આદિ ધરાય, તોય વરતાલ તુલ્ય ન થાય...૬૧
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, તીર્થ કરવાને આવે છે તેવા; આવે પુરુષપ્રધાન સંયુક્ત, આવે અક્ષરધામના મુક્ત...૬૨
ધરી આવે તે તો દીવ્ય દેહ, જન દેખે સમાધિસ્થ જેહ; હસ્તિ પગલામાં સૌનાં સમાય, તીર્થ વરતાલ તેમ ગણાય...૬૩

(શ્રીહરિલીલામૃત : ૧/૧૩)

પ્રભુપદ પરશ્યા વિનાનું ક્યાંઈ, નથિ ઘર તો વરતાલ ગામમાંઈ;
પણ ઘર અતિમુખ્ય તે ગણાવ્યાં, સ્મૃતિ અનુસાર સનેહથી સુણાવ્યાં...૬૮

(શ્રીહરિલીલામૃત : ૧/૧૭)

માટે તે ધામનો મહિમાય, સરવોપરિ શ્રેષ્ઠ ગણાય; બીજું ધામ વળી વરતાલ, મહાશ્રેષ્ઠ જાણો મહીપાળ...૫૯
વળી શ્રીજી બોલ્યા છે વચન, સુણો હેતથી સૌ હરિજન; હરિનવમી પ્રબોધની માંય, જાવું સૌ જને જાત્રાયે ત્યાંય...૬૦
મારી આજ્ઞાને જો અનુસરો, બે સમૈયા તે વરતાલે કરો; એવી આજ્ઞા હમેશની કીધી, સૌએ સ્નેહથી દિલ ધરી લીધી...૬૧
વળી વરતાલમાં ઘણી વાર, રહ્યા આવીને ધર્મકુમાર; બેય આચાર્ય આ સ્થળે સ્થાપ્યા, દેશના ભાગ બે કરી આપ્યા...૬૨
શિક્ષાપત્રી જે ધર્મનો સાર, રચી તે વરતાલ મોઝાર; મુખ્ય દેવ અને મુખ્ય ગાદી, લખ્યા લક્ષ્મિનારાયણ આદિ...૬૩
માટે વરતાલનો મહિમાય, ગણતાં તે ગણી ન શકાય;

(શ્રીહરિલીલામૃત : ૭/૨૨)

સૂતાં બેસતાં સરવે કાળ, વાલો સંભારે છે વરતાલ; જેમ ઘરને સંભારે પ્રવાસી, એમ વરતાલને અવિનાશી...૦૩
દીઠાં વરતાલનાં ઝાડ જ્યારે, બહુ રાજી થયા પ્રભુ ત્યારે; નારાયણગરના મઠ માંય, ઉતર્યા વાલો આવીને ત્યાંય...૦૪
નેણે નિર્ખીને શ્રીઅવિનાશી, હરખ્યા વરતાલના વાસી; ઘેર ઘેર જઈ જનપાળ, જમ્યા થાળ સ્વજનપ્રતિપાળ...૦૫

(શ્રીહરિલીલામૃત : ૭/૨૩)

ચતુર હરિવરે ઘણાં ચરિત્ર, વસિ વરતાલ વિષે કર્યા વિચિત્ર;
અધિક ઉચરતાં ન અંત આવે, વરણન સ્વલ્પ કરી સહુ સુણાવે...૬૧

(શ્રીહરિલીલામૃત : ૭/૨૮/૬૧)

હયો કરે છે બહુ હંહણાટ, ગાજી રહી તે થકિ આખિ વાટ; જાણે સુવૃત્તાલય ધામ આવ્યું, ઉત્સાહનું જોર હયે જણાવ્યું...૫૭
સમીપ વૃત્તાલયનું ઠરે છે, ઉત્સાહ ત્યાં ઉત્સવિયા ધરે છે; ઉંચે સ્વરે ગાય અને બજાવે, પ્રમત્ત થૈ ધૂન્ય ઘણી મચાવે...૫૮
દીઠું ન વૃત્તાલય કોઇ ટાણે, એ તો વળી અદ્‌ભુત હર્ષ આણે; સર્વોપરી તીર્થ ગણાય જેહ, જોશું જઈ આજ જરૂર તેહ...૫૯
વૃત્તાલય સ્થાન અનેક વારે, ભાળેલું છે ભક્તિ તણે દુલારે; તથાપિ જોવા ચિત્તમાં ચહાય, તેથી વહાલું વધતું જણાય...૬૦
પ્રભૂ તણું આગમ આંહિ જાણી, શ્રીરિદ્ધિ સિદ્ધી સરવે ભરાણી; જોતાં જ એવો ભભકો જણાય, શું આવિયું અક્ષર ભૂમિમાંય...૬૧
છે કલ્પવૃક્ષો હરિધામ જેવાં, વૃક્ષો દિસે આંહિ સમસ્ત એવાં; મુક્તો દિસે મંડળ સંત કેરાં, પ્રેમે ભજે છે પ્રભુને ઘણેરાં...૬૨

(શ્રીહરિલીલામૃત : ૮/૨૨)

જન આવે ચરોતર કેરા, કરી દર્શન હરખે ઘણેરા;
વરતાલમાં વિશ્વ આધારે, કરિ લીલા અનંત પ્રકારે...૬૧
હરિવર વરતાલમાં વસીને, નિજજનના મનમાં બહુ ઠસીને;
અદ્‌ભુત સુખ સર્વનેય આપ્યાં, અજ હર આદિ થકી ન જાય માપ્યાં...૬૨

(શ્રીહરિલીલામૃત : ૮/૫૨)

ધન્ય ધન્ય જે વરતાલવાસી, પ્રેમે પૂજયા પ્રભૂ અવિનાશી;
લાવ લીધો ઘણો વાર વાર, એના પુણ્ય તણો નહિ પાર. ૩૭
ગઢપુર વરતાલ ધામ કેવાં, શરિર વિષે શુભ નેત્રજોડ જેવાં;
નજર કરિ જુવો વિરાટ માંહિ, અવર ન એહ સમાન ધામ ક્યાંહી. ૪૦

(શ્રીહરિલીલામૃત : ૮/૫૩)

દેવાલયે જે શિખરો દિસે છે, શું શૃંગ હિમાચલનાં જ એ છે; ધોળી ભલી ધન્ય ધજા વિરાજે, વિદ્યુલ્લતા ચંચળતાથિ લાજે...૧૫
ધજા ફરુકે સમશ્યાથિ જેમ, બોલાવતી હોય સમીપ તેમ; આવો અહિં સૌ જનને કહે છે, કલ્યાણ તો આજ અહિં રહે છે...૧૬
પૂર્વાભિ છે મંદિરદ્વાર એહ, મુખ્યત્વ તેમાં ત્રણ ખંડ તેહ; સિંહાસનો રુક્મ તણાં વિરાજે, તે દેખિ ગોલોક નિવાસ લાજે...૧૭
જુઓ રુડો ઉત્તરખંડ જ્યાંય, રુડી દિસે છે ત્રણ મૂર્તિ ત્યાંય; શ્રીધર્મભક્તિ વળિ વાસુદેવ, ટાળે જનોનાં દુઃખ તર્તખેવ...૧૮
ભલો જુવો મધ્યમખંડ ભાઈ, વિશેષ તેમાં છબિ છે છવાઈ; જ્યાં લક્ષ્મિનારાયણ છે ઉભાય, પાસે રુડા છે રણછોડરાય...૧૯
જુવો વળિ દક્ષિણ ખંડ ધારી, રાધાજિ વૃંદાવનના વિહારી; તેની જ જોડે હરિકૃષ્ણ રાજે, શય્યા જુદા ખંડ વિષે જ છાજે...૨૦
જો મત્સ્ય માર્તંડ સુકૂર્મ રૂપ, શ્રીશેષશાયી નરસિંહ ભૂપ; વરાહની મૂર્તિ મનોજ્ઞ ભાસે, તે મૂર્તિયો મંડપમાં પ્રકાસે...૨૧
જો ધર્મવંશી તણિ આ હવેલી, રુડી રિતે છે રચના રચેલી; છે ઇંદ્રના વૈભવ તુલ્ય તેમાં, સર્વે પ્રકારે સુખસાજ જેમાં...૨૨
હતી તહાં શીતળ નિંબ છાંય, પૂર્વે પ્રભુ ત્યાં કરતા સભાય; તે સ્થાનમાં તે થઈ છે હવેલી, વંદે મહર્ષિ મુનિ માન મેલી...૨૩
જો સંતનું આશ્રમ શુદ્ધ આ છે, ભલું વિશાળાશ્રમ તુલ્ય ભાસે; નિરન્નમુક્તો સમ સાધુ સારા, યોગી વસે સાધન સાધનારા...૨૪
સિદ્ધાસને કોઈ કરે સમાધિ, પદ્માસને કોઈ તજે ઉપાધિ; કોઈક ઊંચા કર બે કરીને, જપે પ્રભુ એક પગે ઠરીને...૨૫
કોઈ હરીના ગુણ ઉચ્ચરે છે, કોઈ જનોને ઉપદેશ દે છે; બ્રહ્માંડ ને પિંડ થકી વિરક્ત, ભલા પ્રભુના જ અનન્યભક્ત...૨૬

(શ્રીહરિલીલામૃત : ૧/૫)

●

**સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી પોતાના ગ્રંથોમાં વડતાલ મહિમા વિષે પ્રકાશ પાડતાં લખે છે :**

પછી ઉત્સવ આદર્યા, વરસોવરસ વરતાલ; દેઈ દરશન દાસને, કરવા કોટિક નિહાલ...૦૩
રામનવમી પ્રબોધની, ઉત્સવના દિન એહ; અણ તેડ્યે સહુ આવજો, કહ્યું શ્રીમુખે કરી સ્નેહ...૦૪
અમે પણ આવશું જરૂર રે, થાશે દરશને દુઃખ દૂર રે; સંત સહિત નિરખશો નેણે રે, અતિ સુખી થાશો સૌ તેણે રે...૦૫

એમ કહ્યું આપે અવિનાશ રે, સુણી રાજી થયા સહુ દાસ રે; પછી ઉત્સવ ઉપર એહ રે, થયાં સાબદા સૌ મળી તેહ રે...૦૬
પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ રે, ચાલ્યાં ઉત્સવ પર તતક્ષણ રે; સુણ્યો સમૈયો શ્રવણે જેણે રે, કરી તરત તૈયારી તેણે રે...૦૭
આવ્યા વાયદે વરતાલ ગામ રે, ત્યાગી ગૃહી પુરુષ ને વામ રે; પછી વા'લમ પણ વરતાલ રે, આવ્યા કરવા સહુને નિહાલ રે...૦૮
આવ્યા હતા જે જન અપાર રે, દરશન કરવાને નર નાર રે; તે સહુને દરશન દીધાં રે, જને નેણે નીરખી સુખ લીધાં રે...૦૯
બેઠા મોટે મેડે મહારાજ રે, સૌને દરશન દેવાને કાજ રે; ઉભા થઈને આપે દયાળ રે, લિયે સહુ જનની સંભાળ રે...૧૦
પે'રી સુંદર વસ્ત્ર સોનેરી રે, જોયા જેવી શોભા જાંમા કેરી રે; પે'રી પાયજામો જરીનો રે, નૌતમ નાડીનો રંગ નવીનો રે...૧૧
કસી કમર સોનેરી શાલે રે, બાંધ્યો સોનેરી રેંટો વા'લે રે; ધર્યા છોગાં તેમાં ફૂલનાં રે, લટકે તોરા મોંઘા મૂલના રે...૧૨
કંઠે કનક કુસુમના હાર રે, આપે પરવાળાં તે અપાર રે; બાજુ કાજુ કુંડળ કાને રે, શોભે સારાં ઘરેણાં સોનાને રે...૧૩
વેઢ વીંટી કર કડાં શોભે રે, જોઈ જનતણાં મન લોભે રે; હૈયે હાર ને હીરાસાંકળી રે, મોતીમાળા શોભે વળી વળી રે...૧૪
એવાં વસ્ત્ર ઘરેણાંને પહેરી રે, જુવે સહુ જનને વા'લો હેરી રે; જન જોઈ એવી મૂરતિ રે, હૈયે હેત વાધે છે જો અતિ રે...૧૫
નિર્ખી હર્ખી અંતર ઉતારે રે, જેવા જોયા તેવા ઉર ધારે રે; જેણે જેણે જોયા જગદીશ રે, નિર્ખી જેણે નમાવિયાં શીશ રે...૧૬
તે તો અક્ષરના અધિકારી રે, થયાં બહુ સહુ નરનારી રે; એવી મૂર્તિ ઉર જેને રહી રે, તેને સર્વે કમાણી જો થઈ રે...૧૭
ભાગે આવ્યો તેને બ્રહ્મમો'લ રે, જિયાં અતિ સુખ છે અતોલ રે; એહ સુખને આપવા કાજ રે, આપે આવિયા છે જો મહારાજ રે...૧૮

(શ્રી નિષ્કુળાનંદ કાવ્ય-પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૨૪)

ગોવિંદને ગમતું સદા, ગામ વ્રતાલ વિશેષ; જળ છાયા ફળ ફુલ કરી, ગુણવંત ગુર્જર દેશ...૦૨

વરતાલ મંદિર આદર્યું રે, તે તો સહુથી સરસ કર્યું રે; નવ મંદિર સુંદર સારાં રે, કર્યાં નૌતમ તે ન્યારાં ન્યારાં રે...૦૯
પૂરવ દિશનાં મંદિર ત્રણ રે, માંય મૂર્તિયો મન હરણ રે; લક્ષ્મીનારાયણ જાણો જોડ્ય રે, એ તો બેસાર્યા શ્રીરણછોડ રે...૧૦
ઉત્તર મંદિરે ધર્મ ભગતિ રે, પાસે પોતાની મૂરતિ રે; દક્ષિણ દે'રા માંહી રાધાકૃષ્ણ રે, જોઈ જન મન થાય પ્રશ્ન રે...૧૧
વળી પોતાની મૂર્તિ બેસારી રે, તે તો સહુથી છે બહુ સારી રે; એહ મૂર્તિ મંગળરૂપ રે, સહુ જનને સુખસ્વરૂપ રે...૧૨
વસ્યા આવી વરતાલ ગામ રે, ધર્મનંદને કર્યું નિજધામ રે; તિયાં વર્ષોવરષ આવે જન રે, આવે ઉત્સવે કરે દરશન રે...૧૩
ઉત્સવ વિના પણ આડે દિને રે, આવે અનેક જન દરશને રે; જે જે દરશન કરે કોય દાસ રે, તે તો પામે બ્રહ્મમો'લે વાસ રે...૧૪
એવું ધાર્યું છે ધર્મનંદને રે, તેની કોણ કરે કહો મને રે; જેનો હુકમ પાછો ન ફરે રે, તે તો જેમ ધારે તેમ કરે રે...૧૫
આજ મહારાજે ધાર્યું છે એમ રે, કેનું ફેરવ્યું ફરશે કેમ રે; માટે એ વાટે કલ્યાણ જાણો રે, કહ્યું શ્રીમુખે સત્ય પ્રમાણો રે...૧૬
નથી વાત આ વડાઈ સારું રે, સાચી લખતાં શીદ શંકા ધારું રે; માટે બહુ રીતે તારવા કાજ રે, આજ આવ્યા છે પોતે મહારાજ રે...૧૭
તાર્યા આવીને જીવ અનેક રે, વરતાલે તો વાળ્યો વશેક રે; જોયા ઉત્સવ સમૈયા જેણે રે, કરી લીધું છે કારજ તેણે રે...૧૮
જેણે કરી મંદિરની સેવા રે, વળી પૂજ્યાં સંત મુક્ત જેવા રે; કરી ભક્તિ અતિ ભલે ભાવે રે, તેને તુલ્ય કહો કોણ આવે રે...૧૮
એનું ફળ છે અક્ષરધામ રે, પામી થાશે તે પૂરણકામ રે; એ તો વાત છે સાચી સઘળી રે, શ્રીમુખથી મેં જો સાંભળી રે...૨૦

(શ્રી નિષ્કુળાનંદ કાવ્ય-પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૨૫)

ચલ ઉત્સવ ચડોતરે, વરતાલે વારમવાર; ઠીક પોતે ઠરાવિયા, જગ તારવા જીવ અપાર...૦૧
રામનૌમી એકાદશી, પ્રબોધની જે પાવન; આવે અગણિત એ સમે, સહુ જન કરે દરશન...૦૨
સંત અનંત સૌ મળે, વળી ભેળા હોય ભગવંત; તેનાં દરશન કરતાં, પામે પરમ પદ અનંત...૦૩
વળી મનોહર મૂર્તિયો, મંદિરમાં સુંદર સાર; જે નિરખે નયણાં ભરી, તે પામી જાય ભવપાર...૦૪
ધન્ય ધન્ય ધામ વરતાલ રે, સારો આવ્યો છે સર્વે તાલ રે; જેમ મંદિર સારૂં સુંદર રે, તેમ મૂર્તિયો મનહર રે...૦૫
નિર્ખી જન મગન થાય રે, હર્ખી હર્ખી હરિગુણ ગાય રે; જળ અમળ ના'યે ગોમતી રે, જિયાં નાહ્યાં પોતે જગપતિ રે...૦૬
કરે ઓટા દેરીનાં દર્શન રે, લિયે છાપ તે થાય પાવન રે; અતિ અમૂલ્ય આંબલા છાંય રે, બેઠા હરિ કરી જ્યાં સભાય રે...૦૭
સુંદર સારૂં શોભે છે તળાવ રે, જિયાં જોયા મનોહર માવ રે; તિયાં આંબલી એક રૂપાળી રે, બેઠાં સંતપતિ પાટ ઢાળી રે...૦૮
આંબા ઉભે શોભે છે અતોલે રે, જિયાં હરિ બેઠા હિંડોળે રે; પ્રેમે પે'ર્યાતાં સોનેરી પટ રે, વળી માથે ધર્યો'તો મુગટ રે...૦૯
એવી જુએ છે જે સર્વે જાગ્ય રે, તેનાં કહ્યાં ન જાયે ભાગ્ય રે; ધન્ય કૂપ અનુપ એ બહુ રે, નાહ્યા નાથ સાથે સંત સહુ રે...૧૦
ધન્ય ભૂમિકા ભાગ્ય અમિત રે, થઈ હરિચરણે અંકિત રે; ધન્ય ધન્ય એ શેરી બજાર રે, જિયાં હરિ ફર્યા બહુવાર રે...૧૧

ધન્ય ઘર ઓસરી આંગણાં રે, જિયાં પગલાં થયાં પ્રભુતણાં રે; ધન્ય રાણ્ય વાડી ધર્મશાળા રે, જિયાં જમ્યા છે સંત સઘળા રે...૧૨
એહ આદિ બીજાં બહુ સ્થાન રે, જિયાં જમ્યા રમ્યા ભગવાન રે; જુવે સર્વે સ્થળ એ સંભારી રે, એક એકથી કલ્યાણકારી રે...૧૩
ભારે ભાગ્ય છે એ ભૂમિતણાં રે, રમ્યા રાજ રાખી નહિ મણા રે; જે જે જન જાયગા એ જોશે રે, તે તો અતિ મોટી ખોટ ખોશે રે...૧૪
લેશે અલભ્ય લાભ અપાર રે, તે તો નિશ્ચે જાણો નિર્ધાર રે; બ્રહ્મમો'લ જાવાને નિસરણી રે, એવી ઘનશ્યામે કરી ઘણી રે...૧૫
બહુ પેરે ઉઘાડ્યાં છે બાર રે, અક્ષરધામે જાવા આ વાર રે; બહુ રીત કરી બહુનામી રે, આપ્યાં સુખ રાખી નથી ખામી રે...૧૬
જે અર્થે અક્ષરથી આવ્યા રે, સંગે મુગત સરવે લાવ્યા રે; તતપર છે તેહ કરવા રે, કર્યું એ ધામ બહુ જન તરવા રે...૧૭
કૈંક કરશે દર્શન આવી રે, કૈંક પૂજશે પૂજા લાવી રે; કૈંક જોડશે આવીને હાથ રે, તે તો થઈ ચૂક્યા છે સનાથ રે...૧૮
બેઠા માથેથી મટાડી બીક રે, ઠરી બેસશે ધામમાં ઠીક રે; અવશ્ય કરવાનું હતું તે થયું રે, પામ્યા ધામ કામ સરી ગયું રે...૧૯
તે તો પુરુષોત્તમ પ્રતાપે રે, બહુ ઉદ્ધારિયાં જન આપે રે; હરિ ધારે તે શું શું ન થાય રે, તેનું આશ્ચર્ય ન માનો કાંય રે...૨૦

(શ્રી નિષ્કુળાનંદ કાવ્ય-પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૨૬)

ઠાકોર મંદિર કરવા કાજે, દગે૦ લીધી માથે ઈંટ્ય મહારાજે, દગે દીઠા છે...૧૯
પથર કેલ મૃત્તિકા માથે, દગે૦ લઈ ચાલે સખા સાથે, દગે દીઠા છે૦
એમ હરિમંદિર કરાવી, દગે૦ માંહિ મૂર્તિઓ પધરાવી, દગે દીઠા છે...૨૦

(શ્રી નિષ્કુળાનંદ કાવ્ય-હરિસ્મૃતિ : ચિંતામણિ-૪ )

ધન્યધન્ય વરતાલ્યકે વાસી, જિયાં બહુત રહે સુખરાસી...૨૩
કિયે સમૈયા ઉત્સવ અનંતા, તિયાં મિલે સતસંગી બહુ સંતા; દિયે દરશ સ્પરશ દિન રાતી, કિયે સંત સુખી બહુભાતી...૨૪
પીછે કિયે ત્યાંહિ મંદિર તીના, તામેં બેઠાયે અતિ મૂરતિ નવીના; બાંધે ધામ શ્યામ સુખકારી, કરહી દરશન બહુ નરનારી...૨૫
જોજો જન દરશન કરહી, સોઈ જન ભવફેરા ન ફરહી; સતસંગી સંતકું આપે કૈયે, ઈયાં આવના દોઉ સમૈયે...૨૬
રામનૌમી પ્રબોધની એકાદશી, વિન તેડે ત્યાં આવનાં હુલસી; ઐસે આગન્યા કરી હરિ આપે, માની લીની સબ જન નિષ્પાપે...૨૭

(શ્રી નિષ્કુળાનંદ કાવ્ય-હરિવિચરણ : વિશ્રામ-૪)

વરતાલે ના'યે નાથ ગોમતી, સો કિની સબસે બડી અતિ;
ઐસે અનેક વાપી કૂપ સરમેં, ના'યે કુંડ નદી સાગરમેં...૩૭

(શ્રી નિષ્કુળાનંદ કાવ્ય-હરિવિચરણ : વિશ્રામ-૭)

●

**'હરિચરિત્ર ચિંતામણિ' ગ્રંથમાં વડતાલ મહિમાનું વર્ણન કરતાં સદ્‌ગુરુ વાસુદેવચરણદાસજી સ્વામી લખે છે :**

કરી સંત સ્વામીની તે સેવા, પૂજયા પ્રભુ મોટુ સુખ લેવા;
જેણે નીરખ્યા નેણાં ભરી હરિ, તે તો ન આવે ભવમાં ફરી...૧૬
વડતાલનાં જે નર અને નાર, તેનાં પુણ્ય તણો નહિ પાર;
નિત્ય સ્વામીને નીરખે જ ભાવે, તેનો મહિમા શારદ શેષ ગાવે...૧૭

(હરિચરિત્ર ચિંતામણિ : કિરણ-૮૭)

જિયાં જિયાં વિચર્યા વા'લમ, કર્યા ઘર તે અક્ષરસમ; સ્પર્શી જાયગે ત્યાગે કોઈ તન, જાય બ્રહ્મમહોલ તેહ જન...૧૮
એમ ધારી આવ્યા છે અવિનાશી, કરવા બહુ જન ધામના વાસી; નિજ બળને પ્રતાપે કરી, બહુ જીવને તારે છે હરિ...૧૯
તેહ સારુ વિચરે વસુધાએ, બીજો અર્થ નથી એને કાંએ; અર્થ એજ ઉધારવા પ્રાણી, આવ્યા શ્યામ કામ એહ જાણી...૨૦
માટે જિયાં જિયાં હરિ રહ્યા, જે જે સ્થાનકે પોતે ગયા; તે તો સ્થાનક કલ્યાણકારી, જે જોયા તે રાખો સંભારી...૨૧
એ તો દોયલા દિ'ની દોલત્ય, સહુ માની લેજો વાત સત્ય; હરિને આગ્રહ છે આ જ અતિ, કરાવવા પોતાની પ્રાપતી...૨૨
એ જ અર્થ કરવો છે સિદ્ધ, જીવ તારવા છે બહુ વિદ્ધ; એહ સારુ આવ્યા છે આ વાર, તે તો નિશ્ચે જાણો નિરધાર...૨૩

(હરિચરિત્ર ચિંતામણિ : કિરણ-૧૧૩)

ધન્ય ધન્ય ધામ વડતાલ, સારો આવ્યો છે સર્વે તાલ; જેમ મંદિર સારું સુંદર, તેમ મૂરતિયું મનહર...૪૩

નિરખી જન મગન થાય, હર્ખી હર્ખી હરિ ગુણ ગાય; જળ અમળ નાય ગોમતી, જિયાં નાહ્યા પોતે સંતપતિ...૪૪
કરે ઓટા ડેરીનાં દર્શન, લિયે છાપ તે થાય પાવન; અતિ અમૂલ આંબલા છાય, બેઠા શ્રીહરિ કરી સભાય...૪૫
સુંદર સારું શોભે છે તળાવ, તિયાં નાહ્યા મનોહર માવ; રૂડી આંબલી એક રૂપાળી, બેઠા સંતપતિ પાટ ઢાળી...૪૬
આંબા ઉભય શોભે અતોલે, જિયાં હરિ બેઠા તે હિંડોળે; પ્રેમે પે'ર્યાતાં સોનેરી પટ, વળી માથે ધર્યો'તો મુગટ...૪૭
એવી જુએ જે સર્વે જાગ્ય, તેનાં કહ્યાં ન જાય તે ભાગ્ય; ધન્ય કૂપ અનુપ એ બેઉ, નાહ્યા નાથ સાથે સંત સહુ...૪૮
ધન્ય ભૂમિનાં ભાગ્ય અમિત, થઈ હરિ ચરણે તે અંકિત; ધન્ય ધન્ય એ શેરી બજાર, જિયાં હરિ ફર્યા વારંવાર...૪૯
ધન્ય ધન્ય ઓસરી આંગણાં, જહાં પગલાં થયાં પ્રભુ તણાં; ધન્ય રાયણવાડી ધર્મશાળા, તિયાં જમ્યા છે સંગ સઘળા...૫૦
એહ આદિ બીજાં બહુ સ્થાન, જિયાં રમ્યા જમ્યા ભગવાન; જુવે સર્વે સ્થળ સંભારી, એક એકથી કલ્યાણકારી...૫૩
ભારે ભાગ્ય છે એ ભૂમિ તણાં, રહ્યા પ્રભુ માટે તેહ તણાં; જે જે જન જાયગાએ જોશે, તે તો મોટી ખોટ્યને ખોશે...૫૪
લેશે લાભ તે તો અપાર, એમ નિશ્ચે જાણો નિરધાર; બ્રહ્મમહોલ જાવા તેહ તણી, કરી લીલા ઘનશ્યામે ઘણી...૫૫
બહુ પેર્યે ઉઘાડ્યાં છે બાર, અક્ષરધામે જાવા આ વાર; બહુ રીતે કરી બહુનામી, આપ્યાં સુખ નર્યાં ન રાખી ખામી...૫૬
જે અરથે અક્ષરથી આવ્યા, સંગે મુક્ત સર્વેને તે લાવ્યા; તત્પર પોતે તેહ કરવા, કર્યું એ ધામ બહુ જન તરવા...૫૭
કોઈક કરશે દર્શન આવી, કોઈક પૂજશે પૂજા લાવી; જે જે જોડશે આવીને હાથ, તે તો થઈ ચૂક્યા છે સનાથ...૫૮
બેઠા માથેથી મટાડી બીક, ઠરી બેઠા તે ધામમાં ઠીક; અવશ્ય કરવાનું હતું તે થયું, પામ્યા ધામ કામ સરી ગયું...૫૯
તે તો શ્રીહરિને પરતાપે, બહુ ઓધારિયા જન આપે; હરિ ધારે તે શું શું ન થાય, એમાં આશ્ચર્ય નવ કે'વાય...૬૦
જેણે જોયા નખશિખા સંભાળી, તેણે ભવભ્રમણા તે તો ટાળી; જે શીખે સાંભળશે ને ગાશે, તે તો સુખે બ્રહ્મમોલ જાશે...૬૧

(હરિચરિત્ર ચિંતામણિ : કિરણ-૧૧૩)

●

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી એક કીર્તનમાં ગાય છે : **'ધન્ય ધન્ય તે વડતાલધામને રે, મારે વાલે કીધો વિશ્રામ; સ્વામી નીરખીને મહાસુખ પામીએ...'**

**સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી વડતાલધામનો મહિમા ગાતાં લખે છે :**

ધન્ય ધન્ય વરતાલ હરિનું ધામ રે, ત્યાં વાલો પ્રગટ વિરાજ્યા ઘનશ્યામ રે...૦૧
ધન્ય ધન્ય વરતાલપુરના લોક રે, કીધાં વાલે મુક્તિ આપીને અવિશોક રે...૦૨
ધન્ય ધન્ય વરતાલનાં નરનારી રે, જેણે જોયા ધર્મકુંવર ગિરિધારી રે...૦૩
ધન્ય ધન્ય વરતાલપુરના વાસી રે, જેને ઘરે પ્રગટ પધાર્યા અવિનાશી રે...૦૪
ધન્ય ધન્ય વરતાલપુરની શેરી રે, વિચર્યા ધર્મકુંવર રંગલેરી રે...૦૫
ધન્ય ધન્ય વરતાલની ફૂલવાડી રે, ત્યાં પ્રભુ બેસતા જઈ દા'ડી દા'ડી રે...૦૬
ધન્ય ધન્ય વરતાલની વૃક્ષ વેલી રે, વિચરતા હાર છોગલાં હરિ મેલી રે...૦૭
ધન્ય ધન્ય વરતાલપુરની ધરણી રે, ફર્યા પ્રભુ લેઈ સાથે મુનિ વરણી રે...૦૮
ધન્ય ધન્ય વરતાલના ચોકમાંઈ રે, ધર્યો વાલે મોરમુગટ સુખદાઈ રે...૦૯
ધન્ય ધન્ય પ્રભુજી રમ્યા રંગરાસ રે, વાલે સઉ આનંદ પમાડ્યા નિજદાસ રે...૧૦
ધન્ય ધન્ય બ્રહ્માદિકના નાથ રે, રમ્યા હોળી વરતાલે મુનિવર સાથ રે...૧૧
ધન્ય ધન્ય અબીરગુલાલ ને રંગ રે, તેણે રંગ્યા નિજજન મુનિના અંગ રે...૧૨
ધન્ય ધન્ય બે આંબા વરતાલે રે, તેણે બાંધ્યો હિંડોળો ધર્મલાલે રે...૧૩
ધન્ય ધન્ય પહેરી જામા જરકસીયા રે, બેઠા ફૂલડોળે ધરમસુત રસિયા રે...૧૪
ધન્ય ધન્ય મોરમુગટ ધર્યો શિશ રે, સહુનાં સુફળ લોચન જગદીશ રે...૧૫
ધન્ય ધન્ય સુર નર મુનિ નારાયણ રે, ફર્યા વાલો ઘોડલાની ઘુંમરે વિંટાણા રે...૧૬

ધન્ય ધન્ય વડતાલ વૈકુંઠ કીધી રે, સઉને વાલે દેહ છતે મુક્તિ દીધી રે...૧૭
ધન્ય ધન્ય વરતાલ લીલા રૂપ રે, સંભારતાં સાંભરે ધર્મકુળ ભૂપ રે...૧૮
ધન્ય ધન્ય મન વાણી ગુણપાર રે, તે પ્રભુ વિચર્યા શ્રીધર્મકુમાર રે...૧૯
ધન્ય ધન્ય હરિની લીલા અનંત રે, ગાતાં શેષ શારદા નવ પામે અંત રે...૨૦
પ્રેમાનંદ એક રસના શું ગાવું રે, કર જોડી પ્રભુ પદ શિષ નમાવું રે...૨૧

●

**સદ્‌ગુરુ જ્ઞાનાનંદ સ્વામી વડતાલધામનો મહિમા ગાતાં લખે છે :**

ધન્ય વ્રતપુર ધામ કીધું, અક્ષર તુલ્ય શ્રીહરિ; અખંડ કરે ઉત્સવ સંત, પ્રગટ પ્રભુ ઉર ધરી...૦૧
માણેક ચોક વિશાલ મધ્યે, મંદિર મોટું શોભતું; માંહી પધરાવ્યા દેવ, નીરખી ઠરે ચિત્ત લોભતું...૦૨
ત્રણ શિખર સોના કળશ, પતાકા છે જરી તણી; મંડપ શોભે વિશાલ, બાંધ્યાં ઝુમર પંક્તિ ઘણી...૦૩
રૂપ ચોકિયું સુંદર શોભે, કહી નવ જાય મુખથી; ચિત્ર વિચિત્ર અપાર રચના, રચી અતિ સુખથી...૦૪
વિશ્વકર્મા આવે નિત્ય, રાજી કરવા ઘનશ્યામને; બ્રહ્મા ભવ ઈન્દ્ર કુબેર જોઈ, કહે ધન્ય આ ધામને...૦૫
આવે તેત્રીશ કોટિ દેવ, ત્રિયા સહિત જોવા કારણે; સિદ્ધ ગંધર્વ સ્તુતિ ગાન કરે, શ્રી હરિને બારણે...૦૬
દેવ ત્રિયા ને અપછરા, નાચ કરે નારાયણ આગે; નિત્ય વડતાલ જોઈ જોગી, સિદ્ધ ને ઋષિ જાગે...૦૭
રાધા લક્ષ્મી કોટિ મુક્ત, રિદ્ધિ સેવે સહજાનંદને; સર્વે ધામ કેરા મુક્ત આવી, નીરખે સુખકંદને...૦૮
અક્ષર પ્રકૃતિ પુરુષ પ્રધાન, પુરુષ તત્ત્વ સર્વ; સૂર્ય ચંદ્ર કાલ માયા, પાળે આજ્ઞા મૂકી ગર્વ...૦૯
આ મેં ગણ્યા તે સર્વ, દર્શને આવે વ્રતપુરમાં; અનંત બ્રહ્માંડના નાથ પ્રગટ, રાજે મુનિ સુરમાં...૧૦
ભક્તિ ધર્મના બાલ થયા, તીર્થના અધર્મ ટાળવા; શરણે આવે છે નરનાર, કામ ક્રોધાદિ બાળવા...૧૧
જ્ઞાનમુનિના સ્વામી દિવ્ય, ચરિત્ર કરે બહુ ભાતનાં; પ્રેમે શીખે ને સુણે ગાય, દિવ્ય થઈ મટે જાતનાં...૧૨

●

બેની વડતાલ ગામના મધ્યમાં રે, બાંધ્યું આજ અલૌકિક ધામ;
સોના કળશ ગગનમાં શોભતા રે...ટેક
રત્ન જડિત સિંહાસન કરાવિયાં રે, તેમાં રાજે મૂર્તિઓ પૂર્ણકામ...સોના.૦૧
રૂડી દશે અવતારની મૂર્તિઓ રે, હરિએ બેસારી કરીને કોડ...સોના.૦૨
રાધાકૃષ્ણ હરિકૃષ્ણ શોભતાં રે, લક્ષ્મીનારાયણ રણછોડ...સોના.૦૩
ધર્મભક્તિ પૂરે કોડ સર્વેના રે, વળી વાસુદેવ સુખરૂપ...સોના.૦૪
એને પૂજે ભજે સહુ પ્રેમથી રે, ત્યાગી ગૃહી રાવ મોટા ભૂપ...સોના.૦૫
ઉત્સવ સમૈયા અહોનિશ થાય છે રે, નરનારી આવે ત્યાં અપાર...સોના.૦૬
પૂજા સામગ્રી લાવે ભાત્ય ભાત્યની રે, વસ્ત્ર ઘરેણાં ફૂલ બહુ સાર...સોના.૦૭
અનંત જીવનાં કલ્યાણ કારણે રે, આજ આવ્યા છે સહજાનંદ...સોના.૦૮
અક્ષરધામના વાસી પોતે આવિયા રે, મનોહર મૂર્તિ સુખકંદ...સોના.૦૯
મહામુનિમાં રાજે અલબેલડો રે, ભયહારી પુરુષોત્તમ શ્યામ...સોના.૧૦
જ્ઞાનમુનિના સ્વામીને જોઈને રે, લાજે કોટિ રવિ ચંદ્ર કામ...સોના.૧૧

●

કહું શોભા વ્રતાલય ધામની રે, આજ મુક્તિ આપે તત્કાળ;
અખંડ આવી વસ્યા ઘનશ્યામજી રે...ટેક.
સર્વે દેવના દેવ પોતે શ્રીહરિ રે, પ્રગટ પ્રભુ થયા પ્રતિપાળ...અખંડ૦ ૧
ઉત્સવ સમૈયા અહોનિશ થાય છે રે, નારાયણની ધૂન ઉચ્ચાર...અખંડ૦

ચાર ધામ પુરી સાત ઉપરે રે, વ્રતપુરી કીધી મુક્તિ દ્વાર...અખંડ૦ ૨
જેણે દરશન કર્યાં વડતાલનાં રે, તેને નડે નહીં માયા કાળ...અખંડ૦
કથા વાર્તા આઠો પો'ર થાય છે રે, કીર્તન ગાય ગવૈયા લૈ તાલ...અખંડ૦ ૩
બેની હું તો ગઈતી વડતાલમાં રે, આજ મળ્યા પુરુષોત્તમરાય...અખંડ૦
નેણા ભરી નીરખ્યા અલબેલડો રે, પૂજા કરી લાગી હું તો પાય...અખંડ૦ ૪
દયા કરી હસી હરિ બોલિયા રે, ઘેરે સાદે મધુરે વેણ...અખંડ૦
સર્વે લોકથી ન્યારી જેની મૂર્તિ રે, રાતાં અણિયાળાં કમળનેણ...અખંડ૦ ૫
મુખશોભા શી કહું વર્ણવી રે, જેની ઉપમા આવે નહિ કોઈ...અખંડ૦
જેનો કંઠ અલૌકિક ઓપતો રે, નરનારી રહ્યાં સર્વે જોઈ...અખંડ૦ ૬
છાતી જોઈ ઠરી મારી આંખડી રે, દુંદ ઊપડતી શોભાધામ...અખંડ૦
નાભી ઊંડી ત્રિવળી લળકતી રે, જોઈ જોઈ લાજે કોટિ કામ...અખંડ૦ ૭
કટિ સાથળ જાનુ જંઘા જોઈને રે, વળી ચરણ ચિહ્ન સહિત...અખંડ૦
જ્ઞાનમુનિનો વા'લો અઢળ ઢળ્યા રે, થઈ જન્મ-મરણથી રહિત...અખંડ૦ ૮

●

ધન્ય વ્રતપુરી, ગોમતીના તીર રે જ્યાં હરિ નિત્ય બેસતા;
શ્રીધર્મ કુમાર, સંત લઈ સાથ ગોમતી નાવા પેસતા...ટેક.
વાલો જળમાં તે બહુ ક્રીડા કરે, મોટા મુનિવર નિત્ય ધ્યાન ધરે;
પ્રભુ ડૂબકી મારી ઊલટા ફરે...ધન્ય૦૧
સખા સંગે ગાતાં જળમાં ખેલે, હસતાં હસતાં જનને ઠેલે;
કોઈ ઉપર ચઢી ભૂસકો મેલે...ધન્ય૦૨
દેવ આવે નિત્યે વિમાને ચઢી, ચંદન પુષ્પની કરતા ઝડી;
ધન્ય નરનારી નીરખે એ ઘડી...ધન્ય૦૩
પ્રભુ નીસરે જ્યારે જળથી બારા, કરે દર્શન મગન થૈ જન સારા;
જ્ઞાનમુનિના સ્વામી અતિ પ્યારા...ધન્ય૦૪

●

વડતાલ ધામ કેરી શોભા બેની રે, નીરખી વાત કહી નવ જાયે એની રે...૧
મંદિર મોટાં શિખરે સોના કળશ રાજે રે, નગારાં ને ચોઘડિયાં અનાદિ વાજે રે...૨
મૂર્તિ કેરાં રૂપ શું હું વર્ણવું રે, દર્શન કરી આનંદમાં ગુણ ગાવું રે...૩
મુખ શોભા તેજ અંબાર કેરું ધામ રે, જોઈ જોઈ લાજે રવિ શશી કામ રે...૪
નવાં નવાં વસ્ત્ર ને ઘરેણાં હું જોઈ રે, પાઘ અનુપમ યે ચાલીમાં મોઈ રે...૫
કડાં બાજુ પોંચી મોતીમાળા પેરી રે, હાર ધાર્યા તેની ફોર આવે ઘેરી રે...૬
ધર્મ ભક્તિ વાસુદેવ પધરાવ્યાં રે, લક્ષ્મીનારાયણ રણછોડ આવ્યાં રે...૭
રાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજ રે, બેસાડયાં છે સર્વેને શ્રીજીએ આજ રે...૮
નીરખે પૂજે તેના પૂરા કરે કોડ રે, બ્રહ્મચારી સાધુ પાળા સેવે ક્રોડ રે...૯
જ્ઞાનવલ્લભદાસ કહે દર્શન આપી રે, હરિજનનાં દુઃખ નાખ્યાં સર્વે કાપી રે...૧૦

●

વડતાલે હરિ આજ, રાજે વા'લો વડતાલે હરિ આજ...ટેક.
સર્વ તીર્થ ફળ વ્રતપુરી દર્શને, તરત આપે મુનિરાજ...રાજે૦૧

સર્વ તીર્થ દૈવત વ્રતપુર આવ્યું, સહુ પર રહી ગાજ...રાજે૦૨
ગોમતીમાં નદી નદ સૌ આવ્યાં, નાહ્યાં તેનું સર્યું કાજ...રાજે૦૩
જ્ઞાનમુનિ કેરા નાથ નિરંતર, લીલા કરે મહારાજ...રાજે૦૪

●

**પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી પણ ગાતાં લખે છે :**

ધન્ય ધામ શુભ ગામ વરતાલને જો; બહુ વહાલું છે દીનદયાલને જો...ધન્ય.૦ટેક
લખી શિક્ષાપત્રી વૃતપુરમાં રહી જો; અક્ષર તુલ્ય તે અમૂલ્ય ઉપમા કહી જો...ધન્ય.૦૧
સ્થાપ્યા કરૂણા કરીને કમળાપતિ જો; કરે કાજ મહારાજ એ રૂપે અતિ જો...ધન્ય.૦૨
કર્યા આચારજ બેઉ ગાદી આપીને જો; ધન્ય ધન્ય પ્રભુ પ્રગટ પ્રતાપીને જો... ધન્ય.૦૩
ગુણ સાગર તીરથ કર્યા ગોમતી જો; જેમાં ના'ય થાય અક્ષરની પ્રાપ્તિ જો...ધન્ય.૦૪
ધર્મ ભક્તિ રાધા કૃષ્ણ તણી જોડ છે જો; પૂરે કોડ એવા દેવા રણછોડ છે જો...ધન્ય.૦૫
મુનિ નાથે હાથે સ્થાપી નિજ મૂર્તિ જો; કરે વિનંતી સદૈવ જેની સુરતી જો...ધન્ય.૦૬
વિશ્વવિહારીને દર્શને જે જાય છે જો; જીવનમુક્ત ભક્ત તેહ તો ગણાય છે જો...ધન્ય.૦૭

●

**ભક્તકવિ નારણદાસ વડતાલધામનો મહિમા ગાતાં લખે છે :**

ધન્ય વૃતપુરી મહાધામ, બહુનામી બિરાજ્યા ઘનશ્યામ.ટેક.
ધન્ય લક્ષ્મીનારાયણ જોડ, પાસે રસિયોરાય રણછોડ રે; પૂરે હરિજન કેરી હામ.બહુનામી.૧
શોભા ડેરાની છે બહુ સારી, જોઈ આશ્ચર્ય પામે નરનારી રે; કરે દર્શન આઠો જામ.બહુનામી.૨
અતિ સંઘ ભરાય છે સારો, આવે દર્શન કરવા હજારો રે; ઘણા દુરથી ખરચી દામ.બહુનામી.૩
ધન્ય ગોમતી ગુણ ગંભીર, ઘણું નાહ્યા છે શામ શરીર રે; નાહ્યા સંત મહંત તમામ.બહુનામી.૪
મહા તિરથ મોટું ગણાય, આજ અગણિત જન જેમાં નાહ્ય રે; થાય પવિત્ર પુરુષને વામ.બહુનામી.૫
ઘેર ઘેર ફર્યા ગિરધારી, ઘણો રંગ રમ્યા અવતારી રે; હરિ ભક્તોને ઠરવા ઠામ.બહુનામી.૬
ધન્ય સંત શિરોમણી સારા, ખરા કલ્યાણના કરનારા રે; બ્રહ્મસ્થિતિમાં પૂરણકામ.બહુનામી.૭
વ્રતપુરીમાં જે જન જાશે, કરી દર્શન નિર્મળ થાશે રે; દાસ નારણ તે સુખ પામે રે બહુનામી.૮

તો ચાલો... આપણે આવા આ મોક્ષસંપત્તિની સમગ્ર રિદ્ધિ-સિદ્ધિથી ભરપૂર વડતાલધામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલ દિવ્ય લીલાચરિત્રો તેમજ તમામ તીર્થસ્થાનોના તજજ્ઞ વિદ્વાનો-સંતો દ્વારા શાસ્ત્રોક્ત પ્રમાણથી માહિતીસભર સંકલિત લીલાચરિત્રોનું વાંચન કરી તેમજ પ્રાસાદિક સ્થળોના દર્શન કરી કૃતાર્થતા અનુભવીએ.

**વરણવી વાત વરતાલની, કોટિ ઘણીમાંથી કિંચિત;**
(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૨૭)

●●●





# વડતાલધામમાં

# ભગવાન શ્રી સ્વામિનારાયણના લીલાચરિત્રોની દિવ્ય ગાથા

**• લીલાપ્રસંગ દર્શન •**



# વડતાલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું નીલકંઠ વર્ણી સ્વરૂપે પ્રથમ આગમન

## સં. ૧૮૫૫ (ઈ.સ. ૧૭૯૯)

ભારતવર્ષ એટલે વિશ્વનો અધ્યાત્મગુરુ. કોઈપણ મહાપુરુષ કે ભગવાનને જ્યારે પણ આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરવાની ઈચ્છા થઈ છે ત્યારે તે સર્વની દૃષ્ટિમાં ભારત જ આવ્યું છે. અને ભારતમાં જન્મ ધરી ભારતની પવિત્રતામાં વધારો કરતા રહ્યા છે. ભારત પર પરમાત્માની હંમેશા અમીદૃષ્ટિ રહી છે. જ્યારે પણ ભારતની આધ્યાત્મિકતામાં થોડી પણ શિથિલતા દેખાણી ત્યારે ત્યારે કોઈમાંને કોઈમાં પોતે સામર્થી મૂકી છે અને આ પૃથ્વી પર અનેક અવતારોના માધ્યમથી ભારતમાં મનુષ્યના કલ્યાણ કરતા રહ્યા છે.

આજથી લગભગ ૫૧૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણ, ધર્મનું સ્થાપન કરી આ પૃથ્વી પરથી વિદાય લઈ સ્વધામ પધાર્યા ત્યારથી, એનો હજી એકાદ સદી જેટલો સમય માંડ ગયો હશે ત્યાં કળિયુગે ભારતવર્ષમાં દુષ્પ્રભાવ પાથરવાનું શરૂ કરી દીધું. જ્યારે પણ અધર્મનું સામ્રાજ્ય ભારતવર્ષ પર હાવિ થતું જણાય ત્યારે કૃપાળુ પરમાત્મા કોઈને કોઈ મહાપુરુષને આ ધરા પર મોકલતા રહ્યા છે. યોગ્ય સમયે આ ભૂમિ પર પધારી પુરુષોત્તમનારાયણે આપેલ સામર્થ્યાનુસાર ધર્મની રક્ષા કરતા રહ્યા. પરંતુ તે બધા આચાર્યો-મહાપુરુષો જ્યારે પોતાનું યથાશક્તિ કાર્ય પૂર્ણ કરી આ લોકમાંથી વિદાય લે એટલે તરત જ કળિ પુનઃ પોતાનું સામ્રાજ્ય બિછાવી દેતો હતો. પરિણામે કરી, અધર્મ, અત્યાચાર, પાખંડ, ક્રૂરતા વગેરેથી પૃથ્વી ધ્રૂજી ઊઠતી...!! પ્રકૃતિ કંપી ઊઠતી...!! વરુણદેવ રૂઠી જતા અને પ્રજામાં હાહાકાર મચી જતો. ક્યાંક ધરતીકંપ - અનાવૃષ્ટિ, ક્યાંક અતિવૃષ્ટિ, તો ક્યાંક જંગલોમાં દાવાનળ ફાટી નીકળતા.

આમ, સમગ્ર વિશ્વની પ્રજા દુઃખથી પીડાતી. પુનઃ પુનઃ આવા પાપાચારથી સ્વયં પૃથ્વી પણ ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારી ગઈ. એવા સમયે યુગો પહેલા અનેક શાસ્ત્રોના માધ્યમથી આ બ્રહ્માંડના જીવાત્માઓને પરબ્રહ્મ પરમાત્માએ જે વચન આપ્યું હતું કે, કળિયુગમાં હું સ્વયં જન્મ ધારણ કરીને અનેક જીવાત્માઓને મારું સ્વરૂપજ્ઞાન કરાવીશ અને આત્યંતિક કલ્યાણ કરીશ.

સ્કંદપુરાણમાં વાસુદેવ ભગવાન પણ સૃષ્ટિના આદિકાળમાં બ્રહ્મા પાસે કરેલી પ્રતિજ્ઞા નારદજીને જણાવતાં કહે છે :

**'मया कृष्णेन निहताः साऽर्जुनेन रणेषु ये । प्रवर्तयिष्यन्त्यसुरास्ते त्वधर्मं यदा क्षितौ ।।४२।।**
**धर्मदेवात् तदा भक्तादहं नारायणो मुनिः । जनिष्ये कोशले देशे भूमौ हि सामगो द्विजः ।।४३।।**
**मुनिशापान् नृतां प्राप्तानृषींस्तात ! तथोद्धवम् । ततोऽविताऽसुरेभ्योऽहं सद्धर्मं स्थापयन्नज ! ।।४४।।'**

હે બ્રહ્મન્ ! અર્જુને સહિત મારા દ્વારા રણમાં હણાયેલાં સવાસનિક અસુરો જ્યારે પૃથ્વી ઉપર અધર્મ પ્રવર્તાવશે ત્યારે નારાયણમુનિ એવો જે હું તે પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી થકી પૃથ્વી ઉપર કોશલ દેશમાં સામવેદી-દ્વિજકુળમાં અવતાર ધારણ કરીશ.

હે અજ ! (ભગવાન વાત્સલ્યથી બ્રહ્માને કહે છે :-) હે તાત ! સદ્ધર્મનું સ્થાપન કરતો થકો હું મુનિના શાપથી મનુષ્યત્વ પ્રાપ્ત કરેલા તે ઋષિઓનું તથા ઉદ્ધવનું અસુરો થકી રક્ષણ કરીશ.

**(સ્કંદપુરાણ : વૈષ્ણવખંડ - વાસુદેવ માહાત્મ્ય : ૧૮/૪૨-૪૩-૪૪)**

**પ્રકાશક :** ૧. શ્રીવેંકટેશ્વર (સ્ટીમ્) મુદ્રણાલય - મુંબઈ ॥ ૨. નાગ પ્રકાશક - દિલ્હી ॥ ૩. ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી - વારાણસી ॥ ૪. ગુરુમંડલ ગ્રંથમાલા - કલકત્તા

ઉપરોક્ત વચનને સત્ય કરવા માટે યોગ્ય સમય જાણી, બદ્રિકાશ્રમમાં દુર્વાસામુનિના શાપને નિમિત્ત બનાવી સં. ૧૮૩૭ ચૈત્ર સુદ - નવમીને દિવસે ઉત્તર કોશલ દેશ (ઉત્તર પ્રદેશ)માં અયોધ્યાથી ૩૦ કિ.મી. દૂર નાનકડા એવા છપૈયા ગામમાં અતિ પવિત્ર, ધર્મનિષ્ઠ સરવરિયા બ્રાહ્મણ ધર્મદેવ અને ભક્તિદેવી થકી સ્વયં સર્વનિયંતા, સર્વકારણ, સર્વાવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ આ ભૂમંડળ પર પ્રાગટ્ય પામ્યા.

સમગ્ર સચરાચરમાં આનંદ છવાઈ ગયો. છપૈયામાં મોટો ઉત્સવ થયો. બ્રહ્માદિક દેવતાઓએ પણ લાભ લીધો. છપૈયાની

નારીઓએ મહાપ્રભુનું મનોહર શ્યામ સ્વરૂપ નિહાળ્યું. ચિત્તની વૃત્તિ તેમાં ખેંચાઈ ગઈ. અને બાળપ્રભુને 'ઘનશ્યામ' નામથી બોલાવવા લાગી...!! બાળપ્રભુ શ્રી ઘનશ્યામે છઠ્ઠીના દિવસે કાલિદત્ત દ્વારા મોકલાયેલ અસંખ્ય કોટરાઓને હનુમાનજી દ્વારા નાશ કર્યો. બાળપ્રભુની ઉંમર ૨ માસની થઈ ત્યારે માર્કંડેયમુનિ ધર્મદેવના આંગણામાં બાળપ્રભુના દર્શન માટે આવ્યા. માતા ભક્તિદેવી અને પિતા ધર્મદેવે તેમને જ્યોતિષ શાસ્ત્રમાં પારંગત જાણીને તેમની પાસે ઘનશ્યામ પ્રભુના 'નામકરણ સંસ્કાર' કરાવ્યો. માર્કંડેયમુનિએ બાળપ્રભુને 'કૃષ્ણ, હરિ, હરિકૃષ્ણ' એવા ત્રણ સાર્થક નામો આપ્યા. ત્રણ વર્ષ સુધી છપૈયામાં અનેક બાળચરિત્રો કરી, કાળીદત્તનો વધ કરી, માતા-પિતા અને મોટાભાઈ રામપ્રતાપજીની સાથે અયોધ્યામાં પધાર્યા. અયોધ્યામાં પણ અનેક બાળલીલાઓ કરી. ૭ વર્ષની ઉંમરે યજ્ઞોપવીત ધારણ કરી. ૮ વર્ષની ઉંમરે પિતા ધર્મદેવની પાસેથી જ વેદ, ઉપનિષદ, ન્યાયમીમાંસા, ભાગવત, રામાયણ, મહાભારતાદિક સર્વ શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ પૂરો કરી દીધો. ગુણગ્રાહી બાળપ્રભુએ શાસ્ત્રઅધ્યયન પછી મહાભારતમાંથી વિષ્ણુસહસ્રનામ, વિદુરનીતિ અને ભગવદ્ ગીતા, સ્કંદપુરાણમાંથી વાસુદેવ માહાત્મ્ય, શ્રીમદ્ ભાગવતમાંથી દશમ અને પંચમ સ્કંધ અને ધર્મશાસ્ત્રોના સારરૂપે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનું આલેખન કરી સુંદર પુસ્તક તૈયાર કર્યું. (જે નિરંતર પોતાની પાસે જ રાખ્યું. તે સંપ્રદાયમાં 'ગુટકો' તરીકે પ્રસિદ્ધ છે.) ને દશમે વર્ષે કાશીમાં ભરાયેલી પંડિત પરિષદમાં પ્રકાંડ પંડિતોને તત્ત્વજ્ઞાનની ચર્ચામાં પરાસ્ત કરી, ઝળહળતો વિજય મેળવી સૌને અચંબામાં મૂકી દીધા !

દિવ્ય ચરિત્ર કરતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામે પોતાનો અવતાર હેતુ સિદ્ધ કરવા માટે વનગમનનો વિચાર કર્યો. ભક્તિમાતાને સાંખ્ય જ્ઞાન આપીને અક્ષરધામની પ્રાપ્તિ કરાવી. ત્યાર પછી ધર્મપિતાને દિવ્ય જ્ઞાન આપીને અક્ષરધામમાં નિવાસ કરાવી દુર્વાસાના શાપથી મુક્ત કર્યા. હવે બાળપ્રભુ શ્રી ઘનશ્યામે વનમાં તપ કરીને શાશ્વત ધર્મનું સ્થાપન કરવા માટે ગૃહ ત્યાગ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. પોતાના મોટાભાઈ રામપ્રતાપભાઈ તથા ભાભી સુવાસિનીબાઈ તથા નાનાભાઈ ઈચ્છારામને અટૂલા મૂકીને ૧૧ વર્ષની કુમળી વયે હિમાલયનો માર્ગ પકડ્યો. વનમાં જવા નીકળેલા બાળપ્રભુ શ્રી ઘનશ્યામે હાથમાં જળપાત્ર, પાણી ગાળવા માટે કપડાનો ટુકડો તથા શાલિગ્રામને વીંટીને ગળામાં ધારણ કરેલો બટવો તથા પોતે બનાવેલો શાસ્ત્રજ્ઞાનનો સારરૂપ ગુટકો સાથે લીધો.

**'કંઠી માળ કમંડળું વળી ધર્યો, સત્શાસ્ત્રનો ગુટકો; શાલિગ્રામ તથા સુપાત્ર જમવા, પાસે ન પૈસો ટકો.**
**પાણી ગાળણ વસ્ત્ર કૌપીન તથા, બીજુ બહિર્વાસ છે; કૂવેથી જળ કાઢવા સૂતરની, દોરી હરિ પાસ છે.'**

(શ્રીહરિલીલામૃત : ૪/૧/૩૯)

જટાથી શોભાયમાન મસ્તકવાળા, ભાલમાં ચંદ્રક સહિત તિલક ધરતાં અને કટિ ભાગમાં કૌપીન ધારણ કરતાં, સુંદર લાગતા ઘનશ્યામ હવે નીલકંઠ બ્રહ્મચારી નામ ધારણ કરી તપ કરવા માટે વનમાં ગયા. વનમાં તપ કરીને ગોપાળયોગી પાસેથી યમ, નિયમ,આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ જેવા અષ્ટાંગ યોગનું જ્ઞાન મેળવ્યું. વનમાં તપશ્ચર્યા બાદ નીલકંઠવર્ણીએ ભારત ભૂમિમાં પ્રત્યેક નગરોમાં ફરીને પ્રજાને સદુપદેશ દ્વારા ભગવત્ પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો.

નભોમંડલમાંથી અષાઢી મેઘની વર્ષા સમગ્ર ભારતની ભૂમિ પર છવાઈ રહી હતી. એક તરફ હિમાલયને છોડીને વિશાળ મેદાનોમાં વહેતી સરયૂ નદી બેઉ કાંઠે ગાંડીતૂર બનીને સમુદ્ર તરફ ધસમસતી વહેતી હતી. ચાતુર્માસની ભક્તિભરી મોસમનાં મંડાણ થવાને માત્ર એક જ દિવસની વેળા બાકી હતી.

સં. ૧૮૪૯ના અષાઢ સુદ - ૧૦ (તા. ૨૬-૯-૧૭૯૨)ના પ્રાતઃકાળમાં અયોધ્યાના બરહટ્ટા વિસ્તારમાંથી એ ફૂલસમી કોમળકાયા, મેઘની વરસતી ઝડીઓને ખુલ્લા શરીરે ઝીલતી ઉતાવળે સરયૂ તરફ ધસી રહી હતી. કોઈ પોતાનો પીછો ન કરે એ હેતુથી માસુમ બાળકે સાહસભર્યો રસ્તો લીધો. ગાંડીતૂર બનેલ સરયૂ નદીમાં ઝંપલાવીને એ બાળયોગીએ સમયની રેત પર ડગલાં માંડ્યાં. ૧૧ વર્ષની નાની ઉંમરે ઘરનો ત્યાગ કરી તપઃપૂર્ણ તીર્થયાત્રા કરવાનો નિર્ણય કર્યો.

વહેલી સવારે સર્વ વસ્ત્ર-અલંકારો ઉતારી, આચ્છાદન વસ્ત્રે સહિત કૌપીન, મૃગચર્મ, પલાશનો દંડ અને શ્વેત યજ્ઞોપવીત ધારણ કરી. જટા, મુંજની મેખલા, જપમાળા, કમંડલું, પાણી ગાળવા માટે વસ્ત્રનો ટુકડો, શાલીગ્રામ અને પોતાની નિત્યપૂજાના બાલમુકુંદ અને સત્શાસ્ત્રનો ગુટકો એટલી વસ્તુ લઈ પોતાના સંબંધીઓ અને મિત્રોને સૂતા મૂકીને ખુલ્લા શરીરે, ખુલ્લાપગે, ન કોઈ સાધન, ન કોઈ સહારો, ન કોઈ ઉષ્માનો આંગરો, ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા, ન કશું અન્ન, ન કોઈ ફળ, કંઈપણ આશા નહિ ને વનની ગહરી વાટે, અનેક સાધકોને યુગોની સાધનાના ફળરૂપે સ્વદર્શન દેવાને કાજે, તીર્થોને તીર્થત્વ દેવાને કાજે ગૃહત્યાગ કરી ચાલી નીકળ્યા. હવે ઘનશ્યામ નીલકંઠ બની ગયા.

મૃગચર્મ, શાલીગ્રામ, સત્શાસ્ત્રનો સારરૂપ ગુટકો, માળા, કમંડળું, પાણી ગાળવાનું વસ્ત્ર વગેરે સાથે લઈને એક કૌપીનભર અને

કોઈપણના સાથ-સંગાથ વિના માત્ર વાયુના આહારભેર છ-છ મહિના સુધી માણસનો જ્યાં અવાજ પણ ન સંભળાય એવી બર્ફીલી પહાડીઓ પર એકલપંડે માનસરોવરથી લઈને હિન્દુસ્તાનના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણના તીર્થસ્થાનો જેવા કે (છપૈયા-અયોધ્યાદિને પાવન કરી ત્યાંથી) લોધેશ્વર, જેતપુર, પથેપુર, નૈમિષારણ્ય, સહેજાપુર, બરેલી, હરિદ્વાર, શ્રીપુર, ગુપ્તકાશી, ઉત્તરકાશી, ગુપ્તપ્રયાગ, ગૌરીકુંડ, કેદારનાથ, બદરીનાથ, જોષીમઠ, માનાઘાટી, માનસરોવર, બદરિકાશ્રમ, ગંગોત્રી, લક્ષ્મણપુરા, વંશીપુર, કાલાપર્વત, શ્વેતગિરિ, મુક્તિનાથ, પોખરા, બુટોલપુર, કાઠમંડુ, આદિવારાહ, કામાક્ષી, નવલખા પર્વત, બાલવા કુંડ, કપિલાશ્રમ, ગંગાસાગર, શાંતિપુર, ભુવનેશ્વર, સાક્ષીગોપાલ, જગન્નાથપુરી, આદિકૂર્મ, પન્નાનરસિંહ, વેંકટાદ્રિ, શિવકાંચી-વિષ્ણુકાંચી, મન્નારગુડી, શ્રીરંગમ્ (ત્રીચીનાપલ્લી), રામેશ્વરમ્, ધનુષ્યકોટિ, દર્ભશયનમ્, સુંદરરાજ(મદુરાઈ), ભૂતપૂરી, નાંગનેરી(તોતાદ્રી), કન્યાકુમારી, પદ્મનાભ(ત્રિવેન્દ્રમ્), જનાર્દન, આદિકેશવ, સાક્ષીગોપાલ(ગુરુવાયર), મેલુકોટે, કિષ્કિંધા(હોંસપેટ), પંઢરપુર, પૂણે, બુરહાનપુર, માલેગાંવ, નાસિક, ત્ર્યંબકેશ્વર વગેરે તીર્થોમાં ફરતા ફરતા ગુજરાતમાં સુરત, ભરુચ, વડોદરા પધાર્યા.

નીલકંઠ વર્ણીપ્રભુ વડોદરાથી નીકળી મહી નદી પાસે આવ્યા. આ નદી માળવાના પર્વતમાંથી નીકળી ૪૫૦ કિલોમીટરના પંથ બાદ ખંભાતના અખાતને મળે છે. ગુજરાતની બહારથી ફળદ્રૂપ કાંપ ખેંચી લાવીને તેના કાંઠાના પ્રદેશોને ફળદ્રૂપ બનાવે છે. 'મહી' નદીનું ગુજરાતમાં બહુ જ માહાત્મ્ય છે. મહી એ ચાર યુગની દેવી કહેવાય છે. નીલકંઠ વર્ણીપ્રભુએ મહી નદીમાં સ્નાન કર્યું.

**મહી નદીએ આવ્યા મહારાજ, કરી સ્નાન કર્યું નિત્યકાજ; રૂડો દેખી નદીતટ ઠામ, કર્યો બે ઘડી ત્યાં વિશરામ.**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૪/૫૩)

મહી નદી આજે ખરેખર સૌભાગ્યવતી બની ગઈ. કાંઠાળ પ્રદેશના બારૈયા અને પાટણવાડિયા કોમની ચોરી, છિનાળ પ્રવૃત્તિના પાપ ધોવા મહી સ્થિર ભાવે વહી રહી હતી, પરંતુ એ વહનમાં ઉદાસીનતા હતી. પોતાના આશ્રિતોના સ્વીકારેલા પાપથી તે ક્યારે મુક્ત થશે એ વિચારથી સદા તપ્ત રહેતું તેનું હૈયું આજે મહાપ્રભુ નીલકંઠ વર્ણીના દિવ્ય સ્પર્શથી શાંત થઈ ગયું. તેણે આજે કૃતકૃત્યતા અનુભવી.

**ઉદિત અધિક ભાગ્ય તે નદીનાં, પદજુગ પામી પવિત્ર જે હરિનાં;**
**ગુણ ગણિ ગણિ શું કહું જ ગાઈ, સુરસરિતા સમતુલ્ય તે ગણાઈ.**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૪/૫૪)

મહીસાગર નદીને આજે વિશેષ તીર્થત્વ આપી નીલકંઠ વર્ણીપ્રભુ બામણગામમાં ખોડા પંડ્યાને શરણે લઈ આણંદ થઈ સીધા તીર્થક્ષેત્ર ડાકોર પધાર્યા.

**'દીઠા ડાકોરના તે ઠાકોર, કરી રણછોડરાયની ભેટ...'** (શ્રીહરિલીલામૃત : ૩/૧૭)

ડાકોરમાં શ્રીરણછોડરાયનું મુખ્ય મંદિર છે. તેના મધ્ય સિંહાસને ચતુર્ભુજ રણછોડરાય પધરાવેલા છે. અહીંનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે અહીંના વિજયસિંહ બોડાણા અને તેમના ધર્મપત્ની ગંગાબાઈના પ્રેમને આધીન થઈ દ્વારકાધીશ તેમના ગાડામાં બેસી સં. ૧૨૧૨ કારતક સુદ પૂનમે ડાકોર પધાર્યા હતા. અહીંના ગોમતી તળાવના માખણિયા આરે દ્વારકાધીશ પધાર્યા ત્યારે ગંગાબાઈના હાથે માખણ-મિશરી જમ્યા હતા.

નીલકંઠ વર્ણીપ્રભુ આ ગોમતી તળાવમાં સ્નાન કરી મંદિરસ્થ શ્રીરણછોડરાયના દર્શન કર્યા. થોડીવાર અહીં રોકાયને દર્શનાર્થે આવેલ મુમુક્ષુ યાત્રાળુઓને કલ્યાણ સત્ય માર્ગે બતાવી નીલકંઠ વર્ણીપ્રભુ ઉમરેઠ પધાર્યા.

ડાકોરથી નીલકંઠ વર્ણીપ્રભુ સં. ૧૮૫૫ના ફાગણ સુદ ૧૧ના દિવસે ઉમરેઠ પધાર્યા. ખેડાવાળ બ્રાહ્મણોની આ નગરીમાં રણછોડરાય પોતે સ્વયં ગાડું ચલાવીને ડાકોરના ભક્ત બોડાણાને તેમાં સુવડાવીને લાવ્યા હતા. અહીં ગાડું રણછોડરાયજીએ ઊભું રાખ્યું હતું. અને બોડાણાને જગાડ્યા હતા. ગાડામાંથી રણછોડરાય નીચે ઊતરીને ત્યાં ઊભા રહ્યા. તે જગ્યાએ એક નાનું મંદિર બનાવી તેમાં રણછોડરાયની ચરણપાદુકા પધરાવી છે. 'શ્રી રણછોડરાય ભગવાનનાં પગલાં મંદિર' તરીકે આ મંદિર ઓળખાય છે.

નીલકંઠ વર્ણીપ્રભુ અહીં આવી જાગનાથ મહાદેવ મંદિરના ગર્ભદ્વારમાં જવાના બારણાની સામે ઓટલો હતો ત્યાં ઊતર્યા. સાંજે ભોળાનાથના દર્શન કરવા નરભેરામ તથા રૂપરામ ઠાકર પોતાના નિયમ અનુસાર આવ્યા :

**શિવદર્શને સાયંકાળ, આવ્યા વિપ્ર ત્યાં બે ખેડાવાળ; એક તો દવે નરભેરામ, બીજા ઠાકર તે રૂપરામ.**
**પ્રેમે શંકરને પગે લાગે, ભગવાનને મળવાનું માગે; દીઠા તેઓએ શ્રીઘનશામ, મનવૃત્તિ તણાણી તે ઠામ.**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૭/૯-૧૦)

રૂપરામ ઠાકરને રાત્રે સ્વપ્નમાં મૂળેશ્વર મહાદેવે દર્શન દઈ કહ્યું હતું કે, 'આત્યંતિક કલ્યાણ મેળવવાની તમારી તમન્ના પૂરી થશે.'

આ વાત રૂપરામે પોતાના મિત્ર નરભેરામ દવેને કરી હતી.

બંને મિત્રોએ પાઘડી ઉતારી મંદિરમાં શિવજીને નમસ્કાર કર્યા અને પ્રાર્થના કરી કે, "હે ભોળાનાથ ! તમો પ્રસન્ન થઈ અમને પ્રગટ ભગવાન ભેટાડો."

મંદિર બહાર તેમને નીલકંઠ વર્ણીપ્રભુના દર્શન થયા. તેમાં બંનેની મનવૃત્તિ ખેંચાવા લાગી. નીલકંઠ વર્ણીપ્રભુના શરીરમાં તપ જોયું. માથા ઉપર શિવની જટા જોઈ. આંખોમાં હરિની વત્સલતા જોઈ. તેઓ મુમુક્ષુ હતા, દૈવી હતા. બંને નીલકંઠ વર્ણીપ્રભુ પાસે આવીને બેઠા. થોડીવારે મૌન તોડીને નરભેરામે પૂછ્યું : "યોગીરાજ ! તમે ક્યાંથી આવ્યા ?"

"અનિર્દેશથી." નીલકંઠ વર્ણીપ્રભુએ ટૂંકો જવાબ આપ્યો.

ભારતની ભૂગોળનો આ બંને મિત્રોને આછો ખ્યાલ હતો. તેની સ્મૃતિ કરતાં તે બંનેના કપાળ પર કરચલી પડી ગઈ. આંખો પણ સહેજ ઝીણી થઈ ગઈ. છતાં અનિર્દેશમાં તેમને કાંઈ ગમ ન પડી એટલે પૂછ્યું : "અનિર્દેશ એટલે શું ? એ કાંઈ સમજાયું નહિ? એ દેશ ક્યાં આવ્યો ?"

"એ તો સત્સંગ કરવાથી અમારી ઓળખાણ થશે પછી ખ્યાલ આવશે." નીલકંઠ વર્ણીપ્રભુએ ભવિષ્ય કહેતાં કહ્યું.

વિપ્રોને આ જરા વિચિત્ર લાગ્યું. રૂપરામે તરત જ પૂછ્યું : "યોગીરાજ ! આપ કાંઈ ભોજન કરશો ?"

"આજે એકાદશીનો અમારે ઉપવાસ છે."

"તો ફળાહાર લાવી દઈએ." એમ કહી નરભેરામ ઊઠ્યા. દૂધ, કેળાં, ખજૂર વગેરે લાવીને નીલકંઠ વર્ણીપ્રભુને આપ્યા. નીલકંઠ વર્ણીપ્રભુએ શાલિગ્રામને નૈવેદ્ય ધરાવ્યું અને પોતે થોડું જમ્યા. બાકીની પ્રસાદી વિપ્રોને આપી દીધી.

પછી બંને વિપ્ર મિત્રો ઘેર તો ગયા પણ ઊંઘ ન આવી. નીલકંઠ વર્ણીપ્રભુની કમનીય મૂર્તિ ચિત્તમાં ચોંટી ગઈ હતી. વહેલી સવારે નાહી-ધોઈ પરવારીને જાગનાથ મહાદેવના મંદિરે ગયા. પણ ઓટલા ઉપર કોઈ હતું જ નહિ. ચારેબાજુ તપાસ કરી પણ નીલકંઠ વર્ણીપ્રભુની ક્યાંય ભાળ ન મળી. નીલકંઠ વર્ણીપ્રભુ વહેલી સવારે ઉમરેઠથી નીકળી ભાલેજ થઈ વડતાલ પધાર્યા.

સં. ૧૮૫૫ ફાગણ સુદ બારશ ને સોમવાર વડતાલ માટે ભાગ્યોદયનો દિવસ બન્યો. અહીંની હરિયાળી ભૂમિની આજુબાજુમાં નાનાં-મોટાં તળાવો પણ છે. વૃક્ષોની ઘટાથી સુશોભિત નાનકડા ગામની શોભા જોઈ નીલકંઠ વર્ણીપ્રભુના હૃદયમાં કાંઈક અનેરો આનંદ થયો. નીલકંઠ વર્ણીપ્રભુ ઘેલા હનુમાનજી પાસેના તળાવની પાળે બિરાજમાન થયા. એવામાં અહીંના જ નિવાસી જોબન પગી પસાર થયા. આમ તો એ પૂર્વના સંસ્કારી હતા પણ સંગદોષે કરીને લૂંટફાટ કરતા થઈ ગયા હતા. દ્વારિકાથી માંડીને દક્ષિણમાં પૂના-સતારા સુધી તેમના નામે બહારવટાં ચાલતાં. તેમાં બાવન બાતમીદારો એવા હતા કે બધા જ પ્રાંતની તમામ ખબરો જોબનપગીને ગુપ્તપણે આપતા. તેમને પ્રાણ આપવા તત્પર રહેતા.

જોબનપગીને વિશ્રામ કરવાનાં ચોસઠ સ્થાનો હતાં. દશ વર્ષમાં તો તેમણે લાખ્ખોની લૂંટ ચલાવી હતી. એમની ક્રૂર નજરથી ને એમણે તાકેલા નિશાનથી કોઈ બચી શકતું નહોતું.

ચોર અને લૂંટારુંઓનું પગેરું કાઢનાર જોબન પગીએ આજે આ નીલકંઠ વર્ણીપ્રભુનું પગેરું પકડ્યું. ધંધાના કીમિયાગરના આજે ધંધો ફળ્યો. તે નીલકંઠ વર્ણીપ્રભુની નજીક આવ્યો. નીલકંઠ વર્ણીપ્રભુના તપનો, નૈષ્ઠિક બ્રહ્મચર્યનો, અનંત કલ્યાણકારી ગુણોનો પ્રભાવ તેણે જોયો. તીરકામઠું, તલવાર, ધારિયું કે ભાલો હાથમાં લઈને ફરતા આ જોબન પગીના હાથ અનેક મનુષ્ય અને પશુ-પ્રાણીઓને નિર્દય રીતે રહેંસી નાખતાં કદી ધ્રૂજ્યા નહોતા, તે આજે નીલકંઠ વર્ણીપ્રભુ સમક્ષ ધ્રૂજતાં ધ્રૂજતાં હાથ જોડાઈ ગયા :

**પગી જોબને તે જોગી જાણી, પદ વંદિ કહી એમ વાણી; આપું ઓરડી કરી આ ઠામ, જોગીરાજ રહો આ જ ગામ.**
**સુણી શ્રીહરિ લાગ્યા ઉચરવા, મારે જાવું છે તીરથ કરવા; અમે આવશું વળતાં જ્યારે, ગામ રહેશું તમારે જ ત્યારે.**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૭/૧૪-૧૫)

નીલકંઠ વર્ણીપ્રભુ જોબનપગીની મુખાકૃતિ જોઈ હસ્યા. તેના ઉપર ક્રૂરતાના ભાવોનો થર જામ્યો હતો. આ મુખ ઉપર કદી પ્રેમ કે ભક્તિની છાપ ઉપસી નહોતી. છતાં તે ક્રૂરતાનું કલેવર આજે ઓગળી ગયું. જોબન પગીએ નીલકંઠ વર્ણીપ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછી ધીરેથી પાસે આવીને તેણે બે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપ બહુ દૂર દેશથી આવ્યા લાગો છો."

નીલકંઠ વર્ણીપ્રભુએ હસતાં હસતાં ફક્ત માથું હલાવ્યું. બોલતાં બોલતાં જોબન પગીના હોઠ ધ્રૂજતા હતા. તેણે ધ્રૂજતા સ્વરે ફરી કહ્યું : "આપ અહીં જ રહો. હું સ્થાન બનાવી દઉં."

નીલકંઠ વર્ણીપ્રભુએ તેનો ભાવ જોયો. તેના સંસ્કાર બહુ જ ભારે હતા. તે સંસ્કારના બળે વર્ણીપ્રભુ અહીં ખેંચાયા હતા. નીલકંઠ

વર્ણીપ્રભુએ કહ્યું : ''અમારે હજુ અનેક તીર્થસ્થાનોમાં જવાનું છે માટે હમણાં નહિ, પણ ફરી આવીશું ત્યારે તમારા ગામમાં જરૂર રહેશું.''

જોબન પગી નીચે બેસી ગયા. તેણે ફરી કહ્યું : ''યોગીરાજ ! કાંઈક જમો તો મારે ઘેર બનાવરાવું.''

નીલકંઠ વર્ણીપ્રભુએ કહ્યું : ''ના, ભાઈ ! અમે પોતે તમારે ઘેર આવી રસોઈ બનાવીને જમીશું.''

નીલકંઠ વર્ણીપ્રભુ જોબન પગીને ઘેર ગયા. જોબને રસોઈની સામગ્રી આપી. પણ વર્ણીપ્રભુએ તો કેવળ બાટી જ બનાવી. ઠાકોરજીને નૈવેદ્ય ધરાવ્યું અને પછી પોતે અલ્પ જમ્યા. પ્રસાદી જોબનને આપી દીધી. જોબન પગીએ આ પ્રસાદી પોતે થોડી લઈ વધેલી પ્રસાદી નીલકંઠ વર્ણીપ્રભુનાં દર્શન કરવા આવેલા પોતાના સંબંધીજનોને વહેંચી દીધી.

આ વખતે જોબન પગીના ભાઈ દેવકરણને મનમાં સંકલ્પ થયો કે આ યોગીરાજ મારે ઘેર આવે તો સારું. વર્ણીપ્રભુ તેનો મનોભાવ જાણી ગયા અને જોબન પગીને કહ્યું : ''અમે આ તમારા ભાઈ દેવકરણને ઘેર જઈને થોડી વિશ્રાંતિ કરીશું અને પછી આગળ તીર્થોમાં જવા નીકળશું.''

નીલકંઠ વર્ણીપ્રભુના આ શબ્દો સાંભળતા જ દેવકરણને મનમાં નક્કી થઈ ગયું કે, યોગીરાજ મારો સંકલ્પ જાણી ગયા. તેથી તેમને પણ નીલકંઠ વર્ણીપ્રભુ પ્રત્યે અહોભાવ જાગ્યો. પ્રેમ કે ભક્તિનો ભાવ કદી ન પિછાણનાર, ચોરોને પણ માથાભારે નીવડેલા આ પગી કુટુંબમાં નીલકંઠ વર્ણીપ્રભુના પ્રભાવે પરિવર્તન થયું. નીલકંઠ વર્ણીપ્રભુ દેવકરણ પગીને ઘેર ગયા. રાતવાસો કરી વહેલી સવારે ત્યાંથી નીકળી બોચાસણ પધાર્યા.

ઉપરોક્ત વનવિચરણ દરમ્યાનનો લીલાપ્રસંગ સ.ગુ. શ્રીઅચિન્ત્યાનંદ બ્રહ્મચારીએ જોબન પગી પાસેથી સાંભળીને અભયસિંહને કહી હતી :

**બ્રહ્મચારિ કહે સુણ ભૂપ, કથા એટલી પરમ અનૂપ;**
**પગી જોબનમુખ સાક્ષાત, એ તો સાંભળેલી છે મેં ભ્રાત.**
**મારા અંતરમાં સ્મૃતિ રહી, તેથી મેં તમને આજ કહી;**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૭/૧૭-૧૮)

## ● વડતાલમાં નીલકંઠ વર્ણીપ્રભુના સ્મૃતિરૂપ ઘેલા હનુમાનજી :

**'હનુમાનની દેરી છે તીર, તહાં બેઠા છે શ્યામશરીર; હનુમાન પ્રસાદીના કર્યા, તેની મૂરતિ ઉપર કર ધર્યા.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૮/૩)


નીલકંઠ વર્ણીપ્રભુના સ્મૃતિરૂપ વડતાલમાં મંદિરથી ઉગમણું તળાવ છે તેને કાંઠે હનુમાજીનું મંદિર છે. ત્યાં નીલકંઠ વર્ણીપ્રભુએ રાતવાસો કરેલો અને પોતાના બંને વરદ્ હસ્ત હનુમાનજીને માથે મૂકેલા તેથી આ સ્થાન મહાપ્રસાદીનું ગણાય છે. અને આ હનુમાજીને 'ઘેલા હનુમાનજી' નામથી ઓળખાય છે.

●●●





# વડતાલમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રથમ આગમન
## સં. ૧૮૬૦ (ઈ.સ. ૧૮૦૪)



અષાઢી સંવત ૧૮૬૦ની સાલ પૂરી થવામાં હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડાથી નીકળી ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, બરવાળા, ધોલેરા થઈ બોચાસણ પધાર્યા. ભગવાન શ્રીહરિના દર્શનથી કાશીદાસ અને તેમના માતુશ્રી નાનીબા અતિ પ્રસન્ન થયાં. તેમના પિતા કાનદાસને પણ ભગવાન શ્રીહરિ પ્રત્યે પ્રેમ હતો.

નાનીબાને લાગ્યું કે આજે મારા ભાગ્ય ઊઘડી ગયાં. ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણી સ્વરૂપે પધાર્યા ત્યારે એકાએક નીકળી ગયા હતા અને તેમનાં દર્શનનો, જમાડવાનો, સેવાનો તેનો ભાવ અપૂર્ણ રહ્યો. આકાશવાણીએ તેમને સાંત્વના આપી : "હું ફરી આવીશ." એ શબ્દોના આધારે નાનીબા જીવન જીવતાં હતાં. કાશીદાસે ત્યારે નીલકંઠ વર્ણીપ્રભુના ચરણની રજ લઈ લીધી હતી. તે ચરણરજના તેઓ રોજ દર્શન કરતા. નીલકંઠ વર્ણીપ્રભુ ગયાને પાંચ વર્ષ વીતી ગયાં હતાં.

ભગવાન શ્રીહરિ બોચાસણ આવી કાશીદાસના ઘરના આંગણામાં જ જઈને ઊભા રહ્યા. કાશીદાસ તથા તેમના માતુશ્રી નાનીબા આ દિવ્ય વિભૂતિને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયાં ! વણનોતર્યા અતિથિ આંગણામાં આવીને ઊભા રહ્યા. ન કળાય અને ન સમજાય એવી આ વિભૂતિના અણસારની ઝાંખી કરતાં નાનીબા ભગવાન શ્રીહરિની સહેજ નજીક આવ્યાં. ભગવાન શ્રીહરિએ માથે જરિયાની ફેંટો, રેશમી અચકણ ઉપર જરિયાની સુરવાલ, કંઠમાં મોતીની માળા, દસે આંગળીમાં સોનાના વેઢ, પગમાં મોજડી ધારણ કર્યાં હતાં. આ રજવાડી ઠાઠ જોઈ નાનીબા મૂંઝાયા. તેમને કોઈ અગમ્ય વિભૂતિના અણસારની પ્રતીતિ આ સ્વરૂપમાં થતી હતી. સ્મૃતિપટ પર નીલકંઠ વર્ણીની મૂર્તિ આવી, પણ ક્યાં એ તપસ્વી અને ક્યાં આ રાજવી ! સ્વરૂપ જુદું દેખાતું હતું, પરંતુ મુખારવિંદ નીલકંઠ વર્ણીપ્રભુનું હતું. તે મૂંઝવણમાં પડી ગયાં. કાશીદાસ પણ અવાક્ બની ગયા.

એટલામાં ભગવાન શ્રીહરિએ કહ્યું : "નાનીબા ! સાવ ભૂલી ગયાં ? અમે અહીં આવ્યા હતા. રામજી મંદિરમાં ઊતર્યા હતા. તમારે ઘરે આવી દૂધ-ભાત જમ્યા હતા." નાનીબાના સ્મૃતિપટ પર નીલકંઠ વર્ણીપ્રભુની મૂર્તિ આવી ગઈ.

ભગવાન શ્રીહરિ આગળ બોલ્યા : "નાનીબા ! તે દિ' અમે તપસ્વી વેશે હતા. માથે જટા હતી, શરીર ઉપર એક કૌપીન સિવાય કોઈ વસ્ત્ર નહોતું."

નાનીબાના હૃદયમાં નીલકંઠ વર્ણીપ્રભુની મૂર્તિ હવે સંપૂર્ણ કંડારાઈ ગઈ : "હા, હા, પ્રભુ ! તમે ચાલ્યા ગયા અમને સાવ નોંધારા મૂકીને."

ભગવાન શ્રીહરિ મંદ મંદ હસ્યા અને પછી કહ્યું : "નાનીબા ! અમે ભક્તને કદી નોંધારા મૂકતા નથી. તે અમારી વાટ જુએ છે અને અમે તેમની પાસે જઈએ છીએ. તે અમને સંભારે છે અને અમે તેને પ્રત્યક્ષ દર્શન દઈએ છીએ. અમે ભક્તોની પાછળ ફરીએ છીએ."

નાનીબા શબ્દે શબ્દે અમૃત પીતાં હતાં. તેમની આંખો બંધ હતી પણ અંતઃચક્ષુ ખૂલી ગયાં હતાં. ભગવાન શ્રીહરિની દૃષ્ટિ કાશીદાસ પર પડી. કાશીદાસ પાસે આવ્યા. ભગવાન શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ કર્યા.

નાનીબાએ ઢોલિયો ઢાળ્યો. તે ઉપર ધડકી પાથરી. ભગવાન શ્રીહરિ તે ઉપર બિરાજમાન થયા. મોજડી કાઢીને ચરણ પ્રસાર્યા. એટલે નાનીબાએ બંને ચરણમાં સોળે ચિહ્નના દર્શન કર્યા. આ સ્વરૂપમાં તેમને ભગવાનનો ભાવ થયો. આકાશવાણીના શબ્દો

સાચા પડ્યા. નાનીબા કૃતકૃત્ય થઈ ગયાં ! કાશીદાસ વ્યવસ્થાની તજવીજમાં પડી ગયા. ગામમાં ખબર પડી કે કાશીદાસને ઘરે કોઈ મહાન વિભૂતિ આવી છે. એટલે લોકો ત્યાં ઊમટ્યા. નાનીબા તો બધાને કહેવા લાગ્યાં : ''આ સાક્ષાત્ ભગવાન છે, દર્શન કરો, સેવા કરો કલ્યાણ થઈ જશે.''

ગામના લોકોને આ કાંઈ સમજાયું નહિ. તેઓની ભગવાન પ્રત્યેની કલ્પના સાવ જુદી જ હતી. કાશીદાસના પિતા કાનદાસને પણ ભગવાન શ્રીહરિ પ્રત્યે પ્રેમ હતો, પરંતુ કાશીદાસ તેમને ભગવાન કહેતા એ તેમને રુચતું નહોતું. તેઓ કહેતા કે ''કાશીદાસ! સહજાનંદ સ્વામીને ભગવાન ન માનું, એમને શુકજી ને નારદજી સરખા કહેવાય, પણ ભગવાન કેમ કહેવાય ?''

કાશીદાસે કહ્યું : ''પિતાજી ! શ્રીજીમહારાજ ભગવાન છે એ તમને શ્રીહરિ પોતે જ સમજાવશે. મારું ગજું નહિ. હું તો તેમને ભગવાન માનું છું.''

ત્યારે નાનીબા બોલ્યા : ''આજે ઠેર ઠેર જેઓ સમાધિના ચમત્કાર બતાવતા હોય અને જીવ-પ્રાણીમાત્રના મનની વૃત્તિઓ ખેંચીને પોતામય કરી દેતા હોય, તે ભગવાન સિવાય કોઈ કરી ન શકે.''

કાશીદાસના શબ્દ પ્રમાણે કાનદાસને ભગવાન શ્રીહરિએ અનુભવ કરાવ્યો. તેમના ખેતરે તેઓ ગયા અને ત્યાં તેમણે અસંખ્ય વિમાનો જોયાં. તે વિમાનોમાં તેમણે નારદ, શુકદેવ, સનકાદિક જેવા સંતો-ભક્તો અને મોટા મોટા દેવતાઓ જોયા. તે બધાની વચ્ચે એક મોટા વિમાનમાં તેમણે ભગવાન શ્રીહરિને જોયા. આ દેવતાઓ, સંતો, ભક્તો સર્વે ભગવાન શ્રીહરિ સમક્ષ આવીને નમસ્કાર કરતા હતા. કાનદાસને કાશીદાસના શબ્દો સાચા મનાયા : 'શ્રીહરિ ભગવાન છે એટલું જ નહિ, પરંતુ સર્વ અવતારોના અવતારી છે.'

આજે ભગવાન શ્રીહરિ પધાર્યા ત્યારે આ ભાવથી તેમણે ભગવાન શ્રીહરિના દર્શન કર્યા. નાનીબાને લાગ્યું કે આજે ભાગ્ય ઊઘડી ગયાં. ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણી સ્વરૂપે પધાર્યા હતા અને એકાએક ત્યાંથી સવારે નીકળી ગયા ત્યારે કાશીદાસે તેમના ચરણની રજ લઈ લીધી હતી. તે ચરણરજના તેઓ રોજ દર્શન કરતા અને તેઓ ભગવાન શ્રીહરિની સ્મૃતિ કરતાં કરતાં સર્વ પ્રકારે શ્રીહરિમય બની ગયા હતા. તેમણે ભગવાન શ્રીહરિને પોતાના ઘેર પધરાવ્યા. સંતો તથા કાઠીઓના સંઘને પણ યોગ્ય ઉતારા આપ્યા. આવી રીતે તેમણે સરભરામાં કોઈ ખામી રાખી નહિ.

ભગવાન શ્રીહરિ પધાર્યાની વાત વાની પેઠે આજુબાજુના ગામોમાં પ્રસરી ગઈ. નહિ તાર, નહિ ટપાલ કે નહિ બીજા સંદેશા પહોંચાડવાનાં સાધનો ! છતાં શ્રીહરિના પ્રતાપનો ઉદ્‌ઘોષ તેઓ જ્યાં જતા ત્યાં આજુબાજુ થઈ જ જતો.

## • બોચાસણમાં વડતાલના બાપુભાઈ અને શ્રીહરિનું પ્રથમ મિલન :

વડતાલથી બાપુભાઈ તથા તેના પુત્ર રણછોડદાસ પણ બોચાસણ આવ્યા. બાવા, સંન્યાસીઓ ઘણા ફરતા હશે. ગામોગામ જતા હશે, પરંતુ તેમના પ્રતાપનો આવો પ્રભાવ ભાગ્યે જ અગાઉ કોઈએ જોયો હતો. શ્રીહરિ જ્યાં જતા ત્યાં કીડિયારાની જેમ માણસ ઊભરાતા. બાપુભાઈને જોઈ શ્રીહરિએ તેમને પૂછ્યું : ''તમે ક્યાંથી આવ્યા ?''

આ સાંભળી કાશીદાસે કહ્યું : ''મહારાજ ! એ તો વડતાલથી આપના દર્શન માટે જ આવ્યા છે. આ બાપુભાઈ, તેમનું મૂળ નામ કુબેરદાસ અને આ તેમના પુત્ર રણછોડદાસ !''

ભગવાન શ્રીહરિ તેમને જોઈ હસ્યા. બંનેને માથે હાથ મૂક્યા. બાપુભાઈએ શ્રીહરિનો ચરણસ્પર્શ કરવા હાથ લાંબો કર્યો એટલે શ્રીહરિએ પોતાના બંને ચરણ પ્રસાર્યા. બાપુભાઈએ બંને ચરણોમાં સોળ ચિહ્નો જોયાં. તેમને પ્રતીતિ થઈ કે નિશ્ચય આ ભગવાન છે. કાશીદાસના પિતા કાનદાસ આ જોઈ રહ્યા પણ તેમને કાંઈ સમજાયું નહિ. ભગવાનનો નિશ્ચય તો ભગવાન કરાવે તો જ થાય. તેમની કૃપા હોય ત્યારે જ ભગવાન ઓળખાય.

થોડીવારે મુકુંદાનંદ વર્ણી શ્રીહરિ માટે થાળ લાવ્યા. શ્રીહરિ થાળ જમવા બેઠા અને બાપુભાઈ તથા તેમના પુત્ર રણછોડદાસને પણ બોલાવ્યા. પોતે થાળ જમતા જાય અને પ્રસાદી આ બંને પિતા-પુત્રને આપતા જાય. શ્રીહરિની કૃપાદૃષ્ટિ તેમના ઉપર પડી ગઈ. તેથી તે બંનેને તરત જ સમાધિ થઈ :

**જૈને જોઈયું અક્ષરધામ, દીઠા ત્યાં પણ શ્રીઘનશામ; દીઠા ચિંતામણિમય મોલ, કલ્પવૃક્ષ તણી ઘણી ઓળ.**
**નર અક્ષર સમ કોટિ દાસ, ઉભા સેવામાં શ્રીહરિ પાસ; બ્રહ્મા વિષ્ણુ ને રુદ્ર ગણાય, એવાને તો ન દર્શન થાય**

(શ્રીહરિલીલામૃત : ૫/૧૯/૧૩-૧૪)

મૂળ પ્રકૃતિ અને મૂળ પુરુષથી પર શુદ્ધ ચૈતન્ય તેજોમય અક્ષરધામનાં તેમને દર્શન થયાં. ત્યાં દિવ્ય સિંહાસન ઉપર તેમણે આ જ શ્રીહરિને બિરાજમાન જોયા. અનંતકોટિ અક્ષરમુક્તો શ્રીહરિની સેવામાં હોય તેવા દર્શન થયાં. મૂર્તિમાન ચાર વેદો પણ શ્રીહરિની

સ્તુતિ કરતા તેમણે નિહાળ્યા. મોટા મોટા દેવો અને દેવેશને પણ જે સ્વરૂપની ઝાંખી ન થાય તે પૂર્ણ પુરુષોત્તમનારાયણનાં તેમને સહજમાં દર્શન થયાં. ધામની મૂર્તિ અને મનુષ્યની મૂર્તિની એકતા જોઈ તેઓ કૃતકૃત્ય થઈ ગયા ! હર્ષનાં આંસુ નેત્રમાંથી વહેવાં લાગ્યાં. થોડીવારે સમાધિમાંથી તેઓ જાગ્યા. શ્રીહરિની દિવ્યતા, પરપણું નિહાળી તેઓ અવાક્ બની ગયા !

ભગવાન શ્રીહરિ તેમની સામું જોઈ હસ્યા. સ્વસ્થ થયા પછી બાપુભાઈ ઊઠીને શ્રીહરિના ચરણમાં પડી ગયા. અંતરમાં અનુભવેલા અતિ અપાર આનંદથી તે એક શબ્દ પણ બોલી શક્યા નહિ. તેમના પુત્ર રણછોડદાસ પણ પાસે આવ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! બાપુ બોલી શકતા નથી પરંતુ આપને વડતાલ તેડાવવાનો તેમનો ભાવ છે.''

શ્રીહરિએ કહ્યું : ''અમે જરૂર વડતાલ આવીશું.''

એટલામાં કાનદાસે કહ્યું : ''મહારાજ ! ત્યાં જવા જેવું નથી. ત્યાં તો ચોર અને ધારાળાનો ત્રાસ છે. જે કોઈ ત્યાં જાય છે તેના વસ્ત્રો, વાહન, પદાર્થો બધું લૂંટી લે છે.''

તે સાંભળી રણછોડદાસે કહ્યું : ''મહારાજ ! આપ ચિંતા ન કરો. ચોર, ધારાળા અમારાથી બીએ, આડા ન ફરી શકે. માટે આપ જરૂર વડતાલ પધારો.''

શ્રીહરિએ તેમનો ભાવ જોઈ કહ્યું : ''જાઓ, અમે આવતી કાલે વડતાલ આવીશું.''

ભગવાન શ્રીહરિએ આમંત્રણ સ્વીકાર્યું તેથી બાપુભાઈ અને રણછોડદાસ બંને અત્યંત રાજી થયા.

## ● બાપુભાઈના આમંત્રણથી વડતાલમાં ભગવાન શ્રીહરિની પધરામણી :

બીજા દિવસે શ્રીહરિએ સંતોને કહ્યું : ''પાંચ સંતો અહી રહો ને બીજા જેતલપુર જાઓ. આનંદાનંદ સ્વામી એક સંતમંડળ સાથે ડાકોર થઈ કાનમદેશમાં વિચરણ કરવા જાઓ.''

ભગવાન શ્રીહરિની આજ્ઞાથી સંતો સત્સંગમાં વિચરવા લાગ્યા. શ્રીહરિ સાથે ઉમાભાઈ ને ગોવિંદ સ્વામી ચાલ્યા. છ ઘડી દિવસ ચડતા શ્રીહરિ વડતાલ પધાર્યા. પશ્ચિમ દિશામાં ગંગાજળિયા કૂવામાં સંતવૃંદ સાથે સ્નાન કર્યું. બદરિવૃક્ષની છાયા નીચે શ્રીહરિ બિરાજમાન થયા હતા. એટલામાં બાપુભાઈ તથા પૂરજનો વાજિંત્રો લઈને ત્યાં આવ્યા. સૌ શ્રીહરિના ચરણકમળમાં પૃથ્વી ઉપર ઢળી પડ્યા. શ્રીહરિ બદરીની છાયા નીચે બિરાજમાન થયા હતા. બાપુભાઈએ તથા ગ્રામજનોએ શ્રીહરિને પ્રાર્થના કરી : ''મહારાજ! ગામમાં પધારો. સારો મેડીબંધ ઉતારો તૈયાર રાખ્યો છે. સીધા, પાગરણની પણ વ્યવસ્થા કરી છે.''

શ્રીહરિ કહે : ''અમને તો એમ થાય છે કે આ જ સ્થાનમાં સદા બેસી રહીએ.''

**સુણી બોલિયા શ્રીભગવાન, અતિ વાલું લાગે છે આ સ્થાન.**
**થોડી વાર તો બેસિયે આંહીં, પછી ઉતરશું પુર માંહી; આસપાસ પ્રભૂજી નિહાળે, વારે વારે તે બદરીને ભાળે.**

(શ્રીહરિલીલામૃત : ૫/૧૯/૨૯-૩૦)

## ● બદરિકાશ્રમના મુક્તની આગમવાણી : 'બાપુભાઈને પ્રગટ ભગવાન મળશે.'

ત્યારે બાપુભાઈએ બે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! બદરિકાશ્રમના એક મુક્ત તીર્થ કરવા ચાલી નીકળ્યા. સંન્યાસીના વેશે બહુ તીર્થો અને દેશો ફરીને અમારા વડતાલમાં એક સંન્યાસી અહીં તળાવકાંઠે જે ઘેલા હનુમાન કહેવાય છે ત્યાં આવ્યા હતા. રાત ત્યાં રહ્યા હતા. બોરડી નીચે મુકામ કર્યો હતો. બહુ જ નિઃસ્પૃહ છતાં સૌને બોલાવીને ઉપદેશ આપવામાં બહુ જ ચીવટવાળા હતા.

એક ભગવાનદાસ પ્રજ્ઞાચક્ષુ હતા. તેણે સંન્યાસીને પ્રાર્થના કરતાં કહ્યું : ''પ્રભુ ! આંખનાં રતન ગયાં છે. તેના ઉપર જીવનનો આધાર છે તો દયા કરો.'' સંન્યાસીએ તેના સામી દૃષ્ટિ કરી, આંખે હાથ ફેરવ્યો અને ભગવાનદાસની આંખોમાં સૂર્યનારાયણ પ્રગટ થયા. ભગવાનદાસે ધરતી ઉપર અજવાળું જોયું અને તેઓ ગદ્‌ગદ થઈ ગયા.''

અમે એ સંન્યાસીની સેવામાં રહેતા ને જે જોઈએ તે વસ્તુ લાવી આપતા. એક દિવસ પ્રસન્ન થયેલા સંન્યાસીએ કહ્યું : ''જે જોઈએ તે માંગો.'' ત્યારે અમે કહ્યું :

**આરોગ્યતા ઉદ્યમ હોય સારો, સતી સુનારી સુત સેવનારો, કુટુંબમાં સંપ સુમિત્ર ગેહ, સંસારમાં છે સુખ સાત તેહ.**
**વ્યાધિ ઉપાધિ ઋણ હોય માથે, કુભારજા ક્લેશ કુટુંબ સાથે, કુપુત્ર કે હોય કુમિત્ર સંગ, તે દુઃખનાં સાત ગણાય અંગ.**

(શ્રીહરિલીલામૃત : ૫/૧૮/૫૧-૫૨)

આરોગ્યતા, સારો ઉધમ, સતી નારી, સેવકપુત્ર, કુટુંબમાં સંપ, સારો મિત્ર, સારું ઘર, આ સંસારના સાત સુખ છે. અને વ્યાધિ,

ઉપાધિ, ઋણ, કુભાર્જા, કુટુંબમાં ક્લેશ, કુપુત્ર અને કુમિત્રનો સંગ આ સંસારના સાત દુઃખ છે.

હે સંન્યાસી મહારાજ ! આપની કૃપાથી અમને કોઈ પ્રકારનું દુઃખ નથી. સર્વ પ્રકારનું સુખ છે. અમારે બહુ ધન નથી જોઈતું. બહુ માન નથી જોઈતું. નથી જોઈતા ઘણા ઘાટ-રાજપાટ. માત્ર અંતરમાં એક જ ઇચ્છા છે 'પ્રગટ ભગવાનના દર્શન કરવાની.'

સંન્યાસી કહે : "તમને ધન્ય છે. મારા આશીર્વાદ છે તમને પ્રગટ ભગવાન મળશે." ત્યારે અમે પૂછ્યું હતું કે ક્યારે ને કયા ગામ મળશે ? સંન્યાસીએ કહ્યું : "કોટિ બ્રહ્માંડના માલિક અત્યારે મનુષ્ય અવતાર ધારણ કર્યો છે. તેઓ સોરઠમાં વિચરે છે. જીવોના કલ્યાણ કરે છે. થોડા માસ પછી તેઓ બોચાસણ પધારશે. તેમનો પ્રૌઢ પ્રતાપ સાંભળી દર્શન કરવા પધારજો. તેમના ચરણમાં સોળ ચિહ્નો જણાય તો ભગવાન જાણજો."

ભગવાન શ્રીહરિ બાપુભાઈની વાત એક ધ્યાનથી સાંભળ્યે જતા હતા. આગળ વાત કરતાં બાપુભાઈએ કહ્યું : "એ મહાત્માની અમે સેવા કરી. બોરડી નીચેથી આસન છોડી ઘેર પધારવા ઘણું કહ્યું પણ એ તો એમ જ કહેતા કે આ સ્થાન જેવું કોઈ પવિત્ર સ્થાન નથી. આંહીં ભવિષ્યમાં લક્ષ્મીનારાયણનું મોટું મંદિર થશે."

ભગવાન શ્રીહરિએ એ વાત સાંભળી એકદમ કહ્યું : "અહો, ત્યારે તો બહુ પવિત્ર જગ્યા કહેવાય."

"મહારાજ ! એ તો એમ કહેતા હતા કે એ બોરડી નીચે લક્ષ્મીજીએ તપ કર્યું હતું તેથી ત્યાં નારાયણ સહિત લક્ષ્મી સદા બિરાજશે."

ભગવાન શ્રીહરિએ કહ્યું : "એવા સિદ્ધોની વાત ખોટી પડે જ નહિ."

"પણ મહારાજ ! પછી એ સિદ્ધ તો ત્યાંથી ચાલ્યા ગયા. અમે ઘણી ભાળ કાઢી, આજુબાજુના ગામોમાં તપાસ કરી પણ ક્યાંય ન મળ્યા !"

આ ભૂમિના આવા સંસ્કાર, આવાં પુણ્ય અને આ ભૂમિના વાસીઓની મુમુક્ષુતા પરખીને જ પોતે ઠેઠ ઉત્તરમાંથી સારા ભારતમાં ફરી અને ગુજરાતની ભૂમિમાં આવીને સ્થિર થયા હતા. તેમણે પણ આ જગ્યાની પ્રશંસા કરી બદરીને સુરતરુ જેવી જાણી હતી. એમની વાતોમાં આ ભૂમિનો મહિમા કહેતા :

**સ્મૃતિ થૈ વિશાળા સ્થળ તણી તે ભાળિને બદરી ભલી, અતિ મિષ્ટ તેમ ગરિષ્ઠ સુંદર ફળ વડે રહિ છે ફળી;**
**સંન્યાસિ જોઈ તપાશિ વાચ વિકાશિ ઉર અચરજ ધરી, સંસાર સરજનહાર જગ શણગારશું બદરી કરી.**
**ચંદન તરુ નંદન તણા તે જેહને વંદન કરે, સુરવૃક્ષ લક્ષ સમક્ષ જઈ જન દક્ષ મહિમા ઉચ્ચરે;**
**શિવસર્ગથી કે સ્વર્ગથી અપવર્ગથી શું ઊતરી ! સંસાર સરજનહાર જગ શણગારશું બદરી કરી.**
**હિમવાન શિખર સમાન તેજનિધાન રમ્ય સુરંગ છે, ઉત્તંગ અંગ અભંગ રંગ તરંગસંગ વિહંગ છે;**
**અવનીંદ્ર ઈંદ્ર મુનીંદ્ર ચંદ્ર નિવાસ જોગ ખરેખરી, સંસાર સરજનહાર જગશણગારશું બદરી કરી.**
**નર નાગ વાગ સુભાગથી તજિ રાગ રહિ આ ભાગમાં, વિખ્યાત વાત થશે ઘણી જનજાત વ્રાત અથાગમાં;**
**હરિધામ ગણિ આ ઠામ કરી આરામ આમ રહી ઠરી, સંસાર સરજનહાર જગશરણગારશું બદરી કરી.**

(શ્રીહરિલીલામૃત : ૫/૧૮/૩૮-૪૧)

ભોળા ભાવના બાપુભાઈએ ભગવાન શ્રીહરિના દિવ્ય સ્વરૂપના દર્શન કર્યા છતાં તેમનો આવો મહિમા ક્યાંથી સમજાય ? દર્શનથી આંખો પવિત્ર થાય, જ્ઞાનથી અંતર પવિત્ર થાય. શ્રીહરિના સ્વરૂપનું એ જ્ઞાન હજુ તેમને લાધ્યું ન હતું. તેમણે ફરી શરૂ કર્યું: "મહારાજ ! એ સિદ્ધે તો કહ્યું હતું કે તમારા ગામમાં પૂર્ણ પુરુષોત્તમનારાયણ પધારશે."

શ્રીહરિએ તરત જ કહ્યું : "હા, આવ્યા જ છે ને !"

આ શબ્દો સાંભળી બાપુભાઈના અંતરકમાડ ઊઘડી ગયાં : "અહો, મારી નયનગોચર જ પૂર્ણ પુરુષોત્તમનારાયણ !" થોડા વખત પહેલાં જ સમાધિમાં જે સ્વરૂપનાં દર્શન થયાં હતાં તે તેઓ ભૂલી ગયા હતા. તેમને તે સ્મૃતિ થઈ આવી. ફરી ગદ્‌ગદ્ થઈ ગયા અને શ્રીહરિના ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા : "મહારાજ ! આપ તો સર્વજ્ઞ છો છતાં મારા જેવા અબુધની વાત સાંભળ્યે જ રાખી ?"

ભગવાન શ્રીહરિ હસીને બોલ્યા : "તમારી આવી ભક્તિભાવભરી વાતો સાંભળવા જ અમે પ્રગટ થયા છીએ. અમારું સર્વજ્ઞપણું દબાવીને તમારી સાથે તમારી રીતે વર્તીએ તો જ તમને આનંદ આવે ને !"

શ્રીહરિ મંદમંદ હસ્યા ને ઊભા થઈ બાપુભાઈને મેડે પધાર્યા. સંતો બધા ત્યાં જ રહ્યા. બાપુભાઈના આઠ પુત્રો રણછોડભાઈ, બેચરદાસ, દાજીભાઈ, કાનદાસ, ભાઈજીભાઈ, રાઈજીભાઈ, વ્રજભાઈ, મૂળજીભાઈ તથા રણછોડભાઈના પત્ની રંગબાઈ શ્રીહરિની સેવામાં ગૂંથાઈ ગયા હતા. શ્રીહરિએ ત્યાં ઉપદેશની વાતો કરી. કેટલાક ભક્તોને સમાધિ પણ કરાવી. શ્રીહરિની દિવ્ય મૂર્તિનો અદ્‌ભુત

પ્રતાપ અને અષ્ટાંગ યોગની સાધના વિના પણ સદ્ય સમાધિની સ્થિતિ કરાવતા જોઈ ત્યાં સૌને શ્રીહરિનો અપાર મહિમા સમજાયો.

રણછોડદાસ રસોઈની વ્યવસ્થામાં હતા. તેમણે પવિત્ર બ્રાહ્મણ બોલાવી તેની પાસે સુંદર રસોઈ કરાવી. મુકુન્દવર્ણીએ થાળ કર્યો. શ્રીહરિ થાળ જમ્યા. પછી સંતોને પોતે પીરસ્યું. પકવાનને દૃષ્ટિપ્રસાદી કરી હરિભક્તોમાં તે પિરસાવ્યાં. સૌ તૃપ્ત થઈ ગયા.

## ● ભગવાન શ્રીહરિએ દાજીભાઈને સોળ ચિહ્નો દર્શન કરાવી શંકાનું નિવારણ કર્યું :

ભગવાન શ્રીહરિ પછી તેમના ફળિયામાં ગાડાના માંચડા ઉપર જ ગાદલાં નખાવીને પોઢ્યા. દાજીભાઈ શ્રીહરિની સેવામાં હતા. તેમણે શ્રીહરિનો પ્રતાપ જોયો, ઉપદેશની વાતો સાંભળી, સમાધિમાં ગયેલા ભક્તોની સ્થિતિ પણ જોઈ છતાં તેમને અંતરમાં શ્રીહરિના પુરુષોત્તમ સ્વરૂપની પ્રતીતિ આવી ન હતી. તેમણે સાંભળ્યું હતું કે ભગવાનનાં ચરણારવિંદમાં સોળ ચિહ્ન હોય. જો શ્રીહરિના ચરણમાં સોળ ચિહ્ન હોય, તો તે ભગવાન, નહિ તો નહિ. જીવના સંકલ્પોનો કોઈ અંત હોતો નથી. અર્જુનને ભગવાને વિશ્વરૂપ બતાવ્યું. પોતાની અનંત વિભૂતિઓનાં સ્વરૂપો કહ્યા છતાં તેમના સંશયનો અંત આવ્યો નહિ. તેણે પ્રશ્નો પૂછ્યે જ રાખ્યા. છેવટે શ્રીકૃષ્ણ ભગવાનની કૃપાથી જ તેના મોહનો અંત આવ્યો. તેમ દાજીભાઈના અનિશ્ચિત મનમાં ઘેરાયેલી શંકાઓએ તેમને શ્રીહરિના સ્વરૂપમાં કાંઈક નવું જોવા પ્રેર્યા, અને શ્રીહરિની પણ તેમના ઉપર કૃપા હતી જ. પોતાનું સ્વરૂપ તેમને ઓળખાવવું હતું તેથી તેમણે તેમના બંને ચરણ પ્રસાર્યા અને તેમાં સોળે ચિહ્નના દાજીભાઈને દર્શન કરાવ્યાં. દાજીભાઈની શંકાનું નિવારણ થયું. શ્રીહરિ સાક્ષાત્ ભગવાન છે એવો નિશ્ચય તેમને થઈ ગયો.

રાત્રે શ્રીહરિ તેમની મેડીએ પલંગમાં પોઢ્યા. સવારે નિત્યવિધિથી પરવારી જ્ઞાનવાર્તા કરી, વાસણ સુથારના આમંત્રણથી તેને ઘેરે પધાર્યા. તેના ઘરની પાછળ દાડમડીના ઝાડ નીચે ઢોલિયા ઢાળી શ્રીહરિને ત્યાં પધરાવ્યા. શ્રીહરિની તેણે ભાવપૂર્વક પૂજા કરી અને પ્રાર્થના કરી કે "હે મહારાજ ! આપના ચરણકમળનું નિત્ય ધ્યાન રહે એવી કૃપા કરો."

ભગવાન શ્રીહરિ તેની ભક્તિથી પ્રસન્ન થઈ ગયા. તેને વરદાન આપીને પછી પોતાની સાથે આવેલા સંતોને લઈને શ્રીહરિ પોતાના ઉતારે પધાર્યા.

## ● જોબનને ભગવાન શ્રીહરિનો ઘોડો ચોરવાનું મન થાય છે :

વડતાલમાં જોબનપગી રહેતો હતો. મોટા ભૂપતિઓ તેનાથી ભય પામતા. ચારે દિશામાં ચોરી કરે છતાં પકડાતો નહિ. મોટા રાજાઓની માલ-સંપત્તિ લૂંટી લેતો. ધોળે દિવસે પણ માર્ગમાં લોકોને લૂંટે. સો સો ગાઉ સુધી રંકથી લઈ રાજા સુધી એનું નામ જાણીતું હતું.

'શ્રીહરિ ભગવાન છે, બહુ જ પ્રતાપ બતાવે છે' - એવી વહેતી થયેલી વાતોથી વડતાલમાં રહેતો જોબન પગી અકળાયો. તેને થયું કે આ ભગવાન પાસે પાણીદાર ઘોડો છે તે જ ઉપાડવો જોઈએ. જોઈએ કેવું ભગવાનપણું દેખાડે છે ?

તે વખતે જોબનનો ત્રાસ સારા ગુજરાતમાં વર્તતો હતો. એમ કહેવાતું કે તે વખતે જોબનનું તીર ચાલતું હતું. તેના ભાઈઓ સુંદર, દલો અને શકરો પણ એવા જ બળિયા હતા. ત્રાસ વર્તાવવામાં પણ મોળો પડે એવા ન હતા. જોબન બધાનું પગેરું પકડતો પણ જોબનનું પગેરું કોઈ પકડી શકતું નહિ. વર્ણીવેશે ભગવાન શ્રીહરિ તેને ઘેર પધાર્યા હતા. તેનું અન્ન જમ્યા હતા. પરંતુ તેની તામસી વૃત્તિથી એ બધું ભુલાઈ ગયું હતું. તેની નજર તો ફક્ત શ્રીહરિના રોઝા ઘોડા ઉપર જ હતી. તેણે સુંદર પગીને બોલાવીને કહ્યું : "આજ રાત્રે આ ભગવાનનો ઘોડો ઉપાડવો છે. એવે ઠેકાણે લઈ જવો કે એની દશ કોઈને જડે નહિ."



સુંદર પગીને જોબનના આ શબ્દો ગમ્યા નહિ. તેણે કહ્યું : "જોબન ! મેં એ ભગવાનનાં

છેટેથી દર્શન કર્યા છે. બહુ જ પ્રતાપી છે. માટે એમની છેડતી કરવી ઠીક નથી.''

''અરે ! એવા ભગત થઈએ તો પેટ ફોડી નાખવું પડે. આપણો ધંધો પડી ભાંગે. ફરી આવો કાઠિયાવાડી પાણીદાર ઘોડો હાથ ન આવે.''

સુંદર પગીએ જાણ્યું કે જોબન લીધી લત મૂકે તેવો નથી, તેથી તેણે કશો જવાબ આપ્યો નહિ. અર્ધી રાત્રે જોબન ઊઠ્યો અને બાપુભાઈને ઘેર પહોંચ્યો. ધીરે રહીને તેણે ખડકીનું કમાડ ઠેલ્યું. ફળિયામાં જ સૂતેલા રાઈજીભાઈ અવાજ સાંભળતા એકદમ જાગી ગયા. પાંગત્યે જ તલવાર હતી તે લઈને એ એકદમ કૂદ્યા. અંધારામાં કોણ છે તે તેને ન ઓળખાયું પણ જોબનને તેમના હાથમાં ચળકતી તલવાર દેખાણી. તે થોડો દૂર ખસી ગયો.

રાઈજીભાઈએ પૂછ્યું : ''કોણ છો ?''

આ શબ્દો સાંભળી જોબન હસ્યો. તેણે કહ્યું : ''એ તે કાંઈ પૂછવાનું હોય ? કાળી રાતે જોબન સિવાય બીજો કોઈ તમારે ત્યાં હોય ?''

રાઈજીભાઈ ચમક્યા. એ અવાજમાં બીજા પણ જાગી ગયા. રાઈજીભાઈએ જોબનને કહ્યું : ''અમારી છેડતી કરો છો પણ તે ભારે પડી જશે.''

જોબન આ સાંભળી લુચ્ચું હસ્યો. તેણે કહ્યું : ''મોટા ! તમે તો ઘરના કહેવાવ. તમારી છેડતી કરવી એ અમારો ધરમ નથી પણ તમારે ત્યાં જે ભગવાન આવ્યા છે ને તેનો રોઝો ઘોડો જરૂર પડાવવો છે. આજે તો તમે જાગી ગયા છો પણ એ ગમે ત્યાં હશે ત્યાંથી હું એ ઘોડો લીધા સિવાય છોડવાનો નથી.''

એટલામાં દીવા થયા. જોબન હજુ પણ સ્થિર ઊભો હતો. સૌએ તેને જોયો. તેના મોં ઉપર અણગમતો એક પણ ભાવ કોઈને દેખાયો નહિ. તે શાંત હતો પણ તેના હાવભાવ ઉપર તેણે કરેલા નિર્ણયની દૃઢતા દેખાતી હતી.

બાપુભાઈ પણ ત્યાં આવી ગયા. તેમણે જોબનને જોયો. તેમનું પાટીદારી ખમીર ઊછળ્યું. છલાંગ મારીને તે જોબનને પકડવા ગયા. જોબન એક ડગલું પણ ન ખસ્યો. તેણે કહ્યું : ''મોટા ! તમે મને ઓળખો છો. આ રીતે તો તમે નહિ ફાવો અને મારે પણ તમારી આમાન્યા રાખવી પડે.''

બાપુભાઈએ તેનું માથું જોરથી પકડ્યું, ખૂબ હલાવ્યું અને કહ્યું : ''આવા પાપી જ રહેવું છે કે જન્મારો સુધારવો છે ?''

''જન્મારો તો તમારા ભગવાનનો ઘોડો મળશે ને એટલે સુધરી જ જશે. મોટા ! તમને તો પાયે પડું છું પણ તમારા ભગવાનને કદી હું છોડવાનો નથી.''

ભગવાન શ્રીહરિ આ અવાજથી જાગી ગયા. આ શબ્દો સાંભળીને શ્રીહરિ મેડીની બારી પાસે આવીને કહ્યું : ''બાપુભાઈ ! ધીરજ રાખો. આ જોબનપગી એક દિવસ અમારો ભક્ત બની જશે ! એટલું જ નહીં પરંતુ 'ભક્તરાજ' બની અમારી તથા સંતો-ભક્તોની સેવા કરી તમારા ગામનું નામ આખાયે જગમાં પ્રખ્યાત કરશે..!'

ભગવાન શ્રીહરિના આ શબ્દો સાંભળી બાપુભાઈ ગદ્‌ગદ્‌ થઈ ગયા ને ચરણોમાં પડી પગે લાગ્યા અને કહ્યું : ''હે પ્રભુ ! તો તો અમારા ધન્યભાગ્ય કહેવાય. કેમ કે, અત્યારે તો આ જોબનપગીનાં કાળાં કૃત્યોને કારણે કોઈ અમારા ગામમાં સારા માણસો સગાં થતાં નથી. પરંતુ આપ બોલ્યા કે, આને કારણે વડતાલ વિશ્વમાં પ્રસિદ્ધ થશે, તે ક્યારેય મિથ્યા નહિ થાય એવો મને વિશ્વાસ છે.''

શ્રીહરિએ બાપુભાઈને આશીર્વાદ આપી ભવિષ્યવાણી ભાખતાં કહ્યું : ''બાપુભાઈ ! હવેથી જોબન પગીનાં કુકર્મો નિષ્ફળ થતાં જશે અને સદ્‌કર્મો સફળ થતાં જશે. અમને એની ખબર છે ! જોબનપગીને ઘોડી ચોરવામાં મળેલી આ નિષ્ફળતા જ તેને સદ્‌માર્ગે પ્રયાણ કરવાની શરૂઆત કરાવશે. હવે તે કોઈ પણ ખરાબ કાર્ય કરશે તો દરેક કાર્યમાં તેને નિષ્ફળતા મળશે. તેથી તે દિનપ્રતિદિન અંતરમુખી બનશે.''

જોબને આ શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા અને તે ત્યાંથી નીકળી ગયો.

## ● વડતાલની ભૂમિમાં મંદિર નિર્માણ કરવાનું મૂળ રહસ્ય :

ભગવાન શ્રીહરિ વડતાલમાં ત્રણ દિવસ રહ્યા અને પછી ત્યાંથી નીકળ્યા. નીકળતી વખતે પણ બદરીવૃક્ષ પાસે આવ્યા. તેની નીચે થોડીવાર બિરાજમાન થયા અને પછી ત્યાંથી ચાલ્યા. તે વખતે બાપુભાઈએ ફરી પૂછ્યું : ''મહારાજ ! આ સ્થાન આપને કેમ આટલું પ્રિય થઈ ગયું ?''

''પૂર્વે આ હિડંબા (હેડંબા)વન હતું. નાદરજીના વચને ભૃગુઋષિની પુત્રી લક્ષ્મીજીએ આ બદરીવૃક્ષ નીચે તપ કર્યું હતું. તે તપથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેને દર્શન દીધાં અને વરદાન માગવા કહ્યું. લક્ષ્મીજીએ માગ્યું કે 'આપ મારા પતિ થાઓ. વળી, આ

સ્થાન મને બહુ પ્રિય છે તેથી આ સ્થાનમાં આપણે સાથે લક્ષ્મીનારાયણ સ્વરૂપે બિરાજીએ એવું સુંદર મંદિર અહીં થાય.'

''ભૃગુઋષિને ત્યાં એક પુત્રીનો જન્મ થયો. તેનું 'લક્ષ્મી' નામ રાખ્યું. લક્ષ્મીદેવી પરણવા લાયક થયા ત્યારે તેમને ત્યાં નારદજી પધાર્યા. ભૃગુઋષિએ નારદજીની ભાવથી પૂજા કરી ભોજન જમાડ્યું. લક્ષ્મીદેવીએ વંદન કરી પોતાને યોગ્ય વરની માગણી કરી. ત્યારે નારદજી કહે : 'વિષ્ણુદેવ તમને યોગ્ય વર છે. ઉગ્ર તપ કરે તેને વિષ્ણુ પતિ તરીકે મળે છે.' લક્ષ્મી કહે : 'તપ કરવા યોગ્ય કોઈ તપોભૂમિ બતાવો. ત્યાં જઈ હું તપ, જપ કરી વિષ્ણુને પતિ તરીકે મેળવું.'

**જપ તપ નિજ ઘેર કરાય, સાધારણ ફળ તેહનું થાય; નદીતીરે કે દેવને ધામે, કરે તો ફળ શતગણું પામે.**
**તેથી પણ જ્યાં પવિત્ર પ્રદેશ, જપ તપ કરે ત્યાં જઈ લેશ; તેનું લક્ષ ગણું ફળ થાય, શ્રુતિ શાસ્ત્ર કહે છે સદાય.**
**ક્ષેત્ર સર્વોપરિ જે ગણાય, ત્યાંના તપનું અક્ષય ફળ થાય; કહે લક્ષ્મિ દયા દિલ લાવો, અતિ ઉત્તમ ક્ષેત્ર બતાવો.**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૦/૮-૧૦)

ત્યારે નારદજીએ કહ્યું :

**કહે નારદ સાંભળ બાઈ, કહું ક્ષેત્ર અક્ષય ફળદાઈ; મહિસાગર ને વેત્રવતી, ત્રીજી સાભ્રમતી કરે ગતી.**
**તેહ ત્રણેના મધ્યે પાવન, હિતકારી છે હેડંબા વન; તરુ વેલી તણો નહીં પાર, બદરી એક તંબુ આકાર.**
**તમે ત્યાં રહીને તપ કરો, હૈયે ધ્યાન શ્રીકૃષ્ણનું ધરો; દ્વાદશાક્ષર મંત્રને જપો, પાંચ અગ્નિ તણા તાપ તપો.**
**તેથી શ્રીપ્રભુ થાશે પ્રસન્ન, વરવાનું તે દેશે વચન; બિજા જે જે મનોરથ હશે, સર્વ તે સ્થળે પૂરણ થશે.**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૦/૧૧-૧૪)

## • લક્ષ્મીજીની તીવ્ર તપસ્યા :

લક્ષ્મીજીએ આ સ્થળે તીવ્ર તપ કર્યું. ત્યારે ભગવાને દર્શન દીધા અને વરદાન માગવા કહ્યું. ત્યારે લક્ષ્મીજી કહે, 'તમે મને વરો. સદા સેવામાં રાખો.' ભગવાને 'તથાસ્તુ' કહ્યું ને બીજું વરદાન માગવાં કહ્યું. લક્ષ્મીજી કહે :

**કમળા કહે કરુણાનિધાન, મને વાલું લાગે છે આ સ્થાન; આંહિ મંદિર મોટું રચાય, તેમાં આપણી મૂર્તિ થપાય.**
**સર્વદા આંહિ આપણે વસિયે, ક્ષણમાત્ર ન વેગળાં ખસિયે; તીર્થ સર્વોપરી આ ગણાય, કરે પુણ્ય અક્ષયફળ થાય.**
**કરે ઇચ્છાથી જો અનુષ્ઠાન, પામે તે ધન ધાન્ય સંતાન; મુનિ મોટા આશ્રમ કરી રહે, તીર્થ કરવા બ્રહ્માદિક ચહે.**
**કરે ભક્તિ ઠરીને આ ઠામે, મોક્ષઅર્થિ તે મોક્ષને પામે; આપ આપનું દૈવત લાવી, સર્વ તીર્થ વસે અહીં આવી.**
**રસકસ ઘણો આ સ્થળે રહે, લોકો પ્રાંત ચારુત્તર કહે; ભલા રાજી થયા ભગવાન, તો તે આપો મને વરદાન.**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૦/૨૦-૨૪)

પ્રભુ ! આ સ્થાન મને અતિશય વહાલું છે. અહિ મોટું મંદિર રચાય ને તેમાં આપની મૂર્તિઓ સ્થાપન થાય. આ સ્થાન તીર્થ ગણાય. અહીં કોઈ પુણ્ય કરે તેને અક્ષયફળ થાય. સકામ મનોરથથી અનુષ્ઠાન કરે તો ધનધાન્ય ને સંતાન પામે. મોક્ષાર્થી મોક્ષ પામે. આપના દૈવત્વથી તીર્થોનો સદા નિવાસ થાય ને આ ધરતીમાં બહુ રસકસ રહે એવું વરદાન આપો.

ભગવાન વિષ્ણુ કહે :

**કહે વિષ્ણુ આ તીર્થ ગણાશે, તમે માગ્યું તે તો બધું થાશે; કળિકાળ પ્રવર્તશે જ્યારે, અતિ વ્યાપશે અધરમ ત્યારે.**
**આપે અક્ષરધામ નિવાસી, પુરુષોત્તમ પરમપ્રકાશી; ધર્મસ્થાપન કરવાને કાજ, આવશે લઈ મુક્ત સમાજ.**
**ધરણી પર નરતનુ ધરશે, આવી આ સ્થળમાંહિ વિચરશે; અતિ જાણી પવિત્ર આ ઠામ, કરશે નિજનું મુખ્ય ધામ.**
**છબિ લક્ષ્મીનારાયણ તણી, પધરાવશે પ્રીતિથી ઘણી; છબિમાં રહેશે બહુનામી, જેમ જીવમાં અંતરજામી.**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૦/૨૫-૨૮)

'તથાસ્તુ. અહીં મોટું તીર્થ થશે. અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ધર્મસ્થાપન કરવા ધરતી પર અવતરશે ત્યારે આ સ્થળે આવી નિવાસ કરશે. લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ પધરાવશે.' આટલું વરદાન આપી પ્રભુ અંતર્ધાન થયા. લક્ષ્મીજી પાછા પિતાના ભવનમાં પધાર્યા.

એ વિષ્ણુ ભગવાનના વરદાનથી ભવિષ્યમાં અહીં લક્ષ્મીનારાયણનું મોટું મંદિર થશે.'' શ્રીહરિએ આ ભૂમિનો મહિમા કહ્યો અને ભવિષ્યકથન પણ કર્યું. બાપુભાઈ પોતાની ભૂમિનો આવો મહિમા સાંભળી પ્રસન્ન થયા.

### • મુક્તાનંદ સ્વામી દ્વારા વડતાલમાં સત્સંગનું પોષણ :

પછી શ્રીહરિ વડતાલથી જેતલપુર પધાર્યા. જેતલપુરમાં એક દિવસ મહારાજે મુક્તાનંદસ્વામી વગેરે સંતોને કહ્યું, 'વડતાલમાં બહુ મુમુક્ષુઓ છે.' સંતો કહે, 'મહારાજ એ તો લુંટારાઓનું ગામ કહેવાય છે.' ત્યારે શ્રીહરિ કહે, 'ત્યાં ઘણા સારા જીવો પણ જન્મ્યા છે. માટે તમે સત્સંગ કરાવવા માટે વડતાલ જાવ.'

**દૈવી જીવ ઘણાક છે ત્યાંય, તે તો આવશે સત્સંગમાંય; કેટલાક અમે સમજાવ્યા, તેથી સત્સંગમાં તેઓ આવ્યા.**
**તમે જૈને કરો ઉપદેશ, તેથી આવશે અન્ય વિશેષ; અમદાવાદમાં અમે જાશું, પછી કચ્છને મારગે થાશું.**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૦/૩૩-૩૪)

શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદસ્વામી મંડળ સાથે વડતાલ આવ્યા. કુબેરદાસભાઈ પટેલને ઘેર ઉતારો કર્યો. ત્યાં નારાયણગિરિ ગોસાંઈ નિત્ય કથા સાંભળવા આવતા. તેથી તેને સત્સંગનો રંગ લાગ્યો અને સ્વામી પાસે કંઠી બંધાવી સત્સંગી થયા. પછી એક દિવસ વિનંતી કરી, 'હે સ્વામી ! આપણે સાધુએ ગૃહસ્થના ઘરે રહેવું તે બહુ ફાવે નહીં. માટે જો તમને અનુકૂળ હોય તો માતાજીના મઠમાં આવો. ત્યાં હું એકાંત જગ્યા આપીશ. વળી, ત્યાં સત્સંગ થાય એવું મોટું ફળિયું છે. સત્સંગસભા સારી થશે. તેથી સહુને આનંદ આવશે.' ત્યારે સ્વામીએ હા કહી.

બીજે દિવસે વડેઉ માતાના મંદિરમાં સંતોએ ઉતારો કર્યો. સહુને ત્યાં ગમ્યું. સાંજે ત્યાં જ કથા-વાર્તા તથા કીર્તન-ભક્તિ કરી. માણસો સાંભળવા આવવા લાગ્યા. એક દિ' જોબનપગી પણ આવ્યા. સંતો ત્યારે રસોઈ બનાવતા હતા. થોડીવારે થાળ તૈયાર થયો એટલે ઠાકોરજીને થાળ ધરાવ્યો, સંતો જમ્યા. પછી મુક્તાનંદ સ્વામીએ રાજી થઈને તે પ્રસાદી નારાયણગિરિ ગોસાંઈને તથા જોબનને આપી. સંતોના હાથની નિર્ગુણ પ્રસાદી તે બંને જમ્યા. તેથી તેનાં હૃદય નિર્મળ થયાં. સદ્‌વિચારો આવ્યા.

શ્રીહરિ અને સંતોના હાથની પ્રસાદી જમીને કાંઈક જીવો ભવજળ તરી ગયા છે. મોક્ષ પામ્યા છે. આવા ઈતિહાસમાં અનેક દાખલાઓ છે. પછી મુક્તાનંદ સ્વામીએ સભા કરી. ઘણા માણસો સભામાં વાતો સાંભળવા આવ્યા. જોબન પગી પણ તે દિવસે કથા સાંભળવા બેઠા. પથ્થરને પણ પીગાળી નાખે એવી સ્વામીની વાતો સાંભળી અનેકના જીવનમાં અસર થઈ, તેથી તેઓની કસર ગઈ. ઘણા ભક્તો શ્રીહરિને શરણે થયા. સ્વામીએ તે ભક્તોને વર્તમાન ધરાવ્યા. ત્યારે તે ભેળા જોબન પગીએ પણ સ્વામી પાસે વર્તમાન ધરાવી કંઠી બંધાવી.

જેને સત્સંગ થયો તેનાં નામ આ મુજબ છે : નારાયણગિરિ ગોસાંઈ, વાસણ સુતાર, દાદાભાઈ, પ્રભુદાસ, વ્રજલાલભાઈ, થોભણદાસ, વાલાભાઈ, ભાઈજીભાઈ, વસનભાઈ, રાયજીભાઈ, દાજીભાઈ, ગોર વનમાળી, જોબન પગી તથા તેમના ત્રણેય ભાઈ સુંદરજી, શકરાજી અને દલાજી વગેરે સત્સંગી થયા. તેમજ બામરોલીના તખાપગી પણ સત્સંગી થયા. આમ જોબન પગીએ મુક્તાનંદ સ્વામીને ગુરુ કર્યા; પણ તેમના પાપને તોડવા હજી મોટી સુરંગની જરૂર હતી. કેમ કે, બહુ ઝાઝાં પાપ કર્યાં હતાં તેથી તેને સદ્‌રસ્તે ચઢતા ઘણીવાર લાગે. પરંતુ સારા સંગની અસર તો જરૂર થઈ.

જોબન પગીને મુક્તાનંદસ્વામીનો ગુણ આવ્યો ત્યાં તેનું હૈયું નિર્મળ બની ગયું. જોબનપગી વગેરે ત્રણેય બંધુઓ પણ હરિભક્ત થયા. તખાપગીના કહેવાથી સ્વામીએ આસપાસના ગામના દૈવી જીવોને પણ સદ્‌બોધ આપ્યો.

## ❋ શ્રીહરિચરિત્રામૃતસાગર



સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં વડતાલમાં રાજાધિરાજ સ્વરૂપે ભગવાન શ્રીહરિ પ્રથમવાર પધાર્યા તે પ્રસંગનું અલૌકિક રીતે દિવ્યભાવમાં સુંદર વર્ણન કર્યું છે :

શ્રીહરિ પહેલીવાર વડતાલમાં પધાર્યા ત્યારે બધા ગામજનો આગળ બોલ્યા, આ વડતાલ ગામ આખા ચરોતર પ્રદેશની મધ્યમાં છે. અહીંથી ચારે તરફ દસ દસ કોશ સુધી જાત જાતના અપાર વૃક્ષો છે. તેમાં પણ સહુથી સારા આંબાના વૃક્ષ તો અનંત છે. જાણે વૃંદાવનનો બધો પ્રદેશ અહીં આવીને પ્રકટ થયો હોય, તેમ લાગે છે. અને પક્ષીઓમાં પ્રવેશ કરીને મોટા ઋષિઓ જાણે તપ કરતા હોય તેમ લાગે છે. ચારે બાજુ દસ દસ કોશ

સુધી વિવિધ પ્રકારના પંખીઓ રહ્યા છે. જાણે તે બધા ધામના અપાર ઋષિઓ તપ કરવા માટે અહીંયાં આવ્યા હોય તેમ જણાય છે. શ્રીહરિની આવી આશ્ચર્યકારી વાત સાંભળીને તે સમયે બધા વડતાલના ભક્તો બોલ્યા, આપ ભગવાન છો, એટલે જે કહો છો તે ક્યારેય અસત્ય નહિ હોય. અમે તો અલ્પજ્ઞ મનુષ્ય છીએ એટલે કાંઈ જાણતા નથી. આપની ગતિ તો આપ જ જાણો છો. અહીંયાં કોઈ મોટું ધામ નથી અને ભગવાનના કોઈ અવતાર પણ અહીં આવીને રહ્યા નથી.

## • ભગવાન શ્રીહરિની સર્વોપરિતાથી વડતાલની સર્વોપરિતા :

**તબ શ્રીહરિ બોલત ભયેઉ, ઈહાઁ ધામ સર્વોપરી રહેઉ । અવતાર ભયે હે હરિ કે જેતે, સર્વોપરી ઈહાઁ આયે તેતે ॥**

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, "અહીંયાં સર્વોપરિ ધામ રહ્યું છે અને ભગવાનના જે અવતાર થયા છે. તેમાં જે સર્વોપરિ છે તે અહીંયાં આવ્યા છે. અત્યારે ભગવાનની ઈચ્છાથી તે દેખ્યામાં આવતા નથી. આટલા પ્રદેશમાં અપાર મુક્તો ભર્યા છે. તેનો કોઈ પાર આવે તેમ નથી. જેટલી ઋષિપત્નીઓ, દેવાંગનાઓ અને ચારધામમાં રહેલી બધી દેવીઓ તેમ જ જેટલા ઋષિઓ અને દેવતાઓ કહેવાય છે તે બધા અહીંયાં મનુષ્ય દેહ ધરીને રહ્યા છે. કોઈને પોત પોતાના મૂળરૂપનું જ્ઞાન નથી. સહુ મનુષ્યભાવે વર્તે છે. જ્યારે તમને તે બધું જ્ઞાન થશે ત્યારે વાસ્તવિકતા તમારા જાણ્યામાં આવશે.

(એટલી વાત મહારાજે કરી.) (હવે ગ્રંથકાર કહે છે.) જોબનપગીના જેવો બીજો કોઈ ચોર નહિ. આખા દેશમાં પ્રસિદ્ધપણે સહુ તેને ઓળખે છે. શ્રીહરિનો પ્રતાપ દેખીને તરત જ તેનું અંતર નિષ્પાપ થઈ ગયું. તેણે શ્રીહરિ આગળ હાથ જોડીને કહ્યું, અમે બહુ પ્રકારે ચોરી કરી છે. અપાર માણસોને માર્યા છે. હવે આપ અમારો ઉદ્ધાર કરો. સો સો કોળીઓના ટોળા લઈને મોટા મોટા શહેરોને પણ વારમવાર લૂંટ્યા છે. બધા દેશને રગદોળી નાખ્યો છે. બીજા લોકોને ભય ઉપજાવીને આટલા દિવસ સુધી હું નિર્ભય રહીને ફર્યો છું. હું કોઈ રાજાને પણ ગણકારતો નથી. પણ હવે આપનાથી હું ભય પામ્યો છું. આપને દેખતાની સાથે મારું મન તત્કાળ મીણના જેવું ઢીલું થઈ ગયું છે. મારી નજર આગળ કાળ દેખાય છે. જાણે મને હમણાં જ કાળ ખાઈ જશે કે શું ? એવો ડર લાગે છે. હવે મને ઝાઝું જીવવાની પણ આશા નથી. મારો હાથ પકડીને હવે મને આપના શરણે લ્યો. ત્યારે જ ભય નાશ થશે. કેમ જે, આપ તો કાળના પણ કાળ એવા સાક્ષાત્ પ્રભુ પ્રકટ થયા છો.

શ્રીહરિએ જોબનપગીને શુદ્ધ મનવાળા જોઈને તેના હાથ પકડીને નિયમ ધરાવ્યા. પછી જ્યારે જોબનપગીએ પોતાના અંતરમાં જોયું ત્યારે શ્રીહરિએ જે કહ્યું હતું તે બધું તેણે દેખ્યું. જોબન પગીના ભયને લીધે બીજા સહુએ પણ તે સ્થળે જ બધા વ્યસન છોડવાના નિયમો લીધા. બધા જ શસ્ત્રોનો ત્યાગ કરી દઈને હાથમાં માળા ધારણ કરી. તેમના ભાઈઓ અને ભત્રીજાઓ જે હતા, તેમને પણ તે બધા નિયમ ધરાવ્યા. બીજા પણ જેટલા સગા-સંબંધીઓ હતા, તેમને પણ સત્સંગના નિયમ ધરાવ્યા. જોબનપગીના જગમાલ અને અમરસંગ નામે બે પુત્ર હતા, તેમને પણ પાકા નિયમ ધરાવ્યા. નારાયણગિરિ નામે એક ગોસાઈ હતા, તેમણે પણ તરત જ સત્સંગના નિયમ ધારણ કર્યા. કુબેરજીના જેટલા કુટુંબીઓ હતા, તે સહુએ પણ સત્સંગના નિયમ ધાર્યા. વડતાલ ગામના જેટલા લોકો આવ્યા હતા તે સહુએ નિયમ ધાર્યા.

## • વિશ્વકર્માએ વડતાલને સજાવ્યું :

શ્રીહરિની ઈચ્છા જાણીને વિશ્વકર્મા ત્યાં આવ્યા. કોઈ લોકમાં ક્યાંય ન હોય તેવી અતિશય અલૌકિક વડતાલપુરીને સજાવી દીધી. વડતાલપુરીને ઘણી જ વિશાળ બનાવી. ચારે બાજુ પુરના દરવાજા કર્યા. અદ્‌ભુત કનકનો ચારે બાજુ કોટ બનાવ્યો. તે એવો સુંદર બનાવ્યો હતો કે તેનું વર્ણન કરી શકાતું નથી.

બુરજની શોભા ઘણી રમણીય હતી અને કાંગરા પણ બહુ જાતના અને વિચિત્ર કર્યા હતા. કોટ ઘણો ઊંચો હતો. તેને દેખતા તેનો પાર આવતો ન હતો. ચારે તરફના તેના દરવાજા સાત સાત માળના હતા. તેના ઉપર સોનાના કળશ ઝગમગાટ કરી રહ્યા હતા. તેના સ્થંભમાં સ્ફટિકમણીના ગોખ હતા. હરેક માળમાં બાર બાર અને વીશ વીશ સ્થંભ શોભી રહ્યા હતા. દરવાજા ઉપર બબ્બે સોનેરી નિશાન આકાશ સુધી ઊંચા હતા. બધા ગોખમાં મોતીના તોરણ બાંધ્યા હતા. સ્ફટિકમણિના દરવાજા હતા. જે ઝગમગ પ્રકાશ કરી રહ્યા હતા. તેનો ઘાટ અલૌકિક હતો અને તેમાં પાંચ કમાનો શોભતી હતી.

જે મુખ્ય રાજમાર્ગ કહેવાય, તેને મણિઓ બાંધી શણગારી દીધા હતા. શ્રીહરિને રહેવા માટેનું જે ભવન મણિમય બનાવ્યું હતું. તે ભવનના સાત માળ બનાવ્યા હતા. બારણાઓ અને થાંભલાઓનો કોઈ પાર ન હતો. તેમાં વિવિધ ઘાટના ચિત્રો બનાવ્યા હતા અને તેની શોભા તો વર્ણવવી અશક્ય બની હતી. જેટલા ગોખ અને બારણાઓ હતા તેટલા મોતીના તોરણ બાંધી દીધા હતા. મોતીના

ઉલેચ ઊંચે બાંધ્યા હતા અને ઠેકઠેકાણે મણિના દીવાની રચના કરી હતી.

રાજમાર્ગની બંને બાજુએ સારી ઊંચી દુકાનો હતી. તે દરેક મકાન છ-છ માળવાળા હતા. તેની શોભા પણ વિચિત્ર પ્રકારની બની હતી. નાળિયેરના અને કેળના સુશોભિત વૃક્ષ ત્યાં રોપાવી દીધા હતા. જેટલી બજાર લાંબી હતી ત્યાં સુધી મણિના દીવા કરાવ્યા હતા. દુકાનોવાળા ભવનના જેટલા દરવાજા હતા તે બધાને મોતીના તોરણ બાંધ્યા હતા. વિવિધ ભાતના ચિત્રો બનાવ્યા હતા અને ધૂપ-દીપ કરીને તે ભવનોને શણગાર્યા હતા.

ગામમાં પણ જેટલા ભવન હતા તે બધાની ઉપર સોનેરી કળશ શોભી રહ્યા હતા. શ્રીહરિના મંદિર ઉપર તો સુવર્ણના અગણિત કળશ હતા. જેનો દેખે પણ પાર આવતો નહિ. રાધા અને રમા આદિક જે શ્રીહરિની શક્તિઓ કહેવાય છે તે સહુએ દિવ્યરૂપ ધારણ કરી લીધું અને સેવક બનીને સેવા કરવા લાગ્યા. વડતાલપુરની ચારે તરફ રહેલા બધા ગામોમાં મુક્તો અને દેવતાઓ રહ્યા છે. તે શ્રીહરિ પોતાના મનમાં જાણતા હતા. વડતાલથી ઉત્તર દિશામાં બામરોલી, જ્યાં ઘણી જ ધૂળ ઊડે છે. ઈશાન કોણમાં નરસંડા ગામ છે, પૂર્વમાં કણઝરી, દક્ષિણમાં જોળગામ પશ્ચિમમાં સંજાયા અને વાયવ્યમાં આખડોલ ગામ છે. તેની શોભા કહી શકાતી નથી.

અનેક બાગ બગીચાઓ ચારે બાજુ રહ્યા છે. તે સિવાય વન અને ઉપવનો તો અપાર રહ્યા છે. વાનરો અને અનેક પ્રકારના પંખીઓ ગણતરી કરે પાર ન આવે એટલા બધા છે. વાનર અને પંખીઓના શબ્દથી બધું આકાશ ગાજી રહ્યું હતું. શ્રીહરિ આવતા જે મંગળ વાતાવરણ થયું તેની ઉપમા કહી શકાતી નથી. તે સમયે ઈન્દ્ર પોતાના ઐરાવત હાથીને શણગારીને લઈ આવ્યા. તેથી સહુ લોકો આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા કે ઈન્દ્ર બરાબર યોગ્ય સમયે આવી ગયા.

### • વડતાલમાં ભગવાન શ્રીહરિએ હાથી ઉપર સવારી કરી :

વડતાલની ચારે દિશામાં જે ચાર સરોવર છે. તેમાં અથાહ જળ ભરેલું રહે છે અને કમળોથી તે રમણીય લાગે છે. સરોવરની ચારે તરફ જુદી જુદી જાતના ઝાડ રહ્યા છે. અપાર હંસોના અને સારસ પક્ષીઓના ટોળે ટોળા ત્યાં બેઠા હોય છે. અપાર જળકુકડાઓ સરોવરમાં નૃત્ય કરે છે. જાણે દેવગણ ગાન કરતા હોય તેમ ભમરા ગુંજારવ કરે છે. શ્રીહરિ વડતાલ ગામમાં પ્રવેશ કરવા તૈયાર થયા. મોતીના અનેક આભૂષણો પહેરીને સુંદર વેષ ધારણ કર્યો. સુંદર જરિયાની વસ્ત્રો પહેર્યા, તેનાથી મનોહર મૂર્તિ પ્યારી લાગતી હતી. જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે સુખકારી શ્યામસુંદર શ્રીહરિએ હાથી ઉપર સવારી કરી.

તે સમયે શ્રીહરિની સાથે જે દરબારો આવ્યા હતા. તેઓ પણ પોતાની શણગારેલી બધી સવારીને ત્યાં લાવ્યા. તે સહુએ જરિયાની વસ્ત્રો અને મોતીના ઘરેણા પહેર્યા હતા. ચોપદારો નેકી પોકારતા હતા. આગળના ભાગમાં અપાર મશાલો પ્રકટી હતી. સવારીના ડંકા અને નિશાન શ્રીહરિની આગળ ચાલતા હતા. સવારીમાં અનંત શોભા રચી હતી. ત્રિલોકીમાં એવી બીજી શોભા ક્યાંય ન હતી. વિવિધ ભાતના સુશોભિત સોનેરી ઝાંઝરીવાળા ભાલા શોભતા હતા.

વિવિધ પ્રકારનાં સોનેરી વાજિંત્રો વિવિધ છટામાં વાગવા લાગ્યાં. જેટલા મહામુક્તો કહેવાતા હતા તેઓ શ્રીહરિની સાથે જ આવ્યા હતા. તે બધા શ્રીહરિની આગળ ચાલતાં ચાલતાં વેદસ્તુતિનું ગાન કરતા હતા. જેટલા હરિભક્તો આવ્યા હતા તે બાઈઓ બાઈઓમાં અને ભાઈઓ ભાઈઓમાં ચાલતાં હતાં. સહુ મૂર્તિમાં ચિત્ત જોડીને સરસ રીતે મંગળ ધોળ રાગનાં કીર્તન ગાતા હતા. બીજી શોભા તો અનંત હતી પરંતુ મૂર્તિ સિવાય બીજું કાંઈ જોતા નહિ. સામૈયામાં આવેલા વડતાલવાસીઓએ જ્યારે વિશ્વકર્માએ અદ્‌ભુત રીતે શોભાવેલી વડતાલપુરી તરફ નજર કરી ત્યારે વિસ્મય પામ્યા કે ત્રિભુવનમાં આવું કોઈ પુર નથી. તેમને ચિત્તમાં ભ્રાંતિ થઈ આવી કે, આ કઈ પુરી અહીંયાં આવીને વસી ગઈ છે ? આવી પુરી તો આ લોકમાં ક્યાંય નજરે જોઈ નથી. ત્યારે શ્રીહરિ પણ તે જોઈને બોલ્યા કે, અરે ! આ તો મહાઆશ્ચર્યકારી વાત બની.



શ્રીહરિ વડતાલમાં પ્રવેશ્યા ત્યારે રાજબજારને સુંદર રીતે મણિઓથી બનાવેલી જોઈ. બધાં ભવન અને દુકાનો સોનેરી અને મણિમય હતાં. ઘર તો ઘણાં ઊંચા અને સુંદર અટારી અને છજાથી ભવ્ય લાગતાં હતાં. સુંદર મોર, પોપટ, મેના અને કોયલ વગેરે પક્ષીઓ છજા ઉપર છવાઈ ગયાં હતાં

અને એકીટશે સવારીને દેખી રહ્યાં હતાં. પુરની જેટલી સ્ત્રીઓ હતી, તે બધીએ દેવાંગનાઓનું રૂપ ધાર્યું હોય તેમ જણાતું હતું. અમૂલ્ય વસ્ત્રો અને આભૂષણો જે સુંદર પ્રકારનાં હતાં તે સહુએ પહેર્યાં હતાં. તે બધી સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન કરવા આવી હતી. સહુના હાથમાં મોતી ભરેલા થાળ હતા અને તે પાંચ માળના ભવનની અટારીમાં અને રવેશમાં આવીને ઊભી હતી. જ્યારે શ્રીહરિ સમીપે આવ્યા ત્યારે તે અત્યંત ઉત્સાહથી વધાવવા લાગી. મૂર્તિની ભારે અદ્‌ભુત રમ્યતાને દેખીને કેટલીક સ્ત્રીઓને તો પોતાના શરીરનું પણ ભાન ન રહ્યું.

જેટલા પુરવાસી પુરુષો હતા તે બધાએ મહાન દેવોના રૂપને ધાર્યા હતાં. બધાએ સોનેરી વસ્ત્ર અને સોનાના અપાર ઘરેણાં પ હેર્યાં હતાં. દુકાનોમાં અને તેની આગળ ભૂમિ ઉપર પણ અનેક લોકો ઊભા હતા. તેઓના હાથમાં કેસરચંદન અને ફૂલના હાર હતાં. શ્રીહરિ નજીક આવ્યા ત્યારે તે બધા ઘણા જ પ્રેમ મગન થઈને પૂજા કરવા લાગ્યા. વૃદ્ધો અને બાળકો સુધ્ધાં શ્રીહરિની પૂજા કરતાં હતાં. પુષ્કળ ગુલાલ ઉડાડાતો હતો અને બધા મુખથી 'જય જય' 'જય જય' આવો ઉચ્ચાર કરતા હતા. ગુલાલ તો એટલો ઝાઝો ઉડાડ્યો કે ઊંચે આકાશ અને નીચે ભૂમિ, બધું લાલ લાલ થઈ ગયું. શ્રીહરિની અપાર શોભા જોવા માટે તો બ્રહ્મા આદિક દેવો વિમાનમાં બેસીને આવ્યા. અને કેસરચંદન અને સુગંધી પુષ્પોની વારંવાર ઝડી વરસાવી. તેનાથી સમગ્ર પુરી સુગંધીમાન થઈ ગઈ.

બધા ગાંધર્વો વાજિંત્ર વગાડતાં હતાં. અપ્સરાઓ આવીને નૃત્ય કરતી હતી અને અતિ પ્રેમપૂર્વક ગાન કરતી હતી. આવો મહા ઉત્સવ છવાઈ રહ્યો હતો. વ્યાસ આદિ ઋષિઓ સામવેદનું ગાન કરતા હતા અને ચારણો છંદ તથા કવિત બોલતા હતા. જેટલા બંદીજનો (સ્તુતિ પાઠકો) આવ્યા હતા તે બધા શ્રીહરિનો વિમલ યશ ઉચ્ચારતા હતા. તેઓ એટલો ઊંચો ધ્વનિ કરતા હતા કે તેનાથી આકાશ ગાજી ઊઠતું હતું. શ્રીહરિ ગજરાજ ઉપર બેઠા હતા. તેની જે શોભા થઈ હતી તેવી તો પહેલાં ક્યારેય બની ન હતી. ભાઈરામદાસજી સ્વામી અને મુક્તાનંદ સ્વામી, બંને મોટેરા સદ્‌ગુરુઓને શ્રીહરિએ પોતાની સાથે હાથી ઉપર બેસાડ્યા હતા. તેઓ બંને શ્રીહરિને ચામર કરતા હતા. અતિશય તેજને લીધે મૂર્તિ એટલી ભવ્ય લાગતી હતી કે દર્શન કરતાની સાથે દેવો-મનુષ્યોનાં મન લોભાઈ જતાં હતાં. મૂર્તિ લોકોના ચિત્તને ચોરી લેતી હતી. આવો સમય કોઈ દિવસ આવ્યો ન હતો.


વિશ્વકર્માએ શ્રીહરિનો જ્યાં રાજદરબાર કર્યો હતો (પછીથી લક્ષ્મીનારાયણ દેવનું મંદિર થયું) ત્યાં સ્વયં પધાર્યા. રાજદરબારનો દરવાજો પૂર્વમુખે અતિ શોભતો હતો. દરવાજો સ્ફટિકમણિનો બનાવેલો હતો. તેની રમ્યતા અવર્ણનીય હતી. તેમાં અનેક પ્રકારનાં ચિત્રો કર્યા હતાં. તેને જોઈને શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા. જ્યારે શ્રીહરિ દરવાજા આગળ ઊતર્યા ત્યારે મોતી જડિત મોજડીઓ પહેરી. જ્યારે દરવાજાની અંદર આવ્યા ત્યાં એક મોટું મંદિર દેખાયું. તેને નવ નવ ગજ ઊંચા મણિ જડિત સ્તંભ ચારે બાજુએ હતા. આવા સાત માળ હતા. હરેક સ્તંભના ઉપર સોનાના કળશ હતા. એક એકથી નાના અને વિચિત્ર ભાતવાળા સાત કળશ હતા. અને તેમના ઉપર એક એક સોનાનું ઈંડું શોભી રહ્યું હતું.

શ્રીહરિના ભવનથી ઉત્તર તરફ એક ઉઙ્ગવળ મોટો મહોલ હતો. તેમાં વિચિત્ર મણિઓ જડ્યા હતા અને તેનાથી ઝગમગ ઝગમગ પ્રકાશ ફેલાઈ રહ્યો હતો. તેના પણ મણિજડિત અપાર સ્તંભ હતા. જે ગણી શકાય તેવા ન હતા. તેની બાજુમાં બે દરવાજા હતા જે ઘણાં જ ઊંચા હતા. જેટલા ભવન હતા, તે દરેકના ઉપર સુવર્ણ કળશ હતા. તેમાં બધા સંતોનો ઉતારો કરાવ્યો. શ્રીહરિ સપોતે તો પોતાના મંદિરમાં (ભવનમાં) ઊતર્યા. બીજા જે બંગલાઓ હતા તેમાં બધા દરબારોને ઉતારો કરાવ્યો હતો. કેટલાક ભવનમાં વર્ણીઓ ને સંન્યાસીઓ પણ ઊતર્યા હતા.

### • ભગવાન શ્રીહરિને રાજી કરવા મુક્તાનંદ સ્વામીએ નૃત્ય કર્યું :

શ્રીહરિ ગઢપુરમાં જ્યારથી રહ્યા ત્યારથી કેટલીય વાર વારંવાર વડતાલ આવતા હતા. શ્રીહરિએ વારંવાર વડતાલ આવીને ફૂલદોલ અને રામનવમીના ઘણા સમૈયા કર્યા છે. તેનો ગણતા પાર આવે તેમ નથી. ભીમ એકાદશી, જન્માષ્ટમી, અન્નકોટ, પ્રબોધની એકાદશી વગેરે ઉત્સવો ઘણા કર્યા છે. તેમજ અહીં વસંતપંચમીએ ખૂબ રંગ ઉડાડીને ઘણા સમૈયા કર્યા છે. અને અપાર ગુલાલ ઉડાડ્યો છે. કેટલીએ વખત બ્રહ્મભોજન કરાવ્યું, બ્રાહ્મણોને દાન બહુ અપાવ્યાં. બ્રાહ્મણ બટુકોને જનોઈ અપાવી છે અને કન્યાદાન પણ કર્યાં છે.

કેટલાક અન્ન-વસ્ત્રથી ગરીબ વિપ્રોએ શ્રીહરિની પાસે તેની યાચના કરી હોય ત્યારે તેમને અન્ન-વસ્ત્રનાં દાન પણ બહુ દીધાં છે. અને કેટલાકને તો કરજથી પણ છોડાવ્યા છે. કેટલાક બ્રાહ્મણોને તાંબા પિત્તળનાં વાસણ અપાવ્યાં છે. બીજાં દાન વારે વારે આપ્યાં છે અને જે ગાયોનાં દાન આપ્યાં, તેનો તો કોઈ પાર જ નથી. કેટલાક વિપ્રોને ઘરનું અને ભૂમિનું પણ દાન કર્યું છે અને કેટલાયનાં કષ્ટોનું નિવારણ કર્યું છે. કેટલીક એવી વિધવા સ્ત્રીઓ હોય કે જેને આગળ પાછળનું કોઈ જ સગું ન હોય, તેના ધર્મની રક્ષા માટે શ્રીહરિએ તેમને અન્ન અને વસ્ત્ર આદિ આપ્યાં છે.



(શ્રીહરિએ વડતાલમાં આવી ઘણી લીલાઓ કરી છે.) પોતાનું મંદિર (નિવાસનું ભવન) અને પુરીની રચના જોઈને શ્રીહરિ ઘણા ખુશ થયા. વિશ્વકર્માને પોતાની પાસે બોલાવ્યા. અને તેને અમૂલ્ય વસ્ત્ર અને ઘરેણાં પુરસ્કારરૂપમાં આપ્યાં. ત્યાંના જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી. પોતાને ઘેર સારી રસોઈ કરાવીને શ્રીહરિને ઘેર બોલાવીને જમાડતા. તેઓ પ્રેમથી શ્રીહરિને કેસરચંદન ચરચતા. તેમજ સંતો તથા દરબારોને પણ ચરચતા. બાજુબંધ, તોરા અને ફૂલોના હાર ઘણા જ પહેરાવતા. શ્રીહરિ કુબેરજીને ઘેર કેટલીય વાર પધાર્યા છે. વિપ્ર વનમાળી અને ગોસાઈ નારાયણગિરિને ઘેર પણ શ્રીહરિ પધાર્યા છે. કુંકુમ, કેસરચંદન અને હિંગળોક (ગંધક અને પારાની મેળવણીવાળો એક લાલ પ દાર્થ)નાં ચરણારવિંદ કાગળ અને વસ્ત્ર ઉપર ઘણાં જ છાપી આપ્યાં હતાં.

શ્રીહરિ જોબન પગીને ઘેર બહુ પધારેલા અને ઘણી વાર તેમને ઘેર સભાઓ પણ કરી હતી. રંગ પંચમીને દિવસ શ્રીહરિએ જોબન પગીને ઘેર આવ્યા હતા અને ત્યાં કેસરી રંગ બનાવડાવ્યો. પછી તે રંગ અને ગુલાલ ખૂબ જ ઉડાડ્યો હતો. ત્યાં શ્રીહરિએ કાગળ અને વસ્ત્ર મગાવીને ઘણાં જ ચરણારવિંદ છાપી આપ્યાં હતાં. ત્યાં દૂકડ, સરોદ અને સિતાર મગાવીને કીર્તનગાન પણ કરાવ્યું હતું. (આ વખતે શ્રીહરિ આવ્યા ત્યારે જોબનપગીને ઘેર) કીર્તનગાન કરતા દોઢ પહોર રાત ગઈ (સાડા દસ વાગ્યા) ત્યારે શ્રીહરિ ઘણા જ ખુશી થયા. અને પછી તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું, આપણામાં નૃત્ય કરતાં કોઈને આવડે છે ? જો ઘૂઘરા બાંધીને કોઈ નૃત્ય કરે તો અમે તેને અમૂલ્ય રેટો આપીએ. ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને રિઝવવા માટે પોતાના પગમાં ઘૂઘરા બાંધ્યા. ત્યારે શ્રીહરિએ જે જરિયાની ભારે રેટો બાંધ્યો હતો તે માથેથી ઉતાર્યો અને મુક્તાનંદ સ્વામીને ઓઢાડી દીધો. પછી ગુલાબના હાર પ હેરાવ્યા. બાજુબંધ બાંધીને મસ્તકે તોરા ધરાવ્યા.

પછી જ્યારે મુક્તાનંદસ્વામી નૃત્ય કરવા લાગ્યા ત્યારે શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. અને બીજા લોકો તો તે નૃત્યને દેખીને મૂર્છિત થઈ ગયા. મુક્તમુનિએ એવું નૃત્યુ કર્યું હતું. ગોલોક અને વૈકુંઠમાં રહેલી રાધા અને લક્ષ્મી વગેરે સ્ત્રીઓ દિવ્ય શરીર ધારણ કરીને ત્યાં આવી. અને આકાશમાં દિવ્ય વિમાનમાં બેસી રહી. તેમના જેવું નૃત્ય ત્રિભુવનમાં કોઈને આવડે નહિ. તેથી તેઓ મુક્તાનંદ સ્વામીના નૃત્યને દેખીને અતિ મૂર્છિત થઈ ગઈ. મુક્તાનંદ સ્વામીએ અતિશય ભારે નૃત્ય કર્યું. દેવ, ગાંધર્વો અને અપ્સરાઓ વગેરે અનંત નૃત્ય કરનારાઓ મુક્તિમુનિનું નૃત્ય દેખીને પૂતળાં જેવા જડ થઈ ગયા.

મુક્તમુનિએ નૃત્યના સારા સારા જે ઘણા ભેદ હતા તે બધા શ્રીહરિને દેખાડ્યા. બતાવવાનું કાંઈ બાકી રાખ્યું નહિ. મુક્તાનંદ સ્વામી નૃત્ય કરીને જ્યારે પોતાની જગ્યાએ બેઠા ત્યારે શ્રીહરિ એકદમ ઊઠ્યા અને "ધન્ય છે, ધન્ય છે તમને !" એમ વારંવાર કહીને તેમને ભેટી પડ્યા. પછી શ્રીહરિએ કહ્યું, "દુર્લભમાં પણ દુર્લભ એવી જે મોજ હોય તે બોલો. આજ હું તે તમને આપું. એવો હું આજ તમારા ઉપર પ્રસન્ન થયો છું."

### • મુક્તાનંદ સ્વામીએ માગેલા ૧૫ સદ્‌ગુણો :

ત્યારે મુક્તાનંદસ્વામી બે હાથ જોડી કહે, 'હે મહારાજ ! હું આપની પાસે વારંવાર વિનંતિ કરી જે માંગું છું તે કૃપા કરીને મને આપો.' એમ કહીને સ્વામી એક પછી એક એમ નવ વરદાન માંગે છે. તો આપ કૃપા કરીને મને તે આપો.

**ઐસી કી ઐસી મૂર્તિ રૂહા, અખંડ રહો નેન આગે તેહા; મૂર્તિ વિન ઘાટ ન હોવે કોઈ, ઐસી મોજ માગત મૈં સોઈ.**
**તવ મૂર્તિ અરુ વચન તુમારો, અનાદર કરે ન મન હમારો; મન કો ધાર્યો હોવે ન કબહુ, તુમારો ધાર્યો હોવે સબહુ.**
**દેહ ઇંદ્રિ અંતઃકરણ જેતે, જીય કે મિત્ર હોઈ વર્તત તેતે; તાકી મિત્રતા હોવે ન કબહી, ઇતની મોજ માગત હે અબહી.**

(૧) અત્યારે જે મને આપનાં દર્શન થાય છે, તે આપની મૂર્તિ આવી ને આવી મારાં નેત્રોની આગળ અખંડ રહે. (૨) આપની મૂર્તિ સિવાય મનમાં બીજો કોઈ ઘાટ થાય નહિ. અત્યારે હું આપની પાસે આવી મોજ માગી રહ્યો છું. (૩) આપની મૂર્તિ અને આપનું વચન, આ બેનો અનાદર મારું મન ક્યારેય કરે નહિ, (૪) મારા મનનું ધાર્યું ક્યારેય ન થાય અને (૫) બધું આપનું ધાર્યું જ થાય. (૬) દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ તે જીવના મિત્ર થઈને વર્તે છે. તે દેહાદિક સાથે મને ક્યારેય મિત્રતા ન થાય. આટલી મોજ હું અત્યારે માગું છું. (૭) આ દેહના જેટલા કુટુંબી છે તે બધા મને પરમ શત્રુરૂપ મનાય. અને (૮) સત્સંગમાં મને કુટુંબભાવ રહે. (૯) સત્સંગનો અભાવ ક્યારેય ન લઉં. (૧૦) નાના મોટા સત્સંગીઓ જે ધર્મકુળ, કહેતાં શ્રીહરિના જે આશ્રિત હોય અને મુખથી 'સ્વામિનારાયણ' નામ ઉચ્ચારતા હોય, આપના વિના બીજાને ન સંભારતા હોય. એવા જે સંતો-ભક્તો હોય તેનો સંગ મને હંમેશાં રહે. (૧૧) તેમજ સંતોની સેવામાં નિત્ય ભાવ રહે, અને (૧૨) મારા દેહનો અભાવ રહે. (૧૩) સંતોની સેવા બની આવે એટલો જીવમાં લાભ મનાય અને (૧૪) મારી સેવા કરાવવા માટે સંતોથી ક્યારેય મારો જીવ વિપરીત ન થાય, કહેતા મન નોખું ન પડી જાય. અર્થાત્ સંતોથી વિરુદ્ધ સંકલ્પ મન ક્યારેય કરે નહિ. (૧૫) શ્રીહરિ, સંત અને સત્સંગ એ ત્રણનો અભાવ લેવડાવે એવા બીજા કોઈ દેહમાં અથવા એવા દેહધારીમાં ક્યારેય ભાવ ન થાય. હું આટલી મોજ માગું છું. હે નાથ ! મને તે કૃપા કરીને આપો. હું હાથ જોડીને વારંવાર વિનંતી કરું છું.'' જે દુર્લભમાં અતિ દુર્લભ છે અને સારમાં પણ અત્યંત સાર છે. એવી મોજ મુક્તાનંદસ્વામીએ માગી.

ત્યારે શ્રીહરિએ મુક્તમુનિને કહ્યું, ''જ્યારે ભક્તનું હૃદય અત્યંત શુદ્ધ થાય ત્યારે તેને હું આ મોજ દઉં છું. એ વિના કરોડો જન્મ ખોવે તો પણ આવી મોજ બીજાને હું આપતો નથી. તમારું અતિ શુદ્ધ મન જોઈને હવે અમે તમને તે મોજ આપીએ છીએ. બધા મોટા મોટા આવી મોજ ઇચ્છે છે છતાં અમે કોઈને તે મોજ આપતા નથી.'' કૃપાળુ શ્રીહરિ આવું કહીને તત્કાળ ઊભા થયા અને સહુ સંતોને બાથમાં લઈને ભેટ્યા. આમ મળીને પોતાના ભવને પધાર્યા.

## • ભગવાન શ્રીહરિનું વડતાલની આસપાસના ગામોમાં વિચરણ :

શ્રીહરિની જ્યાં સુધી ઇચ્છા હતી ત્યાં સુધી વડતાલમાં રહ્યા અને લોકોને ધ્યાન, ધારણા અને સમાધિ કરાવી. આખા ચરોતર પ્રદેશનાં જેટલાં ગામ છે, તેમાં જેટલા મુમુક્ષુ જીવો રહેતા હતા તે બધાએ વ્રતમાન-નિયમ ધાર્યા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણોમાં જે મુમુક્ષુ જીવ હતા તે બધા શ્રીહરિને દેખીને તેમને શરણે થયા. તે મુમુક્ષુઓએ શ્રીહરિની વાત સાંભળીને પાખંડી ગુરુઓને સાક્ષાત્ ઓળખી લીધા. તેમને ધન, સ્ત્રી અને રસાસ્વાદ પરાયણ જોયા અને જેટલાં ફેલ અને વ્યસન કહેવાય છે તેમાં આસક્ત જોયા.

જે લોકો અત્યંત અધર્મી હોય છે (ત્રાસવાદી કે દેશદ્રોહી જેવા) તેને સરકાર તોપને નાળચે બાંધે છે. તેઓ પોતાના પ્રાણોને ખોવે છતાં અધર્મને તો છોડે જ નહિ. અધમમાં અધમ તો તે છે જેને કોઈનો (શ્રીહરિ, ભવભટકણ કે જમપુરી વગેરેનો) ડર લાગતો નથી. અને એવાને સત્સંગ પણ થાય નહિ. જેને લાજ હોય તે સત્સંગ કરે છે. જે સત્સંગ કરે છે તે જ મનુષ્ય છે અને જે ખોટા ફેલ કરે છે તે તો પશુ છે. અનેક પ્રકારનાં વ્યસન કરે, ભાંડ ભવાઈને જુએ, મંત્રેલા દોરા હાથે બાંધે, જે મલિન દેવી કે દેવને પૂજે, તેનું નૈવેદ્ય ખાય તથા કુસંગનો સંગ કરે, આવા જે હોય તેને મનુષ્યપશુ સમજવા. જેટલા લોકો શ્રીહરિને શરણે થયા તેમને શ્રીહરિએ આટલી વાતો કરી.

વડતાલની આસપાસનાં જેટલાં ગામ છે તે બધામાં શ્રીહરિ એક એક દિવસ ફર્યા. અને જે ધર્મયુક્ત લોકો હતા તે બધાને શ્રીહરિએ વ્રતમાન-નિયમ ધરાવ્યાં. તે ભક્તો જેવી રસોઈ આપતા તેને શ્રીહરિ પ્રેમથી જમતા. તે ભક્તો બધા કેસરચંદનથી પૂજા કરતા. અપ ાર ફૂલોના હાર અને તોરા વગેરે પહેરાવતા. આખો દિવસ પૂજા થયા કરતી. બધા લોકો તે દેખીને વિસ્મય પામતા. શ્રીહરિ જે જે ગામોમાં જતા ત્યાં બધે વાજિંત્રો વગાડીને ગામનાં તમામ નરનારી લોકો સન્મુખ આવતાં. અને 'જય જય' 'જય જય' નો ઉચ્ચાર કરતા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૫/૬૧ થી ૬૫)

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ જણાવેલો પ્રૌઢ પ્રતાપ
## સં. ૧૮૬૨ (ઈ.સ. ૧૮૦૬)

સં. ૧૮૬૨ના ફાગણ વદ ત્રીજને દિવસ ગઢપુરમાં શ્રીવાસુદેવનારાયણની સ્થાપના કરી. ત્યારપછી થોડો સમય ગઢપુરમાં રહીને ભગવાન શ્રીહરિએ ગુજરાત તરફ જવાનું નક્કી કર્યું. સાથે મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો તેમજ સોમલાખાચર, સુરાખાચર, નાજા જોગિયા વગેરે કાઠી હરિભક્તોને પણ સાથે લીધા.

એ જ વખતે ખંભાળાથી મૂળુખાચર ત્યાં આવ્યા. શ્રીહરિને જોઈ તે છેટેથી પગે લાગ્યા. ત્યારે સુરાખાચરે કહ્યું : "ભણે મહારાજના પગુમાં પડી જાઓ !"

મૂળુખાચર તરત જ શ્રીહરિના પગમાં પડી ગયા ને પેગડું ઝાલી લીધું. પછી મહારાજે તેમને કહ્યું : "મૂળુખાચર ! તમે વર્તમાન ધરાવો અને સત્સંગી થાઓ."

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! મારે હોકાનું અને અફીણનું બંધાણ છે તે નિયમ ન પળાય."

એટલે સુરાખાચરે કહ્યું : "મહારાજ ! એનાથી સત્સંગી નહિ થવાય. બંધાણ બહુ ભારે છે."

ત્યારે મહારાજે કહ્યું : "ભલે હોકો પી, અરે અફીણ ખાય પણ વર્તમાન ધરાવીને કંઠી પહેરે !"

મૂળુખાચરે કહ્યું : "ભલે મહારાજ !"

ભગવાન શ્રીહરિ એ સાંભળી તરત જ અશ્વ ઉપરથી ઊતરી ગયા અને ઉત્તરાદા બારની ઓસરીએ વાસુદેવનારાયણના મંદિર પાસે ગયા. પાણી મંગાવી મૂળુખાચરને વર્તમાન ધરાવ્યાં. કંઠી પહેરાવી. પછી દરબારમાં કહેવરાવ્યું કે "આ મૂળુખાચરને શિરામણ ઝટ કરાવો. અમારે તેમને અમારી સાથે લેવા છે." એમ કહીને શ્રીહરિએ તેમને પૂછ્યું : "અમારી સાથે ગુજરાતમાં આવશો ને ?"

તે સાંભળી મૂળુખાચર હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! ગુજરાતમાં તો મેલીકારે બહુ ગયા છીએ અને હાથફેરો કરીને રાતોરાત પાછા આવ્યા છીએ. પણ હવે સત્સંગ સારુ તમારી ભેગા આવીશું." શ્રીહરિ આ સાંભળી બહુ જ રાજી થયા.

ઝીંઝાવદર અને કારિયાણી વચ્ચે એક કૂવો હતો. ત્યાં નિષ્કુળાનંદ સ્વામી અને વરદાનંદ સ્વામી અગાઉથી આવી બેઠા હતા. શ્રીહરિને આવતા જોઈ તેઓ સામા આવ્યા અને મહારાજને કહ્યું : "મહારાજ ! પધારો, આ કૂવાનું પાણી સારું છે. નહાવું હોય તો અમે નવરાવીએ."

શ્રીહરિ તરત જ ઘોડી ઉપરથી ઊતર્યા અને વસ્ત્ર બદલાવીને દિશાએ ગયા. પછી હાથ ધોઈ કૂવાના થાળામાં બિરાજમાન થયા. પછી મહારાજે તેમને કહ્યું : "પહેલા આ મૂળુખાચરનો હોકો ધોવરાવો તથા બીજા બધાને પાણી પાઓ, પછી અમે નાહીએ."

તે પ્રમાણે સંતોએ સેવા કરી. પછી શ્રીહરિને મોટું કમંડળ હતું તે વડે પાણી સીંચીને ખૂબ નવરાવ્યા. મહારાજ રાજી થઈ ગયા અને બોલ્યા : "તમારા આવા મોટા કમંડળ આજે ખરા કામમાં આવી ગયાં."

### • મૂળુખાચરે હોકો ફોડી નાંખ્યો :

પછી ત્યાં શ્રીહરિ ચાલ્યા. રસ્તામાં જે જે ગામ આવે ત્યાં લોકો આ સંઘના દર્શન કરે, ભગવાન શ્રીહરિને નીરખી નીરખીને જુવે. દૈવી રાજી થાય, આસુરી અકળાય. એક ગામને પાદરથી શ્રીહરિ નીકળ્યા ત્યારે ભેગા થયેલા લોકો શ્રીહરિ સામું બતાવીને કહેવા લાગ્યા : "જુઓ, ઓલ્યા સ્વામિનારાયણ !"

કાઠી અસવારો અને સત્સંગીઓ તરફ બતાવીને સૌ કહેતા : "આ બધા સ્વામિનારાયણ ભગવાનના સત્સંગીઓ છે." તેમાંથી એક જણ બોલ્યો : "પણ ઓલ્યો હોકાવાળો છે તે સત્સંગી નથી લાગતો. સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી હોકા-બીડી પીવે નહિ."

મૂળુખાચરે આ સાંભળ્યું. તેને મનમાં રીસ ચડી : "બધાય સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી અને હું એકલો સત્સંગી નહિ ? આ હોકાએ મને સત્સંગી મટાડી દીધો ?" તેણે ત્યાં જ હોકો ફોડી નાંખ્યો.

સંઘ બધો બરવાળે થઈ ધોલેરા પહોંચ્યો. અહીં દરબાર પૂંજાભાઈને ત્યાં ઊતર્યા. શ્રીહરિ તથા સંઘ માટે ઉત્તમ રસોઈ અજુબા તથા ફૂલજીબાએ કરાવી. સૌને સારી રીતે જમાડ્યા. શ્રીહરિ તરત ત્યાંથી નીકળ્યા અને સાબરમતી ઊતરી ખંભાત પહોંચ્યા. ત્યાંથી શ્રીહરિ બોચાસણ પધાર્યા. ત્યાં બે દિવસ રહીને શ્રીહરિ કાશીદાસે તૈયાર કરેલા માફામાં બેસી ત્યાંથી સંઘ સાથે નીકળ્યા. દાવોલ,

વગેરે આસપાસના ગામોમાં થઈને સીંજીવાડા પધાર્યા. ત્યાં બાપુભાઈની રસોઈ જમી શ્રીહરિ સંઘને લઈને ત્યાંથી નીકળ્યા. એટલામાં કોઈકે કહ્યું કે મયારામ ભટ્ટ ઘોડી ઉપરથી પડી ગયા. શ્રીહરિએ માફો ઊભો રખાવ્યો અને નીચે ઊતર્યા. રાયધણજીની ઘોડી મંગાવી તે ઉપર બેસીને મયારામ ભટ્ટ જ્યાં પડ્યા હતા ત્યાં ગયા. શ્રીહરિએ જોયું કે ભટ્ટ તો ઘસડાતા હતા. કારણ કે એક પગ પેગડામાં ભરાઈ રહ્યો હતો અને ઘોડી આગળ ચાલતી હતી. ભટ્ટજીનો ખડિયો પણ પડી ગયો હતો. શ્રીહરિએ તે ખડિયો લઈ લીધો પરંતુ તેમાં વાસણ ખખડતાં હતા એટલે શ્રીહરિ બોલ્યા : "આ ખડિયામાં ભટ્ટજીએ વાસણ લીધા છે. એટલે વાસણ ખખડે ને ઘોડી ભડકે. ઘોડીનો કાંઈ વાંક નથી." પછી મયારામ ભટ્ટની ઘોડી ઊભી રાખી. ભટ્ટજીને ઊભા કર્યા. બહુ વાગ્યું નહોતું તેથી તેમને બીજી ઘોડી ઉપર બેસાર્યા. અહીં પણ તેમણે ખડિયો તો સાથે જ રાખવાનું નક્કી કર્યું. તેથી શ્રીહરિ હસ્યા. મહારાજે કહ્યું : "ભટ્ટજી ગરથ ગાંઠેથી છોડતા નથી."

શ્રીહરિ ભટ્ટજીની ઉન્મત્ત થયેલી ઘોડી ઉપર બિરાજમાન થયા. વસો આવ્યું. ભાભારામની ભાગોળે શ્રીહરિએ ભટ્ટજીની ઘોડીને કુંડાળે નાંખી. ઘોડી ઝાડ થાય, કૂદકો મારે પણ શ્રીહરિએ તેને સો આંટા ફેરવ્યા. ઘોડી પરસેવે રેબઝેબ થઈ ગઈ, નરમ બની ગઈ. ઘોડીને રેવાળ ચાલમાં નાખી શ્રીહરિ વસો ગામ પધાર્યા. ત્યાં હરિભક્તોને દર્શન આપી ત્યાથી માતર, પીજ, ડભાણ, બામરોલી પધાર્યા.

## • ભગવાન શ્રીહરિ બામરોલીમાં તખા પગીને ત્યાં પધાર્યા :

મુક્તાનંદ સ્વામીના સમાગમથી અહીંના તખા પગીને સત્સંગ થયો હતો અને ભગવાન શ્રીહરિનો મહિમા સમજાયો હતો. તેની ઘણા સમયની ઈચ્છા હતી, તે ઈચ્છા આજે પૂરી થઈ. શ્રીહરિનું તેણે ભાવપૂર્વક સામૈયું કર્યું. આ સામૈયામાં ઢોલ, ત્રાંસાં, નગારાં કે શરણાઈ ન હતાં. પરંતુ બંધૂકોના અવાજ હતા. તીરકામઠાં, ભાલા અને શસ્ત્રધારી પદાતિઓ હતા.

ભગવાન શ્રીહરિના દર્શન કરતાં જ સૌ દંડ પડે તેમ પૃથ્વી ઉપર પડી ગયા. શ્રીહરિ તેમને જોઈ બહુ રાજી થયા. તખા પગીને ભેટ્યા. પછી શ્રીહરિએ તીરકામઠાં અને ભાલાથી સજ્જ થયેલા પગીઓ તરફ દૃષ્ટિ કરી. તખા પગી આ દૃષ્ટિથી શ્રીહરિનો ભાવ સમજી ગયા. તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! આપને અમારે રાજી કરવા છે. આપ પધારો. અમને સૌને પાવન કરો."

શ્રીહરિએ તેમનો હાથ પકડ્યો. ક્યાં અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમનારાયણ અને ક્યાં ચોરી, છીનાળી કરતા આ પગીઓ ! જેમના અંગ ઉપર આટઆટલી લૂંટ કરવા છતાં વસ્ત્રો ન હતા, પણ ધાગા હતા. જેમના શરીર ગંધાતાં હતાં, જેમની વાણીમાં કર્કશતા હતી, તે બધા આજે શ્રીહરિના સખા બની ગયા !

ભગવાન શ્રીહરિ તેમની સાથે ચાલ્યા. રાયણ નીચે તખા પગીએ ઢોલિયો ઢાળી દીધો. તે ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. પછી શ્રીહરિએ તખા પગીને કહ્યું : "તમારા તીરકામઠાંવાળા ભેરૂઓને બોલાવો." તરત જ તે બધા શ્રીહરિ સન્મુખ આવ્યા. શ્રીહરિએ તખા પગીને કહ્યું : "મને જો રાજી કરવો હોય, તો આ તીરકામઠાં, આ ભાલા, તલવારો બધું મૂકી દેવું પડશે. હાથમાં માળા લેવી પડશે. હાથમાં તલવાર કે ભાલા હશે તો હિંસા કરવાનું મન થશે. હાથમાં માળા હશે તો ભજન



કરવાનું મન થશે. સાચી શૂરવીરતા ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવવામાં છે. જેને ઈન્દ્રિયો પર કાબૂ છે, જે બ્રહ્મચર્ય પાળે છે તેના સંકલ્પમાં અસંખ્ય ભાલા અને તલવારોથી વિશેષ બળ હોય છે. તમે અત્યાર સુધી અનેકની હિંસા કરી, અનેકને લૂંટ્યા છતાં તમારા દિદાર પલટાયા નહિ. જે લૂંટનો માલ મળ્યો, તે ખાવા-પીવામાં, ફેલફતૂરમાં ઉડાડી દીધો અને પાપનાં પોટલાં બાંધ્યા.''

શ્રીહરિ વાત કરતા હતા, તખા પગી શ્રીહરિ સમક્ષ જોઈ રહ્યા હતા. શ્રીહરિના શબ્દે શબ્દે તેમનું અંતર ભીંજાતું હતું. અંતરમાંથી કઠોરતા નીકળતી હતી. ઋજુતા આવતી હતી. તખા પગી અશ્રુ સારી રહ્યા હતા.

તેમના તરફ જોઈ શ્રીહરિએ ફરી કહ્યું : ''પગી ! આજે રોવાનો દિવસ નથી. તમારા પાપમાત્ર તો આ દર્શનથી બળી ગયાં. હવે નવા ન કરશો. અને જેટલું બળ, શૂરવીરતા, તમારા અત્યાર સુધીના ધંધામાં વાપર્યા તે બળ અને શૂરવીરતા હવે ભગવાન ભજવામાં, ભગવાનને પ્રસન્ન કરવામાં વાપરો. હું રાજી થઈ જઈશ.'' શ્રીહરિના આ શબ્દો સાંભળી સર્વે પગીઓએ ભાલા, તલવારો, તીર-કામઠાં ફેંકી દીધાં. શ્રીહરિએ તે જોઈ તેમને કહ્યું : ''એમ એ ફેંકી દેવાનાં પણ નથી. તેને સાચવો, તેનું પૂજન કરો અને ગરીબને કોઈ પીડતો હોય, સમજાવટથી પણ ન માનતો હોય તો ગરીબની, બ્રાહ્મણની, સ્ત્રીની અને ગાયની રક્ષા માટે તેનો ઉપયોગ પણ કરો. એવા આતતાયીઓ આગળ અહિંસા એ નામર્દાઈ છે.''

ભગવાન શ્રીહરિના શબ્દોમાં રાજનીતિની ફોરમ હતી. ન્યાયનું પરિશીલન હતું. શ્રીહરિએ સહજમાં જ નિઃશસ્ત્રીકરણ કરાવી દીધું. તેને માટે લાંબા ઉપદેશોની જરૂર ન હતી. ફક્ત આધ્યાત્મિક બળની, સંકલ્પની જરૂર હતી.

પછી ભગવાન શ્રીહરિ સ્નાનાદિક ક્રિયા કરવા કૂવે પધાર્યા. અહીં સ્નાનવિધિથી પરવારી પાછા રાયણ પાસે આવ્યા. તરત જ સંઘને આજ્ઞા કરી : ''ચાલો વડતાલ.'' પરંતુ તખા પગીએ રસોઈનો આગ્રહ કર્યો. શ્રીહરિએ કહ્યું : ''વડતાલ પહોંચવામાં મોડું થઈ જાય.''

તેથી તખા પગીએ કહ્યું : ''મહારાજ ! ખમો, હું કેરીઓ લાવું.''

શ્રીહરિ તેનો ભાવ જોઈ ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

## • સ્વામિનારાયણ ભગવાન ક્યાં છે ?

ભગવાન શ્રીહરિ બામરોલી પધાર્યા છે તે સમાચાર વડતાલ પહોંચી ગયા. તેથી સૌ ઘરકામ પડતાં મૂકીને બામરોલી આવવા નીકળી ગયા. મહુડિયા પરાના જાલમ પગી પણ નીકળી ગયા. જાલમજી પગીને કોઈ નર સામે મળ્યા તેને પૂછ્યું :

**જન સામો મળ્યો નર કોઈ, તેને પુછ્યું તેના સામું જોઈ; ભાઈ સ્વામિનારાયણ ક્યાં છે ? તેની સાથે બીજા કોણ ત્યાં છે ?**
**બોલ્યો સુણીને નર તેહ ઠામ, છે બામણોલી શુભ ગામ નામ; કૂવો તહાં રાયણથી ઈશાને, છે સ્વામિનારાયણ તેહ સ્થાને.**
**આવ્યા સુરો દર્શન કેરિ આશ, બેઠા મળી રાયણ વૃક્ષ પાસ; સંતો તથા ભક્ત ગૃહસ્થ જે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે.**
**સભા વિલોકી સુર રાજિ થાય, ઉત્સાહ એનો વરણ્યો ન જાય; ગાંધર્વ સર્વ ગુણ ઉચ્ચરે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે.**
**જે મુખ્ય તો મુક્ત મુની ગણાય, વૈરાગ્ય જેનો વધતો જણાય; વાર્તા કથા શ્રીહરિની કરે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે.**
**મહેશ સાથે સુત છે ગણેશ, સુરોનિ સાથે વળિ છે સુરેશ; શેષાદિ સર્વે સુજશો કહે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે.**
**મુકુંદ જે નૈષ્ઠિક વર્ણિરાજ, પૂજા તણો તે લઈ સર્વ સાજ; ઉભા ઉભા અર્ચન આચરે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે.**
**તહાં વળી નારદ શારદાદિ, કવિત્વકારી કવિ વાલ્મિકાદિ; ચરિત્રના ગ્રંથ રુડા રચે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે.**
**શ્રીધર્મ ભક્તી ધરિ દિવ્ય દેહ, સદા સજી શ્રીહરિમાં સનેહ; સેવા ભલી સજ્ઞ થઈ સજે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે.**
**પ્રત્યેક બ્રહ્માંડ તણા અધીશ, બ્રહ્મા ભવાનીપતિ લક્ષ્મીશ; સમીપના દાસ થવા ચાહે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે.**

(શ્રીહરિલીલામૃત : ૬/૮/૪૪-૫૩)

''સ્વામિનારાયણ ભગવાન ક્યાં છે ? તેની સાથે અન્ય કોણ છે ? ત્યારે તે કહે, બામરોલી ગામે રાયણના વૃક્ષ નીચે શ્રી સ્વામિન-ારાયણ ભગવાન બિરાજે છે. બ્રહ્માદિ દેવો તેમના દર્શન કરવા પધાર્યા છે. સંતો અને હરિભક્તો સાથે બિરાજે છે. બ્રહ્માદિ દેવો શ્રીહરિના દર્શન કરી પ્રસન્ન થયા. તેમનો ઉત્સાહ અવર્ણનીય હતો. ગાંધર્વો ગુણોનું ગાન કરતા હતા. સંતોના મંડળમાં મુખ્ય મુક્તાનંદ સ્વામી શ્રીહરિની વાતો કરી રહ્યા છે. દેવોની સાથે ઇન્દ્ર પધાર્યા છે. શેષાદિ સર્વે શ્રીહરિના સમીપે આવ્યા છે. મુકુંદાનંદ વર્ણી પૂજાનો સામાન લઈ શ્રીહરિની પૂજા કરી રહ્યા છે. નારદ, શારદા ને વાલ્મીકિ વગેરે કવિજનો શ્રીહરિના ચરિત્રના ગ્રંથો રચી રહ્યા છે. શ્રીધર્મ ને ભક્તિ શ્રીહરિ સેવામાં બિરાજમાન છે. બ્રહ્માંડોના અધિપતિઓ શ્રીહરિના દાસ થવા ઇચ્છે છે. ને સર્વે શ્રીહરિની સમીપે બિરાજમાન છે.''

## • ભગવાન શ્રીહરિએ બામરોલીમાં આમ્ર ઉત્સવ કર્યો :

ભગવાન શ્રીહરિ રાયણ નીચે બિરાજમાન થયા હતા. શ્રીહરિના દિવ્ય સ્વરૂપનાં સૌએ દર્શન કર્યાં. સાથેના કાઠી હરિભક્તોને પણ જોયા. ગુજરાતમાં રાતોરાત ગામ લૂંટી, ત્રાસ વર્તાવી સવાર પહેલા કાઠિયાવાડમાં પહોંચી જતા આ કાઠીઓ આજે ભગવાન શ્રીહરિના પરમ ભક્ત બની ગયા હતા ! શ્રીહરિનું આ ભગવાનપણું હતું. શ્રીહરિના ઐશ્વર્યથી, તેમના સંકલ્પથી કાઠિયાવાડનો સમાજ સુધરતો હતો. મંત્ર-તંત્રના ફેલમાંથી, ભૂત-પ્રેતના વહેમમાંથી લોકો બહાર આવતા હતા. શ્રીહરિના સ્ત્રી અને ધનના ત્યાગી સંતો ગામડે ગામડે ફરતા હતા. અપમાન, તિરસ્કાર, માર સહન કરતા હતા અને છતાં લોકસંપર્ક સાધતા હતા. લોકોને તેઓ સમજાવતા કે 'પરમાત્મા એક જ છે, તેઓ જ એક સર્વકર્તા છે, બીજા ક્ષુદ્ર દેવ-દેવીઓ પરમાત્માની સત્તા પાસે અતિ અલ્પ છે. જેણે આ પરમાત્માનો આશરો લીધો તેણે તામસી દેવ-દેવીઓની બીક રાખવી નહિ. મંત્ર-તંત્ર કે ભૂત-પ્રેતના વહેમોના જાળામાંથી બહાર નીકળી જવું.'

ભગવાન શ્રીહરિના દિવ્ય વ્યક્તિત્વથી લોકોના અંતર નિર્મળ બની જતાં, અંતરનું અજ્ઞાન ટળી જતું. શ્રીહરિના તેમણે દર્શન કર્યા અને શ્રીહરિએ સર્જેલો આ ચમત્કાર તેમને સમજાઈ ગયો. સૌ શ્રીહરિના પગમાં પડી ગયા !

એટલામાં તખો પગી કેરીઓ લઈ આવ્યા. શ્રીહરિ સમક્ષ કેરીઓના ઢગલા થઈ ગયા. શ્રીહરિ સૌને કેરીઓ આપવા માંડ્યા. પોતે પણ એક જમ્યા. તખા પગીએ આમ્ર ઉત્સવ કરાવ્યો. શ્રીહરિ પ્રસન્ન થઈ ગયા. કાઠી દરબારોનો કોઠો ગુજરાતની કેરી જમી ટાઢો થઈ ગયો. તેમને થયું કે ગુજરાતમાં આવ્યા પ્રમાણ !

થોડીવારે ભગવાન શ્રીહરિ ઊભા થયા અને સૌને આદેશ આપ્યો : ''ચાલો'' અને સંઘ વડતાલના માર્ગે ચડ્યા. રસ્તામાં મહુડિયું પરુ આવ્યું ત્યારે જાલમજી પગીએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! મારું ઘર પાવન કરો.''

ભગવાન શ્રીહરિ બે સંતો સાથે તેમને ઘેર પધાર્યા. જાલમજીએ પૂજન કર્યું. શ્રીહરિને તેમણે ભેટ મૂકી. શ્રીહરિ તે જોઈ હસ્યા. પછી પૂછ્યું : ''ચોરીનો માલ તો નથી ને ?'' જાલમજી પગી શરમાઈ ગયા ! શ્રીહરિએ તરત જ કહ્યું : ''ધર્મ કરવાને અર્થે પણ ચોરી ન કરવી. એ ભેટ અમને ન જોઈએ. તમારો ભાવ છે એ જ મોટી ભેટ છે.'' એટલું કહી શ્રીહરિ ઊભા થયા. જાલમજી પગીએ ત્યારથી જ નક્કી કરી લીધું : ''ચોરી કરવી હરામ છે.''

## • બુધેજના ખોડાભાઈ તથા હઠીભાઈ બંનેને સ્વપ્નમાં દર્શન થયાં :

ભગવાન શ્રીહરિ વડતાલ પહોંચ્યા અને વડતાલના હરિભક્તોને આનંદ થયો. શ્રીહરિને વાસણ સુથાર તેમને ઘેર લઈ ગયા. ત્યાં ઉતારો ગોઠવ્યો હતો. વડેઉ માતાની ધર્મશાળામાં કાઠી અસવારો તથા અન્ય હરિભક્તોને ઉતારો આપ્યો. વડતાલને શ્રીહરિએ પોતાના કાર્યક્ષેત્રનું મુખ્ય કેન્દ્ર કરવાનું નક્કી કર્યું હતું તેથી વડતાલ અને વડતાલના વાસીઓ ઉપર શ્રીહરિની દૃષ્ટિ હતી. અહીં શ્રીહરિ દસ દિવસ રહેવાના હતા. તેથી આજુબાજુના ગામોના હરિભક્તો પણ અહીં આવ્યે જ જતા હતા.

બુધેજના ખોડાભાઈ તથા હઠીભાઈ બંનેને રાત્રે સ્વપ્નમાં દર્શન થયાં. સ્વામિનારાયણ ભગવાન વડતાલ પધાર્યા છે. વડેઉ માતાની ધર્મશાળામાં ઊતર્યા છે. પાટ ઉપર ઉત્તરમુખે બિરાજમાન છે. સવારે ઊઠીને બંનેએ પરસ્પર સ્વપ્નાની વાત કરી. પછી તેમણે નક્કી કર્યું કે વડતાલ જવું અને જોવું કે વાત સાચી છે કે ખોટી.

**સ્વપનામાં દીઠા હરિ જેવા, ત્યાં જો દેખિયે એવા ને એવા; નકી જાણશું તે જગપાળ, નહિ તો બધું આળપંપાળ.**
**વરતાલ આવ્યા એવું ધારી, દીઠા એવે જ રૂપે મુરારી; ધર્મશાળા વડેઉની જ્યાંય, હતા શ્રીસહજાનંદ ત્યાંય.**

(શ્રીહરિલીલામૃત : ૬/૯/૭-૮)

ખોડાભાઈ તથા હઠીભાઈ બંને બુધેજથી નીકળી વડતાલ ગયા. તેઓ વડતાલ આવ્યા ત્યારે તેમને ખબર વડી કે વડેઉ માતાની ધર્મશાળામાં સ્વામિનારાયણ ભગવાન બિરાજે છે. આ સમાચાર જાણી તેમના આનંદનો પાર ન રહ્યો. તેઓ તરત જ ત્યાં ગયા. ત્યાં તેમણે જોયું કે શ્રીહરિ પાટ ઉપર ઉત્તરમુખે બિરાજમાન થયા હતા. સ્વપ્નમાં જે દર્શન થયાં તેનો અહીં તેમને સાક્ષાત્કાર થયો. તેમણે નક્કી કર્યું કે જરૂર સ્વામિનારાયણ ભગવાન છે.

તેમણે ભગવાન શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. શ્રીહરિએ તેમને બોલાવ્યા, માથે હાથ મૂક્યો અને કહ્યું : ''વર્તમાન ધરાવો, સત્સંગી થાઓ. સુખિયા થઈ જશો.''

તેમણે તરત જ વર્તમાન ધરાવ્યાં. શ્રીહરિએ તેમને જે નિયમ પાળવાના હતા તે સમજાવ્યું. પછી જ્ઞાનવાર્તા કરતા કહ્યું : ''પરમાત્માને

પ્રગટવા માટે કાંઈ યુગની રાહ જોવાની હોતી નથી. એ તો જ્યારે અધર્મની વૃદ્ધિ થાય, ત્યારે તેનો નાશ કરવા માટે અને સદ્ધર્મના સ્થાપન માટે પૃથ્વી ઉપર પ્રગટ થાય છે.''

કળિયુગમાં ભગવાન ન હોય એવી તેમની અજ્ઞાનતાની માન્યતા દૂર થઈ.

## ● વડતાલમાં ભગવાન શ્રીહરિએ જણાવેલો પ્રૌઢ પ્રતાપ :

વડતાલમાં શ્રીહરિએ અનેકને દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યાં. જેને જેને પોતાના ઈષ્ટદેવમાં ભક્તિ હતી તે ઈષ્ટદેવરૂપે તેમને શ્રીહરિ દેખાયા. આ વાત આજુબાજુના ગામોમાં પ્રસરી. મુમુક્ષુઓનાં વહેણ વડતાલ ભણી વળવા લાગ્યાં.

ભગવાન શ્રીહરિ વડતાલ પધારવાના છે તે સમાચાર સાંભળી કાનમ દેશ અને સુરતથી હરિભક્તોના સંઘ મહારાજ માટે વિવિધ પ્રકારની ભેટો લઈ વડતાલ આવવા નીકળી ગયા. મહારાજ પધાર્યા તે જ દિવસે આ હરિભક્તો પણ પહોંચી ગયા.

શ્રીહરિ સાથે કાઠી હરિભક્તોને આવેલા જોઈ સૌ તેમના દર્શને જવા લાગ્યા. કાઠિયાવાડના જનૂની કાઠીઓને ભગવાન શ્રીહરિએ વશ કરી લીધા હતા. તેમના સંબંધે સારા કાઠિયાવાડમાં શાંતિ સ્થપાઈ ગઈ. આ બધું તેમણે સાંભળ્યું હતું. આજે એ જ માથાભારે કાઠીઓ ભગત બની ગયા છે તે જાણી તેઓ બધા તેમના દર્શને આવવા લાગ્યા.

સુરાખાચર, સોમલાખાચર, અલૈયાખાચર વગેરે અગ્રેસર કાઠીઓને મળ્યા, તેમના દર્શન કર્યા, પગે લાગ્યા અને કહેવા લાગ્યા : ''અહો, આપણાં ધન્યભાગ્ય કે મહારાજના આવા સખાઓના આપણને દર્શન થયાં.''

## ● વડતાલમાં મૂળુખાચરે અફીણ ફેંકી દીધું :

કાઠી ભક્તો પણ ગુજરાતની પોચી ધરતીના, પોચા હૈયાના આ ભક્તો વ્યવહારે સુખી છતાં સાદા અને સરળ મનના જોઈ અત્યંત રાજી થયા. તે વખતે મૂળુખાચરે કસુંબો કાઢીને પીતા હતા તે જોઈ હરિભક્તો તેમની પાસે આવતા પણ તરત ખસી જતા. તેમને બોલાવતા પણ નહિ અને 'જય સ્વામિનારાયણ' પણ કહેતા નહિ. અંદર અંદર સૌ વાતો કરતા - 'કાઠી ભક્તો ભેળા આ આવ્યા છે, પણ સત્સંગી લાગતા નથી.'

મૂળુખાચરે આ સાંભળ્યું અને જેવી હોકા ઉપર રીસ ચડી હતી તેવી તેમને અફીણ ઉપર પણ રીસ ચડી અને તરત જ ખડિયામાં જેટલું અફિલ હતું તે તેમણે બહાર ફેંકી દીધું. આમ ચોખ્ખા થઈ ગયા. પછી મહારાજના દર્શને ગયા. મહારાજે તેમને પૂછ્યું : ''મૂળુખાચર ! હોકાપાણીનો બરોબર બંદોબસ્ત થયો છે ને ?''

તેમણે તરત જ કહ્યું : ''મહારાજ ! મેં તો હોકોય ફોડી નાંખ્યો અને અફીણે નાંખી દીધું.''

ભગવાન શ્રીહરિ આ સાંભળી આશ્ચર્ય પામ્યા. મહારાજે પૂછ્યું : ''શું સુરાખાચરે ઉપદેશ આપ્યો !''



"અરે ના રે મહારાજ ! સુરો શું કહેતો'તો ! પણ આપના પ્રતાપે થયું છે. હોકો કુસંગીના વચનથી ફોડ્યો અને અફીણ સત્સંગીના શબ્દથી મેલ્યું." મૂળુખાચરે સ્પષ્ટતા કરી. ભગવાન શ્રીહરિ આ સાંભળી પ્રસન્ન થયા. સત્સંગના યોગથી વગર ઉપદેશે કેવું પરિવર્તન થઈ જાય છે !

ભગવાન શ્રીહરિ સૌ સંતો તથા કાઠી હરિભક્તોને લઈને ગામને પાદર તળાવ છે ત્યાં નાહવા પધાર્યા. અહીં મહારાજ સ્નાનાદિક વિધિ કરીને સભા કરી બિરાજમાન થયા.

બુધેજના ખોડાભાઈ તથા હઠીભાઈ પણ આ સભામાં બેઠા હતા. તેમણે પણ આ આશ્ચર્ય જોયું. ભગવાન શ્રીહરિએ તેમને બંનેને એકીસાથે સ્વપ્નમાં દર્શન દઈને પોતે વડતાલ પધાર્યા છે તે સમાચાર તો આપ્યા હતા. તે સ્વપ્નદર્શન તેઓ વડતાલ આવ્યા અને સાચું થયું અત્યારે મહારાજે વાંદરા દ્વારા ઐશ્વર્ય દેખાડ્યું. આવા ઐશ્વર્ય-પ્રતાપોના ઢગલા ડગલે ને પગલે થાય છે. અંતરમાં સોંસરું ઊતરી જાય એવું દિવ્યજ્ઞાન પણ ભગવાન શ્રીહરિની વાણીમાં ભર્યું છે. શ્રીહરિના સ્વરૂપમાં ઈન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિઓને શાંતિ કરી દે એવી શીતળતા છે. તેમને બંનેને તો મહારાજના પુરુષોત્તમ સ્વરૂપની પ્રતીતિ થઈ ગઈ. તેમણે મહારાજને હાથ જોડીને કહ્યું: "મહારાજ ! અમારે ગામ બુધેજ પધારો."

શ્રીહરિએ કહ્યું : "ભલે આવીશું." એટલું કહીને મહારાજે કાશીદાસને કહ્યું : "કાશીદાસ ! તમે હવે બોચાસણ જાઓ. કેટલાય દિવસથી ઘર છોડ્યું છે માટે હવે ઘેર જાઓ અને વહેવારનું કામ સંભાળો."

ભગવાન શ્રીહરિની આજ્ઞા સાંભળી કાશીદાસે કહ્યું : "મહારાજ ! અહીં બાજુમાં ચાંગા ગામ છે ત્યાં મારા સંબંધીઓ છે તેમને આપનો સંબંધ કરાવવાની ઈચ્છા રહે છે. આપના દર્શન થાય, સેવાનો લાભ મળે, આપનું સ્વરૂપ ઓળખાય તો તેમનું કલ્યાણ થાય. આટલો લોભ છે તો આપ જેમ કહો તેમ કરું."

કાશીદાસની આ વાત સાંભળી ભગવાન શ્રીહરિ ભક્તો પ્રત્યે જોઈ બોલ્યા : "સાંભળો ! આ કાશીદાસ આજે કેટલાય દિવસથી અમારી સાથે ફરે છે. તેમને ઘેર જવાનું કહીએ છીએ તો કાંઈને કાંઈ બહાનાં કાઢીને આ દર્શન-સમાગમનું સુખ છોડીને ઘેર જતા નથી. તેમને અમારા દર્શન વગર રહેવાતું નથી અને વહેવાર ગૌણ કરી દીધો છે. જ્યારે કેટલાક અહીં બેઠા બેઠા પણ વહેવારના સંકલ્પ કરે છે અને લાગ આવે તો રજા લીધા વિના પણ ચાલ્યા જાય છે, નહિ તો કાંઈ બહાના બતાવીને ઘેર જવાનું કરે છે. પણ જેને સત્સંગ પ્રધાન હોય તો તે વહેવારનો બધો ભાર આ કાશીદાસની જેમ અમારા ઉપર નાખી દે."

ભગવાન શ્રીહરિની આ વાત સાંભળી તેઓની રુચિ સૌને સમજાણી. શ્રીહરિનો જેટલો વિશેષ પ્રસંગ મહિમા સહિત થાય તેટલું અજ્ઞાન હઠે, વાસના ટળે.

પછી ભગવાન શ્રીહરિ વડતાલથી નીકળી કાશીદાસ સાથે ચાંગા પધાર્યા. ત્યાં એક દિવસ રહ્યા. ત્યાંના વાસીઓને જ્ઞાનોપદેશ આપ્યો. પછી ફરી વડતાલ પધાર્યા. કાશીદાસને ત્યાંથી બોચાસણ જવાની આજ્ઞા કરી. પછી ભગવાન શ્રીહરિ વડતાલથી નીકળી ઉમરેઠ પધાર્યા.

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ રામનવમીનો ઉત્સવ ઉજવ્યો
## સં. ૧૮૬૨ (ઈ.સ. ૧૮૦૬)

'શ્રીહરિ આવે છે' એવું સાંભળીને વડતાલવાસી બધા જ લોકો સન્મુખ આવ્યા. કારણ કે બધા જ લોકો હરિભક્ત થયા હતા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પર્યંત સમગ્ર મનુષ્યો આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. તેને ગણવામાં આવે તો પણ પાર આવે તેમ ન હતું. હરિભક્તોમાં પાટીદાર મુખ્ય હતા. તે એટલા બધા હરિભક્ત થયા હતા કે તેમની ગણતરી થઈ શકે તેમ ન હતું. તે ભક્તો એકએકથી સરસ અધિક સત્સંગી થયા હતા. જેમ પોતાનાં કુળ અને કુટુંબ ઉપર ભાવના હોય તેમ વડતાલના પાટીદારોને શ્રીહરિ તથા સંતોના ઉપર હરખભરી અતિ ભાવના હતી. તેઓ બધા ફૂલહાર લાવ્યા હતા. તે શ્રીહરિને અને સંતોને પહેરાવી દીધા. જે શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ભેટ ધર્યા અને વારંવાર પગે લાગ્યા.

વર્ણી, દરબારો અને પાર્ષદો, સહુને હાર પહેરાવ્યા. કોઈ બાકી રહ્યા નહી. પાટીદારોમાં કુબેરદાસ અને કિશોરદાસ મુખ્ય સત્સંગી હતા. તેમના પરિવારના જે સત્સંગી થયા હતા, તેમના નામ પણ કહું છું. તેમાં કુબેરદાસને આઠ પુત્ર હતા અને બે પુત્રીઓ હતી. તેમાં મોટા પુત્રનું નામ બેચરદાસ હતું. દાજી અને રાયજી, તે બે તેથી નાના અને સુખી હતા. તે પછીના ભાઈજી, રણછોડદાસ, કહાનદાસ, વ્રજલાલ અને મૂળજી, એ આઠ પુત્ર હતા. મોટીબાઈ અને રૂપબાઈ બે પુત્રીઓ હતી. દસેની માતાનું નામ કહળબાઈ હતું. એ બધા જ સારા સત્સંગી હતા.

તેમાં બેચરદાસના પુત્ર ડુંગરભાઈ થયા અને ડુંગરભાઈના રામદાસ, જેઠો અને ગોવિંદજી એ ત્રણ પુત્ર થયા. તે કુબેરદાસના બધા જ પૌત્રો સારા હરિભક્ત થયા. એક એકથી અધિક સત્સંગ અત્યારે પણ રાખે છે. દાજીભાઈને વાલજી નામે એક જ પુત્ર હતો. તેણે પણ સત્સંગની દૃઢ ટેક રાખી હતી. રાયજીભાઈના પુત્ર અજુભાઈ, જોરાભાઈ, જીજીભાઈ, લલ્લુભાઈ અને દાદાભાઈ હતા. ઘણો મોટો પરિવાર હતો. કેટલા નામ લખવા. જોરાભાઈના પુત્રનું નામ તુલસીદાસ હતું. ભાઈજીના પુત્રના નામ હવે કહું છું. એક હરિભાઈ અને બીજા કૃષ્ણદાસ હતા. હરિભાઈને એક પુત્રી હતી. કૃષ્ણદાસને ઇચ્છાભાઈ અને શંકરભાઈ એ બે પુત્ર હતા. રણછોડદાસ સારા હરિભક્ત હતા તેને એક પુત્ર મીઠાભાઈ હતા. શંકરભાઈ અને હરિદાસ એ મીઠાભાઈના બે પુત્ર હતા. કહાનદાસને દેસાઈભાઈ અને વસ્તાભાઈ, એ બે પુત્ર હતા. વસ્તાભાઈને ભગાભાઈ નામે શુદ્ધમનવાળો એક પુત્ર હતો.

કિશોરદાસને જીવાભાઈ, વેરી ભાઈ, ગોપાળજી, કાકુભાઈ અને ખુશાલભાઈ એ પાંચ પુત્ર હતા. બધા જ સારી રીતે સત્સંગને દૃઢ પણે રાખતા હતા. એ બધા પરિવારને સત્સંગની તુલનામાં બીજું કાંઈ અધિક ન હતું. બધો પરિવાર એવો દૃઢ સત્સંગી થયો હતો. દાદાભાઈ અને જેસંગભાઈ તે કિશોરભાઈ બીજાના પુત્ર હતા. દાદાભાઈને ભાઈબા અને ધોરીભાઈ બે પુત્ર હતા. ભાઈબાના પુત્ર દ્વારકાદાસ અને ધોરીભાઈને મોતીભાઈ તથા ઝવેરભાઈ નામે બે પુત્ર હતા. જેસંગભાઈને જીવાભાઈ, દલાભાઈ અને શામળદાસ એમ ત્રણ પુત્ર હતા. તેમાં દલાભાઈને ભીખાભાઈ અને ભવાનભાઈ બે પુત્ર હતા. ભીખાભાઈના પુત્ર હાંહજી (આશજી) અને વેણીભાઈ હતા. શામળદાસને પ્રાગદાસ અને લલ્લુભાઈ નામે બે પુત્ર હતા. થોભણદાસના લાલદાસ અને જોરાભાઈ પુત્ર હતા. લાલદાસના પુત્ર દ્વારકાદાસ અને ગોપાળ નામે હતા. મથુરભાઈ અને જેઠાભાઈ, એ બે જોરાભાઈના પુત્ર હતા.

થોભણદાસના પુત્ર વાસણજી, નરોત્તમદાસ અને નૃસિંહદાસ હતા. નરોત્તમદાસના પુત્ર ત્રિકમજી હતા અને નૃસિંહદાસના પુત્ર રણછોડભાઈ હતા. આ બધા એક જ ઘરનો પરિવાર હતા. બધા જ શ્રેષ્ઠ હરિભક્ત થયા હતા. ભાઈજીભાઈ નામે હરિભક્ત હતા તેને ગલાભાઈ, દલાભાઈ અને ગિરધર એ ત્રણ પુત્ર હતા. તેમાં દલાભાઈને પ્રભુદાસ, ગોવિંદ અને વાલદાસ, એવે નામે ત્રણ પુત્ર હતા. તે સારા હરિભક્ત થયા હતા. રાયજીના પુત્ર મૂળજીભાઈ હતા અને તે મૂળજીભાઈને રામદાસ, મથુરભાઈ અને ત્રિકમભાઈ એ ત્રણ પુત્ર હતા. વસનદાસને કહાનદાસ અને ધર્મદાસ નામે બે પુત્ર હતા. તે ઈટોલદાસ નામે થઈ ગયા હતા તેના પરિવારમાં કહેવાતા હતા. એ બધા પરિવારના પરિવાર સારા હરિભક્ત થયા હતા. તેઓ દિન પ્રતિદિન શ્રીહરિ અને સંતોના ઉપર અધિક અધિક પ્રેમભાવ રાખતા હતા.

વિપ્રોમાં બે જણ સત્સંગી થયા હતા. એક વનમાળીભાઈ અને બીજા મહેતા ડાહ્યાભાઈ, વનમાળીની પુત્રીનું નામ અવલબાઈ હતું. અવલબાઈના પુત્રનું નામ હરિશંકર હતું. ગોસાઈમાં એક જ હરિભક્ત હતા. તેનું નામ નારાયણગિરિ હતું. તેના શિષ્ય માનગિરિ અને શંકરગિરિ ગૃહસ્થ કહેવાતા. તેમના સંબંધી જે ગોસાઈ હતા તે "મોગરી" વગેરે ગામોમાં રહેતા હતા. તેમાં જે રૂડી બુદ્ધિવાળા

હતા તેઓ સત્સંગના ઉપર ઘણો સદ્‌ભાવ રાખતા હતા.

વડતાલમાં શેઠ રાયજી વણિક ઘણા પાકા સત્સંગી હતા અને તેમના બહેન અચરજબાઈ પણ તેવા જ દૃઢ હરિભક્ત થયા હતા. હવે ભાયા પગીના પરિવારના નામ લખું છું. ભાયાભાઈ ને શંકર, સુંદર, દલો અને જોબન, એ ચાર પુત્ર હતા. શંકરના પુત્ર ખોડાભાઈ અને ભવાનભાઈ હતા. સુંદરપગીના પુત્ર ઓધારજી હતા. જોબનના પુત્ર જગમાલ અને અમરસિંહ હતા. એ બધા ઘણા સારા હરિભક્ત હતા. રળિયાતબા અને સૂરજબા, એ બે જોબન પગીની પુત્રીઓ હતી. તે બંનેએ સંસારના સુખનો ત્યાગ કરીને સાંખ્યયોગનું જીવન સ્વીકાર્યું હતું અને જીવનભર શ્રીહરિનું ભજન કર્યું હતું. જોબન પગીની 'મા' વખતબા પણ ઘણા શ્રેષ્ઠ સત્સંગી થયા હતા. તેણે શ્રીહરિની ઘણી જ સેવા કરી હતી અને ઘરબાર વગેરે શ્રીહરિને અર્પણ કરી દીધું હતું.

બીજા એક વેણા પગી હતા તેને જુહાજી, ખોડો અને સુરતો, એ ત્રણ પુત્ર હતા. જુહાજીના પુત્રનું નામ વાલો હતું અને જુહાજીની 'મા'નું નામ અવલબા હતું. તે વખતબા (જોબનપગીના મા) ની બહેન હતા. તેમનો સત્સંગ સર્વોત્તમ હતો અને તેમણે શ્રીહરિને વારંવાર રાજી કર્યા હતા. બોઘા પગીના પુત્ર વખતો પગી હતા. તે સારા સત્સંગી હતા. ઉજમ અને ઓધાર, એ બે વખતા પગીના પુત્ર હતા. એક રામસિંહ પગી અને તેના પુત્ર અવલસિંહ, એ બધાએ અનીતિ છોડી દીધી હતી અને ઘણા સારા સત્સંગી થયા હતા.

વડતાલમાં દાલાભાઈ અને કાળાભાઈ નામે બે સગાભાઈ પગી સત્સંગી હતા. તેમની બહેનો અમરબા અને જીવીબા, એ બધા શુભ અને શુદ્ધ વર્તન રાખનારા ઉત્તમ સત્સંગી હતા. એક અન્ય કરણા પગી સત્સંગી હતા. તેના પુત્ર વિક્રમ પગી અને દીપા પગી હતા. તેમાં વિક્રમના પુત્ર હમીર અને રાયજી હતા. દીપા પગીના પુત્ર ઝાલા પગી હતા. તે સિવાય એક દેવકરણ પગી, ધર્મનિષ્ઠ આશજીપગી, ગુમાનજી અને આહકરણ પગી સારા સત્સંગી હતા.

સુરસિંહજીના પુત્ર ખોડા પગી અને બહેચરપગી હતા. એક મંગળ પગી અને થોભણ પગી હતા. થોભણના પુત્ર નથુ પગી અને નથુના પુત્ર પથુપગી હતા. હવે જે સુતાર હરિભક્તો થયા હતા તે બધાના વંશે સહિત નામને કહું છું. તેમાં વાસણ, ભવાન અને રઘુ એ ત્રણ ભાઈ હતા. તેમાં વાસણના પુત્ર નારાયણ, રણછોડ અને ગોપાળ એ ત્રણ હતા. ભવાનના પુત્ર જાદવ અને ખુશાલ હતા. ખુશાલની 'મા' વ્રજબાઈ હતા. એ બધા સુતાર હરિભક્તો શ્રીહરિની સેવા બહુ જ કરતા હતા. તે વર્ણવી શકાતી નથી. શ્રીહરિ વડતાલમાં જેટલી વખત આવ્યા તેટલી વખત આ સુતાર હરિભક્તોએ શ્રીહરિને પોતાને ઘેર ઉતાર્યા હતા.

તે બધી વાતો આગળના ચરિત્રોમાં કહેવાશે. અહીંયા બધું કહી શકાતું નથી. તેમનો એક ભાણેજ હતો. જેને ભાણો કહીને બોલાવતા હતા. તેણે શ્રીહરિની સેવા ઘણી કરી હતી. હિંડોળાના સ્તંભને તે રંગ કરી દેતા, તેમજ શ્રીહરિ જ્યારે ગામની બહાર બેઠક કરતા ત્યારે કઠોડાને પણ રંગી દેતા હતા. તે સિવાય પૂંજો, લાલો અને અમીદાસ એ ત્રણ ભાઈ પણ ઘણા સારા સત્સંગી થયા હતા. એટલા સુતાર હરિભક્તોના નામ કહ્યા. હવે લુહાર હરિભક્તોના નામ કહું છું. અમીદાસ, લાલદાસ અને ગણેશ, એ ત્રણે કાયમના સારા સત્સંગી હતા. વળી નરસિંહ અને રામજી નામે વાળંદ હરિભક્તો હતા. તેમણે શ્રીહરિની ઘણી જ સેવા કરી હતી. એક કરશન નામે માળી સત્સંગી હતો તેણે શ્રીહરિને સુંદર ફૂલહાર બનાવીને ખૂબ જ પહેરાવ્યા હતા. વડતાલમાં હરિભક્તો ઘણા હતા પણ નામ તો થોડાના જ લખાયા છે. બધા નામ લખવા ધારીએ તો પણ લખી શકાય તેમ નથી. અખૂટ હરિભક્તોનું આ ગામ છે.

બાપુજી નામે એક હરિભક્તે હાથ જોડીને શ્રીહરિને વડતાલ ગામમાં પધરાવ્યા. વિવિધ પ્રકારના જે વાજિંત્રો વાગતાં હતાં તેનો ધ્વનિ ઘણો જ થઈ રહ્યો હતો. વડતાલને અત્યંત શણગાર્યું હતું. તેની શોભા વર્ણવી શકાતી નથી. પૃથ્વી ઉપર તો અનેક ધામ છે પણ તે બધા વડતાલરૂપી સૂર્યની આગળ દીવા જેવા કહેવાય. વડતાલના પૂર્વ દરવાજાની સમીપે એક નિર્મળ જળથી ભરેલું સરોવર છે. તે સરોવરની પાળની ચારે બાજુ વિવિધ પ્રકારના અનેક વૃક્ષ હતા. તે બહુ સારા લાગતા હતા. તે વૃક્ષોના ઉપર ઘણી જાતના પંખીઓ રહેતાં હતાં. તે પક્ષીઓ જાતજાતના શબ્દો બોલતા હતા. તે વૃક્ષોના ઉપર જે વાનર બેઠા હતા તે પોતાની જાતિના શબ્દોથી તે વૃક્ષોને ગજવી દેતા હતા. શ્રીહરિને દેખીને તો તે વાનરો ખુશ ખુશાલ થઈ ગયા. તે એટલું બધું નાચવા કૂદવા લાગ્યા કે તે કહી શકાતું નથી. તેમને શ્રીહરિને રિઝવવાનું જ તાન હતું, માનો ફરી આવો અવસર ક્યારે આવશે ?

શ્રીહરિનાં દર્શન સારી રીતે કરી શકાય એવા ભાવથી કેટલાક મનુષ્યો પણ તે ઝાડ ઉપર ચડી-ભરાઈ બેઠા હતા. સહુ શ્રીહરિને આદરભાવથી હાથ જોડીને મસ્તક નમાવતા હતા. સહુને શ્રીહરિના ઉપર બહુ ભારે હેત હતું તેથી બધા ગામથી બહાર આવી ગયા હતા. શ્રીહરિ જ્યારે ગામના દરવાજાની સમીપે આવ્યા હતા ત્યારે તેની શોભા ઘણી રીતે સજાવી હતી. જેટલા રાજમાર્ગો (બજારો) કહેવાતા તે બધાને વિચિત્ર રીતે શણગાર્યા હતા. બજારોને કાંઠે જેટલી દુકાનો અને મકાનો હતા, તેના બધા દરવાજાઓને વિચિત્ર રીતે સજાવ્યા હતા અને મોતીનાં તોરણ ત્યાં બાંધી દીધાં હતાં. બજારમાં કેળના સ્તંભ રોપાવ્યા હતાં અને બિલોરી ઝાડ તો પાર

વગરના બાંધ્યાં હતાં. પ્રત્યેક દરવાજા આગળ સુશોભિત સુવર્ણ કુંભ સ્થાપન કર્યા હતાં. મકાનોના જેટલા માળ હતા તે બધામાં દર્શનાર્થી લોકો ભીડમાં ઊભા હતા.

જે પુરુષો હતા તેમણે સહુએ હાથમાં ફૂલહાર લીધા હતા અને સ્ત્રીઓ મોતીના થાળ હાથમાં લઈને રાહ દેખતી ઊભી હતી. શ્રીહરિ બજારમાં આવ્યા. અપાર સવારી શોભતી હતી. તે વેળાએ ડંકા અને જરિયાની નિશાન આગળ આગળ ચાલતાં હતાં. જેટલા વાજિંત્રો હતાં તે બધા સવારીમાં આગળ વાગતાં હતાં. જેટલા સંતો હતા તે બધા શ્રીહરિની આગળના ભાગમાં ચાલતા હતા. શ્રીહરિની આગળ જે પાર્ષદો હતા તે બધા બંદૂકોને ફોડતા હતા. ચોપદાર છડી બોલતા હતા. તેની શોભા પણ અનેરી બની હતી.

શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે અશ્વને પણ બધા સોનેરી શણગારોથી શોભાડ્યો હતો. અશ્વના ઉપર જેટલા સોનાનાં ઘરેણાં હતાં તે વર્ણવી શકાતા નથી. બધા જ અશ્વના માથા ઉપર કલગી હતી. બધાના પગમાં ઝાંઝર પહેરાવ્યા હતા. તે ઠમકતા પગમાં રહેલા ઝાંઝરના ઘમઘમાટથી વાતાવરણ અદ્‌ભુત બની ગયું હતું. બધા દરબારોએ પણ પોતાના શરીર ઉપર સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. અને તેવા જ ઘરેણાં મહારાજાધિરાજ શ્રીહરિએ પહેર્યાં હતાં. શ્રીહરિની મૂર્તિનો રંગ તો કાંઈક ઓર જ હતો. જો કોઈ તે મૂર્તિને ચિંતવે તો તુરંત તેનું ચિત્ત ચોરાઈ જાતું હતું. શ્રીહરિએ પોતાનાં સ્વરૂપ ઉપર જે વસ્ત્રાભૂષણ ધાર્યાં હતાં તે લોકોના મનને ખેંચી લેતાં હતાં. જે કોઈ પણ નરનારી, તે મૂર્તિને એકવાર પણ દેખે તો મૂર્તિ ચિત્તમાં ચોંટી જાતી હતી. જે ક્યારેય બહાર નીકળતી નહિ.

તે મૂર્તિમાં કાંઈ એવો પ્રતાપ રહ્યો હતો કે તે જડને પણ ચેતન કરી દેતી હતી.


જે મનુષ્યને ક્યાંય હેત ન થતું હોય તેવાને પણ મૂર્તિ હેત-પ્રીત કરાવી દેતી હતી. શ્રીહરિનાં મસ્તક ઉપર અમૂલ્ય છત્ર હતું કે જેની તુલના કોઈની સાથે થઈ શકતી નહિ. બંને પડખે બે ચામર મસ્તકના ઉપર ઢળી રહ્યાં હતાં. શ્રીહરિનું મુખારવિંદ એટલું શોભતું હતું કે કરોડો સૂર્ય ચંદ્ર તેમાં લોભાઈ જાતા હતા. શ્રીહરિનાં મુખમાં શીતળતા એટલી હતી કે કરોડો ચંદ્રની શીતળતા પણ તેની સમાનતા કરી શકતી નથી. તેમનાં હરેક અંગમાં એટલો બધો પ્રકાશ હતો કે તેની આગળ કરોડો સૂર્યનું તેજ અલ્પ દેખાતું હતું. દર્શન કરનાર મનુષ્યની પાત્રતા પ્રમાણે તેવાં દર્શન થાતાં હતાં.

શ્રીહરિ બજારમાં આવતા હતા ત્યારે બધા જ પુરુષો અત્યંત સ્નેહભાવથી તેમને ફૂલહાર પહેરાવતા હતા. ગામની જેટલી સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને ઘણા જ સ્નેહભાવથી રસભર્યા વચન બોલીને શ્રીહરિને વધાવતી હતી. તે બોલતી હતી કે, આ વડતાલ ધામ આપનું જ છે. તે આપના પધારવાથી ઘણું શોભી રહ્યું છે. હરિભક્તોને સુખ આપનારું આવું બીજું કોઈ ધામ નથી. દેશદેશના હરિભક્તો જ્યારે અહીં વડતાલ આવે છે ત્યારે તેમનાં મન દર્શન કરીને અત્યંત પ્રસન્ન થાય છે અને આ ગામના લોકો પણ તે ભક્તોનાં દર્શન કરીને પ્રસન્ન થાય છે.

### ● ભગવાન શ્રીહરિએ રામનવમીનો ઉત્સવ કરવા માટે વડતાલના હરિભક્તોની સંમતિ લીધી :

ભગવાન શ્રીહરિને વડતાલના મુખી બાપુજીભાઈ હાથ જોડી વિનંતી કરીને પોતાને ઘેર લઈ ગયા અને ત્યાં ઉતારો કરાવ્યો. સુંદર પલંગ બિછાવી દીધો. તેના ઉપર મહારાજાધિરાજ શ્રીહરિ બેઠા અને સંતો તથા દરબારોને સત્વરે ઉતારા આપ્યા તથા દરબારોના ઘોડાને બંધાવ્યા. વિક્રમ સંવત્ ૧૮૬૨ની સાલ હતી. ચૈત્ર સુદિ રામનવમીનો ઉત્સવ-સમૈયો વડતાલ કરવો છે, એવું વિચારીને શ્રીહરિ વડતાલ આવ્યા હતા. જાણી જોઈને પાંચ દિવસ અગાઉ આવ્યા હતા.

પછી મયારામ ભટ્ટને પૂછીને સમૈયો કરવાનું મનમાં નિર્ધાર્યું. ગામના જે મુખી પટેલ કહેવાતા તેમને સૌ પ્રથમ બોલાવ્યા. સુંદરપગી અને જોબનપગી એ બંને ભાઈઓને બોલાવ્યા. નારાયણગિરિ ગોસાઈને અને સારા બુદ્ધિમાન વિપ્ર વનમાળીને પણ બોલાવ્યા. ગામમાં એક મુખ્ય વણિક હતા તેને પણ ભગવાન શ્રીહરિએ બોલાવ્યા.



સહુ આવ્યા ત્યારે શ્રીહરિએ તે ગામના આગેવાનો આગળ વાત કરી. જો તમે દેહ સેવા કરીને મદદ કરો તો અમે અહીંયા વડતાલમાં એક સમૈયો કરીએ. જો બધા આગેવાનોની ઇચ્છા હોય તો સમૈયો સારો

થાય. સૌની ઇચ્છા ન હોય તો લોકોને સુખ ન થાય. એટલા માટે તમને સહુને બોલાવીને પૂછીએ છીએ. અમે સાધુ છીએ અને તમે બધા જમીનદાર છો. અમારું અહીંયાં લગાર પણ ઊપજે નહિ. જીવનો મોક્ષ કરવો તે અમારું કામ છે. તેમાં તમારું ક્યારેય કાંઈ ચાલે નહિ. જીવને જન્મમરણથી છોડાવવા, એટલું કામ અમને આવડે છે. લખચોરાશીનું દુઃખ ઘણું ભારે છે. તે જીવને વારંવાર આવે છે. વળી જમપુરીનું દુઃખ તો અપાર છે. એક હજાર યુગ સુધી કહેતા રહીએ તો પણ તેનો પાર પમાય તેમ નથી. જીવને તે દુઃખથી છોડાવવા માટે અમે આજે પ્રકટ થયા છીએ. સમૈયા કરવાનું પ્રયોજન પણ જીવનો ઉદ્ધાર કરવો અને દૃઢ કરીને ધર્મને રાખવો એટલું જ છે. લોકો ધર્મે રહિત જે ભક્તિ કરે છે તે તેટલી સફળ થાતી નથી. ધર્મને પાળ્યા વિના તીર્થયાત્રા કરે કે કરોડો વ્રત કરે, પણ તેને તેનાં યથાર્થ ફળ રૂપ મોટી પ્રાપ્તિ થાતી નથી. ફૂટી ગયેલા વાસણમાં થોડુંએ પાણી રહેતું નથી. જો તેને સાંધવામાં આવે તો પાણી રહે. સાંધ્યા વિના તો એકલો ક્લેશ જ રહે છે. તે રીતે જ ધર્મને રાખ્યા સિવાય કોઈ પણ મનુષ્ય જે જે કામ કરે, તે સફળ થાતું નથી, તે રહસ્ય સિદ્ધાંતની વાત છે.

કોઈ પણ મનુષ્ય જો ધર્મ પ્રમાણે ચાલતો હોય તો તેને તેમાં ક્યારેય દુઃખ આવતું નથી. તે ધર્મ આ ભૂમિ ઉપર બે રીતે રહ્યો છે એક લૌકિક અને બીજો અલૌકિક. વર્ણાશ્રમનો જે ધર્મ છે તે લૌકિક કહેવાય છે. તે વર્ણાશ્રમના અનેક પ્રકારના ધાર્મિક કર્મ કરવામાં આવે તો તે કરનારાને દેવલોકની પ્રાપ્તિ થાય છે. તીર્થ, વ્રત, જપ અને તપ કરવું, યજ્ઞ, યોગ અને દાન કરવું, કૂવા કરાવવા, વાવો બંધાવવી, સદાવ્રત કરવા, એ આદિક જે સાધનો અને ધર્મશાળા બંધાવવી, સારા રસ્તા કરાવવા, ઠેકઠેકાણે પાણીના પરબ કરાવવા, તે બધા લૌકિક ધર્મ કહેવાય છે. તે કરનારાને મરણ પછી આ લોકનું સુખ મળે છે.

જે ધર્મ ભગવન્નિષ્ઠ-ભગવાનના સંબંધવાળો હોય તેને અલૌકિક ધર્મ કહેવાય છે. તે ભાગવત ધર્મના આચરણથી પુરુષ હોય કે સ્ત્રી હોય, તુરંત ભગવાનનાં ધામને પામે છે. જે લૌકિક ધર્મમાં નિષ્ઠાવાળો છે તે અંતે જાતા ભગવન્નિષ્ઠ ધર્મવાળો થઈ જાય છે પણ જેને લૌકિક ધર્મમાં શ્રદ્ધા ન હોય તે ક્યારેય તે અલૌકિક ભગવન્નિષ્ઠ ધર્મને પામતો નથી. શુભ ધર્મશાસ્ત્રોનો આવો સિદ્ધાંત છે અને અમારો મત પણ તે પ્રમાણે જ રહ્યો છે. જે મનુષ્ય જેટલી ધર્મની બરદાશ-સંભાળ રાખે છે તેટલા તેના દુઃખોનો નાશ થાય છે.

શ્રીહરિનાં આવાં વચનોને સાંભળીને ગામના બધા મુખી ઉલ્લાસથી બોલ્યા. આપ જેમ કહો, તેમ અમે કરશું, તેમાં અમે લગારેય પાછી પાની કરશું નહિ. મહારાજ ! આપને તો અનંત બ્રહ્માંડો વશ છે, આપ એવા બળવાન અને સમર્થ છો. ભવ, બ્રહ્મા અને ઇન્દ્રાદિ દેવો પણ આપની સેવા ચાહે છે. તે સેવા તેમને કોઈ કાળે મળતી નથી.

આપ તો એવા પરમ દયાળુ છો તે અમને સેવા આપી રહ્યા છો. શ્રીહરિ તે સહુનાં વચનોને સાંભળીને તેમના ઉપર અતિ રાજી થયા. પછી શ્રીહરિએ રામનવમીના ઉત્સવ ઉપર વડતાલ આવવાના પત્રો દેશેદેશમાં લખ્યા. સહુ હરિભક્તો સમૈયો કરવા વડતાલ આવજો પણ ઘરમાં ક્લેશ થાય, તે રીતે આવશો નહિ. મોક્ષને માર્ગે ચાલવામાં અસુર દ્વેષ કરે છે. તે દ્વેષરૂપી અસુર માતા, પિતા, ભાઈ અથવા પત્નીમાં નિશ્ચિત પ્રવેશ કરે છે. જેને સત્સંગનું બળ હોય તે અસુરને કાંઈ ગણકારતો નથી. તે ગમે તે રીતે છળ કરીને પણ પોતાનું કામ સુધારી લે છે. જો પોતાના જીવનું હિત કરવું હોય તો તે સત્પુરુષ વિના કોઈ કરી શકતું નથી. સંતો તો જીવના ખરા મિત્ર છે. તેમને સારી રીતે સમજી લેવા જોઈએ. સંસારમાં જેટલા સંબંધી છે તે બધા કાંઈ હરિભક્ત થયા હોતા નથી. તે લોકો તો સંસારને જ હિતકારી માને છે અને મોક્ષમાર્ગને લગારેક પણ સમજતા નથી.

જગતના સંતો અને વિપ્રો જે છે તે જગતને જ પ્રિય કરી બતાવે છે. વેદ અને પુરાણોને ભણવાથી શું સિદ્ધિ થશે ? જો જગતમાં આસક્તિ જ કરવી હોય. તેવા લોકોથી જન્મ અને મરણ છૂટતા નથી. તેઓ તો મરીને જમપુરીમાં જ જાય છે. સત્પુરુષ મળ્યા વિના તે અંગે જગતમાં બધાં કાંઈ જાણતા હોતા નથી. જેને પોતાના આત્માનું કલ્યાણ કરવું હોય તેવા હરિભક્તે જગતની વાસનાવાળા લોકોની પાછળ પાછળ ચાલવું નહિ. દયાળુ શ્રીહરિએ આવો મોક્ષકારી પત્ર લખાવીને તત્કાળ જ હરિભક્તોને ગામેગામ પહોંચાડી દીધો.

વર્ણી રસોઈ કરતા હતા તે તૈયાર થઈ ત્યારે સુખકારી શ્રીહરિ તે જમવા માટે ચાલ્યા. ત્યાં જઈને જળથી હાથપગ ધોયા અને પછી સુવર્ણના બાજોઠ ઉપર બેઠા. સુવર્ણના થાળમાં જે ભોજન ભર્યાં હતાં તે બધા શ્રીહરિની આગળ ધરાવી દીધાં. સાકર નાખીને કંસાર કર્યો હતો. તેને શ્રીહરિ જમ્યા. દૂધપાક, પૂરી અને વડાં પણ કર્યાં હતાં. ભજિયાં અને શાક તથા ભાજી વગેરે પણ બનાવ્યાં હતાં. શ્રીહરિ બધું ભાવથી જમ્યા. તે સમયે સહુ ભરપૂર આનંદ માણતા હતા. શ્રીહરિ દહીં ભાત અને સાકર, ભોજન કરી રહ્યા પછી જમ્યા. તે પછી હાથ અને મુખ ધોઈને થોડું જળપાન કર્યું. રૂમાલથી હાથ અને મુખ લૂછીને મુખવાસ લીધો. પછી સંતોની પંગત કરવાની આજ્ઞા કરી. ત્યાં આખા ચોકમાં રંગોળી પૂરી હતી. તેમાં સંતો, દરબારો અને પાર્ષદોની પંગત બેઠી. તેની શોભા વર્ણવી શકાતી નથી. જેટલા સંતો હતા તેટલા પાટલા મૂક્યા હતા. તેના ઉપર બેસીને સંતો 'સ્વામિનારાયણ ધૂન' કરવા લાગ્યા.

## • બાપુભાઈએ ભગવાન શ્રીહરિ અને સંતોની પૂજા કરી :

વડતાલના બાપુભાઈ પટેલે ઘણા જ પ્રેમથી કેસરયુક્ત ચંદનથી શ્રીહરિની પૂજા કરી અને ફૂલહાર પહેરાવ્યા. તોરા અને ગુચ્છે સહિત ફૂલની ટોપી મસ્તકે પહેરાવી. ફૂલના બાજુબંધ ધરાવ્યા. મૂર્તિ ફૂલોથી ભરપૂર રહી હતી. તે જ કેસરચંદન લઈને સંતો, પાર્ષદો અને દરબારો, સહુને પૂજયા. તે પછી સહુને ફૂલહાર પહેરાવ્યા. સંતો જયાં બેઠા હતા તે તરફ અગરબત્તીનો ધૂપ કર્યો, પંગત અનુપ મ રીતે શોભતી હતી. તેમાં શ્રીહરિ પીરસવા આવ્યા. કંસાર ઘણો જ સરસ થયો હતો. તે ડંકા ભરી ભરી આનંદોલ્લાસથી સહુને આપતા હતા. જમનારા અને રસોઈ આપનારા જેવા પ્રેમી ભક્ત હતા તેવા જ શ્રીહરિ પીરસનારા હતા. જ્યારે શ્રીહરિ બધું પીરસી રહ્યા ત્યારે 'વાસુદેવ ! હરે !!...' આમ બોલ્યા. સહુ જમવા લાગ્યા. જેટલી જાતના ભોજન કર્યા હતા, તે બધા લગારે લગાર બધી વાનગીઓ શ્રીહરિ પીરસતા હતા. શ્રીહરિએ સંતોને અનેકવાર પીરસ્યું છે, છતાં સંતોને પીરસવાની ઇચ્છા શ્રીહરિને નિત્ય નિત્ય ઘણી બધી રહેતી હતી. સંતોને વારંવાર પીરસવામાં શ્રીહરિ સૌથી વધારે મોટાઈ માનતા હતા.

## • સંતોની સેવાની દુર્લભતા :

તેમાંય સંતોની જે નિત્ય સેવા કરવી તેમાં શ્રીહરિ અત્યંત મોટપ માનતા હતા. ચૌદ લોકનું રાજય મળે તો પણ સંતોની સેવા જેવી તે મોટપ કહેવાય નહિ, એવું માનતા. સંતોની સેવા કરવામાં જેવું સુખ છે તેવું સુખ તો વૈકુંઠ લોકનું સુખ પણ નથી. સંતોની સેવાને સમાન બીજું કોઈ પદાર્થ નથી. આવું સમજીને જે સંતોની સેવા કરે છે તેના ઉપર શ્રીહરિ તત્કાળ પ્રસન્ન થાય છે. સંતોની સેવા કર્યા પછી જે મનુષ્ય કોઈ અન્ય માયિક પદાર્થને ઇચ્છે છે, તો તેને પશુના જેવો પામર જાણવો. તે ક્યારેય જન્મ મરણથી છૂટતો નથી.

માનો તેણે અપાર કલ્પવૃક્ષને સેવ્યા છતાં તલભાર પણ તેણે પશુબુદ્ધિ છોડી નહિ. જેમ કોઈ આંધળાને પારસમણિ મળે અને તેને કૂવામાં ફેંકી દે, તેવું એને થયું. અને સંતોની સેવા કરીને પણ સંતોના ગુણોને જે ન શીખી શકે, તો તેને સંતો પશુ જેવો ગણે છે. સંતોમાં ગુણ સહુથી અધિક છે, તે શીખ્યા વિના આવડતા નથી. પણ પશુના જેવી જેની પ્રકૃતિ હોય, એવો મનુષ્ય કરોડ વરસ સુધી સંતોની સાથે રહે તો પણ તેમાં કોઈ ફરક પડતો નથી.

પશુના જેવા સ્વભાવ-ગુણોને છોડવા માટે તો સંતોની સેવા કરવાની હોય છે. સંતોમાં પણ જ્યારે કુસંગ ઘૂસી જાય તો તરત જ તે કુટેવોને શીખવી દે છે. સાત માળવાળા મકાન ઉપર આધાર વિના ક્યારેય ચડી શકાતું નથી, સીડીનો આધાર લેવો પડે છે પણ જો તેવા ઊંચા મકાન ઉપરથી નીચે પડવું હોય તો તેમાં આધાર લેવાની જરૂર રહેતી નથી. ઊંચે ચઢવું તે કઠણ કામ છે પણ નીચે પડવું, તે કઠણ નથી. માટે જે હોંશિયાર-વિચક્ષણ મનુષ્ય હોય તેને ઊંચે પહોંચવા માટે સંત સમાગમ રુચે છે.

સંતોની સેવામાં જેવો લાભ થાતો હોય તેની તપાસ વારંવાર કરવી જોઈએ. જ્યારે સંતોના દાસ થઈને રહીએ ત્યારે આપણામાં સંતોના ગુણ આવે છે. ખાલી સંતોનો વેશ ધારવાથી જ સંતોના ગુણ આવતા નથી. જે સંતોના ગુણોને શીખે છે તે સંત કહેવાય છે. જે સંતનો વેશ ધારીને પણ સંતના ગુણોને શીખતા-શીખવતા નથી તો નામમાત્રના જ સંત કહેવાય છે. જે સંતો ભેળા-સાથે રહેતા હોય અને એકબીજાની મર્યાદા(ભાર) રાખતા હોય અને એક એકનો ગુણ અપાર બોલતા હોય, આવા સંતોના ગુણોને વારંવાર શીખવા. જેને લીધે સંતોને આપણા ઉપરનું હેત તૂટી જાય એવો કોઈ અવગુણ રાખવો નહિ. જીવમાં જે અવગુણ રૂપ દોષ રહ્યા હોય અને તેને જો સંતો દેખાડે તો તેને તજી દેવા.

જીવમાં જે દોષરૂપ અવગુણ રહ્યા હોય છે તે આપમેળે-પોતાને ક્યારેય દેખાતા નથી. મનુષ્યમાત્રનો એવો સ્વભાવ છે કે તેમાં કરોડો અવગુણ રૂપ દોષ રહ્યા હોય છે. દેહ, ઇંદ્રિયો અને અંતઃકરણ, એ જે બધા છે તે જીવની સાથે એકરૂપ થઈને લાગી ગયા છે. તે બધા કુસંગરૂપ છે. દોષ અને અવગુણોથી ભરેલા મહાકૂવા જેવા છે. છતાં જીવ દેહને પોતાનો હેતુ-હિતૈષી માને છે. કુટુંબ અને પરિવારે સહિત સૌને હિતકારી ગણે છે. ભગવાનથી અને સંતોથી વધારે પડતો રાગ જેમાં રહેતો હોય છે. તે બધાને દોષરૂપ જ કહેવાય છે. સંતોની કૃપા થાય તો તે બધું સ્પષ્ટ દેખાય છે. જીવને જ્યાં સુધી દેહમાં દોષ નથી દેખાતા ત્યાં સુધી તે જીવને મોક્ષમાર્ગમાં અનંત વિઘ્નો થઈ શકે છે.

જ્યારે બુદ્ધિની મલિનતાને તજે ત્યારે બધા સંતો તેના ઉપર રીઝે છે. જેના ઉપર સંતો રીઝે છે તે જ સાચો સંત કહેવાય છે. અને જ્યાં સુધી સંતો રીઝતા નથી ત્યાં સુધી તે કાચો રહે છે. સંતો રાજી થાય એવું હંમેશા શીખવું જોઈએ. એવા ગુણ સદા શીખવામાં જ સાધુતા આવીને રહે છે. ખાધા સિવાય ક્યારેય ભૂખ ભાંગતી નથી. ગુણ શીખ્યા વિના ગુણ આવતા નથી. તેમ રાજી કર્યા વિના રાજીપો મળતો નથી. અને રાજીપો મળ્યા વિના સાધુતા આવતી નથી. એવું રાત દિવસ બધા સંતો કહેતા હોય છે. શ્રીહરિએ આટલી

વાત તો ભોજન પીરસતા પીરસતા કરી. તે સાંભળીને બધા સંતો ખૂબ જ ખુશ થયા અને તેમણે પોતાના આત્માને તે વચનોને આકારે કરી દીધો. બધા સંતો ઘણા સમર્થ હતા. શ્રીહરિનાં આજ્ઞાવચનને આકારે દેહથી પર વર્તતા અને મનથી વિચાર પણ તેને અનુસારે જ કરતા. એ જ શ્રવણ, એ જ મનન, એનો એજ નિત્ય નિદિધ્યાસ સંતો જ્યારે કરતા ત્યારે અતિશય પરમ ઉલ્લાસ થતો હતો. આ જ રીતે સંતોનું સાક્ષાત્ પ્રકટ વર્તન હતું. સંતો વિવિધ પ્રકારનાં ભોજનોને જમ્યા. પછી તેમને પૂછ્યું, સંતો શું જમ્યા ? પણ સંતોને તેની કાંઈ ખબર રહી હતી નહીં. એવા સંતો શ્રીહરિની વાતમાં ને મૂર્તિમાં તણાઈ ગયા હતા. શ્રીહરિ જે વાત કહેતા હતા, તેમાં જ બધી સ્મરણ શક્તિ લીન રહી હતી. કારણ કે તે વાત અમૃત કરતા પણ વધારે સરસ હતી. એટલે સંતોની સ્થિતિ આવી થઈ હતી. તે પછી સહુ સંતો જમીને ઊઠ્યા.

### ● નારાયણગિરિએ ભગવાન શ્રીહરિ અને સંતોની પૂજા કરી જમાડ્યા :

બીજે દિવસ ગોસાઈ નારાયણગિરિએ શ્રીહરિને માલપૂડા દૂધપાકની રસોઈ કરાવીને જમાડ્યા. નારાયણગિરિએ શ્રીહરિને પોતાના મઠમાં પધરાવીને ઘણી વાર જમાડ્યા હતા. ખૂબ જ ભાવથી કેસરચંદનની અર્ચા કરીને તેમણે પૂજા પણ કરી હતી. ઘણી વાર પાટ ઉપર પધરાવ્યા હતા અને હિંડોળા ઉપર બહુ ઝુલાવ્યા પણ હતા. ફૂલના હાર પહેરાવીને તોરા, બાજુબંધ અને ગુચ્છ પણ ધરાવ્યાં. ચરણોમાં કુંકુમ લગાવીને બધા મઠમાં ચરણ-પગલા પડાવ્યા. આમ શ્રીહરિને વારંવાર મઠમાં પધરાવીને તેમણે અપાર લાભ લીધો હતો. ભાઈ રામદાસજીસ્વામી આદિ ઘણા સંતોને તેમણે વારંવાર મઠમાં ઉતાર્યા હતા. તેમને સત્સંગ ઉપર ઘણો પ્યાર છે, એમ જાણીને કેટલીએ વાર શ્રીહરિ પણ તેમના મઠમાં રહ્યા હતા. જેટલા ભણનારા સંતો કહેવાતા હતા તેઓ બધા વારંવાર મઠમાં રહ્યા હતા. ગોસાઈ નારાયણગિરિને શ્રીહરિ અને સંતોના ઉપર અપાર હેત હતું. તેથી તેઓ પોતાનું મન ક્યારેય સત્સંગથી જરાય જૂદું રાખતા નહિ.

### ● જેસંગભાઈએ ભગવાન શ્રીહરિ અને સંતોની પૂજા કરી જમાડ્યા :

ત્રીજે દિવસ જેસંગભાઈએ વિવિધ પ્રકારની રસોઈ આપી. હરિભક્તો એક એકથી વધારે પોતાના ઘરને શણગારતા હતા. અને શ્રીહરિને પોતાને ઘેર તેડાવતા. તેમ જેસંગભાઈએ શ્રીહરિને ઘેર પધરાવી શ્રીહરિનાં અંગો ઉપર કેસરયુક્ત ચંદન ચરચ્યું. ઉમંગથી ફૂલહાર પહેરાવ્યા. ઘણા ભાવથી શ્રીહરિને જમાડ્યા અને હૃદયમાં હેતનો તો કોઈ પાર ન હતો. તેમણે ઘણા પ્રેમપૂર્ણ ભાવથી બધા સંતોની પૂજા કરી. તેઓ સેવાની બધી રીતને જાણતા હતા. તેઓ એક પલક વાર પણ સંતોથી છેટે જાતા નહિ અને પોતાનાં ચિત્તની વૃત્તિને શ્રીહરિની મૂર્તિમાં જોડી રાખતા હતા.

''સ્વામિનારાયણ'' નામના સ્મરણ સિવાયનો એમનો એક શ્વાસ પણ જાતો નહિ. તેઓ સંતોના ચરણોની રજને વારંવાર મસ્તક ઉપર ચઢાવતા હતા. વળી તે ચરણરજમાં વારંવાર આળોટતા હતા. તેમણે કાયમને માટેનું એવું (આળોટવાનું) નિયમ રાખ્યુ હતું. તેઓ એવા બળિયા સત્સંગી હતા કે કોઈની લોકલાજથી દબાતા નહિ. દેહમાં પ્રાણ રહે ત્યાં સુધીની તેમણે સત્સંગની ટેક લીધેલી હતી. તે જેસંગભાઈને દલાભાઈ અને શામળભાઈ એવે નામે બે પુત્ર હતા. તેમણે કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિને ઘણીવાર સુધી પૂજ્યા. ફૂલના હાર પહેરાવીને વારંવાર પગે લાગ્યા. તેમણે શ્રીહરિનાં ચરણોને પોતાનાં માથા ઉપર ઘણી વાર લીધાં હતાં. અને શ્રીહરિવરે તેમને ઘણી વાર પ્રસાદીના ફૂલહાર આપ્યા હતા. દલાભાઈ જ્યારે સંતોને દેખતા ત્યારે વારંવાર પગે લાગ્યા કરતા, પણ ક્યાંય કોઈ અતિ અસત્પુરુષ દેખાઈ જાય તો તેઓ તેમની સામે ક્યારેય જોતા નહિ. શામળભાઈને સત્સંગનાં હિતનું તાન રહેતું. તેઓ ક્યારેય કુસંગના વખાણ કરતા નહિ. તેમની આવી રુચિ જિંદગીભર રહી.

### ● દાદાભાઈએ ભગવાન શ્રીહરિ અને સંતોની પૂજા કરી જમાડ્યા :

જેસંગભાઈના મોટાભાઈ દાદાભાઈ હતા. ચોથે દિવસ તેમણે રસોઈ કરાવી. સાકર વાપરીને સુંદર લાડુ કરાવ્યા. તેની સાથે વડાં, ભજિયાં અને અનેક પ્રકારના શાક કરાવ્યાં. આમ વિવિધ પ્રકારનાં ભોજન કરાવ્યાં. તેમણે પોતાના આંગણામાં ઘણો જ શોભે તેવો રમણીય મંડપ કરાવ્યો. કેળના સ્તંભ રોપાવીને બાગ બનાવ્યો અને વિવિધ પ્રકારના ફૂલ ઝાડ પણ રોપાવ્યાં. બિલોરી કાચનાં ઝાડ બંધાવ્યાં. અને જેટલી જાતના થઈ શકતા હતા તેટલી જાતના રંગથી તેને રંગાવ્યા. વિચિત્ર પ્રકારના ચોક પુરાવ્યા. અને તેમાં અલગ અલગ ખંડ પાડ્યા અને એક એક ચતુષ્કોણ ખંડમાં તેટલા પાટલા મૂક્યા કે શ્રીહરિની સાથે જેટલા સંતો રહેતા હતા. તે બધા ત્યાં બેસી શકે. બધા દરબારો અને પાર્ષદો જે હતા તે પ્રમાણે તેમના માટે પણ તેટલા પાટલા મુકાવ્યા. વાજિંત્રો વગાડીને શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. શ્રીહરિએ ચાખડીઓ પહેરી હતી. શ્રીહરિ આવીને મંડપની અધવચ્ચે વિચિત્ર સોનાના બાજોઠ ઉપર બેઠા.

શ્રીહરિ જ્યાં સુધી થાળ જમતા રહ્યા ત્યાં સુધી બીજા બધા મંડપની બહાર જ બેઠા હતા. ભોજનના થાળ ઘણા જ પ્રેમથી પીરસ્યા હતા. તે બધા જ થાળ પ્રેમથી લાવીને શ્રીહરિની આગળ ધર્યા. તે સમયે ગામના બધા ભક્તજનો દર્શન કરવા આવ્યા. તેઓ એટલા બધા આવ્યા કે ચોકમાં ક્યાંય તેમનો સમાવેશ થયો નહિ. બધાં ભોજન અન્નકોટની જેમ ધરાવ્યાં હતાં. એટલે શ્રીહરિ તેને પ્રેમથી જમવા લાગ્યા. દાદાભાઈની જેવી ભાવના હતી તે પ્રમાણે શ્રીહરિ ભોજનોને જમ્યા. જેટલાં ભોજન બનાવ્યાં હતાં તે બધાને શ્રીહરિ હેતથી જમ્યા. તે જમી રહ્યા એટલે તરત જ મુખ અને હાથ ધોયા.

હાથ અને મુખને રૂમાલથી લૂછ્યાં. પછી મુખવાસ લીધો. પછી શ્રીહરિએ તે થાળ અત્યંત આનંદોલ્લાસથી દરબારોને આપ્યો. શ્રીહરિએ તત્કાળ સંતોની પંગત કરાવી. સંતોની મર્યાદા જાળવીને દરબારો પાટલા ઉપર બેઠા નહિ. શ્રીહરિએ દરબારોને ઘણીવાર સુધી સમજાવીને કહ્યું કે તમે પાટલા ઉપર બેસીને જમો. તમને કોઈ બાધ નહિ લાગે. છતાં દરબારો અગાધ બુદ્ધિમાન હતા, એટલે તેમણે તે બાબતનું શ્રીહરિનું વચન પણ માન્યું નહિ. શ્રીહરિની સાથે જે પાર્ષદો રહેતા હતા તેઓ પણ સંતોની મર્યાદા રાખતા હતા. તેઓને કાયમનો જોગ ઘણો રહેતો હોવા છતાં બોલવા ચાલવા વગેરેમાં પાર્ષદો ક્યારેય સંતોની મર્યાદા લોપતા નહિ. કોઈપણ વ્યક્તિ એવી ક્રિયા ન કરતી કે જેનાથી સંતો નારાજ થાય. રાત દિવસ શ્રીહરિની સાથે સહુ રહેતા. એટલે સહુને તેમનો પણ ઘણો ભય રહ્યા કરતો.

શ્રીહરિ અહોનિશ એવી વાતો કરતા કે, અમારે સમાગમે કરીને રીસ(રોષ)નો ત્યાગ કરવો. હરિભક્તોને કે સંતોને કોઈએ ડારો દેવો નહિ. અમે ક્યારેક અજાણથી ડારો દઈએ છીએ. કદાચ કોઈને કાંઈ કહેવું હોય તો હાથ જોડીને બધું કહેવું. તમને જે શસ્ત્ર બંધાવ્યા છે તે સંતોની અને હરિભક્તોની રક્ષાને માટેના છે. શસ્ત્રના મદમાં આવીને કોઈને ક્યારેય દુભાવવા નહિ, હું વારે વારે કહું છું કે "કોઈ ઝેર ખાય કે આગથી સળગી મરે, એમ કરવું તે શ્રેષ્ઠ છે પણ કોઈ સંતોને કે હરિભક્તોને જે લગારેક પણ દુઃખવે છે તે સારુ નથી. કેમ જે, તેને એટલું દુઃખ ભોગવવું પડે છે કે તેનો ક્યારેય પાર આવતો નથી.

અમે તેમની સામે ક્યારેય દેખતા પણ નથી. તમારું બધું કૃત્ય તમે જાણો. શ્રીહરિ આવી વાતો વારંવાર કરતા અને પોતે પણ સંતોના અપરાધથી ધ્રૂજતા રહેતા. જેને મોક્ષનો લેશમાત્ર પણ ખપ નથી, તેવા મનુષ્ય આ અમૃતરૂપ ઉપદેશને માનતા નથી. જે મનુષ્ય શ્રીહરિની વાતને માનતા નહિ. તેવાને તો શ્રીહરિ તરત જ રજા આપતા. શ્રીહરિની આવી રુચિ જોઈને તે દરબારો, પાર્ષદો સંતોથી ડરતા રહેતા.

જે પાર્ષદો મહિમા સમજતા હતા તે પાટલાં ઉપર બેઠા નહિ. તે દેખીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. દાદાભાઈ કેસરચંદન લઈને આવ્યા. શ્રીહરિનાં અંગો ઉપર તે ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. દાદાભાઈના પુત્રો, ભાઈબાભાઈ અને ધોરીભાઈ, બંનેએ શ્રીહરિની પૂજા કરી. અને બે ફૂલહાર પહેરાવ્યા. વળી તે જ સમયે સંતો, દરબારો અને પાર્ષદોની પણ પૂજા કરીને ફૂલના હાર પહેરાવ્યા. અને અલગ અલગ પંગતમાં અગરબત્તીના ધૂપ કર્યા. શ્રીહરિ સહુ પ્રથમ સંતોની પંગતમાં પીરસવા આવ્યા. સરસ બનાવેલા લાડુ જ્યારે પીરસવા લાગ્યા ત્યારે ત્યાં આનંદમય વાતાવરણ થઈ ગયું હતું. સામસામી બેઠેલી બંને પંક્તિમાં એક સાથે પ્રત્યેક સંતને બબ્બે લાડુ આપ્યા. એક જમણે હાથે જ ઝટઝટ લાડુ આપ્યા હતા. શ્રીહરિએ ડાબો હાથ કમરે રાખ્યો હતો. સંપૂર્ણ મૂર્તિ ફૂલમાં ગરકાવ હતી. સંતો પણ ફૂલોથી ભર્યા હતા. તે સ્થળે કેસરનો સુગંધ પ્રસરી રહ્યો હતો. અદ્‌ભુત શોભા થઈ હતી. સંતો એક તારમાં 'સ્વામિનારાયણ ધૂન' બોલતા હતા. એ બધું મુખથી વર્ણવી શકાતું નથી.

### ● પ્રગટ શ્રીહરિ તથા સંત જમે, તે જ સાચો બ્રહ્મયજ્ઞ છે :

જે સત્સંગી બાઈઓ હતી તે થોડે દૂર મકાનમાં બેઠી હતી અને શ્રીહરિની અલૌકિક રીતને દેખીને મંગળમય ધોળ રાગના કીર્તન પ્રેમથી ગાતી હતી. માનો કોઈ દિવ્ય યજ્ઞ થતો હોય એવી સુંદર શોભા બની હતી. તેવા કરોડો યજ્ઞની જે શોભા કરી હોય તે પણ આ શોભાની તુલનામાં તો ફિક્કી લાગે, તેવી શોભા હતી. ભવ, બ્રહ્મા અને ઇન્દ્રાદિ દેવોએ જ્યારે આ દિવ્ય શોભા દેખી ત્યારે તત્કાળ તેમને પણ સમાધિ થઈ ગઈ. આ શ્રીહરિનું અને સંતો વગેરેનું ભોજન અને પૂજન તો બ્રહ્મમય યજ્ઞ કહેવાય. આનાથી ઉત્તમ કોઈ સારરૂપ વસ્તુ ન કહેવાય.

જેમાં પ્રત્યક્ષ શ્રીહરિ જમતા હોય, વળી બ્રહ્મવેત્તા સંતોને સ્વયં પીરસતા હોય, આનાં જેવો બીજો કોઈ મહાન યજ્ઞ ન હોઈ શકે, ભલેને બ્રહ્માંડ જેટલું ધન તેમાં ખર્ચાતું હોય ! બ્રહ્માંડમાં જે બધી શોભા છે તે આ શોભાની સમાનતા કરી શકે નહિ. શ્રીહરિએ જેને જ્ઞાનદૃષ્ટિ આપી હોય તેને આ બધું દેખાતું હોય છે. જે મનુષ્ય સ્વયં માયિક હોય તે તો તેને માયિક જ દેખે છે. તે મહિમા લેશમાત્ર પણ જાણતા નથી. ભગવાન આ લોકમાં તેવા માયિક લોકોને માટે અવતાર ધરીને ક્યારેય આવતા નથી.

જ્યારે શ્રીહરિ સંતોને પીરસી રહ્યા ત્યાર પછી દરબારોને પીરસવા લાગ્યા અને તેના પછી પાર્ષદોને પીરસ્યું અને 'વાસુદેવ હરે' એમ જય બોલાવીને જમવાની આજ્ઞા કરી. સહુ જમતી વેળાએ કોળિયે કોળિયે 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' નામ બોલતા હતા. બધા જમનારા સંતો એવા શોભતા હતા કે જેવા મોતીનો ચારો લેતા હંસ શોભતા હોય ! જ્યાં સુધી સંતો જમતા રહ્યાં ત્યાં સુધી શ્રીહરિ હરિભક્તોને રાજી કરવા માટે પંગતમાં વારંવાર પીરસવા ફરતા રહ્યા. પછી સંતો જમી રહ્યા છે એમ જાણીને શ્રીહરિએ હાથ અને ચરણ ધોયા. અને તેને રૂમાલથી લૂછીને ઉતારે આવ્યા. પછી બીજે દિવસ આઠમ હતી એટલે જોરાભાઈ તથા થોભણભાઈએ ભાઈ રામદાસસ્વામીની આજ્ઞા લઈને ખૂબ જ ધ્યાન દઈને સારી રસોઈ કરાવી.

જેને રસોઈ દેવાની હોય તે પહેલા ભાઈ રામદાસજીસ્વામીને પૂછતા. અને સ્વામી શ્રીહરિને પૂછતા. પછી જેવી શ્રીહરિની ઇચ્છા હોય તે પ્રમાણે આજ્ઞા કરતા હતા. સાતમેં દિવસ જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દેશદેશમાંથી બધા સંતો આવ્યા. બધા આવેલા સંતોને શ્રીહરિ ભેટતા મળતા. હરખભર્યા બધી વાતો પૂછતા હતા. જેટલા સંતોના મંડળ આવતા તેમાં હરેકને જે દેશમાં મુમુક્ષુઓ જેવા હોય તે બધા સમાચાર પૂછતા. જે વર્ણાશ્રમના ધર્મ કહેવાય છે તેમાં લોકો કેવી રીતે રહે છે, તે પૂછતા. રાજા અને બીજી પ્રજા તો અનંત હોય પણ તેમાં તે સહુને ધર્મપાળવાની રુચિ કેવી છે અને કોને છે ? તે બધું પણ પૂછતા. સંતો પણ જેવું વૃતાંત દેખીને આવ્યા હોય તેવી બધી વાતો શ્રીહરિને કહેતા. જેણે કરીને જગત આખું ગુજારો કરે છે એવી ગ્રામ્ય વાતો તો અનંત અપાર છે. શ્રીહરિ તે ગ્રામ્ય વાતોને ક્યારેય પૂછતા નહિ અને કદાચ કોઈ ભૂલથી કહે, તો તેને ત્યારે જ અટકાવી દેતા. કેમ જે, હરિભક્તો અને સંતોના મુખથી ગ્રામ્યવાર્તા થાય તે શોભે નહિ. સંતો અને હરિભક્તો તો હંસ જેવા કહેવાય છે. સત્સંગ છે તે માનસરોવર છે અને તેમાં જે શ્રીહરિનાં ચરિત્ર રહ્યા છે, તે મોતી છે.

શ્રીહરિએ આટલી વાત કહી. પછી મહાન ભાગ્યશાળી બાપુભાઈએ ગામથી પશ્ચિમ તરફ જે બાગ હતો તેમાં સહુ સંતોને ઉતારો કરાવ્યો. સુંદર મંડપ કરાવીને ઘણી સરસ છાયા કરાવી દીધી હતી. મંડપને નજીકમાં જ કૂવો જોઈને શ્રીહરિ અપાર પ્રસન્ન થયા. જેટલા સંતો આવ્યા હતા તે બધા ત્યાં ઊતર્યા. તે બાગમાં એટલી સુંદર શોભા કરી હતી કે જે કહી શકાય તેમ નથી. જોરાભાઈએ શ્રીહરિને પ્રસન્ન કરવાને માટે બધા હરિભક્તોને ઊતરવા માટે એક બીજો સારો મંડપ કરાવ્યો હતો.

### • ઉત્સવ પર ઘણા હરિભક્તો આવ્યા ત્યારે ભગવાન શ્રીહરિએ સભા કરી :

મહારાજાધિરાજ શ્રીહરિનાં દર્શન કરવા માટે દેશદેશના હરિભક્તો ન કહી શકાય તેટલી મોટી સંખ્યામાં આઠમને દિવસે આવી ગયા. મંગળમય ધોળ રાગનાં કીર્તન ગાતાં ગાતાં હરિભક્તોના ટોળે ટોળાં આવતા હતા. તેમનાં હૃદયમાં હેત સમાતું ન હતું. શ્રીહરિ તેને દેખતા હતા. બધા ભક્ત પુરુષો દંડવત્ પ્રણામ કરીને શ્રીહરિનાં ચરણોમાં પડતા હતા. ભક્ત સ્ત્રીઓ ઘણા જ પ્રેમભાવથી નીચે બેસીને પગે લાગતી હતી. સ્ત્રીઓના સમુદાય ભેળા પુરુષ દર્શન કરવા આવતા નહિ અને પુરુષોના સમુદાયની ભેળી સ્ત્રીઓ દર્શન કરવા આવતી નહિ. ભીડ અમાપ હતી છતાં સહુ પોતપોતાની રીતે ચાલતા હતા. સહુનાં મનમાં શ્રીહરિને પ્રસન્ન કરવાનું જ એક તાન રહેતું હતું. તેથી જ સહુ ડાયા થઈ સાવધાનીથી વર્તતા હતા. સહુ શ્રીહરિને ફૂલહાર પહેરાવતા હતા. તેનો ગણવાથી પણ કોઈ પાર આવતો ન હતો.

એક ઘડી (૨૪ મિનિટ) જેટલા સમયમાં તો શ્રીહરિની મૂર્તિ ફૂલોમાં દેખાતી બંધ થઈ જતી હતી. જ્યારે હારોનો ભાર વધી જતો હતો ત્યારે તે હાર પ્રસાદીનાં રૂપમાં શ્રીહરિ સંતોના ઉપર ફેંકતા. અને સંતો તે હારને લઈ માથે અડાડીને હરિભક્તોના ઉપર વારંવાર ફેંકતા હતા. સહુ હરિભક્તો તે હારને અનુક્રમે વહેંચી લેતા હતા. કોઈ ક્યારેય ધીંગામસ્તી કરતા નહિ. જેના ભાગે હાર ન આવે તેને શ્રીહરિ ધ્યાનમાં રાખતા. પછી જ્યારે હાર આવે ત્યારે તે ભક્તને તે હાર આપતા હતા.

તે દેખીને હરિભક્તોને હેત ઘણું વધતું હતું. ક્યારેક શ્રીહરિ બાઈઓની સભા તરફ પણ હાર ફેંકતા હતા. કારણ કે હરિપ્રસાદીની આશા સહુને રહેતી હતી. જે શ્રીહરિનાં માહાત્મ્યને જાણતા હતા તેમને શ્રીહરિ ફૂલની પ્રસાદી આપતા હતા. જે હરિભક્તો માહાત્મ્ય સમજતા હતા તેઓ તો તે પ્રસાદીના હારને કાયમ દર્શન કરવા રાખી મૂકતા હતા. જે હરિભક્તો સહુ પ્રથમ આવ્યા હતા તેમને ગામમાં હરિભક્તોને ઘેર ઉતારા આપ્યા હતા. ગામમાં ચારે વર્ણના ભક્તોનાં જે મકાનો હતાં તેમાં શ્રીહરિએ પ્રેમથી હરિભક્તોના ઉતારા કરાવ્યા હતા. વડતાલ ગામના ભક્તો પણ સત્સંગની બધી રીતને જાણતા હતા. ગામમાં હરિભક્તોનાં જે મકાન હતાં તે જ્યારે મહેમાનોથી ભરાઈ ગયા ત્યારે વધારે આવેલા ભક્તોને ગામ બહાર ઉતારા કરાવ્યા. કેટલાક હરિભક્તો જોરાભાઈના બાગમાં આવીને ઊતર્યા. વડોદરાના નાથભક્ત આદિ ભાઈઓ અને બાઈઓ હરિભક્ત ઘણા આવ્યા. અને સુરતના બધા હરિભક્તો પણ જેસંગભાઈના બાગમાં ઊતર્યા. કેમ જે, ત્યાં ઘણી વિશાળ જગ્યા હતી. ડભોઈથી જે કરુણાશંકરભાઈ આદિ બધા વિપ્ર હરિભક્તો

આવ્યા હતા, જે રાજકાજમાં બધા હોંશિયાર હતા. તેઓ દાદાભાઈના બાગમાં ઊતર્યા હતા. જે જે હરિભક્તો આવ્યા તેઓ સુખી થયા.

વડતાલ ગામને ફરતા જે જે બાગ હતા તેમાં બહારથી જે હરિભક્તો આવ્યા, તેમને ઉતાર્યા હતા. બુવા ગામના જે પાટીદાર હરિભક્તો હતા, તે બધા મોટા અમીન કહેવાતા હતા. કાનદાસ, ગુલાબભાઈ, ધ્રુવભાઈ અને ત્રિભુવનભાઈ, એ બધા હરિભક્તોમાં મુખ્ય ગણાતા હતા.

દીનાનાથ પંડિત રાજદરબારોમાં સન્માન પામેલા આમોદ ગામના ઘણા સારા વિદ્વાન હતા. તેમને અમીનોના પહેલા સત્સંગ થયો હતો. તેઓ પ્રેમથી અમીનોની સાથે આવ્યા હતા. પરમ દયાળુ શ્રીહરિ તેમને દેખીને તત્કાળ અતિશય ખુશી થયા. તેમણે સંતોની સેવા ઘણી જ કરી હતી, તેથી શ્રીહરિને તેમના ઉપર બહુ હેત હતું. પંડિત દિનાનાથજી વિપ્રોના જે સદાચારમય ધર્મ કહેલા હતા, તેમાં શુદ્ધ રીતે રહેતા હતા. તેઓ મિતભાષી અને ઘણા ગુણવાન હતા. અનંત શાસ્ત્રોના ભંડાર જેવા હતા.

શ્રીહરિએ પંડિત દીનાનાથને દેખ્યા. તેમને ફૂલનો હાર આપ્યો. તે ગુણવાન પંડિત છે એમ સમજીને તેને વર્ણીની સાથે ઉતારો આપ્યો. તેમની સાથે જેટલા વિદ્યાર્થીઓ હતા તે બધાને પણ વર્ણીની સાથે જમવાનું કહ્યું. કરાળી (કલાલી)ગામના અજુભાઈ અમીન પાટીદાર હતા. તેમનું કુટુંબ ઘણું મોટું હતું. તેઓ બધા શ્રીહરિની પાસે આવ્યા. તેઓ ઘણા જ ઉત્સાહથી શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ગામમાં જ્યારે વધારે પડતી ભીડ થઈ ત્યારે શ્રીહરિ ગામ બહાર આવ્યા.

ગામની ચારે બાજુ ફર્યા. સભા થાય એવું કોઈ સ્થાન ન દેખ્યું. જેટલા કૂવાઓ અને બાગો કહેવાતા હતા. તે બધા ગામથી પા પા કોશ સુધી દૂર હતા અને દેશદેશના જે હરિભક્તો આવ્યા હતા તે બધા ભરપૂર ત્યાં ઊતર્યા હતા. નડિયાદના અને પેટલાદના જે મોટા મોટા વેપારીઓ હતા, બીજા ગામના પણ જે વેપારીઓ વેપાર કરતા હતા. તેમણે બધાએ આવીને ત્યાં દુકાનો કરી દીધી હતી. શ્રીહરિએ તે બધી દુકાનોને દેખી. તે દુકાનો કરનારા વેપારી પણ ઘણા ડાહ્યા હતા. તેઓ પોતપોતાના ચોકિયાતોને લાવ્યા હતા. હરિભક્તોને જે સામાન જોઈતો હોય તે ધન આપવાથી તરત મળતો હતો.

ગામના પૂર્વ દરવાજા સામે જે તળાવ છે, તેના તરફ શ્રીહરિની દૃષ્ટિ ગઈ. તળાવને કાંઠે એક દેવળ હતું. શ્રીહરિ ભક્તોને દર્શન દેવા માટે તે દેવળ ઉપર બેઠા. ત્યાંથી પૂર્વ તરફ આગળ દૃષ્ટિ કરી ત્યારે ત્યાં ઘણા મોટા આંબલાના ઝાડ દેખ્યા. તે મોટા વડલાના જેટલા વિસ્તારમાં અને ઘણી ઘાટી છાયા વાળા હતા. શ્રીહરિવરે તે બધું જોયું, મનમાં ઘણો આનંદ થયો. તે આંબલા સભા કર્યા જેવા છે એવું ધારીને તે વખતે જ ત્યાં ગયા. તેની આસપાસમાં બીજા પણ વિવિધ પ્રકારના વૃક્ષ હતા. ત્યાં કોઈનું વાવેતરવાળું ખેતર નહિ હોવાથી કોઈનું કાંઈ લગારેય બગડે તેમ પણ ન હતું. તળાવ તરફની જમીન આંગણા સમાન સ્વચ્છ હતી. ગાયોના ધણ જેટલા હતા તે ત્યાં બપોરે બેસતા હતા, તેની તે બેઠક હતી. તે સ્થાનની શોભા તો વૃંદાવન કરતા પણ અપાર બની હતી. શ્રીહરિએ તે સ્થળ જોતાની સાથે જ ત્યાં બેઠક કરી.

વડતાલ ગામના હરિભક્તોએ શ્રીહરિને બેસવા માટે એક અનુપમ હિંડોળો બાંધ્યો અને તેમાં ગાદી તકિયા વગેરે મૂક્યા. તે ગાદી તકિયા તો કીનખાબના કર્યા હતા અને સુરતના હરિભક્તો લાવ્યા હતા અને સોનેરી તારના ગુચ્છ ગૂંથીને તકિયામાં લટકાવ્યા હતા. તકિયાની બંને બાજુએ બે સુશોભિત દર્પણ મૂક્યાં હતાં. ભક્તોના ચિત્તને ખેંચનાર મૂર્તિસ્વરૂપ જેનું છે આવા શ્રીહરિ તે ગાદી ઉપર બેઠા. ત્યાં જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધાની સભા થઈ હતી. સહુ મનમાં પ્રસન્ન હતા. કારણ કે સહુને બેસવાની જગ્યા ખુલ્લી મળી હતી. તે અપાર સંતો સંતોના સમુદાયમાં બેઠા અને વારંવાર શ્રીહરિનાં સ્વરૂપનું ચિંતવન કરતા હતા. દંડી સંન્યાસીઓ પોતાનો દંડ લઈને સંન્યાસીઓના સમુદાયમાં બેઠા હતા.

વર્ણીઓ વર્ણીના સમૂહમાં બેઠા. સંતો અને વર્ણીઓએ તિલક કરીને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો. તેનાથી શોભા અત્યંત વધી હતી. વિપ્રો ભેળા વિપ્રો, દરબારો (રાજાઓ)ની ભેળા દરબારો (રાજાઓ), વૈશ્યોની સાથે વૈશ્યો અને શૂદ્રોની સાથે શૂદ્રો બેઠા. અન્ય પુરુષ કોઈ મુખ ન દેખે તે રીતે સ્ત્રીઓના સમુદાયમાં હરિભક્ત સ્ત્રીઓ બેઠી. તે બધા જે બાઈ-ભાઈ હરિભક્તો હતા. તેઓ શ્રીહરિની મૂર્તિ સિવાય બીજું કાંઈ જોતા જ ન હતા.

શ્રીકૃષ્ણ ભગવાન અગિયાર વરસ સુધી વ્રજમાં વિચર્યા. જન્મથી આરંભીને અનેક યોગ ઐશ્વર્ય બતાવ્યા. જે જે ચરિત્ર કર્યા તે ભક્તજનને ધ્યાન-ચિંતન કરવા માટે કર્યા છે. તેમણે નંદજીને અને યશોદાજીને પોતાનાં સ્વરૂપ સંબંધથી અતિશય સુખ આપ્યું. ગોવાળો, ગોપીઓ, ગાયો અને વાછરડાં, એ બધાને પણ ઘણું જ મન ચાહ્યું સુખ આપ્યું. વન, પર્વત, સરોવર અને નદીઓ, એ બધાને પણ ઘણો જ આનંદ આપ્યો. વૃંદાવનમાં રહેલા પશુ, પક્ષી, તૃણ, લતા અને ગુલ્મ વગેરેને, મહા મુક્તોને પણ દુર્લભ એવી દિવ્ય પ્રાપ્તિ કરાવી હતી.

ઉદ્ધવજીના જેવા બીજા કોઈ ભક્ત નહિ. ભગવાન કહે છે કે ઉદ્ધવ મારા સ્વરૂપ કરતા એક અણુ જેટલા પણ ન્યૂન નથી. તે ઉદ્ધવજીએ વૃંદાવનમાં એકવાર તૃણ, ગુલ્મ, લતા અને ઔષધિમાંથી કોઈ એક જન્મ માગ્યો હતો. "આ ગોપીઓના ચરણની રજ મારા મસ્તક ઉપર પડે તો હું પૂરો કૃતાર્થ થાઉં." એવું માગ્યું હતું. ભગવાને ગોપીઓને એવો પ્રતાપ આપ્યો હતો. અને બ્રહ્માએ પણ ઉદ્ધવજી જેવું જ કહ્યું હતું.

**આસામહો ચરણરેણુજુષામહં સ્યાં વૃંદાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ ।**
**યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા, ભેજુર્મુકુન્દપદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ॥**

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૪૭/૬૧)

**અહો! ભાગ્યમહો! ભાગ્યં નન્દગોપવ્રજૌકસામ્ । યન્મિત્રં પરમાનંદં પૂર્ણં બ્રહ્મ સનાતનમ્ ॥**

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૧૪/૩૨)

ભગવાને ગોપીઓને વારંવાર દિવ્ય ભાવ દેખાડ્યો, તો પણ તેમને પૂરું માહાત્મ્ય ન સમજાયું. તેમને દિવ્યભાવ ઘણો દેખાડ્યો તો પણ તે ગમાર અણસમજુ જ રહી. તે વખતે હરિ ઇચ્છાથી યમુનાને સામે કિનારે દુર્વાસા મુનિ આવ્યા. ગોપીઓએ જ્યારે તેમને ભોજન જમાડ્યા, ત્યારે શ્રીકૃષ્ણનું માહાત્મ્ય સૂઝ્યું.

જ્યારે પરમાત્મા મનુષ્યાકારે પ્રકટ હોય છે ત્યારે યથાર્થરૂપમાં ઓળખી શકાતા નથી. ભગવાન પોતે કાંઈક યથાર્થ રૂપમાં જ્ઞાન આપે છે તોય થોડું અજ્ઞાન રહી જાય છે. અક્રૂરજીને યમુનાજીના જળમાં શ્રીકૃષ્ણ ભગવાને વારંવાર દિવ્ય દર્શન આપ્યાં હતાં પણ પછી જ્યારે દ્વારકામાં આવ્યા ત્યારે તે અક્રૂરજીએ ભગવાનની સાથે જ કપટ કર્યું હતું. લોભ અને કામમાં ઘણું બળ રહ્યું છે. તે ભગવાનનાં સ્વરૂપના નિશ્ચયને છેદી નાખે છે. એટલા જ માટે લોભનો અને કામનો જાણી જોઈને ક્યારેય વિશ્વાસ કરવો નહિ.

## ● ભગવાન શ્રીહરિ જોરાભાઈના ઘરે થાળ જમ્યા :

ભગવાન શ્રીહરિ આટલી વાત કરી રહ્યા ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ હતી. શ્રીહરિ ઘણા જ પ્રેમભાવથી સરસ રીતે જમવા માટે ગામમાં આવ્યા. શ્રીહરિ જ્યારે સહજ સ્વાભાવિક ગતિથી આગળ ચાલતા હતા ત્યારે બધા પાર્ષદોને સાથે રહેવા માટે દોડવું પડતું હતું. શ્રીહરિની આગળના ભાગમાં વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. સહુ જોરાભાઈને ઘેર આવ્યા. તેમણે ઘણો સુંદર મંડપ બંધાવ્યો હતો. મંડપની નીચે સુંદર બાગ કરાવ્યો હતો. કેળના સ્તંભો લાવીને રોપાવ્યા હતા. સ્તંભોને સોનાનો વરખ લગાવ્યો હતો. લટકતી કેળાની લૂમોને પણ સોનાનો વરખ લગાડીને સોનેરી કરી હતી.

તેમાં શિલ્પીએ બહુ પ્રકારના અને ઘણી જાતના પક્ષીઓને પણ કર્યા હતાં. તે પક્ષીઓ બબ્બેની જોડીમાં બનાવ્યાં હતાં. દેખનારાને ખરેખર સાચા હોય તેમ જણાતું હતું. મોર, પોપટ, મેના અને ચકોર કર્યા હતાં. તેમજ હંસ, કોયલ, ચકવા, ચકવી અને કબૂતરોને ઝાડ ઉપર બેઠા હોય તેવા કર્યા હતાં. તે બધા પક્ષીઓ પોતપોતાની જાતિના શબ્દ કરતા હતા. તેમાં એટલી બધી ચતુરતા કરી હતી કે શ્રીહરિ તેને ઘણીવાર સુધી જોઈ જ રહ્યા.

આખા ચોકમાં રંગોળી પૂરી હતી. તેમાં વિવિધ રંગ વાપર્યા હતા. તેમાં સોનાનો બાજોઠ મૂક્યો. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. આખા મંડપમાં બીલોરી ઝાડ બાંધી દીધાં હતાં. તેનું તેજ વિચિત્ર રીતે ઝગમગાટ જ્યોતિ કરતું હતું. મંડપ કમાનોવાળો કર્યો હતો. ઠેરઠેર કમાનો હતી. બધા તે વળાંકના ભાગોમાં સોનાનો વરખ ચોંટાડ્યો હતો. શ્રીહરિ મંડપની બહાર આવ્યા. જળથી સ્નાન કર્યું. અંગ કોરું કરીને જરકસી કોરવાળું પીતાંબર પહેર્યું. તેવું જ બીજું પીતાંબર ઓઢી લીધું. નિપુણતાથી સોનાની ચાખડીઓ પહેરી લીધી. ચરણમાં સોનાનાં ઝાંઝર પહેર્યા હતાં તેમાંની ઘૂઘરીઓ ઘણી વાગી રહી હતી.

હાથના કાંડામાં સોનાના વળદાર કડાં પહેર્યા હતાં અને પ્યારા શ્રીહરિએ હાથમાં રેશમી રૂમાલ લીધો હતો. મંડપની વચ્ચે આવીને બેઠા. સુંદર સોનાનો બાજોઠ ઢાળ્યો હતો. ત્યારે વર્ણી ભોજનથી ભરેલો થાળ લાવ્યા. સાકર વાપરીને પુષ્કળ પકવાનો કર્યા હતાં. જેટલી જાતના પાક હતા તેટલા તેના ભરેલા થાળ લાવ્યા. અન્નકોટ કરતા પણ ઝાઝા અને બધા ભલાં સરસ થાળ બનાવ્યાં હતાં. બપોરનો સમય વીતવા લાગ્યો હતો ત્યારે શ્રીહરિ પ્રેમથી બધું જમતા હતા. એક એક ચીજનાં નામ લઈને શ્રીહરિ ભાવથી જમતા હતા. શ્રીહરિએ કહ્યું, મોક્ષ નિમિત્તે જેટલો ખર્ચ થાય તેટલું ધન મળ્યું પ્રમાણ કહેવાય. આખા બ્રહ્માંડ જેટલું ધન વાપરીને કોઈ કરોડો યજ્ઞ કરાવે તો પણ તેને આવો સમય આવતો નથી. હરિભક્ત હોય તેણે આ વાત સત્ય જ જાણવી.

જે લોભી હોય તેનાથી આવો ખર્ચ થાય નહિ. લોભી તો વિચારી જોઈને ધન ખર્ચે છે. જો લાખ રૂપિયા ખર્ચ કરવાનું થાય તો મડદા જેવો જ થઈ જાય. લાખનું કામ પચીશ રૂપિયા વાપરીને પૂરું કરે. એનો જગતમાં ક્યારેય જશ થાતો નથી. ધન ભેળું કરીને પણ જે

ખર્ચ કરે નહિ તે મરેલાની જેમ જીવે છે. જેનું કમાયેલું ધન વિપ્ર કે સંતના મુખ સુધી ભોજનનાં રૂપમાં થોડુંએ ક્યારેય પહોંચતું નથી તો તે મરણ પછી ભૂત-પ્રેતના જન્મને પામીને અતિશય દુઃખને પામે છે.

ભગવાન ઋષભદેવના પુત્ર ભરત હતા. નવખંડ ધરતીના તે અધિપતિ હતા. તેનાથી કોઈ વધારે સમર્થ ન હતું. તેની પાસે પુષ્કળ ધન હતું. હાથી અને અશ્વનો તો કોઈ પાર જ ન હતો. ભરતની સંપત્તિ આગળ બીજાની સંપત્તિનો શું ભાર ? છતાં પણ તત્કાળ જ તે સંપત્તિ તેમણે તજી દીધી હતી. તે ભરત જો મૃગમાં આસક્ત થયા તો તેમને તુરંત મૃગ થવું પડ્યું હતું. તેમ જે મનુષ્ય ધનને આધીન થાય છે તે ધનરૂપ થઈ જાય છે.

દયાળુ શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે થાળની પ્રસાદી દરબારોને આપી. પોતે મુખવાસ લીધો અને તત્કાળ સંતોની પંગત કરાવી. જોરાભાઈ કેસરયુક્ત ચંદન અને ફૂલહાર લઈને આવ્યા. શ્રીહરિનાં અંગો ઉપર ચંદન ચરચ્યું અને ફૂલના હાર પહેરાવ્યા. ફૂલની ટોપી પહેરાવી. તેમાં ફૂલના તોરા લટકાવ્યા. પછી આરતી ઉતારીને સ્તુતિ કરવા લાગ્યા. અમારો બધો પરિવાર કાયમને માટે સત્સંગની મર્યાદા(નોર)માં રહે અને તેમને ક્યારેય કુસંગમાં રુચિ થાય નહિ. હે પ્રભુ, અમે આટલું હાથ જોડીને માગીએ છીએ.

ત્યારે શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થયા અને બોલ્યા, તમારી બધાની સમજણ સત્સંગની મર્યાદાવાળી થાશે. પછી જોરાભાઈના જે પુત્રો હતા તેમણે શ્રીહરિની પૂજા કરી. તેમણે શ્રીહરિનાં ચરણોમાં કેસરચંદન ચરચ્યું અને પછી સહુએ તે ચરણોને પોતાની છાતી ઉપર ચાંપ્યા અને માથે મુકાવ્યા. પછી સંતોની પૂજા પણ કરી. સંતોને પાટલા ઉપર બેસાડ્યા. કેસરયુક્ત ચંદન ચરચ્યું. એક એક ફૂલહાર પહેરાવ્યો અને ચારે તરફ અગરબત્તીનો ધૂપ કરાવ્યો. તે રીતે જ તેમણે દરબારોની પૂજા પણ કરી. કોઈ દરબાર પાટલા ઉપર બેઠા નહિ. તે રીતે જ પાર્ષદોની પૂજા કરી. પછી શ્રીહરિ નિપુણતાથી પીરસવા લાગ્યા. પ્યારથી સંતોની પંગતમાં પીરસ્યું. પ છી દરબારોને પણ પીરસ્યું. જ્યારે પાર્ષદોને પણ પીરસી દીધું પછી જ 'વાસુદેવ હરે..' એમ બોલ્યા. સંતોને જમવાની જે રીત હતી તે રીતે જમવાની આજ્ઞા આપી. શ્રીહરિવરની જે આજ્ઞા છે તેમાં અનંત રસ રહ્યો છે. એવું સમજીને સહુ સંતો જમવા લાગ્યા. કોઈને ક્યારેય મનમાં ક્ષોભ થતો ન હતો.

'શ્રીહરિએ જેનો જેવો ને જેટલો આહાર નિર્મિત કર્યો હોય તે પ્રમાણે સહુ પ્રેમથી આહાર કરે છે.' આવું સમજીને સહુ સંતો શ્રીહરિનાં આજ્ઞા વચનમાં વર્તતા હતા. તે વચનમાં વર્તવાને લીધે જ સંતોની મોટાઈ ઘણી થઈ હતી. નરનારી બધા જ મનુષ્યો સંતોની પ્રશંસા કરતા હતા. શ્રીહરિની આજ્ઞામાં રહેવું તેના જેવું બીજું કોઈ મોટું તપ કહેવાતું નથી. કોઈ અપાર તપ કરે, ક્યારેય અન્ન ખાય નહિ, પણ તેનાથી ભગવાન રાજી થાતા નથી. કારણ કે તે મનમુખી કહેવાય છે. એવા તો અનંત મનમુખી લોકો અપાર તપ કરતા હોય છે અને અનંત સત્યવાદી પણ હોય છે કે જે હરિશ્ચંદ્રના જેવી ટેક ધારી રહ્યા હોય છે.

ચ્યવન ઋષિ જેવા અનંત તપસ્વીઓએ પોતાનાં શરીર ઉપર રાફડો થઈ જાય તેવું તપ કર્યું હતું, પણ તેમને પ્રકટ શ્રીહરિનાં વચન પાળવાનું આવું સુખ મળ્યું ન હતું. શરીર ઉપર માટીના રાફડા થઈ જાય, આવું તપ કરતા કરોડો ચતુર્યુગ વીતી જાય તો પણ તેમને આવો પ્રકટ શ્રીહરિનો જોગ થાતો નથી.

જે કોઈને એક પલકવાર પણ પ્રકટ શ્રીહરિનો યોગ થયો હોય તો તેની મહત્તાને તુલ્ય તો કરોડો વર્ષ પર્યંત કરેલું મહાન ભારે તપ પણ ક્યારેય થઈ શકતું નથી. ઊલટું એક પલક વાર થયેલો શ્રીહરિનો યોગ તે તપ કરતા વધારે કહેવાય છે. આવું પ્રકટ શ્રીહરિના યોગનું અપાર માહાત્મ્ય રહ્યું છે. જે ભક્તને એક ઘડી, એક પહોર કે એક દિવસ પ્રકટ શ્રીહરિનાં દર્શન થયાં હોય, તેનું માહાત્મ્ય તો કહી શકાતું જ નથી. દેહના ઉપરના ગુણ દેખવાથી તે માહાત્મ્ય સમજાતું નથી. જે દેહના ગુણોને દેખે છે તે તો દંભીજનોને એકાંતિક ભક્ત માને છે.

પ્રકટ ભગવાનનો યોગ જેને સ્વપ્નમાં પણ ન થયો હોય એવા લોકો પણ જો દંભ કરીને ચાલે તો પ્રકટને મળ્યા હોય તેના કરતા પણ કરોડગણા વધારે પૂજાય છે. જગતની રીત આવી જ હોય છે. તે ક્યારેય પ્રકટમાં પ્રીતિ કરતા નથી. જે દંભી હોય છે તે પ્રકટ હરિને મળેલામાં પણ દોષ દેખાડે છે. જેમ સાકર નાખેલું દૂધ ઘણું શુદ્ધ અને સારું હોય, તેના જેવું બીજું કોઈ સરસ કહેવાય નહિ. સ્વાભાવિક રીતે જ લોકોને તે દૂધના ઉપર ભાવ રહે છે. એવો તેનો સહજ સ્વભાવ રહ્યો હોય છે. પણ જે દંભી હોય છે તે તે દૂધને દેખીને તેમાં ભ્રાંતિ પેદા કરે, જ્યારે ભ્રાંતિ થાય ત્યારે ભ્રાંતિવાળો મનુષ્ય તે દૂધને ઝેર જ દેખે, તે દૂધ શુદ્ધ હોવા છતાં ભરમાયેલો શાણો માણસ તેને ખાય નહિ. જ્યાં સુધી શ્રીહરિ પ્રકટ વિરાજતા હોય ત્યાં સુધી દંભીનું કાંઈ ઊપજે નહિ પણ જ્યારે શ્રીહરિ અંતર્ધાન થયા તે પછી તો દંભીઓનું જ રાજ્ય રહ્યું. કોઈ ખળ પુરુષ જ્યારે અતિશય દંભ કરે છે, ત્યારે તેને દેખીને લોકો આ કોઈ અલક્ષ (અલેખ) તત્ત્વ છે એમ કરીને તેમને બહુ જ માને છે.

જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પ્રેમથી પીરસતા રહ્યા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ પ્રેમથી હાથ ધોઈ નાખ્યા. જોરાભાઈએ ઘણા ભાવથી ઘનશ્યામ શ્રીહરિને પોતાના ઘરમાં પધરાવ્યા. ચરણોમાં કાંઈક ભેટ ધરીને અલૌકિક લાભ લીધો. ઘરમાં જેટલા મનુષ્ય હતા તે બધા જ સત્સંગી થયા હતા. તેથી શ્રીહરિ તે સહુને દેખીને ખૂબ જ પ્રસન્ન થયા. પછી શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને હરિભક્તોનાં હિતને માટે અને સંતોને ધ્યાન કરવા માટે થોડીવાર પોઢી ગયા.

## • હિંડોળા પર બિરાજમાન થઈને ભગવાન શ્રીહરિએ કીર્તનગાન કરાવ્યું :

બે ઘડી (૪૮ મિનિટ) શ્રીહરિ પોઢી ગયા. પછી જ્યારે ઊઠ્યા ત્યારે ઘણા અમૂલ્ય વસ્ત્ર પહેર્યાં અને અશ્વ ઉપર સવાર થયા. તે વેળાએ પડઘમ, ત્રાંસા, ભેરી, ભૂંગળ વગેરે બહુ જાતના અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ભક્તજનોથી ઘેરાયેલા શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલ્યા. છડીદારે હાથમાં સોનાની છડી લીધી હતી અને આગળ ચાલીને 'જય જય' 'જય જય' એમ જયજયકાર કરતા હતા. બજારમાં ભક્તોની ભીડ ઘણી હતી. ચારે તરફથી શ્રીહરિના ઉપર અપાર ફૂલહારની વૃષ્ટિ થાતી હતી. આંબલે પહોંચ્યા ત્યાં સુધીમાં એટલા હાર આવ્યા કે તેનો ગણ્યે પાર આવતો ન હતો. શ્રીહરિ આંબલે આવીને હિંડોળા ઉપર બેઠા. તે સમયની સભાનું વર્ણન કરવું અતિ અશક્ય છે. જેટલા સંતો હતા અને જેટલા હરિભક્તો હતા તે બધા જ આવીને સભામાં બેઠા હતા.

ગરબી રાગનાં કીર્તન શ્રીહરિએ ગવડાવ્યાં. મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનાં રચેલાં પદ અનેક પ્રકારનાં હતાં. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે અપાર મશાલો પ્રકટાવી. સહુ સંતો આરતી બોલવા લાગ્યા અને તે પછી ધૂન કરવા લાગ્યા. શ્રીહરિ ઊભા થઈને તે ધૂન કરવા લાગ્યા. મહાન શોભાના નિધિરૂપ એવી તે શ્રીહરિની મૂર્તિ અત્યંત મનોહર લાગતી હતી. ધૂન કરતા કરતા નૃત્ય કરતા હોય તેમ લટકો કરીને ભક્તોનાં ચિત્તને ચોરી લેતા. વાંકી ભ્રૂકુટિના મરોડને દેખતા ભક્તોનાં મનને તૃપ્તિ થાતી નહિ. આવી 'નારાયણધૂન' કરતા કરતા રાતના ત્રણ કલાક વીતી ગયા. છતાં તે સમય બધા ભક્તોને ધૂનના આનંદમાં એક પલક જેટલો જણાયો. ધૂન કરતાં હરિભક્તોને જ્યારે દેહનું ભાન ન રહ્યું ત્યારે શ્રીહરિએ ધૂન બંધ કરી. સહુ ધ્યાનમાં ગુલતાન થઈ ગયા હતા. અને તેથી જ અખંડ ધૂન કરતા હતા.

શ્રીહરિએ ઊભા રહીને ધૂન કરાવી. તે પૂરી કરીને જ્યારે નીચે બેઠા ત્યારે સમગ્ર ભક્તજનોએ એકતાર અવાજે 'જય સ્વામિનારાયણ' કહ્યા. તે વેળાએ જેટલા વૃક્ષો હતા તેમાંથી પણ તેવો જ 'જય સ્વામિનારાયણ' અવાજ સંભળાયો. શ્રીહરિનો આવો અપાર પ્રતાપ સાંભળીને સહુભક્તોને ઘણું આશ્ચર્ય થાતું હતું. ધૂન બોલતી વખતે જે ભક્તો મુર્તિમાં તલ્લીન થઈ ગયા હતા તેમને શ્રીહરિ બોલાવીને પાછા દેહમાં લાવ્યા. શ્રીહરિએ ધીર ગંભીર અવાજે તેના એકેએકના નામ લઈને બોલાવ્યા ત્યારે તેઓ દેહભાનમાં આવ્યા. પછી તેમને ફૂલહાર પહેરાવ્યા.

## • ભગવાન શ્રીહરિએ ઠગોથી સાવધાની તથા સાચા સંતોની મહત્તા કહી :

ભગવાન શ્રીહરિ વડતાલમાં હિંડોળા ઉપર બેસીને હરિભક્તોને વાતો કહેતા હતા કે કોઈ અજાણ્યો હરિભક્ત હોય તેનાથી મનમાં ડરતા રહેવું. હરિભક્તોનો વેશ લઈને અપાર ઠગો આવતા હોય છે, તો ભૂલથી પણ તેમનો ક્યારેય લગારેય વિશ્વાસ કરવો નહિ. કોઈ સંતનું કે હરિભક્તનું નામ લે, કોઈ જાણીતા ગામનું નામ લે, કોઈ બધા જ ધર્મને અને નિયમોને બોલી બતાવે, છતાં તેનો વિશ્વાસ કરવો નહિ. કોઈ સંત અથવા હરિભક્ત આવીને કહે કે તેઓ ઓળખે છે, તો તે વાતને સાચી માનવી પણ અજાણ્યાનો ક્યારેય વિશ્વાસ કરવો નહિ. અહીંયાં જે કોઈ સત્સંગી બાઈ ભાઈ હરતા ફરતા હોય તેમણે પોતાની પાસે ધન રાખવું નહિ, કારણ કે તમે ધનની ગાંઠ છોડો અને બાંધો એમ લ્યો અને મૂકો તેથી તે જાણીને લઈ જ જાશે.

કેટલાક તો બ્રાહ્મણ જાતિના કહેવાતા હોય, તેવા પણ ચોરીની કળા કરે છે. તીર્થોમાં તો એવા ઘણા લોકો આવતા હોય છે. તે કપડાને અને પગરખાને ચોરી જાતા હોય છે. તે ઠગ લોકો તો સોના અને ચાંદીના ઘરેણાંને તાકતા ફરતા હોય છે. શાહુકારના જેવા થઈને ફરતા હોય, તે ઠગને કોઈ ઓળખી શકતા નથી. જાણ્યા સિવાય કોઈને કાંઈ કહી શકાય નહિ. એટલા માટે આપણે પોતે સાવધાની રાખવી જોઈએ. આ વડતાલ ગામના નાના મોટા જેટલા પગી છે, તે બધા હરિભક્તોની ખૂબ જ સંભાળ રાખે છે. હૃદયના ઉલ્લાસથી સહુએ આવી સેવાનો-બરદાશ રાખવાનો નિયમ રાખ્યો છે. અને તેથી જ બધા પરદેશમાંથી આવેલા હરિભક્તોના સંઘોને ગામથી બહાર પણ ઉતારા કરાવ્યા છે. છતાં તમારે સહુએ તેમને ભરોસે ન રહેવું. કારણ કે સમૈયામાં અનેક લોકો આવે છે. તેથી ગાફલપણામાં તો વિઘ્ન જ થાય. અને પછીથી કોટી વિચાર કરીને જુએ તોપણ મુશ્કેલી આવ્યા પછી સાવધાની કાંઈ કામ લાગતી નથી. પ્રથમથી જ જે સાવધાની રાખવામાં આવે તે ઉપયોગી બને છે. જે બાળકોને સાથે લઈને દર્શન કરવા આવ્યા હોય તેમણે તે

બાળકોને પણ સાચવવા. તેમને ક્યાંય એકલા પડવા દેવા નહિ. જો છોકરાં ક્યાંક છૂટા પડી જાય તો પછી તે હાથ ન આવે. ઠગ લોકો તો ઝાઝા માણસોનો ભીડો દેખીને કાંઈ લેવા માટે જ ફરતા હોય છે. અમારી એવી આજ્ઞા છે કે નાના બાળકોના શરીર ઉપર રતીભારનું પણ ઘરેણું કોઈએ ભૂલથીએ ક્યારેય પહેરાવવું નહિ. જ્યારે તમે પોતાને ઘેર પાછા જાઓ ત્યારે પોતાની રીત પ્રમાણે વિચારીને રહેજો. અત્યારે તો અમે તમારા હિતને માટે કહીએ છીએ. અગાઉથી જે વાત કહી હોય તે ઉપયોગમાં આવે અને તેથી જે વિચક્ષણ મનુષ્ય હોય તે ક્યારેય ગાફલ રહે નહિ.

અમે કહેલી આટલી વાત સાંભળ્યા પછી પણ જે ગાફલ રહશે, તેને કાંઈ ન કાંઈ વિઘ્ન થાશે જ, પણ તેમાં અમારો કાંઈ વાંક દોષ નથી. તીર્થોમાં વર્તવાની રીત તો અમે વારંવાર કહેલી જ છે. અમે જ્યારે સિદ્ધપુર તીર્થમાં ગયા હતા ત્યારે સહુને આવી વાત કહી જ હતી. છતાં પણ જે ગાફલ રહે તેને કાંઈક તો ચોરી વગેરેથી વિઘ્ન-નુકશાન ક્યારેક થાય જ છે. અમે જેતલપુરમાં જ્યારે આવ્યા અને ત્યાં ફૂલદોલનો ઉત્સવ કરવાનું ધાર્યું, ત્યારે જે હરિભક્તો બાઈ ભાઈ આવ્યા હતા તેમને આ બધી વાત અમે કહી સંભળાવી હતી. જેણે તે વાતને સમજી રાખી હોય તેને તે ઉપયોગી થાય. જે મનુષ્ય ભોજન ખાય ત્યારે તેને ભૂખ જાય, વગર ખાધે ભૂખ ક્યાંથી જાય ? અમારી વાતને યાદ રાખ્યા વિના ઉપયોગી ક્યાંથી થાય ? અને તે વાતને જે યાદ રાખે તેને તેનાથી ઘણું સુખ મળે છે. આંખો હિતકારી વસ્તુને કહી દેખાડે છે, તે રીતે જ બીજા જ્ઞાનેન્દ્રિયો અને અંતઃકરણ પણ સત્ય વસ્તુને કહી દેખાડે છે. તેમાં લગારેક પણ દોષ નથી.

જે સંત ચતુરશિરોમણિ હોય છે, જેને મોક્ષ સિવાય અન્ય કાંઈ લોભ હોતો નથી, તેવા સંતને કામ, ક્રોધ, લોભ અને મોહ, એ દોષો ક્ષોભ પમાડી શકતા નથી. તેઓ સ્વાર્થ વિનાની વાત કરતા હોય છે, તેથી જીવ તેમનો વિશ્વાસ કરે છે અને માતા પિતા વગેરેમાં સ્વાર્થ જ મુખ્ય હોય છે. એવું તેમને માનવામાં આવે છે. એક સંતોને બાદ કરતા જગતના જેટલા જીવ છે ત્યાંથી લઈને દેવતાઓ સુધી પણ સ્વાર્થ રહિત નથી હોતા. જીવ પોતાના મનમાં આ વાસ્તવિકતાને સમજતો નથી અને તેથી જ તેમાં કામાદિક અંતઃશત્રુની અભિવૃદ્ધિ થાય છે. જો નિર્દોષ સંતોમાં લોભ દોષ રહ્યો છે, એમ માનવામાં આવે તો તે સંતની વાત સાંભળવાથી ક્યારેય કાંઈ લાભ થતો નથી. સંતોમાં દોષબુદ્ધિ કરવાથી તો જીવનું કલ્યાણ બગડે છે. કેમ જે, સાચા સંતો તો હંમેશા નિર્દોષ જ હોય છે. સંતો જ્યાં સુધી શ્રીહરિની આજ્ઞા પ્રમાણે ચાલે છે ત્યાં સુધી તેમને કોઈ દોષ લાગતો નથી. સંતોને માટે શ્રીહરિની આજ્ઞા તો નટના દોરડાંના જેવી છે. એટલે સંતો નિશદિન તેના ઉપર જ ચાલતા રહે છે. નટ તો દોરડાં ઉપર તેની રમત ચાલુ હોય ત્યાં સુધી જ ચાલે છે, પણ સતત રાત દિવસ દોરડાં ઉપર ચાલતો નથી. જ્યારે સંતો તો શ્રીહરિનાં વચનરૂપી દોરડીને એક પળવાર પણ તજતા નથી, અર્થાત્ આજ્ઞાવચન રૂપ દોરડાં ઉપર રાત દિવસ નિરંતર ચાલતા રહે છે.

એટલા જ માટે શાસ્ત્રોમાં સંતોને દેવો તથા મનુષ્યો કરતા અધિક મહાન કહ્યા છે. ભવ અને બ્રહ્મા આદિ દેવો પણ સંતોને સર્વથી અધિક અધિક ઉત્તમ કહે છે. જે જમપુરીમાં રહેલા નારકી જીવો છે તે પણ સંતોનાં દર્શનને ચાહે છે. તેઓ રાત દિવસ સંતોનું રટણ કરે છે. કારણકે, જેટલીવાર સુધી તેમને સંતોના દર્શનની રટના રહે છે. તેટલી વાર સુધી તેમને શાંતિ રહેતી હોય છે. સંતોનો એવો મહાન્ પ્રતાપ હોય છે કે જે તેમને સંભારે છે, તેના ત્રિવિધ તાપ શાંત થઈ જતા હોય છે. સંતો તો ભગવાનના વચનને આકારે હોય છે પણ જેનાં દુર્ભાગ્ય હોય તેને તે દેખાતું નથી. જે પાપી લોકો છે તે પાખંડી સંતને દેખીને તેની સાથે વધારે આસક્તિ કરે છે અર્થાત્ આત્મીયતા કરે છે. જે પાખંડી સંતો છે તે જગતમાં સુખ દેખાડે છે અને કેવળ શબ્દ માત્રે કરીને લોકોને આનંદ ઉપજાવે છે. જેમ કોઈ બાળકને રમાડનારો હોય તે બાળકને ચાંદાપોળી મુખમાં આપે છે. તે સાંભળીને બાળક મોઢું મલકાવે છે પણ તે બાળકના મુખમાં રતીભાર પણ પોળી આવતી નથી.

આવું હોવા છતાં તે લોકોને તે પાખંડી સંતોનો અભાવ આવતો નથી કારણકે, તેમને તેઓ પરમમિત્ર ગણે છે. આ રીતે તે પ ાખંડી સંતોની વાતોને સાંભળીને મનમાં ખુશ રહે છે. તે પાખંડીઓનાં સમાગમમાં જીવને ક્યારેય મોક્ષ મળવાનો નથી. પણ તેઓને લખચોરાશી અને નરકવાસ વારંવાર ભોગવવાના રહે છે. જેને સાચા સંત મળ્યા હોય છે તેને તે સંતો સત્યનો જ ઉપદેશ દેતા હોય છે અને તેનાથી તે જીવોનો મોક્ષ થાય છે. માટે તે સાચા સંતો વિના સંસારનું દુઃખ ક્યારેય ટળતું નથી. સાચા સંતોના યોગ વિના અજ્ઞાનીઓને કદાચ ચક્રવર્તી પદ હોય તો પણ ઝાડ, અને પથ્થરથી પણ અધિક અજ્ઞાનતમ રહે છે.

### ● ભગવાન શ્રીહરિએ પરોક્ષપણે અંગ્રેજોની નીતિની પ્રશંસા કરી :

આ રીતે વડતાલમાં રામનવમીના ઉત્સવ અગાઉ હરિભક્તોને ચેતવણી આપવા માટે શ્રીહરિએ કહેલી વાત સાંભળીને બધા હરિભક્તો મનમાં ઘણા ખુશ થયા અને પછી અતિ હેતભાવથી અંદરોઅંદર એકબીજાને વાતો કરવા લાગ્યા, "શ્રીહરિના મુખની

આવી વાત ન સાંભળી હોય તો જીવ પળ પળ વારમાં ભૂલ કરી બેસે છે. તે જ્યારે મૂર્તિનું ધ્યાન ધરીએ છીએ ત્યારે સ્પષ્ટ દેખાય છે. ધ્યાન કરતી વેળાએ મન મૂર્તિમાં જોડાતું નથી, પણ અન્ય માયિક વિષયોનું ચિંતન કરવા લાગી જાય છે. તે સર્વે માયિક વિષયો સ્વપ્ન જેવા તથ્યહીન હોય છે. તેમાં કાંઈ પણ ઉપયોગી થતું નથી. મૂર્તિમાં તો અનંત લાભ રહ્યા છે, એક પલકવાર પણ હૃદયમાં જો મૂર્તિને ધારી હોય તો તેનો અનંતગણો લાભ થાય જ છે. બીજા માયિક ચિંતનમાં તો ઘણું નુકશાન જ થાય છે, ભલેને તે બ્રહ્માના ભોગ સમાન સુખ મળતા હોય !

જેણે આ પ્રકટ ભગવાનની મૂર્તિનાં દર્શન કર્યાં હોય તેટલાં જ ખરેખર આ ભૂમિ ઉપર મનુષ્ય છે. બીજા ભલે મનુષ્ય જન્મ પામ્યા છે તોપણ તેઓ મોક્ષ નહીં પામે. કારણ કે તેમણે પ્રકટ શ્રીહરિનાં દર્શન કર્યાં નથી. અહીં વડતાલના આ સમૈયામાં દૂરદેશથી આવેલા ઘણા રાજાઓએ ભાવભર્યા હૃદયથી શ્રીહરિનાં દર્શન કર્યાં છે અને તેઓએ હૃદયનાં ઘણા જ હેતથી વારંવાર પ્રકટ શ્રીહરિની સેવા અને પૂજા પણ કરી છે. બાહુમાં લઈને હેતથી શ્રીહરિને ભેટ્યા અને ગદ્‌ગદ કંઠ થઈ ગયા. આવા કેટલાક રાજાઓએ પ્રકટ હરિના યોગથી પોતાનો ઉદ્ધાર કરી લીધો. આવા અપાર રાજાઓ હાલ વડતાલમાં ભેગા મળ્યા છે.

મનમાં ઘણો જ આસ્તિકભાવ રાખીને જેમણે શ્રીહરિની વાત કાનથી સાંભળી. ભલે તેઓ ઘણા દૂર દેશમાં રહેતા હોય, દસ બાર હજાર કોશ જેટલે દૂર હોય, તેમણે (ઇંગ્લેન્ડ જેવા દેશમાં રહેલા અંગ્રેજોએ) ત્યાં દૂર દેશમાં રહીને પણ વારંવાર શ્રીહરિનાં ચરિત્રોને યાદ કરીને પોતાના જન્મને સુધારી લીધો હતો. જન્મથી લઈને અહીંયા આવ્યા ત્યાં સુધીમાં શ્રીહરિએ જેટલા ચરિત્રો કર્યાં, જે વરસે જે દેશમાં શ્રીહરિ જે ચરિત્ર કરતા, વ્રતમાન-નિયમોને જેટલા ફેરવતા-બદલતા તેને તે ત્યાં રહ્યા થકાં સાંભળતા. દેશદેશના જેટલા રાજાઓ હોય, ત્યાંની પ્રજાની જેવી રીત હોય, કોનાં વર્તનમાં કેવું દૈવત રહ્યું છે, જે નીતિ અને અનીતિ કહેવાતી હોય, તેને પણ તે જાણતા. જેટલા મત કહેવાતા હોય, તે તે ગુરુઓની જેવી નીતિ હોય, તેમની (અંગ્રેજોની) એવી રીત હતી કે તેઓ બધું જ જાણી લેતા.

જે ગુરુ વગેરેમાં જેટલી નીતિ રહેલી હોય તેટલો તેમની સાથે તેઓ પ્રેમ રાખતા અને જેમાં જેટલી અનીતિ રહેલી હોય તેમનું તેઓ કાંઈ દૈવત જ લેતા ન હતા. સ્વયં રાજા થઈને પણ જે નીતિને ન જાણતા હોય તો તેને તેઓ (અંગ્રેજો) પશુના જેવા જ પશુ ગણી માનતા હતા. રાજાનું દૈવત તો નીતિ કહેવાય છે. નીતિ વિનાનો રાજા તો મડદાં જેવો દેખાય. નીતિમાં જ રાજય અને સંપત્તિ રહી છે. નીતિ વગરનામાં તો કાંઈ સંપત્તિ કહેવાતી નથી. ચક્રવર્તી રાજા હોય તો પણ જો તે નીતિને જાણતો ન હોય તો તેને આંધળો જાણવો. જે નીતિહીન હોય અને વ્યસનોમાં ફસાયો હોય, તેને તો તેઓ 'અતિશય દુર્ભાગિયો છે' એમ માનતા હતા. ભલે તેની પાસે કરોડ હાથીના જેવી સંપત્તિ રહી હોય, તો પણ તેનાં (અંગ્રેજનાં) મનમાં તેનો કાંઈ ભાર રહેતો નહિ. કદાચ અપ્સરાના જેવી કરોડો સ્ત્રીઓ હોય, તો પણ તે રાજા તેનાથી વિશેષ ખુવાર થઈ જવાનો અને માણેક કે મોતી જેવી અઢળક ઝવેરાત હોય પણ રાજામાં જો નીતિ ન હોય તો તે ખુવાર થઈ જાય છે. એવું તેઓ માનતા હતા.

જે અર્થ અને ધર્મ કહેવાતા હોય, તે પણ નીતિ સંમત હોવા જોઈએ. નીતિથી રહિત થઈને જે અનેક વ્યસનોમાં ડૂબ્યા રહે તેને તેઓ વિવેકહીન સમજતા હતા. જે નીતિથી રહિત હોય તેને તેઓ મડદા જેવા માનતા. તેમાં કોઈ માણસાઈનો ગુણ માનતા નહિ, મેરુ જેટલાં સોનાનાં ઘરેણાં હોય, તો તેને દેખીને તેઓ તેમાં થોડાએ લોભાતા નહિ, મોહ પામતા નહિ. માણેક અને મોતી જેવી ઝવેરાતને દેખીને તેઓ તેમાં મોહાતા નહિ. તેની સન્મુખ લાલચભરી નજર ક્યારેય કરતા નહિ. તેઓ ક્યારેય ધનના લોભથી મનુષ્યની હત્યા લગારેય કરતા નહિ. અન્યાયથી ધન લઈ લેવાનો તેઓ મનમાં ક્યારેય સંકલ્પ પણ કરતા નહિ અને પોતાની પ્રજાની સાથે ક્યારેય તેઓ દગો કરતા નહિ. પોતાની પ્રજાને વધારે સુખી દેખીને તેને આનંદ થાતો હતો. હા, તે પ્રજાના દુઃખને સહન કરતા નહિ, પ્રજાના દુઃખને દેખીને તરત જ તેને ટાળવા પ્રયત્ન કરતા.

નીતિ અને સત્સંગ એક જ છે. નીતિ આ લોકમાં સુખી કરે છે અને સત્સંગ પરલોકમાં સુખી કરે છે અને સંસારના દુઃખોને ટાળી દે છે. જે રાજાએ નીતિ ન રાખી તો તેના રાજયને અનીતિએ ડુબાડી દીધું છે છતાં પણ તેણે તે દેખ્યું નથી. કેમજે, તે રાજાને મોહરૂપી અંધારી રાતમાં કાંઈ દેખાતું નથી. રાજાને મોહરૂપી મદિરાનો અત્યંત મદ થવાથી, તે મદે તેમને ફેલને આધીન કરી દીધા. તેઓ અમાપ સમૃદ્ધિવાળા હતા પરંતુ નીતિ વિના પરાધીન થઈ ગયા. સ્વયં રાજા ઘણો ઉત્તમ હોવા છતાં જે મોહરૂપી રાતથી ઘેરાઈ ગયો હોય તો તે ઉત્તમ માર્ગથી પતિત થઈને અધર્મ માર્ગમાં પડે છે અને જગતમાં તે અત્યંત નિંદાને પાત્ર બને છે. જેને મોહને કારણે વિષયમાં અતિશય રુચિ હોય તેનું રાજય તે મોહથી ડૂબી જાય છે. નીતિને અભાવે કોઈનું પણ રાજય ક્યારેય રહેતું નથી અને તે બાબતની વાત પુરાણોમાં પ્રસિદ્ધ છે.

અંગરાજાના પુત્ર વેન થયા હતા. તેણે પોતાનું બધું રાજય ડુબાવ્યું. ઋષિઓએ તપોબળથી રાજયને બચાવ્યું અને તે ગાદી ઉપર

પૃથુ રાજાને સ્થાપ્યા. ઇન્દ્ર અનીતિથી વરત્યા, તો તત્કાળ જ સહસ્રભાગ થયા અને દુર્દશાને પામ્યા. તેણે દુર્વાસાનું અપમાન કર્યું તો તેનાથી સ્વર્ગના રાજ્યની લક્ષ્મીનો નાશ થયો. વિશ્વસૃજ દેવોએ મોટા યજ્ઞનો આરંભ કર્યો. તેમાં દક્ષ પ્રજાપતિ જ્યારે આવ્યા ત્યારે દેવોએ તેનું બહુમાન કર્યું. પણ શંકરથી તેનું સન્માન ન થઈ શક્યું. પછી દક્ષમાં જ્યારે અનીતિ પેઠી, ત્યારે તેનું મુખ બકરાનું થયું. બંને પક્ષે પરસ્પર શાપ થયા. આવી વાતો તો અપરમપાર છે. જ્યારે કોઈ વધારે પડતી અનીતિ કરે છે ત્યારે પરમેશ્વર પોતે અથવા કોઈ બીજા દ્વારાએ તેના મદને ઉતારે છે.

નીતિવાળા મનુષ્ય ભગવાનને ગમે છે અને ભગવાન નીતિવાળાને ગમે છે. જેઓ ગુરુ થઈને બેઠા હોવા છતાં જેમાં નીતિ નથી હોતી, તો નીતિવાળા લોકો તેમાં કાંઈ પ્રતાપને જોતા નથી. (રાજા કે ધર્મગુરુની વાત તો કરી પણ) કદાચ દેવતા પણ અનીતિમાન હોય, તો પણ નીતિવાળો તેનાથી ડરતો નથી. કોઈ કરોડો રીતે મંત્ર જંત્ર કરે તો પણ નીતિવાળો નિર્ભય રહે છે.'' વડતાલમાં તે સભામાં બેઠેલા હરિભક્તો પરસ્પર આવી વાતો કરતા હતા. અને સંતો સુંદર ગરબીના રાગનાં કીર્તન ગાતા હતા. 'અધરાત થઈ ગઈ છે' એમ જાણીને તુરત જ સુખદાયક શ્રીહરિ ઊઠ્યા. પોતાને ઉતારે આવ્યા અને ત્યાં બધા પાર્ષદોને બોલાવ્યા. 'ગામથી બહાર હરિભક્તો ઘણા ઊતર્યા છે, તેમની ચોકી તમારે કરવાની છે. બધા ખબરદાર થઈને ફરતા રહેજો.' આમ કહીને પછી શ્રીહરિએ તે સૌ પાર્ષદોને એકેક પ્રસાદીનો ફૂલહાર આપ્યો.

શ્રીહરિ પલંગ ઉપર એક કલાક પોઢી ગયા. તે પછી તરત જ સ્વયં ઊઠ્યા અને તૈયાર થયા. દસ બાર પાર્ષદોને સાથે લીધા. તેમાં મુખ્ય ડુંગરજી હતા. પછી ઉમાભાઈ તથા મૂળુભાઈ અને ચોથા વેરાભાઈ હતા. મહાન શૂરવીર સુંદરપગી, જોબનપગી, તખાપગી, જુસાપગી, ખોડાપગી અને શંકરપગી વગેરે સહુ તૈયાર થયા. સહુએ તલવાર અને ઢાલ વગેરે હથિયાર લીધાં. ચંદ્રમાની કળા અસ્ત થઈ રહી હતી ત્યારે શ્રીહરિ હરિભક્તોની સંભાળ લેવા, તેમની ચોકી કરવા, આ રીતે પાર્ષદોને લઈને તત્કાળ ચાલ્યા.

અત્યારે જેને સત્સંગ થયો છે, જે સત્સંગી થયા છે તેનાં તો અપાર ભાગ્ય ગણાય. પહેલા ભક્તો ઘણા થઈ ગયા છે પણ તેમને કોઈને આટલો સમારેલો સત્સંગ મળ્યો નહોતો. તે પૂર્વના ભક્તો ફરીને સત્સંગ કરવા આ વખતે સત્સંગમાં આવ્યા છે. એટલે તેમને સત્સંગનું સુખ આપવા શ્રીહરિ અને સંતો વિચરણ કરી રહ્યા છે. અક્ષરાધિપતિ ભગવાન શ્રીહરિ હરિભક્તોની રક્ષા કરવા માટે રાતદિવસ સત્સંગમાં ફરતા રહે છે.

### • જોબનપગીની સ્વરૂપનિષ્ઠા તથા શુદ્ધ જ્ઞાન :

શ્રીહરિ અને બધા પાર્ષદો, સાથે ગામની બહાર નીકળ્યા. રાતે ચંદ્રમા અસ્ત થયો ત્યારે એકલાં કૂતરાં ભસતાં હતાં. કૂતરાંના ભસવાને સાંભળીને સીમના બધા શિયાળ બોલવા લાગ્યા. તે વખતે કેટલાક તમરાં પણ બોલતાં હતાં. તે વેળાએ શ્રીહરિએ પાર્ષદોની સામે જોયું અને બોલ્યા, અમે એકલા જ ઘોર વનમાં સાત વરસ સુધી ફર્યા છીએ. અમને લેશમાત્ર પણ કોઈનો ક્યારેય ડર લાગતો નહિ. જંગલી હાથી અને સિંહોની સાથે અમે ફરતા. અગિયાર વરસની ઉંમર પછી ઘર છોડ્યું હતું. બાળયોગીંદ્રના જેવો અમારો વેષ હતો.

ત્યારે જોબન પગીએ કહ્યું, આપ તો ભગવાન છો એટલે આપને વળી ભય કોનો ? પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષ સુધી જગતમાં જે જે પ્રાણી કહેવાય છે તે તો સર્વે તમારે આધીન છે. અરે, આવા તો અનંત અને અપાર બ્રહ્માંડો છે. તેનો કોઈ પાર પામી શકાય તેમ નથી. તે બ્રહ્માડોમાં જે દેવ, અદેવ-દાનવ, દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત અને મનુષ્ય આદિ, તેમજ પશુ, પંખી આદિ તથા સ્થાવર અને જંગમ જીવજંતુઓ, અને જે જડ અને ચેતન છે તે સર્વે, તથા જળમાં રહેનારા જંતુ, આકાશમાં રહેનારા જંતુઓ, તથા અણું જેવા કે મહાન્ કહેવાતા હોય, તે સર્વેમાં જીવ રહ્યો હોય છે, એ બધા જ આપને આધીન છે. આપ જેવું ધારો, તેમ જ બધું થાય છે. અત્યારે અમને એવી તમારી પ્રતિતી આવી છે. માટે અમે માનીએ છીએ તમને કોઈનો ડર ક્યાંથી લાગે ? ભાઈ રામદાસજી સ્વામી અહીં વડતાલમાં રહ્યા હતા અને તેમણે અમને સમજાવીને આપનાં સ્વરૂપનો આવો નિશ્ચય કરાવ્યો છે. સ્વામી આવી જે જે વાતો કરે તે અમને પૂરેપૂરી મનાતી. તેમનું વર્તન જ એવું હતું કે જેથી સહુને તેમનામાં પ્રેમ થાતો. વળી, તેમનામાં જે વચનસિદ્ધિ રહી હતી તેથી તેઓ જે જે કહે તે ત્યારે જ સત્ય થાતું-દેખાય આવતું.

એક વખત અમે જ્યારે તેમને પૂછ્યું, ''આવી વચનસિદ્ધિ આપને ક્યારથી મળી ?'' ત્યારે તેમણે કહ્યું કે આત્માનંદ સ્વામી અને રામાનંદ સ્વામીની મેં જે સેવા કરી હતી તેના પ્રતાપથી, જ્યારે મને ભગવાન શ્રીહરિ મળ્યા ત્યારે તેમની કૃપાથી વચનસિદ્ધિ મળી છે તેથી આ બધું થાય છે. જ્યારે ભાઈ રામદાસજીસ્વામીએ આવું કહ્યું તેથી અમને આપમાં પૂરો વિશ્વાસ આવ્યો છે. તે વિશ્વાસ એવો અવિચળ થયો છે કે તે ક્યારેય તોડાવ્યો પણ તૂટે તેમ નથી. માણસને પોતાની જાતિ અંગે દૃઢ વિશ્વાસની ગાંઠ પડી ગઈ હોય

છે. તેવી જ આપના પરમેશ્વરપણાની અમને પાકી ગાંઠ પડી ગઈ છે. અત્યારે આપ જે કાંઈ ચરિત્ર કરો, તેનાથી અમે કરેલો નિશ્ચય લેશમાત્ર પણ ટળે તેમ નથી. કદાચ અમારા કોઈ દોષને કારણે આપ અમને વિમુખ કરો, તો પણ અમે ક્યારેય આપનો દ્વેષ કરીએ નહિ. આપ સદાને માટે નિર્દોષ છો અને આપના બધા સંતો પણ કાયમને માટે નિર્દોષ છે અને જે હરિભક્તો છે તે પણ આપને કારણે નિર્દોષ છે. અમારામાં અપાર દોષ છે. આપ કહો, "તમે ઘર છોડી દો." તો કદાચ તેમાં વાર લાગે. જો કે અમે હરિભક્ત થયા છીએ પણ તેમાં થોડા કાચા રહ્યા છીએ.

આપ અમારું અપમાન કરો તો પણ અમે તે બધું સહન કરીએ. અમને સંતો તરફથી મનમાં ક્યારેય દુઃખ નહિ લાગે. "અંતકાળે એ સંતો જ જીવના સાચા સંગી-મોક્ષકારક છે." એમ જાણીને જ અમને સુદૃઢ(અભંગી) પ્રેમ થયો છે. સંતોને લેશમાત્ર પણ ક્યારેય સ્વાર્થ નથી. "જીવોનો મોક્ષ કરવો" તે જ એક કાયમનો સ્વાર્થ છે. તેમને પેટ પૂરતું જે અન્ન જોઈએ છે તે પણ ઘેર ઘેર ભિક્ષા માગી લાવે છે. વારે વારે એક ઘેર ભિક્ષા માગીને કોઈ સંસારીને પીડતા નથી.જેમ ભમરો કોઈ ફૂલને દુઃખવતો નથી અને દરેક ફૂલમાંથી માત્ર સુગંધ જ લે છે તેમ સંતો ભમરવૃત્તિ રાખીને ફરે છે. જેટલું સંતોનું વર્તન હોય છે તેને દેખતા મનમાં આદરભાવ ઊપજે છે. કોઈ પણ પ્રકારનો લોભ તેમાં દેખાતો નથી. તેનાથી તેમના ઉપર તો અતિ પ્રેમ થાય છે.

કોઈ પણ જાતના સ્વાર્થ (લોભ) વિના જ જીવનો ઉદ્ધાર કરે, એવા સાધુ તો અમે ક્યાંય સાંભળ્યા નથી. હા, પૂર્વે નારદ, સનકાદિકો અને શુકદેવજીને તેવા સાંભળ્યા હતા. કપિલજી, દત્તાત્રેય અને ગોરખનાથ, એ બધા તો સદ્‌ગુરુ રામાનંદ સ્વામીથી પહેલા થયા હતા. શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય વગેરે નિષ્કામી આચાર્યો નિર્લોભી હતા. ઋષભદેવ ભગવાને જ્યારે યોગવૃત્તિ ધારણ કરી હતી ત્યારે તેમણે લોભમાત્રનો ત્યાગ કરી દીધો હતો. એવા તે મહાન ભાગ્યશાળી સમર્થ પુરુષ થયા હતા. ભરતજી જ્યારે "જડભરત"ના રૂપ માં વર્ત્યા ત્યારે તેમણે લોભમાત્રનો ત્યાગ કરી દીધો હતો. દક્ષપ્રજાપતિના જે અગિયાર હજાર પુત્ર થયા હતા, તેઓ પણ નિર્લોભી હતા. એ તો કેટલાએ યુગ પહેલાની વાત કહેવાય છે. આપણે નજરે દેખી નથી. તેવા આ સંતોની વાત તો અત્યારે આપે દેખાડી છે.

શ્રીહરિ સાથે રહેલા જોબન પગી આદિને આવી વાતો કહેતા કહેતા બધા હરિભક્તોના સંઘોની સંભાળ આવીને લીધી. પણ તે કોઈએ જાણ્યું નહીં. હરેક સંઘમાં ચોકીદાર રાખેલા હતા. તે ચોકીની ફરજ ઉપર હતા પણ શ્રીહરિ ત્યાં આવીને પસાર થઈ ગયા, તેની તે ચોકિયાતોને ખબર પડી નહિ. જે પાર્ષદો સાથે હતા, તેમને શ્રીહરિએ કહ્યું, અમને કોઈની આગળ ક્યારેય પ્રખ્યાત કરશો નહીં કે, અમે રાત્રે અહીંયા ફરવા આવ્યા હતા. તમને સહુને અમારાં ચરિત્ર સાંભરે એટલા માટે આજે અમે તમારી સાથે ફરવા આવ્યા છીએ. કાઠી દરબારોની સાથે અમે બહુ ફર્યા છીએ. તેનાથી તેમને અમારા ઉપર ઘણું જ હેત થયું છે. તે હેતે કરીને જેટલી કાંઈ અનીતિ કહેવાય છે તે સર્વે અત્યારે તેમણે છોડી દીધી છે. હવે તમારી સાથે પ્રેમ કરીને અમારે તમારો ઉદ્ધાર કરવો છે. તે વિના તમારી સાથે બીજું કોઈ કામ નથી. આવું તમે નક્કી જાણજો. અને જે અમારું વચન નહિ માને તો તેના ઉપર કોઈક તેવો રાજા આવશે, કે તે રાજા અત્યારે અમે જે નીતિ વચન કહીએ છીએ તેવી રીતે ક્યારેક પળાવશે.

અમારા જે સંતો છે તે ક્યારેય હથિયાર રાખતા નથી. અને જગતના જે સાધુ છે તે બધા હથિયાર બાંધીને ચાલે છે. તેઓ તો જમના દૂત જેવા જણાય છે. તેમાં ઘણો અધર્મ ભર્યો હોય છે. તેમનાં હથિયારોનો ત્યાગ કરાવનારો કોઈ રાજા(અંગ્રેજ) આવતા દિવસોમાં થાશે. તે પ્રજાનું બહુ રક્ષણ કરશે. અને જે પ્રજાને પીડતા હશે, તેને કચડી નાખશે. જે કોઈ ઉન્મત્ત (ઉદ્ધત) થાશે તો તે રાજા તે બધાને સીધા કરી દેશે. તે અપરાધ વિના કોઈને પીડશે નહિ અને ગરીબ કરતા પણ ગરીબ થઈને ચાલશે, તે રાજા પણ જ્યાં સુધી નીતિ અને નિયમોનું પાલન કરશે ત્યાં સુધી દિન પ્રતિદિન તે આગળ વધતો રહેશે. અને જ્યારે તે રાજા નીતિ-નિયમોનો ત્યાગ કરશે ત્યારે નીતિરૂપ ઈશ્વર તેને સહકાર આપવાનું બંધ કરીને દૂર જતા રહેશે. ત્યાર બાદ ભલે તે રાજામાં કેટલાક પ્રકારની બુદ્ધિ રહી હશે અને તેથી પરાક્રમ કરશે, તો પણ તે ફળીભૂત નહિ થાય. કારણ કે પરાક્રમની સફળતા નીતિમાં રહી છે.

### ● ભગવાન શ્રીહરિ રામનવમીના દિવસે ભક્તોને દર્શન આપવા માટે ગામની બહાર આવ્યા :

ભગવાન શ્રીહરિએ સમગ્ર હરિભક્તોને દર્શન દેવાનો મનમાં વિચાર કર્યો. પછી બધા જ અમૂલ્ય સોનેરી નવા વસ્ત્ર પહેર્યા. અંગો અંગમાં અનુપમ સોનાનાં ઘરેણાં પહેર્યા, સુંદર કુંડળ પહેર્યા, તેથી તેની આગળના કપોળ(ગાલ)ના સોંદર્યનું વર્ણન કરી શકાતું નથી. શ્રીહરિની સાથે જે દરબારો હતા તે બધા સવારી સજ્જ કરીને લઈ આવ્યા. ગોંડલ નરેશ દરબાર હઠીભાઈ પણ શણગારેલો હાથી લાવ્યા. સોનાની સર્વોત્તમ અંબાડી હાથીના ઉપર મૂકી હતી. પછી ધર્મકુમાર શ્રીહરિ આવીને તે અંબાડીમાં બેઠા. દરબાર હઠીભાઈ અને દરબાર જીવાખાચર, એ બંને શ્રીહરિને ચામર કરવા બેઠા. ભાઈ રામદાસજી સ્વામી અને મુક્તાનંદ સ્વામી, એ બંનેને મેનામાં બેસાડ્યા.

નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, સંતદાસજી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, નિરંજનાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, વ્રજાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, સદાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, વ્રજવાસી-ભજનાનંદ સ્વામી, અનંતાનંદ સ્વામી, ભણનારા - ભજનાનંદ સ્વામી, શ્રીગુરુચરણરતાનંદ સ્વામી, હરિયાનંદ સ્વામી, અદ્વૈતાનંદ સ્વામી, વિશ્વચૈતન્યાનંદ સ્વામી, ચિન્મયાનંદ સ્વામી, સઙ્કર્ષનાનંદ સ્વામી, સત્યાનંદ સ્વામી - જેને સંપૂર્ણ ભગવદ્ગીતા કંઠસ્થ હતી, ધ્યાની પરમચૈતન્યાનંદ સ્વામી, પરમહંસાનંદ સ્વામી, જેઓ મહાજ્ઞાની હતા, વિશ્વરૂપાનંદ સ્વામી, ચિદ્રૂપાનંદ સ્વામી, કલ્યાણાનંદ સ્વામી, ભાગ્યેશ્વરાનંદ સ્વામી, પૂર્વદેશના આધારાનંદ સ્વામી, તે રીતે જ પૂર્વ દેશના જિજ્ઞાસાનંદ સ્વામી, સાંખ્યાનંદસ્વામી, અખંડાનંદ સ્વામી, યોગી જોગેશ્વરાનંદ સ્વામી, જેમણે બધો જ અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હતો. મુનિવર્ય આત્માનંદ સ્વામી, જેઓ લોમશમુનિનો અવતાર હતા અને યોગશાસ્ત્રમાં પારંગત હતા.

જો કે સહુ સંતો બધા જ અષ્ટાંગ યોગના અંગોને જાણતા હતા. સાક્ષાત્ શ્રીહરિ મળ્યા હતા, તેથી કોઈ પોતાની સિદ્ધાઈ બતાવતા નહિ. કૃષ્ણાનંદ સ્વામી કે જે દધીચિનો અવતાર હતા. તેમને કોઈ ઓળખી શકતા નહિ. કહ્યા વિના ખબર ક્યાંથી પડે ! અષ્ટાવક્રમુનિ પણ સત્સંગમાં આવ્યા હતા. મનુષ્યનાં શરીરમાં સહુ તેમને દેખતા હતા, પણ તેમનાં સામર્થ્યની કોઈને ખબર પડતી નહિ.

તે બધા સંતોને ચાર પૈડાંવાળી બગી (ચારટ)માં બેસાડ્યા. તે સમયની શોભા કહી શકાતી નથી. અપાર હરિભક્તો આવ્યા હતા. તેની ભીડ ઘણી થઈ હતી. અનંત પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. તેનાથી રાજબજાર સુશોભિત બની હતી. ચોપદાર નેકી પોકારતા હતા. શ્રીહરિ બજારમાં ચાલ્યા આવતા હતા. દૂર સુધી રહેલા બધા ભક્તજનો ફૂલહાર લાવ્યા હતા. તેની દૂરથી વૃષ્ટિ કરતા હતા. શ્રીહરિની અખંડ સેવામાં રહેનારા વર્ણીઓ જે હતા તે બધા રથમાં બેઠા હતા. શ્રીહરિ સંતોને સાથે લઈને હરિભક્તોને દર્શન દેવા માટે આ રીતે નીકળ્યા હતા. પણ શ્રીહરિની મૂર્તિ એવી અદ્ભૂત હતી કે દર્શન કરનારાના નેત્રોને દર્શન કરવા છતાં તૃપ્તિ થાતી ન હતી. શ્રીહરિની સાથે જે પાર્ષદો હતા તેઓ વારંવાર બંદૂકોને ફોડતા હતાં. તેનાથી સંપૂર્ણ આકાશમાં ગર્જનાઓ થતી હતી. તે સાંભળીને દેવતાઓ દર્શન કરવા ઉપર આકાશમાં આવવા લાગ્યા.

ભૂમિ ઉપર જેમ મનુષ્યો અપાર હતા તેમ આકાશ પણ અપાર દેવતાઓથી ભરાઈ ગયું હતું. તે દેવો વિમાનમાં બેઠા હતા અને કેસરી ચંદનને વરસાવતા હતા. ગાંધર્વો મધુર ગાન કરતા હતા અને અપ્સરાઓ ખૂબ જ હેતથી નાચતી હતી. દેવોમાં જે બંદીજનો હતા તેઓ શ્રીહરિના યશની અપાર સ્તુતિ ગાતા હતા. જેટલી દેવાંગનાઓ આવી હતી તે બધી અલૌકિક ગાન કરતી હતી. તે દેવાંગનાઓ ધર્મના લાલ શ્રીહરિને સોનેરી ફૂલ અને મોતીના થાળ ભરીને વધાવતી હતી. કાઠી દરબારોના માગણ જે રાવળ કહેવાય છે, તે નાગાજણ અને પૂજાભાઈ હતા, તેઓ રવાજ વગાડીને નિપુણતાથી શ્રીહરિનું યશોગાન કરતા હતા. નાગાજણના બે ભાણેજ હતા. તેમના નામ લક્ષ્મણ અને નાગદાન હતાં. ઉંમરમાં નાના હતા પણ શ્રીહરિની મૂર્તિમાં તલ્લીન થઈને ગાન કરતા હતા.

જે વાજિંત્રો વગાડતાં હતાં, તેમને શ્રીહરિ ફૂલના હાર આપતા. ક્યારેક તો બહુ રાજી થઈ જાય ત્યારે તેમને પ્રેમથી વસ્ત્ર અથવા ઘરેણું પણ આપી દેતા. ક્યારેક અશ્વ આપતા તો ક્યારે ધન અપાવતા. કોઈ વખતે મેવા કે મીઠાઈ આપતા. અને તેમને રાજી કરી દેતા. જે ભક્ત જેવો ગુણવાન હોય તેને તે રીતે ઘણું હેત જણાવીને શ્રીહરિ રાજી કરી દેતા હતા. ભક્તજનોને દર્શન દેતા શ્રીહરિ વડતાલ ગામની બહાર આવ્યા. બહાર તો લોકોનો કોઈ પાર ન હતો. બધા ઘણા જ આનંદોલ્લાસમાં હતા. જે લોકો ગુલાલ લાવ્યા હતા, તેઓ ભાવથી તેને ઉડાડવા લાગ્યા. કારણ કે આજનો દિન શ્રીહરિવરના જન્મદિવસનો હતો.

ભગવાન શ્રીહરિ ગામથી પૂર્વમાં જ્યાં આંબલે હિંડોળો બાંધ્યો હતો ત્યાં આવીને હિંડોળા ઉપર બેઠા. ગામ તરફ મુખ હતું. કાયમ સભા ગામ તરફ મુખ રહે તે રીતે જ થાતી હતી. હિંડોળાને ડાબે ભાગે સંતોની સભા બેઠી. વર્ણી અને સંન્યાસીઓ શ્રીહરિનાં ચરણોની પાસે બેઠા. બધા દરબારો શ્રીહરિની સન્મુખ બેઠા. બીજા બધા હરિભક્તો તે દરબારોની પાછળના ભાગમાં બેઠા. બધી સત્સંગી બાઈઓની સભા હિંડોળાથી દક્ષિણ (જમણે) ભાગે થઈ હતી. શ્રીહરિની જયંતીનો દિવસ જાણીને તે બાઈઓ ધોળ રાગના કીર્તન ગાતી હતી.

દુર્વાસાના શાપથી ધર્મ અને ભક્તિ, છપૈયા ગામમાં બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા સરવરિયા કુળમાં મનુષ્ય દેહ ધારીને રહેતા હતા. તેમણે શ્રીહરિને રાજી કરવા માટે જે વ્રત, જપ, તપ, કર્યાં હતાં તેને તે બધી સ્ત્રીઓ કીર્તનમાં ગાતી હતી. અને શ્રીહરિએ જે રીતે જન્મ લીધો અને પ્રેમથી માતા અને પિતાને દર્શન આપ્યા તે કીર્તનમાં ગાતા હતા. નવમી તિથિએ દસ ઘડી રાત ગઈ ત્યારે શ્રીહરિનો જન્મ થયો. દિવ્ય સ્વરૂપે માતાપિતાને દર્શન દઈને તેમનાં દુઃખનો નાશ કર્યો.

શ્રીહરિનો જન્મ થયો છે એમ જાણીને સાક્ષાત્ લક્ષ્મીજી ધર્મને ઘેર રહેવા માટે આવ્યા. તરત જ ધર્મદેવનું ઘર સર્વ સમૃદ્ધિથી ભરપૂર

થઈ ગયું કે, જેને દેખીને દેવોનાં મન પણ લલચાય જાય. માતા અને પિતા, બંનેએ જ્યારે શ્રીહરિની સ્તુતિ કરી ત્યારે શ્રીહરિએ તેમને વરદાન આપ્યાં. પોતાને જન્મ ધારણ કરવાનું જેટલું કારણ હતું તે બધું માતાને અને પિતાને કહી સંભળાવ્યું. તે સાંભળીને માતા અને પિતા ઘણા ખુશ થયા. બ્રાહ્મણોને ઘણી જાતનાં દાન આપ્યાં. ગાયો, અશ્વ, હાથી અને સોનું દાનમાં આપ્યું અને તલનાં ઘણાં પર્વત(ઢગલાં) પણ દીધાં.

તે સમયે જે જે માગણ આવતા હતા તેમને યોગ્ય રીતે જે જોઈએ તે અપાર આપતા હતા. તે તે યાચક લોકો ''જય જય'' ''જય જય'' આવી વાણી બોલતા અને એમ કહેતા કે તમારો પુત્ર મહાન સમર્થ થાશે, એમ અમે જાણીએ છીએ. બધા દેવતાઓ અને રાજાઓ પણ આવીને તેમની પૂજા કરશે. એવો તેમનો પ્રતાપ દેખાય આવે છે. જગતમાં ઘણા મોટા સમર્થ રાજાઓ અપાર થયા હતા. કેટલાક મોટા અવતારો પણ થયા હતા, તેમણે અપાર ચરિત્રો કર્યા હતાં. અત્યંત સામર્થ્ય દેખાડ્યું હતું. મોટા મોટા દૈત્યોને માર્યા અને સમુદ્રના ઉપર પુલ બાંધ્યો હતો. તેમના અપાર પરાક્રમ હતાં, તે કહે પાર આવે તેમ નથી. આ પચાસ કરોડ યોજન વિસ્તારવાળી ભૂમિને દુષ્ટ દૈત્ય લઈ ગયા હતા. હિરણ્યાક્ષ નામે દૈત્ય થયો હતો. તે એટલો બળવાન હતો કે તેણે સાત સમુદ્ર અને લોકાલોક પર્વતે સહિત ભૂમિને કબજે કરી હતી, પાતાળમાં પણ આવા દૈત્ય થયા હતા.

તે મહાન દૈત્યને મારવા માટે ભગવાને વરાહ અવતાર ધારણ કર્યો. તે ભયંકર દેખાતા દૈત્ય હિરણ્યાક્ષને મારીને ભૂમિને પોતાના દાંત ઉપર લઈ આવ્યા. સ્ત્રીઓ ગીતમાં આવા પરોક્ષ ચરિત્રોને પણ ગાતી હતી. ભગવાન શેષનું રૂપ ધારણ કરી રહ્યા છે. તેમને એક હજાર મસ્તક છે. મતવાલા તે ભગવાને એક મસ્તકના ઉપર સરસવના દાણાની જેમ આ ભૂમિને ધારી રાખી છે. સુખકારી ભગવાને કાચબાનું રૂપ ધારીને પોતાની પીઠ ઉપર મંદરાચળને ધારણ કર્યો અને સાગરમાં તેમણે વિચરણ કર્યું હતું. આ બ્રહ્માંડના જેવાં જેટલાં બ્રહ્માંડ છે તેટલાં રૂપ શેષ ધારણ કરીને એકાર્ણવના જળમાં શેષરૂપ શ્રીહરિ વિચરણ કરે છે, છતાં તેમને બ્રહ્માંડનો બોજ લાગતો નથી. ભગવાનની અક્ષરરૂપ જે શક્તિ છે તે અનુપમ મહાર્ણવના જળને ધરી રહી છે. છતાં તે ભગવાનનાં સ્વરૂપ અને શક્તિ વગેરેના પારને પામતી નથી. તેને માટે આ બધી બાબત આશ્ચર્યરૂપ રહે છે. આવા ભગવાન મનુષ્યરૂપે પ્રકટ થયા છે, તે ભક્તિ અને ધર્મને દર્શન દેવા માટે પધાર્યા છે. તેમની પાછળ પાછળ ગામના બીજા લોકોને પણ દર્શન થયા. જેણે હાર્દિકભાવથી શ્રીહરિને લાડ લડાવ્યા તેના પુણ્યનો તો કોઈ પાર જ નથી. આવા બધાં ગીતોને તે હરિભક્ત બહેનો વડતાલમાં ગાતી હતી. આ લોકમાં તે ભાગ્ય કંઈ દેખ્યામાં આવતું નથી. આ લોકસંબંધી જે ભાગ્ય હોય છે તે દેખ્યામાં તો આવે છે પણ એ તો તુચ્છ કહેવાય છે.

### ● ભગવાન શ્રીહરિની જયંતી પ્રસંગે દેશોદેશના ભક્તોએ પૂજન કર્યું :

દેશદેશના જે હરિભક્તો હતા તેઓ બધા શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેઓ વિવિધ પ્રકારના વાજિંત્રો વગાડતા આવ્યા. તેની શોભાનો તો કોઈ પાર જ ન હતો. જેટલા સંઘ આવ્યા હતા તે બધાની સાથે જરિયાની નિશાન હતાં. બધાં વધાઈનાં પદ ગાતાં હતાં અને તે સમયે ઝાંઝ અને મૃદંગ વગાડતા હતા. હીરાચંદભાઈ ચોકસી વગેરે અમદાવાદના હરિભક્ત બાઈ-ભાઈ અપાર આવ્યા હતા. તેના નામ ગણાવ્યે પાર આવે તેમ નથી. શ્રીહરિની પહેલી પૂજા તે હરિભક્તોએ કરી. કેસરયુક્ત ચંદનથી મૂર્તિને રંગી દીધી. અત્તરની ફોર ખૂબ જ છૂટતી હતી અને સહુએ ફૂલ હાર પહેરાવ્યા હતા. કોઈએ કપુરના હાર પહેરાવ્યા, તો કેટલાકે સોનાના હાર ધરાવ્યા. કોઈકે તો મોતીના હાર પહેરાવીને બાજુ બંધ અને તોરા પણ ધરાવ્યા.

કોઈ ભક્તે સોનાનાં કડાં, સાંકળાં અને પહોંચી વગેરે પાર નહિ તેટલા ઘરેણાં પહેરાવ્યાં. કેટલાકે કુંડળ લાવીને પહેરાવ્યાં હતાં તો કોઈએ શિરપેચ બાંધ્યો હતો. કેટલાક ભક્તોએ પ્રેમથી શ્રીહરિને વેઢ અને વીંટીઓ પહેરાવી. સહુ અલૌકિક રીતને જાણતા હતા. કોઈને પૂજા કરવાની પ્રેરણા કરવી પડતી નહિ. સૌ પોતાની ઇચ્છાએ ઉમંગથી પૂજા કરતા હતા. કોઈની પ્રેરણાથી કોઈ પૂજા કરવા આવ્યો છે એમ જો ખબર પડતી, તો શ્રીહરિ તે પૂજાને સ્વીકારતા નહિ. પોતાની ઇચ્છાથી ભલે એક ફૂલ જ કોઈ લાવે, તો તે પૂજાને શ્રીહરિ અનંત માનતા. શ્રીનગરના (અમદાવાદના) હરિભક્તો જે મેવા અને મીઠાઈઓ લાવ્યા હતા. તે બધું લખી શકાતું નથી, કારણ કે તેનું માપ તો કરી શકાય તેમ હતું જ નહિ.

શ્રીનગરના જે હરિભક્તો હતા તે બધાએ શ્રીહરિની પૂજા કરી લીધી ત્યારે શ્રીહરિએ તેમને ફૂલહાર આપ્યા. તેનાથી હરિભક્તો ઘણા ખુશી થયા. પછી તેમણે શ્રીહરિની આરતી ઉતારી અને વારંવાર સ્તુતિ કરી. ''સત્સંગમાં જે હરિભક્તો છે તેમજ જે સંતો છે તેમની અમને ક્યારેય અરુચિ ન થાય. દિન પ્રતિદિન નવું ને નવું હેત વધે. અમારા જીવને પોતાનાં શરીરનો અભાવ આવે. અને હરિભક્તો તથા સંતોમાં ભાવ અત્યંત વધે'' એમ હાથ જોડીને વારંવાર આવું માગીએ છીએ.

શ્રીનગરના હરિભક્તો પૂજા કરીને શ્રીહરિને પગે લાગ્યા. પછી કેસરી ચંદન લઈને સંતોની પૂજા કરવા લાગ્યા. ફૂલના હાર પ

હેરાવીને પ્રત્યેક સંતને પાંચ પાંચ કેળાં અર્પણ કર્યાં અને સહુને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. આ રીતે પૂજા કરી. વર્ણીઓ, પાર્ષદો અને શ્રીહરિની સાથેના બધા દરબારો, એ સહુને ચંદનની અર્ચા કરીને ફૂલહાર પહેરાવ્યા. વર્ણી અને પાર્ષદોને જોઈને એકેક વસ્ત્ર ઓઢાડ્યું અને કેળાં તો બધા દરબારોને પણ સમાનપણે આપ્યાં. જ્યારે હરિભક્તોની ઘણી ભીડ થઈ ત્યારે દરબારો પણ ભીડમાં આવી ગયા. અર્થાત્ તેઓ જ્યાં બેઠા હતા ત્યાં બધા ભક્તજનોનો ધસારો થયો. સહુને એક શ્રીહરિનાં ઉપર જ તાન હતું. શ્રીહરિની મૂર્તિને દેખીને બધા શરીરનું ભાન ભૂલી ગયા. શ્રીહરિ હાં, હાં, કહીને છડીને પછાડવા લાગ્યા. પણ કોઈએ તે છડીનો પછડાટ ગણકાર્યો નહિ. એવું સહુને હેત હતું.

નાના ગામડાના જે હરિભક્તો હતા તે ધીરજ રાખી શક્યા નહિ. શ્રીહરિએ દરબારોને ત્યાંથી બોલાવીને ઊભા કર્યા અને પોતાની પાછળના ભાગમાં સહુને બેસાડી દીધા. પછી ડુંગરજીના જેવા જે પાર્ષદ હતા, તેમને હથિયાર લીધા વિના જ બોલાવ્યા. તેમાં સાદુળભાઈ, સગરામ, ઉમાભાઈ, મહાન શૂરવીર જેહાજી, જુહાજી અને જગમાલજી, એ બધાને બાઈઓની સભા તરફ રખેવાળનાં રૂપમાં રાખ્યા. તેમણે ઘણું જોર કરીને બાઈઓ તરફ આવતા સર્વે હરિભક્તોને રોકી રાખી. એક પછી એક, એમ પૂજા કરવા જવાની રજા આપતા રહ્યા. તે ભક્તો નિપુણતાથી પૂજા કરવા લાગ્યા. આમ સહુને પૂજા કરવામાં સુખ થયું. ભીડનું બધું દુઃખ મટી ગયું.

હરિભક્તોમાં જેને જેવો ભાવ હતો તેમણે શ્રીહરિની તેવી પૂજા કરી. સવારથી સહુ પૂજા કરતા હતા. તે સૂર્ય મધ્યાહ્નને પણ છાંડી ગયો. તે સમયે લોકોની ભીડ ઓછી થઈ. ત્યારે નાનાભાઈ ભટ્ટ મેવાડા ઘણા જ ઉત્સાહથી ઉતાવળા ત્યાં આવ્યા. દંઢાવ્ય દેશ (ઉત્તર ગુજરાત)ના ગામે ગામના બધા હરિભક્તોને સાથે લાવ્યા હતા. વડનગર, વીસનગર, ઉનાવા, સિદ્ધપુર, પ્રાંતિજ, વિજાપુર, મેઉ, માણસા, ડાંગરવા, કરજીસણ, વડું, કડી, કુંડાલ, ઓલા, આદરેજ, પેથાપુર, કઠલાલ અને તે સિવાયના પણ અપાર ગામના બધા હરિભક્તો સાથે હતા. તે બધા આવ્યા અને તેમણે ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિની પૂજા કર્યા પછી સંતોની પૂજા પણ કરી. વર્ણીઓ અને પાર્ષદોની પૂજા પણ તરત જ કરી.

તે ભક્તોએ શ્રીહરિને જે વસ્ત્ર અને આભૂષણો પહેરાવ્યા તે બધાં સોનેરી અને સોનાનાં જ હતા. લલાટમાં કેસરી ચંદનની અર્ચા કરીને તત્કાળ સહુએ આરતી ઉતારી. સ્તુતિ કર્યા પછી શ્રીહરિનાં ચરણોને કેસર ચંદન ચરચીને તેને પોતાની છાતી ઉપર ચાંપ્યાં. પછી ચરણોને મસ્તકે ધાર્યા અને આંખે અડાડ્યાં. તે સમયના ભાવની શોભા વર્ણવી શકાતી નથી. શ્રીહરિએ તે બધા હરિભક્તોને ફૂલહાર આપીને તેનાથી તે અપાર ભક્તજનોને ઘણું રાજી કર્યા.

તે વેળાએ વહેલાલ ગામના અમીન પાટીદાર જેસંગભાઈ પોતાના કુટુંબની સાથે શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેમના કુટુંબનો કાંઈ પાર રહ્યો નહીં. બધા જ સમર્થ અને ભારે ધનવાન ગૃહસ્થ હતા. તેઓ યોગ્ય રીતે સત્સંગને ધારી રહ્યા હતા. તેમનો સત્સંગ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના સમયનો હતો. તેમના સત્સંગનો રંગ કાયમનો એક સરખો હતો. તેઓએ શ્રીહરિને વસ્ત્ર અને આભૂષણ પહેરાવ્યાં. તેઓ બધાં વસ્ત્રાભૂષણ સોનેરી અને સોનાનાં લાવ્યા હતા.

શ્રીહરિનાં અંગો ઉપર કેસર ચંદન ચરચ્યું. તેનાથી મૂર્તિ ઘણી મનોહર નવરંગી બની હતી. સહુએ કપૂરથી આરતી કરી અને પછી તત્ક્ષણ સ્તુતિ પણ કરી. સહુએ શ્રીહરિનાં ચરણકમળને પોતાની છાતીમાં લીધાં. શ્રીહરિએ તે સહુને પ્રસાદીના ફૂલહાર આપ્યા. તેઓ જે મેવા અને મીઠાઈ લાવ્યા હતા. તે શ્રીહરિની આગળ અર્પણ કર્યું. શ્રીહરિએ તે મેવા અને મીઠાઈ બધા દરબારોને આપ્યા. તેનાથી નિપુણ દરબારો ખૂબ જ રાજી થયા અને શ્રીહરિ આગળ હાથ જોડીને બોલ્યા કે આ દેશના હરિભક્તોનો પ્રેમ અદ્‌ભુત છે તે કહી શકાતો નથી.

સિદ્ધપુરથી નીકળ્યા ત્યારથી દંઢાવ્યના હરિભક્તોના પ્રેમને દેખતા આવ્યા છીએ. દિન પ્રતિદિન તેમનો પ્રેમ અધિકને અધિક જણાયો છે. જે મુખથી કહી શકાતો નથી. આ દેખીને અમને તો આશ્ચર્ય થાય છે કે આ ભક્તો જગતના જીવ નથી. આ બધા તો આ લોકને પાવન કરવા માટે અક્ષરધામથી આવ્યા જણાય છે. ગોકુળમાં ગોવાળો અને ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનમાં જેવો પ્રેમ કર્યો હતો તેને પણ આ ભક્તો ઉલ્લંઘી ગયા છે, કારણ કે, આ ભક્તોનો પ્રેમપ્રવાહ ઘણો અધિક દેખાય છે. સૂર્યની સમક્ષ ચંદ્રમા જેમ ઝાંખો પડી જાય છે. તેમ આ ભક્તોએ ગોપ ગોપીઓને ઝાંખા પાડી દીધા છે. અમે જોયા કરીએ છીએ કે, આવો પ્રેમ તો અમે ક્યાંય સાંભળ્યો પણ નથી. શ્રીહરિની પૂજા કર્યા પછી તેમણે સંતોની પૂજા કરી. તેમાં કેસરયુક્ત ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. દરેક સંતને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. વર્ણીઓ અને પાર્ષદોને પણ સંતોની જેમ પૂજ્યા. તે પછી દરબારોની પૂજા કરી. તેમને એકલા ફૂલના હાર પહેરાવ્યા.

દંઢાવ્ય દેશના ગામોના સર્વે મોટા મોટા હરિભક્તો આવ્યા હતા. તે સર્વે ભક્તોએ તે વેળાએ વિધિ પ્રમાણે સંતોની પૂજા કરી.

ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને દરેકને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. વર્ણી અને પાર્ષદો, કોઈ બાકી ન રહ્યા. બધા દરબારોની પણ પૂજા કરી. ગામડી, કણભા અને જેતલપુરના જે મોટા મોટા અપાર પાટીદારો હતા તે બધા પૂજા કરવા આવ્યા. તેમણે શ્રીહરિની પૂજા કરીને વસ્ત્ર તથા આભૂષણ પહેરાવ્યા. તેઓ બધા વસ્ત્રાભૂષણ સોનેરી હતાં. પછી શ્રીહરિનાં ચરણની ઉપર ચંદન ચરચીને તેને હરખભર્યા હૈયા ઉપર ચાંપ્યાં. ઉત્સાહથી કપૂરથી આરતી ઉતારી અને સ્તુતિ પણ ઘણા ભાવાવેશથી કરી. શ્રીહરિએ પોતાને જે હાર પહેરાવ્યા હતા તે પ્રસાદીના રૂપમાં સહુને પહેરાવ્યા.

ત્યારબાદ તે ભક્તોએ સંતોની પૂજા કરી. ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. વર્ણી અને પાર્ષદોએ સહિત સંતોને એક એક વસ્ત્ર ઓઢાડીને દુર્લભ લાભ લીધો. મારવાડ પ્રદેશના સિરોહી શહેરના, ખાણ ગામના અને ટોરડા ગામના હરિભક્તો આવ્યા. ટોરડા વગેરે પ્રદેશમાં ખુશાલ ભટ્ટ મુખ્ય હરિભક્ત હતા. ઈડરના રાજાના ગોર (ગુરુ) હતા અને તેમને સત્સંગ થયો હતો. ત્યાંના હરિભક્તોને સાથે લઈને તેઓ પૂજા કરવા માટે આવ્યા. મનમાં ઉમંગ ઘણો હતો. વસ્ત્રો અને આભૂષણો વગેરેને લાવ્યા હતા. કેસરયુક્ત સુગંધી ચંદન શ્રીહરિનાં અંગો ઉપર ચરચ્યું. ફૂલહાર પહેરાવ્યા. પછી આરતી ઉતારીને સ્તુતિ કરી.

વઢિયાર દેશ બનાસકાંઠા (પાલનપુર વિસ્તાર)માં સીતાપુર અને બીજા ગામના હરિભક્તો પૂજાનો બધો સામાન લઈને ત્યાં આવ્યા. શ્રીહરિની પૂજા ઘણા પ્રેમભાવથી કરી. વસ્ત્રો અને આભૂષણો પહેરાવ્યા. ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. જતવાડ (પાલનપુર જિલ્લાનો એક ભાગ) પ્રદેશમાં રહેનારા હરિભક્તો પણ વરસદિવસમાં એકવાર દર્શન કરવા નિશ્ચિત આવતા. તેઓ શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેઓ પણ વસ્ત્ર અને આભૂષણ લઈને આવ્યા હતા. વસ્ત્રાભૂષણ અર્પણ કર્યાં. ચંદનની અર્ચા કરી અને ફૂલહાર પહેરાવ્યા.

ઝાલાવાડ પ્રદેશના મોટા મોટા ગામના બધા હરિભક્તો તે વેળાએ શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેઓ ઘણા સારાં વસ્ત્ર અને ઘરેણાં લાવ્યા હતાં. શિયાણી અને તાવીના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને પછી વસ્ત્રો તથા ઘરેણાં ધરાવ્યાં. શ્રીહરિનાં ચરણ ઉપર ચંદન લગાવીને સહુએ તેને પોતાની છાતી ઉપર ચાંપ્યાં. પછી આરતી ઉતારીને સ્તુતિ કરી. શ્રીહરિએ તેમને પ્રસાદીના હાર આપ્યા.

પછી તેમણે ઘણા જ પૂજ્ય ભાવથી સંતોને અને વર્ણીઓને પૂજ્યા અને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. તે પછી મેથાણ બાજુના અને રામગ્રી વગેરે ગામોના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તે સહુએ ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. વસ્ત્ર અને ઘરેણાં પહેરાવ્યાં અને છાતીમાં શ્રીહરિનાં ચરણ લીધાં. સંતોની પૂજા પણ કરી. તેમના પછી હળવદના અને પીપળિયાના હરિભક્તો સાથે મળીને શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તે પછી કોંઢ, વાવડી અને ધ્રાંગધ્રાના હરિભક્તો ભેળા મળીને પૂજા કરવા માટે આવ્યા. તેમણે શ્રીહરિના અંગોમાં ચંદન ચરચીને ઉમંગથી ફૂલહાર પહેરાવ્યા. વસ્ત્ર અને ઘરેણાં જે લાવ્યાં હતાં તે બધાં શ્રીહરિને ધરાવ્યાં. પછી પોતાની છાતીમાં ચરણ લીધા અને શ્રીહરિએ સહુને ફૂલહાર આપ્યા. તે પછી સંતો અને વર્ણીઓની પૂજા પણ કરી. તે પછી વઢવાણ અને મેમકા ગામના હરિભક્તો આવ્યા. તેમણે ચંદનચરચી, ફૂલહાર પહેરાવીને શ્રીહરિની અને સંતોની પણ પૂજા કરી. શ્રીહરિએ બેચરભાઈ અને મૂળજીભાઈને પાસે બોલાવ્યા. પ્રસાદીના ફૂલહાર આપ્યા. તે બંને ભક્તોએ શ્રીહરિની ઘણી જ સેવા કરી હતી.

દેવળિયા, દદુકા, મખિયાવ (મછિયાવ), વીંછિયા અને શિયાળગામ, એ બધા ગામોના હરિભક્તોએ ભેગા મળીને શ્રીહરિવરની પૂજા કરી. કેસરયુક્ત ચંદન ચરચ્યું. જે વસ્ત્રો અને ઘરેણાં લાવ્યાં હતાં તે તત્કાળ પહેરાવ્યા. જેનાં મનમાં જેવો ભાવ હતો તેમણે તેવી શ્રીહરિની પૂજા કરી. હરિભક્તો પોતાના મનમાં જેવી ઈચ્છા કરતા તેવું શ્રીહરિવર તેમને સુખ આપતા હતા. તે બધા હરિભક્તો હરખભેર શ્રીહરિનાં ચરણકમળને પોતાની છાતીમાં ચાંપતા હતા. પછી તેમણે સંતોની પણ પૂજા કરી.

તે પછી કચ્છ-વાગડ પ્રદેશના બધા હરિભક્તો ઘણા જ પ્રેમાવેશથી શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેમાં ભુજના હરિભક્તો મુખ્ય હતા. તે સિવાય માંડવી, તેરા, અંજાર, કાળાતળાવ, માનકૂવા, ભચાઉ, આધોઈ, ધમડકા વગેરે ગામોના અપાર હરિભક્તો આવ્યા. કંથકોટ, વાંઢિયા, મોરબી અને માળિયાના ભક્તો પૂજા કરવા આવ્યા. ખાખરેચી તથા ટીકરના હરિભક્તો પૂજા કરવા આવ્યા તેની ભેળા માળિયાના હરિભક્તો પૂજા કરવા આવ્યા હતા. વિવિધ પ્રકારના વસ્ત્ર અને આભૂષણ લાવીને શ્રીહરિને તત્કાળ પહેરાવ્યા. કેસરચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. મૂર્તિની શોભા અદ્‌ભુત થઈ. કપૂરથી આરતી ઉતારી. અને વારંવાર સ્તુતિ કરી.

કચ્છના હરિભક્તોએ તે વખતે શ્રીહરિને કહ્યું, આપ અમારા પ્રાણના આધાર છો. માટે આપ કચ્છમાં પધારો. વરસમાં એકવાર તો દર્શન આપો. આપ આવીને અમારા ગામને પાવન કરો. આપ જ્યારે કચ્છમાં આવીને અમને દર્શન આપો છો ત્યારે અમારા દિલમાં અત્યંત સુખ થાય છે અને અમારાં બધાં જ દુઃખ દૂર થઈ જાય છે. જેટલા દિવસ આપનાં દર્શન થાય છે અમારા તેટલા દિવસને

અમે સફળ માનીએ છીએ અને તે સિવાયના દિવસોને અમે નિષ્ફળ ગણીએ છીએ. આ પ્રદેશના ભક્તોનો પ્રેમભાવ જોઈને આપ અહીંયા ઉત્સવ-સમૈયા કરવા લાગ્યા છો. હવે આપને કચ્છમાં આવવું ક્યાંથી ગમે ? કચ્છની રીત અલગ છે અને અહીંયાની રીત પણ અલગ છે. અહીંના ભક્તો આપની રીત પ્રમાણે હેત-પ્રીત કરી જાણે છે. કાઠી લોકો ઘણા ચકોર ગણાય, આપની રુચિ પ્રમાણે તેઓ રહે અને આપ પણ, જે ગમતામાં રહેતા હોય તેની સાથેના સ્નેહને ક્યારેય તોડી શકતા નથી. સોરઠના હરિભક્તો આપના સિવાય અન્ય કોઈને માને નહિ. અને કચ્છના હરિભક્તો તો ફૂલના છોડ જેવા છે. તેને સંભાળનારો માળી ન હોય તો તે તરત સુકાઈ જાય છે. એટલે તેને વારંવાર જતન કરીને સંભાળવા જોઈએ. ઝાલાવાડના હરિભક્તો તો એવા છે કે તેમને આપ દર્શન દો કે ન દો, તેમની નિષ્ઠા એક સરખી જ રહે છે, સત્સંગ સિવાય તેમનાં મનને બીજું કાંઈ ગમે નહિ અને કચ્છમાં તો અનેક મતપંથીઓ છે.

આપને દેખીને બધા ડરે છે. વારંવાર આપની બાબતમાં પૂછતા રહે છે. શક્તિપંથીઓ પણ આપણા સત્સંગથી ડરે છે. તે સિવાયના બીજા પણ જે અધર્મીઓ છે તે બધા રાતદિવસ ડરતા રહે છે. આપ પધાર્યા આપ ઓળખાયા એટલે અમારો સત્સંગ તો દૃઢ છે, ક્યારેય છૂટે તેમ નથી. અને જે રઘુનાથદાસ કહેવાય છે તેને બીજા બધા દેશોમાં જે હરિજન રહે છે તેની લેશ માત્ર પણ લાલચ રહી નથી. પણ પોતાને કચ્છ દેશના હરિભક્તોને ઉપદેશ આપવાની આશા રહી ગઈ છે. જો તમે ન આવો તો તે તરત જ કચ્છ દેશમાં નિવાસ કરે તેમ છે. કેમ જે, અમારો દેશ તો સત્સંગથી અતિશય દૂર પડ્યો છે.

અમે તો સંસારી છીએ. એટલે તેને કાંઈ કહી શકીએ નહિ. અમારા પુરુષોમાં કાંઈ ફરક પડે નહિ, પણ સ્ત્રીઓ તેની વાતો સાંભળીને ફરી જાય છે. સ્ત્રીઓને તો સત્સંગ એક પ્રેમનો જ હોય છે. અને રઘુનાથદાસને હેત કરતા આવડે છે. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, જેને મોક્ષનો ખપ ન હોય તે કરોડો ઈન્દ્રાણીના જેવી હોય તો એ શું ? તેને અમે સત્સંગમાં રાખવા ચાહતા નથી.

કચ્છ દેશના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી અને સંતો, વર્ણીઓ અને પાર્ષદોની પૂજા પણ ચતુરાઈથી કરી. હાલાર દેશના હરિભક્તો અને સોરઠના હરિભક્તો પર્વતભાઈને સાથે લઈને અતિ હેતથી શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેમાં પ્રથમ પર્વતભાઈએ પૂજા કરી અને પછી દરબાર ઝીણાભાઈ પૂજા કરવા લાગ્યા. તેઓ જે પોશાક લાવ્યા હતા તે શ્રીહરિને ઘણા હેતથી પહેરાવ્યો. પછી ઘણા જ ભક્તિભાવથી આરતી ઉતારી.

મયારામ ભટ્ટ આદિક હરિભક્તોએ પૂજા કરી. જેમ કચ્છના સુંદરજી સુતાર, ગંગારામ મલ્લ, દરબાર અદાભાઈ(માનકૂવા), દરબાર રાયધણજી (ધમડકા), વગેરેએ પૂજા કરી હતી તેમજ સોરઠના હરિભક્તોએ પણ અલૌકિક લાભ લીધો. લાલજી સુતાર (શેખપાટ), વશરામ સુતાર, ડોસાભાઈ, મૂળજીભાઈ, અને રત્નાભાઈ, રૂડાભાઈ, રણમલજી, દલુજી, એ બધાએ શ્રીહરિની પૂજા કરી. હાલાર દેશના જે હરિભક્તો કહેવાય છે તે શ્રીહરિને અતિશય ગમતા હતા. તેઓ શ્રીહરિની પૂજા કર્યા પછી સંતોની પૂજા કરવા લાગ્યા. ત્યારે કાઠિયાવાડ, વાળાક, ગોહિલવાડ (ભાવનગર વિસ્તાર) વગેરેના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. કેસરયુક્ત ચંદનના કટોરા ભરીને લાવ્યા હતા. ગઢડાના દરબાર એભલ ખાચર અને જીવાખાચર, એ બંનેએ શ્રીહરિની પ્રથમ પૂજા કરી. પૂજા કરવા જે જે ઉપચાર લાવ્યાં હતાં તે બધા શ્રીહરિને અર્પણ કર્યા. જેની જેવી રુચિ હતી તે પ્રમાણે સહુ સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં લાવ્યા હતા.

દરબાર માંચા ખાચર, અલૈયા ખાચર, સૂરા ખાચર, સોમલા ખાચર, હમીર ખાચર, કાળા ખાચર અને ડોસા ખાચર વગેરે દરબારો શ્રીહરિની પૂજા કરવા ત્યાં આવ્યા. દરબાર જીવા ખાચર (સારીંગપુર), બાવા ખાચર, સૂરા ખાચર, મૂળુ ખાચર (ગુંદાળા), રાઠોડ ધાધલ, અમરા પટગીર, હાથીયા પટગીર, મામૈયા પટગીર (કુંડળ), બંને માત્રા ખાચર અને માત્રા ધાધલ, નાજા જોગિયા અને રામ જોગિયા બંને ભાઈ, ઘેલા ધાધલ, ગોદડ ખાચર, મેરામ ખાચર, ઉકા ખાચર, નાન ખાચર, ઉગા ખાચર, ભાયા ખાચર, મોકા ખાચર (વાંકિયા), માણસિયા ખાચર એ બંને, ઉનડ ખાચર, રાણા ખાચર, દરબાર મૂળુ ખાચર અને તેમના બીજા ભાઈઓ. એ બધા પૂજા કરવા માટે આવ્યા. દરબાર વસ્તા ખાચર (કારિયાણી), વેલા ખાચર, માતરા ખાચર, વિસામણ ખાચર, એ સહુએ પણ પૂજા કરી. ગોંડલ નરેશ દરબાર શ્રીહઠીસિંહજી પણ શ્રીહરિની પૂજા કરવા લાગ્યા.

જહાભાઈ અને ડોસાભાઈ આદિ દરબારો અને ભગા દોશી વગેરે અનંત વણિક ભક્તોએ શ્રીહરિની અનુપમ પૂજા કરી. આરતી કરીને સ્તુતિ કરી. જ્યારે તે બધા ભક્તો પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિએ તે બધાને પ્રસાદીના ફૂલહાર આપ્યા. જેને જેવી ભાવના તે પ્રમાણે સંતોની પૂજા પણ સહુએ કરી. કેટલાક ભક્તો ચંદન અને પુષ્પોથી પૂજા કરતા હતા. તેમણે લોભરૂપ મંત્રી (અમાત્ય)ને તો ઘેર રહેવા દીધો હતો. સંકુચિત વ્યવહારની તેઓ વાત જ કરતા નહિ, પરંતુ શ્રીહરિથી શરમાઈને ઉદારતા ભર્યો વ્યવહાર કરતા હતા. સંતોને તો કોઈની પરવા હોતી નથી. જે જેવું વાવે તે તેવું લણે-લાભ લે. મોક્ષના માર્ગમાં જેટલા ઉદાર સ્વભાવના હોય તેટલો તેને

અલૌકિક લાભ મળતો હોય છે. તેવા ઉદાર ભક્તને કોડી જેટલું ધન હોય કે હજારો-લાખો હોય, તે લગારે લગાર-બધું જ મોક્ષોપ યોગી કામમાં વપરાય છે. એવો હરિભક્ત મંત્રી(અમાત્ય) રાખવો જોઈએ કે જે કુમાર્ગે ધનને ખરચવા દે જ નહિ.

એક 'મુન્નો' એવે નામે વિપ્ર હતો. તે પાકો નિષ્કામી હરિભક્ત હતો. તેને સત્સંગમાં ઘણી ભારે નિષ્ઠા હતી. તે સત્સંગ વિના બીજા કામને ખુવાર સમજતો. લોભને લીધે તો તેણે લગ્ન પણ કર્યાં નહિ. નારી તરફ તેણે ક્યારેય ધ્યાન જ દીધું નહિ. તેના બીજા જે ભાઈ ગૃહસ્થ હતા તેમનાથી તે અલગ રહેતો. ગામમાં જઈને સવારથી સાંજ સુધી લોટ માગવા ફરતો રહેતો. ખાતા જે લોટ વધે, તેને વેચીને ધન એકઠું કરતો. જાડા કપડાં પહેરતો. પગમાં પગરખા પહેરતો નહિ. જીભથી તો તે એકદમ નિઃસ્વાદી હતો. સહેજે જે ખાવાનું મળે તેનાથી ગુજરાન કરી લેતો. જગતની સાથે તે લોભ રાખતો અને શરીરની સાથે પણ લોભ રાખતો. પણ ભગવાન અને સંતોને માટે તે લગારેય લોભ રાખતો નહિ.

ઉપરથી તો તે અત્યંત હોંશિયાર દેખાતો નહીં પણ અંદરથી તો તે ઘણો જ બુદ્ધિમાન હતો. હરિભક્તોને તે પોતાના હિતેચ્છુ માનતો અને મનમાં નિરંતર મોક્ષનો વિચાર કરતો. તે હરિભક્તોને એમ કહેતો કે ક્યાંય મારું નામ જાહેર કરવું નહિ. મારું ભેળું કરેલું જે ધન હોય તે ભગવાન અને સંતોને માટે વાપરવું. આ શરીરનો કોઈ નિર્ધાર નથી. મારું ધન ભગવાનને માટે જ રાખ્યું છે. તમે હરિભક્તો ઘણા સારા છો. મને તમારો વિશ્વાસ જન્મ આપનારી માતા કરતા પણ વધારે છે. એક હરિભક્ત અને તે વિપ્ર મુન્નો, એ બે સિવાય કોઈને કાંઈ ખબર ન હતી. વિપ્રના મૃત્યુ પછી લોકોને ખબર પડી, તે વિપ્રે જેવી ભલામણ કરી હતી, તે પ્રમાણે જ તે હરિભક્તે તેના ધનનો પ્રેમથી સદ્વ્યય કર્યો.

જે હરિભક્તનો દૃઢ હરિભક્ત હોય અને રાત દિવસ મોક્ષને ચાહતો હોય તેનું નામ સત્સંગી કહેવાય. જે જે સંતો અને હરિને માટે ઉપયોગમાં આવે તે જ સાચા ઉપયોગમાં આવ્યું તેમ તે માને છે. ભગવાન અને સંતને માટે જે ધન ઉપયોગી થાય, તેટલો તે અધિક લાભ માને. જગતને અને દેહને માટે એક કોડી જેટલું પણ ખર્ચાય તો તેને અનેકગણું નુકશાન માને. એવા હરિભક્તો આજ આપણા સત્સંગમાં અનેક છે, પણ તે બહાર દેખાતા નથી. ભગવાનના ભક્તને તો એક ભગવાન જ ઓળખી શકે છે અને તેણે સત્સંગના હિતમાં જે સેવા કરી હોય તેને પણ એક ભગવાન જ જાણે છે.

આપ ડહાપણથી જે તે ભક્તોનો દોષ જુએ છે તેને ભગવાન સહન કરતા નથી. પોતાને જેટલા દોષ રાખવા હોય તેટલા દોષો તે ચાતુર્યતાપૂર્વક બીજા હરિભક્તોમાં દેખાડે છે. પણ પાકા હરિભક્તને તો એક ભગવાનમાં જ તાન હોય છે, તે બીજા મનુષ્યને ખબર પડતી નથી. છતાં પણ જીવ માત્રને જગત તરફ સહેજે જે દોડ(ઢાળ) રહે છે. જેમકે, સરોવરમાં બંધાયેલું નીર પાળ તોડીને જાવા માટે જ દબાણ કરે છે. પરંતુ જેટલું પાણી સરોવરમાંથી અણધાર્યું બહાર નીકળી જાય છે તેટલું પાણી માણસના ઉપયોગમાં આવતું નથી અને તે બધું નકામું ગયું ગણાય છે. એવી જ રીતે જેટલું ધન ફેલમાં વપરાય છે તેટલું મોક્ષના માટે ઉપયોગમાં આવતું નથી.

ઘણા હરિભક્તો સાચો વિવેક જાણતા નથી. અને લાભ જાણીને અનેક પ્રકારના ફેલ કરતા હોય છે. પરંતુ ખરા મુમુક્ષુએ ફેલીનો સંગ કરવો નહીં. તેને તો શ્વપચ જાણીને દૂરથી તજવો. જે મનુષ્ય સ્વધર્મની રીતે ચાલે છે અને કોઈપણ પ્રકારના ફેલ કરતા નથી એટલા જ આ જગતમાં માણસ છે. અને એવાની સાથે જ સંતો પ્રીત રાખે છે. ભગવાનની એવી રીત છે કે તેમને ફેલી મનુષ્ય ગમતા નથી. જે પોતપોતાની રીતમાં ચાલે છે તેને જ ભગવાન ચાહે છે. એ બધા હરિભક્તો કાઠિયાવાડ, વાળાક અને ગોહિલવાડ પ્રદેશના હતા. તેમણે પણ સહુ સંતોની પૂજા કરી. ભાલ પ્રદેશમાં જે ધોલેરા આદિક ગામ હતા. તે વેળાએ ત્યાંના બધા હરિભક્તો આવ્યા અને તેમણે શ્રીહરિની પૂજા કરી.

પીપળીના દરબાર દાદાભાઈ, ધોલેરાના દરબાર પૂંજાભાઈ એ બે ભાલના હરિભક્તોમાં મુખ્ય હતા. અને ગાંફના દરબાર મનુભા કરીને રાજા હતા. તેમના દિકરા અજુભાઈ હતા. તેમના ભાયાતોમાં તે પાટવીકુંવર હતા અને તેમને સત્સંગ થયો હતો. તેમણે ઘણા મહિમાથી શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિએ તેમના મનોરથોને પૂર્ણ કર્યા. જેટલા દરબારો ચુડાસમા ભાયાતો કહેવાતા, તે બધા સારા સત્સંગી થયા હતા તેમની બુદ્ધિ નિષ્પાપ હતી. દરેક સાધુ સ્વભાવવાળા હતા. કોઈના મનમાં કુટિલતા તો હતી જ નહિ. તેઓ કોઈના ઉપર દાવપેચ રાખતા નહિ. સ્વભાવે સરળ અને વિશ્વાસુ મનવાળા હતા. જગતમાં બીજા જે કુટિલ સ્વભાવના લોકો હતા તે પણ આ ચુડાસમા દરબારો આગળ નમતા રહેતા. તેમના ગામ અને ગરાસ ઘણા સારા હતા. તેમજ તેમને અનાજ પણ સહુથી વધારે પાકતું હતું.

ભાલ પ્રદેશના જે ભક્તો આવ્યા તેમણે એક પછી એક, એમ પૂજા કરી. જેને જેવી સમજણ હતી તેણે તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. કેટલાકે ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા અને કેટલાકે વસ્ત્ર અને આભૂષણ ધરાવ્યાં. કેટલાકે તો વિવિધ પ્રકારના મેવા અને

ફળ લાવીને એટલા ધરાવ્યા કે તેનો પાર રહ્યો નહિ.

કેટલાક ભક્તો શેરડીના સાંઠા લાવતા. જે કાંઈ નવીન ચીજ દેખાય, જે વસ્તુ શ્રીહરિના ઉપયોગમાં આવે એવી હોય, તે લાવીને શ્રીહરિની આગળ ધરતા. હરિભક્તોને સુખ આપવા માટે મહારાજ નવાં નવાં ચરિત્ર કરતા હતા. ભક્તો તેમની સાથે જેવું મન રાખીને વર્તન કરતા હતા તેવું શ્રીહરિ તેમને સુખ આપતા હતા. હરિભક્તો શ્રીહરિની પૂજા કર્યા પછી મનથી ઘણાં જ રાજી થઈને સંતોની પૂજા પણ કરવા લાગ્યા.

તે પછી ભાલ બારાના ગામેગામના બીજા હરિભક્તો આવ્યા. જેનો ગણવાથી પાર પામી શકાય તેમ નથી. તે બધા જ ભક્તો સરસ એકાંતિક ધર્મનિષ્ઠ હતા. સૌ પહેલા બુધેજના હરિભક્તો આવ્યા. તેમણે શ્રીહરિને ચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવીને પૂજા કરી. વસ્ત્રો અને ઘરેણાં ધરાવ્યાં. આરતી ઉતારીને બધાએ સ્તુતિ કરી. તે રીતે જ ગુડેલ ગામના હરિભક્તોએ પણ આવીને શ્રીહરિની પૂજા તથા સ્તુતિ કરી. બુધેજના ગોકુળદાસે શ્રીહરિ અને સંતોની પૂજા કરીને અલૌકિક લાભ લીધો. તેમણે પોતાનું કોડી કોડી જેટલું પણ ધન સત્સંગને સમર્પણ કરી દીધું હતું. ગોકુળદાસ જેવું કમાઈ જાણતા હતા તેવું સત્સંગમાં ખર્ચી પણ શકતા હતા. પછી ઊંટવાડાના જોઈતા પગીએ શ્રીહરિની પૂજા કરી અને પોતાની સંપત્તિ પ્રમાણે લાભ લીધો.

સીંજીવાડાના જગરૂપ બારોટે ઘણો લાભ લીધો, કારણ કે તેમણે શ્રીહરિને વારંવાર પૂજ્યા હતા. તે રીતે જ બાપુજીભાઈએ પણ શ્રેષ્ઠ લાભ લીધો. જે વારંવાર મુખથી કહી શકાતો નથી. વળી ખંભાતના વિપ્ર અને પાટીદાર હરિભક્તો હતા. તેમજ મોટા મોટા બારોટ હરિભક્તો હતા. એક પ્રાણવલ્લભ શેઠ હતા. અમથાલાલ અને દામાલાલ પણ હતા. તે સહુએ શ્રીહરિની પૂજા કરી અને શાલ ઓઢાડી. ખંભાતના ખમાર (એક પ્રકારની અટક) નામથી ઓળખાતા જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. ખંભાતના લુહાર જાતિના જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિની બહુ સારી પૂજા કરી. તેમણે પોતાના ઘરમાં જ ઘણું મોટું મંદિર કરાવ્યું હતું. (પછી ઘણું સારું મુહૂર્ત જોઈને સંવત્ ૧૮૮૫માં તે મંદિરમાં શ્રીહરિકૃષ્ણ અને રાધાકૃષ્ણની મૂર્તિઓ પધરાવી. જે ઘણી ચમત્કારી મૂર્તિઓ છે.)

ખંભાતના નવાબ યાવરઅલી તે મંદિરની વાત સાંભળીને મનમાં રાજી થયા. નવાબ સત્સંગ માટે ઘણી સહાય કરતા હતા. વડતાલમાં જ્યારે મંદિર થતું હતું ત્યારે નવાબે તે વાત સાંભળીને ઘણી સહાય કરી હતી. વડતાલ મંદિરમાં ખર્ચ ઘણો થતો હશે એમ જાણીને દિલની શ્રદ્ધાથી તેઓ જેટલું જોઈએ તેટલું 'મીઠું' દર વરસે ભેટમાં આપતા હતા. જેટલામાં ખંભાતના નવાબનું રાજ્ય હતું તેટલામાં ભાવથી દેવ અર્થે જેટલો જેટલો માલ આવતો તેની જકાત માફ કરી હતી.

ભાલ બારાના હરિભક્તો શ્રીહરિની પૂજા કરી રહ્યા પછી તેમણે ઘણા જ પ્રેમથી સંતોની પૂજા કરી. તે પછી ચરોતર પ્રદેશના જે મોટા મોટા ગામ હતા ત્યાંના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેઓ વિવિધ પ્રકારના વસ્ત્ર અને આભૂષણો લાવ્યા હતા. તે પૂજા કરીને તરત જ ધરાવ્યા. તેઓ મેવા, મીઠાઈ અને ફળ પણ અપાર લાવ્યા હતા. તેનું વર્ણન કરતા અંત આવતો નહિ.

ધોળકા શહેરના હરિભક્તો પણ તે સહુની સાથે પૂજા કરવા આવ્યા હતા. તેમાં રેવાશંકર નામે એક વિપ્ર હતા તેઓ પાકા કેળાનું એક ગાડું ભરીને લાવ્યા હતા. (શ્રીહરિએ ધોળકાના રેવાશંકરભાઈને રાધાકૃષ્ણની મૂર્તિઓ આપી હતી. તે ધોળકામાં પ્રથમ તો તેમણે પોતાના ઘરમાં વિધીવત સ્થાપન કરી હતી. પછી ભગવાનની જ્યારે ઇચ્છા થઈ ત્યારે તે રાધાકૃષ્ણની જોડી ગઢપુરથી જે ભગવાને આપી હતી તે ધોળકામાં શિખરબદ્ધ મંદિર કરાવીને હિતકારી રેવાભાઈએ પધરાવી હતી. તેમણે શ્રીહરિની જેવી મરજી હતી તેવું અલૌકિક શિખરબંધ મંદિર કરાવ્યું. અને એક સરસ બાગ બનાવીને તેમણે શ્રીહરિને અર્પણ કર્યો હતો. તેણે પોતાના પુત્ર પાસે તે અનંત લાભ લેવડાવ્યો હતો. એવા તે વિપ્ર રેવાભાઈ બુદ્ધિમાન હતા. તેઓએ શ્રીહરિની પ્રથમ પૂજા કરી અને પછીથી સંતોની પૂજા પણ કરી.

તેમના પછી ખેડાના હરિભક્તો પૂજા કરવા આવ્યા. તેમાં મુખ્ય પ્રેમજી ભાવસાર હતા. તેમજ સોની, કંસારા, પાટીદાર અને કાછિયા પણ સારા હરિભક્ત હતા. શિરોયા લુહાર પણ હતા. તે સહુએ આવીને શ્રીહરિની પૂજા કરી. તેઓ કેટલાએ મેવા અને મીઠાઈ લાવ્યા હતા. તે બધું શ્રીહરિની આગળ ધર્યું. જે વસ્ત્ર લાવ્યાં હતાં તે ઓઢાડી દીધાં અને અલંકાર લાવ્યા હતા તે પહેરાવી દીધાં. તે પછી રઘવાણજ, પલાણા, વસો, સોજિત્રા, તારાપુર, નાર વગેરે ગામોના હરિભક્તો પૂજા કરવા આવ્યા. પીપળાવ, ઈસણાવ અને મહેળાવના હરિભક્તો પણ હૃદયમાં ઘણો સ્નેહભાવ હોવાથી શ્રીહરિની પૂજા કરવા ત્યાં આવ્યા. તે પછી ચાંગા, વલેટવા, સંજાયા, આખડોલ અને પીજ આદિ ગામોના હરિભક્તો કે જેમના મન ઘણા હરખ ભર્યાં હતાં અને જેનો સત્સંગ સુદૃઢ હતો તે બધા ઉત્સાહથી શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા.

મેમદાવાદના વડોદરા વિપ્રો સત્સંગી થયા હતા. તેઓ પૂજા કરવા માટે આવ્યા. દુર્લભરામ, બહેચરજી અને અંબારામ એ ત્રણ હરિભક્તોમાં મુખ્ય હતા. બીજા પણ ઘણા લોકો હતા. વિવિધ પ્રકારના ઉપચારો લઈને તે બધાએ શ્રીહરિની પૂજા કરી. પ્રકટ શ્રીહરિની પાસે આવીને પૂજા કરવાથી તેઓએ અત્યંત સુખ લીધું. મહુધા ગામના અમીન પાટીદારો શ્રીહરિને શરણે આવીને સત્સંગી થયા હતા. તેમણે આવીને શ્રીહરિની પૂજા કરી. તે સિવાયના પણ જે જે હરિભક્તો હતા તે સહુએ આવીને શ્રીહરિની પૂજા કરી હતી. તેમાં વડથલ, ડુસર, મહિસા અને કપડવંજના ભક્તોએ આવીને શ્રીહરિની પૂજા કરી હતી. સંતરામપુર સુધીના હરિભક્તો પણ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા હતા. તેઓએ પણ જેનો જેવો ભાવ તે પ્રમાણે પૂજા કરી.

ઘોડાસર, ડભાણ, નડિયાદ, ઉમરેઠ, આણંદ, બાકરોલ, કણજરી, ઉત્તરસંડા, નરસંડા, કેરીયાવી, બામણોલી, જિંડવાપરા (હાલ રાજનગર), પીપલગ, એ બધા ગામના હરિભક્તો જે અલગ અલગ આવ્યા હતા તેમણે શ્રીહરિની પૂજા કરી. વાસદ, આંકલાવ, બામણગામ, સેલડી, દેવાણ, બદલપરા,ગાજણા, વાલવોડ, બોરસદ, ધર્મજ, ભાદરણ, બોચાસણ, એ બધા ગામના હરિભક્તોએ આવીને શ્રીહરિની પૂજા કરી. વેરા, દેદરડા, સુંદરણા, મેઘવા, ગાના, વલાસણ, પેટલાદ, પાળજ, પંડોળી, મેલાવ્ય, ઘુંટેલી, જોળ, એ ગામોના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. વાકળના બધા હરિભક્તોએ પણ પૂજા કરી.

કલાલી ગામના અમીન અજુભાઈ કુટુંબ સાથે આવ્યા હતા અને ગામના બધા હરિભક્તો પણ સાથે હતા. તેમણે સહુએ પૂજા કરી. વરણામા, પોર, ઈંટોલા, ગામડી, કુરાઈ, સરસવણી, પાદરા, ડભાસા, આમળા, પીપળી, રણું, અટલાદરા, ગોરવા, સાકરદા, અને ચમારા, એ બધા ગામોના હરિભક્તો સર્વે ભેળા મળીને પ્રેમભરેલા હૃદયે શ્રીહરિની પૂજા કરવા લાગ્યા.

સંખેડા, ડભોઈ, વસાઈ, ઢોલાર, મંડાળા, કરમાલ, શિનોર, ઉત્તરાજ, ભદામ, પારિખા અને અવિધા. એ સર્વ ગામના હરિભક્તો દર્શન કરવા આવ્યા હતા. તેમણે અલગ અલગ જઈને શ્રીહરિનાં દર્શન કરીને પૂજા કરી. કાનમ દેશના હરિભક્તો બધા ભેળા મળીને આવ્યા. તેમાં દોરા ગામના નિષ્કામ વિપ્ર કાશીરામ તે સંઘમાં મુખ્ય હતા. સહુએ મળીને શ્રીહરિની પૂજા કરી અને અત્યંત અલૌકિક લાભ લીધો. તે પછી ભરુચ પ્રદેશના હરિભક્તો આવ્યા. તેમાં પીપળિયા અને ઝાડેશ્વર સુધીના હતા. પછી વાગરા, ભુવા, આમોદ અને જંબુસર સુધીના પણ હતા. તેમાં કેટલાક તો અમીન પાટીદાર હતા. તેમણે પૂજા કરીને શ્રીહરિને પ્રસન્ન કર્યા.

સારંગ, સીણાપર, હળદર, વેમારડી, કંડારી, કરજણ અને કરેણ, એ બધા ગામના ઉત્સાહી હરિભક્તો ઉત્સાહથી આવ્યા અને તેઓએ ઉમંગથી શ્રીહરિની પૂજા કરી. અને ત્યારે વડોદરાના પણ ઉમંગી હરિભક્તો બધા ભેળા મળીને આવ્યા. તેઓ વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને આભૂષણ લાવ્યા હતા. શ્રીહરિની પૂજા કરીને તે પહેરાવ્યા. વિધવિધ પ્રકારના સુંદર અપાર મેવાઓ બનાવીને લાવ્યા હતા.

### ● ભગવાન શ્રીહરિનું પૂજન પુરું થયા બાદ શ્રીહરિ મંડપની વચ્ચેના દિવ્ય હિંડોળામાં બિરાજ્યા :

ત્યાં સુંદર રીતે શોભાડેલો એક મંડપ તૈયાર કર્યો. તેમાં ભવ્ય બેઠક પણ કરી. મંડપના અપાર સ્તંભોને વિચિત્ર રીતે સોનેરી કર્યા હતા. મંડપની ચારે તરફ બહારના જે સ્તંભ હતા તેમાં સુંદર કમાનો કરીને તેને સારી રીતે શણગારી હતી. તે મંડપના ઉપર બીજો સોનેરી માળ કર્યો જે નીચેના મંડપ જેવો જ હતો. તેના પ્રત્યેક સ્તંભના ઉપરના ભાગમાં સુવર્ણ કળશ મૂક્યા હતા. તે અત્યંત શોભતા હતા.

સોનેરી નિશાન તે મંડપની ચારે કોરે ઊડતાં ફરકતાં હતાં. તે દૂરથી માનો સોનાના મોર ઊંચે આકાશમાં ઊડતા હોય, તેમ જણાતું હતું. તે મંડપમાં ઉપરના ભાગમાં સોનેરી વિચિત્ર ચંદની બાંધી દીધી હતી. બિલોરી કાચના વિવિધ પ્રકારના ઝાડ એક પંક્તિમાં બાંધ્યા હતા. બીજા પણ વિચિત્ર પ્રકારના કાચ મૂક્યાં હતાં. પ્રત્યેક ખંડમાં ઊંચે ભાત ભાતના ધામોની રચના કરી હતી અને તે ધામોમાં જે પ્રસિદ્ધ કહેવાતી હતી તે મૂર્તિઓની રચના કરી હતી.

ચૈત્ર સુદિ નવમી શ્રીહરિની જન્મતિથિ છે એમ જાણીને દેવોના ખરા વિજ્ઞાની વિશ્વકર્મા વિમાનમાં બેસીને આવ્યા. મંડપ શણગારવાનો બધો સામાન તેઓ સાથે લાવ્યા હતા. તેનો બીજા કોઈને ખ્યાલ આવ્યો નહિ. કેમ જે, તેઓ સામાન્ય પ્રાકૃત સુતાર જેવા પોતે બનીને આવ્યા હતા. અને સમૈયામાં દેશદેશના હરિભક્તો આવેલા હતા તેથી ઘણા લોકો પરસ્પર કોઈ કોઈને ઓળખતા પણ નહિ. તે વાતને શ્રીહરિ એક જ જાણતા હતા કે સાક્ષાત્ વિશ્વકર્મા દેવલોકમાંથી આવ્યા છે. બીજા લોકો જ્યારે કાંઈ પૂછતા ત્યારે તેઓ પોતાનું કોઈ દૂરનું ગામ બતાવી દેતા.

તે વિશ્વકર્મા કહેતા કે, હું તો ઉજ્જૈનનો સુતાર છું. હું કાંઈ સત્સંગી પણ નથી. મોટા પુરુષ સમજીને અહીં આવ્યો છું. સત્સંગની અલૌકિક વાત સાંભળી છે. કોઈ નિર્મળ મનના તીર્થવાસી દ્વારકાની યાત્રા કરીને આવતા હતા, તેણે મને કહ્યું કે ''મોક્ષના દાતા જગદ્ વિખ્યાત 'સ્વામિનારાયણ' અત્યારે પ્રકટ થયા છે. તે વાત સાંભળીને હું અહીંયા આવ્યો છું. ''સ્વામિનારાયણ''ને મંડપમાં પ

ધરાવીશ. તેમની પાસે સત્સંગના વ્રતમાન-નિયમોને ધારણ કરીશ અને સત્સંગ કરીશ.''

તેની વાત સાંભળીને બધા સંતો અને હરિભક્તો તેના ઉપર રાજી થયા અને બોલ્યા કે ''તારા જન્મને ધન્ય છે અને તારા ધન્ય ભાગ્ય છે કે તને સાક્ષાત્ પરમાત્મા (નાથ) મળ્યા છે.'' તેણે ચારે બાજુ કોઈ ભાતના બિછાના બિછાવી દીધા. વચ્ચે હિંડોળો કર્યો હતો. તેના ઉપર અદ્‌ભુત પ્રકારના અનુપમ ગાદી તકિયા લાવીને રાખી દીધા. સંધ્યા સમય થવા આવ્યો છે એમ જાણીને જેટલા બિલોરી ઝાડ હતા તેમાં દીવાઓ પ્રકટાવી દીધા. શ્રીહરિ ત્યાં પાસે આવ્યા ત્યારે ભક્તોએ હાથ જોડીને ચરણોમાં વિનંતી કરી એટલે શ્રીહરિ ઊભા થઈને તે હિંડોળા ઉપર બેઠા.

જ્યારે શ્રીહરિ હિંડોળા ઉપર બેઠા ત્યારે તેમની આગળ બધા સંતો, વર્ણીઓ અને હરિભક્તો જેને જ્યાં બેસવું ઘટે તેમ બેઠા. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. તેનો ધ્વનિ ચારે બાજુ ગુંજતો હતો. ત્યારે આરતી થઈ એટલે બધા સંતો ઊભા થઈને આરતી બોલવા લાગ્યા. પછી મહારાજાધિરાજ શ્રીહરિ સ્વયં ''નારાયણધૂન'' બોલાવવા લાગ્યા ત્યારે સંતહરિભક્તોનો બધો સમાજ તે ધૂનને ઝીલીને બોલવા લાગ્યો. બે ઘડી (૪૮ મિનિટ) રાત ગઈ ત્યાં સુધી ધૂન કરતા રહ્યા. પછી જ્યારે ધૂન પૂરી કરી ત્યારે સંતો સ્તોત્ર બોલીને સ્તુતિ કરવા લાગ્યા. સ્તુતિ કરી રહ્યા ત્યારે શ્રીહરિએ ''જય સ્વામિનારાયણ !!!'' આવો ઉચ્ચાર કર્યો ત્યારે સુખધામ બધા સંતો સામેથી ''જય સ્વામિનારાયણ !!!'' આવું બોલ્યા.

તે સમૈયામાં આવેલી સત્સંગી બાઈઓ શ્રીહરિને મોક્ષના દાતા એવા અમાયિક-અલૌકિક ગુરુદેવ માનીને તેમની પૂજા કરવા આવી. અનંત જન્મોના અપાર પાપો કે જે અતિ લબાડ હોઈને આત્માને મોક્ષથી વિમુખ કરનારા છે તેને તથા જન્મ મરણ અને લખચોરાશીના દુઃખોને ટાળીને શ્રીહરિ અક્ષરધામનું સુખ આપે છે અને ભગવાન નરનારાયણના જે દિવ્ય ગુણો છે તે બધા શ્રીહરિમાં જોઈને શ્રીહરિમાં પરમગુરુનો ભાવ લાવીને તે સમગ્ર બાઈઓ આવો શ્રીહરિનો મહિમા જાણીને પૂજા કરવા આવી.

જે મનુષ્ય ભગવાન શ્રીહરિની પૂજા કરે છે તેને જન્મમરણ રહેતા નથી. જે શ્રીહરિની પૂજા કરે છે તેને લખચોરાશીનું દુઃખ પણ મટી જાય છે. કુબજાએ એક જ વાર શ્રીકૃષ્ણની પૂજા કરી હતી. તેથી તેને ભવથી પાર ઉતારી દીધી. શબરીએ એક જ વાર ભગવાન રામને બોર જમાડ્યા હતા. તેનાથી તેના ભવના ફેરા તત્કાળ પૂરા થઈ ગયા હતા. પિંગલા નામની નારી અત્યંત વ્યભિચારિણી હતી, પણ તેણે એક જ વાર દત્તાત્રેયની સેવા કરી, તેનાથી તેને બધાં જ વિષય સુખ ખારા-તુચ્છ થઈ ગયાં હતાં. અને ભગવાનની સેવામાં તેને અપાર સુખ મનાયું હતું. ઋષિ પત્નીઓએ જઈને શ્રીકૃષ્ણ ભગવાનને જમાડ્યા. તો તે બધી પરમ પદ મોક્ષને પામી, ગોપીઓની જે કામ વાસના હતી તેને ટાળીને ભગવાને તેમને નિષ્કામ કરી દીધી.

આ સમયમાં જેણે જેણે સત્સંગ કર્યો છે તે હરિભક્તો શુદ્ધ મનના થઈને બધાય શ્રીહરિની પૂજા કરે છે. સત્સંગી બાઈઓનો પ્રેમ અલૌકિક હતો. તેમણે શ્રીહરિને પોતાના આત્માના પણ આત્મા માન્યા હતા. આવી સમજણ દૃઢ કરીને તેઓ શ્રીહરિની પૂજા કરતી હતી અને અલૌકિક લાભ લેતી હતી. આપણા સત્સંગમાં જે હરિભક્તો છે અને જે સંતો છે તે બધા અક્ષરધામના મુક્તો જ છે. તે કોઈના કળ્યામાં આવે તેવા નથી.

બાઈઓ હરિભક્તમાત્ર રાત દસ ઘડી (૪:૦૦ કલાક) ગઈ ત્યાં સુધી શ્રીહરિની પૂજા કરતી રહી. તે સમયની શોભા મુખથી કહી શકાતી નથી. ગોકુળમાં અને ગોલોકમાં જેવી રાસની શોભા શાસ્ત્રમાં લખાણી છે, તેનો બધો ભાવ કાંઈ જુદો જ છે, પણ તેમાં જગતના લોકો મોહ પામે છે. શુકદેવજી અને સનકાદિક જેવા સંતો, તથા ઉદ્ધવજી જેવા ભક્તો શ્રીહરિનાં સ્વરૂપને સદાને માટે અત્યંત શુદ્ધ જાણે છે.

શ્રીહરિએ છપૈયામાં જે વરસ, માસ અને તિથિએ જન્મ ધારણ કર્યો હતો તે જ માસ, તે જ તિથિ અને બરોબર એ સમય પૂજા કરતા કરતા આવી ગયો અર્થાત્ રાત્રિના દશ વાગ્યા. તેથી સંતો અને હરિભક્તો તે શુભ સમયને જોઈને મનમાં ખૂબ જ આનંદિત થયા. બધા સંતો તે વખતે ઝાંઝ અને મૃદંગ લઈને આનંદોત્સાહથી મતવાલા થઈને ઉત્સવ કરવા લાગ્યા. તે જન્મોત્સવ સમયે અદ્‌ભુત શોભા કરી હતા. હરિભક્તો વિવિધ પ્રકારના વાજિંત્રોને દેશેદેશમાંથી લઈ આવ્યા હતા.

પ્રેમથી એવો રંગ જામી ગયો કે સહુ તે વાજિંત્રોને વગાડવા લાગ્યા. બધી બાજુ અપાર દીવાઓ કર્યા. પ્રેમથી સહુ ગુલાબ ઉડાડવા લાગ્યા. સંતો કેસરયુક્ત ચંદનનાં ઠામ ભરીને લાવ્યા અને ઘનશ્યામ શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. જેનાં મનમાં જેવા મનોરથ હતા, સંતો તે રીતે પૂજા કરવા લાગ્યા. શુભ અવસર જાણીને હરિભક્તો સારા ફૂલહાર લઈ આવ્યા. વગર માગ્યે હરિભક્તો જે વસ્તુ લાવી આપતા હતા તેને સંતો નિર્બાધ ગણીને લેતા હતા. મંડળમાં જે સંત મુખ્ય હોય તે જ લેતા પણ તે સિવાયના બીજા કોઈ સંત તે વસ્તુ પદાર્થ લેતા નહિ. જેટલું જોઈએ તેટલું મોટેરા લેતા અને તે પણ મંડળના બધા સંતોમાં વહેંચી દેતા. મુખ્ય સંત જે જે વસ્તુ આવે તેને

પોતે ક્યાંય છુપાવી રાખતા નહિ. મંડળના જે સંત હોય તે આવેલી વસ્તુ મુખ્ય સંતને આપી દેતા, છતાં પોતે મનમાં ડરતા રહેતા. મંડળના મુખ્ય સંત નિર્બાધ રહેતા અને સાથેના સંતોને પણ નિર્બાધ રાખતા. સ્વયં સરસ રીતે વર્તતા અને બીજા સંતનો મનોભંગ કરતા નહિ.

'શ્રીહરિનાં આજ્ઞા વચન પ્રમાણે જ વરતવું' એવી સંતોની રીત હતી અને સંતો નિત્ય હરિભક્તોની આગળ પ્રેમથી ભગવદ્વાર્તા કરતા રહેતા. સત્સંગના આશ્રિતો પોતાને સંતો અને હરિભક્તોના મન, કર્મ, વચને દાસ સમજતા અને પોતાને ધન્ય ભાગ્ય માનીને ઉત્સાહથી વાતચીત કરતા હતા. પૂર્વે ઉદ્ધવજી ગોપીઓને ઉપદેશ કરવા માટે ગોકુળ ગયા હતા. તેમણે વ્રજવાસીઓની ઘણી ઊંચી-અમૂલ્ય સ્થિતિ ઓળખીને તેમનાં ચરણોની રજને પામવાની ઇચ્છા કરી હતી. ઉદ્ધવજીની તેવી રીત જોઈને મોટા સંતો સત્સંગમાં ફરીને કથાવાર્તા કરતા હતા. તેઓ સત્સંગને ગોકુળ ગામ માનતા કે જેમાં શ્રીઘનશ્યામ શ્રીહરિ અખંડ વિચર્યા હતા. ચાર ધામ સુધીના પ્રદેશમાં શ્રીહરિ જ્યાં ન વિચર્યા હોય તેવું કોઈ સ્થાન નથી. તેમાં એ ગુજરાત-ચરોતરમાં તો શ્રીહરિ નિરંતર વિચર્યા હતા.

અનંત ઉત્સવ અને સમૈયાઓ કર્યા. યજ્ઞ કર્યા તેનો તો કોઈ પાર જ ન રહ્યો. કરોડો વિપ્રોને જમાડ્યા. તેનાથી શ્રીહરિની કીર્તિ ઘણી જ વધી. યજ્ઞમાં હિંસાનો નિષેધ કરવા માટે શ્રીહરિએ ઘણા યજ્ઞો કર્યા. વિપ્રોને અનેક પ્રકારનાં દાન આપ્યાં. યાચકોની માગણી પ્રમાણે વસ્તુ આપીને તેમને રાજી કર્યા. કેટલાક વિપ્ર બટુઓને યજ્ઞોપવીત અપાવ્યાં. વડતાલ, ડભાણ, શ્રીનગર(અમદાવાદ), ઝાલાવાડ અને કચ્છ દેશમાં જઈને યજ્ઞોપવીત અપાવ્યા. તેનો પાર કોણ લઈ શકે ? ઘણાં જ કન્યાદાન અપાવ્યાં અને વિપ્રોની ચોરાશી કરાવી તેનો પણ પાર પમાય તેમ નથી. તે રીતે જ હાલાર અને સોરઠ પ્રદેશમાં પણ વારંવાર વિપ્રોને પ્રેમથી જમાડ્યા. બે માસ, અરે, છ માસ સુધી નિરંતર ચોરાશી ચાલુ રાખી. કાઠિયાવાડમાં, ખાસ કરીને ગઢપુરમાં નિવાસ કરીને તેને પોતાનું ધામ બનાવ્યું.

ત્યાં પણ કેટલાય બ્રાહ્મણો જમાડ્યા, કેટલાય બ્રાહ્મણોને જનોઈ અપાવી. કેટલાય બ્રાહ્મણોને કન્યાદાન દેવરાવ્યા. કેટલાય બ્રાહ્મણોને દાન દીધા. ત્યાં વિપ્રોનું સન્માન કરીને અશ્વ, ગાયો, સોનું, ચાંદી, ત્રાંબુ વગેરે ધાતુઓના અનેક પ્રકારનાં દાન આપ્યાં હતાં. કસુંબીવસ્ત્ર, સોનેરી જરીમય વસ્ત્ર, અપાર હીરાગળ (હીરનું રેશમી) વસ્ત્ર, ઊંચી જાતની શાલ, દુશાલા અને અંગરખું વગેરે અપાર કિંમતી વસ્ત્રોનાં દાન પણ અપાર અપાવ્યાં હતાં. અપાર અરુણા (લાલવસ્ત્ર) પણ અપાવ્યા અને તીર્થવાસીઓને જોઈને તેમને ઘી-સાકર લોટના પાકા સીધા ભારોભાર અપાવતા. છેલ્લે વડતાલની વાત કહું, જ્યારે બધા સંતોએ શ્રીહરિની પૂજા કરી લીધી ત્યારે શ્રીહરિ ઊભા થઈને સહુ સંતોને ભેટ્યા.

સુરતના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે સહુથી છેલ્લે આવ્યા. તેમાં ભાઈચંદ શેઠ, ભિખારીદાસ, લક્ષ્મીચંદભાઈ, ગોવિંદભાઈ, ગિરધરભાઈ અને ભગવાનભાઈ ખત્રી, એટલા હરિભક્તો મુખ્ય હતા. તેમણે સત્સંગને અર્થે ઘણો જ પૈસો વાપર્યો હતો. તેમાં ભાઈચંદભાઈએ તો પોતાને સત્સંગ થયો ત્યારથી શ્રીહરિ અને સંતોને માટે જેટલી જરૂર જણાય તેટલું ધન વાપર્યું હતું. તે સિવાયના બીજા બધા જે હરિભક્તો હતા તેમણે પણ શ્રીહરિ અને સંતોની સેવામાં પોતાના ગજા પ્રમાણે વારંવાર ઘણા જ રૂપિયા વાપર્યા હતા. સુરતના જેટલા હરિભક્તો આવ્યા હતા તેમણે ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં લાવ્યા હતા તે બધાં અંગોઅંગમાં યોગ્ય રીતે ધરાવ્યાં હતાં.

કોઈ ભક્ત જડાઉ શિરપેચ લાવ્યા હતા. કોઈએ સોનેરી પાઘ મસ્તકે બંધાવી. કોઈએ જડાઉ કલગી કરાવી હતી અને કોઈએ સોનેરી છોગાં લાવીને પાઘમાં ખોસ્યાં. કોઈએ મોતીના તોરા ધરાવ્યા તો કોઈએ કાનમાં કુંડળ પહેરાવ્યાં. કોઈ બાજુ બંધ બનાવડાવીને લાવ્યા હતા ત્યારે કોઈએ પહોંચી લાવીને બાંધી. એક એક વેઢ આંગળીઓમાં પહેરાવ્યા. તે રીતે જ સોનાનાં કડાં પણ બનાવીને લાવ્યા હતાં. મોતી જડેલી સોનાની છડી લાવીને કોઈ હરિભક્તે શ્રીહરિના હાથમાં આપી હતી. અનેક પ્રકારની સોનાની માળાઓ, જેને જેવો મનમાં પ્રેમ હતો તે પ્રમાણે પ્રત્યેક હરિભક્ત લાવ્યા હતા. તે બધું ઘણા જ ભાવથી શ્રીહરિને પહેરાવ્યું. કોઈ ભક્તે મોતીની માળા પહેરાવી અને કોઈ ભક્તે પરવાળાની માળા લાવીને પહેરાવી. કોઈએ કપૂરની માળા પહેરાવી. તેને ગણતાં ગણતાં પાર પમાતો નથી.

કોઈ ભક્ત સોનેરી જામો લાવ્યા હતા. તેને શ્રીહરિએ તે વખતે પહેર્યો. કોઈ ભક્તે સોનેરી બુટ્ટાવાળો વિચિત્ર હીરાગળ-હીરના રેશમીવસ્ત્રનો જામો કરાવ્યો હતો. આત્મારામ અને ભગવાન નામે બે દરજી હરિભક્ત હતા. બધા હરિભક્તોએ તેમની પાસે તે બધા જામા સિવડાવ્યા હતા. શ્રીહરિ માટે સિવડાવેલા તે તમામ વસ્ત્રોના પૈસા તેમણે ક્યારેય હરિભક્તો પાસેથી લીધા ન હતા. તેમને શ્રીહરિ ઉપર એવું વહાલ હતું કે તેમણે શ્રીહરિને માટે હજારો ડગલી, હજારો અંગરખાં અને હજારો સુરવાળ સીવ્યા હતા. હરિભક્તોને જેવો ભાવ હોય તેવું અંગરખું તે કરતા. વિચિત્ર જાત ભાતવાળું કરીને તેમાં વિચિત્ર તુઈ ભરી દેતા. તે બંને દરજીના ઘરની બધી બાઈઓ અને બીજો જે પુત્ર પરિવાર હતો તેણે સહુએ એક રુચિવાળા થઈને શ્રીહરિની સેવાનો બહુ લાભ લીધો હતો.

આત્મારામ દરજી જેટલા દિવસ શ્રીહરિની પાસે રહેતા તેટલા દિવસ, તેને પોતાનો અનન્ય સેવક સમજીને શ્રીહરિ પોતાના જમેલા થાળની પ્રસાદી નિત્ય આપતા હતા. તેની સાથે તેના જે કોઈ સગા સંબંધી આવ્યા હોય તેમને પણ શ્રીહરિ નિત્ય જમાડતા, અપાર ફૂલહાર પણ આપતા. આ બધું આપવાનું શ્રીહરિ કોઈ કાળે ક્યારેય ભૂલતા નહિ. તે પટ્ટીદાર પહોળો કંદોરો બનાવતા. તેમાં અશ્વ અને હાથીને કંડારતા. કેટલાક તો સોનાનાં કે રૂપાનાં કરતા અને કેટલાક તો વિચિત્ર ભાતિગળ કંદોરા બનાવતા. તેમાં ઘૂઘરીઓ ટાંકતા અને તે જાતે આવીને શ્રીહરિની કમર ઉપર બાંધતા. અને વળી, તે બંને ભક્તોએ શ્રીહરિને કેટલાય રૂપેરી ભાતવાળા સુરવાળ બનાવીને પહેરાવ્યા હતા. તેમાં કેટલાક તો લીલા, પીળા, લાલ કે જેટલી જાતના રંગમાં રેશમ હોય, તેવા સુરવાળ બનાવીને તેઓ શ્રીહરિને પહેરાવતા હતા. અને તેમાં સોનેરી, રૂપેરી નાડી સુંદર ભાતભાતની ગૂંથીને બનાવતા.

પટવા (ગૂંથણી કરનારા કારીગર) નો જે બધો કસબ (કારીગરી) હોય તે બધો નાડીમાં કરતા. તેઓ ભાતભાતની એવી નાડીઓ બનાવતા કે તેને જોનારાનું મન તેમાં લોભાઈ જાતું હતું. કેટલાક હરિભક્તોએ સોનેરી અને રૂપેરી ઝાંઝર શ્રીહરિના ચરણમાં પહેરાવ્યા હતા. તેમાં રહેલી ઘૂઘરીઓ ઘમઘમ કરતી હતી તેની શોભા તો કહી શકાતી જ નથી. કેટલાક ભક્તો મોતી જડેલી મોજડીઓને લાવ્યા હતા. અને કોઈક મોજડીઓમાં તો વિવિધ પ્રકારની ચૂનીઓ (નાના રત્નો-નંગ) ભરાવી હતી. પછી ભક્તોએ ચરણોના ઉપર કેસરયુક્ત ચંદન ચરચ્યું અને હરખભેર તેને પોતાની છાતી ઉપર ચાંપ્યાં. કોઈ ભક્ત સોનાની કે રૂપાની ચાખડીઓ લાવ્યા હતા. જેમાં સુંદર ઘૂઘરીઓ ટાંકી હતી. તે ચાખડીઓ શ્રીહરિનાં ચરણોમાં પહેરાવી દીધી. લલાટમાં કેસરચંદનની અર્ચા કરી અને પછી તેમાં કુંકુમનો ચાંદલો કર્યો.

સુંદર મજાની નાજુક મૂર્તિ સોહામણી લાગતી હતી. જેટલી શોભા ઉત્તમ કહેવાતી હોય તે બધી શ્રીહરિએ પોતાની મૂર્તિમાં ધારી હતી. એક પણ શોભા બાકી રહી ન હતી. હરિભક્તોએ કપૂર લાવીને શ્રીહરિની આરતી કરી. વિવિધ પ્રકારના વાજિંત્રો વગડાવીને "જય જય" "જય જય" આવા બુલંદ શબ્દોને સહુ બોલતા હતા. જ્યારે બંદૂકોના અવાજ થયા ત્યારે વિશાળ આકાશ અને વનતરુ ગાજી ઊઠ્યા. ચોતરફ ઘણો મહોત્સવ છવાઈ ગયો. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં અને ગાંધર્વો ગાન કરવા લાગ્યા.

નર્તકો ઘૂઘરા વગાડીને નાચવા લાગ્યા. અને દેવાંગનાઓ પાપનો નાશ કરનારા શ્રીહરિનાં જન્મ ચરિત્રોને ગાવા લાગી. આ બ્રહ્માંડની રચના થઈ ત્યારથી આરંભીને અત્યાર સુધીમાં જે જે ભગવાનના અવતારો થયા, તેમણે જે જે કાર્ય કર્યા, ચરિત્રો કર્યા, જેનો જેનો મોક્ષ કર્યો તેને પણ ગાવા લાગી. ભગવાન જ્યારે અવતાર ધારે છે ત્યારે તે સમયમાં તે અવતાર સર્વોપરિ જ વર્તતા હોય છે. અને તે વેળાએ જીવની જેટલી ચાતુરી કે બુદ્ધિ હોય તે બધાને ઢાંકી દે છે. દેવોની કે અસુરોની જે વિદ્યા હોય તે, તે વખતે ભગવાનના ઉપર કાંઈ જ ચાલતી નથી. ભગવાને જેને જેટલું સામર્થ્ય આપ્યું હોય છે તેટલું જ તે સામર્થ્ય વાપરી શકે છે.

સહુની દોરી ભગવાનના જ હાથમાં છે. મારા નાથ શ્રીહરિ આવા મહાન સમર્થ છે. જીવ એક એક દિવસમાં કરોડો વાર ભગવાનના અપરાધોને પ્રતિદિન કરતા રહે છે. શ્રીહરિ તો હંમેશને માટે આકાશના જેવા નિર્લેપ છે. હરિ તો એવા નિર્બંધ જ રહે છે. કદાચ કોઈ શ્રીહરિનો જેવો અપરાધ કરે છે તેવું ફળ તો તેને સહેજે જ મળે છે. કદાચ કોઈ સાગરનો અપરાધ કરે કે તેનો વિરોધ કરે પણ સાગર તો તેનાથી ક્ષોભ પામતો નથી અને તેથી જ તેને મોટો કહેવાય છે. ક્યાં જીવ અને ક્યાં આવા મોટા ? તેમની બરોબરી કઈ રીતે કરી શકાય ? જીવ જેવી કલ્પના કરે છે તેવું તે સહજમાં પામે છે. આવું પરસ્પર બોલતા દેવોએ મળીને અલૌકિક લાભ લીધો. તેમણે આવીને આ રીતે શ્રીહરિની પૂજા કરી.

શ્રીહરિએ વારંવાર વડતાલમાં આવીને હરિભક્તોને અપાર સુખ આપ્યું હતું. લખવાથી તેનો પાર આવે તેમ નથી. તે રીતે જ ડભાણ, જેતલપુર અને શ્રીનગર (અમદાવાદ)માં વારંવાર આવીને શ્રીહરિ રહ્યા હતા. કેટલાક ઉત્સવ કચ્છમાં કર્યા અને સોરઠમાં પણ ઉત્સવ કર્યા. સહુથી અધિક તો ગઢપુરમાં દિન પ્રતિદિન ઉત્સવ કર્યા, તે ક્યાંથી લખી શકાય ? સુરતના હરિભક્તોએ ચૈત્ર સુદિ દશમને દિવસ વડતાલમાં શ્રીહરિને અને સંતોને જમાડવા માટે વિવિધ પ્રકારની રસોઈ કરાવી. અત્યારે જે શ્રીલક્ષ્મીનારાયણ દેવનું મંદિર છે તેની આગળના ભાગમાં જે રમણીય ચોક છે તેમાં સુંદર રંગોળી પુરાવી. હરિભક્તોને ખૂબ પ્રેમ હતો.

ફળ સાથેના લીધેલા કેળના સ્તંભ રોપીને સુંદર બાગ બનાવ્યો. ઉપરના ભાગમાં ચંદની ખેંચાવી હતી. અંદરના ભાગમાં બિલોરી ઝાડ લટકાવ્યાં હતાં. તેનાં ગ્લાસમાં પંચરંગી રંગ પૂર્યા હતા. બધા હરિભક્તો ઘણા ઉત્સાહી હતા. બરફી તો તેઓ સુરતથી લાવ્યા હતા અને બીજી બધી રસોઈ તેમણે અહીંયાં જ કરાવી હતી. જ્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા. સંતો, દરબારો અને પાર્ષદો બધા શ્રીહરિની સાથે આવ્યા. શ્રીહરિને બેસવા માટે મંડપની વચ્ચે આસન કર્યું હતું. વિચિત્ર ઘાટનો અપાર શોભતો સોનાનો બાજોઠ ત્યાં મૂક્યો હતો. શ્રીહરિએ બધી રચના દેખી. તેમનો ભાવ જોઈને ખૂબ ખુશી થયા. સુંદર પીતાંબર પ

હેરીને ઉમંગથી તે બાજોઠ ઉપર બેઠા.

શ્રીહરિએ બીજું એક પીતાંબર ઓઢી લીધું હતું. શ્રીહરિને ભક્તોના ઉપર નવલો ભાવ હતો. બુદ્ધિમાન સંતો સમયની રીતને જાણતા હતા, એટલે બધા તે મંડપની બહારના ભાગમાં બેઠા હતા. સમગ્ર હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરતા હતા. આવો અવસર વારે વારે ક્યારે આવે ? તેથી બધા હરિભક્તો બરફીના થાળ ભરી ભરીને લાવ્યા હતા. સોનાનો અને ચાંદીનો વરખ બરફીના ઉપર લગાવ્યો હતો. મુકુંદાનંદ વર્ણી તે બરફી લાવી લાવીને શ્રીહરિની આગળ ધરાવતા હતા. બીજા વિચિત્ર પ્રકારના અને કેટલીક જાતના મેવા લાવ્યા. તેના પણ થાળ ભર્યા હતા. બધાની ઉપર વરખના પાનાં લગાવ્યાં હતાં. સાકરથી કરેલાં જે પકવાન હતાં તે બધાં લાવ્યા અને જ્યારે શ્રીહરિ જમવા લાગ્યા ત્યારે વર્ણી બીજી બધી રસોઈ લાવ્યા.

જાતજાતનાં ભજિયાં અને વિવિધ પ્રકારનાં વડાં કર્યાં હતાં. અપાર શાકભાજી અને જુદી જુદી જાતના રાઈતાં કર્યાં હતાં. વટાણાં, ચણા અને વાલ સરસ કર્યાં હતાં તેમજ તુવેરના લીલવા દાણા પણ સુંદર કર્યા હતા. કેરી, દ્રાક્ષ અને ખારેકના વિવિધ પ્રકારના અથાણાં કર્યાં હતાં. ઘીમાં તળેલા પાપડ લાવ્યા હતા. તેને શ્રીહરિ જમતા હતા. મલયાગર ચંદનનો બનાવેલો પંખો જયાનંદ વર્ણીએ પોતાના હાથમાં લીધો. તેનાથી શ્રીહરિને જેમ ગમે તે રીતે ધીરે ધીરે પવન નાખતા હતા. શ્રીહરિ જ્યારે પીવાનું પાણી માગતા ત્યારે તરત જ તે વર્ણી આપતા હતા. વર્ણી ચાંદીના અબખોરામાં પીવાનું જળ ભરી રાખતા હતા. જળગળણાંથી જળના પાત્રને ઢાંકી રાખતા હતા. ક્યારેય તે ભૂલી જતા નહીં.

જો કોઈ ભૂલથી પણ ઉઘાડા પાત્રમાં જળ લાવ્યા હોય તો શ્રીહરિ તે જળ પીતા નહીં. જો ગળણાંથી ઢાંકેલું જળ લાવ્યા હોય તો જ શ્રીહરિ તે જળપાન કરતા. હરિભક્તોનો અતિ ભક્તિભાવ જોઈને શ્રીહરિ પ્રસન્ન મનથી જમ્યા. શ્રીહરિ ભોજનના ભૂખ્યા નથી પરંતુ ભાવનાના ભૂખ્યા છે. જેનો જેવો ભાવ હોય તે પ્રમાણે શ્રીહરિ તેના વખાણ કરતા. ગમે તેવું સોનાની ભારોભાર કિંમતી ભોજન હોય તોપણ શ્રીહરિ તેને વખાણતા નહીં. ભલે સામેની વ્યક્તિને દુઃખ લાગે કે સુખ લાગે. ભાવ વિનાનાં ભોજનને તો શ્રીહરિ દવાની જેમ ખાતા. આ તો શ્રીહરિની આવી રીત હતી તે કહી.

શ્રીહરિ તો ભાવનાના ભૂખ્યા છે, ભોજનના ભૂખ્યા નથી. ભાવથી મળેલા કંદ, મૂળ, ફળ કે ફૂલ જે હોય, તેને અમૃતસમ માનીને ગ્રહણ કરે છે. હરિભક્તો જે કાંઈ ભોજન, ફળ, કંદ કે મૂળ લાવતા તેને શ્રીહરિ જમતા અને જે વસ્ત્ર કે ઘરેણાં લાવતા તેને શરીર ઉપર ધારણ કરતા.

જે હરિભક્તોએ ભક્તિભાવથી શ્રીહરિને જેટલા થાળ જમાડ્યા, તેવા જ ભાવથી શ્રીહરિ તે થાળ જમ્યા અને તે સમયે જે હરિભક્તોના તરફથી થાળરસોઈ હતા તેના નામ શ્રીહરિએ લેવડાવ્યા. પ્યારા શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે તરત જ હાથ અને મુખ ધોયાં. પછી રૂમાલથી તેને લૂછ્યાં અને પ્રસન્નતાથી મુખવાસ લીધો. તે મંડપના બહારના ભાગમાં એક પાટ બિછાવી હતી. ત્યાં શ્રીહરિ આવ્યા અને પાટ ઉપર બેઠા. ત્યાં ઘણી મોટી ઊંચી ચંદની ખેંચાવી હતી. તેથી સુખકારી અને શીતળ છાયા રહેતી હતી.

તે બધા હરિભક્તો કેસરયુક્ત ચંદન આદિ પૂજાપો લઈને આવ્યા અને તેમણે શ્રીહરિની પૂજા કરી. એક સુંદર મોટો ફૂલનો ખૂંપ (પરણવા જતાં વરને પહેરવાનો એક ફૂલનો શણગાર) તે વેળાએ શ્રીહરિનાં મસ્તક ઉપર ધરાવ્યો. વિવિધ પ્રકારના ફૂલહાર પણ પહેરાવ્યા. ફૂલના બાજુબંધ બાંધ્યા અને પછી પ્રેમથી આરતી કરી. જરિયાની ખેસ પહેલા ઓઢાડી દીધો, પછી ચરણ ઉપર ચંદન ચરચ્યું અને તે ચરણોને પોતાની છાતી ઉપર ચાંપ્યા. પછી કેસરી ચંદન લગાવીને સંતોની પૂજા કરી. ફૂલહાર પહેરાવ્યા અને એકેક વસ્ત્ર ઓઢાડ્યું. સંતોની જેમ જ વર્ણી અને પાર્ષદોની પણ પૂજા કરી. તેમજ શ્રીહરિની સાથે જે દરબારો આવ્યા હતા, તેમની પૂજા પણ કરી.

શ્રીહરિએ સંતોને કહ્યું, તમે બધા જઈને પંગત કરો. દરબારો અને પાર્ષદો પણ પંગતમાં બેસી જાય. કોઈ બાકી ન રહે. ત્યારે તે બધા ઊઠ્યા. યોગ્ય રીતે પંગતમાં બેઠા. જે શ્રીહરિની સાથે રહેતા હતા તે બધા વિવેકને જાણતા હતા. સહુ સંતો બાજોઠ ઉપર બેઠા. કોઈ દરબારો કે પાર્ષદો બાજોઠ ઉપર ન બેઠા. તેઓ સંતોની અત્યંત મર્યાદા રાખતા હતા. એવા તે બધા સદ્‌બુદ્ધિવાળા હતા.

જ્યારે સંતોની પંગત બેઠી ત્યારે સહુ 'સ્વામિનારાયણ' ધૂન કરવા લાગ્યા. સંતો 'સ્વામિનારાયણ' આવું નામ બોલતા ત્યારે બહુ જ સોહામણા લાગતા. જેટલા સંતો, દરબારો અને પાર્ષદો હતા તેટલી અગરબત્તી કરી હતી. આ તો મોક્ષ માટેનો મહાયજ્ઞ કહેવાય. આનાથી શ્રેષ્ઠ બીજું કાંઈ નથી. કોઈ મનુષ્ય અન્ય માયિક ફળની આશા તજી દઈને ભગવાનને રાજી કરવા માટે જ કરોડો અશ્વમેધયજ્ઞ કરે તથા રોજ કરોડો ગાયોનું દાન આપે, એવા પુણ્યાત્માને જ આવો જોગ થાય છે કે, તેનું અન્ન પ્રગટ ભગવાન શ્રીહરિ અને સંતો વગેરે ગ્રહણ કરે. બીજાને આવો જોગ પ્રાપ્ત થતો નથી. બીજાને તો નેસડાના જેવા સ્વર્ગાદિ દેવલોકનાં સુખ મળે છે.

શ્રીહરિએ હરિભક્તોને કહ્યું, તમારું અપાર સદ્‌ભાગ્ય છે. જેના મનમાં કોઈક ફળની ચાહના હોય તે પ્રતિદિન વારંવાર કરોડો

રૂપિયાનો ખર્ચ કરે તોપણ તેને આવો સુયોગ પ્રાપ્ત થાય નહીં. તે તો જેમ હાથીને મગરે પકડ્યો હતો તેમ માયિક ફળમાં બંધાય રહે છે. જ્યારે કોઈ મનુષ્યને અમાયિક-માયાને તરી ચૂકેલા સંત મળે ત્યારે તેને અમાયિક કરે છે. તેના વિના તો કોઈને આવો અમાયિક (દિવ્ય) સત્સંગ મળતો નથી. માયિક સત્સંગને તો બધા લોકો ઘેર ઘેર કરતા હોય છે. દિવ્ય સત્સંગનો જોગ થયા વિના તેમનો કુસંગ ટળતો નથી.

સુખદાતા શ્રીહરિએ હરિભક્તોને આટલી વાત કરી. પછી પોતે પંગતમાં આવ્યા. સંતોએ બરફીનો થાળ લીધો તેને દયાળુ શ્રીહરિ સ્વયં પીરસવા લાગ્યા. જેની જેવી રુચિ હતી તે પ્રમાણે શ્રીહરિ તેને પીરસતા હતા. ભયને હરનારા અને કેસરી ચંદનથી ભર્યા આવા શ્રીહરિએ બંને ચરણોમાં ચાખડીઓ પહેરી હતી. તે વખતે વર્ણી હાથમાં પંખો લઈને શ્રીહરિને પવન નાખતા હતા. ફૂલહારનો સુગંધ ચોતરફ ફેલાઈ રહ્યો હતો. તે સુગંધ અતિશય પ્રમાણમાં જ્યારે છવાઈ ગયો ત્યારે તેને માણવા માટે કેટલાએ ભમરાઓ આવ્યા. ભમરાઓ સંતોની સાથે ગાવા લાગ્યા. તેમનામાં અત્યંત આનંદનો રંગ છવાઈ ગયો હતો. સુખદાયક શ્રીહરિ સંતોને પીરસીને દરબારોને પીરસવા આવ્યા અને તેમને રમૂજ કરીને કહેવા લાગ્યા, સુરતના હરિભક્તો આ સોનું અને રૂપું લઈને આવ્યા છે. તમને બધાને સોનાથી અને રૂપાથી વધારે મહાન ગણીને સોનાની અને રૂપાની આ રસોઈ બનાવી છે. આવો સમય ફરીને ક્યારે આવે ? એમ સમજીને અલૌકિક લાભ લેવા માટે સુરતના હરિભક્તોએ જે સોના, રૂપાનાં ઘરેણાં બનતાં હોય છે તેને પાકના ઘરેણાં કરીને પ હેરાવી દીધાં છે. 'ગયો સમય ફરીવાર આવતો નથી' એમ ડાહ્યા માણસો સમજે છે. જે વસ્તુ યોગ્ય સમયે ઉપયોગમાં ન આવે તો પ છી તે બાબતનો અતિ પશ્ચાત્તાપ કરવાનું રહે છે. 'જે પળ ગઈ તે પળ ફરીવાર આવતી નથી. ' આવું જે સમજે છે તે આવો અલૌકિક લાભ લે છે. ધનનું ફળ એટલું જ છે કે તેનાથી કોઈ સત્પુરુષની સેવા બની આવે. સંતની સેવાના ઉપયોગમાં નહીં આવેલું બધું ધન તો મળ જેવું જ છે. તે ધન ભૂમિમાં ભૂમિ થઈને જ પડ્યું રહેશે.

અતિ પુણ્યનાં ફળરૂપે જે ધન મળ્યું હોય તે જ ભોજનરૂપે સત્પુરુષના મુખમાં જાય છે. કરોડોની સંખ્યાનું ધન જો પાપના પ રિણામરૂપ હોય તો તે ભોજનનારૂપમાં સંતનાં મુખમાં લગારેક પણ જાય નહીં. તે પાપી પોતે નિર્વંશ થઈ જાય છે, એમ એના ધનનો નાશ થાય છે. અથવા તો નિર્વંશનું ધન આપોઆપ નાશ પામે. કાં તો તે ધન કોઈ રાજાના ઉપયોગમાં આવે, આવું ઘણા લોકોમાં દેખાય છે. તે વાત પ્રસિદ્ધ છે, કોઈ છાની વાત નથી. નંદ નામે રાજા ચક્રવર્તી થયો હતો. તેણે ભૂમિ ઉપરની બધી જ માયા (ધન) સમુદ્રમાં એકઠી કરી. તેણે સંતોનો ઉપદેશ માન્યો નહીં અને થોડું પણ ધન ક્યારેય પુણ્ય કામમાં વાપર્યું નહીં. તેણે સંતને બાળક જેવા ગણ્યા અને પોતાને ઘણો સમજુ અને શાણો ગણ્યો. પછી એક ખરા સદ્‌ગુરુ રાણીને મળી ગયા. તેની પાસે રહીને તેણે તેને સમજાવી દીધી. રાણીને ધન નાશનો ઉપાય બતાવ્યો અને રાણીએ તે પ્રમાણે કર્યું. રાજાએ પુણ્યકર્મ કર્યું નહીં અને છેવટે ભિખારી બની ગયો. બધી રાજસમૃદ્ધિ ખુવાર થઈ ગઈ.

તે રીતે જ દેવરાજ ઈંદ્રને એકવાર ધનનો મદ આવ્યો હતો. તેથી દુર્વાસાને નમસ્કાર ન કર્યા. ત્યારે તેના રાજપાટનો વિનાશ થયો અને અત્યંત દુઃખના પાશમાં બંધાઈ ગયો. વળી તે વખતે પૃથ્વી ઉપરના નહુષ રાજાએ અપાર યજ્ઞ કર્યા હતા. તેથી મનુષ્ય દેહે ઈંદ્રનું પદ મળ્યું. પણ તે રાજા ધનના મદથી આંધળો થયો અને તેણે ઋષિઓનું અપમાન કર્યું. તેથી તે તત્કાળ મોટો સાપ થયો. કારણ કે તે વધારે પડતી મોહની જાળમાં ફસાયો હતો.

શ્રીહરિ પછી પાર્ષદોને પીરસવા આવ્યા. ખૂબ જ પ્રેમભાવથી પીરસ્યું. પછી 'વાસુદેવ હરે !!! !!!' એમ બોલ્યા અને સહુ પ્રસાદીનાં અન્નને ઉત્સાહથી જમવા લાગ્યા. ત્યાગીની રીત સંભારીને સંતો અને પાર્ષદોએ પોતાનાં પાત્રમાં જળ નાખ્યું. પછી બધું મેળવીને એકરસ કરીને સહુ જમવા લાગ્યા. જેટલા રસ-સ્વાદુ ભોજન કહેવાય તે બધાને એકરસ કરીને ખાય તેમાં કોઈપણ રસ વિશેષ રહે નહીં. ત્યારે રસના ઇન્દ્રિય કયા રસનું ચિંતવન કરે ? રસના ઇન્દ્રિયના જે ભોગ છે તેને ત્યાગી વિગત પાડ્યા સિવાય જ ગ્રહણ કરતા.

જ્યાં સુધી સંતો વગેરે જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા માટે ફરતા રહ્યા. કેસરયુક્ત ચંદનનો રંગ શ્રીહરિનાં અંગે અંગમાં મહા શોભી રહ્યો હતો. અપાર પુષ્પોના આભરણ અંગો ઉપર પહેરીને શ્રીહરિ પંગતમાં ચાલતા હતા. મૂર્તિ એટલી સુંદર અને ધ્યાન કર્યા જેવી બની હતી કે, તે ચિંતવન કરતાની સાથે તરત જ દેખાય. ભક્તો મંડપનું ધ્યાન કરતા અને તેમાં થયેલી સંતોની પંગતનું હૃદયમાં ધ્યાન કરતા, ત્યારે તે પંગતમાં પ્રગટ થઈ વિચરતા મૂર્તિમાન ભગવાન શ્રીહરિનાં દર્શન તેમને હૃદયમાં થાતા હતાં. બહાર વિચરતી મૂર્તિ અને ધ્યાનમાં દેખાતી મૂર્તિ બંને એક જ છે, તેમાં કોઈ ફરક નથી.

જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ મંડપમાંથી બહાર આવ્યા. હાથ અને ચરણ ધોઈને ચાલ્યા. ઉતારે આવીને પોઢી રહ્યા. જ્યારે શ્રીહરિ પોઢીને ઊઠ્યા ત્યારે ફરીવાર આંબલે આવ્યા. શ્રીહરિરાય આ પ્રમાણે પૂનમ સુધી નિત્ય નિત્ય અધિક નવા ચરિત્રોને

કરતા હતા. જે દેશદેશના હરિભક્તો આવ્યા હતા તે રોજ રસોઈ આપતા હતા. એક દિવસ એકાદશી આવી ત્યારે તે નિમિત્તે ઘણો સારો ઉત્સવ કર્યો.

### ● ભગવાન શ્રીહરિ વડતાલથી ચાલવા તૈયાર થયા :

શ્રીહરિએ સત્સંગની રીત શીખવાડીને હરિભક્તોનો ખૂબ જ આનંદ વધારીને અને કુસંગના ભિન્ન ભિન્ન રૂપ સમજાવીને કુસંગને અતિશય દુઃખરૂપ દેખાડ્યો. પછી શ્રીહરિએ સહુ હરિભક્તોને પાછા ઘેર જવા રજા(શીખ) આપી. સહુને કહ્યું કે, પોતપોતાના દેશના તમે એક જૂથના રૂપમાં ભેળા ચાલજો. કોઈ સમુદાયથી પાછળ ન રહેતા. કોઈ અજાણ્યો માણસ સંગાથ કરવા આવીને સાથે મળી જાય, તોપણ તેનો મનમાં વિશ્વાસ કરવો નહીં. કારણ કે, ઘણા એવા ઠગલોકો શાહુકાર જેવા થઈને ફરે છે. જો ધ્યાન ન રાખીએ તો તે આપણને ઠગી જાય. આપણા સત્સંગની એવી રીત છે કે સહુ એક જ ગામના હોય, તોપણ પુરુષોએ પુરુષોના વિભાગમાં બેસવું-ઊઠવું અને સ્ત્રીઓએ સ્ત્રીઓની સાથે બેસવું-ઊઠવું.

જેનું મન રોજ અનીતિને માર્ગે ચાલતું હોય તે વ્યક્તિ જો સંતોના ધર્મ અને નિયમની વાતોને રોજ કહેતા-સાંભળતા રહે તો તેના બધા પાપ બળી જાય છે. આ જગતમાં અપાર અસંત-દુર્જન ફરતા હોય છે. સંતોના ધર્મ-નિયમની વાતો દ્વારા તે ઓળખાઈ જાય છે. જેનામાં જે ગુણ હોય તે વર્તનમાં દેખાઈ આવે છે. તે છુપાવ્યો છુપાતો નથી. હરિભક્તોના જે નિયમ હોય તેને પણ રોજ કહેતા રહેવું. નિયમોને છુપાવી રાખવા નહીં. પોતાના નિયમોની વાતને જે છુપાવીને કરે છે તેનો સત્સંગ અંતે છુપાઈ જાશે અર્થાત્ તેનો સત્સંગ નબળો પડી જાશે.

પછી શ્રીહરિએ સંતોને કહ્યું, જે જે પ્રદેશમાં હરિભક્તો રહે છે ત્યાં તેઓ તમને ખૂબ જ ચાહે છે, માટે તમારે દેશેદેશમાં જઈને ફરતાં રહેવું. હે સંતો ! તમે બધા અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે જ પ્રગટ થયા છો. મુમુક્ષુ જીવો તમારી રીત જોઈને તરત જ તે સત્સંગ કરશે.

આટલી વાત કહીને શ્રીહરિ ચાલવા માટે તરત જ તૈયાર થઈ ગયા. શ્રીહરિની સવારી પણ તૈયાર થઈને ત્યાં આવી ગઈ હતી. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. બધા લોકો 'જય જય' કાર બોલતા હતા અને હરિભક્તોએ તો હાથ જોડીને પ્રાર્થના કરતાં કહ્યું કે, "હે નાથ ! (૧) આપ અંત સમયે વહેલા પધારજો. (૨) હે હરિ ! આ બધા સંતો અને સવારીની સાથે આવીને હેતથી અમને દર્શન આપજો. (૩) જેને અક્ષરધામ કહેવાય છે એવા આપના દિવ્ય અક્ષરધામમાં સુખનો ક્યારેય નાશ થતો નથી માટે અમને તે જ ધામમાં નિવાસ આપજો. અત્યારે આપ અક્ષરાધિપતિ અમને મળી ગયા છો તેથી અમે ક્યારેય આપની પાસે માયિક સુખને માગતા નથી. (૪) આપનાં અપાર ચરિત્રોને જોઈને અમને તેમાં લગાર પણ માયિકભાવ ન આવે. (૫) વળી, જે સંતો અને હરિભક્તો છે તેમનો અપરાધ અમારાથી ક્યારેય થાય નહીં, એવું અમે આપની પાસે માગીએ છીએ. ચાહે તેવો મોટો સત્સંગી કહેવાતો હોય પણ તે જો સંતોનો અને હરિભક્તોનો અપરાધ લેશમાત્ર પણ કરે તો તેને અનેક જન્મ સુધી દુઃખો ભોગવવા પડે છે અને તે સત્સંગથી વિમુખ થઈ જાય છે.(૬) માટે અમને સંતોમાં અને હરિભક્તોમાં નિત્ય નિત્ય નવો જ સ્નેહ રહે, એવું અમે માગીએ છીએ. "

ત્યારે શ્રીહરિ કહે, પોતાના તન જેવા સંતો હરિભક્તોને જાણવા. અર્થાત્ પોતાનાં શરીરમાં જેવી આત્મબુદ્ધિ છે તેવી ને તેવી જ આત્મબુદ્ધિ સંતો અને હરિભક્તોમાં રાખવી. તેમાં જેટલું જુદાપણું રહેશે તેટલો તેને ક્યારેક અપરાધ થાશે. જે મનુષ્ય જેટલો અપ રાધ કરે, તેટલું પાપ તેને અવશ્ય ભોગવવું જ પડે છે. જેનાં મનમાં સંતોની અને હરિભક્તોની જેટલી અરુચિ રહેતી હોય તેનું જ નામ અપરાધ છે અને તેને લીધે તેમનો દ્રોહ થાય છે.

માણસને પોતાના શરીરની ક્યારેય લગાર પણ અરુચિ થાતી નથી. શરીર કરોડગણું દુઃખ દે અને વારંવાર તેમાં રોગ થાય તોપણ, મનુષ્ય તે શરીરનું જતન કરતો રહે છે અને રોજ રોજ તેના મળને ધુએ છે. જીવ તે શરીરનું ભરણ-પોષણ કરતો જ રહે છે, છતાં તે શરીર જીવને હંમેશા દુઃખ દીધા કરે છે. શરીર કરતા સંતો અને હરિભક્તો કરોડગણાં સુખદાયક છે, એમ જ્યાં સુધી મનમાં ન મનાય ત્યાં સુધી તે સંતો-હરિભક્તોનો દ્રોહ કરે છે. એટલા માટે જ સહુએ વારંવાર સત્સંગ કરવો, જેથી કોઈ પણ રીતે હરિભક્તોની અરુચિ કે દ્રોહ ક્યારેય થાય નહીં. અમે અંત સમયે આવીને બધા હરિભક્તોને દર્શન આપીએ છીએ અને અતિ સહાય કરીએ છીએ, તેમાં કાંઈ ફરક નથી.

સોનેરી સાજથી શણગારેલા અશ્વ ઉપર શ્રીહરિ બેઠા. ચૈત્ર વદિ પડવાનો શુભ દિવસ હતો ત્યારે શ્રીજીમહારાજ વડતાલથી નીકળીને ચાલતા થયા. કાઠિયાવાડ, વાળાક, સોરઠ, બારા અને ભાલદેશના બધા હરિભક્તોનો સંઘ પણ શ્રીહરિની સાથે ચાલ્યો. બધા ભક્તો પોતાનું ગામ આવે ત્યાં સુધી શ્રીહરિની સાથે જ ચાલ્યા. સહુ રસ્તામાં કીર્તન ગાતા હતા અને મનમાં સત્સંગનો રંગ

છવાયેલો રહેતો હતો. દરબાર પરિવારની જે બાઈઓ હતી તે બધી પોતપોતાના રથમાં બેસતી હતી. શ્રીહરિની સવારી સાથે હતી તેથી મહોત્સવનું વાતાવરણ છવાઈ ગયું હતું.

બીજા દેશ પ્રદેશોના જે હરિભક્તો સમૈયામાં આવ્યા હતા તેઓ પણ પોતપોતાના સંઘને લઈને પોતપોતાના દેશમાં જવા ચાલ્યા. તેઓ જેવું વાહન લઈને આવ્યા હતા તેના ઉપર સહુ હરિભક્તો બેસતા હતા. જેટલી હરિભક્ત સ્ત્રીઓ હતી તે બધી રથ કે બળદગાડીમાં બેસતી. શ્રીહરિને યાદ કરીને તેમનાં ચરિત્રોને ગાતી હતી. ત્યારે તેમની આંખોમાંથી સ્નેહનાં આંસુઓ વહેતાં હતાં. જ્યારે હરિભક્તો જેવા હરિચરિત્રોને ગાતા હતા ત્યારે તેવી શ્રીહરિની મૂર્તિ તેમની આગળ દેખાતી હતી. જેવા સાક્ષાત્ શ્રીહરિનાં દર્શન કર્યાં હતાં. તેવાં જ દર્શન તે સમયે પણ પ્રેમીજનોને થાતાં હતાં.

સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી શ્રીહરિની આજ્ઞાથી સત્સંગમાં ફરવા માટે નીકળ્યા. બધા જ સંતો આનંદાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તતા હતા. મુક્તાનંદ સ્વામી આદિક સમગ્ર સંતો તેમની આજ્ઞાને ક્યારેય લોપતા નહીં. હિંદુસ્તાની મોટા મોટા સંતો, જે ઘણા બુદ્ધિશાળી હતા, તેઓ પણ આનંદાનંદ સ્વામીની આજ્ઞામાં રહેતા હતા. સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, નિરંજનાનંદ સ્વામી, બંને સુખાનંદ સ્વામી, સિદ્ધ સંતદાસજી, સાંખ્યાનંદ સ્વામી, વ્રજાનંદ સ્વામી, સત્યાનંદ સ્વામી, સઙ્ગનાનંદ સ્વામી, સદાનંદ સ્વામી, અખંડાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી, પુરુષોત્તમાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી, વિશ્વરૂપાનંદ સ્વામી, અનંતાનંદ સ્વામી, દેવીવાળા મગનીરામ જે અત્યંત નિષ્કામી મુનિવર હતા, બંને જ્ઞાનાનંદસ્વામી, ઉજાસાનંદસ્વામી, અદ્વૈતાનંદ સ્વામી, હર્યાનંદ સ્વામી, બંને પરમહંસાનંદ સ્વામી, વૈષ્ણવાનંદ સ્વામી, બંને નૃસિંહાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, પરમચૈત્યાનંદ સ્વામી, ચિદ્રૂપાનંદ સ્વામી, ભગવાનાનંદ સ્વામી, પ્રભૂતાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, ગોપાલાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, બુદ્ધાનંદ સ્વામી, જિજ્ઞાસાનંદ સ્વામી આ બધા સંતો સંતમંડળોમાં પ્રમુખ હતા.

પૂર્વદેશના સંતો ઘણા હતા. તેના નામ લખ્યે છેડો આવે તેમ નથી. તેઓ બધા આનંદાનંદસ્વામીનાં વચનને માથે ચઢાવીને ચાલતા. તે પૂર્વ દેશના સંતો શ્રીહરિનાં દાસ થઈને રહેતા હતા, એક રતીભાર વચનનું ઉલ્લંઘન કરતા નહીં. પણ તેમાં કેટલાકની એવી પ્રકૃતિ હતી કે તેમને ગુજરાતી સંતો ગમતા નહીં, તેમની સાથે ફાવતું નહીં. પરંતુ સહુને આનંદાનંદ સ્વામીનો ભાર હતો. તે સાધુઓ તેમનું વચન લગારેક પણ લોપતા નહીં. કદાચ કોઈની પ્રકૃતિમાં ઉદ્ધતતા દેખાય તો આનંદાનંદ સ્વામી તેમને ડરાવતા. તોપણ તેઓ આનંદાનંદ સ્વામીનો ઘણો ભાર રાખતા. આનંદાનંદ સ્વામી કાંઈક કહે તે વખતે તરત જ તેઓ દીન થઈ જાતા હતા.

ગોવિંદાનંદ સ્વામીને શ્રીનગર (અમદાવાદ) અને જેતલપુર મોકલ્યા અને ત્યાં બારકોશના વિસ્તારમાં ફરવાની આજ્ઞા કરી. જેને શ્રીહરિ ઉપર અતિ પ્રેમ હતો એવા મુનિવર્ય સુખાનંદ સ્વામીને વડોદરા મોકલ્યા. કારણ કે તેઓ ત્યાંના દેશકાળ વગેરે બધું જાણતા હતા. જેઓ સારી રીતે કથાવાર્તા કરી શકતા હતા, તેવા કેટલાક સંતોને કાનમ દેશમાં મોકલ્યા અને સારી રીતે તપાસ કરીને કેટલાક સંતોને ચરોતર દેશમાં જ સત્સંગ કરાવવા માટે રાખ્યા. વીસનગર અને આસપાસના પ્રદેશમાં ભાઈ રામદાસજી સ્વામીને જવાનું કહ્યું. બારામાં અને ભાલમાં મુનિવર્ય અનંતાનંદ સ્વામીને મોકલ્યા. ઝાલાવાડ અને વાગડ પ્રદેશમાં પરમાનંદસ્વામીને મોકલ્યા. કચ્છ દેશમાં આત્માનંદ સ્વામીને મોકલ્યા. હાલાર દેશમાં સુખદાયક મોટેરા સંત વ્યાપકાનંદ સ્વામીને મોકલ્યા. સોરઠ પ્રદેશમાં શ્રેષ્ઠ સુખના મૂળ જેવા ચિદ્રૂપાનંદ સ્વામીને જવાનું કહ્યું.

મુનિરાજ પરમ ચૈતન્યાનંદ સ્વામીને વાળાક પ્રદેશમાં મોકલ્યા. ભાવનગર, શિહોર વગેરે અને પાલીતાણા સુધી ગોહિલવાડ કહેવાય છે ત્યાં ગંભીર સંત અખંડાનંદ સ્વામીને જવાનું કહ્યું. તેઓ વાતો કરવામાં ઘણા શાંત અને ધીર ગંભીર હતા. સ્વયંપ્રકાશાનંદ સ્વામીને ઊના અને દિવ વિભાગમાં મોકલ્યા. સદાનંદ સ્વામીને તે વખતે બધા નાઘેર પ્રદેશમાં ફરવાનું કહીને રવાના કર્યા. બીજા પણ જે સંતો હતા, તેમને જેને જ્યાં યોગ્ય હોય ત્યાં તેમનું મન જોઈને રાખ્યા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી અને દેવાનંદ સ્વામી એ સંતોને શ્રીહરિની સાથે મોકલ્યા.

શ્રીહરિ વડતાલથી જ્યારે ચાલ્યા ત્યારથી મહેળાવ ગામ પહોંચ્યા ત્યાં સુધી અશ્વખૂબ વેગમાં દોડાવ્યો. ત્યાં થોડીવાર ઊભા રહીને અશ્વને તળાવમાં પાણી પાયું. મહેળાવ ગામમાં શ્રીહરિ આવ્યા છે તેવી ખબર પડી, એટલે બધા હરિભક્તો દર્શન કરવા માટે દોડી આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૪૭ થી ૭૭ તથી ૯/૧ થી ૫)

•••

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ માંગરોળના ગોવર્ધનભાઈની સ્થિતિ જણાવી સં. ૧૮૬૫ (ઈ.સ. ૧૮૦૮)

સં. ૧૮૬૫માં ભગવાન શ્રીહરિ કારિયાણી પધાર્યા. શ્રીહરિ પધાર્યા એટલે વસ્તાખાચર ખૂબ રાજી થયા. અહીં જે અધૂરું તળાવ હતું તે ખોદાવ્યું. રામકુંડ અને ભીમકુંડ ગળાવ્યા અને ભર્યું (યજ્ઞ-પ્રતિષ્ઠા સ્થાપના ઉત્સવ) કરવાનું હતું. ભગવાન શ્રીહરિએ તળાવની પાસે મહારુદ્રમાં હજારો બ્રાહ્મણોને ચાલીસ દિવસ સુધી જમાડ્યા, સૌને દક્ષિણા પણ આપી. ભગવાન શ્રીહરિનો જે સંકલ્પ હતો, આજ્ઞા હતી તે પૂરી કરી.

દિવાળી અને અન્નકૂટના ઉત્સવ કારિયાણીમાં કરી શ્રીહરિ ત્યાંથી નીકળી કુંડળ, ઝીંઝાવદર થઈને ગઢપુર પધાર્યા.

ગઢપુરમાં પ્રબોધિની એકાદશીનો ઉત્સવ કરી વઢવાણ, અમદાવાદ, જેતલપુર, ડભાણ, પીજ, નડિયાદ, રોણ્ય ગામ થઈને થઈને ભગવાન શ્રીહરિ સંઘ સાથે વડતાલ પધાર્યા. અહીં વાસણ સુથારને ત્યાં શ્રીહરિએ ઉતારો કર્યો. વાસણ સુથારની મેડીએ શ્રીહરિ બિરાજમાન છે તે ખબર પુરજનોને પડી તેથી સૌ ત્યાં આવવા લાગ્યા. સભા ધીરે ધીરે મોટી થવા માંડી એટલે મહારાજે કહ્યું : "ચાલો, આપણે બધા ગોમતી કિનારે જઈએ. ત્યાં સભા કરીએ."

ગોમતી કિનારે સુંદર સભા થઈ. શ્રીહરિ આંબના વૃક્ષ નીચે ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. મોટા મોટા સદ્‌ગુરુ સંતો અને હરિભક્તો પણ સભામાં બેઠા હતા. અહીં ભગવાન શ્રીહરિએ વાત કરતાં કહ્યું : "ભગવાનની ભક્તિ કરવી તે આત્મરૂપ થઈને કરવાની છે. આત્માના ભાવમાં સદા જાણપણું રહે અને અંતરમાં રહેલા ગુણદોષ ઓળખાય. પરંતુ દેહભાવે જે ભક્તિ કરતા હોય તેને અહંગ્રંથિ વધે છે અને પોતાના દોષ તેથી ઓળખાતા નથી. આ પ્રકારની ભક્તિમાં આગળ મોટું વિઘ્ન આવે છે અને મુમુક્ષુ મોક્ષના માર્ગથી ચ્યુત થઈ જાય છે."

આ સભામાં માંગરોળના ગોવર્ધનભાઈ શેઠ આવ્યા. ગોવર્ધનભાઈ સદા ઉપશમ સ્થિતિમાં રહેતા. તેથી તેમની ક્રિયા લોકોને ગાંડા જેવી જણાતી, પરંતુ તેમની ઉપશમ સ્થિતિનું રહસ્ય કોઈને સમજાતું નહિ. તેમની એકાંતિક સ્થિતિનો સૌને ખ્યાલ આપવા શ્રીહરિએ એક સેવકને કહ્યું : "એક થાળીમાં સાકર અને એક થાળીમાં મીઠું લઈ આવો." તે પ્રમાણે સાકર અને મીઠું લઈ આવ્યા એટલે મહારાજે ગોવર્ધનભાઈને કહ્યું : "આ જમી જાઓ."

તે તો બંને થાળમાંથી બે હાથે સાકર અને મીઠું લઈને જમવા લાગ્યા. તેથી શ્રીહરિએ તેમને પૂછ્યું : "ગોવર્ધનભાઈ ! આમાં સાકર કઈ અને મીઠું કર્યું ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! બેય સાકર છે."

તેમની આ વાત સાંભળી સભાજનોને આશ્ચર્ય થયું !

ખંભાતના હરિભક્તો સૂતરફેણીની માટલી લઈ આવ્યા હતા. તે તેમણે ભગવાન શ્રીહરિને આપી અને કહ્યું : "મહારાજ ! આપ આ સૂતરફેણી જમો."

ભગવાન શ્રીહરિએ તે માટલી લઈને ગોવર્ધનભાઈને આપી અને કહ્યું : "ગોવર્ધનભાઈ ! અમને આ સૂતરફેણી જમાડો."

એટલે ગોવર્ધનભાઈ તેમાંથી સૂતરફેણી લઈને પોતે જમવા માંડ્યા. તે જોઈ હરિભક્તોએ કહ્યું : "ગોવર્ધનભાઈ ! સૂતરફેણી તો મહારાજને જમાડવાની હતી. તમે ક્યાં જમવા માંડ્યા ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ જ જમે છે." આ સાંભળી ભગવાન શ્રીહરિ હસ્યા.

પછી ગોવર્ધનભાઈએ તે સૂતરફેણીની માટલી મહારાજને આપી ત્યારે મહારાજે તેમને કહ્યું : "તમે જમો."

આ સાંભળી સભાજનોને વિશેષ આશ્ચર્ય થયું ! શ્રીહરિએ સભાજનોને કહ્યું : "આ ગોવર્ધનભાઈની સ્થિતિ તમે સમજી શક્યા નથી. તે ત્રણેય અવસ્થામાં અમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ દેખતા નથી. તે સૂતરફેણી જમતા હતા ત્યારે તમને લાગ્યું કે અમને મૂકીને તે જમે છે પણ તે તો અમને જ જમાડતા હતા. અમે જ્યારે તેમને કહ્યું : 'તમે જમો.' ત્યારે તેને ખ્યાલ આવ્યો એટલે કહ્યું : 'મેં તો હજુ સ્નાન પણ કર્યું નથી.' એ એવા એકાંતિક ભક્ત છે તો તેમને મીઠું અને સાકરના સ્વાદમાં ફેર જણાતો નથી. અમારી મૂર્તિમાં નિરંતર રહે છે. એટલે તેમના દ્વારા અમે જ ક્રિયા કરીએ છીએ. આવી એકાંતિક સ્થિતિ તમારી સૌની કરવા માટે અમે આ પૃથ્વી ઉપર પ્રગટ થયા છીએ. અમારી ભેગા રહો અને અમારું સ્વરૂપ ઓળખો. અમારા આવા એકાંતિક ભક્તને ન ઓળખો તો

જેમ યાદવો શ્રીકૃષ્ણ ભેળા રહ્યા છતાં નિરંતરના અભાગિયા કહેવાયા એવી તમારી સ્થિતિ થશે અને અમારો દાખડો છૂટી પડશે. માટે અમારા દાખડા સામું જોઈ આવી સ્થિતિ કરવાનું લક્ષ્ય રાખવું.''

ભગવાન શ્રીહરિ પછી ત્યાંથી વાસણ સુથારના ઘેર પધાર્યા. ત્યાં થાળ જમી સાંજે ઉમરેઠ પધાર્યા. અહીં જાગનાથ મહાદેવમાં ઉતારો કર્યો. શ્રીહરિ નિત્ય સભામાં અજ્ઞાનના પડળની ચીરતી બ્રહ્મજ્ઞાનની વાતો કરતા.

વાતોના પ્રસંગમાં શ્રીહરિએ સૌને કહ્યું : ''અમે તો તમારું સૌનું કલ્યાણ કરવા આવ્યા છીએ.''

ત્યારે સભામાંથી એક બ્રાહ્મણ બોલ્યો : ''કલ્યાણ તો શંકર સ્વામી જેવા કરે, માટે તમે તેમના જેવો હો તો તેમની માફક પાડાની પાસે વેદ બોલાવો.'' તેવી વાત સાંભળી સભામાં બેઠેલા બધા બ્રાહ્મણો ઊભા થઈ ગયા. સૌ એકીસાથે કહેવા લાગ્યા : ''ભગવાન થવું કાંઈ સહેલું નથી અને છતાં તમે ભગવાન છો એવું કહો છો તો જેમ શંકરાચાર્યેજી પાડાની પૂંઠે વેદ બોલાવ્યા હતા તેમ તમે પાડાની પૂંઠે વેદ બોલાવો તો તમને અમે ભગવાન માનીએ.''

તે સાંભળી ભગવાન શ્રીહરિએ કહ્યું : ''શંકર સ્વામીએ પાડાની પૂંઠે વેદ બોલાવ્યા હતા તેવું તો ફક્ત તમારી પાસેથી જાણ્યું માટે તે વાત સાચી નથી. પરંતુ તમારે જો વેદગાન સાંભળવું હોય, તો કોઈ પાડા જેવા અભણ, અબુધ બ્રાહ્મણને અમારી પાસે લાવો તો તેમની પાસે ચારે વેદના મંત્રો બોલાવીએ.''

ભગવાન શ્રીહરિની આ વાત સાંભળી સભામાં બેઠેલા એક તદ્દન અભણ, અબુધ અને વળી બોલવામાં જીભ પણ થોથરાતી હતી, તે હરિશંકરને મહારાજ પાસે લાવ્યા. શ્રીહરિને કહ્યું : ''જો ભગવાન હો તો આ બ્રાહ્મણ પાસે વેદ બોલાવો.''

ભગવાન શ્રીહરિએ તેના તરફ દૃષ્ટિ કરી અને વિદ્વાન વેદપાઠી બ્રાહ્મણની જેમ હરિશંકર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદના મંત્રો બોલવા લાગ્યો. તદ્દન અબુધ અને તોતડું બોલનારો હરિશંકર આવી દિવ્ય વેદવાણી બોલવા લાગ્યો. તે સાંભળી બ્રાહ્મણોને આશ્ચર્ય થયું. કર્મકાંડી અને કેવળ ભાગવતના ભણેલા ઉમરેઠના બ્રાહ્મણો તો પૂરા વેદમંત્રો પણ જાણતા ન હતા. પરંતુ કર્મકાંડમાં જે કાંઈ વેદમંત્રો પોતે ભણ્યા હતા, તે સંપૂર્ણ શુદ્ધ રીતે તેના અંગ સાથે હરિશંકરને બોલતા સાંભળી તેમણે જાણ્યું કે આ કોઈ મહાન વિભૂતિ છે. વેદગાનના અંતે તેમણે શ્રીહરિને હાથ જોડી કહ્યું : ''ભગવન્ ! તમે સાક્ષાત્ શંકર સ્વામી છો.''

ભગવાન શ્રીહરિ તે સાંભળી હસ્યા. તેમને લાગ્યું કે બ્રાહ્મણ જગતગુરુ કહેવાય છે છતાં તેમની બુદ્ધિ પરબ્રહ્મના અનાદિ સ્વરૂપ સુધી પહોંચી શકતી નથી.

અહીં સાત દિવસ રહી ભગવાન શ્રીહરિ પાછા વડતાલ પધાર્યા. સાંજે ત્યાંથી ચાંગા પધાર્યા અને ત્યાં થોડો સમય રોકાઈ મોરજ પધાર્યા.

●●●



## ભગવાન શ્રીહરિ ડભાણ યજ્ઞ પૂર્ણ કરી વડતાલ પધાર્યા
## સં. ૧૮૬૬ (ઈ.સ. ૧૮૧૦)

સં. ૧૮૬૫ના પોષ માસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જેતલપુર ગામમાં ૧૮ દિવસનો મહાયજ્ઞ કર્યો. આ યજ્ઞમાં ડભાણના વિષ્ણુદાસ ભક્ત કેટલાક હરિભક્તોને સાથે લઈ સેવા કરવા આવ્યા હતા અને ખૂબજ ભાવથી યજ્ઞમાં સેવા કરી હતી.

યજ્ઞ પૂરો થતાં વિષ્ણુદાસે શ્રીજીમહારાજને પ્રાર્થના કરતા કહ્યું : ''મહારાજ ! આપ ડભાણ પધારો અને ત્યાં પણ આવો યજ્ઞ થાય તેવી કૃપા કરો.''

વિષ્ણુદાસના હૃદયનો વિશુદ્ધ પ્રેમ, તીવ્ર શ્રદ્ધા અને અતિ દીનભાવે કરેલી સ્તુતિએ ભક્તવત્સલ ભગવાન શ્રીહરિને પણ બંધનમાં નાખી દીધા. અંતર્યામી ભગવાન શ્રીહરિ ભક્તના હૃદયની ભાવનાને જાણી ગયા. લાંબા સમયની તેમની તીવ્ર ઈચ્છા પૂર્ણ કરવા શ્રીજીમહારાજ બોલ્યા : ''વિષ્ણુદાસ ! અમે ડભાણમાં પણ આવો જ ભવ્ય મહોત્સવ કરી તમારા ભાવને પૂર્ણ કરીશું.'' આ રીતે વિષ્ણુદાસની આર્તસ્વરની પ્રાર્થના ભગવાન શ્રીહરિએ સાંભળી.

જેતલપુરનો યજ્ઞ પૂર્ણ થયાને ઘણો સમય વીતી ગયો. ભગવાન શ્રીહરિએ વિષ્ણુદાસને ડભાણમાં યજ્ઞ કરવાનું વચન આપ્યું હતું, પરંતુ એ યજ્ઞ થવાના કોઈ એંધાણ દેખાતા નહોતા. વિષ્ણુદાસ દરરોજ વાટ જુવે કે આજે મહારાજના ખબર આવે ને કાલે આવે, પણ યજ્ઞ કરવાના કોઈ ખબર આવતા નહોતા.

બન્યું હતું એવું કે શ્રીજીમહારાજે જેતલપુરમાં મહાયજ્ઞ કર્યો અને એ પણ સાત્ત્વિક અને અહિંસક. એટલે જે દ્વેષી લોકો હતા તેમના પેટમાં પાણી રેડાયું. ઈર્ષ્યા અને રાગ-દ્વેષને લીધે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના સંતોને હેરાન કરવા માંડ્યા. જેથી થોડો સમય શાંતિ જળવાઈ રહે અને એ લોકો વધારે ન વીફરે, તે માટે ભગવાન શ્રીહરિએ હમણાં ડભાણમાં યજ્ઞ નથી કરવો એવું વિચાર્યું હતું.

ત્યારબાદ ભગવાન શ્રીહરિ કચ્છદેશના આધોઈ-ભુજ-તેરા-સરલી થઈને રંગપુર પધાર્યા. રંગપુરમાં રવજી પટેલના ઘેર ઉતારો કરી તેઓને રાજી કર્યા. ત્યાંથી ફરીને તેરા ગામ આવી નથુ સુતારને ઘેર પધાર્યા. ત્યાં પ્રાગજી પુરાણી ને બોલાવી ભગવાન શ્રીહરિએ કથા સાંભળી. તેરાના સત્સંગી માવજીભાઈ, નોંઘાભાઈ, નાગજીભાઈ વગેરે સુતાર ભક્તોએ શ્રીજીમહારાજની સેવા કરી મહાપ્રભુ

શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો. એકદિવસ સભાને અંતે સંતો સાથે વિચાર-વિમર્શ કરીને શ્રીજીમહારાજ બોલ્યા : ''હે સંતો ! ડભાણના વિષ્ણુદાસ, રૂગનાથદાસ, રાયજીભાઈ, પ્રાગદાસ, સવદાસ, કાનદાસ, નારણદાસ, પ્રભુદાસ અને મયારામ વગેરે ભક્તોએ અમોને ડભાણમાં યજ્ઞ કરવાનું કહ્યું હતું. પણ એ સમયે બાવાઓનો ઉપદ્રવ હોવાથી અમે ના કહી હતી. પરંતુ હવે દેશકાળ સારાં આવ્યાં છે, માટે હવે ડભાણમાં એક મોટો યજ્ઞ કરીએ.''

**'મુક્તાનંદ અને બ્રહ્માનંદ, કહે બેયને વૃષકુળચંદ; સંત બેય ડભાણ સિધાવો, જૈને જજ્ઞનો જોગ કરાવો.**
**જજ્ઞ સામાન જોઈને જેહ, તમે રાખો મગાવીને તેહ; ત્યાંના રૂગનાથદાસ પટેલ, સત્સંગી છે સારા થયેલ.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૭/૫૦, ૫૨)

''હે મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામી ! અમે ડભાણમાં વિષ્ણુદાસ આદિક ભક્તોને યજ્ઞ કરવાનું વચન આપ્યું છે, માટે તમો બંને સંતો તમારા સંતમંડળ લઈને ડભાણ જાઓ અને યજ્ઞની તૈયારી કરાવો. ત્યાંના રૂગનાથદાસ પટેલ સારા સત્સંગી છે અને વળી ડભાણમાં આગેવાન છે, તેથી તમો તેને આ યજ્ઞમાં પણ આગેવાન કરજો. અમે થોડા સમયમાં ગુજરાત પધારશું. અને હે સંતો ! યજ્ઞની તૈયારીમાં સાધન-સામગ્રીની કોઈ ખામી રાખશો મા. આપણે ડભાણમાં ક્યારેય ન થયો હોય એવો મહાયજ્ઞ કરવો છે, માટે જે જોઈએ તે સર્વ સામગ્રી મગાવી લેજો. અને અમદાવાદમાં લોલંગર બાવો કપટી ને દ્વેષીલો છે, માટે તેનાથી સાવધાન રહેજો. કારણ કે, ખોખરા-મહેમદાવાદમાં તેઓના બાવાઓને આપણા કાઠીભક્તોએ માર્યા છે તેની રીસ તેને હજુ ઊતરી નથી, માટે તેનાથી ચેતતા રહેજો.

હે સંતો ! તમો ડભાણ થઈને ઉમરેઠના રૂપરામ ઠાકર અને નિર્ભયરામ દવેને, નડિયાદના ગંગારામ અને મોહનરામને, મહેમદાવાદના અંબારામ અને દુર્લભરામને, વડતાલના પાટીદાર રણછોડદાસને, બોચાસણના કાશીદાસને, કરજીસણના નાનાભાઈને અને રઘવાણજના હરિભક્તોને યજ્ઞની સેવામાં મદદ માટે તેડાવી લેજો. તે તે ભક્તોને તેઓની યોગ્યતા પ્રમાણે સેવા સોંપજો. અમો અમારી સાથે કાઠી અને રજપૂત ભક્તોને લઈને માગશર મહિનામાં આવશું અને પોષ સુદ પડવાને દિવસે યજ્ઞનો શુભારંભ કરી પોષ સુદ પૂનમે પૂર્ણાહુતિ કરીશું. અમે કાઠિયાવાડમાં અને સોરઠમાં તેમજ સુરતમાં કંકોત્રીઓ લખીને મોકલશું. તમો ઝાલાવાડ અને ગુજરાતના ગામડાઓમાં જાતે જઈને આમંત્રણ આપજો.''

આ પ્રમાણે મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને ભલામણ કરી પોતપોતાના મંડળ સાથે ડભાણ જવા વિદાય કર્યા. અને સ્વયં ભગવાન શ્રીહરિએ સોરઠ અને કાઠિયાવાડના ગામડાંઓમાં રહેતા ભક્તોને ડભાણના યજ્ઞમાં આવવા માટે આમંત્રણ પત્રિકાઓ લખાવી. ત્યારબાદ સં. ૧૮૬૬ના પોષ સુદ પડવાને દિવસે યજ્ઞનો શુભારંભ થયો. આ મહાયજ્ઞમાં હજારો બ્રાહ્મણો આવ્યા હતા. હજારો હરિભક્તો આવ્યા હતા અને અનેક ગામડાઓમાંથી હજારો લોકો પણ આવ્યા હતા. ભોજનશાળામાં જમતા હજારો બ્રાહ્મણો અને તેમને પીરસતા વિપ્રોના ઉદ્‌ગારો 'દીયતામ્ દીયતામ્' 'આપો આપો' અને આગ્રહ કરીને કહેતાં 'ભુજ્યતામ્ ભુજ્યતામ્' 'જમો જમો' આ પ્રકારના દિવ્ય ઉદ્‌ઘોષથી અદ્‌ભુત વાતાવરણ સર્જાયું હતું. બ્રાહ્મણોના વેદમંત્રો અને જમનારા બ્રાહ્મણોના ઉદ્‌ઘોષ સાંભળી ભગવાન શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થતા હતા.

**'જજ્ઞ કર્યો જે ડભાણમાં, જમ્યા દ્વિજ હજારો હજાર; સર્વત્ર વાત પ્રસિદ્ધ થૈ, થયો જગમાં જયજયકાર.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૧૨/૧)

હજારો બ્રાહ્મણો અને હજારો હરિભક્તો ડભાણના આ મહાયજ્ઞમાં આવ્યા હતા. તેથી તેઓને જમવા માટે પણ લાડુ વગેરે મીઠાઈઓના મોટા મોટા ઢગલાઓ કરવામાં આવ્યા હતા. બ્રાહ્મણો લાડવાઓ ખૂબ જમ્યા અને ભક્તોને પણ ખૂબ જમાડ્યા તો પણ ખૂટ્યા નહિ. આ પ્રસંગનું વર્ણન કરતાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તચિંતામણિ' ગ્રંથમાં લખે છે :

**'વળી ખરચતાં ખૂટ્યા નહિ, વધ્યા લાડવા લાખો સહિ; ગોળ ઘી ને દાળ રસાળ, વળી પિષ્ટનો પાર નહિ.**
**પછી પૂછ્યું સૌએ નાથને, આ મોદકનું કેમ કરીએ; આપો ઘરોઘર ગામમાં, એમ હુકમ દીધો હરિએ.**
**પછી માંડ્યા આપવા, ભરી ભરી મોદક ટોપલા; આલતાં પણ ખૂટ્યા નહિ, પોત્યા લાડવા અતિ ભલા.**
**વહેંચતાં તે વધી પડ્યા, તે નાખ્યા જળમાં જંતુને, મહારાજે આપી આગન્યા, વળી સાજામાંદા સંતને.'**

(શ્રી ભક્તચિંતામણિ : પ્રકરણ - ૫૯)

રસોઈઘરમાં આગેવાન ભક્તો હતા તેમણે ભગવાન શ્રીહરિ પાસે આવીને પ્રણામ કરીને પૂછ્યું : ''હે અંતર્યામી ! લાડુઓ ખૂબ વધ્યા છે, તેનું શું કરવાનું છે ?'' ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ''ગામડાંઓમાંથી આ યજ્ઞમાં જેટલાં નરનારી ભક્તો આવ્યા છે અને બ્રાહ્મણો આવ્યા છે તે સર્વેને ભાતાં બંધાવો એટલે ઘેર જતાં રસ્તામાં ભૂખ લાગે ત્યારે જમવાં થાય.'' પછી હજારો હરિભક્તોને

ભાતાં બાંધી આપ્યાં. તો પણ ઘણા લાડુ વધ્યા.

ફરીને ભક્તોએ આવીને કહ્યું : ''મહારાજ ! હજુ પણ લાડુના ગંજ ભરેલા પડ્યા છે, તેનું કેમ કરવું છે ?'' ત્યારે શ્રીજીમહારાજ કહે : ''ડભાણમાં દરેકને ઘેર આપો.'' તેથી ઘરે ઘરે જઈને આખા ડભાણ ગામમાં વહેંચ્યા. તોપણ વધ્યાં ! ત્યારે દયાળુ શ્રીહરિ બોલ્યા : ''આ તળાવમાં માછલાં-દેડકાં વગેરે જળજંતુઓ ઘણાં છે, માટે તળાવમાં નાખો.'' પછી વધેલા બધા જ લાડવા તળાવમાં નાખી દીધા ! આવી લીલા કરી જળજંતુઓનું પણ કલ્યાણ કર્યું.

**પછી સંઘ સર્વેને શીખ આપી, જાઓ સહુ સહુને ઘેર; પંચ વરતને પાળજ્યો, પ્રભુ ભજજો રૂડી પેર.**
**પછી પોત્યે પધારિયા, કરી તે જય જયકાર; કરી લીલા ડભાણમાં, અલબેલે અપરમપાર.**

(શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૫૯)

ડભાણમાં ભગવાન શ્રીહરિએ મહાન યજ્ઞ નિર્વિઘ્ને પૂરો કર્યો. અસુરોએ કરવા ધારેલા ઉપદ્રવો ઉડાવી દીધા, તેમને ધૂળ ચાટતા કરી દીધા. હજારો બ્રાહ્મણો ભાવપૂર્વક બ્રહ્મભોજન જમ્યા અને 'સ્વામિનારાયણ ભગવાનની જય'ની જયઘોષણા કરી. વેદજ્ઞ બ્રાહ્મણોને પણ ભગવાન શ્રીહરિની પ્રતિભા, ઐશ્વર્ય અને કરુણા ભરપૂર કાર્યોથી પ્રતીતિ થઈ કે વેદકાળના સમયનું હવે પુનરુત્થાન શરૂ થયું છે. અસુરાંશનો નાશ થતો જાય છે.

## ● જોબન પગી ઘોડા ચોરવા આવે છે :



ભગવાન શ્રીહરિએ ડભાણમાં મહાયજ્ઞ કર્યો તેની ખ્યાતિ સર્વત્ર વ્યાપી ગઈ હતી, તેથી અનેક ગામડાઓમાંથી આબાલ-વૃદ્ધ નરનારીઓનાં ટોળે-ટોળાં યજ્ઞનારાયણ અને પ્રગટ ભગવાન શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન કરવા આવતા હતાં. આ યજ્ઞોત્સવમાં ભાવિકો આવ્યા હતા. ભક્તો પણ આવ્યા હતા. દ્વેષીઓ પણ આવ્યા હતા અને ચોરો પણ આવ્યા હતા. ચોરો આવીને સાદા વેષમાં નિરીક્ષણ કરી રહ્યા હતા, પરંતુ શ્રીજીમહારાજે હરિભક્તોના ઉતારાની આજુબાજુ સજ્જડ ચોકીપહેરો ગોઠવી દીધો હતો. તેથી કોઈની યુક્તિ કામ આવતી ન હતી, પરંતુ કેટલાક ચોરોએ ચકોર દૃષ્ટિથી જોયું તો પહેરો ફક્ત હરિભક્તોના ઉતારાની આજુબાજુ જ હતો. તેથી કોઈની યુક્તિ કામ આવતી ન હતી, પરંતુ કેટલાક ચોરોએ ચકોર દૃષ્ટિથી જોયું તો પહેરો ફક્ત હરિભક્તોના ઉતારાની આજુબાજુ જ હતો. ઘોડશાળમાં જ્યાં કાઠીઓના પાણીદાર ઘોડાઓ બાંધ્યા હતા ત્યાં ચોકીપહેરો ન હતો. ફક્ત ઘોડાઓને ચંદી કે પાવરો આપવાનાં હોય કે પાણી પાવું હોય ત્યારે જ ત્યાં કાઠી રાજવીઓના સેવકો આવતા. આથી ઘોડશાળ ઉપર ધાડ પાડવાની ચોરોની વૃત્તિ તીવ્ર બની ગઈ ! એટલે તેમણે ચોરોના સરદાર જોબનપગી પાસે જઈને આ બાબત વાત કરી.

જોબન પગી એટલે જાણીતો ધાડપાડુ લૂંટારો જોબન વડતાલો !! આજુબાજુના પંથકમાં જોબન વડતાલાની હાંક વાગે. નાનપણથી જ બહાદુર, નિડર, તેજસ્વી, તોફાની અને ખડતલ શરીરવાળું વ્યક્તિત્વ ! ચોરકળામાં તો પૂરો નિપુણ ! લોકોને લૂંટવામાં તો જેસલ જાડેજાને પણ પાછો પાડી દે એવો ! વડતાલથી ઠેઠ પુના-સતારા સુધી લૂંટ ચલાવીને હાંક બેસારી હતી. જોબન વડતાલાનું નામ સંભળાય ત્યાં તો ઘોડિયામાં રડતાં બાળકો ચૂપ થઈ જાય ! જોબન વડતાલાના નામનું તીર ઠેઠ બંગાળ સુધી ચાલતું !

બાજની અણધારી તરાપ પડે ને કંપતા પંખીડાં કિલકિલાટ બંધ કરી માળામાં લપાઈ જાય એવી સ્થિતિ એ વખતે ચરોતરના ગામોગામની હતી ! જોબન વડતાલો આવ્યો... જોબન આવ્યો... આવું સાંભળતાવેંત ઘરઘરનાં બારી-બારણાં ટપોટપ બંધ થઈ જતાં ! અને મૂછે વળ દેનારા ભલભલા મૂછાળા મર્દો પણ ઘરમાં ઘરી જતા ! એક ખંભે બંદૂક, બીજા ખંભે તીર-કામઠું અને કમરે લટકતી તલવાર એ જોબનપગીનાં કાયમના સાથી હતાં. ગામ એનું વડતાલ, પણ મોટાભાગે મુકામ તો મહીસાગરના કાંઠાના

ભુલભુલામણાં કોતરો !

લૂંટનો માલ થોડોઘણો વડતાલ નારાયણગિરિના મઠમાં રહેતો અને બાકીનો મોટા ભાગનો માલ મહીસાગરની કોતરોમાં સંતાડાતો. ભલભલા ભૂપાળને પણ ભૂ પાઈ દેતો જોબનપગી કોઈના હાથમાં ક્યારેય પણ પકડાતો નહિ ! મોટા મોટા અંગ્રેજ અમલદારોને પણ એ હાથતાળી દઈ છટકી જતો હતો. વડોદરાના સયાજીરાવ મહારાજે જોબનપગીને પકડી હાજર કરનારને બહુ મોટું ઈનામ જાહેર કરેલું હતું, પણ મરવા માટે કોણ તૈયાર થાય ? તેના વિષે પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :

**વસે જોબન વરતાલ વાસે, જેના ત્રાસે મોટા ભૂપ ત્રાસે; ચોરી કરવા ચારે દિશ જાય, નહિ કોઈ થકી પકડાય.૫૧**
**મોટા મહિપતના મો'લ ફાડે, લૂંટે વાટમાં ધોળે દહાડે; સો સો ગાઉ સુધી જેનું નામ, જાણે રંક ને રાય તમામ.૫૨**

(શ્રીહરિલીલામૃત : ૫/૧૯)

(નોંધ : સંપ્રદાયમાં એવી વાત પ્રચલિત છે કે, જોબનપગી ડભાણમાં યજ્ઞ વખતે માણકી ઘોડી ચોરવા આવ્યા હતા. પરંતુ આ વાતનો પ્રસિદ્ધ ગ્રંથમાં સ્પષ્ટ પુરાવો મળતો નથી, જ્યારે 'રોઝો' ઘોડો ચોરવા આવ્યા હતા તેના બે પુરાવા સ્પષ્ટ મળે છે. એક તો 'શ્રીહરિચરિત્રામૃતસાગર' અને બીજો 'શ્રીહરિલીલાકલ્પતરુ' આ બંને ગ્રંથોમાં 'રોઝા' ઘોડાનો ઉલ્લેખ છે.)

વડતાલમાં એક રાત્રે ચોરોની ટુકડી આવી અને સરદાર જોબનપગીને વિગતે વાત કરી : ''બાપુ ! ડભાણ ગામમાં મોટો જગન થાય છે અને ત્યાં અનેક પ્રકારના કાઠિયાવાડી ઘોડાઓ લઈને કાઠીઓ પણ આવ્યા છે. એમાં પણ સ્વામિનારાયણ, જે ભગવાન કહેવાય છે તેની પાસે તો ઊંચી ઓલાદનો જાતવંત રોઝો ઘોડો છે ! અને એ ઘોડો અને કાઠીઓના ઘોડા જો આપણને મળી જાય તો જાનું લૂંટવામાં અને રાજની તિજોરીયો લૂંટવામાં સહેલું પડે. 'આંકડે મધ અને વળી માખો વિનાનું છે !' ચોકીપહેરો પણ ઘોડશાળામાં નથી, માટે તક જાવા દેવા જેવી નથી.''

સાગરીતોની વાત સાંભળી જોબનના મોં પર ચમક આવી ગઈ ! તુરંત તે બોલ્યો : ''હા... હા.. કેમ નહિ ! એક તીરે બે નિશાન પડશે, માટે તૈયાર થઈ જાવ. મારા ગામમાં ઈ સ્વામિનારાયણના સંત મુક્તાનંદ સ્વામી આવ્યા હતા ત્યારે સારા સાધુ જાણી મેં તેમને ગુરુ કર્યા હતા. ત્યારે તેઓએ મને કહ્યું હતું કે, 'સ્વામિનારાયણ ભગવાન છે, માટે પંચ વર્તમાન પાળી તેઓનું ભજન કરજો.' આવો ઉપદેશ આપીને તેઓ પાછા ગઢપુર જતા રહ્યા હતા. ત્યારથી મારા મનમાં થયા કરે છે કે, ખરેખર જો સ્વામિનારાયણ, ભગવાન હોય તો કાંઈક પરચો બતાવે; માટે ચાલો, આજે પારખાં થઈ જશે.''

**વરતાલના જોબન પગી, દૈવયોગે તેની મતિ ડગી; હરિરૂપમાં સંશય થયો, તેથી પારખું લેવાને ગયો.**
**ઘોડા કાઠિયોના ભારે ભારે, ચોરી લેવા કર્યું ચિત્ત ત્યારે; રાતમાંહિ થયો શશિ અસ્ત, ઊંઘ્યા જે સમે લોક સમસ્ત.**
**ઘોડું ચોરવાને ગયા જ્યાં જ્યાં, દીઠા શ્રીહરિ પ્રત્યક્ષ ત્યાં ત્યાં; ઘોડું એકે ચોરાયું ન જ્યારે, થયો નિશ્ચે સ્વરૂપનો ત્યારે.**

(શ્રીહરિલીલામૃત : ૭/૧૧)

વડતાલમાં અગાઉ એકવાર ભગવાન શ્રીહરિ પધાર્યા હતા ત્યારે પણ જોબનપગી પાટીદાર બાપુભાઈને ઘેર રાત્રે રોઝો ઘોડો ચોરવા ગયેલ, પરંતુ ત્યારે કારી (કરામત) ફાવી ન હતી. ત્યારથી જોબનપગીની ઈચ્છા રોઝા ઘોડાને ચોરવાની હતી અને વળી મુક્તાનંદ સ્વામીએ 'સ્વામિનારાયણ ભગવાન છે' આવો નિશ્ચય કરાવ્યો હતો, તેમાં પણ ડગમગાટ થતો હતો. આજે એક સાથે બે કામ થાય એમ હતા એટલે પોતાના અઢાર સાગરીતોને સાથે લઈને ડભાણ પહોંચી ગયો. સાથીદારોને સંકેતમાં સમજાવી દીધા કે, મધ્યરાત્રીએ ઘોડશાળ ઉપર ધાડ પાડવી. સૌ તે પ્રમાણે તૈયાર થઈ ગયા.

તે રાત્રે યજ્ઞનો અને ભોજનનો કાર્યક્રમ પૂરો થયો અને સૌ હરિભક્તો પોતાને ઉતારે ગયા. સંતો પણ વૃક્ષ નીચે તેમના ઉતારે આવી ભજન કરવા લાગ્યા. ધીરે ધીરે રાત્રિનું ઘાટું અંધારું પૃથ્વી ઉપર પથરાઈ ગયું. સર્વત્ર નીરવતા છાઈ રહી. ફક્ત ચોકીપહેરામાં ગોઠવાયેલા કામઠીઓ તથા કાઠી અસવારોના ઘોડાના ડાબલાના અવાજ અને 'જાગો... જાગો...', 'ખબરદાર...ખબરદાર...' એવા શબ્દો સંભળાતા હતા. લોકોને નિદ્રાનું સંપૂર્ણ ધારણ વળી ગયું હતું. તે વખતે જોબન અને તેના સાથીઓ ઘોડશાળમાં આવ્યા. તેમના હાથમાં ઉઘાડી તલવારો હતી. જેથી ખીલેથી ઘોડાઓને છોડવાની માથાકૂટ કરવી ન પડે. તલવારથી જ દોરડાં કાપી નાંખવાં. આવા સંકેતો કરી હોંશભેર તેઓ ઘોડશાળમાં પ્રવેશ્યા, પણ આ શું ?! ત્યાં તો દિવ્ય પ્રકાશ જોયો ! તે પ્રકાશમાં ત્રણ છોગલાધારી ભગવાન શ્રીહરિના દર્શન થયાં ! શ્રીજીમહારાજ રોઝા ઘોડાને ઘાસ ખવડાવતા હતા. થોડીવાર સંતાઈ જઈ બીજા ઘોડા પાસે ગયા તો ત્યાં જરિયાની વસ્ત્રો ધારણ કરી ભગવાન શ્રીહરિ ઘોડાને પાવરો ચડાવતા હતા ! આવું જોઈ આંખો ચોળીને પોતાના જ શરીરે

ચીટીયો ભર્યો ત્યારે ખબર પડી કે આ સ્વપ્ન નથી જોઈ રહ્યો, પણ જાગ્રતમાં જ છું.

'આજે સ્વામિનારાયણ ઘોડાઓને ખવડાવવા જાતે જ આવ્યા હશે, માટે કાલે આવીશું. ચાલો આજુબાજુની કોતરોમાં સંતાઈ જઈએ.' આવો આંખના અને હાથના ઈશારાથી સંકેત કરી જતા રહ્યા. બીજા દિવસની રાત્રે આવ્યા. ત્યાં તો સોનેરી શણગારમાં ભગવાન શ્રીહરિ કોઈને ચંદી નીરતા હતા, તો વળી કોઈને ત્રો ત્રો કરતા પાણી પાતા હતા. તે દિવસે પણ જતા રહ્યા ને ત્રીજી રાત્રિએ આવીને જોયું ત્યારે જોબનપગી આશ્ચર્ય પામી ગયા ! ઘોડે ઘોડે ઘનશ્યામ દીઠાં ! એકસાથે આટલાં બધાં સ્વરૂપો ! દરેક ઘોડાની પાસે સ્વામિનારાયણ ! આ હું શું જોઈ રહ્યો છું ?

**ત્રણ દિવસના ભૂખ્યા-તરસ્યા, નયણે નિદ્રા નવ કરી; આવીને જુએ જ્યાં અશ્વને, ત્યાં ઘોડે ઘોડે દીઠા હરિ.૧૩**
**પછી પ્રભુને પાયે લાગ્યા, કહે દયા કરજ્યો દયાળ; જ્યાંથી ગુના છૂટીએ, ત્યાં કર્યા ગુના કૃપાળ.૧૪**

(શ્રી ભક્તચિંતામણી : પ્રકરણ - ૫૯)

ત્રણ દિવસ સુધી ભૂખ્યા રહીને ત્રણ રાત્રિ સતત પ્રયત્નો કર્યા, પણ ન તો રોઝા ઘોડાને ચોરી શક્યા કે ન તો કાઠીઓના ઘોડાને ચોરી શક્યા ! પોતાને ચોરી કરવામાં નિષ્ફળતા મળી તેથી જોબનપગી નિરાશ થઈ ગયો અને ઘોડે ઘોડે ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન થયાં તેથી આશ્ચર્ય પામી ગયો. તેના કારણે અંતરમાં યુદ્ધ શરૂ થયું : ''મુક્તાનંદ સ્વામીએ કહ્યું તે શું ખરેખર સાચું છે ? સાચે જ સ્વામિનારાયણ ભગવાન જ છે, નહિતર આટલાં બધાં રૂપો કેવી રીતે લઈ શકે ? સવાર પડે ને જલ્દી પ્રભુ પાસે જાઉં અને માફી માગી એનો ભક્ત બની જાઉં.''

મનોમન આવું નક્કી કરીને સવારની રાહ જોતો ગામની સીમની કોતરોમાં જઈ શરીર લંબાવી આમ-તેમ જમણાં-ડાબાં પડખાં ફર્યા કરે છે, પણ ઊંઘ આવતી નથી. વિચારોનો ધોધ શરૂ થઈ ગયો છે. પસ્તાવાનું પૂર આવ્યું છે. રાત્રિ લાંબી લાગવા માંડી છે. ક્યારે સવાર પડે ને ભગવાન સ્વામિનારાયણ પાસે જઈ તેમના પગ પકડી માફી માગી એમનો આશ્રિત બની જાઉં અને જન્મોજન્મનાં પાપ ધોઈ નાખું.

આવા પૂર્ણ પસ્તાવા સાથેના વિચારો કરતાં કરતાં સવાર થયું ને ઝટપટ તૈયાર થઈ ભગવાન શ્રીહરિને શરણે થવા જોબનપગી નીકળી પડ્યો. સભામંડપમાં આવીને જોયું તો હજારો હરિભક્તો એકાગ્ર બની શાંતિથી બેઠા છે. દૂર સભામંચ ઉપર, જેમને જરિયાન વસ્ત્રો પહેરી દરેક ઘોડા પાસે દેખ્યા હતા તે જ સ્વરૂપ જોબનપગીએ બિરાજમાન જોયું. શ્રીજીમહારાજની પણ તેના ઉપર દૃષ્ટિ પડી.

### • જોબનપગી ભગવાન શ્રીહરિને શરણે આવે છે :



ભગવાન શ્રીહરિએ તરત જ નાનાભાઈને કહ્યું : ''નાનાભાઈ! જુઓ, સભાની પાછળ વડતાલના જોબનપગી અને તેમના સાથીઓ અમારા દર્શનની રાહ જોઈને ક્યારનાય ઊભા છે, તેથી જઈને તેમને અમારી સમીપ બોલાવી લાવો.''

જોબનપગીનું નામ સાંભળી નાનાભાઈ ચમક્યા ! ચોર અને લૂંટારાનો સરદાર અહીં ક્યાંથી ? આ વળી ઉપાધિ ક્યાંથી આવી? પરંતુ ભગવાન શ્રીહરિની આજ્ઞા હતી તેથી તેમની પાસે જઈ તેમને સભામાં આગળ લઈ આવ્યા.

ભગવાન શ્રીહરિની સમીપમાં જઈ જોબનપગીએ પોતાના હથિયારો મહારાજ પાસે મૂકી દીધાં અને ગદ્‌ગદ કંઠે મહારાજની પ્રાર્થના કરી :

**'મુક્તાનંદે મને સાક્ષાત, કહી સત્સંગની ઘણી વાત; તેથી હું આપનો દાસ થયો, કાંઈ સંશય તો રહી ગયો.**
**ઘોડા ચોરી લેવાને હું જાતે, આંહી આવ્યો હતો કાલ રાતે; પણ જ્યાં જ્યાં જઈ ઘોડું ભાળ્યું, ત્યાં ત્યાં રૂપ તમારું નિહાળ્યું.**
**થયો નિશ્ચય તેથી તમારો, અપરાધ ક્ષમા કરો મારો; તમે ભક્તવત્સલ ભગવાન, દીનબંધુ દયાના નિધાન.**
**હું તો કુળહીન કુટીલ કુપાત્ર, પ્રભુ મારી મતિ કોણમાત્ર; આવી તીર્થમાં પાપ આદર્યું; તે તો કામ ન કરવાનું કર્યું.**
**દીનબંધુ દયા કરો આપ, મટે તો તે મારું મહાપાપ; ધર્મનંદને ધીરજ દીધી, તેનાં પાપ તણી ક્ષમા કીધી.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૧૧)

"મહારાજ ! જ્યાં ગુનાઓનું પાપ છૂટે ત્યાં જ અમે પાપ કરવાનાં કાળાં કામો કર્યાં, પણ અમારી મુરાદ બર આવી નહીં."

સભા સર્વે જોબનપગીની આ વાત સાંભળી સ્તબ્ધ થઈ ગઈ ! આટલા બધા રક્ષકો, કાઠીઓ, કામઠીવાળા છતાં જોબન અહીં કેવી રીતે પેસી શક્યો !

જોબનની આંખમાં આંસુ હતાં. તેણે કહ્યું : "મહારાજ ! તમારો રોઝો ઘોડો અને કાઠીઓની પાણીદાર ઘોડીઓ ચોરવા અમે ત્રણ-ત્રણ રાતના ઉજાગરા કર્યા, ઘોડશાળમાં ફર્યા પણ દરેક ઘોડી આગળ આપની મૂર્તિ દેખાણી. આમ, લાગટ ત્રણ દિવસ બન્યું. એટલે અમારી સાન ઠેકાણે આવી. અમને લાગ્યું કે આપ ભગવાન છો. જો કે અહીં બિરાજેલા આ મુક્તાનંદ સ્વામીએ મને વડતાલમાં કહ્યું હતું કે, આપ સ્વયં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છો, પણ મને અંતરમાં મનાયું ન હતું, પરંતુ હવે તો મને પાકી ખાતરી થઈ ગઈ છે કે આપ ભગવાન જ છો."

વાત કરતાં કરતાં જોબનપગીની બંને આંખોમાંથી આંસુઓની ધારા વહેતી હતી. પાપના પશ્ચાત્તાપથી અંતરના આંસુ બહાર આવતાં હતાં. ભગવાન શ્રીહરિ મંદહાસ્ય કરતા સિંહાસન પરથી ઊભા થયા ને જોબનપગીના માથા ઉપર આશીર્વાદનો હાથ મૂકીને કહ્યું : "જોબન ! તમે હૃદયના પસ્તાવા સાથે અમારે શરણે આવ્યા છો, તેથી અમો, તમારાં અત્યાર સુધીના તમામ પાપ માફ કરીએ છીએ. આજથી પાંચ વર્તમાનનું પાલન કરજો. ક્યારેય પણ ચોરી કે લૂંટફાટ કરશો નહિ... અમે વર્ણીવેશે તમારે ઘેર આવીને જમી ગયા હતા. તમારા ભાઈ સુંદર પગીને ત્યાં પણ ગયા હતા. તમારામાં સંસ્કાર છે, મુમુક્ષુતા પણ છે, પરંતુ કુસંગ અને સંયોગોએ તમારી તામસી વૃત્તિને બહેલાવી દીધી હતી. આજે હવે તમારા એ જીવનનો અંત આવે છે. જોબન વડતાલો જે ડાકુ હતો તે આજે મૃત્યુ પામે છે અને જોબન ભક્ત જન્મે છે."

જોબન લૂંટારાનું આ પરિવર્તન, સભામાં બેઠેલા હજારો હરિભક્તો સ્તબ્ધ બનીને જોઈ રહ્યા. જેના નામની હાક વાગતી, જેણે ત્રાસ વર્તાવવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું તે ભયંકર ધાડુપાડુએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું શરણ લીધું ! એના અંતરના કમાડ ઊઘડી ગયાં !

શ્રીજીમહારાજ તેની સામે કરુણાર્દ્ર દૃષ્ટિથી જોઈ રહ્યા. મહારાજે તેને કહ્યું : "જોબન ! તમે શરણે આવ્યા એટલે અમને આનંદ થયો, પરંતુ તમારો આ ધંધો, તમારો સ્વભાવ બધું જ છોડી દેશો તો જ અમે તમને અપનાવીશું. ધર્મ એ ન્યાત, જાત કે ઊંચ-નીચની ગણના કરવાનો કોઈ વાડો નથી, પરંતુ માનવીના હૃદયને શુદ્ધ કરી તેને ઉન્નત કરવાનું એક સાધન છે. તમે આજે કંઠી પહેરો અને કાલથી તમારા ધંધા ચાલુ રાખો તો ધર્મ તમને કાંઈ સહાય નહીં કરી શકે."

જોબનપગી ભગવાન શ્રીહરિની આ મધુર વાણી સાંભળતો હતો. તેની આંખ સામે તેણે અત્યાર સુધીના જીવનમાં કરેલા કાળા કૃત્યોની ઝાંખી થવા લાગી. તેને ધ્રૂજારી છૂટી ગઈ ! તે શ્રીજીમહારાજના ચરણોમાં પડી ગયો. ચરણ પકડીને તેણે પ્રાર્થના કરી : "હે પ્રભુ ! આપની જે આજ્ઞા હશે તે પ્રમાણે જ કરીશ. હવે બધું જ છોડ્યું. આપના ચરણમાં આ માથું મૂકી દીધું. આજે ઉગરવાનો વખત આવ્યો છે. તો મહારાજ ! હવે આ પતિતની, અધમની આપ રક્ષા કરો, મને શરણે લ્યો."

ભગવાન શ્રીહરિએ જાણ્યું કે જોબનનું અંતર બોલતું હતું, તેની વાણીમાં પરિતાપ હતો. શ્રીજીમહારાજે તરત જ જોબનનો હાથ પકડ્યો. તેમાં જળ મૂક્યું. મંત્ર આપ્યો અને પંચ વર્તમાન ધરાવ્યા. જોબન મહારાજની કરુણાથી કૃતકૃત્ય થઈ ગયો ! તેના સાથીઓએ પણ એક પછી એક આ વ્રત લીધા. મહારાજે તેમને કહ્યું : "સાંભળો જોબન ! આજથી દારૂ, માટી, ચોરી અને વ્યભિચારનો ત્યાગ કરવો, કોઈને વટલાવવા નહીં અને તમારે પણ વટલાવું નહીં."

જોબનને લાગ્યું કે આ શ્રીહરિની કેટલી કરુણા ! આ પાંચ વર્તમાનના પાલનથી જ જો જીવનનું શુદ્ધિકરણ થઈ પરમાત્માના સ્વરૂપને અંતરમાં પ્રગટ કરવાની સાધનાની સિદ્ધિ થાય છે તો તે સાધન શરૂ કરી જ દેવું. મોટા મોટા ઋષિમુનિઓ તેમના હજારો વર્ષોના તપથી પણ જે સિદ્ધ ન કરી શક્યા, તે સિદ્ધિ ભગવાન શ્રીહરિની આજ્ઞાથી આ અલ્પ સાધનાથી થઈ શકે તે કેટલી કરુણા ! કેટલી દયા !

**'મહા ચરોતરની મોઝાર, ચોર ચોર તણો સરદાર; જોબન પગીની વાગે હાંક, તેને ચરણ લઈ કરીયો પાક.'**

- માધવતીર્થ

## • ભગવાન શ્રીહરિ વડતાલમાં જોબનપગીને તેની મેડીએ દર્શન આપે છે :

ભગવાન શ્રીહરિને આ ડભાણ યજ્ઞમાં વડતાલથી આવેલા બાપુભાઈ, રણછોડદાસ, નારાયણગિરિ તેમજ ભગવાન શ્રીહરિને શરણે થયેલા ભક્તરાજ જોબનપગી તથા વાસણ સુથાર વગેરે ભક્તોનું આમંત્રણ હતું : "મહારાજ ! વડતાલ પધારો. આ યજ્ઞ તો

આપે ધામધૂમથી કર્યો પરંતુ અમારા અંતરમાં પણ યોગયજ્ઞ અને જ્ઞાનયજ્ઞની પ્રક્રિયા ચાલુ રહે અને આપની મૂર્તિનું અખંડ સુખ આવે એટલે આપના દર્શન, સમાગમ અને સેવાની અપેક્ષા રહે છે.''



ભગવાન શ્રીહરિએ તેમનું આમંત્રણ સ્વીકાર્યું. એટલે તેઓ ખૂબ જ રાજી થઈ ગયા. ભગવાન શ્રીહરિની સેવા કરવાના, સત્સંગ કરવાના અનેક મનોરથો સેવતાં તેઓ વડતાલનો માર્ગ લીધો. જોબનને તો શ્રીહરિએ પોતાના દિવ્ય સ્વરૂપનો અનુભવ સતત ત્રણ દિવસ કરાવ્યો હતો. તે અનુભવથી તેના અંતરની કાળાશ નાશ થઈ ગઈ હતી. શ્રીહરિ સાક્ષાત્ પરમાત્મા છે એવી પ્રતીતિ પણ થઈ હતી અને મહારાજનું શરણું પણ ગ્રહણ કરી લીધું હતું. છતાં રસ્તે ચાલતાં તેના અંતરમાં સંકલ્પો થવા લાગ્યા : ''શ્રીહરિ ભગવાન જરૂર છે. મારા કાળાં કામો છોડાવી મને તેમણે માણસ બનાવો છે. હવે મારે તેમના ભક્ત બનવું છે, પરંતુ એક સંકલ્પ છે. હું વડતાલ પહોંચું અને મહારાજ મારી મેડીની બારીએ બેઠા હોય તેવાં દર્શન થાય.'' જોબનપગીના અંતરમાં આ સંકલ્પે જોર પકડ્યું.

મનુષ્યને ભગવાનના સ્વરૂપનો કાં યોગથી અનુભવ થાય, કાં જ્ઞાનના સાક્ષાત્કારથી અનુભવ થાય, કાં વિશ્વાસથી અનુભવ થાય. જોબનપગીને એવો વિશ્વાસ હતો. યોગ અને જ્ઞાનની વાત તેના અંગની ન હતી, કારણ કે તે મૂઢ હતો. એ મૂઢપણાનો વિશ્વાસ દૃઢ કરવા તે આવા સંકલ્પો કરતો હતો. ભગવાન શ્રીહરિને પણ તેનું રૂપાંતર કરવું હતું.

સંઘ વડતાલ પહોંચ્યો. સૌ પોતપોતાના સ્થાને ગયા. જોબનપગીએ પણ પોતાના ઘર તરફ વળતી શેરીમાં પ્રવેશ કર્યો અને ઘરની બારી સામું જોયું. ત્યાં તેણે સફેદ વસ્ત્રમાં શોભતા ભગવાન શ્રીહરિને દીઠા. આ દર્શનથી જ તેના રોમાંચ ખડા થઈ ગયા ! અંતર હર્ષથી પુલકિત થઈ ગયું અને આંખમાં આંસુ આવી ગયાં. તેને મનમાં થયું : ''હે મહારાજ ! આ ક્રૂર, ડાકુ, ઘાતકીનાં શાં ભાગ્ય કે આપ ક્ષણે ક્ષણે પ્રગટ થઈ તેને દર્શન દો છો !''

જોબનપગીનું પરિવર્તન તો થઈ ગયું હતું પરંતુ આ દર્શનથી તે સંપૂર્ણ થઈ ગયું.

ભગવાન શ્રીહરિ ડભાણથી નીકળતા હતા તે વખતે તે સમયની ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ નીમેલા અંગ્રેજ અમલદાર મિ. એરણ તેની સાથે બીજા ચાર અંગ્રેજ અમલદારો લઈને ડભાણ આવ્યા હતા. શ્રીહરિ તે વખતે નીકળવાની તૈયારીમાં હતા. શણગારેલા રોઝા ઘોડાની સરક હાથમાં પકડીને નાજા જોગિયા ઊભા હતા. મહારાજે સુંદર જરિયાની વસ્ત્રો ધારણ કર્યાં હતાં. અંગ ઉપર આભૂષણો પણ ધારણ કર્યા હતાં અને માથે સોનેરી તારથી વણેલી પાઘ પહેરી હતી. મહારાજની મૂર્તિ અતિ શોભાયમાન દીસતી હતી.

### ● ભગવાન શ્રીહરિના મિ. એરણ સાહેબ દર્શન કરે છે :

મિ. એરણ ભગવાન શ્રીહરિ પાસે આવ્યા અને માથેથી ટોપો ઉતારી હાથમાં લઈ મહારાજને નમસ્કાર કર્યા. તેની સાથેના અંગ્રેજ અમલદારોએ પણ એ રીતે નમસ્કાર કર્યા. પછી પોતાની ઓળખાણ આપી અને શ્રીહરિના આશીર્વાદની યાચના કરી. ગુજરાત અને સૌરાષ્ટ્રની કાયાપલટ કરનાર આ પુરુષના દર્શનની તેમને ઘણા સમયથી મહેચ્છા હતી. તે આજે પૂરી થઈ. શ્રીહરિ તેમને આશીર્વાદ આપી રોઝા ઉપર સવાર થયા, અને વડતાલને રસ્તે ઘોડો દોડાવ્યો.

થોડીવારે ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. વડતાલના વાસીઓનાં અંતર આનંદ અને ઉત્સાહથી સભર બની ગયાં. શ્રીહરિએ નારાયણગિરિને બોલાવ્યા અને કાઠીઓના ઉતારા માટે વ્યવસ્થા કરવાનું કહ્યું. તેમણે તરત જ તમામ કાઠી ભક્તોને પોતાના મઠની જગ્યામાં ઉતારો આપ્યો. તેમના ઘોડાઓ માટે ઘાસ અને ચંદીની વ્યવસ્થા કરી દીધી. સંતો પણ જ્યાં જ્યાં અનુકૂળતા હતી ત્યાં ઊતર્યા. મુક્તાનંદ સ્વામીએ વડતાલની આજુબાજુના ગામોમાં સત્સંગ કરાવ્યો હતો એટલે ભગવાન શ્રીહરિ વડતાલ છે તે જાણી આજુબાજુના ગામોના હરિભક્તો પણ દિવ્ય સત્સંગનો, મહારાજના દર્શન અને સેવાનો લાભ લેવા આવી ગયા.

ભગવાન શ્રીહરિ ડભાણમાં હરિભક્તોનો મોટો સમૂહ જોયો. સૌને પોતાના પ્રત્યે પ્રેમ હતો, ભાવ હતો, ભક્તિ હતી, પરંતુ

પોતાના સ્વરૂપનો જેવો સમજવો જોઈએ તેવો મહિમા કોઈ સમજ્યા ન હતા. મહારાજ પણ ધીરજ રાખી પોતાના સ્વરૂપને ઢાંકીને વર્તતા હતા, પરંતુ પોતાના સ્વરૂપની યથાર્થ ઓળખાણ ન થાય તો પ્રાપ્તિમાં પણ ફેર પડી જાય. અહીં પણ હરિભક્તોનો સમૂહ આવ્યો હતો. સાધુઓ પણ હતા. નારાયણગિરિ તથા તેમના ભાઈ પ્રભાતગિરિ પણ સત્સંગી થયા હતા. તેથી ધીરે ધીરે પોતાના સ્વરૂપની વાત કરવાનો ભગવાન શ્રીહરિએ નિશ્ચય કર્યો.

### • ભગવાન શ્રીહરિએ પ્રભાતગિરિને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું :

ભગવાન શ્રીહરિ ગોમતીકાંઠે સભામાં બિરાજમાન થયા હતા. ત્યાં નારાયણગિરિ અને પ્રભાતગિરિ બંને આવ્યા. મહારાજે તેમને પોતાની પાસે બેસાર્યા. પછી પ્રભાતગિરિએ કહ્યું : "મહારાજ ! જોબન તો તમારા મહિમાની બહુ વાતો કરે છે !"

તે સાંભળી શ્રીહરિએ પૂછ્યું : "કેવી વાતો કરે છે ?"

એટલે પ્રભાતગિરિએ કહ્યું : "તે તો કહે છે કે મહારાજે સ્વયં મને કહ્યું છે કે અમે તો સર્વ અવતારના કારણ અવતારી છીએ, અમે બ્રહ્માંડથી પાર જે અક્ષરધામ ત્યાંથી આવ્યા છીએ અને અનેક જીવોના કલ્યાણ કરીને અક્ષરધામમાં લઈ જવા છે. વળી, સર્વે અવતારો અમારી ભેગા સાધુ થઈને રહ્યા છે અને અમારું ભજન કરે છે."

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૩૮ના આધારે..)

આ સાંભળી ભગવાન શ્રીહરિ મંદ મંદ હસતા કહ્યું : "તમને વાત મનાણી ?"

ત્યારે તે બંને શ્રીહરિ સામું જોઈ રહ્યા. સભામાં બેઠેલા સંતો પણ ભગવાન શ્રીહરિના સ્વરૂપની આ વાત સાંભળી આશ્ચર્યવત્ મહારાજ સામે જોઈ રહ્યા ! સંતોને લાગ્યું કે બીજા અવતારોની જેમ મહારાજનો પણ આ અવતાર છે એવી તેમની સમજણ ભૂલ ભરેલી હતી. મહારાજ સભામાં પોતાનું સ્વરૂપ સમજાવવા તત્પર હતા તેમ સૌને લાગ્યું. નારાયણગિરિએ કહ્યું : "મહારાજ ! અમે તો બાવા કહેવાઈએ, 'નમો નારાયણ' બોલી જાણીએ પણ નારાયણ કેવા હોય, કેવો તેમનો મહિમા, ઐશ્વર્ય-પ્રતાપ હોય તેવું કાંઈ જાણીએ નહીં; પરંતુ આપનો પ્રતાપ જોઈ અમને નિશ્ચય થયો છે કે તે નારાયણ આપ છો."

ભગવાન શ્રીહરિને લાગ્યું કે પોતાના સર્વોપરી સ્વરૂપની વાત જીરવી શકે તેવી ભક્તોના અંતરમાં દૃઢતા થાય પછી પોતાનું યથાર્થ સ્વરૂપ ઓળખાવવું.

પછી શ્રીહરિએ સભાને સંબોધીને કહ્યું : "દેહરૂપ પોતાને માનીને પરમેશ્વરને ભજે તો અહંગ્રંથિ વૃદ્ધિ પામે છે, પોતાની મોટપ મનાય છે. આ પ્રકારના ભાવમાં પોતાના દોષ ઓળખાય નહીં, પરંતુ જો આત્મરૂપ થઈ અંતર્વૃત્તિ રાખી પરમેશ્વરનું ભજન કરે, તો પોતાના ગુણ અને દોષ બંને ઓળખાશે, કોઈ વાતની ખોટ રહેશે નહીં અને શુદ્ધ એકાંતિક ભાવ પામશે." એટલું કહીને શ્રીહરિ સભામાંથી ઊભા થયા.

ભગવાન શ્રીહરિ વડતાલમાં બે દિવસ રોકાઈને ત્યાંથી તખા પગીના આમંત્રણથી બામરોલી પધાર્યા. પછી મહુડીયાપરા થઈને નડિયાદ થઈને શ્રીહરિ જેતલપુર પધાર્યા.

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ હરિજયંતી-એકાદશી-પૂનમના ઉત્સવો ઉજવ્યાં
## સં. ૧૮૬૭ (ઈ.સ. ૧૮૧૧)

સં. ૧૮૬૭માં કરિયાણામાં ભગવાન શ્રીહરિ ફૂલદોલનો ઉત્સવ ધામધૂમપૂર્વક ઉજવ્યો. ત્યાંથી ઝીંઝાવદર, લોયા પધાર્યા. ત્યાં થોડા દિવસ રહી શાંતાબા અને સુરાખાચરના મનોરથ પૂરા કર્યા. પછી ત્યાંથી હરિજયંતીનો ઉત્સવ વડતાલમાં કરવા માટે નીકળવાની તૈયારી કરી. શ્રીહરિએ સૌ સંતો-હરિભક્તોને વડતાલ હરિજયંતીના સમૈયે આવવા માટે પત્રો પણ ત્યાંથી જ લખી દીધા હતા. પોતે પણ લોયાથી સૌ કાઠી ભક્તો તથા અન્ય ભક્તોને સાથે લઈને નીકળ્યા.

**સૂતાં બેસતાં સરવે કાળ, વાલો સંભારે છે વરતાલ;**
**જેમ ઘરને સંભારે પ્રવાસી, એમ વરતાલને અવિનાશી...૦૩**
**દીઠાં વરતાલનાં ઝાડ જ્યારે, બહુ રાજી થયા પ્રભુ ત્યારે;**
**નારાયણગરના મઠ માંય, ઉતર્યા વાલો આવીને ત્યાંય...૦૪**

(શ્રીહરિલીલામૃત : ૭/૨૩)


થોડા દિવસે ભગવાન શ્રીહરિ રસ્તામાં હરિભક્તોને પોતાના સ્વરૂપનું સુખ આપતાં આપતાં વડતાલ પહોંચ્યા. ભગવાન શ્રીહરિ સૂતાં બેસતાં સર્વ કાળે વડતાલ યાદ કરતા. જેમ પ્રવાસી ઘરને સંભારે તેમ શ્રીહરિ વડતાલને સંભારતા. વડતાલના વૃક્ષો નિહાળી શ્રીહરિ રાજી થયા. અહીં નારાયણગિરિના મઠમાં શ્રીહરિએ ઉતારો કર્યો.

જોબનપગીના આ સાગરીતના મઠમાં અત્યાર સુધી લૂંટનો માલ સંઘરાતો. હોકા, ચલમ, ગાંજો ફૂંકાતા; અફીણ ઘોળાતાં. દેવસ્થાનને નારાયણગિરિએ જોબનના પ્રસંગથી ડાયરામાં ફેરવી દીધું હતું; પરંતુ જોબનનું પરિવર્તન થઈ ગયું, તે ભગવાન શ્રીહરિનો ભક્ત બની ગયો. અને નારાયણગિરિને પણ સત્સંગનો રંગ લાગ્યો હતો. હોકા અને ચલમું ફોડી નાખ્યાં, ગાંજા અને અફીણને જાકારો દીધો. ડાયરાની રંગત હવે ભજનમાં માણવા લાગ્યા. શ્રીહરિ પધાર્યા અને નારાયણગિરિ સેવામાં તત્પર બની ગયા. હજુ તો સત્સંગ થયાને એક વરસ જ થયું હતું ત્યાં જ મહારાજ કૃપા કરીને પોતાના મઠને ઘર માનીને તેમાં ઊતર્યા એટલે નારાયણગિરિ કૃતકૃત્ય થઈ ગયા ! ભગવાન શ્રીહરિના દર્શન કરી વડતાલ વાસીઓ આનંદ પામ્યા. શ્રીહરિ દૈવી જીવોને જ્ઞાનદાન કરે. બ્રહ્માનંદની હેલી થતી. સૌના હૃદયમાં રંગરેલી થતી.

**રામનવમીનો ઉત્સવ કીધો, લાવો સૌ સતસંગીએ લીધો;**
**એ જ એકાદશી પૂર્ણમાસી, કરી વરતાલમાં અવિનાશી...૦૭**

(શ્રીહરિલીલામૃત : ૭/૨૩)

ભગવાન શ્રીહરિએ વડતાલમાં હરિજયંતી, એકાદશી અને પૂનમના ઉત્સવો કર્યા. દૂર દેશાવરથી લાંબો પંથ કરીને આવેલા હરિભક્તોને ફક્ત એક દિવસ ઉત્સવ કરી રજા દેવી તે તેમને ઠીક ન લાગ્યું. તેથી સૌને પૂનમ સુધી રોક્યા. હરિભક્તોએ પણ દર્શનનું, સેવાનું અને કથાવાર્તાનું સુખ લીધું. મહારાજના દર્શન હરિભક્તોને નિત્ય નવીન લાગતાં. મહારાજની વાતોમાં પણ રોજ કાંઈને કાંઈ નવું રહસ્ય સાંભળતા મળતું. આ વાતો કેવળ જ્ઞાનની ન હતી પરંતુ જે જ્ઞાનથી મોક્ષ થાય તેવી સાધનાની, સ્વરૂપનિષ્ઠાની વાતો હતી.



એકવખત મહારાજે સભામાં સૌ સંતોને કહ્યું : "અમે તમને છેલ્લા કેટલાક વખતથી અમારા સ્વરૂપની વાતો કરીએ છીએ. એટલે અમારા સ્વરૂપની જે પ્રકારે દૃઢતા તમે કરી હોય તે પ્રમાણે

સૌ કહો.'' ત્યારે કોઈ કાંઈ બોલ્યા નહીં. તેથી મહારાજે કહ્યું : ''તમે સૌ એકાંતમાં જઈ અમારા સ્વરૂપની જે રીતે દૃઢતા કરી હોય તે વિચાર કરીને અમને કહો.''

ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે સૌ એકાંતમાં ગયા. પોતાના મનમાં બહુ વિચાર કર્યો. મહારાજે જે જે વાતો કરી હતી તે સંભારી અને છેવટે નિર્ણય કરી સૌ આવ્યા. કોઈકે કહ્યું : ''મહારાજ ! અમે તો આપને મોટાપુરુષ સમજીએ છીએ.'' વળી, કોઈકે અવતારો જેવું ભગવાન શ્રીહરિનું સ્વરૂપ છે એવું કહ્યું.

આ સાંભળી મહારાજે કહ્યું : ''આ નાના સાધુ નિત્યાનંદ અમારું સ્વરૂપ જેવું છે તેવું સમજે છે. અમારી વાતોનું રહસ્ય એમને બરાબર સમજાયું છે.''

એટલે સર્વે સંતોએ નિત્યાનંદ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! તમે કેમ સમજો છો ?''

ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : ''તમે મહારાજને બીજા અવતારો જેવા કહ્યા પરંતુ મહારાજ તો સર્વ અવતારોના અવતારી પુરુષોત્તમ નારાયણ છે.''

નિત્યાનંદ સ્વામીની આ વાત સાંભળીને સૌને આશ્ચર્ય થયું ! પછી સૌએ નક્કી કર્યું કે ''સ્વામી ડાહ્યા છે, વિદ્વાન છે અને વળી મહારાજે પણ તેમની સમજણ વખાણી છે તો આપણે સૌએ તેમની સમજણ પ્રમાણે મહારાજને પુરુષોત્તમ નારાયણ સમજવા.''

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૩૩ના આધારે..)

નારાયણગિરિએ આ ઉત્સવોમાં ખર્ચ કરવામાં પાછું વાળીને જોયું નહીં. તેથી જોબનપગીએ હસતાં હસતાં કહ્યું : ''હવે જોબન દૂઝશે નહીં.''

આ સાંભળી નારાયણગિરિએ કહ્યું : ''જોબન નહીં દૂઝે એ તો બરોબર પણ જોબનના સંબંધે મહારાજ તો દૂઝે છે ને ! તેમને રાજી કરવા વાપરીએ છીએ એટલે પૂરવાનું તેમને જ રહેશે.''

ભગવાન શ્રીહરિ આ સાંભળી બોલ્યા : ''ભગવાન અને તેમના ભક્તને અર્થે જ વાપરે તેમાં ખોટ આવે જ નહીં.''

**પછી ચાલવા કીધી તૈયારી, ત્યારે વિનતિ કરે નરનારી; વાલા આંહિ સદાકાળ વસો, કદી દૃષ્ટિથી દૂર ન ખસો...૦૮**
**કરો આ સ્થળે આપનું ધામ, સરવોપરિ સુંદરશ્યામ; એમ સૌને સ્નેહાતુર જાણી, વૃષનંદન બોલિયા વાણી...૦૯**
**તમે સૌ જન ધીરજ ધારો, વળી વિશ્વાસ રાખો અમારો; મોટું ધામ આ ઠામ કરીશ, સર્વ ધામમાં મુખ્ય ગણીશ...૧૦**

(શ્રીહરિલીલામૃત : ૭/૨૩)

ભગવાન શ્રીહરિ સમૈયો પૂર્ણ કરી ચાલવા તૈયાર થયા ત્યારે વડતાલવાસી જનોએ વિનંતી કરી કે, ''હે મહારાજ ! સદાકાળ અહીં નિવાસ કરો.'' ત્યારે શ્રીહરિએ કહ્યું : ''તમે ધીરજ ધારો. હું અહીં મારું ધામ રચીશ.''

●●●

# વડતાલમાં જોબનપગીની મેડી અક્ષરધામ તુલ્ય બની ગઈ
## સં. ૧૮૬૮ (ઈ.સ. ૧૮૧૨)



સં. ૧૮૬૮માં ભગવાન શ્રીહરિએ બુધેજમાં અન્નકૂટ ઉત્સવ કર્યો. પછી ત્યાંથી શ્રીહરિએ વૌઠામાં કાર્તિકી પૂનમનો ઉત્સવ ઉજવ્યો. આ ઉત્સવમાં ભક્તિનો ભાવ જોઈ ઉત્સવની મહત્તા મેળામાં આવેલા જનસમુદાયને સમજાણી. લોકના મેળામાં અને સ્વામિનારાયણ ભગવાનના સમૈયામાં શું ફેર છે તે હકીકતની સૌને અહીં ઝાંખી થઈ. વૌઠામાં મેળામાં આવેલ સમુદાયને આ સંપ્રદાયના ભક્તોમાં ધર્મ અને ભક્તિનું દર્શન થયું. ત્યાગીઓની નિર્મળ સાધુતાથી તેમનાં અંતર નિર્મળ થઈ ગયા.

ભગવાન શ્રીહરિ નીકળવાની તૈયારી કરતા હતા, એટલામાં ગામ ઈટોલાના જીજીભાઈ તેમનું ગાડું એકબાજુ ઊભું રાખી મહારાજના દર્શને આવ્યા. મહારાજને તેમણે દંડવત્ પ્રણામ કર્યા. મહારાજે પૂછ્યું : ''એકલા આવ્યા છો તો ગાડું શીદ લાવ્યા ?''

જીજીભાઈએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! ગાડામાં સંતો, હરિભક્તો માટે સીધાની સામગ્રી ભરીને લાવ્યો છું.''

ભગવાન શ્રીહરિ રાજી થઈ ગયા. પછી બળદ પાસે જઈને બંને બળદને માથે હાથ ફેરવ્યો અને બોલ્યા : ''બહુ સંસ્કારી પશુ છે.''

(ભગવાન શ્રીહરિ જીજીભાઈને ધામમાં તેડી જવા પધાર્યા ત્યારે બાપુભાઈના કહેવાથી જીજીભાઈને મહારાજ તેડી ન ગયા અને તેના આ બળદને મહારાજ ધામમાં તેડી ગયા હતા. - શ્રીભક્તચિંતામણિ : પ્ર.૧૫૦)

વૌઠાથી નીકળી ભગવાન શ્રીહરિ પૂંજેરા, ત્રાજ, માતર પધાર્યા. અહીંના હરિભક્ત કુંવરજી બારોટે મહારાજની સેવા કરી અને એક ભારે શેલું મહારાજને ભેટ ધર્યું. પછી ત્યાંથી શ્રીહરિ ડભાણ થઈને વડતાલ પધાર્યા.

વડતાલમાં ભગવાન શ્રીહરિ જોબનપગીની મેડીમાં ઊતર્યા. જોબનપગીના આનંદનો પાર ન રહ્યો. જે મેડીમાં ગામ ભાંગવાની, કંઈકના કાસળ કાઢી નાખવાની સંતલસો થતી હતી ત્યાં હવે અક્ષરાધામાધિપતિ પુરુષોત્તમનારાયણ પધાર્યા અને જીવના મોક્ષની, આત્યંતિક કલ્યાણની, એકાંતિક ધર્મ સિદ્ધ કરવાની વાતો થવા લાગી. શ્રીહરિ વાતવાતમાં પણ ઘણીવાર કહેતા જોબનની મેડી અક્ષરધામ તુલ્ય બની ગઈ !

### ● વડતાલમાં ભગવાન શ્રીહરિનું સંતોએ પૂજન કર્યું :

ભગવાન શ્રીહરિ સવારે જ્ઞાનબાગમાં પધાર્યા. અહીં સંતોના ઉતારા હતા. આંબા નીચે શ્રીહરિએ સભા કરી. દેશદેશના હરિભક્તોને લઈને સભામાં ભીડ ભારે થઈ હતી. નૃસિંહાનંદ સ્વામી તથા આત્માનંદ સ્વામી ચંદનના કટોરા લઈ મહારાજનું પૂજન કરવા આવ્યા, પરંતુ સખત ભીડને લઈને આત્માનંદ સ્વામી મહારાજ સુધી પહોંચી શક્યા નહીં. તેઓ હાથમાં ચંદન ભરેલો કટોરો લઈને ઘણીવાર સુધી એક જગ્યાએ ઊભા રહ્યા. મહારાજની તેમના ઉપર દૃષ્ટિ પડી એટલે તરત જ તેમને બોલાવ્યા. તેમની પાસેથી ચંદનનો કટોરો લઈને મહારાજે પોતાના અંગે તે ચંદન ચર્ચ્યું. પછી આત્માનંદ સ્વામીને મહારાજ ભેટ્યા, તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. આત્માનંદ સ્વામીને મહારાજની આ કૃપાથી અત્યંત આનંદ થયો, અંતરમાં શાંતિ થઈ ગઈ. આ સંતોને મહારાજ જ પોતાનું જીવન મનાયા હતા તેથી ગમે તે પ્રકારે મહારાજની સેવા કરી તે સંબંધની અખંડિતતા જાળવી રાખવી તેવા જ સંકલ્પો તેમના મનમાં રમ્યા કરતા. મહારાજ તેમના સંકલ્પો પૂરા કરતા.

### ● વડતાલમાં ભગવાન શ્રીહરિ પગી સ્ત્રીભક્તોની કળા જોઈ પ્રસન્ન થયા :

**ઉત્તરાભિમુખે જોઈ બારી, બેઠા તે માંહિ શ્રીગિરધારી; ચોકમાં પગિયો તણી નારી, લાગિ ગરબિયો ગાવાને સારી...૫૭**

**ફરતાં ઘડા હાથે ઉછાળે, તેમાં તાન લેતી તાળે તાળે; એક રાવળ ઢોલ વગાડે, તાલ લેવાની ચાલ દેખાડે...૫૮**
**નારીને પગે નેપુર ઝમકે, પગ માંડે લળી લળી ઠમકે; એવી રીતે રમી બહુ રાસ, જોઈ રાજી થયા અવિનાશ...૫૯**
**સૌને આપ્યાં પતાસાં સુપેર, ગઈ પોતપોતા તણે ઘેર; પછી પોઢિયા શ્રીપરમેશ, ઉઠ્યા ઉગતાં પ્રથમ દિનેશ...૬૦**

(શ્રીહરિલીલામૃત : ૭/૨૮)

પછી ભગવાન શ્રીહરિ જોબનપગીની મેડીએ પધાર્યા. અહીં આવી બારી પાસે બિરાજમાન થયા. નીચે ચોકમાં પગી લોકોની સ્ત્રીઓ રાસ લેવા લાગી. મહારાજના દર્શનથી તેમના અંતર આનંદના હિલોળે ચડ્યાં હતા. તેમણે હાથમાં માટીના ઘડા લીધા હતા. રાસમાં ફરતાં ફરતાં ઘડા અદ્ધર ઉછાળે, તે હાથમાં પાછા પડે, તે દરમ્યાન હાથની તાળી લે અને તરત જ ઉપરથી પડતા ઘડાને ઝીલે. આ રીતની રાસની તેમની અનોખી કળા, લળી લળીને તાળી લેવાની તેમની આવડત, સાથોસાથ ઘડાને ઝીલવાની તેમની ચાતુરી, ઢોલના શબ્દ સાથે પગનો ઠેકો, તેમાંથી ઉપડતો ઝાંઝરનો ઝમકારો - આ મેળ બધો તાલબદ્ધ થતો હતો. શ્રીહરિ મનમાં હસ્યા, અબુધ જાત ! પુરુષોને તલવાર અને તીરકામઠાં વીંઝતાં આવડે અને સ્ત્રીઓને રાસના તાલ લેતાં આવડે ! શ્રીહરિ તેમની આ કળા જોઈ ખૂબ પ્રસન્ન થયા. મહારાજે સૌને પતાસાંની પ્રસાદી વહેંચાવી.

બીજે દિવસે ભગવાન શ્રીહરિ નારાયણ બાગમાં જ્યાં સુરતનો સંઘ ઊતર્યો હતો ત્યાં તેમના આમંત્રણથી જમવા પધાર્યા. સુરતી ભક્તો પ્રસંગે પ્રસંગે આવો લાભ લઈ લેતા. શ્રીહરિને સુરતી રસોઈ જમાડી. પછી પૂજન કરી ભારે વસ્ત્રાભૂષણ ભેટ ધર્યાં. સુંદર સુરતી પાઘ બનાવીને લાવ્યા હતા તે પણ મહારાજને શિરે પહેરાવી. શ્રીહરિ તેમનો આ પ્રેમ જોઈ ખૂબ પ્રસન્ન થઈ ગયા.

## • વડતાલમાં ભગવાન શ્રીહરિએ ઘાટ-સંકલ્પોનો વિવેક બતાવ્યો :

જ્યાં બોરડીનું વન હતું અને વનવિચરણમાં અહીં આવી પ્રથમ જે સ્થાને પોતે બિરાજયા હતા, ત્યાં શ્રીહરિએ સાંજે સભા કરી. સંતો તથા હરિભક્તો પણ ત્યાં આવી ગયા. શ્રીહરિએ આ સભામાં મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! તમને કોઈ ઘાટ સંકલ્પ થાય છે ?"

સ્વામીએ કહ્યું : "મહારાજ ! ઘણા સંકલ્પો થાય છે."

તે સાંભળી શ્રીહરિએ સ્વામીને કહ્યું : "સ્વામી ! જાઓ તમે જુદા બેસો."

પછી બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! એકેય ઘાટ થતો નથી."

આ સાંભળી ભગવાન શ્રીહરિ હસ્યા અને કહ્યું : "સ્વામી ! વિચારીને બોલજો. નહિ તો જૂઠું બોલવાનું પાપ લાગશે."

એટલે બ્રહ્માનંદ સ્વામી વિચારમાં પડી ગયા. તે વિચારમાં જ તેમને અનેક સંકલ્પો થવા લાગ્યા. તેથી તરત જ કહ્યું : "મહારાજ! ઘણા સંકલ્પો થાય છે."

ત્યારે શ્રીહરિ કહે : "જાઓ, મુક્તાનંદ સ્વામી પાસે જઈને બેસો." એવી રીતે બધા સંતોને પૂછ્યું.

પછી ગૃહસ્થ હરિભક્તોનો વારો આવ્યો. ભગવાન શ્રીહરિએ પ્રથમ અલૈયાખાચરને પૂછ્યું. ત્યારે તેણે હાથમાં રેતીના કણ લઈને કહ્યું : "મહારાજ ! આટલા બધા ઘાટ થાય છે. તેમાં કેટલાક સારા અને કેટલાક ભૂંડા પણ થાય છે."

તે સાંભળી ભગવાન શ્રીહરિએ કહ્યું : "સાંભળો ! મનનો ધર્મ છે તે ઘાટ-સંકલ્પો થાય જ, પરંતુ સાચા સંતોનો સમાગમ થયો હોય તો તે ભગવાનની વાત કરે, વિષયખંડનની વાત કરે અને એ રીતે મનને પાછું વાળી દે. માટે મનને તો ભગવાનના સ્વરૂપમાં જ જોડી દેવું. કથા-કીર્તનરૂપી ભગવાનની મૂર્તિ કહેવાય. તેમાં મનને જોડી દેવું, પણ નવરું રહેવા દેવું નહીં."

આ પ્રસંગનું વર્ણન કરતાં 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :

**કહે વર્ણિ સુણો રુડા રાજ, મોટું મંદિર છે જહાં આજ; હતું બોરડીનું ઝાડ ત્યાંય, જોતાં જનને ગમે મનમાંય...૦૭**
**એક દિવસે ત્યાં દેવ મુરારી, બેઠા શ્રેષ્ઠ સભા સજી સારી; ઘાટ સંકલ્પ સંબંધિ વાત, કરી શ્રીમુખે ત્યાં સાક્ષાત...૦૮**
**મુક્તાનંદમુનિ પ્રત્યે માવ, બોલ્યા એ સમે નટવર નાવ; ઘાટ સંકલ્પ જે કહેવાય, થાય કે તમને નવ થાય...૦૯**
**કહે મુક્તમુનિ કહું તેહ, મેં તો ધાર્યો છે માનુષ્ય દેહ; ઘાટ સંકલ્પ તો તેથી થાય, પણ થૈને તે તરત શમાય...૧૦**
**સુણી બોલિયા સુંદરશ્યામ, ઉઠી બેસો તમે એક ઠામ; સ્નેહે આજ્ઞા એવી સુણી લૈને, મુનિ બેઠા બીજે સ્થળે જૈને...૧૧**
**બ્રહ્માનંદને કહે ભગવાન, હવે બોલો તમે જ્ઞાનવાન; ઘાટ સંકલ્પ જે કહેવાય, થાય કે તમને નવ થાય...૧૨**
**બોલ્યા બ્રહ્મમુનિ તેહ વાર, ઘાટ તો મુજને ન થનાર; કહે શ્રીહરિ બોલો વિચારી, નહિ તો પાપ લાગશે ભારી...૧૩**
**કવિ બોલ્યા કરીને વિચાર, ઘાટ તો થાય છે ઘણી વાર; નથી છાનું તમારાથી સ્વામી, આપ છો પ્રભુ અંતરજામી...૧૪**

**સુણી એવું બોલ્યા અવિનાશ, જૈને બેસો મુનિ મુક્ત પાસ; ત્યારે બ્રહ્મમુનિ ઉભા થઈ, મુક્તાનંદ જોડે બેઠા જઈ...૧૫**
**સર્વ સંતને એવી જ રીતે, ઘાટ સંકલ્પનું પુછ્યું પ્રીતે; પછી પુછ્યું ગૃહસ્થોને એમ, કહો ભક્તો તમારે છે કેમ...૧૬**
**એક બે જણ બોલિયા ત્યારે, નથી થાતા સંકલ્પ અમારે; અલૈયો કહોર બોલ્યા એમ, મુઠીમાંથી રેતી વહે જેમ...૧૭**
**ઘાટ સંકલ્પ થાય અખંડ, ક્યારે સારા કે નરસા પ્રચંડ; પછી શ્રીમુખથી સાક્ષાત, ઘાટ સંકલ્પની કરી વાત...૧૮**
**ઘાટ મનમાં નિરંતર થાય, જોતાં જ્ઞાનીને તરત જણાય; જ્ઞાની ઓળખે મન તણા ઘાટ, અણસમઝુ ન જાણે તે વાટ...૧૯**
**ઘાટ અજ્ઞાનીનું મન ઘડે, તેની ખબર તેને નવ પડે; કહે સંત જે ઘાટ તો થાય, તેનો અવગુણ તે લે સદાય...૨૦**
**કહે ઘાટ ઘડે મન જ્યારે, સંત તે કહિએ કેમ ત્યારે ? પણ મૂર્ખ જાણે નહિ મર્મ, ઘાટસંકલ્પ મનનો છે ધર્મ...૨૧**
**મન તો ચડિ જાય છે ચાળે, સાચા સંત તેને પાછું વાળે; વળી મનને તે નવરું ન રાખે, શુદ્ધ સંકલ્પમાં જોડી નાખે...૨૨**
**જેમ ભૂત જેને વશ થાય, નવરું રહે તો ખાવા ધાય; નવરું થવા દેવું ન એને, કાંઈ કામ ભળાવવું તેને...૨૩**
**મન પણ જાણવું ભૂત જેવું, તેને નવરું રહેવા ન દેવું; પ્રભુમૂર્તિ વિષે મન ધારો, કાં તો કીર્તન ગાઈ વિચારો...૨૪**
**કથા સાંભળો ને સંભળાવો, કાં તો ધર્મની ચર્ચા ચલાવો; નવધા ભગતી કહેવાય, તેમાં રાખવું મનને સદાય...૨૫**
**સતશાસ્ત્ર ભણો ને ભણાવો, કૃષ્ણભક્તિ કરો ને કરાવો; એવી રીતે કરી ઘણી વાત, સુણી સર્વે થયા રળિયાત...૨૬**

(શ્રીહરિલીલામૃત : ૭/૨૯)

## ● વડતાલમાં ભગવાન શ્રીહરિ સંતોના મંડળો કર્યા :


અહીં ભગવાન શ્રીહરિએ સંતોના મંડળો કર્યા. મુક્તાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, વ્રજાનંદ સ્વામી અને પરમાનંદ સ્વામીને મંડળધારી બનાવ્યા. જે જે સંતો જેમને સોંપ્યા હોય તેમની આજ્ઞામાં તે સંતો રહે એવો નિયમ કરી દીધો. પછી મહારાજે સૌ સંતોને પૂછ્યું : ''આ નિયમરૂપી બંધનમાં રહેશો ને ? અત્યાર સુધી મનધાર્યા પ્રમાણે ફર્યા, ક્રિયા કરી, પરંતુ આજથી તમારા મંડળધારી સદ્‌ગુરુની આજ્ઞામાં રહેવું પડશે. જેનાથી એ પ્રમાણે ન રહેવાય તે નીકળી જજો. જો સત્સંગમાં રહેવું હોય, તો નિયમરૂપી બેડીમાં રહેવું જ પડશે.''

આ સાંભળી સૌ સંતો હાથ જોડી બોલ્યા : ''મહારાજ ! આપના માટે તો અમે ઘરબાર, કુટુંબ, પરિવાર બધાનો ત્યાગ કરીને નીકળ્યા છીએ, તો આપની આજ્ઞામાં કેમ નહીં રહીએ ? આપ જે કહેશો તે તમામ કરીશું.''

ભગવાન શ્રીહરિ સંતોનો ભક્તિભાવ જોઈ પ્રસન્ન થયા. પછી આત્માનંદ સ્વામીને કહ્યું : ''તમે મંડળ લઈને બામણગામ જાઓ.'' ત્યારબાદ બીજા મંડળધારીઓને પણ મહારાજે જુદા જુદા પ્રદેશમાં જવાની આજ્ઞા કરી.

ભગવાન શ્રીહરિ વડતાલથી બીજે દિવસે નીકળી કાનમ પ્રદેશના ગામોમાં વિચરણ કરતાં કરતાં સરસવણી પધાર્યા. અહીં કાનમ પ્રદેશના હરિભક્તોને મહારાજે તેડાવ્યા હતા.

કાનમના હરિભક્તોએ શ્રીહરિને પ્રાર્થના કરી : ''મહારાજ ! અમારા દેશમાં આપ પધાર્યા છો તો અમારા દરેકને ગામ પધારો. ગામ પાવન થશે, સત્સંગ પણ વધશે અને અમારો સત્સંગ દૃઢ થશે.''



એટલે મહારાજે કહ્યું : ''અહીં તમો સૌ આ દર્શનનો અને વાતોનો લાભ લઈ લ્યો. અહીં અદ્‌ભુતાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો છે તો તેમના જોગે મોટા સંત પણ અહીં આવશે.''

પછી શ્રીહરિ થાળ જમીને વડ નીચે પધાર્યા. સૌ સંતો, હરિભક્તો પણ જમીને સભામાં આવી ગયા હતા. જમવાના લોભ કરતાં સૌને મહારાજના દર્શનનો લોભ વિશેષ

હતો. તેથી તે ક્રિયા ઉતાવળથી સૌએ પતાવી દીધી.

એટલામાં એક છડીદાર ત્યાં આવ્યો. ભગવાન શ્રીહરિએ તેને જોઈ પૂછ્યું : "તમે ક્યાંથી આવો છો ?"

ત્યારે તેણે કહ્યું : "હું ગાયકવાડી સરદાર કાનોબાનો છડીદાર છું. અમારા સરદારે આપને તેડાવ્યા છે. હાલ તેમનો મુકામ પાદરામાં છે."

ભગવાન શ્રીહરિએ તેને કહ્યું : "તમે થોડો વખત રોકાવ. પછી તમને જવાબ દઈશું." પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને તેડાવ્યા. તેમને પૂછ્યું : "સ્વામી ! કાનોબા સરદારનો છડીદાર આપણને આમંત્રણ આપવા આવ્યો છે તે શું કરવું ?"

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ તો અંતર્યામી છો. તેનો જેવો ભાવ હોય તે જાણો છો. તેથી જેમ યોગ્ય લાગે તેમ કરો."

ત્યારે ભગવાન શ્રીહરિ કહે : "પાદરા અહીંથી દૂર નથી. સરદારનો ભાવ કેવો છે તે જણાઈ આવશે, પછી આ પ્રદેશમાં ફરવાની ખબર પડશે."

પછી શ્રીહરિએ છડીદારને કહ્યું : "તમે જાઓ. અમે કાલે પાદરા આવીશું."

બીજે દિવસે અંબાઈદાસની વેલ જોડાવી. શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને સાથે લઈને પાદરા જવા નીકળ્યા. રસ્તામાં ગોરિયાદમાં સુંદર સરોવર જોઈ ત્યાં પીપળાની છાયા નીચે મુકામ કર્યો. મહારાજ પધાર્યા છે તે સાંભળી ગામના ઘણા ભક્તો દર્શન કરવા આવ્યા. મહારાજે તેમને ઉપદેશની ઘણી વાતો કરી. પછી બોલ્યા : "આ ગામ ઘણું પવિત્ર છે. અહીં સત્સંગ સારો થશે." એટલું કહી ત્યાં જળપાન કરી મહારાજ પાદરા પધાર્યા.

પાદરામાં કાનોબાની હવેલીને અડીને જ એક વૈષ્ણવ ભક્તનું મકાન હતું. મહારાજ તેને ત્યાં ઊતર્યા. કાનોબાને ખબર મળ્યા કે ભગવાન સ્વામિનારાયણ આવી ગયા છે. એટલે રૂપામહોર અને નારિયેળ લઈને મહારાજના દર્શન કરવા આવ્યો. મહારાજને પગે પડ્યો. ચરણે નારિયેળ અને રૂપામહોર મૂક્યાં. પછી કહ્યું : "મહારાજ ! કચેરીમાં પધારો.

શ્રીહરિએ કહ્યું : "સારું, રાત્રે આવીશું."

રાત્રે ભગવાન શ્રીહરિ કાનોબાની કચેરીમાં જવા નીકળ્યા. સાથે લક્ષ્મીરામ શાસ્ત્રી તથા મુક્તાનંદ સ્વામી હતા. કાળા વાળંદ તથા ગામેઠાના નરસી વાળંદ મશાલો પ્રગટાવી આગળ ચાલતા હતા.

શ્રીહરિ કાનોબાની કચેરીમાં પધાર્યા. કાનોબાએ સ્વાગત કર્યું, પરંતુ તેના અંતરની મેલી મુરાદ મહારાજ કળી ગયા. એટલામાં કાનોબાએ કહ્યું : "અમારો આ શાસ્ત્રી શાસ્ત્રોમાં પ્રવીણ છે તેની સાથે તમે શાસ્ત્રાર્થ કરો."

તે સાંભળી શ્રીહરિએ કહ્યું : "અમારા આ લક્ષ્મીરામ શાસ્ત્રી તમારા શાસ્ત્રી સાથે ચર્ચા કરશે."

શાસ્ત્રાર્થ શરૂ થયો. એટલામાં એક દાદુપંથી બાવો ત્યાં આવ્યો. તે વચ્ચે વચ્ચે બોલવા માંડ્યો. એટલે શ્રીહરિએ તેની માળા માંગી અને તે માળા ફેરવવા લાગ્યા. માળા ફેરવતાં તેની માળા તૂટી ગઈ. તેથી તે બાવો તૂટેલી માળાના પારા વીણવા લાગ્યો. એટલામાં મહારાજે તે શાસ્ત્રીના દરેક પ્રશ્નોનું સમાધાન કરી દીધું. પછી મહારાજ ઊભા થયા. લગભગ અર્ધી રાત થઈ ગઈ હતી.

કાનોબાએ કહ્યું : "કાલે રોકાજો. અમારે આસપાસના ગામોમાં તમારી પધરામણી કરાવવી છે."

શ્રીહરિએ કહ્યું : "બહુ સારું."

ભગવાન શ્રીહરિ ગયા પછી દાદુપંથી બાવાએ કાનોબાને કહ્યું : "સરદાર ! આ સ્વામિનારાયણ ઠીક હાથમાં આવ્યા છે. તેને જો પકડી લ્યો તો તેના શિષ્યો મોં માગ્યાં નાણાં આપીને તેને છોડાવશે. રૂપિયાના ઢગલા થઈ જશે."

ત્યારે કાનોબાએ કહ્યું : "બાવાજી ! હું એ જ વેતરણમાં છું. અહીં બાજુમાં જ તેમનો ઉતારો છે અને મારા માણસો ચોકીમાં મૂકી દીધા છે એટલે જશે ક્યાં ?"

શ્રીહરિ ઉતારે પધાર્યા. તરત જ આત્માનંદ સ્વામીને કહ્યું : "તમે અહીંથી સીધા બામણગામ જજો." પછી મુક્તાનંદ સ્વામીને કહ્યું : "તમે સરસવણી જજો. અમે હમણાં જ અહીંથી નીકળી જઈએ છીએ."

આ સાંભળી આત્માનંદ સ્વામી ચમક્યા. તેમણે પૂછ્યું : "કાં મહારાજ ! એવડી ઉતાવળ ?"

ભગવાન શ્રીહરિએ કહ્યું : "કાનોબા અમને કેદ કરવાના મનસુબા કરે છે. આ તો તેમને બતાવવું હતું કે સ્વામિનારાયણ હાથવેંતમાં હોય તોપણ પકડાય નહીં." એમ કહીને મહારાજ ત્યાંથી નીકળી ગયા. કાનોબાના ચોકીદારો તે વખતે ઊંઘતા હતા.

બીજે દિવસે સવારે કાનોબાએ પોતાના સિપાઈને વાણિયાને ઘેર મોકલ્યો. તે તપાસ કરીને પાછો આવ્યો અને કહ્યું : "સરદાર!

સ્વામિનારાયણ તો રાત્રે જ નીકળી ગયા છે !''

આ સાંભળી કાનોબા ધૂંવાપૂવાં થઈ ગયો. તેણે પૂછ્યું : ''ચોકીદારો શું કરતા હતા ?''

એટલે સેવકે ધીમ રહીને કહ્યું : ''સૌ ઊંઘી ગયા હતા.''

કાનોબા હાથ ઘસવા લાગ્યો. તેણો બૂમ પાડી : ''ઘોડેસવારો હાલને હાલ મોકલો. ગમે ત્યાંથી સ્વામિનારાયણને પકડીને મારી પાસે હાજર કરો.''

ઘોડેસવારો તરત જ નીકળ્યા. મારતે ઘોડે જુદી જુદી દિશામાં સૌ ગયા. એક ટુકડીએ ભગવાન શ્રીહરિને આગળ જતાં જોયા. તેણે ઘોડા દોડાવ્યા. શ્રીહરિ પાસે ઘોડા આવી ગયા. શ્રીહરિ પણ ઊભા રહી ગયા. ઘોડેસવારો નીચે ઊતર્યા અને મહારાજ પાસે ગયા. ત્યાં તો તેમણે મહાકાળા જોયો. જાણે બ્રહ્માંડોને હમણાં મોઢામાં ગળક કરી જશે ! આ અસવારો તેની આગળ રેતીના કણ જેવા દેખાવા લાગ્યા. આ ભયંકર સ્વરૂપને જોઈને જ તેઓ ત્યાંથી નાઠા. તેમના ઘોડાઓ લેવા પણ રહ્યા નહીં. તેમની પાછળ તેના ઘોડાઓ કિકિયારી કરતા દોડ્યા. મહારાજ તેમને દોડતા જોઈ હસવા લાગ્યા. ઘોડીની લગામ ખેંચી અને આગળ ચાલ્યા.

ભગવાન શ્રીહરિ પાછા બામણગામ પધાર્યા. ખોડા પંડ્યાને ઘેર દહીં અને રોટલો જમ્યા. આત્માનંદ સ્વામી પણ આવી ગયા. પછી ત્યાંથી સંતમંડળ સાથે નીકળી ફરતાં ફરતાં વડતાલ પધાર્યા. અહીં ભગવાન શ્રીહરિ વાસણ સુથારના ઘેર ઊતર્યા.

●

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં 'ભગવાન શ્રીહરિ વડતાલ આવ્યા પછી પાદરાથી બે સંતો આવ્યા તેને શ્રીહરિ પાદરાના રાજાની શું સ્થિતિ થઈ તે વિશે પૂછે છે' તેનું વર્ણન કરતાં લખે છે :

''સુખધામ શ્રીહરિ તે ગામમાં એક રાત રોકાઈને વડતાલ આવ્યા. પછી પાદરા ગામથી બે સંત શ્રીહરિની પાસે આવ્યા. તેઓ પગે લાગીને પાસે બેઠા. ત્યારે શ્રીહરિએ તેમને ઉત્સાહથી પૂછ્યું કે, અમે ચાલી નીકળ્યા પછી શું થયું ? તે વાત તમે કહો. રાજાએ શું કહ્યું ? અને બીજા લોકો અમારી બાબતમાં શું કહેતા હતા ? અમને તો પરમેશ્વર પ્રેરણા કરે, તેમ અમે કરીએ છીએ. અમે તો પરમેશ્વરની મરજીને જ પાળીએ છીએ. બીજાની મરજી પ્રમાણે ચાલવાથી શું વળે ?

ત્યારે સંતોએ હાથ જોડીને કહ્યું, આપ ચાલ્યા ગયા તે સારું થયું. રાજા જે મનોરથો કરતા હતા, તેને આપે તોડી નાખ્યા. જ્યારે પ હોર(૩ કલાક) દિવસ ચઢ્યો ત્યારે રાજા ઊંઘમાંથી ઊઠ્યા. તેણે શ્રીહરિ સૂતા હતા, તે પલંગ જોયો અને પછી સંતોને પૂછ્યું, (શ્રીહરિ ક્યાં ગયા ?) સંતોએ કહ્યું, અમે કોઈ બાબત જાણતા નથી. એટલું જાણીએ છીએ કે શ્રીહરિ અહીં સૂતા હતા. અમને તો તમે કહ્યું ત્યારે ખબર પડી. કોણ જાણે, તેઓ ક્યારે ચાલ્યા ગયા ? રાજાએ કહ્યું, હું તો વિશ્વાસમાં રહ્યો, આવું બોલીને તે ઘણા ઉદાસ થઈ ગયા. પછી તેણે પહેરગીરને ધમકાવ્યો. તું પહેરો કેવો ભરે છે ?

મારી બધી જ અભિલાષાઓનો નાશ થઈ ગયો. ચોક્કસ તેઓ અંતર્યામી છે. તેઓ માયાનાં બંધનમાં આવ્યા નહીં. આ બધી રાજ્યની સમૃદ્ધિને દેખીને પણ ક્યાંય મોહ પામ્યા નહીં. જે જોગીની બુદ્ધિ તુચ્છ હોય, તે તો રાજ્યની સમૃદ્ધિમાં ડૂબી જાય છે. પ છી તેણે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, હવે ફરીવાર મને તેઓ કઈ રીતે મળી આવે ? ત્યારે સ્વામીએ તેને કહ્યું, તમારાં દિલમાં જેવો ભાવ હશે, તે રીતે તેઓ તમને મળશે. ધીરજ રાખવાથી કામ સફળ થાય છે. ધીરજ રાખ્યા વિના કામ સારુ થતું નથી. પછી રાજા મનમાં ખુશ થયા અને સંતો વગેરેને માટે લાડુની રસોઈ કરાવી. સંતોને જમાડ્યા. કેસરચંદન ચરચીને તેમને પૂજ્યા. ફૂલના હાર પહેરાવીને ધૂપદીપ કર્યા. બધા સંતોને પગે લાગ્યા. પછી સહુને રાજીપાથી રજા આપી. રાજા તે વખતે બોલ્યા, સ્વામિનારાયણને મારે ભવન રાખવા હતા.

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, જો રુચિ ન હોય, તો ભોજન કઈ રીતે થાય ? અને જો રુચિ વિના પરાણે ભોજન કરે તો ઊલટી થાય ત્યારે જ શાંતિ થાય છે. જેને વિશાળ બુદ્ધિ હોય તે માણસ થોડુંક ઝેર ભેળવેલા મહાઅમૂલ્ય ભોજનને ક્યારેય મુખથી ચાખતો નથી. ઘણા ભાવથી કોઈ આપે તો પણ બુદ્ધિમાન તેનો ત્યાગ કરી દે છે. મોટા જોગી પણ તેવા જ હોય છે. જો તેમાં લપટાઈ જાય, તો તે ભોગી કહેવાય. આટલી વાત કહીને બધા સંતો તો ચાલતા થયા. ગામના જે લોકો હતા, તેઓ તો આ ખરા-સાચા સંત છે, એમ સહુ કહેવા લાગ્યા.

શ્રીહરિએ સંતોને કહ્યું, તેમાં રાજાનો જરાય વાંક નથી. માણસને કોઈ દ્વારા જેવી મતિ-સમજ મળે છે, તે પ્રમાણે તે કાયમ કરે છે. જેટલા સદ્‌બુદ્ધિવાળા રાજાઓ થયા છે, તે બધા સ્વાયંભુવ મનુની રીત દેખીને નીતિમાર્ગે ચાલ્યા છે. તેથી તેમણે બધી ભૂમિને જીતી લીધી હતી. અને જેટલા રાજાઓ સ્વાયંભુવ મનુની રીતને છોડીને ચાલ્યા છે, તેમની ક્યારેય જીત થતી નથી. કરોડો તોપો

રાખી હોય તો પણ તેનાથી તે શું કરે ? શુભ નીતિ વિનાના તો મોટા મોટા રાજાઓ હોય તે પણ અંધ કહેવાય. તેઓ તો સુકાની વગરના વહાણ જેવા છે. દિવેલ વિનાની મશાલ ક્યારેય બુઝાયા વિના રહે જ નહીં. શુભ નીતિ વિનાનો જે રાજા હોય તે તો દિવેલ વિનાની મશાલ જેવો છે.

સૂર્ય, ચંદ્ર અને તારા વિનાની રાત જેવી શોભે-અંધારી લાગે છે, તેમ શુભનીતિ વગરના રાજાઓ પણ રાતના જેવા જ કહેવાય છે. જે દેવ, દૈત્ય કે મનુષ્યો છે, તે બધામાં રાજસ અને તામસ ગુણ રહ્યા જ હોય છે, અને જેવા ગુણ હોય તેવી તેની (નિર્ણાયક) બુદ્ધિ હોય છે અને જેવી બુદ્ધિ હોય તેવી તેની મતિ-સમજણ હોય છે. અને જેવી તે મતિ-સમજણ હોય તેવા માર્ગે સહુ ચાલે છે અને જેવો માર્ગ પકડે છે, તેવું તેને સુખ પ્રાપ્ત થાય છે. જ્યારે પ્રથમ સત્યયુગ હતો, ત્યારે દેવ, દૈત્ય અને માનવની મતિ સત્ત્વગુણ પ્રધાન હતી. બધા જ લોકો શુભ માર્ગે ચાલતા હતા. ઘેર ઘેર કલ્પવૃક્ષ હતાં. સહુના સંકલ્પ સિદ્ધ થતા હતા. તે સમયની નીતિ પણ કલ્પવૃક્ષના સમાન હતી. જે રાજા નીતિને છોડીને રાજ્ય કરે છે, તેનો વંશ જ ભ્રષ્ટ થઈ જાય છે.

શુદ્ધ સંતો અને શુદ્ધ વિપ્રોનું અતિ અપમાન કરવાથી, તે રાજાની શુભ મતિનો નાશ થઈ જાય છે. અને જ્યારે શુભમતિ નાશ થઈ જાય પછી તેને કોઈનો ડર રહેતો નહીં. પછી તે મનચાહે માર્ગે લોકોને ચલાવે છે. તેની તેને લેશમાત્ર પણ કાંઈ શંકા રહે નહીં. ઈશ્વર જ્યારે કોપ કરે છે, ત્યારે તરત જ તેની બુદ્ધિ ખુવાર થઈ જાય છે. પછી પોતે પોતાને વધારે નિપુણડાહ્યો માનવા લાગે છે. જેમ મોર કળા કરે છે, ત્યારે આગળથી તો તે શોભે છે, પણ પાછળનો ભાગ ખુલ્લો થાય તે ઠીક લાગતું નથી. ૧૩. સચ્છાસ્ત્ર અને સાચા સંત વિનાના જે માણસ હોય છે, તે મોરની કળાની જેમ ખાલી ઉપલક દેખાવના જ હોય છે.

શ્રીહરિએ વડતાલમાં આટલી વાત કરી. ત્યાં બે દિવસ અને બે રાત રહ્યા. તે સમયે તીડ બહુ આવ્યા. આકાશ અને જમીન તીડોથી ઢંકાઈ ગયા હોય તેમ દેખાતું હતું. પાકેલું અનાજ હજી ખેતરમાં જ હતું. તૈયાર થઈ ગયું હતું, પણ તેના ઉપર તીડ બેઠા. તે બધા અનાજને ખાઈ ગયા. એક કણ પણ બચ્યો નહીં. ઝાડ ઉપર જે પાંદડાં હતાં, તેને પણ એક પળવારમાં ખાઈ ગયા. પરમેશ્વરની અલ્પ એવી માયા પણ કોઈની કલ્પનામાં આવતી નથી. તીડોથી કોઈ ભૂભાગ બચ્યો નહીં. કોઈના ઘરમાં અનાજ રહ્યું નહીં. પૈસા આપવા છતાં ક્યાંય અનાજ મળતું નહીં. પછી શ્રીહરિ વડતાલથી તરત ચાલતા થયા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૬૧-૬૨)

## • વડતાલમાં ભગવાન શ્રીહરિને સભામાં ઝાલાવડ સંઘના ડોશીમાં વઢ્યાં :

વડતાલમાં જ નિવાસ કરતા થકા ભગવાન શ્રીહરિને ખબર પડી કે ઝાલાવડથી હરિભક્તોનો સંઘ વડતાલ દર્શન કરવા આવે છે. આ જાણી મહારાજે સુરાખાચરને કહ્યું : "મોડું થયું છે અને સંઘ અહીં આવશે તો બહુ મોડું થઈ જશે. માટે ઘોડેસવાર મોકલો અને સંઘને આજે રાત્રે નડિયાદમાં જ રોકી રાખો."

સુરાખાચરે મહારાજની આજ્ઞા પ્રમાણે ઘોડેસવાર નડિયાદ મોકલ્યો.

થોડીવાર પછી શ્રીહરિએ સુરાખાચરને કહ્યું : "સંઘ આવી જાય તો કાંઈ બહુ મોડું નહીં થાય. માટે બીજો ઘોડેસવાર મોકલો અને ભલે સંઘ આવે."

આ સાંભળી સુરાખાચરે બીજો ઘોડેસવાર મોકલ્યો. પછી પૂછ્યું : "મહારાજ ! હવે કાંઈ વિચાર બદલાય એમ નથી ને ?"

મહારાજે કહ્યું : "ના, હવે ભલે આવે."

સુરાખાચર આ સાંભળી ઉતારે ગયા. તેઓ ઉતારે પહોંચ્યા ત્યાં મહારાજે તેમને બોલાવ્યા. સુરાખાચર આવ્યા. મહારાજે તેમને કહ્યું : "સુરાખાચર ! સંઘ આવતાં ઘણું મોડું થઈ જશે. એટલે ભલે નડિયાદમાં જ રહે. તમે હાલ ને હાલ ઘોડેસવારને મોકલો.

સુરાખાચર આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "અમને તો એમ હતું કે ભગવાનનું મન સ્થિર હશે, પણ તેય વારે વારે ફરે છે."

શ્રીહરિએ કહ્યું : "હા, ફેરવવું જ પડે. ભક્તોના સંકલ્પો પ્રમાણે અમારું મન ફરતું જ રહે."

સુરાખાચર આ વાતનો મર્મ સમજી ગયા. ભગવાનની દરેક ક્રિયા દિવ્ય જ હોય છે. તેમને પોતાનું ધાર્યું નથી કરવું પરંતુ ભક્તોની ઈચ્છાને આધીન રહી તેમના સંકલ્પ પ્રમાણે વર્તવું છે.

બીજે દિવસે સવારે સંઘ વડતાલ આવ્યો. સૌ ભગવાન શ્રીહરિને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે પણ સૌના કુશળ પૂછ્યા. સંઘમાં એક ડોશીમાં હતા. તે મહારાજ પાસે આવ્યા અને મહારાજને વઢવા લાગ્યા : "આ બધું નાટક કાલે શું માંડ્યું હતું ? ઘડીક અમારા વેલડાં અને ગાડાં છોડાવ્યાં, પાછા જોતરાવ્યાં, સૌનાં પોટલા બંધાવ્યા ને પાછા છોડાવ્યાં ! અમને મારગમાં કોણ લૂંટી જવાનો હતો? બીક કેની લગાડી લાગે છે ને કેની મટાડી મટે છે ? તમારા સિવાય બીજા કોઈના હાથમાં છે ? તમે આવું તોફાન આદર્યું પણ કેની

આગળ ફરિયાદ કરીએ ? બીજો કોઈ ભગવાન હોય તો તો તેને રાવ કરત પણ તમારા સિવાય બીજો તો કોઈ ભગવાન નથી એટલે શું કરીએ ?''

ભગવાન શ્રીહરિ મોઢે રૂમાલ રાખી મંદમંદ હસતાં હસતાં આ સાંભળતા હતા. મહારાજે કહ્યું : ''ડોશીમા ! તમારામાંના કેટલાકને બીક લાગતી હતી કે રાત્રે જશું અને લૂંટાઈ જશું તો ? એટલે અમે તમને ના કહેવરાવી. વળી તમારા જેવાને અમારા કર્તાપણાનું જાણપણું હતું એટલે અમે પાછી હા કહેવરાવી. આમ, ભક્તોના સંકલ્પ પ્રમાણે અમારે વર્તવું પડે.''

ડોશીમા આ સાંભળી સમજી ગયા. તેણે પગે લાગીને કહ્યું : ''મહારાજ ! માફ કરજો. આપની ક્રિયામાં અમને પામર જીવોને કાંઈ ખબર પડે નહીં.''

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૩૨ના આધારે...)

## ● વડતાલમાં ભગવાન શ્રીહરિએ અગણોતેરા કાળની આગાહી કરી :

પછી ભગવાન શ્રીહરિ વડતાલમાં બે દિવસ રહ્યા. પછી ત્યાંથી નીકળી ડુસર, કઠલાલ વગેરે ગામો થઈને વીસનગર પધારી સૂબાના ત્રાસથી સત્સંગીઓની રક્ષા કરી. ત્યાંથી ઊંઝા, કડી, ડાંગરવા, નારદીપુર, નારદી પધાર્યા.

અહીં ભગવાન શ્રીહરિ રાત રોકાયા. સવારે ઊઠ્યા. નિત્યકર્મથી પરવારી સભા કરી. પછી સભામાં મહારાજે સૌને કહ્યું : ''આજે મધ્યરાત્રે અમને શંકરના દર્શન થયાં. શંકરનું સૌમ્ય સ્વરૂપ હોય પણ અમને તેમનું સ્વરૂપ વિકરાળ દેખાયું. શિવજીએ અમને કહ્યું : 'અમારું કાંઈ ચિહ્ન રાખો.' પછી મહારાજે આગળ કહ્યું : 'શંકરનું સ્વરૂપ ભયંકર હતું. શંકર કાળનું સ્વરૂપ કહેવાય, પ્રલયના દેવ કહેવાય. શંકરે દર્શન આપી સૂચન કર્યું હોય તેમ લાગે છે. ભયંકર કાળ પડશે. માટે સૌ સત્સંગીઓ પોતાના ગજા પ્રમાણે અન્નનો સંગ્રહ કરી લેજો.'' ભગવાન શ્રીહરિની વાણીમાં વિષાદ હતો.

પછી ભગવાન શ્રીહરિએ કહ્યું : ''કાળ કાળનું કામ કરશે. અમારા દર્શને આવીને તેમણે અમારી આજ્ઞા લીધી છે. પૃથ્વી ઉપર અધર્મ વધી ગયો છે. તેનો નાશ કરવા માટે અમારે કાળને આજ્ઞા કરવી પડી છે; પરંતુ જે સત્સંગીઓ છે, અમારી જે આજ્ઞા પાળશે તેની રક્ષા જરૂર થશે.''

ભગવાન શ્રીહરિ ત્યાંથી નીકળી મોટેરા, અમદાવાદ, જેતલપુર, ડભાણ થઈને વડતાલ પધાર્યા. અહીં પણ જોબનપગી, રણછોડભાઈ, નારાયણગિરિ વગેરે હરિભક્તોને શ્રીહરિએ કહ્યું : ''મહાભયંકર કાળ પડવાનો છે તો દાણાનો સંઘરો અત્યારથી જ કરવા માંડજો. ઘરમાં નાણાં ન હોય તો ઘરવખરી વેચી નાખજો. ઢોર, બળદ, ઘોડા જે કાંઈ હોય તે વેચી દેજો અને તે નાણાંમાંથી અનાજ લઈ લેજો. નહીં તો પશુનું પાલન કરી નહીં શકો અને તમારે દુઃખના દા'ડા કાઢવા કઠણ પડશે.''

એટલું કહીને ભગવાન શ્રીહરિ જોબનપગીની સામું જોવા લાગ્યા. પછી જોબનપગીને મહારાજે કહ્યું : ''તમારા માણસોને આ-જુબાજુના ગામડાંમાં મોકલજો અને મારી આજ્ઞા બધાને સંભળાવજો. સૌ ગમે તેમ કરી દાણાનો સંગ્રહ અત્યારથી જ કરવા માંડે.''

થોડા દિવસ વડતાલમાં ભગવાન શ્રીહરિ રોકાયા. દુષ્કાળનો સંદેશો ભગવાન શ્રીહરિને દરેકને પહોંચાડવો હતો એટલે કોઈ ઠેકાણે ઝાઝું રોકાતા ન હતા. વડતાલથી પણ મહારાજ નીકળી ગયા ને ગુજરાતમાં ચાંગા, લિંબાસી, કૌકા, કરમડ, ભેંસજાળ વગેરે ફરતાં ફરતાં મહારુદ્રની વાત કરતા, અનાજનો સંગ્રહ કરવાની આજ્ઞા કરતાં કરતાં ભગવાન શ્રીહરિ નાગડકા પધાર્યા.

●●●



## વડતાલમાં ભગવાન શ્રીહરિએ રંગોત્સવ ઉજવ્યો
### સં. ૧૮૭૦ (ઈ.સ. ૧૮૧૪)

ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં રહીને વસંતપંચમી અને ફૂલદોલનો ઉત્સવ કર્યો. પછી જે કાઠી હરિભક્ત હતા તેમને ગઢપુરમાં બોલાવ્યા. તે સહુની મોટી સવારી લઈને સુખકારી શ્રીહરિ વડતાલ આવ્યા. ત્યાં વાસણ સુતાર નામે વૈશ્ય પાકા હરિભક્ત હતા. તેને ઘેર સુખદાયક શ્રીહરિ અધરાતે આવ્યા અને ઉતારો કર્યો. તે વાસણ સુતારના જે ભાઈઓ હતા, તે બધા પાકા હરિભક્ત હતા. તેની પત્ની અને પુત્રો પણ સારા હરિભક્ત હતા. તેઓ સત્સંગ ઉપર ઘણો ભાવ દેખાડતા. જેને આંખોમાં પ્રેમભાવ અને ઉત્સાહ ન હોય ત્યાં શ્રીહરિ એક દિવસ પણ રહેતા નહિ. પ્રેમભાવ અને ઉત્સાહમાં અનેક પ્રકારો રહ્યા હોય છે. જ્યાં જેવું કામ પડે ત્યાં તેવો પ્રેમભાવ અને ઉત્સાહ દેખાડતા. ચાહે તેવા બુદ્ધિશાળી હોય તોપણ કામ પડ્યા સિવાય તે ખરેખર જોઈ શકાતા નથી. એક વખત કામમાં આવે તેટલું જોવાથી તેની ખરી પરીક્ષા ક્યારેય થતી નથી. (વાસણ સુતારના પરિવારના પ્રેમભાવને શ્રીહરિએ અનેકવાર તપાસ્યો હતો.) લાગ લાગઠ બાર-તેર વર્ષ સુધી વરસમાં બે-ત્રણ વખત દસ-બાર દિવસ સુધી શ્રીહરિ આવીને વાસણ સુતારને ઘેર રહેતા હતા.

હરિભક્તનું જેવું હૃદય હોય તે દેખાયા વિના ક્યારેય રહેતું નથી. મોક્ષદાતા કોઈ સંત હોય તે વારેવારે ગામમાં આવીને રહે ત્યારે હરિભક્તના હૃદયમાં જે ભાવ અને ઉત્સાહ હોય તે દેખાયા વિના ક્યારેય છાનો રહેતો નથી. મનુષ્ય જીવે ત્યાં સુધી એકસરખી ભાવના ક્યારેય રહેતી નથી. દેશકાળ ભાવનાને ફેરવી દે છે, તે પ્રત્યક્ષ દેખાય છે.

જે હરિભક્તને અનેક પ્રકારનાં વિઘ્ન આવે, છતાં પણ એકસરખી ભાવના રહે અને ઘણો ઉત્સાહ રહે ત્યારે તે હરિભક્તને તો અક્ષરધામના મુક્ત જ જાણવા. તેની મોટાઈ તો સંતોની મોટાઈ જેવી ઘણી મહાન છે. જેમાં જેટલું નિર્માનીપણું અને સહનશક્તિ હોય

તે હરિભક્ત તેટલો ઘણો બુદ્ધિશાળી ગણાય છે. પ્રહ્લાદજી ત્રિલોકીના રાજા હતા. છતાં ઘણા જ અનુપમ બુદ્ધિમાન હતા. ત્રિલોકીમાં જે કાંઈ ધન-સંપત્તિ હતી તે બધી પ્રહ્લાદજીની હતી, પણ તેણે તેનાથી ભગવાનમાં વધારે સુખ દેખ્યું. તેથી માયિક પંચવિષયનાં સુખ અતિ લૂખાં લાગ્યાં. કોઈ રાજાની જ્યારે આવી સમજણ હોય ત્યારે તેને હકીકતમાં બુદ્ધિશાળી કહેવાય છે. આવા રાજાને વર્તનમાં તો દેવતાઓ કરતાં પણ અધિક અને અનુપમ જાણવા.

જ્યાં સુધી રાજાને ભગવાનમાં ભક્તિ-ભાવના ન હોય ત્યાં સુધી તે રાજાને પ્રાકૃત માનવો. તેવો રાજા તો બે દિવસ રાજ્યસત્તા ઉપર રહીને માટીમાં માટી થઈને મળી જાય છે. પણ પ્રહ્લાદ જેવા મહાન રાજાની અપાર કીર્તિ કલ્પપર્યંત સદા રહે છે. કરોડો વાર પ્રલય થાય તોપણ તેની કીર્તિ દિનપ્રતિદિન વધતી જાય છે. એવા બુદ્ધિશાળી જે રાજાઓ છે તે જ ખરેખર રાજા કહેવાય છે. આવી ભાવના વિનાના જે રાજાઓ છે તેઓ તો જીવે ત્યાં સુધીના જ રાજા છે. અને તેનો કાયદો ને હુકમ તેનું શરીર રહે ત્યાં સુધી રહે છે એવું દેખ્યામાં આવે છે. કેમ જે, જેને ભગવાનમાં ભક્તિ-ભાવના નથી તે બધા રાજાઓ તો વ્યવહારિક રાજા કહેવાય છે.

બુદ્ધિમાન રાજા ન્યાયરૂપ ધર્મમાં સ્થિતિ રાખે છે અને જે રાજા તથા દીવાન બુદ્ધિહીન હોય છે, તેઓ તો અત્યંત અધિક ધનના લોભથી ન્યાયની જગ્યાએ અન્યાય કરતા રહે છે, અને તેઓ લેશ પણ ભગવાનનો ડર રાખતા નથી અને હંમેશાં અધર્મ જ કરતા રહે છે. ભગવાનનો ડર જે રાજા નથી રાખતા તે મરીને જમપુરીમાં જાય છે અને જેટલું અધર્મમાર્ગમાં ચાલ્યા હોય તેટલો તેઓ ત્યાં માર ખાય છે. જેઓ તુચ્છ બુદ્ધિવાળા રાજાઓ છે તે શરીર, ધન અને રાજ્યના મદથી અધર્મમાં ચાલ્યા વિના રહેતા નથી, એ વાત નિશ્ચિત છે. શરીર, ધન અને રાજ્યનો મદ ધર્મરાજાની આગળ ટકી શકતો નથી. એક નક્કી હદ કરીને તેઓ બોલે છે, અર્થાત્ કપટ રાખીને વાત કરવા જાય છે છતાં ધર્મરાજ આગળ બધા અન્યાયને કબૂલ કરવા પડે છે. સર્પ જ્યારે ચાલે છે ત્યારે શરીરને વાંકુ-ચૂકું રાખીને ચાલે છે, પણ જ્યારે દરમાં જાય છે ત્યારે અંગ સીધું કરીને જાય છે. તેમ તેવા રાજાઓ ધર્મરાજા આગળ સીધા ચાલે છે.

### ● ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે રંગે રમ્યા :

સમગ્ર દેશના હરિભક્તોના સંઘ શ્રીહરિના પહેલા વડતાલમાં આવી ગયા હતા. તેની ગણતરી થઈ શકતી નથી. જેટલા સંતો હતા તે બધા ભેળામળીને આવ્યા હતા. શ્રીહરિએ સવારમાં જ ઘણું હેત કરીને સહુને દર્શન દીધાં. વડતાલના હરિભક્ત જોબનપગી હતા તેની મેડીના ગોખમાં શ્રીહરિ સહુને દર્શન દેવાને માટે આવીને બેઠાં. મેડીની આગળ વિશાળ ચોક હતો. તેમાં જેટલા હરિભક્તો અને સંતો હતા તે આવ્યા અને તેની સભા થઈ.



સહુ શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા અને બે હાથ જોડીને બોલ્યા કે, અમે તો બધા ફૂલદોલના દિવસે જ અહીંયાં આવી ગયા હતા. આપ અહીં પધારશો એવી વાત સાંભળી હતી અને આવીને ફૂલદોલને દિવસ રંગ ઉડાડશો એવું ધાર્યું હતું, પણ આપના હાથનો રંગ તો ઘણો દુર્લભ છે. એ કાંઈ બીજા રંગ જેવો ન કહેવાય. અનંત બ્રહ્માંડમાં જેટલા રંગો રહ્યા છે તે બધા રંગો આપના રંગની સમાન અમે અત્યારે નજરે દેખતા નથી. ભવ અને બ્રહ્મા જેવા દેવતાઓને પણ આપનો રંગ મળવો દુર્લભ છે અને અક્ષરધામમાં જે મુક્ત રહ્યા છે તેમને પણ આપના હાથનો રંગ દુર્લભ છે, તો બીજા ધામની તો વાત જ શું કહેવી ? કેમ જે, આપનો તો રંગ જ એવો છે. અને જેને તે આપનો રંગ લાગી જાય છે તે અન્ય કોઈને આપના સમાન દેખતા નથી.

અનંત બ્રહ્માંડોનાં જેટલાં સુખ કહેવાય છે તે બધાં સુખ આપના રંગથી રંગાયેલા સંતો-ભક્તોને કાકવિષ્ઠા સમાન દેખાય છે; એવો તમારો રંગ દુર્લભ અમે જાણીએ છીએ. આપનો રંગ જેને લાગ્યો નથી તે બધા આ બ્રહ્માંડમાં વિષયના રંગને દુર્લભ દેખીને બંધાઈ રહ્યા છે અને જન્મ-મરણને ભોગવતા રહે છે. વિષયી લોકો આપના રંગ વિના વારંવાર જમપુરી અને લખચોરાશીમાં જાતા-આવતા રહે છે. કેમ જે, આપના સિવાયના બીજા જે જગતના રંગ છે તે બધા એવા જ છે. ઉપર કહેલા સંત અને હરિભક્તોનાં વચન વેદમાં પ્રમાણભૂત થાય એવાં હતાં. કેમ જે, હરિભક્તની વાતનું આ (ઉપરોક્ત) તાન હતું. એટલે તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા.

કારણ કે, શ્રીહરિ સંબંધી વાતના (આવા માહાત્મ્યસભર) તાનને જે ભક્તજન

જાણે છે તેને બધા ગ્રંથો દુર્લભથી પણ અતિશય દુર્લભ હરિભક્ત કહે છે. શ્રીહરિના સંબંધવાળી જે કાંઈ પણ વાત કહેવાય છે તેનાથી સંસારના બંધન છૂટી જાય છે, કોઈને બંધન રહેતું નથી; એવી તે વાત અદ્‌ભુત સામર્થ્યયુક્ત છે. જેને સત્સંગ થયો નથી એવા લોકો તો બ્રહ્માના જેવા વિચક્ષણ હોય તોપણ તેઓ સંસારના બંધનને ઓળખતા નથી. મનુષ્ય જ્યાં સુધી ભવબંધનને ઓળખતો નથી ત્યાં સુધી તે આ સંસારમાં ભટકતો રહે છે અને જેટલી સ્થાવર-જંગમ યોનિઓ છે તેમાં વારંવાર ફરતો રહે છે. તેને કરોડો કલ્પ સુધી ગણીએ તોપણ તેનો પાર આવતો નથી. જેટલા જીવો સત્સંગ વિના રહ્યા છે એટલા જીવો ભવબંધનમાં બંધાઈ રહે છે.

તે બધા સંતો અને હરિભક્તોના હૃદયને અત્યંત શુદ્ધ દેખીને પ્રસન્ન થયેલા શ્રીહરિ બોલ્યા કે, 'તો હવે તમે બધા રંગ બનાવો. તમને સહુને રંગમાં ભીંજવવાનો અમે મનમાં સંકલ્પ કર્યો હતો. એટલા માટે તો અમે ગઢપુરથી દોડીને અહીંયાં આવ્યા છીએ. માટે રંગ તૈયાર કરવામાં હવે વિલંબ કરશો નહિ.'

પછી સંતો અને હરિભક્તોએ કેસુડા અને પતંગનો રંગ બનાવ્યો. તાંબાં અને પિત્તળનાં મોટાં મોટાં પાત્ર ભરી લીધાં, જેનો ગણતા પાર પામી શકાતો નથી. જોબનપગીના ઘરના મેડીના માળમાં જેટલો સમાયો તેટલો રંગ શ્રીહરિએ મંગાવ્યો અને પિચકારીઓ તો સંતો તથા હરિભક્તોએ અગાઉથી બનાવી રાખી હતી. તે ભક્તોએ કેટલાક મણ ગુલાલ મગાવી રાખ્યો હતો. બધું શ્રીહરિની આગળ લાવીને મૂક્યું. શ્રીહરિએ કમર કસીને માથે બોકાની વાળી લીધી. શ્રીહરિની તરુણ કિશોર છબી અતિ નવીન લાગતી હતી. (સં.૧૮૭૦ ફાગણ વદ ૫ તા.૧૧-૩-૧૮૧૪ને બુધવારના દિવસે) શ્રીહરિ રંગ ઉડાડવા લાગ્યા ત્યારે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવાં લાગ્યાં. સંતો વસંત, ધુમાર અને હોરીના વિવિધ પદો ગાતા હતા. પછી સહુ સંતો અને હરિભક્તો પિચકારીમાં ભરી ભરીને શ્રીહરિ ઉપર રંગ ઉડાડવા લાગ્યા. શ્રીહરિ તાંબાની કુંડીમાં ભરી ભરીને રંગ ઉડાડતા હતા. તે સમયે રંગની અત્યંત ઝડી મચી ગઈ. સહુના મનમાં ઘણો ઉમંગ ભર્યો હતો. જેટલો રંગ તૈયાર કર્યો હતો તે બધો શ્રીહરિએ ઉત્સાહ સભર ભાવથી ઉડાડી દીધો. પછી જે ગુલાલ હતો તેને ઉડાડવા લાગ્યા.

મકાનો અને ચોક રંગ તથા ગુલાલે કરીને રંગાઈ ગયા અને તેનો કીચડ બન્યો. તેથી તેની અત્યંત શોભા બની હતી. રંગનો થયેલો આ કીચડ તેને હરિભક્તો અલૌકિક જાણીને ઘણા હેતથી લેવા લાગ્યા. તે વખતે શ્રીહરિની આ જે રંગલીલા હતી તેને જોવા માટે દેવતાઓ બધા વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. તે વિમાનોથી બધું આકાશ છવાઈ ગયું. દેવો વાજિંત્રો વગાડતા હતા અને તેઓ પણ કેસરનો રંગ અને ફૂલની વૃષ્ટિ કરવા લાગ્યા. દેવોની જે અપ્સરાઓ કહેવાતી હતી તે બધી ત્યાં નૃત્ય અને ગાન કરવા લાગી. જ્યારે આ રીતે શ્રીહરિ રંગે રમી રહ્યા તે પછી તત્કાળ નારાયણધૂન કરવા લાગ્યા. કૃપાળુ શ્રીહરિ રંગથી રસબસ ભર્યા હતા. બધા સંતો તથા હરિભક્તો પણ રંગથી ભર્યા હતા. જ્યારે ધૂન પૂરી થઈ ત્યારે શ્રીહરિ સ્નાન કરવા માટે ચાલ્યા.

### • સંતો પોતાના નિયમિત આહાર કરતાં ત્રણગણું વધારે જમ્યા :

જોબનપગીના ભાઈ સુંદરપગી હતા. સુખના ધામ શ્રીહરિ તેના કૂવે નાહ્યા. બધા સંતો અને હરિભક્તો બીજા કૂવાઓ ઉપર ગયા અને ત્યાં સહુએ સ્નાન કર્યું. સહુ સંત-હરિભક્તો ગામમાં શ્રીહરિની ભેળા થઈને આવ્યા. બધા સંતો મુખથી વસંતના પદ ગાતા હતા. ત્યારે શ્રીહરિએ આવીને પ્રથમ ભોજન કર્યું અને તે પછી સંતોની પંગત કરાવી. સુખદાયક શ્યામ શ્રીહરિ સંતોની પંગતમાં ઘણા જ હેતથી લાડુ પીરસવા લાગ્યા. શ્રીહરિને પંગતમાં પીરસવામાં ઘણો ઉત્સાહ હતો. તેથી ઘણી શીઘ્રતાથી પંગતમાં ફરતા હતા. સંતો લાડુ જમતા હતા તેમાં તેમને કોઈને લાડુ જમવાનો નિયમ રહ્યો નહિ. તેઓને શ્રીહરિની મૂર્તિમાં લક્ષ થયો હતો. તેથી શ્રીહરિના મનમાં ઘણું આશ્ચર્ય થયું. બધા સંતો પોતાના નિયમિત આહાર કરતાં ત્રણગણું વધારે જમ્યા. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'આ સંતોમાં મુક્તોએ પ્રવેશ કર્યો છે.'

### • સંતો તથા ભક્તોએ ભગવાન શ્રીહરિની પૂજા કરી :

પછી બીજે દિવસે શ્રીહરિએ વડતાલ ગામની બહાર સભા કરવાનું મનમાં ધાર્યું. તેથી સંતોએ આંબાની ડાળ સાથે તૈયાર કરીને એક સારો હિંડોળો બાંધ્યો. હિંડોળો બનાવનાર સંતનું અમૂલ્ય નામ નિષ્કુળાનંદમુનિ હતું. તેઓ અનુપમ બુદ્ધિમાન હતા. તેમણે બનાવેલા હિંડોળે આવીને શ્રીહરિ બેઠા.

શ્રીહરિ જ્યારે તે હિંડોળામાં બેઠા ત્યારે સંતો અને હરિભક્તોની સભા થઈ. તેમાં સંતો કીર્તન ગાવા લાગ્યા. પછી ભાઈરામદાસ સ્વામીએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું, 'મહારાજ ! અમારે આપની પૂજા કરવાની ઇચ્છા છે તો અમને રજા આપો. હર એક સમૈયામાં બધા સંતોને એક વખત રાજી થઈને પૂજા કરવાની આપે આજ્ઞા કરવી જોઈએ.'

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'શિયાળા સિવાયના સમૈયામાં સહુ સંતોએ અમને પૂછીને એક દિવસ અમારી પૂજા કરવી. સહુ સંતોને કહી દેવું કે, અમારી પૂજા કરવાને માટે કોઈએ કેસરયુક્ત ચંદન કે ફૂલના હાર કોઈ હરિભક્તની પાસે મગાવીને ક્યારેય પૂજા ન કરવી. નિર્લોભપણાનો નિયમ દૃઢ કરીને પાળવો. અમારે માટે થઈને ક્યારેય નિર્લોભપણાના નિયમનો ભંગ કરવો નહિ. કોઈ સંતોએ અમારે માટે થઈને મેવા, ફળ, વસ્ત્ર, ઘરેણાં આદિક બધું ક્યારેય હરિભક્તની પાસે જિંદગીભર માગવું નહિ. જે કોઈ પણ સંતને અમારી પૂજા કરવાની હોય ત્યારે ઘણા ઉત્સાહથી આનંદાનંદમુનિની પાસે જાવું અને જે જે વસ્તુ જોઈએ તે નિર્માની થઈને માગવી. કોઈ વખતે માગેલી વસ્તુ મળે કે ન મળે, તે બાબતમાં શોક ન કરવો. સંતોએ પદાર્થ સંબંધી ક્યારેય શોક કરવો નહિ અને સારી રીતે નિર્લોભપણાનો નિયમ પાળવો. અમારા વચનોને જે પાળે છે તેને અમારી પૂજા કરે તેથી પણ અમે અધિક પૂજા કરી છે, એમ વિશેષ તેને રાત્રિ-દિવસ માનીએ છીએ; અમારી આવી સમજણ છે. તમે જે બધા સંતો, વર્ણી અને પાર્ષદ આદિક કહેવાઓ છો તેઓ સત્સંગને માટે જે સેવા કરો છો તે સેવાને હું મારી સેવા માનું છું અને જે લોકને ઠગવા માટે ત્યાગ, ધ્યાન અને કથાવાર્તા કરે તેને અમે સેવા માનતા નથી. તે દંભથી લોકોને ઠગે છે તેની તેમને ખબર નથી. અંતે તો તે વિમુખ થઈ જશે. તે વાત નિશ્ચિત છે. જેવા બહાર દેખાતા હોય એવા જ હૃદયથી જે શુદ્ધ હોય તે સાચા સંત છે. એવા સંતોના ઉપર અમે દિનપ્રતિદિન વિશેષ રાજી રહીએ છીએ. જેટલા સંતો, વર્ણી અને પાર્ષદો નિષ્કપટ રહે છે તેઓ અમારી સેવા નિરંતર કરે છે એમ અમે માનીએ છીએ.'

શ્રીહરિએ આટલી વાત કરીને સહુને પૂજા કરવા માટે આજ્ઞા કરી. તે પછી સહુ સંતો, વર્ણી અને પાર્ષદો પૂજા કરવા આવ્યા. શ્રીહરિએ કહ્યું, 'તમે સહુ એક એક જણ આવીને પૂજા કરો.' ત્યારે શ્રીહરિએ જે વચન કહ્યું તે પ્રમાણે સહુ સંતો પૂજા કરવા લાગ્યા. તેનાથી શ્રીહરિ રાજી હતા અને રાજીપામાં જ ઘણું સુખ આવે છે. શ્રીહરિ રાજી હોય તેમ જ કરવું. વચનની બહાર ક્યારેય પગલું મૂકવું નહિ. બધા શાસ્ત્રોનું આટલું જ રહસ્ય છે અને અમને આટલું જ સમજવામાં આવ્યું છે કે, જે લોકો શ્રીહરિનાં વચનની બહાર પગલું મૂકે છે તેટલું તેને પ્રગટ ભગવાનના રહસ્યને જાણવામાં ફરક રહ્યો છે. અને જેટલો રહસ્ય સમજવામાં ફરક રહે છે તેટલો મોક્ષને સમજવામાં ફરક રહે છે. આ વાત પ્રસિદ્ધ દેખાય છે. જેટલા સંતો, વર્ણી અને પાર્ષદો હતા તે બધા આવી સમજણવાળા હતા.

કેસરયુક્ત ચંદનના બે કટોરા ભરીને શ્રીહરિની આગળ મૂકી રાખ્યા હતા. સહુ સંતો વિચારીને પહેલા શ્રીહરિના લલાટમાં પૂજા કરતા હતા અને પછી ચરણકમળની પૂજા કરતા હતા. કેસરચંદન ચરણ ઉપર ચર્ચીને સંતો હરખભેર તે ચરણને છાતી ઉપર ચાંપ તા હતા. સંતો સોળે ચિહ્ન સહિત ચરણારવિંદ છાતિમાં દેખાય તે રીતે ચાંપતા હતા. શ્રીહરિ જ્યારે જ્યારે સમૈયો કરતા હતા ત્યારે સંતોને ભેટતા અને છાતીમાં ચરણ દેતા હતા. અને તેટલી વખત પૂજા કરવા દેતા. તેમજ પ્રસાદીના ઘણા થાળ આપતા હતા અને પ્રસાદીનાં ફૂલના હાર પણ વારંવાર આપતાં હતાં. તેનો ગણવાથી પણ કોઈ આંક આવતો નહિ. વાત બધી લખી શકાય તેમ નથી.

કેટલાક સંતોને પ્રસાદીનાં વસ્ત્રો પણ આપતાં અને બીજી પણ કેટલીક પ્રસાદીની અપાર વસ્તુઓ આપી હતી. શ્રીહરિ સંતોને પ્રસાદી જે આપતા હતા તેનું રહસ્ય એટલું તેમણે મનમાં ધાર્યું હતું કે સંતોને વારંવાર શ્રીહરિની મૂર્તિ સાંભરે. સંતો પૂજા કરી રહ્યા તે પછી હરિભક્તો પૂજા કરવા આવ્યા. તેઓ વસ્ત્ર અને ઘરેણાં જે લાવ્યાં હતાં તેનો પાર લઈ શકાતો નથી. તેઓ જે ફૂલના હાર, બાજુબંધ અને તોરા લાવ્યા હતા, તેનો ગણવાથી પાર આવતો ન હતો. આટલા બધા લોકોએ પૂજા કરી હતી. જ્યારે સંત-હરિભક્તો બધા પૂજા કરી રહ્યા ત્યારે અગરબત્તીનો ધૂપ કર્યો હતો અને કપૂરની આરતી કરી હતી; તેનો સુંગધ સભામાં વ્યાપી ગયો હતો. જ્યારે આરતી થઈ ત્યારે જેટલા વાજિંત્ર કહેવાય છે તે બધા વાગતા હતા અને ભક્તજનો 'જય જય' 'જય જય' આવા શબ્દોને બોલતા હતા. સહુના અંતરમાં અતિશય ઉત્સાહ ભર્યો હતો.

## • દિવ્યભાવની દૃઢતાના ઉપાય :

તે સમયે સંતોમાં પણ સહુ સંતો પરસ્પર એકબીજાની પૂજા કરતા હતા. કેમ જે, તે સંતો શુકદેવજી, નારદજી અને સનકાદિકો કરતાં પણ એકબીજાની મોટપ અધિક દેખતા હતા. સંતો પોતાના કરતાં બીજા સંતોની મોટાઈ અધિક કહેતા હતા અને પોતામાં જે કાંઈ દોષ હોય તે તો માયિક શરીરના સંબંધથી છે એમ માનતા. સંતો દોષોને તો અસુરના રૂપમાં દેખતા અને એક જીવાત્માને જ શુદ્ધરૂપે દેખતા હતા. તથા પોતા સિવાય બીજા સંતોના શરીરને તો દિવ્યભાવથી દેખતા હતા. જે રીતે સંતો ભગવાનના ગુણ ગાતા હતા તે રીતે જ સંતોના પણ ગુણ ગાતા હતા. સંતોની જીભ એવી અમૃત સરખી હતી કે, તે હંમેશાં પૂજાને યોગ્ય લાગતી.

જેને સંતના ઉપર અત્યંત હેત રહ્યું હોય તો કદાચ સંતોમાં દોષ હોય તોપણ તેને ગુણ કરીને ગાય છે. અને જો સંતોના ઉપર હેત ન હોય તો તેમાં અપાર ગુણ રહ્યા હોય, તોપણ તે ગુણોનો ત્યાગ કરીને કેવળ દોષને જ ગ્રહણ કરે છે; આવા અભાગિયા સભા વચ્ચે સંતોના દોષને જાહેર કરે છે. કેમ જે, તેની જીભમાં અભાવરૂપી ઝેર આવીને વસ્યું છે. કોઈ મનુષ્ય જાહેરમાં બીજાના દોષોને

દેખાડનારી વાત કહે છે તો તે વાત કપડાં કે ઘરેણાં પહેર્યા વિનાના નગ્ન માણસ જેવી દેખાય છે. કેટલાંક વચન આંધળાં છે, કેટલાંક વચન બહેરાં છે, કેટલાંક વચન મૂંગાં છે અને કેટલાંક વચન ઝેર ભરેલાં છે. અર્થાત્ જે ગુણોને જોયા વિના કેવળ દોષોને કહે છે, તે આંધળાં વચન જાણવાં. જે ગુણોને સાંભળ્યા વિના બીજાના કેવળ દોષોને કહે છે, તે બહેરાં વચન જાણવાં. જે બીજાના ગુણોને કહ્યા સિવાય કેવળ દોષોને જ કહે છે તે મૂંગાં વચન જાણવાં. અને જે રાગ-દ્વેષથી અભાવવર્ધક વચનો બોલે છે તે ઝેર ભરેલાં વચન જાણવાં. કેટલાંક વચન કડવાશરૂપી ઝેર ભરેલાં હોય છે અને કેટલાકનાં વચન તો અગ્નિની જેમ બીજાને બાળે એવાં ઘણાં તીખાં હોય છે. કેટલાંક તો શસ્ત્રની જેમ કાપનારાં, પશુનાં જેવાં મૂર્ખતાં ભરેલાં અને પંખીનાં જેવાં અજ્ઞાન ભરેલાં વચન હોય છે. આમ, વચન વચનમાં ઘણો ભેદ છે.

કેટલાક સંતોના વચન અમૃત જેવાં હતાં. વળી આંખે દેખીને સત્ય વચન બોલનારાં અનંત સંતો હતાં. સત્ય વાત સાંભળ્યા પ છી બોલનારા પણ અપાર સંતો હતા. અન્યના સદ્‌ગુણની બાબતમાં મૌન રહ્યા સિવાય પ્રિય વચન બોલનારાં અને કેટલાક સંતો કડવાશ વિના મધુરાં વચન બોલનારાં હતાં. તે સંતો મનમાં વિચાર કરીને શુદ્ધ વચન બોલતાં હતાં. જે પ્રિય વચનને બોલે છે અને ક્યારેય અપ્રિય વચન બોલતાં નથી તેને સંત કહેવાય છે. અને જે અપ્રિય વચન બોલે છે તેને અસાધુ કહેવાય છે. કેટલાક સુજ્ઞ સંતો અપ્રિય વચનોમાં પણ પ્રિય ઔષધની જેમ બોલી જાણતા હતા, તે ડાહ્યો માણસ જાણે છે. પરંતુ જેને અસાધ્ય એવો અજ્ઞાનરૂપી રોગ થયો છે તેને દેખાતું નથી.

કેટલાક હરિભક્તો તે સભામાં બેઠેલા સંતો, વર્ણી અને પાર્ષદોની ચંદન, ફૂલના હાર અને વસ્ત્રોથી ઘણી સારી પૂજા કરતા હતા. હરિભક્તો જ્યાં સુધી સત્સંગ કરે છે ત્યાં સુધી તેમની સદ્‌ભાવના એકસરખી રહે છે. પણ જ્યારે તેઓ કુસંગનો જોગ કરે છે ત્યારે તરત જ તેમની ભાવના ફરી જાય છે. લીલાગર ભાંગ અને દારૂને પીવાથી એક પળવારમાં મન ફરી જાય છે તેમ કુસંગમાં લીલાગર ભાંગ અને દારૂના જેવો ગુણ રહ્યો છે. જે પાકા હરિભક્તો છે તે તો તેને દેખતા રહે છે અને સદા કુસંગથી દૂર ભાગતા ફરે છે. માણસ જ્યારે ઝેર પીવે છે ત્યારે તેના ગુણ તરત જ દેખાય છે. કુસંગ ઝેર સમાન છે. જે શુભ વાત છે તે સત્સંગ કહેવાય છે અને જે અશુભ વાત છે તે કુસંગ કહેવાય છે. શુભ વાતમાં મળે તેવી અપાર વાતો સત્સંગમાં રહી છે.

શાસ્ત્રના સારભૂત જે વાત છે તેને સત્સંગ કહેવાય છે. અને અસાર વાતને કુસંગ કહેવાય છે. જે વાતને સાંભળવાથી જેટલું સુખ થાય છે, તેટલો તે સત્સંગ કહેવાય છે. અને જેટલી વાત ઉદ્વેગ અને અસુખ કરે તેટલી વાતને પ્રત્યક્ષ કુસંગ જાણવો. જેટલી વાતમાં નીતિ રહી હોય છે તેટલી વાતમાં સત્સંગ જાણવો. જે વાતમાં જેટલી અનીતિ દેખાય છે તે વાતમાં તેટલો કુસંગ કહેવાય છે. તપાસ કર્યા વિના મનુષ્યને તરત જે મારી નાખવો, તેનું નામ કુસંગ અને અધર્મ કહેવાય છે. અને જે વિચાર કરવો તે ધર્મ છે અને તે સત્સંગથી મળે છે. સત્સંગ અને કુસંગના દ્વાર બે પ્રકારના છે. સત્સંગનું દ્વાર ઉચ્ચ છે. અને કુસંગનું દ્વાર ઘણું નીચ છે.

જે હરિભક્તો હતા તે શ્રીહરિ જેમ રાજી થાય તેમ કરતા હતા. અને તેથી જ તે હરિભક્તોની મોટાઈ છે. જેનાથી શ્રીહરિ રાજી થાય તેના સમાન બીજું કોઈ સાધન નથી. શ્રીહરિને રાજી કરવા તે જ પરમ રહસ્ય છે, તેના જેવું બીજું કોઈ રહસ્ય નથી. જ્યારે શ્રીહરિ હિંડોળા ઉપર બેઠા તે વખતે અત્યંત શોભા થઈ રહી હતી. કેટલાક ફૂલના હારને છાતી ઉપર જે પહેર્યા હતા, તે ઘણા સોહામણા લાગતા હતા. કેટલાક ફૂલના હાર પાઘ ઉપર બન્ને બાજું લટકી રહ્યા હતા અને પાઘ ઉપર કેટલાક તોરા લટકતા હતા. તેમાંથી સારો સુગંધ પ્રસરી રહ્યો હતો. બન્ને ભૂજાઓ ઉપર અને ચરણમાં કેટલાક ફૂલના હાર બાંધ્યા હતા. શ્રીહરિ હિંડોળા ઉપર ઊભા રહ્યા ત્યારે સુંદર નટવર છબી ઘણી અદ્‌ભુત બની હતી.

## • વડતાલમાં રંગોત્સવ પ્રસંગે તૈયાર હિંડોળાની શોભા વર્ણવી :

અનંત બ્રહ્માંડોની જે અધિક શોભાઓ હતી તેના કરતાં પણ અપાર અધિક શોભાને શ્રીહરિ પોતાની મૂર્તિમાં દેખાડતા હતા. શ્રીહરિમાં એવી અનંત કળાઓ હતી, જેનો કોઈ પાર પામતા નથી. અપાર ફૂલના હારોથી હિંડોળો રમણીય બન્યો હતો. હિંડોળાની ઉપર સોનાના સુશોભીત કળશ સ્થાપેલા હતા. અને જ્યારે હિંડોળો ચાલતો હતો ત્યારે હિંડોળામાં રહેલા ઘૂઘરા ઘમકતા હતા. હિંડોળાની ચારેબાજુ મોતીના તોરણ બાંધ્યા હતા તે ઝગમગ ઝગમગ ચમકી રહ્યા હતા. આ વખતે શ્રીહરિ વડતાલમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ આવીને હિંડોળા ઉપર બેસતા હતા. હિંડોળાની ચારેબાજુ કમાનવાળા બારણા હતા, ઉપર છજા હતા અને સુશોભિત ઘૂમટી અને ચારેય બાજું પડદા પણ સુંદર સુશોભિત હતા. સોનાનો વરખ લગાવેલા લીંબુના ગુચ્છ બનાવીને હિંડોળામાં લટકાવ્યા હતા. તેની અદ્‌ભુત શોભા કહી જાતી નથી. નાની નાની કેરીઓના ગુચ્છ કરી તેને સોનાનો વરખ લગાવ્યો હતો. અને કેટલીક કેરીઓને રૂપાનો વરખ લગાવીને હિંડોળે લટકાવી હતી. સોનાના કમળને આકારે સૂર્યમુખી કરીને બધા બારણાઓમાં બબ્બે

લગાવી હતી. તે હિંડોળાના સ્થંભ સોનેરી અને અનુપમ હતા. તે બધા સ્થંભોની અદ્‌ભુત શોભા બની હતી.

બ્રહ્માંડમાં રહેલા સાત દ્વીપોમાં જંબુદ્વીપ મધ્યે છે અને જંબુદ્વીપમાં નવ ખંડ છે, તેમાં ભરતખંડ ઉત્તમ છે. ભગવાનના જેટલા અવતારો છે તે બધા આ ભરતખંડમાં થાય છે. આ ખંડ અવતાર વિના ખાલી રહેતો નથી માટે ભરતખંડ બીજા સહુ ખંડ કરતાં ઉત્તમ કહેવાય છે. પાપ અને પુણ્યની રીત ભરતખંડમાં રહી છે. વેદ, પુરાણો અને સ્મૃતિઓ એ બધાં જે શાસ્ત્રો છે તે આ ભરતખંડમાં રહ્યા છે. વેદ અને પુરાણોમાં વર્ણાશ્રમના જે ધર્મ છે તેને સ્મૃતિરૂપ ધર્મ ગ્રંથમાં બ્રહ્મા અને મનુ આદિકે પ્રતિપાદન કર્યા છે. જેટલા મોટા મોટા ઋષિઓ કહેવાતા હતા, તેમણે સ્મૃતિઓમાં વર્ણાશ્રમના ધર્મનું પ્રતિપાદન કર્યું છે. જે લોકો વર્ણાશ્રમના ધર્મનો ત્યાગ કરીને ચાલે છે તે માનો યવનની જાતીને ધરી રહ્યા છે.

વેદોએ કહેલ ધર્મમર્યાદામાં જે વર્તે છે તે બધા હિંદુ કહેવાય છે. અને જે તે ધર્મમર્યાદાનો ત્યાગ કરીને રહ્યા છે તે બધા યવન કહેવાય છે. અને તેવું કુરાન બનાવેલું છે કે, યવનોની રુચિ જે પ્રમાણે હોય તે પ્રમાણે ચાલી શકે. હિંદુની વાણી ઉત્તમ છે, તે બીજા અન્ય કોઈ દેશમાં બદલાતી નથી. તે વાણીનું નામ ગિર્વાણ(સંસ્કૃત) કહેવાય છે. તે વાણી બ્રહ્માના લોક સુધી રહી છે.

## • શ્રીહરિએ વડતાલમાં હિંડોળા પ્રસંગે ચરોતરની ઉત્તમતા કહી :

ભરતખંડમાં ગુજરાતના જેવો બીજો કોઈ પવિત્ર દેશ નથી. અને ગુજરાતમાં પણ જે ચરોતર પ્રદેશ છે તે અત્યંત પવિત્ર રહ્યો છે. કારણ કે, શ્રીહરિએ વારે વારે ચરોતરમાં આવીને સર્વોત્તમ ઉત્સવ કર્યા છે. વડતાલ જેવા જ બીજા ગામ છે તેને ઉત્સવો કરીને અતિશય ઉત્તમ કરી દીધા છે. શ્રીહરિ, સંતો અને હરિભક્તોનું જ્યાં વધારે વિચરણ થયું છે તેવા સ્થાનમાં બીજાં બધાં તીર્થધામો આવીને નિરંતર રહ્યાં છે. શ્રીહરિ, શ્રીહરિના સંતો અને હરિભક્તો યથાર્થ ધર્મને રાખે છે તેથી ત્યાં બધાં તીર્થધામો રહ્યાં છે. જ્યાં ધર્મ-મર્યાદા નથી એવાં બીજાં સ્થળો તો નામમાત્રનાં તીર્થધામ રહ્યાં છે, આ વાત ચોક્કસ છે આવું શ્રીહરિ વારેવારે બોલ્યા છે.



શ્રીહરિએ વડતાલમાં પાંચ-છ દિવસ સુધી અનુપમ ઉત્સવ કર્યો. સંતોને તથા હરિભક્તોને અપાર સુખ આપ્યું. સંતોના તથા હરિભક્તોના અંતરમાં જેવી અભિલાષાઓ હતી તે બધી શ્રીહરિએ પૂરી કરી. અને સહુને અલૌકિક લાભ દીધો. અલૌકિક એવા અક્ષરધામમાંથી આવીને શ્રીહરિએ આ પ્રસંગે વડતાલ ધામમાં અલૌકિક વાતો કરી. કારણ કે ત્યાં સહુ સંતો અલૌકિક રહ્યા હતા અને સર્વે હરિભક્તો પણ અલૌકિક હતા. શ્રીહરિએ આ વખતે વડતાલ આવીને વારંવાર જે અલૌકિક ઉત્સવ કર્યા, તે દિનપ્રતિદિન એક એક ઉત્સવથી મહત્વપૂર્ણ હતા. આ બ્રહ્માંડમાં જેટલા સર્વોત્તમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ કહેવાય છે તે બધાથી અધિક અને અપાર સર્વોત્તમ ચરિત્ર શ્રીહરિ આ વખતે કરતા હતા અને તેમાં ભક્તોને અનંત સુખ આપતા હતા. જે રીતે શ્રીહરિ સુખ આપતા હતા તે રીતે તો કહી શકાતું નથી.

શ્રીહરિ સંબંધી અલૌકિક સુખ તો અલૌકિક દૃષ્ટિથી યથાર્થરૂપમાં દેખાય છે. અલૌકિક દૃષ્ટિ પ્રાપ્ત થયા સિવાય બ્રહ્મા જેવા બુદ્ધિમાન દેખાતા હોય છતાં પણ તે સુખ દેખાતું નથી. સત્સંગની જેટલી વાત છે તે બધી અલૌકિક છે. અને વેદો તથા પુરાણોની જે વાતો છે તે વાતો પણ અલૌકિક છે. તે સિવાયના જે જે સિદ્ધાંતના ગ્રંથો કહેવાય છે તેને ઘણા પંડિતો અને પુરાણીઓ ભણે છે, પરંતુ તેઓ જ્યાં સુધી માયિક શરીર અને માયિક વિષયમાં બંધાયેલા રહે છે ત્યાં સુધી તે જેમ જેમ ગ્રંથ ભણે છે તેમ તેમ અત્યંત નાસ્તિક થઈ જાય છે. જીવ ગમે તેટલું ભણે છતાં જ્યાં સુધી સત્સંગ નથી કરતા ત્યાં સુધી તેની મતિ માયિક રહે છે. જેની જેવી મતિ છે, તે તેવી વાત કરે છે અને જેવી મતિ હોય છે તેવી તેની સમજણ હોય છે. પછી શ્રીહરિ જ્યારે વડતાલથી ચાલ્યા તે ગઢપુર આવ્યા.

આ રંગોત્સવનું વર્ણન કરતાં 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :

**કહે સંતોને શ્રીવૃષલાલ, ફૂલદોલ થશે વરતાલ; માટે આગળથી જાઓ તમે, પછી પાછળ આવશું અમે. ૪૩**

**ત્યારે સંત સરવ તો સિધાવ્યા, જ્યારે ઉત્સવના દિન આવ્યા; કરી હરિએ જવાની તૈયારી, પણ રાખ્યા ઉત્તમનૃપે વારી. ૪૪**
**અસાધારણ ભૂપનો પ્રેમ, એનું થાય ઉલ્લંઘન કેમ; કર્યો દુર્ગપુરે ફૂલદોલ, સૌને આનંદ ઉપજ્યો અતોલ. ૪૫**
**પછિ પરવરિયા જનપાલ, વદી છઠ્ઠે આવ્યા વરતાલ; પગી જોબનની મેડી જ્યાંય, ઉતર્યા જગજીવન ત્યાંય. ૪૬**
**દેશદેશથી આવિયા દાસ, એકે ખાલી રહ્યો નહિ વાસ; ભાત ભાતના રંગ રચાવી, રંગસાતમે ધૂમ મચાવી. ૪૭**
**પગી જોબનની બારીમાંય, બહુનામી બિરાજીને ત્યાંય; રંગે ખેલ કર્યો સખા સંગે, પછી નાવાને ચાલ્યા ઉમંગે. ૪૮**
**પગી સુંદરનો કુવો જ્યાંય, વિચર્યા વૃષનંદન ત્યાંય; નાહ્યા થાળામાં બેસીને નાથ, ગાય કીર્તન મુનિજન સાથ. ૪૯**
**કૃપાનાથે કોરાં વસ્ત્ર ધાર્યાં, રંગવાળાં થાળામાં ઉતાર્યાં; હરિભક્તોએ થાળાનું પાણી, નાખ્યું કૂપમાં પ્રસાદી જાણી. ૫૦**
**પછી આવિયા શ્યામ ઉતારે, જમ્યા સંત જમ્યા હરિ જ્યારે; કહે વર્ણિ સુણો રૂડા રાય, જ્ઞાનબાગ જે આ કહેવાય. ૫૧**
**આંહિ રાયણથી પૂર્વ ભાગે, હતો આંબો જોતાં ભલો લાગે; બાંધ્યો હિંડોળો ત્યાં મળી સંતે, અંગિકાર કર્યો ભગવંતે. ૫૨**
**ઝૂલ્યા તેમાં બેસી ભગવાન, કર્યું સંતે વાજિંત્રમાં ગાન; એમ ઉત્સવ પૂરણ કીધો, સંતે લાવ અલૌકિક લીધો. ૫૩**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૦)

એકવાર ભગવાન શ્રીહરિ સંતોને કહે, "આપણે વડતાલમાં આ વર્ષમાં મોટો રંગોત્સવ કરવો છે. માટે તમે ઉત્સવની તૈયારી કરવા માટે આગળથી જાવ. અમે પાછળથી આવશું." તેથી સંતો અગાઉ વડતાલ ગયા.

વડતાલ ગયેલા સંતો ત્યાં શ્રીહરિની રાહ જોતા હતા. ગઢપુરમાં જેવો રંગોત્સવ પૂર્ણ થયો એવા તરત જ શ્રીહરિને વડતાલવાસી સંતો તથા જોબન પગી વગેરે ભક્તો સાંભર્યા એટલે તરત જ ગઢપુરથી ચાલ્યા અને સં.૧૮૭૦, ફાગણ વદ-૬ને દિવસે મહારાજ વડતાલ પહોંચ્યા.

જોબન પગીની મેડીએ ઉતારો કર્યો. ત્યાં સંતો-ભક્તોએ રંગોત્સવની ઘણી પૂર્વ તૈયારી કરી હતી. તેથી ભક્તોએ રંગોત્સવની વાત કરી. ભક્તાધીન ભક્તવત્સલ મહારાજે ભક્તોનો ભાવ પૂરવા જોબન પગીની મેડીએ જ રંગોત્સવ કરવાનું નક્કી કર્યું. પછી બીજે દિવસે જોબન પગીની મેડીએ જ સહુ સંતો-ભક્તોને ખૂબ રંગે રમાડ્યા. તેથી આ સાતમનું નામ 'રંગસપ્તમી' પડ્યું. મહારાજના હજૂરી પાર્ષદ ગુમાનજી ભક્ત હતા, તેઓ પાછળથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ભેળા 'વાસુદેવચરણ સ્વામી' નામે સંત થઈને રહ્યા હતા. તેમણે 'હરિચરિત્રચિંતામણિ' નામે ગ્રંથ લખ્યો છે. તેમાં આ રંગોત્સવનું વર્ણન કરતાં તેના છત્રીસમા કિરણમાં લખે છે કે,

**રમ્યા હોળી વડતાલમાં વાલો, ધર્મધુરંધર ધર્મનો લાલો; જોબનને મેડે જગનાથ, રંગ ગુલાલ લઈ સુખપાથ.૩૪**
**ઉત્તર મુખે ઊભા મનોહર, નાંખ્યો રંગ સંતજન પર; તે પર અબીર ગુલાલ અતિ, કરી વડતાલ દેશ વદિતિ.૩૫**
**ચાલ્યો રંગ પાણી ગામ પાર, પડ્યું આવી સરોવર મોઝાર; મળ્યા સંતને ત્યારે શ્રીહરિ, રંગે ભરિયા બહુ હેતે કરી.૩૬**

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૩૬)

શ્રીહરિએ જોબન પગીની મેડીએ રંગોત્સવ કર્યો હતો તેનું પાણી પૂર્વ દિશામાં સરોવર છે ત્યાં સુધી પહોંચ્યું હતું. પછી રંગમાં રસબસ થયેલા શ્રીહરિ અતિ રાજી થઈ પ્રથમ સહુ સંતોને ભાવથી ભેટ્યા. પછી જોબન પગીને પણ ભેટ્યા અને અતિ પ્રેમથી પોતાની પાઘ ભેટ આપી.

**આપી જોબનને રંગ ભરી પાઘ, વાલે કરી બહુ અનુરાગ; નાહ્યા સુંદરને કૂવે શ્યામ, પુરુષોત્તમ પૂરણકામ.૩૭**

(હરિચરિત્રચિંતામણિ : કિરણ-૩૬)

પછી વાજતે-ગાજતે સ્નાન કરવા ગયા. સુંદરજીભાઈના કૂવે શ્રીહરિ તથા સહુ સંતોએ સ્નાન કર્યું. તે સમયે સંતોએ ત્યાં કીર્તનો ગાયાં. પછી મહારાજે કોરાં વસ્ત્ર પે'ર્યા અને રંગવાળાં વસ્ત્રો ઉતારીને થાળામાં મૂક્યાં. તે પ્રસાદીનાં વસ્ત્રો સુંદરજીભાઈ વગેરે ભક્તોએ પ્રેમથી ગ્રહણ કર્યા. થાળાનું પાણી પ્રસાદીના મહિમાથી કૂવામાં નાખ્યું. પછી મહારાજ સંતો સાથે ઉતારે આવ્યા. અતિ ભાવથી પોતે જમ્યા. પછી પ્રેમ કરી વારંવાર પીરસી સંતોને જમાડ્યા.

●

## ● ભગવાન કૃપાસાધ્ય છે કે ક્રિયાસાધ્ય છે ?

ગુજરાતના હરિભક્તોનું આમંત્રણ ભગવાન શ્રીહરિ ભૂલ્યા ન હતા. ગુજરાતની કેરીઓનાં ગાડાં ગઢપુર આવ્યાં અને મહારાજ તૈયાર થઈ ગયા. કાઠી ભક્તોને બોલાવ્યા અને ગુજરાત જવા તૈયારી કરી. દાદાખાચરને પણ સાથે લીધા.

ગઢપુરથી નીકળી ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, પોલારપુર, ભીમનાથ, ઝીંઝર, રોજકા, ખસ, પચ્છમ, કમિયાળા વગેરે ગામો

ફરતા, ત્યાંના હરિભક્તોને સાથે લઈને ભગવાન શ્રીહરિ ગુજરાતમાં પધાર્યા. નાર, સોજીત્રા, ચાંગા, સંજાયા, ડભાણ થઈને શ્રીહરિ નડિયાદ પધાર્યા. શ્રીહરિ જ્યાં જતા ત્યાં ભક્તો રોકાવાનો આગ્રહ કરતા પરંતુ એક રાત એક ટંક મહારાજ રોકાતા અને તરત નીકળી જતા. નડિયાદથી ભગવાન શ્રીહરિ ઉમરેઠ પધાર્યા. ત્યાં શ્રીહરિ અને સંતો-હરિભક્તો માટે ઉમરેઠના હરિભક્તોએ આમ્ર ઉત્સવની ભરપૂર તૈયારીઓ કરી રાખી હતી. નંદુરામભાઈને ત્યાં પહેલા દિવસની રસોઈ હતી. રસમાં સાકર ને ઘી નાખીને રસ અમૃત તુલ્ય બનાવ્યો હતો.

ભગવાન શ્રીહરિ જમવા પધાર્યા. બ્રહ્મચારીએ હાથ-પગ ધોવરાવ્યા. મહારાજ પાટલે બિરાજમાન થયા, સામે બાજોઠ ઉપર નંદુરામભાઈએ થાળ મૂક્યો. આજુબાજુ સંતોની, કાઠી હરિભક્તોની પંક્તિ બેસી ગઈ હતી. કાઠી ભક્તો રાહ જોઈ રહ્યા હતા કે મહારાજ જમવાનું શરૂ કરે એટલે આપણે પણ ચાલુ કરીએ, પરંતુ મહારાજ નંદુરામભાઈની સાથે વાતોએ વળગ્યા હતા. કાઠી ભક્તોની ધીરજ ખૂટતી હતી. એક કાઠી ભક્તે તો રસનો પડિયો મોઢે માંડતાં 'સ્વામિનારાયણ ભગવાનની જય' બોલાવી, પણ ત્યાં તેના હાથમાંથી પડિયો જ પડી ગયો. મહારાજે આ જોયું અને હસ્યા. પછી જમવાનું શરૂ કર્યું. નંદુરામભાઈ બાજુમાં બેસી શ્રીહરિને પવન નાંખતા હતા. મહારાજ બધી વાનગીઓમાંથી થોડું થોડું જમતા હતા. નંદુરામભાઈ આગ્રહ કરતા હતા, પરંતુ મહારાજ કહેતા, 'આ સુરાખાચરને આપો.' ત્યાં તો સુરાખાચરનો પડિયો પણ મોઢે લગાડતાં પડી ગયો. મહારાજે તે જોયું અને હસતાં હસતાં કહ્યું : ''નંદુરામભાઈ ! આ કાઠી ભક્તોને તો તાંસળી જોઈએ. આવા પડિયામાં ન ફાવે.''

એટલે નંદુરામભાઈએ કહ્યું : ''મહારાજ ! કાઠિયાવાડની તાંસળી તો અહીં ન મળે.''

એટલામાં સુરાખાચરે કહ્યું : ''કાંઈ વાંધો નહીં. અમે અમારા ખડિયામાં તાંસળી ભેગી જ રાખીએ છીએ.'' એમ કહીને બાજુમાં રાખેલ ખડિયામાંથી તાંસળી કાઢી. તે જોઈને તમામ કાઠીઓએ પણ પોતપોતાની તાંસળી કાઢી.

ભગવાન શ્રીહરિએ હસતાં હસતાં પૂછ્યું : ''ખડિયો પણ ભેગો જ રાખો છો ?''

એટલે સુરાખાચરે કહ્યું : ''મહારાજ ! અમારે ગરથ તો ગાંઠે જ હોય.''

ભગવાન શ્રીહરિ જમી રહ્યા અને પછી સૌ સંતો-હરિભક્તોને રસ સારી રીતે પીરસ્યો. નંદુરામભાઈના ભાવ પ્રમાણે મહારાજે સૌને રસ જમાડી તૃપ્ત કર્યા. ત્યારબાદ નંદુરામભાઈએ મહારાજનું અને સંતોનું પૂજન કર્યું અને ધોતિયાં ઓઢાડ્યાં. પછી મહારાજ ઉતારે પધાર્યા.

બીજે દિવસે પણ નરભેરામ દવેની રસની રસોઈ હતી. અહીં પણ મહારાજે સૌને સારી રીતે રસ પિવરાવ્યો. જમ્યા પછી મહારાજે તેની ખડકી ઉપરના મેડા ઉપર જ આરામ કર્યો. પછી ઉમરેઠથી મહારાજ સંઘ સાથે નીકળ્યા અને વડતાલ પધાર્યા.

અહીં ભગવાન શ્રીહરિ વાસણ સુથારને ઘેર ઊતર્યા. હરિભક્તો સૌ વડતાલ ગામની સીમમાં આંબાની વનરાજીમાં ઊતર્યા. કાઠી ભક્તોને જોબનપગીને ત્યાં તથા નારાયણગિરિના મઠમાં ઉતારા આપ્યા. વડતાલમાં આંબે કેરીઓ ઝળૂંબી રહી હતી. એટલે અહીંના ભક્તોએ મહારાજ અને સંઘને રસ જમાડ્યો.

કાઠી ભક્તોએ ગુજરાતના ભક્તોની મહેમાનગતિ અને તેમનો ભાવ તેમજ ભક્તિ જોયાં. તેમને મનમાં થયું કે ગુજરાતના ભક્તો જેવી આપણી ભક્તિ નથી.

જ્યારે ગુજરાતના ભક્તો વાતો કરતા તેમાં સૌરાષ્ટ્રનાં દૂધ, દહીં, ઘી અને સૌરાષ્ટ્રીય સોનાના ઢીમ જેવા ગોળની વાતો તથા હરિભક્તોની ઉદારતા, ભોળપ, ભગવાન શ્રીહરિ પ્રત્યેની ભક્તિની વાતો અપરંપાર ભક્તિભાવથી થતી. મહારાજ પણ સૌરાષ્ટ્રમાં પધારતા ત્યારે ગુજરાતના ભક્તોની પ્રશંસા કરતા અને ગુજરાતમાં પધારતા ત્યારે કાઠિયાવાડના ભક્તોની ભક્તિના ગુણગાન ગાતા.

વડતાલમાં ભગવાન શ્રીહરિ ગોમતીકાંઠે સભા કરતા. એક સાંજે સભામાં સૌ સંતો-હરિભક્તો આવી ગયા એટલે મહારાજે સભાને બે ભાગમાં વહેંચી દીધી અને પ્રશ્ન-ઉત્તર કરવાની આજ્ઞા કરી.

**દયા કરીને દીધાં દર્શન, પછી મુનિને પૂછ્યું પ્રશન; કૃપાસાધ્ય ક્રિયાસાધ્ય વળી, કિયો પક્ષ માન્યો તમે મળી.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૬૭/૧૨)

શ્રીહરિએ સંતોની સભાના બે પક્ષ કર્યા પછી વેદો જેને નેતિ નેતિ કરીને ગાય છે એવાં શ્રીહરિએ કહ્યું : ''ભગવાન કૃપાસાધ્ય છે કે ક્રિયાસાધ્ય છે ?'' એવા બે પક્ષ કરીને તેની દિશ પણ સમજાવી. પછી સંતોને કહ્યું : ''હવે તમે પરસ્પર પ્રશ્નોત્તરી કરીને કૃપાસાધ્ય કે ક્રિયાસાધ્ય પક્ષને સિદ્ધ કરો.'' તેમાં એક પક્ષના જે સંતો હતા તેમણે શ્રીહરિને રાજી કરવા માટે ભગવાન કૃપાસાધ્ય છે એવો પ ક્ષ લીધો અને બીજા પક્ષના સંતોએ ભગવાન ક્રિયાસાધ્ય છે એવો પક્ષ લીધો. જે રમતા (સતત સત્સંગ પ્રચાર માટે ગામડે ફરનારા)

સંતો હતા તેઓ ભાઈ રામદાસજી સ્વામીના પક્ષમાં રહ્યા અને સંસ્કૃત ભણનારા જે સંતો હતા તે મુક્તાનંદ સ્વામીના પક્ષમાં રહ્યા.

ભાઈ રામદાસજીસ્વામીએ કહ્યું : ''અમે તો ભગવાનને કૃપાસાધ્ય કહીએ છીએ. કૃપાળુ ભગવાન સ્વેચ્છાથી દયા કરી સત્સંગમાં આવીને રહ્યા છે. પોતાની ઇચ્છાથી જ ધર્મદેવના ઘેરે પ્રગટ થયા છે. ચિંતામણિ જેવા કોઈ સાધને કરીને ભગવાન કોઈને મળ્યા એવું સાંભળ્યું નથી; માટે ભગવાન કૃપાસાધ્ય છે.'' ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું : ''આ ભરતખંડમાં જ્યારે અધર્મ અત્યંત વ્યાપી જાય છે ત્યારે ભક્તજનો અપાર અધર્મને દેખીને ભગવાનની આગળ પોકાર કરે છે. ભક્તજનોના તે પોકારને સાંભળીને ભગવાન તરત આવે છે. આવી વાત પુરાણોમાં છે. જ્યારે ગજેન્દ્રે પોકાર કર્યો ત્યારે ભગવાને તેને ઝૂડના મુખથી છોડાવ્યો હતો. અને અજામિલના જેવો કોઈ પાપી નહિ. તેનો ક્યારેય મોક્ષ થાય નહિ. તેના પૂર્વના સાધનોને લીધે તેને ઘેર સંતો આવ્યા હતા. જ્યારે સંતોનાં દર્શન થયાં ત્યારે તેનું હૃદય અત્યંત શુદ્ધ થયું અને તેણે હાથ જોડીને પૂછ્યું, મારા સમાન કોઈ પાપી નથી.

કોઈ અધમોમાં પણ અત્યંત અધમ હોય તેનો ઉદ્ધાર થાય એવો કોઈ સુગમ ઉપાય હોય તો આપ મને બતાવો. આપ સહેજે મારે આંગણે પધાર્યા છો. ત્યારે સંતોએ કહ્યું, કરોડો પાપનો તત્કાળ નાશ થાય એવું એક વિશાળ સાધન તો 'નારાયણ' નામ જ છે. નારાયણ નામ કળિયુગમાં પ્રધાન સાધન છે. તે નારાયણ નામનું કીર્તન કરવું, તે સર્વ સાધનમાં અતિશય સર્વોત્તમ સાધન છે. બીજા બધાં સાધનો એક 'નારાયણ' નામમાં નિવાસ કરીને રહ્યાં છે. તમારે તે નારાયણ નામ સતત યાદ કરી રાખવું. જેમ પગ વિના ચલાતું નથી, તેમ સાધન વિના ભગવાન મળતા નથી. હાથ વિના જો ક્રિયા થતી હોય તો સાધન વિના ભગવાન મળે.

આંખો વિના જો કોઈ રૂપને દેખે તો સાધન વિના ભગવાન પ્રસન્ન થાય. કાન વિના કોઈ શબ્દને સાંભળે તો મનુષ્યના ઉપર સાધન વિના ભગવાનની પ્રસન્નતા થાય. કોઈ નાક વિના ગંધને લઈ શકે તો સાધન વિના ભગવાનની પ્રસન્નતા મળી શકે. અને જીભ વિના રસ ચાખી શકે તો સાધન વિના ભગવાનની પ્રાપ્તિ થઈ શકે. જેમ મન વિના ક્યારેય સંકલ્પ-વિકલ્પરૂપી ઘાટ ઉઠતા નથી, તેમજ ચિત્ત વિના ચિંતવન અને બુદ્ધિ વિના નિશ્ચય ક્યારેય થતા નથી. અહંકાર વિના અહં-મમત્વ વગેરે અંતઃકરણમાં ક્યારેય થતા નથી. વળી, જીવ વિના દેહના હાથ-પગ આદિક તમામ ઇન્દ્રિયોની ક્રિયા બંધ થઈ જાય છે, તેમ ક્રિયા વિના ભગવાન મળતા નથી; માટે ભગવાન ક્રિયાસાધ્ય છે. જીવના શ્રોત્ર આદિ સાધન રહ્યાં છે. તે સાધન વિના કોઈ ક્રિયા સિદ્ધ નથી કરાતી. એટલા માટે ભગવાન સાધનસાધ્ય છે.''

ત્યારે શ્રીહરિ કહે : ''મુક્તાનંદસ્વામીનો પક્ષ અત્યારે તો બળવાન થયો છે.''

ત્યારે ભાઈ રામદાસજીસ્વામી બોલ્યા : ''કૃપાસાધ્યના જેવો કોઈ પક્ષ નથી.'' આમ કહીને ભાઈ સ્વામી કેટલીયે વાતોને ઉદાહરણમાં લાવ્યા. ચાર દિવસ સુધી આ ચર્ચા ચાલી.

તેમાં રામદાસભાઈએ કહ્યું : ''વેદોમાં આવે છે કે, 'નાયમાત્મા પ્રવચનેન લભ્યઃ' આ મંત્રમાં કહ્યું છે કે, 'યમેવૈષ વૃણુતે તેનૈવ લભ્યઃ' માટે પ્રભુની કૃપાથી જ પ્રભુ પ્રાપ્ત થાય છે. તેની સામે મુક્તાનંદસ્વામીના ક્રિયાસાધ્ય પક્ષે પોતાની દલીલ આપી કે, તે જ મંત્રના ભાષ્યમાં તેનો જવાબ છે કે, ભગવાન કૃપા કોના ઉપર કરે છે ? તો, જે ભક્ત ભગવાનને અતિશય વ્હાલા કરે છે તેને જ વરવા માટે પ્રભુ પસંદ કરે છે.

**એમ પરસ્પર ચર્ચા કરે, એકબીજામાં આશંકા ધરે; સુણી સંવાદ જનનો જીવન, કરે પડકારા થાય પ્રસન્ન.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૬૭/૧૪)

કોઈ વખતે શ્રીહરિ કહેતા : ''ભગવાન કૃપાસાધ્ય છે, એ પક્ષ ઘણો બળવાન છે અને ક્યારેક કહેતા ક્રિયાસાધ્ય પક્ષ બળવાન રહ્યો છે.'' આ રીતે પ્રશ્ન-ઉત્તર કરાવ્યા હતા. શુકજી, સનકાદિક, વ્યાસ અને નારદજી જેવા સંતો અને જે કોઈ ધર્મનિષ્ઠ ઋષિઓ, તેનાં વચન બળવાન છે. બ્રહ્મા, ભવ, સ્વાયંભુવ મનુ, ઉત્તાનપાદ, ધ્રુવ, અંબરીષ અને પૃથુ ભગવાન, ઇત્યાદિકનાં વચન પણ બળવાન છે. ઋષભદેવ, ભરતજી તથા પ્રહ્લાદજીનાં વચન પણ બળવાન છે. માટે પ્રશ્ન-ઉત્તર કરવામાં તેમનાં વચનનું ધ્યાન રાખવું. આ વાતને યથાર્થ સમજવી હોય તો પૂર્વે કહ્યાં તે વચનો ઉપર સુરત રાખવી જોઈએ. તે સિવાય ક્યારેય યથાર્થ ઉત્તર થતો નથી. ખરેખર તો તમને પ્રશ્નમાં શંકા-આક્ષેપ કરતા આવડતું નથી; આ હકીકત વાત છે.

પછી સંતોએ મધ્યસ્થી ભગવાન શ્રીહરિને નિર્ણય આપવા પ્રાર્થના કરી. શ્રીહરિ કહે : ''સંતો ! અમે અમારી કૃપાથી જ આ લોકમાં પ્રગટ થયા છીએ. અને અમારી કૃપાથી જ જીવને મળીએ છીએ. પરંતુ જે જીવ અમને મેળવવાનો જ ધ્યેય રાખીને અમારા સંતની શરણાગતિ લે છે તેનાં ઉપર અમે કૃપા કરીએ છીએ. તેથી અમને પ્રાપ્ત કરવા માટે કૃપા અને ક્રિયા બન્નેની જરૂર છે. એટલે કે એકાંતિક સંતને સેવવારૂપી ક્રિયાથી અમારી કૃપા મળે છે અને તે કૃપાથી અમારી પ્રાપ્તિ થાય છે.

હા, ઘણી વાર અમે કૃપાપ્રધાન થઈયે છીએ ખરા. પરંતુ જ્યારે આવો નિર્ણય કરવાનો હોય ત્યારે પૂર્વાપરના અનેક પ્રસંગો તથા મોટા પુરુષોના વચનોને ધ્યાનમાં રાખવા જોઈએ. બીજું કે, અમે કૃપા કરીએ પણ જો જીવ અમને રાજી કરવા કાંઈ પુરુષાર્થ જ ન કરે તો તે કૃપા નિષ્ફળ જાય છે. તેમજ જીવ ગમે તેટલાં સાધન કરે પણ અમારી કૃપા ન થાય તો તેનાં સર્વે સાધન નિષ્ફળ જાય છે. માટે અમારી પ્રસન્નતાને અર્થે જે પ્રયત્ન કરશે તે અમારી કૃપાથી જ અમને પામશે.''

સંતો મહારાજની આવી કૃપાથી કૃતકૃત્ય થઈ ગયા !

વલાસણથી નીકળી ભગવાન શ્રીહરિ પુનઃ વડતાલ પધાર્યા. પછી ત્યાં થોડા દિવસ રોકાઈને પોતાના આશ્રિતજનોને દર્શનનું સુખ આપતાં આપતાં ગઢડા પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૯)

'શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર' ગ્રંથમાં માધવદાસજી સ્વામીએ 'ભગવાન કૃપાસાધ્ય કે ક્રિયાસાધ્ય ?' એ સંવાદનું વર્ણન બહુ સુંદર રીતે કર્યું છે :

**પૂર્વછાયો :**

મેડે[૧] બેઠા સુખસિંધુ, દિવસ ઊગતે દયાળ; જીવનજીને જોઈ રહ્યા, ચોકમાં મુનિ મરાળ...૦૧
સન્મુખ બેઠા સુખ દેવા, ગાદી ઉપર ગોવિંદ; નેણે નીરખિયે હરખ ભરી, ભક્તોના આનંદકંદ...૦૨
શ્વેત પાઘ જોતાં નેણાં ઠરે,શ્વેત પહેર્યો રૂડો ખેશ; શ્વેત પછેડી ઓઢી અવલ, શોભે છે નટવર વેશ...૦૩
સંત સભામાં શ્યામ તેને, વાતુ કરવા હૈયે હામ; વારે વારે તે વાલમજીની, શોભે મૂરતિ તે ઘનશ્યામ...૦૪
દાડી વાલમજીને ગમે એહ, શોભા થઈ ઘણી વળી તેહ; ઉર ધરી સુખ લીજે અતિ, શ્યામ ઘટા બની એહ...૦૫

**ચોપાઈ :**

મેડેથી ઊતરી મહારાજ, આવી બેઠા સંત સામા આજ; પછી એમ બોલ્યા ભગવંત, પ્રશ્ન ઉત્તર કરો તમે સંત...૦૬
કૃપાસાધ્ય ક્રિયાસાધ્ય જેહ, પ્રશ્ન ઉત્તર કરો તમે એહ; સામસામી તે બે પક્ષ કરી, કરો સંવાદ કહે એમ હરિ...૦૭
અર્ધા સાધુ એક કોરે થાવો, અર્ધા સાધુ ઊઠી આંહીં આવો; કૃપાપક્ષ લૈયે એક સઈ, ક્રિયાવાન જોડે લડો રઈ...૦૮
રેશું સાક્ષી તે બેયના[૨] અમે, સુણિયે વાદ બોલો હવે તમે; પ્રશ્ન ઉત્તર આદર કરો, સર્વે શૂરવીર થઈ ફરો...૦૯
સામસામા શૂરા થઈ સાથ, મંડો વારે વારે કહે નાથ; કહે કોઈને તે ન હારવું, વચમાં પડી કેને ન વારવું...૧૦
પછી કૃપાવાળા બોલ્યા ન્યાય, કૃપાસાધ્ય તે હરિ કેવાય; ઈંયાં ક્રિયાનું તે નહિ કાંઈ, એમ બોલ્યા હૈયે હુલસાઈ...૧૧
ક્રિયાવાળા કહે ક્રિયા હોય, ત્યારે હરિ રાજી થાય સોય; માટે ક્રિયાવાન જે કેવાય, અમારો તો સહુનો એ ન્યાય...૧૨
કૃપાવાન સાધુ બોલ્યા ત્યારે, સહુ સાંભળે છે તેહ વારે; તમે કો છો હરિ ક્રિયાસાધ, હરિએ કેમ તાર્યો વનવ્યાધ[૩] ?..૧૩
એનું હરિએ તે કલ્યાણ કીધું, પૂતનાનું કલ્યાણ કરી લીધું; કંસનું પણ કીધું કલ્યાણ, સહુ જાણે છે વાત પ્રમાણ...૧૪
વળી હસનો સજનો[૪] એહ, કર્યું એનું તે કલ્યાણ તેહ; ક્રિયાવાળાનું ન ચાલ્યું કાંઈ, રહ્યા વિચારી એ મનમાંઈ...૧૫
કૃપાવાળે બહુ દબાવિયા, એહ સંવાદમાં એ ન ફાવિયા; પછી બારીએથી બોલ્યા નાથ, તમે બેસી રહ્યા કેમ સાથ...૧૬
કૃપાવાળે ક્રિયા ખોટી કઈ, બહુ સાક્ષુ[૫] લાવ્યા એમાં સઈ; અમારું તો ચાલ્યું નહિ હરિ, માટે શું બોલીએ અમે ફરી...૧૭
પછી વાલે મારે સાય કરી, બોલ્યા અતિ ઉતાવળા હરિ; કહે ક્રિયાપક્ષ તો છે સાચો, તમે એક કૃપાએ કાં રાચો ?..૧૮
ક્રિયા ખોટી તે કેમ કેવાય, ક્રિયા કરી તીર્થ વ્રત થાય; ક્રિયા કરી જોગ દાન જેહ, ક્રિયા કરી નેમ પળે તેહ...૧૯
ક્રિયા કરી ભક્તિ વ્રત થાય, ક્રિયા વતે પ્રભુને પુજાય; ક્રિયા વતે માળા ફેરવે છે, ક્રિયા વતે ભજન કરે છે...૨૦
તમે પૂરવે વ્યાધ જે કયો, તે પણ ક્રિયા કરી તરી ગયો; તમે કયું જે પૂતના તણું, તરી કૃષ્ણને ધવારી ઘણું...૨૧
વળી તમે કયું કંસ તર્યો, એણે કૃષ્ણનો ચિંતવન કર્યો; હસનો સજનો કહ્યા એહ, કાંઈક ક્રિયા કરી હશે તેહ...૨૨
વળી કૃપાવાળા બોલ્યા તૈયે, મહારાજ વાત સાંભળી લૈયે; હતો વનનો વ્યાધ તે એહ, બહુ પશુ મારતો'તો તેહ...૨૩
હસનો સજનો હતા વળી, બહુ પાપ કરતા એ મળી; પૂતના આવી'તી ઝેર લઈ, આવી હરિને મારવા વઈ...૨૪
કંસ મારું મારું એમ કરતો, હરિને મારવા સારુ એ ફરતો; માટે એનું થયું તે કલ્યાણ, માટે કૃપા એ જ છે પ્રમાણ...૨૫
એવી વાતો હું કેટલી કહું, વ્યાધ હસનો સજનો સહુ; તેણે પાપ કર્યાં હતાં ભારી, જ્ઞાન થયું તે મૂક્યા વિચારી...૨૬
મોટા પુરુષ મળ્યા તેને જ્યારે, કરવા પાપ મૂકી દીધાં ત્યારે; પાળ્યાં પ્રભુનાં વચન તેહ, માટે ક્રિયા તે કેવાય એહ...૨૭

વળી પૂતના ને કંસ હતાં, હરિને મારવા ઉદ્યમ કરતાં; માટે એ પણ ક્રિયા કેવાય, એમ જોતાં ક્રિયા સહુ થાય...૨૮
તમે ક્રિયાને ન ગણી કાંઈ, એવું શું સમજ્યા મનમાંઈ ? તમારે તો કૃપા થઈ ખરી, હવે કરવું નહિ કાંઈ ફરી...૨૯
ક્રિયાવાન[૬] રહે મારી પાસ, સેવા કરશે થઈને દાસ; ક્રિયાવાળા અમને નવરાવે, ક્રિયાવાળા તે વસ્ત્ર પેરાવે...૩૦
ક્રિયાવાળા અમને જમાડે, ક્રિયાવાળા પાસ રે રાત દાડે; ક્રિયાવાળા તો પૂજા અમારી, કરશે લાવી સામગ્રી સારી...૩૧
ક્રિયાવાળા હશે હરિજન, અમે મળશું વારંવાર તન; મારા થાળની પ્રસાદી જેહ, જમશે ક્રિયાવાળા હશે એહ...૩૨
એમ બોલ્યા તે મહારાજ જૈયે, કૃપાવાળા સાધુ બોલ્યા તૈયે; ક્રિયાસાધને તો સેવા કઈ, અમને તો તમે ગણ્યા નઈ...૩૩
મહારાજ શ્રીજી બોલ્યા જ્યારે, ક્રિયાવાળાને દબાવ્યા ત્યારે; તમે અતિશે બળમાં બોલ્યા, કાંઈ બોલી શક્યા નહિ ઓલ્યા...૩૪
કૃપાવાનને પાછા હઠાવ્યા, ક્રિયાવાનને ઊંચા ચઢાવ્યા; વળી સંવાદ બેય ચલાવે, તેને વારમવાર લડાવે...૩૫
વળી આંબલે તે શોભા થાય, પ્રશ્ન ઉત્તર એ જ કેવાય; વળી બાવાની જગ્યામાં[૭] આવે, બેય સંવાદ હરિ ચલાવે...૩૬
વળી સાધુની ઓરડી ત્યાંઈ, વળી બોરડી ને ચોકમાંઈ; એમ કરતાં ઘણા દન જાય, ત્યાં તો ઉમરેઠ જાવાનું થાય...૩૭

(શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર : અધ્યાય-૫૦)

**આ રીતે સંતો સાથે સંવાદ ચાલુ હતો. ત્યાં વચ્ચે ઉમરેઠ વગેરે ગામોમાં ભગવાન શ્રીહરિને જવાનું થયું. તેથી સંતોને સાથે લઈને ભગવાન શ્રીહરિ ઉમરેઠ જવા નીકળ્યા. રસ્તામાં કણજરી ગામમાં ગયા. પછી ત્યાંથી ઉમરેઠ જતાં રસ્તામાં વરસાદ થયો. રસ્તામાં પણ 'ભગવાન કૃપાસાધ્ય કે ક્રિયાસાધ્ય ?' એ સંવાદ ભગવાન શ્રીહરિએ સંતો સાથે ચાલુ રાખ્યો હતો.**

એટલું લટકું કરી હરિ ચાલ્યા, આવે ઉમરેઠ પર મા'લ્યા; વાટે જાતાં થયો વરસાદ, ક્રિયા કૃપાની થાય છે વાત...૮૭
ક્રિયાપક્ષવાળા એમ કહે, કૃપાવાળા તે સાંભળી રહે; તમે ચાલો છો તે કેમ મળી, એ તો ક્રિયા થઈ સર્વે વળી...૮૮
કહે કૃપા કરી આપ્યા પગ, તેણે કરીને કાપિયે મગ; કૃપાવાન તે વાલાને કે છે, તમારે હરિ કૃપામય રે છે...૮૯
પછી આવ્યું તે ભાલેજ ગામ, આંબા હેઠે ઊભા ઘનશ્યામ; કહે આવો આંબે ઊભા રૈયે, પ્રશ્ન બેય તે છોડાવી દૈયે...૯૦
નરદેહ જાણો ઝાઝ[૮] એહ, ગુરુકૃપા કર્ણધાર[૯] તેહ; એ શ્લોકની તે વાત કરી, એક સાખી પણ બોલ્યા હરિ...૯૧
દીનાનાથની કૃપા જબ થાવે, સુખ સંપત્ત સહુ બની આવે; માટે કૃપાપક્ષ છે એહ, મોટી વાત તો કૃપા જ તેહ...૯૨
કૃપા તો ભગવાનની થઈ, પછી રહેવું તે આજ્ઞામાંઈ; વચન પ્રમાણે વર્તવું જેહ, એ જ ક્રિયા જાણો સહુ તેહ...૯૩
હવે છૂટ્યું પ્રશ્ન તમારું, માટે વિવાદ કરવા વારૂં; એમ વારુ કર્યું મારે વાલે, કરતાં રમૂજ માર્ગે ચાલે...૯૪

(શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર : અધ્યાય-૫૦)

**પૂર્વછાયો :**

ક્રિયા કૃપા લડાઈ તણું, પ્રશ્ન છોડ્યું ગુરુરાય[૧૦]; વાદ ના કરશો તમે, મારી આજ્ઞા માનજો ભાય...૦૧
પછી ત્યાંથી ચાલ્યા સુખકારી, થાય ઝીણી બુંદે વરસાત; તેમાં ચાલ્યા શ્રીહરિ, પોતે પુરુષોત્તમ સાક્ષાત...૦૨


(શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર : અધ્યાય-૫૧)

૧.નારાયણગિરિ બાવાની મેડીએ. ૨.આ ચર્ચામાં કૃપાસાધ્ય પક્ષના મુખ્ય ભાઈ રામદાસજી સ્વામી અને ક્રિયાસાધ્ય પક્ષના મુખ્ય મુક્તાનંદ સ્વામી હતા. તે બંને પક્ષના મધ્યસ્થી તરીકે શ્રીહરિ પોતે રહ્યા હતા. ૩.ગુહરાજા. ૪.કસાઈ જ્ઞાતિના આ બન્નેને સંત મળતા તેઓ પરમ ભક્ત બન્યા હતા. ૫.પ્રમાણ; પુરાવા. ૬.ક્રિયાસાધ્ય પક્ષમાં માનનાર હોય તે. ૭.નારાયણગિરિ બાવાના મઠમાં. ૮.જહાજ; વહાણ. ૯.વહાણને ચલાવનાર-નાવિક. ૧૦.શ્રીહરિએ સમાધાન આપી ચર્ચા છોડાવી - બંધ કરાવી.

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ દિવાળી-અન્નકૂટ-પ્રબોધિની-પૂર્ણિમાના ઉત્સવ કર્યા
## સં. ૧૮૭૧ (ઈ.સ. ૧૮૧૪)

સં. ૧૮૭૧માં ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં કપિલા છઠનો ઉત્સવ કર્યો. આ ઉત્સવમાં દેશદેશાંતરથી હજારો હરિભક્તો આવ્યા હતા. ત્યારે ભગવાન શ્રીહરિએ સભામાં વાત કરી કે, ''દિવાળી તથા અન્નકૂટના ઉત્સવો અમે વડતાલ કરીશું. માટે સૌ હરિભક્તોએ વડતાલ આવવું.''



ભગવાન શ્રીહરિના વચન સાંભળી હરિભક્તો સમજી ગયા કે મહારાજે હવે ઘેર જવા રજા આપી દીધી છે. સૌ તૈયારી કરી ગઢપુરથી નીકળવા લાગ્યા.

કપિલા છઠના ઉત્સવ ઉપર ઠાકોર ઝીણાભાઈ પણ પંચાળાથી ગઢપુર આવ્યા હતા. તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! પંચાળા પધારો.''

મહારાજે કહ્યું : ''ભલે.''

એટલે ઝીણાભાઈએ કહ્યું : ''મહારાજ ! મોટીબા, લાડુબા વગેરે બાઈઓને પણ સાથે લાવવાનાં છે, તેથી તેમને પણ હું કહી આવું કે સૌ તૈયાર થાઓ.''

તે સાંભળી મહારાજે કહ્યું : ''ત્યાં બાઈઓનું કાંઈ કામ નથી. અમે સંતો તથા કાઠી હરિભક્તો સાથે આવીશું.''

તે દિવસે ભગવાન શ્રીહરિ ગઢપુરથી નીકળ્યા અને સાયંકાળે વાંકિયા પહોંચ્યા. મોકાખાચરને ત્યાં રાત રોકાયા. મહારાજે પૂછ્યું: ''ઝીણાભાઈ આપણી સાથે કેમ નથી ? આગળ ગયા કે શું ?''

ત્યારે સુરાખાચરે કહ્યું : ''ઝીણાભાઈ ગઢડા રોકાયા છે અને બાઈઓને સાથે લઈને આવે છે.''

ભગવાન શ્રીહરિને આ ગમ્યું નહિ.

એટલામાં ઝીણાભાઈ આવ્યા. બાઈઓને અતિ આગ્રહ કરી વેલમાં બેસારી સાથે લાવ્યા હતા. મહારાજે તેમને કહ્યું : ''અમે ના નો'તી કહી ?'' પરંતુ ઝીણાભાઈ કાંઈ બોલ્યા નહીં. મહારાજે તરત જ કહ્યું : ''કાલે સવારે આપણે સૌ ગઢપુર પાછા જઈએ.''

આ સાંભળી ઝીણાભાઈ ભગવાન શ્રીહરિ પાસે આવ્યા. ચરણ પકડી માફી માગી, પરંતુ મહારાજે કહ્યું : ''અમારી રુચિ જોઈને જ ભક્તિ કરવી. અમે ના કહી હતી છતાં તમે માન્યું નહીં. તેથી હવે અમે નહીં આવીએ.''

વાંકિયાથી જમીને ભગવાન શ્રીહરિ કાઠી દરબારો સાથે ગઢપુર પાછા પધાર્યા. મહારાજની રુચિ પ્રમાણે ન વર્તવાથી ઝીણાભાઈને પારાવાર દુઃખ થયું.

ભગવાન શ્રીહરિએ વડતાલ જવાની તૈયારી કરી. સાથે કાઠી સમાજ લીધો. બીજા ભક્તો પણ તૈયાર થયા. જેમને મહારાજે આજ્ઞા કરી તે સંતો, હરિભક્તો સૌ તૈયાર થયા. સૌનાં અંતરમાં આનંદ સમાતો ન હતો. અક્ષરધામાધિપતિ પુરુષોત્તમનારાયણ જે આજ સુધી મન, વાણીને અગોચર રહ્યા, ઈન્દ્રિયાતીત રહ્યા, વેદો પણ તેમના સ્વરૂપને પામી શક્યા નહીં; તે આજે મનુષ્ય સદૃશ બની સોંઘા બન્યા. હરિભક્તોને ઘેર ઘેર પધારે, ગરીબોને ઝૂંપડે પધારે, ખેતરે પધારે, પરિવ્રાજક સંતોના મંડળોમાં ફરે, રાસ રમે, રંગે રમે, ઉત્સવો કરે અને કાઠી ભક્તો સાથે ઘોડા પણ ખેલાવે. આવા સોંઘા ભગવાન કદી ભાળ્યા ન હતા. ભક્તો સાથે આવા રસબસ થઈ ભક્તોના જીવનમાં દિવ્ય જીવનનું આવું રસદર્શન હજુ કોઈએ પણ કરાવ્યું ન હતું. વિદ્વાનો અને પંડિતો, અબુધ અને અભણ

જેમને જેમને તેમના સ્વરૂપની નિષ્ઠા જીવનમાં થઈ ગઈ હતી તે બધા જ આજે અપાર દિવ્ય સુખનો અનુભવ કરી રહ્યા હતા. એ રસસ્રોતમાં સદા સ્નાન કરવાની ભાવનાથી જ ભગવાન શ્રીહરિથી કોઈને છૂટા પડવાની ઈચ્છા થતી ન હતી.

### ● વડતાલમાં ભગવાન શ્રીહરિના દર્શને હરિભક્તોનો ભીડો થયો :

ભગવાન શ્રીહરિ ગઢપુરથી નીકળ્યા. કારિયાણી, સીંજીવાડા થઈ શ્રીહરિ વડતાલ પધાર્યા. શ્રીહરિએ ગઢપુરથી વડતાલ આવવાનું સૌને આમંત્રણ આપ્યું હતું. તેથી ગામોગામથી હજારો હરિભક્તો, સંતો આવી રહ્યા હતા. તેમને સૌને આવેલા જોઈ મહારાજે કહ્યું: ''અહો, તમે સૌ આવી ગયા ? હજુ હમણાં જ ભેગા થયા હતા તોપણ તૃપ્તિ ન થઈ ?''

આ સાંભળી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા : ''મહારાજ ! અમે તૃપ્ત થઈ ગયા હતા, છતાં તમે જ અમારા માથા ઉપર દૂધના દેગડા રેડી અમને એ રસલહાણના અનુભવમાં સદા અતૃપ્ત રહેવાનું શીખવાડ્યું છે. આ રસમૂર્તિના રસદર્શનમાં સદા અતૃપ્ત જ રહેવાય છે.''

ભગવાન શ્રીહરિ સમજી ગયા. બ્રહ્માનંદ સ્વામીની વાતમાં પણ કાવ્યની મધુરતા હતી. મહારાજ મૌન બની ગયા. ભક્તની વાચા ખૂલે ત્યારે ભગવાનને મૌન જ બનવું પડે !

ભગવાન શ્રીહરિએ કહ્યું : ''અહીં ખૂબ જ ભીડો થયો છે. માટે સૌ ગામ બહાર ચાલો. ત્યાં આંબાની ઘટા નીચે સભા કરીએ.''

ભગવાન શ્રીહરિની ઈચ્છા પ્રમાણે તરત જ હરિભક્તોએ સભાની વ્યવસ્થા કરી દીધી. સંતોનો સમૂહ અહીં ઊમટ્યો હતો. કોઈને મહારાજનું પાદોદક લેવું હતું, કોઈને મહારાજના ચરણારવિંદ છાતીમાં લેવા હતા, તો કોઈને મહારાજની પત્ર-પુષ્પથી પૂજા કરવી હતી. અચાનક મહારાજના દર્શન થયા. બોરીનો ચોફાળ ઓઢ્યો હતો. માથે સોનેરી પાઘ ઉપર રેંટો બાંધ્યો હતો. મહારાજ આંબાવાડિયામાં પધાર્યા અને આંબે આંબે જાણે મોર મોર્યા હોય તેવી સુગંધી, તેવી શોભા ત્યાં પ્રસરી રહી. વૃક્ષોમાં પણ આ દિવ્યતાના સંબંધને સાકાર કરવાની શક્તિ છે. મહારાજ માટે આંબા નીચે હિંડોળો હતો. આંબો ધન્ય બની ગયો !

હિંડોળાની આજુબાજુ દીપમાળા પૂરી દીપોત્સવ કર્યો. મહારાજ હિંડોળા ઉપર ઝૂલ્યા. સૌ ભક્તોએ ઝુલાવ્યા. સંતો કીર્તન ગાવા લાગ્યા. મહારાજ તાળી વગાડી કીર્તનો ઝીલવા લાગ્યા. એ મધુર ઘોષમાં હરિભક્તો સાદ પુરાવા લાગ્યા.

### ● વડતાલમાં અન્નકૂટોત્સવ :

બીજે દિવસે અન્નકૂટનો ઉત્સવ હતો. સંતોના આવાસ પાસે ચોકમાં રંગોળી પૂરી. ઉત્સવમાં બહારગામથી આવેલા હરિભક્તો પોતાને ત્યાંથી શુદ્ધ વાનગીઓ મહારાજને ધરાવવા લાવ્યા હતા, તે બધી સામગ્રીઓ પણ ત્યાં આવી ગઈ. વડતાલના હરિભક્તોએ બનાવેલી અન્નકૂટની સામગ્રીઓ પણ ત્યાં આવી ગઈ. મહારાજને વસ્ત્રો, આભૂષણો ધરાવ્યાં. બીજા ભક્તોએ પણ મહારાજનું પૂજન કર્યું. મહારાજે ઠાકોરજીની આરતી ઉતારી. જયઘોષ થયો !

એ વખતે મુકુન્દ બ્રહ્મચારી ભગવાન શ્રીહરિની સન્મુખ આવી ઊભા રહ્યા. મહારાજની દૃષ્ટિ તેમના ઉપર પડી અને મહારાજ હસ્યા અને પછી પૂછ્યું : ''કેમ આવ્યા ?''

બ્રહ્મચારીએ કહ્યું : ''અન્નકૂટ ધરાવવા.''

''આ થાળની વિધિ થઈ, આરતી થઈ તે જોયું નહિ ? ઊંઘતા હતા ?'' મહારાજે કહ્યું.

''ઊંઘતો ન હતો. જાગું જ છું. એટલે તો કહું છું કે અન્નકૂટની વિધિ કરવા આવ્યો છું.'' બ્રહ્મચારી સ્વસ્થતાથી બોલ્યા.

ભગવાન શ્રીહરિ બ્રહ્મચારીની સામું મંદમંદ હસતાં જોઈ રહ્યા. સૌને ભાન થયું કે અન્નકૂટની સાચી વિધિ તો મહારાજ જમશે ત્યારે જ થઈ ગણાશે.

ભગવાન શ્રીહરિ મુકુન્દ બ્રહ્મચારીની સાથે ગયા. બ્રહ્મચારીએ બધી તૈયારીઓ કરી રાખી હતી. શ્રીહરિને બધી જ વાનગીઓ પીરસી. મહારાજ રુચિ પ્રમાણે જમ્યા.

પછી ભગવાન શ્રીહરિ સંતો પાસે આવ્યા. સંતોએ દર્શન કર્યાં. તેમની દૃષ્ટિ આ રસલહાણમાં હતી. તેઓ જમતા હતા કે ચિત્રવત્ મહારાજની મૂર્તિમાં સ્થિર થઈ ગયા હતા તે કાંઈ સમજાતું ન હતું.

અન્નકૂટનો ઉત્સવ પૂર્ણ કરી ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે બામરોલી પધાર્યા.

### ● બામરોલીમાં ભગવાન શ્રીહરિ હિંડોળે ઝૂલ્યા :

અહીં તખા પગીએ રાયણના સુંદર વૃક્ષ નીચે હિંડોળો બાંધી રાખ્યો હતો. તેમને ભાવ હતો ભગવાન શ્રીહરિને ઝુલાવવાનો. તેના એ ભાવને પોષવા મહારાજ પધાર્યા હતા. માણકી પણ તખા પગીના ભાવને સમજી ગઈ હોય તેમ હાવળ દેવા લાગી. શ્રીહરિ

માણકી ઉપરથી છલાંગ મારી ઊતરી ગયા. નાજા જોગિયાએ તરત જ માણકીની લગામ પકડી લીધી. શ્રીહરિ કૂદીને હિંડોળા ઉપર બિરાજમાન થઈ ગયા. સંતોએ, હરિભક્તોએ મહારાજને ઝુલાવ્યા અને જાણે હિંડોળો આકાશે ચડ્યો ! દેવોને પણ મહારાજને ઝુલાવવાનો લાભ લેવો હતો. આ લાભ તેમને સહેજે મળી ગયો. હરિભક્તો સૌ જોઈ રહ્યા. હિંડોળો આકાશે ચડ્યો તે આકાશમાં જ અદ્ધર રહ્યો ! હિંડોળો દેવોએ પકડી રાખ્યો કે વિરાટનું પૂજન સ્વીકારી, તેમને તેમની સ્તુતિના ફળરૂપે પોતાના સ્વરૂપનું પ્રત્યક્ષ દર્શન કરાવવા કે વિરાટના હિંડોળે ઝૂલવા ? ભગવાન શ્રીહરિ ક્યાં અદૃશ્ય થઈ ગયા તે કોઈને સમજાયું નહીં. સૌ આકાશમાં મીટ માંડીને જોઈ રહ્યા. એટલામાં પુષ્પો ખર્યા, ચંદનની વૃષ્ટિ થઈ અને દુંદુભિના નાદ સંભળાવા લાગ્યા. ગાંધર્વોનું મધુર સંગીત અને અપ્સરાઓનાં નૃત્યના ઝંકાર સંભળાયા. રાયણની નીચે બેઠેલા સંતોને લાગ્યું કે મહારાજ દૈવી સંગીત સાંભળે છે, પરંતુ તેમને જો અહીં બોલાવવા હોય તો હવે દિવ્ય સંગીત સંભળાવવું જોઈએ. સંતોએ ધૂન મચાવી અને પ્રેમાનંદ સ્વામીએ કીર્તન શરૂ કર્યું :

**ક્યારે હવે મળશે રે પ્યારા, ઘનશ્યામ સનેહી પ્યારા,**
**ક્યારે હવે દેખું રે હરિ હસતા, મારા મંદિરિયામાં વસતા.**

સંતોએ કીર્તન ઉપાડ્યું. સારંગી, સરોદ અને તબલાના તાલનો સુમેળ જામ્યો, રમઝટ મચી. પ્રેમાનંદ સ્વામીના કંઠમાંથી જાણે દિવ્ય સૂરોની સુરાવલિએ વાતાવરણમાં દિવ્યતા-મધુરતા પ્રસરાવી દીધી.

અચનાક આકાશમાંથી ફરી પુષ્પો ખર્યા. ચંદનની વર્ષા થઈ અને અંતરિક્ષમાંથી હિંડોળો પ્રેમાનંદ સ્વામીના સૂરોના નાદ સાથે સરકતો નીચે આવતો દેખાયો. 'મહારાજ પધાર્યા, એ આવ્યા' હરિભક્તોના મુખમાંથી શબ્દો સરી પડ્યા અને વીજળી ઝબકારો થાય તેમ મહારાજ હિંડોળામાં ઝૂલતાં નીચે આવ્યા. તરત જ સંતોએ હિંડોળો પકડી લીધો. મહારાજ હસવા લાગ્યા. સંતોએ પૂછ્યું: ''મહારાજ ! ક્યાં અદૃશ્ય થઈ ગયા હતા ? દેવોને દર્શન દેવા કે વિરાટની સ્તુતિ સાંભળવા ?''

ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ''દરેકને અમારા દર્શનની ખેંચ હોય. વૈરાટ બ્રહ્માએ તેનાં પચાસ વર્ષ અને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી અમારી સ્તુતિ કરી અને લાભ બધો તમને મળ્યો. એટલે અમારો હિંડોળો ઉપર ચઢ્યો અને વૈરાટ બ્રહ્માએ તે ખેંચી લીધો. પછી તમારી સ્તુતિ સાંભળી ત્યારે અમે તેમને કહ્યું : 'હવે સંતો અધીરા બન્યા છે. માટે જવા દ્યો.' ત્યારે તેમણે કહ્યું : 'મહારાજ! મેં તો મારાં આટલાં વર્ષો સુધી સ્તુતિ કરી ત્યારે આપના લબકઝબક દર્શન થયા અને પૃથ્વી ઉપર સંતોની ફક્ત આટલી જ સ્તુતિમાં આપ પાછા ત્યાં પધારો છો ?' અમે કહ્યું : 'ભારતની એ દિવ્ય ભૂમિનો આટલો મહિમા છે. ત્યાંના વાસીઓનાં એવા સદ્‌ભાગ્ય છે. તમારા પચાસ વર્ષ અને એમની પાંચ પળ બરોબર છે.' પછી અમને રજા આપી.''

ભગવાન શ્રીહરિ હિંડોળા ઉપરથી નીચે ઊતર્યા. પાટ ઉપર બિરાજમાન થયા. તખા પગીએ ભગવાન શ્રીહરિની કેસર, ચંદન અને મોગરાના પુષ્પહારોથી પૂજા કરી. તેના પુત્ર બાવાજી તથા અન્ય સંબંધીઓએ પણ પૂજા કરી. મહારાજને વસ્ત્રાભૂષણો ધરાવ્યાં. સંતોને એક એક વસ્ત્ર ધરાવ્યું. એટલામાં વજેરામ વિપ્ર આવ્યા અને કહ્યું : ''થાળ તૈયાર છે.'' મહારાજ જમવા પધાર્યા. મહારાજ જમ્યા. જમીને સૌ સંતો-હરિભક્તોને પોતે સારી રીતે જમાડ્યા. સૌ તૃપ્ત થઈ ગયા !

જમ્યા પછી ભગવાન શ્રીહરિ રાયણ નીચે પધાર્યા. થોડીવાર આરામ કર્યો. એટલામાં નાજા જોગિયા માણકી લાવ્યા. મહારાજ તે ઉપર બિરાજ્યા. માણકી ઊછળી. મહારાજે ચોકઠું ખેચ્યું અને તેની ચંચળતા ધીમી બની. મહારાજે માણકીના પેટમાં પેગડું ભરાવ્યું અને તે ઊપડી, જાણે આકાશમાંથી તારો ખર્યો હોય તેવી ગતિથી માણકી અદૃશ્ય થઈ ગઈ. સંતો અને હરિભક્તો તે દિશામાં મીટ માંડીને જોવા લાગ્યા. થોડીવારમાં માણકી ધીમી ગતિએ હાંફતી હાંફતી આવતી દેખાય. ભગવાન શ્રીહરિ માણકી ઉપરથી નીચે ઊતરી આંબલીના ઝાડ નીચે બિરાજમાન થયા. થોડીવારે મહારાજે કહ્યું : ''ચાલો, હવે વડતાલ.'' એટલે સૌ ભક્તોએ ફરી મહારાજની પૂજા કરી. સ્ત્રીભક્તોએ મહારાજને સોના-રૂપાનાં ફૂલડે વધાવ્યાં. ત્યાંથી નીકળી મહારાજ વડતાલ પધાર્યા.

## • ભગવાન શ્રીહરિએ ગુજરાતના ભક્તોની ભક્તિને બિરદાવી :

વડતાલમાં પ્રબોધિની એકાદશી અને કાર્તિકી પૂર્ણિમાના ઉત્સવો ભગવાન શ્રીહરિએ કર્યા. પછી વડતાલથી ગઢપુર જવા નીકળ્યા. વચ્ચે આવતા ગામોમાં હરિભક્તોને દર્શનનું સુખ આપતા ગઢપુર પધાર્યા. સાંજે મહારાજ અક્ષર ઓરડીની સામેના ચોકમાં સભા કરી બિરાજમાન થયા. ગઢપુરના પ્રેમી ભક્તો અને સંતો સભામાં બેઠા હતા. તે વખતે દાદાખાચરે મહારાજને પૂછ્યું : ''મહારાજ! આપ ગુજરાતમાં આટલો વખત રહ્યા, વડતાલમાં અન્નકૂટ ઉત્સવ કર્યો, ત્યાંના ભક્તો સાથે અનેક પ્રકારની લીલા કરી, તે બધી વાતો અમને કહો.''

ભગવાન શ્રીહરિ દાદાખાચરની વાત સાંભળી પ્રસન્ન થયા. જ્ઞાનની વાતો કરતાં પણ ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની વાત સા-

ભળવાથી ઈન્દ્રિયો, અંતઃકરણ સ્થિર થઈ જાય છે અને મૂર્તિનો અદ્‌ભુત આનંદ અનુભવાય છે. દાદાખાચરની ભક્તિની આ સૂક્ષ્મ સમજણથી મહારાજ તેમના તરફ અનિમિષ દૃષ્ટિથી જોઈ રહ્યા.

પછી શ્રીહરિએ ધીરે રહીને કહ્યું : ''આજે ગુજરાતમાં જેવી ભક્તિ છે તેવી ત્રણે ભુવનમાં ક્યાંઈ ગોતી જડે તેમ નથી. ગુજરાતના હરિભક્તો અમારી અનુવૃત્તિમાં અખંડ વર્તે છે, અમારી પાસે ને પાસે રાત અને દિવસ ઊભા જ હોય. છેટે જવાની ઈચ્છા જ ન થાય. કથા-વાર્તા-ભજન અને કીર્તન-ભક્તિમાં દિવસ અને રાત્રિ ક્યાં વીતી જતાં તેની પણ તેમને ખબર પડતી નહીં. જેમ તેમ જમીને ચલાવી લે. કોઈ વખત અમે પૂછીએ, 'જમ્યા ?' એટલે તરત જ કહી દે, 'હા મહારાજ !' અને ખરેખર તો જમ્યા જ ન હોય! અતિ ભોળા પણ ભક્તિના અંગમાં બલિષ્ઠ, અમારી અનુવૃત્તિ સાચવવામાં શૂરવીર; એવા હરિભક્તોની સાથે રહેવામાં અમને ખૂબ આનંદ આવતો.''

ભગવાન શ્રીહરિની આ વાત સાંભળી દાદાખાચરને થયું કે મહારાજના આવા લાડીલા ભક્તોને આપણે અહીં તેડાવીએ, તેમના દર્શન કરીએ અને તેમની સેવા કરીને કૃતાર્થ થઈ જઈએ. મહારાજને તેઓ આટલા બધા પ્રિય છે તો મહારાજ તેમની સેવાથી વધુ પ્રસન્ન થશે. એટલે તેમણે કહ્યું : ''મહારાજ ! એ હરિભક્તોને આપણે અહીં તેડાવીએ.''

ભગવાન શ્રીહરિ દાદાખાચરનો ભાવ જોઈ રાજી થયા. મહારાજે કહ્યું : ''કંઈ પ્રસંગ હોય તો જ તેઓ આવે. માટે આપણે અહીં ઉત્સવ કરવાનું નક્કી કરીએ તો તેમને બોલાવવાનું બહાનું મળે.''

લાડુબા, જીવુબા અને દાદાખાચર - એ ત્રણેએ મળીને વસંતનો ઉત્સવ અહીં જ ઊજવવાનું નક્કી કરી લીધું. ત્રણેએ મહારાજને વાત કરી. મહારાજે તેમનો ભક્તિભાવ અને સમૈયા યોજીને સંત-હરિભક્તોના દર્શન-સેવા કરવાનો ખપ જોઈ રાજી થયા. મહારાજે હા પાડી એટલે તે સૌ રાજી થઈને તૈયારીમાં ગૂંથાઈ ગયાં.

## ❁ શ્રીહરિચરિત્રામૃતસાગર

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં 'ભગવાન શ્રીહરિએ વડતાલમાં અન્નકૂટોત્સવ ઉજવ્યો' તે પ્રસંગનું અલૌકિક રીતે દિવ્યભાવમાં સુંદર વર્ણન કર્યું છે :

જ્યારે શ્રીહરિ મોરજથી ચાલ્યા તે વડતાલ આવ્યા. પછી શ્રીહરિએ બધા સંતોને બોલાવ્યા. તેથી સંતો તત્કાળ ત્યાં આવ્યા. બધા સંતો શ્રીહરિનાં દર્શન કરીને પગે લાગ્યાં. હૃદયમાં ઉત્સાહ રાખીને સંતો શ્રીહરિના ચરણ તથા બધા અંગોને દબાવવા લાગ્યા. સંતોએ શ્રીહરિના અંગને દબાવીને બધો થાક ઉતારી દીધો. તેથી પ્રસન્ન થયેલા બળવંત શ્રીહરિએ સંતોની છાતીમાં ચરણ ચાંપ્યા. બધા સંતોએ શ્રીહરિના ચરણ ધોયા, પછી તે પ્રસાદીના જળનું પાન કર્યું. સંતોનું અપાર હેત દેખીને શ્રીહરિ પ્રસન્ન થયા. દયાળુ શ્રીહરિએ બોરીના કાપડનો સુંદર ચોફાળ ઓઢ્યો હતો અને પાટ ઉપર બેઠા. પછી અપાર અમૃતભરી દૃષ્ટિથી શ્રીહરિએ તે સમયે સંતો સામે જોયું.

ભયહારી શ્રીહરિ પછી બોલ્યા, અહીંયાં તો ઘણી સંકડાશ છે. ગામની બહાર જઈએ તો બધા હરિભક્તોને દર્શનનું સુખ આવે. તળાવથી પૂર્વ દિશાએ જ્યારે ગયા ત્યારે ત્યાં એક સારો આંબો દેખ્યો. તેની ઘણી વિશાળ છાંયા હતી. કૃપાળુ શ્રીહરિ તે આંબાની નીચે પાટ ઉપર જઈને બેઠા. આંબાની ડાળે પલંગનો સુંદર હિંડોળો બાંધી દીધો અને તેના ઉપર રેશમના ગાદી તકિયા મૂક્યા. તેની રમણીય શોભા થઈ હતી. શ્રીહરિ તે હિંડોળા ઉપર જઈને બેઠા.

ત્યાં સંતો તથા હરિભક્તોની સભા ભરાઈ. પહેલા જે શ્રીહરિ પાટ ઉપર બેઠા હતા, તે પછીથી હિંડોળા ઉપર બેઠા. સંતો તથા હરિભક્તોની સભા થઈ. સહુ શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. જેટલાં હરિભક્તો ઘણાં પ્રેમથી દર્શન કરવાં માટે આવ્યાં હતાં તે બધાં આવીને શ્રીહરિને ફૂલના હાર પહેરાવતાં અને પત્ર ફળાદિ આગળ મૂકતા. પછી શ્રીહરિને પગે લાગતા હતા. મુખારવિંદ જોઈને તેમનાં હૃદયમાં આનંદ થતો હતો. જેટલા ભક્તો આવતા તે બધા વારેવારે સ્તુતિ કરીને એવું બોલતા કે, મહારાજ ! આપ ભલે પધાર્યા. આપે અમને દયા કરીને દર્શન આપ્યાં છે !

દિવસનો મધ્યાહ્ન થયો ત્યારે જમવાનો સમય થયો. એટલામાં ગામમાંથી હરિભક્તો આવ્યા. તેમને શ્રીહરિએ કહ્યું, હવે રસોઈને કેટલીવાર છે ? ત્યારે ભક્તજનોએ કહ્યું, રસોઈ તૈયાર જ છે. અમે બોલાવવા જ આવ્યા છીએ, તો આપ ધર્મકુમાર જમવા ચાલો. પછી શ્રીહરિ સંતોને સાથે લઈને જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા અને ઉમંગથી થાળ જમ્યા. પછી સંતોની પંગત કરાવી. જેટલાં ભોજન કર્યા હતાં તે બધાંને શ્રીહરિ જમ્યાં અને અતિ ઉમંગભર્યા પોતે પીરસવા લાગ્યા. પ્રસન્ન મન થઈને પંગતમાં વારંવાર ફર્યા. સંતો જે વખતે જમતા હતા તે વખતે શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા. સંતો જમી રહ્યા પછી તરત આંબલે આવ્યા અને ત્યાં

સુંદર સભા કરાવી. શ્રીહરિ આવીને જ્યારે હિંડોળા ઉપર બેઠા ત્યારે ભક્તજનો 'જય જય' 'જય જય' એવું બોલતા હતા. જ્યારે પ્રશ્નોત્તર થયા ત્યારે પ્રભુ પાટ ઉપર આવીને બેઠા.

## ● ભગવાન શ્રીહરિ સમક્ષ દીપમાળા પૂરી દિવાળીનો ઉત્સવ ઉજવ્યો :

શ્રીહરિ, સંતો અને હરિભક્તો ઉપર પ્રસન્ન થઈને તેમને અતિશય સુખ આપતાં હતાં. આ વેળાએ સંતોએ જેવું સુખ લીધું તેવું સુખ કોઈ વખતે બીજાને મળ્યું ન હતું. અને હરિભક્તોએ જે સુખ લીધું હતું એવું સુખ તેમણે બીજે કોઈ વખત સાંભળ્યું ન હતું. આ દિવાળીનો દિવસ હતો. જ્યારે સંધ્યા સમય થયો, ત્યારે કોઈએ ક્યારેય દેખી ન હોય તેવી વિચિત્ર પ્રકારે દીપમાળા બનાવી હતી. જ્યાં સુધી સભા ચાલુ હતી ત્યાં સુધીમાં દીપમાળાના અલગ અલગ ખંડ કર્યા હતા. બધા જ ખંડ કમાનવાળા બનાવ્યા હતા અને તેમાં દીવાઓના સાત માળ કર્યા હતા. બબ્બે ગોખની વચ્ચે એક એક દ્વાર કર્યા હતા. ચારેબાજુથી તે દ્વાર જોનારાને ઘણા પ્યારા લાગતા હતા. બબ્બે દીવા મૂકીને સુંદર ઝાડ બનાવ્યા હતા. દીપમાળાની ચારેબાજુ તેને જ્યારે પ્રગટાવ્યા ત્યારે તે ઘણા શોભતા હતા. દીપ માળાની વચ્ચે પાટ રાખી હતી. શ્રીહરિ આવીને તે પાટ ઉપર બેઠા. તે સમયે શ્રીહરિએ જે સોનાનાં ઘરેણાં અને સોનેરી વસ્ત્ર પહેર્યાં હતાં તે ઘણાં ઝગમગાટ કરી રહ્યાં હતાં.

શ્રીહરિની ચારેબાજુ સંતો અને હરિભક્તોની સભા થઈ હતી. તે ઘણી અદ્‌ભુત રીતે શોભી રહી હતી. તે વખતે ગાનકળાના નિષ્ણાત બુદ્ધિમાન સંતો ઝાંઝ, મૃદંગ લઈને દિવાળીના ઉત્સવના પદો ગાતા હતા. મુક્તાનંદ સ્વામીના પદો ઘણા સુંદર હતા. મુનિ જ્યારે એ પદને મુખથી ગાતા હતા ત્યારે શ્રીહરિ વચ્ચે વચ્ચે તાન તોડતા હતા. તે વખતે બીજા જે અપાર વાજિંત્રો વાગી રહ્યાં હતાં, તેના શબ્દ ત્રિલોકીમાં પહોંચ્યા, તેથી સંપૂર્ણ આકાશ ગાજી રહ્યું હતું. તે વાજિંત્રોના ધ્વનિને સાંભળીને મોટા મોટા દેવો જે કહેવાય છે તે બધાં શ્રીહરિનાં દર્શન કરવાં માટે તે સ્થળે આવ્યાં અને તેમના હૃદયમાં ઘણો જ આનંદ હતો. ૨૯. દેવતાઓ કેસરયુક્ત ચંદન અને પુષ્પોની વૃષ્ટિ પ્રસન્ન મનથી કરતા હતા અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડીને 'જય જય' 'જય જય' એમ શબ્દો બોલતાં હતાં. તેઓ હાથ જોડીને સ્તુતિ કરતા અને કહેતા કે, આપ આ રીતે જે દર્શન આપો છો તે આ વખતે આપે ઘણી મોટી કૃપા કરી છે. આપે અનંત નરનારીઓનો ઉદ્ધાર કર્યો છે.

આપ અત્યારે જે ચરિત્રોને કરો છો તેવાં ચરિત્ર અમે ક્યારેય સાંભળ્યા નથી. અત્યારે આપ અલૌકિક ધર્મની પરમ પવિત્ર રીતને પ્રગટ કરી રહ્યા છો. અત્યારે જે કોઈ પણ બાબત કહેવાય છે તે બધી આપ અલૌકિક રીતે પ્રગટ કરી રહ્યા છો. જોકે કળિયુગનું બળ અપાર છે, પરંતુ તેનું બળ અત્યારે આપની આગળ લગાર પણ ચાલતું નથી. જેટલા અધર્મવંશના મોટા મોટા કામ, ક્રોધાદિક અંતઃશત્રુઓ છે, તેનું જે કાંઈ પણ બળ કહેવાય છે, તેને છોડીને અત્યારે તેઓ ચૂપચાપ બેસી રહ્યા છે. મોટા મોટા દેવો અને મોટા અસુરો, તેના મસ્તકને પણ કામ, ક્રોધાદિકે તોડી નાખ્યા હતા. તેવા તે કામ, ક્રોધાદિકને આ વખતે આપે હઠાવી દીધા છે. જે કામ, ક્રોધાદિકને શસ્ત્ર દ્વારાએ ક્યારેય છેદી શકાતા નથી, છતાં તેમાં શસ્ત્રોનું બધું બળ રહ્યું છે, તેમણે મોટા મોટા સિદ્ધોને પણ હરાવી દીધા હતા, એવાં તે બળવાન છે.

જ્યારથી આપ પ્રગટ થયા છો ત્યારથી અત્યાર સુધી આપ અધર્મની સાથે લડાઈ કરતા રહ્યા છો. અને તેના અતિશય બળનો આપ ભંગ કરી રહ્યા છો. સંપૂર્ણ ત્રિલોકીમાં અધર્મે બધાને વશ કરી લીધા હતા. તેના જેટલા દરવાજાઓ છે તે બધાને આપે અત્યારે બંધ કરી દીધા છે. અને જે તમોએ બાંધેલા ધર્મના દ્વારને તોડીને આગળ જાય છે તો તરત જ અધર્મ તેને ગળી જાય છે; આવું દેખાય છે અને અમે તો જેવું દેખાય છે તેવું કહીએ છીએ. આ રીતે દેવતાઓએ અપાર સ્તુતિ કરી.

## ● ભગવાન શ્રીહરિ સંતો સાથે રાસ રમ્યા :

ભગવાન શ્રીહરિ જ્યાં સુધી દીપમાળાની વચ્ચે બેઠા ત્યાં સુધી બધાં દેવતાઓ દર્શન કરતાં રહ્યાં. જેટલા દેવગાંધર્વો દેવતાઓની સાથે આવ્યા હતા તે બધાં વાજિંત્ર વગાડીને ગાન કરતાં હતાં. જેટલી વિમાનમાં આવેલી અપ્સરાઓ હતી તે બધી શ્રીહરિને રાજી કરવા માટે તે વખતે નૃત્ય કરવા લાગી. જેમાં જેટલા વધારે ગુણ હોય તે બધા ભગવાનને અર્પણ કરવા, તે જ સેવા પૂજા છે; એમ શ્રીહરિ માનતા હતા. વેદ અને પુરાણોમાં જેટલા પવિત્ર શુભ સાધનો કહ્યા છે. જેમ કે યોગ, યજ્ઞ, તીર્થ, બધા વ્રત, ભજન, સ્મરણ, તપ, દાન, પૂર્તકર્મ અને શ્રેષ્ઠ ગુણ, તે બધા ભગવાનને અર્પણ કરવા. તો કોઈ પણ સાધન પાછળ રહી ન જાય. ગુણ અર્પણ કરવામાં બધાં સાધનો આવી જાય છે.

ભગવાનના સંબંધ વિનાના ઘણાં મોટાં સાધનો હોય તોપણ તે નિર્જીવ કહેવાય છે; એવી શુદ્ધ રીતની વાત કહેવાય છે. આવું

સમજીને સંતો ગરબી ગાવા માટે ઉઠ્યા. ગોળાકારે ફરીને જ્યારે સંતો ગાવા લાગ્યા ત્યારે શ્રીહરિ તેમને દેખતા રહ્યા. પછી સંતો અને હરિભક્તોને પ્રસન્ન કરવા માટે શ્રીહરિ સંતોની વચ્ચે ફરવા લાગ્યા. ફરતાં ફરતાં હાથનાં લટકાં કરતાં હતાં, તેનાથી જોનારા ભક્તજનોના મનને ખેંચતા હતા. જેટલી હરિભક્ત સુવાસિની બાઈઓ હતી તે બધી સંતો જે રાસ સાથે ગરબી ગાતા હતા, તેનાથી દૂર ગઈ. તેઓ પૂરી મર્યાદામાં રહેતા હતા. તે સ્ત્રીઓ શ્રીહરિની મર્યાદા રાખીને રાત-દિવસ ભગવાનની ભક્તિ કરતી હતી. પછી હાથમાં કુંભ લઈને ફરતી તે સ્ત્રીઓ અલૌકિક રાસ રમવા લાગી. શ્રીહરિની મૂર્તિને સંભારીને ઘણી ભારે ગરબી બોલવા લાગી. તે સમયે ગોલોકમાં જેવી ભગવાનની મૂર્તિ છે, તે મૂર્તિ તે સ્ત્રીઓને મધ્યે પ્રગટ થઈ. તે હરિભક્ત સ્ત્રીઓ સિવાય તે મૂર્તિનાં બીજાં કોઈને દર્શન થાતાં નહિ. ભગવાને તેમને એવાં દર્શન આપ્યાં કે, મસ્તક ઉપર મોરમુકુટ ધારણ કર્યો હતો. મુખ ઉપર મુરલી રાખીને વગાડતા હતા. ત્યારે તે હરિભક્ત સ્ત્રીઓને આ દુનિયાની કશી સ્મૃતિ રહી નહિ. માનો, તે દિવ્ય વૃંદાવનમાં આવી હોય એવું લાગ્યું. નુપૂરના ઘૂઘરાઓ પગમાં એકતાર વાગ્યા કરતા હતા. ફરતા ફરતા જ્યારે સવાર થયું ત્યારે તેમને તે મૂર્તિ દેખાણી નહિ.

એક પહોર રાત્રી બાકી રહી ત્યાં સુધી સંતો શ્રીહરિ ફરતા ફરી ગરબી ગાતા રહ્યા. પછી દરેક સંતોને શ્રીહરિ ભાવથી ભેટ્યા. જ્યારે રાત ચાર ઘડી(૧.૩૬ કલાક) બાકી રહી ત્યારે શ્રીહરિ ગામમાં આવ્યા. પછી પલંગ ઉપર પોઢી ગયા.સવાર થયું ત્યારે સંતો સ્નાન કરીને આવ્યા અને શ્રીહરિની માનસીપૂજા કરી રહ્યા. પછી શ્રીહરિનાં ચરણારવિંદનાં ઘણાં ભક્તિભાવથી દર્શન કર્યાં. દરેક સંતો અને વર્ણીઓ પરસ્પર એકબીજાને મસ્તક નમાવી, હાથ જોડી બેસીને પગે લાગતા હતા. પગે લાગ્યા સિવાય ક્યારેય કોઈ બાકી રહેતા નહિ. નાના-મોટા સંતો અને વર્ણીને પગે લાગવાનો નિયમ હતો. જેમને મોક્ષનો ખપ હતો એવા તેઓ શ્રીહરિને પગે લાગ્યા સિવાય કોઈ જમતા નહિ.

## • સંતો-હરિભક્તોની મહાનતા :

જેના હૃદયમાં મોક્ષનો ખપ ન હોય તેને પવિત્ર સંતો દેખી લેતા. પછી મુખથી વાત કરીને તેમને સંતોની પુનીત રીત દેખાડી દેતા હતા. વાત કરવા છતાં જેનામાં સમજણ ન આવતી તેવા ત્યાગી અને ગૃહસ્થોને તેટલો મોક્ષનો ખપ નથી, એમ તે પવિત્ર સંતો નિશ્ચિત વાત કહેતા. જ્યાં સુધી તે સત્સંગમાં નભે ત્યાં સુધી જે રીતે બીમાર માણસ અનાજ છોડીને દુઃખી રહે છે તે રીતે પવિત્ર સંતો તેને દેખતા હતા, પણ અંતરમાં તેનો રતી જેટલો પણ ભાર આવતો નહિ. જેના જીવમાં જેટલો સત્સંગ હોય તેને મોટા સંતો ક્યારેય બતાવ્યા સિવાય રહેતા નહિ. જે ઝાડમાં જેવો રસ રહ્યો હોય તેનાં ફળ તેની મીઠાશને કહી દે છે. માણસમાં જેવી બુદ્ધિ રહી હોય તે તેની ચેષ્ટામાં દેખાઈ આવે છે અને ચેષ્ટા ઉપરથી માણસને જે ઓળખી લેવો, એવી સમજણ બધા મનુષ્યમાં હોતી નથી.અગ્નિમાં તપાવ્યા સિવાય સોનાની યથાર્થ કસોટી થતી નથી. પણ તેવા પારખનારા ઘેર ઘેર હોતા નથી તેમ મનુષ્યને ઓળખનાર પણ બધા હોતા નથી. એવી આ વાત છે. તે રીતે જ હીરા, માણેક અને મોતીની એવી ઘણી વાત છે. તેની ખરી પરીક્ષા કરીને નિર્ધાર કરનાર તો કોઈક જ મનુષ્ય મળે છે.

**સંત હી અરુ હરિજન, સત્સંગ કે સંબંધ કર; મોટપ તાકિ દેખન, માયિક જન કુ ન દેખ પરત...૨૮**
**સંત હરિજન તાકી, મોટપ હે અપાર કરહિ; તુલતા ન આત વાકી, યહ બ્રહ્માંડ મેં રહે જોઉ...૨૯**

સંતો અને હરિભક્તોની સત્સંગના સંબંધથી કેવી મોટપ છે એ દેખવાનું કામ માયિક મનુષ્યને ફાવતું નથી. સંતો અને હરિભક્તોની અપાર મોટપ રહી છે. આ બ્રહ્માંડમાં જે રહ્યા છે તે કોઈ એની તુલનામાં આવી શકતા નથી. તે સંત-હરિભક્તોની જે મોટપ છે તે ભગવાન અને સત્સંગના સંબંધે કરીને છે, અને તે સંબંધ પણ મન, કર્મ અને વચને કરીને કરવો; તો તે પૂરો સંબંધ કહેવાય છે. સત્સંગનો પૂરો સંબંધ થયા સિવાય જે અધૂરો સંબંધ છે તેમાં અધિક ન્યૂન ભાવ રહે છે. આ પ્રકારની વાતને તો જે વિચક્ષણ સંતો કહેવાય છે, તે પૂરી રીતે કરતા હતા.

જેની બુદ્ધિમાં જેટલો ખપ હોય તેને તેટલો સત્સંગ રહે છે અને બુદ્ધિમાં ખપ વગરનો જે સત્સંગ છે તે તો દેખવામાં ઉપરનો ડોળ જ દેખાય છે. પાકા પાયા વિનાના મકાનના જેવો તેનો સત્સંગ કહેવાય છે. જેને સંતસમાગમ અને સચ્છાસ્ત્રનો અભ્યાસ નિત્ય રહેતો હોય તેના સત્સંગનો ક્યારેય નાશ થતો નથી. સંતોની સભામાં બેસીને જે નિત્ય અભ્યાસ કરવો તે સત્સંગનું ઊંડું મૂળ કહેવાય છે, પણ એકલા બેસીને જે અભ્યાસ કરવો તેને મૂળ કહેવાતું નથી. એકાંતમાં બેસીને ધ્યાન, સ્મરણ અને કથા-વાર્તાને કોઈ કરે છે તો તેને એકાંત ભાવમાં દંભ, કપટ, છળ અને માયા રહે છે. એકાંતમાં રહેવા છતાં એક જ સરખી મતિ રહે એવા તો એક ભગવાન જ છે. તે સિવાયના મુક્ત હોય તોપણ તેની મતિ ફરી જાય છે. તેટલો એકાંતમાં દોષ રહ્યો છે.

જે સ્વતંત્ર વર્તે છે તેની બુદ્ધિ અપક્વ હોય છે અને તે અપક્વ બુદ્ધિ ક્યારેય ફર્યા વિના રહેતી નથી; એમ વેદ અને પુરાણોમાં

કહ્યું છે. બ્રહ્મા, ભવ, નારદ, ઈન્દ્ર, દક્ષ પ્રજાપતિ, લક્ષ્મણ અને ભરતજી ઇત્યાદિકની બુદ્ધિ પણ ફરી ગઈ હતી. દારૂ અને લીલાગર ભાંગથી વધારે અન્ય કોઈ પદાર્થમાં ઝાઝો કેફ રહ્યો હોય તેમ દેખવામાં આવતું નથી. શુભ દેશકાળ હોય તો મનુષ્યની બુદ્ધિ અત્યંત શુભ થઈ જાય છે અને અશુભ દેશકાળને યોગે કરીને બુદ્ધિ ઘણી અશુભ થઈ જાય છે. ભગવાન બળદેવજી ઘણા સમર્થ હતા, પણ સ્યમંતકમણિએ તેમની બુદ્ધિ ફેરવી નાખી પછી તેઓ મિથિલા જઈને રહ્યા.

## • ભગવાન શ્રીહરિની હરિભક્તોએ પૂજા અને સ્તુતિ કરી :

દેશ દેશના હરિભક્તો વડતાલમાં અપાર આવવા લાગ્યા. તે વખતે વિવિધ પ્રકારનો અન્નકોટ પણ ઘણો કરાવ્યો હતો. સંતોએ ચોકમાં સુંદર રંગોળી પૂરી અને કેળના સ્તંભોથી સારો બાગ બનાવ્યો, તેની શોભા કહી જાતી નથી. અન્નકોટમાં જેટલાં ભોજન બનાવ્યાં હતાં તે બધાને પ્રસન્ન થયેલા શ્રીહરિ ભાવથી જમ્યા. તે પછી શ્રીહરિએ મનમાં ઘણું હેત લાવીને સહુ સંતોને પીરસીને જમાડ્યા. એમ સંતોએ અલૌકિક લાભ લીધો. જે હરિભક્તોએ ભેળા મળીને અન્નકોટ કરાવ્યો હતો તે હરિભક્તો સુરતના હતા. તેઓ વિવિધ પ્રકારની પૂજા લાવ્યા હતા. તેઓ જાત જાતનાં વસ્ત્ર અને આભૂષણ લાવ્યાં હતાં, તેનો ગણતા પાર આવતો નથી. જે ભક્તને જેવો ભાવ હતો તેવાં તેઓ વસ્ત્ર અને આભૂષણો લાવ્યાં હતાં.

ત્યાં એક અનુપમ પાટ ઢાળીને બિછાવી હતી. શ્રીહરિ તે સમયે તે પાટ ઉપર બેઠા. તેમની આગળ સંતો અને વર્ણીની સભા થઈ. શ્રીહરિના જે પાર્ષદો હતા તેમજ શ્રીહરિની સાથે જે કાઠી દરબારો હતા તે બધા શ્રીહરિની પાસે બેઠા. દેશોદેશના જે હરિભક્તો દર્શન કરવાં આવ્યાં હતાં તે બધા સંતોની સભાને ફરતા વિંટળાઈને ઘાટા બેઠા. સાંજ સમયે મોટી સભા થઈ. ત્યારે દિવસ ચાર ઘડી બાકી રહ્યો હતો. તે સમયે ઢોલ, ત્રાસ, પડઘમ અને ભેરી ઘણો ઊંચો ધ્વનિ કરી રહ્યા હતા અને હરિભક્તો શ્રીહરિને વસ્ત્ર તથા આભૂષણો પહેરાવીને મનમાં ઘણા રાજી થતા હતા. કેસરયુક્ત ચંદનથી ભક્તોએ શ્રીહરિની પૂજા કરી. લલાટ વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. ધૂપ અને દીપ કરીને આરતી કરી. પછી છાતીમાં શ્રીહરિના ચરણકમળ લીધા.

પછી જેને જેવી આવડી તે બધાએ તેવી સ્તુતિ કરી અને બોલ્યા કે, 'જ્યારે અમારા શરીરમાંથી આત્મા નીકળે ત્યારે હે હરિ ! આપ આવી સભાએ સહિત આવીને અમને દર્શન આપજો. આપ તો જીવોનો મોક્ષ કરવા પધાર્યા છો. જીવને અંતસમયે તે સ્મૃતિ રહેતી નથી. અમે તો આપને શરણે આવ્યા છીએ.'

ત્યારે શ્રીહરિએ તે હરિભક્તોને કહ્યું, 'જે અમારે શરણે આવેલા છે તેને અંતસમયે અમારી સ્મૃતિ રહે કે ન રહે, છતાં અમે અને સંતો તેમની પાસે જ રહ્યા છીએ. અમે તો આવી સભાએ સહિત તે ભક્તની સન્મુખના સન્મુખ જ છીએ, પણ જે સત્સંગથી વિમુખ હોય, તેની સમીપે ક્યારેય રહેતા નથી. જે કાયમ સંતો અને હરિભક્તોનો દ્રોહ કરતો રહે છે અને આદરભાવથી તેમની સામે ક્યારેય દેખતો નથી, તે સત્સંગથી વિમુખ કહેવાય છે. સંત અને હરિજનને જોઈને જેના નેત્ર અતિ હરખાતા નથી અને જે સંતોનો દ્રોહ કરે છે, તે લોકોને તો આસુરી અને જંગલી જાનવર જેવા જાણવા. જે સાચા સંતો અને હરિભક્તો છે તેમણે તો બધી જ નિંદિત વાતોનો અને બધા જ નિંદિત માર્ગનો ત્યાગ કરી દીધો હોય છે.

જેને દેખીને ભગવાન, વેદો અને પુરાણો પ્રસન્ન થાય છે તે અનિંદિત અને નિર્ભય માર્ગ છે અને જે સંતો અને હરિભક્તો છે તે નિરંતર એવા નિર્ભય માર્ગ પર ચાલે છે. જેની એવી બુદ્ધિ અને સમજણ હોય છે તેને અંતર્યામી ભગવાન દેવથી પણ અધિક કહે છે. પછી ભગવાન તેને અંતસમયે સંતો અને હરિભક્તોની સમીપમાં નિવાસ આપે છે. જેમાં આવી શુદ્ધ રીતિની સમજણ હોય છે તેમાં જ મોક્ષરૂપ સાધન રહ્યું છે.'

શ્રીહરિએ કહેલી આ રીતની વાતને સાંભળીને બધા હરિભક્તો અત્યંત પ્રસન્ન થયા અને તે પછી સહુ હરિભક્તોએ સંતો, વર્ણી અને પાર્ષદોની અત્યંત હરખભેર પૂજા કરી. પછી દિવાળીને દિવસ અમદાવાદના હરિભક્તોએ દીપમાળા પુરાવી તથા શ્રીહરિ અને સંતોને જમાડ્યા. ત્યાંના હિરાચંદ ચોક્સી અને નથુ ભટ્ટ વગેરે જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિ અને સહુ સંતની પૂજા કરી. તે સિવાય બીજા જે જે ગામના હરિભક્તો આવ્યા હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી.

એક દિવસ શ્રીહરિએ જોબનપગીની મેડીએ પ્રસન્ન થઈને સંતહરિભક્તોની સભા કરાવી. જ્યારે અધરાત ગઈ ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'તમે દોકડ અને સરોદ વગાડીને કીર્તનગાન કરો. પછી પગમાં ઘૂઘરા બાંધીને જેને નૃત્ય કરતા આવડતું હોય તેઓ અમને નૃત્ય દેખાડો. હું જોઉં કે તમે કેવું નૃત્ય કરો છો ? તે વખતે સંતોએ શ્રીહરિને પ્રસન્ન કરવા માટે વાજિંત્ર વગાડીને કીર્તનગાન કર્યું અને જેને નૃત્ય આવડતું હતું તે સંત નૃત્ય કરવા લાગ્યા.

પછી પ્રેમાનંદ સ્વામીએ પગે ઘૂઘરા બાંધીને પ્રથમ નૃત્ય શરૂ કર્યું. તે દેખીને સુખદાયક શ્રીહરિ ઘણું રાજી થયા. પછી મુક્તાનંદ

સ્વામીએ પગમાં ઘૂઘરાઓ બાંધ્યા. શ્રીહરિએ તે વખતે જે એક ભારે માંયલો સોનેરી રેંટો ઓઢ્યો હતો, તે મુક્તાનંદ સ્વામીને ઓઢાડી દીધો. પછી સ્વામી નૃત્ય કરવા લાગ્યા. ત્યારે તેઓ નૃત્યની રીતથી ચરણ મૂકવા લાગ્યા. તે જોઈને અનંતકોટિ બ્રહ્માંડના પતિ શ્રીહરિ અપરંપાર રાજી થયા અને તે સમયે મધુર વચન બોલ્યા કે, નરતક લોકોના જેટલા નૃત્ય છે તે બધા નૃત્યો મુક્તાનંદ સ્વામીના નૃત્યની આગળ સૂર્યની આગળ તારાની જેમ ફિકા લાગે છે.

એક દિવસ શ્રીહરિએ આંબલે આવીને સભા કરી અને ત્યાં પાટ ઉપર બેઠા. ત્યારે સંતોએ તથા વર્ણીઓએ શ્રીહરિની ચંદન અને પુષ્પ લઈને પૂજા કરી. જ્યારે આરતી અને નારાયણધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિ વાતો કરવા લાગ્યા. શ્રીહરિએ પહેલા હરિભક્તોના વર્તનની વાત કહી અને તે પછી સધવા અને વિધવા સ્ત્રીઓના વર્તનની વાત કહી.

શ્રીહરિ કળિયુગનો ક્યારેય પ્રવેશ ન થાય એવી વાતો હંમેશાં કરતા હતા. કુસંગમાં કળિયુગનું જોર રહે છે, પણ જ્યાં સંતો અને હરિભક્તો રહેતા હોય તે સ્થળે નિયમોનો કોટ દેખીને કળિયુગ થરથર કાંપતો રહે છે. જેમાં નિયમની કસર દેખાય છે તેને તાકીને કળયુગ દેખતો રહે છે. જેના વર્તનમાં કસરરૂપ બારી જેટલી રહેતી હોય છે તેટલો મોક્ષરૂપ જે લાભ મળવાનો હોય તેને તે ખુએ છે. હરિભક્તોના ગામેગામ જેટલા સંતો રાત-દિવસ ફરતા હતા તેઓ બધે જ કળિયુગનું રૂપ દેખાડી દેતા હતા. જેટલી માયા હોય છે તેટલાં રૂપ કળિયુગ ધારણ કરે છે. તેને સંત અને સત્સંગી સિવાય કોઈ જાણી શકતા નથી.

સત્સંગ અને મોક્ષમાર્ગનાં પગથિયાં ઉપર મુમુક્ષુઓ દિનપ્રતિદિન અધિક ચઢતાં રહે, એવું શ્રીહરિને તાન હતું. એટલે જેવું તાન રહેતું તેવી વાત શ્રીહરિ સંતોની આગળ કહેતા. વાત કરતાં કરતાં અધરાત થઈ ગઈ પછી સર્વે સંતો સૂવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ કહ્યું, થોડા સંતો જ જાગે છે, ઝાઝા સંતો મારી વાત સાંભળ્યા વિના કોરા રહી ગયા છે. મારા કહેલા વિચારો તેના તન-મનમાં ઊતર્યા નથી. મોક્ષની જેટલી વાત છે, તે મોક્ષના તાનની વાતોમાં રહી છે. જે આ વાતનો અભ્યાસ રાખે છે તેને તે પ્રત્યક્ષ દેખાય છે. જેટલું અવિનાશી સુખ કહેવાય છે તે ભગવાન શ્રીહરિની વાતમાં છે. તેમ જે નિરંતર દેખતા રહે છે, તેની સમજણ અલૌકિક છે.

દેશકાળની વિષમતામાં પણ જેની સમજણ ક્યારેય ન ફરે તેવી હોય તે શ્રેષ્ઠ ભક્ત છે. તેને કોઈ વખતે ભગવાન અને મોટા સંતનો જોગ ન રહે તોપણ જેણે વાતનો જેટલો ખપ રાખ્યો હોય, તે વાત તેને તેટલી મદદ કરે છે. અમે જે વાત કહીએ છીએ તે બધી અલૌકિક છે. જેને લૌકિક સુખમાં મતિ રહે છે તે તેના એક પણ કામમાં ઉપયોગી થાતી નથી. ચિંતામણિ કરતાં રાજાનું પદ કોઈ વધારે દેખાતું નથી. ઈન્દ્ર અને બ્રહ્માના પદ કરતાં પણ ચિંતામણિનું મહત્ત્વ વધારે રહ્યું છે, પણ જેને તેની ઓળખાણ નથી હોતી તેને ચિંતામણિ પણ સામાન્ય પથ્થર જેવી જ લાગે છે. આટલી વાત કરીને કૃપાળુ શ્રીહરિ સંતોને ભેટ્યા અને શ્રીહરિ પૂરમાં આવીને સૂઈ ગયા અને જે સુવા જતા રહ્યા હતા તે ભેટ્યા વિનાના રહી ગયા. જે સંતો રાતે ભેટ્યા વગરના રહી ગયા તેઓ જ્યારે સવારે જાગ્યા ત્યારે તેમના હૃદયમાં અત્યંત બળતરા થવા લાગી, પણ ગયો અવસર તેમને આવ્યો નહિ.

### • વડતાલમાં નાના સંતો પાસે ભગવાન શ્રીહરિએ પ્રશ્નોત્તર કરાવ્યાં :

સવારના પહોરમાં શ્રીહરિ સંતોના મંદિરમાં આવીને બેઠા ત્યારે બધા સંતો આવ્યા અને સભા થઈ. જે સંતો નાની ઉંમરના હતા તેમને શ્રીહરિએ આગળ બોલાવ્યા. તેમને પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરાવ્યા. પછી શ્રીહરિએ તે બધાને વારાફરતી એક-એક પ્રશ્ન પૂછ્યો. આ બ્રહ્માંડમાં જે યત્કિંચિત પદાર્થ છે તેમાં બધાના નામ અને જાતિ રહી છે. તે નામ અને જાતિ વિના કોઈ પણ રહ્યું નથી. જાગૃત અવસ્થામાં નામ, જાતિનું જેવું દૃઢ જ્ઞાન રહે છે તેવું સ્વપ્નમાં પણ દેખાય છે. તે સિવાયનું ઊલ્ટું જ્ઞાન દેખાતું નથી. સંતો અને ભગવાનનો તેવી રીતનો દૃઢ નિશ્ચય તો કેટલાક બુદ્ધિમાનને પણ કાયમ લેશમાત્ર રહેતો નથી અને માયિક પદાર્થનો નિશ્ચય જાતો નથી અને દિવ્ય પદાર્થનો નિશ્ચય જાતો રહે છે; એવું કેટલાકમાં દેખાય છે. તે શાથી છે ? તેનો ઉત્તર કરો. જેની સમજણમાં જેવું આવ્યું હોય તેનો તમે તેવો ઉત્તર કરો. ઉત્તર આપવામાં જેની જેવી બુદ્ધિ હોય છે તેવી પ્રગટ દેખવામાં આવે છે. સોનું જેવું શુદ્ધ હોય છે તેને અગ્નિમાં તપાવવાથી તેવું દેખાય છે અને કુંભારના માટીના જે નાના-મોટા પાત્ર હોય છે તે અગ્નિમાં પકાવ્યા વિનાના ક્યારેય પાકા થતા નથી. અંદરના ભાગમાં કોઈ સામે આધાર રાખીને તેને જ્યારે ઘડે છે ત્યારે તે મનધાર્યું પાત્ર થાય છે. તેમ પ્રશ્નોત્તર વિના પક્વતા થાતી નથી.

પછી જે નાના સંતો હતા તે મળીને ઉત્તર કરવા લાગ્યા કે, જે માયિક જીવ સદાય સંતો અને ભગવાનના જોગમાં રહે છે ત્યારે તે દિવ્ય વાતોને સાંભળે છે, ત્યારે તેનું મન તે દિવ્ય વાતોમાં બંધાઈ જાય છે. ભગવાન અને સંતો તો કલ્પતરુ અને ચિંતામણિના જેવા હોય છે. તે બંનેમાં જ્યાં સુધી દિવ્યભાવ રહે છે ત્યાં સુધી તેનો નિશ્ચય વધારે રહે છે અને તેવી જ નિશ્ચયની વાત કરતા રહે છે. પરંતુ કાયમ સાથે રહેતા-રહેતા સમજણનું માન આવે છે. પછી પહેલા તો મોટાની સાથે સમાનભાવ આવી જાય છે તેથી તે

લૌકિકના જેવા દેખાવા લાગે છે. જ્યારે તેની બુદ્ધિ લૌકિક થઈ જાય છે ત્યારે તે અપરાધથી તે ફરીને કૂતરાનો કૂતરો થઈને રહે છે. તે ઉત્તર સાંભળીને શ્રીહરિ નાના સંતો ઉપર પ્રસન્ન થયા અને ફરીવાર પ્રશ્ન પૂછ્યો :

'ભગવાન તથા સંતની ભેળા કાયમ રહેતા હોઈએ છતાં ક્યારેય મતિ ફરે નહિ તેનો ઉપાય શું છે ? તે કહો. વૈકુંઠ અને ગોલોક જેવા ધામમાં પણ વ્યક્તિની સદ્‌બુદ્ધિ ફરી જાય છે અને તે દિવ્ય ધામોમાં સદ્‌બુદ્ધિ વિના એક પળ પણ ટકી શકાતું નથી. જ્યાં સુધી સદ્‌બુદ્ધિ રહે છે ત્યાં સુધી તે વ્યક્તિ દિવ્ય ધામમાં રહી શકે છે પરંતુ જ્યાં સુધી કુબુદ્ધિ ન આવી હોય ત્યાં સુધી જ તે ત્યાં દિવ્યરૂપે રહી શકે છે. સત્સંગમાં ક્યારેય તેવી કુબુદ્ધિ ન આવે તેનો ઉપાય દિલમાં વિચાર કરીને પછી તેનો તમે ઉત્તર કરો.'

ત્યારે તે નાના સંતોએ શ્રીહરિના પ્રશ્નનો ઉત્તર કર્યો, 'ભગવાન તથા સંતોની સાથે કાયમ રહેતા હોઈએ ત્યારે તેમના ગમતામાં રહીએ તો તેવી સદ્‌બુદ્ધિ રહે છે. ભગવાન તથા સંત પોતાને વખાણે છતાં પણ મનમાં અતિ ડરતા રહે અને સંતોની સાથે ક્યારેય બરોબરિયાપણું કરે નહીં. કથા, વાર્તા, કીર્તન, ગાવું, વગાડવું, ધ્યાન, સ્મરણ અને સમાધિ જેવા ગુણો પણ બુદ્ધિવંત સંતો, ભગવાન, સંત અને સત્સંગથી જ મળેલા છે એમ સમજે. પોતાનો દેહ અને જીવ આદિ જે જે નામ ધારી હોય તે બધુ ભગવાન અને સંતને અર્પણ કરે અને મુખથી પણ એમ જ બોલે કે આ બધુ ભગવાન અને સંતોનું છે. ખાલી મોઢે બોલવું તે સમય આવે કાંઈ ઉપયોગમાં આવતું નથી. કથન માત્ર બોલવું તે તો વિઘ્ન કરાવનારું છે. (વાસ્તવિક સમર્પણ જોઈએ.) ભગવાન અને સંત પોતાને ગમે તેવી મોટી પદવી આપે અને મોટા મોટા રાજાઓ તથા પ્રજા આવીને પગમાં પડે, છતાં જે સંતો અને હરિભક્તોનો દાસ થઈને રહે છે તેને તે ગુણો ક્યારેય બાધ કરતા નથી. આવા જે સંતો અને હરિભક્તો છે તેને સદ્‌બુદ્ધિવાળા કહેવાય છે. વળી, સત્સંગથી તો ઘણા લોકો અપાર મોટપને પામ્યા છે.

પરંતુ સત્સંગથી મોટપ પામ્યા છીએ તેવી જો સ્મૃતિ ન રહે તો ભગવાન તો બધુ જુવે છે. પછી ભગવાન તેને અતિ ઊંચો ચઢાવીને નીચો પાડે છે તેની તેને ખબર પડતી નથી. ભગવાન તથા સંતો જ્યારે કોઈની કુબુદ્ધિ ને દેખે છે ત્યારે તેઓ તેને હર કોઈ પ્રકારે પછાડી દે છે. સત્સંગ કરતાં કરતાં જેનામાં કુબુદ્ધિ આવે છે તે સંતો અને હરિભક્તોનો દ્રોહ તે વખતે જ કરવા લાગે છે. પછી તે ભગવાનનો યુક્તિએ કરીને દ્રોહ કરે છે એટલે તેની બુદ્ધિ મોરકળાના જેવી દેખાય આવે છે.' આ ઉત્તર સાંભળીને શ્રીહરિ બોલ્યા, સંતો નાના છે, પણ સારી દિશા ઉપર બોલે છે. બધી વાતોનું પ્રમાણ રાખે છે. સંતોએ આવો ઉત્તર કર્યો છે.

## • શ્રીહરિ બામરોલીમાં લીલા કરી વડતાલ પધાર્યા :

સં.૧૮૭૧ ના દિવસે અન્નકોટ કરીને બીજે દિવસે શ્રીહરિ બધી સવારી સાથે બામરોલી ગામ આવ્યા. તેની ઘણી શોભા થઈ હતી. જેટલાં સોનાનાં ઘરેણાં અને સોનેરી વસ્ત્રો હતાં, તે બધાને પ્રસન્ન મનથી શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર ધારણ કર્યા. શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું. જેટલા સંતો અને હરિભક્તો હતા, તે બધા સાથે રહ્યા હતા. તખાપગી ઘણા સારા હરિભક્ત હતા. તેમણે મનના ઘણા પ્રેમભાવથી શ્રીહરિ અને સંતોને માટે રસોઈ કરાવી હતી. વજેરામ નામના વિપ્ર ઘણા સારા શુદ્ધ હરિભક્ત હતા અને તેના સંબંધીઓ પણ જે હરિભક્ત હતા, તે બધા રસોઈ બનાવવા માટે આવ્યા હતા. જ્યાં તખાપગીના ખેતરમાં રાયણ હતી ત્યાં સંત-હરિભક્તની સભા થઈ. શ્રીહરિ હિંડોળા ઉપર બેઠા અને સંતોએ કીર્તનોની રમઝટ બોલાવી.

શ્રીહરિ જેટલીવાર વડતાલ પધારતા તેટલીવાર બામરોલી પણ આવતા હતા અને તખાપગીના જેટલા સગાઓ હતા, તે બધા પણ સત્સંગી કહેવાતા હતા. જેટલી જગ્યામાં તેમના ઘર હતા, ત્યાં બધે શ્રીહરિ તે વખતે ફર્યા. ત્યારે જે બાઈ-ભાઈ હરિભક્ત હતા, તેમણે શ્રીહરિનાં દર્શન કર્યા અને માનો પોતાના પ્રાણ પણ અર્પણ કર્યા. તેમના ઘરમાં જે કાંઈ પણ સારી સારી વસ્તુઓ હતી, તે બધી તેઓ શ્રીહરિને અર્પણ કરતા. તેમને શ્રીહરિના ઉપર ઘણો જ ભાવ હતો અને તે ભાવનાને લઈને શ્રીહરિ ત્યાં વારંવાર આવતા હતા. જેના હૃદયમાં જેવી ભાવના રહેતી તેને શ્રીહરિ તે રીતે લાડ લડાવતા હતા. પછી શ્રીહરિએ શીરા-પૂરીની રસોઈ તૈયાર કરાવી. તેમણે જે જે ભોજન કરાવ્યા હતા, તેને શ્રીહરિ પહેલા આવીને જમ્યા. પછી સંતોને જમવા બેસાડ્યા અને પોતે શ્રીહરિ પીરસવા આવ્યા.

શ્રીહરિ પંગતમાં પાંચ વાર ફર્યા. પછી જ્યારે કોઈ કાંઈ લેતા નહિ ત્યારે પીરસવાનું બંધ કર્યું અને તે સિવાય શ્રીહરિની સાથે રહેનારા પાર્ષદો અને કાઠી દરબાર હરિભક્તો જે હતા, તે બધાને પંગતમાં બેસાડ્યા અને વારંવાર સંભારીને પીરસ્યું. પછી હિંડોળા ઉપર જઈને બેઠા. ત્યારે ભક્તોએ બહુ પ્રકારે પૂજા કરી. કેસરયુક્ત ચંદનનો કટોરો ભરીને લાવ્યા. બહુ પ્રકારના ફૂલના હારો લાવ્યા. પછી સહુએ શ્રીહરિની પૂજા કરી. તખાપગી હતા, તેમણે પહેલા મનમાં જેવી ભાવના હતી તેવા ભાવથી શ્રીહરિની પૂજા કરી. પહેલા શ્રીહરિના લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું અને લલાટના મધ્યમાં કુંકુમનો ચાંદલો કર્યો. મોગરાના મોટા મોટા હાર ઘણા પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યા. ફૂલના બાજુ અને પોંચીઓ ભુજાઓ ઉપર બાંધી દીધા. ફૂલના ગુચ્છ કાન ઉપર ધરાવ્યા, પાઘમાં

તોરા ધરાવ્યા અને હાથમાં ફૂલની છડી આપી. કેસરયુક્ત ચંદન ચરણો ઉપર ખૂબ જ ચરચ્યું. પછી તેને હરખ ભર્યે હૈયે ઘણા પ્રેમથી છાતીમાં લીધા. બાવાજી આદિક તખાપગીના પુત્રો હતા તથા તેમના ભાઈઓ હતા, તે સહુએ પણ શ્રીહરિની તેવી જ રીતે પૂજા કરી. પછી જ્યારે આરતી કરી ત્યારે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં રહ્યાં.

પછી બીજાનું હિત કરનારા એવા ભાઈ રામદાસજી સ્વામી આદિક ઘણા સંતો હતા, તેમની પણ અતિ ભાવથી પૂજા કરી. અને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. પ્રથમ શ્રીહરિને મસ્તકે ફેંટો બંધાવ્યો. પછી પ્રભુને ઘેર ઘેર પધરાવ્યા અને સહુએ સોના-રૂપાના ફૂલથી વધાવ્યા. જગતના પ્રતિપાળ એવા શ્રીહરિને મોતીઓના થાળ ભરી ભરીને વધાવ્યા. સુખદાયી શ્રીહરિ પછી અશ્વ ઉપર બેઠા અને ત્યાં સહુ ભક્તોના ધ્યાન માટે ઘોડી ખેલાવી. અલબેલા શ્રીહરિએ ઝડપથી માણકી ઘોડીને ખેલાવી અને તેથી ઘણી શોભા થઈ હતી. આકાશમાંથી જેમ તારો ખરે તેમ પ્યારા શ્રીહરિએ ઘોડીને દોડાવી હતી.

પછી શ્રીહરિ ધીરે ધીરે ચાલીને વડતાલ આવ્યા. આંબલીના છાંયે સંતોની સભા કરી. તે સમયે ત્યાં ફૂલના હાર લઈને ઘણા હરિભક્તો આવ્યા. તે સહુએ એકતારમાં ઊભા રહીને શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. હરિભક્તો વિવિધ પ્રકારનાં પકવાનોના થાળ ભરી ભરીને લાવ્યા. તે વખતે એવી શોભા થઈ હતી કે, તેને વર્ણવી શકાતી નથી. અનેક પ્રકારનાં રમકડાઓ પકવાનમાંથી કરેલાં હતાં, તેને શ્રીહરિએ જોયાં. પછી જેના ઉપર શ્રીહરિને હેત હતું, તેવા ભક્તોને તે બધાં રમકડાં પ્રસાદીરૂપે ભેટ આપ્યાં.

હરિભક્તો ના... ના... એમ કહીને આડો હાથ રાખતા હતા, છતાં પણ શ્રીહરિ બહુ હેત દેખાડીને સહુને પકવાન પીરસતા હતા. તે જોઈને હરિભક્તો ખૂબ હાસ્ય કરતા હતા. એવી શ્રીહરિ રોજ રોજ અપાર લીલાઓ કરતા હતા. જેનો કહેતા પાર આવતો નથી. સહુને ગમે એવી વાતો લખું છું. કેમ જે, જગતમાં અપાર લોકો હોય છે તે સહુની એક રુચિ હોતી નથી. હરિભક્તોના મનમાં જે રીતે ચોંટી જાય તેવી લીલા શ્રીહરિ કરતા હતા. જે જે ઉત્તમ રસરૂપ હોય છે તેની જ આ શ્રીહરિની મૂર્તિ છે. શ્રીહરિનાં એક એક અંગમાં જે રસ અને રૂપ રહ્યાં છે તેવાં બીજે કોઈ લોકમાં રસ કે રૂપ રહ્યાં નથી.

જેની જેવી ભાવના હતી, તેને શ્રીહરિની મૂર્તિ તેવી દેખાતી હતી; આવા રસરૂપ મૂર્તિ સુખધામ શ્રીહરિ, વડતાલ ફરતા રહેલા હરિભક્તોના જે ગામ હતા ત્યાં એક એક દિવસ વિચર્યા. ભક્તો ઘણા ભાવથી શ્રીહરિને પધરાવતા હતા અને સહુ અલૌકિક લાભ લેતા હતા. પૂજા કરતા અને ઘણી સારી રસોઈ કરાવીને વારંવાર શ્રીહરિને જમાડતા હતા. શ્રીહરિની સાથે જે સંતો, વર્ણી અને પાર્ષદો રહ્યા હતા, તે સહુને પણ હરિભક્તો ઘણી ભાવનાથી જમાડતા અને પૂજતા હતા. ભક્તોને સંતો વગેરેના ઉપર ખૂબ જ હેત હતું. હરિભક્તોએ જે લાભ લીધો તેને વારંવાર હું બહુ લખતો નથી. આ વખતે ભક્તોએ એટલો બધો લાભ લીધો કે કોઈ વાર શ્રીહરિએ આટલો લાભ દીધો નહિ હોય. આ વખતે ભક્તોને લાભ આપવો છે, એમ શ્રીહરિએ મનમાં ધાર્યું હતું અને તેથી જ તે સહુ હરિભક્તોને ઘણો જ લાભ આપતા હતા.

હરિભક્તોને જે લાભ આપ્યો, તેમાં જે મનુષ્યો અત્યારે લાભ ન લઈ શક્યા તેના સમાન બીજા કોઈ અભાગિયા નથી. ખરેખર આ વાત સત્ય જ હતી. સત્સંગ કર્યો હોવા છતાં પણ આવી બાબતને જે જાણતો નથી તે દિલ્લી જેવા શહેરમાં જઈને પણ ભાડભુંજાનું કામ કરનારા જેવો છે. સત્સંગની બધી જ વાતો ઘણી અલૌકિક છે. એ દિવ્ય વાતોને જે લૌકિક જેવી દેખે છે, તેની તો બુદ્ધિ ફરી ગઈ છે.

### • જ્યાં સત્સંગ છે ત્યાં ભગવાન શ્રીહરિ રહે છે :

સત્સંગ સિવાયના જેટલા લોકો છે તે પણ જો સત્સંગના જેવું કાંઈ નથી અથવા તો જેટલું સત્સંગ સિવાયનું છે તે કોઈ સત્સંગ સમાન નથી; એમ જે સમજે છે તેટલા વાસ્તવમાં મનુષ્ય શરીરને પામ્યા છે. મનુષ્ય શરીરને પામીને કોઈ ધનાઢ્ય થાય તોએ શું ? કદાચ કોઈ રાજા થાય તોપણ શું ? તે રાજ્યપદ કે ધનાઢ્યપણું સત્સંગ વિના વ્યર્થ છે. અપાર યજ્ઞ, દાન, તપ અને વ્રતને કોઈ વારંવાર કરે અને તેનાથી ઇન્દ્ર કે બ્રહ્માના લોકમાં જાય તોપણ તેમાં કોઈ આશ્ચર્ય નથી. દેવ થવું તે કોઈ આશ્ચર્યની વાત નથી. સામાન્ય મનુષ્યની દોડ તો દેવલોક સુધીની જ હોય છે. જ્યાં સુધી સત્સંગી થવાયું નથી ત્યાં સુધી મનુષ્યે કાંઈ જ કર્યું નથી.

સત્સંગની તો આવી મોટપ છે ! તેમાં સત્સંગી થવા છતાં પણ આવી મોટપને જે ન જાણે તે તો ચિંતામણિ મળ્યા છતાં કંગાળ રહે તેના જેવો છે; એમાં ચિંતામણિનો કોઈ દોષ નથી. જ્યાં સત્સંગ હોય છે ત્યાં જ ભગવાન રહે છે અને સત્સંગ ભગવાનનું ધામ કહેવાય છે. જીવ વિનાના જે દેહ છે તેમાં એક દિવસ પણ ચૈતન્ય રહેતું નથી. તેમ જ ભગવાન સિવાયના સત્સંગમાં અલૌકિક વાત રહેતી નથી; આવું જે લોકો સમજે છે, તેટલા લોકો જ મનુષ્ય શરીરને પામ્યા છે. વેદ, પુરાણ અને બધી વિદ્યાઓના સિદ્ધાંતને જે લોકો સમજે છે તે વગર ભણે ભણેલા જ છે, એમ બુદ્ધિમાન લોકો માને છે. મનુષ્ય શરીર, ધન-સંપત્તિ, બુદ્ધિ અને ભણવાની બધી વિદ્યાઓ, તીર્થ, વ્રત, દાન, યોગ અને યજ્ઞ, આ બધું પાર વગરનું કહેવાય છે.

ઉપર કહેલા બધાનું એટલું જ ફળ છે કે, સત્સંગ સ્વીકારવો. જે સત્સંગ સ્વીકારતા નથી એ લોકોનો મનુષ્ય જન્મ પણ વ્યર્થ છે. વેદ, પુરાણ, યોગ અને યજ્ઞાદિકને કર્યા હોય, તો પણ સત્સંગ કર્યા વિના તેનો મનુષ્ય જન્મ વ્યર્થ છે. આવો સત્સંગ મળ્યા પછી પણ જેની બાળકના જેવી બુદ્ધિ હોય, તે તો ચિંતામણિને ફેંકી દઈને ઝેરના ફળને ખાય છે. શ્રીહરિ સંતો અને હરિભક્તોની આગળ વારંવાર સત્સંગની નવીન નવીન વાતો કહેતા હતા. શ્રીહરિના મુખથી કહેવાયેલી વાતને વારંવાર સાંભળ્યા પછી તેનું ફરી ફરીને જે રોજ મનન કરે છે તેમાં તેટલી વાત ટકી રહે છે. શ્રીહરિ રાત-દિવસ સત્સંગની વિવિધ પ્રકારની અપાર વાતોને કહેતા હતા અને તેમાં વેદ, પુરાણ અને સ્મૃતિઓનું જે રહસ્ય હોય છે, તે બધું રહસ્ય એક એક વાતમાં લાવતા હતા અને જે મોક્ષભાગી મનુષ્યો હતા તે રોજ તેવા રહસ્ય ભરેલી વાતનું પાન કરતા રહેતા હતા.

શ્રીહરિની જેટલી અલૌકિક વાતો છે તેને જે ભક્તજન પ્રત્યક્ષરૂપ જાણે છે, તે અલૌકિક ધામને પામે છે અને ત્યાં અલૌકિક સુખને મેળવે છે. શ્રીહરિની વાતને મનુષ્ય જેવી રીતે સમજે છે તેવું તે ધામનું સુખ પામે છે. શ્રીહરિની વાત જ એવી છે કે, જેવું પાત્ર હોય તેને તેવું ફળ આપે છે. શ્રીહરિની વાતો અને ચરિત્રો તો સહુથી અધિક છે. પણ પાત્રની તારતમ્યતાથી સમજણ અને એનું ફળ તેવા રૂપમાં મળે છે. શ્રીહરિનાં ચરિત્રો, વાતો અને સત્સંગ એવાં છે કે, જેવાં તેને સમજીએ તેવો મોક્ષ આપે. મનુષ્યને જ્યારે ભગવાન શ્રીહરિની મૂર્તિનાં દર્શન થાય છે ત્યારે તરત જ તેનાં બધાં પાપ બળી જાય છે. શ્રીહરિની મૂર્તિમાં એવો જે પ્રતાપ રહ્યો છે તેને ગમાર લોકો સમજી શકતા નથી. જે ગમાર લોકો ભરતખંડમાં મનુષ્યદેહને પામે છે અને તે જ્યાં સુધી સત્સંગને નથી સ્વીકારતા ત્યાં સુધી તે પોતાના શરીર અને ધનને નિરર્થક રીતે ખોઈ નાખે છે.

જે બાઈ-ભાઈ મનુષ્યો આવી સમજણને ધારે છે તેઓ ક્યારેક સત્સંગ કરીને તેનો મનુષ્યજન્મ સફળ કરશે જ. સત્સંગના માર્ગ ઉપર જે ચાલે છે તે તો શુદ્ધ સમજણવાળા છે. જ્યાં સુધી શુદ્ધ સમજણ આવી નથી ત્યાં સુધીના તેમના બધા મનુષ્યજન્મ વ્યર્થ ગયા જાણવા. મનુષ્ય જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેની બુદ્ધિ અત્યંત વિપરીત રહે છે. કોઈ વેદ, પુરાણો અને બધી સ્મૃતિઓને ભણે, યોગ, યજ્ઞ અને દાન કરે, છતાં પણ સત્સંગ વિના તેની બુદ્ધિ વધારે વિપરીત રહે છે. જેણે સત્સંગ સ્વીકાર્યો હોય, તે પણ વિપ રીત બુદ્ધિવાળાને ન ઓળખે તો તેની મતિને તે ફેરવી નાખે છે અને વેદ, પુરાણ સુદ્ધાના પણ તે વિપરીત અર્થ કરે છે.

શ્રીહરિ સંતો અને હરિભક્તોને અપાર સુખ આપી વડતાલથી ગઢપુર આવ્યા. ત્યારે ગઢપુરના ભક્તોએ જય જયકાર કર્યો. ગઢપુર આવીને હરિભક્તોને ઘણા પ્રેમરસપૂર્વક દિવાળી અને અન્નકોટના ઉત્સવની વાત કરી. શ્રીહરિએ રાજી થઈને ગુજરાતના હરિભક્તોનો જે પ્રેમભાવ હતો તે બધી વાત કાઠિયાવાડના ભક્તોને વિસ્તારીને કહી. ગુજરાતના હરિભક્તોના પ્રેમભાવની વાત સાંભળીને ગઢપુરના બધા હરિભક્તો મનમાં હરખાઈને બોલ્યા કે, મહારાજ ! ગુજરાતની વાત તો ઘણી મહાન છે. ગુજરાતમાં તો ફળ, ફૂલ અને વિવિધ પ્રકારના મેવાઓ અપાર થાય છે. ગામેગામ આંબાઓના ઘાટાં વન રહ્યાં છે. ગુજરાતની ભૂમિમાં છાંયા વિના ખાલી ભાગ લગારેય નથી. તે તો વૃંદાવનથી પણ વધારે પ્રિય ભાગ છે. શ્રેષ્ઠ શ્રેષ્ઠ વૃક્ષો ગુજરાતમાં રહ્યાં છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૬૩ થી ૬૯)

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ રંગોત્સવ કર્યો
## સં. ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૫)



(નોંધ : સંપ્રદાયનો મહાન ધર્મગ્રંથ 'શ્રીસત્સંગિજીવન'માં આ રંગોત્સવ-ફૂલદોલોત્સવ સં. ૧૮૭૫માં કર્યો છે તેવો ઉલ્લેખ છે. પરંતુ શ્રીહરિલીલામૃત, શ્રીહરિલીલાકલ્પતરુ, શ્રીહરિચરિત્રામૃતસાગર વગેરે અન્ય સાંપ્રદાયિક લીલાગ્રંથોમાં આ ઉત્સવ સં. ૧૮૭૨માં કર્યો છે તેવું વર્ણન છે. તેથી અહીં સં. ૧૮૭૨ પ્રમાણે આ ઉત્સવ પ્રસંગ આલેખવામાં આવ્યો છે. આગળ પ્રકરણોમાં સં.૧૮૭૫માં આ ઉત્સવ પ્રસંગનું પ્રકરણ પણ આલેખવામાં આવ્યું છે, જેની ખાસ નોંધ લેવી.)

સં. ૧૮૭૨માં ધરમપુરમાં રાજમાતા કુશળકુંવરબાના આગ્રહભર્યા આમંત્રણને લીધે ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો-હરિભક્તોના સંઘ સહિત ધરમપુર પધાર્યા હતા. ત્યાંથી પાછા વળતાં ભગવાન શ્રીહરિ ચિખલી, સુરત થઈ નર્મદા પધાર્યા. તેમાં સ્નાન કરી મહારાજ ત્યાં ધ્યાન કરવા બિરાજ્યા. તે વખતે મુક્તાનંદ સ્વામીએ મહારાજને ધ્યાનમાંથી જગાડીને કહ્યું : "મહારાજ! કાંઈક ટીમણ કરો તો સારું."

એટલે મહારાજે કહ્યું : "ટીમણ તો કરવાં છે પણ અમારે વાત કરવી છે."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! વાત કરો."

ભગવાન શ્રીહરિની આજુબાજુ બધા સંતો આવી બેસી ગયા. મહારાજે કહ્યું : "હે સંતો ! અક્ષરધામના મુક્તને અને કાં તમને આ મૂર્તિના દર્શન છે, પણ બીજા ધામના મુક્તને નથી. તો બીજાને તો ક્યાંથી હોય ? કેમ કે આ મૂર્તિ આ બ્રહ્માંડમાં ક્યારેય આવી નથી. આજે જ આવી છે." શ્રીહરિએ પોતાનું સ્વરૂપ યથાર્થ સમજાય તેવી વાત કરી. (સ.ગુ. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો : નં. ૯૦)

બીજે દિવસે સવારે નીકળી વચ્ચે આવતાં ગામોમાં રાતવાસો કરતાં, તે તે ગામોના ભક્તોના ભાવની સેવા અંગીકાર કરતાં મહારાજ વડતાલ પધાર્યા.

અહીં જોબન પગીની મેડીમાં ઊતારો કર્યો. જોબન પગી તથા તેનો સર્વ પરિવાર મહારાજની આ અકારણ કૃપાથી કૃતકૃત્ય થઈ ગયો ! મહારાજને વડતાલ પ્રિય હતું. પગીનો પરિવાર પણ પ્રિય હતો અને વડતાલના પાટીદાર ભક્તોની ભક્તિ પણ પ્રિય હતી. ઉત્સવો માટે ભગવાન શ્રીહરિએ વડતાલને જ કેન્દ્રસ્થાન રાખ્યું હતું.

### ● જોબન પગીની સેવાથી રાજી થઈને વડતાલમાં રંગોત્સવનું વરદાન :

શ્રીહરિએ જોબનીપગીને કહ્યું : "પગી ! તમે તમારા ભાઈઓને લઈને અમારી સાથે ઠેઠ ધરમપુર સુધી આવ્યા. માર્ગમાં અમારી રક્ષા માટે અખંડ ચોકીપહેરો રાખ્યો, ખૂબ કષ્ટ વેઠ્યું. આ બધાથી તમારા ઉપર અમે ખૂબ જ પ્રસન્ન થયા છીએ. માટે કાંઈક વરદાન માંગો."

શ્રીહરિના આ શબ્દો સાંભળી જોબન પગી ગદ્‌ગદ થઈ ગયા. તેમણે નીચા વળી મહારાજના ચરણારવિંદનો સ્પર્શ કરી લીધો. પછી કહ્યું :

**પગી બોલ્યા કરીને પ્રણામ, મળ્યા છો પ્રભુ પૂરણકામ; મૂરતિ તમારી ભગવાન, સદા છે કલ્પવૃક્ષ સમાન.**
**ઈચ્છા પૂરો છો અંતરજામી, નથી કોઈ વાતે રહી ખામી; વરદાન દેવા દિલ ધરો, તો આ હોરી ઉત્સવ આંહિ કરો.**
**માગિએ છૈએ એ વરદાન, ભલા થૈને આપો ભગવાન; કૃષ્ણે આપિયો કર માંહિ કોલ, કરશું આંહિ આ ફુલદોલ.**

(શ્રીહરિલીલામૃત : ૭/૫૭/૨૪-૨૫-૨૬)

"મહારાજ ! આપ તો સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છો, સર્વકર્તા છો, કાળના પણ કાળ સમાન છો. આપની અમે શું રક્ષા કરી શકવાના હતા ! પરંતુ અમારી કાળ થકી રક્ષા થાય તે માટે અમે આપનું શરણું લીધું છે. આપને પ્રસન્ન કરવા બની શકે તે ચાકરી કરીએ છીએ. આપ કરુણાસાગર છો તેથી અમારી અલ્પ સેવાથી પ્રસન્ન થઈ ગયા છો. આપની એ પ્રસન્નતા કાયમ રહે. હે મહારાજ! આપે કહ્યું તેથી માગું છું કે આપ આ ફૂલદોલનો ઉત્સવ વડતાલમાં કરો તો અમને સૌને આપની તથા ભક્તોની સેવાનો વિશેષ લાભ મળે."

જોબનપગીની આ માગણીથી મહારાજ મુગ્ધ થઈ ગયા. તેના જેવા અભણ મનુષ્યને પોતાના સ્વરૂપનું આવું જ્ઞાન થઈ ગયું તે જ મોટો ચમત્કાર ! મહારાજે કહ્યું : "પગી ! તમારી એવી જ ઈચ્છા છે તો ભલે આ ફૂલદોલનો ઉત્સવ અહીં કરીશું." જોબન પગી તથા તેનો સમગ્ર પરિવાર મહારાજના આ શબ્દોથી રાજી થઈ ગયો.

બીજે દિવસે લક્ષ્મીરામ તથા ભોજા ચારણ સાથે જીવુબા વડતાલ આવ્યાં. મહારાજ જોબન પગીની મેડીએ બિરાજે છે તે જાણી તેઓ મહારાજના દર્શન કરવા ત્યાં ગયાં. મહારાજને ખબર મોકલ્યા. આ સાંભળી મહારાજને આશ્ચર્ય થયું. મહારાજે કહ્યું : "અહીં બોલાવો જીવુબાને." સંતો પાસે બેઠા હતા તે ત્યાંથી ઊભા થઈ ગયા.

જીવુબા મહારાજ પાસે આવ્યા અને સન્મુખ બેસી પંચાંગ પ્રણામ કર્યા. મહારાજે તરત જ તેમને કહ્યું : "અમે તમને કહ્યું હતું કે સુરતથી વહાણે બેસી ભાવનગર થઈને ગઢડા પહોંચી જજો, છતાં અહીં વિકટ રસ્તો ખેડીને કેમ આવ્યાં ?"

જીવુબાએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા લોપી છે તો માફ કરજો, પરંતુ અમને સૌને એમ લાગ્યું કે આપ વડતાલમાં જ રોકાઈ જશો. ગઢપુરવાસી ભક્તો આપના દર્શન વિના દુઃખી થઈ ગયા છે, તેથી આપ જો તરત જ ગઢડા નહીં પધારો તો કેટલાકના પ્રાણ ચાલ્યા જશે. એટલે આપને અમે ગઢપુર સાથે તેડી જવા માટે જ આવ્યા છીએ."

ભગવાન શ્રીહરિ આ સાંભળી વિચારમાં પડી ગયા. આજ્ઞા લોપી, પણ ગઢપુરના ભક્તો માટે. તેમને ભક્તો પ્રિય હતા, તેમાં વળી ગઢપુરના ભક્તો પ્રત્યે તો અપ્રતિમ હેત હતું, પરંતુ અહીં ફૂલદોલનો ઉત્સવ કરવા મહારાજ જોબન પગીને વચન આપી બંધાઈ ગયા હતા.

શ્રીહરિને વિચાર કરતા જોઈ જીવુબાએ કહ્યું : "મહારાજ ! આપને ગઢપુર પધાર્યા વગર ચાલશે જ નહીં. આપને ગઢપુરથી નીકળ્યા, કેટલો વખત થઈ ગયો ! ત્યાંના ભક્તોની સ્થિતિનો પણ કાંઈક ખ્યાલ કરો. આપના વિના પળમાત્ર રહી ન શકે તે ભક્તોને આપે દૂર રાખ્યા. વળી, હવે ગઢપુર જવાનો પ્રસંગ આવ્યો ત્યારે મેં સાંભળ્યું કે આપે અહીં ઉત્સવ કરવાનું વચન જોબન પગીને આપી દીધું છે ! પરંતુ છેવટે બે દિવસ પણ ગઢપુર આવી જઈ, સૌને દર્શન દઈ, પછી આપ અહીં આવી ઉત્સવ કરજો."

ભગવાન શ્રીહરિ સમજી ગયા. જીવુબાએ વાતમાં ઉકેલ પણ લાવી દીધો.

એટલામાં જોબન પગી આવ્યા. તેમણે આ વાત જાણી. તરત જ કહ્યું : "મહારાજ ! મોટીબા ખરું કહે છે. આપ ગઢપુરના ભક્તોને દર્શન દઈ અત્રે ફૂલદોલના ઉત્સવ ઉપર વહેલા પધારો."

ભગવાન શ્રીહરિ જોબન પગીની સરળતા જોઈને રાજી થયા. મહારાજે તરત જ કહ્યું : "તો ભલે, કાલે જ ગઢપુર જવા નીકળીએ." એટલું કહી મહારાજે જોબન પગીને કહ્યું : "સાંભળો, ફૂલદોલનો ઉત્સવ આપણે ધામધૂમથી કરવો છે. માટે ગુલાલ અને કંકુનાં ગાડાં મંગાવજો, બે મોટા હોજ કરાવજો અને કેસર, કેસૂડો વગેરે ખૂબ મંગાવી તૈયાર કરજો. અમે ઉત્સવ ઉપર પાંચ દિવસ અગાઉ આવી જઈશું. ગઢપુરના ભક્તો તથા કાઠિયાવાડના અન્ય ભક્તોને પણ સાથે લેતા આવીશું. ઉત્સવ અલૌકિક કરવો છે." વડતાલના ભક્તો મહારાજની આ વાણી સાંભળી અતિ રાજી થઈ ગયા.

### ● વડતાલથી ગઢપુર પધારી ભગવાન શ્રીહરિએ ગઢપુરવાસી ભક્તોને રાજી કર્યા :

ફૂલદોલ ઉત્સવ પ્રસંગે વહેલા આવવાનું વચન દઈને ભગવાન શ્રીહરિ ગઢડા પધાર્યા. મહારાજના દર્શન થતાં ગઢપુરના ભક્તોના ખોળિયામાં જીવ આવ્યો. મહારાજ ધરમપુર જવા નીકળ્યા ત્યારથી મહારાજના વિયોગમાં વિરહાકુળ બનેલા પ્રેમી ભક્તોનાં હૈયાં મહારાજના દર્શનથી ટાઢાં થયાં.

દાદાખાચરે મહારાજને કહ્યું : "મહારાજ ! લાડુબા-જીવુબાની બહુ તાણ છે કે મહારાજ ઘણા મહિને પાછા ગઢપુર પધાર્યા છે

તો અહીં જ ફૂલદોલોત્સવ કરો.'' મહારાજ કહે : ''દાદા ! અમે જોબન પગીને વચન આપીને આવ્યા છીએ એટલે હવે આ વખતે તો વડતાલ ઉત્સવ કરવાનું ધાર્યું છે.''

ભગવાન શ્રીહરિ ગઢપુરમાં આવ્યા પછી પંદર દિવસ રહ્યા. દાદાખાચરના દરબારમાં હરિભક્તોની સભામાં ભગવાન શ્રીહરિ વાતો કરતા કહેતા : ''મનુષ્ય શરીર તો અમૂલ્ય છે. વિમુખ જીવના સંગથી તે શરીરને વારંવાર નિરર્થક કરી દે છે. મનુષ્યદેહથી જે કરવું જોઈએ તે જો ન કરીએ તો તે મોટામાં મોટું અજ્ઞાન છે અને વધારેમાં વધારે મોહ કહેવાય છે. પાપના અજ્ઞાનરૂપી અંધારામાં પડેલા જીવને સાચા સંત સિવાય બીજો કોઈ બચવાનો ઉપાય નથી. જીવ જે દિ' તે દિ' સાચા સંતનો અતિશય વિશ્વાસ કરશે ત્યારે તે સંત તેને બંધનથી છોડાવશે. આ વાત જ સિદ્ધાંતની છે. જ્યાં જેટલું સત્ય વર્તન રહે છે ત્યાં તેટલો ભગવાનનો વાસ છે અને જ્યાં જેટલું અસત્ય વર્તન રહે છે ત્યાં તેટલો અધર્મનો નિવાસ રહે છે. આવી જે વાત હોય તેને સિદ્ધાંત કહેવાય છે, પણ જે ફરી જાય તેને સિદ્ધાંત ન કહેવાય. સત્સંગના નિયમમાં જ્યાં સુધી જે માણસ વર્તશે ત્યાં સુધી તેનો મોક્ષ અમારા વચને કરીને થશે. જ્યાં નિયમ છે ત્યાં અધર્મનો પ્રવેશ થઈ શકતો નથી. જ્યાં નિયમ છે ત્યાં જ ધર્મ છે અને જ્યાં ધર્મ છે ત્યાં જ ભગવાન રહ્યા છે. અને જ્યાં ભગવાન હોય છે ત્યાં અવિચળ ધામ હોય છે અને જ્યાં ધામ હોય છે ત્યાં જ અપાર અવિચળ સુખ હોય છે.

જેમાં જેટલો નિર્માનીપણાનો ગુણ રહે છે તેટલો તે હરિભક્તોમાં મોટો થઈ રહે છે. અને જેટલું તે માન રાખે છે તેટલો તે ન્યૂન થઈ જાય છે. માનમાં એવી રીતની મોટાઈ રહી છે કે, તેમાં દુઃખ હોવા છતાં લેશમાત્ર મનાતું નથી. માન જીવને દુઃખમાં સુખ જ મનાવતું રહે છે અને એ જ ભગવાનનો મોટો કોપ સમજવો. ભગવાનના આજ્ઞાવચન પ્રમાણે જે લોકો પોતાનો જીવનનિર્વાહ કરે છે, તેના સમાન બીજો કોઈ સુખી નથી. અને તેવો આજ્ઞાપાલક મનુષ્ય ભગવાનને પ્રિય લાગે છે. માણસમાં જેટલો નિર્માનીપણાનો ગુણ વર્તતો હોય તેટલી તેના ઉપર ભગવાનની કૃપા થઈ કહેવાય. કેમ જે, નિર્માનીપણાને સમાન બીજી કોઈ મોટાઈ નથી. સર્વપ્રકારની મોટાઈમાં નિર્માનીપણું તે અતિ મોટપ છે. નિર્માનીપણાનો ગુણ આવે છે, તે ખરા અર્થમાં હરિભક્ત થાય છે અને તેમાં ભગવાન નિવાસ કરીને રહે છે અને જેમાં જ્યારે ભગવાન નિવાસ કરીને રહે છે ત્યારે તે ભક્ત બ્રહ્મરૂપ થયો ગણાય.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૪૫ થી ૪૮ સુધીનો સારાંશ)

આ રીતે ભગવાન શ્રીહરિ મનુષ્યદેહની દુર્લભતાની, નિર્માનીપણાની મહત્તાની, બ્રહ્મસ્થિતિની, સમજણરૂપી સુદર્શનચક્રની અને ભગવાનના ધામના સુખની વાતો કરતા હતા. ત્યારે વડતાલના એક હરિભક્ત પત્ર લઈને ભગવાન શ્રીહરિ પાસે આવ્યા. પછી તે ભક્તે મહારાજના હાથમાં પત્ર આપ્યો. ત્યારે પ્રસન્નમુખે શ્રીહરિએ પત્ર વાંચ્યો. પત્રમાં લખ્યું હતું કે, ''હે પ્રિયતમ મોહન! હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ વડતાલમાં કરવા માટે અમારા ઉપર કૃપા કરો. વડતાલના વૃદ્ધ, જુવાન અને બાળક, બધા જ પાટીદારો આપ વડતાલ ઉત્સવ કરો તેવું ચાહે છે. જોબનપગી, સુંદરપગી આદિ હરિભક્તો અને નારાયણગિરિ ગોસાંઈને પણ ઘણો પ્રેમભાવ છે. હુતાશની ઉપર બધા ખેતરમાં કાંઈ મોલાત નહિ હોય તેથી જેટલા સંઘો આવે તે ખુલ્લી જગ્યામાં ઊતરી શકશે. જે સંઘ ગામમાં સમાઈ શકશે તે ગામમાં ઊતરશે અને જે ગામમાં સમાશે નહિ તે ખેતરમાં ઊતરી શકશે.

ગામની ચારે બાજુ અપાર ખેતર છે અને દરેક ખેતરમાં સારા કૂવાઓ રહ્યા છે, તેથી કોઈને પાણીનું દુઃખ રહેશે નહિ અને ચોકી-પહેરો તો બધા પગી કરશે. પગી હરિભક્તોના કહેવાથી જ અમે સમૈયો શરૂ કરીએ છીએ. અને વડતાલ તો અત્યારે અંગ્રેજોની રાજસત્તામાં આવ્યું છે. અંગ્રેજોનું રાજ્ય થવાથી કોઈ જાતનો ભય રહ્યો નથી. આવા રાજા તો ક્યારેય સાંભળ્યા નથી. કદાચ કોઈ જોર જુલમ કરે તો અંગ્રેજ આવીને તત્કાળ તેને કબજે કરે છે. ખેડાના સાહેબે સમૈયો કરીએ છીએ તેવું સાંભળ્યું અને તેમાં પણ આપનું નામ જ્યારે સાંભળ્યું ત્યારે તે ઘણા ખુશી થઈને બોલ્યા હતા કે 'સ્વામિનારાયણના જે શિષ્યો છે તે આજ્ઞાવચનની મર્યાદામાં રહે છે. તેઓ કરોડો લોકો ભેળા થાય તોપણ કોઈ ફેલફિતૂર કરતા નથી. તેઓ સરકારના ગુનામાં આવે તેવું કામ ક્યારેય કરતા નથી અને સ્વામિનારાયણના ભક્ત સિવાયના બીજા લોકો જ્યાં જ્યાં ભેળા થાય છે, ત્યાં ન કરવાના ફેલ કરે છે અને તે ફેલ કરવાથી મનમાં ડરતા નથી. જેના ગુરુ જેવા હોય તે શિષ્યને પણ તેવો જ બોધ આપે છે.

સરકારને જેમાં ફેલ દેખાય છે તેને તે વ્યક્તિ તુચ્છ દેખાય છે. જેમ ઝાઝા ખર(ગધેડાં) ભેળા થયા હોય તેવી દૃષ્ટિથી ફેલીને નઠારા દેખે છે. સ્વામિનારાયણના સત્સંગી સિવાયના જે લોકો ભેળા થાય છે, તે તો ફેલ કરવા માટે જ ભેળા થાય છે. સરકાર તો જેનું જેવું વર્તન હોય તેને જાણે છે. સરકાર ફેલી એવા ગુરુ અને શિષ્યનો કાંઈ જ વિશ્વાસ કરતા નથી. સરકાર ફેલી લોકોને માટે ઉપરથી તો લોકલાજ દેખાડે છે, પણ મનમાં તેના પ્રત્યે દાઝ રાખે છે. સરકાર નીતિના ઉપર ખુશ રહે છે. કોઈ માણસની પાસે ઘણું ધન હોય, સારાં ખાન-પાન હોય, પણ જો તેમાં લગારેક પણ ફેલ દેખાય તો સરકારને તેવા ધનાઢ્યનો કાંઈ ભાર રહેતો નથી. જેમાં જેટલી નીતિ

રહી હોય છે, તેવા ધનાઢ્યને પણ સરકાર જુએ છે અને જેમાં ફેલ ન રહ્યા હોય તેવા ગુરુ, પંડિત અને બુદ્ધિમાન લોકોને પણ જાણે છે.

આ લોક અને પરલોક, તે બંને સુધરે તેવી નીતિમાં જે લોકો ચાલતા હોય, તેવા પુત્ર, મિત્ર કે શિષ્ય હોય, તોપણ અંગ્રેજ તેમને નીતિનો ઉપદેશ આપે છે. જે લોકો રાત દિવસ મનમાં ઈશ્વરનો ડર રાખે છે, કોઈ સન્માર્ગમાં કે અસન્માર્ગમાં જેટલાં ડગલાં ભરે છે કે મનમાં જેટલા સંકલ્પ કરે છે, તે બધાનું ઈશ્વર બધું જ જાણે છે અને જે જેવા માર્ગે ચાલે છે તેને તેવું ફળ લગારે લગાર આપે છે. આ રીતે માનવીએ કરેલાં કર્મનાં ફળને તે માનવી પામે છે.' આટલું બોલીને અંગ્રેજ સાહેબે કહ્યું કે, તમે સ્વામિનારાયણને વડતાલ બોલાવો. આટલી વાત અમે નક્કી કરીને આવ્યા છીએ, તેમાં રંચમાત્ર ખામી રહી નથી.''

ત્યારે શ્રીહરિએ કહ્યું : ''હરિભક્તોના હિત માટે અતિ પવિત્ર સારું રાજ્ય થયું છે અને હવે કળિયુગ, અધર્મ અને અસુરો, તેનું બળ લેશ માત્ર રહ્યું નથી. અમે યજ્ઞો કર્યા, સંતોની પાસે ઘણું તપ કરાવ્યું અને હરિભક્તોએ ભગવાનનું સુખે ભજન કર્યું. મનમાં આવા સારા રાજ્યનો સંકલ્પ હતો. તો તે સંકલ્પ અત્યારે સફળ થયો છે. બધા અસુરોનો ડર પણ જતો રહ્યો છે. કળિયુગ અને અધર્મનું બળ રહ્યું નથી. સહુને પોતપોતાની હદમાં લાવી દીધા છે. હવે જે હરિભક્તો છે તે સુખેથી ભગવાનનું ભજન કરે. બધા અસુરોનો ડર ચાલ્યો ગયો છે અને અસુર ગુરુઓનો વિનાશ થયો છે. હવે જેટલા સમૈયાઓ છે તે વર્ષોવર્ષ વધારે ને વધારે નિર્વિઘ્નપણે થાશે.'' આટલું બોલીને શ્રીહરિએ તે વખતે સંભારીને દેશો દેશમાં રહેનારા હરિભક્તોના ગામ ઉપર પત્રો લખાવ્યાં.

હરિભક્તોમાં જે મુખ્ય બાઈ ભાઈ હતાં, તેનાં નામ સંભારીને શ્રીહરિએ લખાવ્યાં. જે જે દેશમાં જેટલા ગામોના જે હરિભક્તો રહેતા હતા તે તે ગામ શ્રીહરિએ હરિભક્તોના ઉપર દયા કરીને વ્યક્તિગત પત્ર મોકલ્યા. આ વખતે વડતાલમાં ફૂલદોલનો મોટો ઉત્સવ કરવો છે. આવું શ્રીહરિએ પોતે હરિભક્તોના નામે લખાવ્યું. ઉત્સવનું નામ સાંભળીને જે બધા હરિભક્તો હતા, તે ઘણા ઉત્સાહિત થયા. જે ભગવાન અનંત બ્રહ્માંડના ઈશ્વર છે તેઓ આવા સમૈયા ઉપર આપણને સંભારે છે..! અને ભવબ્રહ્માને પણ જે દુર્લભ છે તેવું સદ્‌ભાગ્ય આપણે માટે સુગમ થયું છે..!

પત્ર વાંચીને હરિભક્તો ઉપર કહ્યા પ્રમાણે પરસ્પર બોલ્યા. તે પત્રને દરેક હરિભક્તોએ પોતાને માથે ચડાવ્યો. કેટલાકે પત્રને છાતીએ ચાંપ્યો. કોઈએ આનંદથી નેત્ર ઉપર દબાવ્યો. સાક્ષાત્ શ્રીહરિ પોતાને ઘેર આવ્યા હોય તેવો આનંદ તેમને પત્ર આવવાથી થયો. હરિભક્તોએ પરસ્પર સાકર વહેંચી. હરખથી ગરબીઓ ગાવા લાગ્યા. વિવાહમાં જેવો ઉત્સાહ હોય તેવો ઉત્સાહ વધારે ને વધારે થવા લાગ્યો. સમૈયા પહેલા પંદર દિવસ અગાઉ પત્ર આવ્યો હતો. જેનાં મનમાં શ્રીહરિની સેવા કરવાનો જેવો પ્રેમભાવ હતો, તે પ્રમાણે લાભ લેવા માટે ગામે ગામના તે હરિભક્તો સેવાનો સામાન ભેળો કરવા લાગ્યા. બીજા તો અનેક પ્રકારના લાભ હોય છે, પણ તે સહુ કરતા શ્રીહરિની સેવા કરવામાં નરનારી હરિભક્તોએ વધારે લાભ દેખ્યો. શ્રીહરિની સેવામાં જેટલું ધન ઉપયોગી થાય તેટલો વધારે લાભ મળે, તેમ સહુ હરિભક્તો માનતા હતા. કોઈ હરિભક્તે સોનેરી વસ્ત્ર તો કોઈએ રૂપેરી વસ્ત્ર અને કોઈ હરિભક્તે સોનાનાં વિવિધ આભૂષણો તૈયાર કર્યાં.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૪૯)

ગઢડામાં બિરાજમાન ભગવાન શ્રીહરિને વડતાલ જવાનો સમય થઈ ગયો હતો. જે કાઠી દરબારો મહારાજ સાથે જવાના હતા તે બધા આવી ગયા હતા. દાદાખાચરના દરબારમાં બધા સભા ભરીને બેસી ગયા હતા. નાજા જાગિયાએ મહારાજની માણકી ઘોડી તૈયાર રાખી હતી. એટલામાં ભગવાન શ્રીહરિ પધાર્યા. ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી વાત કરતાં કહ્યું : ''આવા સમૈયા-ઉત્સવમાં સંતો-હરિભક્તો આવે, તેમનાં સૌનાં દર્શન થાય, એકબીજા સાથે ભળી જવાય, સુહૃદભાવ વધે, મન ઘસાય, સ્વભાવ ઘસાય, ખોટી ટેવો છૂટી જાય. આ બધું અન્ય સાધન કરતાં કોઈ દિવસ ટળે નહીં. આવા દિવ્ય સત્સંગનું આ ફળ છે.'' આટલી વાત કરીને મહારાજ ઊભા થયા.

પછી મહારાજે લાધા ઠક્કરને બોલાવીને કહ્યું : ''રામદાસ સ્વામી ચરોતરમાં છે તેમને કાગળ લખજો કે ફૂલદોલના ઉત્સવમાં પાંચ દિવસ વહેલા અમે વડતાલ પહોંચી જઈશું. હુતાશનીને દિવસે પહેલા ક્યારેય કર્યો ન હોય તેવો મોટો રંગોત્સવ કરવો છે. માટે વીસ-પચ્ચીસ ગાડાં ભરી કેસૂડાનાં ફૂલ મંગાવજો. મોડું કરશો નહીં. અને ખાખરાનાં ઝાડ હોય ત્યાં પત્ર લખજો. ઘોડાસરથી ઠાસરા સુધીમાં કેસૂડા થાય છે, તે મંગાવજો અને દસ ગાડાં ગુલાલ સંભારીને મંગાવજો. પિચકારીઓ બનાવવાને માટે નવા સુંદર વાંસના પાંચ ગાડાં મંગાવજો અને વધારે જોઈશે તો અમે પછી મંગાવશું. જ્યાં જ્યાં જે જે સંતનાં મંડળ રહ્યાં હોય, તેમને પત્ર લખીને તત્કાળ બધાને વડતાલ બોલાવજો. બીમાર અને વૃદ્ધ, બધા જ સંતો આવે. આ વખતે અદ્‌ભુત ઉત્સવ થશે..!

દ્વારકા, કચ્છ, મારવાડ વગરે દેશોમાં પણ પત્ર લખ્યા છે. કોઈ સંદેહ રાખ્યો નથી. ગ્વાલિયર પત્ર લખીને મોકલ્યો છે. નિમાડ

અને ખાનદેશમાં પણ અમે પત્ર લખ્યા છે. સુરતથી આગળ મુંબઈ સુધી, ઉના અને દીવ સુધી તથા માંગરોળ બંદર સુધી અમે પત્ર લખ્યા છે. ઉપર લખેલા દેશોની વચ્ચેના જેટલા પ્રદેશો છે, તે બધી જગ્યાએ અમે સંભારીને પત્ર લખ્યા છે. અનેક મનુષ્યોનો મોક્ષ કરવાને માટે અમે મનમાં ધાર્યું છે. અને એટલા માટે જ ઉત્સવ કરીએ છીએ. હર કોઈ પ્રકારે અમને યાદ કરશે તો તેનો ઉદ્ધાર થશે. આવું ઉત્સવનું શ્રેષ્ઠ ફળ છે.''

આ પ્રમાણે લાધા ઠક્કરને વાત કરી સૂચના આપી પોતે માણકી ઘોડી ઉપર બિરાજમાન થયા. કાઠી ભક્તો પણ પોતપોતાના અશ્વ ઉપર બેસી ગયા. સૌ રાહ જોઈ રહ્યા હતા, માણકી ઊપડે એટલે પાછળ નીકળીએ. ભગવાન શ્રીહરિએ ફૂલદોલોત્સવ વડતાલમાં ઊજવવાનું નક્કી કર્યું. તેથી મહારાજ સહુ અસવારો સાથે વડતાલ જવા તૈયાર થયા.

## ● માણકીએ ચડ્યા રે મોહન વનમાળી :

ભગવાન શ્રીહરિ માણકી ઉપર અસવાર થયા, લગામ પકડી ચોકડું ખેંચ્યું, પરંતુ માણકી સ્થિર થઈ ઊભી હતી ! મહારાજને થયું: ''કેમ માણકી આજે ડગ ભરતી નથી ! રોજ ઈશારામાં સમજી જાય છે અને આજે એને શું થયું ? કેમ હઠ પકડી ?''

ભગવાન શ્રીહરિએ ફરી ચોકડું ખેંચ્યું. જોરથી પેટમાં પેંગડું ભરાવ્યું. નાજા જોગિયા પણ તેના ઘોડા ઉપરથી ઊતરી માણકી પાસે આવ્યા. તેની પીઠ થાબડી છતાં માણકી અચળ હતી ! સૌ જોઈ રહ્યા. મહારાજની આજ્ઞામાં સદા વર્તનારી, મહારાજની મરજીને જાણનારી માણકીને આજે આ શું થયું ? નાજા જોગિયાએ હાથમાં લગામ લઈ, આગળ જઈ, માણકીને દોરવાનો પ્રયત્ન કર્યો, પણ માણકી તો સ્થિર જ હતી. જાણે તેના ડાબલા ધરતીમાં ચોંટી ન ગયા હોય ! મહારાજ વિચારમાં પડી ગયા.

પછી ભગવાન શ્રીહરિ સમજી ગયા કે, અહીંથી પરિયાણ નથી કરતી તેનું કારણ અમારા કરતાં તેને સંદેશો વહેલો પહોંચી ગયો છે. પછી નીચે ઊતરીને મહારાજ સીધા લાડુબા, જીવુબા પાસે ગયા. બધી બાઈઓ આથમણા બારના ઓરડાની જેર ઉપર ઊભી હતી. મહારાજ ઓશરી ઉપર ચઢી ગયા. મહારાજે લાડુબા તથા જીવુબાને હાથ જોડ્યા. પછી કહ્યું :

''તમારી મરજી આ માણકી જાણી ગઈ છે. અમે વડતાલ જઈએ છીએ. તમને છેવટનું મળાયું નથી, રજા લીધી નથી તેથી માણકી અમને જવા દેતી નથી. તમે તેને વૃત્તિથી બાંધી લીધી છે. અમને તેણે હઠથી રોકી લીધા છે. માટે હવે રાજી થઈ રજા આપો તો વડતાલ જઈએ. ત્યાં મોટો રંગોત્સવ કરવો છે, હજારો હરિભક્તો આવશે, માટે રાજીથી રજા આપો !''

લાડુબા-જીવુબા તથા બધી સ્ત્રીઓ ભગવાન શ્રીહરિના શબ્દો સાંભળી હસવા લાગી. જીવુબાએ મહારાજને પગે લાગીને કહ્યું : ''પ્રભુ ! પધારો, પણ પાછા વહેલા ગઢપુર આવી જજો. રામનવમી પણ હવે દૂર નથી. આપનો પ્રાગટ્યોત્સવ અમારે અહીં ઊજવવાનો છે. માણકી તો અમારી બેન છે, એટલે તેને તો અમારો જ પક્ષ લીધો. આપ તો નમેરા થઈને ચાલ્યા જતા હતા, પણ હવે સિધાવો.''

લાડુબા-જીવુબાની આ બહેનપણીએ આજ માણીગર શ્રીહરિને મૂંઝવી દીધાં. છેવટે બંને બહેનોને મહારાજે કહ્યું : ''અમે વડતાલ રામનવમી કરીને વહેલાં વહેલાં પાછા આવીશું. માણકીને મનાવો. હવે રાજી થઈને અમને રજા આપો.''

બંને બહેનોએ ભગવાન શ્રીહરિને હાથ જોડ્યા અને માણકીને ઈશારો જ ફક્ત કર્યો કે તરત જ એ મહારાજને લઈ વડતાલ જવા સંચરી ! સંચરી તે કેવી ! ઝટ આવે વડતાલ ! આ વખતે પ્રેમાનંદ સ્વામી પણ ગઢપુરમાં ત્યાં જ ઊભા હતા. આ પ્રસંગના પ્રત્યક્ષ સાક્ષી એવા પ્રેમાનંદ સ્વામીએ તરત જ આ લીલાપ્રસંગનું કીર્તનપદ રચીને સર્વની હાજરીમાં ગાવા માંડ્યું :

**માણકીનો વેગ દેખ્યો સુણ્યો કોઈ, આકાશેથી તારો ખર્યો જાણ્યું જોઈ;**
**ગરુડ લાજ લોપી માણકીએ સોઈ, માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી.**

ભગવાન શ્રીહરિ વડતાલ જવા સંચર્યા એ વખતના સાક્ષી સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણી' ગ્રંથમાં માણકી ઘોડીનું તાદૃશ વર્ણન કર્યું છે :

**આપે અશ્વે થયા અસવાર, સંગે સખા હજારો હજાર; તે પણ તોરંગે થયા તૈયાર, શોભે અશ્વ અતિશે અપાર.**
**મેલા મજિઠા નીલા નવરંગ, રાતા માતા જે તાતા તોરંગ; હરડા હાંસલા રોઝા રૂપાળા, આકળા ઉતાવળા બાવળા.**
**વળી ઘોડી ઘણી જાતવંતિ, એક એકથી ઓપે છે અતિ; હર્ણી માણકવર્ણી વીજળી, કપિ ક્યાડી કેશર વાંગળી.**
**લખી લક્ષમી લાડકી લાલ, બેરી બોદલી ચાંદલી ઉતાલ; મલી માછલી રેડી રૂપાળી, પંખાળી સોઝવાળી શિંગાળી.**
**તિખી તાજણ્યું જવાદ્યું જાણો, ફૂલમાળ પટુઈ પ્રમાણો; છબીલી ને છોગાળી એ આદિ, ઘણી ઘોડી રૂડી રાયજાદિ.**
**કર્યા કાઠીએ સજજ કેકાણ, માંડિયાં શંખલાદિ પલાણ; ચડ્યા માણકીએ મહારાજ, તેણે માંડ્યો છે સોનેરી સાજ.**
**ચાલી ઘોડાતણી ઘણી ઘટ, શ્યામ સંગે છે સખા સુભટ; આવે વાટમાંહી ગામ ઘણાં, કરે દર્શન જન હરિતણાં.**

**કોઈ કહે રહો ઈયાં રાજ, કોઈ કહે જમી ચાલો મહારાજ; કોઈ કહે રહો ઘડીવાર, અમે ચાલવા છીએ તૈયાર.**
**એમ આવી આડાં જન ફરે, તેને અલબેલો ઉત્તર કરે; કહે કેડ્યેથી આવજ્યો તમે, છીએ આજ ઉતાવળા અમે.**
**એમ કહીને ધ્રોડવી ઘોડી, માણ્યકવર્ણી જે માણકી રૂડી; જાણ્યું છૂટ્યો, કમાનથી તીર, ખર્યો તારો અંબરે અચિર.**
**જાણ્યું પાંખે ઉડ્યો પન્નગારિ, વેગ તોપ ગોળા થકી ભારી; સખા સહુ રહ્યા સામું જોઈ, સંગે પહોંચી શક્યા નહિ કોઈ.**
**પછી કેડ્યેથી કીધો છે ધ્રોડ, જોરે હાંકે ઘોડા જોડાજોડ; ફરકે છોગાં માથે મોટી પાગે, કરે અમર પંખા એવું લાગે.**
**અતિ પરસેવે પલળ્યાં અંગ, ઘણે શ્વાસે ભરાણા તોરંગ; ત્યારે પો'તા છે પ્રભુજી પાસ, આંબાતળે દીઠા અવિનાશ.**
**એક કરે ગ્રહી કેશવાળી, બીજે કરે ગ્રહી આંબા ડાળી; સામું જોઈને હરિ હસિયા, કહે કેડ્યે કેમ રહી ગિયા.**
**ત્યારે બોલ્યા સખા કરજોડી, નાથ અમે થાક્યા ધ્રોડી ધ્રોડી; પણ કોઈથી પહોંચાણું નહિ, તેહ સારું કેડ્યે ગયા રહી.**
**આવું ધોડશો જો તમે નાથ, તો અમે પહોંચી શકીએ ન સાથ; એમ કહીને જોડિયા પાણ, પછી સંગે ચાલિયા સુજાણ.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૯/૨-૧૭)

ભગવાન શ્રીહરિ માણકી પાસે આવ્યા. માણકીની પીઠ ઠબકારી. માણકી હણહણી. મહારાજે સવારી કરી, ચોકડું પકડ્યું અને માણકી ઊછળી. મહારાજે તેની પીઠ થાબડી અને શાંત કરી. સૌ આ આશ્ચર્ય જોઈ રહ્યા. સૌને લાગ્યું કે પશુને પણ આવા ભારે સંસ્કાર હોય છે ! પરંતુ આ પશુ ક્યાં હતી ? એ તો અક્ષરધામના મુક્ત ભગવાન શ્રીહરિની આ સ્વરૂપે સેવા કરવા આવ્યાં હતાં.

ગઢપુરથી નીકળી ભગવાન શ્રીહરિ બોટાદ પધાર્યા. અહીં હમીરખાચરને ત્યાં ઉતારો કર્યો. મહારાજે હમીરખાચરને કહ્યું : "વડતાલમાં રંગોત્સવ મોટો થશે. આખા દેશમાંથી હરિભક્તોના સંઘ આવશે, તો તમારે પણ અમારી ભેગા ચાલવાનું છે."

હમીરખાચરે તરત જ હાથ જોડી કહ્યું : "ભલે મહારાજ ! આપની આજ્ઞા છે તો હું તૈયાર જ છું."

બીજે દિવસે બોટાદથી ભગવાન શ્રીહરિ નીકળી ગયા. ભાલપ્રદેશમાંથી પણ હરિભક્તોના સંઘ સાથે લીધા. બે-ત્રણ દિવસે વસો પહોંચ્યા. અહીં વિપ્ર વાલા ધ્રુવ તથા દાદાભાઈ દવે, વાલજીભાઈ તેમજ પાટીદાર હરિભક્તો સેવામાં જોડાઈ ગયા. જમનાબાઈએ મહારાજ માટે થાળ તૈયાર કર્યો. અવલબાએ કાઠી ભક્તો માટે રસોઈ કરી. મહારાજ થાળ જમ્યા. પછી ભક્તોને પીરસવા પધાર્યા. વસોમાં પ્રેમીભક્તોને સેવાનું સુખ આપી ચાંગા થઈને મહારાજ સંજાયા પધાર્યા.

વડતાલમાં હરિભક્તોને સમાચાર મળી ગયા કે મહારાજ સંજાયા પધાર્યા છે તેથી વડતાલથી ત્યાંના મુખ્ય હરિભક્તો મહારાજનું સામૈયું કરવા સંજાયા આવ્યા. મહારાજના દર્શન કર્યાં. મહારાજે રંગોત્સવ કરવાનો લાભ આપવાનું નક્કી કર્યું તેથી તેમના મુખ ઉપર કૃતકૃત્યતાના ભાવ દેખાતા હતા. મહારાજે સૌને 'કેવી તૈયારીઓ કરી છે, કેટલા હરિભક્તો આવ્યા છે' - તે બધું પૂછી લીધું.

સંજાયાથી ભગવાન શ્રીહરિ સંઘ સહિત વાજતે-ગાજતે નીકળ્યા. મહારાજની સાથે બોટાદથી જ હરિભક્તોના સંઘ જોડાતા ગયા હતા. ભાલમાંથી, દંઢાવ્યથી તેમજ અમદાવાદની આજુબાજુના ભક્તો પણ જોડાયા હતા. ચરોતરમાંથી ટોળેટોળાં ઊમટ્યાં હતાં. મહારાજ સંજાયા પધાર્યા ત્યારે તો જાણે માનવમહેરામણ ઊમટ્યો હોય એવું સૌને લાગ્યું. સૌનાં હૈયાંમાં હર્ષ સમાતો ન હતો. સૌ કહેતા હતા કે 'આ વખતનો ઉત્સવ અલૌકિક થશે, સાંભળ્યું છે કે નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાનો હિંડોળો તૈયાર કર્યો છે. મહારાજ તે ઉપર ઝૂલશે, સૌને રંગથી રંગશે, સૌના અંતરમાં ભક્તિના રંગ પાંગરશે.'

આવી અનેક વાતોથી, આ ઉત્સવના આનંદથી ભક્તોનાં હૈયાં સભર બની ગયાં હતાં. ફક્ત અકળામણ એ વાતની હતી કે આ દિવ્ય દર્શન જલદી થતાં ન હતાં. તેમને લાગતું કે કાળ ધીમી ગતિએ ચાલે છે.

ભગવાન શ્રીહરિ વડતાલ પહોંચ્યા. જેમની રાહ જોવાતી, જેમની ઝંખના થતી, જેમનાં દર્શનમાત્રથી અંતરમાં સ્પંદન થતું તે પોતાના ઈષ્ટદેવ પધાર્યા. મનુષ્ય સ્વરૂપે હતા છતાં સર્વાંગ દિવ્ય હતા. ભક્તોનાં ઈન્દ્રિયો, અંતઃકરણને પોતાના સ્વરૂપમાં ખેંચી લેતા, નેણકટાક્ષથી હૈયાં વીંધી નાખતા, સ્પર્શથી શાંતિનો અનુભવ કરાવી દેતા, શબ્દથી જ્ઞાન આપી અજ્ઞાન હઠાવી દેતા. આ સ્વરૂપમાં બધું જ હતું જે બીજે ક્યાંય ન હતું ! ભક્તો આનંદના હિલોળે ચઢ્યા હતા. ભગવાન શ્રીહરિ તેમની ભક્તિ જોઈ સ્થિર થઈ ગયા હતા. માણકી એક તસુ પણ ચાલી શકતી ન હતી એવી ભક્તોની ભીડ હતી. મહારાજની સૌએ જય બોલાવી. મહારાજ માણકી ઉપરથી ઊતરી ગયા. નાજા જોગિયા માણકીને આ ટોળામાંથી દોરીને લઈ ગયા.

ભગવાન શ્રીહરિ ધીરે ધીરે ગામમાં પધાર્યા. ઉતારાની તમામ વ્યવસ્થા વડતાલના ભક્તોએ કરી રાખી હતી, પણ કોને ક્યાં ઉતારવા તે મહારાજની આજ્ઞા પ્રમાણે કરવાનું હતું. મહારાજે કહ્યું : "અમે વાસણ સુથારને ત્યાં ઊતરીશું. કાઠી ભક્તો નારાયણગિરિના મઠમાં ઊતરશે અને સંતો જ્ઞાનબાગમાં આંબા હેઠળ ઊતરશે. મોટેરા હરિભક્તો ગામના પાટીદાર ભક્તોને ત્યાં ઊતરશે, હરિભક્તોના

સંઘ ખેતરોમાં તંબૂ ઊભા કર્યા છે ત્યાં ઊતરશે.'' એક જ ક્ષણમાં મહારાજે બધી જ વ્યવસ્થા કરી દીધી. તે પ્રમાણે સૌ પોતાના સ્થાને રવાના થવા લાગ્યા. મહારાજ પાસે ભીડો ઓછો થઈ ગયો.

ભગવાન શ્રીહરિ ઉતારામાં પધાર્યા. એટલામાં ગંગામાએ થાળ તૈયાર કરી દીધો હતો તે બ્રહ્મચારી લાવ્યા. બાજોઠ ઉપર થાળ મૂક્યો. મહારાજ હાથ-પગ ધોઈ જમવા બિરાજમાન થયા. સૌ ભક્તો મહારાજની સન્મુખ બેસી દર્શન કરવા લાગ્યા. મહારાજે તેમને સંતો તથા હરિભક્તો માટે રસોઈની વ્યવસ્થાનું પૂછ્યું. જમી રહ્યા પછી ચળું કરી આરામમાં પધાર્યા.

## • રંગોત્સવની ભવ્ય તૈયારીઓ :

**પીચકારી આણેલી અપાર, તેનો દેખાડ્યો એક અંબાર; ગંજ દેખાડ્યા અબિર ગુલાલ, દેખી રીઝિયા દીનદયાળ.**
**પછી ચોથો પ્રહર થયો જ્યારે, જ્ઞાનબાગે ગયા હરિ ત્યારે; જગ્યા જોઈ કહે સુખકારી, રંગ રમવાની જગ્યા છે સારી.**
**હરિએ નિરખ્યા હોજ બેય, અહો ભૂપ તે અદ્યાપિ છેય; હોજ જોઈ કહે હરિરાય, વાહ સારી રચી છે શોભાય.**

(શ્રીહરિલીલામૃત : ૭/૫૮/૧૮-૧૯-૨૦)

બપોરે ભગવાન શ્રીહરિ જાગ્યા. મુખપ્રક્ષાલન કરી જળ ધરાવ્યું. એટલામાં વડતાલ ગામના મુખ્ય મુખ્ય હરિભક્તો આવ્યા. તેમની સાથે મહારાજ ઉત્સવની તૈયારી જોવા પધાર્યા. એક આખો ઓરડો પિચકારીઓથી ભર્યો હતો. અબીલ અને ગુલાલના ગંજના ગંજ ખડકેલા હતા તે જોયા. કેસર, કેસૂડાના રંગના હોજ જોયા. ગુલાબના ફૂલના પણ મોટા ઢગલાઓ જોયા. મહારાજ રાજી થઈ ગયા. બધું જ પોતાની આજ્ઞાનુસાર તૈયાર હતું. હાલ જે જ્ઞાનબાગ છે ત્યાં મહારાજ પધાર્યા. અહીં આંબાની નીચે બિરાજમાન થયા અને કહ્યું : ''રંગોત્સવ માટે આ જગ્યા ઉત્તમ છે.'' રંગોત્સવનો બધો જ સામાન જ્ઞાનબાગમાં જમા કરવાની આજ્ઞા કરી.

વડતાલની આજુબાજુ ડેરા, તંબુ ખોડાઈ ગયા હતા. હરિભક્તોના ટોળેટોળાં આવ્યે જતાં હતાં. વડતાલ ગામ કે સીમમાં ઊભા રહેવાની પણ જગ્યા ન હતી. બહારગામથી વેપારીઓ આ પ્રસંગનો લાભ લેવા વેપાર કરી કમાવા માટે આવી ગયા હતા. વણિક કોમના વેપારી નાણામાં બંધાય પરંતુ નાણાં મેળવવા કોઈ સ્થળે બંધાય નહીં. તેને માટે ઘર છોડે, દેશ-પરદેશ ખેડે પણ જ્યાં નાણું મળતું હોય ત્યાં જાય. નાણું મેળવવા માટે ચળ થયેલી તેમની વૃત્તિ નાણું મળે એટલે તેમાં અચળ થઈ જાય.

જ્ઞાનબાગમાં ભગવાન શ્રીહરિએ આંબા નીચે સભાસ્થાન નક્કી કર્યું. થોડે દૂર એક બાવળનું ઝાડ હતું, તે ઉપર નોબત ગોઠવી. મહારાજ જ્યારે સભામાં પધારે, ત્યારે ચિદાનંદ સ્વામી જોરથી એ નોબત વગાડે, તેથી સંઘમાં સહુને જાણ થાય કે મહારાજ સભામાં પધાર્યા છે. સંઘના ભક્તો નોબતનો અવાજ સાંભળી સભામાં આવી જાય. છેલ્લે દિવસે મહારાજનું પૂજન કરી પોતે જે ભેટ લાવ્યા હોય તે મહારાજને ધરાવી દેતા. જ્ઞાનબાગની વિશાળ જગ્યામાં જુદી જુદી વેશભૂષાવાળા, જુદી જુદી ભાષા બોલતા હરિભક્તોના સંઘ જોઈ ભગવાન શ્રીહરિ પ્રસન્ન થયા. મહારાજે કહ્યું : ''સંતોએ સારો દાખડો કર્યો એટલે દેશ-પરદેશમાં સારો સત્સંગ થયો છે. આવો ઉત્સાહ સંતોને કાયમ રહે તો આખા બ્રહ્માંડમાં સત્સંગ પ્રસરી જાય.''

હુતાશની આવતા સુધી ભગવાન શ્રીહરિ જુદાં જુદાં સ્થાને સવાર-સાંજ સભા કરતા. વાસણ સુથારના ઘરની સામે વિશાળ ચોગાનમાં, ગોમતી સરોવરને કાંઠે, આંબાવાડિયામાં એમ જુદી જુદી દિશામાં મહારાજ સભા કરતા.હરિભક્તોના સંઘ જેમ જેમ આવતા હતા, તેમ તેમ ભગવાન શ્રીહરિની પૂજા કરી લેતા. છેલ્લે દિવસે ભીડામાં લાભ નહીં મળે તેઓ જાણતા હતા. હરિભક્તોનાં તમામ વૃંદ આવી ગયાં અને ફૂલદોલનો ઉત્સવ પણ આવી ગયો.

## • ભગવાન શ્રીહરિએ રંગોત્સવ ઉજવ્યો :

અમદાવાદના હરિભક્તો કેસરિયાં વસ્ત્રો લાવ્યા હતા તે હુતાશનીને દિવસે તેમણે ભગવાન શ્રીહરિને ધરાવ્યાં. દામોદર ભક્તે કપૂરના હાર, કડાં તોરા વગેરે ધરાવ્યાં. કેટલાક હરિભક્તો ખાંડના હાર પણ લાવ્યા હતા. શ્રીહરિને તે પહેરાવતા અને શ્રીહરિ તરત જ તે કાઠી હરિભક્તોને પાછા આપી દેતા. જે જે દેશના જે જે હરિભક્તો આવ્યા હતા તેઓ તેમના દેશની ઉત્તમ વસ્તુઓ લાવ્યા હતા. તે તેમણે ભગવાન શ્રીહરિને ધરાવી. સભા વ્યવસ્થતા એવી સુંદર હતી કે જે જે દેશના જે હરિભક્તો આવ્યા હતા તે તેમને માટે નિયત કરેલી જગ્યામાં જ બેસે. તેમનામાંથી એક મોટેરા આવી મહારાજનું પૂજન કરે અને ભેટ ધરાવે, તેથી કોઈ પ્રકારનો કોલાહલ કે ધાંધલ-ધમાલ થતાં નહીં. સૌને મહારાજનું પૂજન કર્યાનો સંતોષ થતો.

મુંબઈથી આવેલા ભાવસાર ખેંગારભાઈ તથા ચાંપસીભાઈ તથા રૂડા સુથાર થોકબંધ ગુલાલ લાવ્યા હતા. તે તેમણે ગુલાલના ગંજમાં નાખી દીધા.

અમદાવાદના પાટીદાર હરિભક્ત ગંગાદાસ દૂધમાં બનાવેલી મેંદાની સેવો લાવ્યા હતા. તેમની રસોઈ ફૂલદોલના દિવસે રાખી હતી. રસોઈ તૈયાર થઈ એટલે મહારાજને તેડવા બ્રહ્મચારી આવ્યા. મહારાજે સંતોને કહ્યું : "તમે અહીં હોરીના ઉત્સવના પદોનું ગાન કરજો, અમે હમણાં આવીએ છીએ."

મહારાજ થાળ જમવા પધાર્યા અને સંતોએ હોરીના પદો શરૂ કર્યાં.

જ્ઞાનબાગમાં આજે જ્યાં છત્રી બનાવી છે તેની અગ્નિ દિશામાં આંબાના બે વૃક્ષ હતા. ચતુર્મુખી બ્રહ્માએ ચતુરાઈથી રચ્યાં હતાં. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાંનો સુંદર હિંડોળો તૈયાર કર્યો હતો તે આંબા નીચે બાંધ્યો હતો. હિંડોળાના મધ્યે ઘુમ્મટ હતો. તેના ઉપર સુવર્ણ કળશ ગોઠવ્યો હતો. ઘુમ્મટનાં છજાંઓ સુવર્ણતારનાં વસ્ત્રોથી બનાવેલી સુંદર ઝાલરથી શોભતા હતાં. હિંડોળાની નીચે પણ સુવર્ણની ઘૂઘરીઓ બાંધી હતી. આજુબાજુ કલાત્મક કોતરણીથી હિંડોળો સુંદર શોભતો હતો. બાર બારણા ને રૂડી કમાનથી રચેલો. સુવર્ણ ફૂદડી જડેલ હતો. તેમાં કનકના લીંબુ લટકાવ્યાં હતાં. હેમના કળશ ચડાવ્યા હતા. સૂરજ જેવો ઝળહળાટ જોઈ વિબુધોના વિમાનો પણ તેની પાસે ઝંખવાણા બને. હિંડોળાની કારીગરી નિરખી વિશ્વકર્મા વિસ્મિત થયા. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તેમનું અંતર આ હિંડોળોમાં જડી દીધું હતું. પ્રેમલક્ષણા ભક્તિની મૂર્તિ સમો હિંડોળો શોભતો હતો.

થોડીવારમાં ભગવાન શ્રીહરિ જમીને સભામાં પધાર્યા. મુક્તાનંદ સ્વામી મહારાજને હિંડોળા પાસે લઈ ગયા. હિંડોળાની શોભા જોઈ મહારાજ પણ સ્થિર થઈ ગયા. મહારાજે મુક્તાનંદ સ્વામી સામું જોયું. પછી હસતાં હસતાં પૂછ્યું : "સ્વામી ! વૈરાગ્યના સ્વરૂપમાંથી આવો પ્રેમ કેવી રીતે પાંગર્યો ?"

નિષ્કુળાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપનું સ્વરૂપ સર્વ રસથી ભરપૂર છે, તેથી અમારામાં કદાચ એકાદ રસ હોય ! પરંતુ આપના સ્વરૂપને યાદ કરીએ છીએ એટલે પ્રેમના, ભક્તિના, વૈરાગ્યના, જ્ઞાનના બધા જ ભાવ ઊપજે છે. આપની મૂર્તિનો આવો પ્રતાપ છે."

ભગવાન શ્રીહરિ આ સાંભળી પ્રસન્ન થયા. મહારાજને થયું કે - મારા ભક્તોમાં મારા મહિમાનું અને કર્તાપણું અખંડ જાણપણું છે તેથી તેમની પોતાની ક્રિયાશક્તિ કે જ્ઞાનશક્તિનું અહમ્ રહેતું નથી. જે તપ અને યોગથી સિદ્ધ થતું નથી, તે પ્રગટ ભગવાનની ભક્તિથી સહજમાં સિદ્ધ થઈ જાય છે !

ભગવાન શ્રીહરિ હિંડોળામાં બિરાજમાન થયા. સર્વત્ર જયનાદના ઘોષ થવા લાગ્યા. હરિભક્તોના હર્ષનો પાર ન રહ્યો. તેમની ઊર્મિઓ તેમના દેહમાં ઉછાળા મારી રહી. સૌ જ્યાં બેઠા હતા, ત્યાં આ દિવ્ય આનંદના ઉન્માદમાં ડોલવા લાગ્યા. નિષ્કુળાનંદ સ્વામીની પ્રાર્થનાથી પરાત્પર પ્રભુ હિંડોળા સમીપ આવ્યા. રચના જોઈ રાજી થયા. અનેક ભક્તો ભેટ ધરવા આવ્યા. સુરતના જનો જરિયાની પોશાક લાવ્યા. જામો ને સુરવાર ધરાવ્યા. ધર્મપુરમાં ધાર્યો હતો તે મુગટ ધારણ કર્યો.

વડોદરા ને અમદાવાદના હરિભક્તો કડાં, વેઢ, વીંટી, બાજુબંધ વગેરે લાવ્યા. ખભા પર શેલું ધારણ કરાવ્યું. કેડે રૂડો રેટો બંધાવ્યો. મોતીનો હૈયે હાર ધરાવ્યો. સોનાના તારથી ગૂંથેલ છડી હરિના હાથમાં અર્પણ કરી. બીજા હાથમાં રૂપાળી મોરલી ધરાવી. મહાપ્રભુનું બારે બારણામાં સ્વરૂપ પ્રકાશવા લાગ્યું.

ભગવાન શ્રીહરિના કપાળમાં કેસર મિશ્રિત ચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલક હતું, મધ્યે કુંકુમનો ચાંદલો હતો. તે ઉપર મુક્તાનંદ સ્વામીએ કુંકુમનો ચાંદલો કર્યો. કપાળમાં ચંદનની આડ્ય કરી, પ્રેમવિભોર થઈ હડપચી ઉપર અને બંને ગાલ ઉપર પણ કુંકુમના ચાંદલા કર્યા. શ્રીહરિનું શોભાયમાન મુખારવિંદ મુક્તાનંદ સ્વામીના આ ભાવથી વધુ શોભવા લાગ્યા. કેસરિયા વસ્ત્ર ઉપર પીળો મુગટ શોભતો હતો. ગુલાબના તથા કેસૂડાના હારથી શ્રીહરિનો કંઠ ભરાઈ ગયો હતો. કેટલાક ભક્તો તો દૂરથી હાર ફેંકતા તેથી હિંડોળો પણ હારથી ભરાઈ ગયો હતો. શ્રીહરિના સ્વરૂપની શોભા નીરખતા ભક્તજન ચિત્રવત્ બની ગયા હતા !

સંતોએ શ્રીહરિને ઝુલાવતા હોરીનાં પદો શરૂ કર્યાં. ઝાંઝ, પખવાજ, દૂક્કડ અને સરોદના સૂરમાં સંગીત જામ્યું. સંતોના પલટાતા તાન અને આલાપમાં જુદાં-જુદાં રાગ અને રાગિણીઓ આકાર લેતી હતી. શ્રીહરિ પણ એ પ્રકારના ભાવમાં ઝૂલતા હતા. આ દિવ્ય આનંદમાં સમયનું ભાન રહ્યું નહીં. પણ એકાએક શ્રીહરિએ હિંડોળો થંભાવ્યો. ત્યાં તો 'વાસુદેવ હરે'નો સાદ સંભળાયો. શ્રીહરિએ કહ્યું : "સૌ ઊઠો, જમવાનો સમય થઈ ગયો છે. પછી રંગોત્સવ પણ કરવો છે અને રાત્રે ફરી હિંડોળાનાં પદોનું સંગીત માણવું છે."

સૌ ઊઠ્યા. પોતાના ખોવાઈ ગયેલા સ્વરૂપને પાછા લાવવા મનની વૃત્તિ સતેજ કરી. થોડીવારમાં સૌ સ્વસ્થ થઈ ગયા !

આજે તો રંગોળીઓ પૂરી હતી, અગરબત્તીની શોભા કરી હતી, પડિયા, પત્રાવળાં પણ ગોઠવી દીધાં હતાં.

સંતો સૌ પંક્તિમાં બેસી ગયા. સ્વામિનારાયણની ધૂન્યનો નાદ ગાજવા લાગ્યો. એટલામાં નાનાભાઈ વિપ્ર સેવો લાવ્યા. પાછળ

શ્રીહરિ ખાંડનું બૂરું લઈને આવ્યા અને મુકુંદવર્ણી ઘીની તાંબડી લઈને આવ્યા. સેવો ઉપર મહારાજ પોશે પોશે બૂરું પીરસતા હતા, મુકુંદવર્ણી તાંબડીની ધારે ઘી પીરસતા હતા. બધી જ વાનગી પીરસી લીધી. પછી સંતો બધું ભેળું કરી, પાણી નાંખી તેમના નિયમ પ્રમાણે જમવા લાગ્યા. શ્રીહરિ સંતોની પંક્તિમાં પીરસતાં પીરસતાં વાતો કરતા જતા હતા : "નિયમમાં વર્તે તો મોક્ષ થાય. ત્યાગીને ત્યાગીના નિયમ અને ગૃહસ્થને ગૃહસ્થના નિયમ. નિયમ એ વાડ છે. જે વૈરાગ્યથી નથી થતું તે નિયમથી થાય છે."

સૌ જમી રહ્યા. એટલામાં શ્રીહરિ પણ થોડો આરામ કરી ઊઠી ગયા. શ્રીહરિએ પાર્ષદોને અગાઉથી સૂચના આપી દીધી હતી. આ રંગોત્સવમાં પ્રેમી ભક્તો ગાંડા થઈ જશે, કોઈ પ્રકારનો નિયમ રહેશે નહીં, સૌને અમારી સાથે રંગે રમવાનું તાન રહેશે, માટે તમારે અમારી આજુબાજુ ગઢની જેમ ઊભા રહેવું. પિચકારી કે ગુલાલ બેહદ ઉડાડે ત્યારે ઢાલોથી અમારું રક્ષણ કરવું.

શ્રીહરિની સૂચના અનુસાર શ્રીહરિના અંગરક્ષક પાર્ષદો સજ્જ થઈ ગયા !

પાર્ષદોથી વીંટળાયેલા શ્રીહરિ જ્ઞાનબાગમાં પધાર્યા. જયઘોષ થયો અને રંગની રેલમછેલ થઈ. રંગ માટે બે હોજ બનાવ્યા હતા તેમાં કૂવામાંથી નીક દ્વારા પાણી લાવ્યા. તેમાં રંગ નાખ્યો. મહારાજે પોતાનાં બંને ચરણારવિંદ તેમાં બોળ્યાં અને રંગ પ્રસાદીનો કરી દીધો. પછી તો પિચકારીઓ છૂટી. આકાશ અને ધરતી લાલ બની ગયાં. તેમાં પીળા વર્ણના વસ્ત્રધારી ધર્મકુમાર શ્રીહરિ હાથમાં સુવર્ણની પિચકારી લઈ ઘડીક સંતોના વૃંદમાં તો ઘડીક હરિભક્તો સાથે સુવર્ણમૃગની ચપળતા સમ હોળી ખેલતા શોભતા હતા. શરણાઈઓ અને બૂંગિયા ઢોલના ઘોષથી વાતાવરણ વીરરસથી સભર બની ગયું. પાર્ષદો શ્રીહરિની આજુબાજુ કિલ્લેબંધી કરી સાથે ને સાથે જ ફરતા હતા. અક્ષરધામના દિવ્ય આનંદનો અનુભવ શ્રીહરિએ સૌને કરાવ્યો. દિવ્ય આનંદના ઉન્માદમાં સૌ ભાન ભૂલી ગયા ! અંતરીક્ષમાં દેવો આ ભાન ભૂલેલા ભક્તોના દિવ્ય ઉન્માદના, શ્રીહરિની દિવ્ય લીલા-ચરિત્રનાં દર્શન કરવા આવી ગયા. તેમણે પણ કેસર અને ચંદનનો છંટકાવ કર્યો. વાતાવરણમાં માદક સુગંધી પ્રસરી રહી.

એકાએક શ્રીહરિએ જોરથી તાળી પાડી, ઘોષ કર્યો અને રમત સ્થંભી.

ત્યારબાદ શ્રીહરિ સાથે સૌ ધના તલાવડીમાં નહાયા. નાહીને શ્રીહરિ વાસણ સુથારના ઘેર પધાર્યા. અહીં બ્રહ્મચારીએ થાળ તૈયાર રાખ્યો હતો. શ્રીહરિ અલ્પ જમ્યા. અને પ્રસાદી વાસણ સુથાર તથા જોબન પગી, રણછોડભાઈ, બાપુભાઈ વગેરેને આપી દીધી. રણછોડભાઈએ કહ્યું : "અત્યારે ફરી હિંડોળામાં ઝુલાવવાનો અમને લાભ આપવાનો છે."

શ્રીહરિ હસ્યા. ત્યાં તો જોબનપગીએ કહ્યું : "પણ મહારાજ હિંડોળામાં તો ચારે તરફ ત્રણ-ત્રણ બારણાં ગોઠવ્યાં છે. તેથી ચારે તરફ સૌને દર્શન થાય તો બધા જ તૃપ્ત થઈ જાય !" શ્રીહરિ કાંઈ બોલ્યા નહીં.

ભગવાન શ્રીહરિ ફરી જ્ઞાનબાગમાં પધાર્યા. સાંજ થઈ ગઈ. દીવાઓ તથા મશાલો પ્રગટાવી હતી. સર્વત્ર ઝાકઝમાળ થઈ ગયું હતું. મહારાજને મુક્તાનંદ સ્વામી હાથ પકડી હિંડોળા પાસે લઈ ગયા. મહારાજ બિરાજમાન થયા. શ્રીહરિએ જરિયાની વસ્ત્રો પહેર્યાં હતાં. હેમનાં આભૂષણો ધારણ કર્યાં હતાં. માથે મુગટ પહેર્યો હતો, જે હિંડોળાના ઘુંમટને અડતો હતો.

સંતો-ભક્તોએ ભગવાન શ્રીહરિને ઝુલાવ્યા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામીએ હિંડોળાના પદો શરૂ કર્યાં. મહારાજ પણ સંગીતના સૂરોમાં તાલ પુરાવતા હિંચકતા હતા. જ્ઞાનબાગનું આખું પટાંગણ હરિભક્તોના સમૂહથી ચિક્કાર થઈ ગયું હતું. કોઈ ઠેકાણે એક તસુ જેટલી પણ જગ્યા ખાલી ન હતી. દૂરદૂરથી હરિભક્તો આંખો ખેંચીને આ દિવ્ય દર્શન કરી રહ્યા હતા, પરંતુ પાછળ અને આજુબાજુ બેઠેલા હરિભક્તોને મહારાજના સન્મુખનાં દર્શન થતાં ન હતાં. તેમનાથી ખસીને બીજે જઈ શકાય તેમ પણ ન હતું. તેમને મનમાં મૂંઝવણ થવા લાગી : "મહારાજનાં આવાં દિવ્ય દર્શન આપણને યથાર્થ થતાં નથી. આવો લાભ ફરી ક્યારે મળશે ?" આવી મૂંઝવણમાં દર્શન માટે અકળાઈ ગયેલા આ ભક્તો સ્થિર દૃષ્ટિથી હિંડોળા તરફ જોઈ રહ્યા હતા. એટલામાં મહારાજ પોતાની સન્મુખ હોય એવાં દર્શન થયાં ! આ શું ? મહારાજ ફર્યા ? પરંતુ ત્યાં તો બારે બારણે શ્રીહરિ ઊભા હોય તેવાં દર્શન સમગ્ર મેદનીને થયાં. આ દર્શનથી ભક્ત સમુદાય આનંદવિભોર બની ગયો.

કીર્તન-ભક્તિ પૂરી થઈ અને ભગવાન શ્રીહરિ હિંડોળા ઉપરથી ઊતર્યા. મહારાજે આપેલા દિવ્ય દર્શનથી, ઉત્સવના આનંદથી, સત્સંગના અનેરા રંગથી રંગાઈ ગયેલા સંતો-હરિભક્તો આજે કૃતકૃત્ય બની ગયા ! જીવનમાં ન કલ્પેલા આનંદનો અનુભવ ભગવાન શ્રીહરિએ કરાવ્યો. જીવનનો આ એક દિવ્ય પ્રસંગ ભક્તોના અંતરમાં સદા માટે જડાઈ ગયો.

**હરિવર હરખી હિંચ્યા હિંડોળે, અદભુત એહ લિલા કરી અતોળે;**
**ગુણ ગણિ જન જેહ એહ ગાય, પ્રગટ પ્રમાણ પ્રભુ પ્રસન્ન થાય.** (શ્રીહરિલીલામૃત : ૭/૫૯/૬૨)

## • શ્રીહરિએ અનેકરૂપ ધરી ભક્તોને દર્શન આપ્યા :

તે સમયે વડતાલની સીમમાં તથા આજુબાજુનાં ગામોમાં અસંખ્ય ભક્તોના સંઘ ઊતર્યા હતા. સમાચાર મળતાં સહુ દર્શન માટે આતુર બન્યા. તે સર્વે મહારાજનાં દર્શન માટે જેમ જળ વિના માછલું તરફડે તેમ આકુળ-વ્યાકુળ થવા લાગ્યા. તેથી મહારાજે તેમના અંતરની ભાવના જાણી. પછી જેટલા ભક્તો હતા અને જ્યાં જ્યાં ઉતર્યા હતા ત્યાં ત્યાં તેટલાં સ્વરૂપ ધારણ કરી સહુને એકસાથે દર્શન આપ્યા. શ્રીહરિલીલાકલ્પતરુમાં કહ્યું છે કે,

**स इत्थं युगपत्स्वेक्षां दत्त्वा तेभ्यो दयानिधिः । सर्वान् पृष्ट्वा समाचारान् सुखयामास तान् भृशम् ।।**
**तानि स्वानेकरूपाणि प्रभुर्भक्तप्रियस्ततः । अन्तर्दधे स भगवान् स्वयं योगेश्वरेश्वरः ।।**

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૫/૪૭/૧૪-૧૫)

યોગેશ્વરના પણ યોગેશ્વર અને ભક્તજનપ્રિય એવા શ્રીહરિએ પોતાના દાસને દર્શન આપવા માટે એકસાથે અનેકરૂપ ધારણ કર્યાં. સહુને તેમના સુખ-દુઃખના સમાચાર પૂછ્યા. આ રીતે સહુ ભક્તોને સુખી કરી તરત શ્રીહરિએ અનેકરૂપ અદૃશ્ય કરી એકરૂપ ધારણ કરી લીધું. પછી જ્યારે સર્વે ભક્તો ભેગા થયા ત્યારે સર્વ ઠેકાણે મહારાજે દર્શન દીધા, એ વાત સાંભળી. આવું શ્રીહરિનું ઐશ્વર્ય જોઈને સહુ ભક્તોને ખૂબ આનંદ થયો. સહુ રાજી રાજી થઈ ગયા. પછી રંગોત્સવની પૂર્વતૈયારી જોવા મહારાજ જ્ઞાનબાગમાં પધાર્યા. સાથે થોડા સંતો અને ભક્તો પણ હતા. વડતાલના ભક્તોએ રંગના ઢગલા દેખાડ્યા.

પછી મહારાજે ત્યાં સહુ સંતો-ભક્તોને થોડીવાર જ્ઞાન-વૈરાગ્યની વાર્તા કરી. પછી મહારાજે વિચાર્યું, વડતાલની સીમ તથા શાખાનગરોમાં રહેલા ભક્તોને મારાં દર્શન થતાં નથી. માટે મારે તેમને આ લાભ આપવો જોઈએ. સહુને દિવ્યદૃષ્ટિ આપવી જોઈએ. સત્યસંકલ્પ શ્રીહરિએ જ્યાં આમ સંકલ્પ કર્યો ત્યાં દૂર રહેલા સૌ ભક્તોને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ. તેથી દિવ્યદૃષ્ટિ પામેલા તે ભક્તો અતિ દૂર હોવા છતાં મહારાજ પોતાની પાસે જ હોય તેમ દર્શન પામ્યા.

**एवमानन्दसंदोहं स्वभक्तानां हि कोटिशः । वितन्वन् श्रीहरिस्तेभ्यो निजैश्वर्य्यमदर्शयत् ।।**

આવી રીતે લાખો અને કરોડો ભક્તોને એકસાથે શ્રીહરિએ દિવ્યદૃષ્ટિ આપી સહુને પોતાનો અતિશય આનંદ આપ્યો. સહુ ભક્તોને શ્રીહરિએ આવું અમાપ ઐશ્વર્ય બતાવ્યું હતું.

**श्रीस्वामिनारायण आत्मतन्त्रे तत्राऽवतारिण्यखिलेश्वरेशे । असंख्यविश्वप्रभवादिलीले चित्रं परब्रह्मणि भूप नैतत् ।।२७।।**

અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય જેમની લીલા છે, આ બધું તો જેઓ આંખના ઈશારે કરનારા એવા સર્વ અવતારના અવતારી, સર્વ ઈશ્વરોના ઈશ્વર, સ્વતંત્રમૂર્તિ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાને આવો પ્રતાપ સહજમાં બતાવ્યો. કરોડો બ્રહ્માંડો જેના એક એક રુંવાડે અણુની જેમ ઊડતાં ફરે છે એવા શ્રીહરિ તો જે ધારે એ સહજમાં જ થાય.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૫/૪૭/૨૬-૨૭)

**નોંધ :** આ ભવ્ય રંગોત્સવનું વર્ણન 'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથના પંચમ સ્કંધમાં અધ્યાય ૩૪ થી ૬૫ સુધી વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે.

## • જોબન પગીએ માંગેલું પ્રભુ પાસે વરદાન :

આ રીતે વડતાલમાં આનંદસભર રંગોત્સવ પૂરો થયો. સહુને ભગવાન શ્રીહરિએ હેતે કરીને પીરસ્યું. પ્રભુનો પ્રસાદ પામી તમામ સંતો-ભક્તો ધન્ય ધન્ય થયા. વળી, સાંજે ચાર વાગે જ્ઞાનબાગમાં ભવ્ય સભાનું આયોજન થયું. મહારાજે તે સભામાં જોબનપગી તથા તેમના પરિવારની સેવા, ભાવના, સમર્પણ અને નિષ્ઠાને ખૂબ બિરદાવ્યા અને કહ્યું : "તમોએ આ ઉત્સવમાં ખૂબ તન, મન, ધનથી સેવા કરી છે. મોટો ખર્ચો કર્યો છે. આ ઉત્સવની સેવાથી હું તમારા ઉપર અતિ પ્રસન્ન થયો છું. માટે હે જોબનપગી ! તમારે જે વરદાન માગવું હોય તે વરદાન માગો. કોઈ પ્રકારનો સંકોચ કે ચિંતા રાખતા નહીં."

ત્યારે જોબન પગી કહે : "મહારાજ ! આપની કૃપાથી અત્યારે મારે કોઈ વાતની કમી નથી. પુત્ર-પરિવાર બહોળો છે. ખેતીવાડીમાંથી પણ અઢળક ઊપજ આવે છે. વળી, આપને ઓળખ્યા તેથી મારું અને અમારા પરિવારમાં સહુનું નિશ્ચય કલ્યાણ થઈ ચૂક્યું છે; તેનો મને વિશ્વાસ છે. પરંતુ મને અંતરમાં એક વાતનું દુઃખ છે."

શ્રીહરિ કહે : "એવું તે શું દુઃખ છે ?"

ત્યારે ગળગળા થઈને જોબનપગી કહે : "મહારાજ ! મેં આ ચરોતર દેશમાં જ નહીં પરંતુ સાબરમતીથી પૂના સુધીની પ્રજાને

ખૂબ ઘમરોળી છે, રંજાડી છે, લોહી ઉડાડ્યાં છે. સહુને ચાર દશકા સુધી ખૂબ જ દુઃખ દીધાં છે. મારું નામ સાંભળી સહુ ધ્રૂજતા હતા. મેં અનેક લોકોને મારી નાખ્યા છે. આમ મેં બહુ પાપ કર્યાં છે. તેથી હવે મને તેમના ઉપર કરુણા વરસે છે. માટે સહુનું ભલું કરવું છે. તેથી આજ તેમના કલ્યાણ માટે બે હાથ જોડી પ્રાર્થના કરું છું કે, મેં જેને જેને દુઃખી કર્યા હોય, લૂંટ્યા હોય, માર્યા હોય તે સહુનું સારું કરજો, ભલું કરજો.''

વળી, જોબન પગી પ્રાર્થના કરતાં કહે છે કે,

**મહિ સાબર નદી વચ્ચે, રાખજો દયા દયાળ; અન્ન-પાણી ખૂટે નહિ, કદિ ન પાડશો કાળ.**

''મહિસાગર અને સાબરમતી આ બંને નદી વચ્ચેના પ્રાંતને ચરોતર પ્રદેશ કહેવાય છે. માટે આ ચરોતરમાં ક્યારેય કાળ ન પ ડે. એવી કૃપા કરો.'' ભગવાન શ્રીહરિ જોબરપગીની આવી સમજણ તથા ઉદારતાથી ખૂબ જ રાજી થયા અને વરદાન આપતાં કહ્યું: ''જાઓ, હવે આંહીં ક્યારેય કાળ નહિ પડે.''

ભગવાન શ્રીહરિએ આ વરદાન આપ્યું તેને બસો વર્ષ થવા આવ્યા. હજી સુધી ક્યારેય ચરોતરમાં કાળ પડ્યો નથી. ત્યાં ઝાડવાં સુકાયાં નથી. આજે પણ આ ચરોતર પ્રાંતમાં ખૂબ ફળ-ફૂલ પાકે છે, અઢળક સંપત્તિ છે. આ જોબનપગીની ઉદારતા અને શ્રીહરિની કૃપાનો પ્રતાપ છે. સુરજ ચંદ્ર રહેશે ત્યાં સુધી આ વાત અમર રહેશે. આમ શ્રીહરિએ જોબનપગીના યજમાનપદે વડતાલમાં લીલા કરી. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

**અપરમપાર લીલા કરી, ફાગણ સુદિ પૂન્યમ દને; કરી લીલા વરતાલમાં, કરાવી હરિજન જોબને.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૪/૪૨)

પહેલાં કહેવત હતી કે, 'જિલ્લો ખેડા અને ન મળે કાંઈ મેડા.' પરંતુ આજ જોબનપગીના વરદાનના પ્રતાપે 'જિલ્લો ખેડા થયા મેડા પર મેડા.' ત્રણ-ત્રણ અને ચાર-ચાર માળની હવેલીઓ થઈ. જ્યારે ભગવાન કે સંતની કૃપા થાય ત્યારે જેમ વરસાદ સર્વત્ર વરસે તેમ સહુ સુખિયા થાય છે. બહુ મોટું કામ થાય છે.

## ● અઘહારી આંબાનાં વૃક્ષો :

આંબાનાં જે બે વૃક્ષોના થડ ઉપર હિંડોળો બાંધ્યો હતો તે વૃક્ષો મહાભાગ્યશાળી કહેવાય. વૃંદાવનમાં વૃક્ષવેલી અને લતાઓને, મહર્ષિ વ્યાસજીએ અતિ ભાગ્યશાળી ગણાવેલાં છે એટલું જ નહિ પણ નિર્ગુણ પણ કહેલાં છે. ઉદ્ધવજી જેવા મહાજ્ઞાની પુરુષે પણ ભગવાન શ્રીકૃષ્ણના પાદસ્પર્શથી નિર્ગુણ બનેલાં એ વૃક્ષવેલી-લતામાં જન્મ પામવાની ઈચ્છા વ્યક્ત કરેલી હતી. પ્રેમાનંદ સ્વામી 'માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી' એ પ્રાસાદિક કીર્તનના ત્રીજા પદમાં **'ધન્ય ધન્ય બે આંબા અઘહારી...'** કહીને આંબાનાં આ બે વૃક્ષોને સહસ્ત્ર ધન્યવાદ આપેલા છે અઘહારી (પાપનાશક) કહેલાં છે. વૃક્ષ એ ઉદ્‌ભિજ જાતિનો દેહ ગણવામાં આવે છે છતાં પરમાત્માના પ્રત્યક્ષ સ્પર્શયોગને કારણે, પ્રેમાનંદ સ્વામીએ એમને ચેતનશ્રેષ્ઠ અને અઘહારી કહેલાં છે. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ પણ એ, આંબાઓના મહદ્‌ભાગ્યને વખાણ્યું છે :

બંને આમ્રવૃક્ષને નિહાળી સંત કવિઓ બોલ્યા : અમે તમને વંદીએ છીએ. હે આમ્રવૃક્ષ ! તું બહુ ભાગ્યશાળી છો. સદા હરિચરણમાં સ્નેહી છો. તારું કેવું તપ ને કેવી ભક્તિ હશે ? જેથી ધર્મનંદન તારી ડાળે ઝૂલ્યા ને તારા પર રીઝ્યા.

**રે આમ્ર તારી તરુતા નિહાળી, તારી પ્રભા ભૂતળ ભાગ્યશાળી; ભાસે મને તે તુજને કહું છું, નેહી સદા કૃષ્ણપદાબ્જ તું છું.**
**રે આમ્ર કેવું તપ કેવિ ભક્તી, કે તેં કરી કાંઇ પુરી પ્રયુક્તી; રીઝ્યા હરી કેમ કરી તને તે, રીતિ કહો એહ અહો મને તે.**

(શ્રીહરિલીલામૃત : ૭/૫૯/૫૭-૫૮)

## ● સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીની બેનમુન કાષ્ટ કલાકૃતિ - બાર બારણાનો હિંડોળો :

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના પૂર્વજો લતીપુરના સુથાર હતા. અને સુથારીકામનો તેમનો મોટો વ્યવસાય પણ હતો. નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ લાલજી સુથાર રૂપે શેખપાટમાં થયેલો. લતીપુરના વામમાર્ગી બાવાઓ અને તેમના અનુયાયીઓના ત્રાસથી પિતા રામભાઈ શેખપાટ આવી વસેલા. પોતાની ઈચ્છા ન હોવા છતાં પિતાજીએ લાલજીનાં લગ્ન રિવાજ મુજબ બાલ્યાવસ્થામાં કંકુ નામની પતિવ્રતા સ્ત્રી સાથે કરી દીધાં હતાં. પિતાજીના મૃત્યુ બાદ ઘરસંસાર ચલાવવાની જવાબદારી સ્વીકારતા લાલજી સુથારે શેખપાટ રાજયનો કારોબાર પણ ચલાવ્યો. આ કારભારના વળતર તરીકે લાલજીને શેખપાટમાં બે સાંતીની જમીન અને બે કોશી વાડી દરબારોએ આપી હતી. તેઓ પોતે સાથીઓ રાખી ખેતી કરાવતા અને લાકડાનું ફર્નિચર પણ બનાવતા હતા. એમણે પોતાના

શેખપાટ ગામનો ચોરો પોતાની દેખરેખ નીચે ચણાવી તેમાં કોતરણીવાળી થાંભલીઓ તથા તેનાં કમાડોમાં પોતાની કારીગરી કરી હતી. આજે તે અવશેષ રૂપે દૃષ્ટિગોચર થાય છે. આમ, લાલજી સુથાર કાષ્ટકલાના પ્રથમથી જ કસબી હતા. તેમની આ કલાનો ઉત્તમ નમૂનો 'બાર બારણાવાળો હિંડોળો' છે.

વડતાલમાં ભગવાન શ્રીહરિ ફૂલદોલોત્સવ કરવા પધાર્યા ત્યારે તે ઉત્સવને યાદગાર બનાવવા વડતાલના હરિભક્તોએ શ્રીહરિ પાસેથી જે આજ્ઞાઓ મેળવી હતી તેમાંથી એક હતી બાર બારણાનો હિંડોળો બનાવવાની. વડતાલના હરિભક્તોએ આ ભવ્ય હિંડોળો સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી પાસે બનાવડાવ્યો હતો.

હિંડોળો એટલે કઠેડાવાળો મોટો હિંચકો, ઝૂલો. નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલ આ બાર બારણાંના હિંડોળાનું વર્ણન સંપ્રદાયના અનેક ગ્રંથોમાં કરવામાં આવ્યું છે. એ મુજબ આ હિંડોળાના કાષ્ટ કલાકૃતિ કંઈક આવી હતી હતી.

- આ હિંડોળામાં ઉત્તમ પ્રકારના સોનેરી સ્તંભ બનાવ્યા હતા.
- આ હિંડોળાની ચારેબાજુ ત્રણ-ત્રણ દ્વાર બનાવેલ, જેથી એ 'બાર બારણાંનો હિંડોળો' કહેવાય છે.
- હિંડોળાની વચ્ચે ઉપર ઘુમ્મટ હતો.
- આ ઘુમ્મટ ઉપર સોનાનો કળશ મૂક્યો હતો.
- હિંડોળાની ચારેબાજુ છજાં કર્યાં હતાં અને છજાંની વચ્ચે એક ઘુમ્મટ હતો.
- આ બધા ઘુમ્મટ પર સોનાના કળશ મૂક્યા હતા.
- આ ઘુમ્મટનાં છજાં પર સોનેરી વસ્ત્ર ઝાલર લગાવી હતી. વળી, છજાંઓની ચારે તરફ ઉત્તમ પ્રકારનાં સોનાનાં લોલક લટકાવ્યાં હતાં.
- આ છજાંઓ ઉપર કળા પૂરેલા સોનાના મોર બેસાડવામાં આવ્યા હતા.
- આ મોરના મુખમાં એક-એક મોતીની નાની માળા મૂકવામાં આવી હતી.
- હિંડોળાના સ્તંભમાં મળ્યા એટલા તમામ પ્રકારના મોતી લગાવવામાં આવ્યા હતા.
- સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી નિર્મિત આ બાર બારણાનાં હિંડોળાનું રંગકામ વડતાલ ગામના મેવાડા સુથાર ભાણાભાઈના પિતાએ કર્યું હતું. તે કરજણ ગામના હતા તેમનું નામ કાશીદાસ સુથાર હતું.
- આ મહાન પ્રસાદીભૂત રમણીય કલાત્મક હિંડોળો હાલમાં અક્ષરભુવનમાં દર્શનાર્થે રાખવામાં આવેલ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ભક્તજનોના લાલન-પાલન માટે અનેક સ્થળે અનેકવખત હિંડોળામાં ઝૂલ્યા છે. પરંતુ વડતાલમાં બાર બારણના હિંડોળામાં દ્વાદશ સ્વરૂપે ઝૂલીને જે લીલા કરી છે તેવી અન્યત્ર કોઈ જગ્યાએ કરેલી નથી. આ ફૂલદોલોત્સવની આ સ્મૃતિને ચિરંજીવી કરવા હોજ, બેઠક અને હિંડોળાના સ્થાને સ્મૃતિછત્રી બનાવવામાં આવેલ છે.

●

**નિર્ગુન અમાયિક હરિ રહેઊ, આપકે સંબંધ કર માયિક તેઊ; જો જો વસ્તુ રહાયે જિતના, નિર્ગુન અમાયિક હોવત તિતના.**

શ્રીહરિ તો નિત્ય નિર્ગુણ અને અમાયિક છે. તેમના પોતાના સંબંધથી જે કોઈ પણ માયિક વસ્તુઓ છે, તે પણ નિર્ગુણભાવને અને દિવ્યતાને પામે છે. પશુ, પક્ષી, વૃક્ષ કે પર્વત વગેરે જે કોઈ પણ સ્થાવર-જંગમ છે તે બધા ભગવાનના સંબંધમાં આવતા તેમના સંબંધે નિર્ગુણ અને બ્રહ્મરૂપ કહેવાય છે.

સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામીએ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં ભગવાન શ્રીહરિની પ્રસાદીભૂત વસ્તુઓના મહિમાનું વર્ણન કર્યું છે. ભગવાન શ્રીહરિએ વડતાલમાં ધામધૂમપૂર્વક હુતાશનીનો સમૈયો કર્યો હતો. નિષ્કુળાનંદ સ્વામીએ દિવ્ય કલાત્મક બાર બારણાનો હિંડોળો બનાવ્યો હતો અને તેમાં બિરાજમાન થઈ ભગવાન શ્રીહરિએ બાર સ્વરૂપે દર્શન આપ્યા હતા. તે મહાપ્રસાદીભૂત હિંડોળાનું વર્ણન કરતા આધારાનંદ સ્વામી લખે છે :

"વડતાલ ગામના જે હરિભક્તો હતા, તેમણે શ્રીહરિની મરજી લઈને શ્રીહરિને પધરાવવા માટે એક સુંદર હિંડોળો બનાવ્યો હતો. તે અલૌકિક હિંડોળો સેવાભાવી હરિભક્તોએ મુનિવર નિષ્કુળાનંદ સ્વામીની પાસે બનાવડાવ્યો હતો. તેની અપરંપાર અલૌકિક શોભા હતી. તે હિંડોળામાં વિવિધ પ્રકારના સુંદર સોનેરી સ્તંભ કર્યા હતા અને તેને ચારેકોર ચિત્તને ખેંચે તેવાં ત્રણ ત્રણ દ્વાર કર્યા હતાં. હિંડોળાની વચ્ચે ઘુમટ કર્યો હતો. તેના ઉપર સોનાનો કળશ મૂક્યો હતો. તેની સુંદર શોભાનું વર્ણન કરતા મારી તો બુદ્ધિ ડૂબી જાય છે.

હિંડોળાની ચારે બાજુ છજાં કર્યાં હતાં અને છજાંની વચ્ચે એક એક ઘુમટ રચ્યો હતો. તે બધા ઘુમટ ઉપર ભારે વિચિત્ર સોનાનાં કળશ રાખ્યાં હતાં. સુંદર સોનાના જે બધા ઘુમટ હતા, તેનાં છજાં ઉપર સોનેરી વસ્ત્રની ઝાલર લગાવી હતી. તે છજાંઓની ચારે તરફ વિચિત્ર પ્રકારના સોનાનાં કેટલાંક લોલક બનાવીને લટકાવી દીધાં હતાં. કળા પૂરેલા સોનાના મોર કર્યા અને તે મોરનાં વૃંદ છજાંઓ ઉપર બેસાડી દીધાં. એક એક મોતીની નાની માળા મોરના મુખમાં આપી હતી. તેનો તાલમેળ એવો થયો હતો કે વિમાન કરતાં પણ તેની શોભા અધિક બની હતી.

આ ભૂમિ ઉપરના વિવિધ અમૂલ્ય જેટલા મણિઓ હતા, તે બધા હિંડોળાના સ્તંભમાં સુંદર રીતે લગાવી દીધા હતા. મોતીનાં તોરણ બનાવીને હિંડોળાની ચારે બાજુ બંધાવ્યાં હતાં અને સોનાની વિશાળ ઘૂઘરમાળા હિંડોળાની નીચે લટકાવી હતી, તેને કોઈ જાણી શકતા નહીં. તે હિંડોળો બે આંબાઓની વચ્ચે બાંધ્યો હતો. તેની અદ્‌ભુત શોભા બધે છવાઈ ગઈ હતી.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૬૧)

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તેમનું અંતર આ હિંડોળામાં જડી દીધું હતું. પ્રેમલક્ષણા ભક્તિની મૂર્તિ સમો હિંડોળો શોભતો હતો. સ્વામીએ પોતે જ 'ભક્ત ચિંતામણિ' ગ્રંથમાં આ બાર બારણાનાં હિંડોળાનું વર્ણન કર્યું છે :

**પછી સખે કર્યો'તો હિંડોળો, સારો શોભિત સુંદર પહોળો; બાર બારણે ઓપે અનુપ, જોયા જેવું છે જાળીનું રૂપ.**
**પાંચ શિખરે શોભે નિદાન, જાણિયે વૈકુંઠનું વિમાન; કાજુ કનકનાં કોટિમાં લે'કે, બહુ ફૂલ ને હારે તે બે'કે.**
**રૂડો રચ્યો મળી મુનિરાજ, એવે હિંડોળે બેઠા મહારાજ; પછી ધર્યો મુગટ સુજાણે, શોભે સૂર્ય તેજ પરમાણે.**
**અતિ શોભા દિયે છે અપાર, નંગ પંગતિનો નહિ પાર; જડ્યાં મણિ માણેક ને મોતી, કરે છે હીરા ઝવેર જ્યોતિ.**
**જોઈ વજ્ર રુચકની જાત, લાલ નીલે પીળે પાડી ભાત; નંગ ઝગમગ કરે જોત, જાણું રવિશશી થયા ઉદ્યોત.**
**એવાં રૂડાં રતનનો જડ્યો, ઘણે ઘણે હેતે કરી ઘડ્યો; એવો મુગટ ધર્યો છે નાથે, પહેર્યાં કનકનાં કડા બે હાથે.**
**કરે વેઢ વીંટી બાંયે બાજુ, મકરાકૃત કુંડળ કાને કાજુ; શિરપેચ ને સોનેરી તોરો, કેડ્યે બાંધ્યો કનક કંદોરો.**
**હૈયે પહેર્યા છે હેમના હાર, શોભે ફૂલની માળા અપાર; કર્યાં તિલક કેસર તણાં, તેણે શોભે છે સુંદર ઘણા.**
**પછી જને કરી છે આરતી, થાય જય જય શબ્દ ત્યાં અતિ; મળ્યા જન ત્યાં અતિ અપાર, લઈ ઊભા છે ફૂલના હાર.**
**પણ પ્રભુને કેમ અપાય, અતિ ભીડ્ય પાસે ન જવાય; તેના મનોરથ પૂરા કીધા, હાથછડી વડ્યે હાર લીધા.**
**પછી માથેથી મુગટ ઉતારી, સુંદર સોનેરી પાઘ તે ધારી; તેનાં દીધાં સહુને દર્શન, કર્યા જનનાં મન પ્રસન્ન.**
**પછી સહુની પૂરવા હામ, ઝૂલે હિંડોળે સુંદરશ્યામ; હાલે હિંડોળો વાયુને વેગ, થઈ મગન ઝરે તિયાં મેઘ.**
**તિયાં આવીને થોભ્યાં વિમાન, ગાય ગાંધર્વ ત્યાં ગુણગાન; તિયાં જય જય બોલે છે જન, એમ લીલા કરે છે જીવન.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૩/૧૭ થી ૨૯)

આ બાર બારણાનાં હિંડોળાનું વર્ણન કરતાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :

**છે આજ છત્રી જે સ્થળે, એથી અગ્નિ દિશા મોઝાર; ઉત્તમ બે આંબા હતા, એક એક તણે અનુસાર.**
**ચતુરાનને ચતુરાઈથી, જાણે રુડા રચેલા હોય; અવની ઉપર ઉગિયા, પણ મુક્ત હતા બે સોય.**
**મોભ મુક્યો તે ઉપરે, હેતે બાંધ્યો હિંડોળો ત્યાંય; નિષ્કુળાનંદે નેહથી, તેની રચી હતી રચનાય.**
**બાર હતાં તેને બારણાં, રુડાં કમાનદાર કરેલ; ફુદડીયો સોના તણી, સારી શોભતી માંહિ મઢેલ.**
**લીંબુ કરાવી કનકનાં, લટકાવિયાં ચારે પાસ; કળશ ઝળકે હેમના, જેવા સૂરજ સોમ પ્રકાશ.**
**વિમાન જે વિબુધો તણાં, જેની આગળ ઝાંખા જણાય; કારિગરિ તેની નિરખતાં, વિશ્વકર્મા તે વિસ્મિત થાય.**
**જરિયાનનાં વસ્ત્રે જડેલો, ગાલીચો ગોઠવી પાથરેલો; મોભ સાથે તે બાંધ્યો હિંડોળો, શોભે સુંદર ઉંચો પહોળો.**

(શ્રીહરિલીલામૃત : ૭/૫૯/૨-૮)

## • કીર્તનપદો :

**વડતાલની ફુલવાડીયે રે, હિંડોળો આંબાની ડાળ;**
**બાંધ્યો આંબલિયા ડાળ, વાલો મારો હીંચે હિંડોળો આંબાની ડાળ.**
**સોનાની સાંકળે બાંધ્યો રે હિં૦ રૂપકડાં બેચાર, વાલો મારો...૧**

**મખમલ ગાદલાં નાખ્યાં રે, હિં૦ અતલસના ઓછાડ, વાલો મારો...૨**
**ટેકે રે તકિયા મેલ્યા રે હિં૦ ગાલ મસુરીયા દાર, વાલો મારો...૩**
**જરકસી જામા પેર્યા રે હિં૦ શેલામાં સોનેરી તાર, વાલો મારો...૪**
**બાંયે બાજુબંધ બેરખા રે હિં૦ હૈયે હજારી હાર, વાલો મારો...૫**
**પાયે તે નેપુર શોભતાં રે હિં૦ ઝાંઝરનો ઝણકાર, વાલો મારો...૬**
**પાયે પિરોજી મોજડી રે હિં૦ ચાલે ચટકતી ચાલ, વાલો મારો...૭**
**બાંધ્યો હીંડોળો બાર બારણે રે હિં૦ કનક જડ્યા કમાડ, વાલો મારો...૮**
**બાર સ્વરૂપે બિરાજતા રે હિં૦ સહજાનંદ ભગવાન, વાલો મારો...૯**
**આનંદસ્વામી આરતી ઉતારતા રે હિં૦ પ્રેમાનંદ બલિહાર, વાલો મારો. ૧૦**

●

**લાગે વૈકુંઠથી રૂડું વરતાલ, હિંડોળે હરિ ઝૂલતા રે,**
**ફૂલદોલનો ઉત્સવ રસાલ... હિંડોળે હરિ૦**
**થઈને પરોણા પધાર્યા હરિ આંગણે,**
**વારી વારી જાઉં હું તો વહાલાને વારણે,**
**હે...ઊડે રુદિયામાં રંગ ગુલાલ... હિંડોળે હરિ૦૧**
**ફૂલ ગુલાબ ને મોગરાથી મહેંકતો,**
**બાર બાર દ્વારનો હિંડોળો શોભતો,**
**હે...કરી નિષ્કુળાનંદે કમાલ... હિંડોળે હરિ૦૨**
**પ્રગટ પ્રભુને આજે હૈયે ઝુલાવો,**
**જન્મોની પ્રીત મળે દર્શનનો લહાવો,**
**હે...કરે હરિભગતોને નિહાલ... હિંડોળે હરિ૦૩**

## ● ભગવાન શ્રીહરિની વડતાલથી વિદાય અને શિખામણ આપી :

રંગોત્સવના બીજે દિવસે નિત્યવિધિથી પરવારી ભગવાન શ્રીહરિ થાળ જમ્યા. સંતોને પણ સારી રીતે લાડુ જમાડ્યા. પછી મહારાજ આંબાવાડિયામાં પધાર્યા. અહીં આંબાની ડાળે શણગારેલ ઢોલિયાનો હિંડોળો બાંધ્યો હતો. મહારાજ તે ઉપર બિરાજમાન થયા. પગની ઠેસથી પોતે જ હિંડોળો ધીરે ધીરે ચલાવતા હતા. એટલામાં હરિભક્તો જમી જમીને આવવા લાગ્યા. સૌએ મહારાજની વારાફરતી પૂજા કરી. ભેટના રૂપિયાના ગંજ થયા. મહારાજે નાનાભાઈને કહ્યું : "આ રૂપિયા બ્રાહ્મણોને, ગરીબોને વહેંચી દેજો. ખર્ચમાં ખૂટતા હોય તો તેમાં વાપરજો. જે ભેટો આવી હોય તે ગઢપુર મોકલી આપજો."

એટલામાં કાઠી હરિભક્તો પોતાના ઘોડા ઉપર તૈયાર થઈ આવી ગયા. નાજા જોગિયા પણ માણકી તૈયાર કરીને આવીને ઊભા રહ્યા હતા. મહારાજે તેમની સામું જોયું. ત્યારે તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! જીવુબા-લાડુબાએ નો'તું કહ્યું કે વેલા પાછા આવી જજો. એટલે હવે જઈએ !"

આ સાંભળી ભગવાન શ્રીહરિ હસ્યા અને મનમાં થયું કે, "લાડુબા, જીવુબાની ભક્તિના આ સેવકો ખરા ભોમિયા લાગે છે." ભગવાન શ્રીહરિ ઊભા થયા. વડતાલના ભક્તોને મળ્યા, તેમને આશીર્વાદ આપ્યા અને તેમની વિદાય લીધી.

ભગવાન શ્રીહરિએ સૌ સંતોને કહ્યું : "તમે હવે જે જે દેશમાં ફરતા હતા ત્યાં જાઓ. અમારી સાથે અમારા સેવકો, બે-ત્રણ મોટેરા સંતો અને કાઠી હરિભક્તો આવશે." મહારાજના વચન સાંભળી સંતોએ તે પ્રમાણે જુદી જુદી વાટ પકડી.

ત્યાં તખા પગી દોડતા આવ્યા. તેમણે માણકીનું ચોકડું પકડ્યું અને મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! બામરોલી રહી ગયું. મારું ગામ તારવીને કેમ જવાય ?"

ભગવાન શ્રીહરિ તેના મુખ ઉપરના ભાવ જોઈ હસ્યા અને પછી કહ્યું : "તો થાવ આગળ. અમે અક્ષરધામમાંથી સંકલ્પ કરીને જ આવ્યા છીએ કે ભક્તને તારવીને આગળ નહીં જઈએ, તેને તારીને આગળ જઈશું."

તખો પગી આ સાંભળી રાજી થઈ ગયા.

રસ્તામાં સાંકડી નેળ આવી. તેની આજુબાજુ ખેતર હતાં. તેને ફરતી થોરની વાડ હતી. એક પાર્ષદે વાડમાં છીંડું પાડ્યું અને સંઘ ત્યાંથી ખેતરમાં વળ્યો. ભગવાન શ્રીહરિ તો નેળમાં જ આગળ ચાલવા લાગ્યા. એટલામાં ખેતરની રખેવાળી કરતી બાઈએ આટલા બધા ઘોડા ખેતર ખૂંદતા જતા જોઈ ગાળ દીધી. મહારાજે તે સાંભળી અને પોતાની સાથેના પાર્ષદોને કહ્યું : "સાંભળ્યું ને ? પેલી બાઈએ સૌને પાઘડી પહેરાવી. બોલાવો બધાને. વાડ તો ખેતરના રક્ષણ સારુ કરી છે. તેમાં છીંડું પાડી કોઈના ખેતરને આમ નુકસાન કરવું તે આપણને શોભે નહીં."

પાર્ષદે બધાને બોલાવ્યા. ભગવાન શ્રીહરિએ સૌને ઠપકો આપતાં કહ્યું : "કોઈના ખેતરમાં છીંડું પાડીને કે વંડી કૂદીને કોઈ જગ્યામાં પ્રવેશ ન કરવો. આજથી સૌ આ નિયમ લ્યો."

**છિંડું કરીને કદિયે ન જાવું, ખરેખરા જો મુજ ભક્ત થાવું; આ માનજો વેણ સહૂ અમારું, ઈચ્છો ભલું જો ઉરમાં તમારું.**
**વંડી કુદીને પણ કોઈ વાટે, જવું નહિ તર્ત જવા જ માટે; તેના ધણીની મરજાદ તોડી, તે પાપ કેરી નહિ વાત થોડી.**
**તાળું પરાયું જન જે ઉઘાડે, કે વાડ્ય તોડી તહિ છીંડું પાડે; તે તો કહું તસ્કર કેરું કામ, કદી હરિભક્ત કરે ન આમ.**
**જે કોઈ જગ્યા ધણિયાતિ હોય, જણાય તેની મરજી ન તોય; તહાં કદાપિ ન કરે નિવાસ, ખરેખરા જે મુજ થાય દાસ.**

(શ્રીહરિલીલામૃત : ૭/૬૨/૯-૧૨)

## • ધર્મને અર્થે પણ ચોરી કરવી નહીં :

ભગવાન શ્રીહરિ બામરોલી પહોંચી ગયા. ત્યાં રાયણ નીચે તખા પગીએ સુંદર ઢોલિયો ઢાળ્યો હતો. તે ઉપર મશરૂનાં ગાદલાં પાથર્યાં હતાં. મહારાજ તે ઉપર બિરાજમાન થયા. એટલામાં એક હરિભક્ત ચોળાફળી લઈને આવ્યા અને મહારાજ પાસે મૂકી. મહારાજે પૂછ્યું : "ક્યાંથી આટલી બધી ચોળાફળી લાવ્યા ?"

તેણે ભોળા ભાવે કહ્યું : "મહારાજ ! ખેતરમાંથી નીકળતા હતા ત્યાં આ જોઈ એટલે આપના સારુ લઈ લીધી !"

ભગવાન શ્રીહરિને આ સાંભળીને હસવું આવ્યું. પછી કહ્યું : "તે ખેતરમાં પાછા જઈને તે માલિકને આ ચોળાફળી પાછી આપી આવો. ધણીને પૂછ્યા વિના લેવું તે ચોરી કરી કહેવાય. ચોરી કરીને કોઈ વસ્તુ અમને અર્પણ કરવી નહીં. ધર્મ કરવાને અર્થે કદી ચોરી કરવી નહીં."

**ચોરી કરે જે જન ધર્મ અર્થ, તેની થશે ભક્તિ કરેલી વ્યર્થ; ચોરી કર્યાથી અતિ પાપ લાગે, આજ્ઞા પ્રભૂની જન એહ ભાંગે.**
**ચોરી કરીને પ્રભુ કાજ આપે, પાપી પડે તેહ વિશેષ પાપે; તીર્થે બીજા સ્થાનનું પાપ જાય, તીર્થે કર્યું પાપ ન નાશ થાય.**
**સ્વધર્મ પોતે પ્રભુના પિતા છે, પ્રભૂનિ ધર્મે જ પ્રસન્નતા છે; તે ધર્મનું ખંડન જો કરાય, તેને પ્રભૂ કેમ પ્રસન્ન થાય.**
**ચોરી લઈ મૂર્તિ મુકુંદ કેરી, પૂજે પછી પ્રીતિ ધરી ઘણેરી; એવાય છે મૂર્ખ મનુષ્ય કોઈ, પ્રભૂ થશે કેમ પ્રસન્ન જોઈ.**
**આધીન બ્રહ્માંડ અનેક જેને, કશી નથી ખામિ કદાપિ તેને; આજ્ઞા ઉલંઘી પ્રભુ કેરિ આપ, પાપી કરે છે પ્રભુ અર્થ પાપ.**
**ચિત્તે ધરો સૌ સુણિ એહ શિક્ષા, જે પામિયા હો મુજપંથ દીક્ષા; જે મેં કહ્યું તેહ વિચારી જોઈ, ધર્માર્થ ચોરી કરશો ન કોઈ.**

(શ્રીહરિલીલામૃત : ૭/૬૨/૧૮-૨૩)

તે ભક્ત વીલા પડી ગયા. તેણે તરત જ ચોળાફળી લઈ લીધી અને તેના ધણીને આપવા પાછા ગયા.

તખા પગીએ રાયણના ઝાડની ડાળે સુંદર હિંડોળો બાંધ્યો હતો. તે ઉપર ભગવાન શ્રીહરિને ઝુલાવ્યા. ત્યાં થાળ થયો. એટલે મહારાજ જમ્યા. પછી સર્વે સંતોને જમાડ્યા.

## • ભગવાન શ્રીહરિએ પગીઓ માટે ઘોડાને ખેલવ્યાં :

થોડીવાર આરામ કરી મહારાજ ઊઠ્યા. મુખ પ્રક્ષાલન કરી પાણી પીધું. એટલામાં નાજા જોગિયા આવ્યા. તેમણે ઘોડાની લગામ પકડી હતી. મહારાજે પૂછ્યું : "આપણી માણકી ક્યાં ?"

નાજા જોગિયાએ કહ્યું : "મહારાજ ! માણકી પણ અહીં જ છે, પણ આ પગીઓ કહે છે કે આ ઘોડો જાતવાન છે. મહારાજ બેસે તો પ્રસાદીનો થાય."

ભગવાન શ્રીહરિ તેમનો આશય સમજી ગયા. મહારાજે કહ્યું : "પગીઓને અમારી રમત જોવાનો વિચાર લાગે છે. તો ભલે, લાવો ઘોડો." એમ કહી મહારાજે પોતાની આંગળીમાંથી સોનાનો વેઢ કાઢ્યો અને તખા પગીને કહ્યું : "આઘે જઈ રસ્તા ઉપર આ

વેઢ મૂકી દ્યો અને તમે ત્યાં જ ઊભા રહેજો.''

તખા પગી મહારાજની આજ્ઞા પ્રમાણે વેઢ લઈને ગયા.

ભગવાન શ્રીહરિએ ઘોડા ઉપર સવારી કરી, પરંતુ ઘોડો તાજો જ પલોટાયેલો હતો એટલે સવારી કરવી મુશ્કેલ હતી. પગીઓ તે જાણતા હતા, પરંતુ મહારાજનો પ્રતાપ તેમને જોવો હતો.

ભગવવા શ્રીહરિએ ઘોડાની લગામ ખેંચી અને ઘોડો સાવધાન બની ગયો. મહારાજે તેના પેટમાં પેંગડું માર્યું, ચોકડું ઢીલું મૂક્યું અને ઘોડો ત્યાંથી હરણફાળ ભરે તેમ ઊપડ્યો. મહારાજે તેને ખૂબ દોડાવ્યો, ગોળ કુંડાળામાં નાખ્યો અને ફરી દોડાવતાં જ્યાં વેઢ મૂક્યો હતો તે રસ્તે નીકળ્યા અને ઘોડા ઉપરથી સહેજ નીચે સરળી આંગળીમાં વેઢ પહેરી લીધો. ઘોડો એ જ વેગમાં દોડી રહ્યો હતો. પગીઓ તાજુબ થઈ ગયા ! મહારાજ રાયણ નીચે આવ્યા ત્યારે તખા પગીએ કહ્યું : ''મહારાજ ! ખરો પ્રતાપ બતાવ્યો.''

મહારાજ હસ્યા. મહારાજને લાગ્યું કે પગીઓને પોતાના ધંધાથી કાંઈ વિશેષ દેખાય ત્યારે પ્રતાપ જેવું લાગે. બીચારા ભોળા આદમીઓ.

સાંજે મહારાજે સૌને કહ્યું : ''ચાલો વડતાલ !''

તે સાંભળી કાઠી હરિભક્તો બોલ્યા : ''મહારાજ ! વડતાલમાંથી તો સૌની રજા લઈને નીકળ્યા છીએ અને પાછા વડતાલ કેમ જવું છે ?''

મહારાજ મંદ મંદ હાસ્ય કરતાં કહ્યું : ''તે પ્રમાણે નીકળી ન જઈએ તો સંઘના માણસો વેરાય જ નહીં, પણ અમે બાપુભાઈને, રણછોડભાઈને, જોબનને તથા નારાયણગરને કહ્યું છે કે અમે સાંજે પાછા આવશું.''

## • વડતાલમાં ભગવાન શ્રીહરિએ વિપ્ર બાળકોને જનોઈ આપી :

**ત્રણ દ્વિજસુતને ઉપવીત, આપ્યાં તેની કહું સુણો રીત; જોશી ડભાણના દયારામ, માણસાના તો અનોપરામ.**
**વડથલના જાદવજી નામ, તેહ ત્રણે બાળકને તે ઠામ; ઉપવીત વગરના જ જોઈ, ધાર્યું જીવને દેવા જનોઈ.**

(શ્રીહરિલીલામૃત : ૭/૬૨/૩૦-૩૧)

વડતાલ આવી ત્યાંના પાટીદાર હરિભક્તોને કહ્યું : ''આપણે ત્રણ વિપ્ર બાળકોને જનોઈ દેવી છે તો બે-ત્રણ દિવસમાં મુહૂર્ત લઈ તેની તૈયારી કરો !''

ભગવાન શ્રીહરિની ઈચ્છા પ્રમાણે ભુદેવે મુહૂર્ત આપ્યું. બામણોલિયાના ફળિયામાં મંડપ બાંધ્યો. ગંગામાના ઉતારામાં રસોઈની વ્યવસ્થા કરી. ત્રણ બટુકો - ડભાણના દયારામ, માણસાના અનોપરામ અને વડથલના જાદવજી, આ ત્રણેય મુંડન કરાવી, સ્નાન કરી, સફેદ વસ્ત્ર પહેરી આવી ગયા. મહારાજે તેમના કપાળમાં તિલક-ચાંદલો કર્યો. હાથમાં પલાશનો દંડ આપ્યો. સર્વ વિધિ કરાવી, ભિક્ષા પીરસાવી. ત્યારબાદ બળવાને કાશી ભણવા માટે જવા માટે રવાના કર્યા. જ્ઞાનબાગ સુધી જઈને બળવા પાછા આવ્યા. મહારાજે તેમને શીખ આપી. આશીર્વાદ આપ્યા. પછી ત્રણેને પાઘડીઓ પહેરાવી. સૌ સંતો, હરિભક્તોને તથા ત્રણ બળવાના સગાંઓને જમાડીને ભગવાન શ્રીહરિ વડતાલથી નીકળી મહેળાવ, સોજીત્રા થઈને મહારાજ ફરતાં ફરતાં ચૈત્ર સુદમાં ગઢપુર પધાર્યા.

●●●



# માણકીએ ચડ્યારે મોહન વનમાળી : કીર્તન આસ્વાદ

**● કાવ્યકૃતિ :**

**પદ - ૦૧**

**માણકીએ ચડ્યા રે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...મા૦**
**માણીગર સૌને કહે છે થાઓ ત્યાર, મુનિ વર્ણી પદાતિ ને અસવાર;**
**વ્રતપુરી જાવા કર્યો નિરધાર...માણકીએ૦૧**
**કેસર બેરી બોદલી ને ફૂલમાળ, તાજણ તીખી વાંગળીનો ઘણો તાલ;**
**શોભે ઘણા વહાલા લાગે છે મરાળ...માણકીએ૦૨**
**પ્રેમી ભક્ત વિનતિ કરે દોડી દોડી, લોહચુંમક તુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી;**
**નથી જાતી દરબારમાંથી ઘોડી...માણકીએ૦૩**
**આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી, જાઓ પ્રભુ રામનવમી નથી દૂરી;**
**સેવકદાસ પ્રેમાનંદ હજૂરી...માણકીએ૦૪**

**● આસ્વાદ :**

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી અદ્વિતીય સંગીત કવિ છે. એ નરસિંહ અને મીરાંની પ્રકૃતિના પ્રેમી ભક્ત કવિ છે. દયારામ જેવા માધુર્યના કવિ છે. સાહિત્યની પરિભાષામાં કહીએ તો એ ઊંચી કોટીના ઊર્મિ કવિ છે. એમનામાં રહેલો અનન્ય ભક્તાત્મા જ પ્રભુકૃપાએ સંગીત-કવિ બન્યો છે, આથી એમની ભક્તિ જ એમનાં પદો દ્વારા સંગીતમય અભિવ્યક્તિ પામી છે.

ગઢપુરથી ભગવાન શ્રી સ્વામિનારાયણનું વડતાલ પ્રતિ પ્રસ્થાન એ પ્રસ્તુત કીર્તનપદનું વર્ણ્યવસ્તુ છે. એક સામાન્ય પ્રસંગના સરળ કાવ્યાત્મક નિરૂપણ પાછળ પ્રેમાનંદ સ્વામીનો આશય કંઈક જુદું જ કહેવાનો છે. અહીં માણકી ઘોડીના ઉલ્લેખથી જ કૃતિનો પ્રારંભ થાય છે અને એ જ પદની પાસાદાર ધ્રુવપંક્તિ બની રહે છે.

'માણકી' ભગવાન શ્રીહરિની 'પ્રિયતમાદપિ પ્રિયતરા' ઘોડી હતી. મહારાજ એની પર જ સવારી કરતા. માણકી પણ પૂરેપૂરી મહારાજમય બની ગઈ હતી ! મહારાજ પણ ઘણીવાર કહેતા કે 'આને ઘોડી ના સમજશો, આ તો મહામુક્ત છે.'

પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં 'માણકી ઘોડી'નું વર્ણન કરતાં લખે છે :

**અતિ ઉત્તમ માણકી દિસે, ન મળે ખોડ ખચીત તે વિષે; ત્રણ લોકની કાંતિ સંઘરી, વિધિએ શું શુભ માણકી કરી. ૨૩**
**શુભ લક્ષણ સર્વ છે રહ્યાં, સહિ સામુદ્રિક શાસ્ત્રમાં કહ્યાં; દિવવાસિ ચહે સુ દેખવા, નહિ તે તુલ્ય દિસે ઉચૈઃશ્રવા. ૨૪**
**શિવને વૃષ હંસ ધાતૃને, ગમિયો સિંહ ગણેશમાતૃને; ગુહ વાહન મોરનું ગમ્યું, નહિ કોઈ શુભ માણકી સમું. ૨૫**
**નહિ કામ લગામનું ઘણું, વરતી લે મન તે ધણી તણું; રુચિતુલ્ય દિસે જ ચાલતી, મદમાતી સુખથી મહાલતી. ૩૦**
**વિધિએ નવરાશમાં ઘડી, પ્રભુને ભેટ કરી પગે પડી; બીજી એવી બનાવવા સહી, શ્રમ કીધો પણ તે બની નહી. ૩૧**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૭)

સોરઠ-કાઠિયાવાડ-સૌરાષ્ટ્રની ભૂમિમાં અસવારના ઈશારે ઠેક ભરતાં જાતવાન ઘોડાનો પાર નથી, પણ કાઠી-દરબારોના ડાયરે ડાયરે ને આહીર-ચારણના નેસડે નેસડે બે મોઢે વખાણ થતાં કે, 'ઘોડા-ઘોડીયું તો આ મલકમાં ઘણાં હશે પણ આંખ ઠારે ને આભને આંબે એવી ઘોડી તો માણકી સ્વામિનારાયણની...'

કાઠી-દરબારોને ઘોડાનો બહુ શોખ. ઘોડા એવાં વહાલાં કે માડીજાયા ભાઈ ને દીકરાની જેમ એનું જતન કરે. આંગળા કરડાવીને પણ ઘોડાંનો ઉછેર કરે !! પરંતુ ઠેર-ઠેર એક જ વાત થતી કે, 'માણકી તો સ્વામિનારાયણની, એના તોલે કોઈ ન આવે.' કાઠી-દરબારોના ગઢમાં, આહીર-ચારણોના નેસમાં, ગઢવીઓ કસૂંબા ઘોળતાં ઘોળતાં દેશદેશાંતરનાં ઘોડાની વાતો કરતા; તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની માણકી ઘોડીની વાતો કરતા આફરીન પોકારી ઊઠતા. સહુ કોઈના મનમાં માણકી ઘોડી પ્રત્યે મહિમા અને પૂજ્યભાવ દૃઢ હતાં.

ગઢપુરમાં દાદાખાચરના દરબારગઢમાં કાઠી-દરબારો ભગવાન શ્રીહરિના દર્શન કરવા ઊમટતા ત્યારે જુદા જુદા પંથકના ઘોડાં-ઘોડીયું દાદાખાચરની ઘોડશાળમાં હમચી ખૂંદતાં પણ માણકી ઘોડીની રખાવટ જુદી થતી.

ઘોડામાં જાતોને કુલ ૫૧ પેટા જાતોમાં વિભાજીત કરવામાં આવેલી છે, જે નીચે મુજબ છે.

માણકી, કુંટાળી માણકી, હીરાળ, પ્રવાલ, પારેબી, જબાદ, ટીલાત, રેડી, વીજળી, માછલી, મારુત, કેસર, હિરણ્ય, ઝડપી, સેંતી, રેશમ, સેનાની, વાંગળી, બગી, વાંદરી, વાઘણ, તાજણ, મની, ખેંગ, ઢેલ, શીંગાળી, દેવમણી, લાડી, સપનાશ, લખી, ભૂતડી, બોદલી, ચમરઢાળ, મુગટ, માતંગી, બાઝ, વાલઈ, ફૂલમાળ, સિંયણ, હેમન, રીમી, નોરાળ, દાહલી, બેરી, મુંગલી, અટારી, છોગાળી, પાંખાળ, લાંહી, બાંય, પીયુડી જેવી પંખાળી ઘોડીઓ પણ કાઠિયાવાડની ધરતીની ગોદમાં અપ્સરાઓની જેમ ગેલ કરતી. ગાઉના ગાઉ મજલ કાપી રાતોરાત પાછી ફરતી. ધણીને વફાદાર રહી અણીના સમયે સંકટમાંથી ઉગારતી.

(માહિતી સ્રોત : વિકિપીડિયા - મુક્ત વિશ્વજ્ઞાનકોશ)

સ.ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી પોતાની વાતોમાં ૫૭૦મી વાતમાં લખે છે : "માણકી ઘોડી મહારાજની મરજી પ્રમાણે ચાલે, ઊભી રહે, દોડે પણ લેશમાત્ર પોતાનું ગમતું કરે નહીં. ને મહારાજને વિશે એને અતિશે હેત, એવું પોતાના વછેરા ઉપર પણ નહીં."

ભગવાન શ્રી સ્વામિનારાયણની માણકી ઘોડી આ મૃત્યુલોકની ગરુડ ગણાતી. પોતાની પીઠ ઉપર ભગવાન શ્રીહરિને લઈને સંચરતી ત્યારે અસવારના પેટનું પાણી પણ હલવા દેતી નહીં ! વાયુનો પ્રચંડ વેગ પણ માણકીના વેગ પાસે વામણો થઈ જતો.

**પતિને અતિ સાચવે સહી, નિજથી કષ્ટ થવા જ દે નહી; વિચરે બહુ વાયુ વેગથી, પણ હાલે નહિ પાણી પેટથી.**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૭/૨૯)

કોઈ શેતાન પણ માણકી ઘોડી પાસે આવી શકતો નહીં, ને નસીબજોગે આવી જાય તો પાનખરમાં પાંદડાં ખરે ને નવી કૂંપળો ફૂટવા માંડે તેમ એની શેતાનિયત ખરી પડતી ને ભક્તિના અંકુર એના હૃદયમાં પ્રગટી જતા.

કુદરતી કોપ કે ધાડાં-ધીંગાણાં જેવો કોઈ માઠો બનાવ બનવાનો હોય તેની, ચાળીસ દિવસ અગાઉ તો માણકીને ખબર પડી જતી !

ખજૂરના જેવો ચકચકતો એનો રંગ હતો. દૂધિયા રંગની છાતી હતી. માથું, કાન ને ચારે પગ લાલ હતાં. કોઈ બાળા જોગીએ કપાળે ખડીનું તિલક તાણ્યું હોય એવો એના ભાલમાં ઊભો ધોળો પટ્ટો હતો. એના પરસેવામાંથી પારઠ ભેંસના દૂધ જેવી તો ફોરમું વછુટતી.

ઠેર ઠેર એક જ વાત થતી કે, 'માણકી તો સ્વામિનારાયણની, એના તોલે કોઈ ન આવે. શાં એના વખાણ કરવાં ?' કહેવાય છે કે બાબરાની ઢેલ, જૂનાગઢની હીરાળ, લખતરની શિંગાળી, લીંબડીની લાલ, મૂળીની બેરી, ભીમોરાની કેસર, ભડલીની તાજણ, રૂપવંતી વાંદર્ય, લખી, ભૂતડી કે વીજળી - આ બધી ઘોડીયું ભલે વખણાતી હોય પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની માણકી ઘોડી

તોલે એકેય ન આવે. એમ નેમ તરવર તરવર વહી જતી હોય તેંયે પણ જોતાં ન ધરાઈએ એવી રૂડી લાગે ! ધણીના મનને પરખી દિશા મોડનારી માણકી ઘોડીનાં મૂલ સારુ તો કંઈકનાં માથાં વધેરાઈ જાય અને તોય ચૂકવવા ભારે પડે !

માણકી ઘોડીની કેશવાળી ગોઠણ સુધી ઢળકતી ઝપાટા લેતી. પૂંછડાનો ઝૂંડો ઠેઠ પેનીએ અડતો હિલળતો ત્યારે લાગતું કે કોઈ અપ્સરા ધરતી માથે એક સાથે ત્રણ-ત્રણ વીંજણા ઢોળી રહી છે ! એની ચારે પગની પીંડીયું દૂધિયા રંગે નીતરતી. ભગવાન શ્રીહરિને પીઠ પર હુલસાવતી આ જોગણી અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળતી ! નાજા જોગિયા માણકીની તહેનાતમાં ખડેપગે રહેતા. પાણવીના પુંજા ડોડિયા હંમેશાં માણકી સારુ કાંટાકૂંટી કાઢીને સરાઉ ખડનું ભર ભરીને લાવતા. કુંડલાના રાઠોડ ભક્ત માણકી સારુ મોરડો ને હીરની દોરી ગૂંથતા.

કુંડલાના ભોજો લુહાર ચોકડું ને ભર બનાવતા. કચ્છના જણસારી સત્સંગી ભક્તો માણકી માટે મહામૂલો હીરગૂંથ્યો સામાન જાતે બનાવીને લાવતા. આ ભક્તો કોઈ ધન કે પદાર્થની આશા-અપેક્ષાએ નહીં પરંતુ એક ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા આવી અમૂલી ભેટ ધરતા ને ભગવાન શ્રીહરિનો હૈયાના રાજીપો લૂંટતા.

કચ્છના હીરજીભાઈ ગાદી, ખોગીર, દળી ને ઘાંસિયું - આ બધો સામાન તૈયાર કરી ઉત્તમ ચારજામો એટલે કે શેવટી ભરતા. તેમાં મખમલ ને મશરુના ગલેફમાં શેમળા ને આંકોલિયાના રેશમી રૂનો ખોલ ભરતા અને સોનાતારનું ગૂંથણ કરી વિવિધ ભાત્ય નિપજાવતા. આ શેવટી બનાવતા કુશળ કારીગરને પણ શેવટી ગૂંથતાં છ-છ મહિના નીકળી જાય ! જેમ સામાન્ય માણસના માથે રાજમુગટ પડે ને તરત એનાં દીદાર બદલાઈ જાય, તેમ આવી શેવટી સામાન્ય ઘોડા-ઘોડીની પીઠ પર મંડાય તો એની કિંમત અનેકગણી થઈ જાય.

માણકીની પીઠ પર એ સુંવાળી શેવટી મંડાતી કે એને અંગે અંગમાં ટાઢક વળી જતી. એના પર વરણાગી વાલમો બિરાજમાન થતા જ માણકી હેતને હિંસોરે હાવળું દેવા માંડતી. ડાબલા ખડતાળતી ઠમકવા લાગતી. માણકી ઘોડી પર માણીગર માવજી સવાર થતાં ત્યારે માણકીને એવી રીતે શણગારવામાં આવતી કે જાણે કોઈ રાજકુમારી ન હોય ! સ.ગુ. શ્રી કૃષ્ણાનંદ સ્વામી માણકીના શણગારનું મનોહર વર્ણન કરતાં કહે છે :

**શણગારી માણકી ઘોડી રૂપાળી, મોતીડે જડાવ અતિ સાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૧**
**સોનેરી પલાણ મોરડો મણિનો, રાજે હરિવર અસવાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૨**
**સુંદર મોતીડે ગૂંથી કેશવાળી, રત્ને જડિત કલંગી સાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૩**
**રત્નજડિત લગામ શોભે, ગ્રહી કરમાં ધર્મકુમાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૪**
**પચરંગી પાટનો જેર બંધ, પેંગડે હીરા જડ્યા સાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૫**
**ડૂમચીમાં રત્ન જડિયાં છે સારાં, પાયે ઝાંઝરનો ઝણકાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૬**
**થનથનથન ઘોડી ચાલ ચાલે છે, ગરુડનો મદ હરનાર રે; નીરખી નેણાં લોભાણાં...૦૭**
**તારામંડળમાં જેમ ચંદ્રમા શોભે, એમ શોભે અલબેલો રે; નીરખી નેણાં લોભાણાં...૦૮**
**કૃષ્ણાનંદ હરિ શોભાના સાગરવર, કેસરિયો રંગ રેલો રે; નીરખી નેણાં લોભાણાં...૦૯**

માણકી ઘોડીને માથે બબ્બે તો વાઘ રહેતી. ભડકવાની થાય ત્યારે ભગવાન શ્રીહરિ મોટી વાઘ તાણતા, જેથી તરત કાબૂમાં આવી જતી. ટૂંકી વાઘ બંને કાનસૂરી પાસે રહેતી. એ વાઘનો ઉપયોગ માણકીને વીજળી વેગે દોડાવવામાં કરતા. હીરગૂંથી લગામ કરમાં ગ્રહી માણકીની પીઠ પર માણીગર શ્રીહરિ સવાર થતાં વેંત ઝાડવે ઝાડવાં હિલોળા લેવા માંડતાં. ભક્તો ભગવાન શ્રીહરિની અલગારી અસવારી નીરખવા આંખ આડેથી પાંપણના પડદા ઊંચકી લેતા, હકડેઠઠ માનવ મેદની જામતી. ઝાલાવાડ, ગોહિલવાડ, પાંચાળ, સોરઠ-હાલાર ને ઠેઠ કચ્છથી લોકો દર્શને ઊમટતા. તેમાં પણ ઘોડાના પારખુંઓ, અસવારી કરી જાણનારાઓ તો ખાસ ગઢપુર આવતા.

મોહનવર શ્રીહરિને માણકી ખૂબજ વહાલી હતી, તો સામે માણકીને પણ મહારાજ સાથે અસાધારણ હેત હતું. ભગવાન શ્રીહરિ બહારગામ જવાના હોય ત્યારે નાજા જોગિયા શંખલાદિ પલાણ માંડી સોનેરી તારથી ગૂંથેલી લગામ ચઢાવી માણકી ઘોડીને શણગારી, તૈયાર કરીને દરબારગઢના ચોકમાં જ્યારે લઈ આવે ત્યારે મહારાજની રાહ જોતી માણકીના પગ ધરતી પર છબતા ન હોય. એવામાં નેતરની ફૂમકાવાળી સોટી લઈને આવતા ભગવાન શ્રીહરિને જુએ, તુરત જ હાવળો પર હાવળો દઈ આકાશમાંથી ઊતરી આવેલી અપ્સરાની જેમ માંડે હુંફળિયા ખાવા. મહારાજ પણ હેતથી માણકીને ખરેરો કરે, ચંદી ખવરાવે, ક્યારેક હેતથી 'માણકી' એમ

બોલાવે એટલે તુરત સામે હાવળ દઈ હોંકારા ભણે.

શ્રીજીમહારાજનો ઈશારો થતાં માણકી ધનુષમાંથી સનનનન... કરતાં છૂટેલા તીરની પેઠે છૂટતી. આકાશમાં ઊડતા ગરુડને પણ પળવારમાં પાછળ રાખી દેતી અને ચળકતી ચપળાની જેમ ક્ષણવારમાં તો ક્યાંય ક્ષિતિજમાં અદૃશ્ય થઈ જતી. ભગવાન શ્રીહરિ માણકી પર બિરાજમાન હોય અને ઘોડાની ઘૂમ્મરથી ઘેરાયા હોય ત્યારે ઉચ્ચૈશ્રવા પર બેઠેલા અને દેવોથી ઘેરાયેલા દેવરાજ ઈન્દ્ર પણ શરમિંદા બની જતાં.

ભગવાન શ્રીહરિની આજ્ઞાનો પડ્યો બોલ ઝીલવા હંમેશાં આતુર રહેતી, માણકી એક દિવસ મહારાજની આજ્ઞાની અવજ્ઞા કરે છે અને એ અવજ્ઞા કરવા પાછળનું કારણ જ આ કીર્તનપદનો ભેદ છે.

કીર્તનપ્રસંગના અનુસંધાનમાં જોઈએ તો ફૂલદોલોત્સવ ઊજવવા માટે વડતાલ જઈ રહેલા ભગવાન શ્રીહરિ માણકીએ ચડીને લગામ પકડીને પ્રસ્થાન માટે બિલકુલ તૈયાર છે. મહારાજે સૌને પ્રસ્થાન માટે તૈયાર થવા આદેશ આપ્યો છે અને મહારાજના આદેશ અનુસાર 'મુનિ વર્ણી પદાતી ને અસવાર' સૌ તૈયાર થયા છે. વાહન તરીકે ઘોડીઓ છે. સ્વામી માણકી ઉપરાંત ઘોડીઓનાં નામ આ પ્રમાણે આપે છે : **'કેસર બેરી બોદલી ને ફૂલમાળ, તાજણ તીખી વાંગળીનો ઘણો તાલ...'**

આમ, દાદાખાચરના દરબારમાં સૌ સજ્જ થઈને ચાલવાની તૈયારી કરે છે ત્યાં

**'પ્રેમી ભક્ત વિનતિ કરે દોડી દોડી, લોહચુંમક તુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી...'**

રાધા અને લક્ષ્મી જેવા પરમ એકાંતિક અને અનાદિ મુક્તની સ્થિતિવાન ગણાતાં, દાદાખાચરનાં બહેનો જીવુબા અને લાડુબા નહોતાં ઈચ્છતા કે મહારાજ એમને મૂકીને વડતાલ જાય. એથી એમણે પોતાની વૃત્તિ મહારાજની મૂર્તિમાં જોડી દીધેલી. પરમાત્મા તો પ્રેમવશ હોય છે. 'પ્રેમીજનને વશ પાતળિયો.' ટાગોરે કહ્યું છે તેમ 'For love is most free and at the same time most bound.' પ્રેમમાં સદંતર મુક્તિ છે અને એ સદંતર મુક્તિમાં જ એક પ્રકારનું સ્વૈચ્છિક બંધન છે !

ભક્તવત્સલ ભગવાન ભક્તાધીન થઈને આ સ્વૈચ્છિક બંધન ક્યારેક સ્વીકારે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ ભક્તાધીન થઈને આ સ્વૈચ્છિક બંધન આજે સ્વીકાર્યું છે. પ્રેમીભક્તોએ મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડી તેથી મહારાજમય બનેલી માણકી ઘોડીની ચિત્તવૃત્તિ પણ ખેંચાણી અને મહારાજની આજ્ઞા થવા છતાં તે આગળ ચાલી ન શકી. ત્યારે પ્રેમવશ પ્રભુએ ભક્તોને કહ્યું : **'આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી'**

પરમાત્માને પણ પ્રેમીભક્તોની આજ્ઞા માગવી પડે છે, એ જ બાબત બતાવી આપે છે કે ભગવાન ભક્તોના પ્રેમથી બંધાયેલા-ભક્તાધીન છે. મહારાજની મરજી જોઈ એટલે હરિનવમી પહેલાં 'વહેલા વળજો ગઢપુર' એમ કહી ભક્તોએ 'જાઓ પ્રભુ રામનવમી નથી દૂરી' કહી વિદાય આપી. આ પ્રસંગે પ્રેમાનંદ સ્વામી આ પ્રસંગના પ્રત્યક્ષ સાક્ષીરૂપ હજૂરી હતા.

આ કીર્તનનાં અન્ય ત્રણ પદો છે. તે પણ સંપ્રદાયમાં અતિ પ્રચલિત છે.

**પદ - ૦૨**

**વા'લમજી વે'લા વળજો ગઢપુર, વ્રતપુરી નથી દેશાંતર દૂર...ટેક૦**
**માણકીનો વેગ દેખ્યો સુણ્યો કોઈ, આકાશેથી તારો ખર્યો જાણ્યું જોઈ;**
**ગરુડ લાજ લોપી માણકીએ સોઈ...વાલમજી૦૧**
**મનવેગે ગાંફ જઈ રહ્યા રાત, સીંજીવાડે સ્વામી ગયા પરભાત;**
**હાં હાં કરતાં વડતાલમાં ગઈ વાત...વાલમજી૦૨**
**વ્રતપુરી હાલ કિલોલ આનંદ, સામૈયે ચાલો આવ્યા જગવંદ;**
**ભલે ભલે સ્વામી તમે સહજાનંદ...વાલમજી૦૩**
**વાજાં વાગે આવ્યા નારાયણ સ્વામી, સભા મધ્યે શોભે હેલી બહુનામી;**
**પ્રેમાનંદ કહે અક્ષરધામના ધામી...વાલમજી૦૪**

**પદ - ૦૩**

ડોલરિયો જમવા ઊઠ્યા રંગરેલ, માણીગર અળવ ભર્યો અલબેલ...ટેક૦
જમ્યા વ્હાલો સંતને પીરસવા આવ્યા, મોતીચૂર થાળ ભરીને મંગાવ્યા;
પંચ વાર ફર્યા સંતને હરાવ્યા...ડોલરિયો૦૧
પોઢ્યા વહાલો બંગલે જઈને સુખકારી, જાગ્યા સાંજે સભા કરી બહુ સારી;
ધન્ય ધન્ય બે આંબા અઘહારી...ડોલરિયો૦૨
જુગલ કુંડ રંગના કરાવેલ તાલ, ત્યાં તો શોભે ઊર્વી ઘણી રે વિશાળ;
આવ્યા સંઘ ઘણા ઘણા સાયંકાળ...ડોલરિયો૦૩
દર્શન બહુ આપ્યા તૈયેં સુખધામ, ઘોડે ચડી સંઘમાં ફર્યા ઘનશ્યામ;
પ્રેમાનંદ કહે બંગલે ગયા ભગવાન...ડોલરિયો૦૪

**પદ - ૦૪**

સવારે ગોમતી ગયા ભગવાન, રટે ત્રણ લોક નારાયણ નામ...ટેક૦
આજ રામનવમી જનનો હિલોળ, સતસંગી સર્વે કરે છે કિલોલ;
ગાન તાન ઉત્સવ ઝાંઝ ઝકોળ...સવારે૦૧
આવ્યા હેલી મંદિરમાં મતવાલો, સંતસભા મધ્યે શોભે ધર્મલાલો;
સતસંગી પૂજા કરવાને ચાલો...સવારે૦૨
પૂજા કરી આરતી ભક્ત ઉતારે, સંતસભા મૂર્તિ અંતરમાં ધારે;
રઢિયાળો લટકાં કરીને રીઝાવે...સવારે૦૩
દસ દિવસ જમી જમાડી સિધાવ્યા, વ્રતપુરવાસી ગઢપુર આવ્યા;
પ્રેમાનંદ કહે મોંઘે મોતીડે વધાવ્યા...સવારે૦૪

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ જન્માષ્ટમી-દશેરાના ઉત્સવ ઉજવ્યાં
## સં. ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૫)

સંવત ૧૮૭૨નું વર્ષ બેઠું. ગઢપુરમાં જ ભગવાન શ્રીહરિએ રથયાત્રાનો ઉત્સવ કર્યો. જન્માષ્ટમી નજીક આવતી હતી. આ વખતે જન્માષ્ટમીનો ઉત્સવ વડતાલ ઊજવવાનો ભગવાન શ્રીહરિનો વિચાર હતો, પરંતુ તે પહેલા સારંગપુર પધારવા જીવાખાચરનું આમંત્રણ હતું. તેથી ત્યાં જવાનું હતું. સાજસમાજ લઈને શ્રીહરિ ગઢડાથી નીકળ્યા અને સારંગપુર પધાર્યા. જીવાખાચરે મહારાજની સાથે આવેલા સંતો-હરિભક્તોની સારી આગતા-સ્વાગતા કરી. એક મહિનો સારંગપુર રોકાઈને શ્રીહરિ વડતાલ જવા માટે નીકળ્યા.

સુંદરિયાણા, ધંધુકા, ખસતા થઈને સવારે ખડોળ પધાર્યા. અહીં તળાવની પાળ પાસે વૃક્ષ નીચે ભગવાન શ્રીહરિએ ઉતારો કર્યો. વૈકુંઠાનંદ વર્ણી, નારાયણાનંદ વર્ણી અને રાઘવાનંદ વર્ણી મહારાજની સેવામાં હતા. મહારાજ તળાવમાં સ્નાન કરીને નિત્યવિધિ કરી સભામાં પધાર્યા.

અહીં એક હરિભાઈ નામના વિપ્ર સભામાં આવ્યા હતા. મહારાજે એમની ઓળખાણ પૂછતાં તેઓ વૈકુંઠાનંદ વર્ણીના સગા નીકળ્યા. સાથેના સૌ સંતો-હરિભક્તો સરળ ચિત્તવાળા વર્ણીના સ્વભાવ જેવા જ હરિભાઈને જોઈને પ્રસન્ન થયા. પછી શ્રીહરિએ હરિભાઈને કહ્યું : ''તમે આજે બાટી બનાવો તો તમારા હાથની રસોઈ અમે જમીએ.''

અકારણ મળેલી આવી દુર્લભ સેવાથી હરિભાઈના આનંદનો પાર ન રહ્યો. એમણે તરત જ રસોઈની તૈયારી શરૂ કરી દીધી. મહારાજે સભામાં સંતોને કીર્તન ગાવાની આજ્ઞા કરી. કીર્તન-ભક્તિ પૂરી થયા બાદ મહારાજે કથાવાર્તા કરી. ગામમાંથી દર્શને આવેલા હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી.

એવામાં રસોઈ તૈયાર થતાં હરિભાઈ વિપ્ર શ્રીહરિને બોલાવવા આવ્યા. મહારાજે રસોઈ જોઈ. બાટીની સાથે વૃંત્તાકનું શાક બનાવેલું. મહારાજ સ્નાન કરીને જમવા માટે બાજોઠ પર બિરાજમાન થયા. હરિભાઈ વિપ્ર થાળમાં બાટી અને શાક લાવ્યા. વર્ણી પાણીનો લોટો અને અબખોરો લઈ આવ્યા. મહારાજને જમતા દર્શન કરવા હરિભાઈ વિપ્ર સન્મુખ બેઠા. હજી મહારાજે જમવાની શરૂઆત કરી નહોતી. હરિભાઈ વિપ્ર સામે આવીને બેઠા એટલે મહારાજે બંને હાથે જમવાની શરૂઆત કરી. ડાબા હાથથી બાટી ને જમણા હાથથી શાક જમવા લાગ્યા. સાથેના કેટલાક હરિભક્તોને થયું કે, 'આ હરિભાઈ હજી નવા નવા છે. વળી, બ્રાહ્મણ છે, એટલે મહારાજની આ મનુષ્યચેષ્ટાથી એમને અવગુણ આવશે.'

પરંતુ હરિભાઈ તો એકીટશે મહારાજને બે હાથે જમતા જોઈ રહ્યા હતા.

જમી રહ્યા પછી શ્રીહરિએ ચળું કર્યું. મુખવાસ લેતાં લેતાં મહારાજે એમને થાળ આપ્યો અને પોતાની આ પ્રાકૃતિ ક્રિયામાં મનુષ્યભાવ ન લીધો એટલે રાજી થયા અને કહ્યું : ''જાઓ, તમારું કલ્યાણ અમે કરીશું.'' હરિભાઈને તો જાણે સહેજમાં મોજ મળી ગઈ !

**વિપ્રની દૃઢતા જોવા નાથે, જમવાને માંડ્યું બેય હાથે; ક્રિયા પ્રાકૃત દીઠી તે ઠાર, તોય સંશય ન થયો લગાર.**
**થયા શ્રીપ્રભુ તેથી પ્રસન્ન, આપ્યું કલ્યાણકારી વચન; પછી ચાલિયા સુંદર શ્યામ, પ્રભુજી ગયા પછિમ ગામ.**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૭/૫૫-૫૬)

ખડોળથી ભગવાન શ્રીહરિ પચ્છમ, કમિયાળા, બોરુ, ગણિયાણા, સીંજીવાડા, સોજીત્રા થઈને વડતાલ પધાર્યા. અહીં ગોસાઈ નારાયણગિરિની મેડીએ શ્રીહરિનો ઉતારો રાખ્યો હતો. દરરોજ શ્રીહરિ ત્યાંથી જમવા માટે વાસણ સુથારને ત્યાં જતા.

જન્માષ્ટમીના ઉપર વડતાલમાં આવીને રહ્યા. સંતો અને હરિભક્તોને પત્ર લખીને જે બોલાવ્યા હતા, તેમાં સર્વે સંતો પહેલા આવ્યા અને તેઓ શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિનાં દર્શન કરતા સંતોને તૃપ્તિ થતી ન હતી. સંતોને શ્રીહરિના ઉપર અત્યંત હેત હતું. શ્રીહરિનું મુખારવિંદ પૂર્ણચંદ્રના જેવું હતું અને સંતો ચકોરની જેમ શ્રીહરિનાં દર્શન કરતા હતા. શ્રીહરિ દર્શન આપતા અને જાતજાતના પ્રશ્નો કરતા હતા. પોતાના સંતોને સનાથ કરવા માટે અદ્‌ભુત વાતો કરતા હતા.

તે સમયે અવિનાશી શ્રીહરિ સભા કરીને ઊંચા આસને બેઠા. સર્વે સંતો પણ સભા કરીને શ્રીહરિ પાસે બેઠા. અને મનમાં પરમ આનંદ છાઈ રહ્યો. તે વખતે સંતો શ્રીહરિની પૂજા કરવા આવ્યા અને અલબેલા શ્રીહરિનાં અંગ ચરચવા માટે અત્તરની શીશી લાવ્યા. પછી સર્વ જગતના નાથ શ્રીહરિ મરક મરક હસતા થકા હાથમાં અત્તરની શીશી લઈને સંતો પાસે આવ્યા અને સંતોના નાક ઉપર અત્તર ચરચ્યું. ત્યારે સવારનો સમય હતો. જોબનપગીના ભવનના ચોક વચ્ચે સભા કરી હતી અને પ્રભુ શ્રીહરિએ કમર ઉપર

કંદોરો પહેર્યો હતો. બીજા હરિભક્તો કરતાં સુરતના જે હરિભક્તો પહેલા આવ્યા હતા, તેમણે ત્યારે સુંદર શ્વેત રંગનો સુરવાળ શ્રીહરિને પહેરાવ્યો. ચરણમાં ઝાંઝર અને તોડા ધરાવ્યાં. કમર ઉપર કંદોરો બંધાવ્યો. વિચિત્ર પ્રકારનું શ્વેત અંગરખું પહેરાવ્યું, તેની અતિશય શોભા થઈ હતી. મસ્તક ઉપર કસુંબલ રેટો બંધાવ્યો. બીજો રેટો ખભે રાખ્યો. ફૂલના તોરા મસ્તક ઉપર ધરાવ્યા અને બે ગુચ્છ બંને કાન ઉપર ધરાવ્યા. મોગરાના ફૂલના હાર છાતી ઉપર પહેરાવ્યા. તે સમયે જેટલા સંતો સભામાં હતા તે સહુને પણ એક એક મોગરાનો હાર શ્રીહરિએ આપ્યો. તેથી મોગરાના પુષ્પનો સુગંધ ચારે બાજુ છવાઈ ગયો હતો.

આ દરમ્યાન ગ્વાલિયરથી સુખાનંદ સ્વામીના બે ભાઈઓ વડતાલ આવ્યા અને શ્રીહરિનાં દર્શન કર્યાં. તે બંનેને શ્રીહરિએ પાસે બોલાવ્યા અને બધા સમાચાર પૂછ્યા. એમણે બધી વાત કરી.

### • સંતોની નાસિકાએ અત્તર ચરચીને ભગવાન શ્રીહરિએ કહ્યું : એક તમારા મુખનું જ પાણી રહેશે :

સુખાનંદ સ્વામીના તે બે ભાઈઓ શ્રીહરિને એકાંતમાં મળ્યા. અને કાયસ્થ શેઠ લાલાબાબુનો પત્ર આપ્યો. શ્રીહરિએ તે પત્ર ખોલીને પૂરો વાંચ્યો અને પછી બોલ્યા, "કરોડોપતિ ધનાઢ્ય મનુષ્યથી અમે અતિશય દૂર રહીએ છીએ. કારણ કે તેમની મરજી પ્રમાણે અમારાથી ક્યારેય વર્તી શકાય નહીં. તેથી તેના હિત માટે પ્રતિમા ઠીક છે. મૂર્તિ તેની ઇચ્છા મૂજબ ક્યારેય ન રહે છતાં તેમાં કુહેત થાય નહીં. તેમને મૂર્તિમાં એકસરખો ભાવ રહે. ઘણા લોકો કોઈ લૌકિક પદાર્થને માટે મૂર્તિમાં ઘણો ભાવ કરે છે, પણ કદાચ તે પદાર્થ ન મળે તો પછી ભાવ જરાય રહેતો નથી. લાલજી(બાલમુકુંદ) એના જે ગોસ્વામી છે તેને તે લાલજીમાં ઘણો ભાવ રહેતો દેખાય છે. જેવો સમય આવે તે પ્રમાણે તે ઉત્સવ પણ કરે છે.

તે ગોસ્વામી પોતાના શિષ્યોને મૂર્તિમાં ઘણો ભાવ દેખાડતા રહે છે, પણ તેના હૃદયમાં કોઈ બીજી જ જાતનો ભાવ હોય છે, તેનો ભાવ તેના વર્તનમાં દેખાઈ આવે છે. પરસ્ત્રીને ભોગવવા માટે તે અનેક વાતોનો યોગ રચે છે અને તેના જે શિષ્યો હોય છે, તે બધા તેને લાલજી માનીને સેવે છે. અને એમ કહે છે કે, લાલજી જેમ ચાહે તેમ કરે તેમાં લાલજીનો રતીભાર પણ દોષ નથી. વૈષ્ણવો લાલજીને જેટલું ધન આપે છે તેટલો તેનો મોક્ષ થાય છે. જે ભક્ત સ્ત્રીઓ તેમની જેવી સેવા કરે છે, તેવો તેનો મોક્ષ થાય છે અને જે લાલજીનો દોષ લે છે તે જમપુરીમાં જાય છે એમ પણ કહે છે.

તે લોકો આવી આવી વાતો કરીને લોકોને ભરમાવે છે અને પોતે તેનાથી વિરક્ત હોય તેમ દેખાડે છે. સત્સંગના જેવી શુદ્ધ વાતો આજ બીજા કોઈ મતમાં રહી નથી. જેટલાં મોક્ષભાગી મનુષ્યો છે, તેટલાં સત્સંગ કરે છે. વડોદરા શહેરમાં એક ગોસ્વામી હતા. તેની સ્ત્રી જ્યારે મરી ગઈ ત્યારે પોતાના લાલજી(બાલમુકુંદ)ને ગાળો દેવા લાગ્યા અને તેને કૂવામાં ફેંકવા ચાલ્યા. બીજા વૈષ્ણવોએ ગોસ્વામીના હાથમાંથી લાલજીને લઈ લીધા. આમ તેની જેવી સેવા-ભક્તિ હતી તે જાહેર થઈ ગઈ.

### ધનવાનોની લાક્ષણિકતા :

જેના હૃદયમાં જેવો ભક્તિભાવ હોય તે સમય આવે ત્યારે દેખાઈ આવે છે, પણ હરિભક્ત સિવાયના જે મનુષ્ય છે તેને દેખવામાં આવતું નથી. પોતાના મનમાં જે ધારી રાખી હોય તેટલી શિખામણ ગરીબોને અપાય છે, પણ જે કરોડપતિ ધનાઢ્ય છે તેને તેવી શિખામણ ક્યારેય આપી શકાતી નથી. કરોડપતિ તો આ લોકમાં વગર ઈશ્વર કહેવાય છે અને તે મોટા રાજાને પણ સહજ રીતે પકડી રાખે છે. આવી બધી વાત સ્પષ્ટ છે, છતાં તેને કોઈ ક્યારેય સમજતા નથી અને કોઈને ક્યારેય કહી શકાતું પણ નથી. આવી જે ખામી છે તે કહ્યા સિવાય બ્રહ્મા સુધીનાને પણ દેખાતી નથી. જીવપ્રાણીમાત્ર પોતાની જેટલી ક્રિયા છે તે સર્વેને નિર્દોષ દેખાડે છે અને આવી જ મનુષ્યની રીત રહી છે. જીવની હિંસા કરવી તેના સમાન બીજું કોઈ પાપ દેખાતું નથી, પરંતુ જે અમલદાર-સત્તાધીશ બને છે તેને જીવહિંસામાં રતીભાર પણ દોષ દેખાતો નથી.

જ્યાં સુધી તેને હિંસામાં દોષ દેખાતો નથી ત્યાં સુધી મનમાં ચાહે તેમ તે તરત કરે છે. આ દુનિયામાં જે અમલદારો અને અપ ાર ધનાઢ્યો હોય છે તેના મુખમાંથી નીકળેલાં વચન છે તે વગર ન્યાયે ન્યાય ગણાય છે. અમલદારો અને ધનાઢ્યો કરોડો છે, પણ તેમાંથી એકેય સત્સંગ કરતા નથી.

પ્રિયવ્રત, ધ્રુવ, પ્રહ્લાદ જેવા ભગવાનના ભક્ત અગાઉ થયા હતા. તે રીતના એક માણેકચંદ નામે ધનાઢ્ય વૈષ્ણવમાં સારા હરિભક્ત થયા હતા. મુમુક્ષુપણાની આ એક રીત છે કે ચાહે તેટલો ધનાઢ્ય હોય કે ચાહે તેટલો અમલદાર આ જગતમાં રહ્યો હોય, પણ તે ધન અને અધિકારને જે બંધન જાણે છે તેને જ સત્સંગ થાય છે. સત્તામાં અને ધનમાં જે મોટાઈ માની રહ્યા છે, તેવાને સત્સંગ થતો નથી. કારણ કે તેઓ દેહાત્મબુદ્ધિવાળા હોય છે અને આ બ્રહ્માંડમાં જેટલી મોટપ દેખાય છે, તે બધી કાળના કોળિયા છે, એમ

જે દેખે છે, એવા અમલદાર અને એવા ધનાઢ્ય જે હોય તે ક્યારેક ચોક્કસ સત્સંગ કરે છે.

પછી શ્રીહરિ કહે, જો સુખાનંદ સ્વામી હોત તો આપણે કાયસ્થને બોલાવત. હવે આવી જ ભાવનાની સાથે દેહનો ત્યાગ કરશે તો તે બીજો જન્મ હરિભક્તને ઘેર લેશે.' હરિભક્તના ઘરમાં જન્મ ધારણ કરીને જો સત્સંગ કરે અને નિયમ પાળે તો તે દેવતાઓ કરતાં પણ ઘણી અધિક વાત છે. હરિભક્તને ઘેર જન્મ લીધા પછી પણ જે સત્સંગ ન કરે, નિયમ-ધર્મ ન પાળે તો તે ચંદનના વનમાં બાવળિયા જેવો અતિ અભાગિયો છે. ભગવાનથી વિમુખના ઘેર દેહ ધારણ કર્યા પછી જે મનુષ્ય હરિભક્ત થાય છે તે તો બાવળના જંગલમાં ચંદનનાં વૃક્ષ જેવો ઉત્તમ ગણાય છે.

ભગવાનના ભક્ત સિવાયના જે લોકો છે તે તો બાવળના જંગલ જેવા છે. જેની આવી સાચી સમજણ હોય તે જ મનુષ્યની જાતિમાં રહ્યા છે. શ્રીહરિએ આ રીતની વાતો કરી. પછી સભામાં ગ્વાલિયર દેશમાંથી જે બે હરિભક્ત આવીને બેઠા હતા. તેમને શ્રીહરિએ તરત જ પરમહંસની દીક્ષા આપી અને બંનેના (રામાનુજાનંદ સ્વામી અને બાલમુકુંદાનંદસ્વામી) નામ પાડી દીધાં. તે બંને જે અત્તરની શીશી લાવ્યા હતા, તેના ઉપર આટલી વાત કરી.

તે અત્તર બધા સંતોની નાસિકા ઉપર ઘણા પ્રેમથી જ્યારે ચરચી ચોપડ્યું. આ વાત સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તચિંતામણી' ગ્રંથમાં લખી છે જે,

**ચર્ચી નાસિકા ને બોલ્યા નાથ, તમે સાંભળજો સહુ સાથ; બીજા ભેખ થાશે ધૂળધાણી, રહેશે તમારા મુખનું પાણી.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૧/૧૪)

સંતોની સભા પ્રત્યે શ્રીહરિ એમ બોલ્યા કે, તમારા સિવાયના જેટલા ભેખધારીઓ છે તેઓ ધર્મ-નિયમને રાખતા નથી અને નિયમ નહિ પાળવાથી તેઓ ધૂળધાણી થઈ ગયા છે. કેમ જે, તેમનું નિષ્કામીપણારૂપ નાક રહ્યું નથી. નિયમ-ધર્મોને પાળવાને લીધે એક તમારા સહુ સંતોનું નાક રહ્યું છે. અમૂલ્ય નિયમ-ધર્મ તમારા સહુનું ઘરેણું છે. સોનું, ચાંદી, સ્ત્રી અને સ્વાદુ ભોજન, તેમાં જેટલાં લાંછન કહેવાય છે, તે બધાં સહેજે જ રહ્યાં છે. ઉપર જે વસ્તુ કહી તેમાં સહેજે અવિશ્વાસ રહ્યો છે, એટલે તેના દોષોનો વિચાર કરીને તમને તે બધી વસ્તુનો ત્યાગ કરાવ્યો છે. તે ચારે વસ્તુમાં સૌથી અધિક બંધન અને ભય રહ્યો છે. અને એટલા માટે જ તે વસ્તુઓનો ત્યાગ કરાવીને તમને અપાર નિર્ભય કર્યા છે.

**પછી સંતે કર્યાં ગુણગાન, તેને સુણી રીઝ્યા ભગવાન; આપી માથેથી સોનેરી મોળ, કાજુ કસુંબી રંગે ઝકોળ.**
**તે તો હરિએ લીધી છે હાથે, મેલી મુક્તાનંદજીને માથે; બીજા પાસે હતા જે મરાળ, તેને આપિયું ફૂલની માળ.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૧)

પછી સંતો સરોદ, દોકડ, સિતાર ઇત્યાદિ વાજિંત્રો વગાડીને કીર્તનગાન કરવા લાગ્યા. તે કીર્તનગાન સાંભળીને ભગવાન શ્રીહરિ ઘણા રાજી થયા અને માથા ઉપરથી પાઘ ઉતારીને આપી દીધી. તે સોનેરી કસુંબી પાઘ મુક્તાનંદ સ્વામીને ઓઢાડી દીધી. પછી કોઈ હરિભક્ત કેવડાની ટોપી બનાવીને લાવ્યા હતા, તે શ્રીહરિના મસ્તક ઉપર પહેરાવી. અને કેસરયુક્ત ચંદન શ્રીહરિના લલાટમાં ચરચ્યું અને ફૂલના મોટા હાર પહેરાવ્યા તથા ફૂલનાં બાજુબંધ અને પહોંચી બંને હાથે બાંધ્યાં. મુક્તાનંદ સ્વામી ઉપર શ્રીહરિએ રાજી થઈને તેમના મસ્તક ઉપર કેવડાની ટોપી પહેરાવી દીધી. કારણ કે સ્વામી ઉપર શ્રીહરિને ઘણો સ્નેહ હતો. બીજા સંતો કે જેઓ કીર્તનગાન કરતા હતા, તે બધાને સર્વજ્ઞ એવા ભગવાન શ્રીહરિએ ફૂલના હાર આપ્યા.

### સુરતી ભક્તોએ શણગાર પહેરાવ્યો :

તે પછી સુરત બંદરના જે હરિભક્તો બધા આવ્યા હતા, તેઓ બધા શ્રીહરિને પગે લાગ્યા. સહુના હૃદયમાં ઘણો જ પ્રેમ છવાયેલો હતો. તેઓ સોનાનાં હાર, કડાં, બાજુબંધ, વેઢ અને કુંડળ વગેરે ઘરેણાં લાવ્યા હતા. તેમણે શ્રીહરિની સન્મુખ આવીને સુરવાળ, જરિયાની જામો અને શાલ શ્રીહરિને ઓઢાડી. અગરબત્તીનો ધૂપ કર્યો, દીવો પ્રગટાવ્યો અને કપૂરની આરતી કરી. પૂજાના જેટલા ઉપચારો હતા તે લઈને ભક્તોએ પ્રાણઆધાર શ્રીહરિની પૂજા કરી અને તે પછી બંને હાથ જોડી, શ્રીહરિના ચરણકમળમાં મસ્તક નમાવ્યું. સંતોએ વડતાલમાં તળાવના પૂર્વ કિનારે જે આંબાનું વૃક્ષ હતું, તેની ડાળે અદ્‌ભુત હિંડોળો બાંધ્યો. છેલછબિલા શ્રીહરિ આવીને તે હિંડોળા ઉપર બેઠા. અત્યંત પ્રેમભાવથી તેમાં ઝૂલવા લાગ્યા અને તે વખતે શ્રીહરિએ પાઘ ઉપર છોગાં મેલ્યાં હતાં. તે વખતે બધા સંતો અને હરિભક્તો તથા સંન્યાસીઓ આવ્યા.

તેમની ત્યાં અદ્‌ભુત સભા થઈ. તે ઘણી શોભી રહી હતી. જે જે ધામમાં સંતો અને હરિભક્તોની જે સભા થતી હતી તેના કરતાં આ સભા ઘણી વધારે શોભતી હતી.

## • શ્રીહરિએ સંતોને જમાડ્યા પછી વિવિધ પ્રકારે સંતોને સુખ આપ્યું :

વડતાલમાં છેલછબીલા શ્રીહરિ ભીનેવાને હિંડોળામાં શોભતા હતા. પછી જ્યારે સંતો ગરબી ગાવા લાગ્યા ત્યારે શ્રીહરિ તેમની સાથે તાન તોડતા હતા. હાથથી તાળી પાડીને સુંદર રીતે લટકાં કરતા હતા. કોઈ દી ન દેખ્યા હોય તેવાં લટકાં જોઈને દર્શન કરનારની છાતી ઠરતી હતી. જ્યારે ગરબી બોલાતી હતી ત્યારે શ્રીહરિ હિંડોળાની બંને થાંભલી પકડી ઊભા હતા અને બંને પગે કરીને હિંડોળાને ઠેલ દીધો એટલે હિંડોળો ચાલવા લાગ્યો. ધર્મના લાલ આ રીતે જ્યારે હિંડોળામાં ઝૂલતા હતા ત્યારે ભક્તજનો 'જય જય' 'જય જય' એવું બોલતા હતા. આ રીતે ભક્તવત્સલ ભક્તપ્રતિપાલક શ્રીહરિ ભક્તોને નિત્ય નવાં નવાં સુખ આપતા હતા.



શ્રીહરિ આવી અપાર લીલાઓ કરતા હતા અને તે વખતે વિવિધ પ્રકારનાં અપાર વાજિંત્રો વાગતાં હતાં. ભક્તજનો શ્રીહરિનાં વારંવાર દર્શન કરતા હતા. દર્શન કરતા સહુને ઘણો જ આનંદ વધતો હતો. શ્રીહરિને રાજી કરવાને માટે સંતોએ સરોદ અને દોકડ વગેરે વાજિંત્ર લીધાં. અને કોઈ ભાતનાં કીર્તનગાન કરવા લાગ્યા. ત્યારે તે સંતોને શરીરની પણ કાંઈ સૂધબૂધ રહી ન હતી. સંતો તે વખતે તાલની સાથે નાચવા લાગ્યા. ત્યારે ધર્મકુમાર શ્રીહરિ પ્રસન્ન થયા.

પછી શ્રીહરિ પ્રત્યેક સંતને બાથમાં લઈને ભેટ્યા. આવું સુખ કદાચ ક્યારેય નહિ આપ્યું હોય. તે સમયે સંતો ચંદન ઘસીને લઈ આવ્યા. મહાપ્રભુને તે ચંદન ચરચ્યું. ચંદન ચરચ્યા પછી ઘણા પ્રેમથી સહુએ એક એક ફૂલનો હાર પહેરાવ્યો. ચરણો ઉપર ચંદન ચરચ્યું. પછી એક એક સંત આવીને તે ચરણોને છાતીમાં ચાંપતા હતા. કેટલાક સંતો તો છાતી અને મસ્તક ઉપર ધારણ કરતા હતા અને કોઈ તો છાતી, મુખ અને શિર પર ચરણને ધારતા હતા.

કેટલાક સંતો તો શ્રીહરિનાં ચરણોને બે વાર, ત્રણ વાર કે ચાર વાર છાતીમાં લેવા લાગ્યા. અવસર જોઈને સંતો ચરણને લેતા હતા. યોગ્ય સમય વિના તો તે ચરણ અત્યંત દુર્લભ રહેતાં. શ્રીહરિની મરજી વિના વારંવાર આવાં ચરણ મળતાં નથી અને મરજી હોય ત્યારે તો શ્રીહરિ સામેથી બોલાવીને ચરણ આપતા હતા. આવી તો કેટલીએ રમૂજ કરતા. તેનો કહ્યે પાર આવે તેમ નથી. વિવિધ પ્રકારની રમૂજમાં દિવસ પસાર થઈ જતો હતો. તેમાં શોકને તો ક્યારેય માગ જ મળતો નહીં. શ્રીહરિને પોતાના ભક્તોને આજ્ઞામાં વર્તાવતા જેવું આવડતું તેવું તો બીજા કોઈ શીખે તોપણ આવડે નહીં.

શ્રીહરિની મૂર્તિ અલૌકિક આનંદ અને સુખરૂપ હતી. માનો તે ઉત્તમ રસ, ઉત્તમ ગંધ, ઉત્તમ શબ્દ, ઉત્તમ સ્પર્શ અને ઉત્તમ રૂપનું સાક્ષાત્ સ્વરૂપ બનેલું હોય તેવી આ મૂર્તિ હતી. ભગવાનની મૂર્તિ વિનાનાં જેટલાં સુખ, જેટલો આનંદ તથા મૂર્તિના સંબંધ સિવાયનાં જે જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ છે, તે બધાં જીવ વિનાના દેહ જેવાં છે. જેને ભગવાનની મૂર્તિનો સંબંધ થયો હોય તેને તે દેખાય છે. ભગવાનની મૂર્તિ જ એવી છે કે અનંત બ્રહ્માંડમાં જે જે સાર કહેવાય છે તે મૂર્તિમાં સહેજે આવીને રહે છે. આવી જ શ્રીહરિની મૂર્તિ છે. ઉપર કહ્યા પ્રમાણે સંતો જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ હતી. પછી શ્રીહરિ પહેલા થાળ જમ્યા અને તે પછી સંતોની પંગત કરાવી. માનો માનસરોવરમાંથી હંસો આવ્યા હોય તેવી સંતોની પંગત સોહામણી લાગતી હતી. સંતો એક એકથી અધિક શોભતા હતા અને મુખથી 'સ્વામિનારાયણ' આવું નામ ઉચ્ચારતા હતા. દેવોને પણ દર્શન કરવાનું મન થાય એવી દિવ્ય સંતોની પંક્તિ શોભતી હતી.

**જાણે બેઠી છે હંસની હાર, એક એકથી ઓપે અપાર; પછી મોદક લઈ મહારાજ, આવ્યા પ્રભુ પીરસવા કાજ.૨૮**
**જમે જન જમાડે જીવન, બહુ ભાત્યનાં લાવી ભોજન; એમ આપે છે સુખ અપાર, તેનો કહેતાં આવે કેમ પાર.૨૯**

**આપ્યાં સુખ જનને જીવને, શ્રાવણ વદિ અષ્ટમીને દને; તે દિ' કર્યો છે ઉત્સવ વા'લે, કરાવ્યો જોબન વરતાલે.૪૦**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૧)

પછી મહારાજાધિરાજ શ્રીહરિ હાથમાં લાડુ લઈને પંગતમાં પીરસવા આવ્યા. જ્યારે એકવાર પીરસી રહ્યા ત્યારે સંતોને જમવા માટેની આજ્ઞા કરી. સંતો જ્યારે જમવા લાગ્યા ત્યારે શ્રીહરિ ફરીને પીરસવા માટે પંગતમાં ફરવા લાગ્યા. ઘણી જાતનાં ભોજન કરાવ્યાં હતાં, તે સંતોને જમાડીને શ્રીહરિ રાજી થયા. શ્રીહરિની સાથે જે પાર્ષદો અને કાઠી હરિભક્તો હતા, તે બધાને પણ જમાડ્યા. આ રીતે શ્રીહરિ પોતાના આશ્રિતોને અપાર સુખ આપતા હતા. તેનો કહેતા પાર આવતો નથી.

હરિભક્તો પોતાના તરફથી જે થાળ કરાવતા હતા, તેને પરમ દયાળુ શ્રીહરિ જમતા હતા અને પછી સંતોને પણ જમાડતા હતા. આ રીતે પોતે અલૌકિક લીલા કરતા હતા. સંતો જ્યારે જમીને બેઠા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. ત્યાં સંતોની સભા કરી.

## • પોતાને અક્ષરરૂપ માનીને પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરવી :

પછી સભા વચ્ચે શ્રીહરિ આવીને બેઠા. સંતોમાં કેટલાક તો ઘણા શૂરવીર હતા. શ્રીહરિએ કહ્યું, આત્માનંદ સ્વામીની જેમ કઠિન વ્રતમાનમાં જે પૂરા રહેતા હોય તે બોલો. ત્યારે બધા સંતો બે હાથ જોડીને ઊભા થયા અને મસ્તક નમાવીને બોલ્યા, હે સ્વામી ! હે નાથ ! આપ જેમ કહેશો તેમ અમે કરશું. આપે અમને ઘણા શરીર આપ્યાં હતાં, પણ તેમાંથી કોઈ આપની સેવામાં ઉપયોગી ન થયાં. હવે તો અમે આ શરીર આપને અર્પણ કરી દીધું છે. માટે આ શરીરમાં અમે કોઈ જાતની લાલચ રાખતા નથી. આપે અમારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે, જેનો કહેતા પાર આવે તેમ નથી. હવે અમે દૃઢ નિર્ધાર કર્યો છે કે, જેમ આપ કહો તેમ અમારે કરવું છે. આપ જે રીતે અમારા ઉપર રાજી રહો તે રીતે અમારે દૃઢપણે કરવું છે. કેમ જે, આપને અમારું સર્વે પ્રકારે હિત કરવાનું જ તાન રહે છે.

આપનું અમારા ઉપર જે હિત કરવાનું તાન છે, તેને અમે આપની પ્રસન્નતા માનીએ છીએ. આપ જેમ વર્તાવો તેમ અમારે વર્તવું છે. બીજા કોઈને આવો યોગ મળ્યો નથી ! જ્યારે તમારી અતિ કૃપા થાય છે ત્યારે જ તેને આવો યોગ મળે છે. જે રીતે મન કહે તે રીતે તો અમે અનેક યુગ સુધી કરતા રહ્યા છીએ. મનનું ધાર્યું કરવાનું ફળ જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીમાં ફરવાનું મળ્યું છે. જો અત્યારે પણ તમે મળ્યા ન હોત તો ઉપર કહ્યું એવું ને એવું જ ફળ ફરી મળવાનું હતું. આપે જ કૃપા કરીને અમારા જન્મ-મરણ આદિકનો નાશ કરી દીધો છે. માટે હવે આપ જેમ કહેશો તે પ્રમાણે અમે ઉત્સાહથી કરશું. હે બહુનામી સ્વામી ! આપ અમારું હિત જ કરો છો, એમ અમે સમજીએ છીએ.

જ્યારે સંતો એમ બોલ્યા ત્યારે શ્રીહરિ ઘણા રાજી થયા. શ્રીહરિએ કહ્યું, જેટલા શૂરવીર સંતો છે તે અમને અત્યારે ઓળખાયા. તમે બધા સંતો સાચું જ બોલ્યા છો. તેથી તે અત્યારે સ્પષ્ટપણે દેખાય છે. તમે સહુ એક એકથી અધિક છો, તેમ અમે સમજીએ છીએ. અમે તમને સહુને એક વાત કહીએ છીએ કે તમે દેહ નથી, તમે તો આત્મા છો. તમે પોતાના આત્માને ચૈતન્યરૂપ જાણો. દેહ તો દુઃખનો કૂવો છે. ચૈતન્યને હિસાબે જડ ચેતન દેખાય છે. જ્યારે ચેતન આત્મા નીકળી જાય છે ત્યારે જડ શરીર જડ જ રહે છે. જ્યારે તેમાંથી ચેતન આત્મા નીકળી જાય છે ત્યારે પડ્યા રહેલા જડ શરીરમાં કોઈને મોહ થતો નથી.

શ્રીહરિ કહે, કોઈ વ્યક્તિમાં ચાહે તેવું રૂપ હોય, કોઈ ગમે તેવો ધનવાન હોય, ગમે તેવો સત્તાધીશ હોય, કોઈ ગમે તેવો બુદ્ધિમાન હોય કે, ગમે તેવો કલા-ઉદ્યોગમાં કુશળ હોય, જે કાંઈ ગુણ છે તે આત્મા ભેગા જ રહ્યા છે. જડ શરીરમાં તો જડતા રહી છે, આવું પ્રસિદ્ધ દેખાય છે. માટે હે સંતો ! તમે જડ દેહને જડરૂપ સમજો અને આત્માને અનુપમ ચેતનરૂપ સમજો. વર્ણાશ્રમની જેવી દૃઢતા છે તેવી આત્માને સમજવાની અર્થાત્ માનવાની દૃઢતા કરો. શ્રીહરિ આ રીતે રોજ વાતો કરતા હતા. તેવામાં જન્માષ્ટમીનો દિવસ આવી ગયો. તે વખતે દેશદેશના હરિભક્તો વડતાલ આવ્યા હતા.

## • વડતાલમાં જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવ્યો :

**કૃષ્ણજન્માષ્ટમી દિન આવ્યો, ત્યારે સમૈયો સારો ભરાવ્યો; ભલા સુરતના ભક્ત આવ્યા, તાવદાન ભલું ભેટ લાવ્યા.**
**તેમાં બેસીને વિશ્વવિહારી, ચાલ્યા નાવા સજી અસવારી; ધન્ય ધન્ય તે ધના તળાવ, નાયા જે વિષે નટવરનાવ**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૭/૬૩-૬૪)

સંવત ૧૮૭૨ જન્માષ્ટમીને દિવસ થયો. કોઈ પ્રેમી ભક્તને પ્રેમમાં ને પ્રેમમાં હરિવર માટે કેવડો હિંડોળો બનાવાય તેનો ખ્યાલ ન રહ્યો. તેથી નાનો બનાવ્યો અને આંબો પણ પાંચ વર્ષનો નાનો હતો. પરંતુ મહારાજ તેનો ભાવ સમજી ગયા અને તરત જ જેવડો હિંડોળો હતો તેવું નાનું સ્વરૂપ ધારી લીધું. આ જોઈ સહુ ભક્તોને ખૂબ આનંદ થયો.

**આંબે હિંડોળો બાંધ્યો તે ઠામ, ઝૂલ્યા ત્યાં બેસી સુંદરશ્યામ; હતો હિંડોળો નાનો હે ભૂપ, નાથે ત્યાં ધર્યું નાનું સ્વરૂપ.**

**જોઈ જનમન વિસ્મિત થાય, જાણ્યો શ્રીહરિનો મહિમાય; એવાં પાવનકારી પવિત્ર, કરે નાથ વિચિત્ર ચરિત્ર.**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૭/૬૬-૬૭)

સુંદર સભા થઈ હતી. ત્યારે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. સંતો ઝાંઝ, મૃદંગ લઈને ઉત્સવ કરવા લાગ્યા અને તેમાં શ્રીકૃષ્ણજન્મનાં પદ ગાતા હતા. શ્રીહરિ રોજ ધનાતલાવડીમાં જઈને સંતો અને હરિભક્તોની સાથે સ્નાન કરતા હતા અને તેને પરમ તીર્થરૂપ કરી હતી. શ્રીહરિ જ્યારે વલાસણ ગામથી આવ્યા ત્યારે સંતો અને હરિભક્તોએ સહિત ટાડણ તળાવમાં નાહ્યા હતા. જન્માષ્ટમીને દિવસ જે જે હરિભક્તો આવતા હતા, તે બધા શ્રીહરિને માટે વસ્ત્ર અને આભૂષણ લાવતા રહેતા હતા. પછી તેમણે ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી.

આ વખતે સંતોએ મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! અમે આપના સારુ જ્ઞાનબાગમાં આંબલા પર એક હિંડોળો તૈયાર કર્યો છે. આપ આજે શ્રીકૃષ્ણ જન્મ સમયે ત્યાં ઝૂલવા પધારજો."

**જ્ઞાનબાગે આવ્યા ગિરધારી, ઝુલ્યા હીંડોળે વિશ્વવિહારી; સૌએ હીંડોળામાં તેહ વાર, દીઠો અકળિત તેજઅંબાર.**
**જાણે એ જ છે અક્ષરધામ, દેખે તે રીતે લોક તમામ; તેજમાં દિસે મૂર્તિ અનૂપ, પુરુષોત્તમ પ્રગટ સ્વરૂપ.**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮/૫-૬)

સંતોનો ભાવ જોઈ ભગવાન શ્રીહરિ મધ્યરાત્રીએ ત્યાં આવીને ઝૂલ્યા. હિંડોળામાં તેજનો અંબાર દીઠો. જાણે અક્ષરધામ પ્રત્યક્ષ હોય તેવા સર્વેને દર્શન થયા. આ તેજમાં પ્રગટ પુરુષોત્તમની અનૂપ મૂર્તિ નિહાળી. આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. તે સૌના દૃષ્ટિગોચર થઈ. બ્રહ્માનંદ સ્વામી કહે, "આ પુષ્પવૃષ્ટિ ક્યાંથી થઈ રહી છે ?" શ્રીહરિ કહે : "દેવો દર્શને આવ્યા છે. તેઓ પુષ્પથી વધાવે છે." આ પ્રકારનું આશ્ચર્ય નિહાળી નરનારી વિસ્મય પામ્યા. પ્રગટ ભગવાન શ્રીહરિનો મહિમા સમજ્યા.

પછી સંતોએ આરતી-પૂજા કર્યા. હિંડોળાને ફરતો રાસ રચી સંતોએ ગરબીની રમઝટ બોલાવી. અધરાત થઈ ત્યાં સુધી ભક્તો પૂજા કરતા રહ્યા હતા અને સંતોએ આખી રાત ઉત્સવ કર્યો હતો.

નવમીને દિવસ હરિભક્તોએ શ્રીહરિ અને સંતોને પારણાં કરાવ્યાં. એકાદશીનો ઉત્સવ પણ વડતાલમાં કર્યો. જેઓ ફરાળ કરતા હતા, તેમને તે દિવસે ફરાળ કરાવ્યું. પછી બારસના દિવસે પ્રથમ સુરતના હરિભક્તોની રસોઈ જમ્યા. પછી એક દિવસ કાનમના હરિભક્તોએ રસોઈ કરાવી. અને એક દિવસ વડોદરાના હરિભક્તોએ રસોઈ આપી. તે પછી એક દિવસ ચરોતરના હરિભક્તોએ સુંદર રસોઈ કરાવી. અને પછીના એક દિવસ અમદાવાદના હરિભક્તોએ રસોઈ હેતથી આપી હતી. વળી, જેતલપુર અને ગામડી ગામના જે હરિભક્તો આવ્યા હતા તેમણે એક દિવસ રસોઈ કરાવી. તે સર્વે ભક્તોની રસોઈ શ્રીહરિ અને સંતો ઘણા હેતથી જમ્યા હતા.

વિશનગરના બધા હરિભક્તોએ રસોઈ આપી અને એક દિવસ દંઢાવ્ય(ઉત્તર ગુજરાત)ના હરિભક્તોએ રસોઈ આપી. જે દિવસે જે હરિભક્તોની રસોઈ હોય, તેઓ તે દિવસે ઘણા ભાવથી શ્રીહરિની પૂજા કરતા હતા. કેસરયુક્ત ચંદન અને અપરંપાર ફૂલના હાર લાવતા હતા. શ્રીહરિને અત્યંત ભાવથી પૂજીને અલભ્ય લાભ લેતા હતા અને જે હરિભક્તને જેવો મનોરથ હોય તે રીતે તેઓ શ્રીહરિની પૂજા કરતા હતા. તે સહુ ધૂપ અને દીવો કરીને કપૂરની આરતી કરતા હતા. પછી સહુ ભક્તો પ્રેમભાવથી સ્તુતિ કરીને મનમાં ખૂબ જ પ્રસન્ન થતા. પછી ભક્તોએ સંતોને ચંદનની અર્ચા કરી, ફૂલના હાર પહેરાવ્યા. પછી પ્રેમભાવથી વસ્ત્રો ઓઢાડ્યાં અને પોતાનો જન્મ સફળ કરી લીધો.

શ્રાવણ વદિ છઠથી લઈને વદિ ચૌદશ સુધી રસોઈઓ લીધી. અને પછી શ્રીહરિએ સંતોને સત્સંગમાં વિચરવા માટે રજા આપી. આ રીતે શ્રીહરિએ વડતાલમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. આ જન્માષ્ટમીનો ઉત્સવ વડતાલમાં જોબનપગીએ કરાવ્યો હતો.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૧૦ થી ૧૪)

ભાદરવા સુદ ચોથના દિવસે ભગવાન શ્રીહરિએ જનોઈ બદલી. થોડા દિવસ પછી જળઝીલણી એકાદશી આવી એટલે શ્રીહરિએ સૌને તાડણ સરોવર પર જવા આજ્ઞા કરી. પોતે પણ ઘોડે બેસીને ત્યાં પધાર્યા. મહારાજે વસ્ત્રો બદલી સરોવરમાં ઝંપલાવ્યું. સૌ સંતો પણ સાથે નાહવા પડ્યા અને સરોવરમાં મહારાજને વીંટળાઈને ગોળ કુંડાળામાં રહી કીર્તનો બોલવા લાગ્યા. મહારાજ પણ તાળી વગાડતાં કીર્તનો ઝીલતા હતા. આમ, ઘણીવાર સુધી જળક્રીડા કર્યા બાદ સૌ બહાર આવ્યા. કોરા વસ્ત્રો પહેરી મહારાજ પાછા ગામમાં નારાયણગિરિની મેડીએ ઉતારે પધાર્યા.

બીજે દિવસે જોબનપગીએ ભગવાન શ્રીહરિને વિનંતી કરી : "મહારાજ ! આ વખતે દિવાળી-અન્નકૂટ વગેરે ઉત્સવો અહીં જ કરો."

ભગવાન શ્રીહરિ જોબનપગીની ભાવના અને ઉત્સાહ જોઈ રાજી થયા, પરંતુ ગઢડાના વાસીઓનો અંતરનો પુકાર મહારાજને

ખેંચતો હતો. ગઢડાથી નીકળ્યા બાદ લગભગ ત્રણેક મહિના થઈ ગયા હતા. એટલે મહારાજે જોબનપગીને કહ્યું : ''પગી ! એ ફરી કોઈક વાર. ગયા વખતે અન્નકૂટનો ઉત્સવ અહીં વડતાલામાં જ કર્યો હતો. અત્યારે તો શરદપૂનમ કરીને ગઢડા જવાનો વિચાર છે. તમારો ભાવ છે તો તે જરૂર પૂરો થશે.''

જોબનપગીને પણ દાદાખાચર અને જીવુબા-લાડુબાના ભાવની ખબર હતી. એણે કાંઈ વધુ આગ્રહ ન કર્યો : ''ભલે મહારાજ ! અમારે આપ રાજી થાવ એમ કરવું છે.'' જોબનપગીની સરળતા જોઈ ભગવાન શ્રીહરિ પ્રસન્ન થયા.

## • વડતાલમાં દશેરાના ઉત્સવમાં કાઠીઓએ પોતાની અશ્વકળા મહારાજને બતાવી :

દશેરાના દિવસે શમીપૂજન કરવા માટે ભગવાન શ્રીહરિ નીકળ્યા. શ્રીહરિએ ભારે ભારે વસ્ત્રાભૂષણ પહેર્યાં હતા. મહારાજની સાથે સૌ ધારાળા તીર-કામઠાં ધારીને ચાલતા હતા. બામરોલી, મહુડીયાપરા, નરસંડા, વલાસણ વગેરે આસપાસનાં ગામોના હરિભક્તો આવ્યા હતા. કાઠી દરબારો પણ હથિયાર ધારણ કરીને ઘોડા ખેલાવતાં સાથે ચાલતા હતા. મોભદાર પાટીદારો પણ શણગારેલા ઘોડે ચડીને ભગવાન શ્રીહરિની સવારીમાં અભિવૃદ્ધિ કરતા હતા. આખી સવારી ધારૂ તળાવે આવી. હાલ જ્યાં છત્રી છે ત્યાં મહારાજ અને સૌ સંતો-હરિભક્તો બેઠા.

એટલામાં ભગવાન શ્રીહરિની પાસે એક કાઠી દરબાર આવ્યા. એણે શ્રીહરિને હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! આપની આજ્ઞા હોય તો અમે અમારા ઘોડાના ખેલ દેખાડીએ.'' મહારાજે હસીને હા પાડી. સૌ કાઠી દરબારો તૈયાર થઈ ગયા. ઘોડાની રમતો એમના લોહીમાં હતી. શ્રીહરિ આ રીતે પણ એમને પોતામાં વધુ હેત થાય એવો ઉપાય કરતા, જેથી તેઓ ભગવાનના માર્ગે વધુ આગળ વધે. કાઠી દરબારો ઘોડા ખેલાવવા મંડી પડ્યા.

**ખૂબ કાઠીએ ખેલાવ્યાં ઘોડાં, કોઈ એકલાં કોઈ સજોડાં; જેમ વીજળી આવે ને જાય, ઘોડાં દોડતાં એમ દેખાય.**
**કોઈ અસ્વાર દોડે છે અળગા, કોઈ તો એક એકને વળગ્યા; દડો ફૂલનો નાખે અગાડી, દોડતે ઘોડે લે છે ઉપાડી.**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮/૨૨-૨૩)

કોઈ એકલા તો કોઈ સજોડા ઘોડા ખેલાવવા લાગ્યા. જેમ આકાશમાં વીજળી થતી હોય ત્યારે પલકારાંમાં અદૃશ્ય થઈ જાય તેમ કાઠીઓ પણ ઘોડા દોડાવતાં હતાં. આગળ ફૂલનો દડો નાખે અને મારતે ઘોડે આવીને ઘોડા પરથી જ જમીન પર પહેલો દડો ઉપાડી લે. ભગવાન શ્રીહરિ કાઠીઓની આવી ચપળતા જોઈને રાજી થયા. જેની અસવારી ઉત્તમ હોય તેનાં મહારાજ વખાણ કરતા.

પછી ત્યાંથી ઉત્તર દિશામાં રહેલા ખીજડાનું પૂજન કરવા ભગવાન શ્રીહરિ પધાર્યા. ગોર ડાહ્યા તથા મહેતા વનમાળીએ પૂજા કરાવી. શ્રીહરિએ ત્યાં વિપ્રોને દાન આપ્યાં અને સભા સ્થળે પાછા પધાર્યા. અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થી સંતોએ સંસ્કૃતમાં શ્લોકોનું ગાન કર્યું. એ સાંભળી ભગવાન શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. થોડીવાર સુધી ત્યાં શાસ્ત્રચર્ચા પણ કરાવી. પછી સંધ્યા સમયે સૌ ગામમાં આવ્યા.

ભગવાન શ્રીહરિની સવારીની શોભા નિહાળવા વડતાલના વાસીઓ આવ્યા હતા તેનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :

**અસ્વારી અવલોકવા બહુજનો એ સ્થાન આવી અડ્યા, જગ્યા ત્યાં ન જડી ઘણા જન મળી પ્રત્યેક ઝાડે ચડ્યા;**
**સ્રષ્ટાના મનનો શું ગર્વ હરવા જાણે સ્વ ઇચ્છા ધરી, માટે માણસ કેરિ કશ્યપમુની વૃક્ષેથિ સૃષ્ટી કરી.**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૮/૨૮)

અસવારી નિહાળવા બહુજનો આવ્યા. જગ્યા નહિ મળવાથી વૃક્ષ પર ચડ્યા. બ્રહ્માનો ગર્વ હરવા વૃક્ષ પરથી સુમન વૃષ્ટિ કરી. શ્રીહરિ ઉતારે પધાર્યા. સૌને બાથ ભીડી ભેટ્યા. પુરવાસીઓ ઘેર ગયા. સૌના દિલમાં આનંદની લેર ઊઠી.

## • બામરોલી ગામમાં ભગવાન શ્રીહરિએ શરદપૂનમનો ઉત્સવ ઉજવ્યો :

બામરોલીથી આવેલા તખા પગીએ ભગવાન શ્રીહરિને ત્યાં વિનંતી કરી કે, ''મહારાજ ! અમારા બામરોલીમાં શરદપૂનમનો ઉત્સવ કરો.''

ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ''તમે જાઓ અને બધી તૈયારી કરો. અમે આવીશું.''

શરદપૂનમના દિવસે ભગવાન શ્રીહરિ સાજસમાજ લઈને વડતાલથી નીકળી બામરોલી પધાર્યા. સાથે જોબનપગી, નારાયણગિરિ, રણછોડભાઈ, બાપુભાઈ, વાસણ સુથાર વગેરે હરિભક્તો હતા. મહારાજે શરદની ચાંદની જોઈને ખેતરમાં જ ઉતારો કર્યો.

બામરોલીના બીજા હરિભક્તો બાદરપગી, જોરાભાઈ, બાજીભાઈ, બનેસંગ, અમરસિંહ વગેરેએ નવા પૌંઆ લાવી દૂધ-સાકર સાથે તૈયાર કરાવ્યા હતા.

ભગવાન શ્રીહરિ સભાના સ્થળે આવ્યા અને સંતોએ શરદના કીર્તનો ગાવાનું શરૂ કર્યું. શરદનો ચંદ્ર પોતાની નિર્મળ આભા પ્રસરાવી રહ્યો હતો. સંતોના કીર્તનોથી વાતાવરણ દિવ્ય બનતું જતું હતું. મહારાજ પણ કીર્તનો સાથે ગાતાં ગાતાં ડોલતા હતા. બધાની વૃત્તિ એક મહારાજમાં હતી. કીર્તન-ભક્તિમાં સમય ક્યાં પસાર થઈ ગયો એની કોઈને ખબર ન પડી. મધ્યરાત્રીએ મહારાજે આરતી કરી અને ઠાકોરજીને દૂધ-પૌંઆ-સાકર ધરાવ્યાં. પછી પોતે બધા સંતો-હરિભક્તોને વહેંચ્યા. તખા પગીના પત્ની ઊજમબાઈ તથા પુત્રી ફૂલીબા અને પ્રાણબાએ દૂધ-પૌંઆ તૈયાર કરેલા તે મુકુન્દ વર્ણી મહારાજ માટે લાવ્યા. મહારાજ તે જમ્યા.

પછી ખેતરમાં રાયણના વૃક્ષ હેઠે હિંડોળો બાંધેલો ત્યાં ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા. સંતોએ મહારાજને ઝુલાવ્યા અને પછી હિંડોળાને ફરતે ગોળ કુંડાળું કરીને સંતોએ રાસ લીધો.

બીજે દિવસે ત્યાંથી નીકળી ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. વડતાલ થોડા દિવસ રોકાઈને મહારાજે ગઢડા જવા માટે જોબનપગી, રણછોડભાઈ વગેરે ભક્તોની રજા માગી.

●●●

★ **બંગાળના કાયસ્થ લાલાબાબુને સુખાનંદ સ્વામી વૃંદાવનમાં મળ્યા :** સંવત્ ૧૮૬૯માં મોટા સુખાનંદ સ્વામી જેતલપુરથી એકલા નીકળીને ગ્વાલિયર પ્રદેશમાં ગયા હતા. તે પ્રદેશ સ્વામીની જન્મભૂમિ હતી. ત્યાં પોતાની જ્ઞાતિના જે લોકો હતા, તેમની આગળ સત્સંગની વાતો કરી અને અનેક લોકો હરિભક્ત થયા.

બંગાળ પ્રદેશમાં એક કાયસ્થ લાલાબાબુ કરોડપતિ રહેતા હતા. તેઓ ગોકુળ-વૃંદાવનમાં આવ્યા. અને ત્યાં આરસનું એક સારું શિખરબંધ મંદિર કરાવ્યું. તેમાં રાધાકૃષ્ણની સુંદર મૂર્તિ પધરાવી અને સુંદર સુવર્ણ કળશ ચઢાવ્યો તથા ઘણા પ્રકારના વિપ્રોને જમાડ્યા.

બ્રાહ્મણોને વિવિધ પ્રકારનાં દાન આપતા. પછી તે કાયસ્થ લાલાબાબુ રોજ ગંગા(યમુના)સ્નાન કરવા માટે પોતે ત્યાં રહ્યા. તીર્થ કરવા માટે જેટલા યાત્રિકો આવે તેમને વિવિધ પ્રકારનાં પકવાન કરાવીને રોજ જમાડતા હતા અને પોતે તો લૂખું અનાજ ખાતા હતા. સુખાનંદ સ્વામી તેમને મુમુક્ષુ જાણીને મળ્યા. એક માસ સુધી સુખાનંદ સ્વામી તેમની પાસે રહ્યા અને સત્સંગની વાતો કરી, પણ તે સાધનના નિયમમાં બંધાયેલા હતા.

તે કાયસ્થ લાલાબાબુ એક પહોર દિવસ ચઢે ત્યાં સુધી સ્નાન કરતા. પછી એક પહોર દિવસ ભગવાનની સેવા-પૂજા કરી તેમાં વિતાવતા હતા. અને એક પહોર દિવસ જમવામાં, સૂવામાં તથા જાગવામાં વિતાવતા. વળી, સાંજે ગંગા(યમુના) સ્નાન કરવામાં એક પહોર દિન જતો રહેતો. પછી સંધ્યા આરતી કરીને દોઢ પહોર રાત્રી જાય ત્યાં સુધી ભાગવતની કથા સાંભળતા હતા. ત્યાં સુધી કોઈ પણ બીજી વાત સાંભળતા નહીં. તે પછી ચાર ઘડી માળા ફેરવતા. એક પહોર પર્યંત સૂવામાં કાળ વિતાવતા હતા. એક પહોર સુધી શ્રીકૃષ્ણ ભગવાનનાં સુંદર પદોનું ગાન કરતા હતા. ઉપર કહેલ ભગવાનમય પ્રવૃત્તિમાં ચિત્તને પરોવી દીધું હતું. જે વ્યસનો અને ફેલ કહેવાય છે, તે બધાનો તેમણે ત્યાગ કરી દીધો હતો.

તે લાલાબાબુએ હાંસી અને ઠઠ્ઠા-મશ્કરી વગેરે સર્વેનો ત્યાગ કરી દીધો હતો અને ભગવાનની વાતમાં જ અનુરાગ રાખતા. આપણા સત્સંગમાં જેટલા નિયમો ધરાવે છે તે બધાને તેઓ સહેજે જ પાળતા હતા. બધી જ એકાદશીઓએ ફલાહાર સિવાય ઉપવાસ કરતા અને જે જે વ્રત કરે તેમાં પણ ફલાહાર કરતા નહીં. અર્થાત્ ઉપવાસને દિવસે કઈ જમતા નહીં. આખી રાત જાગરણ કરીને વ્રત-ઉત્સવને વિધિ પ્રમાણે કરતા હતા. તેમણે સુખાનંદ સ્વામીના મુખથી સત્સંગની વાત સાંભળી, ત્યારે તેમને તે વાત હૃદયમાં ઘણી પ્રિય લાગી. સ્વામીએ ત્રણ મહિના સુધી રોકાઈ વાતો કરીને શેઠને મહારાજનો નિશ્ચય કરાવ્યો.

જ્યારે જ્યાં ભગવાનના અવતારો થતા હોય છે, ત્યારે ત્યાં તેમની અલૌકિક રીત કહી હોય છે, તે સમજુને દેખવામાં આવે છે. સંસારનાં જેટલાં સુખો છે અને બ્રહ્માંડનાં જેટલાં સુખો છે તેમાં જે દુઃખને દેખતા રહે છે, તે ખરેખર ચમત્કાર છે.

સંસારનાં અને બ્રહ્માંડનાં સુખમાં મનુષ્યનું મન જ્યાં સુધી લોભાયેલું રહે છે ત્યાં સુધી તેને જન્મ-મરણ રહે છે. જેને ભગવાન મળે છે તેને ભગવાનના જેવો બીજા કોઈમાં રસ રહેતો નથી. એક ભગવાનમાં જ રસ દેખાય છે. આવા ભક્તની પાસે ભગવાન રહે છે. પ્રત્યક્ષ ભગવાન મળવા તે તો દુર્લભ છે. પ્રગટ ભગવાનની સાથે બેસવું, ઊઠવું અને પ્રગટનું સુખ લેવું, તેના સમાન બીજી કોઈ મહત્ત્વની વાત રહી નથી અને તેનું ભાગ્ય મુખથી કહી શકાતું નથી. સામાન્ય માણસને ભગવાન મળવા અને ભગવાનનાં દર્શન થવાં તે અત્યંત દુર્લભ છે.

કાયસ્થ લાલાબાબુએ સુખાનંદ સ્વામીને કહ્યું, ''તમે પ્રગટ ભગવાનને મળેલા મને મળ્યા છો. માટે હવે જ્યારે તમે તે ભગવાન શ્રીહરિની સમીપે જાઓ ત્યારે આટલી વિનંતી કરજો. આપ મુમુક્ષુઓને માટે ખજાના સમાન છો. આપને પ્રત્યક્ષ મળવું તે હવે મારે કઠિન છે. હવે આપ જ્યારે રાજી થાઓ ત્યારે મને પ્રત્યક્ષ દર્શન આપજો. મને પ્રગટરૂપ આપના સંત મળ્યા છે ત્યારથી જ હું આપના શરણમાં આવ્યો છું. આપના પ્રગટપણાની બધી વાતો મેં સાંભળી છે, પણ મારે આપને પ્રત્યક્ષ મળવું દુર્લભ રહ્યું છે. હું શ્રીકૃષ્ણની મૂર્તિમાં આપને ધારું છું. આપ નિશ્ચિત શ્રીકૃષ્ણ જ પ્રગટ્યા છો. મને આપ જ્યારે બોલાવશો ત્યારે તત્કાળ આવીશ. હવે આપની ઢીલે ઢીલ રહી છે. ૩૪. મારે આપની પાસે આવવામાં લગારેય વિલંબ નથી. આપની આજ્ઞા સિવાય હું મનનું ધાર્યું કરીશ નહીં. જેટલું મનનું ધાર્યું કરવામાં આવે છે તેટલું તેમાં દુઃખ રહ્યું છે.''

તે લાલાબાબુએ આટલી વાત કરી. સુખાનંદ સ્વામીએ તે વાતને સત્ય માની. પછી લાલાબાબુએ એક પત્ર લખી આપ્યો તે સુખાનંદ સ્વામીએ લીધો અને તરત ત્યાંથી ચાલવા તૈયાર થયા, ત્યારે પ્રવીણ શેઠે મથુરાના પેંડા લાવીને સ્વામીને આપ્યા અને કહ્યું, ''હે સંતો ! આ પેંડા તમે ભગવાનને હાથોહાથ આપજો. અને તેણે એક અત્તરની શીશી પણ આપી હતી. પછી સ્વામી ત્યાંથી ગ્વાલિયર પ્રદેશમાં આવ્યા. અને ત્યાં મોટા સુખાનંદ સ્વામીએ તેમના મનમાં જે રીતે ઇચ્છા રહી હતી તે રીતે પોતાનો દેહ છોડી દીધો. સુખાનંદ સ્વામીના બે ભાઈઓ હરિભક્ત થયા હતા. તેમણે તેમની સેવા કરી હતી.

●

લાલાબાબુ કોણ હતા ને કેવી રીતે વૃંદાવનમાં આવ્યા ? જ્યારે ભગવાન શ્રીહરિ વર્ણિવેશે વનવિચરણ કરતા હતા ત્યારે કલકત્તામાં ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સના દીવાન ગંગાગોવિંદસિંહજી હતા. તેમણે ગર્વનર વતી કલકત્તામાં અદ્‌ભુત કોઠી સ્થાપી હતી. વળી, પ્રેમથી તીર્થવાસીઓને સદાવ્રત આપતા. તેમનો પોતાનો ત્યાં એક સુંદર બગીચો હતો. તેમાં ઘણી એકાંત જગ્યા હતી. વનવિચરણ કરતા નીલકંઠવર્ણી ગંગાગોવિંદસિંહજીનું શ્રેય કરવા ધારીને તે બગીચામાં આવીને બેઠા હતા. એવા સમયે ગંગાગોવિંદસિંહજી નિજબાગમાં ફરવા ગયા. ત્યારે તેમને જેમના મુખમાંથી અલૌકિક તેજ નીકળતું હતું અને જેઓ ગુટકાનો પાઠ કરતા હતા એવા અદ્‌ભુત નીલકંઠવર્ણીને જોઈને આશ્ચર્ય પામ્યા. તે જોઈને દીવાન ગંગાગોવિંદસિંહજીએ વિચાર્યું કે, 'ઘણા સંન્યાસી, તપસ્વી, બ્રહ્મચારી, વૈરાગી અહીં સદાવ્રત લેવા આવે છે; પણ આજ આ વર્ણીને આંખે દેખીને મારું દિલ ખેંચાયું છે.'

પછી ગંગાગોવિંદસિંહને વિચાર આવ્યો કે, આ વર્ણિરાજને મારે જમાડવા છે અને તેમની પૂજા કરીને અલૌકિક લાભ લેવો છે. તે માટે તેમણે તેમના ગુણધામ પૌત્ર પંડિત કૃષ્ણચંદ્ર ઉર્ફે લાલાબાબુને વર્ણિરાજને બોલાવવા મોકલ્યા. લાલાબાબુએ વર્ણી પાસે જઈને પ્રણામ કર્યા. પોતાને ઘેર ભોજન કરવા પધારવા વિનંતી કરી. વર્ણી કહે, 'અમે વસ્તીમાં નહીં આવીએ, મારી પાસે વિષ્ણુ (શાલીગ્રામ) છે. માટે જે ફળ-ફૂલ હાજર હોય, તે લાવો.' વર્ણીરાજનાં વચન સુણી લાલાબાબુએ તાજાં ફળ લાવી શ્રીહરિને આપ્યાં. હાથ જોડી શ્રીહરિની સન્મુખ ઊભા રહ્યા. વિષ્ણુને નૈવેધ ધરી શ્રીહરિ જમીને રાજી કર્યા. ત્યાંથી શ્રીહરિ જગન્નાથપુરી ગયા.

ગંગાગોવિંદસિંહના પૌત્ર કૃષ્ણચંદ્ર (લાલાબાબુ) વસૂલાતના કામમાં પૂરા લાયક થયા. ઈ.સ.૧૮૦૩ (સં.૧૮૬૦)ના વર્ષે ગવર્નર જનરલે વસૂલાતના કામ માટે પસંદ કર્યા. જ્યારે ગવર્નરે ઊડીસા પ્રાંત સ્થાપ્યો, ત્યારે (ખંડણી) વસુલ કરવા દીવાનનો ચાંદ રાજા કૃષ્ણચંદ્રને આપ્યો. આ લાલાબાબુ એ જ રાજા કૃષ્ણચંદ્ર હતા. દીવાનપદની નોકરીમાં તેમને રુચિ ન હતી તેથી રાજીનામું આપી નોકરીનો ત્યાગ કર્યો હતો સ્વતંત્ર જીવન ગાળવા હૈયે હિંમત કરી. પોતાની જમીનદારીનો વહીવટ કરવા જતાં એકવાર બીજા ગામથી સંધ્યા સમે પાછા પોતાના ગામમાં આવતા હતા. તે સમયે હોડીવાળાએ કહ્યું, 'વેલા હો ગઈ હૈ, દીપક પ્રગટે હૈ !, હૈ કોઈ ભી આનેવાલા ? યહ મેરા છેલ્લા ફેરા હૈ.'

તે સાંભળી લાલાબાબુએ મનમાં વિચાર કર્યો. મારે પણ વેળા થઈ ગઈ, છતાં હજી તનમાં દીપક પ્રગટ્યો નથી. મેં આટલો સમય વ્યર્થ મોજશોખમાં વિતાવ્યો. આ વિચારે જ તેમના અંતરમાંથી જગત ખોટું થઈ ગયું. પછી તે પોતાનું સમૃદ્ધિમાન ઘર અને પદ-પ્રતિષ્ઠાનો ત્યાગ કરી વૃંદાવનમાં આવ્યા અને ત્યાં બાંકેબિહારીનું મંદિર બંધાવ્યું.

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિ એક માસ સુધી ગુપ્તવાસમાં રહ્યા.
## સં. ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૫)

સં. ૧૮૭૨માં ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં દિવાળી-અન્નકૂટ અને પ્રબોધિનીના ઉત્સવો દેશદેશાંતરના હરિભક્તોના સંઘની હાજરીમાં ભવ્ય રીતે ઉજવાયાં. એ વખતે ધરમપુરથી એક કાસદ આવ્યો. એણે શ્રીહરિને પ્રણામ કરીને ધરમપુરના રાજમાતા કુશળકુંવરબાના આમંત્રણની વાત કરી.

ભગવાન શ્રીહરિએ કહ્યું : ''તમે રાણીમાતાને જઈને અમારો સંદેશો કહેજો કે અમે ત્યાં અવશ્ય આવીશું અને સાથે તમારા ભાવ પ્રમાણે સૌ સંતો, હરિભક્તો, બાઈ-ભાઈને પણ સાથે લાવીશું.''

ભગવાન શ્રીહરિએ પોતાનાં અતિ પ્રેમી ભક્તરાજ એવાં કુશળકુંવરબાના સંકલ્પને પૂર્ણ કરવા કાર્તિક વદ પક્ષમાં ધરમપુર જવા માટે નિશ્ચય કરી લીધો. વડતાલ થઈને ધરમપુર જવાનો ભગવાન શ્રીહરિનો વિચાર હતો.

પછી થોડા દિવસ બાદ શ્રીહરિ ગઢપુરથી વડતાલ જવા નીકળ્યા ત્યારે શ્રીહરિએ ગઢપુરના સર્વે ભક્તોને ભલામણ કરતા કહ્યું : ''અમારે વડતાલ જવું છે. વહેલા વહેલા પાછા ફરીશું. તમે સર્વે ઉદાસ ન થાશો.''

ભગવાન શ્રીહરિ વડતાલ આવવા માટે ગઢડાથી પ્રબોધિનીના ઉત્સવ પછી નીકળ્યા. સાથે કેટલાક સંતો તથા હજૂરી સેવકો અને હરિભક્તોને લીધા. વડતાલ આવીને શ્રીહરિએ મુકુન્દાનંદ વર્ણી અને કરીમભાઈ સિવાય બીજા બધાને વિદાય કર્યા.

ભગવાન શ્રીહરિ વડતાલ જોબન પગીની ડેલીએ આવી પહોંચ્યા. પણ કોઈ જાગ્યું ન હતું, તેની ડેલી બંધ હતી. તેથી ભગવાન શ્રીહરિ ગામથી થોડે દૂર આવેલ ચંદન તલાવડીએ નિત્યવિધિ કરવા ગયા. શ્રીહરિ ચંદન તલાવડીમાં સ્નાન કરવા લાગ્યા. સવાર થતાં જોબનપગી જાગ્યા. ડેલી ખોલતાં, બારણાં સામે ભગવાન શ્રીહરિના ચરણોની છાપ જોઈ. આસપાસ જોયું તો શ્રીહરિનાં ચરણારવિંદ જોવા મળ્યા પણ શ્રીહરિ ક્યાંય ન દેખાયા. જોબનપગી શ્રીહરિનું પગેરું જોતા જોતા ચંદન તલાવડી પહોંચ્યા. જોબનેપ ગીને આવતા જોઈને શ્રીહરિ તલાવડીમાં ડૂબકી મારી ગયા.

જોબનપગી વિચારે છે કે પગેરું આગળ જતું નથી અને મહારાજ દેખાતા નથી. માટે મહારાજ તળાવમાં જ હોવા જોઈએ. જોબનપ ગીએ તો ત્યાં જ જમાવી દીધી.

જોબનપગીની ધીરજ જોઈ શ્રીહરિ પાણીમાંથી બહાર આવ્યા. જોબનપગીએ તુરંત દંડવત્ કરવા માંડ્યા. શ્રીહરિએ પૂછ્યું : ''તમોને કેમ ખબર પડી કે, અમે આંહી તળાવમાં જ છીએ ?''

જોબનપગી કહે : ''મહારાજ ! અમે તો પાણીમાંથીયે પગ પારખવાવાળા પગી. તમારાં ચરણાંરવિંદ મારા ડેલી પાસે જોઈ પગલે પગલે અહીં આવ્યો.આ તળાવનો આંટો દઈ જોયું તો તે ચરણારવિંદ અહીંથી આગળ ન ચાલ્યાં. એટલે ખાત્રી થઈ કે, આપ આ તળાવમાં જ છો. એમ ધારીને બેઠો. થોડીવારમાં આપે દર્શન દીધાં.''

ભગવાન શ્રીહરિ કહે : ''જોબન ! મારે અહીં વડતાલમાં છાનું રહેવું છે. તો તમે મને કેટલો વખત ગુપ્ત રાખશો ?''

જોબનપગી કહે : ''મહારાજ ! વરસોના વરસ વીતી જાય તો તમારો પત્તો ન લાગવા દઉં. પણ, આપે, વડતાલની આસપાસ જંગલમાં જ્યાં અમારાં સંતાવાનાં ઠેકાણાં છે ત્યાં રહેવું પડે.''

શ્રીહરિ કહે : ''મારે તો ફક્ત એક જ માસ ગુપ્ત રહેવું છે. માટે તમારી મેડી માથે રહું. પણ, ત્યાં કોઈ ન આવે અને આ વાત કોઈ ન જાણે એવી રીતે રાખો તો રહું.''

જોબન પગીએ કહ્યું : ''મહારાજ ! આપ ખુશીથી મેડીએ પધારો. જેમ આપ કહો તેમ રાખીશ.''

જોબનપગી અને ભગવાન શ્રીહરિ ચંદન તલાવડીએથી ચાલ્યા. ભાઈરામદાસજી સ્વામી એ વખતે વડતાલ ખાતે પર્ણકુટિ બાંધીને રહેતા હતા. ગઢપુરવાસીના સ્નેહની પરીક્ષા લેવા શ્રીહરિએ ગુપ્ત નિવાસ કરવા તેમને દર્શન દઈ કહ્યું કે, ''ભાઈસ્વામી ! હું અહીં ગુપ્ત રહેવા આવ્યો છું. કોઈને આ વાત જણાવશો નહીં.'

ભાઈરામદાસજી સ્વામીએ વડતાલના સર્વ આગેવાન હરિભક્તોને પોતાની પાસે બોલાવીને ભગવાન શ્રીહરિની આ ઈચ્છાની વાત કરી અને જ્યાં સુધી શ્રીહરિ પોતે પ્રગટ થવા ન ઈચ્છે ત્યાં સુધી દર્શન કરવા ન જવાની અને અન્ય કોઈને પણ આ વાત ન કહેવાની ખાસ સૂચના કરી.

## • ભગવાન શ્રીહરિએ ઈટોલાના નારણભાઈને દર્શન આપ્યા :

વડતાલમાં ભગવાન શ્રીહરિના ગુપ્તવાસ દરમ્યાન એકદિવસ ઈટોલાના નારણભાઈ પટેલ વડતાલ આવ્યા ને ભાઈ રામદાસજી સ્વામીનાં દર્શન કર્યાં. પોતાની વાડીના ગલકાં ને વૈતાંકની પોટલી લાવેલા તે નારણભાઈએ ભાઈરામદાસજી સ્વામીને બતાવી પછી કહ્યું : ''આપ આમાંથી જોઈએ તેટલા રાખો.''

ભાઈ રામદાસજી સ્વામી કૂણાં માખણ જેવાં, કાળાંભમર લાંબા રીંગણા અને ગલકાં જોઈને બોલી ગયા : ''આ તો મહારાજ જમે તેવા છે. મહારાજ જોબનપગીની મેડી માથે ગુપ્ત રહ્યા છે ત્યાં જાવ, મારું નામ ન લેતા. કૃપા કરી તમને દર્શન આપે તો શાક ભેટ ધરજો.''

આ સાંભળી નારણ પટેલ ખૂબ રાજી થયા ને જોબનપગી મેડીએ આવી જોબનપગીને ખૂબ વિનંતી કરી, પગે લાગી બોલ્યા : ''મહારાજ સારું શાક ભેટ લાવ્યો છું.''

જોબનપગી કહે : ''મને આજ્ઞા આપશે તો દર્શન કરાવીશ.'' એમ કહી શાકની પોટલી મેડી માથે લઈ જઈ ભગવાન શ્રીહરિને ભેટ ધરીને વિનંતી કરી : ''ઈટોલાના નારણ પટેલ આ શાકની ભેટ લઈ આવ્યા છે.'' આ સાંભળી શ્રીહરિએ તેમને મેડી ઉપર તેડાવ્યા અને દર્શન આપી રાજી થયા.

## • વડતાલમાં ગુપ્તવેશે ભગવાન શ્રીહરિની શોધખોળ કરવા નાજા જોગિયા આવ્યા :

ઘણાં દિવસો વહી જવા છતાં ભગવાન શ્રીહરિ ગઢડા પાછા ન પધાર્યા તેમજ ક્યાં વિચરણ કરે છે તેની પણ કોઈ માહિતી ન મળતાં દાદાખાચરના પરિવારના બધા સભ્યો ભારે ઉદાસ થઈ ગયા. કોઈકે તો ખાવા-પીવાનું ઓછું કરી નાખ્યું. તો કોઈકે ઉપવાસો કરવાનું શરૂ કર્યું. દાદાખાચરના પરિવારે મહારાજની તપાસ કરવાનું અને વિનંતી કરીને પાછા ગઢડા તેડી લાવવાનું કાર્ય નાજાજોગિયાને સોંપ્યું.

ગઢડાથી નીકળીને જુદાં જુદાં ગામોમાં તપાસ કરતાં કરતાં નાજાજોગિયા ચોથે દિવસે વડતાલ આવી પહોંચ્યા. શુકન જોઈને નીકળેલા એટલે ધારુતળાવમાં સ્નાન કરવા આવેલા મુકુન્દાનંદ વર્ણી એમને સામા મળી ગયા. નાજાજોગિયાએ મહારાજની ખબર પૂછી ત્યારે મુકુન્દાનંદ વર્ણીએ કાને હાથ દીધા. ચતુર નાજાજોગિયા સમજી ગયા કે મુકુન્દાનંદ વર્ણી હા કે ના કંઈ બોલ્યા નથી, એનો અર્થ એ થાય કે મહારાજ અહીં વડતાલમાં જ છે. એ જાણતા હતા કે મહારાજ અને મુકુન્દાનંદ વર્ણીનો સંબંધયોગ, દેહ અને પડછાયા જેવો હતો. એક હોય ત્યાં બીજા અચૂક જ હોય. મુકુન્દાનંદ વર્ણી સ્નાન કરીને ગામમાં જવા લાગ્યા ત્યારે નાજાજોગિયા તેમની પાછળ પાછળ ચાલવા માંડ્યું. મુકુન્દાનંદ વર્ણીએ ચાલતાં ચાલતાં અટકી જઈને કહ્યું : ''આ રીતે મારી પાછળ ન આવશો.'' આ સાંભળી નાજાજોગિયાએ પોતાનો રાહ બદલી નાખ્યો.

વડતાલમાં બાપુભાઈ, વાસણ સુથાર, નારાયણગિરિ ગોંસાઈ વગેરેના ઘર જ્યાં જ્યાં ભગવાન શ્રીહરિ જાય અને રહે એવી સંભાવના હતી તે બધે સ્થળે એ જઈ આવ્યા. દરેક સ્થળે એમની પૂછપરછનો કોઈએ સીધો જવાબ ન આપ્યો, પણ બધાએ કાને હાથ દીધા. બીજા ઘણા માણસોને એમણે ઉલટાવીને-સુલટાવીને પૂછ્યું. પણ વિચિત્ર જવાબો મળ્યા : ''ભગવાને તમને આંખ આપી છે. કાન આપ્યા છે અને બુદ્ધિ પણ આપી છે. તમારી આંખે જુઓ, કાને સાંભળો અને બુદ્ધિથી સમજો. અમને શા માટે પૂછો છો ?'' આ પ્રકારના જવાબો સાંભળીને ભગવાન શ્રીહરિ વડતાલમાં હોવાની નાજાજોગિયાની શંકા દૃઢ થઈ.

એક દિવસ નાજાજોગિયા જોબનપગીને ઘેર ગયા. પણ અહીં તેમને જુદો જ અનુભવ થયો. જોબનપગીના માણસોએ તેમને ઘરમાં જ પેસવા ન દીધા. નાજાજોગિયા મૂંઝાયા. અંતે તેમણે એક યુક્તિ કરી.

નાજાજોગિયાએ મનમાં વિચાર્યું કે કોઈના ઘેર જઈ ચાકર થઈ રહું ને શ્રીહરિની શોધ કરું. એમ વિચારી જગમાલ પગીને ઘેર ગયા ને કહ્યું : ''મને ચાકર તરીકે રાખો. માત્ર અન્ન વસ્ત્ર લઈશ.''

જગમાલ પગી કહે : ''શું કામ કરી જાણો છો ?''

ત્યારે નાજાજોગિયાએ કહ્યું :

**ઘોડાં ઉન્મત્ત હોય તોય વશ તો હું તર્ત તેને કરું, આવે શત્રુ અનેક તોય લડતાં પાછી ન પાની ધરું;**
**ચોકી રાત્રિ દિને કરું પણ મને નિદ્રા નથી આવતી, સ્વેચ્છા માસ સુધી જ ચાકરિ કરું ઝાઝી નથી ફાવતી.**

(શ્રીહરિલીલામૃત : ૭/૫૦/૧૨)

''ઉન્મત્ત અશ્વને વશ કરવાનું જાણું. અનેક શત્રુ આવે છતાં પાછી પાની નહીં કરું. રાત્રીદિવસ ચોકી કરું છતાં મને નિદ્રા ન

આવે. બહુ માસ સુધી ચાકરી કરી શકું.''

આ પ્રકારે તેમની હોશિયારી સાંભળી ઘોડાને સુધારવા રાખ્યા. નાજાજોગિયા ઘોડા ખેલવતા. રાતે જાગી ચોકી કરતા. જોબનપગીની મેડીમાં કોણ આવે ને કોણ જાય તેની ખબર રાખતા. બહુ લોકોને પૂછતા. આમ બહુ દિવસ પસાર થયા છતાં ભગવાન શ્રીહરિ પ્રગટ ન થયા. પરંતુ નાજાજોગિયાએ જાણ્યું કે મહારાજ જોબનપગીની ઘેર બિરાજે છે.

નાજાજોગિયાએ વિચાર્યું કે મહારાજને કેવી રીતે લઈ જવા ? રાતે ઉપાડી લઈ જાઉં તો ચોર ગણાવું. જોર કરી તેના ઘરમાં પેસું તો યુદ્ધ થાય.

એક દિવસ જગમાલ પગીએ કહ્યું : ''તમે જોબનના ઘેર જાઓ ને મેડા ઉપર ભેળા થાઓ. જોબનને મારા પ્રણામ કહેજો.'' નાજો ભક્ત બહુ રાજી થયા. જોબનપગીના ઘેર ગયા. મેડી પર ચડવા ગયા ત્યાં કરીમભાઈએ અટકાવ્યા.

નાજાજોગિયા કહે : ''તું કોણ ? હું જગમાલનો ચાકર છું. મને જતાં કોણ અટકાવે ? આડો આવે તેની સાથે યુદ્ધ કરું.''

બંને જણ વચ્ચે કંઈક ઉચ્ચ સ્વરે ચાલતો સંવાદ મેડી ઉપર બિરાજમાન ભગવાન શ્રીહરિ સાંભળી રહ્યા હતા. ભક્તવત્સલ ભગવાનથી રહેવાયું નહિ. શ્રીહરિ મેડી ઉપર બેઠાં બેઠાં બૂમ પાડીને પૂછ્યું : ''કરીમભાઈ ! શું છે ? કોણ આવ્યું છે ? આટલા મોટા અવાજે કેમ બોલો છો ?''

''મહારાજ ! એ તો હું આપનો સેવક નાજો જોગિયો છું. ગઢડેથી ખાસ સંદેશો લઈને આવ્યો છું.'' કરીમભાઈ જવાબ આપે એ પહેલાં જ નાજાજોગિયાએ મેડીના દાદર તરફ હાથ જોડીને ઉચ્ચસ્વરે કહ્યું.

''અરે ! નાજાજોગિયા ! તમે ક્યારે આવ્યા ? ગઢડે બધા કુશળ તો છે ને ?'' મેડીના દાદર આગળ આવીને મહારાજ બોલ્યા.

નાજાજોગિયા તરત જ દોડ્યા. મેડી ઉપર જવાના બારણા આગળ લાંબા થઈને એમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પછી બે હાથ જોડીને ધીમે પગલે દાદર ચઢીને મેડી ઉપર જતાં જ ભગવાન શ્રીહરિના ચરણારવિંદમાં ફરીથી આળોટી પડ્યા. આંખમાંથી આંસુઓની ધારા વહેવા લાગી.

ભગવાન શ્રીહરિના ચરણકમળમાં માથું ઝુકાવીને નાજાજોગિયાએ કરુણ સ્વરે કહ્યું :

**ઘનશ્યામ તમે સુજાણ છો, જન કેરા પ્રિય જેમ પ્રાણ છો; પ્રભુ જે દિન દૂર જૈ રહ્યા, જન સૌ જીવ વિના તહાં થયા.**
**અતિ પ્રીત કરી અહો હરી, મનવૃત્તી જનની હરી ખરી; પછી ત્યાગ કરી ખસી જવું, ન ઘટે નાથ દયા વિના થવું.**
**જળથી દૂર મત્સ્ય જો પડે, અતિ પીડા થકી તેહ તફડે; ગઢપૂરનિવાસી જે સહુ, દુઃખિ છે નાથ વિજોગથી બહુ.**
**જનવલ્લભ ક્યાં જઈ વસ્યા, નથિ સંદેશ તહાં મળ્યા કશા; પ્રભુ પત્ર નહીં લખાવિયો, અતિશે કેમ અભાવ આવિયો.**
**મળશે કહિં પ્રાણના પતી, નથિ એકે દિશ કોઈ સૂજતી; જન સૌ મનમાં મુંઝાય છે, દૃગ આંસૂ વહિયાં જ જાય છે.**
**હરિ હે હરિ હે હરિ કહે, દિન ને રાત્રિ ઉદાસ સૌ રહે; પ્રભુને મળવાની આશથી, તન રાખે ન જિવે નિરાશથી.**
**જન કોઈ અરણ્યકૂપમાં, ધરિને જાય જ એવી ઊપમા; પ્રભુજી તમને કહે સહુ, વળતી વાત વિશેષ શી કહું.**
**વિરહાગ્નિ દિલે વધ્યો અતી, સુખ કે શાંતિ કદી થતી નથી; અતિ તે દુઃખ શી રિતે સહે, મરવાનું મનમાં સદા ચહે.**
**પ્રભુ જે દિનથી દુરે ગયા, દુખિયાં છે લલિતા તથા જયા; જળ અન્ન દિધાં અરે તજી, પણ છે પ્રાણ શરીરમાં હજી.**
**નથિ લોહિ શરીરમાં રહ્યું, ત્વક અસ્થી તન પાંજરું થયું; દિલમાં જરિ જો દયા ધરો, સુખદાતા ગઢપૂર સંચરો.**

(શ્રીહરિલીલામૃત : ૭/૫૦/૨૪-૩૩)

આપ અંતર્યામી છો. આપ દૂર થયા તેથી દુર્ગપુર વાસી ઉદાસી વર્તે છે. આપના વિયોગમાં સર્વે મુંજાય છે. આંસુ સારે છે. હરિહરિ કહીને રાત-દિવસ ઉદાસ રહે છે. આપને મળવાની આશથી જીવે છે. વિરહાગ્નિમાં ઝૂરે છે. બેચેન રહે છે. અન્ન જળ તજી દીધા છે. શરીરમાં રુધિર રહ્યું નથી. માટે દયા કરી ગઢપુર પધારી સર્વેના તાપ શમાવો.

નાજાજોગિયાની આંખોમાંથી વહી રહેલા આંસુઓથી મહારાજના ચરણ ભીંજાઈ ગયા.

નાજાજોગિયાની વાત સાંભળતા શ્રીહરિની આંખમાં અશ્રુ આવ્યા. નાજા ભક્તને કહે હવે વાત ન કરશો. સહન થતી નથી. મને ગઢપુરવાસી વહાલા છે. તેનો પ્રેમ તપાસવા અહીં ગુપ્ત રહ્યો છું. તેવોને જેવો પ્રેમ છે તેવો જ મને પણ છે. તેને અર્થે મેં અવતાર ધર્યો છે. મારું ભાવથી ભજન કરે તેને હું કેદિ વિસારતો નથી.

આ પ્રકારે કહી શ્રીહરિએ પત્ર મંગાવ્યો ને લખી ગઢપુરવાસીને મોકલ્યો. સમાચારમાં લખી જણાવ્યું કે અમે ધર્મપુર જવા નિર્ધાર્યું છે. માટે તૈયાર રહેજો. બીજો પત્ર મોકલીએ ત્યારે ધરમપુર આવજો.

ભગવાન શ્રીહરિનો પ્રસાદીનો પત્ર મળવાથી ગઢપુરવાસીઓના અંતરમાં શાંતિ થઈ.

વડતાલમાં ભગવાન શ્રીહરિ એક માસ સુધી ગુપ્ત રહ્યા. શ્રીહરિ વડતાલમાં જ છે, છતાં આજ્ઞા ન હતી એટલે ભક્તોથી દર્શને અવાતું ન હતું. પરંતુ જ્યારે શ્રીહરિએ ગુપ્તવાસ છોડી દીધાની જેમ જેમ ખબર મળતી ગઈ તેમ તેમ આજુબાજુના અને દૂરનાં ગામોમાંથી અસંખ્ય હરિભક્તો વડતાલમાં રોજ આવવા લાગ્યા.

એક દિવસ ડભાણના ભક્તોએ પ્રાર્થના કરી તેથી ભગવાન શ્રીહરિ ડભાણ પધાર્યા. તેઓનો મનોરથ પૂર્ણ કરી મહારાજ વડતાલ આવ્યા. હજારો સંતહરિભક્તો દર્શને આવતા. સ્વામી રામદાસની ઝુંપડી પાસે નિત્ય સભા કરતા.

## • વડતાલ વાસીઓની મંદિર માટે ભૂમિદાન :

એક દિવસ સભામાં શ્રીહરિએ કહ્યું, 'અમને વડતાલમાં રહેવું ખૂબ ગમે છે. પણ અહીં હરિભક્તો સમાતા નથી. સાધુઓને ઊતરવાની સંકડાશ પડે છે. એ બધા ઉગમણે ઓટે આંબલીના વૃક્ષ નીચે ઉતરે છે. અહીં સંકડાશને કારણે સભા પણ ઉગમણે ઓટે આંબલીના વૃક્ષ નીચે ભરવી પડે છે. વિશાળ જગ્યા હોય તો આ બધી સંકળાશ ટળી જાય.'

આ સભામાં વડતાલ ગામના બાપુભાઈ, રણછોડભાઈ, ભાઈજીભાઈ, ધોરીભાઈ, જીવાભાઈ, દલાભાઈ, વહાલાભાઈ, શામળદાસ, નરસિંહભાઈ, નરોત્તમદાસ, જીભાઈ, લાલદાસ, જોરાભાઈ, પ્રભુદાસ, વસનદાસ, કહાનદાસ, રાયજીભાઈ, શવદાસ, નારણદાસ, જોબન પગી, વાસણ સુથાર, નારણગિર ગોસાંઈ વગેરે ઘણા હરિભક્તો બેઠા હતા. ગામના મુખ્ય નરવાદારો અને પેટાભાગદારો સભામાં હાજર હતા.

સમસ્ત ગામ વતી બાપુભાઈએ બે હાથ જોડી શ્રીજી મહારાજને કહ્યું; 'ગામમાં ઘણી જગ્યા ખુલ્લી છે. ઘણા વાડાઓ અને ખેતરો ગામને અડીને આવેલાં છે. અમે તો, આપના ચરણકમળમાં તન-મન-ધન સોંપેલું છે. આપની ઈચ્છા એ જ અમારી ઈચ્છા છે. ગામમાંથી જ્યાંથી જમીન જોઈએ તે આપ પસંદ કરો એટલે અમે એનો લેખ કરી આપીશું.'

આ વાતનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલાલમૃત' ગ્રંથમાં લખે છે :

**વાણી બોલ્યા પટેલો વિચારી, આંહિ જગ્યા ઘણી છે અમારી; અમે તન મન ધન સોંપ્યાં તમને, હવે પૂછવાનું શું છે અમને.**
**જગ્યા જેટલી જોઈએ આજ, સુખે રાખો શ્રીજીમહારાજ; ધન્ય ભાગ્ય અમારું ગણાશે, આંહિ ભજન પ્રભુજીનું થાશે.**
**પુત્ર પૌત્ર આદિક જે અમારા, સતસંગી રહેશે તે સારા; આખા કુળનો થાશે ઉદ્ધાર, અહો ભાગ્ય અમારાં અપાર.**
**પછી જગ્યાનો લેખ કરીને, હેતે હાથમાં આપ્યો હરિને; પ્રભુજી થયા તેથી પ્રસન્ન, કહ્યું ધન્ય તમે હરિજન.**

(શ્રીહરિલીલામૃત : ૭/૫૦/૫૧-૫૪)

બીજા દિવસે સવારે બાપુભાઈ પટેલ, જોબન પગી, વાસણ સુથાર વગેરે હરિભક્તો મહારાજનાં દર્શને ગયા અને પ્રાર્થના કરી, 'મહારાજ ! આપે અમને આપનાં દર્શનનો નિત્ય લાભ મળે એ માટે શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ તો પધરાવી આપી છે પણ આપને રહેવા-ઉતરવા માટે મકાન બંધાવ્યું નથી, તે બાંધવાની આજ્ઞા આપો.'

આ વિનંતી સાંભળીને ભગવાન શ્રીહરિ આ બધા હરિભક્તો સાથે હાલ જ્યાં મંદિર છે ત્યાં ગયા. થોડીવાર ધ્યાન ધરીને ભાઈરામદાસજી સ્વામી અને બાપુભાઈને કહ્યું : ''જુઓ, અમે ઊભા છીએ ત્યાં, આ બદરીવૃક્ષની જગ્યાએ મોટું મંદિર થશે અને પેલી (પશ્ચિમ) બાજુએ કૂવો થશે. એ જગ્યાએ અમે ઘણીવાર સભા ભરીને જ્ઞાનવાર્તા કરી છે. માટે કૂવાનું નામ જ્ઞાનકૂપ રાખજો. એનાથી દક્ષિણ પાસે એક નાનું મકાન કરજો અને એનું નામ હરિમંડપ રાખજો. એ અમારે રહેવા-ઊતરવાનું સ્થળ રહેશે. અને સૌથી પહેલાં કૂવો કરાવજો.''

ભગવાન શ્રીહરિનું માર્ગદર્શન મળતાં સૌ હરિભક્તો આનંદિત થઈ ગયા. વડતાલ ગામના હરિભક્તોએ સં. ૧૮૭૨ના ચૈત્ર સુદ ૪ના રોજ રૂા.૧/-ના કાગળ ઉપર પોણા ચાર વીઘાં જમીનનો ધર્મપટ લખી આપ્યો. આ જમીન ગામ તળીયાના વાડાની હતી. આ જમીન ગામલોકાએ શ્રી લક્ષ્મીનારાયણનું દેવળ કરવા સારુ તથા સંતોને રહેવાને ધર્મશાળા કરવા સારુ શ્રી કૃષ્ણાર્પણ આપી.

આ ધર્મપટના દસ્તાવેજમાં ગામના મુળજી કુબેરજી, ભાઈબા દાદાભાઈ, જોરાભાઈ, થોભણજી, નરોત્તમ વાસણજી, કહાનદાસ કુબેરજી, વાલાભાઈ દાજી અને પટેલ સમસ્તવતી પા. ધોરીભાઈ દાદાભાઈએ સહીં કરેલી, જ્યારે મહુધાના અમીન અજુ કરશનદાસ, મહેતા હીરાલાલ ડાહ્યા, પા. ભાઈજી કાશીદાસ, પા.જીભાઈ કસુજી, ગોસાંઈ રામચન્દ્રગીર, નડિયાદના નરસી હરજીવન ગુલાબચંદ, પગી ખોડા, જોબન ભાયા, પગી જુસા વેણી, પગી ખોડા અજબા અને પગી વક્તા વસતાએ સાક્ષી તરીકે સહીં કરેલી.

પછી જગ્યાનો લેખ લખી હરિવરના હાથમાં સોંપ્યો. તેથી ભગવાન શ્રીહરિ પ્રસન્ન થયા. સર્વેને આશીર્વાદ આપ્યા.

વડતાલ દર્શન પુસ્તકમાં રમેશચન્દ્ર લા. પંડ્યા લખે છે, "મંદિર કરવામાં ગામ સમસ્તે જમીન આપી હોય અને ધર્માદા લેખ કરી આપ્યો હોય એવો પ્રસંગ સંપ્રદાયમાં આ પહેલવહેલો જ છે. વડતાલના નરવાદારો અને હરિભક્તો એ માટે યશ અને ગૌરવના અધિકારી છે."

પછી શ્રીહરિએ ધરમપુર જવા તૈયારી કરી. ભાઈ રામદાસજી સ્વામીને કહ્યું અમે અહીંથી ચાલીશું. મુક્તાનંદ વગેરે સંતોને ધરમપુર મોકલજો. ત્યાં તેમનું જરૂરી કાર્ય છે.

ભગવાન શ્રીહરિ નાજા જોગિયા, કરીમભાઈ, ભગુજી, જોબન, તખાપગી, બેચરપગી, ખોડોપગી, ગલાપગી, ભવાનપગી, જુસજીપગી વગેરે ભક્તો તેમજ બામરોલીના આસજી જેવા શૂરવીર પગીઓને સંગાથે લઈ સંતો-હરિભક્તો સાથે ધરમપુર જવા વિચર્યા.

### • વડતાલમાં ભગવાન શ્રીહરિએ ઉદાસીનતા સ્વીકારી :

(શ્રીહરિલીલામૃત : ૭/૪૯-૫૦ પ્રમાણે ભગવાન શ્રીહરિ ગઢડાથી નીકળીને વડતાલમાં એક માસ ગુપ્ત રહ્યા અને પછી ધરમપુર તરફ ગયા એવો એક ઉલ્લેખ છે. જ્યારે અન્ય ગ્રંથો પ્રમાણે ભગવાન શ્રીહરિ ઉદાસ થઈ ગઢડાથી મછિયાવ થઈને જેતલપુરથી વડતાલ આવ્યા એવો ઉલ્લેખ છે. તે અત્રે જોઈએ.)

ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા ત્યારે સંતો હરિભક્તો મહારાજના દર્શન કરી આજુબાજુ ફરી વળ્યા. મહારાજ માણકી ઉપરથી પણ ઊતરી શક્યા નહીં. એટલામાં સોમલાખાચર, નાજાજોગિયા વગેરે આવ્યા અને હરિભક્તોને એકબાજુ કર્યા. શ્રીહરિ આવી ધમાલ જોઈ ઉદાસ થઈ ગયા ! શ્રીહરિના મુખના ભાવ ફરી ગયા. કોઈ સાથે બોલ્યા નહીં અને ત્યાંથી સીધા જ વાસણ સુથારના ઘેર પધારી ગયા.

શ્રીહરિની ઉદાસીનતા વધતી ગઈ. સભામાં પધારે ત્યારે વાતમાં પણ ઉદાસીનતાના ભાવ આવે. કીર્તનો પણ એવા ભાવના જ બોલાવે. મહારાજે આવો ભાવ ગ્રહણ કર્યો તેથી સંતોને બીક લાગી, પરંતુ મહારાજ પાસે કોઈ બોલી શક્યા નહીં.

બીજે દિવસે એકાએક શ્રીહરિએ સભામાં સંતોને કહ્યું : "અમે હવે સત્સંગમાં રહેવાના નથી. માટે તમો સૌ અમને રાજી થઈને રજા આપો એટલે અહીંથી અમે નીકળી જઈએ."

ભગવાન શ્રીહરિના આ શબ્દો સાંભળી જાણે વીજળી પડી હોય એવો સંતોને આઘાત થયો. કેટલાક તો ત્યાં જ મૂર્છાવશ થઈ ગયા! અને કેટલાક તો કાંઈ બોલી જ શક્યા નહીં. એટલે ફરી શ્રીહરિએ કહ્યું : "તમારો અમારા પ્રત્યેનો પ્રેમ હું જાણું છું. છતાં તમારો એ પ્રેમ અમને બંધનમાં રાખી શકશે નહીં. તેથી જો રાજી થઈને અમને રજા આપશો તો કોઈ વખત પણ આપણો મેળાપ થશે, પરંતુ જો જોરાઈથી રાખવા પ્રયત્ન કરશો તો ભવિષ્યમાં મેળાપ થશે જ નહીં."

ભગવાન શ્રીહરિના શબ્દોથી જેમના હૈયાં પ્રફુલ્લિત થતાં, દિવ્ય સુખના આનંદમાં મગ્ન બની જતાં, આજે તેમને મહારાજના આ શબ્દો બાણ જેવા લાગ્યા. સૌનાં હૈયાં વીંધાઈ ગયાં ! સૌ સ્તબ્ધ બની ગયા ! મહારાજને શું કહેવું ? કેમ મનાવવા ? કેમ રાજી કરવા એ કોઈને સૂઝ્યું નહીં. મહારાજ પણ જાણે શૂન્યમનસ્ક બની ગયા હોય તે ભાવે સભા સમક્ષ જોઈ રહ્યા !

થોડીવારે ભાઈ રામદાસજી સ્વામી ઊઠ્યા. ધીરે ધીરે મહારાજ પાસે આવ્યા અને હાથ જોડી ગદ્‌ગદ્ કંઠે બોલ્યા : "મહારાજ ! આપની આ ઉદાસીનતાનું કારણ અમને તો કાંઈ સમજ્યામાં આવતું નથી. છતાં અજાણતાં પણ અમારો કાંઈ ગુનો થયો હોય તો કરગરીને માફી માગીએ છીએ. આપ જેમ કહેશો તેમ કરીશું.

આપની આજ્ઞા, મરજી, રુચિ પ્રમાણે વર્તીશું. છતાં આપને સત્સંગ છોડીને જ જો જવું હોય તો સમગ્ર સત્સંગીઓના પ્રાણ ખેંચી લઈને આપ ખુશીથી પધારો. આપને માટે અમે ત્યાગીઓએ કુટુંબ-પરિવાર છોડ્યાં. ગૃહસ્થ ભક્તોએ પણ આપને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું. છતાં આપ આપની અનાદિની રીત પ્રમાણે જો નમેરા થઈ અમને સૌને નોંધારા મૂકી ચાલ્યા જશો તો ભવિષ્યના મુમુક્ષુજનો ભગવાનને ભક્તવત્સલ કહેતાં અચકાશે, ભગવાનના વચનો ઉપર ભરોસો મૂકતાં પણ બીશે અને ભક્તિનો માર્ગ વેરાન બની જશે.

રામે સીતાનો ત્યાગ કર્યો, કૃષ્ણે ગોપીઓનો ત્યાગ કર્યો, વામનજીએ બલિને બાંધ્યો - ભગવાનના આ પ્રકારના ચરિત્રોથી ભગવાનનાં ગાણાં ગવાયાં છે. આજે અમે માનતા હતા કે આ સર્વોપરી ભગવાન છે, ભક્તવત્સલ છે, આગલાં સ્વરૂપો કરતાં પ્રકૃતિ કાંઈક જુદી પડે છે. ભગવાનના ભક્તોમાં દોષ દેખતા નથી અને તેના દોષોને ક્ષમા કરી તેને કલ્યાણને માર્ગે આગળ લઈ જાય

છે, એવી કરુણાની ભાવના છે. આપની સાથેના સંબંધથી આપની પ્રકૃતિનું અમને જ્ઞાન થયું હતું, પણ આજે તો લાગે છે કે અમે ભૂલા પડ્યા હતા.''

ભાઈ રામદાસજી સ્વામી બોલતા હતા અને મહારાજના મુખારવિંદ ઉપરના ભાવ ફરતા હતા. સ્વામીને લાગ્યું કે મહારાજ થોડા કુમળા બન્યા છે એટલે તરત જ બોલ્યા : ''મહારાજ ! ભગવાનના સ્વરૂપમાં બાળ, યુવા કે વૃદ્ધના ભાવ જોવા નહીં એમ આપે જ અમને સમજાવ્યું હતું, પણ આજે અમને જણાય છે કે બાળકની જેમ આપ પણ વારેવારે રિસાઈ જાવ છો. ગઢપુરમાં ઉદાસ થયા પછી મનાયા અને અહીં પધાર્યા ત્યારે પાછો એનો એ જ ખેલ ! આ તે આપે શું માંડ્યું છે ? આપ તો ચરિત્ર કરો છો એમ જણાશે પણ આપના આ પ્રકારના ચરિત્રમાં અમારા તો પ્રાણ નીકળી જાય છે !''

ભાઈ રામદાસજી સ્વામીના શબ્દોની ધારી અસર થઈ. મહારાજ સ્વસ્થ થઈ ગયા અને ઢોલિયા ઉપરથી ઊઠીને એકદમ સ્વામી પાસે આવ્યા અને સ્વામીને ભેટી પડ્યા. બે ઘડી તો કોઈ કાંઈ બોલી શક્યું નહીં. સભા પણ દિગ્મૂઢ બની ગઈ ! મહારાજનો વિયોગ થશે એ ભાવથી સંતો, હરિભક્તોના અંતર અકળાઈ ગયાં હતાં, સૌ સૂનમૂન થઈ ગયા હતા. તેમને મહારાજનું આ પરિવર્તન જોઈ હર્ષ થયો, છતાં અંતરમાં હજુ બીક હતી તેથી કોઈ કાંઈ બોલ્યા નહીં.

છેવટે મહારાજ છૂટા પડ્યા. ભાઈ રામદાસજી સ્વામીના ચરણસ્પર્શ કરવા નીચે નમ્યા અને સ્વામીએ તરત જ મહારાજનો હાથ પકડી લીધો. મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. મહારાજે સભા સમક્ષ કરુણાપૂર્ણ દૃષ્ટિથી જોયું. પછી સ્વામીને કહ્યું : ''સ્વામી ! આપે જો આવા શબ્દો ન કહ્યા હોત તો અમે જરૂર ચાલ્યા જવાના હતા, પરંતુ આપ મોટાભાઈ છો એટલે આપની શિખામણના ઠપકાના શબ્દોથી અમારી સાન ઠેકાણે આવી ગઈ. અમે તો તમારી પાસે બાળક જેવા જ છીએ અને બાળક વૃદ્ધ પાસે લાડ ન કરે તો કોની પાસે કરે ?'' એટલી વાત કરી એટલે સૌ સ્વસ્થ થઈ ગયા. સૌનાં અકળાયેલા અંતર શાંત થયાં. સૌને હવે લાગ્યું કે મહારાજની ઉદાસીનતા ટળી ગઈ છે. હવે મહારાજ જશે નહીં.

થોડીવારે મહારાજે કહ્યું : ''સ્વામી ! અમારી ઉદાસીનતામાં પણ રહસ્ય રહેલું છે. સત્સંગમાં અંદર અંદર તો ગુણદોષ હોય પરંતુ જ્યારે અમારા સ્વરૂપમાં દોષ દેખાય ત્યારે અમે ઉદાસ થઈએ છીએ. અમારા સ્વરૂપમાં કલ્યાણકારી ગુણો જ જોવા, અમારું સ્વરૂપ સદા નિર્દોષ અને દિવ્ય જ છે એવું માનવું, તેમાં જ કલ્યાણ છે, પણ જો અમારામાં થોડો પણ દોષ દેખાશે તો એ ભાવ વધતો જશે અને અંતે એવા દોષ દેખનારા કલ્યાણના માર્ગથી પડી જશે.''

ભગવાન શ્રીહરિના આ શબ્દોનું રહસ્ય સૌને સમજાયું. શ્રીહરિની ઉદાસીનતા પણ કલ્યાણની ભાવના ભક્તોમાં દૃઢ કરાવવા માટે જ હોય છે. ભગવાનનું કોઈ ચરિત્ર મિથ્યા હોતું નથી અથવા મનુષ્ય સદૃશ હોતું નથી. ભાઈ રામદાસજી સ્વામીએ સૌના વતી મહારાજની માફી માંગી.

ભગવાન શ્રીહરિએ બીજે દિવસે મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''તમે ધરમપુર જઈ આવ્યા. ત્યાંના રાજમાતાનો ભાવ છે, વળી પ્રગટ ભગવાન આવી મારું કાંડું પકડે એવું હતું તો આપણે ધરમપુર જવું જોઈશે. માટે સૌ તૈયારી કરો.''

મુક્તાનંદ સ્વામીએ મહારાજની સાથે ધરમપુર જે જે સંતોને લઈ જવાના હતા તેમને તૈયાર થવા કહી દીધું. કાઠી દરબારોને પણ સાથે આવવા કહ્યું. રસ્તો વિકટ હતો, અજાણ્યો પણ હતો તેથી જોબનપગી અને તેમના સાથીઓ સાથે હોય તો કાંઈ તકલીફ પડે નહીં. તેમને પણ સાથે આવવા કહ્યું.

ભાઈ રામદાસજી સ્વામીએ મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! આ ધરમપુર જવાનું કેમ થયું ? અજાણ્યો પ્રદેશ, વિકટ રસ્તો, મહારાજને લઈને ત્યાં જવાનું કોઈ પ્રયોજન છે ?''

મુક્તાનંદ સ્વામી આ સાંભળી રહ્યા પછી ધીરેથી તેમણે કહ્યું : ''સ્વામી ! પરમચૈતન્યાનંદ સ્વામી ગઢપુરથી રિસાઈને ધરમપુર જતા રહ્યા હતા. પછી મહારાજે મને કહ્યું : 'ચૈતન્યાનંદ સ્વામી જેવા મોટા સદ્‌ગુરુને તો તમે જ પાછા વાળી શકો. માટે તમે જાઓ અને તેમને પાછા લઈ આવો.' એટલે અમે સંતો ધરમપુર ગયા. અમે ત્યાં પહોંચ્યા ત્યારે ચૈતન્યાનંદ સ્વામીની હાથી ઉપર સવારી નીકળી હતી, પરંતુ અમને જોઈને તરત જ તેમણે હાથી ઝુકાવવાનું કહ્યું. હાથી ઝૂક્યો. તેઓ નીચે ઉતર્યા અને મને પૂછ્યું : 'સ્વામી! મહારાજની શી મરજી છે ?' એટલે મેં કહ્યું : 'તમને તેડવા માટે જ અમને મોકલ્યા છે. માટે ચાલો.' પછી તેમણે કહ્યું : 'સ્વામી ! તમે અહીં રોકાવ. રાજમાતાને ખૂબ ભાવ છે. મહારાજ પ્રત્યે ખૂબ પ્રેમ થયો છે અને તમારી વાતોથી એ પ્રેમના અંકુરો પ્રબળ બની પાંગરશે.' એટલું કહી તેઓ મહારાજ પાસે જવા નીકળી ગયા.''

''પછી ?'' ભાઈ રામદાસજી સ્વામીએ પૂછ્યું.

''પછી અમે ત્યાં રહ્યા. રાજ્યના પુરોહિત ભાગવતની કથા કરતા. આપણી મર્યાદા સચવાય તે સારુ રાજમાતાએ પડદો નંખાવ્યો હતો. પડદા પાછળ રાજમાતા બેસે અને અમે કથાકાર ભૂદેવ સામે બેસીએ. જ્યારે કથામાં રૂક્ષ્મણિ હરણનો પ્રસંગે આવ્યો, ત્યારે રાજમાતાએ પડદા પાછળથી ભૂદેવને કહ્યું : 'મહારાજ ! તમે કથા વાંચી વાંચીને આયખું પૂરું કરશો અને હું તમારી કથા સાંભળીને મારું આયુષ્ય પૂરું કરીશ પણ તેથી તમારું કે મારું કોઈનું કલ્યાણ થાય તેમ નથી. એ તો જેમ રૂક્ષ્મણિનું ભગવાને કાંડું પકડ્યું, તેમ પ્રગટ ભગવાન જ્યારે આપણું કાંડું પકડશે ત્યારે જ કલ્યાણ થશે.' તે દિવસથી રાજમાતાને મહારાજને ધરમપુર તેડાવવાની લગની લાગી ગઈ હતી. અમે ગઢપુરમાં જ્યારે આવ્યા ત્યારે મહારાજને આ વાત કરી હતી. આજે મહારાજે તેના ભાવને પોષવા તેનું આમંત્રણ સ્વીકાર્યું.''

ભગવાન શ્રીહરિનો રાજમાતા કુશળકુંવરબાના આ અપૂર્વ ભક્તિભાવની વાત સાંભળી ભાઈ રામદાસજી સ્વામી રાજી થયા.

ભગવાન શ્રીહરિ ધરમપુર પત્ર લખાવ્યો હતો તેનો ઉત્તર લઈને રાજમાતાએ મોકલાવેલ પાંચ ક્ષત્રિયો ત્યાં આવી પહોંચ્યા. મહારાજને તેમણે પત્ર આપ્યો. મહારાજે મુક્તાનંદ સ્વામીને પત્ર આપ્યો અને કહ્યું : ''વાંચો, સ્વામી !''

મુક્તાનંદ સ્વામી પત્ર વાંચવા લાગ્યા : ''સૌ સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો, હરિભક્તો તથા સૌરાષ્ટ્રના કાઠી દરબારોને સાથે લઈને પધારશો. લાડુબા, જીવુબાને પણ સાથે લેતા આવશો એટલે તેમના દર્શન, સેવા અને સમાગમનો અમને લાભ મળે. આવતા-જતાનો તમામ ખર્ચ અમે આપીશું. માટે કૃપા કરીને સંઘ સહિત જ પધારજો.'' ભગવાન શ્રીહરિ કુશળકુંવરબાનો ભાવ જોઈ પ્રસન્ન થયા. બીજે દિવસે વડતાલથી નીકળવાનું નક્કી કર્યું.

બીજે દિવસે ભગવાન શ્રીહરિ સંતો અને હરિભક્તોના સંઘ સાથે વડતાલથી નીકળ્યા. મહારાજે ઘોડેસવાર સાથે જીવુબાને ગઢપુર સંદેશો મોકલાવી દીધો.

●●●

# વડતાલ-ચરોતર પ્રદેશમાં ભગવાન શ્રીહરિએ આમ્રોત્સવ કર્યો
## સં. ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૬)

ભગવાન શ્રીહરિએ હરિજયંતીનો ઉત્સવ સાદી રીતે ઉજવ્યો. ત્યારબાદ ભગવાન શ્રીહરિ કારિયાણી પધારી માંચાખાચરનું કારજ કરી સંતો-હરિભક્તોને ખૂબજ સાટા-જલેબીની રસોઈ બે દિવસ સુધી જમાડી તૃપ્ત કર્યા.

પછી કારીયાણીથી નીકળી ગઢપુર પધાર્યા. અહીં ગુજરાતના હરિભક્તોનો પત્ર આવ્યો હતો. તેમાં મહારાજને ખાસ લખ્યું હતું કે, ''સૌરાષ્ટ્રના કાઠી દરબારો, દાદાખાચર તથા સંતોને લઈને ગુજરાતમાં આમ્ર ઉત્સવ કરવા પધારો.''

ભગવાન શ્રીહરિએ સૌને કહ્યું : ''અમે અહીંથી નાગડકા જઈશું. ત્યાંથી ભાલમાં થઈને વડતાલ પહોંચીશું. તો તમે બધા સીધા વડતાલ આવી જશો. ભીમ એકાદશીનો સમૈયો વડતાલ કરીશું.''

પછી ભગવાન શ્રીહરિ ગઢડાથી નીકળી બોટાદ, નાગડકા, ભેંસજાળ, મોરસિયા, ધંધુકા, રોજકા, પચ્છમ, કમિયાળા, જાખડા, ચાંગા થઈને વડતાલ પધાર્યા. અહીં વાસણ સુથારને ઘેર મહારાજ ઊતર્યા.

ભગવાન શ્રીહરિ પધારવાના હતા એટલે વડતાલની આજુબાજુના ગામોના સૌ હરિભક્તોએ પોતાના આંબા વેડાવી લીધા હતા. કેરીઓ પકવવા નાખી હતી. સૌ મહારાજની વાટ જોઈ રહ્યા હતા. મહારાજ પધારે એટલે પહેલાં અમારે ગામ પધારે એવો સૌનો ભાવ હતો.

વડતાલમાં ભગવાન શ્રીહરિ હરિભક્તોને ઘેર રસપોળી જમતા અને પોતાના સંતોને પણ જમાડતા, પરંતુ સંતો રસ, રોટલી ને શાકમાં પાણી નાખી જમતા હતા. મહારાજ તેથી રાજી થતા. સંતો પ્રત્યે હરિભક્તોનો અત્યંત ભાવ હતો, તેથી તેમને આવું બેસ્વાદું જમણ જમતા જોઈ પૂછતા : ''સ્વામી ! રસ કેવો છે ?''

ત્યારે સંતો કહેતા : ''મીઠો મધ જેવો છે.''

એટલે સુરાખાચર હસતાં હસતાં બોલ્યા : ''પાણી નાખ્યું હોય, શાક ચોળ્યું હોય ત્યાં રસાસ્વાદની શી રીતે ખબર પડે ? એ તો અમથું કહે છે કે મીઠો છે.''

પરંતુ સંતો કહેતા : ''મહારાજની આજ્ઞા પ્રમાણે જમીએ છીએ એટલે સ્વાદ આવે છે.''

આજુબાજુના ગામના હરિભક્તો પણ અમે રહી ન જઈએ એ ભાવથી મહારાજને આમંત્રણ આપતા હતા. મહારાજે પ્રથમ સંજાયામાં ગરીબદાસનું આમંત્રણ સ્વીકાર્યું. દાદાખાચર, જીવાખાચર, મોકાખાચર, વસ્તાખાચર, સોમલાખાચર, સુરાખાચર વગેરે કાઠી હરિભક્તોને સાથે લઈને મહારાજ સંજાયા પધાર્યા. તેના ફળિયામાં લીંબડો હતો. તેની નીચે મહારાજ માટે તેણે હિંડોળો બાંધ્યો હતો. તેમાં મહારાજને ઝુલાવ્યા. રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ રસપોળી જમ્યા. પછી કાઠી ભક્તો તથા અન્ય ભક્તોને મહારાજે રસ પીરસ્યો. ઉપર ઘી પીરસ્યું. સૌને તૃપ્ત કરી દીધા. ગરીબદાસના ભક્તિભાવને મહારાજે પોષ્યો.

કાઠી ભક્તોએ કહ્યું : ''મહારાજ ! નામ તો ગરીબદાસ છે.''

''પણ અંતરમાં નારાયણ રહ્યા છે ને ! તેથી નારાયણના દાસ જેવો ભાવ છે.'' મહારાજે કહ્યું.

પછી વલેટવા, આખડોલ, ચાંગા, મહુડિયુંપરું, બામરોલી વગેરે ગામોમાં ભગવાન શ્રીહરિ પધાર્યા. ત્યાંના ભક્તોને પણ રાજી કર્યા. મહારાજ ડભાણ પણ પધાર્યા. ત્યાંથી પીજ પધાર્યા. બચાભાઈની ખડકીમાં ઊતર્યા. કાનદાસ, ભગવાનદાસ, ત્રવાડી જીભાઈ તેમજ વડોદરા વિપ્ર મોરારજી વગેરે આવ્યા. અહીં પણ રસ-રોટલીનું જમણ કર્યું. રાત્રે વડતાલ પધાર્યા.

બીજે દિવસે ઝીંડવાપરના નાથાભાઈ, ખોડીદાસ, કરસનભાઈ વગેરે ભગવાન શ્રીહરિને તેડવા આવ્યા. સંતો-હરિભક્તોનો સંઘ લઈને મહારાજ પધાર્યા. તે જ પ્રમાણે નરસંડા, ઉત્તરસંડા, કંજરી, જોળ, ઘુંટેલી ગામોના ભક્તોએ પણ મહારાજને તથા સંઘને પોતાને ગામ તેડાવી આમ્ર ઉત્સવ કર્યો. વલાસણમાં પણ મહારાજ પધાર્યા. રઘાભાઈ તથા બારોટ વાઘજીભાઈ તેમજ ગામના અન્ય ભક્તોએ સેવા કરી. પાદરમાં મોટો આંબો હતો ત્યાં મહારાજને ઝુલાવ્યા. મહારાજે સૌ ભક્તોના જેણે જેવા મનોરથ કર્યા હતા તે ભાવ પૂરા કર્યા. સૌ કૃતકૃત્ય થઈ ગયા !

ભગવાનનું પ્રાગટ્ય ભક્તોના મનોરથ પૂરા કરવા માટે જ હોય છે. પોતાના સંબંધે ભક્તિની અતિ ઉચ્ચ સ્થિતિ ઉપર મૂકી પોતાના દિવ્ય સુખનો સહજમાં જ અનુભવ કરાવી દેવો તે તેઓનું લક્ષ્ય હોય છે.

સં. ૧૮૭૨, ભીમ એકાદશીનો સમૈયો ભગવાન શ્રીહરિએ વડતાલમાં કર્યો. કાઠી ભક્તો રસપોળી જમીને તૃપ્ત થઈ ગયા હતા. તેમણે કહ્યું : "મહારાજ ! જો ચોમાસું બેસી જશે, તો ભાલ ઊતરવું કઠણ પડશે. માટે હવે પરિયાણ કરો તો સારું."

ભગવાન શ્રીહરિને પણ હવે ગઢપુર યાદ આવ્યું. વડતાલના ભક્તોની રજા લઈ મહારાજ સંઘ સાથે વડતાલથી નીકળી થોડા દિવસે ગઢપુર પહોંચી ગયા.

પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં આ આમ્ર રસોત્સવનું બહુ સુંદર રીતે વર્ણન કરતાં લખે છે :

**ચોપાઈ :**

ઉતર્યા જઈ વાસણવાસ, હતો તે સમે વૈશાખ માસ; ફળ્યા એ સમે આંબા અનેક, એક એકથી ઉત્તમ એક...૪૮
આપઆપના આંબા વેડાવે, હરિભક્ત ગાડાં ભરી લાવે; રસપોળીની આપે રસોઈ, એક એકથી ઉત્તમ જોઈ...૪૯
જમે સંત ધરી હરિધ્યાન, તેને તો રસનું નથી ભાન; રસરોટલી શાક ને પાણી, જમે ભેળું કરી ભક્ષ જાણી...૫૦
ગ્રાસે ગ્રાસે નારાયણ નામ, સંત તો ઉચ્ચરે એહ ઠામ; હરિજન જોઈને એમ જાણે, મને કીધો કૃતાર્થ આ ટાણે...૫૧
સખા નિઃસ્વાદિ છે હરિ કેરા, જ્ઞાન વૈરાગ્યવંત ઘણેરા; પણ હરિજનની રુચિ જાણે, માટે જમતાં તે રસને વખાણે...૫૨
સભા શ્રીજીની પાસે ભરાય, જ્ઞાનવારતા ત્યાં નિત્ય થાય; સુણી સંસારથી તુટે સ્નેહ, નાશવંત જાણે દેહ ગેહ...૫૩
સંતનો ધર્મ સારો જણાય, જોઈ બહુ જન સત્સંગી થાય; એમ સત્સંગ વાધ્યો અપાર, ભજે પ્રગટ પ્રભુ નરનાર...૫૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ભુવિતળ સતસંગ સંત દ્વારે, દિન દિન જેહ થતો દિસે વધારે;
પણ હરિવરનો બધો પ્રતાપ, સરવથિ એક સમર્થ એ જ આપ...૫૫

(શ્રીહરિલીલામૃત : ૭/૬૩)

**પૂર્વછાયો :**

વર્ણિ કહે નૃપ સાંભળો, લીલા આમ્રરસોત્સવ નામ; વાલે કરી વરતાલના, આસપાસ તણાં જ્યાં ગામ...૦૧
તે સંભળાવું સ્નેહથી, જેહ સાંભળતાં સુખ થાય; ભાવ કેવો હરિભક્તનો, તે તો જેથી જથાર્થ જણાય...૦૨

**ચોપાઈ :**

પ્રભુ અક્ષરધામવિહારી, તેણે ભૂતળ નર તનુ ધારી; વાસી અક્ષરના મુક્ત જેહ, થયા સંતસ્વરૂપે તો તેહ...૦૩
જેણે જાણ્યો તેનો મહિમાય, તેના હૈયામાં હરખ ન માય; જાણે ધન્ય આ અવસર આવ્યો, આજ લૈયે અલૌકિક લાવો...૦૪
એવા સંત અને પ્રભુ એવા, સજીએ તેની સ્નેહથી સેવા; તન મન ધનથી જો સેવાય, સર્વ તો તેહ સાર્થક થાય...૦૫
ઘેર તેડાવીને રુડી રીતે, પૂજીએ ને જમાડીને પ્રીતે; એવો ભાવ ભલો ઉર લાવે, અવિનાશીને તેડવા આવે...૦૬
રહેનાર જે સંજાયે ગામ, જેનું દાસ ગરીબ છે નામ; આવ્યા તેડવા કાજ હરિને, કરિ વિનતિ પ્રણામ કરીને...૦૭
દયાસિંધુ દયા દિલ ધારો, મારે ગામ પ્રભુજી પધારો; બોર શબરી તણાં જમ્યા જેમ, જમ્યા ભાજી વિદુરની તેમ...૦૮
સુદામાના તો જમ્યા તાંદુલ, તુચ્છ તે ગણ્યા આપે અમૂલ્ય; આમ્રફલ જમો એમ અમારાં, રાખ્યાં છે તમ અર્થે તે સારાં...૦૯
આશા પુરો અહો અવિનાશ, આજ આવો અમારે આવાસ; સખામંડળ ને સહુ સંત, સાથે લાવજો શ્રીભગવંત...૧૦
સુણી વિનતિ દયા દિલ ધારી, ચાલ્યા સંજાયે શ્રીગિરધારી; સખામંડળને લીધું સાથે, મુનિમંડળ પણ મુનિનાથે...૧૧
દાદો ખાચર ખાચર જીવો, મોકો ખાચર પણ કુળદીવો; વસ્તો ખાચર સોમલો સુરો, ભક્ત હમીર પણ પ્રેમી પુરો...૧૨
ઝીણો પુજો કાકો માનોભાઈ, ખોડોભાઈ ભજે સુખદાઈ; બિજા વરતાલના સતસંગી, એહ આદિ હરિ તણા અંગી...૧૩
સાથે લૈને પ્રભુ શુભ પેર, ગયા દાસ ગરીબને ઘેર; હતો લીંબડો ફળિયામાંય, બાંધ્યો હરિજને હિંડોળો ત્યાંય...૧૪
તેમાં બેસાડી હરિને ઝુલાવ્યા, જન ઉત્સવ કરવાને આવ્યા; દાસ ગરીબે તે અવસર જોઈ, રસપોળીની દીધી રસોઈ...૧૫
સંતને પ્રભુ પીરસે જેમ, સખાજનને કરે રાજી તેમ; જમે સૌ સખા કરતા વિનોદ, પેખી હરિજન પામે પ્રમોદ...૧૬
સંજાયામાં લીલા કરી શ્યામે, તે તો વિખ્યાત થૈ બહુ ઠામે; ગુણવંત વળોટવું ગામ, પગી થોભણ ભક્ત તે ઠામ...૧૭
અવિનાશીને તેડવા આવ્યા, તેથી ત્યાં સહુ સાથે સિધાવ્યા; વડ મોટો છે પાદરમાંય, ઝૂલ્યા હિંડોળે શ્રીહરિ ત્યાંય...૧૮
જમ્યા સૌ રસપોળી રસાળ, **પછી આવ્યા પાછા વરતાલ;** આખડોલે પટેલ નિવાસ, તેનું નામ તો ગોવિંદદાસ...૧૯

પ્રભુને તે તેડી ગયા ત્યાંય, હતો લીંબડો ફળિયામાંય; હરિને ત્યાં હિંડોળે ઝુલાવ્યા, રસપોળી જમાડી રીઝાવ્યા...૨૦
**વાલો ત્યાંથી આવ્યા વરતાલ,** ધર્મરક્ષક ધર્મનો લાલ; ચાંગા ગામે ગોવિંદ પટેલ, નથુ બારોટ ભક્ત થયેલ...૨૧
નથુજી દવે પરમ પવિત્ર, રામેશ્વર અને ઈશ્વરપુત્ર; આવ્યા તે બેય તેડવા કાજ, ગયા તેથી તહાં મહારાજ...૨૨
હતી પાટ પટેલને ઘેર, ગાદિતકીયો ધર્યો રુડી પેર; સભા ત્યાં બેસીને સજી શ્યામે, જ્ઞાનવાત કરી તેહ ઠામે...૨૩
રસપોળી જમીને રસાળ, **વાલો આવ્યા ફરી વરતાલ;** કેરીયાવી થકી ગલાભાઈ, આવી તેડી ગયા સુખદાઈ...૨૪
પ્રભુ ત્યાં પણ તેવી જ રીતે, જમી આવ્યા સમાજ સહીતે; ગામ મહૂડીયું પરું જ્યાંય, ભક્ત જાલમજી પગી ત્યાંય...૨૫
તેણે આવી કરી ઘણી તાણ, તેથી ત્યાં ગયા શ્યામ સુજાણ; જ્યાં જ્યાં જાય તે નટવર નાથ, સખા ને સંત તો હોય સાથ...૨૬
હતો લીંબડો આંગણામાંય, હરિ ઝૂલ્યા હીંડોળામાં ત્યાંય; રસપોળી જમ્યા હરિરાય, જમ્યા સંત ને સર્વ સખાય...૨૭
પ્રભુ પોઢી રહ્યા થોડી વાર, જ્યારે જાગીયા જગદાધાર; ટોપલા આઠમાં કેરી સારી, ભરી ભેટ પ્રભુ પાસે ધારી...૨૮
કેરી બે હરિએ જમી લીધી, બીજી સૌ સંતને વેંચી દીધી; પગી ઉત્તમ ને પગી નાના, પગી બેય ભલા ભક્ત ત્યાંના...૨૯
પ્રભુને પ્રણમી રુડી પેર, તેઓ તેડી ગયા નિજ ઘેર; આમલો હતો આંગણામાંય, ઝુલાવ્યા હરિ હિંડોળે ત્યાંય...૩૦
સંધ્યા સમય થયો પછી જ્યારે, કરી આરતી ને ધુન્ય ત્યારે; રીઝાવા હરિને રુચિ લાવી, પરાની બાઈયોને બોલાવી...૩૧
પછી માતાના ગરબા મગાવ્યા, તેમાં દીવા ભલા પ્રગટાવ્યા; મઢ માતાના બે હતા જેહ, બાઇ બેએ માથે લીધા તેહ...૩૨
બીજી હાથમાં ગરબા ઉછાળે, ગાય ગર્બિયો રાગ રૂપાળે; હરિ રીઝાવા તે કર્યું કાજ, જોઈ રાજી થયા મહારાજ...૩૩
આપી પ્રસાદી પતાસાં તણી, કૃપાનાથે કૃપા કરી ઘણી; કરી ભક્તોની પૂરણ આશ, **વરતાલ આવ્યા અવિનાશ...**૩૪

**પૂર્વછાયો :**

તખો પગી બામણોલીના, આવ્યા કૃષ્ણને તેડવા કાજ; સ્નેહ વિલોકીને સંચર્યા, પ્રભુ સાથે લઈને સમાજ...૩૫
પ્રભુ સ્વતંત્ર સમર્થ છે, દોર્યા કોઈના નવ દોરાય; પ્રેમી જનોના પ્રેમના, એક તંતુએ બાંધ્યા જાય...૩૬
બ્રહ્મા સમાન સમર્થ કે, હોય કંગાલ કીટ સમાન; ભાળે ભલો ભાવ જેહનો, થાય વશ્ય તેને ભગવાન...૩૭
જાતિ કુજાતિ જુવે નહીં, નહિ વિમૂઢ કે વિદ્વાન; રૂપ કુરૂપ જુવે નહીં, સદા ભાવને વશ ભગવાન...૩૮
વેદ ભણેલો વિપ્ર જો, હરિપદ વિમુખ તે હોય; એથી ઉત્તમ હરિભક્ત છે, હોય શ્વપચ જાતિ તોય...૩૯
ગીધ ને ગજ ગણિકા જુઓ, થયા શ્રીહરિને ભજી સિદ્ધ; પ્રભુ વિમુખ એવી પદવીને, નથી પામ્યા કોઇ પ્રસિદ્ધ...૪૦
ગોકુળની ગોવાલણી, છેક છાસ તણી વેચનાર; શ્રુતિ ગણાણી વેદની, પુરો પામી પ્રભુપદ પ્યાર...૪૧
તેમ જ કાઠી ગરાશિયા, દ્વિજ પગી ને પાટીદાર; પ્રભુ ભજીને આ સમે, થયા ઉત્તમ ભક્ત અપાર...૪૨

**ચોપાઈ :**

તખાભક્તનો નેહ નિહાળી, બામણોલી ગયા વનમાળી; બાંધ્યો રાયણે હિંડોળો સારો, ઝૂલ્યા તે વિષે ધર્મદુલારો...૪૩
રસપોળી જમ્યા રુડી રીતે, પછી પોઢ્યા થોડી વાર પ્રીતે; પ્રભુ પોઢી ઉઠ્યા પછી જ્યારે, તખાભક્તે કહ્યું વળી ત્યારે...૪૪
ગાડાં આઠ આણી હતી કેરી, વધી છે હજી તેમાં ઘણેરી; વેંજાચી આપો સમાજને સ્વામી, મારી ઇચ્છા પુરો બહુનામી...૪૫
પછી શ્રીહરિએ સાક્ષાત, આપી સૌને કેરી સાત સાત; **વાલો ત્યાંથી આવ્યા વરતાલ,** પુરુષોત્તમ જનપ્રતિપાળ...૪૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજજન મનને પ્રમોદદાતા, સરવ પ્રકાર સમર્થ સર્વજ્ઞાતા;
નર તનુ ધરિ દાસ શ્રેય સારુ, શુભ કરજો પ્રભુ તે સદા અમારું...૪૭

(શ્રીહરિલીલામૃત : ૭/૬૪)

**પૂર્વછાયો :**

વર્ણિ કહે અભેસિંહને, સુણો આમ્રરસોત્સવ સાર; વિસ્તારથી જો વરણવું, નવ આવે ઉચ્ચરતાં પાર...૦૧

**ચોપાઈ :**

પછી ભક્ત ડભાણના આવ્યા, શ્રીજી તેથી ડભાણ સિધાવ્યા; જમ્યા ત્યાં રસપોળી જીવન, આવ્યા તેડવા પૈજના જન...૦૨
પ્રભુ પૈજ પધાર્યા સુપેર, ત્યાંના ભક્ત ઉપર ધરી મહેર; બચાભાઈની ખડકી છે નામ, ઉતર્યા તહાં જૈ ઘનશ્યામ...૦૩
કાનદાસ ને ભગવાનદાસ, ઝવેરીદાસ આવિયા પાસ; એક વિપ્ર ત્રવાડી જીભાઈ, આવ્યા દર્શન કારણ ધાઈ...૦૪

બીજા વિપ્ર વડોદરા જેહ, આવ્યા મોરારજી પણ તેહ; તેઓ બે જણે કીધી રસોઈ, જમ્યા નાથ ભલો ભાવ જોઈ...૦૫
જમ્યા ત્યાં રસ જગજીવન, વળી ભક્ત ઘણાને ભુવન; પધરામણીયે જનપાળ, જઈ જૈને જમ્યા તહાં થાળ...૦૬
એમ આનંદ સૌને વધાર્યા, **પછીથી વરતાલ પધાર્યા;** જાંડવાપરાના નાથાભાઈ, ખોજીદાસ ને કરશનભાઈ...૦૭
તે તો તેડવા આવ્યા હરિને, ગયા તેડી તે વિનતિ કરીને; નાથાભાઈના ફળિયા મોઝાર, બાંધ્યો લીંબડે હીંડોળો સાર...૦૮
અતિ હેતે હિંડોળે ઝૂલાવ્યા, રસપોળી જમાડી રીઝાવ્યા; કરી જ્ઞાનની વાત કૃપાળ, **પાછા આવ્યા વળી વરતાલ...**૦૯
નરસંડે ઉત્તમગર બાવા, તે તો નાથને તેડવા આવ્યા; રામગર શિષ્યને લાવ્યા સંગે, દર્શનાતુર દેખીને અંગે...૧૦
સાથે મકનદાસ પટેલ, વાલાભાઈ સહીત આવેલ; દાદાભાઈ ને કુબેરદાસ, એહ આદિ બીજા હરિદાસ...૧૧
કરી વિનતિ કરીને પ્રણામ, પ્રભુ તેડી ગયા નિજ ગામ; તહાં સારી સજી અસવારી, ઘેર ઘેર પધાર્યા મુરારી...૧૨
કોઈને ઘેર ભોજન કીધું, કોઈને ઘેરથી કાંઇ લીધું; વડવૃક્ષે તળાવને તીર, ઝુલાવ્યા હીંડોળે નરવીર...૧૩
એમ સૌને દઈ દરશન, **આવ્યા વરતાલ પ્રાણજીવન;** ગલાભાઈ ને રાયજીભાઈ, દાસ નરહર બેચરભાઈ...૧૪
એ તો ચારે એકાંતિક દાસ, જેનો ઉતરસંડે નિવાસ; આવ્યા તેડવા તે રુડી રીતે, પધાર્યા પ્રભુ ત્યાં પણ પ્રીતે...૧૫
નરહરદાસની ખડકીયે, તહાં કીધો ઉતારો શ્રીજીયે; એક પાટ ઉપર પધરાવી, શેલું આપીને પાઘ બંધાવી...૧૬
પ્રેમે પૂજી સ્તવન શુભ કીધું, રસરોટલી ભોજન દીધું; તેની ભક્તિ વિશેષ વખાણી, **વરતાલ આવ્યા પદ્મપાણિ...**૧૭
કંજરી ગામના ખોજીદાસ, દાસ ઈશ્વર રણછોડદાસ; રામજી નામે હવાલદાર, આવ્યા વરતાલ એ જણ ચાર...૧૮
કૃષ્ણને વિનતિ ઘણી કરી, તેથી ત્યાં પણ સંચર્યા હરિ; ચોરા આગળ પાટ ઢળાવી, પધરાવ્યા પ્રભૂ તહાં લાવી...૧૯
ઘર ઘર પધરામણી કીધી, રસોઈ રસપોળીની દીધી; **વરતાલ આવ્યા પછી વાલો,** ધર્મરક્ષક ધર્મનો લાલો...૨૦
જોળના રામદાસ પટેલ, આવી તેડી ગયા અલબેલ; નિજ ક્ષેત્રમાં રાયણ સારી, તહાં ઝુલાવ્યા દેવ મુરારી...૨૧
જાંબુડો તહાં કૂપની પાસ, જમ્યા થાળ તહાં અવિનાશ; રસ રોટલીયો રસદાર, જમ્યા સંત ને સૌ અસવાર...૨૨
પછી ગામમાં પોતાને ઘેર, પ્રભુને પધરાવ્યા સુપેર; સ્નેહે સેવા સજી રાખ્યા રાત, પછી પ્રગટિયું જ્યારે પ્રભાત...૨૩
ચોરા પાસે શિવાલય જ્યાંય, બાંધ્યો હીંડોળો આંબલે ત્યાંય; ઝુલાવ્યા હરિને ધરી હેત, કર્યો ઉત્સવ સંત સમેત...૨૪
ભલા ભક્ત ગોપાળજીભાઈ, જેના પુત્ર નામે ભલાભાઇ; તેણે અવસર ઉત્તમ જોઈ, રસપોળીની દીધી રસોઈ...૨૫
ઘેર તેડી પૂજ્યા પ્રભુ પ્રીતે, કરી આરતી ઉત્તમ રીતે; પિતા પુત્ર નમ્યા પ્રભુ પાય, તેના હૈયામાં હરખ ન માય...૨૬
એમ આનંદ સૌનો વધારી, **આવ્યા વરતાલ વિશ્વવિહારી;** વલાસણના વાસી રઘાભાઈ, તથા બારોટ રાયજીભાઈ...૨૭
આવ્યા તેડવા કાજ હરીને, ગયા તેડી ત્યાં વિનતિ કરીને; મોટો આમલો પાદર માંય, ઝુલાવ્યા હરિ હીંડોળે ત્યાંય...૨૮
પછી પધરામણી ઘેર કીધી, રસોઈ રસપોળીની દીધી; પછી સંત સખા લઈ સાથ, **વરતાલ આવ્યા વિશ્વનાથ...**૨૯
ગામ ઘુંટેલીના સતસંગી, આવ્યા તેડવા કાજ ઉમંગી; તહાં પણ પ્રભુજી જઈ આવ્યા, એ જ રીતે પૂજ્યા પધરાવ્યા...૩૦
જઈ આવ્યા બીજે પણ ગામ, મને સાંભર્યાં તે કહ્યાં નામ; રસઉત્સવ એ રીતે કીધો, જને લાવ અલૌકિક લીધો...૩૧
કાઠી આદિ સખા હતા જેહ, થાક્યા સર્વ જમી રસ તેહ; સખા સૌ બોલ્યા શ્રીહરિ પાસ, આવ્યો ઉતરવા જેઠ માસ...૩૨
વરસાદ વધારે જો થાશે, ભાલ ભરાશે કેમ જવાશે; ગઢપુરના હરિજન જેહ, વાટ જોતા હશે હવે તેહ...૩૩
કેરિયો જમી સર્વે ધરાયા, ચાલો ગઢપુર હે હરિરાયા; ચરોતરના હરિભક્ત કેરો, નિરખ્યો અમે નેહ ઘણેરો...૩૪
એ તો પ્રેમ તણાં સતપાત્ર, અમે એની આગળ તે શા માત્ર; પ્રભુ પૂજીને માગિયે એમ, આપો એ જનના જેવો પ્રેમ...૩૫
જેમ ઉદ્ધવનો ગર્વ હરવા, મુક્યા ગોપિને ઉપદેશ કરવા; એમ હરવાને ગર્વ અમારો, લાવી દેખાડ્યો સત્સંગ સારો...૩૬

(શ્રીહરિલીલામૃત : ૭/૬૫)

**ભાવાર્થ :** ભગવાન શ્રીહરિ પચ્છમથી સંચર્યા ને કમિયાળે પધાર્યા. ત્યાંથી જાખડે રાત રહ્યા. પ્રભાતે ઊઠી સાબરમતી ઉતરી દેવા ગામ પધાર્યા. ત્યાં બપોરા કરી ચાંગામાં જઈ રાત રહ્યા. ત્યાંના નથુ બારોટ, લક્ષ્મણ વગેરે ભક્તોએ સેવ્યા. પ્રાતઃકાળે વરતાલ પધાર્યા.

**પુરણપોળી ને રસની રસોઈ :** વૈશાખ માસનો સમય હતો તેથી અનેક આંબાઓમાં કેરી પાકેલી. આસપાસના ગામમાંથી ગાડાઓ ભરી ભક્તો કેરી લાવ્યા. પુરણપોળી ને રસની રસોઈ આપી. સંત હરિભક્તો હરિનું ધ્યાન ધરી જમ્યા. તેઓને રસનું ભાન ન હતું. રસ, રોટલી, શાક ને જળ ભેળુ કરી જમતા. ગ્રાસે, ગ્રાસે નારાયણ નામ લેતા. હરિજનો જોઈને રાજી થતા. હરિના સખા નિઃસ્વાદી હતા. જ્ઞાનવૈરાગ્યથી ભરપૂર હતા.

શ્રીહરિના સાંનિધ્યમાં સભા ભરાતી. નિત્ય જ્ઞાનવાર્તા થતી. સાંભળતા સંસારથી સ્નેહ તૂટતો. દેહ નાશવંત જણાતો. સંતોનો ધર્મ સારો જણાતો તેથી સર્વે સત્સંગી થતાં. આ પ્રકારે અપાર સત્સંગ વધ્યો ને હજારો નરનારીઓ ભાવથી પ્રગટ પ્રભુનું ભજન કરતા. સંતોના માધ્યમથી ધરતી પર દિન-દિન સત્સંગ વૃદ્ધિ પામતો. એ બધો જ શ્રીહરિવરનો પ્રતાપ હતો. શ્રીહરિ સર્વથી સમર્થ છે.

શ્રી અચિન્ત્યાનંદજી કહે છે, હે અભેસિંહ ! વહાલે વરતાલમાં આમ્રોત્સવની લીલા કરી. આસપાસના ગામોમાં પણ એ લીલા કરી તે તમને સંભળાવું છું. સાંભળવાથી સુખ ઊપજે છે. હરિભક્તને ભાવ ઉપજે છે.

અક્ષરધામના ધામીએ ભૂતળ પર નરતનુ ધરી ને અક્ષરમુક્તોએ સંતોના રૂપ ધારણ કર્યા. તેનો જેને મહિમા જાણ્યો તેના હૈયામાં આઠે પહોર આનંદ વર્તે. એવા સંત ને એવા પ્રભુની સેવા કરી જીવન સફળ થયા.

હરિભક્તો ભાવથી શ્રી અવિનાશીને તેડવા આવતા. સંજાયાના ગરીબદાસ શ્રીહરિને તેડવા આવ્યા ને વિનંતી કરી પ્રભુ ! દયા કરી અમારે ગામ પધારો. શબરીના બોર જમ્યા. વિદુરની ભાજી જમ્યા. સુદામાના તાંદુલ જમ્યા તેમ અમારા આમ્રફળ જમો.

શ્રીહરિ તેમની વિનંતીથી સંજાયે પધાર્યા ને સખામંડળ સંતમંડળો સાથે લીધું. ગરીબદાસને ઘેર ઉતર્યા. ફળિયામાં લીંબડો હતો ત્યાં હિંડોળો બાંધ્યો. તેમાં બેસાડી હરિને ઝૂલાવ્યા. જનો ઉત્સવ કરવા આવ્યા. દાસ ગરીબે રસપોળીની રસોઈ દીધી. સંતને પ્રભુ પીરસતા. સખાઓ વિનોદ કરી જમતા. હરિભક્તો રાજી થતા. સંજાયા ગામની લીલા સર્વત્ર પ્રસિદ્ધ થઈ.

વલેટવા ગામના થોભણ પગી શ્રી રસેશ્વરને તેડવા આવ્યા. શ્રીહરિ ત્યાં સિધાવ્યા ને પાદરમાં મોટા વટવૃક્ષની ડાળે બાંધેલા હિંડોળે ઝૂલ્યા. રસપોળી જમ્યા ને વરતાલ આવ્યા.

ચાંગાના ગોવિંદ પટેલ, નથુ બારોટ, નથુદવે, રામેશ્વર ને ઈશ્વર હરિને તેડવા આવ્યા. પ્રભુ ત્યાં પધાર્યા ને પટેલને ઘેર પાટ પર ગાદીતકીયો ધરી સભામાં બિરાજી જ્ઞાનવાર્તા કરી. રસપોળીની રસોઈ જમા ને વરતાલ પધાર્યા.

કેરીયાવીથી ગલાબાઈ પધાર્યા. મહાપ્રભુ ત્યાં પણ તેવી જ રીતે સમાજ સહિત રસપોળી જમ્યા.

મહુડીયા પરેથી ભક્ત જાલમપગી આવ્યા ને શ્રીહરિને નિમંત્રણ આપી તેડાવ્યા. શ્રીહરિ સંતો સાથે પધાર્યા. આંગણામાં લીંબડો હતો ત્યાં ઝૂલ્યા. રસપોળી જમ્યા. થોડીવાર પોઢીને જાગ્યા. આઠ ટોપલા કેરી પ્રભુને ભેટ ધરી. તેમાંથી બે કેરી જમી સંતોને વેચી દીધી. ઉત્તમ પગી ને નાના પગી પ્રભુને પ્રણામ કરી પોતાને ઘેર તેડી ગયા. આંગણાના આંબલે હિંડોળે ઝુલાવ્યા. સંધ્યા સમય થયો ત્યારે આરતી ધૂન કરી. શ્રીહરિને રીઝવવા પરાની બાઈઓને બોલાવી માતાના ગરબા મંગાવ્યા ને દીવા પ્રગટાવ્યા. માતાના બે મઢ બે બાઈઓએ માથે લીધા ને રૂપાળે રાગે ગરબીઓ ગાઈ. શ્રીહરિ નિહાળી પ્રસન્ન થયા ને ભક્તોની આશ પૂર્ણ કરવા શ્રી અવિનાશ ફરી વરતાલ પધાર્યા.

બામણોલીના તખો પગી શ્રીપ્રભુને તેડવા આવ્યા. તેમના પ્રેમથી સખા સાથે ત્યાં પધાર્યા. પ્રભુ સ્વતંત્ર ને સમર્થ છે. કોઈના દોર્યા દોરાતા નથી. પ્રેમીજનોના પ્રેમમાં એક તંતુએ બંધાય છે. બ્રહ્મા સમાન સમર્થ હોય કે કીટ સમાન કંગાલ પરંતુ જેનો ભાવ તેને વશ થાય છે. જાતિ કુજાતિ જૂવે નહિ. વિમૂઢ કે વિદ્વાન્ જુએ નહીં. રૂપ-કુરૂપને જુએ નહીં. ભાવાધીન છે ભગવાન, વેદ ભણેલ વિપ્ર જો હરિપદથી વિમુખ હોય તો હરિભક્ત તેનાથી ઉત્તમ છે. ભલે તે શ્વપચ જાતિમાં હોય. ગીધ ને ગણિકા હરિને ભજી સિદ્ધ થયા ને ગોકુળની ગોવાળણ છેક છાશ વેંચનારી પણ વેદની શ્રુતિ ગણાઈ ને પ્રભુ પદ પ્યાર પામી. એ જ રીતે કાઠી, ગરાશિયા, દ્વિજ, પગી ને પાટીદાર પ્રભુને ભજી ઉત્તમ ભક્ત થયા.

તખા પગીનો ભાવ નિહાળી ભૂધર બામણોલી પધાર્યા. રાયણે હિંડોળો બાંધ્યો. તેમાં ધર્મદુલારો ઝુલ્યા. રસપોળી જમ્યા ને થોડી વાર પ્રીતમ પોઢ્યા. જાગ્રત થયા ત્યારે તખાપગી કહે, 'પ્રભુ ! આઠ ગાડાં કેરી લીધી તેમાં બહુ વધી છે તે સર્વેને પ્રસાદી આપો.' શ્રીહરિએ સૌને સાત-સાત કેરી વહેંચી આપી ને જનપ્રતિપાળ વરતાલ પધાર્યા.

શ્રી અચિન્ત્યાનંદજી કહે, 'હે અભેસિંહ ! શ્રીહરિએ અદ્‌ભૂત આમ્રોત્સવ ઉજવ્યા તેનું વિસ્તારથી વર્ણન કરીએ તો પાર ન આવે.'

**ભિન્ન ભિન્ન સ્થલે દિવ્ય આમ્રોત્સવ :** ડભાણના ભક્તો શ્રીહરિને નિમંત્રણ આપવા આવ્યા તેથી મહાપ્રભુ ત્યાં પધાર્યા ને રસપોળી જમ્યા. તેવામાં વીજના ભક્તો આવ્યા ને બચાભાઈની ખડકીએ પ્રભુ ઉતર્યા. કાનદાસ, ભગવાનદાસ, ઝવેર દાસ, વિપ્ર ત્રવાડી, જીભાઈ વગેરે દર્શને આવ્યા. વડોદરાના વિપ્ર મોરારજી પણ આવ્યા. તેઓએ રસોઈ કરી તે ભાવથી જમ્યા. પધરામણીઓ કરી જનપ્રતિપાળ સર્વેને ત્યાં જમ્યા. સર્વેના દિલમાં આનંદ ઉપજાવી વરતાલ પધાર્યા.

નરસંડા ઉત્તમનગરથી બાવાજી રામગર શિષ્યને સાથે લઈ શ્રી અવિનાશને તેડવા આવ્યા. શ્રીહરિએ ઘેર ઘેર પધરામણી કરી. સર્વેને રાજી કર્યા. તળાવને તીર વટવૃક્ષે હિંડોળો બાંધી નરવીરને ઝુલાવ્યા. આ પ્રકારે દર્શન દઈ વરતાલ આવ્યા.

ગલાભાઈ, રામજીભાઈ, નરહરદાસ તથા બેચરભાઈ એ ચારે એકાંતિક ભક્તો ઉત્તરસંડાથી તેડવા આવ્યા તેથી પ્રભુ ત્યાં પધાર્યા. નરહરદાસની ખડકીએ ઉતર્યા. એક પાટ પધરાવી શેલું આપી પાઘ બંધાવી પ્રેમે પ્રભુની સ્તુતિ કરી. રસરોટલીનું ભોજન કર્યું. તેનો ભક્તિભાવ વખાણી વાલો વરતાલ પધાર્યા.

કંજરીગામના ખોજીદાસ, રણછોડ, ઈશ્વર, રામજી હવાલદાર એ ચારે ભક્તો પ્રભુને તેડવા આવ્યા. શ્રીહરિ ત્યાં પધાર્યા ને ચોરા આગળ પાટ ઢળાવી પ્રભુને પધરાવ્યા. ઘેરઘેર પધરામણી કરી. રસપોળીની રસોઈ જમ્યા ને વરતાલ પધાર્યા.

જોળના રામદાસ પટેલ પ્રભુને તેડી ગયા. રાયણ નીચે હિંડોળે ઝુલાવ્યા. કૂપની પાસે જાંબુડા નીચે જગજીવન થાળ જમ્યા. ગામમાં પોતાના ઘેર રાતવાસો કરાવી સેવા કરી. પ્રભાત થયું ને ચોરા પાસે શિવાલયે આંબલાની ડાળે હિંડોળો બાંધી હેતથી હરિને ઝુલાવ્યા. સંતો સાથે ઉત્સવ કર્યો. ગોપાળજી ને તેના ભલાભાઈ પુત્રે રસપોળીની રસોઈ આપી. ઘેર પધરામણી કરાવી. પોતે પૂજા કરી આરતી ઉતારી. પિતા પુત્ર પ્રભુ પાય નમ્યા. હૈયામાં હરખ ન સમાયો. આ પ્રકારે સૌના અંતરનો આનંદ વધારી વહાલો વરતાલ પધાર્યા.

વલાસણના વાસી રઘાભાઈ, રામજી બારોટ શ્રીહરિને તેડવા આવ્યા.

પાદરના આંબલે હિંડોળે ઝુલાવ્યા. ઘેરઘેર પધરામણી કરાવી ને રસપોળીની રસોઈ આપી. સંતો સાથે વિશ્વનાથ વરતાલ આવ્યા. ઘૂંટેલીના સત્સંગીને ત્યાં પણ પ્રભુ પધારી રસોત્સવ કર્યો.

કાઠી સખાઓ રસ જમી જમીને થાક્યા તેથી શ્રીહરિને કહે હવે જેઠ માસ ઉતરવા આવ્યો છે. વરસાદ થશે તો ભાલ પ્રદેશ ઉતરી શકાશે નહિ. ગઢપુરના ભક્તો પ્રતીક્ષા કરતા હશે. કેરીઓ જમીને બહુ તૃપ્ત થયા છીએ. હવે ગઢપુર ચાલો. અમે ચરોતરના ભક્તોનો પ્રેમ નિરખ્યો છે. એમની આગળ અમે કાંઈ નથી. તમારી પૂજા કરીને અમે તેમના જેવો પ્રેમ માગીએ છીએ. ઉદ્ધવજીનો ગર્વ હરવા ગોપીઓ પાસે ઉપદેશ આપવા મોકલ્યા તેમ અમારો ગર્વ હરવા સત્સંગીઓ પાસે લાવ્યા છો.

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ દિવાળી તથા અન્નકૂટના ઉત્સવો ઉજવ્યાં

## સં. ૧૮૭૩ (ઈ.સ. ૧૮૧૬)

સં. ૧૮૭૩ના શ્રાવણ, ભાદરવાના ઉત્સવો ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં કર્યા. આસો બેઠો અને મહારાજે વડતાલ જવા નક્કી કર્યું. મહારાજે દાદાખાચરને બોલાવીને કહ્યું : "દાદા ! આ વખતે દિવાળી અને અન્નકૂટના ઉત્સવો વડતાલમાં કરવા છે તો તમારે તથા બહેનોએ રાજી થઈને અમને રજા આપવી. ગુજરાતમાં પણ સત્સંગ ઘણો વધી રહ્યો છે. ત્યાંના પ્રેમી ભક્તોના ભાવ પૂરા કરવા જોઈએ તો જ તેમની ભક્તિને પોષણ મળે."

દાદાખાચરે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપની જેવી ઈચ્છા ! અમે તો આપની ઈચ્છાને સદા આધીન છીએ. આપ સુખેથી પધારો, પરંતુ ગુજરાતના ભક્તોને ગઢપુર આવવાનું આમંત્રણ આપીને જ આવજો."

ભગવાન શ્રીહરિ દાદાખાચરનો ભાવ સમજી ગયા. તેમણે હવે પછીનો ઉત્સવ ગઢપુરમાં ઉજવવાનું આ રીતે નક્કી કરી લીધું.

### • ભગવાન શ્રીહરિએ દાતણ આપનાર બીબડીનું કલ્યાણ કર્યું :

ભગવાન શ્રીહરિ સંતમંડળ તથા પાર્ષદો અને હરિભક્તો સાથે ગઢપુરથી નીકળ્યા. સારંગપુર પધાર્યા. સારંગપુરથી ફરતાં ફરતાં ભાલમાં ગામ સોઢીને પાદર સવારના પહોંચ્યા. મહારાજે તળાવને કાંઠે ઉતારો કર્યો અને ત્યાં જ દાતણ તથા શૌચવિધિ પતાવી આગળ જવું એવો નિર્ણય કર્યો. મહારાજે સુરાખાચરને કહ્યું : "સુરાખાચર ! બાવળનાં દાતણ હોય તો કરીએ."

તે સાંભળી સુરાખાચરે કહ્યું : "મહારાજ ! બાવળ અહીં નો મળે. આ તો ખારોપાટ. ઝાડવું એકે દેખાતું નથી."

ભગવાન શ્રીહરિ આ સાંભળી મંદ મંદ હાસ્ય કરતાં કહ્યું : "દરબાર ! ગામમાં તપાસ તો કરો."

સુરાખાચર ગામમાં ગયા. ગામ નાનું હતું એટલે થોડીવારમાં જ સુરાખાચર ગામમાં ફરી વળ્યા. ઘેર ઘેર તેમણે દાતણનું પૂછ્યું. ત્યારે એક બાઈએ કહ્યું : "આઘે એક મુસલમાન બીબડીએ પોતાની ફળીમાં જતન કરીને બાવળિયો ઉછેર્યો છે, પણ એ તરકડી દાતણનો ઉપયોગ પોતે કરતી નથી, તેમ કોઈને દાતણ લેવા પણ દેતી નથી. તે તો કહે છે ખુદા માટે છે !"

સુરાખાચર આ સાંભળી ભગવાન શ્રીહરિના શબ્દોનું રહસ્ય સમજી ગયા. તે સીધા તે બાઈને ઘેર ગયા. તે બાઈને તેમણે પૂછ્યું: "બાવળનું દાતણ મળશે ?"

એટલે તે બાઈએ કહ્યું : "ભાલમાં બાવળનું દાતણ માંગે એવો કોણ રસિયો છે ? મારો બાવળ તો ખુદાને માટે જ છે !"

સુરાખાચરે તરત જ કહ્યું : "ખુદાને માટે જ લેવા આવ્યો છું, માટે આપ."

આ સાંભળી તે બાઈ વિચારમાં પડી ગઈ. તેણે કહ્યું : "ખુદા માટે ? તો તો ઊભા રહો, બાપુ ! જો ખુદા હોય તો હું મારે હાથે જ દાતણ આપીશ." એમ કહી તેણે બાવળની સોટીઓ જોઈ. તેમાં લીલી અને સીધી જોઈ એક સોટી કાપી તેના કાંટા ઉતાર્યા. પાણીથી તે ધોઈ અને પછી હાથ એકનું દાતણ કાપી તે સુરાખાચર સાથે ગઈ.

ભગવાન શ્રીહરિ તે વખતે દિશાએ જઈ હાથ ધોઈ રહ્યા હતા. સુરાખાચરને બાઈની સાથે આવતા જોઈ મહારાજે ગમ્મત કરી : "આ સુરાખાચર તો જતિ છે પણ માયા તો તેની કેડે જ ફરે છે."

સૌ પાર્ષદો હસ્યા. સુરાખાચર કાંઈ સમજ્યા નહીં. તેણે બાઈને કહ્યું : "જો બહેન ! આ ખુદા છે."

ભગવાન શ્રીહરિ હસ્યા અને હાથ લાંબો કર્યો. બાઈએ દાતણ આપી દીધું. બાઈએ કહ્યું : "સ્વામિનારાયણ ! તમે ખુદા હો તો મારા ઉપર નજર રાખજો."

ભગવાન શ્રીહરિએ રાજી થઈને આશીર્વાદ આપતાં કહ્યું : "તને અમે અક્ષરધામમાં લઈ જાશું."

પછી નિત્યવિધિ પતાવી ભગવાન શ્રીહરિ તૈયાર થઈ ગયા. માણકી ઉપર બિરાજ્યા. બાજુમાં સુરાખાચર હતા. તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! આ બાઈને અક્ષરધામ બક્ષિસ આપી દીધું !"

"હા કેટલાંય વર્ષોથી ખુદાની રાહ જોઈને બેઠી હતી. શબરીના જેવી તેની તપશ્ચર્યા હતી." મહારાજે કહ્યું.

સુરાખાચર વિચાર કરતા થઈ ગયા. મહારાજે કહ્યું : "સુરાખાચર ! શું વિચાર કરો છો ? ધણીનો કોઈ ધણી છે ?"

ભગવાન શ્રીહરિ સોઢી ગામથી નીકળી થોડા દિવસે વડતાલ પહોંચ્યા. અહીં નારાયણગિરિના મઠમાં મહારાજે ઉતારો કર્યો.

## • વડતાલમાં ભગવાન શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીની સમજણ વખાણી :

ભગવાન શ્રીહરિ ગઢપુરથી જ તમામ સંતોને પત્રો લખી ખબર મોકલી દીધા હતા કે દિવાળી તથા અન્નકૂટના ઉત્સવો વડતાલમાં કરવાના છે. તેથી સંતોના મંડળો આવી ગયા હતા. દિવાળી તથા અન્નકૂટ ઉત્સવોને વાર હતી એટલે હરિભક્તો ઝાઝા પ્રમાણમાં આવ્યા ન હતા. ભગવાન શ્રીહરિ રોજ ગોમતીકાંઠે આંબાવાડીમાં સભા કરતા. સંતોને પોતાના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન મહારાજને કરાવવું હતું.

એક દિવસ સભામાં મહારાજે સંતોને કહ્યું : ''અમે તમને છ-સાત મહિનાથી વાતો કરીએ છીએ તેનું રહસ્ય કહી દેખાડો.'' ત્યારે કોઈ બોલ્યા નહિ. પછી મહારાજ કહે : 'સહુ એકાંતે જઈને વિચારીને પછી અમને કહો.'

ત્યારે સર્વે ઉઠીને એકાંતે ગયા અને જે જે રીતે જેને સમજાણું હતું તે અરસપરસ કહી દેખાડ્યું; તેમાં કોઈને મહારાજનું સ્વરૂપ મોટા પુરુષ જેવું સમજાણું હતું ને કોઈને અવતાર જેવું સમજાણું હતું. જેવું મહારાજનું સ્વરૂપ જાણ્યું હતું એવો નિશ્ચય કરીને મહારાજની પાસે આવ્યા ને પગે લાગીને આગળ બેઠા.

ત્યારે મહારાજે કહ્યું : ''કેમ શી રીતે નિશ્ચય કર્યો ?'' ત્યારે સહુ સંતોએ કહ્યું : ''હે મહારાજ ! આપની વાતો સાંભળીને અમને ભગવાનના અવતાર જેટલો આપના સ્વરૂપનો નિશ્ચય થયો છે.''

ભગવાન શ્રીહરિ કહે : ''અમારી વાતનું ખરું રહસ્ય તો આ નિત્યાનંદ સ્વામી સમજે છે.''

એટલે એક સંતે મહારાજને પૂછ્યું : ''મહારાજ ! નિત્યાનંદ સ્વામી કેમ સમજે છે ?''

ત્યારે મહારાજે કહ્યું : ''સ્વામીને જ પૂછો.''

પછી નિત્યાનંદ સ્વામીએ કહ્યું : ''તમે જેને પુરુષોત્તમ કહો છો તે તો મહાપુરુષ છે ને પુરુષોત્તમ તો અક્ષર થકી પર અને સર્વ અવતારના અવતારી અને સર્વ કારણના કારણ આ પ્રત્યક્ષ પ્રમાણ ભગવાન શ્રીહરિ છે.''

## • પ્રત્યક્ષ હરિકૃષ્ણને લીધા વિના અક્ષરને પણ ભગવાન ન કહેવાય :

આ સાંભળી સર્વે સંતોએ મહારાજને હાથ જોડી કહ્યું : ''હે મહારાજ ! આપનું સર્વોપરી સ્વરૂપ અમને યથાર્થ સમજાવો.''

એટલે મહારાજે કહ્યું : ''જ્યાં પ્રગટ પુરુષોત્તમની વાત આવે છે ત્યારે સર્વની બુદ્ધિ ભ્રમી જાય છે, પરંતુ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે ને પ્રત્યક્ષ હરિકૃષ્ણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાત કહેવી ? માટે એવા શબ્દો સાંભળી મતિ ભ્રમવા દેવી નહીં. તે પુરુષોત્તમ તો સર્વ અવતારના અવતારી પ્રત્યક્ષ હરિકૃષ્ણ અમે છીએ. એમાં કિંચિતમાત્ર સંશય નથી.''

ભગવાન શ્રીહરિની પોતાના પુરુષોત્તમ સ્વરૂપની આ સ્પષ્ટ વાત સાંભળી ત્યાં બેઠેલા ઘણા સંતોને મહારાજના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયો. કેટલાકને સંશય પણ થયો. શાસ્ત્રના શબ્દોનો આધાર શોધવા જનાર અન્યને સ્વરૂપનિષ્ઠાની આ વાત બરાબર ગળે ઊતરી નહીં.

(શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ-૩, વાત નં. ૩૩ તથા ૧૯ના આધારે સંકલિત...)

●

વડતાલમાં આંબલાની ડાળીએ પલંગનો હિંડોળો બાંધ્યો અને તેના ઉપર શ્રીહરિ આવીને બેસતા હતા. તે સમયે સંતો, વર્ણી અને હરિભક્તોની સભા થાતી હતી. તેમાં સહુ સંતો કીર્તનગાન કરતા હતા અને ક્યારેક શ્રીહરિ પ્રસન્ન મનથી વાતો કરતા હતા.

દિવાળીને દિવસ આંબલાની આગળ ભાઈ રામદાસ સ્વામીએ શ્રીહરિને બેસવાને માટે સુંદર એક વેદિકા બનાવી, તેની શોભા કહી શકાતી નથી. તે વેદિકાની ચારેબાજુ સુંદર કઠોડો બનાવ્યો હતો. ચાર ગજ જેટલી ઊંચી કરાવેલી તે વેદિકાના ઉપર સરસ પલંગ મૂક્યો અને તેના ઉપર શ્રીહરિ બેઠા.

તે ઠેકાણે ચારેતરફ પાંચ-પાંચ દ્વારવાળી વિચિત્ર પ્રકારની દીપમાળા બનાવી હતી. ચારેબાજુ બબ્બે દીવાવાળા વૃક્ષો કર્યા, તેની અસીમ શોભા થઈ હતી. જ્યારે ચાર ઘડી દિવસ બાકી હતો ત્યારે શ્રીહરિ આવીને ત્યાં બેઠા હતા. અક્ષરધામમાં રહી છે તેવી અતિ સુંદર તે સભા બની હતી.

## • ભગવાન શ્રીહરિએ વેદિકા ઉપર બેસીને સમજણ અને વર્તનની વાત કહી :

શ્રીહરિએ પોતાના અંગ ઉપર વિવિધ પ્રકારનાં સોનેરી વસ્ત્ર અને સોનાનાં આભૂષણો પહેર્યાં હતાં, તેની શોભા કહી શકાતી નથી. અપાર હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. તે સમયે જેટલી જાતનાં વાજિંત્રો કહેવાય છે, તે બધાં વાગતાં હતાં. તે સમયે ગુણીજનો ગદ્‌ગદ્‌ થઈને પ્રેમભર્યા શબ્દોથી શ્રીહરિનું ગુણગાન કરતા હતા. અને સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ પ્રસન્ન થઈને સંતોના પ્રત્યે વાત કહેવા લાગ્યા,

''તમારા પોતાના મહિમાને યથાર્થ રીતે તમે સમજી શક્યા નથી. તમને અત્યારે જેવો સત્સંગ મળ્યો છે તેવો સત્સંગ આજ સુધી કોઈ બીજાને મળ્યો નથી. આ એવો સત્સંગ છે કે, તમને તે યથાર્થરૂપમાં દેખાતો નથી. અને અમે વારંવાર જે વાતો કહીએ છીએ, તે જેવી વાત હોય છે તેવું મનન તમે કરતા નથી. વાતનું મનન કર્યા સિવાય દિવસે દિવસે તેનો રંગ ચઢતો નથી અને રંગ ચઢ્યા વિના ક્યારેય સંસારરૂપી રોગ ટળતો નથી. સંસારરૂપી રોગ ટાળવાને માટે તો સત્સંગમાં બધો સમાજ આજે રહ્યો છે. અમારા જે ચરિત્ર કહેવાય છે તે બધાને જે જેટલા દિવ્ય સમજે છે તેટલો તેનો ભવરોગ નાશ થયો છે; એમ તમારે માનવું. અને જે અમારા ચરિત્રમાં જેટલો મનુષ્યભાવ રાખે છે, તેને તેટલો ભવરોગ રહે છે; એમ સમજવું. અમારા ચરિત્રનું મનનરૂપી ઔષધ લીધા સિવાય ભવરોગની ક્યારેય નિવૃત્તિ થતી નથી. સત્સંગની વાતોનું જ્યાં સુધી વારંવાર મનન થતું નથી ત્યાં સુધી સત્સંગમાં તેટલી કસર રહે છે. જેનાથી વારંવાર ભવરોગ થાય છે તેના દુઃખનું જ્ઞાન થયું હોવા છતાં જીવ વિષયાદિકનું ચિંતન કરતો રહે છે. જેમ કે સાપ, ઝેર, ચોર, વાઘ, અગ્નિ ઇત્યાદિકથી દુઃખ થાય છે, તો મન તેનું ક્યારેય થોડું પણ ચોક્કસ ચિંતન કે મનન કરતું નથી.'

વળી, શ્રીહરિએ કહ્યું કે, 'આ મનુષ્યદેહ વિકારવાળો છે. તેને જે અસત્ય માને છે તે યથાર્થ હરિભક્ત છે. જે બુદ્ધિમાન છે તે આત્માને, પરમાત્માને અને સંતો તથા હરિભક્તોને સત્ય જાણે છે. તેવા ભક્તનું શરીર છૂટતાની સાથે જ તેને દિવ્યદેહ મળે છે. તેમાં કોઈ વિલંબ થતો નથી; આવો ભગવાનનો પ્રતાપ છે. પછી તે હરિભક્ત દિવ્ય વિમાનમાં બેસીને ભગવાનનાં ધામમાં જાય છે અને ત્યાં ભગવાનનાં સ્વરૂપનું અમૃતપાન કરે છે, જે બ્રહ્માને પણ દુર્લભ રહ્યું છે.

જે મોટા મોટા દેવતાઓ છે તેમને પણ જે અત્યંત દુર્લભ છે, એવું સર્વોપરિ ધામ છે તેને હરિભક્ત તત્કાળ પામે છે. ભક્તનું જેવું વર્તન અને સમજણ હોય છે તેવું તેને ધામ અને સુખ મળે છે. જે બધું સુખ કહેવાય છે તે શુભ વર્તન અને શુભ સમજણમાં રહ્યું છે. સર્વ સુખનું મૂળ વર્તન અને સમજણ છે. તે વર્તન અને સમજણ અમૂલ્ય છે. સત્સંગની સમજણ અને વર્તનને સર્વોપરિ કહેવાય છે. સત્સંગ વગરની જેટલી સમજણ અને વર્તન છે તે દુઃખનું દ્વાર કહેવાય છે. શુદ્ધ વર્તન અને શુદ્ધ સમજણ, આટલી બાબતને ક્યારેય ભૂલવી જોઈએ નહિ. અને આટલી વાતને અમે વારંવાર ફરી ફરીને કરતા રહીએ છીએ. વેદ, શાસ્ત્ર અને પુરાણો તથા યોગ અને યજ્ઞ આદિક બધા સાધનો ઉપર કહેલી વાતમાં જ આવી જાય છે. અને તે વર્તન તથા સમજણની વાતમાં જ બધી કરામત આવી જાય છે. જે ભક્ત ઉપર કહેલી વાતને દૃઢ કરે, તે બધા જ સાધનને કરી ચૂક્યો છે.

આથી વધારે બીજી કોઈ સમજણ નથી. આ અમે કહી તે વાતમાં જ બીજી બધી સમજણ આવી જાય છે. અમે વારંવાર ઉત્સવ સમૈયા કરીએ છીએ, તેનું ફળ પણ આટલું જ છે કે, વર્તન તથા સમજણ દૃઢ થાય. આટલી વાતને જે દૃઢપણે સમજે છે તે જ સૌથી શ્રેષ્ઠ બુદ્ધિમાન છે. અને ધામમાં જે ભગવાનના ભક્ત રહ્યા છે, તેના સુખને તો કહી શકાતું નથી. જમપુરી અને લખચોરાશીમાં જેમ દુઃખ વધારે રહ્યું છે તેમ ભગવાનનાં ધામમાં અપરંપાર સુખ રહ્યું છે. આ દુનિયાનાં જેટલાં પંચવિષય સંબંધી સુખ છે તે બધાં દુઃખ અને નરકથી ભર્યા છે. એક પળવારમાં તે સુખોનો નાશ થઈ જાય છે.

પંચવિષયમાં સુખ તો દેખાવમાત્રનું છે. અને તેમાં દુઃખ તો અપરંપાર રહ્યું છે. જે ભગવાનથી વિમુખ છે તે જીવો જ દુઃખમાં સુખને દેખે છે. જે લોકો ભગવાનથી વિમુખ છે તે જ દુઃખમાં સુખ માને છે, તે ખરેખર આશ્ચર્યની વાત છે. અને એમ જણાય છે કે, તે જીવોને મોહ અને મદને લીધે જ તેવું દેખાય છે. સત્સંગ સિવાય અનેક જન્મ જાય, તોપણ ક્યારેય મોહ અને મદ લગારેય ટળતા નથી. માણસ જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી મોહ અને મદ અધિક અધિક વધતા જાય છે. જે ભગવાનથી વિમુખ જીવ છે તે બધા દુઃખ પામે છે, છતાં તેમાં સુખ દેખે છે. પ્રકૃતિપુરુષના કાર્યરૂપ અનંતકોટિ અનુપમ બ્રહ્માંડોનો વારંવાર વિકાસ કરવો અને સંકોચ કરવો; એવા તો શ્રીહરિના ઘણા ખેલ છે. જેવા ભગવાન મોટા છે, તેવી જ તેમની યોગકળા પણ મોટી છે. ભગવાનની યોગકળા એટલી અસીમ છે કે, તેને ભગવાન પણ પૂરેપૂરી જાણતા નથી. ભગવાન કૃપા કરીને અક્ષરપર્યંત જેને જેટલી યોગકળા જણાવે તેને તેટલી યથાર્થરૂપમાં જાણ્યામાં આવે છે.

પ્રકૃતિપુરુષ અને બ્રહ્માદિક દેવતાઓ, તેમના તો તે બાબતમાં કશા જ લેખા નથી. આવી તો અપાર વાતો રહી છે અને વ્યાસમુનિએ ઘણી ગ્રંથોમાં લખી છે, છતાં પાર આવ્યો નથી. તે અપાર વાતોનાં બીજરૂપ ભાગવત છેલ્લે લખ્યું છે. જે જે બાબતની વ્યાસમુનિની ઇચ્છાઓ હતી તે બધી ઇચ્છાઓ તેમણે તરત જ ભાગવતમાં ભેળવી છે અર્થાત્ લખી છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, ચારેય પુરુષાર્થ તેનો રસ ભાગવતમાં અપાર રીતે ભર્યો છે. ભાગવતરૂપી કલ્પવૃક્ષના એક જ ફળમાં ચારેય પુરુષાર્થનો રસ ભર્યો છે. શુકદેવજી જેવા પંખી છે, તે ભાગવતરૂપી ઉત્તમ ફળના રસનો સ્વાદ લે છે. અને તેમાં પણ ભગવાનનાં જે ચરિત્રો કહ્યા છે તે સર્વોત્તમ મોક્ષરૂપી રસ કહેવાય છે. જે મનુષ્યને સત્સંગનો યોગ થાય છે તે ભગવાનનાં ચરિત્રરૂપી સર્વોત્તમ રસનું પાન કરે છે. ભગવાનના સંબંધ સિવાયના જે કોઈ પણ રસ હોય તે મધ્યમ, કનિષ્ઠ અને અધમ કહેવાય છે.

ધર્મને ચાહનારો મનુષ્ય મધ્યમ રસનું પાન કરે છે તથા ધનને ચાહનારો મનુષ્ય કનિષ્ઠ રસને પીવે છે. કામરૂપી રસને જે ચાહે છે તે તો અધમ રસને પીવે છે. ઉત્તમ રસના જેવો કોઈ બળવાન રસ નથી, માટે તેને સર્વોત્તમ રસ કહ્યો છે. ભગવાનનાં ચરિત્રરૂપી ઉત્તમ રસનું પાન કરનારો ભક્ત નીરોગી થઈને ભગવાનનાં ધામમાં વસે છે.

અને જે ધર્મ, અર્થ અને કામરૂપી રસને ભોગવનારા છે, તે બધા તો સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળમાં જેવા ભોગો રહ્યા છે તેવા ત્યાં રહીને ભોગવે છે. પરંતુ ધર્મ, અર્થ અને કામના ફળભોગ તો અવધિવાળા અર્થાત્ નાશવંત રહ્યા છે. જેને સત્સંગ ઉપર રુચિ છે તેવા મોક્ષભાગી ભક્તના સુખનો કોઈ અવધિ નથી. તેને કાળ અને કર્મનો ભય નથી. તેમજ માયા અને જમદૂતનો પણ ભય રહેતો નથી. જેને સત્સંગ ઉપર રુચિ નથી, પણ સત્સંગની જો મનમાં અરુચિ રહેતી હોય તો તેને આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી ફરીવાર ક્યારેય મનુષ્યનો દેહ મળતો નથી.

જે મનુષ્યને ધર્મ, અર્થ અને કામમાં જેવી અપાર ચાહના હોય છે તેવી ભગવાનનાં ચરિત્રમાં જો રુચિ રાખે છે તો તેનો તત્કાળ ઉદ્ધાર થાય છે. કામ ભાવનાથી ભગવાનને ભજતી એવી ગોપીઓ પણ સંસારને તરી ગઈ હતી. ભગવાન તો આકાશ કરતાં પણ વધારે નિર્લેપ અને શુદ્ધ રહ્યા છે. ભગવાનથી અધિક કોઈ શુદ્ધ અને નિર્લેપ નથી. માટે એક ભગવાન જ સર્વોપરિ શુદ્ધ રહ્યા છે. જીવનો બંધ અને મોક્ષ, એ ભગવાનના સંકલ્પને સતત આધીન રહ્યા છે. ભગવાનનાં જેટલાં ચરિત્ર છે તે બધા સંસારનાં બંધનથી છોડાવનારા છે; આવું જે નથી જાણતા તે લોકોને તત્કાળ જ સંસારનું બંધન થાય છે. ભગવાને જે બધી વચનરૂપી મર્યાદા બાંધી છે તેને પણ અથથી ઇતિ સુધીનાં ભગવાનનાં ચરિત્ર છે તેમ જાણવું.''

## • ભગવાન શ્રીહરિએ દીપાવલીનો ઉત્સવ ઉજવ્યો :

શ્રીહરિએ આટલી વાત કરી ત્યારે સંધ્યા સમય થયો હતો. અને બધી દીપમાળાઓ પ્રગટી. પછી શ્રીહરિ ધૂન બોલાવવા લાગ્યા. શ્રીહરિ આગળથી ધૂન બોલતા હતા. તે ધૂનના બધા શબ્દ અતિ પ્રિય, ઘેરા, ગંભીર અને મધુર સ્વરવાળા હતા. તે સહુને અતિ મીઠા લાગતા હતા અને તે બધા સંતો અને હરિભક્તો પાછળ ધૂનને ઝીલતા હતા. તે દીપમાળાને મધ્યે શ્રીહરિ વેદિકા ઉપર ઊભા રહ્યા. તેની જે અતિ અદ્ભુત શોભા બની, તેને મુખથી કહી શકાતી નથી.

**આવી બીજે દિવસ તો દીવાળી, દીપમાળા રચાવી રુપાળી; મહારાજ તે વચ્ચે બિરાજ્યા, છબિલો તે સમે બહુ છાજ્યા.**

(શ્રીહરિલીલામૃત : ૭/૬૬/૭)

શહેરના જે જે હરિભક્તો આવ્યા હતા, તે બધા બપોરિયા(કોડિયામાં કરેલું રંગબેરંગી દારૂખાનું) લાવ્યા હતા અને તેનો ઘણો પ્રકાશ થતો હતો. તે બપોરિયાના પ્રકાશમાં બધી સભા શ્વેતદ્વીપધામ જેવી ઉજ્જ્વળ લાગતી હતી. ભુંકોઠી(એક જાતની આતશબાજી, તે કોઠીના આકારના નાના માટીના વાસણમાં દારૂ ભરીને બનાવે છે અને સળગાવવાથી ફૂલના આકારના તણખાના ફુવારા ઉડે છે.) નામના ફટાકડાને હરિભક્તના બાળકો બાળબુદ્ધિથી ત્યાં લાવ્યા હતા. દિવાળીનો દિવસ જાણીને સભાથી દૂર જઈ તે બાળકો જેવા ફટાકડા લાવ્યા હતા, તે ફટાકડાને ફોડતા હતા. સુખનિધાન શ્રીહરિ પણ હરિભક્તના બાળક સમજીને બે ઘડી સુધી તે ફટાકડાના ખેલને દેખતા રહ્યા. અને પછી તે ફટાકડાની રમતને બંધ કરાવી દીધી. તે સમયમાં સંતો ઝાંઝ અને મૃદંગ આદિ વાજિંત્ર લઈને આવ્યા.

## • શ્રીહરિનું યોગૈશ્વર્ય તથા સંતો-ભક્તોને માળાના નિયમો આપ્યા :

સંતોએ અપાર ઉત્સવ કર્યો તેની અપરંપાર શોભા બની. તે અલૌકિક શોભાને દેખીને સ્નેહભાવનાવાળા હરિભક્ત અપાર નરનારીઓને તે વખતે સમાધિ થઈ. કેટલાક ભક્તો વૈકુંઠ અને ગોલોક ધામમાં ગયા અને કેટલાક અક્ષરધામમાં ગયા. તેમણે તે ધામમાં ત્યાંની શોભા દેખી. જે જે અવતારના જે જે ભક્તો હતા તે બધાને દિવ્ય સ્વરૂપે દેખ્યા અને તે બધા મુક્તોનાં ભવન પણ

અલગ અલગ દેખ્યાં. તે એક પણ ભવન સ્ફટિકમણિ વગરનાં ન હતાં. તે ભવન ઘણા ઊંચાં અને પહોળાં હતાં. તેજ તેજના તો અંબાર હતાં. અને હરેક ભવનને ફરતા કલ્પવૃક્ષના બગીચાઓ કર્યા હતા. તે ધામમાં જે જે શોભાને દેખતા હતા તેમાં તેમની મનોવૃત્તિ લીન થઈ જાતી હતી. જે ભક્તજનો સમાધિ કરીને ગયા હતા, તે સહુએ શ્રીહરિની મૂર્તિને ધારી રાખી હતી.

જ્યારે સમાધિસ્થ ભક્તની વૃત્તિ દિવ્ય શોભામાં લીન થઈ જતી હતી ત્યારે મૂર્તિ તેમની વૃત્તિને તરત જ પોતામાં ખેંચી લેતી હતી. તે મૂર્તિ ધામોમાં રહેલી તમામ રચના ભક્તને એક ક્ષણવાર જ દેખાડતી. અહીં સભામાં રહેલા શ્રીહરિ જ્યારે સમાધિમાં ગયેલા ભક્તને જગાડતા હતા ત્યારે તે તત્કાળ જ ફરીને શરીરમાં આવી જતા હતા.

ત્યારે શ્રીહરિએ કહ્યું, "આ સમાધિમાં ગયેલા ભક્તોને ધામનું સુખ છોડવામાં દુઃખ થાય છે.' શ્રીહરિ તે બધા ભક્તોને પોતાની યોગવિદ્યાના બળથી શરીરમાં સ્થિર કરીને રાખતા હતા. વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામમાં રહેલી જે જે વસ્તુઓ છે, તે બધી ભગવાનની યોગકળારૂપ ઐશ્વર્યને આધારે છે. મૂળપુરુષ, પ્રધાન અને જે બધા બ્રહ્માંડો કહેવાય છે તે, દેવતાઓનાં સ્થાન, મનુષ્ય, પશુ, પંખી, જંતુઓ, વૃક્ષ, વેલી, પર્વત, સાગર અને નદીઓ, જે કાંઈ છે તે બધું શ્રીહરિકૃષ્ણ ભગવાનની યોગકળાથી છે. ભગવાન હરિકૃષ્ણની જેવી યોગકળા છે તેને યથાર્થ રીતે કહી શકાતી નથી. કેમ જે, તે તો અક્ષરને માટે પણ અપાર રહી છે. બ્રહ્મા અને વેદ, તેના તો લેખામાં પણ આવતી નથી. ભગવાનની યોગકળા અપાર છે. તેનો નિર્ધાર તુચ્છ મનુષ્ય કઈ રીતે કરી શકે ? જેમ જેમ મનુષ્ય તેનો નિર્ધાર કરવા પ્રયત્ન કરે છે તેમ તેમ તે યોગકળા અપારની અપાર રહે છે.

શ્રીહરિની જેવી યોગકળા છે તેવી અક્ષરપર્યંત કોઈમાં રહી નથી. આ એક જ વાતમાં બીજી બધી અપાર વાતો આવી જાય છે. આ યોગકળાની આવી સમજણ જ્યાં સુધી નથી આવતી ત્યાં સુધી જ માણસને બુદ્ધિના બળનો મોહ રહે છે અને ત્યાં સુધી જ તેને માયાનું વિકટ આવરણ રહે છે. તે માયાનાં આવરણના કોટને તોડવા માટે કરોડો જન્મ સુધી કરોડો તોપ લગાવવામાં આવે તોપણ તે કોટ તૂટતો નથી. ભગવાનનાં જ્ઞાન સિવાયનું બીજું બધું જ્ઞાન જીવને માટે બંધનરૂપ છે.. બ્રહ્મા, ભવ, દક્ષ, નારદ, ઈન્દ્ર, નહુષ, દુર્વાસા, પરાશર, સૌભરિ, જૈમિનિ, હિરણ્યકશિપુ, હિરણ્યાક્ષ, રાવણ, ચિત્રકેતુ, કંસ અને કૌરવ, એ બધા પણ પોતાની બુદ્ધિનાં બળથી જેટલું ચાલ્યા છે તેટલું તેને દુઃખ પ્રાપ્ત થયું છે.

ભગવાનની કહેલી સમજણને આધારે જે ચાલ્યા છે તેઓ અપાર સુખને પામ્યા છે અને ભગવાનની સમજણ પ્રમાણે જે ચાલ્યા છે તેટલી તેની કીર્તિ ગવાય છે. મનુષ્ય જ્યાં સુધી આપ ડહાપણ રાખે છે ત્યાં સુધી તેને અનેક યુગો પર્યંત સંસારનું ભટકણ રહે છે. જ્યારે મનુષ્ય આપ ડહાપણનો ત્યાગ કરે છે ત્યારે તરત જ તેનું અતિશય ભાગ્ય ઉદય થાય છે."

શ્રીહરિનું આ સમાધિરૂપી ચરિત્ર જ્યારે પૂરું થઈ રહ્યું ત્યારે શ્રીહરિ સંતો અને હરિભક્તોના પ્રત્યે બોલ્યા, "પહેલા બધા સંતો કહો કે, તમારે રોજ કેટલી માળા ફેરવવાનું નિયમ છે ? નિયમ વિનાની જેટલી માળા ફરે છે તે બધી નિષ્ફળ છે એમ શાસ્ત્ર કહે છે. માટે સહુ સંતો-ભક્તોએ આજથી નિયમ રાખીને માળા ફેરવવી. સંતો, વર્ણી, સંન્યાસી, પાર્ષદો અને સાંખ્યયોગી નર-નારી સહુએ જ્યાં સુધી પોતાનું આરોગ્ય સારું હોય ત્યાં સુધી રોજ પચાસ માળા તો ફેરવવી.

એટલી માળા સહુએ અવશ્ય ફેરવવી, પણ પ્રમાદે કરીને ભૂલવી નહિ. જેમ માણસ નિયમિત ભોજનને ભૂલતો નથી તે રીતે માળાનું નિયમ રાખવું, ભૂલવું નહિ. જે દિવસ માળા ફેરવવાનું ભૂલી જવાય તો પછી બીજે દિવસ બમણી માળા ફેરવવી. અને બીજે દિવસ પણ માળા ભૂલી જવાય તો તે ભક્તે એક દિવસનો ઉપવાસ કરવો. પચાસ માળાથી જેટલી વધારે ફરે તેટલા અમે વધારે રાજી છીએ."

પછી સહુ ત્યાગીઓએ માળા ફેરવવાનું નિયમ લીધું અને શ્રીહરિએ તે સહુને પોતાનાં ચરણકમળ આપ્યાં. પછી જે ગૃહસ્થ હરિભક્ત હતા, તેમણે પણ પોતાને જેટલી શ્રદ્ધા હતી તે પ્રમાણે તે સહુએ માળા ફેરવવાનું નિયમ લીધું.

જેણે માળાના નિયમ લીધા, તે સહુને શ્રીહરિએ પોતાનાં ચરણકમળ આપ્યાં. જેણે ભગવાન શ્રીહરિનું સ્વરૂપ ધારી લીધું હતું તે બધા ભક્તો માળાના નિયમને ક્યારેય ભૂલતા નહિ. અને જે બધી સત્સંગી બાઈઓ હતી, તેમણે પણ માળાનું નિયમ રાખ્યું. જ્યારે સહુ ભક્તજનો નિયમ લઈ રહ્યા ત્યારે શ્રીહરિ સહુના ઉપર પ્રસન્ન થઈને બોલ્યા,

"અમારા વચનથી જે ભક્તજનો નિયમ પાળે છે તેના જેટલા બીજા કોઈના સદ્‌ભાગ્ય કહેવાતા નથી. જે ભક્ત જેટલો સત્સંગ કરે છે તેઓ દેવતા કરતાં પણ અધિક કહેવાય છે. બાહ્યદૃષ્ટિએ ભલે તે દેહ જેવા દેખાય છે પણ તે એવા નથી, તેઓ તો અલૌકિક છે. અમૂલ્ય મણિ પણ જ્યાં સુધી કીચડમાં પડ્યો હોય ત્યાં સુધી કીચડથી ઢંકાવવાને લીધે તે કીચડના તુલ્ય ગણાય છે, પણ સત્સંગરૂપી પાણીથી તે બધો કીચડ ધોવાઈને તે અત્યંત શુદ્ધ થઈ જાય છે અને અક્ષરના જેવો અત્યંત શુદ્ધ થાય છે."

## ● અન્નકોટ દર્શન તથા ભગવાન શ્રીહરિનું પૂજન :

શ્રીહરિએ જે માળાના નિયમ આપ્યા તે એકેએક સંતો અને હરિભક્તોએ ઘણા ભક્તિભાવથી રાખ્યા. જ્યારે અડધી રાત થઈ ત્યારે ભક્તવત્સલ અને દયાળુ શ્રીહરિ તત્કાળ ઉતારે આવ્યા. સવાર થયું ત્યાં સુધી સંસારના ભયને હરનારા શ્રીહરિ પોઢી રહ્યા. અને પછી જાગીને બધો સ્નાનાદિ નિત્યવિધિ કર્યો. જ્યારે સંતો, વર્ણીઓ અને સર્વે હરિભક્તો નિત્યવિધિ કરી રહ્યા ત્યારે હરિભક્તોએ અન્નકોટ પૂરવાની શરૂઆત કરી. જ્યાં અત્યારે સંતોની ધર્મશાળા છે ત્યાં ઘણો મોટો વિશાળ ચોક હતો અને ત્યાં અન્નકોટની રચના કરવા માટે એક અનુપમ મંડપ તૈયાર કર્યો હતો.

બધા ધનાઢ્ય હરિભક્તો અન્નની રસોઈ સિવાયના જેટલા સારા ચોખ્ખા પકવાનો અને મેવાઓ અનેક જાતના લાવ્યા હતા, તેનાથી સોનાના થાળ ભરી ભરીને વિશાળ અન્નકોટ પૂર્યો. જાત જાતના જે પકવાનો હતા, તેના મોટા પર્વત જેવા ઢગલા કર્યા હતા. તેમાં ગોવર્ધનની પૂજા કરી. પછી આરતી ઉતારી અને તે પછી શ્રીહરિ થાળ જમ્યા. તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. પકવાનના જેટલા થાળ ભર્યા હતા તેમાંથી થોડી થોડી વસ્તુ લઈને હરિભક્તોને રાજી કરવા માટે રાજીપે શ્રીહરિ જમતા હતા. અન્નકોટ બે પ્રકારના કર્યા હતા. તે એકબીજાથી અલગ અલગ પૂર્યા હતા. તેમાં એકમાં ઉત્તમ પ્રકારનું અન્ન, બધી જાતનું કઠોળ અને લીલોતરી શાક તથા ફળ ઇત્યાદિક હતા.

અને બીજામાં ભાત ઇત્યાદિક ભોજન અને વિવિધ પ્રકારના ફરસાણ વગેરે વ્યંજનો પ્યારથી પૂર્યા હતા. શ્રીહરિની પૂજામાં જે શાલગ્રામ અને બાલમુકુંદ હતા તે ઘણા ચમત્કારી હતા. તે ઠાકોરજી અન્નકોટ જમતા હોય તેવા કેટલાકને આશ્ચર્યકારી દર્શન થયાં. શ્રીહરિ અલગ બેસીને થાળ જમતા હતા, તે અહીં અન્નકોટમાં જાણે મૂર્તિમાન આવીને જમી રહ્યા છે; એવું આશ્ચર્ય દેખાણું.

ભક્તજનોના પ્રેમને વશ થઈને એક મૂર્તિરૂપે રહેલા શ્રીહરિ બંને સ્થળે દર્શન દેતા હતા, તે ઘણું આશ્ચર્યકારી હતું. જેની લૌકિકબુદ્ધિ હતી તેવા મનુષ્યને તો લૌકિક રીત દેખાતી હતી. શ્રીહરિની મૂર્તિ એવી અલૌકિક રહી હતી કે, તેને યથાર્થરૂપમાં કહી શકાતું નથી. જે ભક્તજનનો જેવો ભાવ હતો તેમને તે રીતે શ્રીહરિ દર્શન આપતા હતા અને ભક્તજનો પણ ભાવ પ્રમાણે લાભ લેતા હતા. શ્રીહરિ જ્યારે અન્નકોટ જમી રહ્યા તે પછી તરત જ સંતોને જમવા માટેની પંગત કરાવી. જે બ્રહ્મચારીઓ હતા તેમની પહેલી અલગ પંગત કરાવી. તેમાં દૂધ, સાકર અને ઘી નાખેલાં જેટલાં પકવાનો હતાં, તે બધું જેને જેટલું જોઈએ તેટલું શ્રીહરિએ હેતથી પહેલા પીરસ્યું. અને તે પછી બધા સંતો અને પાર્ષદોને પણ ઘણા હેતથી પીરસ્યું.

જ્યાં સુધી સંતો જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ સહુને પીરસતા રહ્યા અને જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે મધ્યાહ્નનો દિવસ થયો હતો, એટલે શ્રીહરિ ઉતારે પધાર્યા અને પલંગ ઉપર પોઢી ગયા. ત્યારબાદ હરિભક્તો જમવા ગયા. પછી અન્નકોટ જોઈને મનમાં બહુ રાજી થયા. પછી અન્નકોટનો પ્રસાદ જેને જે રીતે ખપતો હોય તે રીતે સહુ ભક્તજનોએ તે પ્રસાદ લીધો. તે સમયે બધા દેવતાઓ પણ વિમાનમાં બેસીને આવ્યા હતા. અને તેમના વિમાનોથી આકાશ છવાઈ ગયું હતું. તે બધા દેવતાઓ મુખથી 'જય જય...' 'જય જય...' એમ હરખથી બોલતા હતા.

પરમ સુખધામ એવા ઘનશ્યામ શ્રીહરિ જ્યાં સુધી સંતોને પીરસતા રહ્યા ત્યાં સુધી દેવતાઓ મધુર વાજિંત્ર વગાડતા રહ્યા. અને કેટલાક તો ગાન કરતાં કરતાં નાચવા લાગ્યા. દેવતાઓ પણ હરિભક્તોની સાથે મળીને ઘણી ભાવનાથી પ્રસાદ જમવા લાગ્યા. પ્રસાદ લઈ લીધા પછી સહુ દેવતાઓ તે વખતે જ અદૃશ્ય થઈ ગયા. જ્યારે દિવસ પાછલો એક પહોર બાકી રહ્યો ત્યારે શ્રીહરિ આંબલે જ્યાં પલંગનો હિંડોળો બાંધ્યો હતો ત્યાં આવીને બેઠા. જ્યારે સભા થઈ ત્યારે સંતો અને બધા હરિભક્ત ભાઈ-બહેનો શ્રીહરિની પૂજા કરવા પૂજાનો સામાન લાવ્યા હતા તે લઈને આવ્યા.

તેમાં પ્રથમ સુરતના હરિભક્તો પૂજાનો સામાન વિવિધ પ્રકારના થાળમાં ભરીને પૂજા કરવા આવ્યા. લગભગ બધા જ હરિભક્તો સારાં વસ્ત્ર અને ઘરેણાં લાવ્યાં હતાં. અને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. જે હરિભક્તો જરિયાની પાઘ લાવ્યા હતા, તે શ્રીહરિનાં મસ્તક ઉપર બંધાવી અને જેઓ મોતીના તોરા લાવ્યા હતા તે પાઘ ઉપર ધરાવ્યા. જે હરિભક્તો નંગ જડીત શીરપેચ લાવ્યા હતા તેને શ્રીહરિની પાઘ ઉપર બંધાવ્યો. અને નંગ જડીત જે કલગી લાવ્યા હતા તેને શીરપેચના ઉપર ધરાવી. જે છોગાઓ લાવ્યા હતા તે છોગા પણ ધરાવ્યા. અને ગુચ્છ લાવ્યા હતા તે કાન ઉપર ધરાવ્યા. જે બાજુ લાવ્યા હતા તે ભુજા ઉપર બાંધ્યા. જે હરિભક્તો પહોંચી લાવ્યા હતા તે સુંદર પહોંચા ઉપર બાંધી દીધી અને જે કડાં લાવ્યા હતા તે હાથમાં પહેરાવી દીધાં.

હરિભક્તો પ્રેમભાવનાથી જે જાતનાં વસ્ત્ર અને ઘરેણાંઓ લાવ્યાં હતાં તે વસ્ત્ર અને ઘરેણાંઓને શ્રીહરિ પણ તેવા જ પ્રેમભાવથી પોતાના અંગ ઉપર ધારણ કરતા હતા. હરિભક્તોના મનમાં જેવો ભાવ હતો તેવા ભાત ભાતનાં વસ્ત્ર અને ઘરેણાં કરાવીને લાવ્યા હતા. તે જેની જેવી રુચિ હોય તે પ્રમાણે લાવીને શ્રીહરિને ધરાવતા હતા. કેટલાક હરિભક્તો ચાંદીનો થાળ બનાવડાવીને શ્રીહરિ આગળ અર્પણ કરતા હતા. અને કેટલાક ભક્તો ચાંદીના કટોરા કરાવીને શ્રીહરિની આગળ અર્પણ કરતા હતા. કેટલાક હરિભક્તો છત્ર અને ચામર લાવ્યા હતા. તેનો ગણતા પાર આવતો નહિ. વળી, કેટલાક તો ઘણી જાતનાં ચાંદીના પદાર્થો બનાવડાવીને લાવ્યા હતા. અને કેટલાક હરિભક્તો તો જેટલી જાતના મેવાઓ કહેવાતા હોય તેના થાળ ભરી ભરીને લાવ્યા હતા, તે શ્રીહરિની પૂજા કરીને તેમની આગળ અર્પણ કરતા હતા.

વળી, જે હરિભક્તો હતા, તે બધા કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર લઈને સંતો અને વર્ણીઓ વગેરેની પૂજા કરતા હતા તથા પોતાની શ્રદ્ધા પ્રમાણે વસ્ત્ર પણ ઓઢાડતા હતા. આ રીતે હરિભક્તો પૂજા કરીને અવિનાશી ફળને મેળવતા હતા. કાનમ પ્રદેશના હરિભક્તો સમૈયા ઉપર આવ્યા હતા, તે મનમાં ઘણા ખુશ થઈને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા.

વડતાલના ઉત્સવ ઉપર વડોદરાના હરિભક્તો આવ્યા હતા. તેમણે પણ શ્રીહરિ, સંતો અને વર્ણીઓની પૂજા કરી. ચરોતર પ્રદેશના નાના મોટા ગામના સહુ હરિભક્તોએ આવીને શ્રીહરિ અને સંતો વગેરેની પૂજા કરી. ખંભાત, જંબુસર અને બારા વિસ્તારના હરિભક્તોએ પણ શ્રીહરિ તથા સંતોની ઘણા પ્રેમથી પૂજા કરી. ભાલ પ્રદેશના હરિભક્તો પણ આવ્યા. અને તેમણે સહુએ પણ શ્રીહરિ, સંતો અને વર્ણીઓની પૂજા કરી. કાઠિયાવાડ, ગોહિલવાડ, વાળાક, દિવબંદર, નાઘેર, પ્રાચીપાટણ, સોરઠ, હાલાર, જામનગર અને દ્વારકા સુધીના બધા હરિભક્તોએ આવીને શ્રીહરિ, સંતો તથા વર્ણીઓની ઘણા ઉદાર દિલથી પૂજા કરી.

કચ્છ પ્રદેશના ભુજ, માંડવી અને તેરા વગેરે ગામના જે હરિભક્તો આવ્યા હતા, તેમણે શ્રીહરિ અને સંતોની પૂજા કરીને અનેકવાર લાભ લીધો હતો. વાગડ, મચ્છુકાંઠા, ઝાલાવાડ, એ પ્રદેશના હરિભક્તો જે આવ્યા હતા, તેમણે પણ શ્રીહરિ, સંતો અને વર્ણીઓની અત્યંત ભાવથી પૂજા કરી. આ ભક્તોની બુદ્ધિ કુસંગથી ડોલતી ન હતી. કુસંગથી જેની બુદ્ધિ જેટલી ડોલતી હોય તે તો તેના ભાવમાં જ દેખાઈ આવે છે. દિલમાં જેટલો રસ હોય કે રસ ન હોય, તે બંને ભાવમાં દેખાઈ આવે છે. કુસંગ લાગવાથી જે દુર્ભાવના થઈ હોય તે પણ દેખાઈ આવે છે. ઉત્તમ પ્રકારનો સત્સંગી પણ જો નીચ માણસનો સંગ રાખે તો તે અત્યંત નીચ થઈ જાય છે. અને તે નીચનો સંગ રાખનારો સત્સંગી હંમેશાં સત્સંગ કરતો રહે, તોપણ તેને સત્સંગની લેશમાત્ર પણ દિશા સૂઝતી નથી.

આશ્ચર્યમાં આશ્ચર્ય કરે તેવી વાત તો તે છે કે, જે વ્યક્તિને જેવો ભાવ હોય તે તેને ઢાંકી રાખતો નથી. જેને ભાવ અને અભાવ બંને એકસરખા જ રહેતા હોય, તો તેની ભાવના ક્યારેય દેખી શકાતી નથી. કોઈ ભક્ત રાત-દિવસ ધ્યાન કરતો હોય, ક્યારેય અન્ન ખાતો ન હોય અને જૂનાં જેવાં તેવાં વસ્ત્ર પહેરતો હોય તો બધું સારું જ દેખાય છે. સત્સંગની બધી ઉત્તમ બાબતોને શીખી રાખી હોય, પણ જો તેને આદર સત્કાર કોઈ ન આપે તો તેની ભાવના ઢાંકી રહેતી નથી. સત્સંગમાં આવી રીતના જે માણસો હોય છે તેને જો સન્માન મળતું હોય તો ત્યાં સુધી તે સહુથી સારા દેખાય છે. શ્રીહરિ પાસેથી માન મેળવવા માટે કોઈક તો તરત આગમાં સળગી મરે છે; એવા કેટલાકને કાને સાંભળ્યા છે અને કેટલાક એવાને દેખ્યા છે.

નળકાંઠા, ચુંવાળ, જતવાડ, વઢિયાર, મારવાડ, દંઢાવ્ય, ગુજરાત, ડુંગરપુર, એ બધા પ્રદેશના શૂરવીર અને મતવાલા હરિભક્તોએ શ્રીહરિ, સંતો અને વર્ણી વગેરેની પૂજા કરી. હરિભક્તો જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે બીજે જ દિવસે તે બધા ચાલતા થયા. વળોટવા ગામના હરિભક્તોએ પોતાના ગામમાં સંતોને માટે રસોઈ કરાવી અને શ્રીહરિને પણ ગામમાં પધરાવ્યા. અને વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવ્યા. તળાવને કાંઠે વડલાની ડાળી સાથે એક સારો સુખકારી પલંગનો હિંડોળો બાંધ્યો. અને તેના ઉપર શ્રીહરિ બેઠા. આગળના ભાગમાં સંતોની સભા થઈ. વળોટવાના પાટીદાર અને પગી, જે બધા સત્સંગી હતા, તેમણે શ્રીહરિ અને સંતોની પૂજા કરી, તેમજ સંતોને લાડુ જમાડ્યા.

પછી શ્રીહરિ પાછા વડતાલ આવ્યા અને બીજે દિવસ પાછા સંજાયા ગામ આવ્યા. ત્યાંના ગરીબદાસ નામે પાટીદારે ઘણા ઉત્સાહથી લાડુની રસોઈ કરાવી હતી. ગામમાં જે કોઈ હરિભક્ત બ્રાહ્મણ અને પાટીદાર હતા, તેમણે ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરી અને અપાર હેતથી પૂજા કરી. ગરીબદાસ પટેલના ઘર આગળના ચોકમાં સંતોને પંક્તિ કરી જમાડ્યા અને શ્રીહરિએ ઘણા હરખથી લાડુ પીરસ્યા. પછી તેના ઘરના મેડા ઉપર શ્રીહરિ બેઠા. ગરીબદાસે બે વખત લાડુની રસોઈ કરાવીને બધા સંતોને જમાડ્યા હતા. તેમણે શ્રીહરિ અને સંતોને ઘણા પ્રેમભાવથી પૂજ્યા અને પછી શ્રીહરિ વડતાલ આવ્યા.

## • ભગવાન શ્રીહરિએ વાતની વિશિષ્ટતાની સાથે સંતોને ગુપ્ત પ્રશ્ન કર્યા :

શ્રીહરિ વડતાલમાં આંબલે આવીને બેઠા હતા ત્યારે ભણવા ગયેલા સંતો પાછા આવીને શ્રીહરિનાં ચરણમાં પડ્યાં. સંતોએ પ્રણામ કર્યા અને સંતોએ વિનયથી કહ્યું, ''અમને આપે સત્સંગમાં નવો નિવાસ આપ્યો છે. આપની આજ્ઞા લઈને અમે બે કોશ જેટલે ગયા, છતાં પાછા આવ્યા ત્યારે અમને એમ લાગ્યું કે અમે કાશીથી પણ આગળ જઈ આવ્યા, પરંતુ હવે આપની પાસે આવ્યા ત્યારે અમને શાંતિ થઈ છે.''

શ્રીહરિએ સહુ સંતોના પ્રત્યે કહ્યું, ''ઘણા સમર્થ અને બહુનામી એવા અમારા ગુરુ રામાનંદ સ્વામી ધામમાં ગયા ત્યારથી આરંભીને અમારી રુચિ જે રીતે ત્યાગ પ્રધાન રહી છે તે રીતે જ અમે સહુ સંતોને ઘણા હેતથી વર્તાવ્યા છે. વળી સંતો, વર્ણી અને બાઈ-ભાઈ સહુ હરિભક્તો, તે બધા અમને રાજી કરવાને માટે અમે જેમ કહીએ છીએ તે રીતે સહુ વર્તે છે. પોતાનાં મનનું ધાર્યું કરવા તો લોકો શરીરનો પણ ત્યાગ કરે છે. અને પ્રારબ્ધને વશ થઈને તો ન કહી શકાય તેટલાં બધાં દુઃખને સહન કરે છે. પ્રારબ્ધને વશ થઈને તો ઘણા મોટા મોટા રાજાઓએ એટલા મોટા કષ્ટોને સહન કર્યા છે કે, જે વાતને સાંભળતાં આંખમાંથી આંસુઓની ધાર થાય છે, એવા દુઃખોને સહન કરે, છતાં જે પરમેશ્વરનો વાંક નથી કાઢતા, તેમાં તો પોતાનાં કર્મનો જ વાંક કાઢે, પરમેશ્વરને સદાને માટે નિર્દોષ કહે; એવા મનુષ્યને ભગવાન નિર્દોષ કરે છે. પરમેશ્વરની આગળ તો બ્રહ્માને પણ બાળકબુદ્ધિ કહેવાય છે. અને અક્ષરના સમાન કોઈ સમર્થ નથી, છતાં તે અક્ષર પણ પરમેશ્વરની આગળ દીન આધીન વર્તે છે. આવા પરમેશ્વર જ્યારે જ્યારે મનુષ્યદેહને ધારણ કરે છે ત્યારે ઘણા પ્રેમથી મનુષ્યની રીતે જ વર્તે છે. આ વાત તો ઘણી અલૌકિક છે. બધા લોકોને તે સમજાતી નથી. જેનાં ઘણા મોટા સદ્‌ભાગ્ય હોય તેઓને જ તે બધા ભગવાનનાં મનુષ્યચરિત્ર વારંવાર દેખ્યામાં આવે છે. સદ્‌ભાગ્ય સિવાય શ્રીહરિનાં મનુષ્યચરિત્ર થોડાએ જોવા મળતા નથી. પરમેશ્વરની સાથે કાયમ રહે, છતાં પણ પરમેશ્વરના રહસ્યને જાણી શકાતા નથી.

પરમેશ્વરના આકારે જેણે મતિ કરી હોય તેને પરમેશ્વરનું જ એક તાન રહે છે અને તેઓ પરમેશ્વર સિવાય જે કાંઈ છે તેને નિર્જીવ જેવા દેખે છે તથા પરમેશ્વર સિવાય જેને બીજી કોઈ બાબત દિલમાં અધિક ન રહેતી હોય તેઓને જ રહસ્યવાત કહેતા આવડે છે. ભાઈ રામદાસજી સ્વામીના જેવા બીજા કોઈ મને અત્યારે દેખાતા નથી. ભાઈસ્વામી જે જે કાંઈ ક્રિયા કરે છે તે ભગવાનની હાજરીમાં જ કરે છે. તેઓ એક પળવાર પણ ભગવાનથી ક્યારેય દૂર રહેતા નથી. સ્વામી એટલા મહા સમર્થ છે કે, પોતાની સમજણનો તેમને લેશમાત્ર પણ ગર્વ નથી. અને સહુ સંતો તથા હરિભક્તોના દાસ થઈને વર્તે છે. ભાઈ રામદાસજી સ્વામીનું વર્તન સહેજે જ એવું છે કે, તે જીવના સંસારને ટાળી નાખે છે. સ્વામીની વાત આવી ઘણી રસભરી છે.

આ વાત તો એક છે, પણ તેમાં ઘણી કરામત રહી છે. જેવી બુદ્ધિ હોય તેવી વાત તેના મગજમાં રહે છે. સોનાની તો એક જ જાત છે, પણ જેટલી વિભિન્ન બુદ્ધિ હોય તેટલા તેમાં જુદા જુદા ઘાટ રચાય છે. તે જ રીતે પ્રત્યેક ધાતુની જાતિમાં જેવી બુદ્ધિ હોય તેટલા અલગ અલગ ઘાટ કરી શકાય છે. જ્યાં જેવો દેશ હોય ત્યાં અપાર મનુષ્ય, પશુ, પંખી, વૃક્ષ આદિક અને પર્વત વગેરે તેને અનુરૂપ હોય છે. જે જેવો સત્સંગ કરતા હોય છે, તેની તેવી બુદ્ધિ વાતમાં દેખાઈ આવે છે. વાત કરવાનો પ્રતાપ તો અપાર સૂર્યના જેવો તેજસ્વી છે. જે સ્થળે ચિંતામણિ, કલ્પવૃક્ષ અને પારસમણિનું લેશમાત્ર પણ જ્ઞાન નથી હોતું તો ત્યાં ચિંતામણિ પથ્થર ગણાય છે, કલ્પવૃક્ષ સાધારણ ઝાડ જેવું ગણાય છે. અલૌકિક સમજણ વિનાની જેટલી બુદ્ધિ છે તે તો અંધારા જેવી છે અને મોક્ષ બાબતનું જે જ્ઞાન છે તે તો અલૌકિક જ્ઞાન કહેવાય છે. જેટલું લૌકિક જ્ઞાન છે તે બધું હોય અને અપાર બુદ્ધિ રહી હોય, તોપણ તે જેટલું વધારે હોય તેટલું તેમાં માયાનું તમ વધારે ભર્યું હોય છે. લૌકિક જ્ઞાનથી ભરેલી બુદ્ધિવાળાને લૌકિક ફળ પ્રાપ્ત થાય છે અને અલૌકિક જ્ઞાનથી ભરેલી બુદ્ધિવાળાને અલૌકિક ફળ મળે છે.''

સુખદાતા શ્રીહરિએ આટલી વાત કહી ત્યારે ચાર ઘડી દિવસ ચઢી ગયો હતો. તે સમયે શ્રીહરિએ અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. આંબલાથી પૂર્વ દિશામાં રહેલો જે હોજ તેનાથી પણ પૂર્વ દિશા તરફ એક રાયણનું વૃક્ષ હતું. શ્રીહરિ ત્યાં જઈને બેઠા અને સહુ સંતોને બોલાવ્યા. ધર્મકુમાર શ્રીહરિ પોતાનાં અંગ ઉપર હજારી ફૂલના હાર, તોરા, ગુચ્છ અને બાજુબંધ ધારી રહ્યા હતા. શ્રીહરિએ તે વખતે ત્યાં આવતા હરિભક્તોને અટકાવી દીધા અને જે સંતો હતા તે બધામાં હરેકને પ્રશ્ન પૂછવા લાગ્યા. શ્રીહરિએ પ્રત્યેક સંતના કાનમાં ગુપ્ત રીતે પ્રશ્ન કર્યો કે, ''તમને સ્વપ્નમાં કોઈ વિકાર થાય છે કે નથી થતો ?'

જેટલા સંતો હતા તે સહુને શ્રીહરિએ સ્વપ્નમાં જે રીતે વર્તાતું હોય તેવો પ્રશ્ન કર્યો, ત્યારે તેનો પ્રત્યુત્તર સંતોએ નિષ્કપટભાવે

કહ્યો. જ્યારથી સંત થયા ત્યારથી આરંભીને સ્વપ્નમાંયે ક્યારેય એકવાર પણ સ્ત્રીનો સંબંધ કોઈ રીતે ન થયો હોય; એવા બ્રહ્માનંદ સ્વામી આદિક સંતો અને તેવા જ વર્ણીઓને સાંભળીને તે સંતો તથા વર્ણીઓ ઉપર શ્રીહરિ ઘણું રાજી થયા. જે સંત જે રીતે રહેતા હતા, તે બધું નિષ્કપટભાવે શ્રીહરિ આગળ કહ્યું, તેનાથી અત્યંત પ્રસન્ન થઈને શ્રીહરિએ તે સહુની ઘણી પ્રશંસા કરી. પછી શ્રીહરિએ કહ્યું, "જેટલા અમારી આગળ નિષ્કપટ થયા છે તે બધાને અમે સાચા પરમ સંત માનીએ છીએ. અને જે અંતરમાં રંચ જેટલો પણ મેલ રાખે છે તેની આંખો અંતરની વાત કહી દે છે."

વળી, શ્રીહરિએ કહ્યું, "ભગવાનનું જેટલી વખત ધ્યાન કરવું, જેટલી વખત સભામાં બેસવું, તેટલીવાર સંતોએ એક આસન વાળીને બેસવું. નેત્રની વૃત્તિ નાસિકા ઉપર સ્થિર કરવી. આંખોના મટકા મારવા નહિ અને મૂર્તિમાં સતત એકાગ્રપણે સ્થિર થવું. ધ્યાન કરતી વખતે માંખ, મચ્છર કે કોઈ જંતુ કરડે, તોપણ જે થડકી ન ઊઠે તેવા શૂરવીર સંતો સભામાં ઊભા થાઓ." તે સમયે કૃષ્ણાનંદ સ્વામી જેવા સંતો સભામાં ઊભા થયા. તે સંતોને એક ભગવાનને પ્રસન્ન કરવાનું તાન રહેતું હતું. તેમણે પોતાના દેહનું ભાન રાખ્યું ન હતું. જે દેહાકારે રહેતા હોય તે તો તરત જ દેખાઈ આવે છે. એવી રીતે અનંત પ્રકારે શ્રીહરિ સંતોને વારંવાર ચાહે તેમ વર્તાવતા છતાં પણ સંતો પાછો પગ ધરતા નહિ. આ બધો શ્રીહરિનો પ્રતાપ હતો. માયિક મનુષ્યથી આ રીતે રહી શકાય નહિ. માયિક મનુષ્ય હોવા છતાં જે આ રીતની આશ્ચર્યજનક વાત કરતા હોય છે, તે કોઈ સાધારણ માણસનું સામર્થ્ય કહી શકાય નહિ. આવી બાબતમાં તો પરમેશ્વરની જ ઇચ્છાશક્તિ રહી હોય છે. પરમેશ્વની શક્તિ અપાર છે, તે પૂરેપૂરી કળી શકાતી નથી. બ્રહ્મા જેવાને પણ હંમેશાં તે શક્તિ અકળ રહે છે. પરમેશ્વર જે મનુષ્યને જેટલું સામર્થ્ય જણાવે તેટલું જ તેને જણાય છે, છતાં એ જાણનારાને આ ભગવાનનું સામર્થ્ય અપાર જ રહે છે. આનંદદાયક શ્રીહરિ વડતાલમાં ઉત્સવ કરીને જ્યારે ચાલ્યા, પછી તરત જ ગઢપુર આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૨ થી ૧૦)

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ હુતાશનીનો ઉત્સવ કર્યો
## સં. ૧૮૭૩ (ઈ.સ. ૧૮૧૬)

**● ભગવાન શ્રીહરિએ વડતાલમાં જળ છાયાનો યોગ માનીને ત્યાં હુતાશની કરવા પત્ર લખ્યો :**

જે જે દેશમાં જેટલા નરનારી હરિભક્ત થયા હતા તેમની દિવસે દિવસે જે રીતે કીર્તિ વધે તે રીતે શ્રીહરિ પોતાના આશ્રિત હરિભક્તોના ઉપર સારભૂત પત્ર લખતા હતા. શ્રીહરિ ભક્તોના ઉપર પ્રસન્ન થઈને હરેક વર્ષમાં એક, બે અથવા ત્રણ કૃપાપત્ર લખાવતા હતા. ઋતુ પ્રમાણેના વરસાદની જેમ શ્રીહરિ ભક્તોના ઉપર વારેવારે પત્ર લખતા. અને તેમાં યોગ્ય રીતે આદેશ આપ તા. તેનાથી ભક્તજનોનાં મન હંમેશાં પ્રસન્ન રહેતા હતા.

શ્રીહરિ ગઢપુરમાં હતા અને હુતાશની સમીપ આવવા લાગી. ત્યારે સંતોને કહ્યું, "હવે આપણે હુતાશની ક્યાં કરશું ? વડતાલમાં જે પાટીદારો છે કે પગી છે, તે બધા બાઈ ભાઈ હરિભક્તોના સમાન બીજે ક્યાંય ભક્તો નથી. વડતાલના હરિભક્તો અમને તથા સંતો-ભક્તોને જોઈને પોતાના માને છે. આસપાસના ફરતા ગામોના હરિભક્તો પણ ઘણા ક્ષમાશીલ છે. સંતો અને હરિભક્તોની જેમ વધારે ભીડ થાય તેમ વડતાલના હરિભક્તો મનમાં ખૂબ રાજી થાય છે. ચરોતર દેશ વધારે ગામોથી સાંકડો છે અને ગામ પણ મનુષ્ય અને વૃક્ષોને લીધે ઘણાં ઘાટાં છે. દબાવીને તીર ભરેલા ભાથાની જેમ ચરોતરમાં મનુષ્યો અને વૃક્ષો અપરંપાર ભર્યા છે, પરંતુ આપણા સંતો ઉપર સહુને અપાર હેત છે.

આપણા સંતોના ધર્મને દેખીને તે સહુને સંતોના ઉપર ઘણો નવો નવો પ્રેમ રહે છે. ત્યાગી થયા પછી ધન અને નારીનો ત્યાગ રાખવો તે ઘણું કઠણ છે. કેટલાકને જ્યારે ધન અને સ્ત્રી ન મળે, અન્ન તથા વસ્ત્ર ન મળે, કામ કરવામાં આળસ થતી હોય અને જે ખૂબ જ ક્રોધી હોય તેવા લોકો અકળાઈને ઘરનો ત્યાગ કરી દેતા હોય છે. વળી, ઘર છોડ્યા પછી પણ જેનું મન ભગવાનનું ભજન કરવામાં સ્થિર ન થતું હોય ત્યારે તીર્થ કરવા નીકળે છે અને તીર્થ કરતાં કરતાં તેમાં જ્યાં સ્ત્રી અને ધન મળી જાય છે પછી તે સ્થળે જગ્યા બાંધીને રહેવા લાગે છે. તેઓ થોડા પણ ધર્મ-નિયમોને પાળતા નથી. ફેલ, વ્યસન અને કેફ કરે છે અને તેવા જે લોકો છે એ જ સાચા સંતોનો દ્રોહ કરતા રહે છે.

ચરોતરના જે પાટીદારો છે તે આ સંતો બંધનવાળા છે કે નિર્બંધ છે, તેવી તેમની પરીક્ષા કરી લે છે. જે લોકોને મોક્ષનો ખપ હોય છે એવા લોકો જે સંતો નિર્બંધ હોય છે તેને માને પૂજે છે. પણ જેને મોક્ષનો ખપ ન હોય તેવા જેટલા લોકો હોય છે તેઓ સહજ રીતે હોશિયાર હોવા છતાં પણ વ્યસનને છોડી શક્તા નથી. તે લોકો બુદ્ધિથી સત્ય અસત્યને સમજતા તો હોય છે, પણ કેટલીક જાતના તેમને વ્યસન પડી ગયા હોય છે, તે મોક્ષના ખપ વિના ટળતા નથી. તે લોકો અસત્ય મોટપમાં મનના મોહથી અપાર મોટપ માનતા રહે છે. તેઓ અસત્ય મોટપમાં જેવી મોટપ માને છે, તેવી જ્યારે સત્સંગ કરવારૂપ મોટપ માનશે ત્યારે તેનાથી તેમનો સારો યશ અપાર વધશે. પરંતુ તે લોકો લૌકિક યશમાં જ અધિક યશ માનતા હોય છે. અને જ્યાં સુધી એવું માને છે ત્યાં સુધી તેને સત્સંગનો રંગ બરાબર ચઢતો નથી. અને જો સત્સંગનો રંગ લાગે તો તેના પુત્ર અને પૌત્ર આદિક પરિવાર અવશ્ય સત્સંગ કરનારા થાય.

તેને લીધે તેની કેટલીક પેઢીનો ઉદ્ધાર કરે છે, તેમાં લગાર પણ સંશય નથી. અને તેમાં જે સંશય કરે છે તેને સત્સંગનું પૂરું જ્ઞાન નથી. પૂરા જ્ઞાન વિના જે લોકો બોલે છે, તેમાં તો બાળબુદ્ધિ જાણવી. કરોડો કલ્પ વીતી જાય, છતાં પણ સત્સંગ તો નવો ને નવો જ રહે છે, તે નિશ્ચિત વાત છે, પણ તે યથાર્થપણે બધાને દેખાતું નથી. જેને જેવું જ્ઞાન હોય તેવી રીતે તે દેખે છે અને બોલે છે."

આટલી વાત કરીને શ્રીહરિએ સંતોને ફરી કહ્યું કે, "વડતાલના જેવું બીજું કોઈ ગામ હોય તો અમને બતાવો, અમે ત્યાં જઈને ઉત્સવ કરીએ."

પછી સંતોએ બામણગામ અને બોચાસણ તે જેવાં કેટલાક ગામોના નામ ઉત્સવ માટે શ્રીહરિ આગળ લીધાં. પણ બીજા ગામોમાં હરિભક્ત સારા હોવા છતાં પણ વડતાલના જેવો ક્યાંય જળ અને છાયાનો યોગ ન હતો, એટલે મનમાં નક્કી કર્યું કે, વડતાલ જેવું બીજું કોઈ ગામ નથી. પછી શ્રીહરિ બોલ્યા કે, "વડતાલના જેવું બીજું કોઈ ગામ નથી, તેથી ઉત્સવ કરવાને માટે યોગ્ય સુંદર સ્થળ તો વડતાલ જ છે." પછી શ્રીહરિએ કહ્યું, "બે-ચાર સંતો અમારી આગળ પત્ર લઈને જાઓ. અમે ભાઈ રામદાસજી સ્વામીના ઉપર પત્ર લખી આપીએ છીએ. ભાઈસ્વામી દેશકાળની રીતને સારી રીતે જાણતા હોય છે અને તે ચોક્કસ જાણ્યા સિવાય સારો ઉત્સવ થાતો નથી."

આ વાતની નોંધ કરતા સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તચિંતામણિ' ગ્રંથમાં લખે છે :

**એમ કરતાં આવિયો, રૂડો તે ફાગણ માસ; રમવા રૂડી હુતાશની, હૈયે હરખિયા હરિદાસ.**
**પછી પ્રભુજી બોલિયા, સંતો શોધો સુંદર ઠામ; ઓણ કરીએ હુતાશની, એવું ગોતી કાઢો ગામ.**
**વારમવાર વરતાલમાં, ઉત્સવ કર્યા અતિ ઘણા; ખૂંદ્યું ખમ્યા તે સતસંગી, ધન્ય જન એમાં નહીં મણા.**
**માટે બીજી જાયગા, જોઈ કાઢો તમે જન; સંતે માંડ્યું શોધવા, સુણી વાલ્યમજીનું વચન.**
**બામણગામ ને બોચાસણે, સતસંગી સારા સહિ; પણ જળ છાયાની જુગતિ, વરતાલ જેવી બીજે નહિ.**
**વાલ્યમ કહે વરતાલ જેવું, નથી બીજું કોઈ ગામ; સતસંગના મધ્યમાં, સુંદર છે એહ ઠામ.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૪/૧૦ થી ૧૫)

ભાઈસ્વામીના ઉપર લખ્યું કે, "તમારી નજરમાં ઘણા સારા દેશકાળ જણાય તો તમે અમારી ઉપર તરત પત્ર લખજો. તેમાં એક પળમાત્રનો પણ વિલંબ કરશો નહિ. આ વખતે અમારે સંતો અને હરિભક્તોને રંગમાં રસ તરબોળ કરી દેવા છે. કારણ કે, સંસારના જેટલા રસરંગો હતા તેનો અમે સહુ પાસે ત્યાગ કરાવ્યો છે. આ રંગ તો અલૌકિક છે. ભવ અને બ્રહ્મા જેવાને માટે પણ દુર્લભ છે. આ સમયે આવા રંગમાં સંતો અને હરિભક્તો, સહુને અમારે રંગી નાખવા છે. એકવાર સમય ચાલ્યો જાય, તે ફરીવાર મળતો નથી. ગામના જે પાટીદારો છે તેની સંમતિ તમારે લઈ લેવી. શ્રીહરિએ લખ્યું કે, હરિભક્તો ચાહે તેટલા ભેળા થાય તેની અમને ચિંતા નથી, પણ બિનસત્સંગી જે લોકો આવે અને તેઓ મનફાવે તેમ વર્તે તે ઠીક નહિ. મનફાવે તેમ જે વર્તે તેની સંભાળ તો સરકાર રાખશે અને તો જ સમૈયાનો સ્વાદ આવે. અને સરકાર પાસે જે કામ કરાવવું તે પાટીદારોના હાથમાં છે.

કોઈપણ વાત પાકી કર્યા સિવાય સુખ કરનારી નથી થતી. અને જે વાત પાકી ન કરવામાં આવે તે દુઃખકારી બને છે. પાકું ન કરીએ પછી અપાર બુદ્ધિ બળ વાપરો, તોપણ એક વખત સમય ચાલ્યો જાય તે ફરી નહિ આવે. સમયને ઓળખ્યા વિના કાંઈ કરવું તે તો માવઠાનાં વરસાદ જેવું છે.

પહેલા ખોખરા મહેમદાવાદમાં અને જેતલપુરના બીજા યજ્ઞમાં જે વિઘ્ન થયું હતું તેવું વિઘ્ન સરકારની મદદ વિના અસુર લોકો કરશે. કારણ કે, તેઓ રંગમાં ભંગ પાડવા માટે તત્પર રહેતા હોય છે. બધા અસુરો તો આપણા ઉત્સવોમાં વિઘ્ન કરવા માટે તૈયાર જ રહે છે. તેમને નીતિ ગમતી નથી અને એકલી અનીતિ જ તેમને રુચે છે. ભગવાનની જેવી મરજી છે તે પ્રમાણે અત્યારે તો સારા રાજ્યનો ઉદય થઈ રહ્યો છે. શ્રીહરિએ પત્રમાં લખ્યું કે, 'જો વડતાલમાં રંગોત્સવ કરવાનું નક્કી થાય તો પાકા બે રંગના હોજ કરાવજો, જેથી લગાર પણ કીચડ થાય નહિ. અગાઉથી નક્કી કરીને પિચકારી માટે વાંસ મગાવજો અને પતંગ તથા કેસુડાં ઘણાં મગાવી રાખજો."

જ્યારે સંતો શ્રીહરિનો પત્ર લઈને વડતાલ આવ્યા ત્યારે તે સંતોને દેખીને ભાઈ રામદાસજીસ્વામી ઘણું જ રાજી થયા. ભાઈસ્વામી સંતોને ઘણા જ પ્રેમથી ભેટ્યા અને સંતોએ પત્ર આપ્યો ત્યારે તેને ઉત્સાહિત મનથી તરત માથે ચઢાવ્યો. સંતોએ શ્રીહરિએ મૌખિક કહેવડાવેલી વાતને એકાંતમાં બેસીને સાંભળી. પછી પત્ર વાંચ્યો, તેથી બધી જ વાત સમજી લીધી.

પછી ભાઈસ્વામીએ વનમાળીભાઈ વિપ્રને મોકલીને પાટીદારો, જોબન પગી અને નારાયણગિરિ ગોસાઈ, તે સહુને તત્કાળ બોલાવ્યા. સહુ એકાંતમાં બેઠા અને ભાઈસ્વામીએ તેમની આગળ વાત કરી. હુતાશનીનો દિવસ નજીક આવી રહ્યો છે. હવે જો તમે સહુ પ્રેમથી કહો તો હુતાશનીનો ઉત્સવ કરીએ. તમારે એક રતીભાર પણ ખરચ કરવાનો નથી. ખરચ કરવાની શંકા છોડી દેજો. આવનારા ભક્તોની અપાર ભીડ થશે. તેમાં જો તમને સારું લાગે તો શ્રીહરિ અહીં હુતાશનીનો ઉત્સવ કરવા આવે. તમારી મરજી વિના ઉત્સવમાં પ્રેમ રહે નહિ. જો ઉત્સવમાં સહુને સારો વધારે પ્રેમ રહે તો ઉત્સવ કર્યો તે સાર્થક થાય. ખાસ કરીને તો વધારે ભીડ એક દિવસ રહેશે. પછી એવી બહુ ભીડ રહેશે નહિ. હરિભક્ત સિવાયના બીજા તોફાની લોકો જો અહીંયાં ભેળા થાય અને તે જો તોફાન કરે તો તેને તમારે કાબુમાં રાખવાના છે. જે ગામના મોટા જમીનદારો હોય તેની વાત સરકાર સાંભળે છે."

ત્યારે પાટીદારોએ કહ્યું, "સરકારના માણસ સિવાય તોફાની લોકો સીધા ચાલે નહિ. કેટલીયે જાતના લોકો ભેળા મળીને અહીંયાં આવતા હોય છે. જ્યારે માણસોની વધારે પડતી ભીડ થાય અને જાણ બહાર કાંઈક થઈ જાય ત્યારે સરકારી મનુષ્ય વિના કોઈ બંદોબસ્ત થઈ શકે નહિ." વળી તેમણે ભાઈસ્વામીને કહ્યું, "અમારા ધન્યભાગ્ય છે. જેમ આપ સંતો કહેશો તેમ અમે બધું કરશું. સંતોના પ્રતાપથી જ ભગવાન વરસાદ વરસાવે છે. સંતોના પ્રતાપ સિવાય કોઈ સારી બાબત દેખાતી નથી. સંત અને અસંત, તે બંનેમાં તો રાત દિવસ જેટલો તફાવત રહે છે. જેને ભગવાન સિવાય બીજી કોઈ ચાહના ન હોય તેવા સંતો તો દુર્લભ રહ્યા છે.

જ્યાં સુધી જેના મનમાં ભગવાન સિવાયની બીજી કોઈ અભિલાષા રહેતી હોય ત્યાં સુધી તેમની સમજણ કાચી છે અને સમાધિ થતી હોય તોપણ તે બાળક છે. સંતોનું ઊંચું પદ મળ્યું હોય અને પ્રગટ ભગવાનનો યોગ થયો હોય, છતાં અંતરમાં જેટલી ભગવાન સિવાયની અભિલાષારૂપી રોગ રહે છે, તે સમજણ વિના ક્યારેય જાતો નથી. નારદજીના જેવા કોઈ સંત ગણાય નહિ. ભગવાનની મરજી પ્રમાણે જ તેઓ વર્તતા હતા. તેઓ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળને જાણતા હતા. તેમનાથી કાંઈ જ અજાણ્યું ન હતું, છતાં તેમણે સ્ત્રીની ઇચ્છા કરી તો તેમનું વિપરીત રીતે માકડાંનું મુખ થયું અને તેથી જ તેઓ સનકાદિક અને શુકજી જેવા સાંભળવામાં કે દેખવામાં આવતા નથી.''

ત્યારે ભાઈસ્વામીએ કહ્યું, 'તમારી વાત સાચી છે. યથાર્થ વાતને તો કોઈ દેખતું-જાણતું નથી. યથાર્થ વાતને વ્યાસજી જાણતા હતા અને ઘણા શાણા એવા શુકદેવજી અને સનકાદિકો જાણતા હતા. ચાહે તેવા હરિભક્ત હોય, ભલે તે સ્ત્રી અને ધનમાં બંધાયેલા હોય, પણ સત્સંગમાં રહેલા સંતોની આજ્ઞા પ્રમાણે જો ચાલે છે તો તેઓ સમાધિનિષ્ઠ કરતાં પણ અધિક ગણાય છે; સંતોની આવી વાત છે. આધુનિક સંતો પણ જો ભગવાનની આજ્ઞામાં ચાલે તો તે બળવાન ગણાય છે. મરજી અને પ્રથા બેયને એક સમજવા, તેનું જ નામ વિવેક છે. જિંદગીભર મરજીમાં ચાલવું. મરજી બહાર એક દિવસ પણ ન ચાલવું. કેમ જે, જે જેટલા આજ્ઞા બહાર ચાલે તેટલી તેની કિંમત થઈ જાય છે.''

વળી, ભાઈસ્વામીએ કહ્યું, ''જે સંતો થયા હોય છે તેની વાત તો અલૌકિક છે. મરજી અને પ્રથામાં જેટલું વર્તી શકાય તેટલું જ સંતપણું અને હરિભક્તપણું કહેવાય છે. અને મરજીમાં જ અલૌકિકપણું રહ્યું છે. સત્સંગની આવી પ્રથા કહેવાય છે. સત્સંગની પ્રથામાં અને ભગવાન તથા સંતોની મરજીમાં જ અલૌકિકપણું રહ્યું છે. શરીરમાં જે ચેતના દેખાય છે તે ચેતન એવા આત્માના યોગે કરીને છે અને જો ચેતના ન રહે તો શરીર નકારું થઈ જાય છે. તેમ જેટલી સત્સંગની પ્રથાઓ છે અને શ્રીહરિ તથા સંતોની મરજી છે, તે ચેતના છે. તેનો ક્યારેય વિયોગ(અભાવ) ન થવા દેવાય.'' ભાઈસ્વામીની આટલી વાત સાંભળીને પાટીદારો મનમાં ઘણા રાજી થયા. પછી બોલ્યા, ''સંતો, તૈયાર થાઓ. હું પત્ર લખું છું.'' આમ કહીને પછી ભાઈસ્વામી પત્ર લખીને લાવ્યા અને ભાઈરામદાસજી સ્વામીએ તે પત્ર સંતોના હાથમાં આપ્યો. પછી બે સંતો પત્ર લઈને વડતાલથી ચાલતા થયા અને ગઢપુર આવીને તે પત્ર શ્રીહરિને આપ્યો.

તે પત્ર વાંચ્યા પછી શ્રીહરિ તરત ગઢપુરથી ચાલતા થયા અને કારિયાણી ગામ આવ્યા. તે વખતે ગામે ગામના જેટલા કાઠી દરબારો સત્સંગી કહેવાય છે, તે બધા પોતપોતાની અલગ અલગ સવારી સાથે લઈને ત્યાં કારિયાણી આવ્યા. અને તે દરબારોના ઘેરથી જે સત્સંગી બાઈઓ હતી તેમજ રાજપુત્રીઓ હતી તે પણ પોતાની માતાની સાથે સોનેરી રથમાં બેસીને સહુ આવ્યા. પોતપોતાના જે તંબુ લાવ્યા હતા, તે સહુ સહુને ઉતારે રાખ્યા. જેટલા સેવક અને દાસીઓ હતી, તે પણ સાથે લાવ્યા હતા. તેમાં કેટલાક તો સેવકના પણ સેવક હતા, જેની ગણતરી થઈ શક્તી નથી. જેને જેટલી રોજની વપરાશ હતી તેટલું સીધું-સામાન પણ સાથે લાવ્યા હતા.

મોતીચૂરના લાડુ અને જલેબી સાકર નાખીને બનાવ્યા હતા. પેંડા અને બરફીના તો સહુ પટારા ભરીને લાવ્યા હતા. અને રોજના ખર્ચમાં વપરાતા રૂપિયાની સહુ પેટી ભરીને લાવ્યા હતા. પાપડ, ઉત્તમ જાતના અથાણાં, વડી, કળી અને ગાંઠિયા પણ સહુ લાવ્યા હતા. કાઠિયાવાડ, ગોહિલવાડ, વાળાક, ઊના, સોરઠ અને હાલાર, એ બધા પ્રદેશના હરિભક્તો આવ્યા હતા. આવનારા બધા દરબારો કારિયાણી ગામમાં ભેળા થયા હતા. પછી શ્રીહરિ ચાલ્યા, તે પાંચમે દિવસ પીપળાવ ગામ પહોંચ્યા. જ્યારે દિવસ દોઢ પ હોર ચઢ્યો ત્યારે શ્રીહરિ પીપળાવ પહોંચ્યા હતા. શ્રેષ્ઠ મુનિવર મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી ત્યાં હતા. બીજા તેમની સાથે જે ભણનારા સંતો હતા, તે સહુ મળીને શ્રીહરિની સન્મુખ આવ્યા અને ગામના હરિભક્તો પણ બધા આવ્યા.

ઢોલ, તાંસા, ભૂંગળ, ભેરાઈ, રણશિંગી, શરણાઈ, ડુગડુગી, ઘડિયાળ આદિ વાજિંત્રોનો ધ્વનિ થવા લાગ્યો. સહુ ગામથી પા કોશ જેટલે સામે ગયા ત્યારે શ્રીહરિ ત્યાં આવતા સામે મળ્યા. અપાર ઘોડેસવારો સાથે હતા. સહુની આગળ પ્રાણાધાર શ્રીહરિ હતા. તે વખતે શ્રીહરિએ લાલ કિનખાબની ડગલી અને સુરવાળ અંગ ઉપર ધારણ કર્યા હતા. હાથમાં સોનાનાં કડાં પહેર્યાં હતાં. મસ્તક ઉપર જરિયાની રેંટો બાંધ્યો હતો અને બીજો એક એવો રેંટો કમર ઉપર બાંધ્યો હતો. હાથમાં રૂમાલ અને છડી લીધાં હતાં. સોનાનો જે બધો વિવિધ ભાતનો સાજ હતો, તે બધો માણકી નામે ઘોડી ઉપર મૂકીને તેને શણગારી હતી. જ્યારે શ્રીહરિ પાસે આવ્યા ત્યારે મુક્તાનંદ સ્વામી આદિક સહુ સંતોએ શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. અને તે જ વખતે શ્રીહરિ માણકી ઉપરથી નીચે ઊતરી ગયા.

સંતો ઝડપથી દંડવત કરતા હતા તેટલામાં શ્રીહરિ પ્રેમથી મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને ભેટ્યા. પછી તરત જ માણકી ઉપર સવાર થયા. જેટલા સંતો તથા હરિભક્તો આવ્યા હતા, તે બધા શ્રીહરિનાં ચરણમાં પડ્યા અને હરિભક્તો જેટલા હજારીગલના હાર અને તોરા લાવ્યા હતા, તે હાર પહેરાવ્યા અને તોરા મસ્તક ઉપર ધરાવ્યા. બંને કાન ઉપર ગુચ્છ મૂક્યા અને ભુજાઓ ઉપર

બાજુબંધ બાંધ્યા. જેટલા ભક્તજનો હતા, તે સહુ 'જય જય...' 'જય જય...' બોલતા હતા અને હરિભક્તો જે ગુલાલ લાવ્યા હતા, તેને ઉડાડવા લાગ્યા. સહુ સંતો ઝાંઝ, મૃદંગ લાવ્યા હતા, તેને વગાડવા લાગ્યા. ચારેબાજુ ઉત્સવ છવાઈ ગયો. અને સહુને તે સમયે ઘણો જ આનંદ થયો. તે અરસામાં મુક્તાનંદ સ્વામીએ એક માસ સુધી વસંતના પદ નવાં બનાવ્યાં હતાં, તે પદોને સહુ ગાતા હતા.

તે વખતે મુક્તાનંદ સ્વામીએ હાથમાં ઝાંઝ લીધા અને વસંતનાં પદ બોલતાં બોલતાં નૃત્ય કરીને શ્રીહરિની આગળ ચાલ્યા. તેને શ્રીહરિ જોઈ રહ્યા હતા. પ્રેમરૂપી ગુલાલ મુક્તાનંદ સ્વામીના મુખ ઉપર લપેટાઈ ગયો હતો. તે વખતે હરખભેર શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને હજારીફૂલના ઘણા હાર આપ્યા. ધર્મકુમાર શ્રીહરિ મુક્તાનંદ સ્વામીના ઉપર ઘણા રાજી થઈને ઘણા હાર આપ્યા. તેથી તેમને અને નિત્યાનંદ સ્વામીને પણ ઘણા ફૂલહાર આપ્યા. તે સિવાયના જે સંતો હતા, તે બધાયને એક એક ફૂલહાર આપ્યો અને પાટીદાર હરિભક્તોને પણ તે રીતે જ ફૂલહાર આપ્યા. શ્રીહરિની જે સવારી હતી તેને ઈસણાવ ગામના પટેલો તે વખતે ગામના બધા લોકોને ખૂબ જ દર્શન કરાવવા માટે પોતાના ગામમાં લઈને ચાલ્યા.

શ્રીહરિ હરખભેર રાજમાર્ગ ઉપર ચાલ્યા ત્યારે મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. સોનાનાં ચામર મસ્તક ઉપર ઢળતાં હતાં અને આકાશને ગજાવતાં વાજિંત્રો વાગતાં હતાં. ગામના બાઈ-ભાઈ બધા જ ભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. અને જેની જેવી ભાવના હતી તે રીતે સહુએ પ્રેમથી પૂજા કરી. પીપળાવના બધા પાટીદારોએ ઘણા આદરભાવથી શ્રીહરિને પોતાના ગામમાં પધરાવ્યા ત્યારે શ્રીહરિ ગામ વચ્ચેના રાજમાર્ગે ચાલ્યા. ગામના બધા જ બાઈ-ભાઈ ભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને જેનો જેવો ભાવ હતો તે રીતે વિધિએ સહિત શ્રીહરિની પૂજા કરી. વીરસદ ગામના એક નારાયણદાસ નામે અમીન પાટીદાર હતા. તેના ઘર અને જમીન પીપળાવ ગામે હતા. તેમણે પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. પોતે વૈષ્ણવ હતા, પણ એક મહિના સુધી મુક્તાનંદ સ્વામીની વાતો સાંભળી હતી. તેનાથી તેનાં મનમાં ઘણી ભાવના થઈ હતી. પ્રભાશંકરભાઈની સાથે તેને ઘણું હેત હતું. અને કરાળી ગામના અમીન પાટીદારો જે પાકા હરિભક્ત હતા, તેમની હરિભક્ત દીકરી નારાયણદાસના પુત્રને પરણેલી હતી, એટલે તેમનો સત્સંગ સાથે આવો સંબંધ હતો. જોકે નારાયણદાસ જેટલા વ્યસનો કહેવાય છે તેમાં ભરપૂર ડૂબેલા હતા. પરંતુ સત્સંગને સાચો કહેતા અને મનમાં બીજા બધાને અસત્ય કહેતા.

પીપળાવ ગામના ભાવિક હરિભક્તોએ શ્રીહરિની ખૂબ ભક્તિભાવથી પૂજા કરી. પછી શ્રીહરિ ગામથી બહાર આવ્યા. તળાવની પાસે એક વડલાની સારી છાયા હતી. તેમાં શ્રીહરિએ ઉતારો કર્યો. ઉતારા માટે આ સ્થાન ઘણું અનુપમ હતું. પાર્ષદોમાં ભગુજીને શ્રીહરિએ મુખ્ય કરી રાખ્યા હતા. સંઘની સાથે રહેલા સહુને જે કાંઈ આવશ્યક સામાન જોઈએ તે ભગુજી હરિભક્તને કહેતા હતા. હરિભક્તોને જેટલી શ્રદ્ધા રહેતી તે પ્રમાણે તેઓ સામાન લાવી આપતા હતા. દહીં અને દૂધ ગામમાં જેટલા મળે તેટલા લાવીને હાજર કરતા હતા. સહેજે જેટલું મળે તેટલાથી રોજ કામ ચલાવી લેતા હતા. હરિભક્તોને કાયમ માટે ભાવ ટકી રહે તે રીતે શ્રીહરિ ભગુજી વગેરેને કાયમ શીખવતા રહેતા.

આ રીતે ભાવના રહે એમ જે વ્યવહાર કરતા, તેવા સંતો, વર્ણી અને પાર્ષદોના ઉપર શ્રીહરિ રાજી થતા હતા. શ્રીહરિ જે બાબતનો અધિકાર આપવાનો હોય તે જોઈ તપાસીને દેતા હતા, છતાં પણ સમજદાર પાંચ સંતો અને સમજુ પાંચ હરિભક્તોને પૂછ્યા સિવાય શ્રીહરિ પોતાની સ્વતંત્ર ઇચ્છાથી તેવો અધિકાર કોઈને આપતા નહિ. પણ જે કોઈ માણસ આવું બધું પૂછવામાં બાતલ નીકળે અર્થાત્ પૂછે જ નહીં અને નિમણૂક કરી દે તો તેની ખબર કામ પડે ત્યારે જણાય આવે છે કે, આ પૂરુ તપાસ્યા વગર કરેલું કામ છે.

ગામના હરિભક્ત વિપ્રો અને કેટલાક પાટીદારોએ સાકરનો શીરો અને પૂરી કરાવ્યા હતા. તે સહુએ વિવિધ પ્રકારનું શાક પ્રેમથી બનાવડાવ્યું હતું. રસોઈ બનાવતા એક કલાકનો સમય થયો અને જમાડવામાં પણ એક કલાકનો સમય થયો.

શ્રીહરિ પીપળાવ આવ્યા છે; એવા સમાચાર વડતાલમાં જ્યારે મળ્યા ત્યારે સંતો ત્યાં આવ્યા. જે જે દેશના હરિભક્તો હતા તે બધા વડતાલ આવ્યા. તેમાં ગ્વાલિયર પ્રદેશના હરિભક્તો પણ આવ્યા હતા. તેમાંથી કેટલાક હરિભક્તો પીપળાવ આવ્યા હતા અને શ્રીહરિનાં દર્શન કરીને તેમણે અમૂલ્ય લાભ લીધો. સંતો જે આવ્યા હતા તેમણે પણ ઘણો લાભ લીધો. આખી રાત દર્શન કર્યાં. સંધ્યા આરતી શ્રીહરિની સાથે કરી. અને પછી રંગભીના શ્રીહરિ ચોતરા ઉપર બિછાવેલા આસને બેઠા. ત્યારે બારશની રાતના ચંદ્રનો ઘણો પ્રકાશ થયો હતો. શ્રીહરિ ત્યાં ચાર ઘડી સુધી ચોતરા ઉપર બેઠા. પછી મેદાનમાં થયેલ હરિભક્તો અને સંતોની સભા વચ્ચે પલંગ ઉપર આનંદકારી અને દુ:ખહારી આવા શ્રીહરિ ગૂઢા રંગનો રેંટો પહેરીને બેઠા. એક નાનો કસુંબલ રેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો અને બોરીની બે પછેડી ઓઢી હતી. ડગલી તથા સુરવાળ ઉતારી નાખ્યા હતા.

નટરવમૂર્તિ ઘણી શોભતી હતી. શ્રીહરિએ છટાદાર શોભા ધારણ કરી હતી. અને તે છટાદાર મૂર્તિને જે ભક્ત દેખે તે તૃપ્તિ પામતા

ન હતા. અનંત કામદેવની શોભા તે શ્રીહરિની શોભા આગળ જેમ સૂર્યની આગળ તારા હોય તેવી દેખાતી હતી. ઘનશ્યામ શ્રીહરિ પોતાની મૂર્તિમાં આવી શોભા ધારી રહ્યા હતા. અને તે વખતે આખી રાત વિવિધ પ્રકારનાં હોરીનાં પદ ગવડાવ્યાં. સિતાર, સરોદ અને મૃદંગ ઇત્યાદિક વાજિંત્રને જે સંતો શીખ્યા હતા તેમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી અને બીજા જે સંતો હતા તે પદોનું અલૌકિક ગાન કરતા હતા. શ્રીહરિ આખી રાત જાગ્યા. સવાર થયું ત્યારે ચાલવાને માટે તૈયારી કરવા લાગ્યા અને બધા સંઘને આગળ મોકલ્યો.

હરિભક્તોનો સંઘ જ્યારે મહેળાવ પહોંચ્યો ત્યારે શ્રીહરિ પીપળાવથી ચાલ્યા. શ્રીહરિની સવારી ઘણી સુશોભિત હતી. તેની ઉપમા કહી શકાતી નથી. તે સમયે સવારીની શોભા હાથી, હંસ, વિમાન અને ગરુડની સવારી કરતાં પણ ખૂબ વધારે ભવ્ય દેખાતી હતી. જેનો વેદ પણ પાર પામે નહિ. શ્રીહરિને રાજી કરવા માટે અક્ષરધામમાંથી આ બધા અહીં આવ્યા હતા. તેઓ જોવા માત્રમાં માયિક જેવા જણાતા હતા પરંતુ અક્ષરરૂપ જ હતા. જેટલા માયિક લોકો હતા તે બધાને અમાયિક કરવાને માટે શ્રીહરિની મરજી દેખીને તે અક્ષરરૂપ સવારી માયિકના જેવી દેખાતી હતી. તે અક્ષરમુક્તો કેટલાક તો સંતોમાં કે બાઈ-ભાઈ હરિભક્તોમાં અને કેટલાક સામાન્ય મનુષ્ય, પશુ અને વૃક્ષ ઇત્યાદિકમાં જેવી રુચિ હતી તે પ્રમાણે નિવાસ કરીને રહ્યા હતા, જેમને માયિક મનુષ્યો દેખી શકતા નહિ. પણ શ્રીહરિ જેને દિવ્યદૃષ્ટિ આપતા હતા તેવા માયિક મનુષ્યો પણ તેમને જોઈ શકતા હતા.

સુખદાયક શ્રીહરિ મહેળાવ આવ્યા ત્યારે ભક્તજનો 'જય જય...' 'જય જય...' શબ્દ કરવા લાગ્યા. શ્રીહરિ મહેળાવ આવ્યા અને ત્યાંના તળાવમાં અશ્વને પાણી પાયું. તે વખતે ગામના જે હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને ભક્તજનો બધા પગમાં પડ્યા. ગામના બીજા પણ જે ભાવિક લોકો હતા તે પણ ત્યાં આવ્યા હતા. શ્રીહરિનાં દર્શન કરીને તે સહુ મનમાં ખૂબ રાજી થયા અને ભાવનાથી બોલ્યા, 'મહારાજ, અમે બધા આપને શરણે છીએ.' તે સહુએ મનના પ્રેમથી કહ્યું કે, 'આપ જમવાની વેળા થાય ત્યાં સુધી અહીં મુકામ કરો.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'હજી તો સવાર છે. અમે તો અહીંયાં ઘણી વખત આવીએ જઈએ છીએ. હવે અમે ફરીવાર ક્યારેક રોકાશું.' આમ કહીને શ્રીહરિ ચાલતા થયા. મહેળાવ ગામથી આગળ કાસ(પાણીના નિકાલની નહેર) સુધી પહોંચ્યા તેટલીવારમાં જે વડતાલ સંઘો આવ્યા હતા તે બાળકો, વૃદ્ધો, યુવાન અને બાઈ-ભાઈ બધા જ તત્કાળ શ્રીહરિની સન્મુખ આવ્યા અને પરમ દયાળુ શ્રીહરિનાં દર્શન કર્યાં. દંડવત્-પ્રણામ કરીને સહુએ શ્રીહરિનાં ચરણોમાં મસ્તક નમાવ્યા.

કોઈ પણ હરિભક્ત ફૂલનો હાર લીધા સિવાય આવતા નહિ. સહુ ફૂલહાર શ્રીહરિને પહેરાવતા. તે સહુનો ઘણો ભાવ દેખીને ધર્મકુમાર શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા. જે ભક્તોનો જેવો ભાવ હતો તેને તેના નેત્ર કહી દેતા હતા. શ્રીહરિ તો પોતે અંતર્યામી છે, છતાં ભક્તોના નેત્રની સામે જોતા હતા. નેત્રમાં જેને જેટલો ભાવ હતો તે દેખાઈ આવતો હતો. શ્રીહરિ માટે લાવેલા મેવા-મીઠાઈ, વસ્ત્ર અને અમૂલ્ય આભૂષણોમાં પણ તે ભક્તોનો અમાપ ભાવ દેખાઈ આવતો હતો.

શ્રીહરિ વડતાલથી જેટલા દૂર હતા ત્યાં સુધી બાઈ-ભાઈ સહુ હરિભક્તો લગાતાર ચાલ્યા આવતા હતા. બાઈઓમાં બાઈઓ ચાલતી હતી અને ભાઈઓમાં ભાઈઓ ચાલતા હતા. આવી સત્સંગની પ્રથા ભગવાન પુરુષોત્તમ શ્રીહરિએ બાંધી હતી.

## • ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા તે સમયની શોભાનું વર્ણન :

શ્રીહરિના સંતો અપાર હતા. તે બધા શ્રીહરિની આગળ ચાલતા હતા. આ બધા સંતો હંસના વૃંદ જેવા શોભતા હતા. સંતો બધા કમળના વનના જેવા શોભતા હતા અને મુખથી શ્રીહરિના ગુણના કીર્તનો બોલતા થકા આવતા હતા. કેટલાક સંતો તો વસંત, હોરી અને ધુમારનાં પદ બોલતા ચાલતા હતા. મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી ઇત્યાદિક સહુ શ્રીહરિની સેવામાં તત્પર રહ્યા હતા. શ્રીહરિ પણ હરિભક્તો રાજી થાય એટલા માટે તેમની મરજી પ્રમાણે રંગબેરંગી વસ્ત્રો અને આભૂષણોને સમય સમય પ્રમાણે ધારણ કરતા હતા. તે સમયે શ્રીહરિએ બધાં સુંદર સોનેરી વસ્ત્ર તથા સોનાનાં ઘરેણાં ધાર્યા હતા. તેનાથી મૂર્તિ ઉપર તેજ તેજ છવાઈ ગયું હતું. માનો તે વખતે બીજા સૂર્ય અને ચંદ્ર બંને સાથે ઉદય થઈ આવ્યા હોય, તેવો પ્રકાશ હતો, છતાં શ્રીહરિની મૂર્તિ તો ચંદ્રમા કરતાં કરોડગણી અપાર શીતળતા આપતી હતી, જેનો કોઈ પાર પમાતો ન હતો.

શ્રીહરિએ ધારેલાં વસ્ત્ર અને આભૂષણો બધા સૂર્યના સમાન ચમકતા શોભતા હતા. જેટલાં સુવર્ણના આભૂષણો અશ્વને યોગ્ય હતા તેટલા અશ્વને ધરાવ્યા હતા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા તે સમયે સુવર્ણનાં આભૂષણોને લીધે એકદમ સોનેરી દેખાતા હતા. અને નટવરના જેવી છટા છવાઈ ગઈ હતી. અશ્વના માથા ઉપર મોરના આકારની સોનાની કલગી હતી અને બંને પગમાં સોનાનાં ઝાંઝર પહેરાવ્યાં હતાં. બધાં ઘરેણાંમાં રહેલા ઘૂઘરાઓ 'ઘમ ઘમ' આવો અવાજ કરતા હતા. આ અશ્વની શોભા જોઈને ગરુડ અને

વિમાનની શોભા પણ ઢંકાઈ જતી હતી. શ્રીહરિના મસ્તક ઉપર જરિયાની છત્ર ધારણ કર્યું હતું અને તે છત્રના સોનેરી દંડના ઉપર કળશ મૂકેલો હતો.

ધર્મકુમાર શ્રીહરિએ મસ્તક ઉપર સુંદર જરિયાની પાઘ ધારણ કરી હતી. પાઘની વચ્ચે છોગા એવા ધાર્યા હતા કે તે પાઘની શોભા મુગટના સમાન થઈ હતી. પાઘ ઉપર બાંધેલા શીરપેચ ઉપર કલગી રાખી હતી, તે ઝગમગ ઝગમગ ચમકી રહી હતી. સુંદર ભાતિદાર જરિયાનો જામો અંગ ઉપર પહેર્યો હતો. વળી, સુખકારી શ્રીહરિએ સુવર્ણનાં રમણીય સારાં ભારે બાજુબંધ ભુજાઓ ઉપર બાંધ્યા હતા. વળી, મનોહર સોનાનાં કડાં, સાંકળા અને પહેરેલી પહોંચી પણ સોહામણી લાગતી હતી. બંને હાથની આંગળીઓમાં સોનાની વીંટીઓ પહેરી હતી અને છાતી ઉપર વિવિધ પ્રકારના સોનાનાં અપાર હાર પહેર્યા હતાં.

વળી, જરિયાની અનુપમ સોહામણા સુરવાળને મહારાજાધિરાજ શ્રીહરિએ પહેર્યો હતો. તેમજ જરિયાની વસ્ત્રથી કમર કસીને ભેટ બાંધી હતી અને મુખથી મંદ મંદ હસી રહ્યા હતા. શ્રીહરિએ જમણા હાથમાં અશ્વની લગામ પકડી હતી અને સુંદર સોનેરી છડી ડાબા હાથમાં ધારી હતી. મોતી જડેલી જરિયાની મોજડી બંને ચરણમાં ધારી હતી. સોનાનાં પેગડામાં બંને ચરણો રાખ્યા હતા. તે સમયે શ્રીનગરના હરિભક્તો સંઘ લઈને આવ્યા હતા. તે સંઘમાં કુબેરસિંહ ચોપદાર સોનાની છડી હાથમાં લઈને આવ્યા હતા.

સહુ હરિભક્ત શ્રીહરિનાં પગમાં પડ્યા અને 'જય જય...' 'જય જય...' શબ્દ બોલવા લાગ્યા. ઢોલ, તાંસા વગેરે વિવિધ પ્રકારનાં વાજિંત્રો તે વખતે લાવ્યા હતા. તેઓ જરિયાની નિશાન લાવ્યા હતા અને અપાર ગુલાલ લાવ્યા હતા. ભેરી, તુરાઈ અને રણશિંગી જેવા અપાર વાજિંત્રોને પણ લાવ્યા હતા. સહુ હરિભક્તો શ્રીહરિને પગે લાગીને જેટલા પ્રકારના વાજિંત્રો લાવ્યા હતા તે ઉત્સાહભેર વગાડવા લાગ્યા. તેના શબ્દોથી આકાશ ગાજી રહ્યું હતું. તે વખતે વડોદરાના હરિભક્તોનો સંઘ ત્યાં આવ્યો અને સહુ શ્રીહરિનાં ચરણમાં નમી પડ્યા. તેઓ કેટલાક પ્રકારના નિશાનો લાવ્યા હતા. જાતજાતની ઝાંઝરી (ઘૂઘરીવાળી લાકડીઓ) લાવ્યા હતા અને વિચિત્ર પ્રકારના ઝળહળતા ભાલા પણ હાથમાં લાવ્યા હતા.

વળી, વડોદરાના કેટલાક હરિભક્તો શ્રીહરિને રાજી કરવાને માટે વિલાયતી વાજિંત્રો જેને પડઘમ કહેવાય છે, તેને લાવ્યા હતા. વાજિંત્ર વગાડનારા યુવાન હરિભક્તો પોતાની સાથે જે વેષ લાવ્યા હતા તેને પહેર્યો હતો. તે બધાના આગેવાન વડોદરાના કુબેરભક્ત હતા અને તેઓ સહુને વાજિંત્ર શીખવાડનારા હતા. સુંદર વેષ પહેરાવીને વાજિંત્રોની પલટન તૈયાર કરી હતી, તે વાજિંત્ર વગાડવાની ગતિ પ્રમાણે તે વખતે સહુ વાજિંત્રને વગાડવા લાગ્યા. તે બધા હરિભક્તો અપાર ગુલાલ લાવ્યા હતા, તે પ્રેમભર્યા મનથી ઉડાડવા લાગ્યા. મોટા મોટા કાઠી દરબાર જે રાજાઓ કહેવાતા હતા અને જે સારા હરિભક્ત થયા હતા, તેઓ પોતપોતાની સવારી લઈને શ્રીહરિની સાથે તે વખતે રહ્યા હતા, એટલે તે વખતે હરિભક્તો જે ગુલાલ લાવ્યા હતા તેને દરબારોની સવારી ઉપર પણ ઉડાડતા હતા.

શ્રીહરિની આગળ બંદૂક બાંધીને જે પાર્ષદો ચાલતા હતા, તેના ઉપર પણ હરિભક્તો ગુલાલ ઉડાડતા હતા. વર્ણી અને સંતોના મંડળ ચાલતા હતા, તેના ઉપર પણ હરિભક્તો ગુલાલ ઉડાડતા હતા અને હરિભક્તો પણ પરસ્પર એકબીજા ઉપર ગુલાલ ઉડાડતા હતા. ભૂમિ અને આકાશ, એ બધા ગુલાલને લીધે લાલ લાલ દેખાતા હતા. રસ્તામાં જેટલા વૃક્ષો હતા, તે પણ ગુલાલથી લાલ થઈ ગયા હતા. ચરોતર પ્રદેશમાં જેટલાં પશુ, પંખી અને વૃક્ષ હતા તે શ્રીહરિને ત્યાં આવતા દેખીને ખૂબ જ પ્રફુલ્લિત થઈ ગયા. જેમ કોઈને ઘેર વિવાહનો પ્રસંગ હોય અને તે ઘરના મનુષ્યોમાં ઘણો આનંદ થતો હોય છે, તે રીતે જ આ સમયે ચરોતરવાસી બધા આનંદિત થઈ ગયા હતા. આ સમૈયો સહુથી અધિક અને શ્રેષ્ઠ થયો હતો. તે દિવસોમાં શ્રીહરિ સત્સંગમાં આવ્યા તેને અઢારમું વર્ષ ચાલતું હતું. પછીના તેર વર્ષ શ્રીહરિ સત્સંગમાં રહ્યા તેમાં કેટલીક આશ્ચર્યમાં આશ્ચર્ય વાતો પ્રગટ કરી હતી.

વડતાલ ગામમાં પાટીદારો હરિભક્તો હતા. વિપ્ર પણ હતા. એક વણિક હરિભક્ત હતા. ગોસાઈ નારાયણગિરિ અને તેના શિષ્યના શિષ્ય માનગિરિ પણ સારા હરિભક્ત થયા હતા. જોબન પગી, સુંદર પગી અને ત્રીજા ભાઈના પુત્ર ખોડા પગી, જુસજી, વખતા પગી, એ આદિક બધા હરિભક્તો અને સુતાર તથા લુવાર, એ બધા હરિભક્તો હતા. ઉપર કહેલા પાટીદારો અને બધા હરિભક્તો ભેળામળીને ભાઈ રામદાસજી સ્વામીની પાસે આવ્યા અને સહુ સાથે મળીને શ્રીહરિની સન્મુખ ચાલ્યા. એ વખતે ઢોલ, તાંસા, ડુગડુગી, ઘડિયાળ, ભૂંગળ, ભેરી, રણશિંગી અને શરણાઈ આદિ વાજિંત્રો, સારા જરિયાની નિશાનો, ઝાંઝ અને મૃદંગ, બધા વાજિંત્રોને વગડાવતા વગડાવતા શ્રીહરિની સન્મુખ ચાલ્યા.

શ્રીફળ, કુંકુમ અને ફૂલના હારના ભરેલા અનેક થાળ લીધા હતા. હરખ સાથે શ્રીહરિની સન્મુખ ચાલતા પા કોશ જેટલે ગયા. ત્યારે ત્યાં શ્રીહરિનાં દર્શન થયા અને સહુએ દંડવત્ પ્રણામ કર્યા. જ્યારે ભાઈસ્વામીએ દંડવત્ પ્રણામ કર્યા ત્યારે શ્રીહરિએ અશ્વ ઉપ

રથી ઊતરીને સામા દંડવત્ કર્યા. પછી તત્કાળ સ્વામીને ભેટ્યા. એ વખતે જેટલી બંદૂકો હતી, તે બધી ફૂટવા લાગી. ભાઈસ્વામીએ શ્રીહરિને ઘણા હેતથી લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો, ફૂલના હાર પહેરાવ્યા અને ચરણમાં શ્રીફળ મૂક્યાં. સ્વામીની જેમ જ બધા પાટીદારોએ પણ શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. પછી શ્રીહરિ ઓં ઉપર બેઠા અને તેમણે ભાઈ રામદાસજી સ્વામીને તરત જ સુખપ ાલમાં બેસાર્યા.

પછી સહુ વડતાલ ગામમાં આવ્યા. ગામની બધી બજારોને ખૂબ શણગારી હતી. કેટલાએ વાજિંત્રો વાગતાં હતાં. અને ગામની બધી સ્ત્રીઓ મોતીનાં થાળ ભરી ભરીને ઘણા ભક્તિભાવથી શ્રીહરિને વધાવવા લાગી. શ્રીહરિ ગામજનોના નિશ્છળભાવને જોઈને વડતાલમાં વારંવાર પધારતા હતા. શ્રીહરિ ગામમાં હરિભક્તોને દર્શન દઈને આંબલે આવ્યા. સંઘ પણ ગામની બહાર એક કોશ જેટલા ફરતા વિસ્તારમાં ઊતર્યા હતા. આસપાસના શહેરના જે બધા વહેપારીઓ હતા તે જીવન જરૂરી ચીજવસ્તુઓને વેચવા માટે દુકાનો કરીને ત્યાં રહ્યા હતા. જેટલામાં સંઘ ઊતર્યા હતા તેટલામાં દુકાનો કરી હતી. જેને જે જોઈએ તે વસ્તુ તૈયાર મળતી હતી.

### • સંઘની ચોકીની વ્યવસ્થા :


વડતાલ અને આસપાસના બધા હરિભક્ત પગી શ્રીહરિને પ્રસન્ન કરવા માટે સંઘની ચોકી કરવા લાગ્યા હતા. બધા પગીને શ્રીહરિને રાજી કરવાનું તાન હતું. મહી કાંઠાના બારૈયા સત્સંગી થયા હતા. તેમાં કેટલાક તો મોટા સરદાર કહેવાતા. ચોપદાર અને સુખપાલ રાખતા હતા. વડતાલ ગામથી દક્ષિણ તરફ જેટલા સંઘ ઊતર્યા હતા, તેમની ચોકી તે બારૈયા કરતા હતા અને ગામથી પૂર્વ તરફના સંઘોની ચોકી સાકરદાના બારૈયા કરતા હતા. તેથી હરિભક્તોની કોઈ પણ ચીજવસ્તુ જતી ન હતી. વાસણ, કપડાં વગેરે ઉતારા ઉપર ખુલ્લા પડ્યાં રહેતાં હતાં.

પાંચ દિવસ સુધી બધા સંઘ રહ્યા, તેમાં તેમની બધી ચીજવસ્તુઓ ઘરમાં મૂકી હોય તે રીતે સુરક્ષિત રહી હતી. ગામથી ઉત્તર દિશાના સંઘની ચોકી બામરોલીના પગી કરતા હતા. રાત-દિવસ ચોકી રાખતા હતા. કોઈની એક પણ વસ્તુ જાતી નહિ. વડતાલ ગામથી પશ્ચિમ દિશાના સંઘોની ચોકી વડતાલના પગી કરતા હતા. સહુ પ્રેમથી ચોકી કરતા હતા. મમત્વ સિવાય આવું ક્યારેય બને નહિ.

### • વડતાલમાં શ્રીહરિએ સંતો વગેરેને ઘી, કેળા, સાકર અને રોટલી પીરસીને જમાડ્યા :

જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ તરત ત્યાંથી ચાલીને ગામમાં જ્યાં ઉતારો હતો ત્યાં આવ્યા. સુરતના શેઠ ભીખારીદાસ નામે હરિભક્ત હતા. તેની તે દિવસે રસોઈ હતી. શ્રીહરિ ઘણા આનંદથી તે જમ્યા. કેળા અને રોટલીની સારામાં સારી રસોઈ કરી હતી અને ઘી અને સાકર પીરસવા માટે અપરંપાર લાવ્યા હતા. ભજિયાં, રતાળું અને સુરણનું સારું શાક તથા સુંદર દહીં ભેળવીને રાઈતું પણ બનાવ્યું હતું. લીંબુ અને કેરીનું સરસ અનુપમ અથાણું વગેરેને ભક્તોનો ભાવ દેખીને શ્રીહરિ તેના વખાણ કરીને જમ્યા. સંતોની જગ્યામાં સહુ સંતોને માટે રસોઈ તૈયાર થઈ, ત્યાં જેટલો ચોક હતો તેમાં રંગોળી પુરાવીને સંતોની પંક્તિ કરાવી. ત્યાં કેળના સ્તંભો રોપાવીને કેળનો બગીચો બનાવી દીધો. અને તેની વચ્ચે એક પાટ બિછાવી. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા.

રંગોળીના નક્કી કરેલા ખંડમાં સંતોની પંક્તિ બેઠી અને સહુ પહેલા કેસર, ચંદન લાવીને તત્કાળ શ્રીહરિનાં લલાટમાં અર્ચા કરી. શ્રીહરિનાં બધાં અંગોમાં ચંદન ચરચ્યું અને ફૂલના હાર, બાજુબંધ, પહોંચી વગેરે બાંધી દીધા અને હાથમાં ગુલાબના ગજરા



આપ્યા. તોરા સાથેની સુશોભિત ફૂલની ટોપી મસ્તક ઉપર પહેરાવી અને કાન ઉપર બે ગુચ્છ ધરાવ્યા. તેને દેખતા ભક્તજન તૃપ્ત થતા ન હતા. લલાટ અને ભુજાઓ ઉપર કુંકુમના ચાંદલા કર્યા. પીતાંબર ધોતી પહેરી હતી. ધૂપ અને દીપ કરીને આરતી ઉતારી. તે વખતે ચોઘડિયા અને નોબત વાગી રહી હતી.

ભક્તજનો મુખથી 'જય જય...' 'જય જય...' એમ બોલતા હતા. શ્રીહરિની મૂર્તિ શોભાનો ખજાનો બની હતી. તે વખતે હરિભક્તોએ ઘણા પ્રેમથી ભાઈ રામદાસજી સ્વામીની પૂજા કરી. તે પછી મુક્તાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી ઇત્યાદિક મુનિવરોની પણ પૂજા કરી. તે બધા મુનિવરો અલૌકિક હતા. તેમની બધાએ પૂજા કરી. તે જ રીતે અલૌકિક વર્ણીઓ અને પાર્ષદોની પણ પૂજા કરી. શ્રીહરિની સાથે જે હરિભક્ત દરબારો આવ્યા હતા, તેમની પણ રસોઈવાળા હરિભક્તોએ દિવ્યભાવથી પૂજા કરી. આ રીતે સહુની પૂજા કર્યા પછી અગરબત્તીનો ધૂપ બધા આગળ કરીને મનમાં ભક્તો રાજી થયા. બધા સંતોની આગળ પહેલા પત્રાવળા મૂક્યાં. પછી સહુને કેળાં આપ્યાં. તે કેળાં સુધાર્યા પછી ઘી પીરસ્યું.

પછી શ્રીહરિએ કમર ઉપર કસીને રૂમાલ બાંધ્યો અને પીરસવા આવ્યા. સહુ સંતો, પાર્ષદો અને દરબારોને પોશ પોશ ભરીને સાકર પીરસી. સંતો, પાર્ષદો અને દરબારોની પંક્તિ અલગ અલગ થઈ હતી. તેમાં પણ કેટલાક વિભાગ હતા, તે સહુની રીત પ્રમાણે બેસાર્યા હતા. સહુ પહેલા કોઈ જાતનો બાધ ન આવે તે રીતે શ્રીહરિએ વર્ણીઓને કેળા, ઘી અને સાકર પીરસ્યા. જે જે રસોઈ બનાવી હતી તે સંતોને જ્યારે પીરસી રહ્યા ત્યારે શ્રીહરિએ આજ્ઞા કરી તેથી સહુ સંતો પ્રેમથી જમવા લાગ્યા. શ્રીહરિ પછી ફરીને કેળા અને ઘી પરમ આનંદ પામીને પીરસવા લાગ્યા. સંતો જમી રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા જ રહ્યા.

સંતો, પાર્ષદો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે આવીને પોઢી ગયા. કારણ કે આગલી રાતે પીપળાવમાં ઉજાગરો કર્યો હતો. પાછલો પહોર દિવસ જ્યારે બાકી રહ્યો ત્યારે શ્રીહરિ પોઢીને ઊઠ્યા, તે વખતે આંબલે પલંગનો સુંદર હિંડોળો બાંધ્યો હતો. પછી શ્રીહરિ આવી તે હિંડોળા ઉપર બેઠા. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ઝાડ ઉપર મૂકેલી નોબત વાગી રહી હતી. તે બધા વાજિંત્રોના ધ્વનિથી આકાશ ગાજી રહ્યું હતું. તે વખતે સંતો, વર્ણી અને હરિભક્તો, બધાની સભા શ્રીહરિની આગળ થઈ, તેમજ હરિભક્ત બાઈઓની સભા પણ અલગ થઈ.

તે વખતે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, ધ્યાનાનંદ સ્વામી, બંને શિવાનંદ સ્વામી, નિર્માનાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી અને ત્યાગાનંદ સ્વામી વગેરે સંતો ઝાંઝ અને મૃદંગ આદિ વાજિંત્રો વગાડીને વસંત, હોરી અને ધુમારનાં મુક્તાનંદ સ્વામીના બનાવેલાં પદો અપાર પ્રેમથી ગાવા લાગ્યા. તેમાં શ્રીહરિ તાન તોડતા હતા. વળી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીએ બનાવેલા વસંત, હોરી અને ધુમારનાં પદો દીપચંદી આદિ રાગમાં ગાયાં. સહુ સંતો એક પછી એક વારાફરતી સરસ રીતે ગાન કરતા હતા. ગાનારા સંતો સમય ઉપર સાવધાન રહીને સમય અનુસારે ગાતા હતા.

### • સમૈયાની ત્રણ વિશિષ્ટ બાબત :

જેવો સમય હોય તે રીતે બધા સંતો કાર્ય કરતા હતા. જ્યારે જ્યારે ઉત્સવ થતો હતો ત્યારે તેની સાથે સાથે કીર્તન, પૂજન અને ઘણી વાતો થતી હતી. સમૈયામાં કીર્તન, પૂજન અને કથાવાર્તા, એ ત્રણ બાબત મુખ્યપણે વારંવાર ઘણી થતી હતી. અને એ ત્રણને લીધે ઉત્સવની ઘણી ઉત્તમતા દેખાતી હતી.

સમય જોઈને વાત કરવાની રીત આવડે તો મનુષ્યોના આ લોક અને પરલોક, બંને સુધરી જાય છે. સમયને અનુરૂપ જો વાત કરવામાં ન આવે તો બધા લોકો ઉત્સાહ રહિત થઈ જાય છે. ઉત્સાહ વધવો કે ઉત્સાહ ઘટવો, તે તો બધું વાતમાં રહ્યું છે. સંતો, વર્ણી અને હરિભક્તોમાં જે સમયને પારખે તે સત્સંગમાં મુખ્ય રહે છે. આવી વાત શ્રીહરિએ ઘણીવાર કરી હતી. સત્સંગના ઉત્સાહને દિનપ્રતિદિન વધારી દે તેવા સંત, વર્ણી કે બાઈ-ભાઈ હરિભક્ત હોય, તે સત્સંગમાં મોટા કહેવાતા.

બીજે દિવસે સવારમાં શ્રીહરિએ જેટલો નિત્યવિધિ હતો તે બધો કરીને પછી તૈયાર થઈ ગયા. વાસણ સુથારના ઘરના ચોક આગળ જેટલાં વાજિંત્ર હતાં, તે વાગી રહ્યાં હતાં. ચોક ઘણો વિશાળ હતો. બધા દરબારો પોતાના અશ્વ ત્યાં લાવ્યા. તેને સોનેરી સાજ તથા ભરત ભરેલા સાજથી શણગાર્યા. જેટલી સવારી હતી તેમાં ડંકા અને ઝળહળતા નિશાનો બધા તૈયાર થઈને આવી ગયા હતા. શ્રીહરિની માણકી નામે ઘોડી હતી. સ્વર્ગ, મૃત્યુલોક કે પાતાળ લોકમાં તેના જેવી કોઈ ઘોડી ન હતી. હંસ, વિમાન, ગરુડ, ઐરાવત હાથી અને સૂર્યનો સપ્તમુખી અશ્વ, તે સહુથી ઉત્તમ વાહનો છે. તેનાથી અધિક કોઈ વાહન નથી, પણ માણકી તો તે સહુ કરતાં સર્વોત્તમ હતી. તે માણકીને શણગારીને લાવ્યા. તેના ઉપર શ્રીહરિ બેઠા.

કૃપાળુ શ્રીહરિ હરિભક્તોને દર્શન દેવાં માટે ધીમે ધીમે ચાલતા હતા. જેટલાં વાજિંત્ર હતાં, તે વાગતાં હતાં. આ રીતે શ્રીહરિ પ

છી વડતાલ ગામની બહાર આવ્યા. ગામની બહાર જેટલા ભાગમાં ભક્તોના સંઘ ઊતર્યા હતા ત્યાં બધે સુખકારી શ્યામસુંદર શ્રીહરિ ફર્યા. અને પછી આંબલે આવ્યા અને ત્યાં આવીને હિંડોળા ઉપર બેઠા. શ્રીહરિએ કહ્યું, 'આ વખતે દેશે દેશના હરિભક્તો આવ્યા છે, તેથી આ સમૈયો ઘણો સારો સર્વોપરિ થયો છે.' વળી, ત્યાં શ્રીહરિએ ભાઈ રામદાસજી સ્વામીને કહ્યું, 'હવે જો કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે તો સહુને ખૂબ જ આનંદ થાય. હરિભક્તોની ભેળા અવિદ્યાવાળા ઝાઝા લોકો જ્યારે ભળી જાય છે ત્યારે જો તેમનું ચાલે તો તે કાંઈ તોફાન કર્યા વિના રહે નહિ.' ત્યારે શ્રીહરિની પાસે ભાઈ રામદાસજી સ્વામીએ પ્રેમથી કહ્યું, 'મહુધાના અજુભાઈ છે, તે અત્યારે મહુધા પરગણાના અમીન રહ્યા છે. તેમને પહેલા સત્સંગ ઉપર ભાવ હતો. અને હવે તો તેઓ હરિભક્ત થયા છે. અત્યારે તેઓ સરકાર તરફથી નિમાયા છે અને તેમનો અહીંયા હુકમ ચાલે છે. તેઓ અહીંયા પહેલા જ આપનાં દર્શન કરવા આવ્યા છે. આપ જેમ કહેશો તેમ તેઓ તરત કરશે.

શ્રીહરિની સાથે ભાઈસ્વામી વાતો કરતા હતા, તે સમયે જ અજુભાઈ ત્યાં આવી પહોંચ્યા અને તેઓ શ્રીહરિનાં ચરણમાં આવીને નમી પડ્યા. શ્રીહરિએ તે સમયે જે હાર પહેર્યા હતા, તે અજુભાઈને પહેરાવ્યા. શ્રીહરિ ખૂબ જ રાજી થયા. અને અજુભાઈને કહ્યું, 'હરિભક્ત સિવાયના બીજા જે લોકો અહીં આવે છે, તેઓ બધા બેકેદ(ઉદ્ધતાઈ)થી વર્તે છે. તેને કોઈ ધર્મ કે નિયમનો ડર હોતો નથી અને ગાંડાની જેમ ચારેબાજુ ફરતા રહે છે. અને હુતાશનીને દિવસ તો હરિભક્ત સિવાયના જેટલા લોકો છે તે વગર ગાંડાઈએ ગાંડાઈ કરે છે. અત્યારે તેવા દિવસો ચાલી રહ્યા છે. આવા સમયમાં જે ઉત્સવ કરવો તે તોફાનમાં ભળી જાય છે. વિવાહ, ભાંડ-ભવાઈ વગેરેમાં ચાહે તેવો વિવેકી માણસ હોય, તોપણ તેની શુભ બુદ્ધિ નાશ પામે છે; અત્યારે એવો સમય છે. દારૂ ન પીધો હોય તોપણ દારૂ પીધેલાના જેવી બધા બાઈ-ભાઈઓની બુદ્ધિ હોય છે.

અમે ચોક્કસ જોયું છે કે, જ્યાં બાઈ-ભાઈ બધા અત્યંત એકાકાર થઈ જાય છે ત્યાં ક્યારેય શુભ બુદ્ધિ રહેતી નથી. તેવા બધા બાઈ-ભાઈઓ તીર્થમાં તો વધારે પડતા એકાકાર થઈને વર્તે છે. તેઓ પરસ્પર ચાહે તેવું કરે, તોપણ કોઈ એકબીજાના દોષોને જોતા નથી. સહુની બુદ્ધિમાં એકતાનો ભાવ રહે, તેમાં જ તેઓ અનેક જાતનું પુણ્ય માને છે. અને હરિભક્તોને દેખીને તો તેઓ ઠઠ્ઠા-મશ્કરી કરે છે. તેઓ ધર્મ-અધર્મને તપાસીને જોતા જ નથી. તે કુબુદ્ધિવાળા લોકો વિષયોને ભોગવવા, તેને જ તીર્થનું ફળ માને છે અને તે બધા દુર્મતિ વિષયમાં જ લાભ માને છે.

દુર્બુદ્ધિવાળા ગુરુઓ અને દુર્બુદ્ધિવાળા શિષ્યો, બધા ભેળામળીને ધર્મનું ઉલ્લંઘન કરે છે, તેથી ધર્મ તેને ક્યારેય મદદ કરતો નથી. અને તે બધા અત્યંત દુઃખને ભોગવે છે. પછી તે પાપી અધર્મી લોકોને તેના કરેલા પાપનું ફળ જન્મમરણ, જમપુરી અને લખચોરાશી મળે છે. ત્યારે અમીન અજુભાઈએ બે હાથ જોડીને શ્રીહરિ આગળ કહ્યું, 'મહારાજ, તેવા ઉદ્ધત લોકોને માટે તો અંગ્રેજ જેવી સરકાર અત્યારે આવી છે. હવે પછી થોડા દિવસોમાં જ તે બધા ઉદ્ધત લોકોને સરકાર કબજે કરશે. કારણ કે તેવા ઉદ્ધત લોકોને કબજે કરવાનું તેને તાન રહે છે.

ફરી અમીન અજુભાઈએ શ્રીહરિને કહ્યું, 'આપ જે રીતે ઉદ્ધતોને સુધારવા ચાહો છો તે રીતે જ કંપની સરકારને પણ તેનું તાન છે. જેટલી ઉદ્ધતાઈભરી બાબત છે તે સરકારને ગમતી નથી. અત્યારે તો જેટલા ઉદ્ધત લોકો હતા એ જ તેમની સેવામાં છે. જેટલા લોકો કુમાર્ગે ચાલતા હોય, તેને આપ જો બતાવો તો હું તે બધાને અંગ્રેજ સરકારના હુકમથી કેદ કરી લઈશ. ચાહે તેવો તોફાની હોય, તોપણ આપ તેનાથી ગભરાશો નહિ. જો તે લેશમાત્ર પણ તોફાન કરશે તો અમે તેને તરત જ ગુનેગાર ઠરાવશું. તેવા તોફાનીઓના ઉપર તો સરકારને રાત-દિવસ રોષ રહ્યા કરે છે અને શાહુકારના ઉપર તો સરકારને ઘણો જ ભાવ રહે છે. આપના આ સત્સંગના જે સંતો, વર્ણી અને હરિભક્તો છે, તેમના ધર્મ-નિયમની વાતને સાંભળીને તેમને મનમાં ઘણો આનંદ થાય છે. માણસમાં જેમ જેમ વધારે સજ્જનતા દેખાય છે તેમ તેમ તેઓ મનમાં ખુશી થાય છે અને સજ્જન ઉપર ક્યારેય રોષ કરતા નથી.'

ત્યારે શ્રીહરિએ મનમાં ઘણું રાજી થઈને અમીન અજુભાઈને કહ્યું, 'હવે અમને કુબુદ્ધિવાળા તોફાની લોકોનો લગારેય ડર રહ્યો નથી. અત્યારે પરમેશ્વરની ઇચ્છાથી સુબુદ્ધિવાળા અને કુબુદ્ધિવાળાઓની તપાસ કરવા માટે સારું રાજ્ય થયું છે. અને તેનાથી સામાન્ય પ્રજા સુખી થઈ છે. જ્યારે નીતિપ્રધાન રાજ્ય થાય છે ત્યારે પ્રજાને વધારે સુખ થાય છે અને જેવી રીતે રાજા પ્રજાને સુખી કરે છે તેવી રીતે તેનું નીતિવાળું રાજ્ય આગળ વધતું રહે છે. જેટલા નીતિહીન રાજાઓ પ્રજાને દુઃખી કરતા રહ્યા છે, તેઓ અત્યારે અપાર નિઃસ્તેજ થઈ ગયા છે અને તેમને અપરંપાર દુઃખ થયું છે. પરમેશ્વર ધારે તો શું ન થાય ? કારણ કે બધી બાજી તો પરમેશ્વરના હાથમાં છે.'

શ્રીહરિ આટલી વાત કરી રહ્યા ત્યારે સંતો શ્રીહરિની પૂજા કરવા માટે ઊઠ્યા. કેટલાક સંતોએ રતાંજળી(રાતી સુખડ) અને

ચણોઠીના કેટલાક હાર બનાવ્યા હતા. તે લાવીને શ્રીહરિને પહેરાવ્યા અને ચણોઠીના બાજુબંધ, પહોંચી, કડાં, કુંડળ, તોરા, ટોપી, ખૂંપ, પંખા અને છડી વગેરે પણ સંતોએ બનાવ્યા હતા. તે બધા શ્રીહરિને અર્પણ કરીને પહેરાવ્યા. શ્રીહરિની મૂર્તિ ચણોઠીમાં અપ રંપાર ગરકાવ થઈ ગઈ હતી. તે વખતે ચાર ઘડી સુધી તે ચણોઠીના ઘરેણાંઓની શોભાને શ્રીહરિએ ધારી રાખી. ધર્મકુમાર શ્રીહરિએ સુરતના મુનિબાવાને પોતાની પાસે બોલાવીને તે બધા ચણોઠીના હાર તેમને પહેરાવ્યા. તે સમયે દરબારોની જે રાજપુત્રીઓ દર્શન કરવા આવી હતી, તેમને પણ એક એક ચણોઠીનો હાર આપ્યો. તે દિવસ સુરતના જે બધા હરિભક્તો હતા, તેમણે સહુએ ભેળામળીને ઘણા પ્રેમભાવથી રસોઈ કરાવી હતી. તેઓ બધા બરફી તો લાવ્યા હતા અને અહીંયાં વડાં, ભજિયાં અને વાલ કરાવ્યા. સૂરણ અને રતાળુને તળાવ્યા, રાઈતું કર્યું, વડીનું શાક કર્યું, સારી જાતનો ભાત કર્યો, દૂધ અને સાકર તૈયાર રખાવ્યા, પાપડ તળ્યા અને કેટલાક કારેલાં તળાવીને શાક કર્યું.

જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે સુરતના હરિભક્તોએ શ્રીહરિ, સંતો અને વર્ણીઓને પ્રસન્નમુખથી કહ્યું કે, 'રસોઈ તૈયાર થઈ છે. અમે આપ સહુને બોલાવવા આવ્યા છીએ.' ત્યારે શ્રીહરિ સહુ સંતોને સાથે લઈને તત્કાળ ચાલતા થયા. વર્ણી તથા પાર્ષદો બધા સાથે હતા અને ઉત્સાહભર્યા દરબારો પણ સાથે હતા. સારો મંડપ કરાવીને તેમાં રંગોળી પૂરી હતી અને તેને મધ્યે મૂકેલી પાટ ઉપર ધર્મકુમાર શ્રીહરિ આવીને બેઠા. તે વખતે શ્રીહરિએ સ્નાન કરીને એક પીતાંબર પહેર્યું. શરીર કોરું કરીને બીજું પીતાંબર ઓઢ્યું. પછી ચરણમાં ચાખડીઓ પહેરી. જે ઠેકાણે સોનેરી બાજોઠ મૂક્યો હતો ત્યાં આવીને ભક્તોના ચિત્તને આકર્ષિત કરનારા શ્રીહરિ બેઠા. પછી ત્યાં બરફી આદિક પકવાનોના થાળ ભરીને પીતાંબર પહેરેલા વિપ્રો શ્રીહરિની આગળ લાવ્યા. અને બીજી પણ જે જે રસોઈ બનાવી હતી, તે બધી શ્રીહરિ પાસે લાવ્યા. પછી તેને શ્રીહરિ પ્રસન્નતાથી જમ્યા.

સંતો અને હરિભક્તો, તે સહુને દર્શન થાય તે રીતે શ્રીહરિ થાળ જમ્યા હતા. શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે હરિભક્તો પૂજા કરવા માટે આવ્યા. અત્તરે યુક્ત કેસર ચંદનની અર્ચા બધા અંગો ઉપર કરી. ફૂલના હાર, બાજુબંધ અને ટોપી સુશોભિત રીતે શ્રીહરિને પહેરાવ્યા. તત્કાળ ધૂપ અને દીપ કરીને મોટી આરતી પ્રગટાવીને ઉતારી. પછી હરિભક્તોએ ઘણા ભક્તિભાવથી શ્રીહરિનાં ચરણોને છાતીમાં લીધાં. પછી શ્રીહરિએ વર્ણીને જમવાને માટે પ્રેમથી બરફી આપી અને તેમણે જેટલા કહ્યા તેટલા દૂધપેંડા પણ આપ્યા. પછી સંતોની પંગત કરાવી અને તેમાં શ્રીહરિ પીરસવા આવ્યા. જે જે પકવાન કર્યા હતા, તે બધા શ્રીહરિએ પીરસ્યા. પાર્ષદો અને દરબારોની પંગતમાં પણ શ્રીહરિએ પકવાન પીરસ્યા. જ્યારે બધું પીરસાઈ રહ્યું ત્યારે સહુ જમવા લાગ્યા. જ્યાં સુધી સંતો વગેરે જમતા રહ્યા ત્યાં સુધી ઘણું હેત લાવીને શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા.

જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે જવા ચાલ્યા. તે સમયે મસ્તક ઉપર છત્ર રાખેલું હતું. ઉતારે આવ્યા અને પલંગ ઉપર પોઢી ગયા. એક કલાક પોઢ્યા પછી થોડીવાર પલંગ ઉપર બેઠા. ત્યારે કેટલાક હરિભક્તો કાંઈક વાત પૂછવા માટે આવ્યા. પછી જેને જેવી વાત કહેવી ઘટે તે રીતે બધી વાત કહી. જે ભક્તને જે રીતે શાંતિ થાય તેની સાથે તે રીતે વાતો કરી. તે અવકાશના સમયમાં કેટલાક ભક્તોના મનમાં પૂજા કરવાનો ભાવ થયો. ત્યારે તેનો પૂજા કરવાનો મનોરથ પૂરો કર્યો. કોઈ મનોરથ અધૂરો ન રાખ્યો. જ્યારે દિવસ ચાર ઘડી બાકી રહ્યો ત્યારે આંબલે આવીને શ્રીહરિ પલંગ ઉપર બેઠા. તે સમયે બધા સંતોની સભા થઈ. વર્ણી, સંન્યાસી અને બધા હરિભક્તો પણ આવીને બેઠા. સભા ઘણી મોટી થઈ ગઈ. હરિભક્ત બાઈઓની સભા પણ પાર વગરની થઈ.

જ્યારે શ્રીહરિ સભા કરીને બેઠા હતા ત્યારે અપાર વાજિંત્રો વાગતાં હતાં. ભક્તજનો ખૂબ જ જયજયકાર કરતા હતા. તે સમયે અમદાવાદના બધા હરિભક્તો પ્રેમથી ત્યાં આવ્યા. તેઓ શહેરમાં સહુથી સારા તાંસા અને ઢોલને વગાડનારા હતા, એવા મુસલમાન જાતિના આઠ જણને ત્યાં લઈ આવ્યા. તેમાં બે ઢોલ હતા અને બીજા બધા તાંસા હતા. તેમાં એક જણ ઢોલ વગાડવામાં ભારે હોશિયાર હતો. અને જે તાંસા વગાડનારા હતા તેમાં એક છોકરો હતો. તે જેટલીવાર વગાડતા રહ્યા તે આઠમાં બે જણ શ્રીહરિની નજરમાં આવી ગયા. શ્રીહરિ તેના ઉપર મનથી ઘણું રાજી થયા અને વારે વારે બોલતા હતા કે આવા કોઈ વગાડનારા નથી જોયા. વગાડવામાં જેટલી કળા છે એટલી જ વગાડવાની તાકાત પણ રહેલી છે, અને તેમાં કોઈ જાતની કસર રાખતા નથી અને ઘણા ભાવવાળા છે.

જે લોકો અમને રાજી કરવામાં દિલ ચોરતા નથી અને મન, કર્મ, વચનથી દિલ દઈને કામ કરે છે, તેના ઉપર અમારો રાજીપો થાય છે. ચાહે તે જાતિ-કુજાતિના હોય, પણ જે મનમાં કોઈ જાતની ચોરી રાખતા નથી, તેમને અમે ઉત્તમ માનીએ છીએ. અને જે ચોરી રાખે છે તેમને અમે કનિષ્ઠ માનીએ છીએ. સત્સંગ કરવામાં પણ જે લોકો ચિત્તમાં ચોરી રાખે છે તેના ઉપર હેત કરવામાં અમને પણ કસર રહે છે. જે અમારી સાથે કોઈ જાતની કસર નથી રાખતા તો તેના ઉપર રાજી થવામાં અમારું મન રોક્યું રોકાતું નથી. જેને જેટલો સત્સંગ વહાલો હોય અને જેના વર્તનમાં હંમેશાં લેશમાત્ર પણ પ્રપંચ ન હોય તેને અમે નિર્દંભી માનીએ છીએ.

સંતો કે હરિભક્તોને કોઈ જાતની ભ્રાંતિ ન થાય એવાં વર્તનમાં જેનું ચિત્ત પરોવાયેલું હોય, પ્રારબ્ધના દૈહિક સુખ-દુઃખ સિવાયના બધાં સુખ-દુઃખ આચરણ પ્રમાણે થાય છે.

બધા સંતોનું શાસ્ત્રાધ્યયન કેવળ શ્રીહરિને પ્રસન્ન કરવા માટેનું હતું ધર્મકુમાર શ્રીહરિ જ્યારે મોહની વાત કરી રહ્યા ત્યારે જે સરસ રીતે ઢોલને વગાડતો હતો, તેના ઉપર મનમાં રાજી થઈને પોતે પહેરેલો એક સારો સોનાનો દોરો તેને તત્કાળ આપી દીધો. જે છોકરો સરસ રીતે તાંસાને વગાડતો હતો તેને શ્રીહરિએ તત્કાળ જ સોનાનાં બાજુબંધ આપ્યાં. તે પછી સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને વસંત, હોરી અને ધુમારનાં પદ ગાવા લાગ્યા. આરતી વખત થયો ત્યાં સુધી સંતો ઉત્સવ કરતા રહ્યા. અને જ્યારે મશાલો પ્રગટી ત્યારે શ્રીહરિ ચોતરા ઉપર જઈને બેઠા. ચોતરાને ચારેબાજુ રંગેલો લાકડાંનો કઠોડો હતો અને તેની વચ્ચે સારો પલંગ બિછાવેલો હતો. તે ચોતરા ઉપર શ્રીહરિ ઊભા રહ્યા અને પોતે પહેલા 'નારાયણધૂન' બોલવા લાગ્યા. પછી સંતો અને હરિભક્તો બોલતા રહ્યા.

શ્રીહરિનો સ્વર ઘણો ગંભીર, મીઠો અને અમૃતરસથી ભરેલો હતો. જે નરનારી હરિભક્તો શ્રીહરિના એ સ્વરને સાંભળતા હતા, તેને તે સાંભળવાથી તૃપ્તિ થતી ન હતી; એવા તે શબ્દો હતા. શ્રીહરિની મૂર્તિનો એવો પ્રતાપ હતો કે, તે શ્રોત્રમાં, નેત્રમાં, અંતઃકરણમાં અને જીવમાં ઊતરી જાતી હતી. શ્રીહરિની જેટલી બાબત કહેવાય છે તે કોઈ પ્રતાપ વગરની હતી નહિ. શ્રીહરિ જ્યારે ધૂન બોલાવી રહ્યા ત્યારે પલંગ ઉપર બેઠા. તે વખતે ભણનારા જે સંતો હતા, તેઓ શ્રીહરિના મહિમાના અષ્ટકો જે કંઠે હતા તે બધા અત્યંત પ્રેમથી બોલ્યા અને તે પહેલા વેદસ્તુતિ બોલ્યા હતા.

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી, પરમહંસાનંદ સ્વામી, ચિન્મયાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, સત્યાનંદ સ્વામી, બે શિવાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, નિર્માનાનંદ સ્વામી, પ્રજ્ઞાનંદ સ્વામી, કપિલેશ્વરાનંદ સ્વામી, લક્ષ્મણાનંદ સ્વામી, અચિંત્યાનંદ સ્વામી, દહરાનંદ સ્વામી, પ્રસાદાનંદ સ્વામી, નારાયણાનંદ સ્વામી વગેરે ભણનારાનો વિદ્વતવૃંદ હતો, તથા શૂન્યાતીતાનંદ સ્વામી અને ત્રિગુણાનંદ સ્વામી, એ આદિક બધા સંતો વ્યાકરણ શાસ્ત્રના સારસ્વત, મધ્યકૌમુદી, સિદ્ધાંતકૌમુદી, પ્રૌઢમનોરમા, લઘુશબ્દેંદુશેખર અને શબ્દરત્ન ઇત્યાદિક ગ્રંથોને ભણેલા હતા તથા કાવ્યચંદ્રિકા, અમરકોષ વગેરેનો જ્યારે પાઠ કરતા હોય ત્યારે તેનો ગંભીર ઘોષ મચાવતા હતા.

તર્કસંગ્રહ, ભગવદ્ગીતા, સ્કંદપુરાણની અંદરનું વાસુદેવમાહાત્મ્ય, નારદપંચરાત્ર, કેટલાયે ધર્મશાસ્ત્ર, મહાભારતની અંદરના મોક્ષધર્મ અને વિદૂરનીતિ, વ્યાસસૂત્ર અને કેટલીયે સ્મૃતિઓ તથા વાલ્મિકી રામાયણ જેવા જેટલા શુભ ગ્રંથો કહેવાય છે તે બધાને ભણતા હતા. તેમાં એક શ્રીહરિને રાજી કરવાનું તાન રહેતું હતું.

સંતો બધી વિદ્યાઓમાં સર્વોત્તમ વિદ્યા તો તેને માનતા હતા કે ભગવાન, સંત અને હરિભક્તોની ક્યારેય અરુચિ ન થાય. વળી, ભગવાન, સંતો અને હરિભક્તોમાં કાયમ આત્મબુદ્ધિ રહે તથા ક્યારેય મન, કર્મ, વચનથી ભૂલમાં પણ તેમનો દ્રોહ થાય નહિ. વિદ્યાઓ અપાર છે અને સાધન પણ અપાર છે, પણ એ સર્વનું સારરૂપ ફળ તો એ છે કે, સત્સંગમાં દૃઢ રુચિ રહે.. અપાર વિદ્યાઓને ભણે અને અપાર સાધન કરે, પણ જો પ્રગટ ભગવાનની ઓળખ ન થાય તો તે નકામું છે. જો પ્રગટ ભગવાનનો યોગ થયો હોય તો તેને માટે કોઈ વસ્તુ અપ્રાપ્ય રહેતી નથી. ઉપર કહ્યા પ્રમાણેની સમજણ પાકી થઈ હોય તો વિષમ દેશકાળમાં પણ તેની બુદ્ધિ ક્યારેય ફરે નહિ અને તે સમગ્ર જગતને જીતી ગયો કહેવાય. કોઈક અયોગ્ય પ્રસંગને લીધે દેશકાળાદિક વિષમ થઈ જાય અને તેમાં પણ બુદ્ધિ એકસરખી રહે તો તેની ભણેલી બધી વિદ્યાઓ અને કરેલા બધા સાધનો સફળ થયા જાણવા.

સંતોની આવી સમજણ જોઈને શ્રીહરિ અત્યંત રાજી થયા. પછી અધરાત થઈ ત્યાં સુધી સંતો અને હરિભક્તોને ખુશી થઈને દર્શન દીધાં. અને ત્યારબાદ નિર્મોહી શ્રીહરિ ગામમાં આવ્યા. અને ઉતારે આવીને પલંગ ઉપર પોઢી ગયા. ત્યારે વર્ણી સેવા કરતા હતા. આ રીતે પાંચ દિવસ પર્યંત શ્રીહરિએ સંતો અને હરિભક્તોને ઘણા પ્રેમભાવથી દર્શન આપ્યાં. અને નિત્ય નિત્ય નવીન લીલાઓ કરતા હતા.

### ● ભગવાન શ્રીહરિ તથા સંતોની પૂજા કરી જમાડ્યા :

જ્યારે હુતાશનીનો દિવસ આવ્યો ત્યારે હરિભક્તોના મનમાં ઘણો જ ઉમંગ વધ્યો. તે ઉમંગનું કાંઈ વર્ણન કરી શકાતું નથી. શ્રીહરિ આંબલે આવ્યા અને ત્યાં આસન ઉપર બેઠા. સૂર્યોદય થયો ત્યારથી આરંભીને તે સ્થળે સંતો અને હરિભક્તોની સુખરૂપ સભા થઈ. તે સભા દેખનારા ભક્તજનોને અનુપમ લાગતી હતી, પરંતુ જે આસુરી અને મલિન સ્વભાવના લોકો હતા તેઓને એ સભાને દેખતા હૃદયમાં અત્યંત સંતાપ થતો હતો. અસુરો પ્રગટ ભગવાનનું ક્યારેય ભજન કરતા નથી. તેઓનું તાન તો કાંઈક જૂદુ

જ હોય છે. આસુરી લોકો પ્રગટ ભગવાનમાં અપાર દોષો દેખાડે છે. પરંતુ પ્રગટ ભગવાન તો શરણાગત ભક્તજનોને અંતસમયે તેડવા માટે ઠેકઠેકાણે આવે છે. અથવા સંતો, બ્રહ્મચારી, હરિભક્તો તેમજ ભગવાનના પાર્ષદો જરૂર તે ભક્તને લેવા માટે આવે છે; એમાં કાંઈ જ ખોટું નથી. અને ભક્તોના અંતસમયે ઠેકઠેકાણે અનેક પ્રકારના શ્રીહરિ દિવ્ય વિવિધ પ્રકારના અશ્વ, રથ કે વિમાન લઈને આવતા હોય છે. સત્યસ્વરૂપ ભગવાનનો અમાપ પ્રતાપ ઠેકાણે ઠેકાણે જણાતો હોય છે, પણ અસુર લોકોને તે દેખાતો નથી. પછી હુતાશનીને દિવસ જે જે હરિભક્તો આવ્યા હતા, તે બધા પૂજાનો વિવિધ પ્રકારનો સામાન લઈને શ્રીહરિની પાસે આવ્યા અને તે સહુએ શ્રીહરિની તથા સંતોની પૂજા કરી.

હુતાશનીનો દિવસ હતો ત્યારે મધ્યાહ્ન થયો ત્યાં સુધી હરિભક્તો શ્રીહરિની પ્રેમભાવથી પૂજા કરતા રહ્યા હતા. સુરત શહેરના જે હરિભક્તો હતા, તેમણે શ્રીહરિ અને સંતોને માટે બરફી આદિક પકવાનોની સુંદર રસોઈ કરાવી. જે જગ્યામાં સંતો રહેતા હતા ત્યાં બધી રસોઈ કરાવી હતી. વડતાલ, સંજાયા અને જોળ ગામના હરિભક્ત વિપ્ર વનમાળીભાઈ, હીરાલાલ, ડાહ્યાભાઈ અને વ્રજલાલ આદિક હતા. અને ઉમરેઠના જે ખેડાવાળ વિપ્ર વેદ ભણેલા, જે શુક્લ કહેવાતા હતા. તે બધા પાકા હરિભક્ત હતા. તે બધા જ્યારે શ્રીહરિ વડતાલમાં ઘણા સમૈયાઓ કરતા હતા, તે વખતે સંતોને માટે રસોઈ બનાવતા હતા. સુરતના હરિભક્તો અપાર પ્રેમી હતા. તેમણે ત્યાં વિવિધ પ્રકારની રંગોળી પૂરી. અને કેળોના સ્તંભ રોપીને બાગ બનાવ્યો અને તેની વચ્ચે શ્રીહરિની સુંદર બેઠક બનાવી.

ભક્તોના જીવનપ્રાણ એવા શ્રીહરિ સ્નાન કરી પછી પીતાંબર વસ્ત્ર પહેરી અને ચરણમાં સુંદર પાદુકાઓ ધારણ કરી હરિભક્તોના ઉપર ભાવથી જમવા માટે ત્યાં પધાર્યા. અને બોલાવીને હરિને તે બગીચા મધ્યે બેસાડ્યા. જગદાધાર શ્રીહરિ પાટ ઉપર બેઠા હતા ત્યારે મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી પકવાનના થાળ ભરીને ત્યાં લાવ્યા. તે વખતે હરખભર્યા શ્રીહરિ તે થાળ જમવા લાગ્યા. શ્રીહરિ જ્યારે થાળ જમતા હતા ત્યારે સંતો અને હરિભક્તો બધાં દર્શન કરતા હતા અને તેમને ઘણો જ આનંદ થતો હતો. શ્રીહરિ થાળ જમી રહ્યા ત્યારે તે પ્રસાદી સંતોને આપી. પછી સંતોને જમાડવા માટે પંગત કરાવી. તે સમયે સહુ મુખથી 'સ્વામિનારાયણ' નામની ધૂન કરતા હતા. અને સહુ ભક્તોને તે ધૂન ઘણી પ્રિય લાગતી હતી. પછી શ્રીહરિ જેટલા પકવાન બનાવ્યા હતા, તે બધા પંગતમાં પીરસવા લાગ્યા.

પકવાન પીરસાઈ રહ્યા ત્યારે સહુને જમવાની આજ્ઞા આપી. જ્યાં સુધી સંતો જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા રહ્યા હતા. શ્રીહરિના પાર્ષદો અને સાથે આવેલા દરબારોને પણ પંગત કરાવીને જમાડ્યા. જ્યારે સહુ જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા અને રૂમાલથી હાથ લૂછ્યા. પછી ઉતારે આવીને પ્રસન્ન મને પલંગ ઉપર થોડો વિરામ કર્યો. ચાર ઘડી સુધી વિરામ કરીને ભક્તોને દર્શન દેવા માટે શ્રીહરિ ઉતારેથી ચાલતા થયા.

### ● ભગવાન શ્રીહરિ માટે સુંદર હિંડોળો બનાવ્યો :

હુતાશનીને દિવસ સવારમાં સૂર્યોદય થયો ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ સારો રંગીન હિંડોળો બે આંબાઓની વચ્ચે બાંધ્યો અને વિવિધ પ્રકારે તેમાં અપાર શોભા કરી કે જે મુખથી કહી શકાતી નથી. વડતાલના મેવાડા સુતાર ભાણાભાઈ નામે હતા. તેના પિતાએ તે હિંડોળો રંગ્યો હતો. કાનમ પ્રદેશના કરજણ ગામના કાશીદાસ નામે સુતાર હરિભક્ત હતા, તેણે તે હિંડોળો બનાવીને તૈયાર કર્યો હતો. તેના વચલા ઘુંમટની ઉપર કળશ મૂક્યો હતો. ચારેબાજુ થાંભલાઓની વચ્ચે વિવિધ પ્રકારની કમાનો કરી હતી. વિવિધ ભાતના પડદાઓ અને છજાઓ કર્યા હતા, તેની શોભા વર્ણવી શકાતી નથી. નિષ્કુળાનંદ સ્વામી જેમ કહેતા હતા તે રીતે સુતારે હિંડોળો બનાવ્યો હતો. સોનેરી લીંબુ બનાવીને હિંડોળામાં લટકાવ્યા હતા અને મોતીના તોરણ બાંધ્યાં હતાં. વિચિત્ર પ્રકારના ફૂલહારથી પણ હિંડોળો શોભાડ્યો હતો.

તે દિવસે હુતાશનીનો ઉત્સવ જોવાને માટે ચરોતર દેશના અપાર બાઈ-ભાઈઓ જેમ ભાથામાં દબાવીને તીર ભર્યા હોય તેમ ભીડ કરતા આવ્યા. ગામમાં અને બહારના ભાગમાં મનુષ્યોનો કોઈ પાર રહ્યો ન હતો. પ્રલયકાળમાં સમુદ્ર મર્યાદા છોડીને જેમ બહાર ઊભરાઈ આવે તેમ બધા મનુષ્યો આવ્યા હતા. મનુષ્યોની એટલી બધી ભીડ થઈ કે તેનો કોઈ ગણતા પાર લઈ શક્યા નહીં. ચારે વર્ણના લોકો આવ્યા હતા, પણ તેમાં સહુથી વધારે કોળીઓનો સમાજ આવ્યો હતો. તે બધા ધનુષ્યબાણ લઈને આવ્યા હતા. તેમને મનમાં કોઈનો ભય હતો નહિ. ચારે વર્ણના જે હરિભક્તો હતા, તેની બુદ્ધિ ધર્મમાં દૃઢ થયેલી હતી.

શ્રીહરિની સાથે જેટલા ઘોડેસવાર દરબારો હતા તે બધાને શ્રીહરિએ બોલાવ્યા, એટલે તે સહુ આવ્યા. શ્રીહરિની સાથે આવેલા બધા દરબારોએ બખ્તર અને પેટી(પેડુરક્ષક જાકિટ) પહેરી લીધા અને હાથમાં શસ્ત્રો લીધા. તેનાથી તે બધા વધારે શૂરવીર દેખાતા હતા. વળી, શ્રીહરિની સાથે જે બધા પાર્ષદો હતા, તે પણ બંદૂક બાંધીને આવ્યા. તેઓ બધા શૂરવીર જણાતા હતા. અને તેનાથી દુષ્ટ

લોકો ઘણું ડરી ગયા. તે વખતે ઢોલ, તાંસા, રણશિંગી, તુરાઈ, શરણાઈ, ભેરી અને ભૂંગળ વગેરે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. અને પડઘમ પણ તે વખતે વાગતાં હતાં. ડંકો, નોબત અને ત્રંબાળુ પણ વાગતાં હતાં. ઝાંઝરીવાળા ભાલા, જરિયાની વસ્ત્રનાં નિશાનો, આ બધાની એટલી બધી શોભા થઈ, જે વર્ણવી શકાતી નથી. શ્રીહરિ આગળ ગામની રાજબજારમાં ચાલ્યા ત્યારે ચોપ દાર છડી પોકારતા હતા. શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધારેલું હતું અને ભક્તજનો તે વખતે દર્શન કરતા હતા. કેટલાક ભક્તજનો ગુલાલ લાવ્યા હતા, તેને પાર નહિ તેટલો ઉડાડતા હતા. જે લોકો દર્શન કરવા આવ્યા હતા તે બધા ગુલાલથી રંગાઈ ગયા હતા.

જમીન, મકાન, વૃક્ષ અને આકાશ, બધું જ ગુલાલમય જણાતું હતું. જ્યારે દયાળુ શ્રીહરિ ગામથી બહારના ભાગમાં આવ્યા ત્યારે હરિભક્ત સિવાયના જેટલા લોકો દર્શન કરતા હતા તે બધા તત્કાળ ત્યાંથી ચાલતા થયા. તે વખતે સરોવર અને કૂવાનું પાણી હતું તે બધું ખૂટી ગયું, એટલા બધા લોકો ભેગા થયા હતા. જ્યારે વધારે પડતા લોકોની ભીડ મટી ગઈ અને એકલા હરિભક્તો જ રહ્યા ત્યારે શ્રીહરિ જ્યાં હિંડોળો બાંધ્યો હતો ત્યાં આવ્યા અને હેત લાવીને અશ્વ ઉપરથી નીચે ઊતર્યા.

શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા. ત્યારે ત્યાં સંતોની સભા બેઠી હતી. ભાઈ રામદાસજી સ્વામી રામાનંદ સ્વામીના અનન્ય સેવક હતા અને તેમણે આત્માનંદ સ્વામીની સાથે રહીને બે વર્ષ સુધી સેવા કરી હતી. અને તેને લીધે જ શ્રીહરિ માહાત્મ્ય સમજીને ભાઈ રામદાસજી સ્વામીને સહુથી અધિક માનતા હતા.

### • હુતાશનીને દિવસ થયેલી સભામાં બેઠેલા સંતો વગેરેના નામ :

મુનિવર મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, કૃષ્ણાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, અખંડાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી, નરનારાયણાનંદ સ્વામી, શ્રીગુરુચરણરતાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, વિરક્તાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, પરમહંસાનંદ સ્વામી, નિર્ગુણાનંદ સ્વામી, વૈષ્ણવાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી, ભાગેશ્વેરાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, કલ્યાણાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી, રામાનુજાનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, અનંતાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી, અનુપમાનંદ સ્વામી, સત્યાનંદ સ્વામી, સઙ્ઘનાનંદ સ્વામી, મુકુંદાનંદ સ્વામી, મનોહરાનંદ સ્વામી, અમૂર્તાનંદ સ્વામી, અમૃતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગોવર્ધનાનંદ સ્વામી, ગૌતમાનંદ સ્વામી, ગોપીશાનંદ સ્વામી, ગોલોકેશ્વેરાનંદ સ્વામી, નિર્માનાનંદ સ્વામી, નિરંજનાનંદ સ્વામી, અજન્માનંદ સ્વામી, આકાશાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી, પુરાતનાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, ભક્તેશ્વેરારાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, ભગવાનાનંદ સ્વામી, પ્રભુતાનંદ સ્વામી, પરમહંસાનંદ સ્વામી, જગન્નાથાનંદ સ્વામી, જીજ્ઞાસાનંદ સ્વામી, નિર્લોભાનંદ સ્વામી, નિષ્કામાનંદ સ્વામી,

નિઃસ્પૃહાનંદ સ્વામી, નિઃસ્વાદાનંદ સ્વામી, નિર્દોષાનંદ સ્વામી, નિર્દ્વંદ્વાનંદ સ્વામી, નિરાલંબાનંદ સ્વામી, નિર્વેદાનંદ સ્વામી, નિર્વિકારાનંદ સ્વામી, નિજાત્માનંદ સ્વામી, નિષ્કલંકાનંદ સ્વામી, ધર્માનંદ સ્વામી, ધ્યાનાનંદ સ્વામી, ધર્મધરાનંદ સ્વામી, ધર્મપ્રકાશાનંદ સ્વામી, ધર્મવૃદ્ધાનંદ સ્વામી, ધીરાનંદ સ્વામી, ધર્મધીરાનંદ સ્વામી, અદ્વૈતાનંદ સ્વામી, હરિહર્યાનંદ સ્વામી, મહાવીર્યાનંદ સ્વામી, વ્રજાનંદ સ્વામી, વૈરાગ્યાનંદ સ્વામી, હર્યાનંદ સ્વામી, વીર્યાનંદ સ્વામી, જિતદોષાનંદ સ્વામી, જિતમાનાનંદ સ્વામી, જિતક્રોધાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, કપિલેશ્વેરાનંદ સ્વામી, અચિંત્યાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, રમાકાંતાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, દયાનંદ સ્વામી, દયાલાનંદ સ્વામી, માધવાનંદ સ્વામી, મધુસૂદનાનંદ સ્વામી, પ્રજેશ્વેરાનંદ સ્વામી, સુરેશ્વેરાનંદ સ્વામી, શ્વેતદ્વીપાનંદ સ્વામી, શ્વેતમુક્તાનંદ સ્વામી, સુપર્ણાનંદ સ્વામી, નિયમાનંદ સ્વામી, સુધર્માનંદ સ્વામી, વિશુદ્ધાનંદ સ્વામી, શુદ્ધાત્માનંદ સ્વામી, સુખરૂપાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, શુદ્ધજ્ઞાનાનંદ સ્વામી, જ્ઞાનાનંદ સ્વામી, લક્ષ્મણાનંદ સ્વામી, પુરુષોત્તમાનંદ સ્વામી, પુરુષાનંદ સ્વામી, વિશુદ્ધાત્માનંદ સ્વામી, પ્રસાદાનંદ સ્વામી, પરમેશ્વેરાનંદસ્વામી, પ્રભવાનંદ સ્વામી, પદ્મનાભાનંદ સ્વામી, પ્રજ્ઞાનંદ સ્વામી, પીતાંબરાનંદ સ્વામી,

સચ્ચિદાનંદ સ્વામી, ચિદાનંદ સ્વામી, ચિદ્રૂપાનંદ સ્વામી, ભાવાનંદ સ્વામી, અનુભાવાનંદ સ્વામી, વામનાનંદ સ્વામી, મંગલાનંદ સ્વામી, નિર્મલાનંદ સ્વામી, શ્વેતવૈકુંઠાનંદ સ્વામી, ભક્તેશ્વેરાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, જુક્તાનંદ સ્વામી, અચલાનંદ સ્વામી, મુનીશ્વેરાનંદ સ્વામી, મુક્તિદાનંદ સ્વામી, નીલકંઠાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, જ્યોતીશ્વેરાનંદ સ્વામી, શ્રીધરાનંદ સ્વામી, તત્ત્વાનંદ સ્વામી, ત્રિવિક્રમાનંદ સ્વામી, કવ્યાનંદ સ્વામી, કરુણાનંદસ્વામી, કેશવાનંદ સ્વામી, બુદ્ધાનંદ સ્વામી, મહાપુરુષાનંદ સ્વામી, ઋષભાનંદ સ્વામી, વેદાંતાનંદ સ્વામી, ઠાકરાનંદ સ્વામી, ગણેશાનંદ સ્વામી, અવદાતાનંદ સ્વામી, જ્ઞાનપ્રકાશાનંદ સ્વામી,

દીપકાનંદ સ્વામી, વિશ્વચૈતન્યાનંદ સ્વામી, વરદાનંદ સ્વામી, વિશ્વાધારાનંદ સ્વામી, વિશ્વોપકારાનંદ સ્વામી, નિજબોધાનંદ સ્વામી, કાનડાનંદ સ્વામી, વલ્લભાનંદ સ્વામી, જ્ઞાનવલ્લભાનંદ સ્વામી, ભૂધરાનંદ સ્વામી, અજિતાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી, જગદીશ્વેરાનંદ સ્વામી, પતિતપાવનાનંદ સ્વામી, તપસાનંદ સ્વામી, શાંતાનંદ સ્વામી, શતાનંદસ્ વામી, સનાતનાનંદ સ્વામી, પરમપ્રકાશાનંદ સ્વામી, પરમધર્માનંદ સ્વામી, પરમેશ્વેરાનંદ સ્વામી, સાંખ્યાનંદ સ્વામી, કૌશિકાનંદ સ્વામી, સદાનંદ સ્વામી, સુયશાનંદ સ્વામી, ચક્રધરાનંદ સ્વામી, પદ્મધરાનંદ સ્વામી, ગદાધરાનંદ સ્વામી, શંખધરાનંદ સ્વામી,

સૂર્યાનંદ સ્વામી, નારાયણાનંદ સ્વામી, અજંપાનંદ સ્વામી, ૐકારાનંદ સ્વામી, માનદાનંદ સ્વામી, અશોકાનંદ સ્વામી, રાધાકૃષ્ણાનંદ સ્વામી, દામોદરાનંદ સ્વામી, શૂન્યાતીતાનંદ સ્વામી, માયાતીતાનંદ સ્વામી, માયાજિતાનંદ સ્વામી, ઉત્તમાનંદ સ્વામી, સુજ્ઞાનંદ સ્વામી અને બદ્રિનાથાનંદ સ્વામી વગેરે બધા સંતો મહાન સમર્થ હતા. તેમાંથી કેટલાક તો લખવા પણ રહી ગયા છે. તે બધા સંતોની સભા ખીલેલા કમળના વન જેવી થઈ હતી. વળી, મુકુંદાનંદ વર્ણી આદિક વર્ણીઓ પણ તે સભામાં હતા. દેવાનંદ સ્વામી આદિક સંન્યાસીઓ અને મયારામ ભટ્ટ, નાનાભાઈ ભટ્ટ આદિક વિપ્રો પણ હતા.

ક્ષત્રિય હરિભક્તો તો કેટલાયે હતા, તેનો ગણતા પાર આવતો નથી. તેમાંથી અમુક તો રાજાઓ હતા. તેની મનભાવતી સભા થઈ હતી. તે સિવાય કેટલાક તો વૈશ્ય અને શૂદ્ર હરિભક્તો દૃઢ નિયમવાળા હતા. ચારે વર્ણની દૃઢ હરિભક્ત એવી સધવા અને વિધવા સ્ત્રીઓ સભામાં હતી, તેનો ગણતા પાર આવતો નથી. હુતાશનીને દિવસ ત્યાં જે સભા થઈ હતી, તેમાં સહુએ ઘટે તે રીતે શ્રીહરિની પૂજા કરી. ઘણા નિપુણ સુરતના હરિભક્તોએ તે દિવસે શ્રીહરિ અને સંતોને માટે ઘણા હેતથી રસોઈ કરાવી હતી.

## • હિંડોળે પધારેલા શ્રીહરિ નોબત વગાડનાર ચિદાનંદસ્વામી ઉપર પ્રસન્ન થયા :

જ્યારે બપોર થયા ત્યારે રસોઈ તૈયાર થઈ, એટલે શ્રીહરિ તે સમયે જમવાને માટે ગામમાં આવ્યા. જ્યાં સંતો રહેતા હતા ત્યાં વિશાળ ચોક હતો. તેમાં સુંદર રમણીય મંડપ કર્યો હતો. તેને દેખતા જ વહાલ થતો હતો. ત્યાં સુંદર રીતે કેળના સ્તંભો રોપાવ્યા અને તેમાં વિચિત્ર રંગની રંગોળી પૂરી હતી. તે ચોકની વચ્ચે અનુપમ પાટ મૂકી હતી. તેના ઉપર સુરમુનિના ભૂપ ઘનશ્યામ એવા શ્રીહરિ આવીને બેઠા. તેમણે એક પીતાંબર અંગ ઉપર પહેર્યું હતું અને બીજું પીતાંબર ઓઢી લીધું હતું. સુરતના કેટલાક હરિભક્તો પકવાનના થાળ ભરીને લાવ્યા, તેને શ્રીહરિ ભક્તોનો ઘણો પ્રેમ જોઈને જમ્યા.

જ્યારે થાળ જમી રહ્યા ત્યારે જળથી મુખ ધોયું. પછી મુખવાસ લીધો અને હરિભક્તો પૂજાપો લઈને આવ્યા. કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર વગેરેથી ઘણા પ્યારથી શ્રીહરિને પૂજ્યા.

તે વખતે બધા સંતોની પંગત થઈ. ઘણા પ્રેમથી તે સંતોની પૂજા કરી. હરિભક્તો બધી રીતને જાણતા હતા. સંતોની પૂજા કરી રહ્યા ત્યારે સ્વામિનારાયણ નામની ધૂન થઈ. જે સંતો હતા તે બધા મુખથી ધૂન બોલતા હતા. ધૂનનો શબ્દ એકતાર થઈ રહ્યો હતો. તે ધૂન જેણે સાંભળી હતી તેનો સંસારથી ઉદ્ધાર થતો હતો. પછી પરમ સુજાણ એવા શ્રીહરિ સંતોને પકવાન પીરસવા લાગ્યા. પચીશ ત્રીશ વર્ષની ઉંમરના ચતુર સંતો મોટા પાત્રમાં પકવાન ભરી ભરીને લાવતા હતા. શ્રીહરિની મરજી જે પ્રમાણે હોય તે જાણીને તે રીતે પંક્તિમાં ફરતા હતા. કોઈ પંક્તિમાં ગૂંચવાતા નહિ. સંતો ધર્મ પાળીને જગતમાં વિચરતા હતા.

પીરસનારા સંતોમાં શ્રદ્ધા, આદર અને માહાત્મ્ય દિનપ્રતિદિન વધતા રહેતા હતા. પીરસનારા સંતો પીરસતી વખતે બીજા સંતોને પોતાના આત્મા જેવા દેખતા હતા. એવા સંતોના ઉપર શ્રીહરિ ઘણું હેત રાખતા હતા. જે સંતોમાં શ્રદ્ધા અને આદર નથી હોતા તેમાં તે ગુણ આવે તેવું શ્રીહરિ ચિત્તમાં ચિંતવતા હતા. શ્રીહરિ સંતોની પંગતમાં ઉત્સાહભેર ફરતા. વારંવાર હરખભર્યો અલૌકિકભાવ રાખતા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે બળવંત શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને પોઢી ગયા. પછી હરિભક્તો પણ ઉતારે ગયા.

દેશે દેશમાંથી જે હરિભક્તો ઉત્સવમાં આવ્યા હતા તે બધા જ્યારે ઉતારે રસોઈ કરીને જમી રહ્યા ત્યારે દિવસ પાછલો એક પહોર રહ્યો હતો. જ્યાં હિંડોળો બાંધ્યો હતો ત્યાં ચિત્તને ચોરનારા શ્રીહરિ કેસરી રંગના વસ્ત્ર પહેરીને આવ્યા. નટવરમૂર્તિ શ્રીહરિ આવીને હિંડોળામાં બેઠા. જે રીતની સુંદર શોભા બની હતી, તે મુખથી કહી શકાતી નથી. આ વખતે સુખકારી ઘનશ્યામ શ્રીહરિ ગામમાંથી જ્યારે જ્યારે આવતા હતા ત્યારે ત્યારે વૃક્ષ ઉપર મૂકેલી નોબત વાગતી હતી.

એક બાવળના વૃક્ષ ઉપર મંચ કરીને નોબત મૂકી હતી અને લહેરી ચિદાનંદ સ્વામી તે નોબતને વગાડતા હત. નોબતની જેટલી ગતિ કહેવાય છે તેને તે સ્વામી શ્રીહરિને રાજી કરવાને માટે શ્રદ્ધા અને પ્રેમપૂર્વક વગાડતા હતા, તેથી શ્રીહરિ કેટલીયે વાર તેમના ઉપર પ્રસન્ન થયા હતા. આ રીતે જેટલા સંતો-ભક્તો ઉપયોગમાં આવ્યા હતા તેમને કેટલીયે વાર ફૂલના હાર અને થાળની પ્રસાદી આપી હતી અને છાતીમાં ભીડીને ભેટ્યા હતા.

સંતો, વર્ણી અને પાર્ષદો, જે આ રીતે સેવાના ઉપયોગમાં આવતા, તેને શ્રીહરિ અતિશય હેતથી છાતીમાં ચરણારવિંદ આપતા હતા.

શ્રીહરિની એવી રીત હતી કે સેવાને ક્યારેય ભૂલતા નહિ. યોગ્ય મોકાને દેખતા રહેતા અને સમય પ્રમાણે વસ્ત્ર આદિક પ્રસાદી આપતા હતા. શ્રીહરિ અત્યંત ઉદાર દિલના હતા. તેમના જેવું બીજું કોઈ ઉદાર ન હતું. જ્યારે યોગ્ય સમય આવે ત્યારે લવલેશ લોભ રાખતા નહિ. અપાર સમર્થ એવા શ્રીહરિને અન્ન, ધન, ભૂષણ, વસ્ત્ર, વાહન અને ભૂમિનો કોઈ પાર હતો નહીં. જેના ઘરમાં રાત-દિવસ અન્ન, ધન, ભૂષણ, વસન, વાહન અને ભૂમિ વગેરેનો વરસાત થતો રહેતો હોય, એવા હરિભક્તના મનમાં પણ જે સંકલ્પ થાય તે પણ તરત જ સિદ્ધ થાય છે. ભગવાન સ્વામિનારાયણની કૃપાદૃષ્ટિથી તેમના ભક્તો પણ આવા અત્યંત સમર્થ થયા હતા. પરંતુ જે ધનસંપન્ન સમર્થ થઈને પણ જો જેટલો લોભ રાખે છે તેટલા તે મળ સમાન દેખાય આવે છે. એ વાત સમર્થ લોભીને દેખીને વિદૂરજીએ નીતિમાં કહી છે. આવી વાતો શ્રીહરિ કોઈકવાર ભક્તોનું ઘણું હિત કરવા કહેતા હતા. વળી શ્રીહરિ કહેતા કે, 'સામર્થ્ય હોવા છતાં જે લોભ રાખે છે તે અમને ગમતું નથી. જે લોકો સન્માર્ગે ધન વાપરતા નથી તેનું ધન તો કુમાર્ગે જાય છે અને તેનું ફળ મહાપાપ થાય છે.' આવું શ્રીહરિવર સ્વયં ત્યારે બોલ્યા હતા.

જે હરિભક્તો આવતા હતા તે શ્રીહરિની આવી વાત સાંભળીને સન્માર્ગને દેખીને તેમાં ધન વાપરતા રહેતા. જેનાથી પરલોકમાં સુખ પ્રાપ્ત થાય તેને સન્માર્ગ કહેવાય છે અને જેનાથી જન્મમરણ, લખચોરાશી અને જમપુરીનું અપાર દુઃખ ભોગવવું પડે તેને શ્રીહરિની વાત સાંભળ્યા પછી ભક્તો કુમાર્ગ સમજતા હતા. શ્રીહરિ મનુષ્યશરીર પામ્યા પછી જેટલી અવશ્ય કરવાની બાબતો હોય તેને સ્પષ્ટ રીતે સમજાવતા અને જેટલી ત્યાગ કરવાની બાબતો હોય તેને પણ દેખાડી દેતા હતા.

## • હોળીની રાતે હિંડોળામાં બિરાજેલા શ્રીહરિએ સહુને દર્શનનું સુખ આપ્યું :

હોળીનો દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યારે બુદ્ધિમાન સંતો ઝાંઝ અને મૃદંગ લઈને વસંત, હોરી અને ધુમારનાં પદ બોલવા લાગ્યા. તે વખતે ત્યાં આવેલા બધા હરિભક્તો ખાંડ અને સાકરના મોટા મોટા હારડાં શ્રીહરિને આપવા માટે લગાતાર ઊભા રહીને આવતા હતા. હરિભક્તોનો ભાવ જોઈને શ્રીહરિ તે બધા હારડાંને સ્વીકારતા હતા અને ભક્તો પણ મનમાં ઉમંગ લાવીને 'જય જય...' 'જય જય...' આવા શબ્દોને બોલતા હતા. જે હરિભક્તો ગુલાલના થાળ ભરી ભરીને લાવતા હતા તેને શ્રીહરિ તત્કાળ સંતોની સભાના ઉપર ઉડાડી દેતા હતા. સંતો અને હરિભક્તોની બધી સભા ગુલાલમય થઈ ગઈ હતી. ત્યાંની ભૂમિ અને બધા વૃક્ષો પણ ગુલાલ લાગવાથી શોભી રહ્યા હતા. શ્રીહરિની મૂર્તિ પણ ગુલાલથી રંગાઈ ગઈ હતી. શ્યામળી મૂર્તિ ઘણી સોહામણી લાગતી હતી. દર્શન કરનારા ભક્તોનાં નેત્ર તૃપ્ત થતા નહિ.

તે સમયે તાંસા અને ઢોલ આદિ વાજિંત્ર વાગવાં લાગ્યાં અને જ્યારે મશાલનો સમય થયો ત્યારે બધા વાળંદોએ મશાલ પ્રગટાવી. બધા વાળંદ હરિભક્ત હતા. તેનો ગણતા પાર આવે તેમ નથી. સુરતના દસ-બાર વાળંદ હતા. તેનું મૂળ વતન દંઢાવ્ય દેશ હતું. કાનમ, વાકળ, ચરોતર, ગુજરાત, બારા, ભાલ અને કાઠિયાવાડ, એ બધા પ્રદેશોના વાળંદોના મનમાં 'આવી સેવા તો આપણને ક્યારેય ન મળે !' એમ માનીને શ્રીહરિને પ્રસન્ન કરવાને માટે સેવા કરવામાં ઘણું તાન રહેતું હતું. જ્યારે મશાલ થઈ ત્યારે સંતો, વર્ણી અને બધા હરિભક્તો, તેમણે ઊભા થઈને આરતી કરી અને પછી સ્વામિનારાયણ ધૂન કરી. ધૂન કર્યા પછી સ્તુતિ કરી અને તે પછી સહુએ દંડવત્-પ્રણામ કર્યા.

જ્યારે સહુ નમસ્કાર કરી રહ્યા ત્યારે શ્રીહરિએ પ્રસન્ન મનથી સહુ હરિભક્તોની આગળ વાત કરતા કહ્યું કે, 'આવતીકાલે ફૂલદોલનો દિવસ છે અર્થાત્ નરનારાયણ દેવનો જન્મદિવસ છે. તો તે દિવસે બધા લોકો અપાર રંગ અને ગુલાલ ઉડાડીને ઘણો ઉત્સવ કરે છે. તે નરનારાયણ દેવને પ્રસન્ન કરવાને માટે અમે પણ વર્ષોવર્ષ રંગોત્સવ કરીએ છીએ. વર્ષોવર્ષ અમે સંતોની સાથે ઘણા પ્રેમથી રંગે રમીએ છીએ. જ્યાં જેટલું નિષ્કામવ્રત રહે છે ત્યાં તેટલું નરનારાયણ દેવ નિવાસ કરીને રહે છે અને ત્યાં કાયમ વસંતઋતુ રહીને સુયશરૂપી રંગને વરસાવતો રહે છે. અમારી આજ્ઞાએ કરીને ભાઈરામદાસજી સ્વામીએ રંગે રમવાને માટે પૂર્વપશ્ચિમ દિશામાં પાકા બે હોજ નિષ્કુળાનંદ સ્વામી પાસે કરાવ્યા છે અને તે ઉત્તર-દક્ષિણ લાંબા છે. તે હોજમાં રંગ ભરાશે અને અમે ત્યાં રંગે રમવા આવશું. અને તેમાં કોઈએ ધીંગામસ્તી કરવી નહિ અને બધી જ વિપરીત રીતોને છોડી દેવી. બધી વિપરીત રીતનો ત્યાગ કરવામાં અમને ઘણો પ્રેમ રહે છે. અને હવે અમે જે ચરિત્ર કરીએ છીએ તે સારી રીતને દેખાડવાને માટે કરીએ છીએ. જેટલી વિપરીત રીતો છે તે અમને ગમતી નથી અને જે સારી રીત છે તે અમને પ્રિય લાગે છે. હવે તે બે હોજમાં પૂર્વ તરફનો રંગનો હોજ સંતો રાખે અને પશ્ચિમ તરફનો હોજ હરિભક્તો રાખે, તે ભૂલવું નહિ. સહુ સંતો અને હરિભક્તો પિચકારીઓ તૈયાર કરી રાખો. આ બધી વાત તો એવી છે કે ગયો અવસર ફરીવાર આવતો નથી. અમે જે કોઈ પણ સ્થાનમાં જેટલા ઉત્સવ-સમૈયા કરીએ છીએ,

તેને કોઈ જોઈને કે સાંભળીને હૃદયમાં તેનું ચિંતવન કરશે તો તે મારા ધામને પામશે. તેમાં કાંઈ સંદેહ નથી. જે મારા નામનું રટણ કરશે તેની પાસે જમ ક્યારેય આવશે નહિ.'

હિંડોળે બિરાજેલા શ્રીહરિએ જ્યારે મસ્તક ઉપર મુકુટ ધારણ કર્યો ત્યારે જેટલાં વાજિંત્રો હતાં તે બધાં વાગતા હતા. અને તે શુભ અવસરને દેખીને બંદૂકધારી બધા પાર્ષદોએ બંદૂકોના અવાજ કર્યા. તે શબ્દોને સાંભળીને ભવ, બ્રહ્મા, ઈન્દ્ર, સૂર્ય અને ચંદ્ર ઈત્યાદિક બધા દેવતાઓ વિમાનમાં બેસીને તે સ્થળે આવ્યા. ઉપરનું બધું આકાશ વિમાનોથી ઢંકાઈ ગયું અને તે બધા વિમાનો એકબીજાની ઉપર અદ્‌ભુત રીતે રહ્યા હતા. તે વિમાનોનું અપાર તેજ જે હતું, તેમાં આકાશના તારા, ચંદ્ર અને નક્ષત્રો, એ બધા વિમાનોમાં લીન થઈ ગયા હતા. વાળંદોએ જે મશાલો કરી હતી તેનું બધું તેજ ઝાંખું પડી ગયું હતું.

બધા દેવતાઓ કેસરી ચંદન અને ફૂલની સહુના ઉપર વૃષ્ટિ કરવા લાગ્યા. અને સહુ મુખથી 'જય જય...' 'જય જય...' એવો શબ્દ બોલતા હતા. કેટલીક દેવોની નોબત વાગતી હતી. અને જે દેવોના ગાંધર્વો આવ્યા હતા, તે પોત પોતાના વાજિંત્રો લઈને ગાન કરતા હતા. તેમાં લગાતાર હોરી, વસંત અને ધુમારનું એક સ્વરથી ગાન કરતા હતા. ગાંધર્વ જેટલી વિદ્યા કહેવાય છે તે બધી વિદ્યાઓને ઉત્સાહભેર ગાતા હતા. શ્રીહરિને આ સર્વોપરી ભગવાન છે તેમ જાણતા હતા. તેથી તે બધા ગાંધર્વોના મનમાં પોતાની વિદ્યાને સફળ કરવાનું તાન હતું. તે સમયે દેવતાઓની જેટલી અપ્સરાઓ આવી હતી, તે બધી મનભાવ્યું નૃત્ય કરવા લાગી હતી. તે નૃત્ય કરતી વખતે પગમાં પહેરેલાં ઘુઘરુંઓનો ઘમઘમ અવાજ થયા કરતો હતો.

શ્રીહરિ જે રીતે અક્ષરધામમાં સભા કરે છે તે રીતે બધા સંતો અને હરિભક્તોની સભા તે વખતે દેખાતી હતી. શ્રીહરિની મૂર્તિ અલૌકિક જણાતી હતી. તેનું મુખથી વર્ણન કરી શકાતું નથી. મેં જેવી મૂર્તિ દેખી હતી તેવું કહી શકાતું નથી, છતાં કહ્યા વિના મનમાં તૃપ્તિ થાતી નથી. શ્રીહરિએ ચાર ઘડી સુધી મસ્તક ઉપર મુકુટ ધારણ કરી રાખ્યો. હેતથી દર્શન આપીને સંતો તથા હરિભક્તોને તૃપ્ત કર્યા. મુકુટ ધારી મૂર્તિનાં જેવાં દર્શન દીધાં તેવાં ફરીવાર ક્યારેય દર્શન દીધાં નથી. પછી મસ્તક ઉપરથી મુગટ ઉતારીને પાઘ ધારી લીધી. જરિયાની ઝગમગતી પાઘ સુરતી હતી. તેમાં બે છોગા મૂક્યા હતા. દર્શન કરતાં જ તેમાં પ્રેમ થતો હતો. પાઘની ઉપર કલગીની સાથે અજબ રીતે શીરપેચ બાંધ્યો હતો. તેમાં વિવિધ પ્રકારના નંગ જડ્યા હતા. આ રીતે દર્શન આપતાં આપતાં મધરાત થઈ ગઈ. પછી શ્રીહરિ ગામમાં આવ્યા અને પોતાને ઉતારે સુંદર બિછાવેલી શય્યામાં પોઢી ગયા.

### • શ્રીહરિ, સંતો અને હરિભક્તો રંગના હોજ પાસે સામસામે રંગે રમવા ઊભા રહ્યા :

જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિ ઊઠ્યા. સ્વસ્થ મનથી શૌચ અને સ્નાનાદિક બધી ક્રિયા કરી. કેસરી રંગના બધાં વસ્ત્ર અંગ ઉપર ધારણ કર્યાં. કેસરી રંગની મલમલની પાઘ બાંધી અને મુખ ઉપર બોકાની ભીડીને વાળી. શ્રીહરિએ ધોતિયા ઉપર ઘણો શોભાદાર સુરવાળ પહેરી લીધો અને તેમાં જાળીવાળી લાલ રંગની સરસ રેશમી નાડી હતી.

કારીગરે નાડીમાં પોતાની બધી જ ચતુરાઈ બતાવી હતી અને કેસરી રંગનું અંગરખું પહેર્યું હતું. અને એક ફેંટાથી કમર કસી લીધી હતી. શ્રીહરિએ છટાદાર નટવરનો વેષ ધાર્યો હતો. રંગે રમવાનો મનમાં ઘણો વિચાર હતો. આ વખતે લગભગ શ્રીહરિની જન્મથી સાડત્રીશ વર્ષની ઉંમર થઈ હતી. જ્યારે દિવસ ચાર ઘડી ચડ્યો ત્યારે શ્રીહરિ પ્રસન્ન મનથી માણકી ઉપર સવાર થયા અને બીજી બધી સવારી પણ તૈયાર થઈ. શ્રીહરિની સાથે જે બધા કાઠી દરબારો આવ્યા હતા, તે બધા પણ અશ્વ ઉપર બેઠા. સહુએ મુખ ઉપર બોકાની વાળી હતી અને સહુ રંગ રમવા માટેના હરખ ભરેલા દેખાતા હતા.

શ્રીહરિની સાથે રહેનારા બધા પાર્ષદો પણ તૈયાર થયા અને ચોપદાર શ્રીહરિની આગળ છડી પોકારવા લાગ્યા. ઢોલ, તાંસા, રણશિંગી, ભૂંગળ, તુરાઈ અને શરણાઈ વગેરે જેટલાં વાજિંત્રો હતાં, તે બધાં વાગતા હતા. કાઠી દરબારોના માંગણ જે રાવળ જાતિના હરિભક્તો હતા, તે પોતાના વાજિંત્રોને તે વખતે પ્રેમથી વગાડવા લાગ્યા. શ્રીહરિ જ્યારે ચાલ્યા ત્યારે આગળના ભાગમાં ભાત ભાતનાં નિશાનો ચાલતા હતા. શ્રીહરિ ચાલ્યા તે વખતની શોભા મુખથી કહી શકાતી નથી.

શ્રીહરિ જ્યારે ચાલ્યા ત્યારે જે સંતો હતા તે બધા સાથે ચાલ્યા અને હરિભક્તો પણ સાથે ચાલ્યા, જેનો ગણતા પાર આવતો નથી. બજારમાં અને ગામની બહાર સમૈયામાં આવેલા ભક્તોનો કોઈ પાર નહોતો. બધા જ હરિભક્તો હાથમાં ગુલાલ લઈને ઉમંગ ભર્યા આવ્યા હતા. જ્યાં રંગના હોજ બનાવ્યા હતા ત્યાં રંગને અખાડે શ્રીહરિ પધાર્યા. સુરતના, વડોદરાના અને શ્રીનગરના જે ભાવિક હરિભક્તો હતા, તે બધાએ આખી રાત મહેનત કરીને કેસરી રંગથી હોજ ભરી દીધા હતા.

પતંગનો કેટલોક જે રંગ કર્યો હતો તેના મોટા મોટા ઠામ ભર્યા હતાં. તે બુદ્ધિમાન હરિભક્તોએ પર્વતના જેવા ગુલાલના મોટા મોટા ગંજ ખડકી દીધા હતા. શ્રીહરિએ આવીને જ્યારે રંગ અને ગુલાલ જોયો ત્યારે મનમાં ખૂબ જ રાજી થયા. પછી શ્રીહરિ પ

શ્ચિમ તરફના હોજ પાસે ઊભા રહ્યા અને પૂર્વ તરફના હોજ પાસે સંતો ઊભા રહ્યા. ભાઈ રામદાસજી સ્વામી અતિ વૃદ્ધ સંત હતા, એટલે પૂર્વ તરફના હોજ પાસે તેમને માટે એક મંચ બનાવ્યો હતો. તેઓ મંચ ઉપર આવીને બેઠા. તેમના હાથ-પગ કમજોર થઈ ગયા હતા. શ્રીહરિ, સંતો અને હરિભક્તોની રંગક્રીડાના દર્શન કરવાની તેમને ઇચ્છા હતી. આશરે તેમની ૯૭ વર્ષની ઉંમર હતી.

નાના મોટા જે કોઈ સંતો હતા, તે બધા રંગની પિચકારી ભરીને ઊભા રહ્યા. જે હરિભક્તો હતા તે સંતોના ઉપર રંગ નાખવાને માટે પિચકારીઓ ભરીને ઊભા હતા. તે સહુને શ્રીહરિએ દેખ્યા. શ્રીહરિએ જ્યારે સાન કરી ત્યારે બંને બાજુથી પિચકારીઓ છૂટવા લાગી. ત્યારે ઢોલ, તાંસા જેવાં ઉત્સાહવર્ધક વાજિંત્રો વાગતા હતા. શ્રીહરિએ હરિભક્તોને કહ્યું, 'તમે રંગક્રીડામાં સંતોને હરાવી દો. અમે મદદ કરવાને માટે તમારી તરફ ઊભા છીએ.

## • ફૂલદોલને દિવસ શ્રીહરિએ સંતો-હરિભક્તોની સાથે રંગક્રીડા કરી :

શ્રીહરિની મરજી જાણીને ત્યાં ઊભેલા બધા હરિભક્તોએ રંગની ભરેલી પિચકારીઓ સંતોના ઉપર છોડી. તે વખતે સહુ સંતોએ પણ રંગથી ભરેલી પિચકારીઓ શ્રીહરિ તથા હરિભક્તોના ઉપર છોડી. રંગક્રીડા શરૂ થયા પછી એક પહોર સુધી સામસામે રંગથી પિચકારીઓ ભરીને રંગની અત્યંત ઝડી મચાવી દીધી, પણ રંગમાં કાંઈ દેખાતું ન હતું. 'હોરી.. હે..હોરી..' એવા શબ્દો જ જણાતા હતા. રંગખેલ એવો મચ્યો કે કોઈને કોઈ ઓળખી શકતા ન હતા. એકલો રંગ રંગ જ દેખાતો હતો. રંગ વિના કાંઈ દેખાતું ન હતું. હરિભક્તો રંગની એક પિચકારી ભરતા હતા તેટલીવારમાં તો સંતો કેટલીયે પિચકારીઓ ભરી લેતા હતા. જે કાઠી દરબારો હતા, તે બધા હરિભક્તોની તરફ રહ્યા હતા. તેઓ અશ્વ ઉપર બેસીને આવ્યા અને શ્રીહરિને પ્રસન્ન કરવા માટે પોકારવા લાગ્યા 'સંતો હાર્યા.. સંતો હાર્યા.. અને હરિભક્તો જીત્યા..જીત્યા..'

**કર્યો તો ઉત્સવ આગળે, વળી તેવાનો તેવો કર્યો; અતિ આનંદે અલબેલડો, વળી રમે હોળી રંગેભર્યો.**
**લાવ્યા ગુલાલનાં ગાડલાં, તે વહેંચી આપ્યાં સંતને; ભર્યા હોજ બેઉ રંગના, રમવા ભક્ત ભગવંતને.**
**પછી અલબેલો ઊભા થઈ, વળી ફેંકી ફાંટું ગુલાલની; તે સમાની શોભા મુખથી, કહી ન જાયે લાલની.**
**પછી સખા સજ્જ થયા, ખેલ ખૂબ ખરો મચાવિયો; લાગી ઝડી બહુ રંગની, અરુણ વર્ણ અંબર થયો.**
**પરસ્પર પિચકારિયુંની, છૂટે શેડ્યું સામટી; આંખ્ય ન દિયે ઉઘાડવા, જાણું આવ્યો ઘન ઘણો ઊલટી.**
**ગુલાલ લાલ નાખે ઘણો, ઝળકે કરમાં કડાં વળી; થાય સળાવા તેહના, જાણું ચમકે ઘનમાં વીજળી.**
**રસબસ થયા રસિયો, શોભે સખા રંગમાં લાલ; આનંદ દેવા દાસને, એવો કરે અલૌકિક ખ્યાલ.**
**રમતાં રમતાં રંગમાં, વળી પહોર દોયે વહી ગયા; હરિ હરિજન હોળી રમતાં, હોડમાં નવ્ય હારિયા.**
**પછી નાથે હાથશું, વળી પાડી તાળી તે ઘડી; જીત્યા જીત્યા સહુ આપણે, હવે મેલો પિચકારી પડી.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૪/૨૨ થી ૩૦)

ત્યારે સંતોમાંથી બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીએ કાઠી દરબારોને કહ્યું, 'જેઓ રંગની રમત પ્રથમ બંધ કરે તે હાર્યા ગણાય. જો અમે પહેલા રમત બંધ કરીએ તો અમે હાર્યા ગણાઈએ અને હરિભક્તો જો રમત બંધ કરે તો તમે હાર્યા ગણાય. અમે તો શ્રીહરિને જીતીએ તોપણ હારેલા જ છીએ. આ અમારો સિદ્ધાંત તમને કહ્યો. શ્રીહરિની આગળ જે હારે તે જીત્યા કહેવાય અને શ્રીહરિને જે જીતે તે હાર્યા ગણાય, આવો તો ભક્તોનો મત છે. ભક્ત વિનાનાનો આવો મત નથી. જેટલી સાધુતા રહે તેટલા ભગવાન તેમાં રહે છે.' ત્યારે અલૈયા ખાચર બોલતા બંધ થઈ ચૂપ થઈ ગયા. તે વખતે બોલાચાલીમાં વિરોધ થયો હતો.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમે બંને પિચકારીઓ હવે બંધ કરો. હાર કે જીત કરવી તે અમારા મનમાં ઠીક લાગતું નથી. જ્યાં હાર જીત થતી હોય ત્યાં પરસ્પર મન એક નથી રહેતું, પણ ત્યાં મન અનેક રીતે વહેંચાઈ જાય છે; આવું તરત દેખાઈ આવે છે. જે સમુદાયમાં જેટલું મન એક હોય તેટલો ત્યાં રંગ રહે છે અને તેટલો જ તેમાં પ્રેમરૂપી રસ રહે છે. જે જે કાંઈ ઉત્તમ બાબતો છે તે બધી પ્રેમરસમાં રહી છે. અમે રાત-દિવસ સહુનું મન પરસ્પર એક રહે એવો વિચાર કરતા રહીએ છીએ. પરંતુ જેવા દેશકાળ હોય તેવું થઈને ઊભું રહે છે. ભરતજી, લક્ષ્મણ, રામચંદ્રજી અને સીતા, એ સહુ એક મનના હતા, પણ દેશકાળની વિષમતાને લીધે એક મન હતા તે જુદા થઈ ગયા. બળરામજી, શ્રીકૃષ્ણ અને ગોકુળવાસીઓ સહુ એક મન થઈને રહેતા હતા, પરસ્પર એકબીજાનું હિત કરતા હતા અને બધો શત્રુભાવ દૂર કર્યો હતો.

તેવા સમયમાં હિત કરવા માટે જ અક્રુરજી હરખથી ત્યાં આવ્યા અને રામ અને શ્રીકૃષ્ણને રથમાં બેસાડીને પ્રેમથી મથુરા લઈ ગયા. તે પછી બધા ગોકુળવાસીઓના મન જુદા પડી ગયા. કાળ અને પવનની એક રીત છે કે તેઓ એક હોય તેને અલગ કરી દે છે.

દેહ અને જીવ એક થઈને રહે છે, પણ કાળ એક જ પલકવારમાં તેને અલગ કરી દે છે, વાર લાગતી નથી. માટે જેવા દેશકાળ હોય તેવા મનુષ્યના વિચાર થાય છે. જે પાકા આત્મદર્શી હોય તેને દેશકાળ લાગતા નથી. નટવિદ્યામાં મનને સારી રીતે ધ્યાન રાખીને એક અર્થાત્ એકાગ્ર રાખવું પડે છે. જે નટવિદ્યા છે તેના કરતાં યોગવિદ્યા અધિક છે અને સાંખ્યવિદ્યા અને યોગવિદ્યા જો સબીજ હોય તો તે ઉત્તમ છે. તેમાં જે આત્મવિદ્યા, ધર્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠા કહેવાય છે તે યોગ અને સાંખ્ય, એ બંનેમાં આવી જાય છે. જેમાં માન આવીને રહે છે તેની પાસે શુભ ગુણ ક્યારેય આવતા નથી અને જે જે દોષ કહેવાય છે તે બધા માનમાં આવીને રહે છે. વેદ, પુરાણો, ધર્મશાસ્ત્ર, મોટા સિદ્ધો અને અમે પણ ઉપર કહ્યા પ્રમાણે જ કહીએ છીએ.'

આટલી વાત કરીને શ્રીહરિએ સંતો અને હરિભક્તોની રંગક્રીડા બંધ કરાવી. પછી શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતર્યા. તેમાં કોઈ વાર લાગી નહિ. પછી ત્યાંથી તત્કાળ ચોતરે આવ્યા અને ત્યાં ઊભા રહ્યા. જે રંગ હતો તે બધો ચોતરા ઉપર મગાવ્યો અને બધો ગુલાલ પણ મગાવ્યો. જેટલા સંતો અને હરિભક્તો હતા, તેને ચોતરાની ચારેબાજુ બોલાવીને ઊભા રાખ્યા. અને સહુની પાસે જે પિચકારીઓ હતી તે મુકાવી દીધી. ચાંદીનું મોટું તાંસળું હાથમાં લઈને તેમાં રંગ ભરી ભરીને શ્રીહરિ સહુના ઉપર રંગ છાંટવા લાગ્યા અને તે રંગનો ખેલ બરાબર જામ્યો. શ્રીહરિ સહુના ઉપર રંગ છાંટતા હતા તે જોઈને ભવ, બ્રહ્માને પણ ધીરજ ન રહી. બધા દેવતાઓ વિમાનમાં બેસીને આવ્યા. મોટી મોટી સતી દેવાંગનાઓ પણ વિમાનમાં બેસીને ત્યાં આવી.

ગોલોક, વૈકુંઠ, અક્ષરધામ, શ્વેતદ્વીપ, તેના બધા મુક્તો પણ વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. બદરિકાશ્રમવાસી ઋષિઓ પણ બધા ત્યાં આવ્યા. અને પાતાળમાંથી બલીરાજા પણ આવ્યા. રંગક્રીડા જોઈને ઘણી ધીરજ રાખી પણ ધીરજ રાખી શક્યા નહીં. જ્યારે શ્રીહરિ સહુના ઉપર રંગ છાંટતા હતા ત્યારે દેવતાઓ વાજિંત્ર વગાડવા લાગ્યા. કોઈ દિવસ રંગ છાંટ્યો ન હોય તેટલો રંગ તે વખતે શ્રીહરિએ છાંટ્યો. રંગની રેલમછેલ મચી ગઈ. જે કોઈ આવ્યા તેમને રંગથી ભીંજવી દીધા. જેટલો રંગ કરી રાખ્યો હતો, તે બધો છાંટી દીધો. પછી જ્યારે કાંઈ રંગ બાકી ન રહ્યો, ત્યારે શ્રીહરિ ગુલાલ ઉડાડવા લાગ્યા. કપડાંની ઝોળી કરી તેને આનંદાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી ભરી દેવા માંડ્યા.

મુકુંદાનંદ વર્ણી, જયાનંદ વર્ણી અને નાનાભાઈ વિપ્ર પણ ગુલાલની ઝોળી ભરીને આપવા લાગ્યા. આમ તો કપડાંની પાંચ ઝોળી બનાવી હતી. તેને ઉપર કહેલા પાંચેય જણ વારાફરતી ગુલાલથી ભરી દેતા હતા અને શ્રીહરિ ઘણા હેતથી તે ગુલાલ સહુના ઉપર ફેંકતા હતા. તે સમયે જે કોઈ પણ આવ્યા તે બધાને શ્રીહરિએ રંગમય કરી દીધા હતા. શ્રીહરિએ એવી રંગક્રીડા કરી કે દેવોના વિમાનો પણ રંગથી રંગાઈ ગયા. જે સતી દેવાંગનાઓ આવી હતી તેણે શ્રીહરિના ઉપર વિમાનમાં રહીને રંગની વૃષ્ટિ કરી અને ફૂલની ઝડી વરસાવી. રંગ અને ગુલાલનો જમીન ઉપર ઘણો કીચડ થઈ ગયો, તેને ધામના મુક્તો કોઈ ઠામમાં ભરી ભરીને લઈ જવા લાગ્યા.

### • શ્રીહરિએ ઉત્સવ પછી સભામાં નીતિ અને નિયમની વાત કહીને ભક્તોને વિદાય આપી :

જ્યારે શ્રીહરિ અને સહુ સંત-હરિભક્તો રંગક્રીડા કરી રહ્યા ત્યારે મધ્યાહ્ન થઈ ચૂક્યો હતો. પછી શ્રીહરિ ઉત્તર દિશા તરફ રહેલા કૂવે સ્નાન કરવા માટે ચાલ્યા. તે કૂવો કુબેરદાસ પટેલનો હતો. કૂવાના થાળામાં કુંભથી સીંચીને પાણી ભર્યું અને તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું. સ્નાન કરી રહ્યા પછી શ્રીહરિએ જરિયાની વસ્ત્ર પહેર્યા અને સોનાનાં ઘરેણાં પહેર્યા પછી અશ્વ ઉપર બેઠા. અશ્વને પણ બધા સોનેરી સાજથી શણગાર્યો હતો. તેની ઘણી શોભા બની હતી. તે સમયે છડીદાર છડી બોલતા હતા. શ્રીહરિનાં મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. અને તે સમયે આગળ વાજિંત્ર વાગતાં હતાં અને શ્રીહરિ ગામમાં આવ્યા. ત્યાં સંતોની વિશાળ જગ્યા હતી. તે જગ્યામાં બાંધેલા મંડપની નીચે રંગોળી પૂરી હતી અને તેમાં વચ્ચે પાટ મૂકી હતી. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા.

વડોદરાના અને શ્રીનગરના જે આગેવાન હરિભક્ત હતા, તે બંનેએ મળીને તે દિવસે રસોઈ આપી હતી. વિવિધ પ્રકારના પકવાન બનાવ્યા. પહેલા શ્રીહરિને જમાડીને પૂજા કરી. પછી ધૂપ તથા દીપ પ્રગટાવ્યા. પછી આરતી કરીને સંતોની પંગત કરી. ત્યારે હરિભક્તોએ તરત જ સંતોની પૂજા કરી. સંતોની પૂજા થઈ રહી, તે પછી સંતો પંગતમાં બેસીને તે વખતે ધૂન કરવા લાગ્યા. પછી ભગવાન શ્રીસ્વામિનારાયણ પકવાન પીરસવા લાગ્યા. જ્યારે પીરસી રહ્યા ત્યારે જય બોલાવીને સંતો જમવા લાગ્યા. સંતોને પીરસી રહ્યા પછી શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને ત્યાં બિછાવેલી શય્યામાં પોઢી ગયા. તે વખતે સેવક સેવા કરવા લાગ્યા.

શ્રીહરિએ કહ્યું, 'અમે અપરંપાર રંગ ઉડાડ્યો, તેમાં આજ ઘણો શ્રમ કર્યો છે.' દિવસ પાછલો એક પહોર રહ્યો ત્યારે સુંદર ફૂલનો હિંડોળો બનાવ્યો. હિંડોળો જાળીદાર કર્યો હતો. તેમાં કેટલાક ગોખ કર્યા હતા અને તેમાં કેટલાય ફૂલના તોરા ચારેબાજુ લટકતા રાખ્યા હતા. બહુ ભાતના કેટલાક ફૂલના હાર પણ લટકતા રાખ્યા હતા અને વિવિધ પ્રકારના સોનાના કેટલાક કળશ પણ મૂક્યા હતા. હિંડોળાના છજા ઉપર સોનાનાં મોર શોભી રહ્યા હતા, તેની જેટલી શોભા હતી તે દેખવામાં આવતી હતી. સમૈયામાં આવેલા

હરિભક્તોએ રસોઈ બનાવી અને જમીને બધા પરવાર્યા ત્યારે શ્રીહરિ પણ તૈયાર થઈ ગયા હતા.

સોનાના શણગારથી છજાવેલા અશ્વ ઉપર શ્રીહરિ બેઠા અને શ્રીહરિની મૂર્તિ પણ સુવર્ણમય બની હતી. મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. જે છડીદાર હતા તે હાથમાં સોનાની છડી લઈને 'જય જય ધર્મકુળ તિલકરાય...જય જય ધર્મકુળ પ્રગટ કરનારા...જય જય ધર્મકુળ છત્ર...' આ રીતે છડી પોકારતા હતા. જ્યારે શ્રીહરિ ચાલ્યા તે વખતે ઢોલ, તાંસા ઇત્યાદિક વાજિંત્ર વાગતાં હતાં. તે વાજિંત્રોના ધ્વનિને સાંભળીને સંતો તથા હરિભક્તો સહુ આવ્યા. બજારમાં કોઈ સમાતા ન હતા. જ્યારે વડતાલ ગામની બહાર આવ્યા ત્યારે નોબત વાગવા લાગી. શ્રીહરિની સાથે જેટલા સંતો, વર્ણી, સંન્યાસી અને હરિભક્તો ચાલતા હતા, તે બધા 'જય જય...' 'જય જય...' કરતા હતા અને મંગળમય કીર્તનો ગાતા હતા.

બધા બાઈ-ભાઈ હરિભક્તો અને પાર્ષદો વગેરે પોતપોતાની મર્યાદામાં રહીને ચાલતાં, બેસતાં અને બોલતાં હતાં. સહુ મર્યાદાનો ત્યાગ કરતા નહિ, તેને લીધે શ્રીહરિ તેમના ઉપર પ્રેમભાવ રાખતા હતા અને જે જેટલી મર્યાદા રાખે છે તેમાં તેટલું દૈવત હોય છે. મર્યાદા અને નિયમ બંને એક જ કહેવાય છે, તે કહ્યા સિવાય દેખાતા નથી. અને નિયમ તે તો ભગવાનનું સ્વરૂપ છે. માટે નિયમોથી સત્સંગ અત્યંત સર્વોત્તમ દેખાય છે. નિયમ વિનાનું જે કાંઈ પણ હોય છે, તે જરાય શોભતું નથી. માટે નિયમ અને વેદને એક કરીને જાણવા જોઈએ. નિયમથી અધિક કોઈ વસ્તુ નથી. માટે નિયમ, વેદ અને ભગવાન, એ ત્રણેય એક છે. તે તરત સમજમાં આવે તેવા નથી. જ્યારે દિવ્યદૃષ્ટિ થાય છે ત્યારે તરત દેખી શકાય છે. ફૂલદોલના ઉત્સવ ઉપર જે હરિભક્તો આવ્યા હતા, તે બધા શ્રીહરિની આગળ આવીને બેઠા. તેની ઘણી વિશાળ સભા થઈ. જે જે દેશના જે કોઈ પણ હરિભક્ત હતા, તે બધા પ્રસન્નમનથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. સહુએ શ્રીહરિની પૂજા કર્યા પછી સંતોની પૂજા કરી અને તે વખતે ઘેર જવાને માટે શ્રીહરિની રજા લીધી. આ રીતે તે સભામાં મધરાત થઈ ત્યાં સુધી સહુએ દર્શન કર્યા.

હરિભક્તો બધા પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું, 'તમે સહુ પોતાના મંડળ લઈને ચરોતર અને ગુજરાત પ્રદેશમાં સત્સંગ કરાવવા માટે ફરતા રહો. લોકો જે રીતે સત્સંગ કરે એ રીતની તમારે પ્રેમથી વાતો કહેવી. જેવા માણસો હોય તેવી તેમની આગળ વાતો કરવી. બોલવા ઉપરથી માણસની પરીક્ષા કરી શકાય છે. કોઈ જાતનો બાધ ન આવે તે જોઈ વિચારીને વાત કરવી. નિર્બાધ વાત જોઈને લોકોને સત્સંગ થાય છે. લોકો આગળ વાત કરીને તેમને સત્સંગ અને કુસંગનું સ્વરૂપ દેખાડી દેવું. વાતમાં જે જે જ્ઞાન રહ્યું હોય તે જેની જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે કહેતા આવડે છે. જેને નિર્બાધ અને બાધવાળી વાત જ્યારે દેખ્યામાં આવે ત્યારે તેને શ્રેષ્ઠ બુદ્ધિવાળો કહેવાય છે. જેને બાધ કે નિર્બાધની કશી ખબર નથી તેની બુદ્ધિ તો અંધ કહેવાય. જેને જેટલો સત્સંગ થશે તેટલો તેની બુદ્ધિમાંથી અંધાપો મટશે. બુદ્ધિરૂપી નેત્રનું એટલું જ ફળ છે કે તે નેત્રથી જોઈને મનુષ્ય સત્સંગ કરે. સત્સંગ સિવાય ચાહે તેવી બુદ્ધિ હોય તોપણ તે મોક્ષના પુરુષાર્થમાં લેશપણ ઉપયોગી થતી નથી.

જે વસ્તુ મોક્ષને માટે ઉપયોગી ન થાય, તે બધું બંધનરૂપ કહેવાય છે. અને સત્સંગ સિવાયના કરેલા બધા સાધન નિષ્ફળ ગણાય છે. જીવને મોક્ષ સિવાયનું જેટલું ફળ મળે છે તે બધું બંધનકારી થાય છે; આવી મનુષ્યને જ્યારે સમજણ થાય છે ત્યારે તેની બુદ્ધિ શુદ્ધ થઈ જાણવી. સત્સંગના જ્ઞાન વિના અને મોક્ષના જ્ઞાન વિના ભલે ને કોઈમાં વિશાળ બુદ્ધિ હોય કે વિદ્યા ભણીને નિપુણ થયા હોય, તોપણ શું ? ઊંચું કુળ હોય અને ધન તો મેરુના જેટલું ઝાઝું હોય અને તે બધા માણસોને પોતાના હુકમમાં રાખતો હોય તેથી શું ? તે મૂળ વિના તો ઠેકાણા વિનાનું છે. સત્સંગ અને ભગવાન, તે બંને જીવના અને મોક્ષના મૂળ છે. સત્સંગ મોક્ષનું મૂળ છે અને ભગવાન જીવનું મૂળ(કારણ) છે. જ્યાં સુધી તે ભાન હોય છે ત્યાં સુધી સારું છે, પણ તેના ભાન વિના તો તેની હોશિયારી કાંઈ કામ લાગતી નથી. નીતિની બુદ્ધિ સિવાય જે પોતાની બુદ્ધિને અધિક ગણનારો કદાચ રાજા થયો હોય તોય શું ? કારણ કે નીતિરૂપ નેત્ર વગરનો રાજા પણ અંધ કહેવાય છે.

શ્રીહરિ મધ્યરાત્રિ સુધી સંતોની સાથે વાત કરતા રહ્યા. પછી ઊભા થઈને સહુ સંતોને પ્રેમથી ભેટ્યા અને સવારે વડતાલથી ચાલતા થયા. ગઢપુરના જે હરિભક્તો હતા, તે સહુ સંઘ લઈને આવ્યા હતા. શ્રીહરિ તેમના સંઘમાં અશ્વ ઉપર બેસીને ચાલતા થયા. મહેળાવ, પીપળાવ, ઈસણાવ, તે ગામોના હરિભક્તોને શ્રીહરિએ દર્શન દીધાં. નાર, રામોલ, ઊંટવાડા, તે બધા ગામના ભક્તોને દર્શન દઈને શ્રીહરિ મોરજ ગામમાં રાત રહ્યા. ગામની બહાર રાત રહ્યા હતા. પછી સવારે ચાલ્યા. ખાનપુર થઈ વરસડા આવ્યા. ત્યાંથી ગલિયાણા ગયા અને ત્યાં સાબરમતી નદી ઊતર્યા. ત્યાંથી વારણા ગામ આવ્યા. મોટી બોરુ અને નાની બોરુ થઈને ભોળાદ ગામ આગળ ભોગાવો નદી ઊતર્યા. ત્યાંથી પીપળી ગામ જઈને તળાવને કાંઠે રાત રોકાયા. પછી ત્યાંથી નીકળીને ગાંફ, ખરડ થઈને ઝીંઝર આવ્યા અને ત્યાં તળાવની પાસે રાત રહ્યા. પછી ત્યાંથી પરવડી, ભીમનાથ, પોલારપુર, રોજીદ, કુંડળ અને

સમઢિયાળા થઈને કારિયાણી ગામ આવ્યા. રંગભીના અને નિપુણ એવા શ્રીહરિ ત્યાં એક રાત રોકાયા અને સવારે ત્યાંથી ચાલતા થયા. પછી ત્યાંથી ઝીંઝાવદર, નીંગાળા અને ઉગામેડી થઈને ગઢપુર આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૨૨ થી ૪૩)

●

ફૂલદોલના ઉત્સવ પછી ભગવાન શ્રીહરિ જ્ઞાનબાગમાં પધાર્યા. અહીં ઢોલિયા ઉપર બિરાજમાન થયા. મહારાજની સન્મુખ દેશદેશના હરિભક્તો બેઠા હતા. મહરાજે સભામાં વાતો કરી. શિનોરના પાટીદાર કેશવલાલનાં પત્ની રાજબાઈ સ્ત્રીઓના મંડળમાં બેસીને મહારાજના દર્શન કરતા હતા. એકાએક મહારાજની દૃષ્ટિ રાજબાઈ ઉપર પડી. તરત જ મહારાજે તેને પોતાની પાસે બોલાવી. એટલે સંતો સર્વે દૂર ખસી ગયા. રાજબાઈ મહારાજ પાસે આવ્યાં. મહારાજને પંચાંગ પ્રણામ કરી મહારાજની સમક્ષ બેસી ગયાં. મહારાજે તેને કહ્યું : ''અમને ઓળખો છો ? અમે તમારે ગામ અંબાળી આવ્યા હતા. ''

રાજબાઈએ હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! બધું યાદ છે. આપના પ્રથમ દર્શને જ આપની કૃપાથી આપના સ્વરૂપની ઝાંખી થઈ હતી. આજે તો હવે આપના સ્વરૂપનો ઉદ્‌ઘોષ થયો છે અને હજારો ભક્તો આપની પાછળ પાછળ ફરે છે, તેથી તે દિવસોમાં કરેલી સેવાનો આનંદ માની મારી જાતને ધન્ય માનું છું.''

ભગવાન શ્રીહરિ તેમની નિષ્ઠા જોઈ પ્રસન્ન થયા. મહારાજે પૂછ્યું : ''તમારે કાંઈ સંતાન છે ?''

એટલે રાજબાઈએ કહ્યું : ''હા, મહારાજ ! ચાર પુત્રો છે.'' એમ કહી પોતાના ચારે પુત્રોને મહારાજને પગે લગાડ્યા.

મહારાજે પૂછ્યું : ''આનાં શું નામ પાડ્યાં છે ?''

''મહારાજ ! આ ગિરધર, આ વણારશી, આ જોરાભાઈ અને આ બાપુભાઈ.'' પોતાના એક-એક પુત્રને બતાવતાં બતાવતાં રાજબાઈએ કહ્યું.

ભગવાન શ્રીહરિએ ચારેને માથે પોતાના બંને હાથ મૂક્યા. પછી કહ્યું :

''રાજબાઈ ! આ ગિરધર અને વણારશી અમને આપશો ? તે પૂર્વના મુક્ત છે અને અમારી સેવા કરવા જ આવ્યા છે.''

તરત જ રાજબાઈએ કહ્યું : ''મહારાજ ! મારા એવા સદ્‌ભાગ્ય કે આ મારા પુત્રો આપની સેવામાં કામ લાગે. અત્યારે જ આપને આપ્યા !''

શ્રીહરિએ ગિરધર અને વણારશીને પોતાની પાસે બોલાવી લીધા. પાછળથી તેમને ભાગવતી દીક્ષા આપી. ગિરધરનું નામ ઈશ્વરાનંદ પાડ્યું અને વણારશીનું નામ શ્રીનિવાસાનંદ રાખ્યું.

પછી વડતાલથી ભગવાન શ્રીહરિ કાઠી ભક્તો તથા સૌરાષ્ટ્રના હરિભક્તોના સંઘ સાથે ગઢપુર જવા નીકળ્યા.

●●

**નોંધ :** રાજબાઈ અને તેના પતિ કેશવદાસ થોડા સમય પછી અંબાલી ગામ છોડીને શિનોર ગામ રહેવા ગયા હતા. અને ઈશ્વરાનંદ સ્વામી એટલે કે ગિરધરભાઈને ઘેર મોકલ્યા હતા અને ગૃહસ્થાશ્રમ કરવા આજ્ઞા કરી હતી. ગિરધરભાઈએ ઘેર રહી શિનોરમાં સત્સંગ ખૂબ વધાર્યો.

## ● રાજબાઈને ઘેર ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણી સ્વરૂપે પધાર્યા હતા :

ભરુચથી આશરે ૬૦ કિ.મી.ના અંતરે શિનોર સ્ટેશન છે. તે શિવપુરી નામે પણ ઓળખાય છે. અહીં અનેક તીર્થમંદિરો છે. આ સ્થળે ચંદ્રમાની પત્ની રોહિણીએ તપ કર્યું હતું. અહીંથી ૭ કિ.મી. દૂર અંબાલી ગામ છે. નર્મદા તટ પર આવેલ આ અંબાલી ગામ અંગે ઈતિહાસકારો કહે છે કે કાશીનરેશને ત્રણ કન્યાઓ હતી. તેમાંની વચલી કન્યાનું નામ અંબિકા હતું. તેણે આ સ્થળે તપ કર્યું હતું. તેની સાક્ષી તરીકે અહીં અંબિકેશ્વર મંદિર છે.

ગામમાં પાટીદાર કેશવલાલની પત્ની રાજબાઈ પૂર્વના જાગ્રત થયેલા સંસ્કારના બળથી પરમાત્માની પ્રાપ્તિ માટે વ્રત-તપ કરતા હતા. તેને તેના પુણ્યકર્મનું ફળ આપવા, પોતાનું પ્રગટ દર્શન દેવા, નીલકંઠ વર્ણીપ્રભુ તેને ઘરે પધાર્યા. ભારતના અનેક તીર્થોમાં નીલકંઠ વર્ણીપ્રભુ ફર્યા, ઘણા મુમુક્ષુઓને તેમનો યોગ પણ થયો, પરંતુ કોઈને ઘરે સામે ચાલીને તેઓ ગયા નહોતા. આજે રાજબાઈની ભક્તિના ભાવથી નીલકંઠ વર્ણીપ્રભુ સામે ચાલીને તેને ઘરે પધાર્યા.

રાજબાઈ તો જાણે પૂર્વનાં મુમુક્ષુ જ હતાં ! કેશવલાલ કરતાં ભક્તિમાં સવાયાં, પરમ શ્રદ્ધાવાળાં, શબરીની જેમ તેઓ મનોમન દૃઢ કરી બેઠેલાં કે ભગવાન સાક્ષાત્ મારાં આંગણે આવશે ને મારી પાસે દૂધ પીવા માંગશે. હું ઝટપટ ગૌરી ગાય દોહીને તાજું તાજું

દૂધ એમને મારે હાથે પીવડાવીશ. અને એ માટે તેઓ વિશેષ વ્રત-તપ કરી રહ્યાં હતાં.

કેશવલાલને આ બધી વાતોમાં પત્નીનું ગાંડપણ લાગતું, પણ આશ્ચર્ય હતું કે એ ધન્ય દિવસ આવી ચઢ્યો. સાયંકાળ હતો. પક્ષીઓના ઝુંડ આકાશમાં કલરવ કરતાં ઝાડ તરફ પાછાં વળી રહ્યાં હતા. તે જ વખતે રાજબાઈ સોના જેવું ચળકતું બોઘરણું લઈ પોતાની લાડલી ગાયને દોહવા બેઠાં હતાં. મનમાં એટલો બધો ભાવ સવાર થઈ ગયો હતો કે આજે મારા પ્રભુ દૂધ પીવા પધારશે જ. આમ, પ્રભુ-પ્રાપ્તિની તમન્ના તેમને અહોનિશ લાગી ગઈ હતી !

કોણ જાણે કેમ ? રાજબાઈનાં ભક્તિ ઉન્માદે નીલકંઠ વર્ણીપ્રભુને ખેંચ્યા.

નીલકંઠ વર્ણીપ્રભુ પધાર્યા. જાણે પૂર્વ પરિચિત ન હોય ! તેમ તેઓ સીધા જ કેશવલાલ પાટીદારના ઘર આંગણે જઈને ઊભા રહ્યા. ગાય-ભેંસોની બાંધવાની જગ્યા પર ગયા.

ત્યાં પ્રભુના વિચારોમાં મગ્ન રાજબાઈ ગાય દોહી રહ્યાં હતાં ! મનોમન પ્રભુનું ચિંતવન કરતાં હતાં.

રાજબાઈએ ગાય દોહતાં દોહતાં પાછું વાળીને જોયું અને તેમની આંખો આ નાનકડા બાળયોગીમાં ચોંટી ગઈ. ગાય દોહવાઈ ગઈ હતી. બાઈનું હૈયું હેરાઈ ગયું. અંતર અહોભાવથી ઊભરાઈ ગયું. અંતરમાં પ્રથમ દર્શને જ પ્રતીતિ આવી ગઈ કે જે સ્વરૂપ પામવા તે ઈચ્છતી હતી તે સાક્ષાત્ પરમાત્મા તેને મળી ગયા છે. તેના તપની આજે સમાપ્તિ થઈ. તે કૃતકૃત્ય થઈ ગયાં.

રાજબાઈએ નીલકંઠ વર્ણીપ્રભુનાં ચરણ ધોઈ તેમને ઘરમાં પધરાવ્યા. પોતાની લાડલી ગાય, જેનું દૂધ તેઓ હંમેશા ઠાકોરજીને ધરાવતાં હતાં. તે તાજું દૂધ તેમણે નીલકંઠ વર્ણીપ્રભુને આપ્યું. વર્ણીપ્રભુએ પ્યાલો હાથમાં લઈ હસતાં હસતાં પૂછ્યું :

"દૂધ ઠાકોરજીને ધરાવ્યું ?"

રાજબાઈએ એટલા જ ભાવથી કહ્યું : "ઠાકોરજી સાક્ષાત્ પધાર્યા છે, તે આજે સાક્ષાત્ દૂધ આરોગશે. રોજ તો દૃષ્ટિપ્રસાદ કરી મને પાછું આપી દેતા હતા, પણ આજે મારો ભાવ પૂરો કરશે."

આ ભાવવિભોર વાણી સાંભળી નીલકંઠ વર્ણીપ્રભુ પ્રસન્ન થયા. ભગવાનનું સ્વરૂપ જાણીને તેમની પ્રસન્નતા જ મેળવવી હતી. આ અંતિમ જ્ઞાન હતું. માટે રાજબાઈના અંતરમાં આ જ્ઞાનની સ્ફુરણા થઈ હતી. સર્વ વેદોથી જાણવાનું સ્વરૂપ તેમણે આજે જાણી લીધું હતું. તેમણે કહ્યું : "યોગીરાજ ! આપ અહીં રહો. હું આપને રોજ દૂધ પાઈશ."

નીલકંઠ વર્ણીપ્રભુને તેનો ભાવ ખપતો હતો. તેથી કહ્યું :

**અનસૂયામાં જૈને રહીશ, પય પીવાને રોજ આવીશ; કહી એમ મહાપ્રભુ ગયા, અનસૂયા સ્થાને જઈ રહ્યા.**
**નિત્ય નર્મદામાં કરે સ્નાન, અંબાળીમાં કરે પયપાન; એમ સાત દિવસ કર્યો વાસ, સંચર્યા પછી શ્રીઅવિનાશ.**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૪/૪૩-૪૪)

"અમારે અહીંથી અનસૂયા જવું છે, પણ દૂધ પીવા તો અમો અહીં રોજ આવીશું." નીલકંઠ વર્ણીપ્રભુના આવા વચનો સાંભળી રાજબાઈના અંતરનો આનંદ તેના ચક્ષુમાં આવીને સમાઈ ગયો. તેના ગાત્ર રોમાંચિત થઈ ગયાં. મીઠી એક ધ્રુજારીથી તેનું શરીર કંપી ઊઠ્યું. આંખો ભરી ભરી નીલકંઠ વર્ણીપ્રભુના સ્વરૂપને આજે પી લેવા, તેની આંખોમાં તેને સમાવી લેવા તે અધીરી બની ગઈ હતી. પણ નીલકંઠ વર્ણીપ્રભુને તેની તૃષા અતૃપ્ત રાખવી હતી. વર્ણીપ્રભુ દૂધ પીને તરત જ ત્યાંથી ચાલી નીકળ્યા.

નીલકંઠ વર્ણીપ્રભુ અંબાલીથી નીકળી અનસૂયા પધાર્યા. નર્મદાના દ્વીપમાં કોટેશ્વરની સામે આ તીર્થ આવેલું છે. ચાણોદથી યાત્રિકો હોડી દ્વારા અહીં આવે છે. અહીં અત્રિ ઋષિનો આશ્રમ હતો. અનસૂયા માતાનું અહીં મંદિર છે. નીલકંઠ વર્ણીપ્રભુ રોજ નર્મદામાં સ્નાન કરતા અને પયપાન કરવા રાજબાઈને ઘરે અંબાલી જતા. સાત દિવસ સુધી આ ક્રમ ચાલ્યો. પછી નીલકંઠ વર્ણીપ્રભુ અનસૂયાથી નીકળી વ્યાસતીર્થમાં પધાર્યા.

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ વેદાંતાચાર્યનો પરાજય કર્યો
## સં. ૧૮૭૪ (ઈ.સ. ૧૮૧૭)

સં. ૧૮૭૪ના ચાતુર્માસના ઉત્સવો ગઢપુરમાં ઊજવીને ભગવાન શ્રીહરિએ આસો વદમાં વડતાલ જવાનું નક્કી કર્યું. દીપોત્સવ વડતાલમાં ઊજવવાની મહારાજની ઈચ્છા હતી. ગઢપુરના હરિભક્તોએ પણ મહારાજને રાજી થઈને રજા આપી. ચાર મહિના મહારાજે ગઢપુરમાં બ્રહ્માનંદ રેલાવ્યો હતો. સૌને તરબોળ કરી દીધા હતા. હવે એ આનંદ અંતરમાં જીરવવાનો હતો. બીજા ભક્તો પણ એ આનંદના ભોગી બને, મહારાજના સંબંધે ભક્તિનો સ્વાદ માણે એવી ભગવાન શ્રીહરિની ઈચ્છા ઓળખી લીધી હતી. ગઢપુરવાસીઓએ મહારાજની મરજીમાં પોતાની મરજી ભેળવી દીધી.

ગઢપુરથી નીકળી ભગવાન શ્રીહરિ કારિયાણી પધાર્યા. દીપોત્સવ નજીકમાં જ આવતો હોવાથી મહારાજની કોઈ ઠેકાણે રોકાવાની ઈચ્છા ન હતી. છતાં વસ્તાખાચરે કહ્યું : ''મહારાજ ! એક દિવસ રોકાઓ તો અમે પણ બધા સાથે આવીએ.''

ભગવાન શ્રીહરિએ કહ્યું : ''હમણાં જ સૌ તૈયાર થઈ જાઓ. જમીને તરત જ ચાલવું છે.'' વસ્તાખાચર કાંઈ બોલી શક્યા નહીં.

શ્રીહરિ જમ્યા. સાથેના સંતો-હરિભક્તોને પણ જમાડ્યા. પછી મહારાજ નીકળવાની તૈયારી કરતા હતા ત્યાં કોઈકે ખબર આપ્યા: ''મહારાજ ! ઊનાથી કોઈક શેઠ આવ્યા છે.''

આ સાંભળી મહારાજ તરત ઢોલિયા ઉપર બેસી ગયા, વસ્તાખાચરને બોલાવ્યા. તેમને કહ્યું : ''ઊનાના ગણેશ શેઠ આવ્યા લાગે છે. તો તેમને જમાડવાની વ્યવસ્થા કરો. સાથે સંઘ હોય તો બીજી રસોઈ કરાવી નાખો. શેઠ આવ્યા છે તો આપણે રોકાવું પડશે.''

વસ્તાખાચર આ સાંભળી રાજી થયા. તેમને થયું કે મહારાજે શેઠના નિમિત્તે પણ આપણો સંકલ્પ પૂરો કર્યો.

ગણેશ શેઠ મહારાજ પાસે આવ્યા. ભગવાન શ્રીહરિને દંડવત્ કર્યા. પછી પાસે આવી પાઘડી ઉતારી મહારાજને પગે લાગ્યા. ભગવાન શ્રીહરિએ ગણેશ શેઠના માથે હાથ મૂક્યો. પછી માથામાં હાથ ફેરવતાં પૂછ્યું : ''શેઠ ! ચોટલી ક્યાં ? બધું મુંડાવ્યું તે ભેગી ચોટલી પણ મુંડાવી નાખી ?''

શેઠે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! અમારા કુળનો ગોત્રજ (કુળદેવ) નડે છે, તેથી કોઈથી ચોટલી રાખી શકાતી નથી.''

આ સાંભળી ભગવાન શ્રીહરિ હસ્યા અને કહ્યું : ''શેઠ ! ગોત્રજને વળી ચોટલી સાથે શું લેવા-દેવા ? પણ કોઈ કુસંસ્કાર હશે એટલે હિન્દુત્વની નિશાની રહેવા દેવી નહીં હોય ! હિન્દુને તો અવશ્ય ચોટલી રાખવી જ જોઈએ.'' એમ કહીને બોલ્યા : ''શેઠ ! તમે બધા હવે ચોટલી રાખજો. અમે ગોત્રજને કહી દેશું કે તમને નડે નહીં.''

શેઠ વિશ્વાસુ હતા. તેમણે કહ્યું : ''ભલે મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે હવે બધાને કહી દઈશ. સૌ ચોટલી રાખશે.''

શેઠની વાતથી ભગવાન શ્રીહરિ પ્રસન્ન થયા.

પછી ગણેશ શેઠે મહારાજના ચરણ પાસે પાંચસે રાળ મૂક્યા. તે જોઈ ત્યાં ભીખા કોળી ભગત હતા તેને થયું કે ''મારી પાસે અરધો રૂપિયો છે તે મહારાજને ભેટ આપવો છે, પણ આ શેઠના આટલા બધા રાળ પાસે મારો અરધો શા લેખામાં ?''

તેને વિચાર કરતા જોઈ મહારાજે તેને કહ્યું : ''ભગત ! લાવો તમારો અરધો. આ પાંચસો રાળ કરતાં તમારો અરધો ખરી મહેનતનો છે. અમારે કિંમત મહેનતની કમાણીની જ છે.'' એમ કહી મહારાજે કોળી ભગતના હાથમાંથી અરધો રૂપિયો લઈ લીધો. ભીખા ભગત તો કૃતાર્થ બની ગયા ! શેઠને પણ થયું કે વેપારમાં આડુંઅવળું કરીએ એવા નાણાંની મહારાજને કિંમત નથી.

ભગવાન શ્રીહરિ સાંજે કારિયાણીથી નીકળ્યા. શ્રીહરિ જે જે ગામ જતા ત્યાં ત્યાંના હરિભક્તો મહારાજને રોકાવાનો આગ્રહ કરતા, પણ મહારાજ રોકાતા નહીં અને તેમને સૌને સાથે લઈને ચાલી નીકળતા. આમ, મહારાજ સાથે સંઘ મોટો થઈ ગયો.

આસો વદ બારશને દિવસે ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. વડતાલમાં હરિભક્તોનો સમૂહ સારી સંખ્યામાં આવી ગયો હતો.

ભગવાન શ્રીહરિ સીધા વાસણ સુથારને ઘેર પધાર્યા. ત્યાં ઉતારો કર્યો. કાઠી દરબારોને નારાયણગિરિના મઠમાં ઉતારો આપ્યો. કેટલાક હરિભક્તોને ત્યાંના પાટીદારોને ઘેર ઉતારો આપ્યો, બીજા સૌ ગોમતીકાંઠે, સીમમાં, ખેતરમાં, રાવટીઓમાં, તંબુઓમાં ઊતર્યા. આવા સમૈયામાં ભગવાન શ્રીહરિના કેવળ દર્શનનો જ લાભ મળે, તે પણ ક્ષણ બે ક્ષણ. છતાં એટલી ક્ષણના દર્શનનો પણ મહામોટો મહિમા સમજી હરિભક્તો દૂરદૂરથી, કોઈ ગાડામાં તો કોઈ રથમાં, કોઈ અશ્વ ઉપર તો કોઈ ચાલતા, આવ્યે જતા હતા. એક ક્ષણ કે અર્ધી ક્ષણના ભગવાન શ્રીહરિના દર્શનનો પણ તેમના અંતરમાં બહુ મોટો મહિમા હતો. વૃદ્ધો પણ આવતા, સ્ત્રીઓ પણ

આવતી. લાંબા પંથમાં સ્ત્રીઓ માટે જોખમ વિશેષ હતું, પરંતુ મહારાજના આધારે, મહારાજનું સ્મરણ કરતાં સૌ ઘેરથી ચાલી નીકળતાં.

આટલો મોટો સંઘ આવ્યો હતો એટલે ભગવાન શ્રીહરિએ બાપુભાઈને કહ્યું : ''ચાલો, સંઘને દર્શન દેવા જઈએ. શું વ્યવસ્થા છે તે પણ જોઈ લઈએ. કોઈને કોઈ ચીજ-વસ્તુ, ખરચી જોઈતાં હોય તો આપીએ.''

બાપુભાઈ સમજી ગયા. મહારાજના અંતરમાં આ બધા હરિભક્તો સમાઈ ગયા હતા. તેમણે નાણાંની થેલી સાથે લીધી.

ભગવાન શ્રીહરિ માણકી ઉપર બિરાજ્યા. આખા સંઘમાં ફર્યા. શું વ્યવસ્થા છે તે જોયું. મહારાજ સંઘમાં કહેતા જતા હતા : ''ખાવા-પીવાનું જોઈએ તો સીધા-સામગ્રીની વ્યવસ્થા કરી છે. વાટખરચી જો ખૂટી ગઈ હોય તો માંગી લેજો, અમે નાણાંની થેલી ભેગી લાવ્યા છીએ. રાત્રે ચોરચકારથી સાવધાન રહેજો.''

હરિભક્તો ભગવાન શ્રીહરિને જોઈ રાવટીઓ, તંબુઓમાંથી બહાર આવી જતા. 'મહારાજ પધાર્યા. દર્શન કરી લ્યો, ઝટ બહાર આવો.' એમ બોલતા બે હાથ જોડી મહારાજની પાસે આવી જતા. કેટલાક દંડવત્ કરતા, સ્ત્રીઓ પંચાંગ પ્રણામ કરી લેતી. આમ, મહારાજના દર્શનથી સૌના હૈયા ભર્યા ભર્યા થઈ જતા. વીજળીનો ઝબકારો થાય તેમ મહારાજ આવતા અને ચાલ્યા જતા, પણ એ ક્ષણિક પ્રકાશથી પણ સૌના અંતરમાં પ્રકાશ પથરાઈ જતો.

ધનતેરસને દિવસે ભગવાન શ્રીહરિએ સૌને કહ્યું : ''ચાલો, નારાયણ બાગમાં.'' એમ કહીને પોતે માણકી ઉપર બિરાજમાન થયા. સૌ કાઠી ભક્તો પોતપોતાના અશ્વ ઉપર બેઠા. નારાયણ બાગમાં સૌ આવ્યા. અહીં મહારાજે ગાયોનું પૂજન કર્યું. મહારાજે કહ્યું : ''ગાયો એ આપણું ધન છે. તે ધન આપણે સાચવવું. ગાય એ પૃથ્વીનું સ્વરૂપ છે એટલે માતા તુલ્ય પણ છે. જેમ પૃથ્વીને જન્મદાત્રી માનીને તેના સારુ માથાં વઢાવીએ છીએ, તેમ ગાયમાતાનું રક્ષણ પણ એવી જ ભાવનાથી કરવું.''

અત્યારે જ્યાં મંદિર છે, ત્યાં પ્રથમ બોરડીનું ઝાડ હતું. આજુબાજુ જગ્યા વિશાળ હતી. ત્યાં મંચ બાંધ્યો હતો. મહારાજ ચૌદશની રાત્રે ત્યાં પધાર્યા. મશાલોના પ્રકાશથી સર્વત્ર અજવાળાં પથરાઈ ગયા હતા. ઝળાંઝળાં થતા આ પ્રકાશના પાલવમાં સંતો, હરિભક્તોની વિરાટ મેદની નાખી નજર ન પહોંચે એ રીતે પથરાઈને બેઠી હતી. કાઠી અસવારો અશ્વર ઉપર બેસી સભાની આજુબાજુ ફરતા હતા. આથી વ્યવસ્થા પણ જળવાતી હતી અને સંઘની રક્ષા પણ થતી હતી.

ભગવાન શ્રીહરિએ પોતાની બંને ભુજાઓ ઊંચી કરી એટલે સભામાં ઘોંઘાટ થતો હતો તે બંધ થઈ ગયો. સંતોએ ઝિલણિયાં કીર્તન શરૂ કર્યાં. થોડીવારે સભા એકદમ સ્વસ્થ થઈ ગઈ. શાંતિ પથરાઈ ગઈ. પછી મહારાજે વાત શરૂ કરી :

**જેમ અન્ય લોક થાય ભેળા, એમ સમજશો મા એહ લીળા; જેને કહું છું ફરી ફરી અમે, તેની રીત્ય સાંભળજ્યો તમે.**
**નર ઇચ્છે છે નરેશ થાવા, રાજા ઇચ્છે અમરલોક જાવા; અમર ઇચ્છે ઇન્દ્રપદવી, ઇન્દ્ર ઇચ્છે થાવા આદ્યકવિ.**
**વિધિ પર તે વિરાટ કહીએ, તે પર પ્રધાન પુરુષ લહીએ; તે પર મૂળ પ્રકૃતિ પુરુષ, તેથી પર અક્ષર સુજશ.**
**અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ; તેનું દર્શન ને સ્પર્શ ક્યાંથી, સહુ વિચારોને મન માંથી.**
**જે છે મન વાણીને અગમ, તે તો આજ થયા છે સુગમ; અતિ દુર્લભ દર્શન જેનાં, કહું છું આ ચરિત્ર હું તેનાં.**
**જે કોઈ જાણ્યે અજાણ્યે સાંભળશે, તેનાં જન્મમરણ તાપ ટળશે; જે કોઈ સમજે જથારથ જન, તેનું થાશે તેજોમય તન.**
**માહાત્મ્ય સહિત સમજશે સ્વરૂપ, તે તન મૂકતાં અક્ષરરૂપ; છે તો વાત મોટી એવી ઘણી, નાવે પ્રતીત કહેતાં તે તણી.**
**પણ જાણ્યે અજાણ્યે જે જન, કરશે મહાપ્રભુનાં દર્શન; વળી સુણશે આ લીલા ચરિત્ર, તે નર થાશે નિશ્ચય પવિત્ર.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૭/૩-૧૦)

''આ ઉત્સવમાં તમે સૌ આવ્યા છો એટલે કાંઈ ભાથું બાંધીને જાઓ તો તમને કામમાં લાગે. બીજે ઉત્સવો થાય છે તેને લોકો મેળા કહે છે. જન્માષ્ટમીનો મેળો, રામનવમીનો મેળો, એકાદશીનો મેળો; આવા પવિત્ર ઉત્સવના દિવસે એવા મેળા ભરાય છે. તેમાં સ્ત્રી-પુરુષો ભેગા મળીને રાસ રમે, જુગાર રમે - એમ અનેક પ્રકારનાં ફેલ કરે. ધર્મના તત્ત્વને આથી લાંછન લાગે છે.

આપણે ત્યાં તો આવા ઉત્સવોમાં સ્ત્રી-પુરુષો પોતાની મર્યાદામાં રહીને વર્તે છે. જ્ઞાનવાર્તા, કીર્તન-ભક્તિમાં ભાગ લે છે. ઈન્દ્રિયો, અંતઃકરણને ભગવાનની મૂર્તિ વિના બીજે ક્યાંય જવા દેતા નથી. તેથી અંતરમાં કદી અધર્મ પ્રવેશતો નથી.'' એટલું કહીને મહારાજે કહ્યું : ''આ સંસારમાં લોકોને અધિક અને અધિક સુખ પામવાની ઈચ્છા રહે છે. સાધારણ મનુષ્ય હોય પણ તેના અંતરમાં રાજા થવાના મનસૂબા થાય છે. વળી રાજા હોય તેને દેવ બનવાની ઈચ્છા રહે છે. વળી દેવોને ઈન્દ્ર પદવી પ્રાપ્ત કરવાના કોડ જાગે છે. ઈન્દ્રને પણ સંતોષ નથી એટલે બ્રહ્મા થવા ઈચ્છે છે, પરંતુ તેમના જીવને ખબર નથી કે આ બધી મોટપનો તો એક દિવસ કાળ નાશ કરી નાખશે.''

તે સાંભળી એક હરિભક્તે મહારાજને પ્રશ્ન પૂછ્યો : "મહારાજ ! કાળની ગતિ ક્યાં સુધી છે ?"

મહારાજે કહ્યું : "બ્રહ્માથી પર વિરાટ છે, તેથી પર પ્રધાન અને પુરુષ છે. પ્રધાન-પુરુષથી પર મૂળપુરુષ અને મૂળ પ્રકૃતિ છે. ત્યાં સુધી આપણા શાસ્ત્રોમાં વર્ણન છે. મૂળપુરુષને પરમાત્મા કહ્યા છે અને મૂળ પ્રકૃતિને તેમની શક્તિ કહી છે, પરંતુ તેથી આગળ કોઈની કલ્પના ગઈ નથી; પણ પ્રકૃતિ-પુરુષથી પર અક્ષર છે. એ દિવ્ય અક્ષરધામમાં કાળની ગતિ નથી. મૂળ પ્રકૃતિ અથવા મહામાયા એ અક્ષરના રોમકૂપમાં લીન થઈ જાય છે. તે અક્ષરબ્રહ્મથી પર પુરુષોત્તમ છે. તે આજે મનુષ્યદેહ ધારણ કરી તમને સર્વને નયનગોચર વર્તે છે. જેના દર્શન પ્રકૃતિ પુરુષ પર્યંતના કોઈ લોકના અધિષ્ઠિત દેવને નથી, તે પુરુષોત્તમ નારાયણ આજે તમને સૌને સુગમ બન્યા છે. તેના દર્શન સુગમ, વાતો સુગમ, પ્રસાદ સુગમ, સ્પર્શ સુગમ - એમ સર્વે પ્રકારે સોંઘા બની તમને એ અક્ષરધામમાં ગતિ કરાવવા પ્રગટ થયા છે.

એટલે આપણા ઉત્સવોમાં આવી જે જાણ્યે કે અજાણ્યે અમારાં લીલાચરિત્રોની વાતો સાંભળશે તે બધાં જ જન્મ-મરણના તાપથી મુક્ત થઈ જશે અને જે અમારા સ્વરૂપને યથાર્થ સમજશે તે ભક્તના અંતરમાં આ જ્ઞાનનો પ્રકાશ વ્યાપી જશે. વળી, અમારા પુરુષોત્તમ સ્વરૂપને જે માહાત્મ્ય સહિત સમજશે તો તે ભક્ત દેહ મૂકીને અક્ષરબ્રહ્મરૂપ થઈ અમારી સેવામાં અખંડ જોડાઈ જશે."

આ સાંભળી મહારાજને પ્રશ્ન પૂછ્યો : "મહારાજ ! એ માહાત્મ્ય કેવી રીતે સમજવું ?"

ભગવાન શ્રીહરિએ મંદ મંદ હાસ્ય કરતાં કહ્યું : "માહાત્મ્યે સહિત એટલે તત્ત્વે સહિત. પૃથ્વી લઈને પ્રકૃતિ, પુરુષ સુધીના સર્વ તત્ત્વોનું કારણ અક્ષરબ્રહ્મ છે. અને અક્ષરબ્રહ્મથી પર પુરુષોત્તમ નારાયણ છે. અમને તેથી શાસ્ત્રમાં પર થકી પર અને તેથી પણ પર કહ્યા છે. મૂળ પુરુષ અને મૂળ પ્રકૃતિ એ બીજા સર્વ તત્ત્વોથી પર છે. તેથી પર અક્ષરબ્રહ્મ છે અને તેથી પર અમે છીએ."

પુરુષોત્તમ નારાયણના શ્રીમુખે તેઓના અપરિમિત મહિમાની, તેમના સ્વરૂપની આ વાત સાંભળી સભામાં સૌ સ્થિર થઈ ગયા. મનુષ્યદેહ ધારી નયનગોચર વર્તતા પુરુષોત્તમ નારાયણનો આટલો મહિમા છે ? આ તો કલ્પનામાં પણ ન આવે એવી વાત છે. પર થકી પર અને તેથી પર એવા આ સ્વરૂપની ઝાંખી તો મોટા મોટા મુનિઓને પણ થઈ નથી. જ્યારે આપણને આજે તે પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ દર્શન દે છે, વાતો કરે છે, સાથે રમે છે, રમાડે છે - એમ અનેક પ્રકારે લાડ લડાવે છે ! સૌને લાગ્યું આવી પરા અને પાર પ્રાપ્તિના કેફથી ગાંડા થઈ જવાશે. ભગવાન શ્રીહરિએ સૌનાં મુખ ઉપર આનંદ જોયો, કૃતાર્થતાનો ભાવ જોયો. તેવા આનંદસભર બનાવી સૌને મહારાજે કહ્યું : "રાત્રી ઘણી વીતી ગઈ છે, માટે સૌ પોતપોતાના સ્થાનકે જાઓ. અમે પણ ગામમાં અમારે ઉતારે જઈએ છીએ."

## • વડતાલમાં ભગવાન શ્રીહરિએ દીપોત્સવની ઉજવણી કરી :

દીપોત્સવના દિવસે સવારથી જ ભક્તો ઉત્સવઘેલા બની ગયા હતા. ગઈ રાત્રે ભગવાન શ્રીહરિએ વાત કરી તેથી સૌના અંતરમાં એ દિવ્ય કેફની મસ્તી વ્યાપી ગઈ હતી. બ્રહ્માંડાધિપતિઓને પણ જે સ્વરૂપની ઓળખાણ નથી, જેમના દર્શન થી તે પુરુષોત્તમ નારાયણનો આજે સૌને સાક્ષાત્ સંબંધ થયો એ કેટલાં મોટા ભાગ્યની વાત કહેવાય ! સૌ આ દિવ્ય આનંદની મસ્તીમાં રાત્રીના ઉત્સવની રાહ જોઈ આમ તેમ ફરતા હતા.



દિવસ બે ઘડી બાકી હતો ત્યારે આંબલાથી પૂર્વ દિશામાં ઊંચી વેદિકા ઉપર શ્રીહરિ બેઠા. વેદિકા ઉપર પલંગ હતો અને તેના ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા. શ્રીહરિ પશ્ચિમ દિશા તરફ મુખ કરીને બેઠા હતા. સંતો અને હરિભક્તોની જેટલી સભા થતી તે ઉત્તર મુખે અને પૂર્વ મુખે થતી હતી. અને જેટલી હરિભક્ત બાઈઓ હતી તેમની સભા દક્ષિણ તરફના મુખે થતી હતી. તે બધા સંતો અને હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ધનતેરશનો દિવસ આવ્યો ત્યારે સરસ દીપમાળા બનાવી. દીપમાળા બનાવવામાં નિષ્કુળાનંદ સ્વામી મુખ્ય રહ્યા હતા અને બીજા બધા સંતો નિષ્કુળાનંદ સ્વામી જેમ કહે તેમ પૂછીને કરતા હતા. અને મુખ્ય એવા આનંદાનંદ સ્વામી અને સંતો નિષ્કુળાનંદ સ્વામીને સામાન લાવી લાવીને આપતા હતા.

દીપમાળા કોઈ અપૂર્વ બનાવી હતી. તેમાં કમાનો હતી અને વિચિત્ર સ્તંભ કર્યા હતા. દીપમાળાની ચારેબાજુ જેટલા સ્તંભ હતા તેના ઉપર તેટલા સુવર્ણકળશ મૂક્યા હતા. દીપમાળાની ચારેબાજુ આસોપાલવના શોભાદાર તોરણ બાંધ્યા હતા. અને બિલોરી કાચના અપાર ઝુંમર લટકાવ્યાં હતાં. સ્તંભના જેટલા ખંડ હતા, તે પ્રત્યેક ખંડમાં ઝુંમર લટકાવ્યાં હતાં. શ્રીહરિની બેઠકની ચારેબાજુ ઘણી જોરદાર દીપમાળા રચી હતી. દીપમાળાની ચારેકોર દીવડાવાળા બબ્બે ઝુંમર ગોળાકાર કર્યા હતા અને તે દ્વારની આગળના ભાગમાં બાંધ્યા હતા.

**દીપે દીપજોત્ય ત્યાં અપાર, જાણ્યું બણ્યું તેજનું અગાર; પ્રકાશમય મંદિર માંયે, શોભે મૂરતિ અતિ શોભાયે.**
**અંબર આભૂષણ અંગે જેહ, સર્વે તેજોમય દીઠાં તેહ; એમ લૌકિક માંઇ અલૌકી, જોઈ જનમન રહ્યાં છકી.**
**દીધાં દર્શન એવાં દયાળે, દયાસિંધુ જન પ્રતિપાળે; સર્વે જન થયાં છે સનાથ, જોઈ નટવર સુંદર નાથ.**
**ગાય કીર્તન થાય કિલોલ, મળ્યા હરિજનના હિલોલ; નરનારીનો ન આવે પાર, મળ્યા મુનિ હજારોહજાર.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૭/૧૩-૧૬)

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દીપમાળા પ્રગટાવી. અને તે દીપમાળાના તેજમાં કેટલીક મશાલો પણ કરી. પરંતુ દીપમાળાના પ્રકાશમાં મશાલોનું બધું તેજ લીન થઈ ગયું હતું. અને તે તેજમાં બધી સભા બેઠી હતી. તે તેજમાં ઊભા રહીને જ્યારે સહુ આરતી કરતા હતા ત્યારે શ્રીહરિએ પોતાના અંગ ઉપર જરિયાની વસ્ત્ર પહેર્યા હતાં. સુંદર ભાતના તે વસ્ત્રો સુશોભિત હતા કે તેનું મુખથી વર્ણન કરી શકાતું નથી. અને ઘણી જાતનાં વિચિત્ર પ્રકારનાં સોનાનાં ઘરેણાંઓ અંગ ઉપર ધારણ કર્યાં હતાં. તે સમયે શ્રીહરિએ ફૂલના અપાર હાર પહેર્યા હતા. કાન ઉપર ગુચ્છ અને પાઘમાં તોરા ધાર્યા હતા. ભુજાઓ ઉપર ફૂલના બાજુ બાંધ્યા હતા અને સુંદર ફૂલની પહોંચી પણ બાંધી હતી. હાથમાં ફૂલની છડી ધારી હતી. આ રીતે ફૂલોથી મૂર્તિ છવાઈ ગઈ હતી બધાં સોનેરી વસ્ત્ર અને ઘરેણાંઓ ફૂલમાં ઢંકાઈ ગયા હતા. શ્રીહરિની ઘનશ્યામ મૂર્તિ એટલી સોહામણી લાગતી હતી કે દર્શન કરનારા ભક્તોને તૃપ્તિ થાતી ન હતી. વળી, લલાટ વચ્ચે કુંકુમનો ચાંદલો સોહામણો લાગતો હતો. અણિયાળી ચંચળ સુંદર આંખો ભક્તજનોને ખૂબ જ પ્યારી લાગતી હતી.

શ્રીહરિએ બધા સંતો અને હરિભક્તોને પ્રસાદીનો એક એક ફૂલનો હાર આપ્યો હતો. તે હાર સહુએ છાતી ઉપર ધાર્યા હતા. તે ફૂલનો જોરદાર સુગંધ તે સ્થળે ચારેબાજુ વ્યાપી રહ્યો હતો. જાણે કોઈ ફૂલનો બાગ ફૂલી રહ્યો હોય તેવી તે સભાની શોભા દેખાતી હતી ! ધનતેરશને દિવસે જેટલી શોભા થઈ હતી, તે કરતાં પણ વધારે શોભા કાળીચૌદશને દિવસ કરી હતી. અને દિવાળીને દિવસ જે હરિભક્તો આવ્યા હતા, તેઓ બધા આખો દિવસ શ્રીહરિની પૂજા કરતા રહ્યા હતા.

અંધકારને નાશ કરતો એવો પ્રકાશ જોઈ સૌ વિચાર કરવા લાગ્યા કે મહારાજ પ્રકાશમય દેખાય છે કે આ બધા મુક્તો પ્રકાશમય દેખાય છે કે આ સમગ્ર સભા પ્રકાશમય દેખાય છે ? સર્વત્ર પ્રકાશ પ્રકાશ સૌએ જોયો. પોતાના શરીર પણ પ્રકાશમય જોયા. એ પ્રકાશ હજી વધુ પ્રકાશમય બને તે માટે ભગવાન શ્રીહરિએ સંતો પાસે કીર્તન-ભક્તિ કરાવી. પોતે પણ દીપ-ઉત્સવનું રહસ્ય સમજાવ્યું. અર્ધી રાત વીતી એટલે શ્રીહરિએ સૌને રજા આપી. પોતે પણ પોતાના ઉતારે પધાર્યા.

### ● ભગવાન શ્રીહરિએ અન્નકૂટ પછી સંતો વગેરેને પીરસીને જમાડ્યા :

ભાવિક હરિભક્તોએ દિવાળીને દિવસે શ્રીહરિને માટે પકવાનના થાળ કરાવ્યા હતા. તે ઘણી ભાવનાથી શ્રીહરિને જમાડ્યા. પછી શ્રીહરિએ આવીને પંગતમાં ફરી સંતોને જમાડ્યા. દિવસનો પાછલો પહોર બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ગામથી બહાર આવ્યા અને જ્યાં દીપમાળા પૂરી હતી ત્યાં સભા કરી. વેદિકાના ઉપર બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ બેઠા. મૂર્તિ ઘણી મનમોહક બની હતી. આગળના ભાગમાં સંતો ઉત્સવ કરતા હતા. સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને કીર્તન ગાતા હતા. તે વખતે શ્રીહરિએ સુશોભિત જરિયાની વસ્ત્ર પહેર્યા હતાં. વળી, સોનાનાં ઘરેણાંઓ પણ શ્રીહરિએ તે સમયે પહેર્યા હતાં અને જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દીપમાળા પ્રગટાવી.

તે સમયે જે વાળંદ હરિભક્ત હતા તેમણે મશાલો પ્રગટાવી. અને સહુ સંતો તથા હરિભક્તોએ આરતી કરી. પછી સહુએ ઊભા થઈને 'સ્વામિનારાયણ ધૂન' કરી. જ્યારે તે ધૂન કરી રહ્યા ત્યારે સહુ સંતો અને હરિભક્તો બેસી ગયા. શ્રીહરિનાં દર્શન કરીને જે ભક્તોને અતિશય આનંદ થતો હતો તેમને અત્યંત આનંદના વેગમાં નેત્ર ઘણા સુખ-શાંતિથી ઠરી જતા હતા. દર્શન કરનારા ભક્તોને પોતાના શરીરનું ભાન રહેતું નહિ અને સહુ મૂર્તિમાં લોભાઈ રહેતા હતા. જ્યારે શ્રીહરિ તેમને જગાડતા હતા ત્યારે તેઓ પોતાનાં શરીરમાં આવતા હતા.

શ્રીહરિ સભામાં જે વાત કરતા હતા, તે બધી વેદ અને પુરાણોના રહસ્યરૂપ હતી, પણ આ બ્રહ્માંડના સાધારણ લોકો તે વાતોને માયિક સમજતા રહે છે. અને તેઓ માયિક પદાર્થમાં જ પરમ સુખને માનતા રહે છે. પરંતુ જે હરિભક્તો થયા હતા તે તો અમાયિક સુખમાં જ પરમ સુખ માનતા હતા. તે અમાયિક અને માયિક સુખમાં દિવસ અને રાત જેટલો ફરક રહ્યો છે, એમ સમજતા. જેટલું માયિક સુખ છે તે બધું અસત્ છે અને જે જીવો અસત્ સુખમાં સત્યની ભાવના રાખે છે તે સંસારમાં ભટકતા રહે છે. જે હરિભક્તો હતા તેઓ તો સત્સંગના યોગે કરીને પ્રબળ દિવ્ય સમજણને પામ્યા હતા. પ્રહ્લાદ અને પ્રિયવ્રત જેવા ઘણા રાજાઓ સત્સંગ કરતા હતા તેમને અપાર રાજ્યસમૃદ્ધિનું સુખ હતું. પરંતુ તે સહુએ અપાર માયિક સુખને અત્યંત તુચ્છ જાણીને તે રાજ્યસમૃદ્ધિનો પણ ત્યાગ કર્યો હતો અને દિવ્યસુખમાં પ્રેમ કર્યો હતો. દિવ્યસુખની તુલનામાં બધા માયિક સુખો તો અત્યંત તુચ્છ છે. માટે ભગવાનના ભક્તોએ માયિક સુખમાં ક્યારેય આસક્તિ રાખવી નહિ. જે ભક્તને માયિકસુખમાં જેટલી આસક્તિ છે તેટલી તેને ભક્તપણામાં ખામી છે. અને જેટલો દિવ્યસુખમાં ભાવ છે તેટલો તે અધિક હરિભક્ત છે. ભગવાન, તેમના સંતો, હરિભક્તો અને ભગવાનનું ધામ તથા ધામમાં રહેલી સમૃદ્ધિ, એ બધું દિવ્ય છે. તે દિવ્યસુખમાં જીવને જોડી દેવો અને માયિક સુખમાંથી આસક્તિ તોડી નાખવી.'

આ રીતે શ્રીહરિ મધરાત થઈ ત્યાં સુધી વાતો કરતા રહ્યા. પછી શ્રીહરિ વડતાલમાં ઉતારે આવ્યા અને પોઢી ગયા. પછી સવારે જાગ્યા. શ્રીહરિની સમીપે પાંચ-સાત પાર્ષદો હતા. ગોસાઈ નારાયણગિરિ નામે વડતાલના નિવાસી જે હરિભક્ત હતા. તેમની અન્નકોટને દિવસે રસોઈ હતી. તેમણે સાકરના અનેક પકવાન કરાવ્યા. અનેક પ્રકારનાં શાક, પાક, ઘણી જાતનાં અથાણાં, કેટલીક જાતનું રાઈતું, પાપડ, સારા પુડલા, ભજિયાં, વડાં, ફાફડાં, ભાત અને બિરંજ વગેરે દિવસ ઊગતામાં તૈયાર કર્યું. પછી શ્રીહરિએ મુખથી મંદ મંદ હાસ્ય કરીને નારાયણગિરિને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું, 'રસોઈ થવામાં હવે કેટલી વાર છે ? મોડું ન કરશો. આમ કહીને શ્રીહરિ દાતણ કરવા બેઠા. દાતણ કર્યા પછી શ્રીહરિ નાહ્યા. પીતાંબર વસ્ત્ર પહેર્યાં અને ધૂપ, દીપ વગેરે કરીને વિધિ સાથે પૂજા કરી.

**બહુ ભાતનાં કર્યા'તાં અન્ન, હતો અન્નકોટનો એ દન; ફર્યા પંગતમાં પંચ વાર, ઘણી ઘણી કરી મનુવાર.**
**જમો સંતો કંસાર છે કેવા, માલપુડા છે જમવા જેવા; એમ નાથ કરે તાણ ઝાઝી, તેમ નારાયણગિરી રાજી.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૭/૨૨-૨૩)

શ્રીહરિ જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે નારાયણગિરિ આવ્યા અને તેમણે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'પ્રભુ, આપ મારી વિનંતિ સાંભળો. બધી રસોઈ તૈયાર થઈ ગઈ છે. અત્યારે આપની ઇચ્છા પ્રમાણે આપના બાલમુકુંદ અને શાલગ્રામ ભગવાનની આગળ બધો અન્નકૂટ ધરાવ્યો છે. હે મહારાજ ! સંતોના નિવાસસ્થાને જ્યાં વિશાળ જગ્યા છે ત્યાં ચોકમાં સારો મંડપ કરાવ્યો છે. તેમાં રંગોળી પૂરીને ફળવાળા કેળના વિવિધ સ્તંભ રોપાવ્યા છે. પછી શ્રીહરિ ત્યાં આવ્યા. અને પાટ ઉપર બેઠા. પછી જે જે પકવાનો બનાવ્યા હતા, તેના થાળ ભરી ભરીને શ્રીહરિ પાસે લાવ્યા અને તેમાંથી શ્રીહરિ ઘણા આનંદથી જમવા લાગ્યા.

શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે જળથી મુખ ધોયું અને જળપાન કર્યું. પછી ગોસાઈ નારાયણગિરિએ ઘણા પ્રેમભાવથી શ્રીહરિને કેસરી ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા. આ રીતે ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી. તેમની સાથે તેમના જેટલા શિષ્યો હતા, તેમણે સંતોની પૂજા કરી અને સહુએ અલભ્ય લાભ લીધો. તેમણે એવો લાભ લીધો કે બીજા કોઈએ તેવો લાભ લીધો ન હોય. શ્રીહરિના તે જેવા ભક્ત હતા તે આ દિવસે સહુને દેખાયું. પછી બધા સંતોની પંક્તિ થઈ અને જેટલા પકવાન કરેલા હતા, તે બધા પ્રેમભાવથી શ્રીહરિએ પીરસ્યા. શ્રીહરિ સાથે જે પાર્ષદો અને કાઠી દરબારો હતા, તેમને સંતો જમી રહ્યા પછી શ્રીહરિએ સ્નેહભાવથી જમાડ્યા. શ્રીહરિએ હરિભક્તોને રાજી કરવા માટે જેટલા ભોજનો હતા તેને વારંવાર પીરસ્યા.

ભગવાન શ્રીહરિ સ્વયં દૂધપાક અને માલપૂડા લઈને સંતો તથા હરિભક્તોની પંક્તિમાં પાંચ વખત ફરી ખૂબ પીરસ્યા. સૌને તૃપ્ત કરી દીધા. જ્ઞાનામૃતથી પણ સૌ તૃપ્ત થઈ ગયા હતા અને અમૃતમય ભોજન - મહારાજની પ્રસાદી - તે જમીને પણ સૌ તૃપ્ત થઈ ગયા ! શ્રીહરિએ અન્નકોટની પ્રસાદી સંતો વગેરેને જમાડીને જયજયકાર કરાવી દીધો. પછી ધર્મકુમાર શ્રીહરિ ગામથી પૂર્વમાં આંબલે આવીને બેઠા. તેમની આગળ બધા સંતો અને હરિભક્તો બેઠા. તે સમયે અપાર વાજિંત્રો વાગતાં હતાં. સર્વના આધાર શ્રીહરિ એક પહોર સુધી આંબલે બેઠા અને પછી વેદિકા પાસે આવ્યા. તે વેદિકા ઉપર ઘણો સુંદર પલંગ ઢાળીને ગાદી-તકિયા વગેરે બિછાવ્યા હતા. તેના ઉપર પરમ ઉદાર શ્રીહરિ આવીને બેઠા. જે સંતો અને હરિભક્તો હતા, તે બધા ત્યાં આવીને શ્રીહરિની આગળ બેઠા. તે સમયે શ્રીહરિની વસ્ત્ર અને આભૂષણોથી સુશોભિત મૂર્તિ જેવી હતી, તેવી તે મૂર્તિને સંતો અને હરિભક્તો પરમ પ્રેમથી અંતરમાં ધારતા હતા અને જેવી મૂર્તિ હતી તેવું ચિત્તમાં ચિંતવન કરતા હતા. મૂર્તિને વારંવાર અંતરમાં ધારીને ચિંતવવા રહેતા છતાં ભક્તજનો

તૃપ્તિ પામતા નહિ. કારણ કે જેટલું દિવ્યસુખ કહેવાય છે, તે બધું આ શ્રીજીમહારાજની મૂર્તિમાં સહજ ભાવે રહ્યું છે.

જ્યારે સંધ્યા-સમય થયો ત્યારે મશાલો પ્રગટી અને સહુએ આરતી તથા ધૂન કરી. અને 'જય જય...જય જય...' આવા શબ્દોનું ઉચ્ચારણ કર્યું. તે પછી સહુ સંતો અને હરિભક્તો શ્રીહરિની આગળ આવીને બેઠા. ત્યારે જે સંતો હતા, તેમને શ્રીહરિએ કહ્યું, 'ચરોતર અને ગુજરાત પ્રદેશમાં ઘણા હરિભક્તો છે, તે સહુની આગળ તમારે સત્સંગની વાત કરવી. વેદ અને પુરાણમાં લખેલા સાધુતાનાં વર્તનની વાત તમારે કહેવી. જે કેવળ પેટ ભરવા માટે જ ત્યાગી થયા હોય અને જેણે નિયમ અને ધર્મ છોડી દીધા હોય, તેવા ત્યાગીઓને સંસારી લોકો સ્ત્રી, ધન તથા પુત્રને માટે માને પૂજે છે, પણ તેમનો મોક્ષ થતો નથી. જે લોકો સ્ત્રી, ધન અને પુત્ર પ્રાપ્ત કરવામાં જ સાર માનતા હોય છે, તે બધા તો પશુના જેવા કહેવાય છે. તેમનો ક્યારેય ઉદ્ધાર થતો નથી. તો તમારે મુમુક્ષુ જીવોની આગળ આવી વાત કરવી. તેનાથી તેઓ સત્સંગ સ્વીકારશે અને તત્કાળ સંસારના પારને પામશે. દુર્લભ મનુષ્યદેહને પામીને પણ જે ભવસાગરને તરવા માટે ઉપાય કરતા નથી, તેમનો મનુષ્યદેહ વ્યર્થ થાય છે. તમારે લોકો આગળ આવી વાત કરવી. હવે સમૈયો પૂરો થયો છે. અમે પાછલી રાતે ગઢપુર જવા નીકળશું.'

આટલી વાત કહીને શ્રીહરિ સહુ સંતોને ભેટ્યા અને જે કરવાની હતી તે બધી વાતો કહી. સહુ હરિભક્તોને પણ પોતપોતાને ઘેર જવા માટે રજા આપી. અને તે પછી શ્રીહરિ ગામમાં પધાર્યા. આવીને પલંગ ઉપર પોઢી ગયા. રાત બે ઘડી બાકી રહી ત્યારે ઊઠ્યા. અશ્વ તૈયાર કરાવ્યો અને તેના ઉપર હરખભેર અસવાર થયા. શ્રીહરિની સાથે જે કાઠી દરબારો અને પાર્ષદો હતા તે બધા પણ તૈયાર થયા અને સત્વરે ચાલતા થયા. વડતાલથી ગઢપુર આવ્યા.

●

## ● વડતાલમાં ભગવાન શ્રીહરિએ વેદાંતાચાર્યનો પરાજય કર્યો :

ભગવાન શ્રીહરિ ગઢડામાં હતા ત્યારે તેઓને સમાચાર મળ્યા હતા કે વેદાંતાચાર્ય ભાવનગરમાં ચાતુર્માસ કરવા રોકાવાના હતા. તેથી શ્રીહરિએ તેમના ઉપર પત્ર લખી એક બ્રાહ્મણને તે પત્ર તેમને પહોંચાડવા ભાવનગર મોકલ્યો. વેદાંતાચાર્યે ભગવાન શ્રીહરિનો પત્ર વાંચ્યો. તેમનું અંતર ઈર્ષ્યાના ભાવથી પીડિત હતું. તેમણે શ્રીહરિના પત્રનો જવાબ આપ્યો નહીં.

ભગવાન શ્રીહરિ વડતાલથી ગઢડા પધાર્યા અને ત્યાં પ્રબોધિની એકાદશીનો ઉત્સવ ઉજવ્યો. એકાએક મહારાજને વેદાંતાચાર્યને યાદ કર્યા. એટલામાં નથુ ભટ્ટ અમદાવાદથી ત્યાં આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! વેદાંતાચાર્ય તો અત્યારે શ્રીનગરમાં છે. મને મળ્યા હતા અને આપના ઉપર આ પત્ર લખી આપ્યો છે."

ભગવાન શ્રીહરિએ તે પત્ર શુકાનંદ સ્વામીને આપ્યો. સ્વામીએ તે પત્ર વાંચ્યો એટલે મહારાજે કહ્યું : "આપણે સૌ વડતાલ જઈએ. વેદાંતાચાર્યને ત્યાં બોલાવીએ." એમ કહીને સૌને તૈયાર થવાનું કહ્યું.

ત્યારે જીવુબાએ પૂછ્યું : "મહારાજ ! હજુ તો હમણાં જ આપ વડતાલથી પધાર્યા અને એટલી ઉતાવળ કરી પાછા વડતાલ પધારો છો ?"

એટલે મહારાજે હસતાં હસતાં કહ્યું : "જીવુબા ! દિગ્વિજય કરવો છે. એકાંતિક ધર્મના પાયા ઊંડા નાખવા છે. સંપ્રદાયને વિશ્વવ્યાપી બનાવવો છે."

જીવુબાને આમાં કાંઈ સમજ્યાં નહીં, પરંતુ તેમને લાગ્યું કે મહારાજ કોઈ સબળ હેતુ વિના આટલા થોડા જ વખતમાં પાછા વડતાલ ન પધારે. તેમણે કહ્યું : "ભલે મહારાજ ! પધારો."

દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર, માતરા ધાધલ વગેરે ભક્તોને તૈયાર કર્યા. ભગવાન શ્રીહરિ ગઢપુરથી નીકળી સારંગપુર થઈને રોજકા પધાર્યા. અહીં કાકાભાઈએ બહુ જ સેવા કરી. ત્યાંથી ભાલમાં ખસ થઈને પચ્છમ પધાર્યા. કમિયાળામાં જમ્યા. બોરુમાં પ્રશ્નોરા બ્રાહ્મણ હરિભક્તને ત્યાં રાત રહ્યા. તેનો ભાવ હતો તેથી ત્યાં પણ જમ્યા અને પછી ત્યાંથી નીકળી સીંજીવાડા થઈને વડતાલ પધાર્યા.

આટલા થોડા જ દિવસોમાં મહારાજ ફરી વડતાલ પધાર્યા તેથી ત્યાંના ભક્તોને આશ્ચર્ય થયું અને આનંદ પણ થયો. વાસણ સુથારના ઘેરે મહારાજે ઉતારો કર્યો.

પછી મુક્તાનંદ સ્વામીને ભગવાન શ્રીહરિએ બોલાવ્યા. તેમને કહ્યું : "તમે એક રથ અને આ રવાજી તથા બીજા બે પાર્ષદો લઈને શ્રીનગર જાઓ. વેદાંતાચાર્ય હાલ ત્યાં છે, તો તેમને કહો કે સ્વામિનારાયણ ભગવાન વડતાલ પધાર્યા છે અને તમને ત્યાં તેડાવ્યા છે."

મુક્તાનંદ સ્વામી તરત જ પાંચ સંતોને લઈને રથમાં બેસી અમદાવાદ જવા રવાના થયા. બીજે દિવસે અમદાવાદ પહોંચ્યા. ત્યાં સંતોની જગ્યામાં ઊતર્યા. નથુ ભટ્ટને ખબર આપ્યા. તેમણે વેદાંતાચાર્યને સમાચાર આપ્યા કે 'તમને સ્વામિનારાયણ ભગવાને ખાસ વડતાલ તેડાવ્યા છે. અમારા મુખ્ય સંત જે મુક્તાનંદ સ્વામીને તેમણે તમને લેવા માટે મોકલ્યા છે.'

વેદાંતાચાર્ય આ સાંભળી રહ્યા. તે વિદ્વાન હતા એનું તેમને અભિમાન હતું. અભિમાનીની મોટપમાં તે રાચતા હતા. છતાં ભગવાન શ્રીહરિના આમંત્રણથી તેને બીક લાગી કે કદાચ મારી મોટપ ચ્યવી તો નહીં જાય ને ! તેથી તેને મહારાજનું આમંત્રણ સ્વીકારતા સંકોચ થવા લાગ્યો. વળી, અન્ય વેરાગીઓએ પણ તેમને કહ્યું : ''સ્વામિનારાયણને ગરજ હોય તો તે અહીં આવે તમારે શા માટે સામા જવું ?'' છતાં વેદાંતાચાર્યને મનમાં થયું કે વડતાલ જઈશ તો કાંઈક પુરસ્કાર મળશે. વળી, જીત કરીશ તો સ્વામિનારાયણને પાછા પાડવા બદલ પ્રતિષ્ઠા પણ મળશે. તેણે તરત જ ભગવાન શ્રીહરિનું આમંત્રણ સ્વીકારી લીધું.

અમદાવાદથી મુક્તાનંદ સ્વામી વેદાંતાચાર્ય સાથે નીકળી ડભાણ આવી રાત રહ્યા. બીજે દિવસે બપોરે ડભાણથી નીકળ્યા. બામરોલી આવ્યા. મહારાજને તરત જ તખા પગીએ સમાચાર આપ્યા.

**સામા જઈને સનમાન કીધું, રૂડી રીત્યે તેને માન દીધું; પાટે બેસારી પૂજા કરાવી, ફૂલમાળા તો પોતે પહેરાવી.**
**રૂડી રીત્યની રસોઈ દીધી, ચોંપે કરીને ચાકરી કીધી; પછી બોલ્યા વેદાંતાચારજ, પૂછો તમે પ્રશ્ન મને આજ.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૭/૨૭-૨૮)

ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તોને લઈને વેદાંતાચાર્યનું સન્માન કરવા બામરોલી પધાર્યા. અહીં તેમનું યથાયોગ્ય સન્માન કર્યું. લાખો મનુષ્યો જેમને પરમાત્મા સમજી પૂજે છે, વંદે છે, ભજન કરે છે, તે અનંતકોટિ બ્રહ્માંડાધિપતિ ભગવાન શ્રીહરિ વિદ્વાન આચાર્યની પદવીને સન્માનવા આ રીતે સન્મુખ પધાર્યા. છતાં વેદાંતાચાર્ય વિદ્વત્તાનો ઘમંડ છોડી શક્યા નહીં. સંતોએ, હરિભક્તોએ આ જોઈ લીધું, પણ મહારાજની દૃષ્ટિ અલ્પને મેરુ બનાવવાની હતી. તેનું માન મોડવાની ન હતી.

વડતાલ આવી આંબાવાડિયામાં આંબા નીચે સભા કરી વેદાંતાચાર્યનું ફૂલહારથી સન્માન કર્યું. ત્યાં જ સંધ્યા આરતી કરી. પછી મહારાજ ઊભા થયા. વેદાંતાચાર્ય પણ ઊઠ્યા. મહારાજે જોબનપગીને કહ્યું : ''આ વેદાંતાચાર્યજીને નારાયણગિરિના મઠમાં ઉતારો આપો. ઘી, ખાંડના સીધાં આપજો અને સારી રીતે સેવા કરજો.''

જોબનપગી વેદાંતાચાર્યને નારાયણગિરિના મઠમાં લઈ આવ્યા. તેમની તમામ પ્રકારે સગવડતા સચવાય તેવી વ્યવસ્થા કરી દીધી. બે હરિભક્તો તેમની સેવામાં રાખ્યા.

જોબનપગી ભગવાન શ્રીહરિ પાસે આવ્યા અને તમામ વ્યવસ્થા કરી દીધી હતી તે વાત કરી. બાપુભાઈ તથા અન્ય હરિભક્તો પણ ત્યાં બેઠા હતા. બાપુભાઈએ કહ્યું : ''મહારાજ ! આ કોણ છે ? મોઢા ઉપરથી તો ઘમંડી દેખાય છે.''

એટલે સુરાખાચરે કહ્યું : ''મહારાજને આવા ને આવા ઠીક મળી રહે છે.''

ભગવાન શ્રીહરિ તે સાંભળી હસ્યા. પછી કહ્યું : ''આ તો વિદ્વાન વિપ્ર છે, રામાનુજ સંપ્રદાયના છે. ભગવાનનું દાસભાવે ભજન કરે છે, એટલે અમને પ્રિય છે.''

''પણ મહારાજ ! એના ઘમંડમાં કાંઈ દાસભાવ તો દેખાતો નથી.'' સુરાખાચરે કહ્યું.

''છતાં તે આત્મનિવેદી છે, કોઈના હાથનું પાણી પણ તેમને ખપતું નથી, રસોઈ પણ હાથે જ બનાવે છે, શિખા, સૂત્ર, તિલક, કંઠી રાખે છે. રામાનુજ સંપ્રદાયની પરંપરાની ગાદી ઉપર છે તેથી આચાર્ય કહેવાય છે. ત્રિદંડ રાખે છે અને વિષ્ણુ ભગવાનના આયુધોની છાપો લઈ ચક્રાંકિત પણ થયા છે. તેમનામાં આટલા ગુણ છે તેથી તેમના ઘમંડ ઉપર અમારી દૃષ્ટિ નથી, ગુણ ઉપર દૃષ્ટિ છે.''

ભગવાન શ્રીહરિનો અભિપ્રાય સૌ સમજી ગયા.

બીજે સવારે જે હરિભક્તો વેદાંતાચાર્યની સેવામાં હતા તેમણે મહારાજ પાસે આવીને કહ્યું : ''મહારાજ ! આ વેદાંતાચાર્ય કૂવેથી જાતે જ પાણી ભરીને લાવ્યા, રસોઈ પણ હાથે જ બનાવી અને વિષ્ણુ ભગવાનને થાળ જમાડીને પછી જ એ પ્રસાદી જમ્યા.'' આ સાંભળી મહારાજ પાસે જે હરિભક્તો બેઠા હતા તેમને મહારાજે આગલી રાત્રે કહેલી વાતની પ્રતીતિ થઈ.

ભગવાન શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''આજે આપણે સભા કરવી છે, આંબાવાડિયામાં સભા ગોઠવવાની વ્યવસ્થા કરજો.''

મુક્તાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે આંબાવાડિયામાં સભાની વ્યવસ્થા કરી દીધી. આંબા નીચે ભગવાન શ્રીહરિ માટે પાટ ગોઠવી. બધી જ વ્યવસ્થા પૂરી થઈ એટલે મહારાજ ત્યાં પધાર્યા. એક જ પાટ ગોઠવી હતી તેથી મહારાજે કહ્યું: ''વેદાંતાચાર્ય તો રામાનુજ સંપ્રદાયની ગાદીના આચાર્ય છે. તેમના સ્થાનને ઘટે તે પ્રમાણે તેમનું આસન ગોઠવવું જોઈએ. માટે બીજી પાટ મંગાવો

અને અમારી જોડાજોડ પાટ ગોઠવો.'' ધર્મસભામાં પણ શિષ્ટાચારને કેટલું સ્થાન છે તે મહારાજના આ સૂચનથી સૌ સમજી ગયા.

સભાસ્થાનમાં ભગવાન શ્રીહરિ પધાર્યા છે તે જાણી સૌ સંતો-હરિભક્તો આવી ગયા. વેદાંતાચાર્યને બોલાવવા હરિભક્તોને મોકલ્યા. તેમણે રસોઈ તૈયાર કરી લીધી હતી. એટલે વિષ્ણુ ભગવાનને નૈવેદ્ય ધરાવી જમીને તરત જ હરિભક્તો સાથે સભામાં આવ્યા. ભગવાન શ્રીહરિ તેમને આવતા જોઈ ઊભા થયા અને હાથ પકડી પોતાની બાજુમાં જ ગોઠવેલી પાટ ઉપર બેસાર્યા.

પછી ભગવાન શ્રીહરિએ તેમને કહ્યું : ''આચાર્યજી ! આપની મરજી હોય તો આપણે હવે કાંઈક પ્રશ્ન-ઉત્તર કરીએ, જેથી તમારી શંકાઓનું નિવારણ થાય અને અમને પણ તમને સંતોષ પમાડ્યાનો આનંદ થાય.''

એટલે તેમણે કહ્યું : ''ભલે.''

**પછી પ્રભુ બોલ્યા એમ રહી, અમે ત્યાગી ને તમે છો ગૃહી; પૂછતાં વળી પ્રશ્ન તમને, ઘણો વિચાર થાય છે અમને.**
**ત્યારે બોલ્યા આચારજ એમ, એવું મનમાં ધારો છો કેમ; બ્રહ્મવિદ્યા બત્રીશ પ્રકાર, કહો તો કહી દેખાડું આ વાર.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૭/૨૯-૩૦)

પછી મહારાજે કહ્યું : ''તમે ગૃહસ્થ છો અને અમે ત્યાગી છીએ તેથી પહેલા આપ અમને પ્રશ્ન પૂછો, કારણ કે ત્યાગી ગૃહસ્થને પ્રશ્ન પૂછે તે શાસ્ત્રની દૃષ્ટિએ અયોગ્ય કહેવાય.''

તે સાંભળી વેદાંતાચાર્યે કહ્યું : ''આપ ખુશીથી જે પૂછવું હોય તે પૂછો. કહો તો બત્રીસ પ્રકારની બ્રહ્મવિદ્યા કહી બતાવું અને કહો તો વેદાદિક શાસ્ત્રોનું સમગ્ર રહસ્ય કહી બતાવું.''

ભગવાન શ્રીહરિને આ સાંભળી આનંદ થયો. પછી વેદાંતાચાર્યને પૂછ્યું :

**જ્યારે ગુરુ કરે કોઈ શિષ્ય, આપે મહાવાક્ય ઉપદેશ; તેને પૂછું હું જુજવા પાડી, દિયો દ્વાદશ રૂપ દેખાડી.**
**એમાં કરીશ આશંકા હું ઘણી, નહિ ચાલે ચતુરાઈ તમ તણી; પ્રજ્ઞાનમાનંદ બ્રહ્મ જેહ, વળી અયમાત્મા બ્રહ્મ તેહ.**
**અહં બ્રહ્માસ્મિ જેહ કહીએ, તત્ત્વમસિ તે કેમ લહીએ; તૈયે બોલ્યા આચાર્ય તે વાર, એના પણ છે બે પરકાર.**
**એમ કહીને વાળ્યા છે ગોટા, કર્યા ઉત્તર તે થયા ખોટા; પછી પ્રભુપાય લાગી ચાલ્યા, આવ્યા દાંત રહ્યા નહિ ઝાલ્યા.**
**વળી પૂછ્યું પોતે બીજે દન, ક્યાંથી થયા વેદ ઉત્પન; કહેશો અનાદિ છે એહ વેદ, તોયે કહ્યો જોશે તેનો ભેદ.**
**કહેશો વેદ નારાયણ થકી, તોય વિક્તિ પાડી જોશે પકી; પછી બોલ્યા આચારજ સોય, એના પણ પ્રકાર છે દોય.**
**જ્યારે પ્રલય થાય છે બ્રહ્માંડ, ત્યારે વડ એક રહે છે અખંડ; તિયાં રહે છે નારાયણ વેદ, એક તો એમ સમજવો ભેદ.**
**ત્યારે મહારાજને આવી હાંસી, પણ હસ્યા નહિ અવિનાશી; કહે નાથ સુણો ને આચાર્ય, એનું અમને થાય છે આશ્ચર્ય.**
**જ્યારે પંચભૂત નાશ થાય, ત્યારે વડે તે કેમ રહેવાય; એનો ઉત્તર છે કાંઈ એ તે, આવડે તો કહો બીજી રીતે.**
**વારુ એ તો રહેવા હવે દિયો, બીજું પ્રશ્ન તે સાંભળી લિયો; ભગવાને કહ્યું ગીતા માંય, જીવ અંશ તે મારો કહેવાય.**
**તૈયે બોલ્યા આચારજ એમ, પ્રભુનો અંશ કહેવાય કેમ; એને અક્ષરનો અંશ કહીએ, પછી નાથજી બોલ્યા છે તૈયે.**
**અક્ષર શબ્દનો અર્થ છે શિયો, પ્રથમ એનો ઉત્તર તો દિયો; કહે ન ક્ષરે અક્ષર તેહ, એનો અર્થ તો થાય છે એહ.**
**ત્યારે નાથ કહે જીવ કેમ ખર્યો, જો ખર્યો તો અક્ષર ન ઠર્યો; વળી જીવ છે અછેદ્ય અભેદ્ય, ત્યારે અક્ષરમાં કેમ છેદ.**
**એનો એમ ઉત્તર નોય કાંય, નથી સમજાવવા સંપ્રદાય; તોય અજાણ્યા થઈને નાથ, લાગ્યા પાય પછી જોડી હાથ.**
**આચારજની મૂંઝાણી મત્ય, થયો ગાભરો ગઈ હિમત્ય; હતો અહંકાર જે એને મને, તે તો ગળ્યો જાણ્યું સહુ જને.**
**નાથ કહે એને કહેશો મા કોય, આપો રૂપૈયા શત એને દોય; એમ દયા કરી એને માથે, એણે ભૂંડું કર્યું એને હાથે.**
**આગળ જઈને અવિદ્યા કરી, નાખી રજ સૂર્ય સામી ખરી; તે તો પડી એના મુખ માંઈ, સૂરજને અડી નહિ કાંઈ.**
**એવું ચરિત્ર કરી દયાળ, પછી પધાર્યા દેશ પંચાળ; કરી લીલા એ વરતાલે વસી, માગશર સુદિ એકાદશી.**
**તે દિ લીલા કરી વરતાલ, સહુ જનને કર્યા નિયાલ; એમ ચરિત્ર કરે નિત્ય નવાં, નિજ જનને સુખ આપવા.**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૭૭/૩૨-૫૦)

પછી શ્રીહરિએ તે આચાર્યના પ્રત્યે કહ્યું, 'તમે ગૃહસ્થ છો અને અમે ત્યાગી છીએ. આપણા બંનેના આશ્રમ જુદા જુદા છે, એટલે એક રાગ કહેવાય નહિ. તમને મારે પ્રશ્ન પૂછવાની ઇચ્છા થાય છે, છતાં મનમાં ઘણો વિચાર આવે છે. જો તમારી ઇચ્છા હોય તો અમે પ્રશ્ન પૂછીએ. ત્યારે આચાર્યે હોશિયારીથી કહ્યું, 'મને પૂછો, મારી ઇચ્છા જ છે. હું ઉત્તર આપીશ. જો આપ કહો તો હું અત્યારે જ બત્રીશ પ્રકારની બ્રહ્મવિદ્યા કહેવાય છે તે અલગ અલગ રીતે કહી સંભળાવું. તેમાં રંચમાત્ર પણ સંદેહ નથી.

આપને જે કાંઈ પૂછવું હોય તે પૂછો. હું બધા જ ઉત્તર આપીશ.'

ત્યારે શ્રીહરિએ જે પૂછવાની બાબત હતી તે અંગે કહ્યું કે, 'કોઈ શિષ્ય ગુરુને શરણે જાય ત્યારે તે શિષ્યને ગુરુ મહાવાક્યનો ઉપદેશ કઈ રીતે આપે છે ? તેની રીત જેવી હોય તે કહો. તે મહાવાક્યના બારરૂપો છે તેને દેખાડો અને '**प्रज्ञानं आनंदं ब्रह्म**' (ઐતરેય ઉપનિષદ્ : ૩-૩) '**अयमात्मा ब्रह्म**' (બૃહદારણ્યક ઉપનિષદ્ : ૪-૪-૫) '**अहं ब्रह्मास्मि**', (બૃહદારણ્યક ઉપનિષદ્ : ૧-૪-૧૦) '**तत्त्वमसि**' (છાંદોગ્ય ઉપનિષદ્ : ૬-૮-૭, ૬-૯-૪) તે પ્રત્યેક વાક્યના ઉત્તર અલગ અલગ કરો.' ત્યારે આચાર્ય બોલ્યા, 'તેના ઉત્તરની તો બે રીત છે. જેવો તેમણે અર્થ શીખી રાખ્યો હતો તેવી રીતે તેઓ બોલ્યા, પણ તેમાં શ્રીહરિએ જ્યારે આશંકા કરી ત્યારે તેનો એક પણ ઉત્તર થઈ શક્યો નહિ. વળી ફરીને શ્રીહરિએ વિચાર કરીને બીજો પ્રશ્ન કર્યો કે, 'સહુ પ્રથમ વેદની ઉત્પત્તિ તમે કઈ રીતે માનો છો ?' તે યથાર્થ રૂપમાં કહો. જો તમે વેદને અનાદિ કહેશો તોપણ તેના ભેદ બતાવો. અને નારાયણથી વેદની ઉત્પત્તિ કહેશો તોપણ તે વિગતે કરીને કહો.'

ત્યારે તે આચાર્ય બોલ્યા, 'વેદની ઉત્પત્તિના તો બે પ્રકાર છે. તેને હું યથાર્થ રીતે કહું છું. જ્યારે આ બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે એક અખંડ અને સુંદર સારો વટવૃક્ષ બચી રહે છે. પછી નારાયણરૂપી વેદ તે વટવૃક્ષ ઉપર અખંડ રીતે રહે છે. એક ભેદ તો આ છે, એમ આ વાતને સમજો.' ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, 'તમે જે કહો છો, તેમ હોય તો તો અમને ઘણું આશ્ચર્ય થાય છે. જ્યારે આ બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે પાંચેય મહાભૂતોનો નાશ થઈ જાય છે, તો પછી ત્યાં વટવૃક્ષ અવિનાશી ક્યાંથી રહે ? આ તમારો ઉત્તર બરાબર થયો નથી. હવે બીજો જે ઉત્તર હોય તે કહો.' ત્યારે તે આચાર્યના અંતરમાં અંધકાર થઈ ગયો. કાંઈ પણ સૂઝ્યું નહિ. આચાર્યે જે જે ઉત્તર કર્યા તેને શ્રીહરિએ પ્રમાણરૂપ માન્યા નહિ.

વળી, ફરીને શ્રીહરિએ તેમને બીજો પ્રશ્ન પૂછ્યો, 'શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં અર્જુનના પ્રત્યે કહ્યું છે કે '**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः। मनः षष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति।।**' (૧૫/૭) - જે જીવ છે તે મારો અંશ છે.' તે અંશ કેવી રીતે સમજવો ? તેની સ્પષ્ટતા કરો.' ત્યારે આચાર્ય બોલ્યા કે, 'જીવને પ્રભુનો અંશ કહેવાય નહિ. જીવ તો અક્ષરનો અંશ કહેવાય છે, એમ શાસ્ત્રોમાં અનેક જગ્યાએ કહ્યું છે.' ત્યારે શ્રીહરિ હસતાં હસતાં બોલ્યા કે, 'પહેલા તો તમે અક્ષર શબ્દનો અર્થ કરો અને પછી તમે બીજો ઉત્તર આપો.' ત્યારે આચાર્યે કહ્યું, 'જેનો ક્યારેય વિનાશ ન થાય તે અક્ષર કહેવાય.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અક્ષર અવિનાશી છે, તો પછી તેમાંથી જીવ કેમ ખર્યો (પ્રગટ્યો) ? અને જો અક્ષરમાંથી જીવ ખરતો હોય તો તે અક્ષર કહેવાય નહિ. જીવ તો અછેદ્ય અને અભેદ્ય રહ્યો છે, એટલે તમે અક્ષરમાં ભેદ કઈ રીતે બતાવી રહ્યા છો ? તમે કહ્યું તે રીતે તો તેનો ઉત્તર થતો નથી. તમે કઈ રીતના પંડિત છો ? તે સમજાતું નથી.'

(ત્યારે વેદાંતાચાર્યે પોતાની સાથે આવેલા શિષ્યોને કહ્યું, ''આપણું ગીતાનું પુસ્તક સાથે છે ? જો હોય તો તેમાં જોઈને જવાબ આપું.'' શિષ્યોએ કહ્યું, ''આચાર્યશ્રી ! પુસ્તક તો સાથે નથી લાવ્યા.'' તે વખતે નિત્યાનંદસ્વામી તરત ઊભા થયા અને કહ્યું, ''લ્યો આ મારું ગીતાનું પુસ્તક.'' પંડિતજી જોઈને કહે, ''આ તો ખરું, પણ મારું પુસ્તક હોત તો તેમાં જોઈને જવાબ આપી શકત.''

આ બહાનું સાંભળી સહુને આશ્ચર્ય થયું. મહારાજ સમજી ગયા. તેથી હાથ જોડી વિનયથી પૂછ્યું, ''આચાર્યશ્રી ! આપની અનુજ્ઞા હોય તો અમારા શિષ્ય આ નિત્યાનંદ સ્વામી અમારા તમામ પ્રશ્નોના ઉત્તરો આપે.'' પછી પંડિતજીએ સંમતિ દર્શાવી. તેથી નિત્યાનંદ સ્વામી ઊભા થયા. પ્રગટ ભગવાન શ્રીહરિના ચરણોમાં શીશ નમાવી પગે લાગ્યા. તેમને જ પ્રકાશકપણે રહેવા પ્રાર્થના કરી. પછી પંડિત અને સભાસદોને વંદન કરી ઉત્તર આપવા લાગ્યા. સ્વામીએ કહ્યું, ''વેદના આ મહાવાક્યો પરબ્રહ્મ પુરુષોત્તમનો મહિમા સમજાવે છે. શ્રીહરિની કૃપાથી રામાનુજના સિદ્ધાંત પ્રમાણે તેના અનુક્રમથી ઉત્તર આપું છું.

(૧) **प्रज्ञानं आनंदं ब्रह्म** :- આ પહેલા મહાવાક્યના ત્રણેય પદનો જુદો જુદો અર્થ આ પ્રમાણે છે. પ્રજ્ઞાનં એટલે જેમાં સર્વોત્કૃષ્ટ જ્ઞાન રહ્યું છે તેવા. આનન્દં એટલે જેમાં અપાર આનંદ ભર્યો છે તેવા. બ્રહ્મ એટલે સર્વાધાર, સર્વવ્યાપક પરબ્રહ્મ. ત્રણેયનો સળંગ અર્થ એવો થાય કે, સર્વજ્ઞ, આનંદના મહાસાગર અને સર્વાધાર એવા પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છે.

(૨) **अयमात्मा ब्रह्म** :- આ બીજા મહાવાક્યમાં અયં એટલે તમામ જીવ-ઈશ્વરોના જે ઉપાસ્ય સ્વરૂપે રહ્યા છે તે. આત્મા એટલે જીવ, માયા, ઈશ્વર અને અક્ષરબ્રહ્મના આધાર અને પ્રકાશક એવા અંતર્યામી. બ્રહ્મ એટલે ઉપર જેને ઉપાસ્ય અને અંતર્યામી કહ્યા તે બીજો કોઈ નહિ પણ પરબ્રહ્મ પોતે છે. સળંગ અર્થ થયો :- જીવ, ઈશ્વર અને બ્રહ્મકોટિના જે ઉપાસ્ય, નિયંતા અને પ્રકાશક છે તે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છે.

(૩) **अहं ब्रह्मास्मि** :- આ ત્રીજા મહાવાક્યમાં પણ અહં, બ્રહ્મ અને અસ્મિ આ ત્રણેય પદનો પોત પોતાનો અર્થ જુદો જુદો છે, પ

રંતુ અહિં વિશેષણ-વિશેષ્ય ભાવથી એક જ અર્થ માટે વપરાયા છે. તેને જ સામાનાધિકરણ્ય કહેવાય છે. સંસ્કૃત ભાષાનો એક નિયમ છે, '**भिन्नप्रवृत्तिनिमित्तानां एकस्मिन्नर्थे वृत्तिः सामानाधिकरण्यम् ।**' આ નિયમ પ્રમાણે આ મંત્ર ભગવાનનો સર્વશરીરી કે સર્વાત્માપણાનો બહુ મોટો મહિમા સમજાવે છે. અહં એટલે જીવાત્મા જેનું શરીર છે એવા જીવ શરીરક પરમાત્મા. અસ્મિ એટલે જડ માયા જેનું શરીર છે એવા માયાશરીરક પરમાત્મા. બ્રહ્મ એટલે ચિદ્ અને અચિદ્થી સર્વ રીતે ચડિયાતા એવા વ્યાપક વિશાળ પરમાત્મા. સળંગ અર્થ થયો :- તમામ ચેતન અને જડ એ બન્નેના શરીરી તથા રૂપ, ગુણ અને સ્વરૂપ-સ્વભાવથી શ્રેષ્ઠ એવા એક પરમાત્મા જ છે. તમે શંકા કરશો કે, અહં અને અસ્મિ આ બન્ને શબ્દ લોકમાં તો જે તે બોલનાર વ્યક્તિ માટે વપરાય છે. તેનો અર્થ તો 'હું છું' એવો જ પ્રસિદ્ધ છે. તો આ તમે બતાવ્યો એવો અર્થ કેવી રીતે થાય ?

તો તેનું સમાધાન એ છે જે, તમે જે કહ્યો એ તો લૌકિક અર્થ છે. અજ્ઞાની માણસ પૂરું સમજતા નહિ હોવાથી એટલો જ સીમિત અર્થ સમજી બેસે છે. ખરેખર શબ્દોના અર્થનો નિયમ એવો છે કે, '**शरीरवाचकशब्दाः शरीरिपर्यन्तबोधजनकाः भवन्ति।**' એનો ભાવાર્થ એવો છે કે, શરીરનો બોધ કરાવનાર જે કોઈ શબ્દો છે તે બધા જ ફક્ત શરીરનો જ નહિ પણ તેના શરીરી એટલે આત્મા સહિતનો જ અર્થ બતાવે છે. એવો જ એથી ઉલ્ટો નિયમ છે કે, '**शरीरिवाचकशब्दाः शरीरमपि बोधयति ।**' અર્થાત્ આત્માનો બોધ કરાવનાર શબ્દો તેના શરીરનો પણ બોધ કરાવે છે. એટલે જ એવું કહેવાય છે કે, '**शरीरशरीरिणोः अभिन्नत्वेन व्यवहारः**' - શરીર તથા શરીરીનો એકપણે જ વ્યવહાર થાય છે, જેમ કે, આ પુરુષ બહુ ભક્તિ કરે છે. અહીં પુરુષ શબ્દ શરીરવાચક છે છતાં તેના શરીરી એવા આત્મા સહિતનો અર્થ જણાવે છે. કારણ કે, ભક્તિ, શરીર નહિ પણ આત્મા કરે છે.

અહીં સમજવા જેવી ખાસ બાબત એ છે કે, જીવ, ઈશ્વર, બ્રહ્મ અને માયાના આકારમાત્ર એ બધું જ ભગવાનનું શરીર છે. ભગવાન તેના ધારક, વ્યાપક અને નિયંતા હોવાથી તેના શરીરી છે. એટલે એનો મતલબ એ થયો કે, આ જગતમાં હું, તું કે તે, અમે, તમે કે તેઓ આ જે કાંઇ છે તે બધા જ ભગવાનના સ્વરૂપો છે. અને તેના માટે જેટલા કાંઇ શબ્દો વપરાય છે; વળી, તે પરમાત્મા માટે બ્રહ્મ, પરબ્રહ્મ કે ભગવાન જેવા જેટલા શબ્દો પ્રયોજાય છે તે બધા જ ચિદ્-અચિદ્ સહિતનો જ અર્થ જણાવે છે. અર્થાત્ ભગવાન પણ જ્યારે 'હું' એવું બોલે છે ત્યારે તે ચિદ્-અચિદ્ સહિત જ પોતાને અનુભવે છે. તેના હું માં કાંઈ જ બાકી રહેતું નથી. એટલે તો '**एकोऽहं बहु स्याम् प्रजायेय**' એમ તે સૃષ્ટિના આરંભમાં બોલ્યા છે.

આ રહસ્યને યથાર્થ સમજતા હોય એવા જે જ્ઞાની કે પરમ પ્રેમી સત્પુરુષ હોય છે, તે જ્યારે હું અથવા તો હરિ એવું બોલે છે ત્યારે તે બન્ને શબ્દોથી સર્વશરીરી એવા શ્રીહરિને જ પોતાની મતિમાં ધારે છે. આ રીતે **अहं ब्रह्मास्मि** એવું વેદનું મહાવાક્ય એક પામી ગયેલા પુરુષની સ્થિતિ બતાવે છે. તે પોતાનું શરીર અને જીવ એ બન્નેના આત્મા એવા પરમાત્મા સાથે આત્મબુદ્ધિ કરીને બોલે છે. બૃહદારણ્યક ઉપનિષદ્માં તેનું પ્રમાણ છે '**ऋषिः वामदेवः प्रतिपेदे , अहं मनुरभवं सूर्यश्च इति।**' (એક વામદેવ નામના મહાન ઋષિ ભગવાન સાથે તાદાત્મ્ય સ્થિતિને પામ્યા પછી આવું બોલે છે, ''હું મનુ બન્યો હતો. હું જ સૂર્ય થયો છું.'')

વળી, નિત્યાનંદ સ્વામી આગળ કહે છે (૪) **तत्त्वमसि** :- હવે ચોથા મહાવાક્યનો અર્થ કહું છું. આનો પણ શરીર-શરીરી ભાવથી ઉપર કહ્યો એવો જ અર્થ છે. પણ આ મંત્રમાં એક સમર્થ સદ્ગુરુ તેના પ્યારા શિષ્યને આ દિવ્ય બોધ કરાવે છે. તત્ એટલે સર્વકારણ, સર્વગુણપરિપૂર્ણ અને સર્વદોષ રહિત એવા પરબ્રહ્મ. ત્વમ્ એટલે જેની સાથે વાત કરે છે તે ચેતનના પ્રકાશક પરમાત્મા. અસિ એટલે સામે રહેલ જડ શરીરભૂત માયાના પ્રકાશક પરમાત્મા. સળંગ અર્થ એવો થયો કે :- સર્વકર્તા, સર્વકારણ, સર્વગુણપરિપૂર્ણ અને સર્વદોષરહિત એવા જે પરબ્રહ્મ તે જ જડ-ચેતનના આત્મા છે. અર્થાત્ ગુરુ શિષ્યને એ સમજાવે છે કે, 'તું પણ ચિદ્-અચિદ્ વિશિષ્ટ એવા પરમાત્માનું જ શરીર છો. તું તેનું જ સ્વરૂપ છો. તું તેનાથી લેશ પણ સ્વતંત્ર નથી.' આ રીતે નિત્યાનંદસ્વામીના શાસ્ત્ર સંમત અર્થ સાંભળીને સભાજનો રાજી થયા. પંડિતજી તો સામે ને સામે જ જોઈ રહ્યા.

નિત્યાનંદ સ્વામીએ વેદની ઉત્પત્તિ કેમ થઈ ? તેનો ઉત્તર આપતા કહ્યું, સૃષ્ટિના પ્રારંભમાં ભગવાને ૨૪ તત્ત્વોથી વિરાટ સર્જ્યા. પછી તેમાં પ્રવેશ કરી તેની ક્રિયા કરવા સમર્થ કર્યા. પછી પુરુષોત્તમનારાયણે તે વિરાટમાં રહિને અક્ષરબ્રહ્માત્મક નાદ કર્યો. તે ૐકાર રૂપે તેના મુખથી પ્રગટ થયો. પછી તેમાંથી બાવન વર્ણરૂપે થઈને ચાર વેદરૂપે થયો. આમ વેદોને સ્વયં પ્રભુએ જ પ્રગટ કર્યા. પણ કોઈએ તેને સ્વબુદ્ધિથી રચ્યા નથી. તેથી અનાદિ કહેવાય છે.

વળી, શ્રીહરિનો છેલ્લો પ્રશ્ન જે, જીવને ભગવાનનો અંશ કહ્યો છે તે કેમ સમજવું ? તેનો ઉત્તર આપતા નિત્યાનંદ સ્વામીએ કહ્યું, અંશ શબ્દનો એક અર્થ શાસ્ત્રમાં સામર્થ્ય પણ કરવામાં આવ્યો છે. જે જીવ ભગવાનની શરણાગતિ લઈ ભક્તિ-ઉપાસના કરે છે, તે ભક્તને ભગવાન માયામાં લેવાય જાય નહિ એવું સામર્થ્ય આપે છે. આમ ભગવાનના ઐશ્વર્યનો અંશ તેમાં આવ્યો, એટલે

આવા મુક્તજીવને ભગવાને પોતાનો અંશ કહ્યો છે. પણ જીવ કાંઈ પરબ્રહ્મ કે અક્ષરબ્રહ્મનો જુદો પડેલો ટુકડો નથી. એ તો શાસ્ત્ર વિરુદ્ધ વાત છે. શ્રીહરિ અને સંતો, નિત્યાનંદ સ્વામીના ઉત્તરો સાંભળી રાજી રાજી થઈ ગયા. સભામાં સહુએ જય જયકાર કર્યો.)

તે પછી તો આચાર્ય મનમાં અપરંપાર મૂંઝાયા. તેથી શ્રીહરિ હાથ જોડીને તેને પગે લાગ્યા, પણ તે આચાર્ય લેશમાત્ર પણ નમ્યા નહિ. આચાર્યનો પંડિતપણાનો અહંકાર કે ગર્વ જેટલો હતો તે બધો નાશ પામ્યો, એમ સહુ લોકોને જણાયું. શ્રીહરિએ જેટલા પ્રશ્ન પૂછ્યા, તે બધા આચાર્યને તો અગાધ દેખાયા.

પોતાનાથી કાંઈ જ ઉત્તર ન અપાયો ત્યારે તેમના મનમાં ઘણો સંતાપ થયો. સભામાં સૌને વેદાંતાચાર્યની દયાજનક પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો, પરંતુ ભગવાન શ્રીહરિએ સૌને સાનમાં સમજાવી દીધું કે આચાર્યને અપમાન જેવું લાગે તેવું કોઈએ બોલવું નહીં. શ્રીહરિએ વાત એકદમ ફેરવી દીધી અને જિયર સ્વામીની ગાદીની પરંપરા ઉપર વાત કરવા લાગ્યા. પછી સભા બરખાસ્ત કરી. વેદાંતાચાર્યને ભગવાન શ્રીહરિએ ત્રણ દિવસ રહેવાનું આગ્રહપૂર્વક કહ્યું, પણ તેમને તો હવે આ સ્થાન જ અકારું થઈ પડ્યું. તે તેમના ઉતારે ગયા.

ભગવાન શ્રીહરિએ બાપુભાઈને બોલાવીને કહ્યું : "આ આચાર્યને આપણે ત્રણ દિવસ રહેવાનું કહ્યું છે પણ તે રોકાશે નહીં. વહેલી સવારે નીકળી જશે. માટે તેમને આપણે કંઈક પુરસ્કાર આપી સન્માનવા જોઈએ. તમે તેમને બસો રૂપિયા આપી આવજો."

બાપુભાઈ હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! આવા ઘમંડીના વળી સન્માન તે હોતાં હશે ?" છતાં મહારાજે આજ્ઞા કરી તેથી નારાયણગિરિના મઠમાં જઈ બાપુભાઈ તેમને બસો રૂપિયા આપી આવ્યા.

વહેલી સવારે વેદાંતાચાર્ય વડતાલથી નીકળી નડિયાદ પહોંચી ગયા. નડિયાદમાં વેદાંતાચાર્યે પોતાના પરાજયને ઢાંક્યો. ત્યાંના લોકોએ પૂછ્યું : "તમો વડતાલ ગયા હતા તો ત્યાં ક્યા પ્રકારનો શાસ્ત્રાર્થ થયો ? શું બન્યું ? તે તો કહો. આજે આ કળિયુગમાં ભગવાન સ્વામિનારાયણનો ઉઘાડો પ્રતાપ દેખાય છે. તેમના સંતો વિદ્વાન છે, સાધુગુણે યુક્ત છે. અષ્ટપ્રકારે બ્રહ્મચર્ય પાળે છે અને છતાં તેમના ગુણનું તેમને અભિમાન નથી. તેમના હરિભક્તો હજારોની સંખ્યામાં છે, તેમના સંબંધથી સર્વ ધર્મવાળા છે અને ધર્મે સહિત ભક્તિ કરે છે. આટલા હજારો માણસોને ધર્મ પળાવવો એ તો ભગવાન વિના બીજાથી બની શકે નહીં."

વેદાંતાચાર્યને ભગવાન શ્રીહરિની પ્રશંસાના આ શબ્દો ગમ્યા નહીં. તેમણે તરત જ કહ્યું : "એ તો બધો દંભ છે. પોતાને મનાવવાની, પૂજાવવાની ઈચ્છા છે. ઉપરથી તમને સૌને ધર્માચરણ જેવું દેખાય પણ તે તો બીજા વેરાગી બાવાઓને હલકા પાડવા માટે ફક્ત દેખાય જ કરે છે."

વેદાંતાચાર્યની આ વાત નડિયાદમાં વસતા પાટીદાર હરિભક્તોને કાને પહોંચી ગઈ. તેમણે તરત જ ભગવાન શ્રીહરિ ઉપર પત્ર લખ્યો અને નિત્યાનંદ સ્વામીને મોકલવા પ્રાર્થના કરી. તે પત્ર એક હરિભક્ત સાથે તેમણે વડતાલ મોકલ્યો.

ભગવાન શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને તેમના મંડળ સાથે નડિયાદ મોકલ્યા. તેમના મંડળમાં વિદ્વાન સંતો પણ હતા. નિત્યાનંદ સ્વામી આવ્યા એટલે હરિભક્તોને સેવા કરવાની તક મળી ગઈ. હરિભક્તો જુદી જુદી રસોઈ આપવા લાગ્યા. સ્વામી પાસે અખંડ સભા થવા લાગી.

નિત્યાનંદ સ્વામીનો આવો પ્રતાપ જોઈ વેદાંતાચાર્યને અન્ય પાટીદારોએ કહ્યું : "સ્વામિનારાયણ ભગવાનના મોટા સંત આવ્યા છે. કહે છે કે બહુ મોટા વિદ્વાન છે. તો આપણે સભા ગોઠવીએ. તેમની વિદ્વતા કેવી છે તેનો ક્યાસ નીકળી જશે."

આ સાંભળી વેદાંતાચાર્ય ગુસ્સે થયા. તેમણે કહ્યું : "જે વિદ્વાન હોય તેને જ ખબર પડે કે સભા ગોઠવી વિદ્વત્ ચર્ચા કોની સાથે કરવી ? તમને તેમાં શું ખબર પડે ?"

પરંતુ પાટીદારોએ સૌએ કહ્યું : "તમે સભા તો ગોઠવો. કોણ વિદ્વાન છે તે ખબર પડશે. જે જીતશે તેને અમો રૂપિયા હજાર આપીશું !"

પરંતુ વેદાંતાચાર્યની હવે હિંમત ન હતી. અહીંથી પણ તે રાતોરાત ચાલી નીકળ્યા.

ભગવાન શ્રીહરિને વડતાલ સમાચાર મળ્યા કે વેદાંતાચાર્ય નડિયાદથી પણ રાતોરાત ભાગી ગયા છે એટલે મહારાજે નિત્યાનંદ સ્વામીને પાછા વડતાલ બોલાવી લીધા.

ભગવાન શ્રીહરિ માગશર સુદ બારશને દિવસે વડતાલથી નીકળ્યા. ગુડેલમાં રાત રહ્યા. પછી પચ્છમમાં રાત રહ્યા અને છેલ્લે કારિયાણી મુકામ કરી ગઢપુર પધાર્યા. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૫૪ થી ૬૩)

●

આ વેદાંતાચાર્ય ફરતા ફરતા વડોદરા ગયા. તેમને ખબર પડી કે રાજ્યનો દીવાન સ્વામિનારાયણનો કટ્ટર વિરોધી છે. તે સાંભળી તેને આનંદ થયો. તેને લાગ્યું કે અહીં તેના પાસા સવળા પડશે. તે દીવાનને મળ્યો. દીવાનને પણ તેને મળતાં આનંદ થયો. તેણે બનાવટી વાત ઉપજાવી દીવાનને કહ્યું : "સ્વામિનારાયણ દંભી છે. વડતાલમાં મારી સાથે શાસ્ત્રચર્ચામાં હારી ગયા. પરંતુ તેમના પરાજયની વાત હું કોઈને ન કહું તેથી મને બસો રૂપિયા આપ્યા અને મારું મોઢું બંધ કરવા મિથ્યા પ્રયત્ન કર્યો. પણ કાંઈ સત્ય એમ ઢંકાય ? વીસનગરના મહંત અહીં આવ્યા છે. તેણે પણ મને કહ્યું કે સ્વામિનારાયણે વીસનગરમાં આવીને દંભ પ્રવર્તાવી ત્યાં સત્સંગની જાળ બિછાવી છે."

દીવાનને આ વાતમાં રસ પડ્યો. તેણે કહ્યું : "તો તમે આ વાત સરકારને કહો. સરકાર સાથે તમારી મુલાકાત ગોઠવી દઉં. રાજ્યના બીજા વિદ્વાનો પણ સ્વામિનારાયણના વિરોધી છે. માટે અહીં પણ શાસ્ત્રચર્ચા યોજો. હું મદદ કરીશ. સ્વામિારાયણને ઉઘાડા પાડવા છે અને તેની હસ્તી મિટાવી દેવી છે."

વેદાંતાચાર્યે આ સાંભળ્યું. તે દ્વેષી હતો. વળી, વડતાલમાં તેનો ભૂંડી રીતે પરાજય થયો હતો. તેથી તેને દીવાનની વાત સાંભળી આનંદ તો થયો, પરંતુ સ્વામિનારાયણ માટેના જે છેલ્લો શબ્દો તે બોલ્યો તે તેને રુચ્યા નહીં. તેનામાં બ્રાહ્મણના સંસ્કાર હતા. તરત જ તેનામાં જાગૃતિ આવી ગઈ. તે કાંઈ બોલ્યા નહીં. પણ તેનું થયું કે બધા વિદ્વાનોને ભેગા કરી સ્વામિનારાયણનો શાસ્ત્રાર્થમાં પરાજય તો કરવો, પરંતુ એથી આગળ વધીને દીવાનની તરકીબમાં ભળવું નહીં.

વડોદરામાં વાત પ્રસરી ગઈ કે વડતાલમાં સ્વામિનારાયણનો શાસ્ત્રાર્થમાં વિદ્વાન વેદાંતાચાર્યે પરાજય કર્યો હતો. પોતાનો દંભ ખુલ્લો ન પડે તે સારુ સ્વામિનારાયણે તેને લાંચ આપી હતી. વીસનગરનો દ્વેષી મહંત પણ આ પ્રકારના ઝેરી પ્રસારમાં ભળ્યો. બીજા વેરાગીઓએ પણ આ વાત વહેતી મૂકી. ઠેઠ ગાયકવાડ સરકાર સુધી વાત પહોંચી ગઈ. પરંતુ તેમને આવી જૂઠી વાત સાંભળી દુઃખ થયું.

એ જ વખતે દીવાન તેમની પાસે આવ્યો. તેણે કહ્યું : "સરકાર ! સાંભળ્યું ને ? સ્વામિનારાયણનો વેદાંતાચાર્યે શાસ્ત્રાર્થમાં પરાભવ કર્યો. એ કલંકને દાબવા તેણે તેમને બસો રૂપિયા આપ્યા. ખુદ વેદાંતાચાર્યના મુખથી જ આપ આ વાત સાંભળો, હું તેને અહીં બોલાવી લાવીશ."

"મારે આવી અસત્ય વાત સાંભળવી નથી અને વેદાંતાચાર્યને મળવું પણ નથી. તેને જો તેની વિદ્વતાનું અભિમાન હોય, તો ગોપાળાનંદ સ્વામી સાથે શાસ્ત્રાર્થ આપણે યોજીએ." સરકારે તરત જ કહ્યું.

દીવાન આ સાંભળી લુચ્ચું હસ્યો. તેણે કહ્યું : "સરકાર ! આ વેદાંતાચાર્ય શહેરમાં આવ્યા છે તે વાત સાંભળી એ ગોપાળાનંદ સ્વામી તો પલાયન થઈ ગયા છે !"

દીવાનની વાતમાં સરકારને નર્યો દ્વેષ દેખાયો. તેમણે તરત જ કહ્યું : "હું હમણાં જ નાથ ભક્ત અને બીજા સત્સંગીઓને બોલાવું છું. સ્વામી ક્યાં ગયા છે તેની તપાસ કરે અને તેમને અહીં બોલાવી લાવે અથવા સ્વામિનારાયણ ભગવાનને ખબર આપે. પણ વેદાંતાચાર્યને તમે રોકજો તે નાસી જાય નહીં. હવે તો જરૂર શાસ્ત્રાર્થ કરાવવો જ છે."

મહારાજા સયાજીરાવ ગાયકવાડે સત્સંગીઓને બોલાવ્યા. તેમણે કહ્યું : "ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા આવી હોવાથી ગોપાળાનંદ સ્વામી ઉમરેઠ પધાર્યા છે. હવે તેમને વડોદરા પાછા આવવાની શ્રીજીમહારાજની આજ્ઞા મળે તો જ તેઓ વડોદરા પાછા આવે. અને મહારાજ અત્યારે ગઢડા બિરાજે છે એટલે ત્યાં આપણે ખબર મોકલીએ."

સયાજીરાવ સરકારે તરત જ કહ્યું : "મારતે ઘોડે કાસદને ગઢપુર મોકલાવો. બે દિવસમાં સ્વામી અહીં આવવા જોઈએ. અગર મહારાજની ઈચ્છા હોય તો બીજા કોઈ વિદ્વાન સંતને મોકલે જેથી આ વેદાંતાચાર્યનો દંભ ખુલ્લો પડે."

વડોદરાના સત્સંગીઓએ ત્યાંના પ્રભુદાસ ભક્તને તૈયાર કર્યા. સારો અશ્વ આપ્યો અને શ્રીજીમહારાજ ઉપર પત્ર લખ્યો : "અહીં વેદાંતાચાર્ય આવ્યા છે. વડતાલની સભામાં તેનો પરાજય થયો હતો છતાં દ્વેષથી તે કહે છે કે સ્વામિનારાયણનો મેં પરાજય કર્યો. તેની સાથે વીસનગરના દ્વેષી મહંત પણ ભળ્યા છે અને વડોદરાનો દીવાન પણ ભળ્યો છે. સરકાર આગળ વાત ગઈ એટલે સરકારે અમને બોલાવ્યા. તેમણે કહ્યું : ગોપાળાનંદ સ્વામી અથવા બીજા કોઈ વિદ્વાન સંતને તરત જ અહીં બોલાવો."

પ્રભુદાસ ભક્ત આ પત્ર લઈ તે જ દિવસે ત્યાંથી નીકળ્યા. પહેલા વડતાલ ગયા. ત્યાં પાર્ષદ જુસાજીને મળ્યા. તેમને લઈને ત્યાંથી ગઢપુર જવા રવાના થયા. તેઓ ગઢપુર આવ્યા ત્યારે ભગવાન શ્રીહરિ નિંબતરુ નીચે સભા કરીને બિરાજમાન થયા હતા. પ્રભુદાસે મહારાજને દંડવત્ કરી પત્ર આપ્યો. મહારાજે શુકમુનિને પત્ર વાંચવા કહ્યું. પત્રમાં લખેલી હકીકત સાંભળી મહારાજ હસ્યા.

**પત્ર વાંચી પ્રભુજી હસે છે, મુક્તાનંદ મુનિને કહે છે; વટપત્તનમાં તમે જાઓ, વેદાંતાચાર્યના સામા થાઓ.**

(શ્રીહરિલીલામૃત : ૭/૭૨/૧૧)

ભગવાન શ્રીહરિ કહે : ''વેદાંતાચાર્યનો વડતાલમાં પરાજય થયો. પછી નડિયાદમાં પણ તે નિત્યાનંદમુનિ સામે આવ્યા નહીં અને હવે કહે છે મેં સ્વામિનારાયણનો પરાજય કર્યો છે. વડોદરામાં સભા ગોઠવી છે. સયાજીરાવ સરકારની ખાસ વિનંતી છે કે કોઈ વિદ્વાન સંતને મોકલો. એટલે મુક્તમુનિ વડોદરા જાય અને વેદાંતાચાર્યનો પરાભવ કરે.''

આ સાંભળી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : 'એ તો છે અતિ દુષ્કર કાજ, એને મારાથી કેમ જીતાશે, કેમ પ્રશ્નના ઉત્તર થાશે.' ''મહારાજ ! આ વેદાંતાચાર્યને હું કેમ જીતી શકીશ ? એ મહાવિદ્વાન છે ને હું તો ફક્ત ભાગવત જ ભણ્યો છું.''

શ્રીજીમહારાજે તરત જ કહ્યું : ''વિદ્વત્તાનું ફળ સાધુતામાં છે. તેનામાં પંડિતાઈનો ગર્વ છે, દંભ છે. તમે સાધુતાની મૂર્તિ છો. વળી, તમારા ઉપર અમારી કૃપા છે. એટલે વેદાંતાચાર્યને જીતવો તમારે માટે લેશમાત્ર કઠણ નથી. અમારા આશીર્વાદ છે. તમે જાઓ, તમારો દિગ્વિજય થશે.''

ભગવાન શ્રીહરિની આજ્ઞા હોવાથી મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સાથે વડોદરા જવા તૈયાર થયા. મહારાજે ભગુજીને બોલાવીને કહ્યું : ''સારામાં સારા બળદ જોડાવીને સિગરામ તૈયાર કરાવો. મુક્તમુનિને જલદી વડોદરા પહોંચવું છે.''

ભગવાન શ્રીહરિના આદેશ મુજબ બધી તૈયારી થઈ ગઈ. મહારાજે પોતાના કંઠમાંથી ગુલાબનો હાર ઉતારી મુક્તાનંદ સ્વામીને પહોરાવ્યો, કપાળમાં ચાંદલો કર્યો અને આશીર્વાદ આપ્યા. મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સાથે ઊપડ્યા. વડોદરાના પ્રભુદાસ અને જુસાજી પણ સાથે જ નીકળ્યા.

●

સં. ૧૮૭૫ના આષાઢ માસની દ્વિતીયાને દિવસે ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં રથયાત્રાનો ઉત્સવ કર્યો. ત્યારપછી શ્રીજીમહારાજ ગઢપુરમાં જ રોકાયા થકા ગણેશચતુર્થી અને જળઝીલણીના ઉત્સવો કર્યા. હવે મુક્તાનંદ સ્વામીના વિજયના સમાચાર આવે ત્યાં સુધી ગઢપુરમાં જ રોકાવાનું ભગવાન શ્રીહરિએ નક્કી કર્યું હતું.

મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સાથે વડોદરા પહોંચી ગયા. નાથ ભક્તના વાડામાં જ્યાં હરિમંદિર કર્યું હતું ત્યાં ઊતર્યા. તરત સયાજીરાવ સરકારને સમાચાર મોકલાવ્યા કે ગઢપુરથી ભગવાન શ્રી સ્વામિનારાયણે મુક્તાનંદ સ્વામીને વેદાંતાચાર્યની સાથે શાસ્ત્રાર્થ કરવા મોકલ્યા છે. તે સમાચાર સાંભળી સરકારે ભાઉ પુરાણિકને બોલાવીને કહ્યું : ''આપણે આજે સાંજે મુક્તાનંદ સ્વામીના દર્શને જવું છે તો રામચંદ્ર વૈદ્ય, શોભારામ શાસ્ત્રી, નારુપંત નાના, બાપુસાહેબ, ચીમનરાવ શાસ્ત્રી વગેરેને ખબર આપજો. કાલે સભા આપણા દેવઘરમાં જ રાખવાની છે. ત્યાં તમામ તૈયારીઓ કરી લેવાની છે.''

મહારાજા સયાજીરાવ પોતાના મુખ્ય મુખ્ય અધિકારીઓને લઈને વાડીમાં મુક્તાનંદ સ્વામીના દર્શન કરવા આવ્યા. સ્વામીના દર્શન કરીને તેમના અંતરમાં અપૂર્વ આનંદનો અનુભવ થયો. તેમણે વિચાર્યું કે જે દર્શનમાત્રથી જ અંતરમાં શાંતિ કરી દે તે સંતની સાધુતા જ વેદાંતાચાર્યનો પરાભવ કરશે.

સયાજીરાવ સરકારે સ્વામીને વેદાંતાચાર્યે વહેતી મૂકેલી વાતો કરી. તે સાંભળી સ્વામી હસ્યા. સ્વામીએ શાંતિથી કહ્યું : ''સરકાર! વેદાંતાચાર્ય વડતાલ આવ્યા ત્યારે હું પણ ત્યાં જ હતો. સભામાં શ્રીજીમહારાજે તેને વેદના બાર મહાવાક્યના યથાર્થ ઉત્તર કરવા કહ્યું, પણ તે સમજાવી શક્યા નહિ. બીજા પ્રશ્નોના ઉત્તર પણ તે આપી શક્યા નહિ. છતાં ભગવાન શ્રીહરિએ તેના બ્રાહ્મણત્વનું ગૌરવ ન હણાય તેથી પુરસ્કારમાં બસો રૂપિયા અપાવ્યા હતા. પણ નડિયાદ જઈને ગમે તેમ બોલવા લાગ્યા. ત્યારે મહારાજે નિત્યાનંદ સ્વામીને નડિયાદ મોકલ્યા. પરંતુ નિત્યાનંદ સ્વામીની સન્મુખ જ તે જઈ શક્યા નહીં. આ હકીકત છે. પછી તે પોતાનો દંભ દેખાડવા ગમે તે વાત કરે તેથી ભરમાવાની જરૂર નથી.''

સયાજીરાવ યુવાન હતા, તેમની બુદ્ધિ તીવ્ર હતી. તે બધી જ પરિસ્થિતિ સમજી ગયા. તેમણે તરત જ ભાઉ પુરાણિકને કહ્યું : ''શહેરમાં જાહેર કરો. આવતીકાલે દેવઘરમાં સભા થશે. શાસ્ત્રાર્થ ફક્ત મુક્તાનંદ સ્વામી અને વેદાંતાચાર્ય એ બે વચ્ચે જ થશે. પરંતુ શહેરના તમામ વિદ્વાનો જે રાજ્યનું વર્ષાસન ભોગવતા હોય તેમણે સભામાં આવવાનું છે. આ બંને વચ્ચે શાસ્ત્રાર્થ થઈ રહ્યા બાદ જે કોઈ વિદ્વાનને પ્રશ્ન પૂછવા હોય તે મધ્યસ્થ તરીકે જે હોય તેની પરવાનગી લઈને પ્રશ્ન પૂછે. પરંતુ તે શાસ્ત્રાર્થમાં પણ જો તે વિદ્વાનનો પરાજય થશે, તો તેનું વર્ષાસન બંધ કરવામાં આવશે.''

સયાજીરાવ સરકારનો હુકમ સાંભળી અધિકારીઓ તથા અન્ય હરિભક્તો બહુ જ રાજી થયા.

બીજે દિવસે માંડવી પાસે સરકારના મહેલના દેવઘરમાં સભા ગોઠવી. વેદાંતાચાર્ય અને મુક્તાનંદ સ્વામી માટે સામસામી પાટો ગોઠવી. ચીમનરાવ શાસ્ત્રી તથા ભાઉ પુરાણિકને મધ્યસ્થ તરીકે નીમ્યા. તેમના માટે બે ગાદીઓ ગોઠવી.

સવારે નવ વાગે દેવઘરની પૂજાવિધિ પત્યા પછી સભાનો કાર્યક્રમ ગોઠવ્યો. મુક્તાનંદ સ્વામી સંતમંડળ તથા હરિભક્તો સાથે વાડીમાંથી ચાલતા ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા કરતા માંડવીમાં પધાર્યા. વેદાંતાચાર્યની પણ વિઠ્ઠલરાવ દીવાને એવી જ ધામધૂમથી પધરામણી કરાવી. તેની સાથે બીજા વૈરાગી બાવાઓ પણ હતા. પરંતુ સરકારના હુકમથી તેમને સભામાં પેસવા દીધા નહીં. અન્ય શાસ્ત્રીઓ, નાગરિકો, રાજ્ય અમલદારોથી સભા ચિક્કાર થઈ ગઈ.

મુક્તાનંદ સ્વામીએ સયાજીરાવ સરકારના દેવઘરમાં પ્રતિષ્ઠિત કરેલા દેવને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી મનોમન ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી. સ્વામીનું સૌમ્ય સ્વરૂપ, તપ અને બ્રહ્મચર્યનું ઓજસ, ભક્તિની માદકતા - આ બધું જોઈ સભાજનો મુગ્ધ થઈ ગયા. જ્યારે સામે બેઠેલા વેદાંતાચાર્ય તો સભામાં આવી તરત જ પાટ ઉપર બેસી ગયા. તેના મુખ ઉપર દંભ અને રોષ વધુ દેખાતા હતા. ભાઉ પુરાણિક અને ચીમનરાવ શાસ્ત્રી મધ્યસ્થ તરીકે બેઠા. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''પ્રભુપ્રાર્થના અને શાંતિપાઠથી આપણે સભાની શરૂઆત કરીએ.'' તે વિધિ પત્યો એટલે મુક્તાનંદ સ્વામીએ વેદાંતાચાર્ય સન્મુખ જોયું. વેદાંતાચાર્ય સ્વામીને ઓળખી ગયો. વડતાલમાં સભા વખતે આ સ્વામી હાજર હતા. તેની પોલ અહીં જ ખુલ્લી થશે. તેના અંતરમાં બીક લાગી.

સ્વામીએ પણ તેના મનના વિચારો જાણી લીધા હોય તેમ કોઈપણ પ્રકારની શાસ્ત્રાર્થ સંબંધી ચર્ચા કર્યા વિના વડતાલની હકીકતથી જ સભાજનોને વાકેફ કરવા નક્કી કર્યું. સ્વામીએ વેદાંતાચાર્યને કહ્યું : ''આચાર્યજી ! આપ વડતાલ આવ્યા હતા. સભા થઈ હતી. તે વખતે ભગવાન સ્વામિનારાયણે તમને વેદના બાર મહાવાક્યોનો અર્થ પૂછ્યો હતો તે યાદ છે ? વળી, વેદની ઉત્પત્તિ કેવી રીતે છે તે પણ પ્રશ્ન પૂછ્યો હતો અને અક્ષર સંબંધી પણ પ્રશ્ન પૂછ્યો હતો. આ પ્રશ્નોના ઉત્તર તમે આપી શક્યા હતા ? જો શાસ્ત્રચર્ચા કરવી હોય, તો આ પ્રશ્નોથી જ આપણે શરૂઆત કરીએ.''

આ સાંભળી વેદાંતાચાર્યના હોશકોશ ઊડી ગયા. તેના અંગ ઉપરથી જાણે લોહી ઊડી ગયું હોય તેમ તેની કાયા નિસ્તેજ થઈ ગઈ. શરીરે પરસેવો વળવા લાગ્યો. વિઠ્ઠલરાવ દીવાન આ જોઈ રહ્યો. બીજા વિદ્વાનો પણ નિસ્તેજ બની ગયેલા વેદાંતાચાર્યની સામું જોઈ રહ્યા. તેમને પ્રતીતિ થઈ કે આ આચાર્યે આખા ગામને ખોટી હકીકત કહી ભરમાવ્યું છે. તેઓ બધા ઉશ્કેરાઈ ગયા. પરંતુ તેઓ કાંઈ પણ બોલે તે પહેલા જ સ્વામીએ કહ્યું : ''આચાર્યજી ! બોલો, આ દેવઘર છે. દેવને સાક્ષી રાખીને આ સભા સમક્ષ સત્ય વાત જણાવી દ્યો.''

આ સાંભળી બંને મધ્યસ્થોએ વેદાંતાચાર્યને પૂછ્યું : ''આચાર્યજી ! સત્ય હકીકત કહી દ્યો. આ ધર્મસભા છે અને તમે પણ ધર્મના આચાર્ય છો.''

વેદાંતાચાર્યે વીલે મોઢે કહ્યું : ''મુક્તાનંદ સ્વામી કહે છે તે વાત સાચી છે. સ્વામિનારાયણ ભગવાન મહાન છે. મારા પરાજયનો ડંખ મને ન બેસે, વળી મારા બ્રાહ્મણત્વનું, આચાર્યપણાનું માન સચવાય એટલે તેઓએ મને બસો રૂપિયા પુરસ્કાર તરીકે આપ્યા હતા. મેં કેવળ દ્વેષથી અને બીજાએ ભરમાવ્યો તેથી આવી વાત વહેતી મૂકી હતી.''

વિઠ્ઠલરાવ આ સાંભળી લાલચોળ થઈ ગયો : ''જૂઠા ! હરામખોર ! મને પણ તે છેતર્યો ! મારી આગળ કપટ કર્યું ?'' આમ બબડતો દીવાન સભામાંથી ભારે ખિન્નવદને અને લથડતે પગે ઊભો થઈ જતો રહ્યો.

પછી બંને મધ્યસ્થીઓએ કહ્યું : ''આ ધર્મસભામાં જો કે કોઈ પ્રકારનો શાસ્ત્રાર્થ થયો નથી, છતાં મુક્તાનંદ સ્વામીની સાધુતા, તેમની ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની ભક્તિનો આ સભામાં પ્રભાવ પડ્યો છે. તેથી અમે આ સભામાં મુક્તાનંદ સ્વામીને વિજેતા તરીકે જાહેર કરીએ છીએ.''

હરિભક્તો તથા સભાજનોએ સભામાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો જયનાદ કર્યો.

પછી 'એકાંતિક ધર્મ અને સામાન્ય ધર્મમાં શું ફેર છે ?', 'ભક્તિ અને માહાત્મ્યે સહિત ભક્તિમાં શું ભેદ છે ?' તેવા પ્રશ્નો વિદ્વાનો તરફથી પૂછાયા. તેના ઉત્તર સ્વામીએ ખૂબ જ સુંદર રીતે આપ્યા. સ્વામીની સરળ વાણીની મીઠાશથી તેમના શબ્દો લોકોના અંતરતલ સુધી પહોંચી ગયા. સ્વામીની પ્રતિભાએ જાદુ કર્યું. લોકો સ્વામીને હાર પહેરાવવા પડાપડી કરવા લાગ્યા. એટલામાં સરકારના હજૂરી સેવકે આવીને સ્વામીને કહ્યું : ''આપ વાડીમાં મંદિરે જાઓ તે પહેલા સરકારને મળવા આવો એવું શ્રીમંત સરકારે કહેવરાવ્યું છે.''

મુક્તાનંદ સ્વામી સંતમંડળ અને હરિભક્તો સાથે સયાજીરાવ સરકાર પાસે ગયા. સરકારે સ્વામીનું ફૂલહારથી સન્માન કર્યું. પછી કહ્યું : ''વેદાંતાચાર્યે ખરું કપટ કર્યું. આ વેદાંતાચાર્ય આવ્યો અને એણે જે રીતે લોકોમાં વાતો વહેતી કરી હતી, એથી અમને ઘણી

ચિંતા થઈ હતી. પણ એની બધી વાતો પોકળ સાબિત થઈ, એ ઘણું ઉત્તમ થયું.''

એટલે સ્વામીએ કહ્યું : ''ભગવાન શ્રીહરિએ મને ગઢપુરમાં જ કહ્યું હતું કે કોઈ પ્રકારનો શાસ્ત્રાર્થ થવાનો નથી અને વેદાંતાચાર્યનું કપટ ઉઘાડું થશે. લોકોને સાચી વાતની ખાતરી થાય એટલા માટે જ તમારે જવાનું છે. આજે સભામાં જે કંઈ ઘટના બની તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે, 'હું આવો છું અને હું આમ કરીશ' એવું અભિમાન માણસ કરે છે તે બધું નિરર્થક અને ખોટું છે. ભગવાનના હાથમાં દેવ-દાનવ-માનવ અને મુક્ત સૌ કોઈ રમકડાં જ છે. એ સર્વેની દોરી સર્વેશ્વર શ્રીહરિના હાથમાં રહેલી છે. એ જેમ ફેરવે છે અને નચાવે છે તેમ સર્વ કોઈ કરે છે અને નાચે છે. સર્વ કર્તાહર્તા એકમાત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણ વિના બીજું કોઈ જ નથી.''

''સ્વામી ! એવી નિશ્ચયાત્મક બુદ્ધિ સદા રહે એવી કૃપા કરો.'' સયાજીરાવ સરકારે કહ્યું. પોતાના રાજવીની એ વિનંતીમાં સૌ કોઈએ વિનમ્રભાવે સૂર પૂરાવ્યો.

''આપણે જેનો આશ્રય કરેલો છે તે સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતે જ છે એવો નિશ્ચય અને એવું સ્મરણ સદા રહે તો એવી બુદ્ધિ જરૂર કાયમ રહે છે.'' મુક્તાનંદ સ્વામીએ કહ્યું. અને પછી મહારાજા તરફ જોઈને સ્વામી કહે : ''સરકાર ! રજા આપો તો કાલે અમે વડતાલ જઈએ.''

ત્યારે સયાજીરાવે કહ્યું : ''સ્વામી ! હમણાં થોડા દિવસો માટે અહીં રોકાઈ જાવ, એવી અમારી વિનંતી છે.''

મુક્તાનંદ સ્વામી કહે : '' રાજન્ ! તમારો પ્રેમભાવ જોઈને અમને આનંદ થાય છે, પરંતુ શ્રીજીમહારાજે મને કહ્યું હતું કે, તમારે વધારે સમય વડોદરા રોકાવું નહિ પડે. એટલે એનો અર્થ એ થાય છે કે કાર્ય પૂરું થાય એટલે અમારે તરત જ પાછા ફરવું જોઈએ.''

પછી મુક્તાનંદ સ્વામી અને સંતમંડળ તથા હરિભક્તો જે રીતે આવ્યા હતા તે જ રીતે કીર્તન ગાતા વાડીના મંદિરે જવા નીકળ્યા. શહેરમાં વાત પ્રસરી ગઈ કે વેદાંતાચાર્યનું કપટ બહાર પડી ગયું. સ્વામીની સાધુતાએ શાસ્ત્રચર્ચામાં અદ્‌ભુત પ્રભાવ પાડ્યો. સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો દિગ્વિજય કર્યો. સ્વામી કીર્તન ગાતા રસ્તે નીકળ્યા એટલે સૌ ભાવથી દર્શન કરવા લાગ્યા. સ્વામી નીચી દૃષ્ટિ રાખી કીર્તન ગાતાં ગાતાં મંદિરે પહોંચી ગયા.

મુક્તાનંદ સ્વામીએ વડોદરાના દેવઘરમાં ગોઠવેલી સભામાં દિગ્વિજય કર્યો અને વેદાંતાચાર્યે સભામાં માફી માંગી તે સમાચારનો પત્ર વડોદરાના હરિભક્તોએ મહારાજ ઉપર લખ્યો. નાથભક્તને તથા જુસાજીને તે પત્ર લઈને ગઢડા મોકલ્યા. બે દિવસે તેઓ ગઢપુર પહોંચ્યા. નાથભક્ત સીધા ભગવાન શ્રીહરિ પાસે ગયા. મહારાજને દંડવત્ કરી કહ્યું : ''મહારાજ ! મુક્તાનંદ સ્વામીએ વડોદરામાં યોજાયેલી સભામાં દિગ્વિજય કર્યો, સભા જીત્યા અને વેદાંતાચાર્યે જે ખોટી વાત વહેતી મૂકી હતી તે માટે તેને માફી માંગવી પડી.''

આ સમાચાર સાંભળી મહારાજ એકદમ ઊભા થઈ ગયા અને હર્ષભેર બોલ્યા : ''શું કહો છો ? સ્વામીએ સભા જીતી ?'' એમ કહી નાથભક્તને તથા જુસાજીને મહારાજ હર્ષભેર ભેટ્યા. પછી પૂછ્યું : ''કાંઈ કાગળ આપ્યો છે ?''

એટલે તરત જ જુસાજીએ પત્ર કાઢ્યો અને શ્રીજીમહારાજને આપ્યો. મહારાજે તે પત્ર શુકમુનિને આપ્યો અને કહ્યું : ''વાંચો.''

**'પત્ર વંચાવ્યો શ્રીજીએ જ્યારે, સર્વ રાજી થયા જન ત્યારે; મહારાજે મુક્તાનંદ કેરી, કરી પોતે પ્રશંસા ઘણેરી.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૭૩/૨)

પત્ર સાંભળી શ્રીજીમહારાજ અને સંતો-હરિભક્તો અત્યંત રાજી થયા. પછી નાથભક્તને પૂછ્યું : ''તમો વડોદરાથી ક્યારે નીકળ્યા હતા ?''

તેમણે કહ્યું : ''મહારાજ ! બે દિવસ પહેલા. ઉતાવળાં ઉતાવળાં થાક ખાધા સિવાય અહીં આવ્યા છીએ.''

એટલે મહારાજે કહ્યું : ''ત્યારે તો બહુ થાકી ગયા હશો.'' એમ કહીને ભગવાન શ્રીહરિએ મોટીબાને બોલાવ્યા. મોટીબા આવ્યા એટલે મહારાજે તેમને કહ્યું : ''મોટીબા ! તમે કાંઈ જાણ્યું ?'' મોટીબા કાંઈ સમજ્યા નહીં. એટલે મહારાજે કહ્યું : ''મુક્તાનંદ સ્વામીએ વડોદરામાં સભામાં જીત કરી. આપણો દિગ્વિજય થયો.''

પછી બોલ્યા : ''જુઓ, આ નાથભક્ત અને જુસાજી ઉતાવળાં ઉતાવળાં આવ્યા છે. વચ્ચે થાક પણ ખાધો નથી. માટે તેમને ગોળ અને ઘી ખવરાવો અને પછી ઊનું પાણી કરાવી સારી રીતે ચોળીને નવરાવરાવો !''

પછી શ્રીજીમહારાજે ફરી કહ્યું : ''મોટીબા ! સૌને કહેજો કે મુક્તાનંદ સ્વામી સભા જીત્યા અને સ્વામિનારાયણ ભગવાન છે એમ પ્રતિપાદન કર્યું.''

એટલે મોટીબાએ કહ્યું : ''ભલે મહારાજ !'' એમ કહીને ચાલવા માંડ્યાં.

ત્યારે મહારાજે તેમને ફરી બોલાવ્યાં : ''મોટીબા ! સાંભળો, આ કાંઈ નાનીસૂની વાત નથી. તે તમે 'ભલે' કહીને ચાલવા માંડ્યા.

આ તો સ્વામી વડોદરાની સભા જીત્યા એના હર્ષની વાત છે. માટે સાકર મંગાવો. આજે તો પોંશે પોંશે સૌને સાકર વહેંચવી છે.''

મોટીબા સમજી ગયા કે મહારાજ આજે બહુ આનંદમાં છે. તેમણે તરત જ કહ્યું : ''ઓહો, મહારાજ ! આ તો ભારે દિગ્વિજય થયો કહેવાય. મુક્તાનંદ સ્વામીના આ વિજયમાં તો આખા સત્સંગનો દિગ્વિજય છે. હમણાં જ સાકર મંગાવું છું.''

મોટીબા ગયા અને સંતો આવવા લાગ્યા. ભગવાન શ્રીહરિ તેમને કહેતા જાય : ''મુક્તાનંદ સ્વામીએ વડોદરાની સભામાં દિગ્વિજય કર્યો. વેદાંતાચાર્યને હરાવ્યો અને સ્વામિનારાયણ ભગવાન છે એવું પ્રતિપાદન કર્યું.''

તે સાંભળી સૌ સંતો રાજી થયા. શુકમુનિએ કહ્યું : ''મહારાજ ! આપની સ્વામી ઉપર બહુ કૃપા છે તેથી આ થયું.''

મહારાજે કહ્યું : ''હા, કૃપાના અધિકારી થયા તેથી જ કૃપા ઊતરે ને ! અને ત્યારે જ આવો દિગ્વિજય થાયને.''

પરંતુ મુક્તાનંદ સ્વામીની પ્રશંસા નિર્વિકલ્પાનંદ સ્વામી તથા હર્યાનંદ સ્વામી જીરવી ન શક્યા.

**'સુણી મુક્તમુનિની વડાઈ, આવી બે સાધુને અદેખાઈ; હરિયાનંદ એકનું નામ, નિર્વિકલ્પ બીજો તેહ ઠામ.**
**તેઓ બેયે એવું કહી દીધું, મોટું કામ એમાં તે શું કીધું; તહાં અમને જો મોકલ્યા હોત, જીતી લેત એના શિષ્ય સોત.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૭૩)

મુક્તાનંદ સ્વામીની થતી પ્રશસ્તિ ન જીરવી શકવાથી નિર્વિકલ્પાનંદ તેમજ હર્યાનંદે મહારાજને કહ્યું : ''એમાં મુક્તાનંદ સ્વામીએ શું મોટી ધાડ મારી દીધી ? અમને મોકલ્યા હોત તો અમે પણ દિગ્વિજય કરીને આવત.''

ભગવાન શ્રીહરિને આ શબ્દો ન ગમ્યા. તેમાં ઈર્ષ્યાનો ભાવ ભારોભાર ભર્યો હતો. મુક્તાનંદ સ્વામી સત્સંગની મા સમાન હતા, સત્સંગની લાજની તેમને ખેવના હતી. મહારાજ પોતે પણ તેમને ગુરુ માનતા અને તેમની સર્વ પ્રકારે મર્યાદા રાખતા. તેમના પ્રત્યે આ સંતોને આવો ભાવ ! તેમના સમોવડિયા થવા આ સંતો પ્રયત્ન કરે છે ? આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં આ શબ્દોએ ઝેર રેડ્યું. ભગવાન શ્રીહરિના મુખ ઉપર ગ્લાનિ પ્રસરી ગઈ. શ્રીજીમહારાજે કહ્યું : ''સત્સંગમાં એકબીજાની મર્યાદા ન સચવાય, અન્યની મોટપ સહન ન થઈ શકે, રાગ-દ્વેષના ભાવ હોય ત્યાં રહેવું વ્યર્થ છે. આ બંને સંતો માનની મૂર્તિ છે. સત્સંગમાં રહ્યા પણ જળકમળવત્ રહ્યા.'' એટલું કહીને મહારાજે કહ્યું : ''અમે હવે આ સત્સંગમાં રહીશું નહીં.'' આમ કહી પોતાને ઉતારે પધાર્યા.

ભગવાન શ્રીહરિ નિર્વિકલ્પાનંદ અને હર્યાનંદ પ્રત્યે નારાજ થઈ ગયા. સત્સંગમાં કોઈની પણ મોટાઈ સહન ન થઈ શકે એ પ્રકારની ઈર્ષ્યા જો સંતમાં જ હોય તો તેવા સંત સત્સંગ સમાજનું શું ભલું કરી શકશે ? મહારાજે અક્ષરઓરડીમાંથી બહાર આવવાનું બંધ કરી દીધું. એટલામાં નાથભક્ત અને જુસાજી મહારાજ પાસે આવ્યા અને દંડવત્ કરવા લાગ્યા. મહારાજ તેમને જોઈને પ્રસન્ન થઈ ગયા. પછી પૂછ્યું : ''કેમ નાથ ભક્ત ! થાક ઊતર્યો ?''

તેમણે કહ્યું : ''હા, મહારાજ ! આપની દયાથી થાક ઊતરી ગયો છે અને આજે અમે હવે વડોદરા જઈએ છીએ.''

ભગવાન શ્રીહરિ ઢોલિયા ઉપરથી એકદમ ઊભા થઈ ગયા અને તેમને બંનેને સારી રીતે ભેટ્યા. ખૂબ પ્રસન્નતા બતાવી. પછી અદ્‌ભુતાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! સારો મજાનો કાગળ લાવો. ચરણારવિંદ પાડી આપવા છે અને સ્વામીને મોકલવા છે.''

તરત જ અદ્‌ભુતાનંદ સ્વામી કાગળ લઈ આવ્યા. પાણીમાં કેસર, ચંદન અને કંકુનું મિશ્રણ કરીને થાળ પણ લઈ આવ્યા. મહારાજે ઊભા ઊભા બસો ચરણારવિંદની જોડ પાડી આપી. પછી શુકમુનિએ કહ્યું : ''મહારાજ ! આપ થાકી જશો.''

ત્યારે મહારાજે કહ્યું : ''સ્વામી ! મુક્તાનંદ સ્વામીએ ભારે દિગ્વિજય કર્યો છે. આટલી વૃદ્ધ ઉંમરે, શરીરમાં ક્ષયરોગ હોવા છતાં કેટલો શ્રમ વેઠે છે અને આપણે આટલામાં થાકી જઈએ ?''

ભગવાન શ્રીહરિએ અદ્‌ભુતાનંદ સ્વામીને બસો જોડ ચરણારવિંદ આપ્યાં અને કહ્યું : ''તમો નાથભક્ત સાથે વડોદરા જાવ અને આ ચરણારવિંદ સ્વામીને આપજો અને કહેજો કે મહારાજ બહુ રાજી થયા છે અને તમને આ ચરણારવિંદ આપવા મને ખાસ મોકલ્યો છે.''

અદ્‌ભુતાનંદ સ્વામીએ ચરણારવિંદ માથે ચઢાવ્યાં અને કહ્યું : ''ભલે મહારાજ !'' એમ કહી તેમણે પણ મહારાજને દંડવત્ કર્યા. પછી નાથભક્ત અને જુસાજી સાથે તેઓ વડોદરા જવા રવાના થયા.

નોંધ :- આ વડોદરામાં વેદાંતાચાર્ય સાથે શાસ્ત્રચર્ચામાં મુક્તાનંદ સ્વામીએ સંપ્રદાયનો દિગ્વિજય કર્યો તેનો ઉલ્લેખ સવિસ્તારથી 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથના ૧૮માં પૂરમાં તેમજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથના ૭મા કળશના વિશ્રામ ૭૨-૭૩માં છે.

●●●

# ભગવાન શ્રીહરિ આણંદમાં દ્વેષીઓની ઉપાધિ સહન કરી વડતાલમાં પધાર્યા
## સં. ૧૮૭૪ (ઈ.સ. ૧૮૧૮)

સં. ૧૮૭૪માં ગઢપુરમાં ભગવાન શ્રીહરિ નિવાસ કરીને વસંતોત્સવ, ફૂલદોલોત્સવ તેમજ હરિનવમી વગેરે ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા. આ દરમ્યાન રોજ નવી નવી રસોઈઓ થતી અને રોજ જ્ઞાનોપદેશ થતો. ગઢપુરમાં સંતો-હરિભક્તોને સંપૂર્ણ રીતે સત્સંગનું સુખ આપી ભગવાન શ્રીહરિએ ત્યાંથી વિચરણમાં નીકળવાનો વિચાર કર્યો.

પછી ભગવાન શ્રીહરિ અમદાવાદમાં મિ. એરણ સાહેબને તેમના આમંત્રણથી તેમને દર્શનસુખ આપી ત્યાંથી નીકળી વહેવાલ, મહેમદાવાદ, ઉમરેઠ પધાર્યા. અહીં સાત દિવસ રહ્યા. પછી ઘણાખરા સંતો તથા હરિભક્તોને મહારાજે વડતાલ મોકલી દીધા. પોતે ત્યાંથી નીકળી સામરખા પધાર્યા. અહીં વખતા પગીને ઘેર ઉતારો કર્યો. વખતા પગી આ અણધાર્યા અવસરથી ઘેલા થઈ ગયા. મહારાજે તેને કહ્યું : ''પગી ! તમારો ઘણો ભાવ હતો તેથી આવ્યા છીએ. તો ઝટ પૂજન કરી લ્યો. અમારે હમણાં જ નીકળવું છે.''

''અરે મહારાજ ! એમ તે કાંઈ જવાતું હશે ? આવો લાભ મળ્યો તે કાંઈ એમ હવે જવા દઈશ ? રસોઈ જમીને જ જવું પડશે.''

ભગવાન શ્રીહરિ જાણતા હતા કે આ સામરખા ગામમાં આટલા સંતો, હરિભક્તો માટે સીધું મળે તેમ ન હતું. વળી વખતા પગીના ઘરમાં ટંકના દાણા હોય એટલે રોકાવું ઠીક નહીં. પણ વખતા પગી એમ કાંઈ છોડે તેવા ન હતા. તેણે તેના પગીઓને દોડાવ્યા. એટલે મહારાજે કહ્યું : ''જો જો, પગીપણું કરીને સીધું ન લાવશો. અમે એવી રસોઈ જમીશું નહીં.''

એ સાંભળી વખતા પગી હસ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! આપ મળ્યા ત્યારથી એ ધંધો છોડી દીધો છે. પણ અમારા એ વખતના ઘરાકો હવે અમારી લાજ-આબરૂ આવે વખતે રાખે છે. એટલે એમને ત્યાંથી બધું મળી જશે અને વખત આવ્યે તેમને પાછું આપી દઈશું.''

થોડો વખત થયો અને સીધા-સામગ્રી આવવા લાગી. મહારાજે કહ્યું : ''આટલી બધી સામગ્રી વાપરશો નહીં, અમને પૂછીને વાપરશો. અને તમારા ઘરાકોને નોતરાં આપ્યાં છે કે નહીં ?''

તરત જ વખતા પગીએ કહ્યું : ''હા, મહારાજ ! બધા જ આપના દર્શને આવ્યા છે.''

જરૂર પૂરતી સામગ્રીમાંથી ભગવાન શ્રીહરિએ રસોઈ બનાવરાવી અને બધાને સારી રીતે જમાડ્યા. મહારાજે પોતે પીરસ્યું. વખતા પગીના આગળના ઘરાકોને પણ મહારાજ પીરસવા પધાર્યા. તેમને પીરસતા જાય અને પૂછતા જાય : ''હવે આ પગીઓનો કાંઈ ત્રાસ તો નથી ને ?''

એટલે તેમણે હાથ જોડી કહ્યું : ''ના મહારાજ ! જે દિવસથી તેમને આપનો સંબંધ થયો છે, તે દિવસથી ઊલટું તે અમારું રખવાળું કરે છે અને કહે છે કે કોઈ તમને લૂંટે તો અમારો વાંક આવે અને અમારા મહારાજ અમને ઠપકો આપે.''

ભગવાન શ્રીહરિ આ સાંભળી પ્રસન્ન થયા.

એ વખતે ત્યાં આણંદથી દિનકર પંડ્યા, લક્ષ્મીદત્ત, હરિશંકર, જીભાઈ, અજુભાઈ વગેરે હરિભક્તો આવ્યા.મહારાજે તેમને જોઈને હસ્યા. તેમણે હાથ જોડી મહારાજને કહ્યું : ''મહારાજ ! આપ અહીં સુધી પધાર્યા છો તો હવે આણંદ પધારો. અમારા ગામને પવિત્ર કરો.''

મહારાજે તેમને કહ્યું : ''પહેલા તમે બધા જમી લ્યો. પછી આપણે વાત કરીશું.'' એમ કહી તે ભક્તોને જમાડ્યા.

પછી મહારાજે તેમને કહ્યું :

**આણંદ ચાલો અમને કહો છો, આનંદ થાવા ઉરમાં ચહો છો; આણંદમાં છે જન દ્વેષિ કેવા, આ નંદનાં વૃંદ ગમે ન એવા.**
**અતિ કરશે ઉપદ્રવ એહ, એમાં લેશ ન જાણો સંદેહ; માટે આંહીંથી દર્શન કરો, પાછા ઘેર તમે પરવરો.**

(શ્રીહરિલીલામૃત : ૭/૭૦/૬-૭)

''તમે આણંદ આવવાનું કહ્યું પણ ત્યાંના લોકો દ્વેષી છે. ઉપાધિ કરશે અને તમને સુખ નહીં આવે.''

ભગવાન શ્રીહરિની વાતનો મર્મ આ ભક્તો સમજ્યા નહીં. તેમણે તેમનો હઠાગ્રહ ચાલુ જ રાખ્યો. તેથી મહારાજે તેમને કહ્યું : ''ભલે, તમારો આગ્રહ છે તો અમે આવીશું.'' એટલું કહીને મહારાજે કહ્યું : ''આપણે બધા સંતો-પાર્ષદો અને હરિભક્તો તૈયાર થઈ જાવ. આણંદ જવાનું છે. પણ તે પહેલાં અમારે એક વાત કરવી છે એટલે સભાની તૈયારી કરો.''

ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે ઝાડ નીચે પાટ મૂકી મહારાજનું આસન તૈયાર કર્યું. સંતો, હરિભક્તો સૌ પાટની સન્મુખ બેસી ગયા. ભગવાન શ્રીહરિ પધાર્યા, પાટ ઉપર બિરાજમાન થયા.સંતોને, પાર્ષદોને, હરિભક્તોને સંબોધતાં મહારાજે કહ્યું :

**સુણો સંત તથા સહુ પાળા, સુણો કાઠી સહુ શસ્ત્રવાળા; સુણો દાદા ખાચર શૂરવીર, ભગુજી પારષદ રણધીર.**
**ભલા ક્ષત્રી સુણો પુજાભાઈ, ઝીણાભાઈ તથા કાકાભાઈ; મુમજી જમાદાર ચુવાણ, પગી જોબન આદિ સુજાણ.**
**તમે છો તો સુભટ સહુ કેવા, જોતાં ભીમ ને અર્જુન જેવા; અપમાન સહો નહિ લેશ, પણ માનો છો મુજ ઉપદેશ.**
**માટે આજ કહું છું હું તમને, નિરમાનપણું ગમે અમને; કોઈ વાંક વગર અપમાન, કરે તોય તે ધરશો ન કાન.**
**કહે સંતને શ્રીભગવંત, તમે સૌ રહેજો ક્ષમાવંત; આવ્યા અક્ષરધામથી જ્યારે, આપણે કર્યું છે દૃઢ ત્યારે.**
**ક્ષમા ખડગ વડે એહ વાર, હરવો છે ભૂમી તણો ભાર; માટે જો દુઃખ આપે અજાણ, તોય ઇચ્છજો એનું કલ્યાણ.**
**ક્ષમા રાખશો અંતરે ધારી, થશે ત્યાં સુધી જીત તમારી; લડશો અભિમાનથી જ્યારે, હાર્ય પામશો નિશ્ચય ત્યારે.**

(શ્રીહરિલીલામૃત : ૭/૭૦/૧૨-૧૮)

"હે સંતો ! પાર્ષદો ! દાદાખાચર, ઝીણાભાઈ, કાકાભાઈ, પૂજાભાઈ, ભગુજી, જોબન, મૂળજી તમે સૌ અમારા સુભટ્ટો છો, શૂરવીર છો, અત્યાર સુધી અમારી સાથે રહીને અમારો ઉપદેશ સાંભળ્યો છે, અંતરમાં ઉતાર્યો છે. પરંતુ આજે અમારે તમને કહેવાનું એ છે કે અત્યાર સુધી આપણા સંતોનું વાંક વગર અપમાન થયું છે, તેમને માર્યા છે, તેમના ઉપર ત્રાસ વર્તાવ્યો છે; તોપણ તેમણે ક્ષમા રાખી તો તે ભેખ બધો આજે ઠેકાણે પડી ગયો છે.

પેશ્વાઈ જતાં તેનું હવે કાંઈ ચાલતું નથી. આપણી સામું કોઈ હવે માથું ઊંચું કરી શકે તેમ નથી. આજે તમે બધા ક્ષત્રિય હરિભક્તો ભીમ અને અર્જુન જેવા શૂરવીર, આ ભગુજી પાર્ષદ, આ જોબનપગી અમારી સાથે છો. જો આગળ હવે કાંઈ અપમાન થાય, કોઈ ગાળો બોલે તો સહન કરી લેજો પણ શસ્ત્રો મ્યાનમાંથી બહાર કાઢશો નહીં. આપણે અક્ષરધામમાંથી ક્ષમારૂપી ખડ્ગ લઈ આ ભૂમિનો ભાર ઉતારવા આવ્યા છીએ. માટે એવો કોઈ પ્રસંગ આગળ આવે તો ક્ષમા રાખશો તો તમારી જીત થશે. પણ ખડ્ગ ઉગામશો તો હારી જશો અને અમારી પ્રતિષ્ઠાને લાંછન લગાડશો."

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી ભગવાન શ્રીહરિએ સંતો-પાર્ષદો-હરિભક્તોને જે ઉપદેશ આપ્યો તે વિશે 'શ્રીહરિચરિત્રામૃતસાગર' લખે છે :

પછી શ્રીહરિએ સંતોને કહ્યું, 'તમારે જડભરતની રીત યાદ રાખીને પુરમાં ચાલવાનું છે. તમારે નિર્માનીપણાથી અત્યારે માન દોષને જીતી લેવાનો છે.

**નિરમાન સમ શસ્ત્ર કોઉ, જગ મેં નહીં રહાય; જિતને ગ્રંથ જો તિનમેં, બડતા તાકી કહાય.**
**નિરમાન શસ્ત્ર હિ તિનકે, કબહુ ન કરના ત્યાગ; હમારે બચન કરિકે તુમ, તામેં રખના રાગ.**

આ દુનિયામાં નિર્માનીપણા જેવું કોઈ શસ્ત્ર નથી. જેટલા શાસ્ત્ર છે તે બધામાં નિર્માનીપણાનું મહત્ત્વ કહ્યું છે. નિર્માનપણારૂપી શસ્ત્રનો ક્યારેય ત્યાગ કરવો નહિ. અમારા વચને કરીને તમારે નિર્માનીપણામાં પ્રેમ રાખવો. આણંદ શહેરમાં જેટલા લોકો રહે છે, તે બધા અત્યંત શુદ્ધ મનવાળા છે, પરંતુ મિથ્યા ગુરુના વચનમાં બંધાઈ રહ્યા છે. કેમ જે, આણંદમાં કેટલાક એવા અબૂજ લોકો છે કે, તેના દિલમાં કાંઈ સૂઝબૂઝ નથી અને તેથી મનફાવે તેમ કરે છે.'

**શ્રીહરિ હિત કર સંત કુ, ફેર કહત ભયે બાત; સાધુતા સમ નિધિ કોઉ, હમ ન દેખત રહાત.**
**સાધુતા સમ ન પદ કોઉ, પદ રહે વાર ન પાર; પારસ ચિંતામનિ કહાઁ, કલ્પતરુ કહાઁ સોઉ.**

શ્રીહરિએ ઘણા હેતથી સંતોને ફરીવાર વાત કહી કે, 'સાધુતાના જેવો કોઈ મહાન નિધિ અમને દેખાતો નથી. પદ તો ઘણા છે, પણ સાધુતાના સમાન બીજું કોઈ ઊંચું પદ નથી. પારસમણિ, ચિંતામણિ અને કલ્પવૃક્ષ પણ સાધુતાની આગળ કાંઈ નથી. ભગવાનનો અવતાર રાજારૂપે જ્યારે થાય છે ત્યારે ઘણા આદરભાવથી સાધુઓને માને છે. તેમની સાધુતાને દેખીને ભગવાન તેમના શિષ્ય થઈને રહે છે; એવું તે સાધુતાનું પદ સહુથી વધારે શ્રેષ્ઠ છે. જેણે જેટલું સાધુતાના મહત્ત્વપૂર્ણ પદને જાણ્યું ન હોય તેટલા તે સાધુતામાં કાચા રહે છે. જ્યારે કામ પડે ત્યારે તેની સાધુતા તરત દેખાઈ આવે છે. કામ પડ્યા સિવાય ખબર પડતી નથી. સાધુની ભેળા બધા સાધુ સરખા જ દેખાય છે, પણ જેમાં જે ગુણ રહ્યા હોય છે તે તો સમય આવ્યે દેખાય આવે છે. સમય આવે ત્યારે પણ જો ગુણ ન દેખાય તો તેના તે ગુણ નિષ્ફળ છે.'

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૯૨-૯૩)

ભગવાન શ્રીહરિની આ આજ્ઞામાં શૂરવીરોના ખમીરની કસોટી હતી. શૂરવીર હરિભક્તોના શૌર્ય દબાવી ભાગવત ધર્મના પ્રસારણ અર્થે ક્ષમા કેળવવાનો આદેશ હતો. આવા પ્રસંગો ઉપસ્થિત કરી ભગવાન શ્રીહરિ કસોટી કરી લેતા. હરિભક્તોમાં પણ આજ્ઞાપાલનની ભાવના છે કે સ્વભાવને વશ થઈ કેવળ દેહભાવે વર્તે છે તે પણ તેઓ તપાસી લેતા. સભા પછી તેઓ વખતા પગીના ઘરે પધાર્યા. ત્યાં રાત રોકાયા. સવારે નિત્યવિધિથી પરવારી આણંદના માર્ગે પ્રસ્થાન કર્યું.

રસ્તામાં તળાવ આવ્યું. તેનું નિર્મળ નીર જોઈ ભગવાન શ્રીહરિને સ્નાન કરવાની ઈચ્છા થઈ. તેમાં સ્નાન કરી સરોવરને તીર્થ બનાવી દીધું. મુકુન્દાનંદ વર્ણીએ મહારાજ પાસે પેંડાનો ડબ્બો મૂક્યો અને કહ્યું : ''મહારાજ ! થોડું જમો. ત્યાં શુ થશે તે કોણ જાણે છે ? વિપ્રોના રાંધ્યા ધાન પણ કદાચ પડ્યાં રહેશે અને આપણે ભૂંડે હાલે નીકળવું પડશે.''

આ શબ્દો સાંભળી ભગવાન શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! આ વર્ણી પણ અંતર્યામી જણાય છે. તે કહે છે તેમ જ બનવાનું છે. આ આપણા ઘોડાઓ પણ હણહણી રહ્યા છે.''

એટલે કાઠી ભક્તોએ કહ્યું : ''મહારાજ ! આ તો યુદ્ધના ચિહ્નો જણાય છે. નહીં તો ઘોડાઓ આ રીતે હણહણે નહીં.''

ભગવાન શ્રીહરિએ કહ્યું : ''જે ભગવાને ધાર્યું હશે તે થશે.'' એમ કહીને ત્યાંથી આણંદને રસ્તે સૌ ચાલ્યા.

સામરખામાં આવેલા વિપ્ર હરિભક્તો રાત્રે જ આણંદ પહોંચી ગયા હતા. રસોઈની તમામ તૈયારી કરાવી સવારે રસોઈ શરૂ કરી દીધી. હરિભક્તો માટે ઉતારાની વ્યવસ્થા કરી લીધી. ભગવાન શ્રીહરિનું સ્વાગત કરવા સામૈયાની પણ તૈયારી કરી. મહારાજ પધારે છે તે સમાચાર તેમને મળ્યા. એટલે સામૈયા સાથે તેઓ મહારાજની સન્મુખ જવા નીકળ્યા.

આણંદમાં ઉદ્‌ઘોષ થઈ ગયો : ''સ્વામિનારાયણ તેના સંતો સાથે આવે છે. સાથે હરિભક્તોનો મોટો સમૂહ છે.'' આથી, વલ્લભ મંદિરના બે મુખ્ય કારભારીઓ પંડ્યા રામકૃષ્ણ તથા હરિભાઈ ક્રોધે ભરાયા. તેમને અંતરમાં બીક લાગી કે સ્વામિનારાયણનો ઉપદેશ સાંભળી વૈષ્ણવ સમાજ ભરમાશે. સૌ આ નવા પંથમાં ભળી જશે.

તેમણે વૈષ્ણવોને ભેગા કર્યા. તેમને કહ્યું : ''સ્વામિનારાયણ ધર્મ એ તૂત છે. વેદના મત પ્રમાણેનો એ ધર્મ નથી. જો તેમને આપણા ગામમાં પેસવા દેશું, તો આપણા વૈષ્ણવ ભક્તો ઉપર તેની વિપરીત અસર થશે. માટે તેનું અપમાન કરી ગામમાંથી ભૂંડે હાલે કાઢી મૂકવા એટલે ફરી આ ગામમાં આવવાનો વિચાર જ ન કરી શકે.''

પંડ્યાના વાક્‌ચાતુર્યની ધારી અસર વૈષ્ણવ સમાજ ઉપર થઈ. યુવાનો પણ ઉશ્કેરાયા. તેમણે કહ્યું : ''સૌએ નિર્ધાર કરી લેવો કે જે થવાનું હોય તે ભલે થાય પણ આજે તો સ્વામિનારાયણ સાથે ખરાખરીનો ખેલ ખેલી લેવો છે.''

જોતજોતામાં ભરબજારમાં લોકોનું ટોળું જમા થયું. ઈંટોના ટુકડા, પથ્થર, ધૂળ, ગારો અને છાણ આ તેમના શસ્ત્રો હતા. કેટલાકે લાકડીઓ અને ધારિયાં પણ લીધા હતા. કાં મરવું, કાં મારવા એવા ભાવમાં આવી સૌ શૂરવીરતાનો ઓપ ચઢાવી મેદાનમાં તૈયાર ઊભા હતા.

આણંદના હરિભક્તોએ ભગવાન શ્રીહરિનું સામૈયું કર્યું ત્યારે મહારાજે તેમને પૂછ્યું : ''ગામમાં લોકોને કેવો ભાવ છે ?''

એટલે તેમણે સહજભાવે જ કહ્યું : ''મહારાજ ! ગામના લોકોનું શું કામ છે, અમે તે અમારા જેવા ભક્તો માટે આપની પધરામણી કરાવી છે.''

છતાં ભગવાન શ્રીહરિએ વ્યૂહ રચવાનું નક્કી કર્યું. મહારાજે કહ્યું : ''પ્રથમ હરિભક્તો ધૂન કરતા ચાલો, તેમની પાછળ સંતો કીર્તન-ભક્તિ કરતા નીકળે, પછી અમે અને અમારી આસપાસ કાઠી હરિભક્તો, પાછળ પાર્ષદો. આ પ્રમાણે સૌએ ચાલવાનું.'' આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ સૂચના આપી સૌને કહ્યું : ''સાંભળો, ફરી સૌને અમે કહીએ છીએ. ક્ષમા રાખજો, ઉશ્કેરાશો નહીં. કોઈ પ્રકારની ધાંધલ કરશો નહીં.'' એટલું કહીને મહારાજે કહ્યું : ''હવે સૌ ચાલો.''

આણંદના હરિભક્તો ભગવાન શ્રીહરિના આ શબ્દો સાંભળી હેબતાઈ ગયા. તેમને થયું કે આવું તો આપણે ધાર્યું જ ન હતું છતાં મહારાજે આ પ્રમાણે કેમ કહ્યું ? તેમને નક્કી થયું કે કાંઈ ધાંધલ ધમાલ થશે ખરી. છતાં મહારાજનું નામ લઈને બધા હરિભક્તોના સંઘ સાથે તેઓ આગળ ચાલ્યા.

બજારમાં સંઘ દાખલ થયો કે તરત ત્યાં જમા થયેલા લોકોનું ટોળું ઉશ્કેરાયું :

**કોઈ ધૂળ કે ઇંટાળા નાંખે, ભૂંડી ગાળો કોઈ મુખે ભાખે; મારો મારો મુખેથી ઉચ્ચારે, કોઈ વચમાં પડીને ન વારે.**
**સંત જે સનકાદિક જેવા, પૂજે ઇંદ્ર બ્રહ્માદિક એવા; તેના ઉપર તો પડી ધૂળ, લેશ ક્રોધનું ઉપજ્યું ન મૂળ.**
**સાંખી ગાળો ને સાંખ્યા ટુંકારા, જડભરત થકી શોભે સારા; એની ધીરજ જોવાને કાજે, એવો જોગ મેળ્યો મહારાજે.**

**સાધુએ સહ્યું અતિ અપમાન, ભાળી રાજી થયા ભગવાન; હરિજન ઉપરે ધૂળ નાખી, રુદે તેઓએ પણ ક્ષમા રાખી.**

(શ્રીહરિલીલામૃત : ૭/૭૦/૩૩ થી૩૫, ૪૪)

કોઈ ધૂળ, કોઈ ઈંટો, કોઈ પથ્થર તો કોઈ ગારો કે છાણ વગેરે ભગવાન શ્રીહરિ તથા સંતો-હરિભક્તો ઉપર નાંખવાનું શરૂ કર્યું. મોઢેથી ભૂંડી ગાળો બોલી પોતાનો કુભાવ પ્રગટ કરવા લાગ્યા. પણ સંતોનું ખમીર તો જડભરત અને કદરજની સ્મૃતિ કરાવે તેવું હતું. તેઓ કીર્તનો ગાતા હતા, મહારાજની મૂર્તિની સ્મૃતિ કરતા હતા. તેમની ભક્તિના રંગે રંગાયેલા હતા તેથી આ રંગ તેમને અડ્યો નહીં. તેમને હસતા જોઈ લોકોનું ટોળું વધારે ઉશ્કેરાયું, જાણે હોળીના ઘેરૈયા હોય તેમ ફાગ બોલવા માંડ્યા. ભગવાન શ્રીહરિ પોતાના સંતોની ધીરજ જોતા હતા. તેમની સ્થિતપ્રજ્ઞ સ્થિતિથી અંતરમાં ખૂબ પ્રસન્ન હતા.

હરિભક્તોના પણ એવા જ હાલ થયા. ભગવાન શ્રીહરિની આજ્ઞા હતી તેથી સૌ સહન કરી રહ્યા. તેમના મુખ ઉપર ઉશ્કેરાટના ભાવ દેખાતા ન હતા. પણ જ્યારે ભગવાન શ્રીહરિ ઉપર પણ ધૂળના ગોટા પડવા લાગ્યા, ત્યારે તેઓ ઉશ્કેરાયા. અનંતકોટિ બ્રહ્માંડના પતિ, જેમને ભક્તો સોના-રૂપાનાં ફૂલ વધાવતા, જેમને પુષ્પહારોથી નવાજતા, જેમના શરીરે ચંદનના લેપ કરી પોતે શીતળ થયાની તૃપ્તિ અનુભવતા, તે પોતાના ઈષ્ટદેવ ઉપર પણ ધૂળ, પથ્થર, છાણ અને ઈંટોના ટુકડા ઉડાડ્યા ! તેમનું હૈયું હાથ રહ્યું નહીં.

ગામના લોકોનું અજ્ઞાન જોઈ ભગવાન શ્રીહરિ તો મંદ મંદ હાસ્ય કરતા આગળ ચાલતા હતા.

પરંતુ ભગુજી ઉશ્કેરાઈ ગયા. તેમણે મ્યાનમાંથી તલવાર કાઢી. બેઠી દડીના શરીરે મજબૂત, મારવાડના આ ક્ષત્રિય વીરની તલવાર પણ તેના કદ જેવડી જ હતી. એક ઝાટકાથી જનોઈવાઢ ઘા કરીને દેહના બે ટુકડા કરી નાખવાની શક્તિ ધરાવતા આ પાર્ષદને મહારાજે હાથમાં તલવાર લેતા જોયા. એટલામાં તો જોબનપગીએ પણ પોતાનું તીરકામઠું કાઢીને નિશાન તાક્યું. ઉશ્કેરાટ વધ્યો. દાદાખાચરના હાથમાં બરછી ફરતી દેખાણી. મહારાજે જાણ્યું કે જો આ શસ્ત્રોનો ઉપયોગ અત્યારે થશે તો જીતેલી બાજી હારી જવાશે અને આપણા ધર્મસ્થાપનના કાર્યમાં મોટો વિક્ષેપ થશે. મહારાજે તરત જ હાકલ કરી : ''અત્યારે કોઈપણ જો શસ્ત્રનો ઉપયોગ કરશે, તો તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી ગણાશે. માટે શસ્ત્રો મ્યાન કરી દ્યો.''

ભગવાન શ્રીહરિની હાક સાંભળી શૂરવીર ક્ષત્રિયોનાં હૈયાં બેસી ગયાં. મહારાજની આજ્ઞા હતી, નહીં તો એક જ ક્ષણમાં આ ક્ષત્રિયોની રમતથી આણંદના ચૌટામાં લોહીની નદી વહેતી થઈ જાત. નિઃશ્વાસ નાખતાં તેમણે શસ્ત્રો તો મ્યાન કર્યાં પરંતુ તેમના મુખ ઉપર ક્રોધની લાલાશ ઓછી થઈ નહીં. ભગુજી ઉશ્કેરાયેલા ટોળા સન્મુખ આવ્યા. તેમણે કહ્યું : ''તમને ખતમ કરતાં આટલી જ વાર લાગે, પણ અમારા ઈષ્ટદેવની આજ્ઞા નથી. છતાં શસ્ત્રથી નહીં પરંતુ વાણીથી હું કહું છું કે આ પાપકર્મ કરનારા સૌ નિર્વંશ જશે. તેમની દીકરીએ પણ દીવો રહેશે નહીં.''

ભગુજીની આ શાપવાણીથી તે બધા બી ગયા. તે બધા રામકૃષ્ણ અને હરિભાઈ પંડ્યા તરફ ફર્યા. આ વિપ્રોની આ પાપ પ્રવૃત્તિથી ઓટલે ઊભા રહીને તમાશો જોતા સૌ ઉશ્કેરાયા. ટોળું તેમના તરફ દોડ્યું. બંને જણા મંદિરમાં પેસી ગયા અને અંદરથી કમાડ બંધ કરી દીધાં.

ભગવાન શ્રીહરિએ સંઘને કહ્યું : ''સૌ પાછા વળો.'' એટલે સંઘ પાછો વળ્યો.

દિનકર પંડ્યા, અજુભાઈ, જીભાઈ વગેરે આંખમાં અશ્રુ સાથે મહારાજને તથા સંઘને પાછા વળતા જોઈ રહ્યા. તેઓ કાંઈ બોલી શક્યા નહીં. મહારાજે સામરખામાં જ કહ્યું હતું, પરંતુ તે મર્મ તેમને સમજાયો ન હતો. અતિ હઠાગ્રહથી પોતાના ઈષ્ટદેવનું અને તેમના સંતો-હરિભક્તોનું આવું અપમાન થયું તેથી તેમને અંતરમાં અત્યંત બળતરા થઈ.

ભગવાન શ્રીહરિ સંઘ સાથે ગામ બહાર નીકળી ગયા. બહાર ગોંસાઈની વાડીમાં વડના વૃક્ષ નીચે ઊભા રહ્યા. માણકી ઉપરથી ઊતરી ત્યાં કૂવામાંથી પાણી પીધું. સૌ સંતો-હરિભક્તોએ પણ પોતાના વસ્ત્રો ત્યાં ખંખેર્યાં. હાથ, પગ અને મોં ધોઈ સૌ સ્વસ્થ થઈ ગયા. ત્યાંથી મહારાજ વડતાલ પધાર્યા.

## ● વડતાલમાં ભગવાન શ્રીહરિએ કહ્યું : 'આજ ઈડરિયો ગઢ જીત્યા'

ભગવાન શ્રીહરિ જ્ઞાનબાગમાં આંબા નીચે આવી બિરાજમાન થયા. વડતાલના હરિભક્તોને મહારાજ પધાર્યા તે સમાચાર મળ્યા એટલે તે બધા જ્ઞાનબાગમાં આવી ગયા. સંતો અને હરિભક્તોના વરવા વેશ જોઈ બધા પૂછવા લાગ્યા. મહારાજે સભામાં જ વાત કરી : ''આજે આપણે સૌ જીતીને આવ્યા છીએ.''

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''હા મહારાજ ! જીત્યા તો ખરા. આપણી જીતથી આણંદના ભક્તોએ આપણને ધૂળ, છાણ,

ગારો, ઈંટાળા અને પથ્થરથી કેવા વધાવ્યા ! વળી, જાનૈયા જાનમાં જાય ત્યારે તેમનેય માંડવાપક્ષ તરફથી ગાળો સાંભળવી પડે, પણ ગાળો સાંભળ્યા પછી મહામૂલું જમણ મળે અને આપણે એવો જમવાનો ભાવ છોડીને કેવળ ગાળો જ ખાધી. આજે તો જાણે ઈડરિયો ગઢ જીત્યા હોઈએ એવું પરાક્રમ કરીને આવ્યા છીએ.''

બ્રહ્માનંદ સ્વામીની આ વાણી સાંભળી સૌ હસવા લાગ્યા. ત્યારે તેમણે કહ્યું : ''જુઓ, આ મારા શરીર ઉપરનો ગુલાલ તો બે-ત્રણ દિવસ બરાબર સ્નાન કરીશ ત્યારે જ જશે. આ વસ્ત્રો પણ ત્યારે જ ચોખ્ખાં થશે. તુંબડી અને પત્તર તો ફૂટી ગયાં છે પણ તે તો મહારાજની દયાથી મળશે.''

તરત જ મૂળજી મારવાડી બોલ્યા : ''મહારાજ ! આજે તો આપે અમારી લાજ ઘટાડી દીધી.''

ભગવાન શ્રીહરિએ તરત જ કહ્યું : ''અમારી આજ્ઞા પાળી એટલે તમારી લાજ ઊલટી વધી છે. લડ્યા હોત તો વેર બંધાત, સરકાર કેદમાં પણ નાંખી દેત. પણ જો ધીરજ રાખી, તો અત્યારે કેટલી શાંતિથી બેઠા છીએ ! હવે તો તેમને જ સૌને પસ્તાવો થશે. આપણને તેડવા આવશે અને તેમાંથી કેટલાક સારા સત્સંગી પણ થશે.''

મહાન પુરુષોના વિચારો, તેમનું કાર્ય માનવબુદ્ધિને સદા અગમ્ય જ રહે છે. આજે ભગવાન શ્રીહરિએ આ એક જ પ્રસંગથી સ્વામિનારાયણના સંતોની સાધુતાના દર્શન કરાવ્યાં, શૂરવીર હરિભક્તોની ક્ષમાશીલતા બતાવી અને અસુરોના આસુરભાવ પ્રદર્શિત કરાવી દીધો. તેમને મન આ અપમાનનો પ્રસંગ ન હતો. પરંતુ સત્સંગની પ્રતિષ્ઠા અને ગૌરવનો આ પ્રસંગ હતો. સંવત ૧૮૭૪ના જેઠના શુક્લ પક્ષની આ ઐતિહાસિક તિથિ છઠ્ઠની હતી.

મુકુંદાનંદ બ્રહ્મચારીએ મહારાજ માટે થાળ તૈયાર કરી દીધો અને મહારાજને તેડવા આવ્યા. મહારાજ જમવા પધાર્યા.

ભગવાન શ્રીહરિ વડતાલમાં થોડા દિવસો રહ્યા પછી ત્યાંથી નીકળી ફરતાં ફરતાં ગઢપુર પધાર્યા.

---

આ પ્રસંગ પછી આણંદમાં આધિભૌતિક અને આધિદૈવિક ઉપાધિઓ ઘણી આવી. તેથી લોકો દુઃખી થઈ ગયા. તેમને સમજાયું કે સ્વામિનારાયણ ભગવાન અને તેમના સંતો, હરિભક્તોનું વગર વાંકે અપમાન કરવાથી જ આ દુઃખ આવ્યું છે. વળી, ભગુજીએ શાપ દીધો છે, તેથી તો શું શું થઈ જશે એવી પણ બીક તેમને લાગવા માંડી. તેથી દિનકર પંડ્યા, અજુભાઈ વગેરને મળી ઉમરેઠના જીભાઈ શેલત, મલ્લિકાર્જુન ભટ્ટ, વસનદાસ, તેના પુત્ર બાવાજી, પગી સબળસિંહ વગેરે ભગવાન શ્રીહરિ પાસે વડતાલ આવ્યા. મહારાજની ક્ષમા માગી અને પ્રસન્ન થઈ સૌને આશીર્વાદ આપવા પ્રાર્થના કરી. મહારાજે તેમને આશીર્વાદ આપ્યા, કંઠી પહેરાવી વર્તમાન ધરાવ્યા.

ભગવાન શ્રીહરિની અમીદૃષ્ટિથી આણંદમાં સત્સંગ ખરેખરો જામ્યો.

સૌ સુખી થયા. ભગુજીના શાપનું પણ નિવારણ થઈ ગયું !

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ પુષ્પદોલોત્સવ કર્યો
## સં. ૧૮૭૫ (ઈ.સ. ૧૮૧૯)

સં. ૧૮૭૫ના મહા માસની શરૂઆતના દિવસો હતા. વડતાલમાં બાપુભાઈ, જોબનપગી, વાસણ સુથાર, નારાયણગિરિ વગેરે હરિભક્તોએ ભેગા મળીને પુષ્પોદોલોત્સવ ઉજવવા માટે ભગવાન શ્રીહરિને આગ્રહ કરીને તેડાવવાનો નિર્ણય કર્યો. એ પ્રસંગે ભારતના દેશોદેશમાં વસતા હરિભક્તોને તથા સંતોને પણ બોલાવવાનો સંકલ્પ કર્યો. એ માટે વિનંતિ પત્ર લઈને જોબનપગીના ભાઈ સુંદરપગી ગઢડા ગયા. હરિભક્તોનો પ્રેમાગ્રહભર્યો વિનંતિ સહ આમંત્રણ પત્ર વાંચીને ભગવાન શ્રીહરિ અતિ પ્રસન્ન થયા.

ભગવાન શ્રીહરિએ પુષ્પદોલોત્સવ વડતાલમાં ઉજવવાની સંમતિ આપી અને દેશોદેશમાં રહેવા સર્વ આશ્રિતોને તથા સંતોને ખાસ પત્રો અને સંદેશાઓ પાઠવીને ઉત્સવ પ્રસંગે આવવાની આજ્ઞા કરી. અને પછી પોતે ફાગણ સુદ - ૬ના દિવસે વડતાલ જવા ગઢપુરથી નીકળ્યા.

વડતાલમાં ઉજવાયેલા આ પુષ્પદોલોત્સવની વિશિષ્ટતાઓ ખાસ ધ્યાન ખેંચે એવી છે. બીજા બધા પુષ્પદોલોત્સવો કરતાં આ ઉત્સવ અતિ ભવ્યતાપૂર્વક ઉજવાયો હતો. એ માટે લગભગ એક માસ અગાઉથી કંકોત્રીઓ લખવામાં આવી હતી. ભગવાન શ્રીહરિએ ધર્મધુરા સંભાળ્યા પછી સત્તરમે વર્ષે, આ ઉત્સવ ઉજવાયો હતો પણ એટલા ટૂંકા સમયમાં સત્સંગનો સંદેશ ભારતના લગભગ બધા જ વિસ્તારમાં પહોંચી ગયો હતો. આ ઉત્સવ પ્રસંગે જે આશ્રિત સત્સંગીઓ આવ્યા હતા તે ઉપરથી આ હકીકત નિષ્પન્ન થાય છે. ઉત્સવ પ્રસંગે ભારતમાંથી ક્યાં ક્યાં સ્થળોએથી હરિભક્તો અને મુમુક્ષુઓ વડતાલ આવ્યા હતા તે દેશોના નામો સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ 'શ્રીસત્સંગિજીવન' ગ્રંથના ઉજા પ્રકરણમાં અધ્યાય ૪૭માં લખ્યા છે :

**कोसलाः काशिदेशीया मैथिलाश्च सहस्त्रशः । तथैव गौडदेशीया लोकाः किलकिलाश्रिताः ।।३२।। पुरुषोत्तमपूर्जाता वङ्गदेशोद्‌भवास्तथा । गयन्तीनगरस्थाश्च प्रयागप्रान्तवासिनः ।।३३।। शोणभद्रतटस्थाश्च वृन्दवननिवासिनः । माथुराः शूरसेनाश्च तत्रावन्त्या उपागमन् ।।३४।। एते चान्येऽपि बहवः पूर्वदेशात्समागमन् । तथा काश्मीरदेशीया हरिद्वारनिवासिनः ।।३५।। कुरुक्षेत्रगता ये च पुष्करप्रान्तवासिनः। मरुधन्वोद्‌भवा लोका अर्बुदाचलसम्भवाः ।।३६। जनाः सिद्धपदस्थाश्च शतशोऽथ सहस्त्रशः । वृत्तालयमुपाजग्मुरुदीच्या एत आदृताः ।।३७।।**

**तथाऽऽययुः पश्चिमतः सैन्धवाः कच्छदेशजाः । सौराष्ट्रा अपि पाञ्चालाः सौवीराश्च सहस्त्रशः ।।३८।। तथा दक्षिणतस्तत्र लोकाश्चायन्सहस्त्रशः । सेतुबन्धोपकण्ठस्था वेङ्कटाचलजास्तथा ।।३९।। श्रीरङ्गप्रान्तसञ्जाताः काञ्चीपुरनिवासिनः । दण्डकारण्यवासाश्च मलयाद्रिभवास्तथा ।।४०।। विन्ध्याचलसमुद्‌भूतास्तापीतटनिवासिनः । नर्मदतीरवासाश्च गौर्जराश्च सहस्त्रशः ।।४१।।**

કોસલ દેશ, કાશી દેશ, મિથિલા દેશ, ગૌડ દેશ, કિલકિલ દેશ, એ બધા દેશનાં નિવાસી હજારો લોકો આવતાં હતાં. (૩૨) પુરુષોત્તમપુરી, બંગાલ દેશ, ગયા, પ્રયાગ વગેરે દેશનાં હજારો લોકો આવતાં હતાં. (૩૩) શોણભદ્રા નદીને તીરે રહેનારા, વૃંદાવનવાસી, મથુરાવાસી, શૂરસેન દેશવાસી, અવંતી નગરીનાં જનો વગેરે હજારો લોકો વડતાલ આવતાં હતાં. (૩૪) આ પૂર્વોક્ત કોસલ આદિક દેશના અને તેના અવાંતર દેશના નિવાસીઃ આ સર્વે પૂર્વ દેશના ભક્તો આવ્યા. તથા કાશ્મીર દેશના, હરદ્વાર, કુરુક્ષેત્ર, પુષ્કર પ્રાન્ત, મરુદેશ, ધન્વદેશ, અર્બુદાચલ, સિદ્ધપદ વગેરે (ઉત્તર દિશાના) દેશોમાં વસનારાં સેંકડો અને હજારો લોકો પ્રેમે સહિત વડતાલ આવતાં હતાં. (૩૫-૩૬-૩૭)

સિન્ધુ દેશ, કચ્છ, સૌરાષ્ટ્ર, પંચાલ, સૌવીર દેશનાં હજારો લોકો પશ્ચિમ દિશામાંથી વડતાલ આવતાં હતાં. (૩૮) તથા દક્ષિણ દેશાથીઃ સેતુબંધ સમીપના, વેંકટાદ્રિમાં રહેનારાં, શ્રીરંગક્ષેત્ર સમીપે રહેનારાં, કાંચીપુરનાં, દંડકારણ્ય, મલય પર્વત, વિન્ધ્યાચલની તલાટીમાં વસનારાં, તાપી-નર્મદાને કાંઠે રહેનારાં, ગુજરાતનાં હજારો ભક્તજનો આનંદપૂર્વક વડતાલમાં આવતાં હતાં. (૩૯-૪૦-૪૧)

(શ્રીમદ્‌ સત્સંગિજીવન : ૩/૪૭/૩૨ થી ૪૧)

ભારતની પ્રાચીન ભૂગોળના દેશોના આ નામો જાણવા જેવા છે : કાશ્મીર, હરિદ્વાર, કુરુક્ષેત્ર, કોશળ, કાશી, મૈથિલ, ગૌડબંગ, પુરુષોત્તમપુર, પ્રયાગ, શોણીભદ્ર, વૃંદાવન, મથુરા, શૂરસેન, અવંતી, પુષ્કર, મરુ, અર્બુદાચળ વગેરે એટલે વર્તમાન ભૂગોળ પ્રમાણે કાશ્મીર, પંજાબ, ઉત્તરપ્રદેશ, નેપાળ, આસામ, બંગાળ, બિહાર અને મધ્યપ્રદેશ (મધ્યભાગ સુધી) એ વિસ્તાર તથા સિદ્ધપદ (સિદ્ધપુર), સિંધુ,કચ્છ, સુરાષ્ટ્ર, પંચાલ, સૌવીરપ્રદેશમાંથી એટલે વર્તમાન ભૂગોળ પ્રમાણે ગુજરાત (ઉત્તરભાગ) કચ્છ, સૌરાષ્ટ્ર, પાકિસ્તાનનો સિંધ દેશ એ વિસ્તાર તથઆ સેતુબંધ રામેશ્વર, વેંકટાચળ, શ્રીરંગ, કાંચી, દંડકારણ્ય, મલયાચળ, વિંધ્યાચળ તથા

તાપીતટ, નર્મદાતટ અને ગુર્જરદેશ એટલે વર્તમાન ભૂગોળ પ્રમાણે તામિલનાડુ, કર્ણાટક, કેરાલા, આંધ્ર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાત (બંને દક્ષિણભાગ) એ વિસ્તારના નિવાસી હરિભક્તો અને મુમુક્ષુઓ આ ઉત્સવનો લાભ લેવા ખાસ વડતાલ આવ્યા હતા. આ દેશના નામો ઉપરથી સંપ્રદાયનો વિસ્તાર કેટલી ઝડપથી ક્યાં સુધી વિસ્તરેલો હતો એનો આછો ખ્યાલ આવે તેમ છે.

'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે :

**આવી ફાગણી ચૌદશ જ્યારે, તહાં સંઘ આવ્યા ઘણા ત્યારે;**
**રુડી રાવટી તંબુ ને દેરા, ગામ ફરતા વસાયા ઘણેરા.**
**ભારે રસ્તા વિષે ભીડ થાય, સીમમાં ન મનુષ્ય સમાય;**
**હરિજનના જુદા જુદા દેશ, જુદી ભાષા અને જુદા વેશ.**
**કોઈ શિર સુરતી પાગ ભાળી, કોઈને તો કચ્છી ચાંચવાળી;**
**રુડી કોઈ શિરે ગુજરાતી, કોઈ ગોહિલવાડી ગણાતી.**
**કોઈને શિર મોળિયાં મોટાં, છોગાં કોઈને મોટાં કે છોટાં;**
**દક્ષિણી પાગ કોઈની દીસે, પારશિ પાગ કોઈને શીશે.**
**પુરવી મારવાડી મેવાડી, કોઈ ઝીણી અને કોઈ જાડી;**
**કોઈ તો મોટા ચોરણાવાળા, કોઈ ધોતિયાંવાળા નિહાળ્યા.**
**એક એકનો વેષ વિરુદ્ધ, પોતપોતા તણો ગણે શુદ્ધ;**
**એમ જુદા જણાય અનેક, ઈષ્ટ સર્વ તણા શ્રીજી એક.**

(શ્રીહરિલીલામૃત : ૭/૫૮)

જેમ ચમકપાણ તરફ લોહ આપોઆપ જ આકર્ષાઈ જાય છે તેમ દૂર દૂર દેશના હરિભક્તો સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ એકમેવાદ્વિતીય પ્રેમસ્વરૂપ વ્યક્તિત્વથી આકર્ષાઈને વડતાલ આવ્યા. જેમ ચાતક આકાશ સામું તાકીને વરસાદની રાહ જોઈ રહે છે તેમ સૌ કોઈ ભગવાન શ્રીહરિના આગમનની ગઢડાની દિશા તરફ અનિમેષ નયને રાહ જોઈ રહ્યાં હતા. દશમને દિવસે સવારે ભગવાન શ્રીહરિ પીપળાવ પધાર્યા. શ્રીહરિની સાથે સંતો, હજુરી પાર્ષદો, દેશોદેશના સંઘના હરિભક્તો પણ પીપળાવ આવ્યા હતા. માર્ગમાં આવતા દરેક ગામોથી હરિભક્તોના સંઘો આ મહાસંઘમાં જોડાતા હતા. મહારાજ પીપળાવ આવ્યાની ખબર થતાં જ આજુબાજુ ગામોના બધા જ હરિભક્તો અને વડતાલના હરિભક્તો ભગવાન શ્રીહરિની સ્વાગત-સામૈયું કરવા પીપળાવ આવ્યા. વડતાલની ભાગોળને બદલે આટલે દૂર સામૈયુ કરવા માટે આવેલા હરિભક્તોને જોઈને મહારાજ અતિ પ્રસન્ન થયા.

આ ઉત્સવ પ્રસંગે બાપુભાઈની ઈચ્છા ભગવાન શ્રીહરિને પોતાના નિવાસસ્થાનમાં ઉતારો કરાવવાની હતી. અને વાસણ સુથાર, જોબનપગી તેમજ નારાયણગિરિ એ ત્રણની ઈચ્છા પણ પોતાના ત્યાં ઉતારો કરાવવાની હતી. પરંતુ હરિભક્તોનો માનવમહેરામણ ઉમેટલો જોઈને ભગવાન શ્રીહરિએ પોતાના ઉતારો ગામ બહાર ઉગમણા ઓટા નજીક ખુલ્લા ખેતરમાં કરાવ્યો. સંધ્યાકાળે ભગવાન શ્રીહરિ વડતાલ પહોંચ્યા. એક ઊંચા મંચ ઉપર બિરાજીને સંઘ સમસ્તને દર્શન દીધાં. શ્રીહરિએ આ રીતે દર્શન દીધાં તેથી હરિભક્તોને ખૂબ આનંદ થયો. એ આનંદમાં જુદા જુદા દેશના હરિભક્તોને મળવાથી અનેકગણો વધારો થયો. ભગવાન શ્રીહરિએ બધાની કુશળ ખબર પૂછી પછી દરેકને પોતપોતાના ઉતારે જઈને થોડીવાર વિશ્રાંતિ લેવાની આજ્ઞા કરી. દરેક હરિભક્તો માટે રહેવા અને જમવાની કેવી વ્યવસ્થા કરવામાં આવી છે તેની મહારાજે સ્વયં ખાતરી કરીને સર્વને જમાડ્યા.

આ ઉત્સવ પ્રસંગે ધર્મદેવના પરિવારના સભ્યો સૌપ્રથમવાર સંપ્રદાયમાં આવ્યા એ એની બીજી વિશિષ્ટતા છે. ભગવાન શ્રીહરિ એકાદશીના મંગળ પ્રભાતે ઉગમણા ઓટાવાળા આંબલાના ઝાડ નીચે સભા ભરીને બિરાજમાન હતા તે વખતે ધર્મદેવના પરિવારના સભ્યો વડતાલ આવી રહ્યા છે એવી ખબર આવી. મહારાજ તરત જ ઊભા થયા અને એમને સત્કારવા માટે સામા ચાલ્યા. મુકુંદાનંદ વર્ણીઓ, મુક્તાનંદ સ્વામી આદિક સંતો, સુરાખાચર, સોમલાખાચર, જોબનપગી, બાપુભાઈ વગેરે ભક્તો, જીવુબા-લાડુબા વગેરે સ્ત્રીભક્તો પણ ભગવાન શ્રીહરિના ભાઈઓને સત્કારવા સાથે ચાલ્યા. ટાડણ તળાવને કાંઠે, લાંબા વખતથી વિયોગે ઝુરતા રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ સાથે શ્રીહરિ સાથે અલૌકિક મિલન થયું.

સદ્‌ગુરુ શતાનંદ સ્વામી આ મિલનનું વર્ણન કરતાં 'શ્રીસત્સંગિજીવન' ગ્રંથમાં લખે છે :

શ્રીહરિના નિષ્પાપ બંને પૂજ્ય નાના અને મોટા ભાઈઓ વૃત્તાલયમાં આવેલા શ્રીહરિની સમીપે આવ્યા. નીલકંઠ નામધારી

શ્રીહરિ જે દિવસે પોતાનું નિવાસસ્થાન અને પોતાનાં સંબંધીઓનો ત્યાગ કરી, ફરી પાછા નહીં આવવા માટે વનમાં ગયા, તે દિવસથી આરંભીને શ્રીહરિના વિરહશોકથી વ્યાકુળ મનવાળા; રામ પ્રતાપ અને ઈચ્છારામ - આ બંને ભાઈઓ; પોતાને ઘેર આવેલા માયાજીતાનંદ આદિક મુનિઓના મુખથી શ્રીહરિની વારતા સાંભળીને શ્રીહરિના દર્શનમાં અતિઉત્સુક મનવાળા; એવા આ બંને ભાઈઓ શ્રીહરિમાં પ્રીતિવાળાં પોતાનાં સગાઓ આદિક ઘણા બંધુજનો સાથે વડતાલમાં આવ્યાં.

ભગવાન શ્રીહરિનાં દર્શન માટે અતિઉત્સાહી રામપ્રતાપજીનાં પત્ની સુવાસિની તથા નંદરામ, ઠાકુરરામ અને અયોધ્યાપ્રસાદ - આ સન્મતિવાળા ત્રણ જે રામપ્રતાપના પુત્રો અને સિદ્ધા નામની પુત્રી તથા દિનમાના નામે નંદરામની પતિવ્રતા સ્ત્રી, રામશરણ અને નારાયણ, બે નંદરામના પુત્રો અને મેધા નામની સુલક્ષણા નંદરામની પુત્રી, શિવકુમારી નામે ઠાકુરરામની પત્ની તથા ગોવિંદા અને આકુંતિ નામની બે પુત્રીઓ પણ સાથે હતી. અયોધ્યાપ્રસાદજીની સુનંદા નામે પત્ની તથા યમુના નામે કન્યા સાથે હતી. વરીયાલી નામે ઈચ્છારામનાં પત્ની તથા સ્વધર્માદિ ગુણથી શ્રેષ્ઠ પાંચ પુત્રો અને બે કન્યાઓ પણ હતી. ઈચ્છારામજીનાં સંતાનોનાં નામ આ પ્રમાણે છે : ગોપાળજી, રઘુવીર, વૃંદાવન, સીતારામ,બદ્રીનાથ આ પાંચ પુત્રો; તથા ફૂલસરી અને ફૂલઝરી આ બે કન્યાઓ, તેમજ ગોપાલની મંડા નામની પત્ની અને રઘુવીરનાં વિરજા નામે પત્ની તે પણ સાથે હતાં. ઈચ્છારામનો સુફલ નામનો સાળો અને મામાનો પુત્ર બુદ્ધિમાન મંછારામ પણ સાથે હતા.

**लक्षणैरात्मबन्धुं तं स्वानुभूतैरवेत्य तौ । दूराद्दुद्रुवतुः प्रेम्णा परिरब्धुं मुदान्वितौ ।।२०।। आयातौ निजदर्शनार्थमथ तौ त्यक्तवा गृहं दूरतः प्रेमाश्रुस्तुतिलोचनावतिमुदौ दृष्ट्वा स तद्भाववित् । भ्रातृस्नेहविहीनधीरपि तद भक्तप्रियत्वात्प्रभुः पीठादुत्तरति स्म हासविकसद्वर्क्तााम्बुजः सत्वरम् ।।२१।। तावत्तौ द्रुतमेत्य तं स्वपरमप्रेष्ठं क्रमेणादराद्दोर्भ्यां सम्परिरभ्य हर्षविवशावास्तां चिरं भ्रातरौ । तौ सम्मान्य यथोचितं स भगवानन्यांश्च बन्धून्निजान्मित्रादीन्परिरभ्य साश्रुनयनानानन्दयामास तान् ।।२२।।**

આમ, બંને ભાઈઓ પરિવાર સાથે વડતાલ આવી શ્રીહરિને સભામાં બેઠેલા દૂરથી જોતા હતા. તે બંને ભાઈઓ શ્રીહરિના ગૃહનિવાસ સમયે બાળપણામાં સહજીવનથી પરિચિત એવી મુખાકૃતિ તથા ડાબા કાનમાં કાળો તલ વગેરે ચિહ્નો જોઈ આ બંને ભાઈઓએ, 'આ પોતાના ભાઈ ઘનશ્યામ જ છે,' એમ જાણી પ્રેમપૂર્વક પોતાના ભાઈને ભેટવા માટે દોડ્યા. અતિ દૂર એવા અયોધ્યાથી પોતાના ઘરનો ત્યાગ કરી, પોતાને દર્શને આવેલા અને અતિ સ્નેહથી નેત્રમાં હર્ષનાં અશ્રુની ધારાવાળા અતિશય આનંદિત પોતાના બન્ને ભાઈઓને જોઈ, બંધુભાવને જાણનારા શ્રીહરિ તત્કાલ પોતાના સિંહાસનથી ઊતર્યા. પોતાને અતિપ્રિય શ્રીહરિને બંને ભાઈઓ અનુક્રમે તત્કાલ આવી બંને ભુજાથી આલિંગન કરી, ઘણા સમય સુધી મહાઆનંદમાં નિમગ્ન થયા. શ્રીહરિ, બંને ભાઈઓ અને બીજા તેમની સાથે આવેલા બંધુઓની યથાયોગ્ય સંભાવના કરી, પોતાના મિત્રાદિને આલિંગન કરી, આંખમાં પ્રેમાશ્રુવાળા ભાઈ વગેરે સંબંધીજનોને આનંદ પમાડતા હતા.

તે સમયે નારાયણમુનિએ પોતાના મોટાભાઈ, રામપ્રતાપ જ્યારે પોતાને પ્રણામ કરવા ઉદ્યુક્ત થયા ત્યારે તેમને નિવારી તે મોટા હોવાથી તેમને પોતે નમસ્કાર કર્યા. ઈચ્છારામ નાના ભાઈ હોવાથી તેમણે શ્રીનારાયણમુનિને પ્રેમથી નમસ્કાર કર્યા. શ્રીહરિ એજ પ્રકારે પોતાનાં બીજાં બંધુજનોને પણ યથાયોગ્ય નમસ્કાર કરતા હતા. કેટલાક બંધુઓ પણ ઉત્સાહે સહિત શ્રીહરિને નમસ્કાર કરતા હતા. તે સર્વે ભાઈઓ વગેરે બંધુઓ પ્રાણથી પણ પ્રિય શ્રીહરિને ઘણે સમયે જોઈને વિરહજન્ય દુઃખનો ત્યાગ કરતા હતા, અને સુખ પામતા હતા. પોતાના બંધુજનોને યોગ્ય આસને બેસાડીને શ્રીહરિ પોતાના સિંહાસનમાં બેઠા. પછી સ્વાગતાદિ-કુશળ વૃત્તાંત પૂછ્યું જે, તમે સર્વ અહીં સુખેથી પધાર્યા ? હું અહીં છું તેમ કેવી રીતે જાણ્યું ? વગેરે કુશળ વૃત્તાંત પૂછતા હતા. પછી મુક્તાનંદ વગેરે સાધુઓ, દેશદેશથી આવેલા ભક્તો, મયારામ, હેમંતસિંહ વગેરે સત્સંગીઓ, મુકુંદાનંદ આદિ વર્ણીઓ, સોમ વર્મા આદિ પાર્ષદો તથા જયા-રમા વગેરે સ્ત્રીઓ તે, 'રામપ્રતાપ-ઈચ્છારામ બંને શ્રીહરિના ભાઈઓ છે.' એમ જાણી, શ્રીહરિની માફક જ સ્નેહથી યથાયોગ્ય પ્રણામ કરતા હતા.

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૩/૪૯)

આ પ્રસંગે દેશોદેશથી આવેલા હરિભક્તોએ ભગવાન શ્રીહરિની વિધવિધ વસ્ત્રો-અલંકારો તથા જાતજાતના ફળફળાદિ અને મિષ્ટ વાનગીઓ વડે પૂજા કરી. આ ઉત્સવમાં આવેલા હરિભક્તોની સંખ્યા ગણી ગણાય નહિ એટલી વિશાળ હતી. એટલે હરિભક્તોની પૂજા વ્યક્તિગત ગ્રહણ કરવાનું શક્ય ન હતું, એટલો સમય પણ ન હતો. તેથી ભગવાન શ્રીહરિએ હરિભક્તોને દેશવાર અને ગામવાર સંયુક્ત આવીને પૂજા કરવાની સૂચના કરી. આ સૂચના પ્રમાણે ભગવાન શ્રીહરિના પૂજનનું કાર્ય ખૂબ સરળતાથી થોડા સમયમાં પૂર્ણ થઈ ગયું.

સર્વશ્વર ભગવાન શ્રીહરિની હરિભક્તોએ સ્તુતિગાન કર્યું :

**गोविन्द ! नारायण ! वासुदेव ! श्रीकृष्ण ! सङ्कर्षण! पद्मनाभ !।**
**नरानिरुद्धेश्वर ! लोकनाथ ! हरे ! मुकुन्दाद्य ! नमो नमस्ते ।।१८।।**

હે ગોવિંદ ! નારાયણ ! વાસુદેવ ! શ્રીકૃષ્ણ ! સંકર્ષણ ! પદ્મનાભ ! નર ! અનિરુદ્ધ ! ઈશ્વર ! લોકનાથ ! હરિ ! આદ્ય ! અમે આપને વારંવાર નમન કરીએ છીએ. આ પદમાં તેર નામોનું ગાન કરેલું છે.

**आनन्दकन्दाच्युत ! सुन्दराङ्ग ! दयानिधे ! माधव ! मङ्गलात्मन् !।**
**विष्णो ! हृषीकेश ! परावरेश ! प्रद्युम्न ! पद्मानन ! ते नमोऽस्तु ।।१९।।**

હે આનંદકંદ ! અચ્યુત ! સુંદરાંગ ! દયાનિધિ ! માધવ ! મંગલાત્મા ! વિષ્ણુ ! હૃષીકેશ ! પરાવરેશ ! પ્રદ્યુમ્ન ! પદ્માનન ! આપને અમે વારંવાર નમન કરીએ છીએ. આ પદમાં અગિયાર નામોનું ગાન કરેલું છે.

**विशुद्धमूर्ते ! मधुसूदनाज ! दमोदर ! श्रीधर ! सर्ववन्द्य ! ।**
**ब्रह्मण्यदेवाक्षर ! पूर्णकाम ! प्रभो ! विभो ! नाथ ! नमो नमस्ते ।।२०।।**

હે વિશુદ્ધમૂર્તિ ! મધુસુદન ! અજ ! દામોદર ! શ્રીધર ! સર્વવંદ્ય ! બ્રહ્મણ્યદેવ ! (ધર્મ અને ધર્મને જાણનારા પુરુષો જીવો, ઈશ્વરો અને અક્ષરનું હિત કરનાર) અક્ષર ! પૂર્ણકામ ! પ્રભુ ! વિભુ ! નાથ ! અમે આપને વારંવાર નમન કરીએ છીએ. આ પદમાં બાર નામોનું ગાન કરેલું છે.

**वैकुण्ठ ! सत्योत्तम ! सत्त्व ! भूमन् ! हिरण्यगर्भ ! त्रिककुत्कलेश ! ।**
**विश्वोत्तमश्लोक! विधे ! महर्षे ! प्राणेश ! विश्वेश्वर ! ते नमोऽस्तु ।।२१।।**

હે વૈકુંઠ ! સત્ય ! ઉત્તમ ! સત્ત્વ ! ભૂમન્ ! (અપાર મહિમાવાળા) હિરણ્યગર્ભ ! ત્રિકકુત્ ! કલેશ ! (કલા=માયાના ઈશ, નિયંતા) વિશ્વોત્તમશ્લોક ! વિધા ! મહર્ષિ ! પ્રાણેશ ! વિશ્વેશ્વર ! આપને અમે વારંવાર નમન કરીએ છીએ. આ પદમાં બાર નામોનું ગાન કરેલું છે.

**वृषाकपे ! केशव ! धर्म ! धीर ! शुचिश्रवो ! भूतपते ! परात्मन् ! ।**
**पुण्याङ्ग ! यज्ञेष्टद ! पुण्यकीर्ते ! सुधीर्नमस्ते ! पुरुषोत्तमाय ।।२२।।**

હે વૃષાકપિ ! (વૃષ એટલે ધર્મ અને કપિ એટલે ધારણ કરીને રક્ષણ કરનાર) કેશવ ! ધર્મ ! ધીર ! શુચિશ્રવ ! (જેમનું નામ શ્રવણ અને સંકીર્તન પવિત્ર કનાર છે), ભૂતપતિ ! પરાત્મા ! પુણ્યાંગ ! યજ્ઞ ! ઈષ્ટદ ! પુણ્યકીર્તિ સુધી (સર્વનું હિત થાય એવું ચિંતન કરતી બુદ્ધિવાળા) પુરુષોત્તમ અમે આપને વારંવાર નમન કરીએ છીએ. આ પદમાં તેર નામોનું ગાન કરેલું છે.

**अधोक्षज ! श्रीकर ! कञ्जनेत्र ! वेदैकविद्वेदकृदव्ययात्मन् ! ।**
**अव्यक्त ! संश्चित्पर ! सौख्य ! हेतो ! आनन्द ! विद्याधिपते ! नमोऽस्तु ।।२३।।**

હે અધોક્ષજ ! શ્રીકર ! કંજનેત્ર ! વેદૈકવિદ્ ! વેદકૃત ! અવ્યયાત્મા ! અવ્યક્ત ! સત્ ! ચિત્પર (ચેતનતત્ત્વ માત્રથી પર), સૌખ્ય! હેતુ (સર્વકારણના કારણ), આનંદ ! વિદ્યાધિપતિ ! અમે આપને વારંવાર નમન કરીએ છીએ. આમાં તેર નામોનું ગાન કરેલું છે.

**ज्ञेयादिदेव ! प्रियभक्त ! पूज्य ! प्रेष्ठ ! प्रजेशामरवर्य ! सर्व ! ।**
**ब्रह्मागुणागम्य ! सदर्चनीय ! प्रमाणहीनाधिपते ! नमोऽस्तु ।।२४।।**

હે જ્ઞેય ! આદિદેવ ! પ્રિય ભક્ત ! પૂજ્ય ! પ્રેષ્ઠ ! (પ્રિયમાં પ્રિય) પ્રજેશ ! (જન્મ ધારણ કરનાર સૌ કોઈના ઈશ), અમરવર્ય! સર્વ! બ્રહ્મ ! (પરબ્રહ્મ) અગુણ ! અગમ્ય ! સદર્ચનીય ! પ્રમાણહીન (સર્વ પ્રકારના પ્રમાણથી જે પર છે) અધિ ! અમે આપને વારંવાર નમન કરીએ છીએ. આ પદમાં ચૌદ નામોનું ગાન કરેલું છે.

**स्वामिन्महेशामलधाम ! देव ! ज्ञानप्रदागोचर ! सद्गुणाऽऽप्त ! ।**
**सहस्रमूर्ते ! पुरुषाप्तकाम ! प्रकाशकाकाशवपुर्नमस्ते ।।२५।।**

હે સ્વામી ! મહેશ ! અમલધામ ! (નિર્ગુણધામવાળા), દેવ ! જ્ઞાનપ્રદ ! અગોચર ! સદ્ગુણાપ્ત ! સહસ્રમૂર્તિ ! પુરુષ ! આપ્તકામ! પ્રકાશક ! આકાશવપુ ! (અમાયિક શરીરવાળા) અમે આપને વારંવાર નમન કરીએ છીએ. આમાં બાર નામોનું ગાન કરેલું છે.

**स्वतन्त्र ! मायाधिप ! सर्वशक्ते ! सदा प्रसन्नो भव पाहि चास्मान् ।**
**त्वमेव सर्वाश्रयणीय एकस्तस्मै मुहुस्ते भगवन्नमोऽस्तु ।।२६।।**

હે સ્વતંત્ર ! માયાધિપ ! સર્વશક્તિ ! સર્વોશ્રયણીક ! એક ભગવન્ ! અમે આપને વારંવાર નમન કરીએ છીએ. આમાં છ નામોનું ગાન કરેલું છે.

આમ, એકસો આઠ ભગનન્નામોનું આ નાનકડા પણ અર્થગંભીર ભાવવાહી પદ દ્વારા સ્તુતિગાન સંભળાવીને નરનાટક કરી રહેલા ભગવાન શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. હરિભક્તોએ જ્યારે વિનમ્રભાવે કહ્યું કે આ પદમાં ગાયેલા આ બધા નામો અમારી નજર સામે પ્રત્યક્ષ ભગવાનનાં જ છે ત્યારે ભગવાન શ્રીહરિએ મર્માળુ હાસ્ય કર્યું.

ત્યારબાદ સર્વે મુનિઓ અને હરિભક્તો બન્ને હાથ જોડીને શ્રીહરિના મુખારવિંદમાં આરોપણ કરી છે નેત્રની વૃત્તિઓ એવા થકા શ્રીહરિને ભક્તિથી પ્રાર્થના કરવા લાગ્યા :

**ततश्च प्रार्थयामासुः सर्वे भक्तजनाः प्रभुम् । बद्धाञ्जलिपुटा भक्त्या तन्मुखार्पितदृष्टयः ।।२७।। अस्माकं स्खलने क्षुते च पतने व्याधौ तथा जृम्भणे मूर्च्छायां मरणेऽपि वा विवशतां सम्प्राप्स्यतां नित्यदा । त्वन्नामान्यखिलाघदुःखनिचयध्वंसातिशौर्याणि वै वाचायां विलसन्तु निश्चलतया भक्तप्रिय ! श्रीहरे ! ।।२८।। मा देहगेहद्रविणेषु बुद्धिर्व्रजेद्भवत्पादयुगं विहाय । अस्माकमित्येव हरेऽभियाचितं सम्पूरयाधीश ! भव प्रसन्नः ।।२९।।**

"મહારાજ ! અમો પ્રાર્થના કરીએ છીએ. આપનાં હરિ,કૃષ્ણ, હરિકૃષ્ણ, નારાયણ મુનિ, સહજાનંદ, સ્વામિનારાયણ આદિ નામો જે સમગ્ર પાપના સમુદાયોને તથા દુઃખના સમૂહોને મૂળમાંથી નાશ કરવામાં મહાશૂરવીર સર્વ મંગલકારી છે. તે અમારી વાણીમાં નિશ્ચલપણે સર્વકાળમાં નિવાસ કરો. કારણ કે વાણીનું સાફલ્ય આ જ છે કે ઠેસ ખાતાં, છીંક ખાતાં, પડી જતાં, જવર આદિ વ્યાધિમાં, બગાસું ખાતાં કે મૂર્છા-મરણના અવસરમાં કદાચ પરવશતાને પામીએ તો પણ અમારી વાણીમાં તમારાં નામામૃતો નિત્ય નિશ્ચલ નિવાસ કરો. આપના પદારવિંદને ત્યાગ કરીને કયારેય પણ દેહ, ગેહ, દ્રવ્યાદિકમાં અમારું મન પ્રવેશ કરો નહિ. પરંતુ આપના ચરણારવિંદમાં જ આસક્ત રહો. આટલી જ અમારી અભિલાષા છે. તેને કૃપા કરી પૂર્ણ કરો અને અમારી ઉપર પ્રસન્ન થાઓ."

આ પ્રકારે પ્રાર્થના કરીને શ્રીહરિની મૂર્તિમાં એકાગ્ર ચિત્તવાળા તે સર્વે મુનિ આદિ ભક્તજનો શ્રીહરિને ફરી નમસ્કાર કરી યથાયોગ્ય સ્થાને બેઠા. પછી ભગવાન શ્રીહરિ મેઘની માફક ગંભીર વાણીથી બોલ્યા : "હે ભક્તો ! મારા આશ્રિત મુનિઓ, પુરુષો તથા સ્ત્રીઓ ! તમે સર્વે એકાગ્રચિત્ત થઈ મારું વચન સાંભળો. એકાદશી આદિ જે કંઈ પણ વ્રત જાગરણથી જ સંપૂર્ણ ફળ આપનારું થાય. માટે આજે એકાદશીના વ્રતમાં શ્રીકૃષ્ણના ગુણકીર્તનોથી જાગરણ કરવું."

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૩/૫૫)

પુષ્પદોલોત્સવ શ્રીનરનારાયણદેવના મંગળ પ્રાગટ્યદિનનો ઉત્સવ છે. પૂર્વે સ્વાયંભુવ મન્વંતરમાં જ્યારે ધર્મદેવ અને મૂર્તિદેવીના પુત્ર તરીકે સોળ વર્ષની વય ધારીને શ્રીનરનારાયણદેવનો પ્રાદુર્ભાવ થયો હતો ત્યારે ફાગણ માસ અને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પ્રવર્તતું હતું. આ ઉત્સવ દિનનો નિર્ણય પ્રવર્તતું હોય તે દિવસે કરીને ઉજવવો જોઈએ. (શ્રીસત્સંગિજીવન : ૩/૫૬/૨૪થી૨૬) વદ એકમને દિવસે સવારે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો યોગ હોવાથી એ દિવસે ઉત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. તેરશને દિવસે ભરાયેલી વિરાટ સભામાં ભગવાન શ્રીહરિએ હરિભક્તોને એક મહત્ત્વની આજ્ઞા કરી. હોળીના દિવસોમાં સામાન્ય રીતે લોકો અશ્લીલ શબ્દો બોલે છે અને માણસ માટે અનુચિત કહેવાય એવું વર્તન કરે છે. સંપ્રદાયના આશ્રિતોએ એ દિવસે એવું અયોગ્ય વર્તન ન કરવાની અને ભક્ત કવિઓએ રચેલાં હુતાશની ઉત્સવના પદો ગાવાની આજ્ઞા કરી. એ દિવસે રંગ ઉડાવવામાં આવે પણ પુરુષ અને સ્ત્રીવર્ગે, પોતપોતાના ધર્મની મર્યાદામાં રહીને એટલે પુરુષોએ પુરુષવર્ગમાં અને સ્ત્રીઓએ સ્ત્રીવર્ગમાં જ રંગ, પોતપોતાની મર્યાદા સચવાય એવી રીતે ઉડાવવો જોઈએ.

પૂર્ણિમાને દિવસે ઉત્સવ પ્રસંગે આવેલા સ્ત્રીભક્તોને સ્વધર્મની મર્યાદામાં રહીને ભગવાન શ્રીહરિની પૂજા કરવાની છૂટ આપવામાં આવી ત્યારે સર્વત્ર આનંદ વ્યાપી ગયો. પડવાને દિવસે સવારે માનુષિકલીલા કરતા ભગવાન શ્રીહરિએ પોતે નરનારાયણ દેવની ષોડશોચારે પૂજા કરી અને હિંડોળામાં પધરાવીને આરતી ઉતારી.

પછી શ્વેત વસ્ત્રધારી તત્કાલ કાર્યકારી શ્રીહરિ પોતાના સિંહાસનની સમીપમાં આવીને તે ઉપર બેઠા. તે સમયે 'જય જય' આ પ્રકારનો મહાધ્વનિ સમગ્ર જનોએ ઉચ્ચાર્યો. મહાવાજિંત્રોનો ધ્વનિ થયો. શ્રીહરિ પ્રીતિયુક્ત દૃષ્ટિથી સમગ્ર જનોને જોતા સતા ભક્તોને પ્રસન્ન કરતા હતા. તે સમયે જોબનપગીએ સહિત કુબેર ભક્ત અને તખોપગી વગેરે પુરનાં જનો શ્રીહરિની સમીપમાં આવીને મહા અમૂલ્ય વસ્ત્રો, આભૂષણો, ચંદન અને વિવિધ પ્રકારના પુષ્પહારો વડે ભક્તિ પૂર્વક પૂજા કરતા હતા. બીજાં દેશાંતરથી આવેલાં જનો પણ વસ્ત્રો અને નાના પ્રકારના આભૂષણો, પુષ્પના હારો, છત્ર, ચામર, મુકુટાદિ મહારાજાને યોગ્ય ઉપચારોથી અને સ્તુતિઓ,

સાષ્ટાંગ નમસ્કાર વગેરેથી પૂર્વની માફક પૂજા કરતાં હતાં. તે સમયમાં કુબેર, જોબન વગેરે પુરના ભક્તો, કેસરિયા રંગથી ભરેલાં મોટાં કઢાયાં અને લાલ રંગથી પરિપૂર્ણ ઘણા ઘડાઓ જલદી ઉપાડીને લાવ્યા. પછી પુરના ભક્તોએ ઘડે ઘડે રંગજળ લાવીને, ઊંડા હોઝ ભરી દીધા. દેશાંતરના લોકો તો ગુલાલ ભરેલા મોટા કોથળા ઉપાડી લાવ્યા. પોતાના સ્વામી શ્રીહરિની સાથે રંગે રમવાની ઇચ્છાથી ભેગાં થયેલાં પુરજનો, રંગ ઉડાડવાની પિચકારી, સુવર્ણાદિ ધાતુની અને વાંસની હજારો પિચકારીઓ, યંત્રો (બંબા)એ સહિત શ્રીહરિ સમીપે લાવતા હતા.

દૃઢ કેડ્યો બાંધીને આવેલા,પોતાની સાથે ક્રીડા કરવા ઇચ્છતા તે ભક્તોના સમૂહો જોઈને શ્રીહરિ પોતાનાં ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા માટે તત્કાલ ઇચ્છા ધરાવતા હતા. પછી શ્રીહરિ પોતાના અલંકારો વગેરે બ્રાહ્મણોને આપીને તત્કાલ કેસરી વસ્ત્રથી કેડ્ય બાંધીને સ્વયં હસતા જાય અને ભક્તસમૂહને હસાવતા જાય, તેમ કરતાં હસ્તે સુવર્ણની પિચકારી ગ્રહણ કરી. શ્રીહરિએ પોતાના હસ્તના સંકેતથી સ્ત્રી-સમુદાયોને અતિદૂર કરીને, પોતાના સમીપે રંગપાત્ર લઈને સમગ્ર ભક્તજનોને પોતાની ઈચ્છાપૂર્વક રમવાની આજ્ઞા આપી. શ્રીહરિએ મોટા ગુલાલના ખોબા સાથે, પિચકારીઓથી ફેંકેલી રંગની ધારાઓની, સમીપે રહેલા ભક્તો અને દૂર રહેલા ભક્તો ઉપર પણ સમાન પણે વૃષ્ટિ કરી. પિચકારીઓથી નાખેલા રંગો અને ગુલાલની મૂઠીઓ, દૂર અથવા સમીપમાં ફેંકતા, શ્રીહરિના ગુણોને ગાતા અને હસતા મુક્તાનંદાદિ મુનિ સમૂહોએ શ્રીહરિની ઉપર ચોતરફથી રંગ અને ગુલાલનો અભિષેક કર્યો. વૃદ્ધો, યુવાનો અને કુમારો, મુનિઓ અને ભક્તો - પરસ્પર ઉપર રંગ અને ગુલાલ અતિશય ફેંકતા હતા.

શ્રીહરિની સમીપે સમગ્ર સમુદાય અંદરો અંદર લાંબા સમય સુધી રંગક્રીડા કરતો હતો. પછી મુનિઓ અને પાર્ષદો વગેરે સમૂહ ક્રીડાનો ત્યાગ કરીને ભગવાનને પ્રસન્ન કરવા માટે બે-બે જણ ક્રીડા કરતા હતા. રામપ્રતાપ અને ઈચ્છારામ બે ભાઈઓ પોતાના દેશને અનુસરી રંગક્રીડા કરતાં કરતાં શ્રીહરિ (શ્રીસ્વામિનારાયણ ભગવાન)ને હસાવતા હતા. તે સમયે મુક્તાનંદ મુનિ સાથે તુલ્ય ગુણવાળા શ્રેષ્ઠ સાધુ ગોપાલાનંદ મુનિ રમતા હતા. મુનીંદ્ર બ્રહ્માનંદ નિત્યાનંદ મુનિની સાથે રંગક્રીડા કરતા હતા. શતાનંદ મુનિ સચ્ચિદાનંદ મુનિની સાથે રંગક્રીડા કરતા હતા.

ભૂધરાનંદ મુનિ શુકાનંદ મુનિ સાથે ક્રીડા કરતા હતા. ગુણાતીતાનંદ-આનંદાનંદ બન્ને મુનિઓ અને દયાનંદ- નિષ્કુળાનંદ બન્ને મુનિઓ ક્રીડા કરતા હતા. પ્રેમાનંદ મુનિ મહાનુભાવાનંદ મુનિની સાથે ખેલતા હતા તથા પૂર્ણાનંદ મુનિ ચૈતન્યાનંદ મુનિ સાથે રમતા હતા. ભજનાનંદ- પરમાનંદ આ બન્ને મુનિઓ અને સ્વયંપ્રકાશાનંદ-વૃદ્ધાત્માનંદ આ બન્ને મુનિઓ રંગે રમતા હતા. રાઘવાનંદ મુનિ જ્ઞાનાનંદ મુનિની સાથે રમતા હતા. અદ્‌ભુતાનંદ-સર્વજ્ઞાનાનંદ આ બન્ને મુનિઓ રમતા હતા. ભગવદાનંદ મુનિ, યુવાન(નાના) આત્માનંદ મુનિની સાથે તે સમયે રમતા હતા. યોગાનંદ, શિવાનંદ આ બન્ને રમતા હતા. તેવીરીતે કૃપાનંદ-અક્ષરાનંદ વગેરે બીજા મુનિઓ બેબે જણ થઈને પરસ્પર રમતા હતા.

મુકુંદાનંદ વર્ણીન્દ્ર, જયાનંદવર્ણીની સાથે અને સૂરાખાચર સોમલાખાચરની સાથે, અલૈયો ભગુજીની સાથે એમ (એકબીજાની જોડે) રમતા હતા. વસ્તા નૃપતિ હેમંતસિંહ રાજાની સાથે અને પ્રયાગજી જે શ્રીહરિના પુરાણી, તે મયારામ ભટ્ટની સાથે ક્રીડા કરતા હતા. તે સમયે જોબન પગી કુબેર પટેલની સાથે, અને એ રીતે બે-બેની જોડીમાં બીજા પણ ભક્તજનો અતિ પ્રસન્ન થઈને રમતા હતા.

સોમવર્મા રંગક્રીડા જાણતા ન હતા. છતાં અત્યંત પ્રસન્ન હતા. અને રંગનો ઘડો ભરીને તત્કાલ જ ગ્રહણ કરીને સૂરા ખાચરના મસ્તક ઉપર રેડ્યો. તે સમયે સૂરા ભક્તે હસતાં હસતાં સોમાભક્તને પાડી દીધા, કારણ કે પોતે વધુ બળવાન હતા. સોમવર્માના મુખમાં અને નેત્રોમાં ગુલાલ ખોબાથી પૂરી દીધો. બ્રહ્માનંદ મુનિએ, સૂરાખાચરે નીચે પાડેલા સોમલા ખાચરને જોઈને નિત્યાનંદ મુનિનો ત્યાગ કરી સૂરાખાચરને તત્કાલ પકડ્યા.

બ્રહ્માનંદ મુનિએ સોમલાખાચરે નાંખેલા રંગથી ભીનું થયેલું સૂરાખાચરનું મુખ, ગુલાલથી લીંપી દીધું. એટલામાં સૂરાખાચરે પણ પોતાના હાથથી બ્રહ્માનંદ મુનિની શિખા(ચોટલી) પકડીને મોટી મૂઠીમાં ભરેલો ગુલાલ તે મુનિના નેત્રોમાં ભરી દીધો અને મુનિને મૂંઝવી દીધા. નેત્રોમાં ગુલાલ ભરાઈ જવાથી દૃષ્ટિ બંધ થઈ, તેથી મનમાં વિભ્રાંત થયા. એટલે સૂરાખાચરને માથામાં ટાલ છે, એ વાત ભૂલી ગયા અને સૂરાખાચરની ચોટલી પકડવાની ઈચ્છાથી તે દરબારને માથામાં વારંવાર હાથ ફેરવતા હતા. એ સમયે શ્રીહરિએ હસતા હસતા તત્કાલ સિંહાસનથી નીચે કૂદી પડીને સૂરાખાચરને પકડી લીધા. અને એના મસ્તક ઉપર રંગની ભરેલી ગાગર રેડી. વળી, શ્રીહરિ સૂરાખાચર ઉપર ગુલાલ ખોબેખોબે વારંવાર ફેંકી, તેને રંગમાં રોળતા હતા. આ પ્રકારની લીલા જોનારાં ભક્તજનોને સૂરાખાચરને જોઈ, રાતા રંગથી ભરેલ પર્વત ઊભો હોય તેવું લાગતું હતું. મયારામભટ્ટે ઓચિંતા જ પ્રાગજી પુરાણી ઉપર ગુલાલ નાખ્યો.

તેથી પ્રાગજી પુરાણીની આંખો ગુલાલથી ભરાઈ ગઈ અને દેખી શકતા ન હતા. પ્રાગજી પુરાણી તત્કાલ જ રંગથી ભરેલો ઘડો મયારામ ઉપર રેડવા માટે ગ્રહણ કરતા હતા. મયારામ ભટ્ટ, પ્રાગજીએ ગ્રહણ કરેલા રંગના ઘડાને જોઈને, રંગનું ટીપું પડવાના ભયથી પૃષ્ઠ ભાગથી નીચે નમેલા થકા ત્યાંથી નાસી ગયા. આ જોઈ શ્રીહરિ પણ હસવા લાગ્યા.

આવી રીતે બે બે જણ થઈને ખેલન-ક્રિયા કરતાં હતા. તે સમયે શ્રીહરિ રંગથી ભીનાં વસ્ત્રો સહિત, પોતાની દિવ્ય મૂર્તિની શોભા સમગ્ર ભક્તજનોને ધ્યાનમાં આવે તેમ બતાવવા ઈચ્છતા હતા; તેથી શીઘ્ર ગતિવાળા ઘોડા ઉપર બેસીને,ભક્તોવડે ગુણાનુવાદ કરાયેલા શ્રીહરિ સર્વ જનસમુદાયોને તત્કાલ પ્રદક્ષિણા કરતા હતા. પગલે પગલે અત્યંત રંગ અને ગુલાલ પરસ્પર ફેંકતા થકા અથવા ભગવાન ઉપર છાંટતા થકા મુનિઓ અને ભક્તજન સમૂહો શ્રીહરિની પાછળ દોડતા હતા.

આ પ્રમાણે ચોતરફ સંચરણ કરતા શ્રીહરિ સમગ્ર ભક્ત જનોને પોતાનાં દર્શન આપીને શ્રી નરનારાયણને મહા નૈવેદ્યનો સમય થયો છે, એમ જાણીને પુરથી દક્ષિણ દિશામાં ધના નામક તળાવમાં ગયા. ત્યાં સમગ્ર ભક્તજનોની સાથે જલક્રીડા કરીને તથા સ્નાન કરી, લોકોને પોતપોતાના સ્થાને જવા આજ્ઞા કરી, પોતે પણ સ્વસ્થાને ગયા. શ્રીહરિએ પોતાના નિવાસે ફરી સ્નાન કરી, ભગવાન શ્રીનરનારાયણને છપ્પન પ્રકારનાં નૈવેદ્ય અર્પણ કર્યા. પછી શ્રીહરિએ આરતી કરી. શ્રીનરનારાયણને હીંડોળેથી ઉતારી, ફરી પૂજન કરી, બ્રાહ્મણને સોંપી, મુનિ વગેરેને સારી રીતે ભોજન કરાવ્યું.

શ્રીહરિ લાલ ઉત્તરીય વસ્ત્રથી પહેરેલા પીતાંબરને કેડમાં દઢ બાંધીને મુનિ વગેરેને પીરસાવતાં, તત્કાલ ચાલતાં ચરણારવિંદવાળા, મુનિમંડળોની પંક્તિઓમાં વારંવાર પીરસવા પૂર્વક વિચરતા થકા મુનિઓને આનંદ આપતા હતા. શ્રીહરિ ઘણા ઘી સાકરે યુક્ત, ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય તથા વિવિધ પ્રકારનાં પકવાન્નોથી મુનિ વગેરેને તૃપ્ત કરતા હતા. પછી શ્રીહરિ પોતાના નાનાભાઈ ઈચ્છારામના નિવાસમાં જમીને, પોતાના સ્થાનમાં આવીને, ચાર ઘડી સુધી વિશ્રાંતિ કરતા હતા. શ્રીહરિ પોતાના ઊંચા સિંહાસનમાં ફરીથી બેઠાં અને સૂર્ય આથમી ગયો, તે સમયે વિઠ્ઠલદાસ આદિ વાળંદોએ પ્રકટાવેલી દીપિકાની શિખાઓ અત્યંત શોભવા લાગી. શ્રીહરિએ તે સમયે સભામાં આવેલા ભક્તોની સાથે નામસંકીર્તન કરીને, એ ભક્તોને પોતાના હાથની સંજ્ઞાથી બેસાડી દીધા.

પછી સભામાં તત્કાલ જ મૌન ભાવથી બેઠેલા, પોતાના મુખારવિંદમાં આરોપણ કરી છે નેત્રની વૃત્તિઓ જેમણે એવા ભક્ત સમૂહોને સભામાં જોતાં તેમનું હિત કરવામાં ઉદ્યમવાળા દયા આદિ અનંત ગુણોથી પરિપૂર્ણ શ્રીહરિ આ (આગળ કહેશે તે) પ્રમાણે તેમને ઉપદેશ આપતા હતા. શ્રીમદ્‌સત્સંગિજીવનઃ૩/૫૮)

આ ઉપદેશ શ્રીમદ્ સત્સંગિજીવન : ૩/૫૯ થી ૬૨ સુધીના ચાર અધ્યાયોમાં સવિસ્તાર ગૂંથી લીધો છે. રંગ મહોત્સવ પછી તરત જ જનશિક્ષા જેવો ગંભીર ઉપદેશ ભગવાન શ્રીહરિએ હેતુપૂર્વક આપેલો જણાય છે. પંચભૂતોનો દેહ ધારણ કરેલો હોય ત્યારે જીવમાં આનંદ-પ્રમોદને થોડો અવકાશ અપાય એમાં અસ્વભાવિકતા જેવું કંઈ જ નથી પણ તે સાથે જ જીવનનું ધ્યેય જળવાય એ દૃષ્ટિ આનંદપ્રમોદના એ પ્રસંગોમાં પણ રહે એવી વિવેકીજને હંમેશા કાળજી રાખવી જોઈએ.

જનશિક્ષાના ઉપદેશની શરૂઆત ભગવાન શ્રીહરિએ યોગ્ય રીતે જ સ્વધર્મનું પાલન અને સાચા સત્પુરુષોના સંગની આવશ્યકતાથી કરેલી છે. શ્રીહરિ કહે છે :

**पुम्भिः स्त्रीभिस्त्यागिभिश्च सर्वैरेव मदाश्रितैः । स्वस्वधर्मस्थितैर्नित्यं सङ्गः कार्यः सतां सताम् ।।**

મારા આશ્રિત સર્વ ત્યાગીઓ, ગૃહસ્થ પુરુષો તથા સધવા અને વિધવા સ્ત્રીઓએ પોતપોતાના ધર્મમાં રહીને જ સત્ શાસ્ત્રમાં કહેલા લક્ષણવાળા સાચા સાધુઓનો કે સાંખ્ય યોગી સ્ત્રીઓનો સંગ દરરોજ યથાયોગ્ય કરવો.

સ્વધર્મ શબ્દમાં વર્ણ, આશ્રમ, જાતિ, વર્ગ - એના ધર્મનો સમાવેશ થાય છે. તદુપરાંત બીજી પણ એક મહત્ત્વની અને અનિવાર્ય ગણાય એવી બાબતોનો પણ એમાં સમાવેશ થાય છે. જીવને જે દેહ મળ્યો હોય તે દેહના ધર્મો ઉપરાંત એનો પોતાનો ધર્મ એટલે જીવના ધર્મનો પણ એમાં સમાવેશ થાય છે. માણસ જો એકમાત્ર દેહના જ ધર્મોનું પાલન કરે અને આત્માના ધર્મોની ઉપેક્ષા કરે તો એને પારાવાર નુકશાન થાય છે. ભગવાન શ્રીહરિએ જે આદેશાત્મક ઉપદેશ આપ્યો છે તેમાં સ્થિત શબ્દ વાપરેલો છે એનો અર્થ, ધર્મનું સ્વરૂપ બરાબર સમજીને તેનું સુદૃઢ પાલન કરવું એવો થાય છે. જે પરધર્મ હોય, પાખંડ ધર્મ હોય, કલ્પિત ધર્મ હોય, મનસ્વી ધર્મ હોય તેને જો માણસ સ્વધર્મ માને અને તે પ્રમાણે વર્તે તો એને ભારે નુકશાન થયા સિવાય રહેતું નથી. કૌરવ અને કૌરવોના પક્ષમાં મદદ અર્થે ઊભેલા સૌ કોઈને શત્રુ માની તેમનો નાશ કરવો એ પોતાનો ધર્મ છે એવો પાકો નિર્ણય કરીને રણભૂમિ ઉપર આવેલા અર્જુનને છેક છેલ્લી ઘડીએ યુદ્ધ શરૂ કરવાનું રણશિંગું ફૂંકાઈ ગયા પછી યુદ્ધ ન કરવું એ પોતાનો ધર્મ એવો વ્યામોહ થયો ત્યારે જો ભગવાન શ્રીકૃષ્ણ એની પડખે ન હોત તો જગતમાં અને જીવનમાં એની ભારે અપકીર્તિ થઈ હોત, એનું જીવન અને મૃત્યુ

બંને બગડ્યાં હોત, પણ ભગવાન શ્રીકૃષ્ણે એને એનો સાચો ધર્મ સમજાવ્યો, પરિણામે એ યુદ્ધમાં વિજેતા તો બન્યો એટલું જ નહિ પણ નારાયણની પડખે પદ પણ પામ્યો. માણસના જીવનમાં એવા પ્રસંગો અવારનવાર આવતા જ હોય છે કે જ્યારે સ્વધર્મ અને પરધર્મ, સ્વધર્મ અને પાખંડધર્મ, સ્વધર્મ અને કલ્પિતધર્મ વચ્ચે રહેલી સૂક્ષ્મ ભેદરેખાનું માણસને ભાન રહેતું નથી તેથી ભગવાન શ્રીહરિએ જનશિક્ષાના આ ઉપદેશમાં સ્વધર્મના પાલનને સાચા સત્પુરુષોના સંગ સાથે સાંકળી લીધેલો છે.

આ ઘોર કળિયુગમાં જીવોને સંસારના બંધનથી તત્કાલ મુકાવવા માટે શુદ્ધ અંતઃકરણવાળા સાધુઓ જ સમર્થ છે. સાધુઓ અને અસાધુઓમાં રહેલાં લક્ષણોથી સાધુત્વ અને અસાધુત્વ સત્શાસ્ત્ર અનુસારે પોતાની બુદ્ધિથી જાણવું અને તે પછી સાધુના લક્ષણેયુક્ત સંતોને જ હંમેશાં સેવવા; કારણ કે પૃથ્વીમાં વેશ માત્રથી સાધુ સમાન ઘણા પુરુષો જનોને છેતરે છે. માટે સાધુઓનાં લક્ષણોથી પરીક્ષા કરીને મુમુક્ષુ જનોએ અસાધુઓનો દૂરથી જ ત્યાગ કરવો. સ્ત્રી, દ્રવ્ય અને નાના પ્રકારના રસાસ્વાદમાં આસક્તિવાળા અને તેની પ્રાપ્તિ માટે જનોને છેતરનારા, ઉપરથી ત્યાગીના સરખો વેશ રાખનારા જે અસાધુઓ છે, તે મૂર્તિમાન કલિયુગ-સ્વરૂપ જ જાણવા. સ્ત્રીઓના ઉપભોગમાં લંપટ, માટે જ સ્ત્રીઓના ક્રીડામૃગોની માફક-વિપરીત બુદ્ધિવાળા અને દેહને જ આત્મા માનનારા; અસત્પુરુષોનો સંગ કયારેય પણ કરવો નહીં. સ્ત્રીઓના પ્રસંગવાળા અસત્ સાધુ પુરુષોના સંગથી પુરુષને જે પ્રકારે મોહ અને બંધન થાય, તેવો મોહ અને બંધન બીજાના પ્રસંગથી થાય નહીં.

આ વાત તમે નિશ્ચિત જાણો. જે અસત્ પુરુષોના સંગથી મુમુક્ષુને પોતાની મુમુક્ષાનો અંકુર નાશ પામે છે, આ પ્રકારની સાધુ સંજ્ઞાવાળા અસત્પુરુષો કળિયુગમાં ઘણા હોય છે. અસાધુઓના પ્રસંગથી મુક્તિની ઇચ્છાનો અંકુર નષ્ટ થયા પછી નરકની પ્રાપ્તિના દ્વારરૂપ પરસ્ત્રી સેવન-પારકું દ્રવ્ય અને હિંસા નામના દોષોમાં જીવોની પ્રવૃત્તિ થાય છે, આ વાતમાં શંકા જ નથી. જે જનો તો પ્રથમથી પોતાના સ્વભાવથી જ સ્ત્રી આદિ ત્રણમાં અતિ આસક્ત છે જ, તે લોકો તેવા અસાધુ પુરુષના પ્રસંગથી સ્ત્રી વગેરેમાં અત્યંત આસક્ત થાય છે. અસાધુજનોના શિષ્યો અને સમગ્ર જનો, પોતપોતાના દેહના નાશ પછી સૂર્ય ચંદ્ર રહે ત્યાં સુધી કુંભીપાક નામે નરકમાં પડે છે. આ મેં જે કહ્યું તે શ્રીમદ્ ભાગવતમાં તૃતીય સ્કંધના એકત્રીશમા અધ્યાયમાં સબીજસાંખ્યના આચાર્ય ભગવાન કપિલે યથાર્થપણે પોતાનાં માતુશ્રી દેવહૂતિને ઉપદેશ આપ્યો ત્યારે કહેલું છે તથા એકાદશ સ્કંધમાં છવ્વીશમા અધ્યાયમાં પોતાના ભક્ત ઉદ્ધવને શ્રીકૃષ્ણ ભગવાને પણ કહ્યું છે. માટે મારા આશ્રિત કોઈ પણ ભક્તોએ, કયારેય પણ અસત્પુરુષોનો સંગ કરવો જ નહીં. હવે મુમુક્ષુ પુરુષોએ સેવા કરવા યોગ્ય સત્પુરુષોનાં લક્ષણો હું તમોને કહું છું : જે સાધુઓ અષ્ટ પ્રકારે સ્ત્રી પ્રસંગનો ત્યાગ કરીને દૃઢ બ્રહ્મચર્યને સિદ્ધ કરતા હોય, તથા સ્ત્રીસંગની માફક દ્રવ્ય માત્રનો સંબંધ ત્યજે છે; જે સાધુઓ કાંઈ પણ માદક વસ્તુઓ કયારેય પણ ભક્ષણ કરતા નથી; જે સાધુઓ નાના પ્રકારના રસાસ્વાદનો ત્યાગ કરીને રસના ઈન્દ્રિયને વશ કરે છે.

જે સાધુઓ મન-વાણી અને શરીરથી પારકો અને પોતાનો દ્રોહ નથી કરતા, જિતેન્દ્રિય હોય છે. ક્રોધ રહિત હોય, વાસના રહિત ચિત્તવાળા હોય, શરીર અને તેના સંબંધી પદાર્થમાં આસક્તિ રહિત હોય; અને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનનો દૃઢ આશ્રય હોય, જુગાર આદિ વ્યસનો રહિત હોય, આવા લક્ષણવાળાને મેં સાચા સાધુ માનેલા છે. જે સાધુઓ સ્ત્રીઓથી ચાર હાથ દૂર ચાલે છે. જડ ભરતની માફક હંમેશાં માન રહિત હોય, તે સાચા સાધુ છે. જે સાધુઓ પોતાના ધર્મના નિયમમાં અજ્ઞાનથી પણ ભંગ થાય, તો પણ શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરે છે - તે સાચા સાધુઓ છે.

જે સાધુઓ, જોડી વિના કોઈ પણ સ્થાનમાં ક્યારેય એકાકી જતા નથી, પૃથ્વીમાં તે સાચા સાધુઓ જાણવા. જે સાધુઓને શ્રીકૃષ્ણની શ્રવણાદિ ભક્તિ વિના એક ક્ષણ પણ વ્યર્થ કયારેય જતી નથી, તે મેં સાચા સાધુઓ માનેલા છે. સંસારના બંધનથી પોતાના આત્માને મુક્ત કરવા ઇચ્છનાર જનોએ ઉપર કહેલાં લક્ષણોવાળા શ્રીહરિના આશ્રિત સાધુઓનો જ સમાગમ હંમેશાં કરવો. આ લોકમાં જે સાધુઓના મેં કહેલાં લક્ષણોથી રહિત-યથેષ્ટ આચરણ કરનાર હોય; અને તે જો ઉપરથી સાધુના જેવો વેશ રાખતા હોય, તો પણ તેનો શ્વપચની માફક દૂરથી જ ત્યાગ કરવો.

આ પ્રકારે શ્રીહરિનું વચન સાંભળી, હરિભક્ત સ્ત્રીઓએ નિસાસો નાંખ્યો. કારણકે હવે સંતોની વાણી સાંભળવા નહીં મળે. તેથી પોતાના પતિ-પુત્રાદિક દ્વારા પોતાનું હિત શ્રીહરિને પૂછવા માટે નેત્ર અને હાથ વગેરેની સંજ્ઞાથી તેઓને પ્રેરણા કરતી હતી. તે સ્ત્રીઓના અભિપ્રાયને જાણીને સભામાં બેઠેલા તેમના સંબંધી પુરુષો શ્રીનારાયણમુનિને આ પ્રમાણે પૂછવા લાગ્યા. ભક્તજનો કહે છે : સમગ્ર જનોને આરાધના કરવા યોગ્ય હે પ્રભુ ! તમોએ સાધુ-અસાધુનાં લક્ષણોનું જ્ઞાન વિક્તિ સહિત સારીરીતે અમોને કહ્યું, જે સત્પુરુષ અને અસત્પુરુષોની વિક્તિ મુમુક્ષુઓએ અવશ્ય જાણવી જોઈએ. હે સત્પતે ! તમોએ સ્ત્રીદ્રવ્યના સંસર્ગનો ત્યાગ, મુક્ત સાધુઓને અને મુમુક્ષુ સાધુઓને સરખી રીતે કહ્યો. હે ભગવન્, તમોએ કહેલા મુક્ત સાધુઓ અને મુમુક્ષુ સાધુઓને સાધારણ

રીતે સ્ત્રી અને દ્રવ્યના ત્યાગમાં (અષ્ટ પ્રકારે સ્ત્રી-દ્રવ્ય ત્યાગ બાબતે) સ્ત્રીઓની સંમતિથી અમે પૂછીએ છીએ. તે આ અમારો પ્રશ્ન સાંભળીને તેનો ઉત્તર તમે હાલમાં યથાયોગ્ય કહેવાને યોગ્ય છો. આ લોકમાં મુક્તો અને મુમુક્ષુ-બે પ્રકારના સંતો છે. તેમાં મુક્ત સંતો સિદ્ધ દશાને પામેલા છે. મુમુક્ષુ સંતો સાધનદશાવાળા છે. હે સ્વામિન્ ! તે બન્ને સત્પુરુષોમાં પરસ્પર અતિશય ભેદ છે. માટે સાધનમાં, સ્ત્રી દ્રવ્યાદિકના ત્યાગરૂપ નિયમમાં તે બન્નેની સમાનતા કયે પ્રકારે થાય ? અર્થાત્ ન જ થાય.

હે પ્રભો ! મુમુક્ષુ સાધુઓને સ્ત્રીઓનો પ્રસંગ બંધન કરનારો થાય જ. મુમુક્ષુઓને કામાદિ દોષ યથાર્થ બળી ગયેલા ન હોવાથી સ્ત્રી આદિનો ત્યાગ યોગ્ય જ છે. આ લોકમાં જે સંતો આત્માપરમાત્માનાં સ્વરૂપને યથાર્થ જાણનારા માટે જ પ્રાણ, મન અને બુદ્ધિ ઇન્દ્રિયો જેમણે વશ કરેલાં છે, અને સ્વતંત્રપણે દેહમાં રહેલા છે. (જેથી ઇન્દ્રિયો આદિકને આધીન નથી.) અને જે સંતો બ્રહ્મભાવને પામેલા પોતાના આત્મામાં સમાધિ દ્વારા પરબ્રહ્મ નારાયણ એવા તમોને પ્રત્યક્ષપણે ઉપાસના કરે છે. અને જે સંતો મેષોન્મેષથી-પોતાના નેત્રને ઉઘાડી અને બંધ કરી, સર્વદા તમોને જ જુએ છે; એવા સંતો પોતાના આશ્રિત સેવકોને સંસારના બંધનથી તારવાને શક્તિમાન કહેલા છે. આવા મુક્ત સાધુઓને સ્ત્રીઓની આગળ શ્રીહરિનાં ગુણચરિત્રો કહેવા વગેરેમાં શો દોષ છે ? અમને તો કોઈ દોષ જણાતો નથી. કારણ કે મુક્ત સાધુઓને સ્ત્રી અને પુરુષ સમાન ભાવે હોવાથી ત્યાજ્યપણે તુલ્ય છે તેઓને કોઈ પ્રયોજન નથી. હે પ્રભુ ! બ્રહ્મનિષ્ઠ મુક્ત સાધુઓને યથેષ્ટ આચરણ દોષ માટે થતું નથી.

આ પ્રમાણે કેટલાક વિદ્વાનો પણ બોલે છે. પોતાના આત્મા સાથે બ્રહ્મ રૂપે રહેલા એ મુક્ત સાધુઓને સ્ત્રીઓનો અંગસ્પર્શ પણ દોષ કરનારો ન જ થાય તો સ્ત્રીઓની સાથે બોલવામાં શો દોષ છે ? કાંઈ પણ દોષ નથી. બ્રહ્મનિષ્ઠ સાધુઓ તો બળતા અગ્નિની સમાન તેજસ્વી હોય છે, જ. માટે જ આ લોકમાં જે જનો તેવા સાધુઓનો પ્રસંગ કરે છે તે જનો પણ સાધુના સમાન બ્રહ્મભાવને નિશ્ચે પામે છે. માટે હે પ્રભુ! આ લોકમાં ચાર હાથ દૂરથી બેસી, સ્ત્રીઓની આગળ શ્રીકૃષ્ણનાં ગુણચરિત્રો કહેવામાં, મુક્ત સાધુઓને કયો દોષ છે ? અમને તો કોઈ દોષ જણાતો નથી. જો તેવા પ્રકારના મુક્ત સાધુઓ સ્ત્રીઓની આગળ શ્રીકૃષ્ણની વાર્તા ન કરે અથવા અધર્મ માર્ગની પ્રવૃત્તિથી તે સ્ત્રીઓનું રક્ષણ ન કરે તો સ્ત્રીઓની શી ગતિ થાય ? (કઈ રીતે તેમનો સંસૃતિથી ઉદ્ધાર થાય ?) હે સત્પ તે ! સાધન દશામાં રહેલા જે મુમુક્ષુ સંતો તે તો પોતાના વ્રતના ભંગથી સ્ત્રીઓની આગળ શ્રીકૃષ્ણની કથાવાર્તા ન કરે, તે તો ઠીક છે. જે સ્ત્રીલંપટ સાધુવેશવાળા, પૃથ્વીમાં એકલા ફરે છે.

તે તો સ્ત્રીઓની આગળ પોતાની ઈચ્છાથી વાર્તાઓ કરે છે. હે પ્રભો! તમારા આશ્રયવાળી સ્ત્રીઓ, કહેલા સ્ત્રીલંપટ સાધુઓથી શ્રીકૃષ્ણના ગુણચરિત્રની કથા પણ ક્યારેય સાંભળતી નથી. કારણ કે તે સ્ત્રીઓ એકલા ફરતા સાધુઓને સ્ત્રીલંપટ અને ધુતારા જાણે છે. હે પ્રભો ! માટે તમારા આશ્રિત મહિલાઓ ઉપર કૃપા કરી, ભગવદ્ ભક્તિની વૃદ્ધિ માટે સ્ત્રીઓની આગળ શ્રીકૃષ્ણનાં ગુણચરિત્રોની કથા કરવા માટે તમારા આશ્રિત મુક્ત સાધુઓને આજ્ઞા કરો. હે હરે ! તમોએ સાધુનાં લક્ષણ કહેવામાં જે આઠ પ્રકારનું બ્રહ્મચર્ય કહ્યું છે, તેવા પ્રકારના મુક્ત સાધુઓને સાત પ્રકારનું રાખવા કૃપા કરો.

આ પ્રકારે હરિભક્તોએ સ્ત્રીઓના કલ્યાણ માટે જ પ્રાર્થના કરી, એ સાંભળીને સર્વ ધર્મના સિદ્ધાંતોને જાણનારા શ્રીહરિ હસતા હસતા આ પ્રમાણે બોલ્યા. શ્રીનારાયણમુનિ કહે છે : હે ભક્તો ! સર્વ ગૃહસ્થ પુરુષો, સ્ત્રીઓ અને મુનિઓ સાંભળો. જે પ્રકારે સ્ત્રીઓનું કલ્યાણ થાય, તે હું તમોને કહું છું. જે પ્રકારે (તમોએ કહ્યા પ્રમાણે) શ્રીકૃષ્ણની આશ્રિત સ્ત્રીઓ હિતકારી એવી પણ શ્રીકૃષ્ણની કથા એકલા ફરતા સ્ત્રીલંપટ-કુયોગી પુરુષના મુખથી કયારેય સાંભળતી નથી. એજ રીતે આગળ કહેલા મુક્ત પુરુષના મુખથી પણ શ્રીકૃષ્ણની કથા મારા આશ્રિત સ્ત્રીઓએ સ્વતંત્ર રીતે કયારેય ન સાંભળવી. (પરંતુ પુરુષોની હાજરીમાં મર્યાદાપૂર્વક સાંભળવી.) જે મુક્ત સાધુ સ્ત્રીઓની આગળ શ્રીકૃષ્ણની કથા કરે તો તે મુક્ત સાધુ પણ તત્કાલ ત્યાગીના ધર્મથી ભ્રષ્ટ થાય. એમાં સંશય નથી. ત્યાગીના ધર્મથી પડેલો, માટે જ સ્ત્રીઓનો પ્રસંગ રાખનાર-મુક્ત સાધુના મુખથી જે સ્ત્રી કૃષ્ણકથા સાંભળે, તે સ્ત્રી પણ પોતાના ધર્મથી ભ્રષ્ટ થાય છે. માટે અતિ નીચ ગતિને પામે છે.

તેવા પ્રકારની સ્ત્રીઓ અને મુક્ત સાધુ મહા પાપયુક્ત થઈને મહા અનર્થને પામે છે. આ પ્રમાણે ઉદ્ધવ-શ્રી રામાનંદ સ્વામીએ પહેલાં મને કહેલું છે. આ મેં કહેલી વાર્તા આ પ્રકારે જ છે, એમાં કોઈ પ્રકારનો સંશય જ નથી. કારણ કે પુરુષની બુદ્ધિની ભ્રષ્ટતાનું કારણ નારી જ છે. એજ રીતે નારીની બુદ્ધિની ભ્રષ્ટતાનું કારણ પુરુષ છે. પૂર્વે પણ ઘણા મુક્ત પુરુષો અને ઘણી સ્ત્રીઓ પણ અન્યોન્યના પ્રસંગથી પોતપોતાના ધર્મથી પડેલા છે. અને અધોગતિને પામેલા છે. મુક્તોએ પણ સ્ત્રીનો પ્રસંગ કયારેય કરવો નહીં. આ અર્થમાં શ્રીમદ્ ભાગવતમાં કહેલા શ્લોકો તમોને કહું છું : ભક્તિયોગ આદિની સિદ્ધ દશાને પામવા ઇચ્છતો મુમુક્ષુ અને મારી ઉપાસનાથી બ્રહ્મભાવને પામેલા (સિદ્ધ દશાને પામેલા) મુક્ત (તે પણ) કયારેય પણ સ્ત્રીઓમાં સંભાષણ આદિ પ્રસંગ કરે નહીં, કારણ કે જે

સ્ત્રીઓ મુમુક્ષુ અને મુક્તને પણ નરકપ્રાપ્તિના દ્વારભૂત છે એમ સિદ્ધ દશાવાળા મુનિઓ કહે છે (આ તૃતીય સ્કંધમાં કપિલદેવનું વચન છે.) માયાએ સર્જેલા - નારી, સુવર્ણનાં અલંકારો, વસ્ત્રો, પુષ્પોની માળા, ચંદન વગેરે પદાર્થોમાં ઉપભોગ બુદ્ધિથી વિમોહિત મનવાળો, માટે જ મૂઢ, તેમજ નાશ પામેલા વિવેકવાળો, મુક્ત પુરુષ, જેમ પતંગિયું દીવાને જોઈને તેના રૂપમાં ઉપભોગ બુદ્ધિથી તેમાં પડીને નાશ પામે છે, તેની માફક નાશ પામે છે. (આ એકાદશ સ્કંધમાં દત્તાત્રેયનું વચન છે.) પોતાની માતા, બહેન અથવા દીકરી સાથે પણ એકાંતમાં આસન (અર્થાત્ બેસવું વગેરે) કરવું નહીં. કારણ કે ઈન્દ્રિયોનો સમૂહ અતિ બળવાન છે, તે જ્ઞાનનિષ્ઠ મુક્ત પુરુષોને પણ મુક્ત ભાવથી પાડે છે.

માટે મુક્ત પુરુષોએ પણ વશ કરેલ મનનો વિશ્વાસ કરીને નારીનો પ્રસંગ કરવો નહીં. તે જ રીતે મુક્તભાવને પામેલી સ્ત્રીઓએ પણ પોતે જીતેલા મનના વિશ્વાસથી પુરુષનો સંગ કયારેય કરવો નહીં. જે મારી આજ્ઞાથી સ્ત્રીનો પ્રસંગ થાય, એવી મારી આજ્ઞા પણ મુક્તોએ (મુનિઓએ)પણ ન માનવી. તેમજ જેનાથી પુરુષનો પ્રસંગ થાય એવી મારી આજ્ઞા મુક્ત સ્ત્રીઓએ પણ માનવી નહિ. હે ભક્તો !, 'મુક્તો બળતા અગ્નિ સમાન છે. માટે સ્ત્રીઓને મુક્તોનો પ્રસંગ કલ્યાણ માટે થાય છે', એમ જે તમોએ કહ્યું છે, એ વચન તો સદાચાર પ્રમાણથી વિરુદ્ધ છે. શાસ્ત્રમાં અને લોક વ્યવહારમાં એ વાત નિંદિત છે. મહાપુરુષોએ તમોએ કહેલું વચન માન્ય કરેલું નથી. 'મુક્તોનો પ્રસંગ સ્ત્રીઓને મુક્તિમાં કારણ છે' આ વચન નિત્યમુક્ત-સત્પતિ અને સદા પોતે જ મુક્તભાવવાળા એક શ્રીકૃષ્ણમાં જ સંભવે છે. એક શ્રીકૃષ્ણ વિના જે જે જીવ અથવા ઈશ્વરે વેદાદિમાં કહેલી મર્યાદા ઉલ્લંઘન કરી, તે તે જીવ અને ઈશ્વર પણ અદ્યાપિ લોકમાં અને શાસ્ત્રમાં નિંદાય છે.

જગતની સૃષ્ટિ કરતાં બ્રહ્મા, વિશ્વસંહાર કરનારા શંકર, ત્રિલોકનો પાલક ઈન્દ્ર, ઔષધિનો અધિપતિ ચંદ્ર, સમગ્ર દેવોના ગુરુ બૃહસ્પતિ, વગેરે તથા સૌભરિ વગેરે; અંતઃ શત્રુ કામને આધીન થઈ વૈદિક મર્યાદાનું ઉલ્લંઘન કરી નિંદ્યપણાને પામ્યા છે. માટે આ તમે કહેલો સ્ત્રીઓનો સંભાષણ રૂપ સંબંધ તો દૂર જ રહો, કારણ કે સ્ત્રીના દર્શન માત્રથી પણ સિદ્ધ દશાને પામેલા મુક્તો પણ પોતાની સ્થિતિમાંથી પડી જાય છે. જે જનો મુક્ત-સાધુઓનું ઈચ્છા પ્રમાણે આચરણ દોષરૂપ થતું નથી આવું બોલે છે, તે જનો તો મહા પાપી જાણવા માટે મુક્તોમાં ઈચ્છા પ્રમાણે આચરણની શંકા (સંભાવના) પણ કોઈ પુરુષે કયારેય પણ કરવી નહીં. કારણ કે તેવા મુક્ત પુરુષો જ ધર્મની રક્ષા કરનારા છે. (વિધિ નિષેધનું પાલન કરતા થકા જનોને ધર્મમાં પ્રવર્તાવે છે.)

હે ભક્તો ! પ્રેમે સહિત નવ પ્રકારની ભક્તિ અને અતિ દૃઢ બ્રહ્મભાવને પામેલો મુક્ત પણ નારીના પ્રસંગથી ભ્રષ્ટ થાય જ. તેવા પ્રકારની, શ્રીકૃષ્ણની ભક્તિ અને દૃઢ આત્મનિષ્ઠા પામેલી મુક્ત સ્ત્રી પણ, પુરુષના પ્રસંગથી ભક્તિ અને આત્મનિષ્ઠાથી ભ્રષ્ટ થાય છે.

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૩/૫૯)

અનેક દૃષ્ટાંતો દ્વારા ભગવાન શ્રીહરિએ પોતાના આશ્રિતજનોને ધર્મવિરુદ્ધ, ભગવાનને આંકેલી મર્યાદા વિરુદ્ધ, મનસ્વી આચરણ કદી ન કરવાની સર્વ આશ્રિતોને ખાસ શિખામણ આપી. શ્રીહરિએ સ્પષ્ટતા કરી કે ભગવાનનાં કથાકીર્તન અને નામસંકીર્તન નિમિત્તે પણ સ્ત્રી-પુરુષોએ ભેગા ન થવું જોઈએ. પુરુષે પુરુષવર્ગમાં અને સ્ત્રીએ સ્ત્રીવર્ગમાં જ કથાકીર્તન અને નામસ્મરણ કરવું જોઈએ. શ્રીહરિએ જાહેર સભામાં ત્યાગી, ગૃહસ્થ સર્વ આશ્રિતોને ભારપૂર્વક કહ્યું કે, ''નરને નારીનો અને નારીને નરનો પ્રસંગ થતો હોય એવી આજ્ઞા કદાચ અમે કરીએ તો પણ તમારે તે ન માનવી જોઈએ. અમારી આજ્ઞાનું પાલન કરવું એ જ્ઞાની-અજ્ઞાની, નાના-મોટા સર્વ માટે હિતાવહ છે પણ આ પ્રકારની આજ્ઞા તમે ન માનો એમાં જ તમારું હિત સમાયેલું છે.''

ભગવાન શ્રીહરિએ કહ્યું કે, ''ભગવાનના મંદિરમાં દર્શન કરવા જાય ત્યાં, મંદિરમાં, સ્ત્રીએ પુરુષનો અને પુરુષે સ્ત્રીનો સ્પર્શ ન થાય એ રીતે જ વર્તવું જોઈએ. અમારી આશ્રિત સ્ત્રીએ, રાત્રે ભગવાનના મંદિરમાં દર્શન કરવા પણ ન જવું જોઈએ. જન્માષ્ટમી અને હરિજયંતીને દિવસે વર્ષમાં એ બે દિવસ જ, જો સમીપ સંબંધી પુરુષનો સાથ હોય તો જ, સ્ત્રીએ દર્શન કરવા જવું જોઈએ. એવો સાથ ન હોય તો દર્શન કરવા પણ ન જવું જોઈએ.''

જનશિક્ષાનો ઉપદેશ આપતાં ભગવાન શ્રીહરિએ જે બીજી બાબત માટે આગ્રહભરી આજ્ઞા કરી તે આહારશુદ્ધિ અંગે હતી. સ્થૂળ રીતે અન્નાદિક ગ્રહણ કરવામાં આવે છે તે સ્થૂળ આહારની અને પાંચ જ્ઞાનેદ્રિયો દ્વારા, શબ્દાદિક પંચવિષયો ગ્રહણ કરવામાં આવે છે તે સૂક્ષ્મ આહારની એમ બંને પ્રકારના આહારની શુદ્ધિ માટે આગ્રહ કરેલો છે. માંસ અને દારૂ, એ તો દેવપ્રસાદ યા યજ્ઞશેષ હોય તોપણ કદી કોઈપણ સ્વરૂપે ન ખાવું કે ન પીવું જોઈએ. ભાંગ-ગાંજો, અફીણ, તમાકું - એનું સેવન કોઈ રીતે ન કરવું જોઈએ. સંપ્રદાયના આશ્રિતજનો, પછી તે ગમે તે જાતિ, વર્ણ કે આશ્રમનો હોય પણ તેણે ડુંગળી, લસણ વગેરે અભક્ષ્ય પદાર્થો ન ખાવા જોઈએ કે ખવડાવવા જોઈએ. (સ.જી. : ૩/ ૬૨/ ૪) પ્રવાહી પણ વસ્ત્રગાળ કરીને, શુદ્ધ કરીને જ પીવું અને ગ્રહણ કરવું જોઈએ.

જનશિક્ષાનો ઉપદેશ આપતાં ભગવાન શ્રીહરિએ આશ્રિતજનોને કહ્યું કે, "આશ્રિત માત્રે મંદિર યા તે ન હોય તો કોઈ અનુકૂળ જગ્યાએ ભેગા થઈને ભગવાનની મૂર્તિનું દર્શન, કથા-કીર્તન અવશ્ય કરવું જોઈએ. તે જ પ્રમાણે, દ્વિજ હોય તેમણે સંધ્યાવંદનાદિક નિત્યકર્મ પણ અવશ્ય કરવું જોઈએ."

જનશિક્ષા ઉપદેશની પૂર્ણાહુતિ કરતાં ભગવાન શ્રીહરિએ, આશ્રિતોને જાણે-અજાણ્યે કંઈ અવળું કર્મ થઈ ગયું હોય તો તેનું પ્રાયશ્ચિત યથાવિધિ કરવાનો ખાસ અનુરોધ કર્યો. પોતાની ભૂલનો, કરેલા પાપકર્મોનો, સાચા સત્પુરુષ પાસે નિષ્કપટભાવે એકરાર કરીને જે પ્રાયશ્ચિત કરે છે તે, પછી નિર્દોષ અને નિષ્પાપ બને છે.

પછી ભગવાન શ્રીહરિએ નરનારાયણદેવના પૂજન-આરતી અને પુષ્પદોલોત્સવની ફળશ્રૃતિરૂપે સર્વ આશ્રિતજનોને હંમેશા ભક્તિપરાયણ રહેવાની આજ્ઞા કરી. એટલે પરમાત્માના સ્વરૂપના માહાત્મ્યજ્ઞાન યુક્ત પરમ પ્રેમરૂપ અતિસ્નેહ - એ થવાનાં સોળ સાધનો આશ્રિતોને સમજાવતાં ભગવાન શ્રીહરિએ કહ્યું : (૧) શ્રદ્ધા (૨) જિજ્ઞાસા (૩) સ્વધર્મ (૪) ઈન્દ્રિય-નિગ્રહ (૫) આહસા (૬) બ્રહ્મચર્ય (૭) વૈરાગ્ય-તપ (૮) સંતોષ (૯) નિર્દંભપણું (૧૦) અનિદ્રા (૧૧) આત્મનિષ્ઠા (૧૨) ભગવત્કથા-કીર્તન-નામસ્મરણ (૧૩) સંતનો સમાગમ અને અસંતના સમાગમનો ત્યાગ (૧૪) સત્સંગના ગુણે કરીને જે મોટા હોય તેમના પ્રતિ ગુરુભાવ અને આદર (૧૫) જે સરખા હોય તેમના પ્રતિ મિત્રભાવ અને (૧૬) જે ઉતરતા હોય તેમના પ્રતિ શિષ્યભાવ - આ સોળ સાધનો, જીવનમાં જે કેળવે છે અને સિદ્ધ કરે છે તેને પરમાત્માના સ્વરૂપમાં દઢ પ્રીતિ થાય છે.

પછી શ્રીહરિ ગઢપુર જવા તૈયાર થયા, તેટલામાં શ્રીહરિને વિષે ભક્તિમાન-સેવાપરાયણ, નારાયણગિરિ નામે ગોસ્વામી પુર થકી તત્કાલ શ્રીહરિ સમીપે આવ્યા. તેઓ શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા : હે સ્વામિન્ ! હે પ્રભો ! હું આવતી કાલે મુનિઓએ સહિત તમારો આતિથ્યસત્કાર કરવા ઈચ્છું છું. આ મારો મનોરથ પૂર્ણ કરો. આ પ્રકારે ગોસ્વામી નારાયણગિરિએ પ્રાર્થના કરાયેલા ભક્તવત્સલ શ્રીહરિએ 'તમારી ઈચ્છા પ્રમાણે થાઓ' એમ કહી પ્રાર્થના સ્વીકારી, તેટલામાં બીજા પણ ભક્તો પુરમાંથી શ્રીહરિ સમીપે આવ્યા. કુબેર,જોબન, જૂષો પગી, મૂળજી ભક્ત વગેરે શ્રીહરિને ભક્તિપૂર્વક નમસ્કાર કરતા હતા. કુબેરજીએ શ્રીહરિને કહ્યું, હે સ્વામિન્ ! આ પુરમાં આવ્યે તમારે ત્રેવીસ દિવસ થયા. તે દિવસોમાં પહેલે દિવસે, ફાગણ સુદી દશમને દિવસે જોબન પ ગીનો મનોરથ પૂર્ણ કર્યો. હે પ્રભો ! પાક સ્વીકાર કરવાથી જોબનપગીનો મનોરથ પૂર્ણ કર્યા પછી તમોએ દેશાંતરના જનોને રસોઈ સ્વીકાર કરવાથી સંતોષ પમાડ્યાં છે. હે સ્વામિન્ ! તમારા ભક્તો, અમો પણ તમારા સેવકો તમારી કૃપાથી મુનિમંડળે સહિત આપની રસોઈ કરાવવાથી સેવા કરવા યોગ્ય છીએ.

માટે તમોએ આ પ્રમાણે અમારા ઉપર રસોઈ સ્વીકાર કરવારૂપ અનુગ્રહ કર્યા વિના ગઢપુર જવું યોગ્ય નથી. વળી હે સ્વામિન્! તમારી જન્મોત્સવતિથિ ચૈત્ર સુદી નવમી, સમીપમાં જ આવે છે. તમારી જન્મોત્સવ તિથિમાં તમારું પૂજન કરવા માટે અમારા હૃદયમાં ઘણા સમયથી ઈચ્છા છે. માટે ચૈત્ર સુદી એકાદશી, વિમલા એકાદશીનો ઉત્સવ આવે ત્યાં સુધી આ પુરમાં નિવાસ કરવો તે યોગ્ય છે. હે રાજન્! આ પ્રકારે કુબેરાદિ ભક્તજનોએ સંપ્રાર્થના કરી ત્યારે શ્રીહરિએ હસતા હસતા 'તમો કહો છો તેમ કરીશું' એમ કહ્યું. પછી શ્રીહરિએ પોતાના ભક્તોને સંતોષ પમાડતા થકા વૃત્તાલયમાં નિવાસ કર્યો. ચૈત્ર સુદી નવમી તિથિમાં ઉપવાસ કરતાં, શ્રીહરિએ મધ્યાહ્ને શ્રીરામનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યું. પછી સર્વ ભક્તજનો, પુરવાસીઓ અને દેશાંતરના હરિભક્તો રામનવમીને દિવસે શ્રીહરિનો જન્મ દિવસ જાણતા હતા, માટે જ ઉત્સાહવાળા થઈને પરમ પ્રીતિથી શ્રીહરિને પૂજતા હતા.

નવીન અમૂલ્ય વસ્ત્રો, સુગંધી ચંદન, મનોહર પુષ્પહારો અને સુવર્ણ તેમજ રત્નજડિત અલંકારોથી અને આરતી-સ્તુતિ-નમસ્કારથી આદર સહિત શ્રીહરિની પૂજા કરી, જાગરણે સહિત નિરાહારવ્રત પાળતા હતા. તે ભક્તો દશમીને દિવસે શ્રીહરિની પ્રસન્નતા માટે ધન પ્રમાણે સુંદર ભોજનોથી સાધુઓ અને બ્રાહ્મણોને તૃપ્ત કરતા હતા, દાનો આપતા હતા. શ્રીહરિ પણ ઘણા બ્રાહ્મણોને ભોજન કરાવી, પારણાં કરતા હતા. પછી એકાદશીને દિવસે મોટો ઉત્સવ કરતા હતા. શ્રીહરિ સર્વતોભદ્ર મંડલમાં લક્ષ્મીએ સહિત સુવર્ણની શ્રીકૃષ્ણની મૂર્તિને નાના પ્રકારના રાજોપચારોથી વિધિપૂર્વક પૂજતા હતા. પછી શ્રીહરિ વાસુદેવને હિંડોળામાં પધરાવીને ફરીથી પૂજન કરી, મહા-આરતી કરી, પછી સારી રીતે હિંચકાથી ઝુલાવતા હતા. ભગવાન શ્રીહરિ બે ઘડી વાર પછી પૂજાની સમાપ્તિ કરી, બ્રાહ્મણોની પૂજા કરી, ભક્તોની સાથે ઉપવાસ અને જાગરણ કરતા હતા. શ્રીહરિ, દ્વાદશીમાં પ્રાતઃકાળે શાસ્ત્ર પ્રમાણે પારણાં કરીને તત્કાલ પ્રયાણ કરવા માટે પોતાના પાર્ષદો અને અસવારોને 'તમો તૈયાર થાઓ' એમ આજ્ઞા કરતા હતા. પછી શ્રીહરિએ કેટલાંક મુનિમંડળોને દેશાંતરમાં અજ્ઞાનીજનોને બોધ આપવા માટે જવાની આજ્ઞા આપી. શ્રીહરિ, પોતાની સાથે આવનાર સેવકોને આજ્ઞા આપીને સુવર્ણના ઊંચા સિંહાસનમાં બેસીને, સમગ્ર ભક્તજનોએ પૂજા કરાયેલા, ભક્તપ્રિય શ્રીહરિએ સમગ્ર ભક્તવૃંદોને આજ્ઞા

આપી : હે ભક્તો ! સર્વે પુરુષો અને સર્વે સ્ત્રીઓ, સાંભળો. આ વૃત્તાલયપુરથી પોતપોતાના દેશમાં જાઓ. હૃદયમાં શ્રીકૃષ્ણનું ચિંતન કરતા રહેજો. અને માર્ગમાં અતિ સાવધાન રહેજો. આ પ્રમાણે કરુણાસાગર ભગવાન શ્રીહરિ સર્વ ભક્તસમૂહોને આજ્ઞા આપી, ' જય શ્રી સચ્ચિદાનંદ' એ પ્રમાણે ઉચ્ચાર કરીને પોતાના ઘોડા ઉપર બેઠા. (પ્રયાણ સમયની શોભા વર્ણવે છે.) અતિ ચંચળ ઘોડાવાળા, પશ્ચિમદેશના ભક્તજનો સોમા ખાચર, સૂરા ખાચર અને નાજો ભક્ત વગેરે અસવારોથી વીંટાયેલા, મસ્તકના મોળિયામાં નાના પ્રકારના વર્ણવાળા પુષ્પના તોરાઓ સાથે, કેસરે યુક્ત ઊર્ધ્વપુંડ્ર શ્રેષ્ઠ તિલકમાં કુંકુમનો ચાંલ્લો, કંઠમાં અનેક પુષ્પો તેમજ મોતીઓના હારોને ધારણ કરતા, અશ્રુ સહિત નેત્રોથી સમગ્ર જનોએ દર્શન કરાયેલા, તાસાદિ વાદ્યો સહિત, ભક્તોએ કરેલું પોતાનું યશોગાન સાંભળતા, શરદ ઋતુના પૂર્ણ ચંદ્રમા સમાન મુખારવિંદવાળા શ્રીહરિ, ભક્તોના સમૂહથી નીકળ્યા. પછી શ્રીહરિ, પોતાની પછવાડે આવતા ઘણા પુરુષો અને સ્ત્રીઓને જોઈને હાથના સંકેતથી પાછા વાળવા માટે શક્તિમાન થયા નહિ. પછી શ્રીહરિ પહેનીના સ્પર્શથી દોડાવેલા ઘોડાથી પોતે એકલા તત્કાલ, પોતાની પછવાડે આવતા ભક્તજનોની આંખોથી અતિ દૂર પ્રદેશમાં ગયા.

તે જનો જ્યાં સુધી દૃષ્ટિ પહોંચી ત્યાં સુધી શ્રીહરિને જોઈને પાછા ગયા. પછી શ્રીહરિનું પોતપોતાના મનમાં ચિંતવન કરતા ભગવાનના વિરહથી આંખમાં આંસુવાળા, પોતપોતાના દેશમાં ગયા. તે સમયે અયોધ્યાનિવાસી શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપ વગેરે શ્રીહરિની આજ્ઞાથી જ રથાદિ વાહનોથી લગારેક આગળથી જતા હતા. પછી ઘોડાને દોડાવવાથી આગળ ગયેલા શ્રીહરિ, પાશ્ચાત્ય દેશના અસવારોની ભેગા થઈને દુર્ગપત્તન જતાં જતાં માર્ગમાં ભાલ પ્રદેશ પહોંચ્યા.ભાલ પ્રદેશમાં બન્ને હાથ જોડીને, માર્ગ રોકીને રહેલા હજારો પોતાના ભક્તજનોને મંદહાસ્યપૂર્વક શ્રીહરિ જોતા હતા. પછી જનો શ્રીહરિને નમસ્કાર કરી, શ્રીહરિના અશ્વની લગામ ગ્રહણ કરી, પોતાના પુરમાં લઈ જવા માટે શ્રીહરિને અતિશય પ્રાર્થના કરતા હતા. ભક્તવત્સલ શ્રીહરિ પોતાના ભક્તોને તિરસ્કૃત કરીને ગઢપુર જવા માટે શક્તિમાન થયા નહિ, માટે શ્રીહરિ પોતાના ભક્તોનું પ્રિય કરવા માટે તેમના નગરમાં જતા હતા. ભગવાન શ્રીહરિ, ભાલ દેશના ભક્તોનું પ્રિય કરવાની ઈચ્છાથી કોઈ પુરમાં અર્ધો દિવસ, કોઈ પુરમાં એક દિવસ,બે દિવસ, અને કયારેક કોઈ ગામમાં ત્રણ દિવસ પણ નિવાસ કરતા હતા.

આ પ્રકારે નિવાસ કરતા પોતાના ભક્તોને અત્યંત આનંદ કરાવતા શ્રીહરિને એક માસ ક્ષણની માફક ચાલ્યો ગયો. આ સમયે દુર્ગપત્તનમાં નિવાસ કરતા, ઉત્તમ રાજાએ શ્રીહરિની પ્રતીક્ષાના મહાદુઃખથી એક માસ વીતાવ્યો હતો. 'મારા નાથ, શ્રીહરિ આજે અથવા કાલે કે પરમ દિવસે, સાયંકાળે કે સવારે જ જરૂર આવશે' આ પ્રકારે ચિંતાથી બીજો માસ પણ ચાલ્યો ગયો. ત્રીજો માસ પ્રાપ્ત થયો ત્યારે તો આ ઉત્તમ રાજા ક્ષણ માત્ર પણ વિરહ સહન કરવા માટે શક્તિમાન થયા નહિ. અન્ન-જળાદિ ભોજન પાનથી રહિત, ચિંતાથી સંતાપવાળું શરીર જેનું છે એવા, ઘણા ઉજાગરા જેને છે એવા, ઉત્તમ રાજા, એકાગ્ર મનવાળા થઈને ધીમે ધીમે પત્ર લખતા હતા. પછી પ્રણામ વગેરે ઉપમાઓ લખીને પોતે પ્રાર્થના લખતા હતા : હે ભગવાન ! તમોએ મારી આગળ કરેલી એક માસે ફરી પાછા આવવાની જે શરતની મર્યાદા તે વીતી ગઈ છે, જ. આટલા સમય સુધી મારા શરીરમાં પ્રાણો મહાદુઃખથી રહ્યા છે. પરંતુ આ પ્રાણો મારા શરીરમાં હવે પછી રહેશે નહીં, એવું મને જણાય છે. હે પ્રભો ! તમારા વિયોગને સહન કરવા માટે હું શક્તિમાન નથી જ. માટે આ દુર્ગપુરમાં તત્કાલ પધારો. અથવા તમારા સમીપમાં મને બોલાવી લ્યો.

ઉત્તમરાજાએ વિસ્તારે સહિત પૂર્વે કહેલો અર્થ જેમાં છે એવી પત્રિકા લખીને જલદી ચાલનારા દૂત દ્વારા તત્કાલ જ મોકલી. દૂત જે દિવસે ગઢપુરથી નીકળ્યો, તે દિવસે જ ગાંફ ગામમાં આવ્યો. તે દિવસે ત્યાં આવેલ શ્રીહરિને રાજભવનમાં મળીને ઉત્તમરાજાએ આપેલી પત્રિકા પ્રણામ પૂર્વક આપી. શ્રીહરિએ તેને વંચાવી. કરુણાનિધિ ભગવાન શ્રીહરિએ સમગ્ર પત્રિકા વંચાવી 'પોતાના વિરહનું અસહ્ય દુઃખ ઉત્તમ રાજાને છે' એમ જાણ્યું. પછી ભાલ દેશના સર્વ ભક્તોને 'પોતપોતાના ગામોમાં જાઓ' એમ આજ્ઞા આપીને, તે જ દિવસે, રાત્રિમાં પોતાના પાર્ષદ સોમવર્મા આદિ અસવારોની સાથે દુર્ગપત્તન જતા હતા. શ્રીહરિ અરુણોદય સમયે શ્રી ગઢપુરમાં આવ્યા.બહાર ઓટલા ઉપર (દરબારગઢની ડેલીએ) બેઠેલા ઉત્તમ રાજા શ્રીહરિનું આગમન, શ્રીહરિએ આગળ મોકલેલા અશ્વારનાં મુખ થકી સાંભળતા હતા.

તે જ સમયે ઉત્તમ રાજા જોડાં પહેર્યા વગર જ શ્રીહરિની સન્મુખ દોડતા હતા. ઉત્તમ રાજા, પ્રાણને પામીને શરીરમાં જેમ (ચૈતન્ય આવે) તેમ શ્રીહરિને પામીને આનંદ પામ્યા. શ્રીહરિ પણ પોતાના અશ્વથી ઊતરીને પોતાના ચરણકમળમાં પ્રણામ કરતા, ઉત્તમ રાજાને ભેટ્યા. અને પોતાના વિરહથી સુકાઈ ગયેલા શરીરને જોઈને આશ્ચર્ય પામ્યા. પછી શ્રીહરિ પોતાના પાર્ષદોથી વીંટાયેલા થકા ઉત્તમ રાજાની સાથે પોતાના નિવાસસ્થાનમાં જઈને ઉત્તમ રાજાએ અખંડ સેવાયેલા સતા ત્યાં નિવાસ કરતા હતા. ઉત્તમ રાજા શ્રીહરિના બંધુઓ જે રામપ્રતાપ અને ઈચ્છારામ વગેરેને શ્રીહરિની માફક સત્કાર કરીને પોતાના ભુવન (દરબારગઢ)માં આદરપૂર્વક

નિવાસ કરાવતા હતા. આવી રીતે ભગવાન શ્રીહરિ વૃત્તાલય નગરમાં પુષ્પદોલોત્સવ કરતા હતા. શ્રીહરિએ આ પ્રકારે કહેલા ઉત્સવની સમાન જ બીજા પણ ઘણા ઉત્સવો વૃત્તાલયપુરમાં કર્યા હતા.

જે મનુષ્ય શ્રીહરિનો આ સર્વોત્તમ, પવિત્ર, શ્રોતા-વક્તાને પવિત્ર કરનારો મહોત્સવ સાંભળે અને પાઠ કરે તે શ્રોતા અને વક્તા બન્ને શ્રીહરિની પ્રસન્નતાથી સમગ્ર પોતાને ઈચ્છિત પુરુષાર્થની સિદ્ધિ અને શ્રીહરિનું ધામ પામે.

## • ભગવાન શ્રીહરિ સાથે ધર્મકુળનું સૌપ્રથમ મિલન •

સં. ૧૮૭૫નું વર્ષ ચાલે છે. માતા-પિતા તથા સ્વજનોના લાડકોડ વચ્ચે રઘુવીરજી મહારાજની ઉંમર ૮ વર્ષની થઈ છે.



એકદિવસ શ્રીજીમહારાજ અક્ષરઓરડીની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિક સદ્‌ગુરુ સંતો તથા હરિભક્તો ભગવાન શ્રીહરિની સન્મુખ સભા ભરીને બેઠા હતા. મુક્તાનંદ સ્વામી આદિક સંતો માંહોમાંહી પરસ્પર વાતચિતો કરવા લાગ્યા. શ્રીજીમહારાજ તેમની વાતો સમજી શક્યા નહિ, તેથી પૂછ્યું : "સંતો ! તમો માંહોમાંહી શી ચર્ચા કરો છો ? જરા અમને તો કહો !!"

મુક્તાનંદ સ્વામી કહે : "હે મહારાજ ! અમો હજારો સંતોએ ઘરબાર-સંસારનો ત્યાગ કરીને કેવળ આપના માટે જીવન કુરબાન કર્યા છે, લાખોની સંખ્યામાં હરિભક્તો આપના આશ્રિત બની ભજન કરતા થયા છે, સદાચાર અને નીતિમય જીવન જીવતા થયા છે. શાસ્ત્રોક્ત તમામ ધર્મોનું પાલન કરતા થયા છે. જગતના મતપંથથી અનોખી રીતિ આપે પ્રવર્તાવી છે, પાપી જીવનું પણ આપ પળવારમાં કલ્યાણ કરો છો, તેથી મતપંથવાળાઓ આપનો આવો ઉત્કર્ષ સહન કરી શકતા નથી. તેથી સમાજમાં આપના પ્રત્યે એવી વાતો કરતા ફરે છે કે, સ્વામિનારાયણ તો મોચી છે, તેણે મેલી મંત્રસાધનાથી બાબરો ભૂત વશ કર્યો છે, તે ક્યાં ભગવાન છે ?

આવી વાતો સાંભળીને મુમુક્ષુ જીવો અમને પ્રશ્નો પૂછે છે કે, તમારા સ્વામિનારાણનો જન્મ ક્યા કુળમાં થયો ? ને તમારો સંપ્રદાય કેવી રીતે વૈદિક છે ? તમારી ગુરુપરંપરા શું છે ?

ત્યારે તેનો ઉત્તર અમો દઈ શકતા નથી. માટે હે મહારાજ ! આપના પ્રાગટ્ય અને કુળ વિષે કાંઈક દિશમાત્ર અમને કહો. જેથી મતપંથવાળાઓને અમો ઉત્તરો આપી શકીએ."

શ્રીજીમહારાજ મંદમંદ હસતા હસતા બોલ્યા : "સંતો ! સાંભળો ! ઉત્તર કૌશલ દેશમાં અયોધ્યાથી નજીક છપૈયા ગામમાં ધર્મપિતા અને ભક્તિમાતાને ઘેર સં. ૧૮૩૭ના ચૈત્ર સુદ - નવમીના દિવસે રાત્રિ દશ ઘડી થઈ ત્યારે અમો પ્રગટ થયા હતા. અમારા પિતા હરિપ્રસાદજી પાંડે સામવેદી સરવરીયા બ્રાહ્મણ હતા. તેમને ત્રણ પુત્રો - તેમાં મોટા રામપ્રતાપજી અને નાના ઈચ્છારામજી અને વચેટ જે ઘનશ્યામ, તે તો તમારી સામે જે અમો બેઠા છીએ તે જ છીએ. દુર્વાસાના શાપથી મુકાવીને માતા-પિતાને અમારા અક્ષરધામમાં મોકલ્યા. પછી અમારા તમામ સંબંધીઓને પૂછ્યા સિવાય સ્નાન કરવાના મિશે ઘરબાર છોડીને ચાલી નીકળ્યા. તે તીર્થ કરતા કરતા ૭ વર્ષ ૧ માસ ને ૧૧ દિવસ વિત્યા પછી લોજમાં ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામી પાસે આવીને તેમના અમો શિષ્ય થયા. તેથી આપણો સંપ્રદાય ઉદ્ધવ સંપ્રદાય કહેવાય છે."

આમ પોતાના બાળચરિત્રોની બહુ વાતો સંતો આગળ કરી. સંતો તથા સભાજનો શ્રીજીમહારાજના મુખેથી આ વાતો સાંભળીને બહુ રાજી થયા. અઠ્યાવીસ અઠ્યાવીસ વર્ષના વાણાં વાઈ ગયા પછી ભગવાન શ્રીહરિએ અયોધ્યાવાસીઓને યાદ કર્યા હતા. તે સમયે સભામાં બેઠેલા માયાજીતાનંદ સ્વામીએ ઊઠીને હાથ જોડી ભગવાન શ્રીહરિને વિનંતી કરી બોલ્યા : "હે મહારાજ ! આપ આજ્ઞા આપો તો અમો આપના જન્મસ્થાન છપૈયામાં જઈએ."

ત્યારે શ્રીજીમહારાજે માયાજીતાનંદ સ્વામી તથા સુખાનંદ સ્વામીને કહ્યું : "સંતો ! તમો અમારી આજ્ઞાથી કૌશલ દેશમાં જાઓ

અને ત્યાંથી અમારા બંને ભાઈઓને અહીં અમારી પાસે લઈ આવો. વર્ષોથી તેઓ અમારી વિરહાગ્નિમાં બળી રહ્યા છે, હવે અમારાથી તેમનું દુઃખ જોયું નથી જાતું. અમારા વિરહમાં તેઓ સુખેથી અન્નજળ પણ નથી લેતા, જ્યારથી અમો ગૃહત્યાગ કરીને આવ્યા છીએ ત્યારથી તેઓ અમારી યાદમાં ઝૂર્યા કરે છે. હવે તેમને અમારા અખંડ સાંનિધ્યનું સુખ આપવું છે. માટે તમો છપૈયા જાઓ અને અમારાથી વિખૂટા પડેલા, જળ વિના તરફડતી માછલીની જેમ ઝૂરતા અમારા બંને ભાઈઓને અમારી પાસે લેતા આવો, તેમને અમારી ભાળ આપો. અમારા સમાચાર સાંભળતા તેઓ ત્યાં એક પળ પણ નહિ રહી શકે.''

''પણ મહારાજ ! અમે આપના બંધુઓને કેવી રીતે ઓળખી શકીશું ? અમે તો તેમને ક્યારેય જોયા નથી.''

''સંતો ! અમારા મોટાભાઈનું નામ પાંડે રામપ્રતાપજી છે અને અનુજબંધુનું નામ ઈચ્છારામજી છે. અને હા, સંતો ! ઈચ્છારામજી તો દેખવામાં અમારા જેવાજ હશે, તેમને અમારામાં પ્રેમ બહુ છે, માટે તેમનામાં અમારી જેવા જ રૂપ ને ગુણ ઉતર્યા છે.'' આટલા શબ્દો બોલતા ભગવાન શ્રીહરિની આંખોના ખૂણાં ભીંજાઈ ગયા.

''હે સંતો ! ઈચ્છારામજીને કહેજો કે, તેમના ઘનશ્યામ તેમને આજે પણ ભૂલ્યા નથી. આજે પણ અમે તેમને બહુજ હેત કરીએ છીએ.''

શ્રીજીમહારાજની આજ્ઞા લઈને સંતો છપૈયા ભણી જવા નીકળ્યા. સંતો અમદાવાદથી ચાલ્યા તે રતલામ થઈને ઉજ્જૈન આવ્યા. ત્યાંથી માળવા દેશ વટાવીને ગ્વાલીયર થઈને કાનપુર શહેર આવ્યા. ત્યાં ગંગાજીમાં સ્નાન કરીને અયોધ્યામાં આવીને ગંગાપુત્ર નામના ગોર પાસે આવ્યા. તેમના ચોપડામાં જોયું ને તપાસ કરાવી કે રામપ્રતાપજી અને ઈચ્છારામજી નામના બે ભાઈઓ ક્યાં રહે છે. ચોપડામાં જોતા ખ્યાલ આવ્યો કે, તેઓ છપૈયામાં રહેતા હતા. બંને સંતો છપૈયા જતા પહેલા અયોધ્યાની હનુમાનગઢીમાં જઈને ત્યાંના મહંતને તથા ત્યાંના વૈરાગીઓને પૂછ્યું તો તેમણે પણ કહ્યું કે, ''તેઓ છપૈયામાં રહેતા હતા ત્યાં જાઓ.'' છપૈયાનો માર્ગ પૂછતાં સંતો ત્યાં પહોંચ્યા. પરંતુ છપૈયામાં કોઈ પત્તો લાગ્યો નહિ.

સંતો છપૈયાની ફરતે ચારેબાજુના પ્રાંતમાં ચાર મહિના સુધી ફર્યા. પરંતુ અયોધ્યાવાસીઓનો કોઈ પત્તો ન મળવાથી સંતો નિરાશ થઈને વિચાર કરવા લાગ્યા કે, ''પ્રયાગરાજ તથા ગોકુળ-મથુરા જઈને ગંગાપુત્ર ગોરના ચોપડા કઢાવીને ફરી જોવરાવીએ કે રામપ્રતાપજી અને ઈચ્છારામજી છપૈયામાં ક્યાં રહે છે ?''

સંતો પાછા ફર્યા ને લખનૌ શહેરમાં આવ્યા. ત્યાં બોલિગારદ આગળ ગોમતી નદીના કિનારે ધર્મશાળામાં ઉતારો કરીને અધ્યાત્મ રામાયણની કથા કરતા હતા. તે વખતે રામપ્રતાપજી તથા ઈચ્છારામજીના મામાના દીકરા મંછારામજી ત્યાં આવ્યા. તેઓ ત્યાંના રાજાના સુબેદાર હતા. તેઓ મહાદેવજીના દર્શન કરવા ધર્મશાળામાં આવ્યા. ધર્મશાળામાં સંતોને કથા વાંચતા જોઈને ત્યાં બેઠા. ઘડી-બે ઘડી કથા સાંભળી. સંતોના મુખેથી કથા સાંભળીને મંછારામજી અત્યંત પ્રભાવિત થઈ ગયા. કથા પૂર્ણ થતાં જ મંછારામજીએ સંતોને પૂછ્યું : ''સંતો ! તમે ક્યાંથી આવો છો ? કોણ તમારા આરાધ્ય ઈષ્ટદેવ છે ? તમો કોના સાધુ છો ?''

સંતોએ કહ્યું : ''અમે ગુજરાતમાં કાઠિયાવાડ પ્રાંતમાંથી આવીએ છીએ, ભાઈ ! અમારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના બંને ભાઈઓની શોધ કરવા માટે આ પ્રાંતમાં આવ્યા છીએ.''

''અહો ! ભગવાન સ્વામિનારાયણ !!!''

''એજ સ્વામિનારાયણ, કે જેમનો પ્રતાપ અત્યારે ગુજરાત-કાઠિયાવાડની ધરતીમાં છવાઈ રહ્યો છે, પાપીજીવોને પાવન કરે છે ને પોતાના ભક્તોને સદાચારના નિયમો પળાવીને શુદ્ધ બ્રાહ્મણ જેવા જીવન જીવતા કરે છે.''

''હા, ભાઈ ! એજ સ્વામિનારાયણ ભગવાન !!''

''પણ એ સ્વામિનારાયણ ભગવાનના ભાઈઓ અહીં છેક ઉત્તરભારતમાં ???''

''હા, ભાઈ ! ભગવાન સ્વામિનારાયણની જન્મભૂમિ અહીં કૌશલ દેશમાં છપૈયા ગામ છે.''

''છપૈયા ???.... એ ભગવાનની જન્મભૂમિ ?'' મંછારામ તો આશ્ચર્યમગ્ન થઈ ગયા. તેઓ ને હવે વધુ જાણવાની ઉત્સુકતા થઈ.

''સંતો ! તમારા ભગવાન સ્વામિનારાયણની જ્ઞાતિ કઈ ? તેમનું ગૌત્ર, શાખા, પ્રવર તો કહો,...''

''અમારા ઈષ્ટદેવ સરવરીયા બ્રાહ્મણકુળમાં પાંડે હરિપ્રસાદજી, જેમને લોકો ધર્મદેવ તરીકે ઓળખતા હતા. તેમને ઘેર પ્રગટ થયા છે. તેમના બે ભાઈઓના નામ રામપ્રતાપજી અને ઈચ્છારામજી છે. તેમનો વેદ સામ છે, શાખા કૌથુમી છે, તેમનું બાળપણનું નામ ઘનશ્યામ છે.''

સંતોના મુખેથી ભગવાન શ્રીહરિનો પરિચય સાંભળતા મંછારામ તો આનંદિત બની ગયા અને સંતોને કહેવા લાગ્યા : ''સંતો !

તમે તો આજે અમ દુઃખિયાના બેલી થઈને અહીં આવ્યા છો. તમે જેમની શોધમાં નીકળ્યા છો તે અમે જ છીએ. હું તમારા ભગવાન સ્વામિનારાયણના મામાનો દીકરો થાઉં છું. તમો મારી સાથે આવો હું તમને ઘનશ્યામના બંને ભાઈઓ પાસે લઉં જાઉં.'' એમ કહી મંછારામજી સંતોને લોહગંજરી લઈ ગયા. જ્યાં રામપ્રતાપજી મહારાજ રહેતા હતાં. ઈચ્છારામજીને પણ ત્યાં બોલાવી લીધા.

સંતોને જોઈને રામપ્રતાપજી તથા ઈચ્છારામજીએ પણ પરિચય પૂછ્યો. એટલે સંતોએ કહ્યું : ''ભાઈઓ ! તમો વર્ષોથી જેને મળવા માટે તલસો છો તેવા તમારા ભાઈ ઘનશ્યામની ભાળ લઈને અમો આવ્યા છીએ.''

ઘનશ્યામનું નામ સાંભળતા જ ઈચ્છારામજી મહારાજ તો સંતોના ચરણે ઢળી પડ્યા.

''સંતો ! અમોને જલ્દી અમારા ભાઈ ઘનશ્યામના સમાચાર આપો. એ ક્યાં છે ? કેવા છે ? તેઓ અત્યારે સુખી તો છે ને ?''

સંતોએ ઈચ્છારામજીને ઉઠાવીને ગળે લગાડી કહ્યું : ''ભાઈઓ ! હવે તમારા દુઃખનો અંત આવ્યો સમજો. તમારા ભાઈ ઘનશ્યામ મળી ગયા છે.''

રામપ્રતાપજી તથા ઈચ્છારામજી ચોધાર આંસુએ રડવા લાગ્યા અને કહેવા લાગ્યા : ''સંતો ! કૃપા કરીને અમને કહો કે અમારા ભાઈ ઘનશ્યામ ક્યાં છે ?''

સંતોએ કહ્યું : ''તમારા ભાઈ ઘનશ્યામના ગાલમાં મોટો તિલ હતો ?''

''હા... હા...! ઘનશ્યામના ગાલમાં મોટો તિલ હતો.'' બંને ભાઈઓ એકીસાથે બોલી ઉઠ્યા.

''તમારા ભાઈના સાથળમાં ઘા વાગ્યાનું ચિહ્ન હતું ?''

''હા...હા..., એ પણ હતું !!''

''તમારા ભાઈના ચરણમાં સોળ ચિહ્નો હતા ?''

તુરંત જ સુવાસિનીભાભી ઘરની અંદર બેઠા બેઠા બોલી ઉઠ્યા : ''હા... હા...!! મેં જોયા છે. ઘનશ્યામજીના ચરણમાં સોળ ચિહ્નો હતા ! એજ અમારા દેવર ઘનશ્યામજી છે.''

સંતોએ કહ્યું : ''તો સાંભળો ! તમારા ઘનશ્યામ એ બીજા કોઈ નહિ, આજે ગુજરાત-કચ્છ-કાઠિયાવાડમાં જેમના ભગવાનપણાના વાવટાઓ ફરકે છે. લાખો ભક્તો જેમને ભગવાન શ્રી સ્વામિનારાયણ તરીકે ઓળખે છે તે જ તમારા ભાઈ ઘનશ્યામ મહારાજ છે. અમે તેમના જ શિષ્ય સાધુ છીએ. તેઓએ જ અમને તમારી પાસે મોકલ્યા છે. અને તમો બંને ભાઈ ઉપર એક કાગળ લખી આપ્યો છે.'' એમ કહીને તે પત્ર કાઢીને ભાઈને આપ્યો. રામપ્રતાપજી મહારાજે તે પત્ર લઈને મસ્તક ઉપર ચઢાવીને, આંખે અડાડીને, હૃદયમાં ભીડીને વાંચવા લાગ્યા :

**''સ્વસ્તિ શ્રી છપૈયાપુરે મહાશુભ સ્થાને પૂજ્ય રાધે, બિરાજમાન મોટાભાઈ જોખન પાંડે સહિત ઈચ્છારામ પાંડે.**

અત્રે થી ગુજરાત દેશમાં શ્રી અમદાવાદથી લિખિતન આપના વચેટભાઈ ઘનશ્યામના ઘણા કરીને જય શ્રીકૃષ્ણ વાંચશોજી.

વિશેષ લખવાનું એ જે અમો ખુશીમાં છીએ અને અમારી ખબર લઈને માયાજીતાનંદ સ્વામી તથા સુખાનંદ સ્વામી એ બે સંતને મોકલ્યા છે. તેમની સાથે અહીં ગુજરાતમાં તમો જરૂર આવજો. તમોને તેડવા માટે એ બે સંતોને મોકલ્યા છે. માટે તમો બે ભાઈ આવજો અને અમોએ પ્રથમ અમારા ભાભી જે, સુવાસિનીબાઈ તેમને વચન આપ્યું હતું જે, અમોને મોટા રાજઅધિકાર મળશે ત્યારે તમોને તેડાવીશું. તે વખત આજ છે. તથા અમોને સાથળમાં આંબલીનો ખાંપો વાગ્યો હતો ત્યારે અમારા સખા વેણીરામનું લૂગડું ફાડીને પાટો બાંધ્યો હતો તથા ગામ પીરોજપુરના જાંબુડે વેણી, માધવ અને પ્રાગ સહિત અમો અને તમો જાંબુફળ ખાવા ગયા હતા. તે સમયે એ જાંબુડાનો ધણી બક્સરામ બ્રાહ્મણ આવ્યો અને તે મલ્લકુસ્તીમાં ઘણો પ્રવીણ હતો તેનો હાથ અમોએ ભાંગી નાખ્યો હતો. તથા બળેવના દિવસે દેવો આવીને અમોને રાખડીઓ બાંધી ગયા હતા. તથા તરગામને વિષે અમોને તમારા સાળા જનકરામની સાથે જનોઈ આપી હતી. તથા ત્રણ ખુણીયા ખેતરમાં મકાઈ અને ચીભડી નિંદતા તમોને ચતુર્ભુજરૂપે અમારું દર્શન થયું અને તમોએ સ્તુતિ કરી એટલે અમો પ્રથમ જેવા બાલરૂપે થઈ ગયા. તથા તમારી સાથે અમો મનોરમા નદી અને મખોડા ઘાટે આવ્યા હતા અને ત્યાં દશરથ રાજાના વખતની એક મોટી ભારે સુવર્ણની તોપ અમોએ ગાડા ઉપર મૂકી આપી હતી. આ વાર્તાઓની નિશાની તમોને વિશ્વાસ આવવા સારું અમોએ લખી છે. માટે તમો બંને એ બે સંતની સાથે જરૂર આવજો, ભૂલશો નહિ.''

(છપૈયાપુરે શ્રીહરિ બાળચરિત્ર : અધ્યાય - ૯૧)

●

પત્ર વાંચીને રામપ્રતાપભાઈ અત્યંત આનંદિત થઈ ગયા. જાણે પાણી વિના તરફડતી માછલીને લઈને કોઈ સરોવરમાં મૂકી દે

તેવો અકલ્પનીય, અવર્ણનીય આનંદથી ઈચ્છારામજીનું હૈયું ઘનશ્યામભાઈને મળવા માટે તલપાપડ થવા લાગ્યું. હવે તો ઘનશ્યામને જોયા વિના તેમને ચેન નહિ પડે એવી સ્થિતિ સર્જાઈ ગઈ. થોડા દિવસ સંતોને રાખ્યા અને સર્વે સંબંધીઓની રજા લઈને રામપ્રતાપજી મહારાજ તથા ઈચ્છારામજી મહારાજ તે બંને ભાઈઓ સંતોની સાથે પોતાના ભાઈ ઘનશ્યામને મળવા ચાલી નીકળ્યા. જેમ વત્સ ગાયને મળવા માટે દોટ મૂકે તેમ ઈચ્છારામજી તો વાટમાં રામપ્રતાપજી મહારાજથી જૂદા પડીને ઉતાવળે પગે ચાલીને વડતાલ પહોંચી ગયા. પાછળથી રામપ્રતાપભાઈ તથા સંતો પહોંચ્યા. શ્રીજીમહારાજ પણ મીટ માંડીને બંને ભાઈઓની રાહ જોઈ રહ્યા હતા. તેમને મળવા માટે ભગવાન શ્રીહરિ પણ ખૂબજ આતુર હતા.

જ્યાં દૂરથી માયાજીતાનંદ સ્વામી તથા સુખાનંદ સ્વામીને બંને ભાઈઓ સાથે લઈને આવતા જોઈને શ્રીજીમહારાજ આતુરતાથી પોતાની ગાદી ઉપરથી ઊભા થયા. ને દોટ મૂકીને સૌપ્રથમ મોટાભાઈ રામપ્રતાપજી મહારાજને વંદન કર્યા. હજુ રામપ્રતાપજી મહારાજને કુશળ સમાચાર પૂછે છે ત્યાં તો ઈચ્છારામજી મહારાજ તો એકદમ દોડીને ભગવાન શ્રીહરિના ચરણોમાં પડી ગયા. ને નાનું બાળક રુદન કરે તેમ રડવા લાગ્યા. શ્રીજીમહારાજે તેમને સાંત્વના આપતા ઊભા કરીને છાતી સરસા દાબીને અત્યંત પ્રેમથી ભેટ્યા. આજે શ્રીજીમહારાજ પોતાના વ્હાલાઓને અનોખી રીતે મળ્યા. ભગવાન શ્રીહરિને સૌથી વિશેષ પ્રેમ બંને ભાઈઓ ઉપર છે તેવો ભાવ મહારાજના મુખારવિંદ ઉપર પ્રગટ થતો હતો. શ્રીજીમહારાજના મુખારવિંદ ઉપર અનેરો આનંદ જણાતો હતો. આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી હતી. આ આનંદ સામાન્ય ન હતો. ભાઈ ભાઈને મળેને જે આનંદ થાય તેવો આનંદ ન હતો. આ તો ભક્ત અને ભગવાનના મેળાપનો, બ્રહ્મ અને પરબ્રહ્મના મેળાપનો આ આનંદ હતો. આ યોગ હતો માયાનો વિયોગ કરવાનો. શ્રીજીમહારાજે બંને ભાઈઓને પોતાના બાહુપાશથી મુક્ત કરી પોતાના ખેસ વડે બંને ભાઈઓની આંખોના આંસુઓ લુછ્યા ને કહેવા લાગ્યા :

"ભાઈશ્રી ! ઈચ્છારામ ! તમે રડો નહિ, હવે તમારે રડવાનું ટળ્યું, તમોએ અમારા વિયોગમાં ઘણું દુઃખ વેઠ્યું, ઘણા કષ્ટો સહ્યાં, ઘણું રડ્યાં, હવે તમોને અમે જેટલો વિયોગ કરાવ્યો છે તેથી અનંતગણું અમારા સાંનિધ્યનું સુખ આપીશું." એમ કહીને બંને ભાઈઓને પોતાની સન્મુખ બેસાર્યા. મુક્તાનંદ સ્વામી આદિક સંતોએ બંને ભાઈઓને વંદન કર્યા. સમગ્ર સત્સંગમાં તેમજ વિશાળ વસુંધરામાં આનંદ વ્યાપી ગયો. નારીઓ પણ ઘરનું કામ ભૂલી દર્શને આવી. આકાશમાર્ગે દેવતાઓની પણ ભીડ મચી. અનેક દેવ-દેવીઓએ આકાશમાર્ગેથી અબીલ, ગુલાલ અને પુષ્પવૃષ્ટિથી આ મિલનને વધાવ્યું.

ત્રિલોકી સહિત ચૌદ લોકમાં 'શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય', 'શ્રી રામપ્રતાપજી મહારાજની જય' 'શ્રી ઈચ્છારામજી મહારાજની જય' વગેરે જયનાદોની આવી પરંપરાઓ પ્રગટ થઈ.

(છપૈયાપુરે શ્રીહરિ બાળચરિત્ર તથા શ્રીઘનશ્યામલીલામૃત ગ્રંથમાંથી સંકલિત)

## • 'ધર્મકુળ' શબ્દ : એક સાર્થક-અર્થસભર અધ્યયન

આ ધર્મકુળ શબ્દની સ્પષ્ટતા ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રથમ પ્રકરણના વચનામૃત -૧માં કરી છે :- 'ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે,' આ વાક્યમાં વપરાયેલા 'ધર્મકુળને આશ્રિત' એ શબ્દોનો અર્થ, સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતના જ્ઞાનથી વંછિત અથવા ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત કહેવાતા છતાં પણ શ્રીજીમહારાજના મૂળભૂત સૈદ્ધાંતિક વિચારને ન સમજી શકનારા કેટલાક લોકો 'ધર્મ પાળે તે ધર્મકુળ' આવો અર્થ કરે છે.

પરંતુ એ તદ્દન ખોટો અર્થ છે. જો ધર્મ પાળે તે ધર્મકુળ એમ કહેશું તો વડતાલના ત્રીજા વચનામૃતનો બાધ આવે છે. જુઓ વડતાલનું ઉજું વચનામૃત :- પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભગવાનની ભક્તિ એ ચાર વાનાં જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય. અને આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય પણ તે જ છે. અને એ ચાર સંપૂર્ણ ન હોય ને એક જ મુખ્યપણે કરીને હોય તો પણ ત્રણ જે બાકી રહ્યાં તે તે એકના પેટામાં આવી જાય એવું એક ક્યું એ ચારેમાં શ્રેષ્ઠ છે ?" ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તથા મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! એવો તો એક ધર્મ છે, તે ધર્મ હોય તો ત્રણે વાનાં તે પુરુષમાં આવે."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ધર્મ તો કેટલાક વિમુખ માણસ હોય તેમાં પણ હોય, માટે તેને શું સત્સંગમાં મોટો કરીશું ?"

ભગવાન શ્રીહરિના આ શબ્દોને જોતા 'ધર્મ પાળે તે ધર્મકુળ' આ વાતનો જ છેદ ઊડી જાય છે. આવો શુલ્ક અર્થ ફક્ત પોતાના નિજસ્વાર્થને સિદ્ધ કરવા માટે જ કરવામાં આવે છે. અહીં 'ધર્મ' શબ્દ ગુણવાચક અર્થમાં વપરાયેલો નથી. પણ સંજ્ઞાવાચક અર્થમાં વપરાયેલો છે. અર્થાત્ ધર્મકુળને આશ્રિત એટલે 'ધર્મદેવના કુળને આશ્રિત' એવો જ અર્થ ગ્રહણ કરવો ઈષ્ટ છે.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'ધર્મકુળ' શબ્દની મૌલિક શબ્દાર્થ સહિત સ્પષ્ટતા કરતા કહે છે :-

**'કાં જે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઊડું મૂળ રે; ॥૭॥**
**જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે;**
**માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે. ॥૮॥'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૯)

જેમ રઘુકુળ એટલે રઘુરાજાનું કુળ, તેમજ વલ્લભકુળ એટલે શ્રી વલ્લભાચાર્યજીનું કુળ. વલ્લભનો અર્થ પ્રિયતમ પણ થાય છે. પરંતુ અહીં પ્રિયતમકુળ એવો અર્થ લેવાતો નથી. તેમજ ધર્મકુળ એટલે ધર્મદેવનું કુળ એવો જ અર્થ લેવાનો છે, ન કે 'ધર્મ પાળે તે ધર્મકુળ.' શિક્ષાપત્રીના ઉજા શ્લોકમાં પણ આ વાતની સ્પષ્ટતા કરેલી છે. એ શ્લોકમાં સંપ્રદાય માટે પોતે જે પુરુષોની આચાર્ય પદે પસંદગી કરીને નિયુક્તિ કરેલી છે, તેનો ભગવાન શ્રીહરિ પોતે શ્રીમુખે પરિચય આપતા કહે છે :

''અમારા પિતા ધર્મદેવના બીજા બે પુત્રો અને અમારા ભાઈઓ મોટા રામપ્રતાપભાઈ અને નાના ઈચ્છારામભાઈ, એમના પુત્રો અનુક્રમે અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને અમે અમારા દત્તપુત્ર કરીને સંપ્રદાયના સર્વે સત્સંગીના આચાર્યપદે સ્થાપન કર્યા છે.''

(શિક્ષાપત્રી અર્થદીપિકા : શ્લોક - ૩)

આ શ્લોકમાં આચાર્યોનું નામ જોગ સંબોધન કરેલું છે. જો આમાં માત્ર આચાર્યોના નામનો નિર્દેશ અને સંબોધન જ કરવાનું હોત તો, શ્લોક-૪ અને પમાં જેમ :

**मुकुन्दानन्दख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः । गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ।।**
**सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः । मुक्तानन्दादयो ये स्युः साधवश्चाखिला अपि ।।**

(શિક્ષાપત્રી : શ્લોક - ૪-૫)

બ્રહ્મચારી, ત્યાગી, ગૃહસ્થાશ્રમી અને સાધુ-ત્યાગી વર્ગના પ્રતિનિધિઓના માત્ર નામ-નિર્દેશ કરેલા છે તે પ્રમાણે આ શ્લોકમાં પણ માત્ર આચાર્યોના નામ જ લખ્યા હોત. પરંતુ એ નામો સાથે ચાર વિશેષણો : **'भ्रात्रोः, धर्मजन्मनोः, याव्अयोध्याप्रसादाख्यरघुवीरा भिधौ** અને **सुतौ'** ખાસ વપરાયેલાં છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આચાર્યપદ પોતાના ભત્રીજાઓના વંશમાં નહિ, પણ પોતાના પિતા ધર્મદેવના વંશજોમાંથી દત્તપુત્ર કરીને પોતાના જ વંશમાં સ્થાપિત કરેલું છે. આ હકીકત તરફ ધ્યાન દોરવા ખાતર જ 'ધર્મદેવ થકી જેમનો જન્મ થયો છે' અને 'અમારા ભાઈ રામપ્રતાપજી અને ઈચ્છારામજી એમના પુત્રો' એવો ત્રણ પેઢીનો પરિચય દાખવતાં બે વિશેષણો વાપરેલાં છે.

'શ્રીહરિવાક્યસુધાસિંધુ' ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ **'धर्मवंश्य'** શબ્દનો પ્રયોગ કર્યો છે. તેની વ્યાખ્યા પ.પૂ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે આ રીતે કરી છે :- **'मया धर्मवंश्ये । धर्मवंशभवे । सूते दत्तविधिना पुत्रत्वेनाङ्गीकृते अयोध्याप्रसादे रघुवीरे च'**

ધર્મદેવના કુળમાં જન્મેલા દત્તવિધિથી પુત્રપણે અમે સ્વીકારેલા અયોધ્યાપ્રસાદ અને રઘુવીર - આ વ્યાખ્યાથી પણ સ્પષ્ટતા થાય છે કે ધર્મકુળ એટલે 'ધર્મદેવનું કુળ.'

સંપ્રદાયના સિદ્ધાંત અને સર્વજીવહિતાવહ પ્રણાલિકાની અતિ મહત્ત્વની વાત સૌ કોઈના ધ્યાનમાં હંમેશા રહે એ કારણે, વચનામૃતના સંપાદનકાર્યની શરૂઆત ધર્મકુળ વંશના સભ્યો - અયોધ્યાથી સૌપ્રથમવાર સંપ્રદાયમાં આવ્યા તે પછી જ થયેલી જણાય છે. કેટલાક લોકો કહે છે કે ધર્મકુળ વંશના સભ્યો પહેલા-વહેલા લોયામાં સં. ૧૮૭૭માં ભગવાન શ્રી સ્વામિનારાયણે 'શાકોત્સવ' ઉજવ્યો તે પછી આવેલા છે, પરંતુ આ માન્યતા બરાબર નથી. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ 'શ્રીહરિલીલામૃત ગ્રંથ'માં લોયાના શાકોત્સવનું સુરેખ વર્ણન કરેલું છે. તેમાં સ્પષ્ટ શબ્દોમાં ઉલ્લેખ કરેલો છે :-

**'ઈચ્છારામ ને રામપ્રતાપ, નિજદેશ ગયા હતા આપ; પ્રભુદર્શન ચિત્ત ચહાઈ, આવ્યા તે સમે તે લોયામાંઈ.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૮૩/૨૫-૨૬)

આ નિર્દેશ સ્પષ્ટ સૂચવે છે કે ધર્મકુળ લોયામાં આવ્યું તો હતું જ, પરંતુ પ્રથમવાર નહીં. લોયામાં ઉજવાયેલા શાકોત્સવ અગાઉ ધર્મકુળ વંશના સભ્યો સત્સંગ-સંપ્રદાયમાં આવ્યા હતા. વચનામૃતના સંપાદનની શરૂઆત જે ઉપદેશોથી કરવામાં આવી છે તેની તિથિ સં. ૧૮૭૬ના માગશર સુદ ૪ છે. આ વચનામૃતના ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજે 'ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે' એવું કહ્યું છે.

હવે, પહેલાં જ વચનામૃતમાં વપરાયેલા આ શબ્દો ઉપરથી ધર્મદેવના કુળના સભ્યો સંપ્રદાયમાં સં. ૧૮૭૬ના માગશર સુદ - ૪


પૂર્વે આવેલા છે એવો સ્વીકાર મને-કમને પણ કરવો જ પડે તેમ છે. સં. ૧૮૭૬ પૂર્વે એટલે ક્યારે ? તો એની સ્પષ્ટતા - જેમને ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જોવા જાણવાની અદ્‌ભુત દૃષ્ટિ અને શક્તિ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી પ્રાપ્ત થયેલી હતી એવા સ્વતઃસિદ્ધ સમાધિનિષ્ઠ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ સંપ્રદાયના મહાન સમ્રાટ અને આધારભૂત ધર્મગ્રંથ 'શ્રી સત્સંગિજીવન'માં સં. ૧૮૭૫માં વડતાલમાં કરેલ પુષ્પદોલોત્સવ પ્રસંગમાં (ફાગણ સુદ - ૧૦ને દિવસે ધર્મકુળ સૌપ્રથમ વડતાલમાં આવ્યું. એમ શ્રી સત્સંગિજીવન પ્ર.૩. અ.૪૯માં) નોંધ કરેલી છે. ત્યારબાદ બીજે દિવસે એકાદશીની સભામાં પણ; **'मुनिभिश्च जनैः सर्वैर्मानितौ तावुभावथ। रामप्रतापेच्छारामौ हरेरग्रे निषेदतुः ।।'** - પછી રામપ્રતાપ અને ઈચ્છારામ બન્ને ભાઈઓ તે મુક્તાનંદ આદિ સાધુઓ તથા મયારામ ભટ્ટ આદિ- સર્વ સત્સંગીઓ વડે સત્કાર પામી શ્રીહરિની આગળ સમીપે બેઠા.

(શ્રી સત્સંગિજીવન : ૩/૫૩/૧૦)

આ શ્લોક એ સ્પષ્ટ બતાવે છે કે, સં.૧૮૭૫ના ફાગણ માસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલમાં ભવ્ય ફૂલદોલનો અભૂતપૂર્વ ઉત્સવ કર્યો તે સમયે ધર્મદેવના કુળના સભ્યો રામપ્રતાપજી મહારાજ તથા ઈચ્છારામજી મહારાજ આદિકની હાજરી હતી. આથી એવું નિષ્પન્ન થાય છે કે, વચનામૃતના સંપાદનનું પ્રારંભનું વર્ષ સં.૧૮૭૬ છે. અને સત્સંગમાં ધર્મકુળની હાજરી સંપ્રદાયના શાસ્ત્રો સં. ૧૮૭૫ની સાલથી દર્શાવે છે. માટે જે લોકો પ્રથમ પ્રકરણના ૧લા વચનામૃતમાં ધર્મકુળનો અર્થ અવળો સમજે છે અને સમજાવે છે તેઓ એમ કહે છે કે 'સં. ૧૮૭૬ની સાલમાં ધર્મકુળ સંપ્રદાયમાં આવ્યું જ ન હતું. ધર્મકુળ તો લોયામાં સં. ૧૮૭૭ની સાલમાં આવ્યું હતું. તેથી પહેલા વચનામૃતમાં તો ધર્મકુળનો અર્થ અમે સમજાવીએ છીએ એવો જ ('ધર્મ પાળે તે ધર્મકુળ' અથવા 'ધર્મગુણ વિશેષનું કુળ') છે' તો તેઓની આ દલીલને પુષ્ટિ મળતી નથી. એટલું જ નહિ પણ હકીકતમાં આવી દલીલ કરનાર એ કેમ ભૂલે છે કે, વચનામૃતના કહેનાર પોતે જ ધર્મકુળ છે. અને ત્યારે સત્સંગના અન્ય વાડાઓ કે ગુરુવાદ ન હતા અને બધા ભગવાન શ્રી સ્વામિનારાયણને જ આચાર્ય, ગુરુ, આરાધ્ય ઈષ્ટ અને સત્સંગના ધણી માનતા હતા.

સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતાની વ્યાખ્યામાં લખે છે : **'प्रादुरभूत् धर्मकुले धर्मत्राणाय योऽक्षरात्परतः ।'** - અક્ષરથી પર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મની રક્ષાને માટે ધર્મકુળમાં પ્રાગટ્યને પામ્યા, આ પ્રમાણથી પણ એ જ વાત સ્પષ્ટ થાય છે કે ધર્મકુળ એટલે 'ધર્મદેવનું કુળ.'

●



## વડતાલમાં ભગવાન શ્રીહરિએ સર્વપ્રથમ શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી
## સં. ૧૮૭૫ (ઈ.સ. ૧૮૧૯)

સં. ૧૮૭૫માં આદરજમાં ચાર સદ્‌ગુરુ તેમજ જેતલપુરમાં બીજા આઠ સદ્‌ગુરુઓની નિયુક્તિ કરીને જેતલપુરથી નીકળી ડભાણ થઈને ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા તેથી વડતાલના હરિભક્તોને અતિ આનંદ થયો. મહારાજનું સ્વરૂપ જ એવું હતું કે ભક્તોના ઈન્દ્રિયો-અંતઃકરણને પોતાના સ્વરૂપમાં ખેંચી લે, એટલે ઈન્દ્રિયો-અંતઃકરણના ભાવથી આવરિત થયેલો આત્મા નિરાવરણ બની જાય, પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રકાશે અને એ સ્વરૂપે પરમાત્માના દિવ્ય સુખનો આનંદ અનુભવે. આ આનંદના અનુભવમાં ભક્તો જગતનું ભાન ભૂલી જતા. મહારાજની પાછળ પાછળ ફરતા, દેહની ક્રિયા ઉતાવળી ઉતાવળી કરી લેતા અને મહારાજના દર્શન વિના એક ક્ષણ પણ જવા ન દેતા.મહારાજના સ્વરૂપમાં આવું જાદું હતું, દિવ્યતા હતી. તેમજ જડ અને અબુધ જણાતા એવા પગી બંધુઓ પણ મહારાજના સંબંધે શુદ્ધ આત્મસ્વરૂપ બની પરમાત્માના દિવ્ય સુખનો આનંદ લેતા.

ભગવાન શ્રીહરિએ સૌને કહ્યું : ''અમે તો ગઢપુર જવા નીકળ્યા છીએ એટલે રોકાવું નથી.''

એટલે વડતાલના સૌ હરિભક્તોએ મહારાજને કહ્યું :

**ગઢપુરમાં વાસુદેવ રૂપ, પધરાવ્યું છે આપે અનૂપ; આપ ફરવા પધારો છો જ્યારે, કરે દર્શન તેહનાં ત્યારે.**
**આપો એવો જ અમને આધાર, કરી દર્શન લૈયે આહાર; હવેલી કરો આપને કાજે, ધર્મશાળામાં સંત બિરાજે.**

(શ્રીહરિલીલામૃત : ૭/૭૫/૯-૧૦)

''મહારાજ ! આપ પધારો છો ત્યારે આપના દર્શનથી દિવ્ય સુખનો અનુભવ થાય છે. આપ જાઓ છો ત્યારે અમે પાછા હતા તેવા ને તેવા થઈ જઈએ છીએ. માટે જેમ ગઢપુરમાં આપે વાસુદેવનારાયણની મૂર્તિ પધરાવી ત્યાંના વાસીઓને આપના સ્વરૂપના દર્શનનું, સેવાનું સુખ આપ્યું, તેમ અહીં વડતાલમાં પણ આપની મૂર્તિ પધરાવો !''★

ભગવાન શ્રીહરિ ભક્તોની વાત સાંભળી પ્રસન્ન થયા. મહારાજે ભાઈરામદાસજી સ્વામીને બોલાવીને કહ્યું :

**એવું સાંભળી સારંગપાણિ, રામદાસજીને કહી વાણી; અતિ આગ્રહ છે હરિજનનો, અભિલાષ પુરું એહ મનનો.**
**મારી મુરતિ હું થાપું આ ઠામ, ધરૂં નરનારાયણ નામ; કહો ક્યાં પધરાવશું દેવ, તમે જગ્યા કહો તતખેવ.**

(શ્રીહરિલીલામૃત : ૭/૭૫/૧૧-૧૨)

" સ્વામી ! અહીંના ભાવિક હરિભક્તોનો આગ્રહ છે, તેથી સૌની ઈચ્છા પૂરી કરવા અમે અમારી મૂર્તિ અહીં સ્થાપીશું. એ નરનારાયણના નામે પૂજાશે. તમે જગ્યા બતાવો.'

તે સાંભળી ભાઈ રામદાસજી સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ પ્રથમ વનમાંથી પધાર્યા ત્યારે આ બદરિતરુ તળે બિરાજમાન થયા હતા. પછી ઘણી વાર આ સ્થાનનો મહિમા આપે કહ્યો છે તેથી એ જ સ્થાન યોગ્ય છે."

ભગવાન શ્રીહરિને પણ એ સ્થાન પસંદ હતું. એટલે તરત જ કહ્યું : "અહીં એક સુંદર ઓરડો તાત્કાલિક કરાવો. અમારે તો અહીં એક જ દિવસ રહેવું હતું, પરંતુ આ ભક્તોએ આવું શુભ કાર્ય કરવાનું કહ્યું તેથી થોડા દિવસ રોકાવું પડશે."

ભગવાન શ્રીહરિએ હીરજી સુતારને બોલાવ્યા અને તેમને નર અને નારાયણની બે સુંદર મૂર્તિઓ લાવવા આજ્ઞા કરી. હીરજી સુતાર શ્રીહરિની આજ્ઞા પ્રમાણે જ મૂર્તિઓ લાવ્યા. શ્રીહરિ એ મૂર્તિઓ જોઈ ખૂબ રાજી થયા.

બદરીવૃક્ષ નીચે ઓરડો તૈયાર થઈ ગયો. તેમાં સુંદર સિંહાસન તૈયાર કરાવ્યું. પછી ભગવાન શ્રીહરિએ ઉમરેઠથી હરિભાઈ અને ઘેલાભાઈને તેડાવ્યા. વેદવિદ્યામાં તેઓ પ્રવીણ હતા. મહારાજે તેમની પાસે મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ કરાવી. મહારાજે આરતી ઉતારી. આ રીતે પોતાના સ્વસ્વરૂપ શ્રી નરનારાયણને મહારાજે પધરાવ્યા અને વડતાલના હરિભક્તોના મનોરથો પૂરા કર્યા.

ભગવાન શ્રીહરિએ સૌને આશીર્વાદ આપતાં કહ્યું : "હે ભક્તજનો ! આ નરનારાયણની મૂર્તિઓમાં અમારું જ સ્વરૂપ બિરાજે છે. અમારી અનુપસ્થિતિમાં આ મૂર્તિઓમાં રહીને જ હું આપ સૌને સુખ આપીશ. આ મૂર્તિઓના ભાવથી દર્શન કર્યા પછી જ સૌએ ભોજન કરવું."

પછી ભાઈ રામદાસજી સ્વામીએ નરનારાયણદેવની સ્તુતિ કરી :

**મૂર્તી ધર્મ થકી ધરી જુગ તનૂ આવ્યા વિશાળા વિષે, મત્સ્યાદી અવતાર ભાર હરવા ચારૂ ધર્યા ચોવિશે;**
**દુર્વાસામુનિશાપ આપ રુચિયે આવ્યા વળી આ સમે, એવા અક્ષરના અધીશ હરિને કીજે પ્રણામો અમે.**

(શ્રીહરિલીલામૃત : ૭/૭૫/૨૧)

"હે પ્રભુ ! તમે ધર્મ ને મૂર્તિ દેવી થકી અવતાર ધરી વિશાલા પધાર્યા. ભૂતલનો ભાર હરવા મત્સ્યાદિ ચોવીશ રૂપે થયા. દુર્વાસાના શાપથી અક્ષરાધીશ તમે આ સમે અવની પર અવતર્યા. અમે તમને પ્રણામ કરીએ છીએ."

આ પ્રકારે સ્તુતિ કરી સર્વે ભક્તોએ વંદન કર્યા. શ્રીહરિએ સંતોને રહેવા ધર્મશાળા બનાવાની જગ્યા બતાવી. દલાભાઈએ અર્પેલી ભૂમિમાં પોતાનો નિવાસ રચવા કહ્યું. (આજે તે 'નારાયણ મોલ' નામે ઓળખાય છે.)

ભાઈ રામદાસજી સ્વામી કહે : "આપની આજ્ઞાનુસાર બધું જ કરીશું. પરંતુ કૂપ વિના કેમ ચાલશે ?" ત્યારે શ્રીહરિએ કૂવો ગાળવા જગ્યા બતાવી. પછી ઉતારે પધાર્યા. રામદાસજીએ કૂપ ગળાવ્યો. તેમાં અમૃત જેવું મધુર જળ આવ્યું. ભગવાન શ્રીહરિએ તેના નીરથી સ્નાન કર્યું. સંતહરિભક્તોએ એ ચરણોદકનું પાન કર્યું. પાત્ર ભરી એ પ્રસાદીનું નીર કૂપમાં નાખ્યું.

ભગવાન શ્રીહરિ કહે : "આ જગ્યાએ અમે બહુ જ્ઞાનવાર્તા કરી છે. તેથી આ કૂવાનું 'જ્ઞાનકૂપ' નામ રાખીએ છીએ. આ મોટું તીર્થ ગણાશે. ગંગા અને ગોમતીથી ઉત્તમ થશે. અહીં જે સ્નાન કરશે તેને પરબ્રહ્મનું જ્ઞાન થશે."

ભગવાન શ્રીહરિની વાત સાંભળી સર્વે ભક્તો પ્રસન્ન થયા. ત્યારે ભાઈ રામદાસજી સ્વામી બોલ્યા :

**તીર્થોનું તીર્થ તું છે, કળુષ સકળનો શત્રુ તું જ્ઞાનકૂપ, નાહ્યા જેને સલીલે, અતિ રુચિ ધરીને કોટિ બ્રહ્માંડભૂપ;**
**છે તું ગંભીર કેવો, વળિ વરતુલ છે કૃષ્ણની નાભિ જેવો, મોટો માની મહિમા, તુજ તટ અડશે દેવ દેવાધિદેવો..**

(શ્રીહરિલીલામૃત : ૭/૭૫/૩૮)

"આ કૂવાને અતિ ધન્ય છે. આ કૂવો તીર્થોનું તીર્થ ને સકળ પાપનો શત્રુ છે. જેમાં કોટિ બ્રહ્માંડના અધિપતિ તેમાં નાહ્યા છે. શ્રીકૃષ્ણની નાભિ સમાન વર્તુલ ગંભીર આ કૂવાને મહાતીર્થ માની દેવાધિદેવો તેનો સ્પર્શ કરી, દર્શન કરી પાવન થશે."

ભગવાન શ્રીહરિ ગઢપુર જવા તૈયાર થયા. ભાઈ રામદાસજી સ્વામીને સર્વવિધ ભલામણ કરી. બાપુભાઈ, રણછોડભાઈ વગેરે હરિભક્તોને કહ્યું : "આ જગ્યામાં કાર્ય પ્રારંભ કરજો. દેવની આટલી સેવા કરજો." સર્વે ભક્તોએ બે હાથ જોડી આજ્ઞા અંગિકાર કરી કહ્યું : "આપના પ્રતાપથી સર્વ કાર્ય સફળ થશે. તેની ચિંતા ન રાખશો."

પછી દલાભાઈએ કહ્યું : ''મહારાજ ! અહીં વિશાળ મંદિર થાય અને આપણું સર્વોપરી સ્થાન થાય તે માટે અમારે જમીન આપવી છે; તો મંદિર, સાધુઓની ધર્મશાળા, સભામંડપ વગેરે માટે કેટલી જમીન જોઈએ તે આપ જણાવો. તે પ્રમાણે અમે જમીનનો દસ્તાવેજ કરી દઈએ.''

ભગવાન શ્રીહરિએ કહ્યું : ''અમે ફરી આવશું ત્યારે આપણે તે માટે વિચાર કરીશું. અત્યારે તો તમે કેટલી જમીન આપવાના છો તે નક્કી કરી લ્યો.''

પછી ભગવાન શ્રીહરિ વડતાલથી નીકળી વલેટવા, વસો, સંધાણા, પલાણા, રઘવાણજ, ખેડા, જેતલપુર, વસાઈ, ધોળકા,ચીખલી, જવારદ, અડવાણા, સુંદરિયાણા, સારંગપુર વગેરે ગામોમાં ભક્તોને દર્શન સુખ આપતાં ગઢપુર પધાર્યા.

શ્રીહરિ જ્યારે જ્યારે વડતાલ પધારતા, ત્યારે સ્વયં નરનારાયણદેવની સેવા-પૂજા કરતા.

●●●

સમય જતાં વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણદેવનું ભવ્ય મંદિર બન્યું. એમાં લક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ. આથી પ્રતિષ્ઠિત થયેલ નરનારાયણદેવની મૂર્તિઓનું ઉત્થાપન કરવામાં આવ્યું.

વડતાલ મંદિરની પ્રતિષ્ઠાવિધિમાં નિમાડ દેશના ધરગાંવના ગોવિંદભાઈ પાટીદાર અને બુરહાનપુર (ખાનદેશ)ના શેઠ શિવા શાહ હરિભક્તો સાથે આવેલા. એમણે પણ ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી : ''હે મહારાજ ! આપનાં દર્શન-સત્સંગ પ્રતિદિન થાય એવી કૃપા કરો.''

પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિએ વડતાલમાં પોતાના સ્વહસ્તે પૂજેલી નર ભગવાનની મૂર્તિ ધરગાંવ અને નારાયણની મૂર્તિ બુરહાનપુરના ભક્તોને આપી.

ધરગાંવના ભક્તોએ સન ૧૮૨૯માં મંદિરનું નિર્માણ કર્યું. મૂર્તિપ્રતિષ્ઠા માટે શ્રીહરિએ સ્વયંપ્રકાશાનંદ સ્વામીને મોકલ્યા. સં. ૧૮૮૬ના માગશર સુદ છઠના રોજ ધરગાંવમાં સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ 'નર' ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠાવિધિ કરી.

બુરહાનપુરમાં પણ મંદિર નિર્માણ થતાં શ્રીહરિએ પરમચૈતન્યાનંદ સ્વામીને પ્રતિષ્ઠાવિધિ માટે મોકલ્યા. સં. ૧૮૮૬ના માગશર સુદ છઠના દિવસે બુરહાનપુરમાં નારાયણ ભગવાનની પ્રતિષ્ઠા થઈ. (આધાર : 'મધ્યપ્રદેશ મેં ભગવાન સ્વામિનારાયણ, પૃ. ૩૨-૩૩')

.....

★ આમ, મંદિર નિર્માણની વિનંતી કરવાનું એક કારણ સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામી પોતાની વાતોમાં નોંધ કરતા લખે છે :

''ચરોતરનાં બાઈભાઈ હરિજન નરનારાયણનાં દર્શન કરી આવ્યાં ?'' ત્યારે તેઓ એમ બોલ્યા જે, ''નરનારાયણનાં દર્શન તો કરી આવ્યા, પણ અમદાવાદ શહેરમાં ઉતારાનું ને જળનું અમને બહુ કઠણ પડ્યું.'' ત્યારે જોબનપગીનાં ઘરનાં ને તખાપગીનાં ઘરનાં એમ બોલ્યાં જે, ''અમારી તો કોઈએ ખબર પણ ન લીધી.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''તમને વડતાલમાં મૂર્તિઓ પધરાવી દઈએ, પછી અમદાવાદ શું કરવા જાવું પડે ?'' એમ વાત કરી. પછી મહારાજ ''જય સ્વામિનારાય.'' કહીને થાળ જમવા ઉતારે પ ધાર્યા ને પોશાક ઉતાર્યો.''

(શ્રી સ્વામિનારાયણ વિચરણલીલામૃત : ઉત્તરાર્ધ, વિ-૫૮, પૃ.૬૩૪, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કુંડળધામ)



## વડતાલમાં ભગવાન શ્રીહરિએ સંતોને ઉપદેશ આપ્યો
### સં. ૧૮૭૬ (ઈ.સ. ૧૮૨૦)

સં. ૧૮૭૬માં ભગવાન શ્રીહરિ જેતલપુરમાં પ્રબોધિનીનો ઉત્સવ કરી અમદાવાદમાં અંગ્રેજ અધિકારી મિ. એરણ સાહેબના નિવાસસ્થાને પધરામણી કરી ત્યાંથી પાછા જેતલપુર, મહેમદાવાદ, દહેગામ, ડભાણ થઈને બામરોલી પધાર્યા.

શ્રીહરિ ઉપર ખૂબ જ હેતવાળા તખા પગી નામે હરિભક્ત હતા. તેના પુત્ર બાવાજી પણ પાકા હરિભક્ત હતા. બાવાજીની જે બહેનો હતી તે ઘણી પ્રતાપી હરિભક્ત હતી. માનબાઈ (પ્રાણબા) અને જીતબાઈ નામે બંને બહેનો પાકી હરિભક્ત થઈ હતી. જ્યારે તેમને સત્સંગમાં પ્રેમ થયો ત્યારે તેમણે પોતાના પરણેલા પતિનો ત્યાગ કરી દીધો. તખા પગીના જેટલા સંબંધીઓ હતા તે સહુ શ્રીહરિ ઉપર ઘણો ભક્તિભાવ રાખતા હતા.

જ્યારે શ્રીહરિ આવ્યા છે તેમ સાંભળ્યું ત્યારે તેઓ બધા તત્કાળ જ શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુએ શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા. તેમનાં ચરણકમળમાં પોતાનું મસ્તક નમાવ્યું અને સહુ હાથ જોડીને બોલ્યા, 'મહારાજ, આપે તો અમને ઘેર બેઠા દર્શન દીધાં. તખા પગીનો જેટલો પરિવાર હતો તેને શ્રીહરિએ રાજી થઈને દર્શન દીધાં. પછી ત્યાંથી શ્રીહરિ વડતાલ આવ્યા. વડતાલમાં શ્રીહરિના આવવાના સમાચાર સાંભળીને સહુ હરિભક્તો ઘણા પ્રેમભાવથી યુક્ત થઈને શ્રીહરિની સન્મુખ આવ્યા.

જ્યારે શ્રીહરિનાં દર્શન થયાં ત્યારે સહુએ ફૂલના હાર પહેરાવ્યા અને તે વખતે સહુ હરખતે હૈયે શ્રીહરિનાં ચરણમાં પડ્યાં. તે સમયે ઢોલ, તાંસા, ભેરી, ભૂંગળ તથા રણશિંગી ઇત્યાદિક વાજિંત્રો સારી રીતે વાગતાં હતાં અને તેના અવાજથી આકાશ તથા ભૂમિ ગાજી રહ્યા હતા.

વડતાલ ગામમાં ગોમતીને પૂર્વ કિનારે આંબાવાડીએ આવીને શ્રીહરિવરે પ્રસન્નતાથી સભા કરી અને તેમાં બેઠા. શ્રીહરિ પલંગ ઉપર પશ્ચિમ મુખે બેઠા હતા. સહુ સંતો પૂર્વ મુખે બેઠા હતા. અને 'રે સગપણ હરિવરનું સાચું,' 'લાગ્યો મારે નટવરથી નેડો' અને 'મેં તો સર્વે સંગાથે તોડી રે સાહેલી' ઇત્યાદિક બ્રહ્માનંદ સ્વામીનાં બાર પદ સંતોએ ગાયાં. શ્રીહરિ સંતોની સાથે અત્યંત ઉમંગભર્યા તે કીર્તનો ગાતા હતા અને કીર્તનના ભાવ પ્રમાણે હાથના લટકા કરતા હતા. શ્રીહરિ જ્યારે રસ્તામાં ચાલ્યા આવતા હતા ત્યારે માર્ગની બાજુમાં વાવેલા ખેતરમાં કેટલાક સંતો અને હરિભક્તો ચાલ્યા હતા. તેની સામે જોઈને શ્રીહરિએ તેમને ઓળખી રાખ્યા હતા.

પછી સભામાં આવીને શ્રીહરિએ કહ્યું કે, 'જેઓ વાવેલા ખેતરમાં ચાલ્યા હોય તે બધા સભામાં ઊભા થાય.' બે-ત્રણ વખત કહ્યું,

છતાં જ્યારે કોઈ ઊભા ન થયા ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમે તેને ઓળખી રાખ્યા છે. અમે કહ્યું છતાં જે ઊભા ન થયા તે હવે ચોર ઠર્યા છે. જે સભામાં ઊભા ન રહ્યા તેને હવે પંક્તિ બહાર કરવા છે.' તે સમયે કૃષ્ણદાસ નામે એક સાધુ ઊભા થયા. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જે ઊભા થયા તેનો ગુનો અમે માફ કરીએ છીએ. બીજા જેટલા ખેતરમાં ચાલ્યા છે તે બધા ગુનેગાર રહ્યા છે.' આટલી વાત જ્યારે શ્રીહરિ કરી રહ્યા તે વખતે રસોઈ તૈયાર થઈ ગઈ. શ્રીહરિ ગામમાં આવ્યા. થાળ જમ્યા. પછી સંતો પણ જમ્યા. જ્યારે દિવસ પાછલી ચાર ઘડી રહ્યો ત્યારે શ્રીહરિ સંતોને રહેવાની જગ્યામાં આવ્યા.

## • સંતને સમાન બીજું કોઈ નથી :

શ્રીહરિએ જગ્યામાં આવીને સભા કરી. પોતે પાટ ઉપર બેઠા. શ્રીહરિ પશ્ચિમ મુખે બેઠા અને બધા સંતો પૂર્વ મુખે બેઠા. પછી ઘણા હેતથી ગરબી રાગનાં પદો ગવરાવ્યાં અને આરતી તથા ધૂન કરી રહ્યા ત્યારે જે સંતો હતા તેમણે જય જય...જય જય... આવો શબ્દ ઉચ્ચાર્યો.

પછી શ્રીહરિએ સંતો આગળ વાત કરી કે, 'સંતોના જેવી બીજી કોઈ વાત નથી. તે વાત ચોક્કસ છે. સાધુતાનો ગુણ સર્વોપરિ ગુણ છે, પણ જે તુચ્છ બુદ્ધિના છે તેને તે ગુણ શીખવા ઘણું કઠણ છે. સંત થઈને પણ જે રાત-દિવસ માયિક પદાર્થને માટે મનમાં નિત્ય ક્ષોભ પામતા રહે છે, જે ભગવાનના સમાન બીજું કોઈ સુખ નથી તેમ સમજતા નથી, તેવા લોકો માયિક સુખથી સુખી થવા ચાહે છે.

જેટલા આવા સંતો છે તેઓ સંતને માર્ગે ચાલે છે ત્યારે તેમાં સંતોને માર્ગે ચાલતા ચાલતા ધીરે ધીરે તે સંતોના અક્ષોભ્ય ઇત્યાદિક અપાર શુભ ગુણ આવે છે. જેઓ શુભ માર્ગે ચાલ્યા હોય છે તેમાં ગુણ આવે છે, પણ માર્ગે ચાલતા નથી તેમાં શુભ ગુણ આવતા નથી.

**સંત કે ગુન અમાયિક રહેઉ, માયિક ગુન સે દુર હે તેઉ; પ્રગટ ભગવાન રહેઉ તાકે, જન્મ સે લઈકર જો વાકે.**
**ચરિત્ર યહ રહાયેઉ જિતના, ભગવાન કે બચન જો તિતના; ભગવાન સબંધિ જો જો બાતા, અમાયિક રહાયે સાક્ષાતા.**

સંતોના ગુણ તો અમાયિક હોય છે. અને તે અમાયિક ગુણો માયિક ગુણથી દૂર રહે છે. પ્રત્યક્ષ ભગવાનનાં જન્મથી લઈને જેટલાં ચરિત્રો છે, ભગવાનનાં જેટલાં વચન હોય છે તથા ભગવાન સંબંધી જેટલી જેટલી વાતો હોય છે તે બધી સાક્ષાત્ અમાયિક(દિવ્ય) હોય છે. તે બધી બાબતમાં અપાર સુખ રહેલું છે તેમ સમજીને તેમાં પોતાનાં મનને પરોવી દે, અને તેના સિવાયના બીજાં જેટલાં સુખ હોય છે તેમાં અપાર દુઃખ માનતા રહે તે સાચા સંત છે.

### સાચા સંતો ભવસાગર તરવાની નાવ છે :

વળી, જેનું વર્તન નિશ્ચિતપણે નિષ્કપટ, નિર્મત્સર અને નિર્દંભ હોય અને જે ભગવાનના સંબંધ વિનાનાં જેટલાં સુખને જમપુરીના જેવાં માનતા રહે, એવા જેટલા સાચા સંતો છે તેઓ તો સંસારરૂપી સાગર તરવાની નાવ છે. તેવા સંતરૂપી નાવમાં વિશ્વાસ રાખીને જે લોકો બેસે છે, તેઓ સંતરૂપી નાવના પ્રતાપે કરીને જેટલું પાપ હોય છે તેનાથી તત્કાળ છૂટી જાય છે. શ્રીહરિએ આવી તો ત્યાં ઘણી વાત કરી. પછી બીજે દિવસે સવારમાં સભા કરવા માટેની જગ્યા જોવા માટે શ્રીહરિ પ્રેમથી ચાલ્યા. ગામથી પશ્ચિમ તરફના ભાગમાં જે આંબાઓ છે તે બધા જોઈ લીધા. ઉત્તર દિશાના બધા આંબાઓ પણ જોયા. પછી ત્યાં સભા કરી.

### ભગવાન શ્રીહરિનો વિવેકી સ્વભાવ :

બામરોલી ગામના રસ્તા ઉપર જે ખેતર હતું તે પગીનું હતું અને તેમાં આંબા હતા. તે ખેતર વાવેલું હતું. વાવેલા ખેતરમાં તો કાંઈક નુકશાન થાય એમ શ્રીહરિએ મનમાં વિચાર્યું એટલે તે ન ગમ્યું. 'જ્યાં જ્યાં સભા કરીને બેસતા હતા ત્યાં કોઈને નુકશાન થવું જોઈએ નહિ' આવું શ્રીહરિ વિચારતા હતા. કોઈને નુકશાન ન થાય આવી બાબતને વારંવાર જોયા પછી પણ શ્રીહરિ ગામના મુખીને બોલાવીને તેમની મરજી લેતા હતા.

ક્યારેય કોઈ જાતનો ઉદ્વેગ ન થાય અને સુખ-શાંતિ રહે તેવો પ્રથમ વિચાર કરીને પછી જ શ્રીહરિ કોઈ પણ વાત કરતા હતા. શ્રીહરિનાં આવાં ચરિત્રોને જોઈને તેમાં જેઓ વિવેકહીન, ગમાર અને મૂર્ખ હતા, તેઓ વારંવાર મોહ પામતા હતા. જેટલો વિવેક કહેવાય છે તે બધો શ્રીહરિમાં રહ્યો હતો. પોતે જેમ ધારે તેમ બધું થાતું હતું, છતાં ક્યારેય તેનો ગર્વ દેખાડતા નહિ. જે મૂર્ખ લોકો હોય છે તે શ્રીહરિનાં ચરિત્રને જોઈને શ્રીહરિની હાંસી તથા ઠઠ્ઠા-મશ્કરી કરતા રહેતા. અને તે દોષને લીધે જ તેઓ લખચોરાશીથી છૂટતા નહિ.

જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ ગામમાં આવ્યા. સંતોની જગ્યામાં દસ-બાર જેટલા હરિભક્ત વિપ્રોએ ઘણી ચતુરાઈથી રસોઈ કરી હતી. ત્યાં આવીને શ્રીહરિ જમ્યા. અને પછી જેટલા સંતો હતા તે પણ જમ્યા. સહુ જમતા જમતા મુખથી 'સ્વામિનારાયણ' આવું

નામ બોલતા હતા. શ્રીહરિ વડતાલમાં પધાર્યા છે તેવા સમાચાર સાંભળીને જેઓ પહેલા જેતલપુર આવ્યા ન હતા તેઓ ત્યાં વડતાલ આવ્યા. જેટલા હરિભક્તો ગામમાં સમાયા તેમને ત્યાં ઉતારા કરાવ્યા. અને કેટલાક તો વાડથી કબજાબંધ કરેલા ખેતરમાં ઊતર્યા.

જે હરિભક્તો પાસે અશ્વ હતા, તે અશ્વ ઉપર બેસીને આવ્યા હતા. અને જેની પાસે ગાડાં હતા તેઓ ગાડાંમાં બેસીને આવ્યા હતા. જેની પાસે રથ હતા તેઓ રથમાં બેસીને આવ્યા અને જેની પાસે ગાડી હતી તેઓ ગાડી ઉપર બેસીને આવ્યા હતા.

## • ભગવાન શ્રીહરિએ સભામાં સુમતિ, કુમતિ, મર્યાદા અને સુહૃદભાવ વગેરે વાત કરી :

જ્યારે દિવસ પાછલો એક પહોર રહ્યો ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ ગોમતીને પૂર્વ તરફને કાંઠે ઘાટા આંબાઓને દેખીને શ્રીહરિને માટે ત્યાં બેઠક રચી. અને તેના ઉપર પલંગ બિછાવ્યો. શ્રીહરિ ત્યાં આવ્યા અને જોયું. પછી શ્રીહરિ તે પલંગ ઉપર બેઠા. સંતો, વર્ણી અને સહુ હરિભક્તો આવીને પણ બેઠા.

ત્યારે જે સભા થઈ તે ઘણી સુંદર લાગતી હતી. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેઠા અને શ્રીહરિ સૂર્યોદય થાય તે રીતે ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેઠા.

જેટલી હરિભક્ત બાઈઓ હતી તે સભાની પાછળ દૂર બેઠી હતી. સત્સંગની જેવી રીત હતી તે પ્રમાણે સભાની ઘણી સારી શોભા થઈ હતી. સત્સંગની જે રીત છે તે બધી નિર્બાધ રહી છે. આવી નિર્બાધ રીતને લીધે તો સત્સંગ સહુથી શ્રેષ્ઠ શોભાને પ્રાપ્ત કરે છે.

ભગવાનનાં જેટલાં ચરિત્રો છે તે બધાં મોક્ષના દ્વારરૂપ રહ્યા છે. અને તે બધા અમાયિક અર્થાત્ દિવ્ય કહેવાય છે. આવી જેની સમજણ હોય છે તે જ સત્સંગી કહેવાય છે અને તેને લીધે જ સદ્‌મતિ થાય છે. જે લોકો ભગવાનનાં ચરિત્રમાં બુદ્ધિથી કુતર્ક કરે છે તેટલા લોકોને કુમતિ કહેવાય છે અને તેનું જ નામ કુસંગી છે. તે કુસંગી ભગવાનના સંબંધ વિનાની અને બીજાને દુઃખ આપનારી વાતો કરતા હોય છે.

જે કુમતિ લોકો છે તે જ અસુર, રાક્ષસ અને દૈત્ય, એવે નામે નિશ્ચિત રીતે કહેવાય છે. જે બીજાને સુખ થાય તેવી વાત કરતા રહે છે, વળી પોતે અપાર દુઃખી થઈને પણ બીજાનું ભલું કરતા રહે છે, તથા જેનાં દિલમાં દગો અને ઘાત હોતા નથી, તેમાં તે બધા ભગવાનના ગુણો રહ્યા છે.

આવા જે સઙ્ગનો છે તેની મદદ દિનપ્રતિદિન અંતર્યામી ભગવાન કરે છે અને તે સઙ્ગનો પણ એમ પોતાની વાતમાં ધારતા હતા કે ભગવાને જ અમારી સહાય કરી છે. અને મૂર્ખ મનુષ્યને ભગવાન કરતાં પણ પોતામાં અધિક ગુણ દેખાય છે. તેનાં દિલમાં દેખ્યામાં ન આવે એટલી ઊંડી કુટીલતા રહી છે. જે અંતર્યામી પરમેશ્વર છે તે જેનાં દિલમાં જેવો ભાવ હોય છે તેને તલ તલ જેટલું જાણે છે. અને જેવો ભાવ હોય તેવું ફળ તેને આપે છે. શ્રીહરિ જે સ્થળે સંતો અને હરિભક્તોની સભા કરતા હતા ત્યાં સહુ પહેલા સંતો પાસે કીર્તન ગવરાવતા હતા.

### ભગવાનનો નામજપ સર્વોપરિ સમજવો :

તે પ્રમાણે જ્યારે સંતો કીર્તન બોલી રહ્યા ત્યારે સંધ્યા વખત થયો હતો. ચાર-પાંચ મશાલો પ્રગટી અને ચોપદાર છડી બોલતા હતા. સંતો, વર્ણી અને હરિભક્તો જે હતા તે બધા આરતી અને ધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિ ઊભા રહીને 'નારાયણધૂન' બોલવા લાગ્યા.

શ્રીહરિ ઘણા હેતપૂર્વક મુખથી ધૂન બોલતા હતા અને હાથથી તાળી પાડતા હતા. શ્રીહરિ તાળી એ રીતે પાડતા હતા કે નામમાં પોતાનું ચિત્ત પરોવી દેતા હતા. શ્રીહરિ ધૂન કરતા હતા તેમાં વચ્ચે કોઈ બીજી વાત કરતું નહિ. ચાહે તેવી વાત હોય, પણ તેને ભગવાનના નામ કરતાં કોઈ અધિક વાત જાણતા-માનતા નહિ. ભગવાનના નામને સર્વોપરિ જાણતા હતા. ધૂનમાં વચ્ચે કોઈ સંતો, વર્ણી કે હરિભક્તો વાત કરતા હોય તો શ્રીહરિ તે સાધુને સાધુ કહેતા નહિ, પણ પેટ ભરવા ખાતર ઘર છોડ્યું છે તેમ કહેતા. જે ભગવાનનો અનાદર કરે છે તેના ઉપર ભગવાનનો કોપ થાય છે.

**ભજન સ્મરણ ધ્યાન હિ તિનમેં, કથા કીર્તન હરિ બાત ઈનમેં;**
**અનાદર જિતના રખત રહાતે, અંતરજામિ ભગવાન કહાતે.**
**તિતના અનાદર રખત તિનકે, દોષ જેતા દેખિકે ઈનકે;**
**ચેતાઈ પેલે દેત હરિ સબહૂ, હરિ કે દોષ ન આવે કબહૂ.**

જે ભગવાનનું ભજન, સ્મરણ, ધ્યાન, કથા, કીર્તન અને વાતો વગેરેમાં જેટલો અનાદર રાખતા હતા, તેનો તેટલો અનાદર અંતર્યામી કહેવાતા શ્રીહરિ રાખતા હતા. જેનામાં જેટલો દોષ હોય તેને દેખીને શ્રીહરિ પહેલા સહુને ચેતવી દેતા હતા. જેથી તેમાં

ક્યારેય શ્રીહરિનો દોષ આવતો નહિ. સંતો, વર્ણી અને હરિભક્તોએ કરવાની જેટલી વાત છે તેને શ્રીહરિ ત્રીશ વરસ સુધી વારંવાર સાક્ષાત્ કહેતા રહ્યા હતા. શું કરવું ? અને શું ન કરવું ? આવી બાબતોને જોઈ જોઈને શ્રીહરિએ ઘણી કૃપા કરીને અદ્‌ભુત ગ્રંથો રચાવ્યા.

અજ્ઞાનરૂપી અંધારું અનાદિ યુગથી ચાલ્યું આવે છે. તે અંધારાને ટાળવાને માટે શ્રીહરિએ ગ્રંથો કરાવ્યા છે. રાત-દિવસ વાંચતા કે સાંભળતા જે કોઈ જેટલો પ્રમાદ રાખે તેને તે પ્રમાદનો ત્યાગ કર્યા વિના ચેન પડતું નથી. જેમાં રેતી અને ઝેર ભળ્યું હોય તેવા અમૃતનો યથાર્થ સ્વાદ આવતો નથી. શ્રીહરિની જેટલી વાત કહેવાય છે તે બધી અમૃતના સમાન હોય છે. અને જેટલી જગત સંબંધી વાત છે તે બધી રેતી અને ઝેરના જેવી કહેવાય છે. જેને જેટલો ખપ હોય તે તેટલી શ્રીહરિની વાતનો સ્વીકાર કરતા રહે છે.

**મર્યાદામાં રહે તો મોક્ષ થાય :**

**ભય તામેં ન રહત પ્રમાદા, ડર તિતના રહત મરજાદા;**
**મરજાદ બિન હર કોઈ બાતા, ઉલટે તેહિ હોવત દુઃખ દાતા.**
**મરજાદ જો રખત રહે જેસા, મોક્ષ તાકે હોવત હિ તેસા;**
**મરજાદ રખત જિતના જાઈ, સંત હરિજન હિ તિતના તાઈ.**

જ્યાં ભય હોય છે ત્યાં પ્રમાદ રહેતો નથી અને જેટલો ભય રહે છે તેટલી મર્યાદા પણ સચવાય છે. મર્યાદા વિનાની દરેક બાબત ઊલટાની દુઃખદાયી બને છે. જે જેવી મર્યાદા રાખે છે તેનો તેવો મોક્ષ થાય છે. જે જેટલી મર્યાદા રાખે છે તેટલા તે વાસ્તવમાં સંત અને હરિભક્ત કહેવાય છે. જે સંતો અને હરિભક્તો પરસ્પર જેટલી મર્યાદા નથી રાખતા તેટલા તે સંત અને હરિભક્ત કહેવાતા નથી. આવી વાતો શ્રીહરિ સભામાં કરતા હતા. જેઓ જેટલી મર્યાદા રાખે છે તેમાં એટલા ભગવાન સાક્ષાત્ નિવાસ કરીને રહે છે અને તે મર્યાદાથી દેખાઈ આવે છે. જ્યાં સુધી એકબીજાનું દિનપ્રતિદિન હિત ઇચ્છતા રહે છે ત્યાં સુધી સત્સંગ રહે છે, પણ હેતનો નાશ થાય તો સત્સંગ રહેતો નથી. જેમાં હેત વિનાનો જેટલો સત્સંગ દેખાય છે તે બધો નામમાત્રનો સત્સંગ છે. પાણી વગરની ગંગાની જેવો હેત વિનાનો સત્સંગ છે.

**સુહૃદરૂપ ભગવાન હિ, જિતના જામેં રહેઉ; હૃદય નેન બેન મેં તેહિ, પ્રગટ દેખાવત તેઉ.**
**સુહૃદ બિન ચાય તિતના, ગુન રહાયે અપાર; જીય ગયે પિછે તન યહ, સોહત જેહિ પ્રકાર.**

સાચા સુહૃદરૂપ ભગવાન જેમાં જેટલા રહે છે, તે હૃદયમાં, નેણમાં અને વેણમાં પ્રગટ દેખાઈ આવે છે. સુહૃદભાવ સિવાયના બીજા અપાર ગુણો હોય, તોપણ તે બધા જીવ નીકળી ગયા પછીના શરીર(મડદાં) જેવાં શોભે છે. પ્રગટ ભગવાન જ્યારે પોતાના શરીરનો ત્યાગ કરવા ઇચ્છે છે ત્યારે સુહૃદપણું તે પહેલા જતું રહે છે. અને પછી પાછળ તો ત્યાં કુસંપ બચે છે. અલૌકિક સુહૃદભાવ ભગવાન સિવાય ક્યારેય ટકતો નથી. પછી તો એકેએકના સ્વાર્થને લઈને કુસંપ થાય છે.

**સંપ ત્યાં જંપ :**

શ્રીહરિ સભામાં એવી વાત કરતા હતા કે સંપરૂપી જે દૈવત છે તે ભગવાનનો ગુણ છે અને કુસંપરૂપી જે ગુણ છે તે કળિયુગનો છે. જ્યાં જેટલો સંપ રહે છે ત્યાં બધી રિદ્ધિ અને સિદ્ધિ નિવાસ કરીને રહે છે. સંપથી તે રિદ્ધિ અને સિદ્ધિ ક્યારેય દૂર થતી નથી. સંપ જતાની સાથે જ ત્યાં કુટુંબે સહિત કુસંપ આવીને રહે છે અને પછી પરસ્પર વિરોધ કરાવે છે. જ્યાં મર્યાદા, સુહૃદભાવ અને સંપ રહે છે ત્યાં ભગવાન વસીને રહે છે. અને જ્યાં કુસંપ રહે છે ત્યાં મર્યાદા અને સુહૃદભાવ રહેતા નથી. મર્યાદા, સુહૃદભાવ, સંપ અને દયા, આટલી વસ્તુ જ્યાં નથી રહેતી ત્યાં ચોક્કસપણે ભગવાન ક્યારેય રહેતા નથી અને પછી ધર્મ ઇત્યાદિક સદ્‌ગુણો તો કહેવા પૂરતા જ રહે છે. મર્યાદા, સુહૃદભાવ, સંપ અને દયા, આટલા સદ્‌ગુણ જેમાં રહેતા હોય છે ત્યાં ધર્મ ઇત્યાદિક જે બીજા સદ્‌ગુણો કહેવાય છે તે પણ આવીને રહે છે.

મર્યાદા, સુહૃદભાવ, સંપ અને દયા આદિક સદ્‌ગુણો જ્યાં રહે છે ત્યાં મોક્ષ પણ નિવાસ કરીને રહે છે. તે સદ્‌ગુણો વિના મોક્ષની આશા રાખવી નહિ. આવા સદ્‌ગુણો સિવાયની ચાહે તેટલી મુખથી વાતો બનાવીને કહેવામાં આવે તેનાથી તેઓ ગુરુ થઈને પૂજાય છે. તે વાતોનું એટલું ફળ છે કે, ગાદીતકિયા, વાહન, સન્માન, એ બધું તે પૂજ્ય બનેલા ગુરુઓને મળી રહે છે. જેઓ પૂજ્ય થઈને ગુરુ બન્યા હોય છે તેમને વસ્ત્ર, ઘરેણાં અને ધન અપાર મળે છે તેમજ જમીન અને ગામનો કોઈ પાર રહેતો નથી. વળી તેને ખાન, પાન ઇત્યાદિક નિત્ય નવીન મળતા રહે છે. પરંતુ મર્યાદા, સુહૃદભાવ અને સંપ વિના તેની કાંઈ મોટપ દેખાતી નથી. જેનામાં મર્યાદા, સુહૃદભાવ અને સંપ હોય છે, તેની મોટાઈ તો ઘણી ભારે કહેવાય છે. મર્યાદા, સુહૃદભાવ અને સંપ જ્યાં રહે છે, ત્યાં તેની મોટાઈ

દિનપ્રતિદિન શુક્લપક્ષના ચંદ્રમાની જેમ વધતી રહે છે. જ્યાં ઉપર કહેલા ત્રણ ગુણ નથી રહેતા ત્યાં તેની બધી મોટાઈ કૃષ્ણપક્ષના ચંદ્રમાની જેમ ઘટતી જાય છે. વર્તને કરીને તે દેખાઈ આવે છે. અંતર્યામી અને વર્તન તે બંને એક છે. તે જેને પરમવિવેક હોય તે જાણે છે. મનુષ્યનો જેવો ચહેરો અને રૂપ હોય છે તેને દર્પણ નિશ્ચિત બતાવી દે છે. તેમાં કોઈ જાતનો ફરક રહેતો નથી. શાસ્ત્રોની પણ તેવી જ રીત હોય છે. જે સારા સજ્જન કવિઓ હોય છે તે ગ્રંથમાં જેટલાં વચન લખે છે તે સૂર્ય અને દર્પણના સમાન હોય છે. તેને જે જૂએ છે તે તેનું પ્રમાણ કરે છે.

જે જન્માંધ હોય છે તે વગર દેખે શું કહી શકશે ? જેટલું સાંભળવામાં અને દેખવામાં આવે છે તે બેમાં પણ કેટલીક જાતનો ફરક રહે છે. જેની જેવી બુદ્ધિ હોય છે તે તેની ક્રિયા ઉપરથી દેખાઈ આવે છે. તેમાં લેશમાત્ર પણ ફરક રહેતો નથી. કારણ કે માણસની ક્રિયા છે તે તેની કસોટી કહેવાય છે. લાકડાં વગેરેના ગોળાકારમાં જે કાંઈ ફરક હોય છે તેને સંઘેડાનું કામ કહી બતાવે છે. અને સીધામાં અને વાંકામાં જે ફરક છે તેને દોરી મૂકવામાં આવે તો તે દેખાઈ આવે છે. માટીનાં જેટલાં વાસણ છે તે ચાકડા સિવાય બની શકતા નથી. અને તે માટીનાં કાચાં વાસણ પણ અગ્નિમાં પકાવ્યા સિવાય ક્યારેય પાકા બનતા નથી.

અગ્નિના યોગે કરીને ધાતુઓના પણ જુદા જુદા ઘાટ બને છે. કાંટો અને ત્રાજવાં સિવાય કોઈ વસ્તુનો માપ તોલ થઈ શકતો નથી. જે કોઈ પણ વસ્તુ જેવી હોય તેની તેવી વ્યવસ્થા બાંધેલી હોય છે અને તે સારી વ્યવસ્થાને લીધે કોઈ જાતનો કોઈને કલેશ રહેતો નથી.

**સમજણરૂપી નેત્ર શ્રેષ્ઠ છે :**

મોટા પુરુષોની જેટલી વાત રહી હોય છે તે બધી કલેશને મટાડવા માટેની હોય છે. જેને સમજણરૂપી નેત્ર હોય છે તેને તે યથાર્થરૂપ માં દેખાઈ આવે છે. જેને સમજણરૂપી નેત્ર અને સમજણરૂપી કાન ન હોય તો શરીર ઉપરના નેત્ર અને કાનથી શું થાય ? સમજણ વગરનાને આંધળો અને બહેરો કહ્યો છે. તેવા આંધળા-બહેરાને માટે કોઈ વાત નથી હોતી. સમજુ મનુષ્યને માટે બધી વાત હોય છે. માણસને મોક્ષ સિવાયની બીજી બાબતમાં જ્યાં સુધી અપાર તાન રહેતું હોય છે ત્યાં સુધી તેની ચાહે તેવી સમજણ હોય, તોપણ તે સમજણ માયિક કહેવાય છે. મોક્ષ બાબતની સમજણ સિવાયની જેટલી સમજણ છે તે બધી માયિક સમજણ કહેવાય છે. માયામાંથી ઉત્પન્ન થયેલા જે કોઈ છે તે સર્વે ભગવાનને શરણે થયા વિના કદાચ આકાશમાં ગતિ કરે, તોપણ તે ક્યારેય મોટા થતા નથી. જેમાં જેટલો પ્રતાપ દેખાય છે તે બધો શ્રીહરિનો છે.

શ્રીહરિ સિવાય બીજાનો જે પ્રતાપ માને છે તેને કાંઈ બુદ્ધિ નથી. શ્રીહરિનો પ્રતાપ અપાર છે. તે પ્રતાપને છોડીને જે લોકો બીજામાં સાર માને છે તેની બુદ્ધિ કાંઈ ઉપયોગમાં આવી ન કહેવાય. આ બ્રહ્માંડ ભરાય તેટલા ગ્રંથો હોય, પરંતુ તે સર્વે ગ્રંથોનું ફળ એટલું જ છે કે, 'ભગવાનને સમાન બીજું કોઈ ન રહે.' ભગવાનના સમાન બીજું કોઈ થતું નથી કે જે આવું બ્રહ્માંડ રચી શકે. ભગવાન તો ભગવાન જ રહે છે અને ભગવાન સિવાયના બીજા બધા તો જીવ કહેવાય છે.

પોતે જીવ થઈને પોતાનામાં ભગવાનપણાનો ભ્રમ લોકોને પેદા કરે છે. અને જે લોકો ગ્રંથમાંથી ભગવાનનાં ચરિત્રને સાંભળીને પોતે પણ તેવું આચરણ કરવા લાગે છે તે બધા ભગવાનના દ્રોહી કહેવાય છે. તેના જેવો બીજો કોઈ દ્રોહી કહેવાતો નથી. અનંત દ્રોહ કરતાં પણ એવા લોકો વધારે દ્રોહી છે. તેનો દૂરથી ત્યાગ કરવો જોઈએ. કૂતરાં, ભૂંડ અને ગધેડાં સિવાય બીજા કોઈ વિષ્ઠાને ગ્રહણ કરતા નથી. જેનો કાગડાના જેવો સ્વભાવ હોય તે જ ભગવાનના દ્રોહીને માને છે.

શ્રીકૃષ્ણાવતારના સમયે પૌંડ્રક નામનો એક રાજા મિથ્યા વાસુદેવ થયો હતો. તેની જેવી ગતિ થઈ હતી તેવી ગતિ ભગવાનના દ્રોહીની થાય છે. ભગવાનનો દ્રોહી જે મનુષ્ય છે તે પૂરેપૂરી નીચમાં નીચ અને ભૂંડામાં ભૂંડી ગતિને પામે છે. અને જેટલા મળના દ્વાર છે તેમાં તે મર્યા પછી નિવાસ કરીને રહે છે.

જેટલા મિથ્યા ભગવાન થાય છે તેની ગતિ તો ભગવાને સાક્ષાત્ દેખાડી છે. કેમ જે, જેટલા અજ્ઞાની લોકો છે તેને દેખાયા વિના કાંઈ ગમ પડતી નથી. જે મિથ્યા વાતને મમત્વથી માનતો રહે છે તો તેની ગતિ પણ મિથ્યા ભગવાનના જેવી થાય છે. શ્રીહરિએ સહુને કહ્યું, 'આ મારી વાત તો રામબાણના જેવી છે, માટે તમે સહુ સંતો અને હરિભક્તો તે વાતને માનજો. તે તમારું હિત કરનારી છે. એટલી વાતને જો ન સમજવામાં આવે તો જેટલા દૈત્યો કહેવાય છે તે બધા મોક્ષના માર્ગમાં આવીને વિઘ્ન કરે છે. મોક્ષના માર્ગમાં અપાર વિઘ્નો રહ્યા છે.

તે વિવિધ પ્રકારની વાત કરીને અમે પ્રગટ દેખાડી દઈએ છીએ. મારી વાત સાંભળીને મોક્ષના માર્ગમાં જેટલા વિઘ્ન રહ્યા છે તેને સમજી લેવામાં આવે તો તેને વિઘ્ન ક્યારેય નડતું નથી અને પછી તે મુમુક્ષુ સુખેથી મોક્ષને પામે છે.

## • ભગવાન શ્રીહરિએ દંભી, નિર્દંભી, કપટી અને નિષ્કપટી વગેરેના વર્તન સંબંધી વાતો કરી :

સંતો અને હરિભક્તો વડતાલમાં સાત દિવસ સુધી રહ્યા ત્યાં સુધી શ્રીહરિનાં સહુએ દર્શન કર્યાં. અને તેમની આગળ શ્રીહરિએ સારી વાતો કરી. પહેલા સંતો પાસે કીર્તન ગવડાવીને પછીથી શ્રીહરિ વાતો કરતા હતા. હરિભક્તો રોજ પૂજા કરતા. અને મૂર્તિ બહુ ભાતે સોહામણી લાગતી હતી. સહુ શ્રીહરિનાં દર્શન કરતા હતા, છતાં પણ દર્શન કરનારાના ઇન્દ્રિયો અને અંતઃકરણ ક્યારેય તૃપ્ત થતા નહિ. અને રોજ રોજ ભાવના અધિક અધિક વધતી હતી. જ્યારે શ્રીહરિ વાતો કરતા હતા ત્યારે સભામાં અપાર રસ જામતો હતો. બીજા જેટલા રસ છે, તે કોઈમાં આવો રસ કહી શકાય નહિ.

શ્રીહરિના સંબંધવાળી જેટલી જેટલી વાતો કહેવા, સાંભળવા અને દેખવામાં આવે છે તેમાં અધિક અધિક રસ ભરેલો હોય છે. તેમાં કોઈ પણ વાત નીરસ નથી હોતી. આવી શ્રીહરિની બધી જ વાત મોક્ષનું ધામ છે. તે વાતોમાં મોક્ષ નિવાસ કરીને રહ્યો છે. શ્રીહરિની બધી વાતો આવી હતી, પણ અભાગિયા લોકો તેને કાને ધારતા નહિ.

તે અભાગિયા લોકો તો ભગવાન સિવાયની બીજી વાતમાં કાન પરોવી દે છે. તેથી તેઓ જમપુરીનું, જન્મ-મરણનું અને લખચોરાશીનું દુઃખ વારંવાર પામે છે, અને તેના હૃદયમાં ક્યારેય શાંતિ રહેતી નથી. ભગવાન સિવાયની બધી વાત આવી રહી છે છતાં અભાગિયા લોકો તે સિવાયની વાતોને માનતા રહે છે. શ્રીહરિની વાતને જેવી જાણે તેવું તેને તત્કાળ જ ફળ મળે છે. શ્રીહરિની બધી વાત કલ્પવૃક્ષના સમાન છે. જે લોકો સાચા સંતોને ક્યારેય ભાવથી સેવતા નથી તેના અંતરમાં તે ભગવાનની વાત ક્યારેય ચોંટતી નથી.

સાચા સંતના ઉપર લગાર પણ ભાવ હોય તો તેનો પ્રતાપ અપાર રહ્યો છે. દારૂના ચાહે તેટલા પહાડના પહાડ જેવા ઢગલા હોય, પણ તેમાં તલના જેટલો અગ્નિનો જાણે અજાણે પણ યોગ થઈ જાય, તો તે બધા દારૂનો નાશ થયા સિવાય રહે નહિ. સંતોનો પ્રતાપ પણ તેવો પાપને નાશ કરનારો છે.

### શ્રીહરિ અને સંતોમાં જેવો ભાવ તેવો મોક્ષ થાય છે :

અનેક જન્મનાં મનુષ્યનાં અપાર પાપ રહ્યા છે. તેને જ્યારે સાચા સંતનો યોગ થાય છે ત્યારે તે સંતો બધા પાપનો નાશ કરી દે છે. ભગવાન, સંતો અને હરિભક્તોમાં જેટલો ભાવ રહે છે તેટલો તેનો મોક્ષ થાય છે. તે ભાવ બતાવી દે છે. ભાવમાં જે જેટલી કસર રાખે છે તેને તેટલી મોક્ષમાં કસર રહે છે. તે દેખાય આવે છે. જેને જેવો ભાવ હોય છે તેવો તેનો મોક્ષ થાય છે, તેમાં કોઈ ફરક નથી. તે જેવી વાત છે તેવી સત્ય કહીએ છીએ.માણસ જેટલો સત્સંગ કરતો રહે છે તેટલો તેને મોક્ષનો ખપ હોય છે. સમજણ અને ખપમાં ઘણો ફરક હોય છે, તે રુચિમાં અને ભાવમાં દેખાઈ આવે છે. ભક્તોમાં રુચિ અને ભાવના ભિન્ન ભિન્ન રહે છે, તેથી જેવા રુચિ અને ભાવના હોય છે તેવો ચોક્કસ મોક્ષ થાય છે. ભગવાન સિવાય બીજાં સુખને ન ચાહે, એવા તો હજારોમાં કોઈ એક જ નીકળે છે. તેમાં પણ અમને સંદેહ રહે છે.'

પ્યારા શ્રીહરિ આ રીતની વાતો રોજ કરતા હતા અને કહેતા કે, 'સત્સંગમાં જેટલા દંભી હોય છે, તેને અમે યથાર્થરૂપમાં ઓળખીએ છીએ. જે સાચા હરિભક્તો હોય છે તેના કરતાં પણ દંભી વધારે પડતો દંભ કરીને અધિક વર્તન દેખાડે છે. તેનાથી સાચા લોકો તેમાં છેતરાઈ જાય છે; એવી કળા દંભીઓમાં રહી હોય છે.

દંભ વગરના જે સાચા હરિભક્તો હોય છે તે જે કાંઈ પણ વાત કરે છે, ત્યારે તેમના મનમાં ભગવાનને રાજી કરવાનો ભાવ રહ્યો હોય છે. તેવા સાચા નિર્દંભી હરિભક્તોનો ભાવ અલૌકિક હોય છે. તે વગર શીખ્યે સહેજે જ આવેલો હોય છે. તે સાચા ભક્તો કોઈના કળ્યામાં ન આવે તેવું વર્તન સહેજે રાખતા હોય છે. લોકો પોતાને જે રીતે વધારે માને તે રીતે દંભી લોકો છાના છાના પ્રયત્ન કરતા હોય છે. નિર્દંભીના જ્ઞાન કરતાં દંભીનું જ્ઞાન વધારે ગુપ્ત હોય છે. પોતાની જે રીતે સરસાઈ વધે તે રીતનું વર્તન બધા દંભી રાખતા હોય છે. જે લોકો દંભીને માને છે, તેના વખાણ દંભી ખૂબ કરે છે.

જે લોકો દંભીનું ખંડન કરે છે તેની સાથે દંભી હસીને બોલતો પણ નથી. અને તે ખંડન કરનારાને દંભી માણસ કુસંગી માને છે. જે નિષ્કપટી લોકો હોય છે, તે કપટીના વચનને સાચા માને છે, પણ કપટીને ઓળખી શકતા નથી. જે કપટીને સહુથી સારો માને છે તેવા હરિભક્ત કપટીના જેવી ગતિને પામે છે. આપણા સત્સંગમાં કપટીને ઓળખવો તે ઘણું કઠણ છે. જેનામાં ઘણી બુદ્ધિ હોય તે વર્તન ઉપરથી કપટીને ઓળખી લે છે.

કોઈ એક બુદ્ધિશાળીની બુદ્ધિમાં કપટી માણસ પારખી લેવાયા પછી પણ જે તેની સાચી વાત હોય છે, તેને અન્ય બીજા કોઈનો

ટેકો નહિ મળવાથી તે સાચી વાત પણ અસત્ય તરીકે ઠરે છે. પાંચ-દસ જેટલા બુદ્ધિશાળી માણસોને જ્યારે દંભીનું કપટ જાણ્યામાં આવે છે ત્યારે તે પ્રામાણિક બુદ્ધિશાળી લોકો તે કપટીને યોગ્ય શિક્ષા કરે છે. શિક્ષા કરે છતાં તે જો જાહેર ન થાય તો સત્સંગની લાજ ક્યારેય ખોવાતી નથી અને આ સર્વોપરિ સત્સંગની લાજ અપાર ને અપાર રહે છે.

આજના સમયમાં સત્સંગના જેવી કોઈની લાજ-આબરૂ રહી નથી. જ્યારે ખૂબ જતન કરવામાં આવે છે ત્યારે સંપૂર્ણ લાજ-આબરૂ રહે છે. જેને સત્સંગનું જેટલું મમત્વ હોય છે તેટલો તે લાજને બચાવવા પ્રયત્ન કરતો રહે છે. પોતાની લાજ-આબરૂ માટે જેવું જતન કરતા હોય છે, તેવું જ જતન બીજાને માટે પણ જે કરતા હોય છે, તે તો ભગવાનના જેવો ગુણ કહેવાય. અને તે ગુણને લીધે જ તે મોટાઈને પામે છે. જેમાં જેવા ગુણ રહ્યા હોય તેમાં તેવી મોટાઈ આવે છે.

સત્સંગ અને ભગવાનની જેટલી વાત કહેવાય છે, તે બધી અલૌકિક વાત છે અને સાક્ષાત્ દંભ વગરની છે. સભામાં જે દંભી લોકો છે તે આંખો બંધ કરીને બેસે છે, ત્યારે કપટ વિનાના લોકો છે તે દંભીને પણ નિષ્કપટના રૂપમાં દેખે છે. નિષ્કપટ માણસ દંભીને દેખીને દંભી ઉપર જેટલો ભાવ લાવે છે તેટલો તેને સાચા નિર્દંભી માણસનો અભાવ થાય છે. જે સ્વયં સાચા માણસ હોય છે, તે સાચા ઉપર જ તાન રાખે છે. કોઈ તેને માને કે ન માને પણ તેનું તેને અભિમાન હોતું નથી.

જે પોતે સાચા હોય છે તેને બીજા સાચા ઉપર ઘણો વધારે ભાવ રહે છે અને દંભીને દેખીને તો તેઓ દૂરથી જ તેનો ત્યાગ કરે છે. દંભી અને સાચા માણસનું અંતર ક્યારેય મળતું નથી. આ સત્સંગ સૂર્ય કરતાએ અધિક તેજસ્વી રહ્યો છે. તે બંનેના અંતરને બતાવી આપે છે.

વળી, શ્રીહરિ ફરી વાત કહે છે કે, 'સાચા માણસ કરતાં પણ દંભીને આગ્રહ ઘણો હોય છે. દંભી વધારે પડતો આગ્રહ કરીને સહુથી અધિક પૂજાય છે પણ જ્યારે તે ધર્મ-નિયમમાંથી પડી જાય છે, ત્યારે તેના ઉપર કોઈ ભાવ રાખતા નથી. આપણા સત્સંગમાં કોઈ ચાહે તેવો દંભી હોય, તોપણ તે સત્સંગથી વિરુદ્ધ વાત ક્યારેય કરી શકતો નથી. કારણ કે, આપણા સત્સંગમાં અમે ત્યાગી અને ગૃહસ્થની જે પ્રથા બાંધી છે, તે મજબૂત અને અચળ સડકના જેવી છે.

બધા દેશોમાં આ સત્સંગરૂપી દેશ તે શ્રેષ્ઠ અને અજોડ છે. તે સત્સંગમાં ચાર વર્ણ અને ચાર આશ્રમના લોકો રહે છે, તે બધા મોક્ષભાગી કહેવાય છે. તેઓ પોતાનાં દિલમાં ભગવાનના સિવાય બીજું કાંઈ ચાહતા નથી. અને ભગવાન સિવાય જેટલી વાત હોય છે, તેને કાળનું ચવાણું દેખે છે. જેટલા બુદ્ધિમાન મનુષ્યો હોય છે તે આ રીતે ભગવાનને સારમાં સાર તત્ત્વ સમજે છે. અને જેટલી વસ્તુ નાશવંત છે તેને ભગવાનના જ્ઞાને કરીને મળના સમાન સમજી રાખે છે. ભગવાન સિવાયની અન્ય વસ્તુને મળના જેવી ન સમજે તો તે મનુષ્ય બાળબુદ્ધિમાં ખપે છે.

જેટલી નાશવંત વસ્તુઓ છે તેને જે સત્યરૂપમાં સમજી રાખે છે તે અજ્ઞાનીમાં પણ વધારે અજ્ઞાની છે. અને પશુ કરતાં પણ વધારે અજ્ઞાની પશુ જેવો કહેવાય છે. કોઈ બ્રહ્માના જેવો વિદ્વાન હોય અને તે જો ભગવાન સિવાયના બીજા પદાર્થને અધિક રાખે છે, તો તેટલું તેમાં અજ્ઞાન રહ્યું છે. તેવી આ સત્સંગની પ્રથા છે.

**પ્રથામાં રહે તે શ્રેષ્ઠ છે :**

આપણા સત્સંગની પ્રથાને અનુસારે જેટલા ચાલે છે તે બુદ્ધિશાળી છે. ત્યાગીની પ્રથા તો જે બાંધી છે તે નટના દોર ઉપર ચાલ્યા જેવી સાવધાનીપૂર્ણ છે. તેમાં કાન, આંખ, મન અને પગથી જેટલો ગાફલ વર્તે છે, જેટલો ડગી જાય છે તે તરત દેખાઈ આવે છે. કારણ કે, વર્તનનો દોર મેદાન વચ્ચે રહેલો હોય છે. નટનાં દોરડાં કરતાં પણ ત્યાગી જીવનની પ્રથા અતિશય સાવધાની ભરેલી છે. તેમાં કોઈ જેટલી ગફલત રાખે છે, તે તરત દેખાઈ આવે છે. જેટલા ત્યાગી પ્રથા કરતાં ઓછું કે વધારે વર્તે છે, તો તેને પ્રથા તલ તલ જેટલું પણ તરત બતાવી દે છે.

ત્યાગી અને ગૃહસ્થોની આ વર્તનની પ્રથા શુદ્ધ કાચના જેવી છે. જે ત્યાગી-ગૃહી અમારી બાંધેલી પ્રથાનો લોપ કરે છે, તો તેનો લોપ થઈ જાય છે. અમે જે વ્રતમાન નિયમની પ્રથા બાંધી છે તે સૂર્ય કરતાં પણ કરોડગણી વધારે પ્રતાપવાળી છે. જે બુદ્ધિમાન લોકો છે, તે બધા તેને પ્રમાણરૂપ માને છે.

વેદ, પુરાણ અને વ્યાસ આદિક જે મુનિઓ, તે બધા જે રીતે પ્રમાણભૂત માને તે રીતની અમે આ સત્સંગના વ્રતમાન નિયમની પ્રથા બાંધી છે. સત્સંગની પ્રથાના જેટલાં વચન છે, તેને અમે હજાર વખત તપાસી જોયા છે. આ પ્રથા અમે એવી પ્રવર્તાવી છે કે, તેને વેદ અને પુરાણો પણ વખાણે છે.

જે લોકો વેદ અને પુરાણોને મિથ્યા કહે છે તેને અપાર પાપ લાગે છે. તેઓ તે પાપથી ક્યારેય છૂટતા નથી. જે મનુષ્યો ભગવાનના અવતારોને અને ભગવાનની પ્રતિમાઓને કોઈ દિવસ માનતા નથી, તેઓ તો પાપીઓમાં પણ વધારે પાપી ગણાય છે. તેમને પશુ, પંખી અને જળચર પ્રાણીઓની હિંસામાં રુચિ હોય છે. અને માંસનો આહાર કરવામાં તે લોકો કાંઈ દોષ માનતા નથી. વર્ણ અને આશ્રમની દૃષ્ટિએ વટાળમાં તે મનુષ્ય ક્યારેય દોષ નથી જોતા. આવી વાતો તો અપાર રહી છે, જેનો કહ્યે છેડો આવતો નથી.

સારરૂપ વાતો કહેવામાં સારરૂપ ફળ રહ્યું છે. આ ભરતખંડમાં યવન સિવાયના જેટલા ઉત્તમ મનુષ્ય છે, તે મનમાં ભૂલથી પણ મનુષ્યની હિંસા ક્યારેય કરતા નથી.આવા મનુષ્યોને સર્વોત્તમ કહેવાય છે અને જે મનુષ્યને મારે છે તે તો ચંડાળ ગણાય છે. મનુષ્યની જે હિંસા કરે છે, તે નીચમાં પણ અતિ નીચ છે અને તેનાથી કોઈ વધારે નીચ નથી.

જેનાં દિલમાં દયા હોય છે, તે તો સર્વથી શ્રેષ્ઠ ગણાય છે. માણસના ઉપર જેટલી વધારે દયા હોય તેટલો તે ઉત્તમ કહેવાય છે. તેવા વર્તનના કારણે તે રાજાઓનો પણ રાજા થાય છે. મનુષ્યની રક્ષા છળ અને કપટનો ત્યાગ કરીને કરવી જોઈએ, તેના સમાન બીજી કોઈ વાત નથી. અને જે રક્ષા કરે છે, તેની આ લોકમાં ઘણી કીર્તિ થાય છે.'

શ્રીહરિએ ગોમતી કિનારે ઉપર કહેલી બધી વાત કહી હતી. પછી એક દિવસ શ્રીહરિ સંતોની જગ્યામાં આવીને બેઠા. ત્યાં સંતોની સભા વચ્ચે પાટ ઉપર શ્રીહરિ બેઠા હતા અને રાતે મશાલનું સુંદર અજવાળું રહ્યું હતું. જ્યારે સહુ આરતી અને ધૂન કરીને બેઠા ત્યારે એક પવિત્ર વૃદ્ધ સાધુ અત્યંત ઉત્સાહથી શ્રીહરિનાં દર્શન કરવા માટે પાસે આવ્યા. (શ્રીહરિએ એ ભોળાનંદ નામના વૃદ્ધ સાધુને નિર્વિકાર જોયા. તેના ઉપર ઘણું રાજી થયા અને તેને પોતે પહેરેલા બધા વસ્ત્ર પ્રસાદીના રૂપમાં આપ્યા.)

તે વૃદ્ધ સાધુ એંસી વરસના હતા, અને બે સંતોએ બંને બાજુથી તેમના બાહુ પકડ્યા હતા. કારણ કે, તેમને આંખોથી બરાબર દેખાતું નહિ અને શબ્દ પણ તેવા જ સંભળાતા હતા. તે શ્રીહરિની પાસે આવીને પગે લાગ્યા. તેમનું આનંદથી ભરેલું મુખ હસતું હતું. તેમને મોઢામાં એક પણ દાંત હતો નહિ પણ તેમને શ્રીહરિની ઉપર ઘણું હેત દેખાતું હતું.

તે સમયે ભક્તજનોની પીડાને હરનારા શ્રીહરિએ પોતાનાં શરીર ઉપરથી અંગરખું ઉતારીને તેમને પહેરાવી દીધું. અને પોતાની કસુંબલ પાઘ તેમના માથે મૂકી. તે વૃદ્ધ સંતનો અતિશય પ્રેમ જોઈને તેમને ફૂલના બધા હાર શ્રીહરિએ પહેરાવી દીધા. પછી તે સંત આસન ઉપર આવીને બેઠા.

પછી સભામાં જેટલા સંતો બેઠા હતા તે બધા ગરબીનાં પદો બોલતા હતા. શ્રીહરિ આ રીતે વડતાલમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ હરિભક્તો તેમને ઘણા ભક્તિભાવથી પોતાના ઉતારે પધરાવતા હતા. અને જેને જેવો ભાવ હોય તે પ્રમાણે તે પ્રેમથી પૂજા કરતા હતા. આ રીતે રોજ રોજ વધારે ને વધારે આનંદ અને ઉત્સવ થતો હતો.

વડતાલમાં મહારાજ સાત દિવસ રહ્યા. પછી શ્રીહરિ સહુ સંતોને બાથમાં લઈને ભેટ્યા અને વડતાલથી નીકળી ફરતાં ફરતાં સં. ૧૮૭૬ના માગશર સુદ ચોથને દિવસે ગઢપુર પધાર્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૫૬ થી ૬૧)

●●●

# વડતાલમાં શિખરબદ્ધનું ખાતમુહૂર્ત કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ સં. ૧૮૭૮ (ઈ.સ. ૧૮૨૨)

સં. ૧૮૭૮માં ફૂલદોલનો ઉત્સવ કરી ભગવાન શ્રીહરિ ગઢપુરથી કારિયાણી, સુંદરિયાણા, વેજળકા, ધોળકા, જેતલપુર, મહેમદાવાદ થઈ વડતાલ પધાર્યા.


**આવ્યો સમૈયો નવમીનો, આવ્યા એ સમે સંઘ અપાર; આનંદથી ઉત્સવ કર્યો, વરત્યો તે જયજયકાર.**

(શ્રીહરિલીલામૃત : ૮/૫/૧)

અહીં રામનવમી તથા હરિજયંતીના સમૈયા પ્રસંગે હજારો હરિભક્તો આવ્યા હતા. આ બંને ચૈત્રી સમૈયા ભગવાન શ્રીહરિએ ધામધૂમથી ઉજવ્યાં. પછી ધારુ તળાવે સ્નાન કરવા માટે સવારી સજી શ્રીહરિ પધાર્યા. સ્નાન કરી બહુ દાન દીધાં. જ્ઞાનવૈરાગ્ય સંબંધી બહુ વાતો કરી.

## • વડતાલમાં ભગવાન શ્રીહરિએ વાંદરાને સમાધિ કરાવી :

તે સમયે એક વાંદરો ઠેકતો ઠેકતો આંબાના ઝાડ ઉપર આવીને બેઠો. તે જોઈ કાઠી બોલવા લાગ્યા : "ભણે, આ વાંદરો રામાવતાર વખતનો લાગે છે !" એમ કાઠીઓ અંદર અંદર ટીખળ કરવા લાગ્યા. રામાવતારમાં વાંદરા રાવણના સૈન્ય સાથે લડ્યા - એ બધી વાતું તેમને શાસ્ત્રોના ખોટા ગપ્પા જેવી લાગી. તેમને ટીખળ કરતા જોઈ શ્રીહરિએ પૂછ્યું : "શું વાત કરો છો ?"



ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! આ વાંદરા તે રાવણ સામે શી રીતે લડ્યા હશે ?"

શ્રીહરિએ તેમને કહ્યું : "સાંભળો ! શાસ્ત્રના વચનો તે ગપ્પા નથી. આપણી બુદ્ધિને તે સમજાતું નથી તેથી આપણે તેને ગપ્પા માનીએ છીએ." એમ કહી મહારાજે વાંદરા તરફ જોઈ હાથથી ઈશારો કર્યો એટલે તે તરત જ કૂદીને સભામાં આવ્યો. મહારાજે તેના હાથમાં પોતાની માળા આપી. વાંદરો તે માળા ફેરવવા લાગ્યો અને સાથે સાથે રામાયણની ચોપાઈઓ પણ બોલવા લાગ્યો. આ જોઈ સૌને આશ્ચર્ય થયું !

એટલામાં કોઈ બોલ્યું : "મહારાજ ! આટલા નાના વાંદરે આખો ડુંગર શી રીતે ઉપાડ્યો હશે ?"

તે સાંભળી ભગવાન શ્રીહરિ હસ્યા. પછી કહ્યું : "જીવનો સ્વભાવ જ એવો છે કે નિત્ય નવું જોવાનો સંકલ્પ કર્યા જ કરે. આ વાંદરો ચોપાઈ બોલ્યો, તેણે માળા ફેરવી છતાં તમને હજુ શંકા થઈ ?" પછી મહારાજે તેની સામે દૃષ્ટિ કરી એટલે તે અદ્ધર આકાશમાં ઊડ્યો. તેનું સ્વરૂપ મોટું થતું ગયું. સૌએ જોયું કે તેના હાથમાં મોટો ડુંગરો છે. કાઠીઓએ શ્રીહરિનો પ્રતાપ જોયો. તેમને લાગ્યું કે મહારાજના સંકલ્પમાં સમગ્ર અવતારો અને તેના પાત્રોને પ્રગટ કરવાની શક્તિ છે. પરંતુ તેની પ્રતીતિ તેમના સ્વરૂપના યથાર્થ જ્ઞાન વિના થતી નથી. માયાના પડળ દૂર થયા સિવાય સમજાતું નથી.

## • તમે ત્યાગના ધર્મનો મર્મ વિચાર્યો નથી :

ચાલુ સભામાં જ ભગવાન શ્રીહરિએ સભાને સંબોધતા કહ્યું : "આ સભા ભરાઈને બેઠી છે તેમાં કોઈ સ્ત્રી અથવા પશુ કે કોઈ નાગા કે ગાંડા જેવા માણસ આવે, તો તેની સામું ન જોવું પણ નીચું જોઈ રહેવું." એમ વાત કરે છે ત્યાં તો એવામાં દશબાર નાગડા બાવા આવ્યા. મહારાજને પ્રણામ કર્યા. શ્રીહરિએ તેને બેસાર્યા. એક બાવો કહે : "અમને પાકા સીધા અપાવો. આપનું નામ

સાંભળી અમે આવ્યા છીએ.''

ભગવાન શ્રીહરિ તેની વાત સાંભળી કહે : ''તમે સૌએ સંસારનો ત્યાગ કર્યો છે, પણ ત્યાગના ધર્મનો મર્મ વિચાર્યો નથી. જે ત્યાગી હોય તે અષ્ટ પ્રકારે સ્ત્રીનો સંબંધ ન રાખે, ધનનો સ્પર્શ ન કરે, રસકસવાળા પદાર્થો જમે નહીં; એવા જે હોય તે સાચા ત્યાગી કહેવાય. ઉઘાડા ફર્યે ત્યાગી થવાતું હોય તો કૂતરાં અને ગધેડાં પણ ઉઘાડાં ફરે છે. તે જેમ ભસે છે ને ભૂંકે છે તેમ તમે પણ ભાંગ અને ગાંજો ચડાવી ગમે તેમ બોલો છે, તેના ફેફમાં સ્ત્રીઓ સાથે તમે મસ્ત બનીને રમો છો, તેમની પાસે પગચંપી કરાવો છો. આવો તમારો ત્યાગ એ શોભારૂપ નથી પરંતુ દૂષણરૂપ છે. માટે શાસ્ત્રો સાંભળો અને વિચારો.''

આ પ્રકારે શ્રીહરિએ વાત કરી તેવામાં એક ઘટના ઘટી. ભાદરા ગામના રત્ના ભગત સભામાં બેઠા હતા. તેને સમાધિ થઈ. બાવાએ તેની નાડી તપાસી તો બંધ દેખાઈ. આ પ્રકારનું અચરજ જોઈ બાવાઓ શ્રીહરિના ગુણ ગાવા લાગ્યા ને બે હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! કંઈક આજ્ઞા કરો.''

ભગવાન શ્રીહરિ કહે : ''તમે ત્યાગીના જેવા વસ્ત્રો ધરો. સંતની રીતે રહો. તેમાં તમારું કલ્યાણ થશે.''

ભગવાન શ્રીહરિની વાત સાંભળી જે દૈવી જીવ હતા તેઓએ વસ્ત્ર ધારણ કર્યા ને સંતોના મંડળમાં રહ્યા. બીજા પાકા સીધા લઈ સિધાવ્યા. આસુરી હતા તેઓ ક્રોધ કરી સીધા લીધા વિના ગયા.

સભામાં જે ખરા ભક્તો હતા તેમણે તો ભગવાન શ્રીહરિની મૂર્તિમાં જ મન રાખ્યું. બાવા સામે જોયું નહિ, પરંતુ જે કાચા ભક્તો હતા તેમણે બાવા સામે જોયું તેથી શ્રીહરિ કહે :

**રહે ન દૃષ્ટી નિયમે જ જેની, અજ્ઞાનતા જાણવિ એ જ તેની; પ્રભુનિ મૂર્તિ તજી દૃષ્ટિ જાય, તે શુદ્ધ સત્સંગિ નહીં ગણાય.**
**કથા સુણે કે ધર્યું હોય ધ્યાન, બેઠો દિસે તે બકની સમાન; જો શ્વાન કે નારી તહાં જણાય, તો દૃષ્ટિ ખેંચાઈ તહાં જ જાય.**
**એકાગ્ર ચિત્તે જ થવું કથામાં, દૃષ્ટિ જવા દેવિ નહીં વૃથામાં; ન વાત બીજી કરવી જ કાંઈ, જો માલ જાણો હરિભક્તિ માંઈ..**
**એકાગ્ર થૈ તીરઘડાની રીતે, ભક્તિ વિષે લીન થવું જ પ્રીતે; રાજા તણી ફોજ તહાંથિ જાય, વાજંત્રના નાદ નહીં સુણાય.**
**એવી જ રીતે શ્રવણાદિ ભક્તિ, ભક્તો કરે ઉત્તમ જાણી જુક્તિ; ત્યારે જ તે ભક્તિ ખરી ગણાય, પ્રભૂજિ તેને જ પ્રસન્ન થાય.**
**દેવી તણાં દર્શન કાજ જાય, જોડા મુકે ત્યાં મન તો રખાય; બોલે દિશા બે ભણિ તર્તખેવ, ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ.**
**કરે નહીં દર્શન એક ચિત્તે, ખેંચાય બીજે મન એવિ રીતે; કીધું ભલે દર્શન તે ન કીધું, ન દેવતાયે પણ માનિ લીધું.**
**પૂજા કરે ને મુખથી ન બોલે, તથાપિ તેનું મન ક્યાંઈ ડોલે; મૂંગાનિ પેઠે સમશાર કરે છે, તેવા ઘણા ઢોંગ જનો ધરે છે.**
**ન્યાયાધીશ દ્વિજાતિ એક પ્રતિમા પૂજા ભલી રાખતો, તે પૂજા સમયે મુનિવ્રત ધરે જીભે નહીં ભાખતો;**
**પૂછ્યું કારકુને જ ખુનિ જનને શીક્ષા શિ કીજે જઈ, મૂર્તીને નિજની જનોઈ વતિ ત્યાં દેખાડી ફાંસી દઈ.**

(શ્રીહરિલીલામૃત : ૮/૫/૩૧ થી ૩૯)

''જેની દૃષ્ટિ સ્થિર ન હોય તે અજ્ઞાની છે. પ્રભુની મૂર્તિને છોડી દૃષ્ટિ બીજે જાય તે શુદ્ધ સત્સંગી ન કહેવાય. વસ્તુ પદાર્થમાં દૃષ્ટિ ખેંચાય તો તે અપક્વ ભક્ત છે. તીર બનાવનારની પેટે એકાગ્ર બનવું. રાજાની ફોજ નીકળી છતાં તીર બનાવનારને તેનું ભાન ન રહ્યું. એવી વૃત્તિ કેળવવી. એવા ભક્ત પર ભગવાન પ્રસન્ન થાય છે.

દેવ દર્શને જાય ને બહાર પગરખા ઉતાર્યા હોય તેમાં મન રાખે ને '**ત્વમેવ માતા ચ પિતા**' બોલે. એવું દર્શન ન કર્યા સમાન છે. પૂજા કરે ને કઈ મુખથી બોલે નહિ પરંતુ સાન કર્યા કરે તે ઢોંગ કરે છે.

એક ન્યાયાધીશ પૂજામાં પ્રતિમા રાખતો. પૂજા સમયે મૌન વ્રત રાખતો. કારકુને આવીને પૂછ્યું કે ખૂનીને શું શિક્ષા કરવાની? ત્યારે મૌનવ્રત હોવાથી મૂર્તિને પોતાની જનોઈનો ગળે ફાંસો આપી ફાંસી આપવાની શિક્ષા કરવા કહ્યું.

આમ, ભગવાન શ્રીહરિએ કેટલીક વાત કરી. પછી મહારાજે સભાજનોને કહ્યું : ''અમે તો તમને કહ્યું હતું કે કોઈ આવે તેની સામું જોશો નહિ તોપણ તમે એ નાગા આવ્યા હતા, તેની સામું જોયું, તે એમાં શું જોવાનું હતું ?' એમ મહારાજ કેટલોક ઠપકો દીધો. પછી સભા પૂર્ણ કરી પોતાને ઉતારે પધાર્યા.

## • વડતાલના ભક્તોએ વડતાલમાં મહામંદિર કરવા ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી :

સમૈયો પૂર્ણ થયો. ભક્તજનો પોતાના ઘેર ગયા. વડતાલવાસી જોબનપગી, કુબેરભાઈ, રણછોડભાઈ વગેરે ભક્તોએ ભગવાન શ્રીહરિ પાસે આવ્યા અને વડતાલમાં મોટું મંદિર કરવાનો કોલ મહારાજે અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા★ પ્રસંગે આપેલો એ કોલ યાદ કરાવતાં કહ્યું :

**હે પ્રભુ આપે કહ્યું હતું, વડું મંદિર થશે વરતાલ; આવશું ચૈતર માસમાં, કરાવશું આદર તે કાળ.**
**કરો આદર કરુણાનિધી, પાળો વચન વિશ્વાધાર; શ્યામે તે વિનતી સાંભળી, કર્યો મંદિર કરવા વિચાર.**

(શ્રીહરિલીલામૃત : ૮/૬/૨-૩)

"મહારાજ ! વડતાલમાં આપે મંદિર કરવા કહ્યું તે વચન સફળ કરો. ભક્તોની વિનંતીથી શ્રીહરિએ મંદિર કરવા વિચાર કર્યો. મહારાજને મંદિરની જગ્યાનો ખ્યાલ હતો જ. જ્ઞાનકૂપથી પૂર્વની ઓરડીમાં જ્યાં પ્રથમ શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિઓ પધરાવી હતી ત્યાં જ મંદિરનું ખાતમુહૂર્ત કરવાનું મહારાજે નક્કી કર્યું.

ભગવાન શ્રીહરિને અતિપ્રસન્ન થયેલા જોઈને જોબનપગી અને બાપુભાઈએ હાથ જોડી ભગવાન શ્રીહરિને કહ્યું : "મહારાજ ! એક વાત આપને પહેલાં કહેવાની હતી પણ તે રહી ગઈ છે, આપ રજા આપો તો કહીએ."

"કહો, ખુશીથી કહો." એમ કહેતાં શ્રીહરિએ મંદ હાસ્ય કરતાં કહ્યું : "મંદિર કરાવવા માટે તમે ઈંટો પડાવી છે એ વાત કહેવી છે ને ?!"

"આપ તો સર્વના અંતર્યામી છો, અંતર્નિયામક છો. આપે અંતરમાં રહીને પ્રેરણા કરી એટલે અમે ઈંટો પડાવી છે. છ મહિના ઉપર પડાવી છે. પણ એ વાત આપને કહેવાની રહી ગઈ હતી. અમારે એ ભૂલ માફ કરો. આજે મંદિર કરાવવા માટે રાજી થઈ આપે હા પાડી છે એટલે એ વાત આપને વિદિત કરી." બંને ભક્તો હાથ જોડીને વંદન કરતા કહ્યું.

મહારાજ કહે : "તમારી આ ભક્તિથી અમે ઘણાં જ પ્રસન્ન છીએ. તમારી સેવા ભાવનાથી પ્રેરાઈને જ અહીં અમારું પ્રિય મોટું મંદિર કરાવવાનું અમે નક્કી કર્યું છે."

ભગવાન શ્રીહરિએ વડતાલમાં બદરીવૃક્ષને સ્થળે મંદિર થશે એવો નિર્દેશ પોતે જ્યારે નીલકંઠ વર્ણીવેશે સં. ૧૮૫૬ના ફાગણ સુદ ૧૨ના રોજ વડતાલમાં સૌપ્રથમવાર પધાર્યા હતા ત્યારે જ જોબનપગીને કર્યો હતો. એ પછી સં. ૧૮૭૫માં વડતાલના પ્રેમી હરિભક્તોના લાલનપાલન માટે જ્યારે બદરીવૃક્ષની બાજુમાં એક ઓરડી કરીને તેમાં નરનારાયણ દેવની સ્થાપના કરી હતી ત્યારે પણ આ સ્થળે મોટું મંદિર થશે એવી વાત કહી હતી.

છતા માનુષિક લીલા કરતા ભગવાન શ્રીહરિએ મોટા સંતો અને અગ્રગણ્ય હરિભક્તોને બોલાવીને મંદિર ક્યાં કરવું, ખાતમુહૂર્ત ક્યાં સ્થળે કરવું એ અંગે અભિપ્રાય પૂછ્યો. જે ઓરડીમાં નરનારાયણદેવની મૂર્તિ પધરાવી હતી એ જ સ્થળે મંદિર કરવું અને ત્યાં જ ખાતપૂજન કરવું એવું સભામાં નક્કી થયું.

મંદિર નિર્માણના નિષ્ણાંત ગણાતા શિલ્પીઓ અમદાવાદથી કુબેરજી તથા હીરાજીને, વડોદરાથી પુરુષોત્તમ, દામોદર અને ભગુજીને અને નડીયાદથી કેવળદાસને બોલાવવામાં આવ્યા. શિલ્પીઓએ નડિયાદમાં આવેલા નારાયણદેવના મંદિરની આકૃતિને નમૂના તરીકે સ્વીકારીને મંદિર કરવાની સલાહ આપી. તેથી મનુષ્યનાટક કરી રહેલા ભગવાન શ્રીહરિ તરત જ શિલ્પીઓને સાથે લઈને નારાયણ દેવ મંદિર જોવા નડિયાદ પધાર્યા, પણ મહારાજનું મન ન માન્યું. ભગવાન શ્રીહરિએ પુરુષોત્તમ સલાટને કહ્યું કે "આપણે તો ઉત્તમ અને મોટું મંદિર કરવું છે."

પછી ભગવાન શ્રીહરિએ તરત જ કેરીઆવીના ગોવિંદરામ જોષીને બોલાવ્યા અને મંદિર નિર્માણ માટે શિલારોપણ વિધિ સારું શુભમુહૂર્ત જોવડાવ્યું. ગોવિંદરામ જોષીએ 'ચૈત્ર સુદ - ૧૩'નું મુહૂર્ત આપ્યું. ઉમરેઠથી વિદ્વાન વેદપુરુષો ઘેલાભાઈ અને હરિભાઈને તરત તેડાવ્યા.

ચૈત્ર માસની અજવાળી તેરસને શુભ દિવસે સવારમાં જેના હાથે વિશ્વનો પાયો નંખાયો છે, નંખાય છે એ વિશ્વેશ્વર ભગવાન શ્રીહરિએ વડતાલમાં મોટું મંદિર કરવા માટે વેદોક્તવિધિ પ્રમાણે શિલારોપણની પાંચ ઈંટો મૂકીને પાયો નાંખ્યો. એ મહામંગળ પ્રસંગે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ભાઈ રામદાસજી સ્વામી, શુકાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, અક્ષરાનંદ વર્ણી વગેરે સદ્‌ગુરુ સંતો, વડતાલ ગામના બાપુભાઈ, રણછોડભાઈ, જોબનપગી, વાસણ સુથાર, નારાયણગિરિ ગોંસાઈ, વનમાળી ગોર, ડાહ્યાભાઈ મહેતા વગેરે અગ્રગણ્ય હરિભક્તો, બોચાસણના કાશીદાસ, ઉમરેઠના રૂપરામ ઠાકર, નરભેરામ અને દયારામ શુક્લ વગેરે, નડિયાદના ગંગારામ, મોહનરામ વગેરે, ડભાણના રૂગનાથદાસ, કાશીદાસ વગેરે, વસોના તુળશીભાઈ અમીન, દાદા દવે, વાલા ધ્રુવ વગેરે, સોજીત્રાના ગોકળભાઈ, પેટલાદના વ્રજલાલ, સીંજીવાડાના જગરૂપ બારોટ, બામરોલીના તખા પગી, બુધેજના ખોડાભાઈ, હઠીભાઈ વગેરે અનેક હરિભક્તો એકીનજરે ખાતપૂજનની શુભવિધિના દર્શન કરી રહ્યા હતા.

આ ખાતપૂજનવિધિનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લખે છે :

**સજની આજ દિવસ છે આનંદનો, વરતાલમાં વિશ્વના આધાર રે;**
**રાજાધિરાજા ખાતપૂજા કરે છે ખાંતથી...**
**અંગે પેહેરીને પીતાંબર ઓપતું, શુદ્ધ આસને બેઠા સુખકાર રે...રાજાધિરાજા૦**
**વાલે વિપ્રની પ્રથમ પૂજા કરી, આપ્યાં કંકણ કુંડળ ને હાર રે...રાજાધિરાજા૦**
**સ્વસ્તિવાચન વાંચે વિપ્ર વેદિયા, કરે આશિરવાદના ઉચ્ચાર રે...રાજાધિરાજા૦**
**પૂજ્યા ગણપતિ પૂજ્યા કુળદેવતા, પૂજ્યા વિશ્વકર્માને ધરિ વહાલ રે...રાજાધિરાજા૦**
**કોડે સોનાની કોશ કરમાં ધરી, ગર્ત ગાળે છે ગોવિંદ ગોપાળ રે...રાજાધિરાજા૦**
**પૂજ્યા કૂર્મ ને અરચ્યા અનંતને, પૂજ્યા પ્રીતીથી દશે દિગપાળ રે...રાજાધિરાજા૦**
**નાખ્યાં ગર્તમાં ફોફળ ને ફૂલડાં, નાખી સોનાની મોહોર વિશાળ રે...રાજાધિરાજા૦**
**શ્યામે લેલો સોનાનો લઈ સ્નેહથી, નાખ્યો કર્દમ કોડે ગર્તમાંય રે...રાજાધિરાજા૦**
**સ્થાપી અચળ ઈંટ અવિનાશીયે, જેજેકાર કરે છે જન ત્યાંય રે...રાજાધિરાજા૦**
**ધાણા ગોળ વેશ્ચે છે સ્નેહે સર્વને, કરે કંકુના ચંદ્રક કપાળ રે...રાજાધિરાજા૦**
**વે'ચે પાનનાં બીડાં પણ પ્રીતથી, આપે પુષ્પના ગુચ્છ પુષ્પમાળ રે...રાજાધિરાજા૦**
**જેને હાથે પાયો નખાયો વિશ્વનો, તેને હાથે થયું આ મુહુરત ખાત રે...રાજાધિરાજા૦**
**થાશે મંદિર મોટું આ મહીતળે, આખા વિશ્વમાં તે થશે વિખ્યાત રે...રાજાધિરાજા૦**
**બીજાં ધામ ઘણાં છે ધરા ઊપરે, ભલાં થાશે વળી ભવિષ્યકાળ રે...રાજાધિરાજા૦**
**સૌથી ઉત્તમ મહીમા આ ધામનો, ગણશે મુખ્ય વિશ્વવિહારીલાલ રે...રાજાધિરાજા૦**

(શ્રીહરિલીલામૃત : ૮/૬/૩૩-૪૦)

ભગવાન શ્રીહરિએ વેદમંત્રોના મંગળધ્વનિ વચ્ચે ચૂનો પાથરીને તે ઉપર પાયાની પાંચ ઈંટો મૂકીને પૂજન કર્યું અને જળથી અભિષેક કર્યો. પછી થોડીવાર સુધી એ ઈંટો ઉપર જમણો હાથ મૂકીને ભગવાન શ્રીહરિ કૃપાદૃષ્ટિવડે જોઈ રહ્યા. માટી, રેતી અને પાણીની બનેલી ઈંટોને ઠેકાણે ત્યારે અલૌકિક તેજનો મહારાશિ ઘન સ્વરૂપે સ્થાપિત થયેલો જણાયો. સૌ કોઈએ અષ્ટસિદ્ધિ અને નવનિધિનો બનેલો ઘન પાયો નંખાયેલો નિહાળ્યો. ગોર વનમાળી અને ડાહ્યાભાઈ મહેતાના મનમાં કંઈક વિચાર જાગ્યો. એમણે ધીમે રહીને ઈંટો ઉપર હાથ મૂક્યો. ઈંટો પાતાળ પૃથ્વી સાથે વજ્ર સમ જડાયેલી લાગી. એમણે સાશ્ચર્ય આનંદદૃષ્ટિએ વેદપુરુષો તરફ જોયું. બાજુમાં એક તરફ ઉભેલા સુરાખાચર અને સોમલાખાચરે આ ચાર બ્રાહ્મણોનો દૃષ્ટિસંકેત જોયો. એ ધીમે રહીને શિલારોપણ વાળા ખાડામાં ઊતર્યા અને ઈંટો ઉપર હાથ મૂક્યો. ઈંટો જાણે લાખ મણ વજનની બનાવેલી હોય એવી ભારે લાગી. એમના અંતરમાં આનંદના ઓઘ ઉછળવા લાગ્યા. 'ધન્ય પ્રભુ ! ધન્ય વડતાલધામ !' કહેતા કહેતા એ ખાડામાંથી બહાર આવ્યા અને પછી ખાડો માટી અને પાણીથી ભરી દેવામાં આવ્યો. જેણે અવનવી સૃષ્ટિની રચના કરી છે - આજે પણ સૃષ્ટિની રચના કરે છે. એ જગત્કર્તા જગદીશ્વર સ્વહસ્તે જે મંદિરનો પાયો નાંખે તેમાં સારાયે વિશ્વને ધારણ કરવાની શક્તિ સહજ ભાવે આવે એમાં શી નવાઈ ? સૌએ અલૌકિક આનંદ અનુભવ્યો અને ગોળ-ધાણાનો પ્રસાદ જમી-જમાડીને કૃત્ય કૃત્ય થયા.

ખાતપૂજનની શાસ્ત્રવિધિ પતી ગયા પછી, ભગવાન શ્રીહરિએ બધા આશ્રિતોની એક વિશાળ સભા એ જ સ્થળે કરી. તેમાં સ્વમુખે મંદિરની યોજના જણાવી.

રૂગનાથની પત્ની ગિરિ ને જીતબાએ પ્રણામ કરી સો રૂપિયાની ભેટ ધરી. શ્રીહરિએ વિપ્રોને દક્ષિણા આપી. સર્વે શિલ્પીઓને બોલાવ્યા અને કહ્યું : "વડતાલમાં સુંદર અને શ્રેષ્ઠ એવું ભવ્ય મંદિર કરવું છે, એ વાત ધ્યાનમાં રાખીને તમે મંદિરનું એક ચિત્ર નકશો તૈયાર કરો. અમે ત્રણ મોટા શિખરો અને છ નાના શિખરોવાળું વિશાળ મંદિર કરવા ઈચ્છીએ છીએ. એવા મંદિરની રૂપરેખા દાખતું ચિત્ર બનાવો."

**સૌને બોલાવીને મહારાજે, કહ્યું કામ કરો એક આજે; સારું ચિત્રો મંદિરનું સ્વરૂપ, એક એકથિ પરમ અનૂપ...**
**નવ શિખરનું મંદિર કરવું, મારું વચન અંતર માંહિ ધરવું; તેમાં ત્રણ શિખર મુખ્ય જેહ, ચિત્રી લાવો તમે સહુ તેહ.**

(શ્રીહરિલીલામૃત : ૮/૬/૪૪-૪૫)

થોડા સમયમાં શિલ્પીઓએ મંદિરનું રેખાચિત્ર તૈયાર કર્યું અને ભગવાન શ્રીહરિ પાસે રજુ કર્યું. સર્વેના શિખરોમાં દામોદર ને

પુરુષોત્તમ શિલ્પીના શિખરો ગમ્યા ને ભગવાન શ્રીહરિ કહે : ''આ પ્રકારે મુગટ સમાન શિખરો થશે. અમારા મત અનુસાર તમે સુંદર શિખરો રચ્યા છે. બ્રહ્માજી પણ આમાં લીન થાય તેવા શિખરો સદા નવીન જ રહેશે.''

હરિગીતછંદ : શિખરપ્રબંધ પહેલો :

**સર્વે અસલ કૃત ધીર જન મળિ ઠિક ખરાં શિખરો હશે, જુથ શિર મુગટસમ આ જણાશે શિખર સરસ અધિક થશે.**

દોહરો :

**જીવન બોલ્યા જોઈને, શિખરો રચ્યાં રુચિર; મમ તમ મત રત થઈ તમે, રચ્યાં રૂપ મંદિર.**

શિખરપ્રબંધ બીજો : અથ ત્રિપદાક્ષરે ચતુર્થપાદ સર્વતોભદ્ર :

**મમ તમ મત રત મમત રચી, રત મમત રચિ રુચીર; તમ મત રચિ રુપ રુચિર તમ, મત રુચિ રુપ મંદીર.**

**બોલ્યા મુનિજન જોઈને, નવા શિલ્પ વિદ્વાન; નવા પ્રભુ શિખરો નવાં, નવે નવું જ નિદાન.**

મોતીદામ છંદ : શિખરપ્રબંધ ત્રીજો :

**નવા વિદવાન નવા પ્રભુ એહ, નવાં શિખરોનિ નવી વિધિ તેહ; થશે ચતુરાનન દેખત લીન, નવીન નવીન નવીન નવીન.**

પુષ્પિતાગ્રા :

**શિખર નિરખિ દૃષ્ટિયે કરીને, અતિ શુભ લાગ્યું હિરાજિનું હરિને;**
**સરવ ઉપરિ શિલ્પિ તે ઠરાવ્યા, અવર ભલા ત્રણ તેય શિલ્પિ ભાવ્યા.**

(શ્રીહરિલીલામૃત : ૮/૬/૫૧-૫૬)

આમ, ભગવાન શ્રીહરિએ વડોદરાના પુરુષોત્તમ અને દામોદર તેમજ અમદાવાદાના હિરાજી મારવાડીએ તૈયાર કરેલા રેખાચિત્રમાં કેટલાક સુધારા કરવાનું સૂચવ્યું. એ સુધારા સાથે જે ચિત્ર નકશો છેવટે તૈયાર થયો તે ભગવાન શ્રીહરિએ પોતે પસંદ કર્યો. વડતાલ મંદિરના નિર્માણકાર્ય માટે શિલ્પીઓ તરીકે પુરુષોત્તમ, દામોદર અને હિરાજી મારવાડીની ભગવાન શ્રીહરિએ નિયુક્તિ કરી.

## ● વડતાલ મંદિર નિર્માણકાર્યની જવાબદારી ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને સોંપી :

પછી ભગવાન શ્રીહરિએ પોઢી ગયા. પ્રભાતે જાગ્રત થઈ નિત્યવિધિ કરી. નારાયણમોલમાં શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ભાઈ રામદાસજી સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી - આ પાંચ સદ્‌ગુરુઓને બોલાવ્યા. તેમજ બોચાસણના કાશીદાસ વગેરે ભક્તોને વાત કરતાં શ્રીહરિ કહે : ''મંદિરનું ખાતમુહૂર્ત થઈ ગયું. હવે આ મંદિરનું કાર્ય કોને સોંપવું ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! મંદિર નિર્માણકાર્યમાં બ્રહ્માનંદ સ્વામી યોગ્ય છે. તેને સોંપીએ કારણ કે, ચણતર ઉપયોગી અનેક પ્રકારની વસ્તુઓની જરૂર પડશે. પરંતુ સ્વામી તો રાજમહેલમાં વસ્તુ હોય છતાં ત્યાંથી લાવવા સમર્થ છે.''

ત્યારે ભગવાન શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ''આ મંદિરનો ભાર તમારે સંભાળવાનો છે.'' ભગવાન શ્રીહરિના વચન સાંભળી સ્વામીએ મસ્તક નમાવી હાથ જોડી કહ્યું : ''ભલે મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે મંદિરનું કાર્ય સંભાળીશ. અને જે જે વસ્તુઓની જરૂર પડશે તે ત્રિલોકમાંથી પણ લાવી આપીશ. પરંતુ અક્ષરાનંદ સ્વામીને મદદમાં રાખો તો મને સહાય થાય.''

ત્યારે અક્ષરાનંદ સ્વામીને આજ્ઞા કરતાં ભગવાન શ્રીહરિએ કહ્યું : ''સ્વામી ! તમે અહીં રહીને બ્રહ્માનંદ સ્વામી જે કાર્ય સોંપે તે સંભાળજો.''

અક્ષરાનંદ સ્વામીએ પણ ભગવાન શ્રીહરિની આજ્ઞા શિરોધાર્ય કરતા કહ્યું : ''મહારાજ ! અવનિ, અનિલ, અગ્નિ, જળ, વ્યોમ, દશ દિગ્પાળો, સૂર્ય વગેરે તમારી આજ્ઞામાં વર્તે છે, તો અમારાથી આપની આજ્ઞા કેમ લોપાય ? પરંતુ આનંદાનંદ સ્વામી પણ અહીં રહે તો કાર્યમાં ઘણા સહાયરૂપ થશે.'' પછી શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને પણ વડતાલ મંદિર નિર્માણકાર્યની દેખરેખ કરવા રાખ્યા.

## ● ભગવાન શ્રીહરિએ વડતાલ મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓનું કાર્ય નારાયણભાઈને સોપ્યું :

સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને કહ્યું '' મહારાજ ! જે જે મૂર્તિ મંગાવવાની ઇચ્છા હોય તે નારાયણભાઈને આજ્ઞા કરો.'' ત્યારે શ્રીહરિ કહે :

**તે નારાયણભાઈને પછિ તહાં બોલાવિ કૃષ્ણે કહ્યું, જે જે હું કહું વાત તે સુણિ તમે લ્યો ચિત્ત ધારી સહુ;**
**પૂર્વાભીમુખનું નવે શિખરનું મંદિર થાશે અહીં, તે મધ્યે અવતારયુક્ત મુજની મુર્તિ સ્થપાશે સહી.**

**લક્ષ્મીએ તપ આ સ્થળે કર્યું હતું તે માટ મધ્યાલયે, શ્રીનારાયણ રૂપ મારું છબિ બે છે સ્થાપવી આ સ્થળે;**
**શ્રીવૃંદાવનનો વિહારિ પણ હું તે મંદિરે દક્ષિણે, રાધાયુક્ત રહીશ રૂપ ધરિને લાલિત્ય સલ્લક્ષણે.**
**તે સાથે હરિકૃષ્ણ નામ મુરતી સ્થાપીશ હું માહરી, ભક્તોને મુજ રૂપ ધ્યાન ધરવા પ્રત્યક્ષ જેવી કરી;**
**સ્થાપું ઉત્તર મંદિરે મુજ પિતા માતાનિ મૂર્તિ ભલી, વાસુદેવસ્વરૂપ બાળ મુજનું તે પાસ થાપું વળી.**
**ને બીજાં શિખરો તળે સદનમાં જે મૂર્તિયો જાણવી, તે મારા અવતારની અતિ ભલી આપે જઈ આણવી;**
**શ્રીવારાહ નૃસિંહ શેષશયની ને કૂર્મમૂર્તિ યથા, હેતે તેમ હિરણ્યગર્ભ મુરતી મત્સ્યાખ્યમૂર્તી તથા.**
**હેતે શ્રીહનુમાનની ગણપતીની મૂર્તિ મોટી સહી, કોડે સ્વચ્છ કરાવજો ઝટ તમે રોકાઈ રે'શો નહીં;**
**તે નારાયણભાઈ વેણ સુણિને બોલ્યા સુણો શ્રીહરિ, હીરાજી શિલ્પી તણી અતિ મતિ એ કામમાં છે ખરી.**

(શ્રીહરિલીલામૃત : ૮/૭/૨-૬)

"અહીં પૂર્વાભિમુખે નવ શિખરનું મંદિર થશે. તેમાં મધ્યશિખરમાં લક્ષ્મીનારાયણ દેવ અને બાજુના બે શિખરો, તેમાં ઉત્તર શિખરમાં ધર્મદેવ-ભક્તિમાતા અને અમારા બાળસ્વરૂપ રૂપ વાસુદેવનારાયણ અને દક્ષિણ શિખરમાં અમારા હરિકૃષ્ણ સ્વરૂપની સાથે શ્રીકૃષ્ણ, રાધિકાજીની મૂર્તિઓની સ્થાપના કરીશ. સાથે નિજમંદિરની બહાર મંદિરના ઘુમ્મટખંડમાં મત્સ્ય, કૂર્મ, વારાહ, નૃસિંહ, શેષનારાયણ, સૂર્યનારાયણ, હનુમાનજી અને ગણપતિજીના સ્વરૂપોની સ્થાપના કરીશ."

આ તમામ મૂર્તિઓનું કાર્ય ભગવાન શ્રીહરિએ નારાયણભાઈ સુથારને સોંપ્યું. એમની મદદમાં શિલ્પી હિરાજી અને ભગુજી એમની નિયુક્તિ કરી.

### • ભગવાન શ્રીહરિએ વડતાલ મંદિરમાં સેવા કરવા માટે હરિભક્તોને ભલામણ કરી :

પછી ભગવાન શ્રીહરિએ સેવારૂપી ભક્તિ અને મુક્તિના મહાઆદર્શને સાકાર બનાવે તે માટે એક અદ્‌ભુત યોજના કરી. વડતાલ ગામમાં સર્વ જ્ઞાતિઓના હરિભક્તો વસતા હતા. એ દરેકને શ્રીહરિએ પોતાની પાસે બોલાવ્યા.

**કાશીદાસ કહે કૃપાનિધિ સુણો આ ગામમાં જે વસે,**
**તે સૌ જો મળિને સહાય કરશે સૌ કામ તો સિદ્ધશે;**
**ગાડાંનો ખપ વાર વાર પડશે તે તો કૃષિકારનાં,**
**તે રીતે વળિ કામ ખૂબ પડશે સુતાર લૂહારનાં...૦૮**
**માટે સૌ હરિભક્તને નિજ કને બોલાવિ આપે કહો,**
**મોટાં મંદિર કેરું કામ કરવા સર્વે સહાયી રહો;**
**એવી વાણિ ગમી મહાપ્રભુજિને સત્સંગિ તેડાવિયા,**
**તેનાં નામ હવે કહું નૃપ સુણો જે મુખ્ય ત્યાં આવિયા...૦૯**
**આવ્યા દાસ કુબેર જોબન પગી નારાયણાખ્યો ગિરી,**
**તેઓને હરિએ ભલામણ ભલી તે કામ માટે કરી;**
**બોલ્યા સૌ કર જોડિ કૃષ્ણ સમીપે શા માત્ર છૈયે અમે,**
**ધારો તો ધરણી થકી કનકનું મંદિર કાઢો તમે...૧૦**
**આપે તોપણ ભક્ત જાણિ અમને સેવા ભળાવી ભલી,**
**તેથી તો અતિ ધન્ય ભાગ્ય ગણિયે ભક્તિ કરી એટલી;**
**જે જે કામ ભળાવશોજિ અમને તે તો કરીશું અમે,**
**બીજા મુખ્ય જનો નિવાસી અહિંના તેને કહોજી તમે...૧૧**
**શ્રીજીએ વનમાળિ ગોર દ્વિજને ડાહ્યાખ્યને મોકલ્યા,**
**તે તો જૈ પુરવાસિ મુખ્ય જનને માયાળુ થૈને મળ્યા;**
**સંદેશો કહી શ્યામનો સરવને તેડી તહાં લાવિયા,**
**તેનાં નામ હવે કહું નૃપ સુણો જે જે જનો આવિયા...૧૨**
**આવ્યા દાસ નરોત્તમાખ્ય નરસી લાલાખ્ય જીવા દલા,**

**જોરાભાઈ સુધોરિ શ્યામળ અને ધર્માખ્ય ભક્તો ભલા;**
**ભાઈબા રણછોડ બેચર અને દાજી તથા રાયજી,**
**આવ્યા કાનજી મૂળજી વસનદાસાખ્યો ભલા ભાઈજી...૧૩**
**નારાયણાખ્યો શવદાસ જેહ છે, દયાળ ને ઈશ્વરદાસ તેહ છે;**
**આવ્યા વળી મૂળજિભાઈ જાણવા, પટેલ તે તો સઘળા પ્રમાણવા.**
**કહ્યું પ્રભુએ સહુ પાટીદારને, થજો સહાયી શુભ કર્મકારને;**
**કહે પ્રભુને સહુ પાટીદાર તે, અહીં ભલું મંદિર છે થનાર તે...૧૫**
**અમે અમારા કુળના પરંપરા, સહાયિ તેના જ થશું ખરેખરા;**
**પિતા તણો બોલ કુપુત્ર ટાળશે, સુપુત્ર તો પ્રેમ સહીત પાળશે...૧૬**
**તમે અમારા કુળદેવ આજથી, બીજો અમારો કુળદેવતા નથી;**
**કુપુત્ર કોઈ કુળ માંહિ જાગશે, મમત્વ તે મંદિરનો જ ત્યાગશે...૧૭**
**દ્વિજાતિ વંશે અસુરાંશ થાય છે, વિરુદ્ધ તે વેદથિ જેમ જાય છે;**
**સુપુત્ર તો સૌ રહેશે જ સેવતા, દિલે ગણીને નિજ કૂળદેવતા...૧૮**
**કુપુત્ર કોઈ કુળમાં નહીં થજો, વિરુદ્ધ આ મંદિરથી નહીં જજો;**
**સુણી રુદે રાજી થયા દયાનિધી, વિશેષ આશીષ દયા કરી દીધી...૧૯**

પાટીદારોમાં - બાપુભાઈ, ભાઈબા, વહાલાભાઈ, રણછોડભાઈ, ભાઈજીભાઈ, નરોત્તમદાસ, નરસિંહદાસ, લાલભાઈ, જોરાભાઈ, જીવાભાઈ, દલાભાઈ, ધોરીભાઈ, શામળદાસ, ધર્મદાસ, રાયજીભાઈ, કાનજીભાઈ, મૂળજીભાઈ, શવદાસ, ઈશ્વરભાઈ, દયાળભાઈ વગેરે...

**ત્યાં શેઠિયા સાકરલાલ આવ્યા, સાથે વળી ગિર્ધરલાલ લાવ્યા;**
**નથૂ તથા રાયજી જેષ્ઠ ચંદ, મોતી અને માણકજી સ્વચ્છંદ...૨૦**
**તેને પ્રભુએ કહ્યું એ જ રીતે, બોલ્યા સહૂ તે પરિપૂર્ણ પ્રીતે;**
**ભાવે કરીને સહૂ બાઇ ભાઈ, સદા થશું મંદિરના સહાયી...૨૧**

વણિકમાં - સાકરલાલ, મોતીચંદ, માણેકચંદ, નથુભાઈ, રામજીભાઈ, જેઠાલાલ, ગીરધરલાલ વગેરે...

**પગી કહું સુંદરજી દલાજી, શક્કો તથા જૂસજી ત્યાં મળ્યાજી;**
**ઝાલોજિ વક્ષોજિ વળી ગણેશ, ને દેવકર્ણાખ્ય સુણો નરેશ...૨૨**
**જક્તોજિ ને ઊજમજીય આવ્યા, મહાપ્રભુના મન માંહિ ભાવ્યા;**
**કહે પ્રભુ સૌ પગિયો સદાય, આ કામ માટે કરજો સહાય...૨૩**
**બોલ્યા પગી સૌ કરિને પ્રણામ, કર્યું તમે બંધ અમારું કામ;**
**અમે તમારે શરણે જ આવ્યા, ચોરી કર્યાના નિયમો ધરાવ્યા...૨૪**
**પુના સુધી સૌ નહિતો જતાતા, ફાડી ખજાનો ધન લાવતાતા;**
**વાટે જનારા જનનેય કુટી, લેતા વળી વસ્ત્ર તમામ લૂંટી...૨૫**
**સેવ્યાં અમે તો ચરણો તમારાં, ખૂણે પડ્યાં ખાતરીયાં અમારાં;**
**લૂંટી હવે દ્રવ્ય નહીં લવાય, દ્રવ્યે કરી કેમ સહાય થાય...૨૬**
**શ્રીજી કહે ભક્ત સુણો સુજાણ, જે ધર્મ પાળે વચન પ્રમાણ;**
**માનું હું તેને મુજભક્ત મોટો, વિના ધને તે ન ગણાય છોટો...૨૭**
**અસંખ્ય નાણું ધર્મે ઉડાવે, મોટાં ભલાં મંદિર તો કરાવે;**
**તથાપિ જો તે નહિ ધર્મ પાળે, કલ્યાણ પામે નહિ તર્તકાળે...૨૮**
**ધર્મી કરે પૂજન માનસીક, પ્રત્યક્ષથી તેહ ગણું અધિક;**
**સુવર્ણપુષ્પે જ અધર્મિ પૂજે, તથાપિ તે છેક કનિષ્ટ સૂજે...૨૯**

**બીજા મતોમાં ધનવાન મોટો, ગણાય છે નિર્ધન છેક છોટો;**
**ભલે સુદામા સમ ભક્ત હોય, મોટો ગણું છેક ગરીબ તોય...૩૦**
**શ્રીમંતને માન વિશેષ દૈયે, તે રીત સંસારિક જાણિ લૈયે;**
**વાલો મને ભક્ત સુધર્મિ જેવો, ન સ્વલ્પ ધર્મી ધનવાન તેવો...૩૧**
**અધર્મથી જે ધન કોઈ લાવે, તે અર્પિને જો મુજને રિઝાવે;**
**તેથી કદી હું ન પ્રસન્ન થાઉં, એના થકી તો ઉલટો રિસાઉં...૩૨**
**છે ધર્મ તે તો મુજ તાત સોય, તેનો કરે ભંગ લગાર કોય;**
**મારા પિતાનો રિપુ તે ગણાશે, તે કેમ વાલો મુજને જ થાશે...૩૩**
**ધને કરે ભક્તિ ભલે હમેશ, દેહે કરે તેહ ગણું વિશેષ;**
**તે માટ દેહે કરી અંબરીષ, કર્તા ભલી ભક્તિ મહા મહીષ...૩૪**
**તમે પગી તેમ જ આપ દેહથી, સહાયતા સૌ કરજો સનેહથી;**
**કહે પગી ત્યાં વિનતી વળી કરી, સહાયતા સૌ કરશું અહો હરી...**
**જનો અમારા કુળ માંહિ જે થશે, સપૂત તે જો સમજુ ભલા હશે;**
**પિતા તણું મંદિર તે પ્રમાણશે, મમત્વ મોટો મન માંહિ આણશે...૩૬**
**સુણી હરિ રંજન ચિત્તમાં થયા, સુખી થજો એમ કહ્યું કરી દયા;**

પગીઓમાં - જોબનપગી, સુંદરજી, દલાજી, શકરાજી, ઝાલોજી, વખતાજી, ગણેશજી, દેવકરણ, જક્તોજી, ઉજમજી વગેરે ભક્તોને પણ શ્રીહરિએ ભલામણ કરી. ત્યારે સર્વે પગીઓ કહે : ''મહારાજ ! અમે તમારે શરણે આવ્યા છીએ. અમને તમે ચોરી નહિ કરવાના નિયમ ધરાવ્યા છે. અમે પુના સુધી ખજાનો ફાડી ધન લૂંટતા. વટેમાર્ગુને લૂંટતા. તમારા ચરણ સેવ્યા હવે લૂંટીને નહિ લાવીએ તેથી ધનથી સેવા કેમ કરી શકીએ?''

ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : ''ધન ન હોવા છતાં તે કાંઈ નાના નથી થતાં. અસંખ્ય નાણું વાપરી મોટા મંદિર કરાવે છતાં જો ધર્મ ન પાળે તો તેનું કલ્યાણ ન થાય. ધર્મી માણસ માનસિક પૂજા કરે છતાં હું પ્રત્યક્ષ પૂજા માનું છું. અધર્મી સુવર્ણપુષ્પથી પૂજા કરે છતાં તે કનિષ્ઠ છે. સુદામા જેવો ભક્ત હોય તેને હું મોટો ગણું છું. શ્રીમંતોને માન આપવાની રીત સંસારી રીત છે. પણ મને ધર્મવાન ભક્ત વહાલો લાગે છે. અધર્મથી લાવેલા ધનથી હું રીઝતો નથી. જે ધર્મનો ભંગ કરશે તે મારા પિતાનો શત્રુ ગણાશે. ધન કરતા દેહથી જે સેવા કરે તેને હું વિશેષ માનું છું. અંબરીષ રાજા શરીરથી મારી સેવા કરતા. માટે તમે સર્વે પગીઓ દેહથી સહાય કરજો. અમે પ્રસન્ન થઈશું.''

**પછી તહાં તો ગિરિ ચાર આવિયા, મહાપ્રભૂને મન તેહ ભાવિયા...૩૭**
**ગિરી પુરુષોત્તમ એક તો હતા, બિજા ગિરી તો રગનાથજી છતાં;**
**ત્રિજા ગિરી તો કહું રામચંદ્ર તે, તથા રુડા રૂપગિરી ગિરિંદ્ર તે...૩૮**
**કહ્યું પ્રભૂયે સહુને સુખી હજો, સહાયિ આ કામ વિષે સહૂ થજો;**
**કહે સહૂ અંતરભાવ આણશું, અમારું છે મંદિર એમ જાણશું...૩૯**
**સુમુખ્ય તો વાસણ જેનું નામ છે, સુપુત્ર નારાયણ બુદ્ધિધામ છે...૪૦**
**સુતાર સદ્‌ભક્ત ભવાન ભાખિયે, સુપુત્ર તો જાદવજી જ દાખિયે;**
**સુતાર પુજા શુભ લાલદાસ જે, અને વળિ મુળજી અંબીદાસ તે...૪૧**
**લુહાર આવ્યા જન અંબીદાસ છે, સુપુત્ર તેના મુળજી સ્વપાસ છે;**
**લુહાર નારાયણદાસ નામના, નિવાસિ તે સૌ વરતાલ ગામના...૪૨**

ગોંસાઈમાં - નારાયણગિરિ, પુરુષોત્તમગિરિ, રૂગનાથજીગિરિ, રામચંદ્રગિરિ તથા રૂપગિરિ વગેરે, સુથારમાં - વાસણ, નારાયણ, ભવાન, જાદવજી વગેરે, લુહારમાં - અંબાઈદાસ, મૂળજી, નારાયણદાસ વગેરે, ગોર વનમાળી, ડાહ્યાભાઈ મહેતા વગેરે ગામની બધી જ્ઞાતિના હરિભક્તો ભગવાન શ્રીહરિ પાસે હાથ જોડીને ઊભા રહ્યા. શ્રીહરિએ તેમને કહ્યું :

**શ્રીજી કહે તે સતસંગિયોને;**

**જે હોય આ મંદિર કેરું કામ, તે તો તમે સૌ કરજો તમામ...૪૩**
**જે ભક્તિ આ કામ વિષે કરાશે, તો તેહનું અક્ષય પુણ્ય થાશે;**
**માટે જ દેજો મમતા ધરીને, જે જોઈએ તે જણસો૨ કરીને...૪૪**
**બોલ્યા સહૂ તે શિર નામિ પાગ, અહો અમારાં અતિ ધન્યભાગ્ય;**
**દેવાલયાર્થે કરિ કાંઈ દેવું, ક્યાંથી મળે ઉત્તમ કામ એવું...૪૫**
**બોલ્યા પ્રભૂજી વળી સર્વ પાસ, છે અક્ષરાનંદ અહીં નિવાસ;**
**વળી અહીં બ્રહ્મમુનિ રહે છે, આનંદસ્વામી પણ સંત તે છે...૪૬**
**તેને તમે સર્વ સહાયિ થાજો, ભક્તિ કરી ભક્ત ભલા ગણાજો;**
**બોલ્યા સહૂ અંતર પ્રેમ આણી, લેશું અમે કામ અમારું જાણી...૪૭**
**હીરાજિ શિલ્પી પુરુષોત્તમાખ્ય, તેને કહે શ્રીઘનશ્યામળાખ્ય;**
**ચાતુર્ય જે હોય બધું તમારું, તેવું કરો મંદિર સૌથિ સારું...૪૮**
**બોલ્યા સુણીને જન શિલ્પિ બેય, અમારિ તો અક્કલ અલ્પ છેય;**
**પ્રભુ તમારી શુભ પ્રેરણાથી, થશે ભલું મંદિર તો કૃપાથી...૪૯**

(શ્રીહરિલીલામૃત : ૮/૭)

ભગવાન શ્રીહરિ કહે : "જે કોઈ ભક્તિથી મંદિરનું કાર્ય કરશે તેને અક્ષય ફળ પ્રાપ્ત થશે. બ્રહ્મમુનિ તથા અક્ષરાનંદ સ્વામીને તમે સર્વે સહયોગ કરજો." ત્યારે સૌ હરિભક્તોએ કહ્યું : "મહારાજ ! અમારા અતિ ધન્ય ભાગ્ય છે કે આ વડતાલ મંદિરના નિર્માણકાર્યની સેવા અમને મળી. દેવાલયને અર્થે ઉત્તમ કાર્ય બીજું શું હોય ?"

આમ જ્યારે સૌ હરિભક્તોએ 'મંદિર નિર્માણનું કામ' પોતાના ઘરનું કામ છે એમ જાણીને કરવાનું શિરસાવંદ્ય કહ્યું ત્યારે ભગવાન શ્રીહરિ અતિ પ્રસન્ન થયા.

વડતાલ ગામના હરિભક્તો ઉપરાંત, બહારગામના હરિભક્તોને પણ ભગવાન શ્રીહરિએ પોતાની પાસે બોલાવ્યા. તેમાં નડીયાદથી ગંગારામ અને મોહનરામ; મહુધાથી અજુભાઈ અમીન; ઉમરેઠથી રૂપરામ ઠાકર, નરભેરામ દવે, દયારામ શુક્લ; વસોથી તુલસીભાઈ, દાદાદવે, વાલા ધ્રુવ; સોજીત્રાથી ગોકળભાઈ; પેટલાદથી વ્રજલાલ; સીંજીવાડાથી જગરૂમ બારોટ; ડભાણથી રૂગનાથ અને કાશીદાસ; બુધેજથી ખોડાભાઈ, હઠીભાઈ; બોચાસણથી કાશીદાસભાઈ વગેરે. આ દરેકને એક મહિનો વડતાલમાં રહીને મંદિર નિર્માણનું કામ સોંપવામાં આવ્યું. તે જ પ્રમાણે આજુબાજુના બીજા ગામો બિલોદરા, ડભાણ, કેરીઆવી, બામરોલી, મહુડિયાપરું, જીંડવુંપરું, નરસંડા, જોળ, કંજરી, વલાસણ,મેઘવા, ખાંધલી, ચાંગા, સંજાયા, મહેળાવ, ગાના વગેરે ગામોના હરિભક્તોને બોલાવી બાંધકામનો માલસામન વગેરે લાવવા માટે ગાંડા વગેરે દ્વારા મદદ કરવાની આજ્ઞા કરી. વડતાલમાં મંદિર નિર્માણના કાર્યની વ્યવસ્થા ગોઠવવા માટે ભગવાન શ્રીહરિ દોઢ માસ સુધી વડતાલમાં રહ્યા અને જાતે દેખરેખ નીચે મંદિરનું કાર્ય શરૂ કરાવ્યું.

ઉગમણા ઓટાની પાસે ખાસ ઈંટવાડો કરવામાં આવ્યો હતો. દોઢ માસમાં ભગવાન શ્રીહરિ પોતે ઈંટો લેવા માટે અઢાર વખત આ ઈંટવાડે ગયા હતા અને એકંદર છત્રીશ ઈંટો પોતે માથે ઉપાડીને મંદિરના નિર્માણ માટે પાયાનું કામ ચાલતું હતું ત્યાં લાવ્યા હતા. સંતો અને હરિભક્તો ઉપરાંત, અનેક સ્ત્રીભક્તોએ પણ માથે ઈંટોના ટોપલા ઉપાડીને સ્થળ ઉપર મોટો ગંજ ખડકી દીધો હતો. ભગવાન શ્રીહરિએ બે વખત જાતે માથે ચૂનાના તગારા ઉપાડીને કડીયાઓને આપ્યા હતા. ભગવાન અને એનું સાધર્મ્ય પામેલા ભક્તજનોના સામુહિક સેવાશ્રમ યજ્ઞના પ્રતિક સમાન આ મંદિરના નિર્માણનું કાર્ય આ રીતે શરૂ કરાવીને ભગવાન શ્રીહરિ ગઢડા પધાર્યા.

---

★ ભગવાન શ્રીહરિએ આનંદાનંદ સ્વામી પાસે અમદાવાદમાં સૌ પ્રથમ મોટું મંદિર બંધાવ્યું. સં.૧૮૭૮, ફાગણ સુદ ત્રીજના દિવસે તેમાં ધામધૂમથી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. પછી ત્રીજે દિવસે શહેરમાં કાંકરિયા સરોવરને કિનારે ચોરાશી કરી. સર્વત્ર ભગવાન શ્રીહરિનો જયજયકાર થયો. ત્યારે શ્રીહરિએ ત્યાં સંઘના રક્ષણ માટે જોબન પગીને ભીલો સાથે બોલાવી સેવામાં રાખેલા. તેમાં અમદાવાદના એક ભગતનું પોટલું ચોરાયું. શ્રીહરિને તેની ખબર પડી. તેથી તેમણે જોબન પગીને બોલાવીને વાત કરી.

ત્યારે જોબનપગી કહે : ''મહારાજ ! ચિંતા ન કરતા, આવતી કાલે આવી જશે.'' બીજે દિવસે પોટલું લાવી જોબનપગીએ મહારાજનાં ચરણમાં મૂક્યું. ત્યારે શ્રીહરિ કહે : ''જોબન ! કેવી રીતે લાવ્યા ?'' ત્યારે તેઓ કહે, 'હે મહારાજ ! અમે પગી એટલે પગલાં જોઈને ગોતી લઈએ.' પછી તે પોટલું શ્રીહરિએ જે હરિભક્તનું ચોરાયું હતું તેને આપ્યું અને ત્યારે શ્રીહરિએ અતિ રાજી થઈ જોબન પગીને વર માંગવાનું કહ્યું.

ત્યારે જોબનપગી કહે : ''મહારાજ ! જેમ અહીં મંદિર બાંધ્યું છે તેમ વડતાલમાં પણ મોટું મંદિર બાંધો.એવી કૃપા કરો.''

ભગવાન શ્રીહરિ કહે : ''તથાસ્તુ. હું વડતાલમાં મોટું ધામ બાંધીશ.'' આમ જોબન પગીને વચન આપ્યું. તેથી વડતાલવાસી પાટીદારો વગેરે ભક્તો અતિ રાજી થયા. પછી શ્રીહરિ ગઢપુર પધાર્યા. ત્યાંના ભક્તોને ખૂબ સુખ આપી પાછા વડતાલ રામનવમીનો સમૈયો કરવા માટે આવ્યા. ત્યારે વડતાલમાં એકવાર વિશાળ સભા ભરાણી હતી. તેમાં પ્રશ્નોત્તર તથા જ્ઞાનવાર્તા થયા. પછી કીર્તનો ગવાયાં. ત્યાં સંધ્યા સમય થતાં મશાલો પ્રગટી. સહુએ સાથે મળી આરતી, ધૂન કર્યા.

પછી ભગવાન શ્રીહરિએ ચરોતરવાસી ભક્તોને પૂછ્યું : ''અમદાવાદ નરનારાયણ દેવનાં દર્શન કર્યા ?'' ત્યારે તે ભક્તો કહે : ''મહારાજ ! ગયા તો હતા પણ માણસો બહુ અને મોટું શહેર તે કોઈએ ખાવાપીવાનું પણ પૂછ્યું નહીં.''

ત્યારે જોબનપગીના ઘરનાં તેજબા વગેરે બોલ્યાં : ''હે મહારાજ ! શહેરમાં અમને ખબર પડે નહિ અને કોઈએ ઉતારો પણ આપ્યો નહીં તેથી હેરાન થઈ ગયા.'' ત્યારે મહારાજ કહે : ''હવે અહીં તમારે આંગણે જ એવું મોટું ધામ બાંધી દઈએ. જેથી તમારે અમદાવાદ જાવું મટે.''


તે સાંભળી તેજબા તથા તેમની બંને પુત્રીઓ વગેરે બહેનો ખૂબ રાજી થયાં. ત્યારે જોબનપગીએ કહ્યું : ''હે નાથ ! આપે મને અમદાવાદ નરનારાયણ દેવની પ્રતિષ્ઠા વખતે વરદાન આપ્યું છે કે, હું વડતાલમાં મોટું મંદિર બંધાવીશ. માટે આપનું વચન પાળો અને અહીં મોટું મંદિર કરો.''

ભગવાન શ્રીહરિએ જોબનપગીની વિનંતિ સાંભળી. પછી જ્યાં વડતાલમાં પહેલા નરનારાયણ દેવ પધરાવ્યા હતા ત્યાં પ્રથમ બોરડીનું વૃક્ષ હતું. તે જગ્યાએ ખાતમુહૂર્ત કરવાનો શ્રીહરિએ વિચાર કર્યો. પછી રાજી થઈ ખાતપૂજનનું શુભમુહૂર્ત જોવરાવ્યું અને પોતાના હાથે જ ખાતમુહૂર્ત કરવાનું નક્કી કર્યું.

ત્યાર પછી સં.૧૮૭૮ના ચૈત્ર મહિનામાં શ્રીહરિએ વડતાલમાં મંદિરનું પોતાના હાથે ખાતમુહૂર્ત કર્યું અને મંદિર બાંધવાની તમામ જવાબદારી બ્રહ્માનંદસ્વામીને સોંપી. આ મંદિરમાં જોબન પગીએ અને તેના તમામ પુત્ર, પરિવારોએ તન, મન અને ધનથી અપ ાર સેવા કરેલી છે. જ્યારે ધન ખૂટે ત્યારે બ્રહ્માનંદસ્વામી જોબન પગીને સાથે લઈ આજુ-બાજુનાં ગામડે જતા. ચરોતરમાં રૂડું ધામ બંધાતું જાણી લોકો ખૂબ દાન આપતા હતા.

●●●

# ભગવાન શ્રીહરિએ વડતાલ મંદિરનું નિર્માણકાર્ય કરવા બ્રહ્માનંદ સ્વામીને મોકલ્યા
## સં. ૧૮૭૮ (ઈ.સ. ૧૮૨૨)



ગઢપુર આવ્યા બાદ ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આપણે વડતાલમાં મંદિરનું ખાતમુહૂર્ત કર્યું છે. હવે મંદિરની તૈયારી કરવા તમે વડતાલ જાવ." એટલું કહીને મહારાજે હરજી ઠક્કરને બોલાવ્યા. તેમને કહ્યું : "બ્રહ્માનંદ સ્વામી વડતાલમાં મંદિર કરવા જાય છે તો તેમને ખર્ચીના રૂપિયા ૧૨ આપજો."

બ્રહ્માનંદ સ્વામી હસતાં હસતાં આ બધો તાલ જોતા હતા. તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! વડતાલ ક્યારે જવાનું છે ?"

ભગવાન શ્રીહરિએ તરત જ કહ્યું : "આવતી કાલે જમીને ચાલજો. વડતાલના તળાવ ઉપર જે હનુમાનજીનું નાનું મંદિર છે, તેવું નાનું મંદિર આપણે વડતાલમાં કરવું છે."

સ્વામી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! બાર રૂપિયામાં તો એથીય નાનું મંદિર ન થાય. માટે જે ઓરડીમાં આપે નરનારાયણ પધરાવ્યા છે તે જ ઠીક છે."

ભગવાન શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામીના શબ્દોનો મર્મ સમજી ગયા. મહારાજે કહ્યું : "સ્વામી ! ત્યાં નારાયણગિરિજી છે તે તમારા ભાઈબંધ છે. તેમની મદદ લઈને એક શિખરનું મંદિર કરવું." સ્વામી કાંઈ બોલ્યા નહીં.

બીજે દિવસે ભગવાન શ્રીહરિએ સ્વામીને પોતાના થાળમાંથી પ્રસાદી આપી. મહારાજ જમીને પછી નીચે સંત સભામાં પધાર્યા. અહીં બ્રહ્માનંદ સ્વામી પોતાના સંતમંડળના સાધુઓને લઈને આવ્યા. મહારાજને દંડવત્ કર્યા. મહારાજે આશીર્વાદ આપ્યા અને કહ્યું : "તમારા બધા સંકલ્પો ભગવાન પૂરા કરશે."

એટલે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! કયા ભગવાન ?"

મહારાજે હસતાં હસતાં કહ્યું : "તમે જેનું ધ્યાન કરો છો, જેની માળા ફેરવો છો તે ભગવાન ! બીજા વળી કયા ભગવાન છે ?"

થોડીવારે મહારાજે સ્વામીને કહ્યું : "હાલ જ્યાં નરનારાયણની મૂર્તિ પધરાવી છે તે જગ્યાએ જ આપણે મંદિરનું ખાત કર્યું છે. જે જે ભક્તોએ મંદિર માટે જગ્યા આપવાનું નક્કી કર્યું છે, તે જગ્યાનો પાકો દસ્તાવેજ કરાવી લેજો."

એટલે સ્વામીએ પૂછ્યું : "પાકો દસ્તાવેજ કરાવતાં કદાચ ઢીલ થાય તો ?"

ત્યારે મહારાજે તરત કહ્યું : "તો કામ તો શરૂ કરી જ દેવું. પછી દસ્તાવેજ થઈ જશે. તમારે તેમને નિત્ય સંભારી દેવું."

પછી બ્રહ્માનંદ સ્વામી ભગવાન શ્રીહરિની આ આજ્ઞા લઈને ગઢપુરથી નીકળ્યા. કારિયાણી, પોલારપુર, કમિયાળા, નાનીબોરુ અને સીંજીવાડા થઈને સ્વામી તેમના મંડળ સાથે વડતાલ પહોંચી ગયા.

●

ભગવાન શ્રીહરિ વડતાલ જવા આતુર થઈ ગયા હતા. વડતાલથી પણ સમાચાર આવતા હતા કે બ્રહ્માનંદ સ્વામીએ તો એક શિખરના નાના મંદિરને બદલે મોટું કામ ઉપાડ્યું છે. જોબનપગીએ બામરોલી, સંજાયા તથા વડતાલના કુંભારોને કહી ઈંટો પડાવવી શરૂ કરી હતી. સ્વામી ઝોળી ફેરવી ભિક્ષા લાવતા અને ઈંટો પાડનારા કુંભારોને પ્રેમથી જમાડતા. સૌને ભગવાન શ્રીહરિના આ કાર્યમાં કાંઈક પુષ્પાજંલિ અર્પણ કરવાની ભાવના થતી. તેથી કોઈ સ્વામી માટે અનાજ સેવામાં આપતું, તો કોઈ મંદિર માટે બીજી સામગ્રી પણ સેવામાં આપતું. કુંભારોમાં પણ આ ભાવના જાગ્રત થઈ હતી અને એક એક લાખ ઈંટના નવ ઈંટવાડા તેમણે તૈયાર

કર્યા. સૌને આશ્ચર્ય થતું કે આવું મોટું કાર્ય આટલી સરળતાથી કેમ થઈ રહ્યું છે !

હાલ શ્રી લક્ષ્મીનારાયણનું અને ધર્મદેવનું મંદિર છે ત્યાં સ્વામીએ બે શિખરોના પાયા ગળાવ્યા. ગુજરાતની જમીન માટીવાળી એટલે પથ્થરનો કસ તો આવે જ નહીં. તેથી સ્વામીએ પાયા ઊંડા ખોદાવ્યા. છતાં જેમ ઊંડું ખોદે તેમ પાણી આવે. તેથી પાણી કોસ જોડાવી બહાર ખેંચી કાઢે. છેવટે ત્યાં જ પાકી ઈંટોની કમાનો વાળી. આ રીતે પાયામાં જ છ-સાત લાખ ઈંટો વપરાઈ ગઈ. બ્રહ્માનંદ સ્વામીએ કેવળ બાર રૂપિયાની મૂડીમાં આટલું જબ્બર કામ ઉપાડ્યું હતું અને છતાં તે બાર રૂપિયા તો તેમની ચીંથરીમાં બાંધેલા પડ્યા જ હતા !

ભગવાન શ્રીહરિને ગઢડામાં, બ્રહ્માનંદ સ્વામીએ ઉપાડેલા આ મહાન કાર્યની ખબર પડી. તેથી મહારાજને ચિંતા થવા માંડી કે સ્વામીએ આ શું આદર્યું છે ? આપણે તો એક શિખરનું નાનું દેરું કરવાનું કહ્યું અને સ્વામીએ તો ગજા બહારનું કામ આદરી દીધું. તેથી મહારાજે અક્ષરાનંદ સ્વમીને બોલાવીને કહ્યું : "સ્વામી ! તમે વડતાલ જાઓ અને બ્રહ્માનંદ સ્વામીને કહો આવું ગજા બહારનું કામ ન કરે. ફક્ત એક શિખરનું મંદિર જ કરે."

અક્ષરાનંદ સ્વામી ઉતાવળી ગતિએ વડતાલ પહોંચ્યા અને બ્રહ્માનંદ સ્વામીને મહારાજનો સંદેશો કહ્યો. સ્વામીએ તેમને કહ્યું: "સ્વામી ! આ કાર્યમાં તમારી નજર નહીં પહોંચે. માટે જેણે આવું કાર્ય આદરવાની પ્રેરણા આપી છે તે જ પૂરું કરાવશે. તમે મહારાજને જઈને કહો."

અક્ષરાનંદ સ્વામી તરત જ પાછા ગઢપુર આવ્યા. ભગવાન શ્રીહરિને તેમણે વાત કરી એટલે મહારાજની ચિંતા વધી.

## • અપની પહોંચ બિચાર કે કરીએ તેતી દોડ :

ભગવાન શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : "બ્રહ્માનંદ સ્વામીએ પહોંચ વિચાર્યા વગર વડતાલમાં મોટું મંદિર કરવાના મંડાણ કર્યા છે પણ અંતે નાણે નહીં પહોંચાય અને બધું આપણા ગળામાં આવશે. માટે તમો વડતાલ જાવ અને સ્વામીને સમજાવો, હજુ મોડું થયું નથી." એમ કહી મહારાજે બ્રહ્માનંદ સ્વામી ઉપર એક પત્ર લખી આપ્યો. તેમાં સાખી લખી :

**અપની પહોંચ બિચાર કે, કરીએ તેતી દોડ; તેતા પાઉ પસારીએ, જેતી લંબી સોડ.**

ભાવાર્થ : આપણી શક્તિનો વિચાર કરી કાર્યનો આરંભ કરવો; જેમ કે આપણી સોડ (પછેડી) પ્રમાણે પગ લાંબા કરવા.

નિત્યાનંદ સ્વામી ભગવાન શ્રીહરિનો પત્ર લઈ વડતાલ પહોંચ્યા. તેમણએ પણ ત્યાં જઈને જોયું તો કમલ આકારના મંદિરના વિશાળ પાયા પુરાતા હતા. નિત્યાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! આ બધું શું થઈ રહ્યું છે !"

એટલે બ્રહ્માનંદ સ્વામીએ હસીને કહ્યું : "સ્વામી ! મહારાજના સંકલ્પ પ્રમાણે મંદિર થાય છે. પરાત્પર અક્ષરધામના અધિપતિ મહારાજ, તેમના સંકલ્પ કાંઈ નાના હોય ? મને તો આ પણ હજુ નાનું લાગે છે."

નિત્યાનંદ સ્વામી પણ વિચાર કરવા લાગ્યા. બ્રહ્માનંદ સ્વામીની બુદ્ધિ અને મહારાજ પ્રત્યેની ભક્તિમાં તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો. તેથી તેઓ કાંઈ આગળ બોલ્યા નહીં. થોડીવાર પછી તેમણે બ્રહ્માનંદ સ્વામીને મહારાજનો પત્ર આપ્યો. સ્વામીએ તે પત્ર ખોલ્યો. વાંચતા વાંચતા સ્વામી હસવા લાગ્યા. નિત્યાનંદ સ્વામીને મનમાં હતું કે કદાચ મહારાજે પત્રમાં લખેલા આદેશથી સ્વામી મૂંઝાશે. પરંતુ તેમને આશ્ચર્ય થયું કે સ્વામી તો ઊલટા હસતા હતા. બ્રહ્માનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે હવે અહીં જ રોકાવ. મહારાજ અહીં ફૂલદોલનો ઉત્સવ કરવા થોડા સમયમાં આવશે. તમે અહીં હશો તો મનેય બળ રહેશે. મહારાજને હું પત્ર લખી હમણાં જ માણસ સાથે ગઢડા મોકલી દઉં છું."

નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "ભલે, તમારા કાર્યમાં મારો સાથ છે."

બ્રહ્માનંદ સ્વામી આ શબ્દો સાંભળી રાજી થયા.

## • સાહેબ સરીખા શેઠિયા, બસે નગ્રકે માંહી :

બ્રહ્માનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિ ઉપર પત્ર લખ્યો. મંદિર અંગેની બધી જ વિગત તેમાં લખી અને પછી મહારાજે લખેલી સાખીનો ઉત્તર પણ લખ્યો :

**સાહેબ સરીખા શેઠિયા, બસે નગ્રકે માંહી; તાકે ધનકી ક્યા કમી, હુંડી ચલે નવખંડ માંહી.**

ભાવાર્થ : આપશ્રી (સાહેબ) જેવા શેઠ નગરમાં બિરાજે છે. તેના સેવકને ધનની કમી નથી. કેમકે તેના માલિકના નામની હૂંડીઓ નવેખંડમાં ચાલે છે.

આ પત્ર તેમણે નિત્યાનંદ સ્વામીને વંચાવ્યો. તેઓ તો અગાઉથી જ સમજી ગયા હતા કે મહારાજની રુચિ અનુસાર જ સ્વામી મંદિર કરી રહ્યા છે. 'ભગવાન સ્વામિનારાયણના મંદિર તો આકાશને આંબે એવા હોય, તે કાંઈ નાના દેરા ન હોય' - બ્રહ્માનંદ સ્વામીના આ શબ્દો તેમના અંતરમાં રમી રહ્યા હતા. તેમણે હસીને કહ્યું : ''મહારાજને પત્ર મોકલી આપો.''

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''આમાં બે શબ્દો આપ પણ લખો.''

ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : ''તમે લખો કે આ કાર્યમાં નિત્યાનંદ સ્વામીની પણ સંમતિ છે.'' બ્રહ્માનંદ સ્વામીએ તે પ્રમાણે પત્રમાં ઉમેર્યું. પછી પત્ર તરત જ ગઢપુર મોકલાવી દીધો.

વડતાલમાં નિત્યાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! કમળાકારના મંદિરનો નકશો તૈયાર કર્યો છે પણ બે શિખર કરશો તો આકાર બંધ બેસતો નહીં આવે માટે ત્રીજા શિખરનો પાયો નાંખો. વચ્ચે મોટો ઘુમ્મટ કરો અને નાની નાની ઘુમ્મટીઓ કરો જેથી મંદિર સર્વ પ્રકારે શોભે.''

બ્રહ્માનંદ સ્વામીને તો આ વિચાર હતો જ અને તેમાં સ્વામી ભળ્યા તેથી તેમને આનંદ થયો. ત્રણ શિખરના પાયામાં નવ લાખ ઈંટો વપરાય ગઈ !

### • લક્ષ્મીજી બોલ્યા છે તો હવે બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સિદ્ધ થશે :

ભગવાન શ્રીહરિને આ પત્ર મળ્યો. મહારાજે તે વંચાવ્યો. પછી બોલ્યા : ''આપણે તો બ્રહ્માનંદ સ્વામીને વારવા માટે નિત્યાનંદ સ્વામીને મોકલ્યા હતા પરંતુ તેઓ પણ તેમના પક્ષમાં ભળી ગયા. હવે તો આપણે જાતે જ વડતાલ જવુ પડશે.''

એટલે શુકાનંદ સ્વામીએ પૂછ્યું : ''મહારાજ ! સ્વામીએ આ સાખી લખી છે તેનું શું ?''

એટલે મહારાજે કહ્યું : ''એ તો તેમને એવી નિષ્ઠા છે એટલે લખે.''

''તો તેમની એ નિષ્ઠા નહીં ફળે ?'' શુકાનંદ સ્વામીએ હસતાં હસતાં પૂછ્યું.

''નિષ્ઠા તો ફળે જ ને !'' મહારાજે કહ્યું.

''તો પછી આપ ઉતાવળા કાં થાવ છો ?'' શુકાનંદ સ્વામીએ ધીરે રહીને પૂછ્યું.

''સારું ત્યારે જેવી ભગવાનની ઈચ્છા !'' મહારાજ બોલ્યા.

એટલે છેટે ઊભેલા જીવુબાએ કહ્યું : ''મહારાજ ! બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સિદ્ધ થવા દ્યો.''

તે સાંભળી ભગવાન શ્રીહરિએ શુકાનંદ સ્વામીને કહ્યું : ''સાંભળ્યું ?

આ લક્ષ્મીજી બોલ્યા છે તો હવે બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સિદ્ધ થશે.''

●

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ મંદિરનું કારખાનું ચલાવવા માંડ્યું સંતો પાંચ છ ગાઉ ઝોળી માંગવા જાય; તે માગીને દાળ, ચોખાનો લોટ તેના ગાંસડા બાંધીને લાવે, કે કોઈ સાથે મોકલાવે અને શાક અથાણાં પાપડ ને છાશના ઘડા ભરી હરિભક્તો લાવેને કારખાનું ચલાવે.

(શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ ૬૦)

તે પછી શ્રીજીમહારાજ મંદિરનું કામ જોવાને પોતે વડતાલ પધાર્યા બધી જગ્યા જોઈને મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, ''હવે તો ત્રણે શિખરના ઘૂંમટ અને મંડપ સહિત બધા પડથારનો પાયો એકી સાથે ગળાવીને ભરાવો.'' પછી સ્વામીએ મંદિરનો એકંદર (બધો પાયો ગળાવીને પુરાવ્યો ત્યાં તો તે તમામ ઈંટવાડાની ઈંટુ, પાયામાં જ સમાઈ ગઈ. તેથી મહારાજ કહે, ''બ્રહ્મમુનિ હવે શું કરશો ?'' સ્વામી કહે ''મહારાજ ! આ ચડોતર તો ગુજરાતનો મધ્ય પ્રદેશ છે. તેમાં ઘણા ઝાડવાં છે, તેમાંનું એક ઝાડવું ઝંઝોડીશ (ખંખેરીશ) ત્યાં એક શિખર તૈયાર થશે. એમ ઝાડવાં ખંખેરતો જઈશ અને મંદિરનું કામ ચલાવતો રહીશ.'' એમ કહીને સ્વામી પોતાની પર્ણકૂટીમાં મહારાજને પધરાવી, અનાજની નાની કોઠીઓ, નાંદો ગોળાઓ, વગેરેમાં લોટ, દાળ, ભાત વગેરે ભરેલા હતા, તે તથા પરચુરણ પૈસાઓના ભંભાઓ ભરેલા હતા, તે સર્વ બતાવી સહુ ઉપર શ્રીજીનો હાથ ફેરવાવ્યો; અને કહ્યું કે, મહારાજ, આપના પ્રતાપે આ સહુ સાધુઓ આસપાસના ગામમાં ઝોળી ફેરવી આવી, કામ કરતા કડિયા અને મજૂરોને રોટલા, દાળ ભાત જમાડવાની બહુ અંગ સેવા કરે છે. અને આ જોગી (સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદસ્વામી) તો આ પર્ણકૂટીમાં બેસી રાત્રિ દિવસ તમારું ભજન કરીને બધા માલથાલની સંભાળ રાખે છે ને લોકો મંદિર જોવા આવે તેને ઉપદેશ આપી આપના લીલાચરિત્ર, પ્રતાપ અને સ્વરૂપનિષ્ઠાની

વાતો સંભળાવી, વર્તમાન ધરાવી, સત્સંગમાં વધારો કરે છે. હું તથા જોબનપગી ઘોડે ચડી આસપાસના ગામડાઓમાં જઈને મોટા પૈસાપાત્ર પાટીદારો પાસેથી મંદિરની 'ધન'ની સેવા કરાવી કારીગરોના પગારો ચૂકવીએ છીએ. આવી રીતે મારા મંડળના સંતો અને હું આપને રાજી કરવા સેવા કરીએ છીએ." તે સાંભળી મહારાજ બહુ જ રાજી થયા અને વર આપ્યો કે "સ્વામી ! આ મંદિરનું કામ ચાલશે ત્યાં સુધી આ પર્ણકૂટીમાંથી ધન અને ધાન્ય નહીં ખૂટે તેમજ કોઈ જાતનું તમને સંકટ આવશે નહીં." એવું વરદાન મળતા સ્વામીએ કહ્યું કે "મહારાજ ! મને પણ એ વાતની સંપૂર્ણ શ્રદ્ધા છે." એમ કહીને નીચેનું કાવ્ય બોલ્યા :

**આસન જાસુ હૂતાસન કે ઢીગ, સો નર સીતકો કષ્ટ સહે નાં,**
**જાકર વાસ દિવાકર પાસ હૈ, સો નર તિમિર લેશ લહે નાં;**
**સાગર બીચ નિવાસ કરે, કબહુ ઈનકે તન દાહ દહે નાં,**
**યું પુરુષોત્તમ કે પરતાપ સેં , સંતકુ સંકટ રંચ રહે નાં.**

ભાવાર્થ : અગ્નિ પાસે જેનું આસન હોય તેને ઠંડીનું દુઃખ રહે નહીં; સૂર્યની પાસે જેનો વાસ છે તે નરને લેશ માત્ર અંધારું નડતું નથી; સમુદ્ર વચ્ચે જેનો વાસ છે, તેના શરીરને કોઈ વખતે અગ્નિથી બળવાનો ભય રહેતો નથી; તેવી જ રીતે આપ પૂર્ણ પુરુષોત્તમ નારાયણના પ્રતાપથી સંતોને રંચે માત્ર પણ સંકટ રહેતું નથી,

હે કરુણાસાગર ! મને સંપૂર્ણ આપશ્રીનો ભરોસો છે. આપે આપેલો વર સત્ય જ થશે. એમ કહી સ્વામીએ દંડવત્ કર્યા. શ્રીજીએ સ્વામીને બાથમાં લઈ મળ્યા. અને હસ્તમાં ધારણ કરેલ રેશમી કોરનો રૂમાલ સ્વામીને પ્રસાદીનો આપ્યો. તેમજ સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામી આદિક સર્વ સંતો અને પાર્ષદોને માથે હાથ મૂક્યો તેથી સહુ બહુ જ રાજી થયા તે બીજે દિવસે શ્રીજીમહારાજ ગઢપુર પધાર્યા.

## ● શ્રીહરિ કહે : વડતાલ મંદિરના ઉપયોગમાં આવેલા વૃક્ષોને સત્સંગમાં જન્મ આપશું :

એક વખત વડતાલ આવતા મહારાજ ગામ મહેળાવમાં આવ્યાના સમાચાર સ્વામીને મળતા સ્વામી, સંતો અને પાર્ષદો મેળાવ્ય આવ્યા, સભામાં આવી શ્રીજીમહારાજને દંડવત્ કરી મહારાજને સહુ ભેટ્યા. પછી સ્વામીએ વડતાલથી ગોટા (હજારી ફૂલ)ના હાર ગૂંથીને લાવેલા, તે મહારાજને કંઠમાં પહેરાવ્યા તેમાંથી મહારાજે એક હાર પ્રસાદીનો સ્વામીને પહેરાવ્યો પછી બ્રહ્માનંદ સ્વામી હાથ જોડી બોલ્યા જે, "હે મહારાજ ! મેં તો મંદિર અર્થે લીલાં ઝાડો બહુ કપાવ્યા છે; અને ચુનાની ભટ્ટીઓ પણ ઘણી કરાવી છે."

તે સાંભળી શ્રીજીમહારાજ કહે કે, "તે સર્વે જીવોનો સત્સંગમાં અવતાર આવશે." ત્યારે સ્વામી કહે કે, "મારે પણ એમ જ ઈચ્છા હતી." મહારાજ કહે, "સ્વામી તમો સહુ મોડા કેમ આવ્યા ? કંઈ ખબર મોડી મળી હતી કે શું ?" ત્યારે સ્વામી કહે કે, 'ખબર તો મને કાલે આવ્યા હતા, પણ હરે પહેલા આવીએ તો તમારા ભેળા જમનારા હોય, તેને પણ પુરું ન થાય; અને અમોને પણ પુરું ન થાય, એમ જાણીને સહુ જમી રહે ત્યાર પછી આપણે જાવું. એવો મનસૂબો કરીને અમો સહુ જમીને આ વખતે આવ્યા છીએ.'

પછી મહારાજ મંદિર સંબંધી વાત પૂછતા જાય અને સ્વામી ઉત્તર આપતા જાય પછી મહારાજ પોઢ્યા. અને સવારે ચાલ્યા તે ગામ રાવલી આવ્યા. ત્યાં તો વરતાલથી સામૈયું આવ્યું, તે ઢોલ શરણાઈ વગેરે વાજાં સાથે ગાજતે વાજતે વડતાલના મંદિરમાં પધાર્યા; તે માણકી ઘોડીએથી ઉતરીને સ્વામીનો હાથ ઝાલી મંદિર ઉપર ચડ્યા. ત્યાં બ્રહ્માનંદ સ્વામીએ ત્રણ મંદિરના પાયા ભરેલા તે તથા સવા નવ ગજ ઊંચો ઓટો કર્યો હતો તે મહારાજને દેખાડી કહ્યું કે, આટલો ઊંચો કર્યો ત્યારે આથમણા ખેતર બરોબર આવ્યો છે એટલી મંદિરની જગ્યા નીચી છે એ સાંભળી મહારાજ કહે "હવે કાંઈ કામકાજ હોય તો કહો" ત્યારે સ્વામી બોલ્યા કે, "તમારી આગળ જે ભેટને પૂજાનો સામાન આવે તે અમારા પાળાઓ લીએ; તથા મોટા બે ઈંટવાડા છે તેમાંથી પાંચ પાંચ વખત ઈંટુ પાળા, સાધુ, બ્રહ્મચારી, સંન્યાસી, હરિભક્ત બાઈ ભાઈ, સહુ અહીં મંદિર સુધી લાવે."

પછી શ્રીજીમહારાજ એ મોટા ઊંચા ઓટા ઉપરથી તાળી પાડીને બોલ્યા જે, "સર્વે બાઈ ભાઈ ત્યાગી ગૃહસ્થ ઈંટવાડેથી પાંચ પાંચ ફેરા ઈંટુના અહીં લાવજો, અને સર્વ સંત પરમહંસ બ્રહ્મચારી સંન્યાસી પાર્ષદ, બધા એક ઈંટવાડે જાય; અને બીજે ઈંટવાડે ગૃહસ્થ હરિભક્ત બાઈ ભાઈ જાય, તે પણ એક છેડેથી બાઈઓ લીએ અને બીજે છેડેથી ભાઈઓ લીએ. એમ આજ્ઞા કરીને મહારાજે મસ્તક ઉપર ધારણ કરેલી જે ફૂલની ટોપી અને કંઠમાંથી ફૂલનો હાર કાઢી એ બંને બ્રહ્માનંદ સ્વામીને પહેરાવ્યો અને સ્વામીનો હાથ ઝાલી હેઠા ઉતરી ઉતારે જતા સ્વામીને પૂછ્યું જે, "તમારા પાળા અમારી ભેટ્ય સામગ્રી લીએ તે તમારા મંદિરમાં રહે, એટલા માટે તેમ કર્યું ને ? ત્યારે સ્વામી કહે. હા મહારાજ." પછી ઉતારે જઈને મહારાજે પોશાક ઉતાર્યો. એટલે સ્વામીએ અત્તર અને સુગંધી તેલ મર્દન કરી મહારાજને ગરમ જળે સ્નાન કરાવ્યું. ત્યાં ગંગાબા અને વરિયાળીબા થાળ લઈને આવ્યા, તે જમવા બિરાજ્યા; તે

જમતા જાય અને બ્રહ્માનંદ સ્વામી સાથે વાતો કરતા જાય. જમી રહીને પ્રસાદીનો થાળ બ્રહ્માનંદ સ્વામીને આપ્યો.'' બીજે દિવસે સંતની પંક્તિમાં મહારાજ પીરસવા પધાર્યા, ત્યારે ભગવદાનંદ સ્વામીને તથા આત્માનંદ સ્વામીને તથા મને (પ્રસાદાનંદ સ્વામીને) આજ્ઞા કરી કે ''જે કોઈ હરિભક્ત રસોઈનું કહેવા આવે ત્યારે તમારે (ત્રણેયે મળીને તે) નક્કી કરવી તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી કહે કે, ''હે મહારાજ ! રસોઈ તો અમે માનશું; પણ તમો જેને આજ્ઞા કરો છો તે ન માને ?'' તે સાંભળી મહારાજ બોલ્યા કે, ''આપણે સહુ બ્રહ્માનંદ સ્વામીના મહેમાન છીએ, તે એમની નજરમાં આવે તેની રસોઈ લીયે.'' એમ વાત કરતા જાય અને પીરસતા જાય.

(શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ ૬૧-૬૪)

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ, વડતાલના મંદિર માટે ગામ 'ગાના'ના મુખીને પૂછીને એક રાયણનું ઝાડ અરધું લીલું અને અરધું સૂકું હતું. તેને વર્તમાન ધરાવીને કપાવ્યું. ત્યારે મતદારે (ગામના વહીવટદાર) કહ્યું કે, ''તમે તે રાણ કાપીને લઈ જાવ તો સરકારની દુવાઈ (સોગંદ) છે.'' ત્યારે પાળા હતા તેમણે તે રાણને ત્યાંજ રહેવા દઈને બીજા લાકડાંના ગાડા ભરીને લાવ્યા, ને સ્વામીને સઘળી વાત કહી. તે દિવસની અરધી રાતે રાયણ મૂર્તિમાન થઈ, હાથમાં મોટું કાતું (બીજના ચંદ્ર આકારનું હથિયાર) લઈને ના પાડનારની છાતી ઉપર ચડી બેઠી. અને બોલી જે, ''સ્વામિનારાયણના મંદિરના ઉપયોગમાં આવતી હતી. ને લખ ચોરાસીના ફેરા મટતા હતા; ત્યાં તું મને આડો ફર્યો ?'' ત્યારે તે કહે કે, ''હું સવારે મંદિરમાં જઈને તને આપીશ.'' ત્યારે રાયણ કહે, કે સારું, પછી તેણે તેમ કર્યું આવી સત્સંગમાં અનેક પરચાની વાતુ છે.

(શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ-૧૧૩)

શ્રીજીમહારાજ ગઢપુરથી વડતાલ મંદિરનું ચાલતું કામ જોવા જતાં એક વખત રસ્તામાં પીપળાવ રાત રહીને સવારે ચાલવા તૈયાર થયા. તે સમયે મનોહરભાઈ નામે પાટીદારે મહારાજને તાણ કરી કે ''મહારાજ ! સહુ કાઠી સ્વારો અને આપ, છાશું પીતા જાવ'' ત્યારે મહારાજ કહે કે, ''અમારે તો વડતાલ જઈને થાળ જમવા છે.'' ત્યારે કાઠી સ્વારોએ એમ જાણ્યું જે વડતાલે પુગતા બહુ મોડું થાશે, તેથી આપણે મહારાજને જવા દઈએ એને પછવાડેથી આપણે છાશું પીઈને પહોંચી જાશું. એમ કહીને તેઓ રોકાણા; અને મહારાજ ચાલતા થયા, તે પછી પાટીદારની સાથે કાઠીઓ છાશું પીવા ગયા પાટીદારે ત્રણ ચાર દિવસની ખાટી છાશ અને ચીણાનો સુકલ અરધો અરધો રોટલો બધાયને આપ્યો, તે કાઠીઓએ સુકલ રોટલાનું એક બટકુ લઈ, છાશનો ઘૂંટડો ભર્યો, ત્યાં તો માથામાં કોઈ ઝાટકો મારે એવું વસમું લાગ્યું, રોટલો સુકલ હોવાથી કરડ કરડ બોલે. પછી યુક્તથી રોટલો કૂતરાને નાંખી દઈ ઘોડે સ્વાર થઈ સહુ વડતાલ આવી પહોંચ્યા. ઘોડાઓ બાંધી આવીને મંદિર પાછળ શ્રીજીમહારાજ સભા કરી બેઠા હતા ત્યાં દાદો ખાચર, સુરો ખાચર, સોમલો ખાચર, મોકો ખાચર, અલૈયો ખાચર વગેરે કાઠીઓ આવીને શ્રીજીમહારાજના દર્શન કરી સભામાં બેઠા. તે સહુને જોઈને મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, આ કાઠીઓ માટે જમવાની કોઈ ઉતાવળ કરશો નહીં કારણ કે તેઓ છાશ પીને આવ્યા છે. તે સાંભળી સુરા ખાચરે વિચાર કર્યો કે હવે આપણને મોડું જમવા મળશે તેથી કંઈ ''કળા કરીએ તો વ્હેલું મળે, એમ વિચારીને પોતાના માથેથી મોળીયું (પાઘડી) ઉતારીને સોમલા ખાચર આગળ માથું નીચું કરીને કહે કે, ''એ ભણ સોમલા ! મોહે માથું જોને, ગધીનો વાળ છે કેમ ગુરુન ગયો છે !'' ત્યારે સોમલા ખાચરે માથેથી મોળીઉં ઉતારીને સુરા ખાચર આગળ માથું નીચું કરીને કહે કે, ''ભણું સુરા ! જોને મોહે માથા ઉપર મોવાળો છે કે ગુરુન ગો છે ?'' એવી રીતે કાઠીઓ માથેથી મોળીઆ ઉતારી, ઉતારીને એક બીજાના આગળ માથા નીચા કરીને પરસ્પર કહેવા લાગ્યા કે, ''ભણે તોળા માથા ઉપર મોવાળો થોડોક રીયો છે; ને બીજા બધા મુંવાળા ગરુન ગયા છે.''

સભામાં એવું ટીખળ થતું જોઈ ને મહારાજ કહે કે, સુરા ખાચર ! આ શું થયું છે ? આમ કેમ કરો છો ? ત્યારે સુરા ખાચર કહે કે, ''ભણે મહારાજ ભગવાનને મેલીને અમો છાશો પીવા રોકાણા, તે પટેલ ત્રણ ચાર દિવસની ખાટી છાશ અને ચીણાનો અરધો અરધો સુકલ રોટલો આપ્યો, તે અમો ખાવા બેઠા; તે સમે બાપુ ! એવો વસમો લાગ્યો કે જેમ કોઈ માથામાં તરવારનો ઝાટકો મારે તેવો વસમો લાગ્યો. ને ગધીનો રોટલો 'કડુક કડુક બોલે' પછી અમે સહુ તે રોટલો કૂતરાને નાંખી દઈને અહીં આવ્યા, ત્યાં તમે બ્રહ્માનંદ સ્વામીને રોટલો આપવાની ના પાડી, તેથી અમો માથેથી મોળીઆ ઉતારી એક બીજાને માથાં દેખાડીએ છીએ કે, ''માથાના વાળ છે કે ખરી ગયા છે ?'' તે સાંભળી મહારાજ મોઢે રૂમાલ દઈને ઘણું હસતા હતા. પછી બ્રહ્માનંદ સ્વામીને કહે 'એ સહુ એને જમવા તેડી જાવ.' એટલે સ્વામી કહે કે 'ભગવાનને મૂકીને જુદા રહે તેમના એ હાલ થાય છે. એટલા સારુ પ્રેમાનંદસ્વામીએ કીર્તનમાં કહ્યું છે કે, ''વાલા એ રસના ચાખણ હાર, છાશ ને નવ પીએ રે લોલ,'' એમ કહી સ્વામી કહે કે બીજાં સુખ તો ખાટી છાશ જેવા છે, એમ સભામાં રમૂજ કરી. પછી કાઠીઓને સ્વામી જમવાને તેડી ગયા.

(શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત : વિશ્રામ-૧૯૧)

એકવખત ભગવાન શ્રીહરિ શિયાળાની ઋતુમાં કાઠીઓના સ્વારો સાથે મંદિરનું કામ જોવા વડતાલ પધાર્યા હતા. આ વખતે શિયાળામાં કાઠીઓ ઘોડાઓને રાતબ (મસાલો) નાંખી પાકના મસાલાવાળા લાડવા ઘોડાને ખવરાવે. ઠંડીમાં ઘોડાને ઘી પાય તેથી ત્યાં જેવી જોઈએ એવી ઘોડાની બરદાસની સગવડતા ન થઈ અને ચંદી (જોગાણ વગેરે) ખવરાવવામાં ભંડારી સાધુએ કંઈક સંકોચ કરવાથી કાઠીઓ કોચવાઈને ગઢડે જવાની તૈયારી કરવા લાગ્યા. એ વાત મહારાજના જાણવામાં આવતા કાઠીઓને સારુ લગાડવા માટે શ્રીહરિ પણ જવાને સાબદા થવા લાગ્યા એ ખબર બ્રહ્માનંદ સ્વામીને થતા સ્વામીએ સઘળી પરિસ્થિતિને જાણી શ્રીહરિને પ્રાર્થના કરી કે,

**રાગ સોરઠ (મારવાડી ભાષા)**

**જાવાનૈ દેશાંજી નંદકુમાર, માને થારા દરશનનો છે અતિ પ્યાર;**
**થારે વિના મેં કીણ વિધજીવાં, ચતુર પિયાહો મારા પ્રાણ આધાર...જાવા૦૧**
**હાલું હાલું કાંઈ કરે છો વારી, શ્યામળિયાજી સરદાર;**
**રસિયા થાનેં રોકશાં, ઠાલી કાંઈ કરાવોછોજી થેં મનુવાર...જાવા૦૨**
**સાથીડા ને જમાડશાંજી, ઘૃત સાકર મેવા સાર;**
**ઘોડલાને ઘી દેવાડશાંજી રૂડી રાતબ નીલી નીલી ચાર...જાવા૦૩**
**જો મારો બરજ્યો નહિ કરો, પિયા તો મારો ઔર વિચાર;**
**બ્રહ્માનંદરા નાથજી વારીઆં, શા મેંથાકી સાયબા ઘૂંમર લાર...જાવા૦૪**

એક કીર્તન સાંભળી મહારાજ અને સહુ કાઠી સ્વારો રોકાણા. સ્વામીએ ઘોડાઓને રાતબ, ચાંદી (જોગાણ) લીલા ઘાસ વગેરે અપાવ્યા ઉપરાંત દરેક ઘોડાઓને 'ઘી'ની નાળો ભરી ભરીને પીવરાવી. તેમજ કાઠીઓ વગેરેને નવીન ભોજન કરાવીને જમાડવાથી એ સહુ ભક્તો રાજી થયા હતા.

**શ્રીહરિચરિત્રામૃતસાગરમાં સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને વડતાલ મંદિર કરવા મોકલ્યા તે પ્રસંગનું વર્ણન કરતાં લખે છે :**

કારિયાણી ગામમાં શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, "વડતાલ ગામ જેવું સરસ છે તેવું ત્યાં તમે હરિમંદિર કરો." પછી બ્રહ્માનંદ સ્વામી ચરોતર આવ્યા. શ્રીહરિએ વડતાલમાં ઘણા ઉત્સવ અને સમૈયાઓ કર્યા હતા. તે ઉત્સવ-સમૈયાઓ એટલા બધા અદ્‌ભુત અને એવી રીતે કર્યા હતા કે બીજા કેટલાય અવતારો થઈ ગયા, પણ કોઈએ આવા ઉત્સવ-સમૈયા કર્યા ન હતા.

શ્રીહરિએ ઉત્સવ-સમૈયાઓ કર્યા, મહારુદ્ર યજ્ઞ કર્યા અને ઘણી અદ્‌ભુત ચોરાશીઓ કરી. આ બધું નજરે દેખવા છતાં નાક, કાન વગરના દુર્ભાગી મનુષ્યો મનફાવે તેમ બોલતા હતા. સત્સંગ સિવાયના જે ગુરુ, શિષ્યો અને આચાર્યો હતા, તે બધા પોતાના મનમાં ફાવે તેમ ચાલવામાં જ મુક્તિ માનતા હતા. આ સત્સંગનું જે વૃત્તાંત છે તે તો સૂર્ય જેવું છે, તેથી જે જેવું વર્તતા હોય તે દેખાઈ આવે છે.

બ્રહ્માનંદ સ્વામીએ વડતાલમાં આવીને મંદિરનો આરંભ કર્યો. શ્રીહરિએ જે રીતે કહ્યું હતું તે રીતે નાનું મંદિર આરંભ્યું. શ્રીહરિના મનમાં રાત-દિવસ હરિભક્તોની રક્ષા કરવાનું તાન રહેતું હતું. જે બુદ્ધિમાન હોય તેઓ તે બાબતને જાણે છે. બાળક, પશુ, વૃક્ષ, દ્રવ્ય અને અન્ન-ધન આટલી વસ્તુઓની રક્ષા કર્યા વિના કોઈ દિવસ તેની વૃદ્ધિ થાતી નથી, એમ નિપુણ લોકો જાણે છે. આ બ્રહ્માંડમાં ભગવાન જેવા કોઈ નિપુણ નથી. ભગવાનની બુદ્ધિ તો સર્વોપરિ વર્તે છે. આ લોક અને પરલોકમાં જે રીતે સુખી રહેવાય, તેવું બીજા એક પણ જાણતા નથી. ભગવાનમાં અને બીજામાં તો રાત અને દિવસ જેટલો ફરક રહે છે.

જે જે વાત જેવી રીતની હોય, તેને જીવ જ્યારે મનુષ્યશરીરમાં આવે છે ત્યારે જાણી શકે છે. મનુષ્યદેહ સિવાયના બીજા અનેક દેહ છે, તેનો ગણતા પાર આવતો નથી. પણ મનુષ્યદેહ સિવાયના બીજા દેહ નિરર્થક છે. આવી રીતે જે જાણે ત્યારે તેમાં બુદ્ધિ છે, એમ કહેવાય. તે વિના તો ચાહે તેવી બુદ્ધિ હોય, તોપણ તે નિરર્થકમાં ખપે છે. બુદ્ધિનો ખરો અર્થ એટલો જ છે કે, 'જે વાત જેવી હોય તેને તેવા રૂપમાં સમજવી.' ભગવાનને ભજવામાં અપાર સુખ રહ્યું છે. ભગવાન ભજવા જેવું સુખ બીજું એક પણ નથી; એમ જ્યારે જાણે ત્યારે તેને ખરો વિવેક કહેવાય. આવો વિવેક જેને થઈ જાય તેણે સર્વે ગ્રંથો ભણી લીધા, સર્વે બાબતો કરી લીધી, તેમજ યોગ, યજ્ઞ, જપ, તપ, વ્રત, દાન અને તીર્થાદિક કરી લીધાં છે અને તેણે અનંત કોટિ બ્રહ્માંડોનું રાજ્ય કરી લીધું છે.

જીવની જેટલી ઇચ્છાઓ હોય છે, તે ક્યારેય પૂરી થઈ શકતી નથી. તેને લીધે જ તેને જન્મ-મરણની નિવૃત્તિ એક પળવાર પણ

થતી નથી. જ્યાં સુધી ભગવાનની મૂર્તિમાં સુખ દેખાતું નથી, ત્યાં સુધી સર્વે સાધન કર્યાં હોવા છતાં તેણે એક પણ સાધન કર્યું નથી; તેમ કહેવાય. જડ કે ચિત્ જે જે જેટલી કાંઈ બાબતો છે, તે બધી જ ભગવાનની મૂર્તિમાં દેખે; તેને સર્વે સાધનોની સમાપ્તિ થઈ ગઈ છે. જ્યારે ભગવાનની મૂર્તિમાં જ સુખ દેખાય ત્યારે તેને રતીભાર ન્યૂનતા રહેતી નથી.

જેને ભગવાનમાં જ સુખ દેખાય છે, તેણે જેટલી પ્રકારની સમાધિ કહેવાય છે તે બધી સિદ્ધ કરી લીધી છે. ભગવાનની મૂર્તિ સિવાય જ્યાં સુધી બીજે સુખ દેખાય છે, ત્યાં સુધી તેને સમાધિ થઈ હોય તોપણ શું ? તે તો બાળબુદ્ધિ છે. જ્યાં સુધી બાળબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેને ભગવાનનું સુખ મળતું નથી. એકવાર સુખ થયા પછી ફરીવાર ક્યારેય દુઃખ ન આવે, એવું જે સાચું સુખ પ્રાપ્ત થાય, તે જ ખરું સુખ છે. આવું જે સર્વોત્તમ અને અવિચળ સુખ છે, તે એક ભગવાનની મૂર્તિમાં જ રહ્યું છે. મૂર્તિ વિના તો બીજે બધે અપાર દુઃખ જ રહ્યું છે.

જ્યાં સુધી આવી સમજણ નથી આવી, ત્યાં સુધી સત્સંગ કાચો છે. માટે વારંવાર સત્સંગને અતિશય દૃઢ કરવો અને તેમાં ઘણું હેત કરવું. જેમ જેમ આ સત્સંગની વાત સાંભળતો રહે, તેમ તેમ સત્સંગ ઉપર અપાર ભાવ વધતો રહે છે. દિન પ્રતિદિન જેનો રંગ વધારે ચઢતો રહે, તેનું જ નામ સત્સંગ કર્યો કહેવાય છે. સત્સંગના રંગ સમાન બીજો કોઈ રંગ નથી. જેના રંગે કરીને જેટલું દુઃખ હોય છે તે બધાનો નાશ થઈ જાય, એવો રંગ તો એક સત્સંગનો જ રહ્યો છે; જેની તુલનામાં બીજું કાંઈ આવતું નથી. આવા અમૂલ્ય સત્સંગનું મૂળ ભૂમિ ઉપર સ્થાપન કરવા માટે શ્રીહરિએ દેશોદેશમાં મંદિર થાય, એવો સંકલ્પ કર્યો હતો.

સત્સંગ, આચાર્ય અને મંદિરનાં મૂળને દૃઢ કરવા માટે શ્રીહરિ ગઢપુરમાં નિવાસ કરીને રહ્યા અને ગ્રંથ કરવાનો અભ્યાસ-વિચાર કર્યો. સદ્ગ્રંથે કરીને સત્સંગની વાત દર્પણની જેમ જેવી હોય તેવી દેખાય આવે છે. જેની જે રીતની વાત હોય છે, તે બધી ગ્રંથમાં તેવી રીતે બતાવી દીધી. જીવનો મોક્ષ થવાની જે ઉત્તમમાં પણ ઉત્તમ વાત હતી, તે બધી પણ ગ્રંથમાં બતાવી દીધી. બ્રહ્મા જેવા કરોડો આવે, તોપણ તે બધી વાતો સિદ્ધાંતની દૃષ્ટિએ ક્યારેય અપ્રમાણ ન થાય; તેવા ગ્રંથ શ્રીહરિએ કરાવ્યા. ભગવાનના અવતાર એવા વ્યાસમુનિ જેવા કરોડો ઋષિઓ કહેવાય છે; તેઓ પણ તે ગ્રંથને પ્રમાણ કરતા હતા. શ્રીહરિએ એવી એવી કલ્યાણકારી વાતો ગ્રંથમાં લખાવી અને તે ગ્રંથનું 'સત્સંગિજીવન' એવું નામ ધારણ કરાવ્યું. તે ગ્રંથનું જેવું નામ છે તેવી જ બધી વાતો તેમાં લખી છે. તે વાતો હરિભક્તોને દિવસે દિવસે ભગવાનમાં અધિક પ્રીતિ ઉપજાવનારી છે. જે જે ગ્રંથોમાં સારરૂપ જે દૂધ હતું તેનું દોહન કરીને આ અદ્ભુત ગ્રંથમાં તેને રાખ્યું. તેથી તે ગ્રંથ ભગવાન જેવો અદ્ભુત બન્યો.

## • વડતાલ મંદિરની તથા જોબન પગીના પૂર્વજીવનની વાત કહી :

વડતાલ ગામના પાટીદાર હરિભક્તો, ગોસાઈ નારાયણગિરિ, જોબન પગી તથા સુંદર પગી વગેરે બધા એક મત થઈને બ્રહ્માનંદ સ્વામીને કાંઈક વાત જણાવવા આવ્યા હતા. તેમાં જોબન પગી અને સુંદર પગી ખૂબ પ્રસન્ન મનવાળા રાજી હતા. તે બંને ભાઈ હતા અને ઘણા સારા સત્સંગી થયા હતા. આમ તો તેઓ પહેલાં સો સો ગાઉ સુધીમાં પ્રસિદ્ધ મોટા ચોર હતા. તેઓ ઠાકોર અને પગી કહેવાતા. તેને જોઈને બધો પ્રદેશ ધ્રૂજતો હતો. જ્યારે રાત પડે ત્યારે ચરોતરના ગામેગામમાં ઘેર ઘેર લોકો તેના ભયથી વારાફરતી જાગતા રહેતા હતા, છતાં પણ તેઓ જે ઘરમાં ધારે ત્યાંથી તેનાં ધન અને ઘરેણાં વગેરેને લઈ લેતા હતા. અને જે માણસ ધન ન આપે તેને માર્યા વિના છોડતા નહીં. તે બંને ભાઈનાં શરીર ઉપર નખથી શિખા પર્યંત ઘા લાગેલા હતા. છતાં પણ તે બંને ચોરી કરતા રહેતા. તે મરવાથી ડરતા નહીં.

જ્યારે શ્રીહરિ છાસઠના વર્ષમાં ડભાણમાં યજ્ઞ કરતા હતા, ત્યારે તેઓ યજ્ઞ જોવાને બહાને ડભાણ ગામમાં આવીને રહ્યા હતા. ખરેખર તો તેમને શ્રીહરિની સાથે આવેલા કાઠીઓના ઘોડાઓને ચોરવાની ઇચ્છા હતી. તેથી જ્યારે રાત થાય ત્યારે મનમાં હરખ પામીને ચોરી કરવા આવતા. સુંદર પગીનાં જોયેલાં શુકન અફર રહેતાં હતાં. તે સમયે ડભાણના પાટીદારોનાં ઘેર ઘેર એક એક અશ્વ બાંધેલો હતો. તેને બામરોલીવાળા તખા પગીએ જોઈ રાખ્યા હતા. તેથી જોબન પગી વગેરે બધા એક મત કરીને સહુ ભેગા થઈને આવ્યા. તેમણે ઘોડા લેવાનો ચોક્કસ નિર્ધાર કર્યો હતો. જ્યારે અધરાત થઈ ત્યારે છાની રીતે દરેક ઘેર ઘોડા ચોરવાને માટે ફરવા લાગ્યા. પરંતુ તેઓ જ્યાં જ્યાં જાતા હતા ત્યાં બબ્બે પાર્ષદો ચોકી કરતા હતા. આ રીતે ત્રણ દિવસ સુધી રાતે ચોરી કરવા ફર્યા, પણ ત્યાં ચોકી કરવા માટે તત્પર થઈને ઊભા હોય તેમ પાર્ષદોને દેખ્યા; તેથી ચોરી થઈ નહીં.

શ્રીહરિએ તે બધા પગીને ઘણા ભાવથી ત્રણ દિવસ સુધી જમાડ્યા અને તેમનાં અંતરને ઓળખીને પછી તેમને બોલાવ્યા. પહેલા તેમને ફૂલના હાર પહેરાવ્યા અને કહ્યું કે, "તમે આવ્યા, ઘણું સારું થયું. તમે આવ્યા તેથી અમને હવે ચોરનો કોઈ જાતનો ડર રહ્યો નથી. કાઠીઓ કોળીનો વિશ્વાસ રાખે છે અને કોળી લોકો કાઠીનું લગાર પણ લેતા નથી. કારણ કે, એક ચોર બીજા ચોરની એટલી

મહોબત પરસ્પર રાખે છે. આટલો ધર્મ એકે એકમાં દૃઢતાથી રહ્યો છે. જે આપણો વિશ્વાસ રાખતા હોય, તેવા વિશ્વાસીનું પણ કાંઈક લઈ લેવાનું જે મન કરે તેને તેનું ઘણું પાપ લાગે છે. તેમ છતાં અમુક લોકો તે વિશ્વાસીનું ચોરવારૂપ પાપ કરતા પણ ડરતા નથી. કેમ જે, જેને ચોરીનું વ્યસન પડે છે તેના જીવને ચોરી સિવાય જંપ થાતો નથી. તમે ત્રણ દિવસ સુધી ઘણી સારી ધીરજ રાખી. તમે તમારા મનને એટલું તો સંયમમાં રાખ્યું.''

ત્યારે તે બધા પગીઓ પાપને છોડી, માથું નમાવી, બંને હાથ જોડીને બોલ્યા, ''હે પ્રભુ ! ખરેખર તો અમે ચોરી કરવાનો નિશ્ચય કરીને આવ્યા હતા. ઘોડા લેવાનું મનમાં નક્કી જ કર્યું હતું. તેથી ત્રણ દિવસ સુધી રાતે ફરતા રહ્યા. પરંતુ એક એક ઘોડા પાસે આવીને અમે જ્યારે જોયું ત્યારે હાથમાં ઢાલ, તલવાર લઈને બબ્બે પાર્ષદો ઘોડાની પાસે ઊભા હતા. એ રીતે અમે રોજ જે બન્યું તે દેખતા રહ્યા. છતાં આપ અમને ઘણા પ્રેમથી લાડુ જમાડો છો અને ફૂલના હાર આપો છો. હે મહારાજ ! અમારી જેવા ચોરને આપ સંઘની ચોકી કરવા પ્રેરો છો !! ચોકી કરતા થકા અમારું મન ચોર હોવા છતાં કોઈની કોઈ વસ્તુ નહિ ઉઠાવી લે, એવો આપે અમારો વિશ્વાસ કર્યો. આ બધું જાણતા હોવા છતાં આપ અમને જમાડો છો. આ સંઘની સુરક્ષા કરવાનું કામ અમારા શિરે દીધું છે, તેમ છતાં અમે ઘોડાની ચોરી કરત એવા અમે લબાડ છીએ. તેવો દગો ન કરવામાં આપના પાર્ષદોએ અમારી લાજ રાખી છે. માટે આજથી 'ક્યારેય ચોરી કરવી નહીં', એવો હવે અમે નિયમ લઈએ છીએ.'' અનેક મનુષ્યોની વચ્ચે તેમણે સત્સંગના નિયમ ધારણ કર્યા. તે વાતથી આખા ચરોતર પ્રદેશમાં સહુને ઘણું આશ્ચર્ય થયું.

જોબન પગી, સુંદર પગી અને તખા પગીએ જ્યારથી સત્સંગના નિયમ ધારણ કર્યા, ત્યારથી લઈને જિંદગીભર તેઓ ક્યારેય કોઈ વાર ચોરી કરવા ગયા નહીં. એટલું જ નહીં, પરંતુ જે કોઈ બીજા ચોરી કરતા તેને પણ તેઓ રોકતા હતા. ચોરને તેઓ કહેતા કે, 'ચોરીમાં ક્યારેય સુખ રહ્યું નથી.' સાચું સમજાવીને તેમણે બીજા કેટલાક ચોરોને પણ ચોરી કરવાનું છોડાવી દીધું અને તેમને સત્સંગ કરાવ્યો હતો. તેમાંથી જે કોઈએ શ્રીહરિનો સત્સંગ સ્વીકાર્યો તેમને પછી પ્રભુકૃપાથી અપાર અન્નવસ્ત્રાદિ ક મળ્યાં હતાં.

એવા જોબન પગીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, ''સ્વામી ! અમદાવાદ કરતાં પણ ઘણું વિશાળ ત્રણ શિખરનું મંદિર અહીં કરો. ગામના પાટીદારોની પણ આ બાબતે શુભમતિ વર્તે છે. આપ જેમ કહેશો તે રીતે ઘણાં હેતથી અમે સહુ જરૂર સેવા કરશું. આપ જે કહેશો તે વસ્તુને હાજર કરશું, તેમાં ક્યારેય પાછો પગ રાખશું નહીં.'' ત્યારે ત્યાં રહેલા ગામના મોટા-મોટા પાટીદારો બોલ્યા કે, ''તમે જેટલી કહો તેટલી અમે જમીન આપીએ.'' એમ સહુ પહેલા જીવાભાઈ તથા જેસંગભાઈએ સ્વામીને કહ્યું. પછી મૂળજીભાઈ અને કુબેરભાઈ બોલ્યા અને તેના પછી થોભણદાસ, લાલદાસ, નરોત્તમદાસ અને વસંતદાસે પણ ઘણાં હેતથી કહ્યું. વળી દયાળજીભાઈ, કરશનદાસ અને બેચરદાસ પણ ઉત્સાહથી બોલ્યા. તેમજ ગોસાઈ નારાયણગિરિ અને જોબન પગી પણ બોલ્યા.

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ સહુ હરિભક્તોને કહ્યું કે, ''ફક્ત જગ્યા આપવાથી શું થાય ? કેમ જે, ધન વિના મોટું મંદિર ક્યારેય થાય નહીં. અમે જેટલા સંતો છીએ તેમાંથી કોઈ ધન રાખતા નથી. કેમ જે, ત્યાગી માટે ધન અને નારી બંધનરૂપ અને કલંકરૂપ છે. ચાહે તેવો કોઈ સિદ્ધ થઈને પૂજાતો હોય, પણ જો ત્યાગી થઈને ધન-નારી રાખે તો તે ધન અને નારી તેને ગુલામ કરી દે છે. જે કાંઈ ધન છે તે તો હરિભક્તોનાં ઘરમાં છે. માટે જો તમે બધા મળીને ધારો તો શું કામ ન થાય ?''

બ્રહ્માનંદ સ્વામી વડતાલના સર્વ પાટીદારો આગળ જેવી વાત હતી તેવી કહેવા લાગ્યા. જેટલા ખેડૂતો છે તે મોટા મોટા રાજાઓનું પોષણ કરે છે અને પોતાનું પણ પોષણ કરે છે. ઇન્દ્ર વરસાદ વરસાવે અને જેની જે જમીન હોય તેમાં ખેડૂતો ખેતી કરે ત્યારે જમીનદારને ઊપજ મળે છે. રાજાના ઘરમાં જેટલું આવે છે તે બધું એકલો રાજા જ ભોગવે છે. તેની ઇચ્છામાં જેમ આવે તે રીતે તે ભોગવે છે. 'ભગવાન મારા ઉપર અપાર પ્રસન્ન થાય', એવો વિચાર જે રાજા થયો હોય તેને પ્રાયઃ કોઈ દિવસ આવતો નથી. રાજાને જેટલા કાંઈ મનુષ્યો કારભારી વગેરેના રૂપમાં મળે છે, તે મોટાભાગે તેને પાપમાં જ રુચિ કરાવે છે. તે કર્મચારીઓ રાજાને સત્પુરુષની બહુ અરુચિ કરાવે-રખાવે છે.

સત્પુરુષના યોગ વિના ક્યારેય કોઈની બુદ્ધિ શુભ થતી નથી. સત્પુરુષ જેટલું કાંઈ સારરૂપ સુખ છે તે બધું તેને ભગવાનમાં જ દેખાડે છે. જે સત્પુરુષ કહેવાય છે તે જીવને ભગવાન મેળવી આપે છે. સત્પુરુષપણામાં ત્યાગી-ગૃહીનો કાંઈ નિયમ નથી. જે કોઈ ભગવાનમાં જ સુખ દેખાડે અને જેટલી કાંઈ સારભૂત બાબત છે તે બધી જે ભગવાનમાં જ દેખાડે, તે સત્પુરુષ છે. તેમાં વર્ણ કે આશ્રમનો કોઈ નિયમ નથી. પુરુષોમાં જે એવા સત્પુરુષ હોય છે, તે પુરુષોમાં જ્ઞાનવાર્તાએ કરીને કથા-કીર્તન ઇત્યાદિક કરવામાં દિનપ્રતિદિન અધિક શ્રદ્ધા ઉપજાવે છે અને જેટલું સારરૂપ સુખ છે તે ભગવાનમાં દેખાડે છે. સત્પુરુષમાં આ રીતના અપાર સર્વોપરિ ગુણ રહ્યા હોય છે, જેનો કહ્યે પાર આવતો નથી.

જે સધવા તથા વિધવા સ્ત્રીઓ હોય, તેમાં જે ભગવાન સિવાયના બધાને કાળનું ચવાણું દેખે છે; તે બધી સતીનારી કહેવાય છે. તેમાં જે હરિભક્ત સ્ત્રીઓ છે, તે સ્ત્રીઓ ફક્ત સ્ત્રીઓમાં જ ઘણા પ્રેમથી ભગવાનની વાતો કરે છે. ભગવાને ભક્તોને જે રીતે આ ભૂમિ ઉપર રહીને સુખ દીધું હોય છે, તેને ભક્તો અત્યંત ભાવથી સંભારે છે.

ભગવાન તથા ભગવાનના સંબંધ વગરના મનમાં જેટલા સંકલ્પ થાય છે, તેને ભક્તો મોટાં દુઃખના સમાન માને છે. જે ભગવાનના ભક્ત હોય છે તેની આવી પરમ પવિત્ર રીત હોય છે. તે ઇન્દ્રિયો અને અંતઃકરણના દોરાવ્યા દોરાતા નથી. ભગવાનનાં જેવાં વચન હોય તે પ્રમાણે તેમાં સુખ માનીને જેટલી કાંઈ વાત કરવામાં આવે, તેમાં કોઈ પણ જાતનો બાધ આવતો નથી. અને આપમેળે મન ધાર્યા જેટલાં સાધન કરવામાં આવે છે, તેનું કાંઈ ફળ મળતું નથી અને સંસારના ભટકણનું દુઃખ પણ મટતું નથી. જ્યાં સુધી સંસારનું ભટકણ રહે છે, ત્યાં સુધી જમપુરીનું દુઃખ પણ રહે છે. જ્યારે સત્સંગ કરવામાં આવે છે ત્યારે અજ્ઞાનનું બધું અંધારું ટળી જાય છે. સત્સંગ કર્યા સિવાય બીજા કરોડો ઉપાય કરે, તોપણ અજ્ઞાનનું અંધારું ટળતું નથી. જેટલા ગ્રંથો મોક્ષપરક છે તે બધાનું આવું એક જ તાન રહ્યું છે.

શ્રીહરિને મંદિર કરાવવા પાછળ એટલું જ તાન હતું કે, જ્યાં સુધી આ ભૂમિ રહે, ત્યાં સુધી મોક્ષનો માર્ગ ચાલુ રહે. શ્રીહરિના સંકલ્પનો જે લોકો આદર નથી કરતા તેમનું મૂળ કદાચ પાતાળ સુધી ગયું હોય, તોપણ તે આતશબાજીની જેમ ઊડી જાય છે. સત્યનાં મૂળને જે અસત્ય કહે છે, તે પોતે જ અસત્યરૂપ જણાય છે અને તેને બધું જગત પણ જાણે છે. ભગવાન સત્ય છે, સત્સંગ પણ સત્ય છે અને અજ્ઞાની સર્વે અસત્ય છે; એમ શ્રીહરિ પોતે જ કહે છે. મનુષ્ય મનુષ્યની રીતે બોલે છે, પશુ પશુની રીતે બોલે છે, પંખી પંખીની રીતે બોલે છે; પણ જે અજ્ઞાની છે તે તો ભાતભાતનું જુદું જુદું બોલે છે.

જે સત્પુરુષ છે તે સત્ય માર્ગ ઉપર ચાલતા રહે છે. અને જે અસત્પુરુષ છે તે અસત્ માર્ગ ઉપર ચાલે છે. સત્ય અને અસત્ય માર્ગમાં રાત દિવસ જેટલો ફરક હોય છે. સત્ય અને અસત્ય એવા રાજાઓ, તેનાં વર્તન ઉપરથી દેખાઈ આવે છે. જેટલા સત્ય માર્ગ ઉપર ચાલનારા રાજાઓ છે તે પ્રજાનાં દુઃખને હરે છે અને પ્રજાને સુખી કરવા રાત-દિવસ તત્પર રહે છે. તેઓ જે રાજાઓ પ્રજાને દુઃખ દેતા હોય છે, તેની બરાબર રીતે તપાસ કરીને તેનાં મૂળને જરૂર ઉખાડી નાખે છે. તે કોઈ પણ જાતની લાંચના લાલચુ થતા નથી. લાંચના લાલચુ રાજાઓ અસત્ય કહેવાય છે અને એવા જેટલા કારભારીઓ હોય, તે બધા અસત્પુરુષ હોય છે. તે બધાને જ્યારે પૂરેપૂરી લાંચ મળે છે, ત્યારે ચાહે તેવા અન્યાયને પણ સત્ય ઠેરાવી દે છે અને સત્યને અસત્ય કહી દે છે.

જે સ્થળે આવું વર્તન થતું હોય છે, તે બધા ભગવાનના ચોર છે અને જે ભગવાનના ચોર બને છે તેની બધે અપકીર્તિ થાય છે. જેટલા ઠગ લોકો છે તે બધા ઉપરથી તો ઘણા શાહુકાર બનીને રહે છે. પણ તે લોકો આ લોકમાં અત્યારે મનુષ્યોને જે રીતે ઠગે છે, તેવું તેને ભવિષ્યમાં દુઃખ ભોગવવું પડે છે. ભગવાન સત્યસ્વરૂપ છે અને અધર્મ અસત્યરૂપ છે. જ્યાં લાંચિયા રહેતા હોય છે ત્યાં ગરીબ પ્રજા ઘણી પીડાતી હોય છે. ચાહે તેવો કોઈ ગરીબ માણસ હોય, પણ જો સત્ય માર્ગે ચાલતો હોય તો છેવટે તેની કીર્તિ કહી ન શકાય તેટલી વધે છે. આ જગતમાં જે લોભના દાસ થઈ ગયા હોય છે તે જેમ લોભ કહે તેમ કરે છે, પણ તેમાં દોષ દેખતા નથી. જે સત્યના દાસ હોય છે તે જેમ સત્ય કહે તેમ કરે છે અને તેનું સત્યનું ચલણ કોઈ કલ્પે પણ ફરતું નથી. જે અસત્ય છે તે અસત્ય જ રહે છે. અસત્ય ક્યારેય સત્ય થાતું નથી અને જે સત્ય છે તે કરોડો કલ્પે કરીને પણ અસત્ય થાતું નથી.

## ● વડતાલમાં વિશાળ ત્રણ શિખરનું મંદિર કરવાનો બ્રહ્માનંદ સ્વામીએ આરંભ કરાવ્યો :

બ્રહ્માનંદ સ્વામીએ વડતાલના પાટીદારોને કહ્યું કે, "ત્રણ શિખરનું મંદિર થાય તે રીતે આપણે આરંભ કરીએ. પણ ક્યારેય કરજ ન થાય એવું અને જેવો દેશ હોય તેવું અર્થાત્ જ્યાં જેવી જરૂર હોય તેવું જ મંદિર કરવું જોઈએ. જ્યારે આ મંદિરમાં ભગવાન આવીને વિરાજશે ત્યારે તેમની ઇચ્છા પ્રમાણે બધું સહજ રીતે થાશે. જે સહેજે થાય તેમાં રસ રહે છે. ક્લેશમાં રસ રહેતો નથી, તે પ્રગટ દેખાય છે. શ્રીહરિનો એવો જ મત છે. ભગવાન શ્રીહરિ જેટલી વખત વડતાલ આવ્યા અને જેટલા સમૈયાઓ કર્યા, તે બધી પરિસ્થિતિને વડતાલના જેટલા પાટીદારો છે તે બધા જ જાણે છે.

સંવત્ અઢારસો બાસઠના વર્ષથી છ્યાશીના વર્ષ સુધી શ્રીહરિ વરસમાં એક, બે કે ત્રણ વાર ફરી ફરીને વડતાલ આવતા રહ્યા છે. શ્રીહરિએ અહીં એવા સમૈયા કર્યા છે કે જે બીજે ક્યાંય કોઈ દિવસ સાંભળ્યા ન હોય. તે સમૈયામાં શ્રીહરિ હંમેશાં એવી વાત કરતા કે ક્યારેય અધર્મનો પ્રવેશ થાય નહીં. સમૈયા કરવાનું ફળ એટલું જ હોય છે કે, 'સત્સંગ સિવાયનું બધું જ તુચ્છ જણાય.' પરંતુ બ્રહ્માંડમાં જેટલા જીવ છે તે બધા માયિક પંચવિષયમાં જ અપાર સુખ માને છે. તેમને તે વિષયસુખ સિવાય કાંઈ સારું લાગતું નથી. અને જે જે સાધનો કરે છે તેનું ફળ પણ પંચવિષય મળે તે જ માનતા રહે છે.

ચાહે તેવો કોઈ પંડિત હોય, ચાહે તેવો ત્યાગી કહેવાતો હોય કે ચાહે તેવો કોઈ બુદ્ધિમાન હોય અને ભગવાનનું ભજન કરતો હોય; તોપણ જ્યાં સુધી તેને પંચવિષયનાં સુખનું દુર્લભપણું મનાય છે, ત્યાં સુધી તે બધા કદાચ આકાશમાં ઊડે તેવા હોય તોપણ તુચ્છ બુદ્ધિના જ કહેવાય છે. કોઈ કરોડો ગ્રંથો અને કરોડો કીર્તન કરતા રહે, અરે ! મોટા મોટામાં પણ ખોટ કાઢે, આખાં બ્રહ્માંડનું રાજ્ય કરે તથા દેવતાઓ પણ જેને નિત્ય આદરથી ભેટ આપે તેવા હોય; તોપણ જેને પ્રલયમાં નાશ થઈ જનારા માયિક પંચવિષયમાં તુચ્છતા નથી જણાતી તો તે બધા તુચ્છ બુદ્ધિના છે. સર્વે સાધન કર્યાનું, ગ્રંથો ભણ્યાનું, તીર્થો કર્યાનું અને સત્સંગ કર્યાનું અને ભગવાનને ભજ્યાનું; એટલું જ ફળ છે કે, જેટલા માયિક પદાર્થમાત્ર છે તે બધાનો જ્ઞાનપ્રલય થઈ જાય. (એકલા ભગવાન જ અનુભવાય.)

જે કોઈ સત્સંગના અને ભગવાનના સંબંધને દૃઢપણે પામ્યા હોય, તેની મતિ ક્યારેય ફરી જાતી નથી. જેને ભગવાનના સંબંધની દૃઢતામાં જેટલો દંભ ન હોય, તે તેટલા શુદ્ધ ધર્મ-નિયમો રાખે છે અને શુદ્ધ સત્સંગ કરે છે. વળી, સત્સંગને દિવ્ય જાણીને જ ગ્રહણ કરે છે. જે જીવ ભગવાન સંબંધી બાબતો જેટલી નિર્દંભતાથી કરે છે તથા પોતે જેટલો નિર્દંભપણે વર્તે છે, તેટલું તે બધું તેને અંતે સહાય કરે છે. અર્થાત્ દંભથી કરેલું અંતે કામ લાગતું નથી.

જે દંભ રાખીને સત્સંગ કરે છે, તેવા સંત-હરિભક્તની કશી મોટપ કહેવાય નહીં. ખરેખર તો નિર્દંભ સંત-હરિભક્તની જ અપાર મોટપ કહી છે. તેવા સાચા સંતો-ભક્તો જે કાંઈ વાત કરે, તેમાં પોતાને મોઢે પોતાની તુચ્છતા કહે છે. અને તેને હરિભક્તો તથા સંતોની સેવા કરવામાં અધિક ઉત્સાહ હોય છે. વળી, કોઈ પોતાની સેવા કરે તેમાં જેવી રુચિ હોય, તેના કરતાં અન્ય સંતો-હરિભક્તોની સેવા કરવામાં જેનાં તન-મન કે જીવમાં અધિક રુચિ વર્તતી હોય; તેટલા સંતો-ભક્તો સત્સંગમાં મોટા ગણાય છે. જેના જીવમાં દંભ રહેતો હોય, તેનાથી તેવી સેવા બની શકતી નથી.

જેમાં જેટલો દંભ હોય છે તેટલો તે સેવામાં અટકે છે. જેના જીવમાં જેટલો સત્સંગ ઊતર્યો હોય છે, તે સેવામાં દેખાઈ આવે છે. સેવામાં જેને જેટલી શ્રદ્ધા હોય તેટલો જ તેને ખરો સત્સંગ થયો છે. જેટલો જેને સત્સંગ થયો હોય તે સેવામાં દેખાઈ આવે છે. તદુપ રાંત તે સત્સંગ ધર્મ-નિયમમાં, સમાગમમાં, વચનમાં બધે દેખાય છે, પણ ક્યારેય છુપો રહેતો નથી. જે સંતો-હરિભક્તોમાં જેવો સત્સંગ હોય, તે તેના ગુણ અને વિનય કહી દે છે. જેમ જ્યાં સુગંધ હોય ત્યાં તે પોતે પોતાની હાજરી જણાવી દે છે.

સત્સંગમાં જેટલી બાબતો છે તે બધી અત્યારે સર્વોપરિ વર્તે છે. તે વર્તન ઉપરથી દેખાય છે કે શ્રીહરિનો આ અવતાર સર્વોપરિ છે. જે મનુષ્યને તે સત્સંગની વાત સર્વોપરિ દેખ્યામાં આવે છે, તેને સત્સંગ થાય છે. સર્વોપરિ ભગવાનની ઇચ્છાએ કરીને અત્યારે તો સત્સંગની એક એક વાતમાં એવો જ અદ્‌ભુત પ્રતાપ રહ્યો છે. બ્રહ્માંડમાં સત્સંગ સિવાયની જેટલી બાબતો છે તે ચાહે તેવી હોય, તોપણ સત્સંગ તે બાબતોને ઝાંખી કરી નાખે છે.

જેમ ગમે તેવા મણિ કરોડોની સંખ્યામાં હોય, ચાહે તેટલો અગ્નિ હોય અને બધા તારાઓ ભેગા થાય, તોપણ તે બધા સૂર્યની આગળ ઝાંખા દેખાય છે. સૂર્યને કોણ ઝાંખો કરી શકે ? એવા તેજસ્વી સૂર્ય કરોડો હોય, તોપણ તેનો પ્રકાશ અક્ષરના એક રોમમાં લીન થઈ જાય છે; એવું જે અક્ષર મહાન કહેવાય છે. તેવા અક્ષર કદાચ કોટાનકોટી હોય, તોપણ તેમનું તમામ તેજ ભગવાન શ્રીહરિના એક રોમમાં લીન થઈ જાય છે. એવા મોટા ભગવાન શ્રીહરિ છે.

'ભગવાનથી કોઈ અધિક નથી', આમ દૃઢપણે કરીને જે જાણે છે તે બીજા કોઈ ગ્રંથને વાંચે કે સાંભળે; તોપણ તેની તે દૃઢતા ફરે નહીં. અને ત્યારે જ આ સત્સંગ પરિપૂર્ણ થયો કહેવાય છે. પરંતુ જો તેનું અંતર ફરી જાતું હોય, તો તે અધૂરો કહેવાય છે અને ત્યાં સુધી તેને સત્સંગનું સુખ આવતું નથી; પણ દુઃખ રહે છે. 'ભગવાનથી અધિક કોઈ બાબતને ન જ જાણે', એ વાત સર્વોપરિ છે અને તેને જ સત્સંગ થયો કહેવાય છે. ચાહે તેવો કોઈ જ્ઞાની હોય; તોપણ જ્યાં સુધી તે શરીરમાં રહે છે, ત્યાં સુધી તે શરીરને આધીન રહે છે. તેથી જ જે સમજણા માણસો હોય છે, તે પિંડ અને બ્રહ્માંડને અત્યંત અસત્ય દેખે છે. એવા જીવ એક ભગવાનને જ સત્ય દેખે છે. જેને સત્સંગ છે તે હંમેશાં સત્યને જ સત્યનાં રૂપમાં જાણે છે. પણ જે અસત્ય છે તેને કોઈ દિવસ સત્યનાં રૂપમાં દેખતા નથી.

વેદો, પુરાણો, વેદાંત તથા યોગના ગ્રંથો અને મોટા મોટા જે ઋષિઓ અને વ્યાસાદિક જેવા જે કોઈ સત્પુરુષો છે, તે શ્રીહરિની વાત સમાન બીજી કોઈ વાતને ક્યારેય જરા પણ કહેતા નથી. ભગવાનની વાત સિવાયની જેટલી બીજી વાતો છે તે બધો નરકનો માર્ગ છે, તેમ દેખાય છે. જેટલા ગ્રંથો છે તે સર્વે ભગવાનના ભક્ત સિવાયના અન્ય ઉપાસકોને મોક્ષના ખપમાં આવતા નથી. જે જેને ઇષ્ટદેવ માને છે તે તેને સર્વોપરિ કહે છે. એટલું જ નહીં માંસ, દારૂ, ચોરી અને વ્યભિચાર એવાં પાપમાં પણ જે જેટલો સાર માને છે; તેને તે સર્વોપરિ વાત કહે છે અને તેમાં કાંઈ દોષ દેખતા નથી. પરંતુ ભગવાનના જે ભક્તો છે તે તો ભગવાનને તુલ્ય બીજા કોઈને સમજતા નથી. જ્યાં સુધી બીજી બાબતને ભગવાનને તુલ્ય જાણે છે, ત્યાં સુધી તેટલો તે હરિભક્ત કાચો છે. તે તેની

બોલીમાં દેખાઈ આવે છે. ભગવાન સમાન કોઈ વાત સર્વોપરિ દેખાતી નથી.

સત્સંગ અને હરિભક્તની જેટલી બાબત છે, તે બધી સર્વોપરિ છે. તે સર્વોપરિ વાતને હરિભક્ત સિવાયના બીજા કદાચ વેદ અને પુરાણને ભણ્યા હોય, તોપણ તે ક્યારેય જાણી શકતા નથી.

સત્સંગ, શ્રીહરિ અને ભગવાનના ભક્તને જ્યાં સુધી જે ઓળખતો નથી, ત્યાં સુધી તે ભણ્યો હોવા છતાં કાંઈ જ ભણ્યો નથી. કેમ જે, સત્સંગ વિના ગમે તેટલું ભણે, તોપણ તે મોક્ષમાર્ગે ચાલવામાં અંતરાય કરે છે. વેદ અને પુરાણોનો મત છે કે, 'સત્સંગ કરવો.' પણ ભણ્યા પછી જે બીજાને જીતવાનું જ કામ કરતા હોય, તેણે સત્સંગ કર્યો હોય તેવું સાંભળ્યું નથી. જ્યાં સુધી સત્સંગ કરતા નથી ત્યાં સુધી તે સહુથી વધુ ભણ્યા હોય, મોટાં મોટાં તીર્થધામમાં નિવાસ કરીને રહે, રોજ કરોડો ગાયોનું બ્રાહ્મણોને દાન આપે, તેમજ કરોડો અશ્વ, હાથી અને રથનું દાન નિત્ય આપે, રોજ કરોડો બ્રાહ્મણને તેની ઇચ્છા મુજબ જમાડે અને કરોડો વિપ્રને એક એક સોનામહોર આપે, દર મહિને વિધિ પ્રમાણે મોટા મોટા યજ્ઞો કરાવે તથા સવારથી સાંજ સુધી જે કોઈ અભ્યાગત ભિક્ષુક આવે તેને તે તૃપ્ત થાય તેટલું ભાવ સહિત જમાડે; તોપણ જ્યાં સુધી તે સત્સંગ નથી કરતા ત્યાં સુધી તેણે કરેલાં તે સર્વે સાધનો એકડા વગરનાં શૂન્ય જેવાં શોભે છે.

આવા સત્સંગને પ્રસિદ્ધ કરવા માટે શ્રીહરિને મનમાં ઘણો ઉત્સાહ હતો. શ્રીહરિએ ઉદ્ધવ સંપ્રદાયને પ્રમાણભૂત કર્યો છે. ધર્મ વગરના જેટલા મતો છે કે જેમાં સ્ત્રી અને પુરુષની ભેળસેળ હોય છે, ત્યાં શ્રીહરિ ક્યારેય મોક્ષ માનતા નથી. આ જગતમાં જેટલા વિષયી ગુરુ, આચાર્ય અને તેવા શિષ્યો હોય કે જેમાં દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારનો ત્યાગ કરાતો ન હોય અને જેમાં ભગવાનની મૂર્તિને મોક્ષદાયક માનવામાં ન આવતી હોય; તેવા મતોના ઉપર શ્રીહરિએ ચોકડી તાણી દીધી છે. અને જે નિપુણ માણસો છે તે ચોકડીવાળાને ધર્મ રહિત માને છે. જે ખેતરમાં કોઈ રખેવાળ કે વાડ ન હોય તે ચાહે તેવું ખેતર હોય, તોપણ તે સારું રહ્યું હોય તેવું સાંભળ્યું નથી.

આ સત્સંગરૂપ જે ખેતર છે, તેમાં મોક્ષરૂપ શ્રીહરિનાં ચરિત્રો કલ્પવૃક્ષ છે. સત્સંગરૂપી ખેતરને નિયમરૂપી વાડ કરી છે. નિત્ય સંત સમાગમ કરવો અને કથા-કીર્તન કરવાં, તે સત્સંગરૂપ ખેતરનું પાણી છે. દેશેદેશ અને ગામેગામમાં જેટલા હરિભક્તો રહે છે, તે સહુને ભગવાનની કથાવાર્તા કરી શકાય, કીર્તન અને ભગવાનનાં નામની ધૂન થાય, સુખપૂર્વક પૂજા, ધ્યાન અને સ્મરણ થાય અને ભગવાનનાં અનુપમ ચરિત્રો સુખપૂર્વક કહેવાય; તેટલા માટે શ્રીહરિએ હરિમંદિરો કર્યાં છે. જ્યારે જ્યારે તે મંદિરમાં સંતો કે વર્ણીઓ આવતા રહે, ત્યારે તેનાથી જેમ જેમ સત્સંગ પાકો થાય તેમ તેમ સત્સંગનો નવો રંગ ચઢતો રહે છે.

જેના જેવા નિયમો છે તે બધા શિક્ષાપત્રીમાં કહ્યા છે. શિક્ષાપત્રીમાં તે જેવી વાત કહી છે તેવી સંતો સંભારીને કરતા રહે છે. સંતો, વર્ણી અને હરિભક્તોને પાળવાની જેટલી રીત છે તથા સત્સંગના આચાર્યને વર્તવાની જે રીત છે, તેમજ આચાર્યની પત્નીઓને વર્તવાની જે રીત છે, ચાર વર્ણ અને ચાર આશ્રમનાં વર્તનની જેવી રીત છે, તેમજ ભગવાને વારંવાર પ્રગટ થઈને જે ધર્મની રીત બાંધી છે; તે બધી શિક્ષાપત્રીમાં કહી છે.

જ્યારે ભગવાન સાધુરૂપે પ્રગટ થાય છે, ત્યારે પોતાના આશ્રિતોને શિક્ષાપત્રીમાં કહેલા જે મોક્ષરૂપ ધર્મ છે તેને અનુસારે વર્તાવે છે. જે તે પ્રમાણે વર્તે છે તેનો મોક્ષ કરે છે. જ્યારે ભગવાન રાજારૂપે પ્રગટ થાય છે, ત્યારે પોતાની પ્રજાને શિક્ષાપત્રીમાં કહેલા અતિ પરમ પુનિત જે ધર્મ કહ્યા છે તે પ્રમાણે યથાર્થ પળાવે છે. વેદ, પુરાણ, સ્મૃતિ અને ઇતિહાસમાં ભગવાનને અવતરવાના જે જે હેતુઓ છે તે કહ્યા છે. જે કોઈ આચાર્ય હોય તે શિક્ષાપત્રીમાં કહેલાં વચન પ્રમાણે ચાલે તો જ તેનું પ્રમાણ થાય છે. શિક્ષાપત્રીમાં કહેલા સદાચારનો લોપ કરીને જે વર્તે છે તે તો પાખંડી છે, તેમ શિક્ષાપત્રી જ કહે છે.

**ભગવાન શ્રીહરિએ કહેલી અને મનમાં વિચારેલી કલ્યાણકારી વાતોની વિશેષતા :**

વાત વાતમાં રાત-દિવસના જેટલો ફરક હોય છે. એક વાત શાંતિ કરાવે છે, તો એક વાત અશાંતિ ઊપજાવે છે. શાંતિ કરાવે એવી વાત તો દુર્લભમાં પણ દુર્લભ રહી છે. જે વાતમાં મોક્ષ રહ્યો હોય તે વાત અતિ શાંતિકારક સર્વોપરિ છે. ભગવાન સર્વોપરિ છે. તે ભગવાન સર્વોપરિ વાતમાં વાતરૂપે રહે છે, તેને વાત જ કહી દે છે. શાંતિ વગરની જે વાત હોય છે તેનાથી ભગવાન દૂર રહે છે. નીતિ વગરની વાતોથી તો બ્રહ્માંડ ભરાય ગયું છે. તે બધી વાતો સંતાપ કરનારી છે, એમ નીતિ કહે છે.

જેટલાં નીતિનાં પ્રમાણરૂપ વચન છે, તે બધાં ભગવાનના મુખનાં વચન છે. જે નીતિનાં વચનો છે તે અમૃત કરતાં પણ કરોડગણા જીવનરૂપ છે. જેટલાં ધર્મ તથા મોક્ષપરક વચન છે, તે બધાં નીતિનાં વચનોમાં પણ સહુથી મુખ્ય વચન છે. નીતિ શાસ્ત્રમાં કામ અને અર્થનું પ્રતિપાદન કરનારાં જે વચન છે, તે બધાં ધર્મ અને મોક્ષરૂપ ગુરુના શિષ્ય થઈને વર્તે છે. નીતિ બે પ્રકારની છે : એક માયિક

અને બીજી અમાયિક. તે બંનેમાં રાત-દિવસ જેટલો ફરક છે. માયિક નીતિમાં માયિક ફળ રહ્યું હોય છે.

આ બ્રહ્માંડમાં જેટલું માયિક સુખ છે, તેમાં અતિશય દુઃખ ભર્યું છે. જે લોકો માયિક નીતિ ઉપર ચાલે છે, તેને એવું દુઃખ ભરેલું સુખ મળે છે. અમાયિક(દિવ્ય) નીતિ ઉપર જે ચાલે છે, તેને અમાયિક ફળ મળે છે. તે અમાયિક ફળ સ્વયં ભગવાન છે. તે કહ્યા સિવાય સમજાતું નથી.

સત્સંગ છે તે અમાયિક ફળ છે અને ભગવાનની કથાવાર્તા, ભગવાનનાં સંબંધવાળાં કીર્તન અને ભગવાન સંબંધી સેવા; એ બધું અમાયિક છે. અને તેનું ફળ પણ અમાયિક છે, જેનો ગણ્યે પાર આવતો નથી. તેને કરોડો કલ્પ સુધી કહેવામાં આવે, તોપણ તે અપ ાર રહે છે. જે હરિભક્તો અમાયિક નીતિને ભણે છે તે જેટલાં બ્રહ્માંડો કહેવાય છે તે બધાંને જીતી જાય છે. અને તે અમાયિક સુખનો અપાર લાભ લે છે. તેવા ભક્તનો કાળ ક્યારેય પરાભવ કરી શકતો નથી. સત્સંગ કરવાથી આવું સુખ મળે છે. પછી તે સંસારમાં ભટકતો નથી અને તેને અવિનાશી સુખ મળતું રહે છે. અમાયિક નીતિને લીધે અમાયિક સુખ મળે છે. અનંત બ્રહ્માંડનાં જે ઉત્તમ વિષય કહેવાય છે, તે બધા અમાયિક સુખની આગળ નાશવંત અને અતિશય તુચ્છ લાગે છે. ચિંતામણિની આગળ દમડી જેવાં એ બધાં માયિક સુખ લાગે છે.

બ્રહ્માંડમાં જેટલા લોકો હોય છે તે બધા માયિક સુખની પાછળ દોડે છે. જેની જેવી બુદ્ધિ હોય તેવા તે માયિક સુખ પામવાના ઉપ ાયો કરે છે. તે માયિક સુખને માટે અગણિત લશ્કર રાખે, અનંત તોપો રાખે અને અપાર ધન ભેળું કરે છે. ધન ભેળું કરતાં કરતાં કેટલાય લોકો મરી જાય છે, તેનો કોઈ પાર નથી. તે મરી ગયેલાની પાછળ પોતાનું નામ લખનારા(વારસદાર) જે બીજા હોય છે, તે જે રીતે પોતાની બુદ્ધિ ચાલે તે રીતે મરનારાના ધનના માલિક થાય છે. જ્યારથી આ બ્રહ્માંડ થયું છે તે દિવસથી આવું ચાલતું આવે છે. જ્યારે નારદજી અને શુકદેવજીના જેવા અમાયિક સંતો મળ્યા, ત્યારે પ્રહ્લાદ અને પ્રિયવ્રત જેવા રાજાઓ અમાયિક સુખના માર્ગે ચાલ્યા હતા. તે સંતોએ તેમને અમાયિક માર્ગ દેખાડ્યો કે જેનાથી અધિક બીજું કોઈ સુખ રહ્યું નથી અને જે સુખ કોઈ કલ્પે કરીને પણ તલભાર જેટલું પણ નાશ નથી પામતું. જે મનુષ્ય અમાયિક માર્ગે ચાલે છે તેને જેટલા નિપુણ મનુષ્યો છે તે બુદ્ધિમાન કહે છે અને પંડિત કહે છે. આ સત્સંગમાં રહીને શ્રીહરિએ જે જે વાતો કરી છે, તે તો આખું બ્રહ્માંડ ભરાય તેટલી છે. શ્રીહરિ પોતાની વાતોમાં જેટલી માયિક બાબતો છે, તે બધી તુચ્છ દેખાડતા અને જે અમાયિક બાબતો છે તે સત્ય દેખાડતા.

શ્રીહરિએ વાતો કરીને અસત્ને અસત્ય બતાવી દીધું અને સત્યને તે જેવું હતું તેવું સત્ય બતાવી દીધું. અત્યારે શ્રીહરિએ ઉત્તમમાં ઉત્તમ ત્યાગ, ઉત્તમમાં ઉત્તમ વૈરાગ્ય, ઉત્તમમાં ઉત્તમ જ્ઞાન, ઉત્તમમાં ઉત્તમ ધર્મ અને ઉત્તમમાં ઉત્તમ ભક્તિ; એ સર્વેને પ્રવર્તાવ્યાં છે. શુક, સનકાદિક, નારદ, દત્તાત્રેય, કપિલદેવ તથા જડભરત જેવા સત્પુરુષો પણ તેને કરોડોવાર પ્રમાણિત કરે છે અને વારંવાર તેની પ્રશંસા કરે છે. વળી ભવ, બ્રહ્મા, ઇન્દ્રાદિક દેવો અને વ્યાસ આદિક અપાર ઋષિઓ, તે બધાએ શ્રીહરિની કહેલી વાતને સહુથી શ્રેષ્ઠના રૂપમાં વખાણી છે. સર્વે બ્રહ્માંડોમાં રહેલા જે ભગવાનના અવતારો તથા જે તે બ્રહ્માંડમાં રહેલા ભવ, બ્રહ્મા, ઇન્દ્રાદિક દેવતા; એ સર્વે શ્રીહરિએ સત્સંગમાં જેટલી વાત સ્થાપન કરી છે, તેને પરમનિધિરૂપ જાણે છે અને તેને સર્વશ્રેષ્ઠના રૂપમાં પ્રમાણ કરે છે. સર્વે બ્રહ્માંડના જે ઇન્દ્રિયોના દેવો છે તે પણ શ્રીહરિની વાતને પ્રમાણ કરી પ્રશંસા કરે છે. તેઓ શ્રીહરિ આ ભૂમિ ઉપર પ્રગટ થઈને જેટલાં વરસ રહ્યા ત્યાં સુધીની જે જે વાતો કરી હોય, તે બધી વાતોને વરસ, માસ, દિવસ અને ઘડી સુધીની યાદ રાખીને તેનું સ્મરણ કરે છે. અને જીવનનું સાચું ફળ એટલું જ છે, એમ માને છે. શ્રીહરિની વાતોનાં સ્મરણ કરતાં અન્ય વસ્તુને સ્વપ્નમાં પણ અધિક દેખતા નથી.

તેઓ જિંદગીનું ફળ તે વાતોને સંભારવી તેટલું જ માને છે. તે સિવાય જેટલો સમય વીતે છે તેને વ્યર્થ માને છે. શ્રીહરિની જેટલી વાત છે તેને જ્યાં સુધી સર્વોપરિ દેખતા નથી, ત્યાં સુધી મોટા થયા હોય તોપણ શું ? જે શ્રીહરિની વાતોને પ્રમાણ નથી કરતા, એવા લોકોનો નરકમાં નિવાસ થાય છે. નારકી લોકો ચાહે તેવા મોટા હોય, સર્વે લોકો તેને નમતા હોય; તોપણ તે તેની બોલી ઉપરથી દેખાઈ આવે છે.

બ્રહ્માનંદ સ્વામી જેમ શ્રીહરિએ કહ્યું હતું તેમ વડતાલમાં મંદિર કરવા લાગ્યા. તે દિવસોમાં શ્રીહરિ ગઢપુર હતા, ત્યાં બ્રહ્માનંદ સ્વામીના વારંવાર પત્ર આવતા હતા અને શ્રીહરિ પણ તેમને સામે પત્ર લખતા હતા. જેમાં કોઈ જાતનું દુઃખ ન આવે એવી વાતો લખતા હતા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૫/૫૨ થી ૫૯)

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિ મંદિરનું કાર્ય નિહાળે છે
## સં. ૧૮૮૦ (ઈ.સ. ૧૮૨૪)

સં. ૧૮૮૦માં વડતાલમાં ફૂલદોલ ઉજવવાનું ભગવાન શ્રીહરિએ નક્કી કર્યું હતું. તેથી ગઢપુરથી વડતાલ જવા નીકળ્યા. કાઠી ભક્તોએ પોતપોતાની ઘોડીઓ તૈયાર કરી. કોઈકે હરણી તો કોઈકે કપિકયાડી, કેસર, વાંગળી, લખી, લખમી, બેરી, બોદલી, ચાંદરી, મલી, માછલી, રેડી તૈયાર કરી દીધી. પળ એકમાં જાણે આકાશમાંથી તારો ખરે એવી ગતિથી મજલ કરતી આ ઘોડીઓ કાઠી દરબારોના ગૌરવ સમી હતી, તેમનું એ અણમૂલું ધન હતું. ભગવાન શ્રીહરિ સાથે સત્સંગને અર્થે ફરવાનું તે સાધન હતું, સમય આવ્યે મહારાજની રક્ષા માટે પણ તેનો ઉપયોગ થતો. આવી અણમૂલી ઘોડીઓ ઉપર પલાણ સજ્જ કરી સૌ તૈયાર થઈ ગયા.

નાજા જોગિયા પણ ભગવાન શ્રીહરિની માણ્યકવર્ણી માણકી ઉપર સોનેરી પલા સજ્જ કરીને લાવ્યા. મહારાજને જોઈ માણકી પણ હાવળ દેવા લાગી. મહારાજ તેની પાસે પધાર્યા અને તેની કેશવાળી ઉપર હાથ ફેરવ્યો, તેની પીઠ થાબડી. માણકી થનગનવા લાગી. મહારાજ તેના ઉપર સવાર થયા અને સૌ કાઠીઓએ પણ પોતપોતાના અશ્વો ઉપર સવારી કરી. મહારાજે સૌને કહ્યું : "આપણે રસ્તામાં ક્યાંય રોકાવું નથી."

ત્યારે એક કાઠી ભક્તે કહ્યું : "તો તો મહારાજ ! આજ ઘોડા દોડાવીએ એટલે સૌના પારખાં થઈ જાય."

તે સાંભળી બીજા ભક્તે કહ્યું : "અરે ! આપણે તો પાવરધા કહેવાઈએ એટલે મહારાજથી ગાઉ બે ગાઉ આગળ નીકળી જઈએ અને મહારાજ એકલા પડી જાય તો ભેગા રહેવાનું મૂલ્ય શું ?" એટલે દરબારો ધીરા પડી ગયા.

ભગવાન શ્રીહરિ મંદ મંદ હસતાં હસતાં આ વાત સાંભળતા હતા. મહારાજે કહ્યું : "દરબારો ! આજે તો ભલે થઈ જાય. પારખાં કરી જ લઈએ કે કોનું ઘોડું જાતવાન છે ને કોણ અસવાર પાવરખો છે."

ભગવાન શ્રીહરિની વાત સાંભળી સૌ માર્મિક હસ્યા. ધીરે ધીરે સૌ બહાર નીકળ્યા. બહાર પાદરમાં સૌ ઊભા રહ્યા. મહારાજે સંતોને કહ્યું : "સંતો ! તમે સૌ ધૂન કરતાં કરતાં ઉતાવળા આવજો. આજે અમારે આ ઘોડાના પારખાં લેવા છે એટલે અમે હવે ચાલીએ છીએ." એટલું કહીને ભગવાન શ્રીહરિએ માણકીની લગામ સહેજ ખેંચી અને જાણે બાણમાંથી તીર છૂટ્યું હોય તેમ માણકી છૂટી. કાઠી અસવારો સૌ જોઈ રહે તે પહેલા તો ધૂળની ડમરી ઉડાડતી માણકી જાણે આકાશમાં અદૃશ્ય થઈ ગઈ હોય તેમ દેખાતી બંધ થઈ ગઈ !

કાઠી ભક્તોએ પણ પૂરપાટ પોતાના ઘોડા દોડાવ્યાં. હરણ અને રોઝની ગતિને શરમાવે એવી ગતિથી તે દોડ્યાં, પરંતુ ક્યાંય માણકીના એંધાણ તેમને મળ્યાં નહીં. કેટલાકના પલાણ ઢીલાં થઈ ગયા તો કેટલાકની આંખમાં ધૂળ ભરાઈ જતાં આગળ દેખતા બંધ થઈ ગયા. આમ, અનેક મૂંઝવણ અનુભવતા કાઠી ભક્તો મનમાં સમજી ગયા કે મહારાજ તો પૂરબિયા બ્રાહ્મણ છે, પણ ભગવાન છે એટલે અનેક કળામાં પ્રવીણ છે. તેમની આગળ હારવામાં પણ આપણું ગૌરવ છે. ધીરે ધીરે સૌએ પોતાના ઘોડાનાં પલાણ ઠીક કર્યાં, ધૂળ ખંખેરી અને આગળ જવા સાબદા થયા.

ત્યાં છેટે એક વૃક્ષ નીચે કાઠી ભક્તોએ માણકીને જોઈ. માણકી હાંફતી હતી. તેના શરીર ઉપરથી ટપકતા પરસેવાથી તે જ્યાં ઊભી હતી તે પૃથ્વી ભીની થઈ ગઈ હતી. સૌ પાસે આવ્યા અને જોયું તો મહારાજ એક વસ્ત્ર પાથરીને તે ઉપર પોઢ્યા હતા. થોડીવારે મહારાજ જાગ્યા. સૌ કાઠી ભક્તોને ત્યાં ઊભેલા જોઈ મહારાજે હસીને કહ્યું : "અમને તો એમ હતું કે તમે બધા મોર નીકળી ગયા હશો. અમે તો થાકી ગયા એટલે અહીં આવી સૂઈ ગયા."

કાઠી ભક્તો આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! ભગવાનમાં ભણે બધી કળાયું હોય. અમારું પાણી આજે ઊતરી ગયું."

પછી ભગવાન શ્રીહરિ ઊભા થયા અને કહ્યું : "તમે સૌ પાછળ આવો. અમારે ઉતાવળ છે એટલે અમે જલદી જઈએ છીએ. પણ તમ ઘોડા હળવા હળવા હાંકજો એટલે રસ્તાના ગામના હરિભક્તોનાં દર્શન થાય અને સૌને વડતાલ વહેલા આવવાનું કહેવાય." એમ કહી મહારાજે માણકી દોડાવી.

ભગવાન શ્રીહરિ સીધા લોયા પધાર્યા. મહારાજને અચાનક આવેલા જોઈ સુરાખાચર તથા શાંતિબાને અત્યંત આનંદ થયો. સુરાખાચરે મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! ભલી કૃપા કરી."

ત્યારે મહારાજે હસતાં હસતાં તેમને કહ્યું : "તમે 'કૃપાનાથ, કૃપાનાથ' એમ કહો છો એટલે અમારે અમારું તે બિરુદ જાળવવું

જોઈએ ને !'' એમ કહી બોલ્યા : ''જલદી થાળ કરો, અમારે ઉતાવળ છે. ને તમારે આવવું હોય તો વડતાલ ફૂલદોલમાં સમૈયા ઉપર આવજો.''

ત્યારે સુરાખાચરે કહ્યું : ''મહારાજ ! બીજાને આવવું હોય તો પાછળથી આવશે, પણ હું તો આપની સાથે જ આવીશ.'' મહારાજ તેમનો ભાવ જોઈ રાજી થયા.

ભગવાન શ્રીહરિ જમીને લોયાથી સુરાખાચર સાથે નીકળી ગયા અને રસ્તામાં ક્યાંય ખોટી ન થતાં મૂળી રાજુબાએ વૃત્તિ ખેંચ્યા તેથી મૂળી પધાર્યા.

ભગવાન શ્રીહરિએ રાજુબાને કહ્યું : ''રાજુબા ! તમને આજે બહુ ભીડો આપ્યો છે, પણ અમેય ભીડામાં આવ્યા છીએ.''

રાજુબાને આશ્ચર્ય થયું કે મહારાજ કેવા ભીડામાં આવ્યા હશે. તેમણે પૂછ્યું : ''મહારાજ ! આપને વળી કેવો ભીડો ?''

એટલે મહારાજે થોડી મૂંઝવણ બતાવતાં કહ્યું : ''બ્રહ્માનંદ સ્વામી વડતાલમાં મંદિર કરે છે. તેમાં તેમને નાણાંની જરૂર પડી છે. કડિયાના પગાર ચડી ગયા છે. અમને તેમણે કાગળ લખ્યો. નાણાં મંગાવ્યાં પણ નાણાં અમે ક્યાંથી લાવીએ ?''

રાજુબાને ભગવાન શ્રીહરિના આ શબ્દો આજે અમૃત જેવા મીઠા લાગ્યા. તેણે તરત જ પોતાના ગળામાં ચંદનહાર હતો તે ઉતાર્યો અને મહારાજને કહ્યું : ''મહારાજ ! આ હાર લ્યો અને બીજા રોકડા મારી પાસે બસો છે તે લઈ જાવ.''

મહારાજે પૂછ્યું : ''આ હારની કેટલી કિંમત આવે ?''

રાજુબા આંખ મીંચી ગયાં. તે કાંઈ બોલી શક્યાં નહીં. સુરાખાચરે હાર જોઈને કહ્યું : ''મહારાજ ! પાંચસો પૂરા આવે.'' મહારાજે હાર લઈ લીધો.

ભગવાન શ્રીહરિએ સુરાખાચરને કહ્યું : ''સુરાખાચર ! તમે અહીંથી આ હાર લઈને બોટાદ જાવ. ભગા દોશીને ત્યાં હાર મૂકી તે જેટલા રૂપિયા આપે તેટલા લઈને સીધા વડતાલ આવજો.''

એટલું કહીને મહારાજે રાજુબાને કહ્યું : ''રાજુબા ! અમને માફ કરજો. અમે તમારું સર્વસ્વ આજે લઈ લીધું છે.''

આ સાંભળી રાજુબાએ મહારાજના ચરણોમાં માથું ઢાળી દીધું. અશ્રુથી મહારાજના ચરણો પખાળતાં રાજુબાએ કહ્યું : ''મહારાજ! મારું સર્વસ્વ તો મારા અંતરમાં જકડાઈ ગયું છે. એ વજ્ર કમાડની અંદર મેં તેને પૂરી દીધું છે તે હવે કોઈ લઈ શકે તેમ નથી !''

ભગવાન શ્રીહરિને આ જ કરાવવું હતું. રાજુબાને કહ્યું : ''રાજુબા ! હવે અમે જઈએ, સંઘ રાહ જોતો હશે !''

''પધારો પ્રભુ ! આપે અનહદ કૃપા કરી. એ કૃપાના ભાર નીચે હું સદાય દબાયેલી રહું. એ કૃપાને પાત્ર બનું તેવી દૃષ્ટિ કરજો.''

ભગવાન શ્રીહરિ તેના તરફ પ્રેમભરી દૃષ્ટિ કરી માણકી ઉપર સવારી કરી. માણકી પવનવેગે ઊડવા લાગી. વચ્ચેના ગામના હરિભક્તો મહારાજને રોકાવા માટે તાણ કરતા, પણ મહારાજ તેમને કહેતા : ''અમારે વડતાલ પહોંચવાની ઉતાવળ છે એટલે રોકાશું નહીં. તમે સૌ પરવારી વડતાલ આવી જાઓ.''

**સંતમંડળ સાથે લઈ, પછી વિચરિયા વૃષલાલ; ફરતાં ફરતાં આવિયા, થોડા વાસરમાં વરતાલ.**
**ત્યાં તો તૈયાર થયો હતો, મોટા મંદિરનો પરથાર; જોઈ હૃદય રાજી થયા, ધર્મરક્ષક ધર્મકુમાર.**
**ચાલતું હતું ત્યાં કારખાનું, મોટું મંદિર તે કરવાનું; સંત હરિજન પાળા અપાર, કરતા હતા કામ તે ઠાર.**
**જોયા ત્યાં કેટલાએક કડિયા, ચણવા સારુ પાલખે ચડિયા; લાવો લાવો ઈંટો એમ ભાખે, કોઈને પણ ઉભા ન રાખે.**
**કોઈ માથે ઈંટો લેઈ આવે, કોઈ તો તગારાં ભરી લાવે; એક એક સાથ કરે હોડ, દેવા વસ્તુ કરે દોડાદોડ.**
**કોઈ ઠેકાણે ચૂનો પિલાય, કોઈ ઠામ ઈંટો ખડકાય; હેડો ગાડાં તણી ઘણી આવે, માટી ચૂનો ઈંટો ભરી લાવે.**
**થઈ એ થકી ભીડ અથાગ, રસ્તે ચાલવા નવ મળે માગ; કરે કામ જનો ટોળે ટોળે, જય સ્વામિનારાયણ બોલે.**
**ઘડે છે પથરા કોઈ ઠામ, તેના શબ્દે ગાજી રહ્યું ગામ; ક્યાંઈ લૂહાર લોઢાં ઘડે છે, ક્યાંઈ સૂતાર કામે અડે છે.**
**રસ્તે જનારા જન એહ ઠામે, જોઈ જોઈને અચરજ પામે; જોઈ કોઈ કહે એહ ઠામ, રામે સેતુ રચી હશે આમ.**
**એવું ચાલતું દેખીને કાજ, રુદે રાજી થયા મહારાજ; અક્ષરાનંદને એહ ઠાર, આપ્યો ઉરથી પ્રસાદીનો હાર.**
**માવો બોલિયા વાણી મધુરી, ઈંટો પાયામાં કેટલી પૂરી; અક્ષરાનંદ ત્યાં એમ ભાખે, પૂરી પાયામાં તો નવ લાખે.**
**ઉંડો પાયો નખાવ્યો છે એવો, મેરુ ડગતાં ડગે નહિ તેવો; સુણી શ્રીજીએ આપી સાબાશી, ઉતર્યા મોલમાં અવિનાશી.**

(શ્રીહરિલીલામૃત : ૮/૯/૧૯-૩૦)

ભગવાન શ્રીહરિ ગઢપુરમાં મકરસંક્રાંતિનો ઉત્સવ કરીને વડતાલ પધાર્યા. અહીં ત્યાં વિશાળ મંદિરના નિર્માણની તૈયારી થઈ રહી હતી. મંદિરનો પરથાર તૈયાર થયેલો તે નિહાળી શ્રીહરિ પ્રસન્ન થયા. પૂર જોશમાં મંદિરના બાંધકામનું કામ ચાલી રહ્યું

હતું, અને સંતો તથા હરિજન ભાઈઓ ઉત્સાહથી સેવા કરી રહ્યા હતા. ત્યાં કેટલાય ભક્તો મંદિરના નિર્માણ માટે ઈંટો ઉંચકતા અને સ્થળાંતર કરતા નજરે પડે. કોઈ માથે ઈંટો લઈ આવી રહ્યા હતા, તો કોઈ તગારાં ભરીને લાવી રહ્યા હતા. સૌએ સાથે મળીને મંદિરમાં વસ્તુઓ પહોંચાડવાની સેવા કરી રહ્યા હતા. આ કાર્યમાં એકબીજાની સહાયતા અને સમર્પણથી બધાંએ પોતાની શ્રદ્ધા દર્શાવી.

મંદિરમાં ચાલતા કાર્યને જોઈને, સંસ્કાર અને શ્રદ્ધાની પ્રેરણાથી બધાંને ઉમંગ અને ઉલ્લાસનો અનુભવ થયો. આ રીતે, વડતાલના મંદિરમાં નિર્માણ કાર્યમાં સૌએ એકત્રીત, સમર્પણ અને શ્રદ્ધાનો એક અનોખો દાખલો બેસાડ્યો.

કોઈ જગ્યાએ ચૂનો પીસવામાં આવી રહ્યો હતો, તો કોઈ જગ્યાએ ઈંટો એકઠી કરવામાં આવી રહી હતી; ગાડાંની ઘણી સંખ્યા ત્યાં આવી રહી હતી, જે માટી, ચૂનો અને ઈંટોથી ભરેલા હતા. તેના કારણે ત્યાં અથાગ ભીડ થઈ ગઈ હતી, અને રસ્તે ચાલવા માટે જગ્યા ન મળતી હતી; લોકો ટોળામાં એકઠા થઈને કામ કરી રહ્યા હતા, અને 'જય સ્વામિનારાયણ'ના નાદ સાથે ઉત્સાહિત થઈ રહ્યા હતા.

કોઈ જગ્યાએ પથ્થરોને ઘડવામાં આવી રહ્યા હતા, અને તેના અવાજથી ગામ ગૂંજી રહ્યું હતું; ક્યાંક લૂહાર લોખંડના કામમાં લાગેલા હતા, તો ક્યાંક સૂતાર તેમની કળાની મહાનતા દર્શાવતા હતા. આ કામગીરીને જોઈને માર્ગ પરથી જતા લોકો આશ્ચર્ય પામતા હતા. સર્વે આશ્ચર્ય પામીને કહેતા કે, શ્રીરામચંદ્ર ભગવાને આ રીતે જ સેતુનું નિર્માણ કર્યું હતું.

મંદિરના બાંધકામ માટે જરૂરી ચીજવસ્તુઓ જેવા કે ચૂનો, ઈંટો, અને માટી ગાડાં દ્વારા લઈ આવવામાં આવી રહી હતી.

ભગવાન શ્રીહરિ પોતાના ભક્તોની શ્રદ્ધા અને એકતાને જોઈને ખૂબ પ્રસન્ન થયા. મહારાજના હૃદયમાં પ્રસન્નતા છવાઈ ગઈ અને તેઓએ અક્ષરાનંદ સ્વામીને પોતાના કંઠમાંથી પ્રસાદીનો હાર આપ્યો.

પછી ભગવાન શ્રીહરિએ મધુર સ્વરે પૂછ્યું : " સ્વામી ! કેટલી ઈંટો પાયામાં મૂકવામાં આવી છે ?"

અક્ષરાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! પૂરી પાયામાં નવ લાખ ઈંટો મૂકવામાં આવી છે."

આ પાયો એટલો ઊંડો અને મજબૂત બનાવવામાં આવ્યો છે કે મેરુ પર્વત પણ હલાવશે નહીં.

મહારાજે આ શ્રદ્ધાપૂર્વકના કાર્યોને શ્રદ્ધાપૂર્વક સાંભળીને તેમની ખૂબ પ્રશંસા કરી.

ભગવાન શ્રીહરિના આ આશીર્વાદથી શ્રદ્ધાળુઓને અને સંતોને વધુ ઉત્સાહ અને પ્રેરણા મળી.

### ● વડતાલ પધારી ભગવાન શ્રીહરિએ મંદિરનું નિરીક્ષણ કર્યું :

ભગવાન શ્રીહરિએ વડતાલ આવીને તરત જ મંદિરના પાયાનું નિરીક્ષણ કર્યું, બધે જ ફર્યા. કામ સુંદર થતું હતું. બ્રહ્માનંદ સ્વામીના બુદ્ધિ અને શક્તિ આ કાર્યમાં દેખાતા હતા. મહારાજે સ્વામીની કાર્યશક્તિની પ્રશંસા કરી ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યાઃ "મહારાજ ! આ મંદિરના કાર્યમાં બ્રહ્માનંદ સ્વામીની જ દૃષ્ટિ પૂગે. બીજાનું કામ નહીં."

ભગવાન શ્રીહરિ આ સાંભળી હસ્યા અને કહ્યું : "એ એવા છે ત્યારે તો આ કામ એમને સોંપ્યું છે."

નિત્યાનંદ સ્વામી કહેતા કે બ્રહ્માનંદ સ્વામી તીવ્ર બુદ્ધિવાળા હતા. મહારાજે એમને ન્યાય ભણવાનું કહ્યું ત્યારે બે પાનાનો પાઠ લે અને એક વાર વિચારે ને પછી મુખપાઠ બોલી જાય. કીર્તનો રચે તેમાં વિચારવું ન પડે. સભામાં વાતો કરે અને લખે પણ ખરા. એમ એકસાથે અનેક ક્રિયા કરી શકે એવી આવડતવાળા સ્વામી છે.

નિત્યાનંદ સ્વામીના સૂચન પ્રમાણે બ્રહ્માનંદ સ્વામીએ ઘુમ્મટના પાયા ખોદાવવાની શરૂઆત કરી. નવા ઈંટવાડા પડાવવાનું પણ કામ શરૂ કર્યું. ભવ્ય મંદિરના મંડાણ જોઈ મહારાજ મનમાં રાજી થયા. પાયો ગળાતો હતો ત્યાં પોતે જાતે બેસવા લાગ્યા. તેથી સંતો, હરિભક્તો ઉત્સાહથી પાયા ગાળવાના કામમાં જોડાઈ ગયા. મહારાજ તેમને કહેતા : "આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણની સેવા છે. તે સેવામાં આપણો શ્રમ કામ આવી જાય તે આપણી ભક્તિ ! આવી દિવ્ય સેવા તો જેમના પરમ ભાગ્ય હોય તેમને જ મળે."

ભગવાન શ્રીહરિની આ વાતથી સંતો અને હરિભક્તોમાં અતિ ઉત્સાહ વધતો. બમણા જોરથી સેવાનું કાર્ય કરતા તોપણ થાક ન અનુભવાતો.

### ● ધારુ તળાવનો લેખ કરી આપ્યો :

ભગવાન શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામીને ગઢડાથી વારંવાર લક્ષ્મીનારાયણના મંદિરની જગ્યાનો લેખ કરાવી લેવાની સૂચના આપતા પત્રો લખતા હતા છતાં હજુ સુધી દસ્તાવેજ થયો ન હતો. મહારાજ વડતાલ પધાર્યા ત્યારે ગામના ભક્તો અને બીજા ગુણભાવવાળા

લોકોએ મહારાજને ધારુ તળાવ અર્પણ કરી તેનો દસ્તાવેજ બનાવી આપ્યો.

ભગવાન શ્રીહરિએ ફૂલદોલનો ઉત્સવ અહીં જ ઉજવ્યો. ફૂલદોલ પર આવેલ હરિભક્તો પાયા પૂરવાની સેવામાં જોડાઈ ગયા.

### ● ભગવાન શ્રીહરિ પાયામાં પૂરવા ઈંટો પોતાના મસ્તકે ઉપાડે છે :

**ચલાવ્યું કામ મંદિર તણું, પાસે રહિને પ્રભુજીયે ઘણું; ઈંટવાડે જઈ સહુ સાથે, માવો લેતા ઈંટો નિજ માથે.**
**તેથી સંઘના સૌ સતસંગી, ઈંટો ઉપાડે અધિક ઉમંગી; ઘણા ગામના ઠાકોર હોય, માથે ઈંટો ઉપાડે તે તોય.**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૧/૩૬-૩૭)

ભગવાન શ્રીહરિએ મંદિરનું કાર્ય આગળ વધાર્યું. શ્રીહરિ સ્વયં મસ્તક પર ઈંટો લેતા તે જોઈ ભક્તજનો પણ ભાવથી સેવા કરતા. આ પાયા પુરાવવાનું કામ શરૂ થયું ત્યારે ઉગમણી બેઠકના ઈંટવાડામાંથી ઈંટો સારવાની હતી. મહારાજ પોતે ત્યાં પધાર્યા.



ઈંટવાડામાંથી પોતે બે ઈંટો લઈ પોતાની જરિયાન પાઘ ઉપર મૂકી અને પાયામાં નાંખવા ચાલ્યા. આ જોઈ સંતો, હરિભક્તો કહેવા લાગ્યા : "મહારાજ ! આપ રહેવા દ્યો. અમે બધી ઈંટો ત્યાં પહોંચાડી દઈશું."

ત્યારે મહારાજે હસતાં હસતાં કહ્યું : "અમને પણ ભક્તિનો લહાવો મળે ! અમે આ સેવા કરીએ એટલે આ સેવારૂપી ભક્તિનો મહિમા વધે અને તમો સૌ એ મહિનાના ભાવથી સેવા કરો, જેથી તે સેવા ભક્તિરૂપ બની જાય."

આ રીતે ભગવાન શ્રીહરિ ત્રણ વાર બબ્બે ઈંટો પોતાના મસ્તક ઉપર લઈ મંદિરના પાયા પાસે લઈ આવ્યા. પરંતુ બ્રહ્માનંદ સ્વામીને થયું કે મહારાજની પ્રસાદીની ઈંટો પાયામાં પૂરવી નથી. મધ્ય મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવની જે પીઠ ઉપર પ્રતિષ્ઠા થવાની હતી તે પીઠમાં આ પ્રસાદીની ઈંટો વાપરવાનું તેમણે નક્કી કર્યું.

ભગવાન શ્રીહરિ મંદિરના ચાલતા કામકાજ ઉપર જાતે દેખરેખ રાખતા. બધે ફરતા. તેથી સંતો પણ આ કામ વેગથી કરવા માંડ્યા. ભક્તિપ્રિયાનંદ સ્વામી કછોટોવાળી ગારો કચરતા. સંતો તગારા ભરી ભરીને આ ગારો ચણતર થતું ત્યાં લાવતા. મહારાજ કડિયાને થરે થરે ઈંટો જે પ્રમાણે ગોઠવવી જોઈએ તે બતાવતા હતા. કડિયાઓને પણ આથી આશ્ચર્ય થતું.

### ● આ ગારો નથી પણ ચંદન છે :

**કરે ઝડપથિ જે કોઈ કામ, ઘણું રીઝે તેને ઘનશ્યામ; કચરાળાં કર્યાં દિસે અંગ, શ્યામ દાબે તેને છાતિસંગ.**
**આપે છાતીમાં ચરણની છાપ, કોઈને તો વખાણે છે આપ; આપે કોઈને હાર પ્રસાદી, જેહ ઇચ્છે છે ઇંદ્ર બ્રહ્માદી.**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૧/૩૮-૩૯)

સાંજે જે જે સંતોએ કામ કર્યું હોય, જેમના ગારાવાળાં શરીર હોય તેમને મહારાજ ભેટતા. ચરણની છાપ આપતા. પ્રસાદીના હાર આપતા. પ્રશંસા કરતા. પરંતુ સંતો અચકાતા. તેઓ કહેતા : "મહારાજ ! આપના શરીરે ગારો ચોંટશે."

ત્યારે ભગવાન શ્રીહરિ હસીને કહેતા : "આ ગારો નથી પણ ચંદન છે !"

ભગવાન શ્રીહરિ આ રીતે સંતોનો ઉત્સાહ વધારતા. કેટલાક સંતો, જે આ સેવામાં ભળતા ન હતા તે પણ મહારાજ સૌ સંતોને

ભેટતા તેથી શરીરે ગારો ચોપડી મહારાજને મળવા આવતા. ત્યારે મહારાજ તેમને કહેતા : ''તમારાં ! શરીરે ગારો છે તેથી અમારાં શરીર બગડે, માટે નહીં મળીએ !''

ભગવાન શ્રીહરિને એક જ વર્ષમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવાની ઈચ્છા હતી, તેથી કામ ધમધોકાર ચલાવ્યું. બ્રહ્માનંદ સ્વામી રાજી થયા.

## • મંદિરનું આટલું મોટું કેમ ચલાવો છો ?

હરિનવમીનો સમૈયો ધામધૂમથી થયો. પછી મહારાજે મંદિરના કામ માટે બ્રહ્માનંદ સ્વામીને તથા શિલ્પીને બોલાવ્યા. સ્વામીને પૂછ્યું : ''આટલું મોટું કામ આદર્યું છે, તે કેમ કરીને ચલાવો છો ?''

ત્યારે સ્વામીએ મહારાજને પોતાની પૂર્ણકુટી બતાવી અને કહ્યું : ''મહારાજ ! આપના પ્રતાપે અમારા મંડળના સાધુઓ આજુબાજુના ગામોમાં ઝોળી માંગી અનાજ લઈ આવે છે. તે કોઠીમાં ભરીએ છીએ. કડિયા તથા મજૂરોને તેમાંથી દાણા આપીએ છીએ. જોબનપગી તથા હું આસપાસનાં ગામોમાં જઈ મોટા મોટા અમીન પાટીદારોને મંદિરની વાત કરી, નાણાં ઉઘરાવી લાવીએ છીએ. તેમાંથી સૌના પગાર ચૂકવી દઈએ છીએ. આમ, કેવળ આપની કૃપાથી આ કામ ચાલતું રહ્યું છે. આપ પર્ણકુટીમાં પધારી કોઠીઓ તથા પટારા ઉપર હાથ ફેરવજો એટલે તે અક્ષયપાત્ર જેવા બની જાય !''

ભગવાન શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામીની વાતો રસપૂર્વક સાંભળતા હતા. તેમના કાર્યમાં પોતાના ઈષ્ટદેવનો મહિમા વધારવાની ધગશ હતી. મંદિર નિર્માણથી સત્સંગના પાયા ઊંડા નાખવાની ને ઉપાસના દૃઢ કરાવવાની ભાવના હતી. મહારાજે તેમને કહ્યું : ''સ્વામી! તમારા કાર્યમાં કોઈ વિઘ્ન નહીં આવે !'' એટલું કહીને ફરી પૂછ્યું : ''નારાયણગિરિજીની મદદ લીધી નથી ?''

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ હસતાં હસતાં કહ્યું : ''મહારાજ ! એ તો સંકટ સમયે લેવાની. જ્યાં સુધી આપની દયાથી કામ ચાલે છે, ત્યાં સુધી બીજો આધારા રાખવો નથી. ભગવાન શ્રીહરિ સ્વામી ઉપર અતિ પ્રસન્ન થયા.

●●●



# વડતાલ મંદિરની મૂર્તિઓ માટે સંતોને મહારાજ વડોદરા મોકલે છે
## સં. ૧૮૮૦ (ઈ.સ. ૧૮૨૪)

ભગવાન શ્રીહરિ વડતાલ પધારી પુષ્પદોલોત્સવ કર્યો. પછી ત્યાં રહ્યા થકા મંદિરનું કાર્ય પોતે સ્વયં મસ્તકે ઈંટો ઉપાડી ઝડપથી પૂર્ણ કરાવતા હતા. એક દિવસ નારાયણભાઈ મિસ્ત્રી અને શિલ્પી ભગુજી મૂર્તિઓ ઘડવાનું કામ કરતા હતા ત્યાં પધાર્યા. સાથે ત્યારે અક્ષરાનંદ સ્વામી શ્રીજીમહારાજને વાત કરતા કહે છે : 'મૂર્તિ લક્ષ્મીનારાયણ કેરી, નથી મળતી અમે બહુ હેરી.' હે મહારાજ ! લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ ક્યાંય સારી મળતી નથી. તે વખતે ભગવાન શ્રીહરિ કહે છે તેની નોંધ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં કરતા પ.પૂ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :

**અતિપાવન છે પુરાતનની, મનવૃત્તિ હરે હરિજનની; તે તો છે વટપત્તનમાંય, મોટા સંતને મોકલો ત્યાંય.**
**સુણી શ્યામના એવા ઉચ્ચાર, સૌને આનંદ ઉપજ્યો અપાર; મુક્તાનંદ અને નિત્યાનંદ, થયા તૈયાર જાવા સ્વછંદ.**
**કહે કૃષ્ણ જજો વટપુરમાં, મારી મૂર્તિ સંભારજો ઉરમાં; તેથી મૂર્તિયો બે પ્રાપ્ત થાશે, તેમાં દૈવત ઝાઝું જણાશે.**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૧/૪૪-૪૬)

ભગવાન શ્રીહરિ કહે છે કે, સૌ ભક્તોને મનવૃત્તિને હરે તેવી અતિ પાવનકારી અને પુરાતની મૂર્તિઓ વડોદરામાં છે. મહારાજના આ વચનો સાંભળી સૌને અતિ આનંદ થયો અને મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને વડોદરા મોકલ્યા. વડોદરામાં સંતો ઠેર ઠેર ફર્યા, મૂર્તિઓ માટે ઘણા શિલ્પીઓ પાસે તપાસ કરી, પણ જેવી જોઈતી હતી તેવી લક્ષ્મીનારાયણની મૂર્તિઓ મળી નહિ. તેથી સંતો ખૂબ નિરાશ થઈ ગયા.

**સુતા જામનિમાં પછી જ્યારે, દીધાં દર્શન શ્રીજીએ ત્યારે; શ્રીમુખે બોલ્યા સુંદરશ્યામ, એક વાણિયાનું લીધું નામ.**
**મુનિ મનમાં તમે ન મુંઝાઓ, તેહ વાણિયાને ઘેર જાઓ; પુરાતનની બે મૂર્તિ રહી છે, તે તો તેહને પ્રાપ્ત થઈ છે.**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૨/૨૧-૨૨)

રાત્રિ પડી ત્યારે મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને ભગવાન શ્રીહરિએ દર્શન આપીને કહ્યું : "હે સંતો ! તમે મનમાં મુંઝાઓ નહિ, અહીં વડોદરામાં માંડવી દરવાજા પાસે એક અમીચંદ વણિક રહે છે. તેના ઘરમાં લક્ષ્મીનારાયણની પુરાતની મૂર્તિઓ તેમના પિતાજીએ જમીનમાં દાટીને સંતાડી રાખી હતી. હાલ તે શ્રેષ્ઠ સ્થાનમાં પધરાવી દેવાની ખૂબજ ઈચ્છા રાખે છે. તેમની પાસે મારું નામ દઈને એ મૂર્તિઓની માંગણી કરજો. તેથી તમને તે મૂર્તિઓ આપશે."

પછી સવારે અમીચંદ વણિકનું ઘર શોધી સંતો તેમના ઘેર ગયા. સંતોએ લક્ષ્મીનારાયણની સુંદર મૂર્તિઓ નિહાળી અતિ આનંદિત થયા અને મૂર્તિઓ આપવાની માંગણી કરી. અમીચંદ વણિક પ્રથમ તો સંતોની સાધુતાની આભા જોઈને મૂર્તિઓ આપવા રાજી થયા. પરંતુ દ્વેષી લોકોની કાન ભંભેરણીથી તેના વિચારો બદલાઈ ગયા.

**મુનિયે તેહ મૂર્તિયો માગી, સુણી રાજિ થયો સદભાગી; મૂર્તિ આપવા કીધો વિચાર, દાઝ્યા દિલ માંહિ દ્વેષિ અપાર.**
**સુણ્યું સ્વામિનારાયણ નામ, દ્વેષી બોલિ ઉઠ્યા તેહ ઠામ; એને મૂર્તિયો આ ન અપાય, એ તો પાખંડિ છે જગમાંય.**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૨/૨૬-૨૭)

મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીએ મનોમન ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી ભગવાન શ્રીહરિએ અમીચંદ વણિકને પ્રેરણા કરી અને તે મૂર્તિ આપવા રાજી થયા.

અમીચંદ વણિકે કહ્યું : "સંતો ! મારે ત્યાં આ લક્ષ્મીનારાયણની પુરાતની મૂર્તિઓ છે તે આ નીલકંઠ વર્ણીએ અંતર્યામીપણે જાણી લીધું હતું. તે વખતે મને કહ્યું હતું કે 'ભવિષ્યમાં આ મૂર્તિઓ લેવા હું મારા સંતોને મોકલીશ.'* તે વાત આજે સાચી થઈ." એમ કહી તેણે સંતોને ઘરમાં અલગ ઉતારો આપ્યો. રસોઈ માટે પાકું સીધું આપ્યું.

પાકા સીધાની સામગ્રી જોઈ સંતોએ તેમને કહ્યું : "શેઠ ! આ ઘી-ગોળ પાછા લઈ જાવ. અમે તો કેવળ બાટી બનાવીને જ જમીશું."

આ સાંભળી અમીચંદ વણિકને આશ્ચર્ય થયું ! તેમને ત્યાં ઘણા સાધુઓ આવતા, સૌને તેઓ મેવા-મીઠાઈ જમાડતા અને તે સાધુઓ પ્રેમથી જમી પણ લેતા. જ્યારે આ સંતોએ તો રસકસનો ત્યાગ કર્યો હોય એવું લાગે છે. તેમણે હાથ જોડીને કહ્યું : "હે સંતો ! અહીં જ્યારે નીલકંઠ વર્ણી સ્વરૂપે સ્વામિનારાયણ ભગવાન પધાર્યા હતા, ત્યારે તેમને લાડુ જમાડવાની મારી ઈચ્છા હતી. પરંતુ

તેમણે કહ્યું કે, 'અમે તો વહેલી સવારે નીકળી જવાના છીએ. માટે તમારી બીજી સેવા અમે લઈશું.' તે સેવા લેવા આજે તેમણે તમને મોકલ્યા છે, તે મારા અહોભાગ્ય છે. પણ સાથે સાથે તેમણે મારો અધૂરો રાખેલ સંકલ્પ આજે તમે પૂરો કરશો તો મને શાંતિ થશે.''

સંતોએ તેમનો ભાવ જોઈ પાકું સીધું ગ્રહણ કર્યું. રસોઈ બનાવી ઠાકોરજીને થાળ ધરાવ્યો. અમીચંદને સંતોષ થાય તેમ થોડું મિષ્ટાન્ન જમીને બાકીનો થાળ પ્રસાદીરૂપે અમીચંદને આપી દીધો. અમીચંદને સંતોષ થયો. તેણે મૂર્તિઓ કાઢી આપી. લક્ષ્મીનારાયણની સુંદર મૂર્તિઓ જોઈ સંતોને અત્યંત આશ્ચર્ય થયું. સંતોને થયું કે આ રમ્ય મૂર્તિઓ તો શ્રીજીમહારાજના મહાપ્રસાદીભૂત ગઢપુર સ્થાનમાં શોભે તેવી છે. માટે આ મૂર્તિઓ આપણે હાલમાં ગઢપુર જ લઈ જઈએ.

**દુર્ગપુર માંહિ મંદિર થાય, તેમાં આ છબી પધરાવાય; રાજા ઉત્તમનો દરબાર, શોભા તો પામે અપરમપાર.**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૨/૪૧)

પછી માર્ગમાં આવતા ખાડા-ટેકરાઓથી ગાડામાં અથડાઈને મૂર્તિઓ ખંડિત ન થાય તે માટે કારીગર હરિભક્તો દ્વારા કાષ્ઠની પેટીઓ બનાવી તેમાં આજુબાજુ ઘાસ, પરાળ વગેરે ગોઠવીને તે મૂર્તિઓ ખૂબજ સંભાળપૂર્વક ગાડામાં મૂકાવી. આ રીતે તૈયાર થઈ સંતો વડોદરાથી નીકળ્યા. સંતોએ ગાડા સાથે સીધો જ ગઢપુરનો માર્ગ લીધો. પરંતુ આ મૂર્તિઓ વડતાલમાં જ પધરાવવાની ભગવાન શ્રીહરિની ઈચ્છા હતી; એટલે ગાડું જ્યાં બોચાસણના પાદરમાં આવ્યું, તેટલામાં તો ચૈત્ર માસ હોવા છતાં મૂશળધાર વરસાદ તૂટી પડ્યો. કમોસમના આ વરસાદથી સંતો મૂંઝાયા. વરસાદથી જમીનમાં પુષ્કળ કાદવ થઈ ગયો અને ગાડાના બંને પૈડાં ચરોતરની પોચી ભૂમિના કાદવમાં ઊંડા ઊતરી ગયાં. બળદ ગાડું ખેંચી શક્યા નહીં. ગામમાં બોચાસણના મુખી કાશીદાસને ત્યાંથી બીજા બે બળદો મંગાવ્યા. તે પણ ગાડે જોડ્યા, પણ ગાડું ખસ્યું જ નહીં. છેવટે સૌ થાક્યા. એટલે કાશીદાસે કહ્યું : ''સંતો ! હમણાં આ મૂર્તિઓ અહીં જ રાખો. પછી મહારાજને પૂછીને મહારાજ જે પ્રમાણે આજ્ઞા કરે તે પ્રમાણે કરજો.''

સંતોને કાશીદાસની વાત સાચી લાગી. સંતોએ વિચાર કર્યો કે કાશીદાસને ઘેર જ મૂર્તિઓ રાખીએ. એટલે બળદની રાશ કાશીદાસને સોંપી. તેમણે ગાડાને ગામ તરફ વાળવા બળદના શરીરે હાથ ફેરવ્યો અને એક જ આંચકે ગાડાના બંને પૈડાં કાદવમાંથી નીકળી ગયા ! આથી સંતોને થયું કે ભગવાન શ્રીહરિની કાંઈક જુદી જ ઈચ્છા હોય તેમ લાગે છે. કાશીદાસને ઘેર ગાડું લઈ આવ્યા અને મૂર્તિઓ ત્યાં ઉતારી તેમના ઘરમાં મૂકાવી.

સંતો બોચાસણથી ગઢપુર આવ્યા. મહારાજને મળ્યા. ત્યારે ભગવાન શ્રીહરિએ હસતાં હસતાં સંતોને પૂછ્યું : ''હે સંતો ! મૂર્તિઓ વડતાલ પહોંચાડી ?''

આ સાંભળી સંતો કહે : ''મહારાજ ! આપ અંતર્યામીપણે બધું જ જાણો છો, છતાં પણ મનુષ્યચરિત્ર કરો છો. લક્ષ્મીનારાયણની સુંદર મૂર્તિઓ જોઈ, તે મૂર્તિઓ ગઢપુર લાવી, આ મહાપ્રસાદીના સ્થાનમાં જ્યારે મંદિર થાય ત્યારે પધરાવવી એવી અમારી ઈચ્છા હતી. પરંતુ આપની ઈચ્છાનુસાર જ બધું બને છે. એટલે વરસાદ થવાથી મૂર્તિઓ બોચાસણમાં કાશીદાસને ત્યાં મૂકીને અમે અહીં આવ્યા છીએ.''

ભગવાન શ્રીહરિ આ સાંભળી હસ્યા અને કહ્યું :

**સુણી બોલિયા શ્રીહરિ વાણી, અમે ઈચ્છા એ દેવની જાણી; આમ્રરસ તણો કરવા આહાર, રહેશે ચરોતરની મોઝાર.**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૨/૪૯)

''હે સંતો ! ચરોતર-ગુજરાતના મિષ્ટ આમ્રફળનો રસ જમવાની આ મૂર્તિઓની ઈચ્છા હોય, એટલે અહીં અડદની દાળ અને રોટલા જમવા કેમ આવે ?'' સંતો ભગવાન શ્રીહરિની ઈચ્છા સમજી ગયા.

પછી નિત્યાનંદ સ્વામીએ કહ્યું :

**નીચેના જમણા હાથમાંય, ગદા જોઈયે ચક્ર છે ત્યાંય; નીચે ડાબે હાથે ચક્ર હોય, ગદા ધારિ છે તે હાથે તોય.**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૨/૫૧)

''મહારાજ ! એ મૂર્તિઓમાં જે નારાયણની મૂર્તિ છે તેમાં દિવ્ય આયુધો ધારણ કરવામાં ખામી છે. નીચેના જમણા હાથમાં ગદા જોઈએ ત્યાં ચક્ર છે અને નીચેના ડાબા હાથમાં જ્યાં ચક્ર જોઈએ ત્યાં ગદા છે.''

ત્યારે મહારાજે કહ્યું : ''સ્વામી ! એવું હોય નહીં. તમે બરાબર ધ્યાનપૂર્વક જોયું છે ?''

''હા મહારાજ ! મેં બરાબર ધ્યાનપૂર્વક જોયું છે.'' નિત્યાનંદ સ્વામીએ કહ્યું.

સંતોની ચિંતા જોઈને મહારાજ કહે : ''સંતો તમે ચિંતા ન કરો. સમયે સર્વ શુભ થશે. તમે કહો છો તેવું હોય નહિ, છતાં જો તેમ

હોય અને નારાયણની ઈચ્છા વડતાલ મંદિરમાં સ્થાપિત થવાની હશે તો પોતાના દિવ્ય આયુધોની એમની મેળે ફેરબદલી કરી લેશે.''

●

વડતાલ મંદિરમાં દેવોની પ્રતિષ્ઠા કરવા ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા ત્યારે બોચાસણથી મૂર્તિઓ વડતાલ મંગાવી લેવામાં આવી. જે દિવસે મૂર્તિઓ વડતાલમાં લાવવામાં આવી તે દિવસે ભગવાન શ્રીહરિ નિત્યાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીની સાથે લઈને મૂર્તિ જોવા પધાર્યા.

**નિત્યાખ્ય નામે મુનિએ જ આવી, તહાં પ્રભૂને વિનતી સુણાવી; જે મૂર્તિયો છે પધરાવવાની, જુઓ પ્રભૂ દૃષ્ટિ કરી કૃપાની...૬૧**
**પછી પધાર્યા પ્રભુ તેહ સંગે, જોવા બધી મૂરતિયો ઉમંગે; ઈશાન કોણે શુભ બૂર્જ જ્યાંય, જોઈ જઈને હરિ મૂર્તિ ત્યાંય...૬૨**
**જ્યાં વસ્ત્ર આછાદિત દૂર કીધું, સ્વરૂપ નારાયણ જોઈ લીધું; આયૂધ હાથે અવળાં હતાં જે, જોતાં જણાયાં સવળાં થયાં તે...૬૩**
**નીચે તણા દક્ષિણ હાથમાંય, ગદા થઈ ચક્ર હતું જ ત્યાંય; ડાબે કરે જેહ ગદા જણાતી, ત્યાં ચક્ર દીઠું ભલું એ જ ભાતી...૬૪**

(શ્રીહરિલીલામૃત : ૮/૨૩)

મૂર્તિ ઉપર સુરક્ષા માટે ગોઠવેલા આવરણો ભગવાન શ્રીહરિએ નિત્યાનંદ સ્વામી પાસે ખસેડાવ્યા. નારાયણ ભગવાનની મૂર્તિ ઉપર ચાર હાથમાં ચાર દિવ્ય આયુધો શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે તે સ્થાને જ ધારણ કરેલા હતાં.

''સ્વામી ! તમે જોયું હતું એ સાચું કે અત્યારે પ્રત્યક્ષ જુઓ છો એ સાચું ?'' ભગવાન શ્રીહરિએ નિત્યાનંદ સ્વામી તરફ જોઈને હસતાં હસતાં પૂછ્યું.

ત્યારે નિત્યાનંદ સ્વામીએ હાથી જોડી કહ્યું :

**સુણી કર્યો ત્યાં મુનિએ ઉચાર, ઐશ્વર્ય છે આપ તણું અપાર; તેથી થયાં છે સવળાં જ એહ, જોયાં હતાં તો અવળાં જ જેહ...૬૬**

(શ્રીહરિલીલામૃત : ૮/૨૩)

''મહારાજ ! આ આપનો જ પ્રતાપ છે. તે વિના આમ ન બને. આપ જે ધારો અને જે કરો તે જ સાચું છે. માણસ પોતાના અહમને આધારે જે ધારે તે બધું જ ખોટું છે.''

આ સાંભળી શ્રીહરિ મંદમંદ હસ્યા ને નિત્યાનંદ સ્વામીના મસ્તકે શ્રીહરિએ પોતાના બંને હાથ મૂક્યા.

## ● ભગવાન શ્રીહરિએ નિર્જીવ પૂતળાંઓને સજીવ કર્યાં :

ભગવાન શ્રીહરિ આ મૂર્તિઓ નિહાળતાં તે વખતે બ્રહ્માનંદ સ્વામી ત્યાં આવ્યા. જુદી જુદી ઘણી મૂર્તિઓ એક તરફ વ્યવસ્થિત ગોઠવેલી હતી.

**પુતળાં હીરાભક્તે બનાવ્યાં, તે તો તે ઓરડામાં મુકાવ્યાં; રાસમંડળનાં પુતળાં છે, સિંહ વાઘનાં રૂપ રચ્યાં છે...૫૧**
**કોઈ મંડપમાં મુકવાનાં, કોઈ મંદિરમાં ચણવાનાં; દિસે ઘાટ ઘડ્યો ઘણો સારો, જગજીવન જોવા પધારો...૫૨**
**પછી જોવા ગયા મુનિભૂપ, જોયાં રાસમંડળ તણાં રૂપ; કોઈના કરમાં શોભે તાલ, કોઈ પાસે છે વીણા વિશાલ...૫૩**
**કરમાં ધર્યું કોયે મૃદંગ, કોઈયે તો ઉપંગ કે ચંગ; લીધું ભુંગળ કોઈયે બજાવા, કોઈયે વાંસળી કૃષ્ણ રિઝાવા...૫૪**
**જોઈ રાજી થયા મહારાજ, કહ્યું સારું છે શિલ્પનું કાજ; જોતાં ખામી કશી નથિ એમાં, જીવમાત્ર નથિ એક તેમાં...૫૫**
**હોય જો જીવ પુતળાં વિષે, શિલ્પી સ્રષ્ટામાં શો ભેદ દિસે; કવી શિખાઉ રસ લાવી જાણે, કોણ સારા કવીને વખાણે...૫૬**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫)

બીજી તરફ મંદિરના બહારના થાંભલાઓ ઉપર ગોઠવવાનાં પૂતળાંઓ ગોઠવેલા હતાં. કોઈ પૂતળાંના હાથમાં વિણા હતી તો કોઈના હાથમાં મૃદંગ હતું. એમ જુદા જુદા વાજિંત્રો પૂતળાંઓએ ધારણ કરેલાં હતાં. બ્રહ્માનંદ સ્વામીની સાથે સુરાખાચર હતા.

સુરાખાચરને ઉદ્દેશીને, પણ ભગવાન શ્રીહરિ સાંભળે એ રીતે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું :

**હાસ્યમૂર્તિ બ્રહ્માનંદસ્વામી, આવિ બોલ્યા પગે શિર નામી; આંહિ જો કોઈ ઈશ્વર આવે, તો આ પુતળામાં પ્રાણ લાવે...૫૭**
**માંસનાં પુતળાંને રમાડે, કેમ પથ્થરનાં ન જીવાડે; પણ જો કરુણા ઉર આણે, એવી લીલા દેખાડે આ ટાણે...૫૮**
**એવાં સાંભળી મર્મવચન, મંદ મંદ હસ્યા ભગવન; હતી નેતરની છડી હાથે, પુતળાંને અડાડી તે નાથે...૫૯**
**જીવતાં થઈ નાચવા લાગ્યાં, વાજાં વિવિધ પ્રકારનાં વાગ્યાં; સુણી જોવા આવ્યા ઘણા જન, થયા નિરખીને મનમાં મગન...૬૦**
**એવી લીલા કરી એ ઠેકાણે, મોટા મોટા મુનિજન જાણે; એહ સ્થાનનો મહિમા અપાર, શું વખાણું હું વારમવાર...૬૧**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫)

"સુરાખાચર ! આ પૂતળાં જાત જાતના વાજિંત્રો લઈને ઊભા છે, કેટલાક નૃત્યમુદ્રા ધારણ કરીને ઊભા છે. પણ એમાં કોઈ વગાડે કે નાચે ત્યારે સમજાય કે એ શું કહેવા માગે છે ? આ નિર્જીવ પૂતળાં છે પણ જો કોઈ અહીં ભગવાન હોય તે દૃષ્ટિ કરે યા આજ્ઞા કરે તો આ પૂતળાં વાજિંત્ર વગાડે અને નાચવા માંડે. પણ ભગવાન અત્યારે તો..." સ્વામી આગળ બોલતા અટકી ગયા.

"સ્વામી ! તમારે આ પૂતળાં વગાડે અને નાચે એ જોવું છે. ખરું ને !" શ્રીહરિએ ગંભીરસ્વરે પૂછ્યું.

"હા મહારાજ ! આપ દયા કરો તો જડ અને ચેતન અને ચેતનને જડ બનાવવાની શક્તિ જગતમાં એકમાત્ર ભગવાનમાં જ હોય છે." બ્રહ્માનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું.

ભગવાન શ્રીહરિએ પોતાના હાથમાં રહેલી છડી પૂતળાંઓ સામે ઊંચી કરી અને તરત જ એ નિર્જીવ પૂતળાં પોતાના હાથમાંનું વાજિંત્ર વગાડવા લાગ્યાં અને પોતે ધારણ કરેલી મુદ્રા પ્રમાણે નૃત્ય કરવા લાગ્યાં.

સુરાખાચર વગેરે હજૂરી સેવકો તો, પૂતળાંઓને નાચતાં-કૂદતાં અને વાજિંત્ર વગાડતાં જોઈને હર્ષઘેલા બની ગયા અને તેમની સાથે એ બધા પણ નાચવા લાગ્યા. શ્રીહરિએ થોડીવાર પછી છડી નીચી કરી કે તરત જ પૂતળાં નિર્જીવ બની પોતપોતાને સ્થાને પાછાં ગોઠવાઈ ગયાં.

**નોંધ :** આ દરેક પૂતળાંઓ હાલમાં મંદિરની અંદર થાંભલા ઉપર અને ગોળ ઘુમ્મટની ચારેબાજુ મુકેલા છે. આ પૂતળાંને અડાડેલી નેતરની છડી હતી તેના હાલમાં અક્ષરભુવનમાં દર્શન થાય છે.

●●●

★ સં. ૧૮૫૫ ફાગણ સુદ - ૮નો દિવસ, વડોદરાના શહેરના ઈતિહાસમાં સદા સુવર્ણાક્ષરે લખાશે. આ દિવસે શહેરની વચ્ચે માંડવીનો સોળ સ્તંભનો દરવાજો છે, તે દરવાજા નીચે નીલકંઠ વર્ણીપ્રભુએ મુકામ કર્યો. સોળ થાંભલા પૈકી બીજી હરોળના બીજા થાંભલાને ટેકે નીલકંઠ વર્ણીપ્રભુ બિરાજમાન થયા હતા. ત્યારે સંધ્યાટાણું થઈ ગયું હતું. છતાં સંધ્યાના આછા ઉજાસમાં પણ વર્ણીપ્રભુની કાન્તિએ જાદુ કર્યું. એમના મુખ અને ભાલ ઉપર કોટિ કોટિ સૂર્ય-ચંદ્રના તેજને ઝાંખું કરે એવું દિવ્ય, શીતળ અને શાંત તેજ વિલસી રહ્યું હતું. વર્ણીરાજની આંખોમાં દેવ-દાનવ-માનવ અને મુક્ત સૌ કોઈના મનને હરી લે એવું અલૌકિક મધુર આકર્ષણ ભર્યું હતું.

**દિસે મૂર્તિ મનોહર સારી, જોવા અધિક મળે નરનારી; કહે કોઈ છે રાજકુમાર, કોઈ કહે અમર અવતાર.**
**કહે કોઈ છે હરિ સાક્ષાત, કરે એમ પરસ્પર વાત; વળી કોઈ કહે મુખ એમ, કહું છું મને ભાસે છે જેમ.**
**પુરનાથની નજરે જો આવે, નકી દરબારમાં પધરાવે; સારી રીતે કરે સનમાન, માગે દેવ જાણી વરદાન.**
**વળી કોઈ કહે પ્રભુપાસ, કરો આ નગરીમાં નિવાસ; ત્યારે ઉત્તર આપે છે હરિ, કોઈ અવસરે આવશું ફરી.**
**તમે રાખો છો ભાવ જો સારો, થશે સુફળ મનોરથ તમારો; એવા મર્મનાં વચન ઉચ્ચારી, પછી ત્યાંથી ચાલ્યા ગિરિધારી.**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૪/૪૮-૫૨)

માંડવીના દરવાજા આગળ ભીડ થવા લાગી. નીલકંઠ વર્ણીપ્રભુના સ્વરૂપમાં કોઈને દૈવી વિભૂતિનો ભાસ થયો, જ્યારે કોઈને રાજકુમારની પ્રતિભાનો ખ્યાલ આવ્યો, કોઈને તો સાક્ષાત્ ભગવાન પધાર્યા હોય તેવી પ્રતીતિ થઈ ! કોઈએ કુતૂહલથી ટોળાની અંદર દાખલ થઈ વર્ણીપ્રભુ પાસે પહોંચી જઈને કહ્યું : "યોગીરાજ ! આપ અહીં રહેશો ? અમારા નગરમાં ઘણા સાધુ-બાવા-વૈરાગીઓ આવે છે, પણ આપ કાંઈક જુદા દેખાઓ છો."

એટલામાં બીજો બોલી ઊઠ્યો : "ભાઈ ! આપણા સયાજીરાવ મહારાજને હજુ ખબર પડી નથી, નહિ તો આ તપસ્વીને તેમના દરબારમાં જ લઈ જાય."

નીલકંઠ વર્ણીપ્રભુએ ભીડમાં થતાં કોલાહલને શમાવવા કહ્યું : "તમારો સૌનો ભાવ છે તો અમે ફરી આવીશું."

એટલામાં સામેની દુકાનનું બારણું ખૂલ્યું અને દુકાનનો માલિક અમીચંદ ત્યાં જામેલી ભીડ પાસે આવ્યો. રાત્રિના અંધારપટમાં ટોળું વીખરાતું હતું. અમીચંદના હાથમાં ફાનસ હતું. તેણે નીલકંઠ વર્ણીપ્રભુનું મુખારવિંદ જોયું અને જાણે અનંત સૂર્યનો પ્રકાશ તેમાંથી નીકળતો હોય તેવી જ્યોત અમીચંદે જોઈ. તે વણિક હતો છતાં તેનામાં વણિકને સહજ એવી વેપારી વૃત્તિ નહોતી. તેના અંતરમાં પ્રભુપ્રાપ્તિની ઝંખના હતી. તેની સ્ત્રી પણ એવી ભાવિક હતી. તેણે ધીરે રહીને વર્ણીરાજનો ચરણસ્પર્શ કર્યો. વર્ણીપ્રભુએ તેના તરફ દૃષ્ટિ કરી. એટલે અમીચંદે હાથ જોડીને પૂછ્યું : "પ્રભુ ! આપ કાંઈ જમશો ?"

વણિક અમીચંદનો ભાવ જોઈ નીલકંઠ વર્ણીપ્રભુએ કહ્યું : "જે તૈયાર હોય તે લાવો."

અમીચંદ રાજી રાજી થઈ ગયો. તે એકદમ ઘેર ગયો. તેણે પોતાની પત્ની રૂપાબાઈને પૂછ્યું : ''રસોઈ તૈયાર છે ?''

રૂપાબાઈએ કહ્યું : ''ખીચડી બનાવી છે.''

''ઝટ થાળીમાં ખીચડી પીરસ. બહાર મોટા જોગી આવ્યા છે તેમને જમાડવા છે.'' આમ, વણિક અમીચંદને ઉતાવળ હોવાથી તેની પત્ની રૂપાબાઈ વર્ણીપ્રભુને ખીચડી પીરસવા આવ્યા.

રૂપાબાઈએ પણ નીલકંઠ વર્ણીપ્રભુના દર્શન કર્યા હતા, તેથી તેના અંતરમાં રહેલી જગતની વાસનાઓ નીલકંઠ વર્ણીપ્રભુના દર્શનમાત્રથી ટળી ગઈ હતી. તેને અપાર શાંતિનો અનુભવ થયો. તરત જ તેણે થાળીમાં ખીચડી પીરસી અને એક વાટકીમાં ઘી મૂક્યું. અમીચંદ થાળી લઈને બહાર ગયો.

નીલકંઠ વર્ણીપ્રભુને થાળી આપી. અમીચંદ વણિક વર્ણીપ્રભુની સામે બેસી ગયો. નીલકંઠ વર્ણીપ્રભુએ વાટકીમાં બે આંગળી બોળી ખીચડીમાં ઘી નાખ્યું. બે ગ્રાસ જમી ચળું કર્યું. અમીચંદ તે પ્રસાદી ઘેર લઈ ગયો. તે થાળી લઈને અંદર ગયો. રૂપાબાઈએ તરત થાળી લઈ લીધી. થાળીમાં મહાપ્રસાદ હતો. અમીચંદ તો વર્ણીપ્રભુના વિચારમાં પ્રસાદ ભૂલી ગયો, પરંતુ રૂપાબાઈ એ મહાપ્રસાદની ખીચડી ને ઘી જમી ગયાં. આ મહાપ્રસાદે રૂપાબાઈના અંતરમાં જાદુ કર્યો. તેની મિથુની ગ્રંથિ જ ઓગળી ગઈ અને અનિર્વચનીય શાંતિના આનંદનો અનભુવ તે કરવા લાગ્યાં. પ્રસાદીનો આ પ્રતાપ તેણે અનુભવ્યો તેથી તેને થયું કે, આ તપસ્વીને આજે તો ફક્ત ખીચડી જ જમાડી છે, પણ આવતી કાલે તેમને પકવાન જમાડવા છે. તેણે આ વિચાર તેના પતિ અમીચંદને કહ્યો અને વહેલી સવારે ઊઠીને વર્ણીપ્રભુને ઘેર લઈ આવવા કહ્યું.

વહેલી પ્રભાતે નીલકંઠ વર્ણીપ્રભુ માંડવી દરવાજાથી નીકળવાની તૈયારી કરી રહ્યા હતા એટલામાં અમીચંદ ત્યાં આવી પહોંચ્યો. તેણે હાથ જોડી પ્રાર્થના કરી : ''યોગીરાજ ! આપને પકવાન જમાડવાની અમારી ઈચ્છા છે. તો અમારું ભોજન જમ્યા પછી જ આપ નીકળો.''

નીલકંઠ વર્ણીપ્રભુ તેનો ભાવ જોયો. વણિકના અંતરમાં આ લોકની કોઈ ઈચ્છા નહોતી, તેને તો ફક્ત અમારી સેવા જ કરવી હતી. પછી વર્ણીપ્રભુએ વણિકને કહ્યું : ''અમે તો ગોદોહનમાત્ર જ એક સ્થાનમાં રહીએ છીએ. એટલે અત્યારે તો અમે જઈશું.''

''પણ યોગીરાજ ! આપની કાંઈ સેવા અમારાથી થઈ શકી નથી. અમારે તે ઘેર તીર્થ આવ્યું છતાં કોરા રહી ગયા.'' વણિકે ગદ્‌ગદ ભાવે કહ્યું.

નીલકંઠ વર્ણીપ્રભુએ તેને માથે હાથ મૂકીને કહ્યું : ''અમીચંદ ! તારી પાસેથી અમારે સેવા લેવી છે તે ભવિષ્યમાં લઈશું.''

''પણ ભવિષ્યમાં મારા દેહનો શો ભરોસો ?'' અમીચંદે હાથ જોડી કહ્યું.

''તારો દેહ ત્યાં સુધી રાખવો તે અમારા હાથમાં છે.''


નીલકંઠ વર્ણીપ્રભુના વચન સાંભળી વણિક બે ડગલાં પાછો ખસી ગયો. તેને લાગ્યું કે નક્કી આ સાક્ષાત્ ભગવાન જ છે. કાળને પાછો ઠેલી શકે એ શક્તિ તો એક ભગવાન પાસે જ છે. પછી અમીચંદે કહ્યું : ''પ્રભુ ! હું આપની એવી કઈ સેવા કરી શકું ?''

નીલકંઠ વર્ણીપ્રભુએ મંદ મંદ હાસ્ય કરતા કહ્યું : ''તારે ઘેર લક્ષ્મીનારાયણદેવની મૂર્તિ પૃથ્વીમાં દાટેલી પડી છે. તે મૂર્તિ અમે અમારા સાધુને મોકલીને મંગાવી લઈશું.''

અમીચંદ વણિકને આ સાંભળી આશ્ચર્ય થયું. તેના ઘરમાં લક્ષ્મીનારાયણની મૂર્તિ છે તે તેના સિવાય બીજું કોઈ જાણતું નહોતું. શ્રીમંત સરકારના ફરમાનની બીકથી તે મૂર્તિઓ તેના પિતાએ ભૂગર્ભમાં દાટી દીધી હતી.★ વર્ણીપ્રભુના સ્વરૂપ સંબંધી અમીચંદે કરેલો નિશ્ચય તેમના આ શબ્દોથી દૃઢ થયો. અમીચંદ બોલ્યો : ''ભલે પ્રભુ ! જેવી આપની ઈચ્છા. મારી જાતને હું ખરેખર ધન્ય માનું છું કે આપની એ રીતે પણ હું સેવા કરી શકીશ.'' નીલકંઠ વર્ણીપ્રભુ વણિક અમીચંદને આશીર્વાદ આપી ત્યાંથી ચાલી નીકળ્યા.

★ વડોદરા શહેરની વસ્તી વધતા તત્કાલીન શ્રીમંત સરકારને રસ્તા પહોળા કરવાની જરૂર પડી. આથી, સરકારે માર્ગમાં આવતાં મકાનો તોડવાનું ફરમાન કર્યું. પોતાના મકાનો તૂટતાં બચાવવાં આ ઘરોમાં વસતા લોકોએ ભગવાનની મૂર્તિઓ જળમાં પધરાવી દીધી હતી. આથી, જેના ઘરમાં આવી મૂર્તિઓ હતી તે મૂર્તિઓને સરકાર હસ્તગત કરી લેતી હતી. અમીચંદના પિતા ભક્તિભાવપૂર્વક મૂર્તિઓ રાખતા હતા. સરકાર આ મૂર્તિ લઈ ન જાય તે માટે અમીચંદના પિતાએ તે મૂર્તિઓને ભૂગર્ભમાં દાટી દીધી હતી.

●●●



# વડતાલમાં પ્રતિષ્ઠોત્સવ

## સં. ૧૮૮૧ (ઈ.સ. ૧૮૨૪)

સં. ૧૮૮૧નો કાર્તિક માસ ચાલી રહ્યો હતો. ભગવાન શ્રીહરિ ગઢપુરમાં બિરાજમાન હતા. આ અરસામાં વડતાલમાં મંદિર પણ તૈયાર થઈ ગયું હતું. તેથી વડતાલથી અક્ષરાનંદ સ્વામીએ પત્ર લખીને જણાવ્યું હતું કે "હવે મૂર્તિ પ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવરાવી નક્કી કરો, જેથી તે પ્રતિષ્ઠોત્સવ ભવ્ય રીતે ઉજવાઈ જાય."

**અક્ષરાખ્ય મુનિ વાક્ય ઉચ્ચરે, તે આનંદમુનિ ચિત્તમાં ધરે; આજ સર્વ શ્રમ આપણો ફળ્યો, પૂર્વ પુણ્યનિધિ માનિયે મળ્યો.**
**વાત એહ લખિ એક કાગળે, મોકલાય મુનિનાથ આગળે; તેહ પત્ર વૃષપુત્ર વાંચશે, રાજિ રાજિ હૃદયે ઘણા થશે.**
**પત્ર એક લખિયો પવિત્ર તે, ચિત્ત ભાવ તણું ચારુ ચિત્ર તે; તેહ માંહિ વચનો લખી ધર્યાં, પ્રાણનાથ શિખરો પુરાં કર્યાં.**
**જોવરાવિ સુમુહૂર્ત સંચરો, મૂર્તિયોનિ થિર થાપના કરો; છે વિરાટ તન તુલ્ય મંદિરો, તે સજીવ છબિ થાપિને કરો.**
**દેશદેશ લખિ કુંકુમાક્ષરી, મોકલ્યાનું કરજો તમે હરિ; હર્ષ સર્વ હરિભક્ત પામશે, આવિ જેમ મધમક્ષિ જામશે.**
**ઇંદ્ર ચંદ્ર દિવસેંદ્ર દેવતા, ભૂતનાથ યમ ભારતી પિતા; ચિત્ત ચિંતવન નિત્ય સૌ ધરે, વાસ્તુ આવિ હરિ કે સમે કરે ?**
**તે ચરિત્ર તવ દેખવા તણી, સર્વ ચિત્ત ઉતકંઠતા ઘણી; પ્રાણનાથ ઝટથી પધારજો, આવિ હર્ષ અમને વધારજો.**
**પત્ર તેહ લઈ જૂસજી પગી, સંચર્યા દુરગધામની લગી; જેમ પત્ર લઇ રુક્મિણી તણો, વિપ્ર સંચરિત વેગથી ઘણો.**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૩/૩-૧૦)

આ મળ્યો કે તરત જ ભગવાન શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામી,મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિક સંતો તથા લાધા ઠક્કર, હરજી ઠક્કર વગેરે હરિભક્તોને બોલાવી પત્ર વંચાવ્યો. સંતો ભક્તો પત્ર વાંચી બહુ રાજી થયા.

### • વડતાલ મંદિર પ્રતિષ્ઠાનું મુહૂર્ત આપ્યું :

ભગવાન શ્રીહરિ મયારામ ભટ્ટ તથા રૂંવાદના પુરુષોત્તમ ભટ્ટને બોલાવ્યા. બંને ભક્તો જ્યોતિષ વિદ્યામાં પ્રખર હતા. વળી, મહારાજની રુચિ પણ સમજતા હતા. મહારાજે તેમને વડતાલમાં મૂર્તિ પ્રતિષ્ઠાનું મુહૂર્ત કાઢી આપવા કહ્યું :

**મુહૂર્ત આવ્યું શુભ દ્વાદશીયે, તે શુક્લપક્ષે તિથિ કાર્તિકીયે; પોઢી ઉઠે શ્રીહરિ શેષશાયી, મુહૂર્ત તે તો સહુ સિદ્ધિદાયી.**
**કૃષ્ણે પછી કાગળ ત્યાં મગાવ્યો, વૃત્તાલયે મોકલવા લખાવ્યો; મુહૂર્તનો વાસર શુદ્ધ જેહ, શ્યામે લખાવ્યો શુભ જાણિ તેહ.**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૩/૨૦-૨૧)

મયારામ ભટ્ટ અને પુરુષોત્તમ ભટ્ટ - આ બંને જ્યોતિષીઓએ કાર્તિક સુદ બારસનું મુહૂર્ત આપ્યું. ભગવાન શ્રીહરિએ આ મુહૂર્તની તિથિ અક્ષરાનંદ સ્વામીને પત્ર દ્વારા મોકલી આપી. તેમાં લખ્યું હતું કે "અમે અહીં ગઢપુરમાં અન્નકૂટનો ઉત્સવ કરી તરત જ નીકળશું. તમે મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવની કંકોત્રીઓ દેશ-પરદેશના હરિભક્તો ઉપર 'લિખાવિંત સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ' એ પ્રમાણે અમારા નામે લખીને મોકલી આપજો.

## • ભગવાન શ્રીહરિએ પ્રતિષ્ઠાની પૂર્વ તૈયારી માટે અક્ષરાનંદ સ્વામીને ભલામણ પત્ર લખ્યો :

ભગવાન શ્રીહરિએ આ પત્રમાં પ્રતિષ્ઠાની પૂર્વ તૈયારીની અનેક ભલામણ અક્ષરાનંદ સ્વામીને લખી હતી તેનું વર્ણન કરતાં શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં કરતા પ.પૂ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ લખે છે :

**વળી બિજી વાત કરી પ્રકાશ, હે અક્ષરાનંદ અનન્યદાસ; વડોદરા સૂરત આદિ દેશ, કંકોતરીયો લખજો વિશેષ...૨૨**
**શ્રીમંત સર્કાર શિયાજિરાવ, જેનો ભલો છે મુજ માંહી ભાવ; કંકોતરી ત્યાં લખજો જરૂર, તે મંત્રિને મોકલશે હજૂર...૨૩**
**દંઢાવ ને કાનમ આદિ દેશ, ને વાંસદા ધર્મપુરે વિશેષ; ખંભાતના ભૂપ ભલા નવાબ, તેને લખાવો લખિ ઈલકાબ...૨૪**
**ચરોતરે ને દશકોશિ માંય, છે આબરૂદાર સુભક્ત ત્યાંય; લખો વળી શ્રીપુર જાણિ સારું, લખો બધામાં લિખિતં અમારું...૨૫**
**હાલાર પાંચાળ સુરાષ્ટ્ર કચ્છ, કંકોતરી ત્યાં લખશું જ સ્વચ્છ; તેની ન ચિંતા કરવી તમારે, તે કામ તો છે કરવું અમારે...૨૬**
**કર્યા અમે મંદિર કારભારી, તે સાચવે છે મરજી તમારી; તે સર્વને એમ તમે કહેજો, સામાન સર્વે ધન ખર્ચિ લેજો...૨૭**
**ઘી ખાંડ ને સાકર અન્ન જેહ, અખૂટ લેજો અતિ શુદ્ધ એહ; જે જે દિસે ખેતર આસપાસ, ત્યાં તો થશે સંઘ તણો નિવાસ...૨૮**
**તે માટે તે સ્વચ્છ કરાવી રાખો, ત્યાં આવશે તે તક લોક લાખો; સુખે રહે ત્યાં સહુ બાઇ ભાઈ, એવી કરો ઉત્તમ જોગવાઈ...૨૯**
**અમે મુનિ નિષ્કુળને જ ધારી, અગાઉથી મોકલશું વિચારી; જાણે બધી ઉત્તમ જુક્તિ જેહ, કરાવશે મંડપ આવિ એહ...૩૦**
**જે વેદમૂર્તી ક્રિયમાણ જાણે, વિશેષ જેને જન સૌ વખાણે; એ તો વસે છે ઉમરેઠ ગામ, ઘેલા તથા છે હરિભાઈ નામ...૩૧**
**ત્રિજા કૃપારામ સુવિપ્ર જેહ, તેઓ વસે છે પણ ગામ તેહ; જાણે ભલી કર્મઠ કેરિ રીતી, પ્રભૂપદે છે પરિપૂર્ણ પ્રીતી...૩૨**
**તેડાવજો તે નિજ શિષ્ય સંગે, તે કુંડનું કામ કરે ઉમંગે; જે જે હુતદ્રવ્ય ગણી બતાવે, તે લાવજો જ્યાં થકિ જેહ આવે...૩૩**
**વરૂણિમાં વિપ્ર વરાય જેહ, ઠરાવશું આવિ અમે જ તેહ; સિધા તણી તો કરવા સફાઈ, તેડાવજો જે બહુ સુજ્ઞ બાઈ...૩૪**
**ગંગાખ્ય માતા ગુણવંતિ જેહ, તેડાવજો તર્ત લખી જ તેહ; બિજાં વસે છે ઉમરેઠ માંઈ, બે રૂપબાઈ વળિ માનબાઈ...૩૫**
**બે નાથિ ને બેન કુમારિ સારી, વેણી તથા છે કુશળા સુનારી; વડોદરામાં પણ મોંઘિબાઈ, જે શ્રેષ્ઠ સત્સંગ વિષે ગણાઈ...૩૬**
**ગંગા વસે શ્રીપુર માંહિ ત્રીજી, રેવા તહાં છે વળિ બાઈ બીજી; વસો વિષે છે જમનાં જતન, છે મેમદાવાદ નિવાસિ અન્ય...૩૭**
**સુખાખ્ય બાઈ સખબાઈ કાશી, વળી તહાં છે ઉમયા નિવાસી; રહે વળી ત્યાં રળીયાત બાઈ, સતી સિતાથી પણ તે સવાઈ...૩૮**
**છે પીપળાવાખ્ય પવિત્ર ગામ, હેતાખ્ય બાઈ ઠરિ તેહ ઠામ; જાણો સહૂ અક્ષરમુક્ત એહ, ધર્યા મહી માંહિ મનુષ્ય દેહ...૩૯**

વસંતતિલકા :

**ગંગાજિ ભક્ત હરિનાં નડિયાદ કેરા, એવાં જ ઉત્તરકુમારિ ભલાં ઘણેરાં;**
**રેવાજિ નામ ભલિ બાઇ તહાં રહે છે, સર્વે સુજાણ સતિ એમ જનો કહે છે...૪૦**

ઉપજાતિ :

**તેડાવવા તે બધિ બાઇયોને, ત્યાં મોકલાવો દ્વિજ ભાઇયોને; વૃત્તાલવાસી વનમાળિ ગોર, ડાહ્યાખ્ય મેતા પણ તેહ ઠોર...૪૧**
**સંજાય ગામે શુભ છે મુકામ, છે નામ અંબાપદ યુક્ત રામ; તે વિપ્ર સારા ત્રણ જો સિધાવે, બાઈ બધીને જઈ તેડિ આવે...૪૨**
**તે બાઇયો સર્વ પ્રવીણ પૂરી, રસોઈ કામે નથિ તે અધૂરી; જે જે સમે જ્યાં શુભ કામ હોય, આવે તહાં જોગ ન હોય તોય...૪૩**
**તે સર્વને કામ ભલાં ભળાવો, સેવો વડી પાપડ તે કરાવો; સેવો તણા તંતુ રચે રુપાળા, જાણે દિસે તંતુ સુપદ્મવાળા...૪૪**
**વિવેકથી તે વડિયો બનાવે, જેમાં અતિ ઉત્તમ સ્વાદ આવે; સજે વળી પાપડ સ્વચ્છ એવા, પૂરેપૂરા પૂનમચંદ્ર જેવા...૪૫**
**રસોઇયા સૂરતના જ સારા, વડોદરાના પણ રાંધનારા; જે પાકશાસ્ત્રે નિપુણો અથાક, ભણેલ રૂડા નળ ભીમપાક...૪૬**
**તેડાવિ પકવાન ઘણાં પડાવો, ભંડાર મોટા બહુધા ભરાવો; અનેક સંભાર તણાં અથાણાં, મગાવજો ઉત્તમ આપિ નાણાં...૪૭**
**જે ગામ છે ત્યાં થકિ આસપાસ, જ્યાં જ્યાં વસે મૂજ અનન્ય દાસ; આજ્ઞા અમારી ભલિ એમ ભાખો, તૈયાર સૌ કાષ્ઠ તૃણાદિ રાખો...૪૮**
**ધર્મે કર્યો રાજસુ જજ્ઞ જેવો, એથી થશે ઉત્તમ જજ્ઞ એવો; માટે થવું સર્વ જને સહાયી, ન જાણશો બાળક ખેલ ભાઈ...૪૯**

**વડોદરે છે નર નારુપંત, સત્સંગિ પૂરા અતિ સ્નેહવંત; અમાત્ય છે તે નરનાથ કેરા, મગાવવા ત્યાં થકિ તંબુ દેરા...૫૦**
**ચોખી ભલી ચંદનિયો મગાવો, તંબૂ ખડા ખેતરમાં કરાવો; જ્યાં ઝાડપાણી તણિ જોગવાઈ, ભલી હવા હોય વિશેષ ભાઈ...૫૧**
**ત્યાં આવશે જે સરદાર સારા, તેના થશે તંબુ વિષે ઉતારા; તે કારણે કાંચન કુંભવાળા, મગાવજો તંબુ રુડા રુપાળા...૫૨**
**જ્યારે હજારો જન ત્યાં ભરાશે, ત્યારે તહાં તો બહુ ભીડ થાશે; માટે બધી સીમ સુધી સફાઈ, કરાવિ રાખો ભલિભાત ભાઈ...૫૩**
**નવે નિધી અષ્ટ સુસિદ્ધિ જેહ, ત્યાં આવશે સૌ તક જાણિ તેહ; જનો તણાં કામ જને કરાશે, દેવો તણાં દેવ થકી જ થાશે...૫૪**
**ગણેશ ગંગેશ સુરેશ શેષ, ધનેશ હંસેશ શશી દિનેશ; સેવા વિષે તત્પર સૌ રહેશે, તે આ સમે લાભ અલભ્ય લેશે...૫૫**
**નક્કી લખી વાત થવાનિ એમ, લખે વિધાતા દૃઢ લેખ જેમ; એ રીતનો પત્ર પુરો લખાવ્યો, તે જુસજીના કરમાં અપાવ્યો...૫૬**
**સિધાવિયા જુસજિ પંથ રૂડે, વેગે ઘણે જેમ ગરૂડ ઊડે; જ્યાં અક્ષરાનંદમુની નિવાસ, તે પત્ર મૂક્યો જઈ તેનિ પાસ...૫૭**
**ઉત્સાહ વાધ્યો ઉર વાંચિ પત્ર, સૌને બધી વાત સુણાવિ તત્ર; આનંદ વાધ્યો અતિ ઘેર ઘેર, જાણે વધી લક્ષ્મિ તણી લહેર...૫૮**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૩)

વડોદરા ગાયકવાડ સરકાર, સુરતના નવાબ, ખંભાતના નવાબ, જૂનાગઢ, માંગરોળના નવાબો તથઆ સૌરાષ્ટ્રના રાજવીઓ તેમજ ધરમપુરના રાજા વગેરેને આપણા પ્રત્યે સદ્‌ભાવ છે, એટલે તેમને પણ ખાસ ખેપિયા મોકલી કંકોત્રીઓ પહોંચાડજો. આ પ્રસંગ માટે લાખોની સંખ્યામાં હરિભક્તો આવશે, તેમના ભોજન માટે સીધાની સામગ્રી પણ એકઠી કરજો. સંતોના મંડળો તથા હરિભક્તો નિવાસના માટે વડતાલની સીમ સ્વચ્છ કરાવી લેશો.

નિષ્કુળાનંદ મુનિ સુંદર મંડપની રચના કરશે. ઉમરેઠના હરિભાઈ, ઘેલાભાઈ, કૃપારામ વિપ્રને તેડાવી યજ્ઞકુંડ રચાવજો. પરંતુ યજ્ઞમાં વરણમાં કોને કોને બેસારવા તે અમે ત્યાં આવીને નક્કી કરીશું. ગંગામા, ઉમરેઠના રૂપબાઈ, માનબાઈ, વડોદરાના મોંઘીબાઈ. અમદાવાદના રેવાબાઈ, ગંગાબાઈ, વસોના જમનાબાઈ, જતનબાઈ, મહેમદાવાદના ઉમિયાબાઈ, કાશીબાઈ, રળીયાતબાઈ, પીપળાવના હેતબાઈ, નડિયાદના ગંગાબાઈ, ઉત્તમબાઈ, રેવાબાઈ વગેરે સ્ત્રીભક્તોને તેડાવજો. સુંદર પકવાન્નો તૈયાર કરાવજો. યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો તેથી ઉત્તમ યજ્ઞ થશે. સર્વેએ સર્વને સહયોગી થવું. વડોદરાના નારુપંત ગાયકવાડના અમાત્ય છે. તેને ત્યાંથી ડેરા તંબુ મંગાવજો.

આ ઉત્સવમાં અષ્ટસિદ્ધિ ને નવનિધિ હાજર રહેશે. દેવો પધારશે. દેવોનું કાર્ય દેવો કરશે. વિધાતા લેખ લખે તેમ શ્રીહરિએ પત્ર લખ્યો ને જુસજીને અર્પ્યો. તેમણે અક્ષરાનંદ મુનિના હાથમાં પત્ર આપ્યો. વાંચી સ્વામી આનંદ પામ્યા જાણે લક્ષ્મીની મેર થઈ.

ભગવાન શ્રીહરિ સ્વયં શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરશે તેવા સમાચાર મળતા સર્વત્ર જનમનમાં જાણે પ્રગટ પ્રભુ પ્રાપ્ત થયા તેવો આનંદ ઉમંગ છવાયો.

અક્ષરાનંદ સ્વામીએ મહારાજનો પત્ર વાંચ્યો. વડતાલના ભક્તોને વાત કહી. સાંભળી સૌના હૃદયમાં હર્ષ વધ્યો. લોભીને ધન ભંડાર મળે અથવા ચિંતામણિ મળે, ઇન્દ્રાસન મળે તેમ ભગવાન શ્રીહરિનો પત્ર વાંચી સહુના અંતરમાં ઉત્સાહ વૃદ્ધિ પામ્યો. અક્ષરાનંદ સ્વામીએ પત્રિકાઓ લખી ધરમપુર, વાંસદ, અમદાવાદ, સુરત, વડોદરા વગેરે સ્થળે પહોંચાડી. વનમાળી ગોર, ડાહ્યાભાઈ મહેતા, અંબારામભાઈ વગેરે પણ વડતાલ મૂર્તિ પ્રતિષ્ઠાની કંકોત્રી લઈને ગયા..

ગઢપુરમાં ભગવાન શ્રીહરિએ પણ પત્રિકા લખી સોરઠ, કચ્છ, ઝાલાવાડ, ગોહિલવાડ, હાલાર વગેરે પ્રદેશોમાં અને પીપલાણાના નારણ દવે, નરસિંહ મહેતા વગેરેને સકુટુંબ પરિવાર સાથે આવવા કહ્યું.

વળી, અક્ષરાનંદ સ્વામી મહારાજનો પત્ર લાવ્યા એટલે તરત જ બ્રહ્માનંદ સ્વામી તથા આનંદા સ્વામીએ મહારાજની સૂચના પ્રમાણે દેશ-પરદેશના હરિભક્તો ઉપર કંકોત્રીઓ લખી. આ કંકોત્રીઓ પહોંચાડવા માટે લક્ષ્મીરામ દેરાસરી, ડોસાભાઈ, બેચરભાઈ, બાળકૃષ્ણ, રઘુનાથ, હરજીવનભાઈ, બોટાદના મોનજીભાઈ તથા જેઠાભાઈ ત્રવાડી વગેરે વિપ્રોને દેશાંતરમાં મોકલ્યા.

વડતાલમાં કારભારીઓ સામગ્રીના ગાડા ભરી વખારો ભરવા લાગ્યા. કંઈક પોઠિયા પર સામગ્રી લાવ્યા. ઉત્સવની સેવામાં સર્વે ભૂખતરસનું ભાન ભૂલ્યા. સાવધાન થઈ સર્વે સેવામાં રત રહ્યા. સ્ત્રીભક્તોએ પણ સેવ, વડી, પાપડી વગેરે વાનગીઓ બનાવી. સર્વે ભક્તો લોકલાજ છોડી સેવા કરતા. તેઓની દેવતાઓ ને અંબરીષ જેવી ભક્તિ શોભી. યજ્ઞ માટે વિશાળ લાકડાનો પુંજ ખડક્યો. જોનાર એમ લાગે કે જાણે આ વિંધ્યાચળ પર્વત છે. હજારો ભક્તો સેવામાં જોડાયા હતા. લોકો કહેવા લાગ્યા કે, વડતાલમાં મહાયજ્ઞ થશે અને લાખો લોકો વડતાલમાં આવશે. દેશ-વિદેશમાં આ વાત પ્રસિદ્ધ થઈ, તેથી વેપારીઓએ પણ ઘણો વેપાર થશે એમ ધારી વસ્તુઓની કિંમત બમણી કરી દીધી.

## • વડતાલ મંદિર પ્રતિષ્ઠાની મંગલ પત્રિકા (કંકોતરી) લખાવી :

એક દિવસ અક્ષરાનંદ સ્વામીએ બાપુભાઈને કહ્યું : ''તમે અને જોબનપગી મળી ભગવાન શ્રીહરિને પ્રતિષ્ઠામાં કંકોત્રી લખો.'' અક્ષરાનંદ સ્વામીના કહેવાથી તેઓએ મંગલ પત્રિકા લખી ભગવાન શ્રીહરિને મોકલી :

**કંકુવરણી લખાવી કંકોતરી, લખ્યું સ્વસ્તિ શ્રીગઢપુરગામ, પ્રિતમજી પધારજો; ૦ ટેક**
**સર્વ ઊપમા લાયક શ્રીહરિ, ધર્મનંદન ધર્મના ધામ...પ્રિતમજી૦ ૨૨**
**લખિયે વરતાલથી વાલમા, ભક્ત જોબન કુબેરદાસ...પ્રિતમજી૦**
**પૂરા પ્રેમ થકી અમે પ્રણમિયે, પૂરી કરવા અમો તણિ આશ...પ્રિતમજી૦ ૨૩**
**તમે પત્રમાં જે જે લખ્યું હતું, તે તો સર્વે કર્યું તે તૈયાર...પ્રિતમજી૦**
**કૃપાનાથ કૃપા કરિને હવે, કોટિ બ્રહ્માંડના કરતાર...પ્રિતમજી૦ ૨૪**
**ધામ શિખરો સહીત તૈયાર છે, કોડે મૂરતિયો પધરાવા કાજ...પ્રિતમજી૦**
**ધામ પૂર્વાભિમુખનું ભલું થયું, મોટી મેહેર કરી મહારાજ...પ્રિતમજી૦ ૨૫**
**તેમાં પ્રતિમાઓ છે પધરાવવી, મધ્યે લક્ષ્મીનારાયણ રૂપ...પ્રિતમજી૦**
**બીજા મંદિરમાં પણ બહુ ભલી, સ્થાપો આવીને મૂરતી અનૂપ ...પ્રિતમજી૦ ૨૬**
**કરો ઉત્સવ અદ્‌ભૂત ઓપતો, જન જોઈ હૈયે હરખાય...પ્રિતમજી૦**
**એવું ઉત્તમ ચરિત્ર કરો હરી, લીલા સર્વોપરી તે લખાય...પ્રિતમજી૦ ૨૭**
**વાત વંચાશે અક્ષરધામમાં, કોટી કલ્પ સુધી રહેનાર...પ્રિતમજી૦**
**ભાગ્યશાળી ભરતખંડના જનો, સ્નેહે સાંભળશે નરનાર...પ્રિતમજી૦ ૨૮**
**સર્વે સામગ્રી આંહિ તૈયાર છે, ક્યારે આવશો કરુણાનિધાન...પ્રિતમજી૦**
**અવિનાશી હવે આપ આવજો, દેવા દાસને દર્શનદાન...પ્રિતમજી૦ ૨૯**
**ઈચ્છારામ ને રામપ્રતાપજી, સાથે લાવો સહિત પરિવાર...પ્રિતમજી૦**
**નૃપ અભયનો વંશ અતિ ઘણો, સાથે લાવજો સૌ નરનાર...પ્રિતમજી૦ ૩૦**
**જીવો ખાચર ભક્ત સુજાણ છે, તેના સહુ જનને લઈ સાથ...પ્રિતમજી૦**
**સંત વર્ણિ ને પાર્ષદ સૌ લઈ, અતિ વેગે અનાથના નાથ...પ્રિતમજી૦ ૩૧**
**દેશ દેશના સંઘ સોયામણા, સાથે લૈ તમે શ્રી ભગવાન...પ્રિતમજી૦**
**અસવારી સજી રાણા રાજિયા, સાથે લૈ આવે ડંકા નિશાન...પ્રિતમજી૦ ૩૨**
**મહારાજ મુરત આવ્યું ઢુંકડું, માટે પત્ર વાંચી હાલહાલ...પ્રિતમજી૦**
**ઘણું શું લખિયે ઘનશ્યામજી, તમે વિશ્વવિહારી છો લાલ...પ્રિતમજી૦ ૩૩**

(શ્રીહરિલીલામૃત : ૮/૧૪)

''ધર્મના ધામ, સર્વ ઉપમા લાયક, અમે વડતાલથી આ પત્રિકા લખીએ છીએ. અમારો મનોરથ પૂર્ણ કરવા વહેલા પધારજો. આપના પત્રમાં જે લખ્યું હતું તે સર્વે અમે તૈયાર કરી દીધું છે. હે મહારાજ ! કૃપા કરીને હવે આપ પધારજો. આપ કોટિ બ્રહ્માંડના કરતાર છો.

અહીં વડતાલમાં મંદિરના શિખરો સહિત બધું તૈયાર છે અને મૂર્તિઓને પણ પધરાવા માટે બધું તૈયાર છે. પૂર્વાભિમુખ મંદિર બનાવવામાં આવ્યું છે, જે આપે મહાન કાર્ય કર્યું છે. તેમાં મૂર્તિઓ સ્થાપિત કરવાની છે, મધ્યમાં લક્ષ્મીનારાયણનું સ્વરૂપ છે. અન્ય મંદિરમાં પણ મૂર્તિઓ સ્થાપિત કરવાની છે, જે અત્યંત સુંદર છે.

અદ્‌ભૂત ઉત્સવનું આયોજન કરો, જેનાથી જનોએ હૈયે આનંદ અનુભવવો જોઈએ. આ વાત અક્ષરધામમાં વાંચવામાં આવશે, અને કોટિ કલ્પ સુધી તે સાંભળવામાં આવશે. ભરતખંડના જનો આ વાતને પ્રેમથી સાંભળશે.

ઈચ્છારામ અને રામપ્રતાપજીને પણ લાવજો, અને ધર્મકુળ પરિવાર સાથે લાવજો. દરબાર એભલ ખાચરના પરિવારને પણ લાવજો, અને સહુ ભક્તોને પણ લાવજો. જીવાખાચર આદિક સર્વ કાઠી દરબારોને પણ લેતા આવજો. સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો અને હરિભક્તોને સાથે લાવજો, અને ઉત્સાહથી પધારો.

આપના કહેવા મુજબ સર્વ સામગ્રી તૈયાર કરાવી છે. સુંદર મંદિર તૈયાર થયું છે. તમે દેવોની પ્રતિષ્ઠા કરવા પધારજો. ભરતખંડના ભાગ્યશાળી જનો આપની લીલાના દર્શન કરશે. આપને સંભારશે તે સર્વેનું કલ્યાણ થશે.

આપ સર્વે સખા ભક્તોને સંગે તેડી લાવજો. પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી છે. આપને વિશેષ શું લખીએ ? દાસજનોના દંડવત્ પ્રણામ સ્વીકારશો. આ પ્રકારે પત્રિકા લખી મોકલાવી. શ્રીહરિએ એ પત્રિકા વારંવાર વાંચી. પત્રિકા લાવનાર વિપ્રનું સુખદ સન્માન કર્યું ને ભોજન કરાવ્યું.

ભગવાન શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામીને મોકલ્યા ને કુંડ કરવા કહ્યું. સ્વામી વડતાલ પહોંચ્યા. ઉમરેઠના વિપ્રોને બોલાવ્યા. કૃપારામ, ઘેલા વિપ્ર વગેરે ભૂદેવો આવ્યા. શાસ્ત્રવિધિ અનુસાર સ્વામીએ કુંડ રચાવ્યા. સુંદર મંડપ રચ્યા. વેદિકા રચી. મૂર્તિઓના અધિવાસ સ્થાન રચ્યા. ઈશાન ખૂણામાં ગ્રહપીઠ કરી. અગ્નિખૂણે ગણેશ પીઠ કરી. નૈરુત ખૂણે વાસ્તુ સ્થાપન કર્યું. વાયવ્ય દિશામાં ભદ્રાસન કર્યું. મૂર્તિઓને સ્નાન કરાવાનો મંડપ કર્યો. સર્વે શ્રીહરિના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. શરીરમાં જીવ આવે ત્યારે જ તેની શોભા બને છે. શ્રીહરિ સૌના જીવન પ્રાણ છે.

### • ભગવાન શ્રીહરિનું સંઘ સહિત ગઢપુરથી વડતાલ આગમન :

સં. ૧૮૮૧ના અન્નકૂટનો ઉત્સવ કરીને ભગવાન શ્રીહરિએ ગઢપુરના તમામ સંતો તથા હરિભક્તોને પોતાની સાથે વડતાલ આવવાની આજ્ઞા કરી. આ ભગવાન શ્રીહરિએ પ્રતિષ્ઠા પ્રસંગે કોઈ હરિભક્ત ઘેર ન રહે એવી આજ્ઞા કરી હતી.

સૌને ઉત્સાહ હતો - ભગવાન શ્રીહરિની સાથે રહી દર્શન અને સેવાનો લાભ લેવાનો, પ્રતિષ્ઠા ઉત્સવના અલૌકિક પ્રસંગમાં ભાગ લેવાનો, યજ્ઞનારાયણનાં દર્શન કરવાનો અને આ ઉત્સવમાં જે કાંઈ સેવા મળે તે સેવા કરી કૃતાર્થ થવાનો ! સૌ તૈયાર થઈ ગયા. સૌરાષ્ટ્રના ગામેગામથી સંઘો ઉપડ્યા. સૌને ઈચ્છા હતી મહારાજના સંઘ સાથે ભળી જવું. તેથી તેમના સંઘની ગતિનો વેગ વધ્યો.

(નોંધ : ભગવાન શ્રીહરિનું ગઢડાથી વડતાલ આગમનની સવારીના વર્ણન માટે જુઓ : શ્રીહરિલીલામૃત, કળશ ૮, વિશ્રામ-૧૭ થી ૨૨.)

### • મુક્તાનંદ સ્વામી ઘોડી ઉપરથી પડી જવાથી હાથે ઈજા થઈ :

ભગવાન શ્રીહરિએ ગઢપુરથી નીકળતાં પહેલા મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : "સ્વામી ! આપને શરીરે ઘણી જ કસર છે અને વડતાલમાં માણસનો સમૂહ મોટો થશે. આપને તકલીફ પડશે. માટે આપ વડતાલ ન આવો તો સારું."

આ સાંભળી મુક્તાનંદ સ્વામી વિચારમાં પડી ગયા. તેઓ જાણતા હતા કે મહારાજ વડતાલમાં પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાના છે. મહારાજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે તે સાચું, પરંતુ મનુષ્ય સ્વરૂપે પ્રગટ છે અને લોકો પણ તેમને એ ભાવથી જુએ છે. તેથી જો મહારાજ પોતાના જ હસ્તે પોતાની મૂર્તિ પધરાવશે, તો લોકમાં ઘણું ખોટું દેખાશે અને ઘણા ભક્તો પાછા પડી જશે. તેમના આ વિચાર સાથે પરમહંસોમાંથી પણ કેટલાક સંમત થયા હતા. મહારાજની મૂર્તિ ન પધરાવાય તેવું તેઓ માનતા હતા.

મુક્તાનંદ સ્વામીએ વિચાર કર્યો કે જો હું વડતાલ નહીં જાઉં તો મહારાજ તેમની મૂર્તિ જરૂર પધરાવી દેશે ! તેથી આ પ્રસંગે અસ્વસ્થ તબિયત છે છતાં જવું તો ખરું જ. સ્વામીએ હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! વડતાલમાં આવો મહોત્સવ થાય અને હું અહીં બેસી રહું તે મને ઠીક લાગતું નથી. મારે આવવાની ઈચ્છા છે."

ભગવાન શ્રીહરિ તેમના મનોભાવ સમજી ગયા. મહારાજે કહ્યું : "ભલે, તો થઈ જાવ તૈયાર."

ભગવાન શ્રીહરિ ગઢપુરથી સંઘ સાથે નીકળ્યા. ઊંટ ઉપર નિશાન ડંકા તથા હાથી, ઘોડા, રથ પાલખીઓ, ગાડાં તેમજ ઘોડેસવારોથી શોભતી ભગવાન શ્રીહરિની આ ભવ્ય સવારી જોવા ગામોગામ પાદરમાં લોકો જમા થવા લાગ્યા.

ભગવાન શ્રીહરિ પ્રથમ બોટાદ પધાર્યા. અહીં દાહાખાચરના દરબારમાં ઊતર્યા. પૂર્વમુખના ભવનની ઓસરીના ચોકમાં પલંગ ઉપર બિરાજમાન થયા. સાંજ પડી ગઈ હતી એટલે ગોડી, આરતી વગેરે નિયમો કર્યા. પછી રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ ઊઠ્યા અને સંતોને ગરમાગરમ ખીચડી પીરસવા લાગ્યા. તેમાં ઘી પણ પીરસ્યું. પછી પોતે થાળ જમ્યા.

ભગવાન શ્રીહરિ સંઘ સાથે બોટાદથી ચાલ્યા તે રોજકા પધાર્યા. અહીંથી કાકાભાઈને સાથે લીધા. સંઘમાં સૌ ઉતાવળાં ઉતાવળાં ચાલતા હતા. મુક્તાનંદ સ્વામી પણ મહારાજની વાતો કરતાં કરતાં ચાલતા હતા.

તેવા સમયમાં ગાંફના હિમાભાઈ નામે એક સોની હરિભક્ત હતા, તે રસ્તામાં સંતોની ભેળા થયા. તેમને સંતોના ઉપર

બહુ પ્રેમભાવ હતો. આવીને તરત તેમણે દંડવત્ પ્રણામ કર્યા. તે એક સાધારણ નાની ઘોડી ઉપર બેસીને આવ્યા હતા. તેમણે ત્યાં મુક્તાનંદ સ્વામીને ચાલતા દેખ્યા.

ત્યારે તેમણે ગદ્‌ગદ કંઠ થઈને મુક્તાનંદ સ્વામીને ઘોડી ઉપર બેસવા માટે કહ્યું. અને બોલ્યા કે, "આ ઘોડી ઘણી શાંત છે." ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, "હું કોઈ દિવસ ઘોડી ઉપર બેઠો નથી. માટે તમે જ ઘોડી ઉપર બેસો. અમારી વાતોમાં તમે વિઘ્ન કરી રહ્યા છો." ત્યારે તે હિમાભાઈ સોની રડવા લાગ્યા. તેથી સહુ સંતોએ સ્વામીને ઘોડી ઉપર બેસવાનું કહ્યું.

ત્યારે સ્વામી આવનારા વિઘ્ન કરતાં પણ સંતોનાં વચનને અધિક માનતા હતા. ભાગ્યમાં શૂળીનું દુઃખ લખ્યું હોય, તો તે સંતનાં વચનથી કાંટા જેટલા દુઃખથી મટી જાય છે, તેમાં કાંઈ મિથ્યા કહેવાતું નથી. દેહ પડી જાય તો તેમાં કાંઈ દુઃખ નથી, પણ જો સંતોનું વચન ન મનાય તો તેમાં અપાર દુઃખ થાય છે. આમ અંતરમાં વિચાર કરીને પછી સ્વામી તે ઘોડી ઉપર બેઠા. તેથી સંતો અને હરિભક્તો સહુ ખુશી થયા. પછી વાત કરતા કરતા આગળ ચાલ્યા. તે સમયે વિઘ્નરૂપ જે કાળ કહેવાય છે, તે ખાડાખડિયામાં મચ્છરનું રૂપ લઈ, છૂપાઈને બેઠો હતો. એટલે ઘોડીનો આગળનો પગ તે ખાડાખડિયામાં પડ્યો ત્યારે ઘોડી આગળના ભાગમાંથી નમી ગઈ. અને મુક્તાનંદ સ્વામીએ હાથથી કાંઈ પકડેલું ન હતું, તેથી પડી ગયા ત્યારે દેખાયું. સ્વામીના જમણા હાથનું કાંડું સહેજ ભાંગી ગયું. પહેલા તો કાંઈ ખબર પડી નહિ, પણ જ્યારે ઊઠ્યા ત્યારે ખબર પડી. પછી જોળી કરી તેમાં હાથ રાખ્યો અને સહુ સંતોની સાથે ચાલ્યા. અડધો કોશ જેટલું ચાલ્યા ત્યારે કમિયાળા ગામ આવ્યા.

ત્યાં આશાભાઈ નામે ઘણા પ્રેમી હરિભક્ત હતા. તેણે સંતોને રહેવા માટે ઘણું સારું મંદિર કર્યું હતું. સંતો તે મંદિરમાં આવીને બેઠા. અને શ્રીહરિ તરત ત્યાં આવ્યા. આવીને જ્યારે જોયું ત્યારે એમ બોલ્યા કે, "જે આ મુક્તાનંદ સ્વામી ક્યારેય કીડી જેવા જીવને પણ દૂભવે નહિ તેવા છે. હવે આ તેમને દુભવવાની વાત થઈ છે. આ વર્ષના પછી જે બીજું વર્ષ આવશે ત્યારે હવે આ ભૂમિ ઉપર તેનું ફળ દેખાશે. આવા મોટા સંતને કોઈ કારણ વિના જ્યારે દુઃખ આવતું હોય છે ત્યારે આ ભૂમિ ઉપર ફરીને કોઈ ઉત્પાત આવતો દેખાશે, આવી મોટા પુરુષોની વાત હોય છે. મોટા પુરુષની જે વાત હોય છે તે મોટા પુરુષ જ જાણે, તે મોટા સિવાય બીજા કોઈ જાણી શકે નહિ. આપણા રંગમાં મોટો ભંગ પડ્યો છે. હવે સમૈયો તો થાશે, પણ ઉત્સાહ વગરના સમૈયામાં કોઈને રસ આવતો નથી.

તે પછી દાદા હઠીના પિતા પ્રાગ વણારે પોતાને જેવું આવડે, તે રીતે મુક્તાનંદ સ્વામીના હાથને ચઢાવી દીધો. ત્યારે શ્રીહરિએ રાજી થઈને તેને પ્રસાદીનું શેલું એક આપ્યું અને શ્રીહરિ બે દિવસ ત્યાં રહ્યા. જ્યારે મુક્તાનંદ સ્વામીને પાટો ગોઠી ગયો છે એવું દેખાયું ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, "હવે આપ સુખેથી વડતાલ જાઓ. સમૈયો કરીને પાછા આવો ત્યાં સુધી અમે અહીંયા રોકાશું. મારી પાસે જેટલા સંતોને રાખવા હોય તેટલાને રાખજો." પછી શ્રીહરિ કમિયાળાથી ચાલ્યા અને સમાણી ગામમાં રસોઈ જમીને બોરુ ગામ આવ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૩૩)

## • ભગવાન શ્રીહરિએ વડતાલ પધારી મંદિરનું નિર્માણકાર્ય નિહાળ્યું :

ભગવાન શ્રીહરિ બોરુથી નીકળી ગલિયાણા નીકળ્યા તે વડતાલ પધાર્યા. સંઘ પાછળ આવતો હતો. અહીં દેશદેશના હરિભક્તો આવી ગયા હતા. સૌએ એક ગાઉ સામા જઈ ભગવાન શ્રીહરિનું સામૈયું કર્યું. બ્રહ્માનંદ સ્વામી તેમની ઘોડી ઉપર મહારાજની સાથે જ આવતા હતા. ચાલતાં ચાલતાં મંદિરના ચાલુ કામની તમામ વિગતો સ્વામીએ મહારાજને આપી.

ભગવાન શ્રીહરિ ધીરે ધીરે મંદિરના સ્થાને પધાર્યા. મંદિરનું કામ રસપૂર્વક જોયું. ઘુમ્મટ પણ ઢાંકી દીધો હતો તે જોઈ લીધું. પદ્માકારના મંદિરની સુંદર કૃતિ જોઈ મહારાજ પ્રસન્ન થયા. અક્ષરાનંદ સ્વામી તથા આનંદમુનિ પણ ભેળા હતા. નારાયણગિરિજી પણ આવી ગયા હતા. સ્વામી કહ્યું : "મહારાજ ! નારાયણગિરિજીએ પણ સમો સાચવી લીધો છે. અમને ભીડ પડવા દીધી નથી."

શ્રીહરિએ કહ્યું : "ભગવાનનું કામ છે. તેમાં મુશ્કેલીઓ જેવું પ્રથમ જણાય, પણ અંતે મુશ્કેલીઓ દૂર થઈ જાય. આપણી ભક્તિ સ્વીકારવા ભગવાન આપણા મનોરથો પૂરા કરે જ."

હજારોની સંખ્યામાં હરિભક્તો વડતાલમાં ઊમટ્યા હતા. ભગવાન શ્રીહરિએ ભક્તોનો ઉત્સાહ જોયો. તેમના ઉત્સાહમાં ભક્તિનો ભાવ જોયો. આજથી પચીસ વર્ષ પહેલાંના ગુજરાતમાં શુદ્ધ ભક્તિનો પ્રવાહ સુકાઈ ગયો હતો. ધર્મના બંધનો ઢીલાં પડી ગયા હતા. અજ્ઞાનમાં જ્ઞાન મનાયું હતું અને ભગવાં વસ્ત્રો ધારણ કરવામાં વૈરાગ્યની ભાવના સૌ જોઈ રહ્યા હતા. આજે તેમાં સમૂળી ક્રાંતિ આવી ગઈ હતી. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેના શુદ્ધ સ્વરૂપે પ્રગટ થયાં હતાં. ભગવાન શ્રીહરિને આનંદ હતો કે લોકો પોતાના મનુષ્ય જન્મનો હેતુ સમજી એ હેતુ સિદ્ધ કરવાના માર્ગે ચાલ્યા છે.

## • ભગવાન શ્રીહરિએ પ્રતિષ્ઠા યજ્ઞ માટે વિપ્રોની વરણી કરી :

ભગવાન શ્રીહરિ વાસણ સુથારને ઘેર પોતાના ઉતારે પધાર્યા. મહારાજે અહીં આવી સ્નાન કર્યું. એટલામાં બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો. મહારાજ તે જમ્યા. ત્યારબાદ બ્રહ્માનંદ સ્વામીને બોલાવીને વરણી વિપ્રોની યાદી કરવા જણાવ્યું. બ્રહ્માનંદ સ્વામીએ જેટલા વિપ્રો આ પ્રસંગે આવ્યા હતા તેમના નામોની યાદી તૈયાર રાખી હતી. મહારાજને તેમણે તે યાદી બતાવી. મહારાજે તેમાંથી જે જે વિપ્રોના નામો બતાવ્યા તેમને વરણીમાં બેસાડવાનું નક્કી કર્યું.

(નોંધ : વિપ્રોના નામોની વિગત માટે જુઓ : શ્રીહરિલીલામૃત, કળશ ૮, વિશ્રામ-૨૫.)

ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ''બોચાસણથી લક્ષ્મીનારાયણની મૂર્તિઓ અને ધર્મ-ભક્તિ અને વાસુદેવની મૂર્તિઓ તેમજ વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણ અને રાધાની મૂર્તિઓ તૈયાર છે ને ?''

સ્વામીએ આ સાંભળી કહ્યું : ''મહારાજ ! બધી જ મૂર્તિઓ તૈયાર છે. દક્ષિણ મંદિરમાં આપની મૂર્તિની પણ પ્રતિષ્ઠા થવાની છે, તે પણ તૈયાર છે.''

ભગવાન શ્રીહરિ તે સાંભળી રહ્યા. પછી સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આ વાત જાહેરમાં ચર્ચાય છે. કેટલાકને રુચે અને કેટલાકને નથી રુચતું.''

સ્વામીની વાત સાંભળી મહારાજે ગંભીરતાથી કહ્યું : ''સ્વામી ! મનુષ્યની બુદ્ધિ જ એવી છે કે સત્સંગ કર્યા પછી પણ પોતાની બુદ્ધિએ નક્કી કરેલા નિર્ણયોમાંથી મનુષ્ય બહાર આવી શકતો નથી. તેથી મનુષ્ય સ્વરૂપ ભગવાનમાં તેને મનુષ્યભાવ આવવાનો જ. પોતાના નક્કી કરેલા નિર્ણયથી વિરુદ્ધ કામ થાય ત્યારે તેને જરૂર સંકલ્પ-વિકલ્પ થવાના જ. પરંતુ તે જ મૂર્તિ સત્સંગીઓ માટે ધ્યેય છે. તેનું જ ચિંતવન સૌ કરશો, તેને જ પોતાના ઈષ્ટ માનશે, પ્રેમથી તે મૂર્તિની જ માનસી પૂજા કરશે. અમે જ્યારે પ્રત્યક્ષ નહીં હોઈએ, ત્યારે તે મૂર્તિ જ સૌને જીવનદોરીરૂપ મનાશે, તેનો જ મહિમા સૌ ગાશે અને કલ્યાણ પણ તે મૂર્તિના સંબંધથી જ થશે.''

(શ્રી વાસુદેવ નારાયણ તથા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓ ભગવાન શ્રીહરિએ નારાયણજીભાઈ પાસે તૈયાર કરાવેલાં ચિત્રો અનુસાર તેઓ જાતે જ વડોદરા જઈ કંસારા પાસે બનાવરાવી વડતાલ લાવ્યા હતા.

**પ્રાસાદની દક્ષિણ દીશમાંય, મૂર્તિ હરિકૃષ્ણ તણી તહાંય; સ્થાપીત થૈને કરશે નિવાસ, એવી થઈ વાત બધે પ્રકાશ.**
**જે મૂર્તિનું ધ્યાન ધરી હમેશ, સત્સંગિ સૌ ચિંતવશે વિશેષ; સર્વોપરી ઈષ્ટ છબી ગણાશે, પ્રેમે પૂજા માનસિ તો કરાશે.**
**પ્રત્યક્ષમૂર્તિ નહિ પ્રાપ્ત જેને, તે મૂર્તિ તો જીવનદોરિ તેને; એનો જ મોટો મહિમા મનાશે, કલ્યાણ તો તેહ થકી જ થાશે.**

(શ્રીહરિલીલામૃત : ૮/૨૭/૧૦-૧૨)

બ્રહ્માનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી બધા મોટેરા સંતો મહારાજ પાસે બેઠા હતા. મહારાજને તો મુમુક્ષુઓનું આત્યંતિક કલ્યાણ કરવું હતું અને તે સંકલ્પથી જ તેમને પોતાની જ મૂર્તિનું આલંબન મુમુક્ષુઓને આપવું હતું. પોતે તો સ્વયં પૂર્ણ પુરુષોત્તમ હતા જ અને સૌના ઉપાસ્ય હતા. તેથી પોતાનું પૂજન, અર્ચન થાય તેવી કોઈ ભાવના તેમને ન હતી. છતાં એ પૂજન, અર્ચન મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ માટે અનિવાર્ય પણ હતું. તેવો મહામોટો આશય રાખી ભગવાન શ્રીહરિએ પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય કરી લીધો હતો. મોટેરા સંતો સમજી ગયા. તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! આપની ઈચ્છા પ્રમાણે જ થશે.'' મહારાજ કાંઈ બોલ્યા નહીં.

થોડીવારે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ''આવતી કાલે યજ્ઞશાળામાં મૂર્તિઓ પધરાવી દેજો. યજ્ઞની વિધિ બાદ શોભાયાત્રા નીકળશે અને ત્યારબાદ મૂર્તિઓ તેમના સ્વસ્થાનમાં બિરાજમાન થશે. પછી પ્રતિષ્ઠાવિધિ થશે.''

સ્વામીએ કહ્યું : ''ભલે મહારાજ !''

વળી, મહારાજે સ્વામીને કહ્યું : ''દરેક શિખર ઉપર ક્યા ક્યા હરિભક્ત સુવર્ણકુંભ ચડાવવાના છે, કોણ ધજા ચડાવવાનું છે તે બધું નક્કી કર્યું છે ?''

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ તરત જ કાગળ કાઢ્યો. મહારાજે તે કાગળ જોયો. બ્રહ્માનંદ સ્વામી કાગળ વાંચવા લાગ્યા : ''પેટલાદના વ્રજલાલ શેઠ મધ્ય મંદિરના શિખર ઉપર સુવર્ણનો કુંભ ચડાવશે, તે શિખર ઉપર ધજા ઉન્નડ રાજા ચડાવશે. બીજા શિખર ઉપર સુરતના હરિભક્તો ધજા ચડાવશે. સુરતના આત્મારામ દરજીએ સુંદર કલાત્મક ધજા તૈયાર કરી હતી. દક્ષિણ મંદિરમાં વડોદરાના હરિભક્તો ધજા ચડાવશે.''

એટલું વાંચી બ્રહ્માનંદ સ્વમીએ કહ્યું : ''મહારાજ ! દક્ષિણ ભાગના મંદિરમાં ધજા ચડાવવા વડોદરા અને સુરતના હરિભક્તોને

વાદ થયો છે. હવે આપ કહેશો તેમ કરીશું.''

ભગવાન શ્રીહરિ સાંભળી રહ્યા. પછી ધીરેથી મહારાજે કહ્યું : ''સ્વામી ! તમને જેમ યોગ્ય લાગે તેમ બંને સંઘના હરિભક્તોને સમજાવજો. વાસુદેવ પણ અમારું સ્વરૂપ છે અને હરિકૃષ્ણ પણ અમારું સ્વરૂપ છે. તેમાં ભેદ માનવો નહીં.''

## ● ભગવાન શ્રીહરિએ પ્રતિષ્ઠાના યજ્ઞનો પ્રારંભ કરાવ્યો :

બીજે દિવસે સવારે ભગવાન શ્રીહરિ સ્નાનવિધિથી પરવારી યજ્ઞશાળામાં (હાલમાં જ્યાં રામપ્રતાપભાઈનો જે બંગલો છે તેની સામે જ યજ્ઞશાળાની રચના કરી હતી.) પધાર્યા. ત્રણે શિખરમાં સ્થાપિત કરવાની મૂર્તિઓ સિવાય હનુમાનજી, ગણપતિજી તેમજ ઘુમ્મટમાં સ્થાપવાની સૂર્યનારાયણ, નૃસિંહજી, શેષનારાયણ, વરાહ, મત્સ્ય, કચ્છ વગેરે સ્વરૂપોની મૂર્તિઓ પણ યજ્ઞશાળામાં પધરાવી. યજ્ઞના મુખ્ય આચાર્યે ભગવાન શ્રીહરિના કપાળે ચાંદલો કરી અક્ષત ચોંડ્યા અને નાડાછડી બાંધી. મહારાજે પણ આચાર્યનું પૂજન કર્યું અને તેમના હાથે નાડાછડી બાંધી. પછી આચાર્ય વેદોક્તવિધિથી બધી જ મૂર્તિઓનું પૂજન કરાવવા લાગ્યા. બ્રાહ્મણોએ પણ વેદમંત્રોના ઉદ્‌ઘોષ સાથે યજ્ઞવિધિ શરૂ કરી દીધો. વરણીમાં બેઠેલા બ્રાહ્મણો વેદમંત્રોના પાઠ કરવા લાગ્યા. સ્ત્રીભક્તો મંગલ ગીતો ગાવા લાગી. શરણાઈ તથા નોબતના સ્વરોએ વાતાવરણ આહ્‌લાદક કરી દીધું. મહારાજની હાજરીમાં સર્વત્ર દિવ્યતા પ્રસરી ગઈ હતી. હજારો ભક્તો આ દિવ્ય વિધિના દર્શન કરવા પડાપડી કરતા હતા. પરંતુ પાર્ષદો તથા કાઠી ભક્તોની સુંદર વ્યવસ્થાથી યજ્ઞવિધિ વિક્ષેપ વિના શરૂ થઈ ગયો.

ભગવાન શ્રીહરિએ દરેક મૂર્તિનું વિધિ પુરઃસર પૂજન કર્યું. મહારાજના સ્પર્શથી જ મૂર્તિઓમાં દિવ્યતાનો સંચાર થયો. ત્યાં બેઠેલા ભક્તોને આ દરેક સ્વરૂપના દિવ્ય દર્શન થયાં અને બધાં જ સ્વરૂપો મહારાજની મૂર્તિમાં લીન થતાં પણ દેખાયાં ! આ દિવ્ય દર્શનથી સૌને લાગ્યું કે સર્વે અવતારના કારણ ભગવાન શ્રીહરિ જ છે અને તેથી તેમની ઈષ્ટ મૂર્તિની આરાધના અને ઉપાસના એ જ મોક્ષપ્રદ છે.

એકાદશીને દિવસે મૂર્તિપૂજા તથા મંદિરોની પૂજા, પીઠોની પૂજા વગેરે તમામ વિધિ મહારાજ પાસે વિદ્વાન વિપ્રોએ કરાવી. મહારાજે પછી કહ્યું : ''આ મંદિરની પીઠની અને શિખરોની પૂજા વિધિવત્ આપણે કરી, એટલે મંદિર હવે 'યાવત્‌ચંદ્ર દિવાકરૌ' - અખંડ રહે અને સર્વ જનોના પાપને હરે. આવો મહિમા દેવમંદિરોનો છે.''

## ● ભગવાન શ્રીહરિએ નિજમંદિરમાં દેવોની પ્રતિષ્ઠા કરી :

દ્વાદશીને દિવસે પ્રાતઃવિધિ કરીને ભગવાન શ્રીહરિ યજ્ઞમંડપમાં પધાર્યા. આજે મૂર્તિઓની શોભાયાત્રા નીકળવાની હતી. મહારાજે કહ્યું : ''આ મંદિરની પ્રદક્ષિણા કરવી એ જ શોભાયાત્રા. હજારો ભક્તો આવ્યા છે તેમને સૌને મૂર્તિઓના દર્શન થાય, મૂર્તિઓ પણ દશે દિશામાં દૃષ્ટિ કરે જેથી દિગ્પાલો રીઝે અને કાર્ય નિર્વિઘ્ન થાય.''

બધી જ મૂર્તિઓને પાલખીઓમાં પધરાવી. બ્રાહ્મણો વેદમંત્રોનો ઘોષ કરવા લાગ્યા. તેમની પાછળ ચાલતા બ્રહ્મચારીઓ તથા સંતો; ગીતા અને ઉપનિષદના મંત્રોનું ગાન કરવા લાગ્યા. તેમની પાછળ હરિભક્તો હતા. સૌની પાછળ સ્ત્રીભક્તો હતા. તેઓ પણ આ પ્રસંગે મંગળ ગીતો ગાતા હતા. પડઘમ, વાજાં તથા ઢોલ, શરણાઈ, નોબત વગેરેના નાદ થતા હતા. તે સાંભળી મહારાજે કહ્યું : ''આ મંગળ પ્રસંગે વેદમંત્રો, ગીતા-ઉપનિષદના મંત્રો અને પુરુષસૂક્તના પાઠના જ ઘોષ થવા જોઈએ. પ્રતિષ્ઠા સમયે વાજાં વગડાવજો.''

આ રીતે વેદમંત્રોના ઘોષ સાથે મૂર્તિઓની શોભાયાત્રા નીકળી. મંદિરની ફરતી પાંચ પ્રદક્ષિણા ફરીને મૂર્તિઓને નક્કી કરેલા શિખરોની પીઠોમાં પધરાવી દીધી. ત્યારબાદ વિપ્રો મહારાજ પાસે ન્યાસવિધિ કરાવવા લાગ્યા. તે સમયે સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા કે જેટલી મૂર્તિઓ હતી તેટલા સ્વરૂપ ધારણ કરી ભગવાન શ્રીહરિ એકીસાથે દરેક મૂર્તિનો ન્યાસવિધિ કરતા હતા. આ રીતે દરેક મૂર્તિમાં તે તે દેવનું આહ્‌વાન થયું.

ભગવાન શ્રીહરિનું સ્વરૂપ તો સાંગોપાંગ દિવ્ય હતું. સમગ્ર ઐશ્વર્યના પણ તેઓ નિધિ હતા. તે દિવ્યતા સદા છુપાવી મનુષ્યભાવે જ તેઓ વર્તતા. પરંતુ આવા અલૌકિક પ્રસંગે એ દિવ્યતા પ્રગટ થઈ જતી. ભક્તોને પણ એ દિવ્યતાનાં દર્શનથી પોતાની નિષ્ઠાની દૃઢતા થતી.

ભગવાન શ્રીહરિ સ્થાપિત મૂર્તિઓની મહાનીરાજન કરી યજ્ઞશાળામાં પધાર્યા અને યજ્ઞની વેદિકામાં નારિયેળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરી. સર્વત્ર જયજયકાર થઈ ગયો !

પછી શિલ્પીઓને તેમના કાર્યની યોગ્યતા પ્રમાણે શિરપાવ આપી, પોતે મંદિરથી પશ્ચિમ દિશામાં બેઠક (આ જગ્યાએ આજે છત્રી કરી ચરણારવિંદ પધરાવ્યામાં આવ્યા છે.) ગોઠવી હતી ત્યાં પધાર્યા. મહારાજ અહીં બિરાજમાન થયા એટલે તરત સંતો, હરિભક્તો મહારાજની સન્મુખ આવી સભામાં બેસી ગયા. હજારો ભક્તોની મેદનીમાં કેટલાકને બેસવાની જગ્યા મળી, કેટલાક મહારાજના દર્શન થાય, મહારાજની વાત સંભળાય તે માટે જગ્યા શોધવા પડાપડી કરવા લાગ્યા. એટલામાં ભગવાન શ્રીહરિએ બે હાથે તાળી પાડી એટલે સૌ સ્વસ્થ થઈ ગયા ! ઘોંઘાટ બંધ થયો અને શાંતિ પ્રવર્તી ગઈ !

પછી ભગવાન શ્રીહરિએ સભાને સંબોધતાં કહ્યું : ''પંચાળામાં મુક્તાનંદ સ્વામીએ સંકલ્પ કર્યો હતો. તેથી અમે પ્રથમ અમદાવાદમાં, પછી ભુજમાં અને અહીં એમ ત્રણ મંદિરો કર્યાં. હજુ પણ બીજા થશે. મુમુક્ષુઓને પોતાનું ઉપાસ્ય સ્વરૂપ ઓળખાય અને તેની ભક્તિ કરે તે ભાવના મંદિર નિર્માણમાં છે. આજે આ વડતાલ મંદિરમાં પ્રતિષ્ઠિતિ કરેલી વાસુદેવની મૂર્તિ તે અમારું બાલસ્વરૂપ છે, હરિકૃષ્ણની મૂર્તિનું જ ધ્યાન, ભજન અને ઉપાસના કરવી. અન્ય અવતારોની મૂર્તિઓ અહીં સ્થાપી છે તે અમારાં વિભૂતિ સ્વરૂપો છે. માટે તેમનું પૂજન, અર્ચન પણ ભક્તિભાવથી કરવું.''

## ● શ્રી સત્સંગિજીવન ગ્રંથ :

**द्वाद्श्यां स्थापयामास मध्यमे मन्दिरे हरिः । रुक्मिण्या सहितं कृष्णं चक्रे तस्यार्चनं महत् ।।४५।। तत उत्तरतस्तस्मान्मन्दिरे मूर्तिमात्मनः। उपेतां भक्तिधर्माभ्यां भक्तप्रीत्या अतिष्ठिपत् ।।४६।। समर्चनं विधायास्यास्ततो दक्षिणमन्दिरे । राधया सहितं कृष्णं स्थापयित्वा समार्चयत् ।।४७।। तदिन्तकेऽपि स स्वस्य मूर्तिमस्थापयच्छुभाम् । निजप्रीत्यै ततस्तां च पूजयामास सत्पतिः ।।४८।। गीतिकानां च वाद्यानां घोषस्तत्र महानभूत् । वेदघोषेण विप्राणां मिश्रोऽसौ व्यानशे दिशः ।।४९।।महानीराजनं कृत्वा मूर्तीस्ताः स पृथक् पृथक् । निर्निमेषस्थिराक्षिभ्यां पश्यंस्तस्थौ घटीद्वयम् ।।५०।।**

**उच्चासनस्थितोऽथाऽऽह जनानूर्ध्वैकदेः स च । शृण्वन्तु सर्वेऽपि जनाः ! सादरं वचनं मम ।।५३।। मध्यमे मन्दिरे ह्येष लक्ष्मीनारायणो मया। स्थापितोऽस्तीति जानीत द्वारिकाधीश्वरः स्वयम् ।।५४।। दक्षिणे मन्दिरे त्वत्र श्रीकृष्णो राधया सह । वृन्दवनविहार्येष मया सुस्थापितोऽस्ति हि ।।५५।। तदिन्तके तु मे मूर्तिरस्ति स्वीयप्रसत्तये । धर्मभक्तियुता चास्ति मन्दिरे तूत्तरे मम ।।५६।। लक्ष्मीनारायणादीनां स्वरूपाणां तु दर्शनम् । प्रत्यहं ये करिष्यन्ति ते मोक्ष्यन्त्येव संसृतेः ।।५७।। पौर्णमास्यां पौर्णमास्यां ये च ग्रामान्तरादपि । एत्यैषां दर्शनं भक्त्या करिष्यन्त्यत्र मानवाः ।।५८।। सर्वे मनोरथास्तेषां सिद्धिमेष्यन्ति निश्चितम् । भुक्तिं तथेप्सितां मुक्तिं प्राप्स्यन्त्येषां प्रसादतः ।।५९।। श्रीकृष्णस्यास्य पुरतो जपं होमं च ये जनाः । पुरश्चर्यां करिष्यन्ति ते प्राप्स्यन्तीप्सितं फलम् ।।६०।। यस्तु श्रीद्वारिकाधीशो लक्ष्मीनारायणः स हि । भेदोऽत्र नैव विज्ञेयः सत्यं हि वचनं मम ।।६१।। संशयोऽत्रापि यच्चित्ते सम्भवेत्तमपि स्वयम् । कालेनाल्पेन भगवानेष एवापनेष्यति ।।६२।।**

સંવત્ ૧૮૮૧ના કારતક માસના શુક્લપક્ષની બારસને દિવસે મધ્ય મંદિરમાં રુક્મિણીરૂપ લક્ષ્મીએ સહિત કૃષ્ણનું બીજું નામ નારાયણની સ્થાપના કરી અને તેમનું મહાપૂજન શ્રીહરિએ કર્યું. (૪૫) પછી શ્રીહરિએ મધ્ય મંદિરથી ઉત્તર દિશાના મંદિરમાં ભક્તિ-ધર્મે સહિત પોતાની મૂર્તિ પોતાના ભક્તજનોની પ્રસન્નતા માટે સ્થાપી. (શ્રીહરિનો આ અભિપ્રાય હતો કે જ્યાં ધર્મે સહિત ભક્તિ હશે ત્યાં હું અવશ્ય રહીશ. એ સૂચન કરવા માટે પોતાની મૂર્તિનું સ્થાપન કર્યું.) (૪૬) શ્રીહરિએ ભક્તિ-ધર્મે સહિત પોતાની મૂર્તિનું મહાપૂજન કરીને પછી મધ્યમંદિરથી દક્ષિણ દિશાના મંદિરમાં રાધાએ સહિત કૃષ્ણનું સ્થાપન કરી મહાપૂજાવિધિથી પૂજન કર્યું. (૪૭) સત્પુરુષોના સ્વામી શ્રીહરિએ રાધાકૃષ્ણની સમીપમાં શુભ અતિ શોભાયમાન પોતાની મૂર્તિ પોતાના ભક્તોની પ્રસન્નતા માટે સ્થાપના કરી પછી પોતાની મૂર્તિનું મહાપૂજા વિધિથી અર્ચન કર્યું. (૪૮) મહાપૂજાના સમયે ભગવાનના ગુણગાન અને ઢોલ-નગારાં - ત્રાસા આદિ વાજિંત્રોનો ઘોષ અત્યંત થયો. વૈદિક બ્રાહ્મણોના વેદઘોષથી મળેલો ઘોષ દશે દિશાઓમાં વ્યાપી ગયો. (૪૯) શ્રીહરિ મહાઆરતી કરીને લક્ષ્મીજી અને નારાયણ વગેરેની તે તે મૂર્તિઓને અલગ અલગ નિર્નિમેષ દૃષ્ટિથી જોતા સતા બે ઘડી સુધી ઊભા રહ્યા. (૫૦)

પછી ઊંચા આસને બેઠેલા શ્રીહરિએ ઊંચો કર્યો છે એક હાથ જેમણે એવા સતા ત્યાં રહેલા ભક્તજનોને કહેવા લાગ્યા - હે જનો! સર્વે તમો મારું વચન આદરપૂર્વક સાંભળો. (૫૩) મધ્યમંદિરમાં મેં આ રુક્મિણી-કૃષ્ણ બીજા નામથી દ્વારિકાધીશ્વર લક્ષ્મીનારાયણ સ્થાપ્યા છે આ પ્રકારે જાણો. (૫૪) આ દક્ષિણમંદિરમાં તો મેં રાધાએ સહિત વૃંદાવનવિહારી આ શ્રીકૃષ્ણ સુસ્થાપિત કર્યા છે. (૫૫) તેમની સમીપે મારી મૂર્તિ મારા એકાંતિક ભક્તોની પ્રસન્નતા માટે છે. અને ઉત્તર મંદિરમાં ધર્મ ભક્તિએ સહિત મારી મૂર્તિ પોતાના ભક્તોની પ્રસન્નતા માટે છે. (૫૬) જે મનુષ્યો લક્ષ્મીનારાયણાદિ સ્વરૂપોનાં દર્શન દરરોજ કરશે તે જનો સંસારબંધનથી મુક્ત થશે જ. (૫૭) જે મનુષ્યો દરેક પૂનમને દિવસે બીજાં ગામોથી પણ વૃત્તપુરીમાં આવીને આ લક્ષ્મીનારાયણાદિ સ્વરૂપોનાં દર્શન ભક્તિથી

કરશે (૫૮) તે મનુષ્યોના સર્વે મનોરથો સિદ્ધ થશે. તે મનુષ્યો પોતાને ઈચ્છિત ભુક્તિ તથા ઈચ્છિત મુક્તિ આ લક્ષ્મીનારાયણાદિ સ્વરૂપોના અનુગ્રહથી પામશે. એમાં સંશય નથી. (૫૯) જે જનો શ્રીલક્ષ્મીનારાયણની આગળ શ્રીમદ્‌ભાગવતાદિ સદ્‌ગ્રંથોની પારાયણ-અષ્ટાક્ષરમંત્રના જપરૂપી યજ્ઞ-હોમ-પુરશ્ચરણાદિ કરશે તે જનો ઈચ્છિત ફળ પામશે. (૬૦) જે દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ તે જ આ લક્ષ્મીનારાયણ છે આ બેમાં ભેદ જાણવો નહિ. આ મારું વચન સત્ય જ છે. (૬૧) આ પરમ સત્ય મારા વચનમાં જેમના ચિત્તમાં સંશય થાય તે સંશય પણ થોડા સમયમાં સકલ ઐશ્વર્યસંપન્ન આ સ્વયં લક્ષ્મીનારાયણ જ નાશ કરશે. (૬૨)

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૨૭)

## ● શ્રી હરિચરિત્રામૃતસાગર ગ્રંથ :

### ● ભગવાન શ્રીહરિ વડતાલ આવ્યા અને ત્યાં મંદિર તથા મૂર્તિઓને દેખીને રાજી થયા :

શ્રીહરિ તે સંધ્યા સમય થયો ત્યારે વડતાલ ગામ આવ્યા. ત્યાં ઘણાંક દેશથી આવેલા હરિભક્તોના સંઘ હતા, તે અપાર બાઈ-ભાઈઓ ગામની ચારેય બાજુ ઊતર્યા હતાં. તે સહુ શ્રીહરિ આવ્યાના સમાચાર સાંભળી શ્રીહરિની સન્મુખ આવ્યાં. તેથી એક કોશ સુધીના રસ્તામાં ક્યાંય કોઈ સમાતા ન હતા.

સહુ હરિભક્તો ફૂલહાર લાવ્યા હતા, તે શ્રીહરિને ઘણા પ્રેમથી પહેરાવ્યા. મૂર્તિ ફૂલોથી ભરાઈ ગઈ હતી. દર્શન કરનારા ભક્તજનોને તૃપ્તિ થતી ન હતી. વડતાલ ગામના સહુ હરિભક્તો પણ શ્રીહરિની સન્મુખ આવ્યા. ઢોલ, તાંસાં, ભૂંગળ, શરણાઈ વગેરે વાજિંત્ર વાગતાં હતાં. તેનો શબ્દ બધે છવાઈ ગયો હતો. શ્રીહરિ ગામમાં પધાર્યા અને રાજમાર્ગે થઈને મંદિરે આવ્યા. ત્યાં સહુ પહેલા બ્રહ્માનંદ સ્વામીએ જેટલું મંદિર કર્યું હતું તે દેખ્યું. તે ત્રણેય ડેરાને છજા સુધી કરીને ઘુમટી વાળી દીધી હતી. શ્રીહરિએ મંદિરની અંદર અને બહાર બધું દેખ્યું અને લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ જ્યાં હતી ત્યાં જઈને તે દેખી.

### ● શ્રીલક્ષ્મીનારાયણ દેવનો મહિમા :

જ્યારે શ્રીહરિએ જઈને લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ દેખી, ત્યારે તે મૂર્તિના રૂપને દેખીને અતિશય પ્રસન્ન થયા. પછી શ્રીહરિ બોલ્યા કે, "ચારેય ધામમાં આ મૂર્તિ સહુથી અધિક શ્રેષ્ઠ છે. તેમાં સ્વરૂપની શોભા પણ ઘણી જ રહી છે.

**વૈકુંઠ લોક તામેં, લક્ષ્મીનારાયણ રહે; તેહિ મૂર્તિ હિ યામેં, તિલભર ન ફરક રહેઉ...૧૫**
**ચાર ધામ ફીરત જાય, બ્રહ્મચર્ય રખિકે જેહિ; સો વર્ષ લગ જો તાય, તિનસે રૂક વેર હિ યહ...૧૬**
**દરશન કર હિ જન હિ જો જેતે, બાઈ ભાઈ બાલ વૃદ્ધ તેતે;**
**તાકુ ફલ મિલ હિ નહીં પારા, એસે દૈવત રહે તેહિ ધારા...૧૭**
**ભાવ બિન દરશન કર હિ જાહી, મનુષ્ય તન ફેર પાવ હિ તાહી;**
**સત્સંગ કરીકે તેહિ જરૂરા, અવિનાશી સુખ મિલ હિ ન કૂરા...૧૮**

વૈકુંઠ લોકમાં ભગવાન લક્ષ્મીનારાયણ રહ્યા છે, તેમાં અને આ મૂર્તિમાં તલભાર જેટલો પણ ફરક નથી. કોઈ મનુષ્ય બ્રહ્મચર્ય વ્રત પાળીને સો વર્ષ સુધી ચારેય ધામની યાત્રા કરતો રહે તેને જે ફળ મળે, તેથી અપાર ફળ કોઈ પણ બાળક કે વૃદ્ધ, બાઈ-ભાઈ એકવાર અહીં વડતાલમાં આવીને, જો આ મૂર્તિઓનાં દર્શન કરશે તો તેને મળશે; આવું દૈવત આ મૂર્તિઓ ધારી રહી છે. કદાચ કોઈ ભાવ વગર પણ આ મૂર્તિનાં દર્શન કરશે, તો તેને ફરીને મનુષ્ય દેહ મળશે. પછી તે સત્સંગ કરીને અવિનાશી સુખને જરૂર પામશે. તેમાં કાંઈ ખોટું નથી.

આ વખતે સત્સંગમાં જે પ્રતાપ રહ્યો છે, તે તુચ્છ સમજણવાળા લોકોને ક્યારેય જોવામાં આવતો નથી. જે નાશવંત સુખને ઈચ્છે છે, તે બધા તુચ્છ સમજણવાળા છે. તે બધા નાશવંત સુખને માટે કરોડો કલ્પ સુધી જપ, તપ અને વ્રતને કરે, તેમજ નિત્ય કરોડો યજ્ઞયાગને કરે, કરોડો વિપ્રને રોજ જમાડે, જે જે મોટાં ધામો છે તેની યાત્રા જિંદગીભર કરતા રહે, આ પૃથ્વી જેટલું સોનું છે તે બધાનું નિત્ય દાન કરતા રહે અને વળી આ પૃથ્વીમાં જેટલાં હાથી, અશ્વ, ગાય, ભેંશ, ખ્યાના, પાલખી અને રથ વગેરેનું નિત્ય દાન કરે; તોપણ જ્યાં સુધી તે લોકો આત્યંતિક કલ્યાણરૂપ અવિનાશી સુખને માટે તે બધું નથી કરતા, ત્યાં સુધી તેમને સંતો તુચ્છમતિવાળા જ કહે છે. કેમ જે, તેમની બુદ્ધિ લૌકિક છે. જે અલૌકિક મતિ છે, તે જ વાસ્તવમાં શુભ મતિ છે અને જે લૌકિક મતિ છે તે તુચ્છ કહેવાય છે.

જેની અલૌકિક સમજણ છે, તેનો જ આ સત્સંગ છે અને જેને લૌકિક સમજણ છે, તેને માટે તો કુસંગ છે. સત્સંગ અને કુસંગમાં

રાત અને દિવસ જેટલો ફરક હોય છે. તે તો માણસની બુદ્ધિ જ કહી દે છે. ઉપરથી સત્સંગનો વેશ રાખીને જે સત્સંગમાં કુસંગ કરતા હોય છે, તેનો રંગ ઘણીવાર અધિક દેખાય છે. તેથી વિશ્વાસી લોકો તેના રંગમાં લેવાઈ જાય છે. પરંતુ ખરા સંતો-હરિભક્તો સત્સંગની જેવી રીત છે, તેને જાણતા હોય છે. માટે તે સંતો અને હરિભક્તો ધ્રુવ સમાન અચળ હોય છે. ધ્રુવ સિવાયના જેટલા સ્થિર તારાઓ છે, તે બધા દિવસમાં તો એક જ સરખા દેખાય છે. દિવસે ધ્રુવના તારાને જોવા માટે ઘણા બુદ્ધિમાનોએ એક ચોક્કસ ધ્રુવમાછલી બનાવી છે, તેનાથી ધ્રુવની દિશા દેખાઈ આવે છે. જેનું માથું ફરી જાય છે, તેની મતિ ફરી જાય છે. પછી તે મતિભ્રમવાળો પૂર્વને પશ્ચિમ માને છે અને પશ્ચિમને પૂર્વ માને છે. પછી તે સમજાવવાથી પણ કોઈનું ક્યારેય માનતો નથી. પણ જેને ધ્રુવમાછલીનો પૂરો વિશ્વાસ હોય અને તેનું માથું જો ભ્રમી જાય તો ધ્રુવમાછલીથી તેને સાચી દિશા દેખાય છે.

કેટલીક વાતને પ્રમાણિત કરવા માટે લોકોએ અમુક જાતનાં યંત્ર બનાવ્યાં છે. તે યંત્ર સત્ય તથા અસત્ય વાતને સચોટ બતાવી દે છે. એક રૂંવાડા જેટલા સમયને જોવા માટે ઘડીયાળના કાંટાઓ કર્યા છે. તલ જેટલા ફરકને પણ જોવા માટે તેના જે નિષ્ણાંત હોય છે, તેમણે તેનાં સાધન (માઈક્રોસ્કોપ વગેરે) કર્યાં છે. ઊંચી નીચી સપાટીને યંત્રમાં રાખેલો દોરો કહી દે છે. વજનમાં વધ-ઘટને કાંટો કહી દે છે અને કોશના પ્રમાણે (રેંટમાળનું) ચક્ર બનાવ્યું હોય છે. (તે ગતિનું માપ બતાવે છે.) જેને વિશ્વાસ નથી આવતો, તેને વિશ્વાસ લાવવા માટે તેમજ વિશ્વાસને દૃઢ કરાવવા માટે અપાર યંત્રો રચ્યાં છે. યંત્રના નિયમ પ્રમાણે જે (સમય, સૂક્ષ્મપણું, સપાટી અને ગતિ વગેરે) મળતું ન આવતું હોય, તે ભલે ગમે તેવું હોય પણ પ્રમાણમાં મળતું ન આવે તો યંત્ર બતાવી દે છે કે આ બરોબર નથી. (તેમ જે નિયમબારું અને રીતબારું હોય તેને સચ્છાસ્ત્ર બતાવી દે છે.) જેમ કે, વિવાહની પદ્ધતિ સિવાય કોઈ પ રસ્ત્રીને ઘરમાં રાખે, તો તે ગમે તેવો રાજા હોય તોપણ તે ખરેખર પ્રમાણભૂત થતો નથી. કોઈ ચાહે તેવો સિદ્ધ હોય, પણ તે જો માર્ગ છોડીને ચાલે તો તે તુચ્છ મતિમાં ખપે છે.

જેની તુચ્છ મતિ છે એવા ગુરુ અને તેના જેટલા શિષ્યો હોય, તે બધા તુચ્છમાં ખપે છે તથા તેમનું બધું આચરણ પણ તુચ્છમાં ખપે છે. અમે જે આચરણ કરીએ છીએ, તે લોક અને શાસ્ત્રમાં સહુ પ્રમાણ કરે છે. જે સદાચારી શ્રેષ્ઠ લોકો છે, તેમાં પણ અમારું આચરણ પંકાય છે. કોઈ અયોગ્ય બાબતમાં ખરડાયેલા ન હોય, તેવા સદાચારી માણસ એક હજારમાં કેટલાક હોય ? ઉપરથી સહુ સાથે આચરણ મળતું આવે, પણ અંતરથી તે મળતું નથી આવતું. સત્સંગના ઉદય માટે કોઈ જાતનો જેમાં બાધ ન આવે, એવી જે બાબત હોય તે જ ખરેખર વાત કહેવાય છે અને જેમાં બાધ આવતો હોય તે વાતને તો ઉત્પાત કહેવાય છે. જે નિમ્ન લોકો હોય છે, તે બાધને ગણતા નથી. જે પોતે શ્રેષ્ઠ અને વિશ્વાસી હોય તેને અમુક લોકો પોતાની સમજણ મુજબ ઘણું બધું સર્વોપરિ માહાત્મ્ય કહેતા રહે છે તથા તેમને સારી રીતે વખાણે છે. પરંતુ મનુષ્યમાત્રનો એવો સ્વભાવ છે કે, જે તેના વખાણ કરે તેમાં તે ચોંટી જાયે-બંધાઈ જાય છે. જે લોકો સત્સંગની રીત જેટલી ન જાણતા હોય, એટલા તે વખાણમાં ચોંટી જાય છે. (પરંતુ જેમ છે તેમ જે સમજે છે તે વખાણમાં ચોંટતા નથી.) સત્સંગની સર્વે રીત છે તે સર્વોપરિ છે.

સત્સંગમાં નીચ લોકો સર્વોપરિ ભક્તજનોને ફજેત કરતા રહે છે. સત્સંગની રીત જાણ્યા વિના જે કાંઈ ક્રિયા કરે છે, તે સત્સંગમાં કલંકરૂપ ગણવામાં આવે છે. સત્સંગની રીતમાં જ્યાં સુધી વર્તતો રહે, ત્યાં સુધી શુભ રીતને લીધે તેની દિનપ્રતિદિન શુભકીર્તિ વધતી રહે છે. જેટલી શુભ રીત છે, તે સત્સંગનાં ભૂષણરૂપ કહેવાય છે. સત્સંગની રીત જેમ છે તેમ જાણવી ઘણી કઠણ છે, પણ સત્સંગ કરતાં કરતાં તે યથાર્થ દેખાઈ આવે છે. જેને સત્સંગની કાંઈ જ ગમ હોતી નથી, તેવા લોકો ભગવાન કરતાં પણ બીજાનો અપાર મહિમા વારંવાર કહેતા હોય છે. સત્સંગ કરતા હોવા છતાં પણ સત્સંગની રીતને જે સમજતો નથી, તે તો જેમ કોઈ દિલ્લીમાં રહ્યા થકા ભાડભૂંજાનું કામ કરે તેવો છે. આટલી વાત કરીને શ્રીહરિ ઉતારા તરફ ચાલ્યા અને પછી વાસણ સુતારને ઘેર રોકાયા.

**● વડતાલમાં કાર્તિક સુદિ બારશે શ્રીહરિએ લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા :**

શ્રીહરિએ તે રાતે ભોજન કર્યું અને તે પછી ઉમરેઠ ગામના વેદિયા વિપ્રોને મળ્યા. તેમાં હરિભાઈ, વિષ્ણુદત્ત, લક્ષ્મીરામ અને બીજા પણ જે હરિભક્ત વેદિયા હતા. તેમને કહ્યું કે, "કાર્તિક સુદિ દ્વાદશીને દિવસે શ્રીલક્ષ્મીનારાયણ દેવને પધરાવવા માટે, પ્રતિષ્ઠાની રીત જે રીતે કહેવાતી હોય તે રીતે સવારમાં જરૂર આરંભ કરો. અમે કાર્તિક સુદિ પૂનમ કરીને અહીંથી ચોક્કસ નીકળી જઈશું, તેમાં કોઈ વાત ખોટી નથી. આખા સત્સંગના ભૂષણરૂપ અનુપમ મુક્તાનંદ સ્વામીને ભાલ દેશમાં મૂકીને, જ્યારે તેમણે અમને કહ્યું ત્યારે અમે આવ્યા છીએ. તેમને હરિભક્તો ઉપર ખૂબ જ ભાવ છે, તેને લીધે જ અમને અહીં આવવાની રજા આપી હતી. તેમને છોડીને અમે ક્યારેય અહીં આવત નહિ, પણ તેમણે કહ્યું એટલે આવ્યા છીએ.

મુક્તાનંદ સ્વામીને હરિભક્તો ઉપર અપાર હેત છે. જેનો જીવ જેવો હોય, તેવો જ્યારે કામ પડે ત્યારે દેખાય છે. તેમજ દેશ કાળે

કરીને પણ તે દેખાઈ આવે છે. તેમાં જે જેવા હોય તે છુપા રહેતા નથી. અમે જ્યારે વ્રતમાન ફેરવીએ છીએ, ત્યારે તેમાં પણ જેનું જેવું અંતર હોય તે દેખાયા વિના લગાર પણ રહેતું નથી. તે સહુને બહાર દેખાઈ આવે છે. જે બુદ્ધિહીન માણસ અમારી જેમ કરવા જાય તો તે ફજેત થાય છે. જે જે બાબત કરવી હોય, તેમાં બુદ્ધિ મુખ્ય સાધન છે. બુદ્ધિ જેમ મનાવે છે તેમ માણસ કામ કરે છે, આવી બુદ્ધિ રહી છે. અમુકની પાસે રાજ્ય ન હોવા છતાં પણ કેટલાક બુદ્ધિશાળી લોકો રાજ્ય કરતા હોય છે. ઘણાને રાજ્ય મળે છતાં જો બુદ્ધિ ન હોય તો, તે બુદ્ધિહીન નામમાત્રના રાજા કહેવાય છે. રાજાનો નોકર હોય, પરંતુ તે જો રાજા કરતાં વધારે બુદ્ધિશાળી હોય તો તે રાજ્ય કરે છે. ભલે તે રાજા ક્યારેય નથી થતો, પરંતુ બુદ્ધિએ કરીને તે રાજ્ય કરે છે. અર્થાત્ રાજા પણ તેને પૂછીને જ એની મરજી પ્રમાણે રાજ્ય ચલાવતો હોય છે.

પરંતુ જે રાજા હોય છે તે જ રાજા રહે છે, ભલે તેને બુદ્ધિ હોય કે ન હોય. તે રીતે જ ગૃહસ્થ ગુરુ રહ્યા છે. જે છાપ હોય છે તે જાતી નથી. વિપ્ર વિના અન્ય કોઈ બુદ્ધિવંત હોય, તોપણ તે ક્યારેય આચાર્ય થતા નથી; એવું વેદ વચન છે. જે બ્રાહ્મણ વર્ણના છે, તે બીજા બધા વર્ણને માટે સહેજે જ પૂજ્ય છે, પણ તેમાં ધર્મવાળા અધિક ગણાય છે. પ્રત્યક્ષ ભગવાનનું જેને દૃઢ જ્ઞાન હોય, તે જ સાચા ધર્મવાળા છે. એવા જે હોય તે જીવને જેટલું બંધન થયું હોય છે, તે બધું જાણે છે. તે સિવાયના મનુષ્યમાત્ર બંધનમાં રહેલાં દુઃખને દેખી શકતા નથી. ભલે તે ગમે તેવો મોટો વિપ્ર હોય કે વિપ્ર સિવાયનો હોય ! કોઈ ઊંચા આશ્રમમાં રહ્યો હોય કે વેદ તથા પુરાણને ભણેલો કોઈ મોટો પંડિત હોય, પણ જ્યાં સુધી શ્રીહરિ તથા સત્સંગનું જ્ઞાન નથી થાતું, ત્યાં સુધી તેને બંધન દેખાતું નથી અને તે અજ્ઞાનીમાં ખપે છે.

મોટા આચાર્ય થવાથી પણ શું ? સત્સંગ વિના તેને પણ બંધન દેખાતું નથી. કેટલાક ત્યાગીમાં અને કેટલાક ગૃહસ્થમાં ગુરુ થયા હોય છે. પરંતુ જ્યાં સુધી તે બંધનને દેખતા નથી, ત્યાં સુધી તે કહેવાતા ગુરુ ઠગ ગણાય છે. જ્યાં સુધી બંધન નથી દેખાતું, ત્યાં સુધી જેટલા તે ગુરુના સંબંધવાળા હોય છે તે પણ ઠગ ગણાય છે. જેને જેટલાં બંધન દેખાતાં હોય, તે તેટલા પોતે તેનાથી છૂટે છે. જેને પ્રગટ ભગવાન ઉપર હેત હોય છે, તે બધા ગુરુ સત્ય છે. અમે સત્સંગમાં જેટલી મૂર્તિઓનું સ્થાપન કરીએ છીએ, તેમાં પ્રગટ ભગવાનનો ભાવ લાવીને જે જેટલી બાબત કરશે, તેને તે જરૂર ફળીભૂત થશે. પ્રત્યક્ષ ભાવ વિના તે કામ થતું નથી. તમે જેટલા વેદિયા વિપ્ર છો, તે બધા મૂર્તિમાં પ્રગટનો ભાવ લાવીને, દેશકાળ અનુસારે જે કામ કરવાનું હોય તે કરો. દેશકાળ અનુસારે કરેલું કામ બુદ્ધિમાનને પ્રિય લાગે છે. તમારે કાર્તિક સુદિ બારશને દિવસ મંદિરમાં મૂર્તિ લાવીને સ્થાપન કરવી. તે માટે તમારે તત્પર રહેવું.''

પછી જે રીતે શ્રીહરિએ કહ્યું, તે રીતે બધા વિપ્રોએ કર્યું. જે વિધિ કરવાનો હતો, તે બધો એકાદશીને દિવસે કરી લીધો. બારશને દિવસે જ્યારે શુભ મુહૂર્ત આવ્યું, ત્યારે શ્રીહરિએ પોતાને હાથે વડતાલ મંદિરમાં મૂર્તિઓ પધરાવી દીધી. તે સમયે જ્યાનંદ વર્ણીએ શ્રીલક્ષ્મીનારાયણ દેવને વસ્ત્ર તથા આભૂષણ પહેરાવ્યાં. તેની જે શોભા થઈ તે વર્ણવી શકાતી નથી. શ્રીહરિએ તે દેવોની પ્રથમ આરતી ઉતારી. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવાં લાગ્યાં. અપાર સંતો-હરિભક્તો 'જય જય..જય જય..' તેમ બોલવા લાગ્યા. જ્યારે આરતી કરી રહ્યા, ત્યારે સહુ વિપ્રો અને સંતો ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. હે ભગવન્ ! જે લોકો શુદ્ધ ભાવથી આપનાં દર્શન કરે છે, તેના બધાં સંકટોને આપ દૂર કરો છો. આપનો તેવો સર્વોપરિ પ્રતાપ રહ્યો છે.

આ ચરોતર દેશ જેવો બીજો દેશ ક્યાંય નથી. આ દેશના જેટલા મનુષ્ય છે તે બધા શુદ્ધ બુદ્ધિવાળા છે. તેઓ અન્ન, વસ્ત્ર તથા ધને કરીને કોઈ રીતે દુઃખી નહિ થાય. મનુષ્યને દૈહિક દુઃખે કરીને ઉત્સાહ રહેતો નથી. જોકે, આપ જ બધા લોકોને અન્ન, વસ્ત્ર અને ધન આપો છો, પણ તે લોકો આપને ઓળખતા નથી. તેથી આપને નહિ ઓળખનારા તે મનુષ્યો કુબુદ્ધિવાળા કહેવાય છે. તે જ્યાં જન્મ ધરે ત્યાં દુઃખી રહે છે. જે લોકો આપને જેવા જાણે છે, તે તેવા ફળને પામે છે. આપ તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ સમાન છો. તે લોકોને જેવો ભાવ હોય, તેવું ફળ મળે છે. આપ જ્યારે જે અવતાર ધારણ કરો છો, ત્યારે આપને જે લોકો જેવા સમજે છે, તે લોકો તેવું ફળ પામે છે. આ વાત પ્રત્યક્ષ રહી છે.

જેટલા અવતાર થયા છે તેનાં ચરિત્રો લખાયાં છે, તેમાં તેમનો જેવો પ્રતાપ હતો તે બતાવી દેવામાં આવ્યો છે. ચાહે તેવો પ્રતાપ હોય, પણ તે દેખાડ્યા વિના દેખાતો નથી. જ્યારે તે દેખાડવામાં આવે, ત્યારે તે પ્રતાપ માપમાં છે કે અમાપ છે તે દેખાય છે. જેનો જેવો પ્રતાપ હોય તે વર્તનમાં દેખાઈ આવે છે. વર્તન વિના તે ક્યારેય દેખાતો નથી. આ રીતે વિપ્રો તથા સંતોએ અપાર સ્તુતિ કરી. તે પછી સ્વયં શ્રીહરિએ હરિભક્તોના પ્રત્યે કહ્યું કે, ''જેને જેવી સંપત્તિ હોય, તે પ્રમાણે તમારે સહુએ મંદિરમાં પધરાવેલી આ મૂર્તિની સેવા કરવી. જેવી સેવા કરશો તેવું અગણિત સુખ તમને મળશે. તમને અગણિત સુખ મળે, તેટલા માટે અમે આ મંદિર કર્યું છે. તમે સહુ ધનથી સુખ માનો છો અને ધન વિના દુઃખ માનો છો.

જેને જેવી વૃત્તિ હોય, તેવું સહુ તત્પર થઈને કરતા હોય છે અને તેમાં પણ જેને જેવી બુદ્ધિ હોય તે તેવું સુખ પામે છે. રૂડી બુદ્ધિનું એટલું જ ફળ છે કે જીવને કોઈ જાતનું દુઃખ ન આવે. જીવમાં જેટલું દુઃખ રહે છે, તેટલી તેની બુદ્ધિમાં કસર છે. ભગવાનની સેવા કરવામાં જે જેટલી કસર રાખે છે અને જેટલી સેવા નથી થતી તેટલું જીવને અહીંયા દુઃખ દેખાય છે. મનુષ્ય જેટલો ધર્મનો લોપ કરે છે, તેટલું તેને મરણ પછી જરૂરને જરૂર દુઃખ થાય છે; તેમાં તલભાર પણ ખોટું નથી. કોઈ ડાહ્યો કહેવાતો માણસ પણ જ્યાં સુધી ઉપર કહેલી વાતને ખોટી માને છે, તો તે ભલે ડાહ્યો કહેવાતો હોય પણ તેનું દુઃખ ક્યારેય ટળતું નથી.

શાસ્ત્ર, સંતો અને ભગવાન જે વાત કહે છે, તે જ્યાં સુધી સાચી મનાતી નથી, ત્યાં સુધી જીવને દુઃખ સહન કરવું પડે છે.' આટલી વાત કહીને શ્રીહરિ પાટ ઉપર આવીને બેઠા. તે વાતોને ગામેગામના હરિભક્તો સાંભળતા હતા. જેટલો વિવેક છે તે વાતે કરીને આવે છે. વાત કર્યા સિવાય ક્યારેય વિવેક આવતો નથી અને વિવેક આવ્યા સિવાય મનુષ્યજન્મ મળ્યો તોપણ શું ? વિવેકની વાત સાંભળ્યા સિવાય આ જીવ મલિન રહે છે.

**● વડતાલમાં દેવની પ્રતિષ્ઠા પછી શ્રીહરિએ ભક્તોને સેવા કરવાની પ્રેરણા કરી :**

ગામેગામથી આવેલા બધા હરિભક્તોએ ઘણા શુદ્ધ ભાવથી શ્રીલક્ષ્મીનારાયણ દેવની પૂજા કરી. ગામેગામના હરિભક્તો જ્યાં ઊતર્યા હતા, ત્યાં તેમણે શ્રીહરિને ભાવ પ્રમાણે પધરાવ્યા. તે સહુ શ્રીહરિની આગળ જાત જાતનાં મેવા ધરતા હતા અને જેવો પ્રેમ હતો તેવાં વસ્ત્ર અને અલંકાર શ્રીહરિને ધરાવતાં હતાં. લલાટમાં કુકુંમનો ચાંદલો કરીને કપૂરની આરતી કરતા હતા. આ રીતે સહુ હરિભક્તો અલૌકિક લાભ લેતા હતા. આ વખતે સહુ હરિભક્તોએ શ્રીહરિનો જે લાભ લીધો, તે કહી શકાતો નથી. નિમાડ દેશના પાટીદાર હરિભક્ત ગોવિંદભાઈ આદિક અપાર બાઈ-ભાઈ હતાં, તેઓ જ્યારે સમૈયામાં આવતાં ત્યારે સંતોને એક-બે રસોઈ આપ તાં. તેઓ પહેલા શ્રીહરિની પૂજા કરતા અને પછી સંતોની પૂજા કરતા હતા.

જ્યારે જ્યારે તેમની રસોઈ થાતી, ત્યારે ત્યારે શ્રીહરિ સંતોને પીરસતા હતા. વડતાલમાં જે દિવસે શ્રીલક્ષ્મીનારાયણ દેવને પ ધરાવ્યા, તે દિવસે ચરોતર પ્રદેશના વિપ્રો વડતાલમાં આવ્યા હતા. તેમને ઘી નીતરતા લાડુ જમાડ્યા હતા. મધ્યાહ્નથી લઈને મધ્ય રાત્રી સુધી જેટલા વિપ્ર આવ્યા, તે સહુને જમાડ્યા અને તેમની પૂજા કરીને રાજી કર્યા. યોગ્યતા પ્રમાણે દાન-દક્ષિણાઓ અપાવી. તેથી તે ઘણા રાજી થયા. તે સમયે ત્યાં જેટલા સંતો અને હરિભક્તો હતા તથા વડતાલ ગામના જે લોકો હતા, તેમને ઘણા પ્રેમભાવથી જમાડ્યા. પ્રેમભાવ સિવાય જમાડી શકાય નહિ. જો ભાવ વગર જમાડે, તો તેની તેવી અપકીર્તિ ગવાય છે.

જેટલા લોભી હોય છે, તે ઉજ્જ્વળ કીર્તિ પ્રાપ્ત કરી શકતા નથી. લોભિયા તો ધનમાં જ મેરુના જેટલી મહાન કીર્તિ માનતા હોય છે. લોભી મનુષ્ય રાત-દિવસ ધન ભેળું કરતાં કરતાં મરી જાય છે, પણ તેનું ધન તેને કોઈ ઉપયોગમાં આવતું નથી. જેટલા લોભી માણસો હોય છે, તે બધા મરે ત્યાં સુધી ધન ભેળું કરતા રહે છે; પરંતુ તે પરમાર્થમાં વપરાતું નથી. ધન મળ્યું હોવા છતાં પણ જે બ્રહ્મભોજન નથી કરાવતા અને સંતોને તૃપ્ત નથી કરતા, તો તેવા અત્યંત કૃપણ-લોભીનો કરોડો કલ્પ સુધી સૂચીમુખ નામના નરકમાં નિશ્ચય નિવાસ થાય છે. ત્યાં યમદૂત તેના માંસને કાપી કાપીને ખાય છે.

તેવા લોભીના શરીરને ચીરી ચીરીને યમદૂત ફરીવાર સીવે છે. તે લોભી જેટલું ધન ભડકડાકળું કરે છે, તે કોઈ પુણ્ય કાર્યમાં વપ રાતું નથી. લોભી માણસને પરમાર્થનું સુખરૂપ ફળ બતાવવામાં આવે છે, તોપણ તે માનતો નથી અને નરકનાં દુઃખને કબૂલ કરે છે; પણ તે ભૂલે પણ ધનથી પરમાર્થ કરતો નથી. જે મનુષ્ય ધનથી પરમાર્થ કરે છે, તેને લોભી માણસ ક્યારેય લગાર પણ વખાણતો નથી. લોભિયો ભવિષ્યમાં આવનારાં દુઃખનો વિચાર કરતો નથી. જે જેટલો દુઃખનો વિચાર કરે છે, તે તેટલો સંપત્તિ પ્રમાણે નિરંતર પરમાર્થ કરતો રહે છે. તેથી તેને તે પ્રમાણે સુખ મળે છે.

જે મનુષ્ય પરમાર્થનાં કાર્યમાં જેટલું ધન ખર્ચે છે, તેટલું ધન તે નિપુણ જીવે સાથે લીધું કહેવાય છે. ધન કે પદાર્થોથી જેટલું ધર્મકાર્ય કરવામાં આવે છે, તેટલું તેણે સાથે લીધું કહેવાય છે. ધન મળે છતાં જે તેને વાપરી ન શકે, તો તેનું મેળવેલું ધન કોઈ ઉપયોગમાં ન આવ્યું કહેવાય. અપાર પદાર્થો મળે છતાં તેનાથી જો લગાર પણ ધર્મ ન કરે, તો તે જ્યારે મરે ત્યારે તેની સાથે કાંઈ જતું નથી. જે લોકો પદાર્થો મળ્યાં પછી તેના દ્વારા ધર્મકાર્ય કરે છે, તે તેટલા સદ્‌બુદ્ધિવાળા છે અને તેને મનુષ્યજન્મનું શુભ ફળ મળ્યું કહેવાય.

શ્રીહરિ સભામાં આવી વાતો કહેતા હતા, તેને હરિભક્તો અતિશય પ્રેમમગ્ન થઈને ગ્રહણ કરી લેતા હતા. જેટલા હરિભક્તો હતા, તે સહુએ શ્રીહરિને કહ્યું કે, "આપ જેટલો કહો તેટલો ભગવાન માટે ભાગ કાઢીએ." ત્યારે તે સહુ હરિભક્તોનો ભાવ દેખીને શ્રીહરિ બોલ્યા, "ભાવ વિના જેટલું કહેવામાં આવે તે માણસમાત્રને રુચતું નથી.

ભક્તજનોએ ભગવાન માટે જે કાંઈ કરવું, તે અતિશય ભક્તિભાવથી કરવું. જેટલું ભક્તિ ભાવથી કરવામાં આવે છે, એટલું જ

જીવના ઉપયોગમાં આવે છે. ભગવાન સિવાયના માટે જે કાંઈ કરવામાં આવે, અરે ! તેને માટે વારંવાર કરોડોનું ધન ખરચવામાં આવે, તોપણ તે જીવના ઉપયોગમાં લગાર પણ આવતું નથી. જ્યારે આવી સમજણ આવે છે, ત્યારે તે ભગવાનને નિમિત્તે ખર્ચ કરે છે. તે ખર્ચ કરવામાં તેનો જીવ અટકતો નથી. જ્યાં સુધી આવી સમજણ નથી આવી, ત્યાં સુધી ભગવાનને માટે ખર્ચ કરવામાં ઉત્સાહ થતો નથી.

ઉત્સાહ અને નિરુત્સાહ તો સમજણમાં રહ્યા છે. 'આ જિંદગીનો કાંઈ નિરધાર નથી,' એવો જેને વિચાર રહે છે તેને ભગવાનને નિમિત્તે ખર્ચ કરવામાં અતિશય ઉત્સાહ રહે છે. જે ભગવાનનો ભક્ત જેવો હોય છે, તે ભગવાન માટે ખર્ચ કરવામાં દેખાઈ આવે છે. ભગવાન, સંતો અને બ્રાહ્મણો સિવાય જેટલો ખર્ચ કરવામાં આવે છે, તે બધો ખર્ચ તો શેકીને વાવેલા બીજ જેવો છે. સારામાં સારું બીજ હોય, પણ જો તેને ખાર ભૂમિમાં વાવવામાં આવે તો તે નિષ્ફળ જાય છે. ભગવાન, સંતો અને વિપ્રના નિમિત્ત વિનાની ખર્ચ માટે પસંદ કરાતી જે ભૂમિ તે બધી ખાર ભૂમિ જેવી છે. આવી સમજણ જેમાં હોય છે, તે મનુષ્ય શુભ બુદ્ધિવાળા ગણાય છે. જે શુભ બુદ્ધિવાળા મનુષ્ય હોય છે, તે પરલોકમાં જઈને સુખ પામે છે. મનુષ્યદેહને પામીને એટલું જ કરવાનું છે કે પરલોકમાં જઈને ત્યાં રહી ભગવાનનું અવિચળ સુખ ભોગવવું.

મનુષ્યદેહને પામીને જે શાશ્વત સુખને ચાહે છે, તેને જ મનુષ્ય કહેવાય છે. એવી સમજણ વિના મનુષ્યદેહ પ્રાપ્ત કર્યા પછી અપાર ધન મળે; તોપણ જ્યાં સુધી શુભ બુદ્ધિ મળતી નથી, ત્યાં સુધી તે ધન કાંઈ ઉપયોગમાં આવતું નથી.

**● ભગવાન શ્રીહરિએ વડતાલથી પૂર્વમાં વિશાળ જગ્યામાં વેદિકાએ બેસીને સભા કરી :**

બ્રહ્માનંદ સ્વામીના મંડળના જેટલા સંતો હતા તે વડતાલમાં રહ્યા હતા અને બીજા પણ ચાલીસથી પચાશ જેટલા સંતો ત્યાં રહ્યા હતા. તેઓ મંદિરની જગ્યામાં માલિકની જેમ નિવાસ કરીને રહેતા હતા. બીજા જેટલા સંતો હતા, તે ગામ બહાર ઉતર્યા હતા. ગામથી પશ્ચિમ દિશામાં જ્યાં મૂળજીભાઈનો કૂવો છે, તે કૂવાની પૂર્વ દિશામાં જાંબુડા તથા આંબાનાં ઝાડ હતા. ત્યાં આવીને સંતોનાં મંડળ ઊતર્યા હતાં. વડતાલ ગામના હરિભક્તોએ સંતો માટે મંડપ કરીને છાયો બનાવ્યો હતો. બધા સંતો ત્યાં નિવાસ કરીને રહ્યા હતા. તેમને ગામ કરતાં આ જગ્યા અનુકૂળ આવે તેવી ઘણી સારી અને વિશાળ લાગતી હતી. સંતોને અહીં જેવું ગામમાં સુખ આવતું નહિ. જેટલા હરિભક્તો હતા, તે રોજ દર્શન કરવા માટે ત્યાં આવતા હતા અને સંતો તે હરિભક્તો આગળ વાતો કરતા હતા. કેમ જે, વાતોએ કરીને સત્સંગ રહે છે. જ્યારે વાતે કરીને સત્સંગની મોટાઈ અધિક અધિક દેખાય, ત્યારે સત્સંગ કર્યો કહેવાય.

જ્યાં સુધી વાતે કરીને સત્સંગની મોટપ અધિક દેખાતી રહે, ત્યાં સુધી તેના સત્સંગની વૃદ્ધિ થતી રહે છે. જે વાતે કરીને સત્સંગની વૃદ્ધિ થાય, તેનું જ નામ વાત કહેવાય છે. સત્સંગ કરતાં કરતાં પણ જો સત્સંગ ઘટી જતો હોય, તો તેઓ વાતમાં ધ્યાન નહીં દેતા હોય. જેટલા વાતમાં ધ્યાન ન દેતા હોય, તેઓ પાણી વગરના ખેતર જેવા કહેવાય. પાણી વગરનું ખેતર જેવું સુધરે, તેવું વાતમાં ધ્યાન ન દેવા છતાં વ્યક્તિનું જીવન સુધરે, અર્થાત્ ન સુધરે. તે તો તેના વર્તન ઉપરથી પારખી લેવું. જેનું વધારે ઓછું વર્તન હોય, તે બધું વર્તનમાં દેખાઈ આવે છે. વર્તન અંતર્યામી છે. તેથી વર્તનમાં કાંઈ છાનું રહેતું નથી. હરિભક્તોને ભગવાનની વાત અમૃત જેવી લાગે છે. તે ભગવાનની વાતમાં જેટલું મંદપણું રહે તેટલો તેમાં કુસંગ છે. એક હરિભક્તને બીજા હરિભક્તની સાથે નવો નવો પ્રેમ થવો જોઈએ, પણ જુદા જુદા સ્વભાવને લીધે મન મળતું નથી.

સ્વભાવ જ કુસંગ છે. તેથી સ્વભાવનું જેટલું ચાલે તેટલું સત્સંગમાં વિઘ્ન થાય છે. માણસ જ્યારે પોતાના સ્વભાવનો વિશ્વાસ કરે છે, ત્યારે તે પોતાનો સ્વભાવ હરિભક્તોનો અભાવ દેખાડે છે. જ્યારે હરિભક્તોનો અભાવ આવે, ત્યારે તે સત્સંગના માર્ગને ભૂલી ગયો છે, એમ જાણવું. આ બધું વર્તન ઉપરથી દેખાય છે.

વડતાલ ગામથી પૂર્વ દિશામાં તળાવ છે. તે તળાવથી પૂર્વમાં વિશાળ જગ્યા છે. તે જગ્યાની મધ્યે એક વેદિકા હતી. તેરશને દિવસે જ્યારે સાંજનો સમય થયો, ત્યારે શ્રીહરિ તે વેદિકા ઉપર આવીને બેઠા. સહુ સંતો, વર્ણી, સંન્યાસીઓ અને હરિભક્તો પણ ત્યાં આવ્યા અને ત્યાં જે ખુલ્લી વિશાળ જગ્યા હતી, તેમાં સહુની સભા થઈ. બાઈ-ભાઈઓનો કોઈ પાર ન હતો. સહુની અલગ અલગ સભા થઈ. બાઈઓની સભામાં બાઈઓ બેઠી હતી. જેનો ગણતાં પાર આવતો નહીં.

જેના હૃદયમાં ભગવાનની મૂર્તિ વસે છે, તેના ભાગ્ય તો સર્વોપરિ કહેવાય છે. સહુ હરિભક્તોની સમજણ આવી રીતની હતી. તેથી તેઓને શ્રીહરિ કરતાં બીજા કોઈ અધિક દેખાતા નહિ. જ્યારે સ્વપ્નમાં પણ આ રીતની સમજણ રહે, ત્યારે તેનો સત્સંગ પૂરો કહેવાય. છતાં જેને સત્સંગનો સાચો પાશ લાગ્યો હોય છે, તેવા ભક્તો મનનો વિશ્વાસ કરતા નથી.

જ્યાં સુધી મનનું દમન કરવામાં આવે, ત્યાં સુધી તે વશ વર્તે છે. પરંતુ જો મનનાં દમનમાં દયા લાવવામાં આવે, તો તરત જ તે

મન તેને ફજેત કરે છે. મોટા મોટા સિદ્ધોને પણ મને ફજેત કર્યા છે. ભવ અને બ્રહ્મા સુધી પણ મન પહોંચી ગયું છે. ઇન્દ્ર અને ચંદ્રને પણ મને જીતી લીધા છે. જીવ જ્યાં સુધી શ્રીહરિનાં વચનમાં વર્તે છે, ત્યાં સુધી તેની આગળ મનનું કાંઈ ચાલતું નથી. કારણ કે, શ્રીહરિનાં વચનો જ એવા સમર્થ છે. શ્રીહરિનાં જે વચનો છે, તેમાં વિધિ અને નિષેધની વાત બતાવી દીધી છે. માટે તેમાં મન યોગ્ય રીતે જ ચાલે છે. યોગ્ય વાતને જોઈ જોઈને જે વ્યવસ્થિત રીતે ચાલે છે, તેને આ લોક અને પરલોકમાં અતિ સુખ વર્તે છે. શ્રીહરિ જેટલી વાત કરતા હતા, તેનું મૂળ એટલું જ હતું કે, જેને માટે જે યોગ્ય હોય તેની તપાસ કરીને તે પ્રમાણે વર્તવું. અને તે પ્રમાણે જે વર્તે છે, તેને ક્યારેય દુઃખ આવતું નથી. આવી આ વાત છે. જેટલી ભગવાને નિષેધ કરેલી બાબતો છે, તે જ દુઃખનું મૂળ છે.

નીતિનો માર્ગ સુખનું મૂળ છે. અનીતિનો માર્ગ દુઃખનું મૂળ છે, તે વાત ચોક્કસ સમજવી. અને આ ભગવાનનો કરેલો લેખ છે તે કોઈ કલ્પ સુધી પણ ફરતો નથી. જેવો ભગવાનનો લેખ હોય, તેવું જ બધું ચોક્કસપણે થાય છે. નીતિના માર્ગમાં અપાર સુખ રહ્યું છે. તે નીતિના માર્ગમાં જ ભગવાનનું ધામ રહ્યું છે. આ વાત ક્યારેય મિથ્યા થતી નથી. અનીતિના માર્ગમાં તો પારાવાર દુઃખ રહ્યું છે. અનીતિમાં જન્મ, મૃત્યુ, જમપુરી અને લખચોરાશીનું અપાર દુઃખ રહ્યું છે. આ વાત કાંઈ મિથ્યા નથી. આ બધી વાતને જ્યાં સુધી જે મિથ્યા માને છે, ત્યાં સુધી તેને જેટલાં દુઃખ છે તે બધાં સહન કરવાં પડે છે.

ભગવાને જેટલી વાત કહી છે, તેને જ્યારે સત્ય માને તથા નીતિના માર્ગે ચાલે ત્યારે તે જીવનો ઉદ્ધાર થાય છે અને ત્યારે તે અપાર સુખને પામે છે, જેનો કહ્યે પાર આવતો નથી. નીતિ અને ધર્મ એક જ છે. સત્યનો માર્ગ અને સત્સંગ એક જ છે, પણ તેને અલગ અલગ શબ્દથી કહ્યા છે. અનીતિ, અધર્મ, અસત્ય અને કુસંગ તે પણ એક જ માર્ગનાં નામ છે, પણ તેને અલગ અલગ શબ્દથી કહ્યાં છે. નીતિરૂપ સત્સંગનો માર્ગ તો સુખનો માર્ગ છે અને અનીતિરૂપ કુસંગનો જે માર્ગ છે તે દુઃખનો છે. પણ જે મનુષ્ય ભગવાનથી વિમુખ છે, તેને તે દેખાતું નથી. તેથી તે દુઃખને માર્ગે જ ચાલતો રહે છે.

**● ભગવાન શ્રીહરિએ પ્રબોધની અને રામનવમીનો સમૈયો વડતાલમાં જાહેર કર્યો :**

ઉગમણી દિશામાં વેદિકા ઉપર બેઠેલા શ્રીહરિએ સહુ હરિભક્તોને ઘણા હેતથી કહ્યું : "પ્રબોધની એકાદશીને દિવસ મધ્યાહ્ન સમય થયો, ત્યારે ધર્મદેવનો જન્મ થયો હતો. તો હવે પછી આ વડતાલમાં દર વરસે સમૈયો કરવો. કાર્તિક માસમાં પૂનમને દિવસ ચંદ્રોદય થયો, ત્યારે ભક્તિમાતાનો જન્મ થયો હતો. ધર્મદેવ તથા ભક્તિમાતાના જન્મને લીધે અમે આજથી અહીં વડતાલમાં સમૈયો બાંધીએ છીએ, તેથી હવે પછી કોઈએ કંકોતરીની વાટ જોવી નહિ. રામનવમીને દિવસ ભગવાન રામચંદ્રજીનો જન્મ મહોત્સવ ચારે ધામમાં ઘણો પ્રસિદ્ધ છે. વળી, તે દિવસ દસ ઘડી રાત જતાં અમારો જન્મ થયો હતો. સંતો પાસેથી તે વાતો સાંભળીને અમારો જે પ્રતાપ છે, તેને તમે સહુ જાણો છો.

જેનો જેવો પ્રતાપ હોય, તેનો તેવો જન્મોત્સવ વરસો વરસ સમૈયામાં અહીંયાં આવીને કરવો. હવે તો ચારેય ધામમાં-સર્વે પ્રાંતમાં લાખોની સંખ્યામાં ચારેય વર્ણનાં બાઈ-ભાઈ હરિભક્ત થયાં છે. તેમજ વરસો વરસ જેને નીતિ ગમે છે, તેવા હજારો લોકો નવા સત્સંગી થાય છે. આ સત્સંગની વાતોએ કરીને જે ગુરુ કે શિષ્યોમાં જેટલી અનીતિ રહી હોય છે, તે બધી સહુને યથાર્થરૂપમાં દેખ્યામાં આવે છે. અનીતિમાં ડૂબેલા ગુરુ નીતિના માર્ગને જોઈને, તેમાં ચાલનારા પોતાના શિષ્યો ઉપર નાતના કાયદા લગાડે છે. પછી જે પોતાના શિષ્યો સત્સંગની વાત સાંભળીને સત્સંગી થયા હોય, તેને નાત બહાર મુકાવે છે. આ રીતે જેને અનીતિ ગમતી હોય છે, તેવા લોકો નીતિમાં રુચિવાળાને નાત બહાર કરે છે, પણ તેની સાચી તપાસ કોણ કરે ? અને કેટલાક ગુરુઓ તો પોતાના શિષ્યની સ્ત્રીઓને ચાહે તેમ ભોગવતા હોય છે.

આવા તે ગુરુનાં દુઃખને લીધે કેટલાક સત્સંગ કરે છે, ત્યારે તેને પણ નાતનું કોઈ બહાનું લઈને નાત બહાર કરાવે છે. જે ગુરુને અનીતિ રુચે છે, તેને નીતિનો માર્ગ રુચતો નથી. કેટલાક પંથમાં તો ગુરુ અને શિષ્યો સહુ વ્યભિચાર કરતા હોય છે. તે લોકો વ્યભિચારને જ મોક્ષનો માર્ગ માને છે. તેવા લોકોને લગાર પણ સત્સંગ ગમતો નથી. પરંતુ જે ડાહ્યા માણસોને વ્યભિચારમાં અપ ાર દોષ દેખાય છે, તે બધા સત્સંગને સ્વીકારે છે. સત્સંગ રાખવો તે ઘણો કઠણ છે. જે લોકો દારૂ, માંસ તથા ચોરીમાં સાર માને છે, તેને તે પોતાના દોષને લીધે સત્સંગ ગમતો નથી. દોષોનો ત્યાગ કરવો, તે કઠણમાં પણ અતિશય કઠણ છે.

દોષોનો ત્યાગ કર્યા સિવાય કોઈનું કલ્યાણ થયું હોય, તેવું અમે સાંભળ્યું નથી. ગોપીઓ, ગોવાળો અને અપાર વાનરોને જ્યારે સાક્ષાત્ ભગવાનનો યોગ થયો, ત્યારે ભગવાનનો પાશ લાગવાથી તેમના બધા દોષોનો નાશ થયો હતો. જ્યારે ભગવાનનો પ ાશ(રંગ) લાગે છે, ત્યારે તે ભક્ત ભગવાનની સમાન બીજા કોઈને દેખતા નથી, તેને જ પાશ લાગ્યો કહેવાય. કેમ જે, પાશની આવી રીત રહી છે. એક ભગવાનનું જ ધ્યાન રહે, એનું જ નામ કલ્યાણ છે. જે જે બાબતો દેખ્યામાં અને સાંભળવામાં આવે છે

તથા નવા નવા તરેહ તરેહના સુગંધ, રસ અને સ્પર્શાદિક વિષયો; એ કોઈને ક્યારેય ભગવાનથી અધિક ન દેખે, ત્યારે જ તેને યથાર્થરૂપમાં સિદ્ધ કહેવાય. તે સિવાયના જેટલા સિદ્ધ હોય, તે પૂરા સિદ્ધ કહેવાતા નથી. આગળ કહ્યું તે રીતે જ્યારે ભગવાનને જ એક સર્વ શ્રેષ્ઠ માને, ત્યારે તે પૂરો સિદ્ધ કહેવાય છે. ભગવાન સિવાયની બીજી કોઈપણ બાબત અંગે જ્યાં સુધી શોક કરે છે, ત્યાં સુધી તે સિદ્ધ નથી થયો.

ભગવાન જ જ્યારે સર્વ શ્રેષ્ઠ મનાય, ત્યારે તેની સમાધિ સત્ય છે અને તેની જ સિદ્ધદશા સત્ય છે. અને તેણે સર્વે વિઘા ભણી ચૂક્યો અને તેણે બધાં સાધન પણ કરી લીધાં છે. સત્સંગ કરીને એટલું જ કરવાનું છે કે, ક્યારેય સ્વપ્નમાં પણ ભગવાનથી અધિક કોઈ વસ્તુ દેખ્યામાં ન આવે. આવી સ્થિતિ અને સમજણ હોય, તોપણ તે ભક્તને સત્સંગ કરવામાં અધિક અધિક શ્રદ્ધા રહે છે. જ્યારે અધિક અધિક શ્રદ્ધા રાખતો રહે, ત્યારે જ તેણે સત્સંગ પૂરો જાણ્યો કહેવાય. શ્રદ્ધામાં જેટલું મંદપણું હોય, તેટલી સત્સંગ કરવામાં કસર છે. જેની જેવી શ્રદ્ધા હોય છે, તેને તેનું વર્તન જ કહી બતાવે છે.

શ્રીહરિ આવી ઘણી વાતો કહેતા હતા. કારણ કે, તેમને હરિભક્તો ઉપર ખૂબ હેત હતું. શ્રીહરિ પોતે ભગવાન છે. તેમના સમાન બીજું કોઈ નથી. ભગવાન સ્વામિનારાયણના એક રોમને સમાન અક્ષર પર્યંત કોઈ થઈ શકતા નથી, એવા આ પ્રગટ ભગવાન છે. માટે આ ભગવાનને સમાન કોઈ નથી. ભક્તજન જ્યાં સુધી આ ભગવાન સમાન અન્ય કોઈને સમજે છે, ત્યાં સુધી તે સત્સંગની ચોક્કસ રીતને જાણતો નથી. શ્રીહરિ સિવાયના બીજા જે ભગવાનના ભક્ત હોય છે, તે તો કૂવો, સરોવર તથા નદી સમાન છે અને કોઈ સાગર સમાન પણ કહેવાય છે.

તે ચાહે તેવો સાગર હોય તોપણ મહાજળ(એકાર્ણવ)ના સમાન કહેવાતા નથી. ભગવાન તો તે મહાજળના જેવા છે. જે મુક્તો છે તે સાગરના જેવા છે. ચાહે તેવો સાગર હોય, તોપણ તે મહાજળ સમાન થતો નથી. જેને મહાજળ સમાન આ શ્રીહરિનું જ્ઞાન નથી હોતું, તે કૂવા સમાન વ્યક્તિ મહાજળ સમાન કોને જુવે ? અર્થાત્ તે કૂવા જેવો નાનો જીવ શ્રીહરિને ઓળખી શકતો નથી. કેમ જે, જિંદગીભર જેને કૂવાનું જ જ્ઞાન હોય છે, તે બીજા કોઈને કૂવાથી વધારે ક્યારેય માનતા નથી. જેને મહાજળનું, સાગરનું, ગંગાનું અને મોટા સરોવરનું જ્ઞાન થયું હોય છે, તેવા મોટા જ્ઞાનવાળાની આગળ કૂવાના જ્ઞાનવાળો ગમે તેવો હોય; તોપણ લેશમાત્ર ગણતીમાં આવતો નથી. આવી તો અપાર વાતો છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૩૪ થી ૩૭)

## ● શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથ :

### વૃત્તાલયના નવનિર્મિત મંદિર-ભુવનાદિની શોભાનું વર્ણન તથા શ્રીહરિએ કરાવેલ શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવોની મૂર્તિપ્રતિષ્ઠાના મહોત્સવનું વર્ણન :

**श्रीशुकानन्द उवाच - राजन्नथो शुभ्रमहार्हवासाः पौष्पान् दधच्छेखरसारहारान् । आयाद्धरिर्मन्द्रिवीक्षणार्थं सपार्षदश्छत्रसुचामरश्रीः ।।१।। ततो हरिर्मन्दिरपूर्वभागे स गोपुरं वासवचापरम्यम् । ददर्श राजद्बलभीविभासं बृहत्कपाटं रुचिरं त्रिभूमम् ।।२।। ततस्त्रिभिर्भङ्गिविरोचमानैः स गोपुरैर्युक्तमुदैक्षतोच्चैः । सुमण्डपं सुन्दरमन्दिराग्रे मनोहरस्तम्भविचित्रचित्रम् ।।३।। उच्चैरथ प्राङ्मुखमीक्षणीयं तन्मन्दिरं प्रैक्षत भूरिशोभम्। स राजितस्तम्भवितर्दियुक्तं विचित्रराजद्रचनाभिरामम् ।।४।। ऊर्ध्वस्फुरदभास्करबिम्बराजत्तुषारभूभृच्छिखरोपमानैः । सुवर्णभास्वत्कल शावभासैस्त्रिभिः समेतं शिखरैरुदारैः ।।५।। विभान्ति येष्वेव सुधासितेषु चञ्चच्चलच्चारुतरा विचित्राः । ध्वजाः प्रपन्नाः प्रतिबिम्बभावं मत्स्या विलोला इव देवनद्याम् ।।६।। युतं पुरस्ताच्छिखरैश्च षड्भिर्विचित्रवर्णध्वजराजमानैः । श्रीमद्विमानप्रतिमानयोग्यैर्विरोचमानोज्ज्वलचन्द्र शालम् ।।७।। सुवर्णवातायनराजमानं विचित्रसत्तोरणभूरिशोभैः । द्वारैस्त्रिभिश्चारुबृहत्कपाटै राजच्च सोपानपरम्पराभिः ।।८।। अथोत्तरस्यां दिशी दक्षिणस्यां तथा प्रतीच्यां हरिरैक्षतेशः । वेश्मानि देवेश्वरसौधशोभाप्रभाञ्जितुल्यावलिराजितानि ।।९।।**

**गोपानसीचारुवितर्दीचित्रस्तम्भालिशालार्दिविराजितानि । अत्युन्नतान्युत्तमतोरणश्रीद्वारैर्विराजन्ति च जालमुख्यैः ।।१०।। चतुर्षु कोणेषु ततः स तेषां हरिश्चतुर्भूमियुताद्भुतानि । वृत्तानि सौधानि युतान्यपश्यत् सुवर्णभास्वत्कलशाग्रभागैः ।।११।। विभासिनानारचनातिचारुस्तम्भैश्च राजद्बलभीगवाक्षैः । कर्पूरपुञ्जोज्ज्वलचन्द्रशालावितर्दिभुख्यैरतिभास्वराणि ।।१२।। स मन्दिस्याथ ददर्श पश्चात् महासभार्हं विततं चतुष्कम्। दिश्युत्तरस्यां च हरिर्मुनीनां शालां विशालां ललितां लुलोके ।।१३।।**

**तान्यल्पकालेन कृतानि राजन् स मन्दिरादीनि विलोक्य हृष्टः । प्राशंसदेवाखिलशिल्पिनोऽलं तमक्षरानन्दमुनिं च पौरान् ।।१४।। प्रीतोऽथ तस्मै मुनये स्वकण्ठादुत्तार्य हारान् स दिदेश पौष्पान् । वस्त्राणि च स्वोपधृतानि साधून् सन्तोषयामास हि भक्तिकर्तृन् ।।१५।। अनर्घ्यवासांसि हरिस्तदनीं शिल्पिव्रजेभ्यः स ददौ यथार्हम् । प्रासादिकान् स्वस्य तथा पदर्थान् पौरव्रजेभ्यः शुभभक्तिकृद्भ्यः ।।१६।। तन्मन्दिरविधौ यत्नं**

येऽकुर्वंस्तानिति प्रभुः । तोषयित्वा हरिः प्रायात् स्वीयावासं सपार्षदः ।।१७।।

सहस्रशोऽथ शकटैः सिताज्यादीनुपानयत् । स तूर्णं पाकसम्भारान् प्रतिष्ठार्हाश्च संविधाः ।।१८।। पौरान् विप्रांस्तथाऽऽयातान् ग्रामादिभ्यो हरिर्मुद । सहस्रशो हि तत्प्रेष्ठैर्भोज्यैर्नित्यमतर्पयत् ।।१९।।

हरिप्रेक्षोत्कमनसो नरा योषाश्च यूथशः । देशान्तरेभ्य एवायन् द्रष्टुमत्र महोत्सवम् ।।२०।। तद वृत्तालयपुरं भूरिभक्तजनव्रजैः । एतदन्तर्बहिश्चासीत् संकुलं सर्वतो भृशम् ।।२१।।

उदुम्बरपुराद्राजन् वैदिकान् वैष्णवांस्ततः । हरिशर्ममुखान् विप्रान् । दूतैराह्वाययद्धरिः ।।२२।। अत्रायातैस्ततो विप्रैस्तैः प्रतिष्ठाविधौ भृशम्। दक्षैरुक्तान् प्रतिष्ठार्हानुपहारान् स चाऽऽनयत् ।।२३।। ब्राह्मणास्तेऽथ निपुणा रम्यं कुण्डं च मण्डपम् । तथा पीठानि देवानां यथाशास्त्रं व्यधापयन् ।।२४।। तेऽथ कृष्णप्रतिष्ठायै स्वस्तिवाचनपूर्वकम् । विधिं सर्वमहोभ्यां तं श्रीहरिं समचीकरन् ।।२५।। एकादश्यां हरिस्त्वत्र प्रबोधन्यां महोत्सवम् । चकारात्र निजान् भक्तान्सर्वानानन्दयन् भृशम् ।।२६।।

उपचारैस्तत्र चित्रैः सर्वे भक्तजना हरिम् । महार्हवस्त्रभूषाद्यैरुपदाभिस्तमार्च्चयन् ।।२७।। द्वादश्यां स ततो धार्मिः श्रीहरिर्मध्यमन्दिरे । श्रीकृष्णं सह रुक्मिण्या द्वारिकेशमतिष्ठिपत् ।।२८।। अथ श्रीद्वारिकेशस्य लक्ष्मीनारायणस्य सः । शास्त्रोदितेन विधिना चक्रे चारुमहार्च्चनम् ।।२९।।

मन्दिरेऽथोत्तरे रम्ये हरिर्मूर्तिं शुभां निजाम् । श्रीभक्तिधर्ममूर्तिभ्यां युक्तां सम्यगतिष्ठिपत् ।।३०।। स्वीयैकान्तिकभक्तानां श्रेष्ठयोर्भक्तिधर्मयोः। स्वान्तिके स्थापने राजन्नभिप्रायोऽस्त्ययं हरेः ।।३१।। भक्तिधर्माविमौ शुद्धौ तिष्ठतो यत्र मद्गतौ । तत्र तिष्ठाम्यहं दूरे नैताभ्यामस्म्यपि क्षणम् ।।३२।। क्वचित्क्षणमपि ह्येतौ प्राणिक्षेमविधायिनौ । मद्गाढप्रणयौ मत्तो दूरे स्थातुं न शक्नुतः ।।३३।। तस्मान्मदश्रितजनैर्भक्तिर्धर्मयुता न्वहम् । कर्त्तव्याऽहं तया तुष्टो रक्षिष्याम्यन्तिके हि तान् ।।३४।। तोषयिष्यन्ति येऽत्रैतौ सदा निश्छद्मभावतः । तैरहं तोषितश्चान्ये सन्तः सर्वेऽपि तोषिताः ।।३५।। एतद्द्रोहेण मद्द्रोहो भवेदेवं निजाश्रितान् । हरिर्ज्ञापयितुं चक्रे स्थापनं भक्तिधर्मयोः ।।३६।। ततस्तासां स मूर्तीनां तिसृणां श्रीहरिर्मुद । उपचारैर्यथाशास्त्रं पूजनं विदवे वरैः ।।३७।। स ततो राधया सार्धं कृष्णं दक्षिणमन्दिरे । स्वप्रीत्यै च निजां मूर्त्तिं स्थापयित्वाऽऽर्च्चयत् स्वयम् ।।३८।।

सन्निधौ स्थापिता तेन वृन्दवनविहारिणः । हरिकृष्णाभिधा स्वार्चा राजंस्तत्रायमाशयः ।।३९।। हेतोर्नानावताराणां तस्य क्रोडादयोऽभवन्। अवतारा रतिस्तस्य तेषां कृष्णेऽस्ति भूयसी ।।४०।। क्षणमात्रमपि क्वापि कृष्णस्तिष्ठति न ध्रुवम् । तस्माद्दूरे बहुप्रीत्या हरिस्तस्मात्तथैव सः ।।४१।। एवं ज्ञापयितुं भक्तान् वृन्दवनविहारिणा । सार्धं स्वप्रतिमाऽनेन स्थापितेत्यवगम्यताम् ।।४२।।

तदनीं गीतवाद्यानां निर्घोषोऽभून्महत्तरः । वेद्घोषेण विप्राणां स व्यापन्मिश्रितो दिशः ।।४३।। महानीराजनं राजन् कृत्वा मूर्तीर्हि ता हरिः । पश्यन् पृथक् पृथक् तस्थौ स्थिरेक्षाभ्यां घटीद्वयम् ।।४४।। भूरितेजोविलसिता मूर्तीस्तास्तर्हि सर्वशः । वीक्ष्य भक्तजनव्राता विस्मयं लेभिरे भृशम् ।।४५।। हुत्वाऽथ पूर्णाहुतिमादरेण ऋत्विग्व्रजेभ्यो बहुदक्षिणां सः । हरिर्ददौ चान्यधरामरेभ्यो मुदैव धर्मावनभूरिशक्तिः ।।४६।।

अवज्ञया नैक्षत सोऽर्थिनं मुहुर्न याचितः कालविलम्बनं व्यधात् । ददौ न चाल्पं न तथा व्यकत्थयन्न दत्तमिष्टं क्वचिदन्वशेत वा ।।४७।। गुणैर्विहीनोऽपि तदा पुरो हरेर्बभूव नार्थी विमुखोऽधिदित्सतः । शुचिव्यपाये सलिलानि वर्षतः पयोमुचः किं परिहेयमूषरम् ।।४८।।

गुणेष्वतिप्रेम हरेर्न नाभवत् स सद्गुणान् वेत्ति तथापि न स्म न । गुणी गुणैर्हीन इति प्रदित्सया तदऽर्थिनं नैव हृदि व्यजीगणत् ।।४९।। तदा स्वमाप्तं द्रविणादिकाम्यया प्रभुर्विलोक्यार्थिजनव्रजं हरिः । विनापि तत्प्रार्थितमाह सादरं प्रदीयतामित्यमृतोपमं वचः ।।५०।।

धनेष्सुरप्राप्तधनस्तदा जनो न दुःखितः प्रत्यगमत् सहाऽऽपदा । उपागतश्चाभ्यवहारवाञ्छया न वै जनो भोजनवर्जितः क्वचित् ।।५१।। स्वमीयुषो निश्चययुक्तचेतसः पराङ्मुखस्त्वत्र न सोऽर्थिनोऽभवत् । हरिस्तदनीमविकारमानसो महाऽऽहवे शूर इवारिवर्गतः ।।५२।।

एवमत्र धनवर्षिणि प्रभौ श्रीहरौ बहुतरद्विजन्मनाम् । दुर्विधत्वमगमद्विनाशतां भूरिकष्टमिव लब्धबोधतः ।।५३।। तस्य चेत्यतुलितामुदारतां वीक्ष्य विस्मयमगुर्जनव्रजाः । यां निशम्य नृपते महीतले चित्रमापुरपि सर्वपार्थिवाः ।।५४।। कल्याणाय शरीरिणां करुणया पुण्यार्णवः पूर्णया सर्वज्ञोऽखिलसद्गुणः स सहजानन्दो हरिर्भूपते । कृत्वेत्थं समहोत्सवं शुभतरं सर्वं प्रतिष्ठाविधिं पीठं तुङ्गमुपेत्य संसदि निजं प्रीत्याऽऽरुरोह द्रुतम् ।।५५।।

શ્રીશુકાનંદ મુનિ કહે છે :- હે રાજન્ ! મહામૂલ્ય શ્વેત વસ્ત્રો, પુષ્પોના તોરા તથા ઉત્તમ હાર ધારણ કરેલા, છત્ર તથા બે સુંદર ચામરોની શોભાવાળા શ્રીહરિ, પોતાના પાર્ષદો સહિત મંદિર જોવા માટે પધાર્યા. (૧) મંદિરના પૂર્વ ભાગમાં ઈન્દ્રધનુષ્ય સમાન મનોહર, સુશોભિત વલભી (ભારવટિયાં)ઓથી દેદીપ્યમાન, અતિ વિશાળ કમાડોથી યુક્ત, ત્રણ માળનો સુંદર ગોપુર (દરવાજો) શ્રીહરિ જોતા હતા. (૨) પગથિયાંની રચનાથી વિશેષ શોભાયમાન, પૂર્વ-ઉત્તર અને દક્ષિણ એ ત્રણે દિશામાં ત્રણ ઊંચા અને વિશાળ મનોહર દરવાજાઓથી યુક્ત, વિવિધ પ્રકારનાં ચિત્રોથી અંકિત મનોહર સ્તંભો યુક્ત, ત્રણ શિખરો યુક્ત ત્રણે મંદિરના આગળના

ભાગનો સુંદર મંડપ શ્રીહરિ ઊંચી દૃષ્ટિ કરીને જોતા હતા. (૩) પૂર્વદિશા તરફ જેનું મુખ છે એવું, દર્શનીય, અત્યંત શોભાયુક્ત, શોભાયમાન સ્તંભો તથા રૂપ ચોકીઓથી યુક્ત, વિવિધ પ્રકારની મનોહર રચનાથી અભિરામ તે ઊંચું મંદિર શ્રીહરિ જોતા હતા. (૪) ઉપરના ભાગે સૂર્યનારાયણનાં કિરણોથી ચળકતાં, શોભાયમાન, હિમાચલ પર્વતના શિખરોની ઉપમાવાળા, સુવર્ણના ચળકતા કળશોથી પ્રકાશતાં અતિમોટાં ત્રણ શિખરોથી યુક્ત તે મંદિર શ્રીહરિ જોતા હતા. (૫) ચંદ્ર સમાન શ્વેત શિખરો પર ફરફરતી અતિસુંદર ધજાઓ પ્રતિબિંબ રૂપે જાણે ગંગાના નીરમાં ચંચળ ગતિથી હાલતા માછલાંઓ હોય તેની જેમ શોભતી હતી. (૬) લાલ, પીળા, શ્વેત વગેરે વિચિત્ર વર્ણ વાળી ધજાઓથી શોભાયમાન-દેદીપ્યમાન વિમાનોની ઉપમા આપવા યોગ્ય છ શિખરોથી યુક્ત, મનોહર-ઉજ્જ્વળ અટારીવાળું; (૭) સુવર્ણના જાળિયાથી શોભાયમાન, વિચિત્ર તોરણોથી અત્યંત શોભતા-સુંદર-અતિ વિશાળ દ્વારો જેમાં છે એવા ત્રણ દરવાજા તથા અનેકાનેક પગથિયાંથી શોભતું; (૮) મંદિરની ઉત્તર-દક્ષિણ તથા પશ્ચિમ દિશામાં ઈન્દ્રના મહેલની સમાન અત્યંત શોભા જેમાં છે એવી, સમાન પંક્તિઓથી શોભાયમાન હવેલીઓ શ્રીહરિ જોતા હતા. (૯)

તે હવેલીઓ; વલભી (ભારવટિયાં)ઓ, સુંદર વેદિકાઓ, ચિત્ર વિચિત્ર કુંભીઓ, અટારીઓ, વગેરેથી શોભાયમાન, અતિઊંચા ઉત્તમ તોરણોથી શોભતા દ્વારો તથા જાળિયા વગેરેથી શોભાયમાન હતી. (૧૦) પછી તેના ચાર ખૂણામાં આશ્ચર્યકારી સુવર્ણના ચળકતા કળશોના અગ્ર ભાગોથી યુક્ત જે ચાર માળના ભુવનો તેને શ્રીહરિ જોતા હતા. (૧૧) તે ભુવનો દેદીપ્યમાન, વિવિધ પ્રકારની રચનાવાળા અતિ સુંદર સ્તંભો તથા સુંદર વલભીઓ, જાળિયા, કપૂરના પુંજ સમાન ઉજ્જ્વળ અટારીઓ, ઓટલીઓ વગેરેથી અતિશોભતા હતા તેને શ્રીહરિએ જોયા. (૧૨) પછી મંદિરની પાછળ મહાસભાને યોગ્ય વિશાળ ચોક શ્રીહરિએ જોયો તથા મંદિરની ઉત્તર દિશામાં અતિ સુંદર અને મોટી, મુનિઓ માટેની ધર્મશાળા જોઈ. (૧૩)

મંદિર, હવેલીઓ, ધર્મશાળા, વગેરે થોડા સમયમાં તૈયાર થયેલા જોઈને શ્રીહરિએ પ્રસન્ન થઈને પુરુષોત્તમ વગેરે શિલ્પીઓની પ્રશંસા કરી. વળી અક્ષરાનંદમુનિ તથા પુરના નિવાસી જનોની પણ અતિશય પ્રશંસા કરી. (૧૪) પ્રસન્ન થયેલા શ્રીહરિએ અક્ષરાનંદ મુનિને પોતાના કંઠમાંથી પુષ્પના હાર ઉતારીને આપ્યા. પોતે ધારણ કરેલાં વસ્ત્રો પણ તે મુનિને આપ્યાં. એવી રીતે શ્રીહરિની ભક્તિથી યુક્ત બીજા સાધુઓને પણ શ્રીહરિએ પોતાની પ્રસાદીના હાર આપ્યા. તેમજ તેમને ભેટીને તેમને પ્રસન્ન કર્યા. (૧૫)

તે સમયે શ્રીહરિએ શિલ્પીઓને પણ અમૂલ્ય વસ્ત્રો યથાયોગ્ય આપ્યાં. પુરના ભક્ત સમૂહને પણ પોતાની પ્રસાદીના પદાર્થો આપ્યા. (૧૬) જે જનોએ મંદિર કરવામાં મહેનત કરી હતી તેમને શ્રીહરિએ આ પ્રમાણે સંતોષ પમાડ્યો. પછી પોતાના પાર્ષદોની સાથે પોતાના નિવાસસ્થાનભૂત વાસણ સુથારને ઘેર શ્રીહરિ પધાર્યા. (૧૭)

શ્રીહરિ તે સમયે હજારો ગાડાં ભરીને સાકર, ઘી વગેરે રસોઈની સામગ્રીઓ મંગાવતા હતા. વળી પ્રતિષ્ઠામાં જરૂરી પૂજાની સામગ્રી પણ મંગાવતા હતા. (૧૮) પુરના નિવાસી વનમાળી તથા દયાળ વગેરે બ્રાહ્મણોને તેમજ અન્ય ગામોમાંથી આવેલા હજારો બ્રાહ્મણોને તેમને પ્રિય એવા ભોજનોથી શ્રીહરિ હંમેશાં તૃપ્ત કરતા હતા. (૧૯)

શ્રીહરિના દર્શન કરવામાં જેમને અત્યંત ઉત્સાહ છે એવા સ્ત્રી-પુરુષો ટોળે ટોળાં મળીને આ મહોત્સવ જોવા માટે દેશાંતરથી વૃત્તાલયપુરમાં આવ્યા હતા. (૨૦) તે સમયે ભક્તજનોના સમૂહોથી વૃત્તાલયપુરની અંદર અને બહાર ચારેય તરફ અત્યંત ભીડ થઈ. (૨૧)

પછી શ્રીહરિએ ઉમરેઠ પુરથી હરિશર્મા, પુરુષોત્તમ, કૃપારામ, કુબેરદત્ત, ભવાનીશંકર વગેરે વૈષ્ણવ વૈદિક વિપ્રોને દૂતો મોકલીને બોલાવ્યા. (૨૨) અહીં આવેલા પ્રતિષ્ઠાવિધિમાં નિપુણ તે બ્રાહ્મણોની સૂચના પ્રમાણે પ્રતિષ્ઠાને યોગ્ય ઉપહારો પુષ્કળ પ્રમાણમાં શ્રીહરિએ મંગાવ્યા. (૨૩) તે નિપુણ બ્રાહ્મણો સુંદર કુંડ તથા મંડપ તેમજ દેવોનાં સ્થાન શાસ્ત્ર પ્રમાણે કરાવતા હતા. (૨૪) તે બ્રાહ્મણોએ સ્વસ્તિવાચનપૂર્વક શ્રીકૃષ્ણની પ્રતિષ્ઠાની સર્વ વિધિ શ્રીહરિની પાસે બે દિવસ સુધી કરાવી. (૨૫) વૃત્તાલયપુરમાં શ્રીહરિએ પ્રબોધિની એકાદશીને દિવસે પોતાના સર્વ ભક્તોને અત્યંત આનંદ પમાડતાં સુંદર મહોત્સવ કર્યો. (૨૬)

આ ઉત્સવ ઉપર આવેલા સર્વ ભક્તજનોએ ચંદન, પુષ્પ, મહામૂલ્ય વસ્ત્રો, આભૂષણો વગેરે વિવિધ પ્રકારના ઉપચારોથી તથા ભેટોથી શ્રીહરિની પૂજા કરી. (૨૭) પછી ધર્મપુત્ર શ્રીહરિએ કાર્તિક સુદી બારસની તિથિએ મધ્ય મંદિરમાં રુકિમણીરૂપ લક્ષ્મીજીની સાથે દ્વારિકેશ શ્રીકૃષ્ણ અર્થાત્ નારાયણની સ્થાપના કરી. (૨૮) શ્રીદ્વારિકેશ શ્રીકૃષ્ણાત્મક લક્ષ્મીનારાયણનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સુંદર મહાપૂજન શ્રીહરિએ કર્યું. (૨૯)

પછી તે મનોહર મંદિરના ઉત્તર ખંડમાં ભક્તિમાતા તથા ધર્મપિતાની સુંદર મૂર્તિઓ સહિત પોતાની મૂર્તિની શ્રીહરિએ પ્રતિષ્ઠા કરી. (૩૦) પોતાના સર્વ એકાંતિક ભક્તોમાં શ્રેષ્ઠ ભક્તિ-ધર્મની મૂર્તિઓની સાથે, પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં શ્રીહરિનો આ

અભિપ્રાય છે : (૩૧) મારે વિષે જ જેમને ગાઢ અનુરાગ છે તે આ ભક્તિ-ધર્મ જ્યાં રહે છે ત્યાંજ હું રહું છું. એ બન્નેથી દૂર ક્ષણવાર પણ હું રહેતો નથી. (૩૨) મનુષ્યોને સુખ કરનારા, મારે વિષે ગાઢ પ્રીતિવાળા આ ભક્તિ તથા ધર્મ પણ એક ક્ષણ પણ મારા સ્વરૂપ થી ક્યારેય દૂર રહેતા નથી. (૩૩) માટે મારા આશ્રિત જનોએ સ્નેહપૂર્વક મારે વિષે નવધા ભક્તિ હંમેશાં ધર્મસહિત જ કરવી એ પ્રકારની ભક્તિથી જ હું પ્રસન્ન થાઉં છું. અને ધર્મસહિત ભક્તિ કરતા ભક્તોને હું મારી સમીપે જ રાખીશ. (૩૪) અહીં જે જનો ભક્તિ તથા ધર્મને હંમેશાં નિષ્કપટ ભાવથી પ્રસન્ન કરશે તે ભક્તજનો ઉપર જ હું પ્રસન્ન થઈશ. વળી આ સર્વ સંતો પણ તેવા ભક્તો ઉપર જ પ્રસન્ન થશે તેમ જાણવું. (૩૫) ધર્મરહિત ભક્તિ અને ભક્તિરહિત ધર્મનું આચરણ કરવાથી ધર્મ અને ભક્તિનો અનાદર થાય છે અને તેથી મારો દ્રોહ થાય છે. પોતાના ભક્તજનોને આ પ્રકારનો પોતાનો અભિપ્રાય જણાવવા માટે શ્રીહરિએ ભક્તિ તથા ધર્મનું સ્થાપન પોતાની મૂર્તિની સાથે કર્યું. (૩૬) પછી શ્રીહરિએ હર્ષપૂર્વક તે ત્રણે મૂર્તિઓનું શ્રેષ્ઠ ઉપચારોથી શાસ્ત્રની વિધિ પ્રમાણે પૂજન કર્યું. (૩૭) તે મંદિરના દક્ષિણ ખંડમાં રાધાની સાથે કૃષ્ણ તથા પોતાની મૂર્તિ પોતાના એકાંતિક ભક્તોની પ્રસન્નતા માટે સ્થાપન કરીને પોતે તે મૂર્તિઓની પૂજા કરી. (૩૮)

શ્રીહરિએ વૃંદાવન વિહારીને સમીપે પોતાની મૂર્તિ હરિકૃષ્ણ નામ યુક્ત સ્થાપી તેમાં શ્રીહરિનો આ હેતુ હતો : (૩૯) સર્વ અવતારોના કારણ શ્રીહરિના વારાહાદિક અનેક અવતારો થયા. તે સર્વ અવતારોમાં શ્રીહરિને શ્રીકૃષ્ણમાં અત્યંત પ્રીતિ છે. (૪૦) તેથી તે શ્રીકૃષ્ણ, સ્વયં વાસુદેવ શ્રીહરિથી ક્ષણમાત્ર પણ દૂર રહેતા નથી. તેવી રીતે શ્રીહરિ પણ શ્રીકૃષ્ણથી ક્ષણમાત્ર ક્યારેય દૂર થતા નથી. (૪૧) આવી રીતે ભક્તોને જણાવવા માટે શ્રીહરિએ વૃંદાવન વિહારીની મૂર્તિ સાથે પોતાની મૂર્તિ સ્થાપન કરી છે. (૪૨)

તે સમયે ગીતો તથા વાદ્યોનો મહાન ઘોષ થયો. વિપ્રોએ કરેલા વેદગાનના ઘોષ સાથે તે મિશ્ર થઈ સર્વ દિશાઓમાં વ્યાપી ગયો. (૪૩) પછી શ્રીહરિ મહા નીરાજન કરી તે દરેક મૂર્તિ સન્મુખ સ્થિર નેત્રોથી દૃષ્ટિ કરી બે ઘડી પર્યંત ઊભા રહ્યા. (૪૪) તે સમયે અત્યંત તેજથી શોભાયમાન તે સર્વ મૂર્તિઓને જોઈને ભક્તજનસમૂહો અત્યંત વિસ્મય પામ્યા. (૪૫) પછી ધર્મરક્ષણ માટે વિપુલ શક્તિધારી શ્રીહરિએ આદરપૂર્વક યજ્ઞકુંડમાં પૂર્ણ આહુતિ હોમી ઋત્વિક બ્રાહ્મણો તથા અન્ય બ્રાહ્મણોને હર્ષપૂર્વક ઘણી દક્ષિણા આપી. (૪૬)

શ્રીહરિ યાચકોની કદી ઉપેક્ષા કરતા ન હતા. આવતી કાલે આપીશું એવો વિલંબ પણ કરતા ન હતા. થોડું પણ નહોતા આપતા. યાચકની ઈચ્છા પ્રમાણે જ આપતા હતા. પોતાની શ્લાઘા કરાવતા ન હતા. કોઈ વખત પોતાની પ્રિય વસ્તુ પણ આપી દેતા અને તેનો રંજ કદી કરતા ન હતા. (૪૭) તે સમયે યાચકે સંકલ્પ કરેલી દક્ષિણાથી પણ તેને અધિક દક્ષિણા આપવાની ઈચ્છાવાળા શ્રીહરિની પાસેથી, તપ, વિદ્યા, વગેરે ગુણોથી જે રહિત હતા તેવા યાચકો પણ દક્ષિણા વિના પાછા ગયા ન હતા. એટલું જ નહિ પરંતુ પૂર્ણકામ થઈને ગયા હતા. ગ્રીષ્મઋતુના અંતે જળ વર્ષાવતો મેઘ ક્ષારભૂમિ ઉપર શું નથી વરસતો ? અર્થાત્ ત્યાં પણ વરસે છે. (૪૮)

શ્રીહરિને વિદ્યા વગેરે ગુણોમાં ગાઢ અનુરાગ ન હતો એમ નહિ. તેમને તે ગુણોમાં પ્રેમ હતો. શ્રીહરિ સદ્‌ગુણોને જાણતા નહોતા એમ પણ નહિ, જાણતા જ હતા. છતાં પણ સર્વને દાન આપવાની તેમને ઈચ્છા હોવાથી તે સમયે આ ગુણી છે કે, આ ગુણોથી રહિત છે એમ વિચાર કરતા નહોતા. (૪૯) તે સમયે પ્રભુ શ્રીહરિ દ્રવ્યાદિની પ્રાપ્તિ માટે પોતાની પાસે આવેલા અર્થીજનોને જોઈ તેમને યાચવા માટે પ્રાર્થના કરવાનો અવકાશ આપ્યા વિના ''આદરપૂર્વક આપો'' એમ અમૃત સરખું વચન કહેતા હતા. (૫૦)

તે સમયે દક્ષિણા લેવાની ઈચ્છાવાળો કોઈપણ ત્યાં આવીને દક્ષિણા વિના પાછો જતો નહોતો. દુઃખી મનુષ્ય તે દુઃખ લઈને પ ાછો જતો ન હતો. પરંતુ દુઃખ રહિત થઈને જ જતો હતો. રોગી રોગ સહિત પાછો જતો ન હતો પરંતુ રોગથી મુક્ત થઈને જતો હતો. જે જે કામનાથી લોકો ત્યાં આવતા તેઓ સર્વે પૂર્ણકામ થઈને પાછા જતા હતા. (૫૧) તે સમયે નિર્વિકાર મનવાળા શ્રીહરિની સમીપે જે જે કોઈ દક્ષિણા લેવા માટે નિશ્ચય કરીને આવતા તેમને સર્વને ખાતરી હતી કે મને મારી ઈચ્છિત દક્ષિણા જરૂર મળશે જ. એવા નિશ્ચયયુક્ત તે અર્થાર્થીઓ જેમ મહાસંગ્રામમાં શૂરવીરો શત્રુથી બહિર્મુખ થતા નથી તેમ આ મૂર્તિ પ્રતિષ્ઠા સમયે તેઓ પણ નિરાશ થયા નહિ. (૫૨)

આવી રીતે વૃત્તાલયમાં શ્રીલક્ષ્મીનારાયણની પ્રતિષ્ઠા ઉત્સવમાં પરમેશ્વર શ્રીહરિરૂપી મેઘની વર્ષાથી બ્રાહ્મણોનું દારિદ્ર્ય, જેમ પ્રાપ્ત થયેલા જ્ઞાનથી મહાકષ્ટ નાશ પામે છે, તેમ વિનાશ પામ્યું. (૫૩) શ્રીહરિનું આવું અનુપમ ઔદાર્ય જોઈને જનસમૂહ અતિ આશ્ચર્ય પામ્યો. પૃથ્વી ઉપર સર્વ રાજાઓ પણ શ્રીહરિની ઉદારતા સાંભળીને આશ્ચર્ય પામ્યા ! (૫૪)

પુણ્યસાગર , સર્વજ્ઞ, અખિલ સદ્‌ગુણના ભંડારરૂપ સહજાનંદ શ્રીહરિ અત્યંત કરુણાપૂર્વક મનુષ્યોના કલ્યાણ માટે અત્યુત્તમ મહોત્સવ યુક્ત પ્રતિષ્ઠાવિધિ, આ પ્રકારે કરીને સભામાં આવીને પોતાના ઊંચા સિંહાસન ઉપર પ્રીતિપૂર્વક તત્કાળ બિરાજમાન થયા. (૫૫)

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૧૭)

## શ્રીહરિએ કહેલ શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવોનું પરમ પાવન-કલ્યાણકારી માહાત્મ્યનું વર્ણન :

**શ્રીશુકાનન્દ ઉવાચ - અથોર્ધ્વૈકકરો રાજન્ ભક્તાનિત્યુક્તવાન્ હરિઃ । યૂયં શૃણુત મે વાક્યં નિખિલાઃ સાદરં હિતમ્ ।।૧।। લક્ષ્મીનારાયણઃ સાક્ષાન્મધ્યમે મન્દિરે મયા । સ્થાપિતોઽયં હિ વિત્તૈવં સ્વયં શ્રીદ્વારિકેશ્વરઃ ।।૨।। દક્ષિણે મન્દિરે સાર્દ્ધં શ્રીકૃષ્ણો રાધયા જનાઃ । વૃન્દવનવિહારીત્થં જાનીત સ્થાપિતોઽસ્ત્યસૌ ।।૩।। શ્રીકૃષ્ણસ્યાસ્ય નિકટે સેવિતસ્યૈવ રાધયા । પ્રીત્યૈ મદીયભક્તાનાં સ્થાપિતા પ્રતિમાઽસ્તિ મે ।।૪।। મન્દિરેઽસ્ત્યુતરે રમ્યે મૂર્તિરેષા મમેતરા । સાર્દ્ધં શ્રીભક્તિધર્માભ્યાં સ્થાપિતા સ્વીયતુષ્ટયે ।।૫।। એતયોઃ સત્પ્રતિમયોર્ભેદો મે ન ચ વિદ્યતે । સ્થિતોઽસ્મ્યહં હિ સતતં મન્મૂર્ત્યોરેતયોર્જનાઃ ।।૬।।**

**એતદ્દ્વારા પ્રદાસ્યેઽહં મત્પ્રેક્ષામત્ર નિશ્ચિતમ્ । મદૈકાન્તિકભક્તેભ્યો જાનીતૈવં મદશ્રિતાઃ ।।૭।। એતન્મૂર્તીક્ષણેનૈવ મત્પ્રેક્ષાસદૃશં ફલમ્ । ભવિષ્યત્યેતદર્ચાદેર્મત્પૂજાદેર્યથા ચ યત્ ।।૮।।। લક્ષ્મીનારાયણાદ્દીનામેતાસાં યેઽત્ર વીક્ષણમ્ । વિધાસ્યન્તિ જના નિત્યં મુક્તિમેષ્યન્તિ તે ભવાત્ ।।૯।। પૌર્ણમાસીષુ સર્વાસુ પુરગ્રામાન્તરાદ્દિપ । અત્રૈત્યાસાં તુ યે ભક્ત્યા વિધાસ્યન્ત્યેવ દર્શનમ્ ।।૧૦।। સર્વે મનોરથા નૂનં તેષાં સેત્સ્યન્તિ સત્વરમ્ । યાસ્યન્ત્યાસાં પ્રસાદત્તે ભુક્તિં મુક્તિં ચ વાઞ્છિતામ્ ।।૧૧।। કૃષ્ણસ્યાગ્રેઽસ્ય યે પ્રીત્યા જપં હોમં ચ દેહિનઃ । કરિષ્યન્તિ પુરશ્ચર્યાં તે યાસ્યન્તીપ્સિતં ફલમ્ ।।૧૨।। યસ્તુ શ્રીદ્વારિકાધીશો લક્ષ્મીનારાયણો હિ સઃ । ભેદો જ્ઞેયો ન ચાત્રૈતત્ સત્યમેવાસ્તિ મે વચઃ ।।૧૩।। અત્રાપિ સંશયો ભક્તા યદિ સ્યાત્તં તદ સ્વયમ્ । અલ્પકાલેન ભગવાન્નાશયિષ્યત્યયં ધ્રુવમ્ ।।૧૪।।**

**ઇત્યુદીર્ય હરિર્વાક્યં તૂષ્ણીમાસીન્મહીપતે । તં નત્વા જગૃહુર્વાક્યં શિરોભિસ્તસ્ય તેઽખિલાઃ ।।૧૫।। અભોજયદ્ધરિર્વિપ્રાન્ પૂર્ણિમાવધિ લક્ષશઃ । પ્રચુરૌદર્યજલધિસ્તેભ્યોઽદા ભૂરિદક્ષિણાઃ ।।૧૬।।**

**પ્રત્યહં સાધુશાલાયાં પરિવેષ્ય સ્વયં હરિઃ । મુહુર્નાનાવિધૈર્ભોજ્યૈર્મુન્યાદીન્ સમતર્પયત્ ।।૧૭।। અથાહૂયાક્ષરાનન્દ્ં મુનિં સ્વાજ્ઞાનુવર્તિનમ્ । શ્રીહરિર્વાચમિત્યૂચે મન્દ્હાસોલ્લસન્મુખઃ ।।૧૮।। ઉદગ્દિશિ પુરાદસ્માન્નિવાસો યત્ર મે મુહુઃ । આસીત્ સ્થલે મુને તસ્ય સમીપે ચાસ્તિ પલ્વલમ્ ।।૧૯।। એતત્ત્વયા દ્રુતં કાર્યં ખનયિત્વૈવ વિસ્તૃતમ્ । ઇત્યુક્તઃ સ તથેત્યુક્ત્વા તદ્વાક્યં શિરસાઽગ્રહીત્ ।।૨૦।।**

**કૃષ્ણસેવોત્સવાદીનાં વ્યવસ્થાં સર્વથા તતઃ । ચક્રે પ્રતિપદિ હરિર્યથાશાસ્ત્રં સ સર્વવિત્ ।।૨૧।। તતો યિયાસુર્હરિરેવ રાજન્ મુનિપ્રમુખ્યાન્ સ નિજાનશેષાન્ । દ્રુતં સ્ત સજ્જા ઇતિ યાતુમીશો વ્યજિજ્ઞપચ્ચાશુ બભૂવ સજ્જઃ ।।૨૨।।**

પછી જેમનો એક હાથ ઊંચો છે એવા શ્રીહરિએ ભક્તોને કહ્યું : તમો સર્વ આદરપૂર્વક મારું હિતકારી વચન સાંભળો. (૧) 'હે ભક્તો ! મેં મધ્ય મંદિરમાં આ સ્વયં શ્રીદ્વારિકેશ-લક્ષ્મીનારાયણની સ્થાપના કરી છે એમ તમો નિશ્ચય પૂર્વક જાણો. (૨)

હે જનો ! લક્ષ્મીનારાયણના મંદિરની દક્ષિણ દિશાના ખંડમાં રાધાસહિત શ્રીકૃષ્ણની મૂર્તિની સ્થાપના કરી છે. તે વૃંદાવન વિહારી નામથી પ્રસિદ્ધ થશે એમ જાણો. (૩) રાધા જેમની સેવામાં સદા છે એવા શ્રીકૃષ્ણની સમીપે મારા એકાંતિક ભક્તોની પ્રીતિ માટે મારી પ્રતિમાની પણ મેં સ્થાપના કરી છે. (૪) મનોહર લક્ષ્મીનારાયણ મંદિરની ઉત્તર દિશાના ખંડમાં પણ મારી બીજી મૂર્તિ મારા ભક્તજનોની પ્રસન્નતા માટે ભક્તિધર્મની સાથે મેં સ્થાપી છે. (૫) શ્રીકૃષ્ણ તથા ધર્મદેવની સમીપે રહેલી મારી બન્ને સુંદર પ્રતિમાઓમાં ભેદ નથી. હે જનો ! એ મારી બન્ને મૂર્તિઓમાં હું નિરંતર રહેલો છું. (૬)

હું અહીં આ મૂર્તિઓ દ્વારા મારા એકાંતિક ભક્તોને દર્શન આપીશ. હે મારા આશ્રિતો ! તમો તે નક્કી જાણો. (૭) એ બન્ને મૂર્તિઓના દર્શનથી જ મારા પ્રત્યક્ષ દર્શન સમાન ફળ થશે. મારા પ્રત્યક્ષ પૂજન આદિથી જેવું ફળ મળે છે તેવું જ ફળ મારી આ ઉત્તમ મૂર્તિઓના પૂજન વગેરેથી થશે. (૮) આ શ્રીલક્ષ્મીનારાયણાદિ મૂર્તિઓના નિત્ય દર્શન અહીં જે જનો કરશે તે જનો સંસારમાંથી મુક્તિ પામશે. (૯) જે જનો દરેક પૂર્ણિમાએ શહેર તથા ગામોમાંથી અહીં આવીને આ મૂર્તિઓના દર્શન કરશે; (૧૦) તેમના સર્વ મનોરથો જરૂર સિદ્ધ થશે. તે ભક્તજનો આ મૂર્તિઓના અનુગ્રહથી પોતે ઈચ્છેલી ભુક્તિ તથા મુક્તિ બન્ને પામશે. (૧૧) આ શ્રીકૃષ્ણની આગળ જે મનુષ્યો પ્રીતિપૂર્વક જપ, હોમ, ભાગવત વગેરે શાસ્ત્રોનું પુરશ્ચરણ કરશે, તે ભક્તજનો પોતાનું ઈચ્છિત ફળ પામશે. (૧૨) આ લક્ષ્મીનારાયણ તેજ દ્વારિકાધીશ છે તેમાં ભેદ નથી. મારું આ વચન સત્ય જ માનો. (૧૩) અહીં આ બાબત પણ ''લક્ષ્મીનારાયણ એજ દ્વારિકેશ છે,'' એમાં સંશય જો હોય તો તે સંશયનો આ સ્વયં ભગવાન થોડા સમયમાં જરૂર નાશ કરશે.' (૧૪)

આ પ્રમાણે કહીને શ્રીહરિ મૌન રહ્યા. શ્રીહરિના આ વચન સાંભળનારા સર્વ ભક્તોએ શ્રીહરિને નમસ્કાર કરીને તેમનું વચન મસ્તક ઉપર ચઢાવ્યું. (૧૫) અતિશય ઔદાર્યના સમુદ્ર શ્રીહરિએ પૂર્ણિમા સુધી લાખો બ્રાહ્મણોને જમાડ્યા. વળી તે બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણાઓ પણ આપી. (૧૬)

સ્વયં શ્રીહરિએ સાધુની ધર્મશાળામાં દરરોજ મુનિઓને વારંવાર પીરસીને વિવિધ પ્રકારનાં ભોજનોથી તેમને તૃપ્ત કર્યા. (૧૭)

પછી આજ્ઞાપાલક અક્ષરાનંદ મુનિને બોલાવીને શ્રીહરિ મંદ હાસ્યપૂર્વક તેમને કહેવા લાગ્યા. (૧૮) હે મુને ! લક્ષ્મીનારાયણના આ મંદિરથી લઈને આ નગરની ઉત્તર દિશામાં જે સ્થાનમાં હું વારંવાર વસતો હતો તે સ્થળની સમીપે એક તળાવ છે. (૧૯) એ તળાવ તમારે ખોદાવીને મોટું કરવું. આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી અક્ષરાનંદ મુનિએ 'જેમ આપ કહો છો તેમ કરીશ' એમ કહીને શ્રીહરિનું વચન માથે ચડાવ્યું. (૨૦)

પછી સર્વવિત્ શ્રીહરિએ શ્રીકૃષ્ણની સેવા-ઉત્સવ વગેરેની સર્વ વ્યવસ્થા; પડવાને દિવસે શાસ્ત્રવિધિ પ્રમાણે કરી. (૨૧) પછી વૃત્તાલયપુરથી ગઢપુર જવા ઈચ્છતા શ્રીહરિએ પોતાના તમામ મુનિઓ વગેરેને ગઢપુર જવા માટે ''તત્કાળ તૈયાર થાઓ'' એવી આજ્ઞા કરી, તેમજ પોતે પણ તત્કાળ તૈયાર થયા. (૨૨)

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૧૮)

## • શ્રી ભક્ત ચિંતામણિ ગ્રંથ :

પછી ત્યાંથી ચાલ્યા સંઘ સાથ, આવ્યા સુંદરિયાણે શ્રીનાથ; જમી જન જીવન સધાવ્યા, જઈ વાગડ અણિયાળી આવ્યા...૦૨
રહે જસકે રોજકે જન, દિધાં દયાળે તેને દર્શન; પછી રહ્યા કમિયાળે નાથ, જાણી જખમ જનનો હાથ...૦૩
જમી બોરુ રહ્યા ગલિયાણે, આવ્યા વરતાલમાં સંધ્યા ટાણે; દીધાં દાસને દર્શન દાન, નીરખ્યા જને ભાવે ભગવાન...૦૪
પછી જન બોલ્યા જોડી હાથ, ભલે આવ્યા અનાથના નાથ; બહુ દિનના હતા પિયાસી, દીધાં દર્શન આજ અવિનાશી...૦૫
એમ કહી બેઠા સનમુખ, નાથ નીરખી નિગમ્યાં દુઃખ; જને રસોઈ કરાવી ભલી, જમ્યા તેમાંથી નાથ રોટલી...૦૬
પાસે હતા મુનિ બે મરાળ, આપ્યો અલબેલે તેને થાળ; પછી પોઢિયા પ્રાણજીવન, જાગ્યા બ્રાહ્મ મુર્હૂતે ભગવન...૦૭
કરી દાતણ ને સ્નાન કીધાં, પછી દાસને દર્શન દીધાં; પછી શ્રીનારાયણની મૂર્તિ, જોઈ વખાણી છે વળી અતિ...૦૮
પછી વડોદરા થકી જન, આવ્યાં હતાં કરવા દર્શન; તેના સંઘમાં જઈને શ્યામ, દઈ દર્શન ને પૂરી હામ...૦૯
પછી જને કરાવ્યા'તા થાળ, જમ્યા દયા કરીને દયાળ; પછી શાલ દુશાલ અંગરખી, હાથે પહેરાવ્યાં હરિને હરખી...૧૦
ધૂપ દીપ ઉતારી આરતી, પછી કર જોડી કરી વિનતિ; ભલે પ્રકટ્યા પ્રાણઆધાર, અમ જેવાનો કરવા ઉધાર...૧૧
આજે સુફળ થયો જનમ, મળ્યા પ્રકટ પુરુષોત્તમ; હવે છીએ તમારાં હો નાથ, કુળ કુટુંબ અમે સહુ સાથ...૧૨
પછી નાથ કહે નિર્ભય રહીએ, છો અમારાં ઝાઝું શું કહીએ; કહી એટલું ચાલિયા નાથ, ગયા ચોતરે સહુ જન સાથ...૧૩
તિયાં કર્યા ઉત્તર પ્રશન, સુણી સહુ જન થયા મગન; એવી વાત કરી અવિનાશે, સુણિ અતિ હેતે કરી દાસે...૧૪
એવી વાત થાય નિત્ય નિત્ય, સાંભળે જન દઈ મનચિત્ત; સારા સુંદર વરસમાંય, કાર્તિક સુદી દ્વાદશી કહેવાય...૧૫
તેદિ મુહૂર્ત જોઈ શુભ અતિ, સ્થાપી શ્રીનારાયણની મૂરતિ; વેદ વિધિ કરી વિપ્રજને, પધરાવ્યા પ્રભુ શુભ દને...૧૬
લક્ષ્મીનારાયણ સુખદાય, સ્થાપ્યાં મધ્યના મંદિરમાંય; ભક્તિ ધર્મ પોતાનું સ્વરૂપ, સ્થાપ્યું ઉત્તર ડેરે અનૂપ...૧૭
રાધા ને વૃન્દાવન વિહારી, પાસે પોતાની મૂરતિ સારી; કર્યો દક્ષિણ ડેરામાં સ્થાપ, નિજજનના ટાળવા તાપ...૧૮
તિયાં વરત્યો છે જયજયકાર, ધન્ય ધન્ય બોલે નરનાર; પછી જમાડિયા વિપ્રજન, આપ્યાં મનવાંછિત ભોજન...૧૯
દિધી દક્ષિણા વસ્ત્ર રૂપૈયા, તેણે વિપ્ર રાજી મન થયા; પછી પાંચ દિવસ પોતે રહ્યા, ત્યાંથી વસોએ વાલો આવિયા...૨૦

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૯૦)

## • શ્રી હરિલીલામૃત ગ્રંથ :

**ઉપજાતિ :**

આવ્યો પછી જ્યાં દિન દ્વાદશીનો, પ્યારો ઘણો તે કમળાપતિનો; ઉઠી પ્રભાતે કરી નિત્યકર્મ, અગ્ન્યાદિ પૂજા કરી ધર્મવર્મ...૦૧
દેવપ્રતિષ્ઠાંગ કરાવી હોમ, આનંદ વાધ્યો અતિરોમરોમ; જે પાઠ કીધા જપ જેહ કીધો, દશાંશ તે હોમ કરાવી લીધો...૦૨
આઠે દિશે મંદિરની સમીપ, રુડીરિતે અગ્નિ કરી પ્રદીપ; ઘૃતે તિલે હોમતહાં કરાવ્યા, પછી મહામંડળ મધ્ય આવ્યા...૦૩
ત્યાં મૂર્તિયોને હરિ આપ હાથે, કર્યો અભિષેક દ્વિજોની સાથે; પૂજા કરી વેદઋચા ભણાવી, તે મૂર્તિયોને રથમાં ચડાવી...૦૪
આચાર્યને આગળ તો ચલાવ્યા, બે બાજુયે ઋત્વિજને રખાવ્યા; મહાપ્રભુ પાછળ ચાલી જાય, વાજિંત્રના નાદ વિશેષ થાય...૦૫
ત્યાં બ્રાહ્મણો વેદઋચા ભણે છે, શ્રીજી ઘણા સ્નેહ થકી સુણે છે; પ્રદક્ષણા મંદિરની કરીને, સૌ પૂર્વ દ્વારે જ રહ્યા ઠરીને...૦૬
તે મૂર્તિને અર્ઘ્યપ્રદાન કીધું, સૌયે મળીને સનમાન દીધું; તે મૂર્તિયો મંદિર માંહિ લાવી, જ્યાં જેહનું સ્થાન તહાં સ્થપાવી...૦૭

લક્ષ્મીજી નારાયણ બેય રૂપ, તે મધ્યના મંદિરમાં અનુપ; ત્યાંથી બીજો દક્ષિણ ખંડ જ્યાંય, બેસારી સારી ત્રણ મૂર્તિ ત્યાંય...૦૮
રાધાજી વૃંદાવનના વિહારી, તથા સ્વમૂર્તિ હરિકૃષ્ણધારી; તહાં ત્રીજા ઉત્તર ખંડમાંય, બેસારી રૂડી ત્રણ મૂર્તિ ત્યાંય...૦૯
શ્રીભક્તિ ધર્માત્મજ વાસુદેવ, તે મૂર્તિયો ત્યાં ધરી તર્તખેવ; શ્રીજી તણું બાળસ્વરૂપ તેહ, તે મર્મ જાણે જન જાણ જેહ...૧૦
તે આગળે મંડપમાં પ્રમાણો, જુદા જુદા ખંડ વિષે જ જાણો; વરાહજીને નરસિંહરૂપ, શ્રીશેષશાયી મુરતી અનૂપ...૧૧
શ્રીકૂર્મને સૂર્યસ્વરૂપ મત્સ્ય, તે મૂર્તિયો ત્યાં પધરાવી સ્વચ્છ; સુશોભિતો દક્ષિણ ખંડ ધારી, શ્રીજીની સજ્યા પધરાવી સારી...૧૨
છે દુર્ગનું દ્વાર પ્રમુખ્ય જ્યાંય, ગણેશ થાપ્યા હનુમાન ત્યાંય; રુડી રીતે તે હનુમાન વીર, સ્થાપ્યા જ ભૈભંજન નામ ધીર...૧૩
તેને શિરે હાથ તહાં ધરીને, બોલ્યા કૃપાળુ કરુણા કરીને; હે અંજનીનંદન વજ્રકાય, સત્સંગી સૌની કરજો સહાય...૧૪
ગણેશ પાસે ગણનાથતાત, તથા તહાં પારવતીજી માત; સ્થાપ્યાં સ્વરૂપો શુભ રૂડી રીતે, તે તો વિધી હું ઉચરું સપ્રીતે...૧૫

**હરિગીત છંદ :**

સંવત્ અઢાર શતે તથા શુભ શાલ એકાશી તણી, કાર્તિક શુદી તિથિ દ્વાદશી ઉત્તમ થકી ઉત્તમ ઘણી;
બુધવાર સૌથી સાર ને નક્ષત્ર નિરમળ તે કહું, ભલું ભાદ્રપદ જે ઉત્તરા વળી યોગ હર્ષણ શુભ બહુ...૧૬
ધનલગ્નમાં દિન પ્રહર ચડતાં કામ તે ઉત્તમ કર્યું, આશ્ચર્યકારી એ સમે ત્યાં રૂપ ધર્મસુતે ધર્યું;
સ્થાપનકરણ થળ જેટલાં હરિ તેટલાં રૂપો ધરી, સહુ મૂર્તિયોની એક કાળે ત્યાં પ્રતિષ્ઠા તો કરી...૧૭
શ્રુતિમંત્રના ઉચ્ચાર વિપ્રો ઉચ્ચરે શુભ રીતથી, પ્રતિમા વિષે સુરપ્રાણની કરી ત્યાં પ્રતિષ્ઠા પ્રીતથી;
શ્રીરુકમણીરૂપે રમા તે પાસ દ્વારામતિપતી, એ રીત આવાહન કર્યું આનંદ ઉર ધારી અતી...૧૮
જે દેવની પ્રતિમા જહાં ત્યાં તેનું આવાહન કર્યું, ઉપચાર સોળ પ્રકાર કરીને એનું અર્ચન આદર્યું;
શણગાર વિવિધ પ્રકાર ધરીને ધૂપ ને દીપક ધર્યા, નૈવેદ્ય નાનાવિધ ધરાવી દેવને તર્પિત કર્યા...૧૯
તે સર્વની એક જ સમે હરિયે ઉતારી આરતી, તે સમયની શોભા સકળ તો ભાખી ન શકે ભારતી;
કોટાનકોટી શશાંક સૂર્ય સમાન તેજ તહાં દિસે, શું આવી વશિયું આપ અક્ષરબ્રહ્મ એ મંદિર વિષે...૨૦
નોબત નગારાં ઢોલ ત્રાંસાં ભેર ને ભુંગળ ભલી, શરણાઈ ત્રુઈ શંખ વાજે ઘંટ ઘડિયાળો વળી;
ત્યાં તાલ ને મરદંગ વાજે નાદ ગાજે ગગનમાં, જયજય કરે ઉચ્ચાર જન સૌ મન અતિશે મગનમાં...૨૧
બહુ થાય બંદુકના ભડાકા કૈક પાડે તાળિયો, અતિધન્ય જન અવતાર જેણે એહ અવસર ભાળિયો;
અજ હર અને ઇંદ્રાદિ દેવો દિવ્ય રૂપે આવિયા, કુસેમે વધાવે કૃષ્ણને ભલી ભેટ તે પણ લાવિયા...૨૨
વિબુધો વિશેષ વિમાનમાં ચડી આવિયા આકાશમાં, તે કુસુમની વૃષ્ટિ કરે પ્રીતે કરી ચોપાસમાં;
દેવો બજાવે દુંદુભી ગાંધર્વ ગુણ ગાવે ઘણા, ઉછરંગી નાચે અપ્સરા મનમોદમાં ન દિસે મણા...૨૩
દીસે પ્રફુલ્લિત દશ દિશા આકાશ સ્વચ્છ જણાય છે, શીતળ સુગંધ સુમંદ એવો ત્રિવિધ વાયુ વાય છે;
સ્થાવર તથા જંગમ સહુ ભાસે ભલાં હરખે ભર્યાં, આદિત્ય છાંડી ઉષ્ણતા શીતળ કિરણ સહુપર ધર્યાં...૨૪
એ રીત હરિયે આરતી કરી રૂપ નિજ ધરિ ધ્યાનમાં, પુષ્પાંજલી કરી તે પછી ધરી ભેટ ભલી તે સ્થાનમાં;
સત્સંગી સૌયે મૂર્તિ આગળ ભેટ નાનાવિધ ધરી, તે શેઠ નારાયણ દયાળજી નોંધ બે જણ મળી કરી...૨૫
સારંગના રહેનાર તે ગરકાવ હરિના જ્ઞાનમાં, જગદીશ તે પછી જૈ બિરાજ્યા સુભગ શજ્યા સ્થાનમાં;
પછી લક્ષ્મીનારાયણ તણી સ્તુતિ સંત સહુયે ઉચ્ચરી, પણ પ્રથમ મુક્તાનંદમુનિયે એક શ્લોકે બે કરી...૨૬
આખા જગતના જનતણું છે ઇચ્છનાર સદા ભલું, સંભાળ લેજો સર્વની વરદાન માગ્યું એટલું;
મુનિ મુક્ત કરુણાયુક્ત કેવા જે પુરા પરમારથી, નિજને જ માટે કાંઇ માગે હોય જે જન સ્વારથી...૨૭

**અનુષ્ટુપ શ્લોક :**

**વંદું જળધિજામાતા, કમળાવર દ્યો તમે; જગઙ્ગનની સંભાળ, લ્યો સૌની માગીયે અમે...૨૮**

**અર્થ :** નારાયણદેવ વિષે, સમુદ્રના જમાઈને હું વંદું છું, હે કમળાવર તમે એટલુ દ્યો કે આપ જગતના સર્વે જનોની સંભાળ લ્યો, એટલું અમે માગિયે છૈયે; લક્ષ્મીજી વિષે, હે સમુદ્રથી જનમેલી માતા હું તમને વંદું છું ને હે કમળા તમે વરદાન દ્યો, હે જગતની જનની કે' તાં માતા તમે સૌની સંભાળ લ્યો, એટલું અમે માગિયે છીએ.

**વસંતતિલકા : સંતમંડળકૃત લક્ષ્મીનારાયણની સ્તુતિ :**

સૌ સંતનાથ નમીયે જુગ જોડી હાથ, હે નાથ ! પાપહર આપ અનાથનાથ;
સદ્ધર્મરક્ષક સદૈવ કરો સહાય, શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય...૨૯
શ્રીમત્સ્ય કચ્છ તનુ સ્વચ્છ તમે જ ધારી, મારી અદેવ સહુ દેવ લીધા ઉગારી;
છો શ્વેતદ્વીપપતિ શું ગતિ તે કળાય, શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય...૩૦
નારાયણ પ્રભુ તમે નરવીર ધીર, ભૂભારહારક તમે જ ધર્યાં શરીર;
ગોલોકવાસિ સુખરાશી તમે સદાય, શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય...૩૧
લીલા તમે લલિત ગોકુળ માંહિ કીધી, નંદાદિ ગોપજનને સુખશાંતિ દીધી;
મારી બકી બક તથા વન ચારિ ગાય, શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય...૩૨
કંસાદિ મારી જઈ દ્વારમતી વસાવી, કન્યા ઘણીક પરણ્યા ખળ મારી લાવી;
પોતે થયા પ્રભુજી પાંડવના સખાય, શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય...૩૩
જ્યારે અધર્મ અવનીતળમાં વધે છે, જ્યારે બળિષ્ટ અસુરો પ્રસરે બધે છે;
ત્યારે તમે તનુ ધરો પ્રભુ પૃથ્વીમાંય, શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય...૩૪
જાણો મનોરથ તમે મનનો અમારો, મોટો પ્રભુજી મહિમા બહુ છે તમારો;
તે તો જથાર્થ જનથી ઉચર્યો ન જાય, શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય...૩૫
સ્નેહે સદૈવ પ્રભુ આ સ્થળમાં વિરાજો, સૌને સદૈવ સુખદાયક આપ થાજો;
આ તીર્થ સૌથી અતિ ઉત્તમ તો ગણાય, શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય...૩૬
હે કૃષ્ણ કૃષ્ણ કમળાવર હે કૃપાળ, છોજી તમે સકળ વિશ્વવિહારીલાલ;
કીર્તિ તમારી શુક શારદ શેષ ગાય, શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય...૩૭

**વૃંદાવનવિહારીની સ્તુતિ, શિખરિણી :**

રહો રાધા સાથે મુરલી નિજ હાથે શુભ ધરી, અઘારી મૂરારી મધુવન વિહારી મન હરી;
બહુનામી સ્વામી પ્રભુ ગરુડગામી અહિં રહો, કરો સૌની રક્ષા સરસ વળી શિક્ષા પણ કહો...૩૮

**હરિકૃષ્ણમહારાજની સ્તુતિ :**

અમારા હે ઈષ્ટ પ્રગટ હરિકૃષ્ણ પ્રભુ તમે, સદા દ્યો સ્વાભીષ્ટ તવ પદ તણા આશ્રિત અમે;
અનેક બ્રહ્માંડ સ્થિતિ લય તણા કારણ અહો, અમારે ચિત્તે આ મુરતિ રજની વાસર રહો...૩૯

**ભક્તિધર્મની સ્તુતિ :**

અહો ભક્તિમાતા જનક હરિના શ્રીધરમ છો, તમો બે સૌનાથી કરમ શુભવાળાં પરમ છો;
થયા જેના પુત્ર પ્રભુ અકળ જે અક્ષરપતિ, સદા સૌને આપો સુખ સકળ થાઓ શુભમતિ...૪૦

**વાસુદેવની સ્તુતિ :**

નમો વાસુદેવ પ્રગટ વૃષભક્તિસુત તમે, ધર્યું બાલ્યાવસ્થા સ્વરુપ નિરખ્યું તે શુભ અમે;
રહો સાજા તાજા સકળઅધિરાજા સુખનિધિ, ભલે આવ્યા આંહી અમપર કૃપા આ અતિ કિધી...૪૧

**વરાહની સ્તુતિ :**

હિરણ્યાક્ષે દુષ્ટે સુર સકળને સંકટ કર્યું, તમે ત્યાં તેવારે વપુ નિજ વરાહ પ્રભુ ધર્યું;
ધરા ડાઢે ધારી સમર કરિ માર્યો અસુરને, તમે તે વારાહ પ્રભુ સકળ કાઢો કસુરને...૪૨

**નૃસિંહની સ્તુતિ :**

નૃસિંહાખ્ય શ્રીમાન્ સુરનરરિપૂમારણ નમો, ઉગાર્યો પ્રહ્લાદ પ્રણતજનપાળ પ્રભુ તમો;
ભલાં એવાં કામો અધિક કરવા અંતર ધરો, સહૂ સત્સંગીનાં સદયહૃદયે સંકટ હરો...૪૩

**શ્રીશેષશાયીની સ્તુતિ :**

સુતા ક્ષીરાબ્ધીમાં અહિવરનિ શજ્યા શુભ કરી, સજે લક્ષ્મી સેવા અભયવર લેવા દિલ ધરી;

અહીં એવે રૂપે સુખનિધિ બિરાજો પ્રભુ સદા, છબી જોઈ જોઈ મુનિજન નમે સૌ મનમુદા...૪૪

**કૂર્મદેવની સ્તુતિ :**

મથ્યો સિંધુ જ્યારે કમઠતન ત્યારે ધરિ હરિ, ધર્યો પીઠે પોતે ગણિ અલપ મંદ્રાચળ ગિરી;
રુડા કાઢ્યાં રત્નો અધિક કરિ યત્નો સહુ મળી, તમારું ઐશ્વર્ય પ્રભુજી ન શકે કોઈ જ કળી...૪૫

**સૂર્યનારાયણની સ્તુતિ :**

અહો ભાનૂદેવા પ્રગટ તમ જેવા સુર નહીં, સજે છે સૌ સેવા અધિક સુખ લેવા જન અહીં;
રથે રાજો છોજી સુભગ વળી સપ્તાશ્વ સહિતે, રહ્યા છો શ્રીવિષ્ણુ હિરણમયરૂપે જનહિતે...૪૬

**શ્રીમત્સ્યદેવની સ્તુતિ :**

થઈ મત્સ્ય સ્વચ્છ પ્રબળ ખળ શંખાસુર હણ્યો, ઉગાર્યા વેદોને જળજસુત તે તો જશ ભણ્યો;
તમારી તે શક્તિ નિરખી જન ભક્તિ ભલી કરે, બિરાજો આ ઠામે ધરમમય ધામે મન ઠરે...૪૭

**ગણપતિની સ્તુતિ : શાર્દૂલવિક્રીડિત :**

હે લંબોદર દેવ શંભુસુત છો સ્ત્રી બુદ્ધિ ને સિદ્ધિ છે, દાસી બે તવ દેખિયે સમિપમાં તે ઋદ્ધિ ને વૃદ્ધિ છે;
પુત્રો બે શુભ લાભ લક્ષ કહિયે છો વિઘ્નહારી અહો, સત્સંગી સહુને સદા સુખ કરો આ તીર્થ માંહી રહો...૪૮

**શિવજીની સ્તુતિ : ચર્ચરી છંદ :**

જયજય જય જટિલ જોગી ધંતુરને ભાંગભોગી શંભુ છો સદા નિરોગી બુઢ્ઢા બાવા,
ઉજવળી ભભૂતિ અંગ સરસ દરસ શીશગંગ ભૂતપ્રેત આદિ સંગ લાગો ગાવા;
ભલકે શશિયર સુભાલ કંઠે વળગેલ વ્યાળ તેહ સાથ રુંડમાળ રૂડી રાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે...૪૯
ગાઓ સંગીત ગાન નાચો નટવા સમાન તાથેઈ તાથેઈ તાન લેતા લેતા,
ઘૂઘર પદ ઘમક ઘમક ચાલો છો ઠમક ઠમક ધરણી પદ ધમક ધમક દેતા દેતા;
શોભે નંદી સવારિ ગૌરી અર્ધાંગ ધારિ સિંહકેરિ અંગ સરરિ છાળા છાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે...૫૦
ભાવે કૈલાસવાસ કાં તો શમશાન પાસ દુનિયા પર દિલ ઉદાસ દીઠા દીઠા,
લોચન છે લાલ ચોળ અંગ ઉગ્ર છે અતોલ બોલો છો મૂખ બોલ મીઠા મીઠા;
જાપો છો મંત્રજાપ ભીક્ષા આહારિ આપ આપ્યા ભોગો અમાપ ભક્તો કાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે...૫૧
બ્રહ્માવિષ્ણુ સ્વરૂપ આપ ત્રણે એક રૂપ ભગવન્ ત્રિભુવનભૂપ સંતો જાણે,
જેની મતિ છે જડત્વ સમઝે ન સર્વતત્વ તેવા તે તો મમત્વ મિથ્યા તાણે;
જયજય જુગ આદિદેવ સુર નર સૌ સજે સેવ રૂપ અકળ ને અભેવ ભોળા ભ્રાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે...૫૨
જયજય સર્વજ્ઞ શ્યામ વેદ વદે વામનામ અસુર સુર કરે પ્રણામ પાસે આવી,
જયજય જોગીંદ્રવેષ મૃડ હર શંભૂ મહેશ જશ વદે સદૈવ શેષ મનમાં લાવી;
જયજય જનમાતતાત અકળરૂપ છે અઘાત કુક્ષિમાં સમુદ્ર સાત ગંભિર ગાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે...૫૩
જયજય ગતિમાન ગહન વિશ્વનાથ વિશ્વવહન દૃષ્ટિમાંડિ મદન દહન કીધોધારી,
ત્રિપુરાસુર દૈત્ય દુષ્ટ પાપકર્મવંત પુષ્ટ સુર નરો કર્યા સંતુષ્ટ તેને મારી;
કરણતત્ત્વ મંત્રજાપ હરણ ભક્ત ત્રિવિધ તાપ આ સ્થળે ભલેજિ આપ આવ્યા આજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે...૫૪
જયજય કરુણાનિધાન અમરપાળ છો ઈશાન આપનાર અભયદાન છોજી આપે,

કીધુ વિષ વિષમ પાન રાખવા સકળ જહાન કોણ આપના સમાન સંકટ કાપે;
દાતૃતા તમારી ધન્ય દાસનું નસાડ્યું દૈન્યર દેખિ દેખિ દેવ અન્ય દાતા લાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે...૫૫
જયજય ગણનાથતાત પાસ યક્ષરક્ષવ્રાત અજર અમર ને અજાત છોજી છોજી,
તોડનાર મોહજાળ દાસને કરો નિહાલ વિશ્વમાં વિહારીલાલ છોજી મોજી;
સુંદર શોભે શરીર શ્વેત જેવું ગંગનીર હેમનંગ હીર ચીર અરુચી સાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે...૫૬

**દોહરો :**

હીર ચીર ને હેમથી, રહો સદૈવ વિરક્ત; સૌ હરિજનને સુખ કરો, ભક્તિતનુજના ભક્ત...૫૭

**ઇંદ્રવિજય સવૈયા : હનુમાનની સ્તુતિ :**

અંજનિનંદન છો જગવંદન સિંદુરચંદનચર્ચિત અંગે, ત્રાસ હરો નિજદાસ તણા પ્રભુપાસ નિવાસ વસોજ ઉમંગે;
છો વિષયોથી વિરક્ત સદા હરિભક્ત હરિજનના ભયહારી, હે હનુમાન મહાળબવાન દિયો સુખદાન દયા દિલ ધારી...૫૮
ધર્મ તણા કુળદેવ સદૈવ અદેવ તણા રિપુ દેવસહાયી, જંગપ્રસંગ ઉમંગ ચડે અણભંગ લડો ધરી ધીરજ ધાયી;
જ્યાં વૃષશીશ પડ્યું કશું સંકટ ત્યાં ઝટ આવી કરી કિકિયારી, હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી...૫૯
કાળિયદત્ત હતો ઉનમત્ત હરેક રીતે કરવા હરિહત્યા, છઠ્ઠિ દિને હરિને હરવા કરવા દુખ પ્રેરિ કુઢંગિણિ કૃત્યા;
દુઃખનિવારણ કારણ ત્યાં પણ આવી હર્યું દુખ દુષ્ટ વિદારી, હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી...૬૦
જ્યાં સમર્યા હરિયે વનમાં મનમાં ધરી તર્ત તમે તહીં આવ્યા, ભૂત પિશાચ ભયંકર ભૈરવ ધારી ગદા કર મારિ હઠાવ્યા,
શ્રીહરિ કરિને સુપ્રસન્ન હણ્યા અરિને ફરીને પડકારી, હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી...૬૧
કામ કરી ઘનશ્યામતણું નિજધામ ગયા પરણામ કરીને, જ્યાં સમરે હરિરાય તહાં વળી આવી સહાય કરી જ ફરીને;
વીરવિજોગથી ધીર તજી હરિવીરની ધીરજ આવી વધારી, હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી...૬૨
જે વૃષવંશ તણા જનઅંશ અસંશય એની સહાય કરો છો, થાય વિપત્તિ તણી ઉત્તપત્તિ વિપત્તિ હમેશ અશેષ હરો છો;
ધારિ મહાવૃત નારિ તણી કદિ યારિ કરી નહી છો બ્રહ્મચારી, હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી...૬૩
હે હરિદૂત મરૂત સપૂત કરો અદભૂત ક્રિયા ઝટ કૂદી, ઇંદ્રિજીત અભીત સદા પ્રભુમાં દઢ પ્રીતની રીતજ જુદી;
છો ભયભંજન રાક્ષસગંજન નાથનિરંજન રંજનકારી, હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી...૬૪
શાસ્ત્રવિચક્ષણ સર્વસુલક્ષણ ભક્તનું રક્ષણ આપ કરો છો, વર્મ તમે સતકર્મ તણા મનમર્મ ધરી શુભ ધર્મ ધરો છો;
દુર્લભ દેવ ભજ્યા કરી સૂલભ વલ્લભ શ્રીવૃષલાલવિહારી, હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી...૬૫

**પુષ્પિતાગ્રા :**

વિધિવત બધી મૂર્તિ થાપી નાથે, સ્તુતિ કરી તેની સમસ્ત સંત સાથે; હરિવરતણું તે ચરિત્ર સારું, મનન કરો મન સર્વદા અમારું...૬૬

(શ્રીહરિલીલામૃત : ૮/૨૮)

**હરિગીત :**

પછી સંત સજ્યા સ્થાન જૈ નિરખ્યા ધરમકુળના ધણી, અહિંયાં જ અક્ષરધામ દીઠું જ્યોતિ ઝગમગતી ઘણી;
કોટાનકોટિ શશાંક સૂર્યસમાન તેજ દિસે સહી, આશ્ચર્ય ઉપજ્યું અતિઘણું વર્ણન જથાર્થ બને નહીં...૦૧
અગણીત અક્ષરમુક્ત અગણિત શક્તિયો સેવા સજે, અગણીત બ્રહ્મા વિષ્ણુ શંકર ભાવથી પ્રભુને ભજે;

**લક્ષ્મીનારાયણકૃત હરિસ્તુતિ :**

લક્ષ્મીસહિત શ્રીદ્વારિકાપતિ એમ બોલ્યા એ સમે, દિગ્વિજય કરતા નાથ જ્યારે દ્વારિકા આવ્યા તમે...૦૨
મેં તે સમે તમને કહ્યું શુચિ સંતવૃંદ વસે જહાં, મંદિર કરાવીને મને પધરાવજો પ્રભુજી તહાં;
સૌ તીર્થસુધાં તે સ્થળે આંહી થકી આવીશ હું, ત્યારે તમે એવું કહ્યું જે નક્કી એમ કરીશ હું...૦૩
શુભ વાક્ય પ્રભુ પોતાતણું તે સત્યસત્ય કર્યું સહી, મંદિર કરાવીને અમારી મૂર્તિયો સ્થાપી અહીં;
વળી ગોમતી આદિકતણું સ્થાનક અહીં જ કરાવશો, છાપો કમળ ને શંખ ચક્ર ગદાની આંહિ અપાવશો...૦૪

હે કૃષ્ણ તે ક્યારે થશે ચિરકાળમાં કે હાલમાં, સુણી એમ બોલ્યા શ્રીહરિ કરશું જ થોડા કાળમાં;
પછી લક્ષ્મિસાથે દ્વારિકાપતિ મુર્તિયોમાં જૈ રહ્યા, વળી ભક્તિ સાથે ધર્મ પણ કરવા સ્તુતિ ઉભા રહ્યા...૦૫

**ભક્તિધર્મકૃતસ્તુતિ : શાર્દૂલવિક્રીડિત :**

ભક્તિધર્મ કહે અહો પ્રભુ તમે જે પુત્રરૂપે થયા, આપ્યા આપ અમાપ સૌખ્ય અમને દીલે ધરીને દયા;
સૌના માતાપિતા તમે જ પ્રભુ છો આદિ અજન્મા તમે, લીલા માત્ર સુપુત્રરૂપ નિરખ્યા સર્વેશ જાણ્યા અમે...૦૬

**મત્સ્યાદિ અવતાર તથા સૂર્યનારાયણકૃત સ્તુતિ :**

મત્સ્યાદી અવતાર સૂર્ય ઉચરે હે અક્ષરાત્મા હરી, સૌના કારણરૂપ ભૂપ સહુના ઈશેશના ઊપરી;
આજ્ઞા આપ તણી સુણી શિર ધરી જે કૃત્ય કીધાં અમે, તે પ્રત્યેક અતર્કય કૃત્ય કરવા ઐશ્વર્ય આપ્યું તમે...૦૭

**શિવજીકૃત સ્તુતિ :**

બોલ્યા શંકર તે શિવાસહિત ત્યાં હેતે હરીને નમી, હે ધર્માત્મજ નિત્ય ધ્યાન ધરવા મૂર્તિ તમારી ગમી;
આવા અંતરમાં રહો વળી કહો જે કાંઇ તે કીજીયે, નિત્યે દર્શન દાન આપ અમને દાતાર થૈ દીજીયે...૦૮

**ગણપતિકૃત સ્તુતિ :**

બોલ્યા શ્રીગણનાથ હે હરિ તમે કીધી કૃપા કોટિધા, દીધાં દર્શનદાન માન દઈને સ્થાપ્યા કૃતાર્થો કિધા;
સર્વે શક્તિ રહે સદા તમ વિષે સંકલ્પમાં સિદ્ધિ છે, જાણી દાસ દયાથી આપ અમને દૈવી કળા દીધિ છે...૦૯

**હનુમાનકૃત સ્તુતિ :**

બોલ્યા શ્રીહનુમાન માન દઈને પ્રેમે પ્રણામો કરી, હે સ્વામી સુખના સમુદ્ર સહજાનંદ પ્રભો શ્રીહરિ;
સેવા આપ તણી સદૈવ સજવા ઉત્સાહ રાખું અહો, રાખો આપ સમીપ શ્યામ મુજને કાં તો રુદેમાં રહો...૧૦
બ્રહ્માદી સુર સર્વ તે સ્તુતિ તહાં એવી રિત્યે ઉચર્યા, સૌએ શ્રીહરિને પ્રસન્ન અતિશે કાવ્યાદિ બોલી કર્યા;
જેની જ્યાં પ્રતિમા હતી જઈજઈ ત્યાં લીન તે તો થયા, જેનું સ્થપાન જે સ્થળે કર્યું હતું તે દેવ ત્યાં જૈ રહ્યા...૧૧

**ઉપજાતિ :**

વર્ણી કહે સાંભળ હે નરેશ, લીલા કરી જે હરિએ વિશેષ; આશ્ચર્યકારી કહું એહ વાત, અતર્ક્ય લીલા પ્રભુની અઘાત...૧૨
શજ્યાલયે છે વૃષનો દુલારો, જુવે મળીને જન ત્યાં હજારો; કરે ગતિ ચંચળ વીજ જેમ, ઉઠી પ્રભુજી વિચર્યા જ એમ...૧૩
બહુ પ્રભુ પાછળ લોક દોડ્યા, કોઈ થકી કાંઈ રહે ન ઓડ્યા; કોઇ તણી પાઘડિયો પડી ત્યાં, તે ખોળતાં તર્ત નહી જડી ત્યાં...૧૪
કોઇ તણા ખેશ ગયા ખશીને, કોઇ પડ્યા તેહ ઉઠ્યા હસીને; કોઇ તણા અંગરખાની ચાળ, ફાટી ગઇ હે નૃપ તેહ કાળ...૧૫
ભુલ્યા જનો તે તનકેરુ ભાન, દિસે દિવાના જનના સમાન; શ્રીવાસુદેવપ્રતિમા જહાંય, હરી થયા લીન જઈ તહાંય...૧૬
કોઇ કહે શ્રીહરિકૃષ્ણરૂપ, તેમાં સમાયા વૃષવંશભૂપ; કોઇ કહે મંડપમાં ગયા છે, સભા વિષે કોઇ કહે રહ્યા છે...૧૭
દીઠા પ્રભુ એમ અનેક ઠામ, છે વિશ્વવ્યાપી શુભ જેનું નામ; આશ્ચર્ય પામ્યા જન સર્વ એથી, માહાત્મ્ય જાણ્યું અતિ ઉગ્ર તેથી...૧૮
સંતો પછી મંદિરથી સિધાવ્યા, મળી મહામંડપ મધ્ય આવ્યા; પ્રભુ પુનઃ પૂજન જ્યાં કરે છે, વેદોક્ત મંત્રો દ્વિજ ઉચ્ચરે છે...૧૯
સર્વે પ્રકારે પછી શાસ્ત્ર રીતે, પૂર્ણાહુતી ત્યાં કરી પૂર્ણ પ્રીતે; ત્યાં દક્ષણાદાન દ્વિજો સહુને, દીધાં દયાળુ હરિયે બહુને...૨૦
બેઠા પ્રભુજી પછી ભદ્રપીઠે, દૃષ્ટિ ઠરે તે છબી સારી દીઠે; વિપ્રો મળીને અભિષેક કીધો, વેદોક્ત ત્યાં આશિરવાદ દીધો...૨૧
ધારૂ તળાવે હરિ ત્યાંથી ચાલ્યા, સાથે સખા સંત સુભક્ત પાળા; વાજિંત્ર વાજે વિવિધ પ્રકાર, વિપ્રો કરે વેદઋચા ઉચાર...૨૨
તળાવમાં સંચરી તેહ કાળે, અવભ્રથ સ્નાન કર્યું કૃપાળે; તહાં કર્યા દાન વળી વિશેષ, પછી કર્યો મંદિરમાં પ્રવેશ...૨૩
દિસે દિશાપૂરવ રૂપચોકી, ત્યાં ઓટલો ઉત્તમ તે વિલોકી; બિરાજિયા ત્યાં અતિ સૌખ્યકારી, સમીપ બેઠા જન કારભારી...૨૪
શિલ્પી જનોને શિરપાવ દીધા, કંગાલતા કાઢી નિહાલ કીધા; તે શિલ્પિયોનાં શુભ નામ જેહ, સુણો સુણાવું તમને હું તેહ...૨૫
વડોદરાના જન શિલ્પી જાણો, નામે પુરૂષોત્તમ તે પ્રમાણો; બીજા હતા કેવળદાસ નામ, નિવાસ જેનો નડિયાદ ગામ...૨૬
હિરાજી શિલ્પી મરુદેશવાસી, ત્રણે મળી શિલ્પકળા પ્રકાશી; છે કાનજી ચિત્રકળા સુજાણ, તે વિપ્ર તો ગોંડળના પ્રમાણ...૨૭
ઇત્યાદિને પાઘડી શાલ આપી, કંઠે ભલી કાંચનકંઠી થાપી; આપ્યા કડાં કાંચનનાં કૃપાળે, દીધી વળી ચાખડિયો દયાળે...૨૮
અમૂલ્ય વસ્તુ વળી જેહ આપી, તેનૂ નહી મૂલ્ય શકાય માપી; હેતે હરીયે શિરહાથ થાપ્યો, અહો વળી અક્ષયવાસ આપ્યો...૨૯

**પુષ્પિતાગ્રા :**

કરી હરિનતિ દેવ લક્ષ્મિનાથે, કરી વળી દેવ વૃષાદિ સર્વ સાથે; અવભૃથ કરી સ્નાન દાન દીધાં, હરિવર ચારુ ચરિત્ર એમ કીધાં...૩૦

(શ્રીહરિલીલામૃત : ૮/૨૮)

**ઉપજાતિ :**

શિલ્પી જનોને સિરપાવ દૈને, પ્રાસાદથી પશ્ચિમ પાસ જૈને; હે ભૂપ જ્યાં શુભ છત્રી આજ, તહાં બિરાજ્યા વૃષવંશરાજ...૦૧
શોભીત સિંહાસન ત્યાં વરિષ્ઠ, હતું હરિના જનને અભીષ્ટ; તે માંહિ ગાદી તકિયો ધરાવી, બિરાજિયા નાથ તહાં જ આવી...૦૨
ત્યાં કૃષ્ણના સામી સભા ભરાણી, બેઠા મુની શાસ્ત્રી તથા પુરાણી; વર્ણી તણાં વૃંદ ગૃહસ્થ વૃંદ, બેઠા સહુ ત્યાં થઈને સ્વચ્છંદ...૦૩
કૃપાનિધિયે કરતાળી પાડી, કહી ભલી વાત ભૂજા ઉપાડી; સુણો તમે સેવક સૌ અમારા, વાર્તા કહું છું હિતની તમારા...૦૪

**અથ શ્રીલક્ષ્મીનારાયણાદિમહિમાકથન :**

આ મંદિરે સ્થાપિત રૂપ જેહ, છે પૂજવા જોગ્ય સમસ્ત તેહ; એ તો સહુ છે અવતાર મારા, અર્ચ્યા થકી વાંછિત આપનારા...૦૫
તે માંહિ મૂર્તિ વળી વાસુદેવ, તથા હરિકૃષ્ણ તણી અભવે; એ બેયમાં ભેદ કશો ન જાણો, પ્રત્યક્ષ મારી મૂર્તિ પ્રમાણો...૦૬
તેમાં રહી હું સુખ સર્વ દૈશ, પૂજા કરે તે પણ માની લૈશ; એ મૂર્તિદ્વારે અગણીત કેરું, કલ્યાણ થાશે જગમાં ઘણેરું...૦૭
પ્રત્યક્ષ દેખે મુજને ન જેહ, તે મૂર્તિનું ધ્યાન કરે જ તેહ; જો માનસી પૂજન તેનું થાય, પ્રત્યક્ષ પૂજાસમ છે સદાય...૦૮
આ લક્ષ્મીનારાયણરૂપ જે છે, શ્રીદ્વારિકાધીશ સ્વરૂપ તે છે; ઇત્યાદિ મારા અવતાર જાણી, પૂજો ધરો ધ્યાન ઉમંગ આણી...૦૯
મેં મૂર્તિયો સ્થાપિત જેહ સ્થાને, જે તેહને આદરથી ન માને; ન જાણવો આશ્રિત તે અમારો, તે તો મરીને નરકે જનારો...૧૦
આ તીર્થમાં જો મન ભાવ લાવી, કોઇ કરે તીરથ શ્રાદ્ધ આવી; તેના બધા પૂર્વજ મોક્ષ પામે, જાત્રા થકી અક્ષય સુખ જામે...૧૧
પ્રત્યેક માસે તિથિ પૂર્ણિમાયે, જો આ સ્થળે નિયમથી અવાયે; આ દેવનાં દર્શન એહ ટાણે, કર્યા થકી સિદ્ધિ અભીષ્ટ માણે...૧૨
જો કોઇ શ્રીભાગવતાદિ કેરા, કરાવશે પાઠ અહીં ઘણેરા; જપાવશે જો મુજ મંત્રજાપ, તો તેહ તેને ફળશે અમાપ...૧૩
જો દ્વાદશી આદિતણે દહાડે, સુસંતને કે દ્વિજને જમાડે; સુપાત્રને દાન કદાપિ દેશે, તે તો મનોવાંછિત અર્થ લેશે...૧૪
જ્યાં જ્યાં ફર્યો હું સ્થળ તેહ જાણે, જાત્રા કરે આંહિ વિધિપ્રમાણે; તેનાં બધાં સંચિત પાપ જાય, કાયા ધરી તેહ કૃતાર્થ થાય...૧૫
એવી રીતે વાત વિશેષ કીધી, સુણી સહુયે મન ધારી લીધી; પછી પ્રભુયે ચિતમાં વિચારી, બોલાવિયા નૈષ્ઠિક બ્રહ્મચારી...૧૬
નારાયણાનંદ પ્રમુખ્ય જાણો, ને માધવાનંદ બીજા પ્રમાણો; ત્રિજાતણું તો રણછોડ નામ, તેને કહે છે તહિં મેઘશ્યામ...૧૭
હે વર્ણી છો આપ સુધર્મવાળા, જરૂર જીતેંદ્રિય મેં નિહાળ્યા; તપસ્વી છો ને રસને તજો છો, નિષ્કામી થૈને મુજને ભજો છો...૧૮
સદૈવ આ મંદિરદેવ સેવા, જરૂર છાજે શુચી આપ જેવા; માટે રહી આ સ્થળ એહ દેહે, સેવા સજો દેવ તણી સનેહે...૧૯
ધર્મી ભલા પૂજક હોય જ્યાંય, રહે તહાં દૈવત દેવમાંય; અધર્મીનો સ્પર્શ થકી જરૂર, દેવો તણું દૈવત જાય દૂર...૨૦
અધર્મીનો સ્પર્શ અશુદ્ધ લાગે, ચાંડાળથી બ્રાહ્મણ જેમ ભાગે; કામી રસાસ્વાદિ હરામી સેવે, તે મૂર્તિમાં વાસ વસે ન દેવે...૨૧
સૌ આજ તો જોઈ ભલા લહું છું, ભવિષ્ય માટે પણ હું કહું છું; રાખો અહીં પૂજક વર્ણી કેવા, નિઃસ્વાદિ નિર્માની અકામી એવા...૨૨
જે દેવકેરો મહિમા ન જાણે, સેવ્યાની શ્રદ્ધા ઉરમાં ન આણે; એવાની સેવા અમને ન ભાવે, ઉદાસતા અંતર માંહિ આવે...૨૩
શ્રીમંત રાજા અતિ અંબરીષ, સ્વહસ્ત સેવા કરતો અધીશ; એવી જ શ્રદ્ધા ઉર હોય જેને, સેવા તણો છે અધિકાર તેને...૨૪
શાસ્ત્રી વડો કે ગુણવાન કોય, સેવા તણો જે અધિકારી હોય; સ્વહસ્તસેવા હરિની કરે છે, માહાત્મ્ય મોટું મનમાં ધરે છે...૨૫
દેહાભિમાની બટુ જેહ થાશે, કરાવશે પૂજન શિષ્ય પાસે; પોતે ગુરૂ થૈ સુખ સર્વ માણે, પૂજા પ્રભુની શિર વેઠ જાણે...૨૬
માની થકી પૂજન તો ન થાય, કે થાળ માનીથી નહી કરાય; સન્માર્જની માની કરે ન ધારે, તો પાપ તેનાં પ્રભુ શું નિવારે...૨૭
સેવા વિષે સ્નેહ ન હોય જેને, સત્સંગી જાણો નહિ કોઇ તેને; એ તો વડો નાસ્તિકનો જ રાજ, વર્ણી થયો તે નિજપેટ કાજ...૨૮
એવાનું જ્યારે અપમાન થાય, તે વૈર લેવા ચિતમાં ચહાય; તે દેવનો માલ લુંટાવી દેશે, કાં તો દગો દૈ દિલ શાંતિ લેશે...૨૯
તે તો મરીને નરકે જ જાય, કે જીવતો રાક્ષસ રૂપ થાય; તે દેવ સાથે બહુ દ્વેષ રાખે, ભલા ગુરૂના પણ દોષ ભાખે...૩૦
જે ભૂખના દુઃખથી વર્ણી થાય, તેણે રસાસ્વાદ નહી જીતાય; પછી પ્રસાદી પણ ખાય ચોરી, એવી કરે મોટી હરામખોરી...૩૧
જે દેવને વસ્તુ ધરી ન હોય, તે બ્રહ્મચારી પણ ખાય તોય; ખરેખરો નાસ્તિક તે ગણાય, મુવા પછી મર્કટ તેહ થાય...૩૨
જેના થકી સ્વારથ સાધિ લેશે, તેને પ્રસાદી પણ ગુપ્ત દેશે; તે તો મરીને જનમે બિલાડો, કાં તો પખાલીધર થાય પાડો...૩૩
જો મંદિરે સ્ત્રીપર દૃષ્ટિ ધારે, તેનું મહાપાપ ઘણું વધારે; જો કલ્પકોટી નરકે વસાય, તથાપિ તે પાપ નહી છૂટાય...૩૪

દેવાલયે ઉત્સવ હોય જ્યારે, આવે સ્ત્રીયો દર્શન કાજ ત્યારે; જો દૃષ્ટિને વશ્ય નહી રખાય, તો વર્ણી ત્યાં તેહ સમે ન જાય...૩૫
સંકલ્પથી કાંઇ કરાય પાપ, વર્ણી કરે તો ઉપવાસ આપ; કરે નહી તો અઘ વજ્રલેપ, તે થાય તેનો ન ટળે જ ચેપ...૩૬
સ્ત્રીયાદિનો અંતર ઘાટ હોય, મૂર્તિ તણો સ્પર્શ કરે જ તોય; તે વર્ણી ચાંડાલ થશે મરીને, જૈ કુંભિપાકે પડશે ફરીને...૩૭
જેને દિલે છે વિષયોનું ઝાળ, તેનો ધર્યો દેવ જમે ન થાળ; ચાંડાળનું ભોજન હોય જેમ, જમે નહી બ્રાહ્મણ કોઇ તેમ...૩૮
રજોગુણી પૂજન તો કરાય, પોતે રહે સત્ત્વગુણી સદાય; જડત્વ રાખે ભરતાખ્ય જેવું, જો હોય કલ્યાણ જરૂર લેવું...૩૯
શ્રૃંગાર સારા સુરને ધરાવે, ખામી રહે તો નહિ ખોટ આવે; જો બ્રહ્મચર્યવ્રત કાંઇ ભૂલે, તો જન્મનાં પુણ્ય તમામ ડૂલે...૪૦
જે દેવ કેરી મરજાદ તોડી, મનુષ્ય કોઇ સહ નેણ જોડી; ગમાર જે ગ્રામ્યકથા કરે છે, તે જન્મ મુંગા જનનો ધરે છે...૪૧
આ વાત સૌ અંતર ધારી લેજો, તપાસી સેવા અધિકાર દેજો; જો તેહમાં દુષણ કાંઇ દેખો, કાઢી મુકો શ્વાન સમાન લેખો...૪૨
રાજા તણા જેહ હજૂરી દાસ, કેવા ધરે છે ઉરમાં ઉલાસ; પ્રભુની સેવાતણી પ્રાપ્તિ હોય, તે ભાગ્યશાળી નહિ તુલ્ય કોય...૪૩
એવી સુણી શ્રીમુખકેરી વાત, નમ્યા પ્રભુને પદ વર્ણિવ્રાત; આજ્ઞા કરી તે ધરી સર્વશીશ, એથી થયા પૂર્ણ પ્રસન્ન ઇશ...૪૪
તે દ્વાદશીથી દિન ચાર રાય, જમાડિયા બ્રાહ્મણ સંત ત્યાંય; ત્યાં દક્ષિણા બ્રાહ્મણને વિશેષ, દીધી દયાળુ હરિ અક્ષરેશ...૪૫
જ્યાં ધર્મશાળા શુભ સંત કેરી, ત્યાં પંક્તિ થાતી મુનિની ઘણેરી; સંતો તણી પંગત થાય જ્યારે, પોતે પ્રભુ પીરસવા પધારે...૪૬
નાનાવિધિનાં પકવાન્ન મિષ્ટ, મહાપ્રભુજી પિરસે અભીષ્ટ; પ્રભુ તણી તેહ પ્રસાદી જાણી, બ્રહ્માદિ ઇચ્છે ઉર ભાવ આણી...૪૭
સાંઝે ભલી શ્રેષ્ઠ સભા ભરાય, ત્યાં જ્ઞાનની વાત વિચિત્ર થાય; સત્સંગીયો પૂજન કાજ આવે, સુવસ્ત્રને ભૂષણ તે ધરાવે...૪૮
વડોદરાના જન નારુપંત, સત્સંગી સારા બહુ બદ્ધિમંત; તેડાવી તેણે નિજને ઉતારે, પૂજા કરીને ધરી ભેટ ભારે...૪૯
જ્યાં ઊતર્યાતા જનસંઘ જેહ, તહાં પ્રભુને પધરાવી તેહ; પૂજા કરી ભેટ ધરી અપાર, કૃપાનિધાને કરી અંગિકાર...૫૦
સત્સંગી વૃત્તાલયવાસી જેહ, ઉત્સાહી છે અંતર માંહિ તેહ; તેણે પ્રભુને નિજ ઘેરઘેર, તેડાવી પૂજયા બહુ રૂડિપેર...૫૧
લીધાં સહુયે સુખ જેહ રાય, તે સર્વ જીભે વરણ્યાં ન જાય; લે છે સુખો અક્ષરમુક્ત જેવાં, લીધાં જને ભૂતળ માંહિ તેવાં...૫૨
સભા વિષે ત્યાં વળી એક ટાણે, બેઠા મહારાજ રિતી પ્રમાણે; વડોદરાના જન તેહ ઠામ, આવ્યા મળીને કહું તેહ નામ...૫૩
છે મુખ્ય તેમાં નર નારુપંત, ને નાથજી તે પણ બુદ્ધિમંત; છે લક્ષ્મીરામજી લાલ છોટા, તે તો કહ્યા મેં હરિભક્ત મોટા...૫૪
ઇત્યાદિ સૌયે પ્રભુપાસ આવી, સ્નેહે નમીને વિનતી સુણાવી; પ્રભુ અમારા પુર માંહિ પુષ્ટ, વેરાગી જે છે મતવાદી દુષ્ટ...૫૫
સત્સંગીથી વાદ વિવાદ માંડે, પાછા પડે તોય ન વાદ છાંડે; ભણ્યા વિના પંડિત થૈ રહે છે, સભા ભર્યાનું અમને કહે છે...૫૬
માટે ભણેલા મુનિરાજ કોય, સભા જીતે એમ સમર્થ હોય; તે મોકલો આપ વડોદરામાં, સમાસ થાશે બહુ આ સમામાં...૫૭
પછી પ્રભુયે મુનિ મુક્ત નામ, તેને ભળાવ્યું શુભ એહ કામ; કહ્યું તમે મંડળ સાથ લૈને, કરો કથાવાત તહાં જ જૈને...૫૮
ગયા મુનિ વેણ ચડાવી માથે, વડોદરાના સતસંગી સાથે; આવ્યા હતા સંઘ અનેક જેહ, વિદાય કીધા હરિયે જ તેહ...૫૯
વાટે જતાં ઉત્સવ કેરી વાત, કરે વખાણી સતસંગીવ્રાત; સૌથી વડો ઉત્સવ તે વિશેષ, વિખ્યાત વાતો થઇ દેશદેશ...૬૦
શ્રીઅક્ષરાનંદ મુનીંદ્ર પાસ, પ્રભુજીયે વેણ કર્યું પ્રકાશ; આ ધામથી ઉત્તર માંહિ જ્યાંય, આંબા ઘણા બેઠક છે તહાંય...૬૧
છે ધારુનામે સર જેહ છોટું, ખોદાવીને તે કરજો જ મોટું; બોલ્યા મુનીજી નમી તેહ ટાણે, કરાવશું નાથ કહ્યા પ્રમાણે...૬૨

**પુષ્પિતાગ્રા :**

કરી હરિ વરતાલમાં પ્રતિષ્ઠા, પરમકથા જનપાવની વરિષ્ઠા; મન ધરી સુણશે તથા કહેશે, ઇહ પરલોક સદા સુખી રહેશે...૬૩

(શ્રીહરિલીલામૃત : ૮/૩૦)

## ॥ સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી રચિત સ્તુતિ ॥

સંવત ૧૮૮૧ના કાર્તિક સુદી બારશને દિવસ ભગવાન શ્રીહરિએ પોતાની મૂર્તિ શ્રી હરિકૃષ્ણ મહારાજ નામે તથા શ્રી લક્ષ્મીનારાયણાદિ દેવોની વેદવિધિથી પ્રતિષ્ઠા કરી ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ સ્તુતિ કરી :

**શ્રી હરિ - કાવ્યાષ્ટક - ત્રિભંગી છંદ**

સુંદર છબી પ્યારી, ત્રિભુવન ન્યારી, અનંત અપારી ઉપકારી;
અગણિત નરનારી શરણ ઉગારી, ભવદુઃખવારી ઉતારી.

શીખવત બુદ્ધિ સારી, વિષયવિસારી રટત ઉચ્ચારી ત્રિપુરારી;
જયહરિ વ્રતધારી જનદુઃખહારી, અતિ સુખકારી અવતારી...૦૧

નિજ જન સુખ દાતા, સબજગત્રાતા, રહત વિધાતા ગુણ ગાતા;
સમરત સુખશાતા, વિમલ વિખ્યાતા, ભક્તિમાતા ધર્મતાતા.
રતિ પતિ મદ હાતા, રંગ નિજ રાતા, ધ્યાન લગાતા કામારી;
જયહરિ વ્રતધારી જનદુઃખહારી, અતિ સુખકારી અવતારી...૦૨

સમરત જેહિ શ્વેતા, સમુહ સમેતા, સુકૃત નિકેતા, ઉર્ધરેતા;
હરિપદ અતિહેતા ચૈતન ચેતા, વિમલ અભેતા બ્રહ્મવેત્તા.
જેહી અનંત અધેતા, પાર ન લેતા, ત્રિભુવનમેં તા ગતિન્યારી;
જયહરિ વ્રતધારી જનદુઃખહારી, અતિ સુખકારી અવતારી...૦૩

સુખ સંપત દરિયા, અતિરંગ ભરિયા, પદ ચિત્ત ધરિયા ઉદ્ધરીયા;
કલિ સતજુગ કરિયા, ભવદુઃખ હરિયા, જનમન ઠરિયા જરિયા.
સબ તજી અનુસરિયા, સોઈ ઉગરિયા, વિષય વિસરિયા સંસારી;
જયહરિ વ્રતધારી જનદુઃખહારી, અતિ સુખકારી અવતારી...૦૪

જય ચૈતન્ય ધામી, સબ જગ સ્વામી, ભજન અકામી શિરનામી;
જેહિ રીત ઉદામી લખી નિજખામિ, નાશત વામી ભયપામી.
સહજાનંદસ્વામી અંતર જામી, અગણિતનામી ઉપકારી;
જયહરિ વ્રતધારી જનદુઃખહારી, અતિ સુખકારી અવતારી...૦૫

મેટણ ભવમરણા અભરણ ભરણા, અશરણ શરણા સુખકરણા;
દુઃખદુક્રિત હરણા વ્રિહિજન વરણા, જગત ઉધરણા અતિજરણા.
જન ઉર છબી ધરણા જ્ઞાન નિઝરણા, લખિદ્રગકરણા નરનારી;
જયહરિ વ્રતધારી જનદુઃખહારી, અતિ સુખકારી, અવતારી...૦૬

જય ધર્મકે નંદા કટભવફંદા, વૃષકુલચંદા ગોવિંદા;
કેવળ સુખ કંદા મુખ અરવિંદા, નલહત ગંદા નરમંદા.
મુનિવર સમરંદા હરખભરંદા, ભ્રમનિકંદા કૃતભારી;
જયહરિ વ્રતધારી જનદુઃખહારી, અતિ સુખકારી અવતારી...૦૭

નટવર નવરંગી ચલત ત્રિભંગી, લલિત કલંગી શિર ચંગી;
તનુલહર તરંગી પ્રેમપ્રસંગી અચલ અભંગી ઉમંગી.
કલિજન કુસંગી કિય સતસંગી મુનિબ્રહ્મરંગી બલિહારી;
જયહરિ વ્રતધારી જનદુઃખહારી, અતિ સુખકારી અવતારી...૦૮

**॥ છપય છંદ ॥**

જય જય હરિદિનેશ, વેશ નટવર પ્રિયબાની, ભક્તિ ધર્મકુમાર, કીનો ભવ પ્રાની;
વ્રત નૈષ્ટિક મહાવીર, ધીરજન ચરન ઉપાસે, પ્રતિદિન અધિક પ્રતાપ, દરશ જેહી પાપવિનાસે;
સુખસિંધુ બંધુદીનન સદા, લીજે ચરન લગાયકે, ઘનશ્યામ હરિ નિશદિન બસો, બ્રહ્મમુનિ ઉર આયકે.

**શ્રી વડતાલ મંદિર પ્રસંગનું વિશેષ ચારણી સાહિત્ય**

**॥ દોહા ॥**

ગુણીયલ ગુર્જર દેશકે, કીનેઉ લોક પુનિત; તહાં નિત આવત જાત હૈ, પ્રભુ ધરિ અંતર પ્રીત.
વિમલ ગામ વરતાલ માહી મંદિર રચ્યો વિશાલ; લક્ષ્મીનારાયણ તીહાં, સ્થાપન કરે દયાલ.
મહા મનોરમ ધામકી, શોભા કહી ન જાય; સુંદર વર કમળા સહિત, અખંડ બિરાજે આય.

**॥ છંદ ભૂજંગી ॥**

બિરાજે જીહા નાથ આનંદકારી, પ્રલંબીત બાહુ રમા સંગ પ્યારી;
ભુજા ચારહું મેં રખે શંખ ચક્ર, ગદા કંજ નીકે નમે શિશ ચક્ર...૦૧
છબીધામ હું સે રહ્યો ગ્રામ છાઈ, હરિદાસ હૂલાસ ભીંજે સદાય;
તરૂ અંબ ઝંબા ઝૂકે આયનીકે, લગે દેવહી કે તરૂં દેખ ફીકે...૦૨
બગીચે ચહુ ઔંર નીકે બિરાજે, વન નંદન કી છબી પેખ લાજે;
છટા વૃક્ષહુંકી ઘટાધૂમ શોભે, લટા લુંબઝુંબી લખી ચિત્ત લોભે...૦૩
ઝૂકી અંબલી નિંબ કદંબ ઝંબે, આતીડાર ભારે ઝૂકે શાલ લંબે;
ફલી આંબલી ડાલ નિગ્રોધ ફૂટે, ફલં ભાર જંબી રસે ઝૂંબે તૂટે...૦૪
છબીધાર ચંબેલિયાં જાય ચંપે, કંપીઝંપરી મોદવંતે અકંપે;
સબે પ્રેમ વંતે તહા લોક શોભે, ખમે પીરસં ભિરકી નાંહિ ક્ષોભે...૦૫
મુનિનાથ મંડે તહા આયમેલા, ભરે ભાવકે હોત હે દાસ ભેલા;
તરૂકે બહુ વૃંદરૂ વૃંદનારી, ભરે પ્રેમ કે નીમ કે દાસ ભારી...૦૬
બિરાજે મુનિરાજ કે જોર વૃંદા, કરે પ્રેમ વિલોકનં મોહ ફંદા;
જરિયન પાટબંરં પોતઝીના, ગ્રહિ દેતહે નાથકું સો પ્રવિના...૦૭
કડાં સાંકળાં વેઢ વીંટી કહાવે, ચિતં ચાહતે આય પ્રેમી ચઢાવે;
પ્રભુકું વિધી વેદસે વિપ્ર પૂજે, બહુ પ્રેમવંતા હરિ રીઝ બૂજે...૦૮
રસોઈ ગ્રહી દેતહે ખૂબ રીતે, તબે પીરસે આયકે આપ પ્રીતે;
ફિરે પંગતીમેં બહુવાર ફેરા, કરે લાડ સંપુરનં દાસ કેરા...૦૯
હસે આપહું ઔર હુકું હસાવે, પ્રભુકું લખી દાસ હુલ્લાસ પાવે;
જલેબી લડુ ખંડ કે સક્કપારા, ગ્રહી દેતહે આય પ્રેમી અપારા...૧૦

(ધર્મવંશ પ્રકાશ)

**॥ દોહા ॥**

અતિ ઉત્તમ વરતાલ મહીં, ધામ રચ્યો જગદેવ; ચક્રાદિક કી છાપસે, કરત પાપ તતખેવ...૦૧
કાર્તિક સુદી એકાદશી, નામ પ્રબોધની જાસ; તેહીદિન તહાં હરિ આતહૈ, કરત દરશ નિજદાસ...૦૨
રામનૌમિ શુભ ચૈત્ર સુદ, આવત લોક અપાર; તેહિ અવસર પુનિ આયકે દેત દરશ સુખકાર...૦૩

## • ધ્વજારોહણવિધિ પ્રસંગ :

પછી ભગવાન શ્રીહરિએ બ્રહ્મચારી નારાયણાનંદ તથા માધવાનંદને બોલાવ્યા. રણછોડ ભક્તને પણ બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : "તમો નૈષ્ઠિક બ્રહ્મચારી છો, જિતેન્દ્રિય છો. એટલે તમારે હવે આ સ્થાનમાં રહી અહીં આ દેવનું પૂજન, અર્ચન ભક્તિભાવથી કરવાનું છે, જેથી અમે આહ્વાન કરેલી વિભૂતિ તે મૂર્તિમાં પ્રગટ રહે."

વડતાલમાં ત્રણ દિવસથી પ્રતિષ્ઠાવિધિ પ્રસંગે પાઠાત્મક અને હોમાત્મક યજ્ઞ ચાલતો હતો. વિપ્રોને બંને પ્રકારે આનંદ હતો. પાઠાત્મક યજ્ઞમાં દક્ષિણા મળતી, હોમાત્મક યજ્ઞમાં ભોજન મળતું. ભગવાન શ્રીહરિએ સર્વ પ્રકારે ભંડાર ખુલ્લા મૂકી દેવાની આજ્ઞા કરી હતી. પોતે જાતે પીરસતા અને સૌને અમૃતમય પ્રસાદી જમ્યાનો આનંદ થતો.

વડતાલવાસીઓને આશ્ચર્ય થતું કે મંદિરના કામમાં જ્યાં પગલે પગલે નાણાંની ભીડ પડતી, ત્યાં આજે લાખો મનુષ્યોને જમાડવાની સામગ્રી ક્યાંથી આવી રહી છે ! પરંતુ જેમને આશ્રયે રિદ્ધિ અને સિદ્ધિ રહ્યા છે તે પરમાત્માની લીલા સદા અકળ જ હોય છે. ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી તથા અન્ય સદ્‌ગુરુ સંતોને કહ્યું : ''પૂનમ સુધી વિપ્રોને, અન્નાર્થીઓને જમાડવા. ત્યાં સુધી હોમાત્મક યજ્ઞ ચાલુ રાખવો.''

પછી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! દક્ષિણ શિખર ઉપર ધજા ચડાવવા માટે સુરતના ભક્તો અને વડોદરાના ભક્તોમાં જે ખેંચતાણ થતી હતી તેનું સમાધાન કરી દીધું. એટલે વડોદરાના ભક્તોએ તે ધજારોપણ કર્યું. પરંતુ સુરતના ભક્તોએ એવી શરત કરી છે કે 'મહારાજ જો સુરત પધારે તો જ અમે સમાધાન કરીએ.' તેમની શરતથી હું બંધાયો છું. તેથી આપને અનુકૂળતાએ સુરત પધારવું પડશે.''

ભગવાન શ્રીહરિ ભક્તોની ભાવનાથી પ્રસન્ન થયા. મહારાજે કહ્યું : ''ભલે સુરત જઈશું. તેમને સૌને કહો કે સુરત જાય અને તૈયારી કરે.''

બ્રહ્માનંદ સ્વામીને મહારાજની વાત સાંભળી આનંદ થયો.

**(નોંધ : આ ધ્વજારોહણના સવિસ્તાર પ્રસંગ માટે જુઓ : શ્રીહરિલીલામૃત, કળશ ૮, વિશ્રામ-૨૭.)**

## • ભગવાન શ્રીહરિએ બુરાનપુર અને ઘરગામના ભક્તોને મૂર્તિઓ આપી :

ભગવાન શ્રીહરિ પાટ ઉપર બિરાજમાન હતા. એટલે જુદા જુદા દેશથી આવેલા હરિભક્તોના સંઘે મહારાજની આ શુભ પ્રસંગે પૂજા કરી. ભેટ ધરવા આજ્ઞા માંગી. મહારાજે તરત જ કહ્યું : ''ભલે, તમારો એ મનોરથ પણ પૂર્ણ કરીએ !'' એટલે દેશ અને ગામવાર હરિભક્તોના સંઘ આવવા લાગ્યા. મહારાજનું પૂજન કરી કોઈક થાળ ભરી રૂપિયા મૂકતા તો કોઈ વસ્ત્રો, અલંકારો મૂકતા. થોડીવારમાં મહારાજ પાસે વસ્ત્ર, અલંકાર અને રૂપિયાના ઢગલા થઈ ગયા.

એટલામાં બુરાનપુરનો સંઘ આવ્યો. તેમણે મહારાજની પૂજા કરી, બહુ જ કિંમતી પોષાક મહારાજને ધરાવ્યા. સાથે સાથે વેઢ, વીંટી, કડાં, સાંકળાં, ઊતરી વગેરે સુવર્ણના ઘરેણાં પણ ધરાવ્યાં. મહારાજ તે પોષાક જોઈ પ્રસન્ન થયા. બ્રહ્માનંદ સ્વામીએ તે જોયું. તેમને મનમાં થયું કે મહારાજ જે અત્યંત સુંદર વસ્તુ હોય તે વિપ્રોને આપી દે છે. એટલે જરૂર આ પોષાક મહારાજ હમણાં કોઈ બ્રાહ્મણને આપી જ દેશે. તેમણે તે પોષાક તરત જ લઈ લીધો.

મહારાજે પૂછ્યું : ''કેમ આજ પોષાક લઈ લીધો ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''કાલે આપને પહેરાવવો છે એટલે.'' મહારાજ કાંઈ બોલ્યા નહીં, પરંતુ મનમાં હસ્યા.

પછી બુરાનપુરના હરિભક્તોએ મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : ''મહારાજ ! અમે દૂર દેશમાં રહીએ છીએ તેથી ગુજરાતમાં દર્શન માટે વારંવાર ન અવાય. તેથી આપ જો આ નારાયણની મૂર્તિ અમને આપો, તો અમે લક્ષ્મીજીની સાથે તે અમારે ગામ પધરાવીશું અને નિત્ય દર્શન અને સેવાનો લાભ લઈશું.''

ભગવાન શ્રીહરિ તેમની માગણીથી પ્રસન્ન થયા. તે વાત સાંભળી નિમાડ દેશમાં ઘરગામના ભક્તોએ પણ મહારાજ પાસે નરની મૂર્તિની માંગણી કરી. તેમણે કહ્યું : ''મહારાજ ! આ પ્રસાદીની મૂર્તિ છે. ઘણાં વર્ષો આપે પૂજેલી છે. તે અમને મળે તો તેનું નારાયણ નામ ઠરાવી લક્ષ્મીજી તેમની સાથે પધરાવીએ. એટલે અમને પણ દર્શન, પૂજન અને સેવાનો લાભ મળે.''

ભગવાન શ્રીહરિએ બંને દેશના હરિભક્તોને તે પ્રસાદીની મૂર્તિઓ આપી દીધી.

બીજે દિવસે બ્રહ્માનંદ સ્વામીએ માધવાનંદ બ્રહ્મચારીને કહ્યું : ''આજે લક્ષ્મીનારાયણ દેવને સાવ સાદા પોષાક ધરાવજો.''

માધવાનંદ બ્રહ્મચારીએ સ્વામીની આજ્ઞા પ્રમાણે દેવને સાદા પોષાક ધરાવ્યા. ભગવાન શ્રીહરિને બ્રહ્માનંદ સ્વામીએ બુરાનપુરના ભક્તોએ આપેલ કિંમતી પોષાક તથા અલંકારો પહેરાવ્યા. ભગવાન શ્રીહરિ તે વસ્ત્ર અલંકારો પરિધાન કરી દર્શન કરવા આવ્યા. મૂર્તિઓના સાવ સાદા પોષાક જોઈ મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું : ''દેવને આવા સાદા શણગાર કેમ ધરાવ્યા છે ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''ઠાકોરજી તો આપની પાસે અરજી કરે છે કે અમારા આવા દરિદ્ર હાલ છે !''

તે સાંભળી મહારાજે કહ્યું : ''સ્વામી ! અમારા માટે સાદા પોષાક હમણાં જ મંગાવો.'' તરત જ ભગવાન શ્રીહરિના શ્વેત વસ્ત્રો મંગાવ્યા. તે પહેરી મહારાજે કિંમતી વસ્ત્રાભૂષણો દેવને અર્પણ કરી દીધા. બ્રહ્માનંદ સ્વામીને લાગ્યું કે યુક્તિ ફળી !

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી : વાત નં. ૧૭૫)

પૂજામાં ભેટ સામગ્રી એટલી બધી આવી કે મંદિર નિર્માણના કાર્યમાં જે દેવું થયું હતું તે ચૂકવાઈ ગયું. મહારાજે તેમાંથી ભગા

દોશીએ આપેલી રકમ પણ તેમને આપી દીધી અને મૂળીના રાજુબાનો ચંદનહાર તેમને પહોંચાડી દેવાની આજ્ઞા કરી. ભગા દોશીએ તરત મહારાજને કહ્યું : "મહારાજ ! હાર હું પહોંચાડી દઈશ, પરંતુ રકમ આપ મારા તરફથી સેવામાં રાખો."

ભગવાન શ્રીહરિ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. પછી કહ્યું : "શેઠ ! આ તો વહેવાર છે એટલે તે પ્રમાણે વર્તવું જોઈએ. તમે સેવા ઘણી કરો છો અને વળી ભવિષ્યમાં પણ તમારી પાસેથી સેવા લેવાની છે. માટે આ રકમ તો તમારે લેવી જ પડશે." મહારાજની આ આજ્ઞા હતી. ભગા દોશીએ જાણ્યું કે મહારાજ પ્રસન્ન હતા. ભવિષ્યમાં સેવા લેશે તે લાભ મળશે એટલે રકમ લઈ લીધી.

વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવ બિરાજમાન થયા. લક્ષ્મીજીએ આ સ્થળે તપ કર્યું હતું. ભગવાન શ્રીહરિ પણ વનવિચરણ દરમ્યાન એ જ સ્થળે આવી બિરાજ્યા હતા. ત્યારથી મહારાજે સંકલ્પ કર્યો હતો કે લક્ષ્મીજીને તેમના તપનું ફળ આપવું. તે ફળ આજે આપ્યું.

પૂનમે સવારે ભગવાન શ્રીહરિએ મોટેરા સદ્‌ગુરુ સંતોને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : "કાલે અમે નીકળશું. અહીં દેવના પૂજન-અર્ચન માટે જે વ્યવસ્થા કરી છે તે પ્રમાણે સેવા કરવી અને આ તીર્થસ્થાનની પવિત્રતા જળવાય તે અનુસંધાન અખંડ રાખવું. પૂર્વ ભગવાનના ઘણા અવતારો થઈ ગયા, પરંતુ મોક્ષ માર્ગની રીત જે રીતે ચલાવી જોઈએ તે રહી નથી. ગીતામાં કહ્યું છે કે '**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।**' (ભગવદ્ ગીતા : ૩/૨૧) - મોટાપુરુષ જે પ્રમાણે આચરણ કરે, તેને અન્ય લોકો અનુસરે છે. તેથી અમે ધર્મે સહિત ભક્તિ પ્રવર્તાવી. સ્ત્રી-પુરુષો વચ્ચે મર્યાદાની દીવાલ મૂકી દીધી, જેથી સંતો અને હરિભક્તોનો ધર્મ સદા સુરક્ષિત રહે. અમે રોજ લક્ષ્મીનારાયણ દેવની એકસો ને આઠ પ્રદક્ષિણા કરીએ છીએ, તે એટલા માટે કે લોકોમાં ભક્તિભાવ અને મહિમા વધે અને તમે બધા અનન્ય ભક્ત બનો."

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "ભક્ત તો થયા છીએ, પરંતુ અનન્ય નહીં. જેને આપના સિવાય બીજાનો આશ્રય ન રહે તે અનન્ય ભક્ત કહેવાય."

## ● વડતાલમાં સૂર્યનારાયણની સ્થાપના :

વડોદરામાં ખારીવાવ ઉપર સુરૈયા લવાર સત્સંગી દસ-બાર રહેતા હતા. તેમણે ગોપાળાનંદસ્વામીને પધરામણી કરીને પૂજા કરવા પોતાને ઘેર ગાડીમાં બેસાડીને બોલાવ્યા. તેથી સ્વામી પંદર-વીસ સાધુ પોતાની સાથે લઈને તેમને ઘેર ગયા. પછી તે હરિભક્તે સ્વામીની તથા સર્વે સાધુની ચંદન પુષ્પ વડે પૂજા કરીને ચાદરો ઓઢાડી ને દસ શેર પેંડા, બરફીનો થાળ મૂકયો ને પગે લાગ્યા.

ત્યારે ગોપાળાનંદસ્વામીએ શ્રીહરિના સર્વોપરીપણાની વાતો કરી સહુ ભક્તોને ખૂબ સુખ આપ્યું. પછી સ્વામી ત્યાંથી ઊઠ્યા. તે ત્યાં સામું ખારીવાવની પાસે જ એક મોટું જૂનું શિખરબંધ મંદિર દીઠું. તેનું શિખર પથ્થરનું નકશીદાર શોભાયમાન છે, તે જોઈ સ્વામીએ પૂછ્યું કે, "એમાં કયા દેવની સ્થાપના છે.?" લોકોએ કહ્યું કે, "પ્રાચીન કાળથી સૂર્યનારાયણની મૂર્તિ છે."

ત્યારે સ્વામી કહે," એ તો આપણે પૂજ્ય છે, ચાલો દર્શન કરીએ." પછી ત્યાં સાધુ હરિભક્ત સહિત ગયા. તે મંદિરને ફરતી

મોટી ધર્મશાળા ને હવેલી છે તેમાં દેવના પૂજારી દક્ષિણી બ્રાહ્મણ વિગેરે સરસામાન સહિત વંશપરંપરાથી રહે છે. પછી એ મંદિરમાં જઈને સૂર્યનારાયણને પેલો બરફીનો થાળ સ્વામીએ નૈવેદ્ય મૂક્યો ને નમસ્કાર કર્યા તે વખતે આગળ પાછળ રહેનારા જે પૂજારી આદિ બ્રાહ્મણો હતા તે ત્યાં દોડી આવીને પાસે ઊભા.

સ્વામીએ તેમને પૂછ્યું કે, "તમે આ દેવની પૂજા સેવા કરો છો ?" તેમણે હા કહી. પછી સ્વામીએ મંદિરના ઊમરા પાસે ઊભા રહીને સૂર્યનારાયણને કહ્યું કે, "સવિતા દેવ પ્રસન્ન છો ? આ મોટા સુશોભિત મંદિરમાં વિરાજમાન છો તે પ્રમાણે પૂજા સેવા નૈવેદ્યનું યોગ્ય રીતે સાનુકૂળ છે કે નહીં ?"

પછી સર્વેના દેખતાં સાંભળતાં સૂર્ય બોલ્યા કે, "સ્વામી, તમે અહીં પધાર્યા તેથી હું બહુ પ્રસન્ન છું અને સેવા પૂજા તો આ બ્રાહ્મણો ભક્તિ ભાવથી કરે છે ખરા, પણ મને ઠીક લાગતું નથી. કારણ કે એ બ્રાહ્મણો બરાબર ધર્મ પાળતા નથી અને નૈવેદ્ય કરે છે તે ગાળ્યા વિનાના જળ-દૂધથી રસોઈ કરીને મને થાળ ધરાવે છે, તેથી અમે જમતા નથી. બાકી બીજું તો રાજ વૈભવ સઘળો છે, કારણ કે રાજાનું વર્ષાસન મળે છે. તેથી બીજો વસ્ત્રાભુષણ ઉત્સવ દીવા વગેરેનો ઉપરથી તો ઘણો ભારે ઠાઠ છે. પણ ભોજન વિના ઉપવાસ કરવા પડે છે. કોઈ કોઈ વખતે ફળ મેવો ધરાવે છે, તો તે તપસ્વી ઋષિયોની પેઠે જમીએ છીએ ને ક્યારેક ઘણી ક્ષુધા લાગે ત્યારે તો સ્વર્ગમાં ઇંદ્ર પાસેથી અમૃતનો કળશ લઈને ઈચ્છા પ્રમાણે પી લઉં છું અને આજ તો આ તમે પેંડા બરફીનો પવિત્ર થાળ મુકયો છે તેમાંથી જમીશ."

ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું કે, "બહુ સારું તમે જમો." પછી ઝટઝટ બરફીનાં ચકતાં તથા પેંડા મુખમાં મુકવા જ માંડયા તે પાંચશેર જમી ગયા. પછી અડધો થાળ બાકી રહ્યો ત્યારે કહ્યું કે, આ પ્રસાદી સર્વને આપજો." એમ કહીને પછી સ્વામીને કહ્યું કે,

"હમણાં શ્રીહરિ આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને અનેક જીવોના કલ્યાણ કરે છે, ને અનેક લીલાઓ કરી પોતાના એકાંતિક ભક્તને સુખ આપે છે, તો હું પણ એ પ્રભુનો એકાંતિક ભક્ત છું અને મને પણ એમણે જ તેજ પ્રતાપ ને મોટપ આપી છે. માટે મારી પણ ઈચ્છા છે કે ,એ મહાપ્રભુના સમીપ રહી એમની સેવા કરું."

પછી સ્વામી બોલ્યા કે, "ભલે, એમ ઈચ્છા હોય તો ચાલો." અમે ચાર દિવસ પછી વડતાલ જઈએ છીએ. અને આ કારતકી સમૈયો કરવા શ્રીહરિ પણ ગઢપુરથી વડતાલ પધારવાના છે, માટે ચાલો. અહીં તમને નૈવેદ્યાદિક સેવાનું અનુકૂળ નથી. તો ત્યાં શ્રીલક્ષ્મીનારાયણ આદિ ભગવાનનાં સ્વરૂપને શ્રીહરિએ સ્થાપન કર્યા છે અને પોતે શ્રીહરિકૃષ્ણ મહારાજ સ્વયં મૂર્તિ સ્વરૂપે ત્યાં અખંડ રહ્યા છે, તેમના સમીપમાં તમારી પ્રતિમા પણ ત્યાં રથમાં સ્થાપન કરીશું. તેથી એ શ્રીહરિના સેવક નૈષ્ટિક બ્રહ્મચારી તમારી પુજા નૈવેદ્ય વગેરે સેવા નિરંતર કરશે."

એમ સ્વામીએ કહ્યું ત્યારે સૂર્યનારાયણ તો અતિ પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા ને બોલ્યા કે, "વાહ રે વાહ ! સ્વામી તમે મારી મૂર્તિ સાક્ષાત્ ભગવાનના સમીપમાં સ્થાપન કરશો, એથી મોટી પદવી હવે બીજી કઈ છે ! ધન્ય છે સ્વામી તમે તો અતિ મોટા છો. એ ભગવાનના ધામરૂપ અક્ષરના સ્વરૂપ તમે જ છો એમ મેં તમને જાણ્યાં છે." પછી સ્વામીએ કહ્યું કે, "અમે ચાર દિવસ પછી સાતમને દિવસ જઈશું, માટે તમે વિપ્ર સ્વરૂપે અમારી સાથે ગાડીમાં બેસીને વડતાલ આવજો." એમ કહી સ્વામી નમસ્કાર કરીને ગયા.

પછી સ્વામી જ્યારે સાતમને દિવસે ગાડીમાં બેઠા ને ચાલ્યા ત્યારે આસપાસ સાધુ અને હજારો હરિભક્તો સહિત ખારીવાવના ખાંચા પાસે ગાડી ઊભી રખાવીને ઊતરીને પાંચ સાત સાધુ લઈને તે મંદિરમાં પધાર્યા અને સૂર્યદેવને નમસ્કાર કરીને ચાલો એમ કહ્યું કે, તરત સૂર્ય પ્રતિમામાંથી વૃદ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને નીકળ્યા, તે સ્વામી સાથે ગાડીમાં બેઠા. ત્યારે ત્યાં રહેલ હજારો હરિભક્તોને એમ જણાયું કે આ કોઈ પરદેશથી વિદ્વાન વૃદ્ધ બ્રાહ્મણ આવ્યા છે, તેને સ્વામી વડતાલ તેડી જાય છે. પણ જેટલા સમાધિવાળા સાધુ હરિભક્તો હતા, તે તો આ સૂર્યનારાયણ સ્વામી સાથે આવે છે, એમ જાણી ગયા હતા. પછી સ્વામી રસ્તામાં તેમની બરદાશ કરાવતા બીજે દિવસે વડતાલ આવ્યા.

આ બાજુ ગઢડામાં પણ તે જ સમયે સભામાં સર્વ સાધુ હરિભક્ત આગળ શ્રીહરિએ વાત કરી કે, "આ વડતાલથી જોબન પગી, સુંદર પગી, તખા પગી ને જુહો પગી એ ચાર જણ આવ્યા છે. તેમણે અમને કહ્યું કે, "મહારાજ તમે અહીં ગઢડામાં આ દાદાખાચર આદિક સૂર્યવંશી ક્ષત્રીય તમારા મોટા ભક્ત છે. તેમના કુળદેવ જે સૂર્ય છે, તેમનું સ્થાપન કર્યું છે. તો અમે પણ એમના જેવા જ વાઘેલા ક્ષત્રિય વંશના છીએ માટે અમારા કુળદેવ પણ સૂર્ય છે. તો કૃપા કરી વડતાલમાં પણ સૂર્યદેવનું સ્થાપન કરો. માટે હે સંતો-ભક્તો ! અમે તમને પુછીએ છીએ કે ત્યાં વડતાલમાં પણ સૂર્યદેવ સ્થાપન કરીશું ?"

પછી સર્વે રાજી થઈને બોલ્યા કે, "મહારાજ ! બહુ સારું. તમે સૂર્યદેવનું વડતાલમાં સ્થાપન કરો. અમે તો સર્વ રાજી છીએ પણ ગોપાળાનંદસ્વામી તો વડોદરે છે તેમને પૂછવાનું હોય તો ત્યાં આવે ત્યારે પૂછવું હોય તો પૂછજો." પછી શ્રીજીમહારાજ હસ્યા અને બોલ્યા કે, "ગોપાળાનંદસ્વામી અમારા થકી કયારેય જુદા રહેતા નથી પણ નિરંતર ભેળાને ભેળા જ છે. વડોદરે હોય કે બ્રહ્માંડમાં હોય તો પણ જ્યાં અમે ત્યાં એ અને એ ત્યાં અમે.

એમનું હૃદય તે અમે ને અમારું હૃદય તે એ છે. એમણે જે સંકલ્પ કર્યો તે અમે કર્યો અને અમે કર્યો તે એમણે કર્યો. માટે અમે જ્યારથી એ સંકલ્પ કર્યો છે, ત્યારથી જ સ્વામી તો સૂર્યનારાયણને વડતાલ સ્થાપન કરવા માટે વડોદરેથી પોતાની સાથે જ તેડીને આગળથી વડતાલ આવ્યા છે અને એ અમારી વાટ જુએ છે. માટે હવે આપણે સર્વે ચાલો વહેલા વહેલા વડતાલ જઈએ." એમ કહીને સંતમંડળ સહિત વડતાલ પધાર્યા.

પછી ત્યાં ગોપાળાનંદસ્વામીને તથા બ્રાહ્મણરૂપે સૂર્ય હતા તેમનેશ્રીજીમહારાજ મળ્યા અને સૂર્યદેવને યોગ્ય આસન ઉપર સભામાં બેસાડયા. બધાએ તો એમ જાણ્યું કે આ કોઈ વૃદ્ધ અને વિદ્વાન બ્રાહ્મણ છે, તેનું મહારાજ સન્માન કરે છે. પણ સમાધિવાળા તથા દિવ્ય દૃષ્ટિવાળા તો સૂર્ય છે એમ જાણી ગયા હતા.

પછી બીજે દિવસે સપ્તમુખી ઘોડાના રથમાં વિધિ સહિત દેરામાં શ્રીહરિએ પોતાના સમીપમાં એ સૂર્યનારાયણને સ્થાપન કર્યા, તે જ વખતે બ્રાહ્મણરૂપ તીરોભાવ થઈ તેજના પ્રવાહરૂપ થઈ પોતાની પ્રતિમા સ્થાપન કરી તેમાં હજારો મનુષ્યના દેખતાં પ્રવેશ કર્યો અને તે મૂર્તિમાં રહીને શ્રીહરિની સાથે બોલ્યા કે,

**હે હરિ સહજાનંદજી ! સ્વામી ગોપાળાનંદ; આપ સમીપે સ્થાપીને, મને આપ્યો આનંદ.**
**અખંડ દર્શન આપના, મને થશે દિ' ને રાત; આપથી આ બ્રહ્માંડમાં, મુજ મોટપ થશે ખ્યાત.**

**તેજ આપેલું આપનું, વળી પ્રતાપ અધિકાર; ભોગવું છું બ્રહ્માંડમાં, હે સર્વેશ સુખાકાર.**

આ રીતે જોબન પગી વગેરે ક્ષત્રિયોની ઇચ્છાથી શ્રીહરિએ.

**વડતાલે સુરજ સ્થાપિયા, પગી પરિવાર કાજ; ધન્ય ધન્ય જોબન પગીને, ધન્ય ધન્ય શ્રીમહારાજ.**

તમોએ અહીં મારી સ્થાપના કરી તેથી હું ધન્ય ધન્ય થયો છું. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, ''તમે તો હિરણ્યમય વિષ્ણુ છો ને જગત પૂજ્ય છો. હવે અહીં અખંડ વિરાજમાન રહો અને આ અમારાં લક્ષ્મીનારાયણ આદિ સ્વરૂપ છે, તેમની સેવા પૂજા થાળ વિગેરે જે નૈષ્ટિક બ્રહ્મચારી કરશે, તે તમારી પણ એ રીતે નિત્યે સેવા પૂજા કરશે.'' એમ કહી ત્યાં એ રીતે સૂર્યનારાયણનું સ્થાપન કરીને મોટો ઉત્સવ કરાવ્યો. અને જેમ રણછોડરાય દ્વારકાથી સચ્ચિદાનંદસ્વામીને સાથે વડતાલ પધાર્યા છે તે જ રીતે વડોદરેથી ગોપાળાનંદસ્વામી સાથે સૂર્યનારાયણ વડતાલ પધાર્યા તેમને શ્રીહરિએ સ્થાપન કર્યા.

(શ્રી સ્વામિનારાયણ ચરિત્રચિંતામણિ : પ્ર.૪/૪૮)

## • વડતાલમાં સુવર્ણ શિખરની આગાહી :

વર્તમાન સમયમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિર, વડતાલમાં શિખર સોનાનાં થયા છે. આજકાલ, વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા શ્રી હરિકૃષ્ણ મહારાજને ભક્તો હીરા જડીત ભવ્ય મુગટ ધારણ કરાવી રહ્યા છે.

વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણદેવના મંદિરના ગર્ભગૃહમાં, સોના-ચાંદી-હીરા ને વિધવિધ ઝવેરાતથી દેવો શોભી રહ્યા છે. હીરા માણેક જડેલા સવા કરોડની કિંમતના મુગટ અર્પણ થાય છે. મંદિરનાં શિખર સોનાથી મઢવા સંતો-ભક્તો રાજી રાજી થઈ ભેટ ધરે છે. મંદિરની સાથે સાથે વડતાલ ધામમાં પ્રસાદીનાં સ્થાનો નવારૂપ રંગ ધારણ કરી રહેલ છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની કીર્તી પાંચેય ખંડમાં પ્રસરી રહી છે.

કેમ ?

જવાબ સહેલો છે.

આ ભૂમિ પુણ્યશાળી છે. અહીં ભગવાન શ્રીહરિ પોતે સાક્ષાત બિરાજમાન છે. ઉપરાંત આમ થશે તેની એક કથા પણ છે.


એક સમયે ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા. મંદિરમાં ઊતર્યા. મંદિરની બાજુમાં સરગવાનું એક ઝાડ હતું. એ વિસામો હતો. રાત્રે તેની નીચે પાર્ષદો સૂઈ જતા.

એક રાત્રે તે સરગવાના ઝાડ પર ચીબરી બોલી. એના અવાજથી ભગવાન શ્રીહરિ જાગ્યા. સાથે રહેતા જોબનપગીને ભગવાન શ્રીહરિએ પૂછ્યું : ''આ પક્ષી શું બોલે છે ?''

જોબનપગી કહે : ''મહારાજ ! આ પક્ષી તો ચીબરી છે ને તે શું બોલે છે તે વાત તો તખા પગીને પૂછવી પડે.''

ભગવાન શ્રીહરિની આજ્ઞાથી તખા પગીને બોલાવવામાં આવ્યા. ચીબરીને સાંભળી તખા પગી કહે : ''મહારાજ ! જો સવાર પહેલાં આ સરગવાનું ઝાડ કાઢી નાખીએ તો અહીં કોઈક વાર સોનાનાં મંદિર થાય. એવો આ પક્ષીનો બોલવાનો ભાવ છે.''

તખા પગીની વાત સાંભળી ભગવાન શ્રીહરિએ સરગવાના ઝાડ નીચે સૂતેલા પાર્ષદોને જગાડ્યા ને સૌને તે સરગવાનું ઝાડ મૂળમાંથી ઉખાડી નાખવા કહ્યું.



ભગવાન શ્રીહરિની આજ્ઞાનો અમલ થયો. સરગવાનું ઝાડ ગયું ને શ્રી લક્ષ્મીનારાયણ દેવનું ભવ્ય મંદિર બન્યું.

આજે આ મંદિર સોનાનું થઈ ચૂક્યું છે. ચીબરીવાળી ઘટના બની ત્યારે સદ્‌ગુરુ માધવદાસજી સ્વામી ઉપસ્થિત હતા. તેઓ 'શ્રીહરિકૃષ્ણચરિત્રામૃત સાગર' ગ્રંથમાં આ વાતની નોંધ લેતા લખે છે :

**વળી એક સમાની તે વાત, સાંભળ્યા જેવી છે સાક્ષાત;**
**હૈયે ધારિયે તો એમાં એહ, થાય સ્વામીમાં ઘણો સ્નેહ...૨૬**
**સ્વામી આવ્યા તે વરતાલ માંઈ, ઊતર્યા વાલો મંદિર ત્યાંઈ;**
**તિંયા વૃક્ષ સરઘવાનું એક, હેઠે સૂતેલા પાળા અનેક...૨૭**
**પછી અર્ધ રાત ગઈ જ્યારે, બોલી વૃક્ષ પર ચીબરી ત્યારે;**
**તેને સાંભળીને હરિ કહે છે, એહ પક્ષી તે શું બોલે છે...૨૮**
**ત્યારે જોબન કે જીવનપ્રાણ, તેના તખા પગી તો છે જાણ;**
**ત્યારે હરિ કે બોલાવો એને, જોબન કે ખેતર ગયા છેને...૨૯**
**પછી હરિ કે ત્યાં કોઈ જાવો, તેને આ ઘડી બોલાવી લાવો;**
**પછી તરત માણસ ગયા, આવ્યા તખાને બોલાવી ઈંયાં...૩૦**
**પછી નાથ કે ચીબરી બોલી, તેનાં શકન કહો પગી ડોલી;**
**તખા પગી કહે કરતારે, સર્ઘવા ઝાડ જો ન રે સવારે...૩૧**
**તો યાં સોનાનાં મંદિર થાય, પક્ષી બોલ્યા તેના અભિપ્રાય;**
**પછી સ્વામીએ પાળા જગાડ્યા, રાતે સર્ઘવાનાં મૂળ ઉખાડ્યાં...૩૨**

(શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર : ૧૧૭/૨૬-૩૨)

## • વડતાલ મંદિર અને સ્થાપત્યકલા :

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ આ બ્રહ્માંડમાં પધારીને અનંત જીવના કલ્યાણને કાજે તેમજ સર્વજીવ હિત માટે ત્રણ સંકલ્પ કર્યા હતાં : **'धुत्वावतारं यत्कार्यं तत्कृतं सकलं किल । तथापि भाविनां नृणां कार्यं किञ्चिद्धितं मया ।।'** - "અવતાર ધારીને મારે જે કાર્ય કરવાનું હતું તે મેં સર્વે સંપૂર્ણ કરી દીધું છે, છતાં પણ ભવિષ્યમાં થનારા ભાવિ પેઢીના જનોનાં હિત માટે મારે કાંઈ પણ હમણાં અવશ્ય કરવું જ." (શ્રી સત્સંગિજીવન : ૪/૨૪/૭) તેમાં પહેલો સંકલ્પ એ હતો કે : **'कारयित्वा मंदिराणि तत्र स्वप्रतिमा अहम् । स्थापयेय ततस्ताश्च सेविष्यन्ते हि मानवाः ।।'** - "મહા મંદિરો કરાવીને, તેમાં મારી અર્ચામૂર્તિઓ સ્થાપન કરું. પછી સર્વ કોઈ મનુષ્યો સ્વધર્મનાં પાલનપૂર્વક તે પ્રતિમાઓની સેવા કરવાથી ભક્તિ વૃદ્ધિ પામતાં શ્રેયને પામશે." (શ્રી સત્સંગિજીવન : ૪/૨૪/૧૦)

પોતાના ભકતોને ધ્યાન-ઉપાસનાદિકના આલંબન માટે મહામંદિરો નિર્માણ કરવાનો સંકલ્પ હતો તે પ્રમાણે વડતાલના અગ્રણી ભક્તોની પ્રાર્થનાથી શ્રીહરિએ હરિભક્તોને ઉદ્દેશીને એક વચન આપતા કહ્યું હતું : **'મોટું ધામ આ ઠામ કરીશ, સર્વ ધામોમાં મુખ્ય કરીશ.'** થોડા વર્ષો પછી ૧૨ રૂપિયા આપીને સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીને વડતાલ મંદિર બાંધવાની આજ્ઞા આપી. બ્રહ્મમુનિએ નવ શિખરના વિશાળ મંદિરના પાયામાં નવ લાખ ઈંટો નાખી. આ વિરાટ મંદિરની વાત સાંભળીને શ્રીહરિએ મર્મમાં નાનું મંદિર કરવાની સૂચના કરી ત્યારે બ્રહ્મમુનિએ **'..... તાકું ધનકી કયા કમી જાકી હુંડી ચલે નવખંડમાંય'** કહીને આપની કૃપાથી સર્વ સારૂ થશે; એવો પત્ર લખ્યો. જોબનપગી, દલાભાઈ, કુબેરદાસ, વાસણ સુતાર, નારાયણગિરિ વગેરે ભક્તોના તન -મન - ધનના સર્વસ્વ સમર્પણથી આ મંદિર તૈયાર થયું. વિ.સં.૧૮૮૧કારતક સુદ-૧૨ના પવિત્ર દિવસે દેવાધિદેવ શ્રીહરિના કરકમળોથી શ્રી લક્ષ્મીનારાયણ દેવ આદિની પ્રતિષ્ઠા થઈ. શિક્ષાપત્રી આલેખન - આચાર્ય સ્થાપના પણ આ જ ભૂમિમાં થયા અને દક્ષિણ દેશનું પ ાટનગર પણ વડતાલ જ બન્યું.

વડતાલ મંદિરમાં મુખ્ય ત્રણ ખંડ છે ને કે ઉપર ત્રણ મોટાં શિખર છે. બાજુમાં મોટો ઘુમ્મટ છે. એમ અગિયાર શિખરોથી સુશોભિત ભવ્ય મંદિર શિલ્પ અને સ્થાપત્યના ઉત્તમ નમુના રૂપ બનેલ છે. બધાં શિખરો પર સોનાના કળશ સ્થપાયા છે. મધ્ય શિખરના ખંડમાં મુખ્યદેવ તરીકે લક્ષ્મીનારાયણ દેવ, દક્ષિણ શિખરના ખંડમાં રાધાકૃષ્ણદેવ અને હરિકૃષ્ણ મહારાજ, ઉત્તર શિખરના ખંડમાં પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી અને પોતાનું બાળસ્વરૂપ વાસુદેવ, પડખેના નાના છ ખંડમાં વારાહ, નૃસિંહ, શેષશાયી, કર્મ, મત્સ્ય

અને સુર્યનારાયણ, મંદિરના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ હનુમાનજી અને ગણપતિજીજ બિરાજમાન છે. સં. ૧૮૮૧ના કાર્તિક સુદી દ્વાદશીને દિવસે પ્રાતઃકાલે યજ્ઞવેદવિધિ અનુસાર દેશવિદેશના સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. વડોદરાથી ગાયકવાડ સરકાર સયાજીરાવ બીજાએ આ પ્રસંગે અંબાડી સહિત હાથીની શોભા મોકલેલી.

વડતાલ ગાદીના પ્રથમ આચાર્ય રઘુવીરજી મહારાજે પાછળથી રણછોડજીની મૂર્તિ મધ્ય મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવની બાજુમાં વિ. સં.૧૮૮૬ના ચૈત્ર માસમાં પ્રતિષ્ઠિત કરેલી. ત્યારથી તે આજ સુધી આ ધામની આધ્યાત્મિક અને ભૌતિક સંપત્તિમાં ઉત્તરોત્તર અભૂતપૂર્વ વધારો થઈ રહ્યો છે.

વડતાલના મુખ્ય મંદિરની આસપાસ પ્રદક્ષિણા પથ બનાવેલ છે. સ્ત્રી-પુરુષના પ્રવેશદ્વાર જુદાં છે. મંદિરની પ્રદક્ષિણામાં પાછળના ભાગમાં છત્રી છે, જ્યાં બેસી ભગવાને શિક્ષાપત્રી લખવાનો, તપ્તમુદ્રા આપવાનો અને ગોમતી સરોવર ગળાવવાનો સંકલ્પ કર્યો હતો. મંદિરના મોટા દરવાજામાં પેસતા ડાબી બાજુએ નારાયણ મહોલ છે. તે સ્થાન ભગવાને પોતે 'ધ્યાન' ધરવા સારૂ અને રહેવા સારૂ બંધાવ્યું હતું. ભગવાન શ્રીહરિ વડતાલ આવતા ત્યારે ત્યાં રહેતા.

પાછળથી પોતાના મોટાભાઈ રામપ્રતાપભાઈને રહેવા માટે તે સ્થાન આપેલ. આથી તે પાછળથી 'રામપ્રતાપભાઈના બંગલા' તરીકે પણ ઓળખાવા લાગેલ. તે સ્થાને ભગવાન શ્રીહરિએ 'શિક્ષાપત્રી' ગ્રંથની રચના કરી હતી.. હાલ ત્યાં ભગવાનની શિક્ષાપત્રી લખે તે મૂર્તિ વગેરે દર્શનાર્થે મૂકેલ છે. વડતાલ ગાદીના બીજા આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે મંદિરની પાછળ ભવ્ય સભામંડપ સં. ૧૯૨૫માં બનાવ્યો હતો. મંદિરની ત્રણ બાજુએ હાલ સંતોના વિશાળ નિવાસસ્થાન બનેલ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં જો કોઈ સ્થળે મંદિર બાંધવા માટે જગ્યા પોતે જોઈને પસંદ કરી હોય, મંદિર અને તેના અંગભૂત મકાનોની યોજના પોતે તૈયાર કરી હોય અને ભક્તજનોને સમજાવી હોય, મંદિરનું ચિત્ર-નકશો જાતે તૈયાર કરાવીને પસંદ કર્યો હોય, મંદિરના ખાતમુહૂર્તની વિધિ પોતે કરી, મંદિરના બાંધકામ માટે જાતે માથે ઈંટો અને ચૂનાના તગારા ઉપાડ્યા હોય, મંદિરના બાંધકામની કાર્યવાહી ઉપર પોતે દેખરેખ રાખી હોય.

મંદિરમાં પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવીની મૂર્તિ, પોતાની મૂર્તિ સાથે પહેલી વહેલી પધરાવી હોય, તે સાથે જ પોતાના બીજા લીલાસ્વરૂપો અને અવતારોની મૂર્તિઓની પણ પ્રાણ પ્રતિષ્ઠા કરી હોય અને જાતે આરતી કરી હોય એવું મંદિર જો કોઈ હોય તો તે એકમાત્ર વડતાલ જ છે. એવા એ મંદિરના બાંધકામ વગેરેની વિગતો સર્વ આશ્રિતજનોએ અવશ્ય જાણવી જોઈએ. એ વિગતો નીચે પ્રમાણે છે.

મંદિરનો આકાર કમળાકાર છે. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ શ્રીહરિલીલામૃત ગ્રંથમાં જણાવ્યું છે કે મંદિરના પાયામાં નવ લાખ ઈંટો પૂરવામાં આવી છે.

**શ્રીજી પંડે જઈ ઈંટો લાવે, અન્યને જોઈ ઉમંગ આવે; મુખ્ય દેવના મંદિર કાજ, લાવ્યા પંડે ઈંટો મહારાજ.**
**ગણી સંતે તે તો સાડત્રીશ, પડધીમાં ચણી પાંતરીશ; એક ગોખલો છે પછવાડે, છાંદી બે તો તેમાં તેહ દાડે.**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૪/૧૨-૧૩)

આ નવ લાખ ઈંટો પૈકી ૩૭ ઈંટો શ્રીજીમહારાજે પોતાના મસ્તકે ઉપાડેલી હતી. જેના પાયામાં નવ લાખ જેટલી જંગી સંખ્યામાં ઈંટો પૂરવામાં આવી હોય, જેના પાયામાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે પોતે ઈંટો મૂકી હોય, એ પાયાની સંગીનતા, ઊંડાઈ અને મજબૂતી અભૂતપૂર્વ અલૌકિક હોય એમાં શંકા નથી. બીજી વિગતોથી પણ આ વિધાનને ટેકો મળે છે. મંદિરની ઊંચાઈ જમીનની સપાટીથી પ્લીંથ સુધી ૧૪'-૦'' ફુટ અને સમગ્ર ઊંચાઈ શિખર સુધી ૭૭'-૩'' ફુટ છે. એની લંબાઈ બહારથી ૧૧૫'-૦'' અને પહોળાઈ ૧૧૭'-૦'' છે.

મંદિર પૂર્વાભિમુખ છે. પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશામાં મંદિરમાં પ્રવેશ કરવા માટે ત્રણ મોટા દરવાજા છે. દરેક દરવાજાની ઊંચાઈ ૧૧'-૦'' અને પહોળાઈ ૫'-૧૦'' છે. જમીન સપાટીથી દરવાજા સુધી પહોંચવા માટે ત્રણે દિશામાં ૭.૬''X૩'-૩'' લંબાઈ પહોળાઈ ધરાવતા વીશ પગથિયા છે. પગથિયાને લાગીને દરેક દિશામાં ચાર એટલે એકંદરે બાર હાથણીઓ છે. દરેક હાથણીની લંબાઈ-પહોળાઈ અને ઊંચાઈ ૭.૬''X૩', ૩''X૩'-૩'' છે.

કમળદળની પાંખડીઓ હોય છે તેમ પગથિયા અને હાથણીની બાજુમાં એકસરખી લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈના પૂર્વોત્તર અને પૂર્વ-દક્ષિણ દિશામાં તેર-તેર એટલે એકંદરે છવીસ કાટખૂણા છે. પશ્ચિમ દિશામાં દરવાજો કે પગથિયાં નથી, ત્યાં ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ દિશામાં નવ-નવ એટલે અઢાર કાટખૂણા છે. આમ એકંદરે ચુંમાલીશ પથ્થરના કાટખૂણા ઉપર મંદિરના બાંધકામની

આકૃતિ શોભે છે.

પૂર્વ-ઉત્તર અને દક્ષિણ દરેક દિશામાં એકસરખી લંબાઈ-પહોળાઈ ધરાવતી એક-એક એટલે ત્રણ રૂપચોકીઓ છે. ઉગમણી રૂપચોકીમાં બિરાજીને શ્રીજીમહારાજે અતિકૃપા કરીને આપેલો જ્ઞાનોપદેશ વડતાલ પ્રકરણના ઓગણીશમા વચનામૃતમાં ગૂંથી લેવામાં આવ્યો છે.

**પદ્માકાર શિખર :**

મંદિર ઉપર ત્રણ મોટા શિખરો શોભે છે. તે ઉપરાંત ચાર નાના શિખરો છે. મધ્યભાગે આવેલા મોટા શિખરની ઊંચાઈ ૩૯'-૬'' છે. જ્યારે ઉત્તર અને દક્ષિણ શિખરની ઊંચાઈ એકસરખી એટલે ૨૧'-૦'' છે. નાના ચાર શિખરોની ઊંચાઈ ૮'-૦'' છે. બધા શિખરો ઉપર કલાત્મક સુવર્ણ કળશો શોભે છે. મધ્યમંદિરના શિખર ઉપર સુવર્ણ કળશની ઊંચાઈ ૯'-૯'' છે અને બાજુનાં બે શિખરોના સુવર્ણ કળશોની ઊંચાઈ ૫'-૫'' છે, જ્યારે નાના શિખરોના સુવર્ણ કળશોની ઊંચાઈ ૪'-૬'' છે.

ત્રણ મોટા શિખરો સામે મંદિર ઉપર મોટો ઘુમ્મટ શોભે છે. એનો વ્યાસ ૨૫'-૦'' છે અને એની ઊંચાઈ ૧૨'-૬'' છે. રૂપચોકીઓ ઉપર ત્રણ નાના ઘુમ્મટો છે જે દરેકનો વ્યાસ ૯'-૦''અને ઊંચાઈ ૫'-૭'' જેટલી છે. દરેક ઘુમ્મટ ઉપર પણ સુવર્ણ કળશો છે જેની ઊંચાઈ મોટા ઘુમ્મટના સુવર્ણ કળશની ૫'-૦'' અને નાના ઘુમ્મટના સુવર્ણ કળશની ઊંચાઈ ૪'-૬'' છે.

પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશામાં આવેલા દરવાજામાંથી મંદિરમાં દાખલ થઈએ એટલે સૌથી પહેલું ધ્યાન ખેંચે છે - એના સુંદર નકશીવાળા થાંભલા. મંદિરમાં એકંદરે ૩૮ ચોરસ થાંભલા છે, એ પૈકી ૨૬ થાંભલાની ઊંચાઈ ૧૨'-૦'' તથા લંબાઈ-પહોળાઈ ૧'-૯'' છે, બાકીના ૧૨ થાંભલાની ઊંચાઈ ૧૨'-૬'' અને લંબાઈ-પહોળાઈ ૨'-૦'' છે. દરેક થાંભલા ઉપર ભરતનાટ્યમ્‌ની જુદી જુદી નૃત્યમુદ્રાઓ તથા હાથમાં જુદાં જુદાં વાજિંત્રો ધારણ કરીને પૂતળાં-પૂતળીઓ હસી રહી છે.

ત્રણ મોટા શિખરો નીચે દેવઘર શોભે છે. મધ્ય શિખર નીચે આવેલા દેવઘરની લંબાઈ ૧૧'-૦'', પહોળાઈ ૧૦'-૦'' અને ઊંચાઈ ૧૨'-૦'' છે. એમાં સુવર્ણના સિંહાસન ઉપર શ્રી રણછોડજી, શ્રી લક્ષ્મીનારાયણની પ્રાસાદિક મૂર્તિઓ ભક્તજનોને દર્શન આપે છે. ઉત્તર અને દક્ષિણ શિખરો નીચે આવેલા દેવઘરોની લંબાઈ ૮'-૦'', પહોળાઈ ૭'-૦'' અને ઊંચાઈ ૧૨'-૦'' છે. ઉત્તર શિખર નીચે આવેલા દેવઘરમાં શ્રી વાસુદેવ અને શ્રી ધર્મપિતા-ભક્તિદેવી દર્શન આપે છે.

દક્ષિણ શિખર નીચે આવેલા દેવઘરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ દેવ આશ્રિતોને દર્શન આપી રહ્યા છે. ચાર નાના શિખરો નીચે આવેલા દેવઘરોમાં શ્રી મત્સ્યનારાયણ, શ્રી કૂર્મનારાયણ, શ્રી નૃસિંહનારાયણ, શ્રી વરાહનારાયણ, શ્રી શેષનારાયણ અને શ્રી સૂર્યનારાયણની સુંદર મૂર્તિઓ શોભે છે. ત્રણે મોટા શિખરો નીચે આવેલા દેવઘરોના દરવાજા સુવર્ણના છે. ત્રણ દેવઘરની બહાર ૪'-૦'' પહોળી, ૧૨'-૦'' ઊંચી જાળી છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વડતાલ મંદિરની શિખર રચના ''પદ્માકાર શિખર'' રચના તરીકે ઓળખાય છે. પ્રવીણચંદ્ર ચી. પરીખ તથા કિરીટ દે. દવેએ તેમના સંશોધન ગ્રંથમાં આ વિગત સમજાવતાં લખ્યું છે કે, મંદિરમાં ''મધ્યમંડપ અને પ્રવેશ ચોકીઓ પર ચાર અર્ધ ગોળાકાર ઘુમ્મટની રચના જોવા મળે છે, આ ઉપરાંત દરેક શૃંગાર ચોકીના ઘુમ્મટની બંને તરફ શિખર આકારના છ લઘુ ઘુમ્મટની પણ રચના જોવા મળે છે. ગૂઢમંડપની અંદર પ્રવેશ દ્વારની બંને તરફ દિવાલમાં ગવાક્ષની રચના કરી વિષ્ણુના ચાર અવતારો - કચ્છાવતાર, મચ્છાવતાર, વરાહ અવતાર, નૃસિંહ અવતાર તથા શેષનારાયણ અને સૂર્યનારાયણ વગેરે દેવોની પ્રતિષ્ઠા કરવામાં આવી છે તેના પર નાના કદનાં શિખરાકાર ઘુમ્મટો ગોઠવેલા છે. આમ ગર્ભગૃહ પરના કલાત્મક કળશ અને ધજા યુક્ત ત્રણ શિખરો, ચાર અર્ધ ગોળાકાર ઘુમ્મટ અને છ શિખરાકાર ઘુમ્મટ વગેરેને કારણ આ મંદિરનું સન્મુખ દર્શન પણ મનોહર લાગે છે.

(આધાર: સ્વામિનારાયણ શિલ્પ-સ્થાપત્ય, પૃ. ૬૭)

**● ઘુમ્મટ :**

વડતાલ મંદિર સહિત શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં મંડપ અને પ્રવેશચોકીના છાદ્ય તરીકે મુખ્યત્વે અર્ધ ગોળાકાર ઘુમ્મટની રચના જોવા મળે છે. આ ગોળાકાર ઘુમ્મટમાં પથ્થરની કોતરણીને બદલે ચિત્રકામ કરવામાં આવતું.

**● સ્તંભ :**

વડતાલ મંદિરમાં ચોરસ સ્તંભોની રચના જોવા મળે છે, જેમાં ચોતરફ એક-એક નિગર્મની રચના દ્વારા સ્તંભના તલમાનને તારાકૃતિ બનાવાયું છે. તેની અલંકૃત શિલ્પવટીઓ પર વાદ્યધારિઓનાં શિલ્પો ગોઠવેલાં છે. જે પ્રમાણબધ્ધતા અને સૌંદર્યની દૃષ્ટિએ થોડાં અંશે છે, છતાં તે લોકકલાના સારા નમુના છે.

**● મંદિર તલદર્શન :**

મંદિર તલદર્શનની દૃષ્ટિએ વડતાલનું મંદિર ત્રણ ગર્ભગૃહ, પ્રદક્ષિણા પથ, અંતરાલ, મહામંડપ, મુખમંડપ અને પ્રવેશચોકી કે શૃંગાર ચોકી વગેરે અંગો ધરાવતું સર્વાંગ સંપૂર્ણ મંદિર છે.

**● ગર્ભગૃહ :**

વડતાલ મંદિર પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અન્ય મંદિરોની જેમ 'પંચાયતન' પ્રકારનું છે. ત્રણ અને બે એમ પાંચ ગર્ભગૃહનું બનેલું છે. અન્ય મંદિરની જેમ અહીં પણ ત્રણ ગર્ભગૃહ એક હરોળમાં આવેલા છે અને દરેક ગર્ભગૃહનું પ્રવેશદ્વાર અલગ હોવા છતાં એક જ હરોળમાં છે. તેનું સમગ્ર તલમાન લંબચોરસ છે અને તેની પહોળાઈ અને લંબાઈનું પ્રમાણ સામાન્ય રીતે ૧:૩ જેટલું જોવા મળે છે. ગર્ભગૃહની દિવાલો અંદરથી સાદી છે, પરંતુ બહારની દિવાલોમાં અનેક નિર્ગમો કે ફાલનાની રચના જોવા મળે છે.

**● અંતરાલ :**

ગર્ભગૃહ અને મંડપને જોડતો ભાગ 'અંતરાલ' કહેવાય છે, જે વડતાલ મંદિરમાં પણ છે. તેની લંબાઈ અને પહોળાઈ ગર્ભગૃહ જેટલી રાખવામાં આવેલ છે. પરંપરાગત મંદિરો કરતા લંબાઈ-પહોળાઈ વાળા અંતરાલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જ પ્રથમવાર જોવા મળે છે. વધુમાં વધુ દર્શનાર્થીઓ તેમાં ઊભા રહી દર્શન કરી શકે તે હેતુસર આવા અંતરાલ બનાવાયા છે.

**● મંડપ :**

વડતાલ મંદિરનો મંડપ દિવાલોથી બંધ કરાયેલ છે. તે 'ગૂઢમંડપ' પ્રકારનો છે. ગૂઢમંડપની દિવાલો અંદર-બહારથી સાદી હોય છે. તેમાં નિર્ગમોની રચના હોતી નથી. ગૂઢમંડપ ધરાવતા મંદિરમાં પ્રદક્ષિણા માર્ગ ખૂલ્લો અને સ્તંભાવલિ તથા છાદ્ય વગરનો જોવા મળે છે.

**● તોરણ :**

વડતાલ મંદિરની ત્રણેય પ્રવેશચોકીના આગળના બે સ્તંભો પર હિંડોલક અને ગવાલુકા તોરણો સંયુક્ત રીતે ઉપર-નીચે ગોઠવેલા છે. પ્રવેશ ચોકીઓની બાકીની બે તરફ સાદી મુઘલ કમાનો ગોઠવવામાં આવી છે. મંદિરના મંડપની સ્તંભાવલિઓ પર પણ સાદી મુઘલ કમાનોની રચના કરવામાં આવી છે. પ્રવેશચોકી સિવાયનો વડતાલ મંદિરનો સમગ્ર મંડપ દિવાલોથી આચ્છાદિત ગૂઢમંડપ હોવાથી બહારના ભાગમાં કમાનયુક્ત સ્તંભાવલિઓ નજરે પડતી નથી. ગૂઢમંડપની દિવાલોમાં લોખંડની જાળીઓથીયુક્ત હવા-બારીઓ ગોઠવેલી છે.

**● ચરણારવિંદ અને છત્રી :**

કોઈ પણ શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં કલાત્મક છત્રીની રચના જોઈ શકાય છે. તેમાં મંગલ સોળ ચિહ્નોથી યુક્ત ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદની સ્થાપના કરવામાં આવે છે. આમ, ચરણારવિંદની છત્રી એ શ્રી સ્વામિનારાયણ મંદિર સ્થાપત્યનું અગત્યનું અંગ છે. વડતાલ મંદિરના પ્રદક્ષિણા પથમાં પાછળના ભાગમાં આવી છત્રી ગોઠવેલી છે. મંદિરમાં દર્શને આવતા સંતો-હરિભક્તો છત્રીમાં સ્થાપવામાં આવેલા ચરણારવિંદનો સ્પર્શ કરી તેને સાષ્ટાંગ દંડવત પ્રણામ-વંદન કરી ધન્યતા અનુભવે છે.

**● પ્રાકાર (કોટ) અને બલાનક :**

શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં મુખ્ય પ્રસાદ ઉપરાંત બીજા અનેક પ્રકારના આવાસો આવેલા હોવાથી તેને વધુ સુરક્ષિત બનાવવા દરેક મંદિરની ફરતો સાદો કોટ રચેલો જોવા મળે છે. વડતાલ ધામમાં આવા બે કોટ જોવા મળે છે. એક તો અંદરનો કોટ જેમાં મુખ્ય મંદિર અને સંતોના આવાસોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને બીજો બહારનો કોટ. જેમાં હરિભક્તોને ઉતારા માટે યાત્રિક ભુવનો તથા મંદિરના કર્મચારીઓને રહેવાના મકાનો, ગૌશાળા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. મંદિરના કોટની દિવાલોને વિવિધ પ્રકારના પૌરાણિક-સામાજિક ચિત્રોથી સુશોભિત કરાય છે.

વડતાલ મંદિરના કોટ પર આવા ચિત્રોનો વારસો આજે પણ જોવા મળે છે. મંદિરના પ્રાંગણમાં પ્રવેશવા માટે ફરતા કોટમાં એક કે બે દરવાજાની પણ રચના કરેલી છે. તેનો મુખ્ય દરવાજો જોડીબંધ હોય છે. આથી તેને 'બલાનક' કહેવામાં આવે છે. દરવાજાની આ જોડી પર ચોઘડીયાં અને શહેનાઈ વગાડનારા બસેતા હોવાથી તેને 'નગારખાનું' પણ કહે છે. ત્યાંથી રેલાતા શહેનાઈ અને વિવિધ વાજિંત્રોના સૂરો મંદિરના વાતાવરણને પવિત્ર, મધુર અને આહ્લાદક બનાવે છે. બલાનકમાં નીચેના ભાગમાં ચોકીઆતની ઓરડીઓ પણ હોય છે. બલાનક એ મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર હોવાથી તેને વિવિધ રીતે સુશોભિત કરવામાં આવે છે. વડતાલ મંદિરનું

પ્રવેશદ્વાર વિવિધ ચિત્રોથી સુશોભિત કરવામાં આવેલું છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયે તેના પ્રાકારયુક્ત મંદિરના વિશાળ પ્રાંગણમાં મંદિરની રચના સાથે સંતો અને આચાર્યશ્રી માટે કલાપૂર્ણ આવાસોની રચના કરીને મંદિર-સ્થાપત્ય સાથે વાસ્તુકલાનો અદ્‌ભુત સમન્વય સ્થાપ્યો છે. સંપ્રદાયના મંદિરોનાં પ્રાંગણમાં આવેલા આ બહુમાળી અને કલાપૂર્ણ આવાસોમાં નીચેના ભાગમાં ભોંયતળીએ સ્તંભાવલિયુક્ત વિશાળ સભામંડપ, અનાજના કોઠાર, રસોઈઘર, ભોજનકક્ષ, ગૌશાળા, કૂવો અને સ્નાનાગર, મહંત કે કોઠારીશ્રીની ઓફિસ વગેરેની વ્યવસ્થા કરેલી જોવા મળે છે.

(આધાર: સ્વામિનારાયણ શિલ્પ-સ્થાપત્ય)

## • વડતાલ મંદિરમાં ચિત્રકલા

વડતાલ શ્રી સ્વામિનારાયણ મંદિરના ઘુમ્મટમાં, એના પ્રાંગણમાં આવેલા સંતોની ધર્મશાળાની તથા હવેલીઓની દિવાલો ઉપર અને મંદિરને ફરતા કોટની દિવાલો પર અનેક ભીંતચિત્રો આજે પણ જળવાઈ રહ્યા છે. આ ભીંતચિત્રોનો મુખ્ય વિષય-વસ્તુ પૌરાણિક અને સામાજિક છે, અને તે ગુજરાતની પરંપરિત પ્રાદેશિક ચિત્રકલાના છેલ્લા તબક્કાના નમૂના છે. એમાં સંપ્રદાયની વિશિષ્ટ કલાની અસર જણાતી નથી, પરંતુ સ્થાનિક લોકકલાની અસર વધુ જણાય છે. સ્ત્રી-પુરુષોના આભૂષણ અને પહેરવેશ પર સૌરાષ્ટ્ર, કચ્છ, મારવાડ, મહારાષ્ટ્ર વગેરે અનેક પ્રદેશોની અસર વરતાય છે. આ ચિત્રો તત્કાલીન ધાર્મિક અને સામાજિક જીવન તથા રાજકીય પરિસ્થિતિનું પ્રતિબિંબ પણ પાડે છે.

આ બધા ચિત્રો સંપ્રદાયના પ્રસિદ્ધ ચિતારાઓ કડિયા રૂપા કચરા, કડિયા નથુ કાળા, ઈશ્વર ઝવેરભાઈ મિસ્ત્રી, ગિરધર કાનજી, સાધુ કૃષ્ણચરણદાસ, કડિયા શિવરામ દેશરાજ, કડિયા માધા કચરા, રંગીલદાસ ભાવસાર, ગણપતરામ વનમાળીદાસ ભાવસાર વગેરેએ ચિત્રિત કરેલા છે.

વડતાલ મંદિરનું કામ પૂરું થયા પછી તેના પ્રતિષ્ઠા મહોત્સવના દિવસોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મંદિરની કલાકારીગીરી નિહાળવા નીકળે છે. તે સમયે ચાલી રહેલા મંદિરના ઘુમ્મટના ચિત્રકામ અંગેની વિગતોનું વર્ણન આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજ રચિત શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

તેમાં થયેલા ઉલ્લેખ મુજબ ઘુમ્મટના ચિત્રો ગોંડલના મનજી નામના વિપ્ર કારીગરે દોરેલા. તેની ચિત્રકલાના ઉત્તમ નમુનાઓ નીરખીને ભગવાન શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયાં અને પાઘડી, શાલ, સોનાની કંઠી વગેરે ભેટોથી શ્રીહરિએ તેને નવાજી દીધો હતો. ઉપરાંત મંદિરની ત્રણેય રૂપચોકીઓના નાના ઘુમ્મટમાં મૂળ ચિત્રોના રેખાંકનો ઠીકઠીક સ્થિતિમાં જળવાઈ રહ્યા છે, જેમાં આ વિપ્ર કારીગરનું રેખાકૌશલ્ય, ચિત્રોની સુંદરતા તથા લોકકલાનો પ્રભાવ વગેરે આજે પણ છાનાં રહેતાં નથી. વડતાલ મંદિરના મુખ્ય ઘુમ્મટમાં વિપ્ર મનજીએ દોરેલાં ચિત્રો ઝાંખા થઈ જતાં સુરતના ચિતારા શ્રી ગણપતરામ ભાવસાર પાસે આશરે ૮૦ વર્ષ પહેલા તેને તૈલ રંગોથી નવા કરાવી દેવામાં આવ્યા હતાં.

વડતાલ મંદિરના પ્રાંગણમાં આવેલા હરિમંડપની દિવાલ પર, સંતોની ધર્મશાળા અને હવેલીની પાછળની દિવાલ પર તેમજ મંદિરને ફરતા કોટની બહાર દિવાલ પર અસંખ્ય ચિત્રો અને ચિત્રપટ્ટીકાઓ સચવાયેલા છે. ગુજરાતમાં આટલી મોટી સંખ્યામાં ક્યાંય જો ભીંતચિત્ર જળવાઈ રહ્યા હોય તો તે વડતાલ મંદિરમાં જ જળવાયાં છે. તેમાં પણ પૌરાણિક કથા-પ્રસંગો, રામાયણ, મહાભારત અને શ્રીકૃષ્ણલીલાના પ્રસંગો; હાથી, ઘોડા, રથ, મેના, વેલ, સુખપાલ, બળદ-ગાડાં વગેરે તત્કાલીન લોકધારનો સાથે સામંતી અને રજવાડી સવારીના દૃશ્યો; રાજા અને ગવૈયાઓના લોકવેશમાં વ્યક્તિચિત્રો; ઊંચા ટોપા પહેરેલા અંગ્રેજોની પલટન વગેરે દૃશ્યો સુરેખ રીતે ચિતરાયેલાં છે.

આ દૃશ્યોમાં વિવિધ ગુજરાતી અને કાઠિયાવાડી પહેરવેશ-અંગરખાં, ચોરણી, કેડીયાં, ફાળીયાથી બાંધેલ કમરબંધ, દરબારી સાફા કે ફેંટા, કાઠી અને માંગરોળી પાઘડીઓ વગેરે નજરે પડે છે. ક્યાંક મરાઠી કે દક્ષિણી ઢબની ચકરી પાઘડી પણ નજરે પડે છે. ડાબા નાકમાં નથણી પહેરેલી રાધા અને ગોપીઓ, અશોક વાટિકામાં હનુમાનજી પાસેથી અંગૂઠી સ્વીકારતાં કાઠિયાવાડી ઢબના બાજોટ (માંચી) પર બેઠેલા સીતાજી વગેરે સ્ત્રી ચિત્રો પણ ઉલ્લેખનીય છે. ક્યાંક રાજસ્થાની -મારીવાડી વસ્ત્રોવાળાં સ્ત્રી-પાત્રો કે મુઘલ પાઘડીવાળા સૈનિકોના કે રાજદરબારીઓનાં ચિત્રો નજરે પડે છે.

વડતાલ મંદિરમાં જોવા મળતાં કેટલાક ચિત્રો શ્રી સ્વામિનારાયણ ચિત્રકલાનાં ખાસ ઉલ્લેખનીય નમૂના ગણી શકાય. શ્રી ગણપતરામ ભાવસારે અંકિત કરેલા અને વડતાલ મંદિરમાં શ્રી રામપ્રતાપભાઈની હવેલીમાં પ્રતિષ્ઠિત કરાયેલ બે પ્રસિદ્ધ અને મોટા પટચિત્ર : (૧) શિક્ષાપત્રી લખતા ભગવાન શ્રી સ્વામિનારાયણ અને (૨) કલાત્મક અને સુવર્ણજડિત મંડપમાં સમભંગ સ્થિતિમાં

ઉભેલા અને સોળે શણગારથી સજ્જ એવા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રી ઘનશ્યામ મહારાજ - ખૂબ ઉલ્લેખનીય છે. આ ચિત્રોમાં સોનાનાં વરખનું તથા મોતી અને રંગીન બુટ્ટાઓનું જડતરકામ ઉત્તમ રીતે કરેલું છે. શ્રી ઈશ્વરભાઈ ઝવેરભાઈ મિસ્ત્રીએ ઈ.સ. ૧૯૦૯માં ૧૦-૩૫ સે.મી.માં બનાવેલ અને વડતાલ મંદિરના સભામંડપમાં ગોઠવેલા બે પટચિત્ર : (૧) ભગવાન શ્રીહરિના અધ્યક્ષપદે બે દેશવિભાગમાં સંપ્રદાયનું વિભાજન પટચિત્ર અને (૨) વડતાલમાં રંગમહોત્સવનું પટચિત્ર ઉલ્લેખનીય છે. આ પટચિત્રોમાં અનેક વ્યક્તિઓને ચિત્રિત કરવામાં આવી હોવા છતાં દરેકના ચહેરા અને શરીર રચના આબીહુબ, સ્પષ્ટ અને સપ્રમાણ છે. રંગ-સંયોજન પણ ઉત્તમ કક્ષાનું છે.

ગણપતરામ ભાવસારની જેમ સુરતના રંગીલદાસ ભાવસાર પણ સંપ્રદાયના ઉત્તમ ચિતારા અને એમણે ચિત્રિત કરેલા ઘણાં ચિત્રો વડતાલ મંદિરમાં આજે પણ જોવા મળે છે. રંગીલદાસે વડતાલ મંદિર પ્રકાશિત 'શ્રીસત્સંગિજીવન' ગ્રંથને સચિત્ર બનાવેલ. આ ગ્રંથમાંનું નીલકંઠ વર્ણી મહાપ્રભુના વનવિચરણના દૃશ્યની ભૂમિકામાં દેખાતા પહાડો અને એમાંથી વહેતી નદી-ધોધ-જંગલ વગેરેનું દૃશ્ય ખૂબ વખણાયું અને છપાયું છે.

આ ગ્રંથમાં પ્રસિદ્ધ થયેલા ચિત્રોની શ્વેત અને શ્યામરંગી લીથોગ્રાફીક છાપ વડતાલ પ્રદેશના અનેક મંદિરોમાં આજે પણ જોવા મળે છે. કલાગુરુ શ્રી રવિશંકરે રાવલે પણ સંપ્રદાયના ચિત્રોનું નિર્માણ કરવામાં આપ્યો છે. વડતાલના જ્ઞાનબાગના હરિમંદિરમાં એમણે ચિત્રિત કરેલી ભગવાન શ્રીહરિની તથા સંપ્રદાયના દેવોની મનોહર ચિત્રકૃતિઓ પ્રતિષ્ઠિત કરેલી છે.

(આધાર: સ્વામિનારાયણ શિલ્પ-સ્થાપત્ય)

## • રૂપચોકીની ડબલ કમાન :

વડતાલ શ્રી સ્વામિનારાયણ મંદિરના મુખ્ય પ્રવેશદ્વારની રૂપચોકીએ ડબલ કમાન છે. (આ ડબલ કમાન જોઈને સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ધોલેરા મંદિરમાં પણ મુખ્ય દ્વારની રૂપચોકીએ ડબલ કમાન કરી છે.) મુખ્ય દ્વારની રૂપ ચોકીની ડબલ કમાનની કથા કંઈક આવી છે.

આપણે એ તો જાણીએ જ છીએ કે, વડતાલ મંદિર નિર્માણનું કામ બ્રહ્માનંદ સ્વામીને ભગવાન શ્રીહરિએ સોંપ્યું હતું. બ્રહ્માનંદ સ્વામી એમના મંડળ સાથે મંદિર નિર્માણ અર્થે વડતાલ રહેતા હતા. મંદિરનું કામ ચાલુ હતું એ દરમિયાન બ્રહ્માનંદ સ્વામી નિરીક્ષણ અર્થે ફરતા હતા. વડતાલ મંદિરમાં નિર્માણ પામી રહેલ સ્થંભ, કમાન, રૂપચોકી વગેરે તેઓ ધ્યાનથી જોતા હતા.

એકાએક બ્રહ્માનંદ સ્વામીએ કારીગરને બોલાવી કહ્યું : ''દરેક કમાનોમાં કોતરણી છે. આ મુખ્ય દ્વાર છે. તેની રૂપચોકીએ ડબલ કમાન કોતરણી કરી મૂકવી જોઈએ.''

કારીગરે જવાબ આપ્યો : ''સ્વામી ! દરેક મંદિરમાં મુખ્ય દ્વારમાં રૂપચોકીની એક જ કમાન કોતરાય છે. ક્યાંયે ડબલ કમાન કોતરાયેલી નથી. ડાકોર રણછોડરાયના મંદિરમાં પણ એક જ છે. આથી, મેં આંહી પણ એમ જ કરેલ છે.''

''તમે 'રાજવલ્લભ' અને 'પ્રસાદમંડન' વગેરે શિલ્પકળાના ગ્રંથો ભણ્યા છો ?'' સ્વામીએ કારીગરને પૂછ્યું

''ના, સ્વામીજી ! અમે તો જૂના મંદિર ઉપરથી નકશો કરી નવું ચણીયે છીએ.''

બ્રહ્માનંદ સ્વામીએ તત્કાળ ત્યાં એક કાગળ મંગાવી તેના ઉપર પોતે રૂપચોકીની ડબલ કમાનનું ચિત્ર દોર્યું. અને શિલ્પકળાના નિયમ મુજબ તેમાં કોતરણી કરવાનાં સ્થાનો બતાવ્યાં. સ્વામીએ કહ્યું : ''આવી ડબલકમાન તથા સ્તંભો તેના શરભરણમાં હવે તમે તમારી કોતરણીની કારીગરી ઓળખી નકશો કરી તેના ફરમા કાપી ઘડાઈ શરૂ કરો. તમે આવું કામ ક્યાંયે નથી કરેલ તેથી તમને મનમાં ઘડ બેસતી નથી. પરંતુ આ મારો નકશો જોઈ તમે ચિત્ર દોરશો એટલે ભગવાન સ્વામિનારાયણના પ્રતાપે તમને આવડશે. એ માટે મારા આશીર્વાદ પણ છે.''

કારીગરે સ્વામીના આદેશને પાળ્યો. સ્વામીએ કહ્યા મુજબ તેણે કમાન તૈયાર કરી. રૂપચોકીએ કમાન ગોઠવતાં બધા ખુશ થયા.

ચરોતરના મંદિરકામ કરનાર કારીગરો આ ડબલ કમાન જોવા વડતાલ આવતા. વાત બધે પહોંચી. નિષ્કુળાનંદ સ્વામી જ્યારે ધોલેરા મંદિરનું નિર્માણ કરતા હતા ત્યારે એમને આ ડબલ કમાનની વાત યાદ આવી. એ પણ વડતાલ આવ્યા, કમાનો જોઈ, નકશા દોરી ધોલેરા લઈ ગયા અને ત્યાં એવી ડબલ કમાન બનાવી.

વડતાલ અને ધોલેરાનાં મંદિરોમાં હાલ પણ ડબલ કમાન મુખ્યદ્વારની રૂપચોકીમાં મોજુદ છે. ધોલેરા ખાતે તો આ કમાન નિષ્કુળાનંદ સ્વામીએ જાતે બનાવી હતી, તેથી પ્રાસાદિક કમાન જાણી હાલ આ કમાન સુવર્ણથી મઢવામાં આવી છે.

## ● વડતાલ મંદિર કાષ્ઠકલા :

શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં મોટેભાગે એક ગર્ભગૃહમાં સુખશય્યા હોય છે. આ સુખશય્યા એટલે કલાત્મક લાકડાનો પલંગ. એ પલંગ પર ભગવાન શ્રીહરિની ચિત્ર પ્રતિમા મૂકાયેલી હોય છે. આ ચિત્ર પ્રતિમાની ફ્રેમ લાકડાની, સુંદર કોતરકામવાળી હોય છે. શ્રી સ્વામિનારાયણીય કાષ્ટકલાનો અહીંથી પરિચય થાય છે.

વડતાલ શ્રી સ્વામિનારાયણ મંદિર પરિસરમાં આવેલ હરિમંડપ, ગાદીવાળાનો મેડો, સંતોની ધર્મશાળા, સભામંડપ વગેરે સ્થાનો કાષ્ટકલાથી ભર્યા છે. સભામંડપ તથા ગાદીવાળા મેડે આવેલ બંને ગાદીઓ શ્રદ્ધાનાં કેન્દ્ર છે, તેથી ત્યાં હરિભક્તો વંદન કરે છે. આ બંને ગાદી માટે વપરાયેલ પાટ પણ કાષ્ટકલાના નમૂના છે.

સભામંડપ અને સંતોની ધર્મશાળા તથા મંદિરની ઉત્તરે આવેલ પરશાળમાં થાંભલા, અન્યત્ર આટલી મોટી સંખ્યામાં ભાગ્યે જ જોવા મળે.

વડતાલના હરિભક્તોની ભાવના વ્યક્ત કરતો, નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલ, બાર બારણાંનો હિંડોળો એ ગુજરાતની કાષ્ટકલાનો ઉત્તમ નમૂનો છે.



વડતાલ મંદિરના હરિમંડપના પ્રથમ માળે અને અક્ષર ભુવનના પ્રથમ તથા બીજા માળે આવેલી શ્રી ઘનશ્યામ મહારાજની ઊભી તથા બેઠેલી કાષ્ટની મૂર્તિઓ શ્રી સ્વામિનારાયણીય કાષ્ટકલાના ઉત્તુંગ શીખર છે. ગુજરાતમાં અન્યત્ર ક્યાંય આવી નયનરમ્ય ભવ્ય કાષ્ટ મૂર્તિઓ અન્ય કોઈ દેવની બનાવાઈ નથી.

આ કાષ્ટની પ્રતિમાઓને શરીરને અનુરૂપ ઘઉંવર્ણ રંગથી રંગવામાં આવી છે. આંખો અને શરીરના અવયવોની રચના આબેહૂબ અને જીવંત જણાય છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં હરિમંદિરની પ્રથા પ્રથમથી જ છે. હરિમંદિર એટલે કાષ્ટનું કોતરણીવાળું સિંહાસન જેમાં આરાધ્ય દેવની ચિત્રપ્રતિમા કે મૂર્તિ પધરાવવામાં આવે છે. વર્તમાન સમયમાં અનેક ગામડાઓમાંના હરિમંદિર તેમજ દેશ-વિદેશમાં હરિભક્તોના અસંખ્ય ઘરોમાં આવા કાષ્ઠનાં કલાત્મક સિંહાસન પ્રતિષ્ઠિત થયા છે.

વડતાલ જ્ઞાનબાગ ખાતે આવેલ દાદાખાચરનો દરબાર ગુજરાતની પરંપરાગત હવેલી કાષ્ટ કલાનો ઉત્તમ નમૂનો છે. ઉત્તર ગુજરાતના પાટણ શહેરની એક હવેલી આખી ખરીદી તેનું કાષ્ટ અહીં લાવવામાં આવેલ. એના ઉપયોગ થકી શ્રીહરિ પ્રેરિત કાષ્ટકલાનું સંવર્ધન કરવામાં આવ્યું છે. કુંડળ ખાતે પૂ. જ્ઞાનજીવનદાસજી સ્વામીએ પણ કાષ્ટકલાનો ઉપયોગ કરી દરબારનું નિર્માણ કર્યું છે. આવાં નાનાં મોટાં અન્ય ઉદાહરણ પણ મળે. પૂ. નૌતમ સ્વામીએ નરસંડા બહેનોનું મંદિર અને અમદાવાદ દેશના રડોદરા ગામે તેમજ હાલ પૂ. ગોવિંદપ્રસાદ સ્વામી (મેતપુરવાળા)એ બુધેજમાં કાષ્ટની ઉત્તમ કલાકૃતિથી સુશોભિત નયમરમ્ય મંદિરનું નિર્માણ કર્યું છે. આમ અન્ય ગામોમાં કાષ્ટકલાનાં સુંદર નમૂના રૂપ હરિમંદિરોના નિર્માણ કર્યા છે. વડતાલમાં બાઈઓની હવેલી મંદિરની સામે આવેલ છે. ગુજરાતની પરંપરાગત હવેલીનો આ નમૂનો છે. તેમાં ડહેલી, ચોક, પડાળી, ઓરડા, કોઠાર વગેરે જોવા મળે છે. આ હવેલીનાં થાંભલાઓ અને તેના વિવિધ ભાગો કાષ્ટકોતરણીથી સુશોભિત છે. તેમ આ સ્તંભોની ઈમારતી (Structura)ની દૃષ્ટિએ પણ મહત્વના છે.

વડતાલ મંદિરના પ્રાંગણમાં એક માળથી ત્રણ માળ સુધીની રચનાવાળા સંતોની ધર્મશાળા-હવેલી-આવાસો આવેલા છે. મંદિરની શરૂઆત પછી ચાર-પાંચ દાયકામાં આ ભવનો નિર્માણ પામ્યાં છે. નીચેનો ભાગ કલાત્મક સ્તંભોવાળો વિશાળ સભામંડપ છે. ઉપરના મજલાઓમાં

કાષ્ટના ઝરૂખા અને રવેશ આવેલા છે. અહીં સુંદર સ્તંભિકાઓ જોવા મળે છે. આ મજલાઓમાં સંતોના નિવાસ માટે લાંબી પરશાળો છે. આચાર્યશ્રીના નિવાસસ્થાનની પણ વ્યવસ્થા છે. રસોઈઘર, ભોજનકક્ષ, કોઠાર, ભંડાર, કચેરીના ઓરડા પણ બનાવાયા છે.

વડતાલ મંદિરમાં વાસ્તુકલા અને સ્થાપત્યનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે. આ સંપ્રદાય, સાધુઓનો સંપ્રદાય છે. આ સાધુઓનાં નિવાસ અને ભક્તિ માટે મંદિર સાથે સાથે બનાવાયાં છે. આ મકાનોમાં ઈંટ અને ચૂનાનો ઉપયોગ જરૂર થયો છે. પરંતુ તેનું સમગ્ર બહુમાળી માળખું કાષ્ટના ઊંચા અને મજબૂત સ્તંભો, પાટડા તુલિકાઓ, મોભ અને ભારોટ પર ઊભું છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરોમાં સાધુ, બ્રહ્મચારી, પાળા એકસાથે રહે છે. આ સૌ ઉપાસકો છે. આથી અહીં વિશાળ અને લાંબી પરશાળો જોવા મળે છે. આ પરશાળોમાં સાધુઓના આસન એક જ હરોળમાં આવેલા હતાં. આ આસનમાં સૂવાનું પાથરણ, ધર્મગ્રંથો, કમંડળ, થાળી, વાડકો, લોટો, દોરી વગેરે ચીજવસ્તુઓ રાખવાનું એક ટાંકુ (નાનું કબાટ) રહેતું. રજાઈઓ તથા અન્ય સામાન્ય વસ્તુઓ સાચવવા માટે પટારાં કે મજૂસ પણ તેમાં રાખવામાં આવતા. વડતાલ મંદિરમાં આવેલ સંતોની ધર્મશાળા આનું ઉદાહરણ છે. આ સંતોના નિવાસરૂપ ત્રણ આસનો આજે વિદ્યમાન છે ને પૂજાય છે.

વડતાલના સભામંડપમાં ૭૦ થાંભલાઓ છે. પ્રત્યેક થાંભલો ટકાઉ અને અખંડ સાગી લાકડાનો બનેલ છે. દરેક થાંભલો પથ્થરની કુંભી ઉપર ઊભો છે. આ ૭૦ થાંભલાઓમાંથી ૨૪ થાંભલાઓ દિવાલ સાથે જોડાયેલા છે. ગોળ થાંભલા ઉપર ગોળ નકશી કિનાર છે. સભામંડપના થાંભલાની આ શૈલી મંદિરના અન્ય ભાગોમાં પણ જોવા મળે છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર સંકુલમાં મંદિરનાં તોતીંગ બારણાં, સંતોની ધર્મશાળા તથા હવેલીઓ, મૂર્તિઓ, સભામંડપ અને પરશાળોમાં કલાત્મક કાષ્ઠ કોતરણી અને કાષ્ઠ શિલ્પના નમૂનાઓ પ્રાપ્ત થાય છે જે એક પરંપરાના ભવ્ય વારસા સમાન છે.

શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદી, વડતાલના પ્રથમ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના સમયમાં વડતાલ ખાતે આચાર્ય મહારાજશ્રીની હવેલીનું નિર્માણ થયેલું. તો આચાર્યશ્રી ભગવતપ્રસાદજી મહારાજશ્રીએ વડતાલ મંદિરનો વિશાળ સભામંડપ કરાવ્યો, જેનાં બાંધણી, સ્થાપત્ય અને કાષ્ટકલાનું કોતરણીકામ ઉત્તમ પ્રકારના છે.

●●●

# વડતાલમાં ભગવાન શ્રીહરિએ ગોમતીજીની સ્થાપના કરી

## સં. ૧૮૮૧ (ઈ.સ. ૧૮૨૪)

ભગવાન શ્રીહરિ સુરતમાં પધારી હરિભક્તોને ઘેર ઘેર પધરામણી કરી સર્વને બહુ સુખ અને આનંદ આપીને ગઢડા પધાર્યા. ગઢડામાં એક દિવસ સભા ભરીને ભગવાન શ્રીહરિએ 'મુમુક્ષુજનોએ જીવનમાં એકાદવાર તીર્થયાત્રા કરવી જોઈએ' તે વાત વિસ્તારપૂર્વક કરી. એ વાત સાંભળીને ધર્મકુળ પરિવારના નંદરામ, ગોપાળજી વગેરે સભ્યોએ દ્વારકાની તીર્થયાત્રા કરવાની ઈચ્છા વ્યક્ત કરી. ભગવાન શ્રીહરિએ તરત જ એમના માટે શુભ મુહૂર્ત જોવડાવ્યું અને મહા સુદ ૯ના રોજ એમને દ્વારકાની યાત્રા કરવા માટે વિદાય કર્યા. એમને યાત્રામાં ખર્ચ સારું આવશ્યક દ્રવ્ય, બેસવા માટે અશ્વો, સિધ્ધા-સામગ્રી અને માલસામાન ભરવા માટે અને સ્ત્રીભક્તો, વૃદ્ધ અને બાળકોને બેસવા માટે બે ગાડાં આપ્યાં. અને સર્વના રક્ષણ સારું શસ્ત્રધારી ચાર ઘોડેસ્વાર હજુરી સેવકોને મોકલ્યા. ઉપરાંત બે માર્ગદર્શકો ત્યાગીવર્ગમાંથી સચ્ચિદાનંદ સ્વામી અને ગૃહસ્થવર્ગમાંથી ઉમરેઠના દયારામ શુક્લને પણ સાથે મોકલ્યા. કથાવાર્તા અને માર્ગદર્શનનું કામ સચ્ચિદાનંદ સ્વામી કરતા અને હિસાબકિતાબ રાખવો અને રહેવાની વ્યવસ્થા કરવી વગેરે કામ દયારામ શુક્લ કરતા. બધા યાત્રીઓ મહા વદ - ૧ના દિવસે દ્વારિકા પહોંચ્યા.

દ્વારિકામાં ગોમતીમાં સ્નાન કરવા માટે તથા તૂમ મુદ્રા લેવા માટે દરેક યાત્રિક પાસેથી કર લેવામાં આવતો હતો. ત્યાગી અને સંન્યાસીઓએ પણ એ કર આપવો પડતો હતો. સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું : "અમે તો સ્ત્રી અને ધનના સંપૂર્ણ ત્યાગી છીએ. અમે કર ભરવા માટે ધન રાખીએ તો અમારા જીવનવ્રતનો અને ત્યાગીના ધર્મનો ભંગ થાય, એટલે અમારા જેવા ત્યાગી પાસેથી કર ન લેવો જોઈએ." પણ ત્યાંના ધનલોલુપ ગૂગળી લોકોએ સ્વામીનું કંઈ સાંભળ્યું નહિ. જેણે કર ન ભર્યો હોય તેને દર્શન કરવા દેવામાં આવતાં ન હતાં. 'સચ્ચિદાનંદ સ્વામીને ગૂગળી લોકો દર્શન કરવા નહિ દે,' એમ નિશ્ચિત જણાયાથી નંદરામ આદિ ધર્મકુળ પરિવારના સભ્યોએ તથા દયારામ શુક્લે સ્વામીને વાત કરી કર ભરી દેવાની તત્પરતા દાખવી, પણ સ્વામીએ એમને એમ કરતાં અટકાવ્યા અને પોતાના વતી બીજા કર ભરે એની પણ સ્પષ્ટ ના કહી. પરિણામ એ આવ્યું કે સ્વામીને દર્શન કરવા જતાં દરવાજા આગળ જ અટકાવવામાં આવ્યા. ભગવાનના દર્શન ન થાય ત્યાં સુધી જમવું નહિ એવો સ્વામીનો નિયમ હતો. સ્વામીને દશ



ઉપવાસ થયા. એમની ટેક જોઈને અને સ્વામીની પ્રાર્થના સાંભળીને શ્રીરણછોડરાયજીએ દર્શન દીધા. સ્વામીએ ત્યારે પ્રાર્થના કરતા કહ્યું : ''અમે ત્યાગીઓ અમારા નિયમ પ્રણાલિકા પ્રમાણે સ્ત્રી અને દ્રવ્યના સંપૂર્ણ ત્યાગી છીએ. અહીં આપના દર્શનાર્થે આવે ત્યારે આપનું દર્શન કર ભર્યા સિવાય આ ગૂગળી લોકો કરવા દે તેમ નથી. એમને કોઈપણ પ્રકારની મુશ્કેલી સિવાય આપના દર્શનનો લાભ મળે એવી કૃપા કરો.''

સચ્ચિદાનંદ સ્વામીની પ્રાર્થના સાંભળી ભગવાને કહ્યું :

**अत्रातिनिर्दयाः सन्ति तैर्थिका धनलोलुपाः । द्रुह्यन्ति मम भक्तेभ्यस्तेभ्यो जानामि निश्चितम् ।।**
**अतो वृत्तालयपुरे लक्ष्मीनारायणस्य मे । मूर्तिर्भवति या तस्यामेत्य दास्ये स्वदर्शनम् ।।**
**ददामि दर्शनं यद्वदिह तत्र तथैव हि । दास्ये स्वदर्शनं तेभ्यो लक्ष्मीनारायणाख्यया ।।**

''આ ક્ષેત્રમાં અતિનિર્દય, ધનના લોભિયાઓ તીર્થમાં રહેનારા ગુગલીઓ છે. અને તે મારા ભક્ત-ઉદ્ધવસંપ્રદાયના સાધુઓનો દ્રોહ કરે છે. તે નિશ્ચય હું જાણું છું. માટે વૃત્તાલયમાં લક્ષ્મીનારાયણની જે મૂર્તિ છે તેમાં આવીને હું મારાં દર્શન આપીશ. જેવી રીતે આ પુરીમાં દર્શન આપું છું તેવી રીતે વૃત્તપુરીમાં શ્રીલક્ષ્મીનારાયણના નામથી તેમને મારાં દર્શન આપીશ.''

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૩૧/૪૦-૪૧-૪૨)

ભગવાન રણછોડરાયજીના આ વચનો સાંભળીને સચ્ચિદાનંદ સ્વામીને ઘણો આનંદ થયો. બધા યાત્રિકો સાથે જ્યારે સ્વામી દ્વારિકાથી ગઢડા પાછા આવ્યા ત્યારે સ્વામીએ ભગવાન શ્રીહરિને સભામાં પોતાની વીતકકથા કહી. તે સાંભળીને બધાને ખૂબ દુઃખ થયું. પરંતુ જ્યારે એમણે ભગવાન રણછોડરાયજીએ આપેલા આ વરદાનની પણ વાત કહી ત્યારે ત્યાગી અને ગૃહસ્થ હરિભક્તો સર્વજનોને ખૂબ આનંદ થયો. એ વખતે, વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ પ્રતિષ્ઠા કર્યા પછી એ સ્વરૂપને '**जानीत द्वारिकाधीश्वरः स्वयम् ।**' એવાં જે વચનો ભગવાન શ્રીહરિએ ઉચ્ચારેલાં તે બધાને યાદ આવ્યાં અને એમની સાર્થકતા સમજાય. મૂર્તિ પ્રતિષ્ઠા પછી અક્ષરાનંદ સ્વામીને ખાસ બોલાવીને ધારુ તળાવને વિશાળ ઊંડું બનાવવા માટે ખોદાવવાની જે આજ્ઞા કરી હતી તેનો મર્મ ત્યારે સમજાયો ન હતો તે આ વાત સાંભળીને સમજાયો.

દ્વારિકાની યાત્રા કરવા ગયેલા નંદરામાદિ યાત્રાળુઓ સચ્ચિદાનંદ સ્વામી સાથે ફાગણ વદ ૬ને દિવસે ગઢડા પાછા આવ્યા. સચ્ચિદાનંદ સ્વામીએ દ્વારિકાની વાત કહી અને રણછોડરાયજી વડતાલ પધારી રહ્યા છે એવું નિવેદન કર્યું એટલે ભગવાન શ્રીહરિએ પોતાના એ અપર સ્વરૂપને વડતાલમાં આવકારવા માટે બીજે જ દિવસે ગઢડાથી વડતાલ આવવા નીકળ્યા. ભગવાન શ્રીહરિ સચ્ચિદાનંદ સ્વામી ફાગણ સુદ ૧૧ના રોજ વડતાલ પહોંચ્યા. તે જ દિવસે એ જ સમયે રણછોડરાયજી પણ વડતાલ પધાર્યા. આ અલૌકિક આનંદ પ્રસંગમાં એક બીજી એક ઘટનાથી આનંદમાં વધારો થયો. વડોદરાની વિદ્વતસભામાં શાસ્ત્રાર્થ કરીને વિજય મેળવીને મુક્તાનંદ સ્વામી પણ બરાબર એ જ દિવસે વડોદરાથી વડતાલ આવી પહોંચ્યા.

ભગવાન શ્રીહરિએ બીજે દિવસે ગોમતીને કાંઠે આંબાવાડિયામાં સભા ભરી અને સર્વને દ્વારિકામાં સચ્ચિદાનંદ સ્વામીને થયેલા અનુભવની ઘટના કહી. સ્વામીએ કહ્યું કે, ''શ્રીરણછોડરાયજીની બીજી મૂર્તિની પ્રતિમા ન થાય ત્યાં સુધી એ સ્વરૂપ શ્રીલક્ષ્મીનારાયણના સ્વરૂપમાં અંતર્હિત રહેશે.'' મંદિરમાંથી દ્વારિકેશની મુદ્રા અને ચંદન મંગાવીને ત્યાગી ગૃહસ્થ સર્વ હરિભક્તોને અંગોમાં તપ્તમુદ્રાને બદલે ચંદનની શીતમુદ્રાની છાપ ધારણ કરાવી અને પછી કહ્યું : ''આજથી પૂર્ણિમા સુધી આ ધારુ તળાવને હજુ વધુ વિશાળ અને ઊંડું બનાવો. ફાગણ વદ પડવાને દિવસે સવારના શુભ મુહૂર્તમાં એમાં ગોમતીજીનો પ્રાદુર્ભાવ થશે અને આખું સરોવર મધુર જળથી ભરાઈ જશે.''

એ પછી ભગવાન શ્રીહરિ સભામાંથી ઊભા થયા અને તળાવ, જેમાં તે વખતે એક બાજુ થોડું પાણી હતું, બીજી બાજુ પણ ખોદકામ ચાલતું હતું ત્યાં આવ્યા અને એક કોદાળી લઈને, તળાવની એક ચોકડી ખોદવા લાગ્યા. પોતે ખોદેલી માટી, પાવડાથી ટોપલીમાં ભરી અને પછી તે ટોપલી માથે ઊંચકીને પાળની બાજુમાં નાખવા ચાલ્યા. ભગવાન શ્રીહરિને સ્વયં સેવા કરતા જોઈને સંતો-હરિભક્તો તળાવમાં ચોકડીઓ ખોદવા લાગ્યા અને માટી ભરી ભરીને ટોપલીઓ પાળ ઉપર નાખવા લાગ્યા. એ પ્રમાણે ત્રણ દિવસ સુધી લગાતાર ભગવાન શ્રીહરિએ અને સર્વ ભક્તજનોએ તળાવ ખોદવા રૂપી ઈષ્ટાપૂર્તકર્મનો સેવાયજ્ઞ કર્યો. ગોમતી સરોવરમાં અંદર ઊતરવાના પગથિયાની સામે આજે જ્યાં છત્રી કરેલી છે ત્યાં ભગવાન શ્રીહરિ પાટ ઉપર બેસતા અને હરિભક્તો જે સેવાયજ્ઞ કરી રહ્યા હતા તેના ઉપર બહુ પ્રસન્ન થતાં. વચ્ચે વચ્ચે ઘણીવાર પોતે પાટ ઉપરથી ઊભા થતાં અને ખોદકામ થતું હતું ત્યાં જતા અને માટીવાળા હાથપગ અને શરીર જેમના થયેલા છે એવા હરિભક્તોને અતિ પ્રેમથી ભેટતા હતા. ભગવાન શ્રીહરિના

અંગનો સ્પર્શ થતાં જ હરિભક્તોનો થાક ઊતરી જતો અને પરમ આનંદની સરવાણીઓ શરીરમાં રેલાઈ જતી. એમ કરતાં કરતાં પૂર્ણિમાનો દિવસ પૂરો થયો. સરોવરમાં પ્રમાણમાં ઘણું વિશાળ અને ઊંડું ખોદાયું હતું પણ એમાં એક બાજુ થોડુંક જ પાણી હતું.

પડવાને દિવસે સવારે ભગવાન શ્રીહરિએ ફરીથી ગોમતી કાંઠે સભા ભરી. પોતે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં, કંઠમાં ગુલાબના પુષ્પનો હાર અને કાન ઉપર ગુલાબના પુષ્પના ગુચ્છ ધારણ કર્યા હતાં. શ્રીહરિ પાટ ઉપરથી ઊભા થયા. ભીમજી નામના પાર્ષદને આંગળીઓ ઈશારો કરીને પોતાની પાસે બોલાવ્યા અને પછી તેને સાથે લઈને તળાવમાં ઊતર્યા. તળાવના મધ્યભાગમાં જઈને ખોદાયેલી જમીનમાં એક જગ્યાએ પોતાના હાથની ત્રીજી આંગળીને સહેજ ગોળ ફેરવી, એ જગ્યાનું વિધિવત્ પૂજન કર્યું. અને પછી કોદાળી પાર્ષદ ભીમજીના હાથમાં આપીને, એને ત્યાં ખોદવાની આજ્ઞા કરી.

ભીમજી ભગત શ્રીહરિને પગે લાગ્યા અને પછી શ્રીહરિએ આપેલી કોદાળી વડે, શ્રીહરિએ દર્શાવેલી જગ્યાએ ખોદકામ કર્યું. એક હાથ જેટલું માંડ ખોદાયું હશે ત્યાં જ જમીનમાંથી એક મોટી જળધારા પ્રગટ થઈ. જમીનની સપાટીથી બાર-તેર ફૂટ જેટલી ઊંચાઈ સુધી સીધી ઊછળતી એ જળધારાએ પવનના વેગને કારણે થોડો વળાંક લીધો અને શ્રીહરિ જ્યાં ઊભા હતા ત્યાં આવીને પ્રથમ મહારાજના શિર ઉપર અભિષેક કર્યો અને ત્યાંથી નીચી ઉતરીને ચરણારવિંદનું પ્રક્ષાલન કર્યું. શ્રીહરિએ અંગ ઉપર ધારણ કરેલા વસ્ત્રો જળધારાથી પલળી ગયાં. શ્રીહરિએ પોતાના કંઠમાંથી પુષ્પનો હાર કાઢીને જળધારાને પહેરાવી દીધો. પણ એને એટલાથી સંતોષ ન થયો. કાનમાં ધારણ કરેલા બે પુષ્પગુચ્છો પણ એણે માગી લીધા. શ્રીહરિએ આજુબાજુ ઊભેલા સર્વ આશ્રિતોને બનતી ઉતાવળે કાંઠા ઉપર જતા રહેવાની આજ્ઞા કરી અને પછી પોતે પણ અક્ષરાનંદ સ્વામીના ખભા ઉપર હાથ મૂકીને કાંઠા ઉપર આવ્યા.

ભગવાન શ્રીહરિએ વસ્ત્રો બદલીને બીજા વસ્ત્રો ધારણ કર્યાં. પછી સભામાં શ્રીહરિએ કહ્યું : "આજથી હવે આ સરોવરનું ધારુ તળાવ 'ગોમતી સરોવર' નામે ઓળખાશે. ભારતમાં જેવી સાત પવિત્ર નદીઓ તીર્થસ્વરૂપ છે, ગઢડામાં જેવી ઘેલા નદી તીર્થરૂપ છે તેવું આ ગોમતી સરોવર પણ તીર્થરૂપ ગણાશે. જે કોઈ સ્ત્રી યા પુરુષ, શ્રદ્ધા અને પ્રેમથી ભક્તિભાવપૂર્વક આ સરોવરમાં સ્નાન કરશે એ સર્વે પાપોથી નિઃસંદેહ મુક્ત થઈને અમારા ધામને પામશે."

જેટલા દિવસ શ્રીહરિ વડતાલમાં રહ્યા, તેટલા દિવસ સવારથી બપોર સુધી પોતે ગોમતીને ગળાવતા હતા. ગોમતીને મોટપ આપ વાનો શ્રીહરિએ સંકલ્પ કર્યો હતો કે આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી વધારે ને વધારે ગોમતીનો મહિમા વધે.

ભગવાન શ્રીહરિએ ધારૂ તળાવડીને ગોમતીનું નામ આપી, તેને ખોદી વિશાળ બનાવવાની યોજના કરી. ભગવાન શ્રીહરિ સ્વયં આંબાવાડિયામાં પલંગ ઉપર બિરાજતા અને સંતો તળાવ ખોદવાનું કામ કરતા. સંતોને મહારાજ પ્રત્યે ભક્તિ હતી, તેથી મહારાજની આજ્ઞાથી જે સેવા તેમને મળતી તેમાં તેમને મહારાજની ભક્તિ કર્યાનો જ ભાવ રહેતો.

ગોમતી તળાવ ગળાવવાની શરૂઆત કરી ત્યારે ઈચ્છારામભાઈના પુત્ર ગોપાળજીને સંકલ્પ થયો કે જ્યાં ગોમતીજી હોય ત્યાં રણછોડજી પણ હોવા જોઈએ. રણછોડજીની મૂર્તિ શ્યામ છે. જ્યારે અહીં લક્ષ્મીનારાયણની શ્વેત મૂર્તિઓ છે. તેમનો આ સંકલ્પ જાણી મહારાજે તેમને કહ્યું : "તમારો સંકલ્પ છે તેથી અહીં રણછોડજીની મૂર્તિની પણ સ્થાપના થશે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૨૫-૩૫)

વડતાલમાં ભગવાન શ્રીહરિએ ગોમતીજી સ્થાપનાનો ઉજવેલ ઉત્સવ પ્રસંગનું વર્ણન સંપ્રદાયના ગ્રંથોમાં આચાર્યશ્રી તથા સંતો-ભક્તો દ્વારા ગ્રંથિત થયેલું છે, જે અહીં અક્ષરઃ સહ જોઈએ :

### • શ્રી સત્સંગિજીવન ગ્રંથ :

સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં ગોમતીજી સ્થાપનાનું સુંદર વર્ણન કર્યું છે :

પછી રામપ્રતાપ અને ઈચ્છારામ જીવનપર્યંત શ્રીહરિની સમીપમાં જ રહેવા માટે ઈચ્છાવાળા થયા. પછી રામપ્રતાપ અને ઈચ્છારામે, નંદરામ-ગોપાલ આ બે મોટા પુત્રોને શ્રીહરિની આજ્ઞાથી પોતાના પુર અયોધ્યા પ્રત્યે જવાની આજ્ઞા આપી. તે સમયે બંને પુત્રોએ સમીપમાં આવતા વસંતોત્સવનાં દર્શન કરીને અમે જઈશું એમ પોતપોતાના પિતા પ્રતિ કહ્યું. ત્યાર બાદ માઘ માસની શુક્લ પંચમી આવી. તે સમયે શ્રીહરિએ વસંતઋતુના આરંભમાં કરવા યોગ્ય પોતે પૂજવા યોગ્ય શ્રીકૃષ્ણની પ્રતિમાનું વિધિ પ્રમાણે પૂજન કર્યું. તે વસંતોત્સવમાં શ્રીહરિના શિષ્યો, ત્યાગી મુનિઓ, ગૃહસ્થો અને સ્ત્રીઓ પણ દેશાંતરથી આવ્યાં. શ્રીહરિએ અનેક પ્રકારવાળા ચંદન-પુષ્પ-આંબાનાં પુષ્પો, અબીર-ગુલાલ વગેરે અને કેસરી રંગનાં નવીન સૂક્ષ્મ વસ્ત્રોથી રાધાલક્ષ્મી સહિત શ્રીકૃષ્ણની વિધિ પ્રમાણે પૂજા કરી. શ્રીહરિ, ભગવાનને મહાનૈવેદ્ય અર્પણ અને મહાનીરાજન કરીને પછી પોતાના આશ્રિતોની સાથે લાલ-પીતાદિ રંગોના જળો અને ગુલાલોથી રમતા હતા. પછી સર્વે મુનિઓ અને બ્રાહ્મણો અને પોતાના પાર્ષદોને ઘણું ઘી-સાકરથી યુક્ત ઘણા

પ્રકારનાં ભોજનોથી તૃપ્ત કરીને પોતે શ્રીહરિએ પોતાના ભાઈના ભવનમાં ભોજન કર્યું. પછી સાંજના પહોરે શ્રીવાસુદેવના મંદિરની સમીપે વસંતોત્સવમાં ખેલવા માટે કરાવેલા વિસ્તારવાળા મંડપમાં સભા થઈ. ત્યાં મહા સિંહાસનમાં મુનિપતિ શ્રીહરિ બેઠા. નિર્મળ અંતઃકરણવાળા ત્યાગીઓ શ્રીહરિની આગળ બેઠા. વેદ જાણનારા, શાસ્ત્ર જાણનારા અને પુરાણને જાણનારા ઘણા બ્રાહ્મણો તેમની આગળ બેઠા. નૈષ્ઠિક વ્રતધારી બ્રહ્મચારીઓ અને હજારોહજાર ગૃહસ્થજનો બેઠા. તે સર્વે પણ શ્રીહરિના મુખકમળને જોતા સતા યથાયોગ્ય બેઠાં. અયોધ્યાવાસી શ્રીહરિના સંબંધીઓ શ્રીહરિના સિંહાસનની સમીપે બેઠા. શ્રીહરિ તે સત્પુરુષોની સભામાં પોતાના શિષ્યોથી વીંટાયેલા સતા તારાના સમુદાયોથી વીંટાયેલા ચંદ્રમાની માફક શોભતા હતા. પછી સર્વ શાસ્ત્રના રહસ્યને જાણનારા શ્રીહરિ કરુણારૂપી અમૃત દૃષ્ટિથી ભક્તોને જોતા થકા આનંદ આપતા બોલ્યા :

શ્રીનારાયણમુનિ કહે છે : હે ભક્તો, ઉદ્ધવ સંપ્રદાયમાં જે વૈષ્ણવ પુરુષો હોય તેમણે તો પૃથ્વીમાં તીર્થયાત્રા કરવી. કારણ કે ભગવાનના એકાંતિક ભક્તો ઘણું કરીને તીર્થોમાં જ મળે છે અને એ તીર્થોમાં રામકૃષ્ણાદિની મૂર્તિઓનાં દર્શન થાય છે. માર્કંડેય-ધૌમ્ય તથા લોમશ વગેરે બ્રહ્મઋષિઓએ પરમ આદરથી તીર્થોનું સેવન કરાય છે. ધર્મનિષ્ઠ યુધિષ્ઠિર વગેરે રાજર્ષિઓએ પણ શ્રીહરિની પ્રીતિ માટે પૃથ્વીમાં ઘણાં તીર્થો સેવેલાં છે. માટે ભગવાનના ભક્તો મારા શિષ્યો પુરુષોએ આ પૃથ્વીમાં ગંગાદિ તીર્થોને પોતાની શક્તિથી-ભક્તિથી સદા સેવવા યોગ્ય છે. જે પુરુષો પોતાની શક્તિને અનુસારે તીર્થોમાં સ્નાન, દાન, શ્રીહરિની પૂજા, બ્રાહ્મણો અને સાધુપુરુષોને નાના પ્રકારનાં ભોજનોથી તૃપ્ત કરે તે પુરુષો સમગ્ર પાપોથી મુક્ત થાય. આ દેશમાં સર્વ તીર્થમાં ઉત્તમ ઈચ્છિત ફળને આપનારું શ્રી દ્વારિકાપુરી તીર્થ છે. આ દ્વારિકામાં સ્વયં વિશ્વકર્માએ રચેલું અતિસુંદર સુવર્ણમય સુંદર ભવનમાં શ્રી રુક્મિણીના પતિ શ્રીકૃષ્ણ હંમેશાં રહે છે. ત્રણેય કાળમાં અખંડિત ઐશ્વર્યવાળા શ્રીકૃષ્ણ જ્યારે યદુકુળનો સંહાર કરી પ્રભાસમાં અંતર્ધાન થયા ત્યારે સમુદ્રે શ્રીકૃષ્ણના ભવન સિવાયની સંપૂર્ણ શ્રી દ્વારિકાપુરી બુડાડી દીધી. મહાસમર્થ શ્રીકૃષ્ણ પ્રભાસમાં યદુકુળનો સંહાર કરીને સમગ્ર જનો જોઈ ન શકે એવા સતા આપણા હિતને માટે તત્કાળ જ સમુદ્રે નહિ બુડાડેલાં પોતાના દિવ્ય ભુવનરૂપ મંદિરને પામેલા છે. માટે આ દ્વારિકાપુરીને મુક્તિપુરી કહે છે. કળિયુગમાં કલ્યાણકારક આના સમાન બીજું તીર્થ છે નહિ. માટે ગૃહસ્થો તથા ત્યાગીઓએ દ્વારિકાની યાત્રા કરવી અને પોતાના અધિકાર પ્રમાણે ત્યાં તીર્થનો વિધિ કરવો.

હે ભક્તો, પુણ્યક્ષેત્રોમાં ગૃહસ્થોએ વિશેષપણે ન્યાયોપાર્જિત દ્રવ્યનો વ્યય કરવો તથા સાધુપુરુષોની સેવા કરવી. આ પ્રકારે સમગ્ર ભક્તોને કહીને પછી સત્પુરુષોના ગુરુ શ્રીહરિએ કોશલ દેશમાં જવા માટે તૈયાર થયેલા પોતાના સંબંધીઓને જોયાં. શ્રીહરિએ પોતાના બંને ભાઈના મોટા પુત્રો નંદરામ અને ગોપાલ અને મામાના પુત્ર મંછારામ (માનસારામ)ને કહ્યું કે તમો દ્વારિકાની યાત્રા કરીને જ પોતાના પુરમાં જાઓ. ઉદ્ધવના આશ્રિત જનોએ આ દ્વારિકાની યાત્રા તો અવશ્ય કરવી. દ્વારિકામાં રુક્મિણી સહિત શ્રીકૃષ્ણનાં દર્શન કરવાં. ગોમતીના જળમાં સ્નાન કરવું. પોતાની શક્તિ પ્રમાણે દાન કરવું. કૃષ્ણનાં આયુધો જે તપાયમાન સુદર્શન, શંખ, ગદા અને પદ્મ તેનાથી પોતાના બંને હાથ ચિહ્નિત કરાવવા. તેમજ દ્વારિકાના નિવાસી બ્રાહ્મણો અને સાધુઓને શક્તિ પ્રમાણે જમાડવા. આ પ્રમાણે શ્રીહરિનું આજ્ઞાવચન સાંભળીને પછી નંદરામ વગેરે શ્રીહરિને કહેવા લાગ્યા : 'હે સ્વામિન્ ! અમો દ્વારિકાપુરી જઈશું. નિશ્ચે ત્યાં તીર્થનો વિધિ શક્તિ પ્રમાણે કરીશું. પરંતુ હે હરે, દૂર દેશથી આવેલા અમો દ્વારિકાનો માર્ગ અને માર્ગમાં નિવાસ યોગ્ય ગામો અથવા પુરોને જાણતા જ નથી. જો માર્ગાદિને જાણનાર કોઈ પુરુષ હોય તો તેની સાથે અમો તમારી આજ્ઞાથી દ્વારિકાની યાત્રા કરવા માટે આજે જ જઈએ.' આવું નંદરામાદિનું વચન સાંભળીને તે સમયે સર્વજ્ઞ અનંત ઐશ્વર્યવાળા શ્રીહરિએ સભામાં બેઠેલા ભક્તોમાં દ્વારિકાના માર્ગાદિને જાણનારા સચ્ચિદાનંદ મુનિને પોતાના વિચારમાં ધાર્યા.

પછી શ્રીહરિ સમાધિનિષ્ઠ, ભયરહિત ઋષભદેવના પુત્ર જડભરતની જેમ રહેલા સચ્ચિદાનંદ નામના મુનિને જોઈને બોલ્યા : 'હે સાધો ! તમો શ્રીકૃષ્ણના એકાંતિક ભક્ત છો માટે આ લોકમાં મારા આશ્રિત સાધુઓને પણ પૂજ્ય છો. દ્વારિકાના માર્ગાદિને જાણનારા છો માટે નંદરામાદિને દ્વારિકા લઈ જાઓ. મારી સમીપમાં યાત્રા કરવા ઈચ્છતા બીજા અનેક સાધુઓ છે તે સાધુઓ ઠંડીનો સમય ચાલ્યો જશે ત્યારે દ્વારિકાની યાત્રામાં નિશ્ચે જ આવશે. આ અયોધ્યાવાસી નંદરામાદિને આ વર્ષે પોતાનાં ગૃહો પ્રત્યે મોકલવા છે. માટે તમો અયોધ્યાવાસીઓની સાથે હાલમાં જ જવા માટે યોગ્ય છો. હે મહાબુદ્ધે ! તમો નંદરામાદિને માર્ગમાં સુખી કરતા સતા શ્રી દ્વારિકાની યાત્રા કરી, અને એમને કરાવીને તત્કાળ અમારી સમીપે આવો. હે મુને ! જ્યારે શ્રીરુક્મિણીપતિની ઈચ્છા થશે ત્યારે હું પણ સાધુઓની સાથે આવીશ.'

આ પ્રમાણે શ્રીહરિએ કહેલા મહાસમાધિનિષ્ઠ, સર્વદા શ્રીહરિની આજ્ઞાપરાયણ સચ્ચિદાનંદ મુનિ બંને હાથ જોડીને શ્રીહરિને નમસ્કાર કરી બોલ્યા : 'હે પ્રભો ! જે પ્રમાણે તમોએ કહ્યું તે તમારી આજ્ઞા તમારી પ્રસન્નતા માટે પાલન કરીશ. આ નંદરામાદિ ભાતું

વગેરે લઈને જ જવા માટે તૈયાર થાઓ.' સચ્ચિદાનંદમુનિએ આ પ્રમાણે કહેવાયેલા શ્રીહરિએ પોતાની આગળ રહેલા મયારામ બ્રાહ્મણને એ નંદરામાદિનું યાત્રાનું મુહૂર્ત જુઓ આ પ્રમાણે કહ્યું. પછી વૃદ્ધ વિપ્ર મયારામે માથા ઉપર રહેલી મોટી પાઘમાંથી મોટું પંચાંગપત્ર તત્કાળ કાઢ્યું. મયારામ વિપ્રે પંચાંગમાં યાત્રા યોગ્ય લગ્નશુદ્ધિ તથા ચંદ્રબળ જોઈને 'હે સ્વામિન્ ! માઘ સુદી નવમી તિથિમાં શુભ મુહૂર્ત છે.' આવું શ્રીહરિને કહ્યું. પછી શ્રીહરિએ પોતપોતાના સ્થાનમાં જવાની આજ્ઞા આપેલા સભામાં બેઠેલા ભક્તજનો શ્રીહરિનું વાક્ય તીર્થયાત્રાના વિધાનરૂપ પોતાના મસ્તકથી અંગીકાર કરીને પોતપોતાના નિવાસ સ્થાનમાં ગયા. પછી ભગવાને આજ્ઞા આપેલા નંદરામાદિ શ્રીહરિને નમસ્કાર કરી દ્વારિકાપતિ શ્રીકૃષ્ણને સ્મરણ કરતા સતા સુદી નવમીને દિવસે તૈયાર થયા.

સત્પતિ શ્રીહરિએ તેઓને ધન, અશ્વો, ગાડાં તથા શસ્ત્રવાળા પાર્ષદો આપીને નંદરામાદિને શુભ મુહૂર્તમાં દ્વારિકા પ્રત્યે મોકલ્યા. કૃષ્ણના દર્શનમાં ઉત્સાહવાળા માટે જ માર્ગમાં ઉતાવળા ચાલતાં નંદરામાદિ માઘ વદી પ્રતિપદાને દિવસે જૂની દ્વારિકામાં રહેલી ગોમતી તીર્થમાં ગયા. કેવળ ધન જેમને પ્રિય છે એવા ત્યાંના ગોમતી તીર્થમાં રહેનારા ગુગલી નામના બ્રાહ્મણોએ ધનગ્રહણ વિના નંદરામાદિને ગોમતીમાં સ્નાન કરવા દીધું નહિ. તે સમયે ગૃહસ્થાશ્રમી નંદરામાદિએ ગુગલીઓને તેમને ઈચ્છિત દ્રવ્ય આપીને આદરથી ગોમતીમાં સ્નાન કર્યું. નિષ્કિંચન સાધુને કોઈ પણ તીર્થમાં સ્નાનાદિનો પ્રતિરોધ નથી આવો વિચાર કરીને નંદરામાદિએ સચ્ચિદાનંદમુનિને પૂછ્યા વિના સ્નાન કર્યું. મુનિ ગોમતીમાં જઈને શ્રીકૃષ્ણ પરમાત્માનું ક્રીડાસ્થાન ગોમતીના દર્શનથી સ્મૃતિમાં આવેલી શ્રીકૃષ્ણની મૂર્તિમાં લીન થયું છે મન જેમનું એવા સતા ધીમે ધીમે ચાલતા હતા. સાધુશિરોમણિ, અપરિગ્રહી, આત્મનિષ્ઠ, ગજેન્દ્રની માફક ચાલતા પોતાના દેહનું જેમને અનુસંધાન નથી તેવા નિષ્કિંચન સચ્ચિદાનંદમુનિને પણ; તીર્થભૂમિમાં શ્રાધ્ધ કરીને પિત્રાદિ માટે દર્ભની સાદડી ઉપર આરોપિત કરેલા પિંડવાળા શ્રાધ્ધકર્તા પુરુષને તીર્થના કાગડાઓ જ જેમ તેમ દક્ષિણાના અભિલાષી ભિક્ષુકો ચોતરફ વીંટાઈ ગયા. બાળકો-યુવાન અને વૃદ્ધોએ ખેંચાયાં છે વસ્ત્રો જેમનાં એવા મુનિ જ્યારે લગારેય ક્ષોભ પામ્યા નહિ ત્યારે અર્થીજનો મુનિને કપટથી પાખંડીવેશને ધારણ કરનારા જાણતા હતા. કેટલાક ઉન્મત્ત જાણતા હતા. અને કેટલાક ગાંજો વગેરેનું પાન કરવાથી મદોન્મત્ત થયેલા માનતા હતા.

પછી મુનિનો ત્યાગ કરી દક્ષિણાર્થીઓ-તીર્થનાં નિવાસીઓ સ્નાન કરતા અયોધ્યાવાસી નંદરામાદિને દૂરથી જોઈને તત્કાળ તેમની સમીપમાં જઈને વીંટાઈ ગયા. પછી સચ્ચિદાનંદમુનિ ચાલવા માટે અસમર્થ થયા ત્યારે ગોમતી જવાના માર્ગમાં બેસી ગયા. જાગ્રતાદિ ત્રણ અવસ્થાઓને ઉલ્લંઘન કરી પરબ્રહ્મસ્વરૂપમાં સમાધિને પામ્યા. કોસલ દેશના નિવાસી નંદરામાદિ ગોમતીમાં સ્નાન કરી બ્રાહ્મણોને દક્ષિણાદિ આપીને સમાધિ પામેલા સચ્ચિદાનંદમુનિની સમીપમાં તત્કાળ આવીને તેમને જોતા હતા. મુનિને સમાધિવાળા જોઈને તેમના સ્વરૂપને જાણનારા અયોધ્યાવાસી બ્રાહ્મણોએ ક્ષણ વાર વિચાર કરીને મુનિને ઊંચકીને ગોમતીના માર્ગથી બીજા સ્થાનમાં મૂક્યા. પછી ગોપાલજી નંદરામભાઈને કહે, હે ભાઈ ! તીર્થ કરનારા આપણે હવે શું કરવું ? તે સમયે મંછારામ પણ બોલ્યા. મહાસમાધિવાળા સાધુને આપણે કેવી રીતે સાથે લઈ જઈશું ? અથવા એમનો ત્યાગ કરીને કેવી રીતે જઈશું ? માટે આપણે આ સ્થળમાં જ રહેવું આ પ્રકારે મને ભાસે છે. તે સમયે ગોપાલજીએ મંછારામને કહ્યું, એ સાધુને હું જાણું છું. આ સાધુ મહાન સમાધિનિષ્ઠ છે. આ સાધુની સમાધિસ્થિતિ ઘણી છે. વળી આ સાધુ કોઈ સમયે ત્રણ દિવસ પર્યંત, ક્યારેક પાંચ દિવસ, ક્યારેક દસ દિવસ સમાધિમાં રહે છે. ક્યારેક પંદર દિવસ સમાધિમાં રહે છે. આ પ્રકારે આ સાધુની સમાધિનો નિયમ નથી. આ પ્રકારે હું જાણું છું. તે સમયે નંદરામ બોલ્યા, આપણે યાત્રા કરીને આઠ અથવા નવ દિવસે ફરીથી તત્કાળ આ સ્થળમાં આવીશું. ભૂતલમાં કોઈ પણ તીર્થોમાં સાધુઓને ચિંતા નથી કારણકે પહેલાંના વિદ્વાનોએ 'સાધુઓનું તીર્થ જ ઘર છે' એમ કહેલું છે. આવું નંદરામનું વચન સાંભળીને ગોપાલ અને મંછારામ એમ જ કરીશું એમ કહીને તે દિવસે ગોમતીના કિનારે નિવાસ કરીને બીજે દિવસે ત્યાંથી ત્રણે જણ ચાલી નીકળ્યાં.

અયોધ્યાવાસીઓ આરાવણ ગામમાં ધન આપીને તપ્તમુદ્રાઓ ગ્રહણ કરી શ્રીહરિને પ્રિય શંખોદ્ધાર તત્કાળ સમુદ્રની ખાડી ઊતરીને ગયા. અયોધ્યાવાસીઓએ શંખોદ્ધારમાં તીર્થવાસી બ્રાહ્મણોને ધન આપીને શ્રીદ્વારિકાપતિનાં દર્શન કર્યાં અને તેમની પૂજા પોતાની શક્તિ પ્રમાણે ભક્તિપૂર્વક કરી. નંદરામ વગેરે પોતાના દ્રવ્યના અનુસારે સમગ્ર તીર્થમાં યોગ્ય વિધિ કરતા થકા શંખોદ્ધારમાં પાંચ દિવસ રહ્યા. પછી કોસલ દેશના બ્રાહ્મણો નંદરામ વગેરે રાત્રિ દિવસ સચ્ચિદાનંદ સાધુને જ પોતાના મનમાં સ્મરણ કરતા સતા તત્કાળ ગોમતી પ્રત્યે આવ્યા. હવે આ સચ્ચિદાનંદ મુનિ અયોધ્યાવાસી બ્રાહ્મણો શંખોદ્ધાર ગયા તે દિવસે જ સમાધિથી જાગ્રત થયા. મુનિ તે અયોધ્યાવાસી બ્રાહ્મણોને શંખોદ્ધાર ગયેલા જાણીને ગોમતીમાં સ્નાન કરવા ગયા. મુનિની પાસે દ્રવ્ય નહિ હોવાથી ગોમતીના નિવાસી બ્રાહ્મણો વગેરેએ ગોમતીના જળમાં સ્નાન કરવા દીધું નહિ. ધને રહિત અને સ્ત્રીઓનો સ્પર્શ નહિ કરતા હોવાથી સચ્ચિદાનંદ મુનિને

શ્રી સ્વામિનારાયણના આશ્રિત સાધુ જાણીને તીર્થ નિવાસી કોઈ પુરુષ ઈર્ષ્યાથી અન્ન પણ આપતા નહોતા. નથી ગણ્યાં ભૂખ-તરસ વગેરે શરીરધર્મ જેણે એવા પાછી વૃત્તિથી શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરતા સચ્ચિદાનંદ મુનિએ પણ ભોજન માટે ગોમતી તીર્થમાં કોઈ પણ માણસની પાસે યાચના કરી નહિ. તેથી સચ્ચિદાનંદમુનિ ગોમતી તીરે ત્રણ દિવસ સુધી ઉપવાસ કરીને રહ્યા તોપણ દયારહિત મનવાળા તીર્થવાસીઓએ સ્નાન કરવા દીધું નહિ. પછી જેણે ક્રોધ જીત્યો છે અને આહાર પણ જીત્યો છે એવા મુનિ શ્રીહરિની ઈચ્છા જાણતા સતા ત્યાંથી ચાલ્યા અને આરાવણ ગામ પહોંચ્યા.

આરાવણ ગામમાં તપ્ત મુદ્રાની પ્રાપ્તિ માટે ભૂખ સહન નહિ થવાથી રડતા, સ્વભાવથી દ્રવ્ય રહિત-ચોરોએ જેમનું દ્રવ્ય લઈ લીધું છે એવું જનોને ચોતરફ જોઈને આરાવણ નામની સંજ્ઞા પણ (ચોતરફ રાવણ - જનોને બૂમરાણ જેમાં છે તે આરાવણ કહેવાય, એવું) સાર્થક નામ મુનિએ જાણ્યું. મુનિએ આરાવણ ગામમાં કોઈ પુરુષને બે ઉપવાસ કેટલાકને ત્રણ ઉપવાસ-કેટલાકને પાંચ દિવસના ઉપવાસ-કેટલાકને છ દિવસના ઉપવાસ કરતા જોયા. ભૂખથી કૃશ થઈ ગયેલાં પેટ (ઉદર) જેમનાં છે એવા ભૂખની ગ્લાનિથી શ્યામ મુખવાળા માટે જ રંક અને ઊંચેથી રડતા વૃદ્ધો અને બાળકોને જોતા હતાં. ભૂખથી પૃષ્ઠ ભાગમાં ચોંટી ગયા છે ઉદરો જેમનાં એવી, મુખમાં વાયુનો પ્રચાર જ બાકી રહેલો છે જેણીનો એવી પૃથ્વીમાં પડેલી ચેષ્ટાઓ રહિત સ્ત્રીઓને જોતા હતા. માર્ગમાં અને વનમાં ચોરોએ બળપૂર્વક લૂંટી લીધાં છે ધન જેમનાં એવા ક્ષીણ દેહવાળા કેટલાક બ્રાહ્મણોને અને કેટલાક વેરાગી સાધુઓને તપ્તમુદ્રાના અધિકારીઓએ ધનપ્રાપ્તિ માટે પીડા કરાયેલાઓને મુનિ જોતા હતા. ઉપવાસ કરવાથી અસ્પષ્ટ અને લાંબા સમયે ઉચ્ચારણ કરેલી વાણીવાળા વારંવાર અત્યંત 'મારી પાસે દ્રવ્ય હોય તો મારો એકનો એક પુત્ર મરે' આવા સમ ખાવા છતાં પણ નિર્ધન જનોને બીજા તે ગામનાં જનોએ અતિ ગાળો આપીને તિરસ્કાર કરતા એવા જનોને મુનિ જોતા હતા. મરવા પડેલા શરીરોવાળા, ભૂખરૂપી અગ્નિથી બળેલાં અંગોવાળા, કેટલાક વેરાગી સાધુઓને દ્રવ્યે રહિત જાણીને સારી રીતે પરીક્ષા કરીને દ્રવ્યની ઈચ્છાના ભંગથી થયેલા ક્રોધથી તપ્તમુદ્રાના અધિકારીઓએ તીવ્ર તપાવેલી તપ્તમુદ્રા વડે નિર્દયપણે બહુ ભાર દેવાપૂર્વક દઝાડેલા એવાને જોઈને આ મુનિ દયાના વશથી થરથર કંપવા લાગ્યા. ત્યારપછી આરાવણ ગામમાં ફરતા મુનિ તપ્તમુદ્રા આપનારા જનની સમીપમાં જઈને હે કૃષ્ણભક્તો! આજે મને તપ્તમુદ્રાથી ચિહ્નિત કરો : આવી રીતે બોલ્યા. તે સમયે કોઈ તપ્તમુદ્રા આપનારો અધિકારી હસતો સતો (હકીકતમાં તો ઋષભ=સારા સાધુ છે છતાં વ્યંગમાં વૃષભ=બળદિયા જેવા કહેતો થકો) બોલ્યો : 'આ વૃષભને અંકિત કરો.' તે સમયે બીજો અધિકારી 'આવા ધૂર્તો ક્યાંથી આવે છે ?' એમ બોલ્યો. કેટલાકે ધન આપીને તપ્તમુદ્રાથી ચિહ્નિત થાઓ આ પ્રમાણે કહ્યું તે સમયે અમો ધન અને નારીને સ્પર્શ કરતા નથી. આ પ્રમાણે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા. 'તમારી ગોદડીમાં રૂપિયા છે જ.' આ પ્રમાણે તપ્તમુદ્રા આપનારા બોલ્યા. તે સમયે મુનિએ તો ગોદડી આપી.

પછી તપ્તમુદ્રા આપનારાઓ ગોદડીમાં દ્રવ્ય ખોળવા લાગ્યા. તપ્તમુદ્રા આપનારા પુરુષોએ કંથામાં દ્રવ્ય નહીં જોઈને કંથા દૂર ફેંકી દીધી. તે સમયે ચારણ જ્ઞાતિનો અધિકારી બોલ્યો-મુનિની કૌપીનમાં ધન હોય. સાધુ વેષધારી વેરાગીઓ કૌપીનમાં અને જટાઓમાં પણ ઘણું કરીને ધન રાખે છે. મેં ગઈ કાલે કોઈ વેરાગીની કૌપીનમાં સીવીને સંતાડેલું ધન કાઢ્યું હતું. તેનું વચન સાંભળનારા તપ્તમુદ્રા આપનારાઓએ સચ્ચિદાનંદ મુનિની કૌપીન ખેંચી ત્યારે સચ્ચિદાનંદમુનિએ તેઓને કહ્યું, હે ભક્તો, શ્રી સ્વામિનારાયણના સાધુઓની કૌપીનમાં ધનનો સંભવ નથી. તે સમયે મુનિના વાક્યના શ્રવણ સમયમાં મુનિએ કહેલું સ્વામિનારાયણનું નામ સાંભળીને અતિ ક્રોધથી તે બોલ્યા. હે મુને, તમારા ગુરુ સ્વામિનારાયણની પાસે લાખો રૂપિયા છે જ. જો તમારે તપ્તમુદ્રા લેવી હોય તો તમારા ગુરુ સમીપે જઈને ઘણું ધન લાવો કારણકે ઈચ્છાપર્યંત ધન ગ્રહણ કર્યા વિના તમોને તપ્તમુદ્રા આપીશું નહીં. આ સ્થાનથી તત્કાળ દૂર જાઓ. હે રાજન્ ! આ પ્રકારે તેમણે કહેવાયેલા યોગીન્દ્ર મુનિ તો તે સમયે અતિ વિસ્તારવાળી લંઘન વેદિકા (લાંઘણચોરો)ને પામીને ત્યાં બેઠા.

આજે અથવા આવતે દિવસે અથવા પરમ દિવસે એ મને તપ્તમુદ્રાઓ આપશે આવો નિશ્ચય કરીને તે મુનિ ત્યાં જ બેસી રહ્યા. લાંઘણથી ઉપવાસ કરતા દીન-અતિ રંકજનોને આર્તનાદ કરતા જોઈને મુનિએ આરાવણ ગામના નિવાસીઓનું નિર્દયપણું ભયંકર હિંસક પ્રાણીઓથી પણ અધિક જાણ્યું. આરાવણ ગામમાં જે પુરુષ ધન આપે છે તે જ તપ્તમુદ્રા પામે છે. આ પ્રમાણે જોતા સતા મુનિએ આગળ કહે છે તેવું જોયું : લાંબા અને લગારેક પીળા રંગનાં ચોંટેલા કેશોથી ગૂંથેલી જટાવાળો અને અતિ લાલચોળ મોટા જે બંને નેત્રોથી જણાતો છે ભાંગનો મદ જેને એવો, મેશના પર્વતની માફક અતિ કાળા પ્રૌઢ શરીરમાં ધોળી ભસ્મને ધારણ કરતો, અતિ ઊંચી છાતીવાળો, ભયંકર આકારવાળો, કાળા લોખંડના કડાંવાળો અતિ લાંબો ચીપિયો હાથમાં ધારી રહેલો, એવો એક ખાખી નામનો વેરાગી સાધુ તપ્તમુદ્રા લેવા આવ્યો. ભક્તિના અતિશયને જણાવતો હોય તેમ અતિદીર્ઘ ઘોષ વડે વારંવાર 'જય દ્વારિકાધીશ્વર' એવા

નામને આક્રોશપૂર્વક ઉચ્ચારતો, કટિમાં ત્રણ શેરોની જાડી મુંજની મેખળા અને લોખંડની સાંકળને ધારી રહેલો, લિંગનું આચ્છાદન થાય એટલા જ કૌપીનના કટકા માત્રને ધારી રહેલો (નગ્નપ્રાય), વાંકા પ્રસારેલા નિર્દય નિરીક્ષણથી બાળકવર્ગને બહુ બિવરાવતો, સત્વર ગતિવાળો, ભયંકર લાંબા મુખના કેશવાળો આવો તે ખાખી તપ્તમુદ્રા આપનાર અધિકારી પુરુષ પાસે આવીને નિર્ભયપણે હમણાં જ મને તપ્તમુદ્રા આપો એમ તેમના પ્રત્યે બોલ્યો. તે સમયે નિર્ભય બોલતા તે ખાખીને રાજભૃત્યોએ દૂર જા દૂર જા એમ બોલતા સતા બહુ તિરસ્કાર કર્યો તો પણ ખાખી ત્યાંથી ખસ્યો જ નહિ.

તે સમયે પોતાને નહિ ગણીને તપ્તમુદ્રા આપવા બેસાડેલા જનોના મધ્યમાં પેસીને બેસી ગયેલા તે ખાખીને પોતાની અવગણના કરવાથી થયેલા કોપાવેશથી લાલચોળ લોચનવાળા તે બહુબલિષ્ઠ રાજપુરુષોએ ભેગા થઈ તેને પકડ્યો. બહુબળવાન હોવાથી બીજાઓએ ન પકડી શકાય એવા ખાખીને રાજપુરુષોએ બળપૂર્વક પકડીને મુષ્ટિપ્રહાર અને કોણીઓ મારીને તરત જ દૂર દેશમાં કાઢી મૂક્યો. પોતે બળવાન હતો તો પણ ખાખી ઘણા રાજપુરુષોને પરાભવ કરવા અસમર્થ સતો રાજપુરુષોને કહેવા લાગ્યો, 'હું ત્યાગી, માટે જ દ્રવ્યાદિના પરિગ્રહથી રહિત સાધુ છું. તપ્તમુદ્રા ગ્રહણ કરવા તમારી પાસે આવ્યો છું. મને શા માટે બહાર કાઢો છો?' તે સમયે રાજપુરુષો બોલ્યા - અરે ખાખી, દ્રવ્ય આપીને તપ્તમુદ્રાઓ ગ્રહણ કરો. તે સમયે ખાખી બોલ્યો - હે રાજપુરુષો, મારી પાસે કંઈ પણ દ્રવ્ય નથી જ. કેડ્યમાં લાંબી એક લોખંડની સાંકળ છે. તે સમયે ચારણ જ્ઞાતિના રાજસેવકે ખાખીની જટાના સમુદાયને ધીરેથી ખેંચ્યો તેટલામાં એક સુવર્ણમુદ્રા જટાથી પૃથ્વીમાં પડી. તેટલામાં અધિકાર મદથી ઉન્મત્ત ચારણ વગેરે રાજસેવકો ખાખીને ચોંટી પડ્યા. તેને નીચે પાડ્યો. ખાખીની જટાને પૃથ્વીમાં જુદી પાડીને જોતા હતા. ફરીથી બીજી ચાર સુવર્ણમુદ્રાઓ જટાથી કાઢી તે મુદ્રા રાજપુરુષોએ ગ્રહણ કરી. પછી તે રાજપુરુષોએ ખાખીને મૂકી દીધો. મરેલાના સમાન ખાખી પણ તપ્તમુદ્રાઓ ગ્રહણ કર્યા વિના જ તીર્થવાસી રાજપુરુષોને વારંવાર ગાળો દેતો સતો ધીમે ધીમે પોતાના ભવનમાં ગયો.

મુનિ સચ્ચિદાનંદ સાધુ તો કોઈ પણ ઠેકાણે નહિ જોયેલું એ સર્વ આશ્ચર્ય જોઈને કૃષ્ણના આયુધોનું ચિહ્ન દ્રવ્યથી જ સાધ્ય માનતા હતા. પછી ધન પ્રાપ્તિની અભિલાષાથી કેટલાક ચારણો ઉપહાસ કરતા સતા સચ્ચિદાનંદ સાધુને કહેતા હતા. હે સાધો ! સાધુ સમીપે દ્રવ્ય હોય આમાં સંશય નથી જ. આ રાજના સેવકોએ અમોએ ખાખી સાધુથી ધન કાઢ્યું તે આ તમોએ પ્રત્યક્ષ જોયું. અમો તમોને પણ ખાખીની માફક જ કરીશું. તે સમે તે સાધુ બોલ્યા-મારા માથામાં જટા નથી. જૂનાં વસ્ત્રોની ગોદડીને તો કોઈ ચોરે પણ માર્ગમાં ગ્રહણ કરી નથી. બાર આંગળની પહોળી એક મારી કૌપીન નવી છે. જો કૌપીન ગ્રહણ કર્યે સતે મુદ્રાઓ આપતા હો તો હાલમાં ગ્રહણ કરો. આ પ્રકારે કહેલા તે ચારણો હસતા સતા બીજે ગયા. આહારે રહિત મુનિ પણ નિર્ભયપણે શ્રીહરિનું સ્મરણ કરતા થકા ત્યાં રહ્યા. પોતાની ભૂખની પીડાને નહીં ગણતા બીજાની પીડા જોવા માટે અસમર્થ મુનિ તો ત્રણ દિવસ ઉપવાસ કરી આરાવણ ગામથી શંખોદ્ધાર ગયા.

આ લોકમાં સાધુ-પુરુષો અન્ય જનની પીડા જોવા માટે ક્યારેય પણ સમર્થ થતા નથી જ. કારણકે પુરાણમાં કરુણાપૂર્ણ સાધુજનોનું હૃદય નવનીતની માફક કોમળ કહેલું છે.

સચ્ચિદાનંદ મુનિ જ્યારે દ્વારિકાધીશના મંદિરને પામ્યા તે સમયે જ અયોધ્યાવાસીઓ નંદરામાદિ વિપ્રો શંખોદ્ધારથી ગોમતીને પામ્યા. શ્રીકૃષ્ણના દર્શનમાં ઉત્સાહવાળા મુનિ, મંદિરના દ્વારને પામીને જેટલામાં મંદિરની અંદર પ્રવેશ કરે તેટલામાં દ્વારમાં રહેલા દ્વારપાળોએ કોણ છો ? કોણ છો ? અમારી આજ્ઞા વિના તપ્તમુદ્રાના ચિહ્ન રહિત તમે આપવા યોગ્ય ધન આપ્યા વિના દોડતા સતા મંદિરમાં કેમ જાઓ છો ? આ દરવાજાથી તત્કાળ દૂર જાઓ. એમ કહીને કાઢી મૂક્યા. પહોળાં લાલ નેત્રોવાળા દ્વારપાળોએ આ પ્રકારે ત્યાંથી કાઢી મૂકેલા સચ્ચિદાનંદ સાધુ એકલા જ મંદિરના દ્વાર સામે એક દુકાનમાં બેઠા.

પછી મુનિ મંદિરથી બહાર જતા ગુગલી બ્રાહ્મણોને કહેતા કે, 'હે બ્રાહ્મણો આ દિવસે મને દ્વારિકાનાથનાં દર્શન કરાવો. કારણ કે હે શ્રેષ્ઠ વિપ્રો ! શાસ્ત્રોમાં બ્રાહ્મણોનું હૃદય કોમળ કહેલું છે. માટે તમો મારા ઉપર કૃપા કરવા યોગ્ય છો.' તે સમયે તે બ્રાહ્મણો બોલ્યા : હે સાધો, અમોને સત્ય કહો. કન્થા અને કૌપીનમાં સંતાડેલી સુવર્ણમુદ્રા અથવા ચાંદીની મુદ્રા તમારી પાસે કેટલી છે ? તે સમયે સચ્ચિદાનંદ સાધુ બોલ્યા : હે વિપ્રો ! મારી સમીપે કંઈ પણ ધન નિશ્ચે નથી કારણકે હું ત્યાગી સાધુ છું માટે ત્યાગીઓને ધન ક્યાંથી હોય ? હે બ્રાહ્મણો, સાધુઓમાં પણ હું સહજાનંદ સ્વામીનો શિષ્ય છું. માટે દૂરથી સ્ત્રી-ધનનો ત્યાગ કરનાર મારે દ્રવ્ય ક્યાંથી હોય ? તે સમયે બ્રાહ્મણો બોલ્યા : તો દ્રવ્યના અભાવમાં તો તમો આ સ્થાનમાં મરી જશો તો પણ દ્વારિકાધીશનાં દર્શન થશે નહીં. અમો તો સહજાનંદના શિષ્યોના કાળરૂપ = દર્શનમાત્રથી જ નાશ કરનારા છીએ. પુરમાં પ્રવેશ પણ કરવા દઈએ નહીં, તો કૃષ્ણનાં દર્શનની તો વાત જ શી કરવી. તમારા ગુરુ સહજાનંદ સ્વામી જ કૃષ્ણ છે તો તું પૃથ્વીમાં શા માટે ફરે છે ? અમો દ્વારિકાના

ગુગલીઓ જ્યાં સુધી સહજાનંદ સ્વામીને મળ્યા નથી ત્યાં સુધી સહજાનંદ સ્વામી 'હું શ્રીકૃષ્ણ છું' એવી ગર્જના ભલે કરે. આ પ્રકારે કહીને આસુરી સંપત્તિવાળા ગુગલી બ્રાહ્મણો ગયા. તેટલામાં બીજા જનો મુનિને કહેવા લાગ્યા : દ્રવ્ય આપીને દ્વારિકાનાથનાં દર્શન કરો. શા માટે ઉપવાસ કરો છો ? કેટલાક માણસો મુનિને તીક્ષ્ણ વાણીરૂપ બાણોથી તિરસ્કાર કરતા હતા. કેટલાક આ શઠ છે આમ બોલતા હતા. બીજા મૂર્ખ છે એમ બોલતા હતા.

મુનિનું આતિથ્ય તો દૂર રહ્યું પરંતુ પુરમાં કોઈ પુરુષ 'સ્વામિનારાયણનો સાધુ છે' એવું જાણીને ઈર્ષ્યાથી સારી વાણીથી પણ બોલાવતા નહોતા. આહારથી રહિત મુનિ તો દ્વારિકાધીશનું દ્વાર જોતા સતા દૃઢ આસન યુક્ત થઈ બજારમાં બેઠા. વળી દ્રવ્ય આપીને જ મંદિરમાં પ્રવેશ કરતાં યાત્રિક સ્ત્રી-પુરુષોનો અત્યંત સંઘર્ષ જોઈને મુનિ ત્રાસ પામ્યા. મુનિએ શંખોદ્ધારવાસી જનોનું નિર્દયપણું જોઈને આ નિર્દયપણું આરાવણ ગ્રામથી પણ અતિશય છે એમ નિશ્ચય કર્યો. અને લક્ષ્મીના મદથી અંધ થયેલાઓને જોઈને ત્રાસ પામ્યા. આવા વિચારમાં રહેલા મુનિને ત્યાં જ રહેતા સૂર્ય પણ અસ્તાચળને પામ્યો. પછી રાત્રિ થતાં મુનિ મનમાં વિચાર કરવા લાગ્યા : 'અહો ! આ અતિનિર્દય સ્થાનમાં હું આવી ચઢ્યો છું. અથવા આવી ઈશ્વરની ઈચ્છા છે. હવે મારે શું કરવું ? કૃષ્ણનાં દર્શન મને શી રીતે થાય ? મારા ગુરુભાઈ મુક્તાનંદાદિ મહાસાધુઓ મહાપ્રભુ શ્રીહરિની આજ્ઞાથી આ તીર્થમાં આવશે તો તે મહાત્મા ત્યાગીઓની શી ગતિ થશે ? દ્વારિકાધીશ શ્રીકૃષ્ણના દર્શન કરીને આવવું તેવી ભગવાન શ્રીહરિની આજ્ઞા મને થયેલી છે તે આજ્ઞા મુજબ કૃષ્ણદર્શન નહિ પામીને તેમની સમીપે મારાથી કેમ જવાય ? સકળ ઐશ્વર્યસંપન્ન જે પ્રત્યક્ષ કૃષ્ણ શ્રીહરિ પોતે તો ગઢપુરમાં વિરાજે છે. તે સાક્ષાત્ કૃષ્ણ આ પુરીમાં ચતુર્ભુજ વર્તે છે જ. ભક્તપ્રિય સર્વના અભિપ્રાયને જાણનારા પ્રભુ દ્વારિકાધીશ તે આ શ્રીહરિકૃષ્ણ મને પોતાના દર્શન આપશે જ.' આ પ્રકારે મનમાં નિશ્ચય કરીને સમાધિનિષ્ઠ સચ્ચિદાનંદ મુનિ પોતાના આચાર્ય શ્રીહરિને પ્રણામ કરી હૃદયમાં ધ્યાન કરતા સતા અન્ન અને જળનો ત્યાગ કરીને બેઠા.

આ રીતે અનશન વ્રત લઈને બેઠેલા, અને જળનો પણ જેણે ત્યાગ કર્યો છે એવા દૃઢ નિશ્ચયવાળા મુનિને ચાર દિવસો વીતી ગયા. સમાધિમાં શ્રીકૃષ્ણને જોતા હતા તો પણ સાક્ષાત્ દર્શનને ઈચ્છતા આ મુનિ મહાધૈર્ય યુક્ત થકા પાંચમે દિવસે આ સ્તોત્રથી શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. સચ્ચિદાનંદ મુનિએ કરેલી દ્વારિકેશની સ્તુતિ અને પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે આપેલા વરદાનની પ્રાપ્તિ બીજા દેહધારીઓને દુર્લભ છે તે કહ્યું છે.

સચ્ચિદાનંદ મુનિ સ્તુતિ કરે છે : 'હે લક્ષ્મીજીની સાથે ક્રીડા કરનારા, હે રમણીય મુખારવિંદવાળા, હે શંકર-બ્રહ્મા-ઈન્દ્રાદિ દેવતાઓએ સ્તુતિ કરાયેલા, હે ધર્મે સહિત ભક્તિના પરમ આશ્રયરૂપ, હે પવિત્ર કરનારી કીર્તિવાળા, હે શ્રી દ્વારિકાપુરીના ઈશ્વર, હે શ્રીકૃષ્ણ ! તમો પ્રસન્ન થઈ મને વરદાન આપનારા થાઓ. હે સમગ્ર શક્તિઓના સ્વામી, તમો પોતાના ભક્તના સમુદાયોને અસુરોથી રક્ષણ કરવા માટે ચાર હાથોથી શંખ-ગદા-ચક્ર અને પદ્મને ધારણ કરતા સતા દ્વારિકામાં નિત્ય બિરાજો છો. કૌરવની સભામાં દુઃશાસને દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચ્યાં હતાં ત્યારે દ્રૌપદીએ મહાઆપત્કાળમાં સ્મરણ કરાયેલા તમે તત્કાળ રુક્મિણી સહિત પલંગનો ત્યાગ કરીને દ્રૌપદીને પામીને ઘણાં પ્રકારે ઘણાં વસ્ત્રો આપીને દ્રૌપદીની લાજ રાખી. એકાંતિક ભાવથી પોતાને ભજતી દ્રૌપદીનું સભામાં કૌરવોની અનુમતિથી દુઃશાસને કરેલા કેશપાશના આકર્ષણને નહિ સહન કરતા તમોએ કૌરવોની સ્ત્રીઓને મરેલા છે પતિઓ જેના, માટે જ મુંડાવ્યા છે મસ્તકના કેશો જેણીએ એવી કરી. દુર્યોધને મોકલેલા દુર્વાસામુનિના કારણથી મહાઆપત્કાળમાં બૂડેલા પાંડુપુત્રો-યુધિષ્ઠિરાદિનો ઉદ્ધાર કરવા માટે પગરખાં પહેર્યા વિના દ્રૌપદીએ સંભારેલા તમે તત્કાળ વનમાં ગયા.

શાકમાત્રના પ્રાશનથી તેમની આપત્તિનો નાશ કર્યો, એ રીતે ભક્તપ્રિય એવા જે તમે તે તમારો હું દાસ છું. સત્યભામાની અભિલાષા પરિપૂર્ણ કરવા માટે તમો દેવોએ સહિત સુરેન્દ્રને જીતીને સ્વર્ગ લોકથી સત્યભામાએ યાચના કરેલો કલ્પવૃક્ષ આ દ્વારિકાપુરીમાં લાવ્યા. હે દયાળો ! વૈરથી ઉત્પન્ન થયેલી જે વાંકી ભ્રુકુટિના ભંગથી જોતા નાના પ્રકારનાં શસ્ત્રોથી પોતાને પ્રહાર કરતા અને ઘણા પ્રકારે ગાળો આપતા માટે જ અતિ દુષ્ટ દૈત્યોને પણ વૈકુંઠલોકમાં તમો લઈ ગયા.

હે નિયંતા ! 'તમારા સ્વરૂપના દર્શનરૂપી અમૃત ધનવાનોથી જ પ્રાપ્ત થાય છે, ધને રહિત દીન જનોને પ્રાપ્ત થતું નથી' આ રીતે, નિષ્કિંચન જનો પ્રિય જેને છે આ પ્રકારે પ્રસિદ્ધિ પામેલા તમારે વિશે કહેવા માટે યોગ્ય નથી. (માટે તમારે અહીં આવી અપકીર્તિમાં રહેવું યોગ્ય નથી.) હે ઈશ ! તમો આ ભૂમિમાં દૈત્યરૂપ જે રાજાઓ અને ગુરુઓએ નાશ પમાડેલા એકાંતિક ધર્મમાર્ગનું રક્ષણ કરવા માટે હાલમાં દિવ્ય નરતનુ ધર્મભક્તિથી ધારણ કરતા સતા વિરાજમાન છો જ. અંતઃકરણમાં સ્ફુરાયમાન થતા કલિના મળરૂપ કામ-ક્રોધાદિ કળિયુગના દોષોવાળા દેવ-મનુષ્ય અને અસુરોથી દૂર રહેલા છો. આ કારણથી તમો 'ત્રિયુગ' એવા નામથી પ્રસિદ્ધ થયા છો. સંસારના ત્રિવિધ તાપથી તપાયમાન થયેલા તેથી જ શરણે આવેલા જે જીવોના સ્વામી છો. એવા હે શ્રીકૃષ્ણ ! તમે મારી ઉપર

પ્રસન્ન થઈને વર આપનારા થાઓ.'

આ પ્રકારે સ્તુતિ કરતા અતિ પ્રેમથી શ્રીકૃષ્ણના સ્વરૂપમાં નિમગ્ન ચિત્તવાળા સચ્ચિદાનંદ મુનિ જાગ્રતાદિ ત્રણ અવસ્થાઓને ઉલ્લંઘન કરી બ્રહ્મભાવને પામીને પરમાત્મસ્વરૂપમાં સ્થિતિવાળા થયા. અર્થાત્ સમાધિ પામ્યા. ભગવાન-ભક્તવત્સલ-પરમેશ્વર, સચ્ચિદાનંદ મુનિના ભાવને જાણનારા દ્વારિકાનાથ શ્રીકૃષ્ણે અત્યંત પ્રસન્ન થઈને તે મુનિને પોતાનાં દર્શન આપ્યાં. યદુકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ હસતા સતા માઘ વદી એકાદશીની રાત્રિમાં ચોથા પહોરમાં સચ્ચિદાનંદ મુનિની સમીપમાં આવ્યા. પ્રથમ મુનિના હૃદયકમળમાં લક્ષ્મી અને સત્યભામા અને અર્જુને સહિત તથા સાત્યકિ અને ઉદ્ધવે સહિત શ્રીકૃષ્ણ પ્રગટ થયા. એકદમ પોતાના હૃદયમાં આવિર્ભાવ પામેલા કોટાનકોટિ સૂર્યોથી અધિક કાંતિવાળા, માટે આશ્ચર્યકારી દર્શનવાળા શ્રીકૃષ્ણને જોઈને મુનિ પ્રેમથી પરવશ થઈ ગયા. ભગવાન શ્રીકૃષ્ણ એકદમ જ મુનિના હૃદયમાં અંતર્ધાન થઈ ગયા.

પછી મુનિએ તેમના દર્શન નહિ થવાથી સમાધિથી ઊઠીને વેગે યુક્ત થકા બહાર દ્રષ્ટિ પ્રદેશમાં રહેલા પ્રત્યક્ષ જ શ્રીકૃષ્ણને જોયા. જળ આપનારા નવીન મેઘ સમાન શ્યામસુંદર રમણીય દિવ્ય શરીરવાળા, વીજળીની કાંતિ સમાન પીળા પીતાંબરને ધારણ કરનારા, અનેક અલંકારોથી સમલંકૃત અને શોભાયમાન મુગટને ધારણ કરનારા, શોભાયમાન જે લાલકમળનાં પત્રો સમાન નેત્રોવાળા, નાના પ્રકારના મોતીઓ અને પુષ્પોના હારોથી શોભાયમાન કંઠવાળા-સર્વદા પ્રસન્ન મુખવાળા-ચાર ભુજાઓથી શંખ-ગદા-સુદર્શન અને કમળને ધારણ કરતા; જે પ્રભુ=સર્વશક્તિઓના પતિ, દિવ્ય એવાં વિભૂષણો અને વસ્ત્રોને ધારણ કરનારાં-પદ્મ અને વીંજણો બે હાથથી ધારણ કરતાં-સુંદર કાંતિવાળાં રુક્મિણીરૂપ લક્ષ્મીજીએ અતિશય પ્રેમથી જોવાયેલા; તેમજ અતિશય લાવણ્ય અને અતિશય રૂપ છે જેના શરીરમાં એવા-સોનાની ઝારીને ધારણ કરીને ભગવાનની સમીપમાં રહેલાં સત્યભામાએ કટાક્ષથી જોવાયેલું છે મુખ જેમનું એવા; જમણા ભાગમાં ચામરને ધારણ કરીને ઉદ્ધવજીએ વિનયથી વીંજાયેલા અને વામ ભાગમાં ચામરધારી સાત્યકિએ વિનયથી વીંજાયેલા, તેમજ પાછલા ભાગમાં રહીને અર્જુને જેમના મસ્તક ઉપર સુવર્ણ છત્રને ધારણ કરેલું છે એવા; રાજાધિરાજપણાની શોભાથી સંપન્ન શ્રીકૃષ્ણને જોઈને સચ્ચિદાનંદ મુનિએ તત્કાળ જ દંડવત્ કર્યા.

પ્રેમનાં આંસુઓથી ભરાયેલા રોમાંચિત શરીરવાળા, દસ દિવસ સુધી જે તિથિમાં ગોમતીને પામ્યા તે પડવાથી આરંભીને એકાદશીના દિવસ સુધી જળ પણ ત્યાગ કરીને હૃદયથી પોતાના આત્માને ધ્યાન કરતા, દયાના લેશથી રહિત ગુગલી બ્રાહ્મણો વગેરેએ નિવારણ કરેલો છે પોતાના ક્ષેત્રની યાત્રાનો વિધિ જેનો એવા સચ્ચિદાનંદ મુનિને શ્રીકૃષ્ણે શંખ-ચક્રનો ત્યાગ કરીને અત્યંત હર્ષથી ઉઠાડીને તત્કાળ જ આલિંગન કર્યું. ભગવાન શ્રીકૃષ્ણ મુનિના મસ્તક અને ખભા અને વક્ષઃસ્થળમાં પોતાના હાથને ફેરવતા સતા પોતાને વિષે અતિસ્નેહ પામેલા સચ્ચિદાનંદમુનિને કહેતા હતા : હે ભક્તોત્તમ ! તમે ધન્ય છો. આજે હું પ્રસન્ન થયો છું. માટે તમારા મનને ઈચ્છિત વર મારાથી માગો. સર્વ લોકના પૂજ્ય તમોને ત્રિલોકીમાં પણ ન આપવા યોગ્ય કંઈ નથી. આ પ્રકારે લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણે પરમ પ્રીતિથી વર માટે પ્રેરણા કરેલા શ્રીકૃષ્ણના હાથના તલસ્પર્શથી નિવૃત્ત થયું છે ભૂખનું દુઃખ જેને એવા શ્રીકૃષ્ણની દયાળુતા અને શરણાગતની પાલકતા વગેરે ગુણોના સંદર્શનથી અંતઃકરણમાં ઉત્પન્ન થયેલા પ્રેમના અધિકપણાથી બન્ને નેત્રોમાં આંસુઓ જેને છે તેમજ અસ્ફુટ અક્ષરોના ઉચ્ચારણવાળો કંઠ જેનો છે એવા બંને હાથ જેમણે જોડ્યા છે એવા નમસ્કાર કરતા એકાંતિક ભક્ત સચ્ચિદાનંદમુનિ બોલ્યા.

સચ્ચિદાનંદ મુનિ સ્તુતિ કરતા કહે છે : હે અપાર કરુણારૂપી અમૃતના સમુદ્ર ! હે દ્વારિકાધીશ ! તમોને નમસ્કાર હો. મંગલમૂર્તિ તમોને નમસ્કાર. યદુવંશના ભૂષણ તમોને નમસ્કાર. હે નારાયણ ! હે દિવ્યમૂર્તે ! સમગ્ર સ્વાશ્રિત જનોના પાપના સમુદાયોને નાશ કરનારા, ભક્તપ્રિય, સમગ્ર કારણ, શ્રી=રુક્મિણીરૂપ લક્ષ્મી અને સત્યભામાના પતિ, તમોને સર્વદા નમસ્કાર થાઓ. અર્જુનનું પ્રિય કરવામાં કારણરૂપ, વૃષ્ણિ કુળમાં શ્રેષ્ઠ-સર્વાન્તર્યામી, નાના પ્રકારની રાજકન્યાઓ-જે પોતાના હાથને ગ્રહણ કરનારીઓ તેમના મનોરથોને પૂરનારા, શ્રીકૃષ્ણ એવા તમોને નમસ્કાર. પૃથ્વીના ભારરૂપ કંસ, જરાસંધ વગેરે રાજાઓનો વનના અગ્નિની માફક નાશ કરનારા અને ભાગવત ધર્મ અને સાધુઓનું રક્ષણ કરનારા, શ્રીદામા નામના કોઈ પોતાના ભક્તનું દારિદ્ર્ય નાશ કરનારા, ઉદ્ધવના અત્યંત પ્રેમાસ્પદ એવા શ્રીકૃષ્ણ તમોને નમસ્કાર. હે સમગ્ર સંપત્તિના સ્થાનભૂત ! હે મહારાજાધિરાજ ! હે વૈકુંઠનાથ ! હે શ્રી દેવકીનંદન ! હે ચક્રપાણે ! હે દ્વારાવતીનાયક ! હે વાસુદેવ ! હે રુક્મિણીશ ! તમો નિત્ય પ્રસન્ન થાઓ. હે દયાનિધે ! હે મહારાજ ! ભક્તોમાં આ પ્રકારની કરુણા તમારામાં જ નિત્ય શોભે છે. બીજા કોઈ જનમાં પણ નથી જ. હે પ્રભો ! તમોએ મારો મનોરથ આજે સફળ કર્યો. હું તમારા દર્શનથી હાલમાં પૂર્ણકામ થયો છું જ.

હે ઈશ્વર ! સમગ્ર આનંદના આશ્રયસ્વરૂપ પ્રત્યક્ષ તમારા ચરણકમળને પામીને આથી અધિક તમારાથી શું માગું ? હે પ્રભો !

આવું છે તો પણ એક માગવા યોગ્ય છે તે સાંભળીને મને આપો. નિરંતર ભક્તપ્રિય તમારે કંઈ પણ અશક્ય નથી. હે અચ્યુત ! શ્રીનારાયણમુનિ સ્વરૂપ આપની તમારા જ ત્યાગી સાધુઓ તથા ગૃહસ્થોને દ્વારિકાની યાત્રા કરવી આવી આજ્ઞા હાલમાં થયેલી છે. હે પ્રભો ! તમારી આજ્ઞા પાળનારા ભક્તોમાં જે ધનવાન હોય તે ભક્તોને દ્વારિકાની યાત્રા કઠિન થશે નહિ, નિર્ધન મનુષ્યોને તો તે કોઈ પ્રકારે ન થઈ શકે તેવી - દુષ્કર જ છે. હે સત્પતે ! પૃથ્વીમાં ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત સાધુજનો સર્વ પ્રકારે સ્ત્રીધનના ત્યાગી પુરુષો છે. તેઓને તો તમોએ કહેલી આ યાત્રા અતિ દુષ્કર છે.

મારે ગોમતી સ્નાન ન થયું. અને તપ્તમુદ્રાનું ધારણ થયું નહીં. અતિ દુઃખ આપનારા દસ ઉપવાસોથી હાલમાં તમારાં દર્શન થયાં. હે ભગવન્ ! આવા દયાએ રહિત દેશમાં ઉદ્ધવ સંપ્રદાયનાં ત્યાગી સાધુઓને યાત્રા તો કેવી રીતે થાય ? અને તમારી આજ્ઞાનું પરિપાલન કેમ થાય ? સર્વ પ્રકારે નહિ જ થાય. માટે તમારા ચરણકમળમાં ચિત્તવાળા સાધુઓને જે પ્રકારે તમારાં દર્શન થાય તેવી રીતે તમો કૃપા કરો. આ જ મારી યાચના છે. સચ્ચિદાનંદ મુનિએ સ્તુતિ અને પ્રાર્થના કરાયેલા ભક્તવત્સલ શ્રીકૃષ્ણ, મુનિને પ્રસન્ન કરતા સતા વચન બોલ્યા.

શ્રી ભગવાન કહે છે - 'હે ભદ્ર ! તમોએ જે યાચના કરી તે હું પૂર્ણ કરીશ. એમાં સંશય કરવો નહીં. આ પુરીમાં તમારા ગુરુભાઈઓ જે ઉદ્ધવસંપ્રદાયના ત્યાગી સાધુઓ તેમને મારાં દર્શન સોએ સો ઉપાયોથી ન જ થાય એ નિશ્ચિત છે. આ ક્ષેત્રમાં અતિનિર્દય, ધનના લોભિયાઓ તીર્થમાં રહેનારા ગુગલીઓ છે. અને તે મારા ભક્ત-ઉદ્ધવસંપ્રદાયના સાધુઓનો દ્રોહ કરે છે. તે નિશ્ચય હું જાણું છું. માટે વૃત્તાલયમાં લક્ષ્મીનારાયણની જે મૂર્તિ છે તેમાં આવીને હું મારાં દર્શન આપીશ. જેવી રીતે આ પુરીમાં દર્શન આપું છું તેવી રીતે વૃત્તપુરીમાં શ્રીલક્ષ્મીનારાયણના નામથી તેમને મારાં દર્શન આપીશ. માટે સાધુઓને દ્વારિકાની યાત્રા વૃત્તપુરીમાં જ સિદ્ધ થશે. આ મારા વચનમાં સંશય કરવો નહિ, કારણકે જે સ્થાનમાં હું દ્વારિકાધીશ રહું છું તે સ્થાનમાં દ્વારિકાપુરી રહે છે. હે મુને ! તમો આજે જ જાઓ. હું તમારી સાથે આવું છું. આમ કહીને પ્રભુ શ્રીકૃષ્ણ અંતર્ધાન થયાં. મુનિ પણ આ અદ્‌ભુત જોઈને ક્ષણમાત્ર આશ્ચર્ય પામેલા સ્થિર રહ્યા. સચ્ચિદાનંદ મુનિ 'મારા સ્વામી જે શ્રીહરિ તેમની જ આ લીલા છે.' આવી રીતે પોતાના મનમાં નિશ્ચય કરીને તે વૃત્તાંત કોઈ પણ માણસને નહીં કહેતા સતા શંખોદ્ધારથી ચાલ્યા.

બહુ ધીરજવાળા, એકાંતિક ભક્તિવાળા, પ્રત્યક્ષ યદુપતિ શ્રીકૃષ્ણના દર્શનથી પ્રાપ્ત થયેલો છે ઘણો આનંદ જેને એવા, શ્રેષ્ઠ હાથીના જેવી ગતિવાળા સચ્ચિદાનંદ મુનિ શ્રીકૃષ્ણને મનથી ધ્યાન કરતા સતા ફરીથી તત્કાળ ગોમતીના પ્રત્યે ગયા.

કોશલ દેશના નિવાસી બ્રાહ્મણો શંખોદ્ધારથી ગોમતી પ્રત્યે આવેલા તે તો ગોમતી પ્રત્યે આવીને સચ્ચિદાનંદ મુનિને ખોળવા લાગ્યા. તે ગોપાળજી તથા નંદરામ વગેરે ગોમતી તટમાં સાધુને નહીં જોઈને ચિંતા સહિત રુદને સહિત નેત્રમાં આંસુવાળા મ્લાન મુખવાળા નિઃશ્વાસ નાખતા સતા ઘણા તર્ક કરતા હતા. દૈવયોગથી આ શું દુષ્કૃત થયું ? અહો આશ્ચર્ય છે. કરુણાયુક્ત શ્રીહરિને અતિપ્રિય મહાન સાધુ સચ્ચિદાનંદ ક્યાં ગયા હશે ? અમો તે સાધુ વિના ગઢપુર કેવી રીતે જઈશું ? જો મહાદુઃખથી ત્યાં જઈશું તોપણ શ્રીહરિની આગળ પોતાનું મુખ કેવી રીતે દેખાડીશું ? અથવા મુખ બતાવીશું તોપણ હતભાગ્યવાળા અમો શ્રીહરિની આગળ શ્રીહરિએ પૂછેલા સતા શું કહીશું ? મર્મસ્થળને ભેદનારા ઉત્તમાદિ રાજાએ કહેલા ઠપકાનાં વચનો શી રીતે સહન કરીશું ? તે સમયે મંછારામ બોલ્યા : મેં તો સાધુને ત્યાગ કરીને જવું નહિ એવું પ્રથમ જ કહેલું. મારું વચન કોઈએ સાંભળ્યું નહિ. પછી ગોપાલ-મંછારામને કહેવા લાગ્યા : મોટાભાઈ નંદરામનું વચન 'યાત્રા કરીને તત્કાળ આઠ નવ દિવસે આવીશું.'

મુનિને અહીંયા ત્યાગ કરીને શંખોદ્ધારમાં જવા રૂપી વાક્ય મારે ઉલ્લંઘન કેવી રીતે થાય ? જે માટે મોટા ભાઈ પિતાતુલ્ય કહેલા છે. તે સમયે નંદરામે ગોપાલને કહ્યું : હે ભાઈ ! આ મુનિની સમાધિનું દીર્ઘપણું તો ત્રણ, પાંચ, દસ, પંદર દિવસ રહે છે એમ તમોએ જ પ્રથમ કહ્યું હતું. મને મિથ્યા શા માટે ઠપકો આપો છો ? પછી મંછારામ બોલ્યા : જે ભાવિ થવાનું હોય તે નિશ્ચે થાય. વૃથા ચિંતા ના કરવી. સર્વ સંકટને હરનારા હરિનું સ્મરણ કરવું. હરિસ્મૃતિઃ સર્વવિપદ્વિમોક્ષણમ્ આપણે શ્રીહરિની આજ્ઞાથી જેના દર્શન માટે આવેલા છીએ તે જ દ્વારિકાધીશ આપણને સુખી કરશે જ. દયાનાં સાગર-શ્રીહરિના મહાન ભક્ત સચ્ચિદાનંદમુનિ આપ ણો ત્યાગ કરીને કોઈ પ્રકારે ગઢપુર જાય જ નહિ. આ મુનિ શંખોદ્ધાર જ ગયેલા હશે. આ પ્રમાણે મને ભાસે છે. તેથી અહીંયા જ આવશે માટે આપણે અહીંયા રહેવું.

આવું મંછારામનું વચન સાંભળીને ગોપાલ તથા નંદરામ બંને બોલ્યા : 'એમ કરો.' પછી તે ત્રણેય બ્રાહ્મણો પણ દ્વારિકાધીશ હરિને સંભારતા સતા ગોમતીના કિનારે નિવાસ કરતા હતા. કોશલ દેશના વિપ્રો દરરોજ સવારમાં ગોમતીમાં સ્નાન કરીને તથા નિત્યવિધિ કરીને દ્વારિકાધીશનાં દર્શન કરતા હતા. મુનિની ચિંતાવાળા કોશલના વિપ્રો ચોથા દિવસે એકાદશીનો ઉપવાસ કરીને

દ્વાદશીને દિવસે રસોઈ કરીને સચ્ચિદાનંદ મુનિની પ્રતીક્ષા કરતા હતા. અહો ભાઈઓ ! કુમતિવાળા આપણાં એવાં ભાગ્ય ક્યાંથી હોય ? કે જે ભાગ્યના કારણે મહાયોગી મુનિ આપણી સમીપમાં આવીને પારણાં કરે. તેટલામાં નંદરામ બોલ્યા, મારો જમણો હાથ ફરકે છે. પછી મંછારામ બોલ્યા : મારી જમણી આંખ પણ ફરકે છે. તે સમયે ગોપાલજી બોલ્યા, આજે મેં પ્રાતઃકાળે સ્વપ્નમાં 'મુનિ દ્વારિકાધીશને પોતાના હૃદયમાં ધારીને શંખોદ્ધારથી આવે છે' આવી રીતે નક્કી પ્રત્યક્ષની માફક જોયા. આવી રીતે શુભ શુકનોને પ રસ્પર બોલતા કોસલ દેશના બ્રાહ્મણોએ ગજેન્દ્રની માફક આવતા મુનિને દૂરથી જોયા. અહો ! અહો ! હે સ્વામિન્ ! 'આવો આવો' આ પ્રમાણે ઊંચા સ્વરથી બોલતા કોસલ દેશના ત્રણે જણ, ઈન્દ્રિયો જેમ મુખ્ય પ્રાણ આવેલા હોય ને શું ? તેમ આવેલા મુનિની સન્મુખ આદર પૂર્વક દોડ્યા.

પછી હસતા સતા સર્વે પરસ્પર બન્ને હાથથી લાંબા સમય સુધી આલિંગન કરીને પોતાના નિવાસમાં આવીને પછી પરસ્પર કુશળ પૂછવા લાગ્યા. તે બ્રાહ્મણો મહામુનિ સચ્ચિદાનંદને સ્નાન કરાવીને પછી ભોજન કરાવીને પોતે ભોજન કરી પોતાનું વૃત્તાંત કહેતા સતા બારસનો દિવસ નિર્ગમન કર્યો. તે સર્વે ગોમતીના કિનારે દ્વાદશીની રાત્રિ રહીને પ્રાતઃકાળમાં ગોમતીથી ચાલ્યા. ફાગણ સુદી છઠ્ઠને દિવસે ગઢપુર આવ્યા. સર્વે માર્ગમાં જ્યાં જ્યાં રહ્યાં ત્યાં ત્યાં રાત્રિએ સ્વપ્નમાં પોતાની સાથે આવતા લક્ષ્મીએ સહિત દ્વારિકાધીશ શ્રીકૃષ્ણને જોતા હતા. તે સર્વે ગઢપુરને પામીને સભામાં દિવ્ય સિંહાસનમાં બેઠેલા શ્રીહરિને ભક્તિપૂર્વક દંડવત્ પ્રણામ કરતા હતા. શ્રીહરિ પણ તેઓની સુખેથી આવ્યા વગેરે પ્રશ્નથી સંભાવના કરતા હતા. પછી સચ્ચિદાનંદમુનિએ પોતાને થયેલ શ્રીકૃષ્ણના દર્શન સિવાયનું-પોતાનું જે ત્યાંનું, ગોમતીમાં સ્નાન અને તપ્તમુદ્રા અને દ્વારિકાધીશનાં દર્શનમાં તીર્થના બ્રાહ્મણોએ કરેલા પ્રતિબંધરૂપ સમગ્ર વૃત્તાંત તે સભામાં કહ્યું. તે વૃત્તાંત સાંભળીને 'સર્વે સાધુઓ પોતાને દ્વારિકાની યાત્રા નહિ જ થાય' એવો નિશ્ચય થવાથી પોતાના હૃદયમાં અત્યંત ખેદ પામ્યા. પછી આ પ્રકારે વ્યગ્ર ચિત્તવાળા સાધુઓને જોઈને સચ્ચિદાનંદ મુનિએ ત્યાં પોતાને થયેલ પ્રત્યક્ષ શ્રી દ્વારિકાનાથનાં દર્શન અને તેમનાથી વરપ્રાપ્તિ જે-શ્રીકૃષ્ણનું વૃત્તાલયમાં આવવા રૂપ વરદાનનો લાભ તે પણ યથાર્થપ ણે કહ્યો. સચ્ચિદાનંદમુનિનું આવું વાક્ય સાંભળીને અતિ પ્રસન્ન થયેલા સાધુઓ સચ્ચિદાનંદમુનિને નમસ્કાર કરતા થકા અતિશય પ્રશંસા કરતા હતા. અને અતિશય સુખી પણ થયા. મુનીન્દ્ર સ્વામી પોતે શ્રીહરિ સચ્ચિદાનંદમુનિની પ્રશંસા કરતા સતા પોતાના ભક્તોને આનંદ આપતા સતા તે વૃત્તાંત વારંવાર સચ્ચિદાનંદમુનિ પાસે કહેવડાવતા હતા. સચ્ચિદાનંદ સાધુએ પણ દ્વારિકામાં થયેલું સમગ્ર વૃત્તાંત કહીને હે હરે ! સર્વ અનુગ્રહ તમારી કૃપાથી જ છે આ પ્રમાણે કહ્યું.

પછી શ્રીહરિએ ફાગણ માસમાં તત્કાળ જ હોલાષ્ટકને અંતે આવતો પુષ્પદોલા નામનો દ્વારિકાનાથનો ઉત્સવ વડતાલમાં કરવા માટે ઈચ્છા કરી. પછી સત્પુરુષોના ગુરુ શ્રીહરિએ, સર્વ સાધુઓ અને ગૃહસ્થો અને સ્ત્રીઓની સાથે વૃત્તાલયમાં જવા માટે ઈચ્છતા સતા તે સર્વે ત્યાગી ભક્તોને વૃત્તાલય જવા માટે આજ્ઞા આપી. વળી પોતાના લેખક નિર્ગુણાનંદ મુનિ પાસે મંગલપત્રિકા લખાવીને દૂતોને મોકલીને દેશાંતરથી સર્વે ભક્તોને તત્કાળ બોલાવ્યા. તે દિવસે ફાગણ સુદી છઠ્ઠની રાત્રિમાં સૂઈ ગયેલા તે સર્વે શ્રીકૃષ્ણના આગમનરૂપ સચ્ચિદાનંદ મુનિએ કહેલા વૃત્તાંતને સાંભળનાર સાધુઓ પણ સ્વપ્નમાં વૃત્તાલય પધારતા લક્ષ્મીએ સહિત દ્વારિકેશને જોતા હતા. સાધુઓ પ્રાતઃકાળે ઊઠીને શ્રીહરિની આગળ પોતપોતાના સ્વપ્નનું વૃત્તાંત કહેવા લાગ્યા. તે સમયે સ્વામી શ્રીહરિ બોલ્યા, એ તમારું સ્વપ્નનું વૃત્તાંત સત્ય જ છે. એમાં સંશય કરવો નહિ.

પછી આ પ્રમાણે સંતોના પ્રત્યે કહેતા અનંત ઐશ્વર્યપતિ શ્રીસહજાનંદ ભગવાન હજારો-હજાર સર્વે ભક્તોની સાથે દુર્ગપત્તનથી નીકળ્યા. શ્રીહરિ માર્ગમાં ચાલ્યા, દુર્ગપત્તનથી સારંગપુરમાં શ્રીહરિના ગમન સમયે અતિ વેગવાળા-લાલવર્ણ વાળા, સુંદર ગતિવાળા, એવા ઘોડા ઉપર બેઠેલા અત્યંત કોમળ ડાબા કરકમળમાં લગામ ધારણ કરતા જમણા હાથમાં ચાબુક ધારણ કરતા સમગ્ર શ્વેત વસ્ત્રોવાળા અને પોતપોતાના અશ્વ ઉપર બેઠેલા સોમ વગેરે પોતાના ભક્તજનોએ વીંટાયેલા સર્વેના નિયંતા શ્રીહરિ માર્ગમાં જતા હતા. શ્રીહરિ ફાગણ સુદી એકાદશીને દિવસે સાયંકાળે વૃત્તાલય પહોંચ્યા. વૃત્તાલયમાં અનેક ગ્રામપુરોથી જનસમૂહો આવ્યા. મુનીન્દ્ર મુક્તાનંદ પણ જે પહેલાં વડોદરા મોકલેલા તે સર્વ વાદીઓને જીતીને વડોદરાના નિવાસી જનો સાથે વટપત્તનથી વડતાલપુરમાં મંડળે સહિત આવ્યા. લક્ષ્મીનારાયણ નામથી રહેલા દ્વારિકાધીશ્વર સચ્ચિદાનંદમુનિના વરના વશપણાથી આવેલા કૃષ્ણને જોઈને તે સર્વે ભક્તો અત્યંત મહાઆનંદ પામ્યા. વૃત્તાલયપુરમાં આવેલા ગૃહસ્થોએ પણ સાધુઓની માફક વૃત્તાલયમાં આવેલા દ્વારિકાધીશને ઘણું કરીને સ્વપ્નમાં જોયા.

પછી અતિવિસ્મય પામેલા દૃઢ નિશ્ચયવાળા સર્વે હરિભક્ત જનો પરમ ભક્તિથી પોતાના અધિકારને અનુસારે લક્ષ્મીનારાયણ નામના દ્વારિકાધીશ્વર શ્રીકૃષ્ણને પૂજતા હતા. આ પ્રમાણે ભગવાન સ્વયં શ્રીહરિ પોતાની જ આગમનાદિ લીલા બતાવતા હતા.

માટે શ્રીહરિકૃષ્ણ, દ્વારિકાધીશ્વર બંને શ્રીકૃષ્ણનો ભેદ ન જાણવો. પછી સ્વામી શ્રીહરિકૃષ્ણ ભગવાન દ્વારિકેશનો પુષ્પદોલામહોત્સવ સમગ્ર શિષ્યો દ્વારા મહાસંભારોથી (અગાઉથી એકત્રિત કરેલી મહાસામગ્રીઓથી) કરાવતા હતા.

શ્રીહરિ પંક્તિઓમાં ભોજન માટે બેઠેલાં મુનિમંડળોની પંક્તિઓમાં પીરસવા માટે ઘણીવાર ફરતા સતા ઘણા પ્રકારે ભક્ષ્ય-ભોજ્ય-લેહ્ય અને ચોષ્ય ભોજનોથી પોતાના સમગ્ર સાધુઓને તૃપ્ત કરતા હતા.

કરુણાસાગર ભગવાન દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ જ્યારે વૃત્તપુરમાં આવ્યા તે સમયે જ શ્રીકૃષ્ણનો સમગ્ર પરિવાર, દ્વારિકાનામના પુરની ગોમતી વગેરે પણ શ્રીકૃષ્ણની સાથે જ આવ્યો. પોતે દ્વારિકાપુરની અધિષ્ઠાત્રી દેવી વૃત્તાલય નગરસ્વરૂપે રહી ગોમતીની અધિદેવતા શ્રીલક્ષ્મીનારાયણના મંદિરથી વાયુ ખૂણામાં રહેલા સરોવરરૂપે રહી છે. ગયા, પ્રયાગ, પુષ્કર, સિદ્ધપદ, હરિદ્વાર, યમુના, રેવા, તાપી, ગંગાદિ તીર્થમંડળ ચોતરફથી આવીને તળાવરૂપવાળી ગોમતીમાં રહ્યું. પછી લીલામનુષ્યરૂપધારી શ્રીહરિ 'દ્વારિકેશ્વર સમગ્ર તીર્થ અને પરિવારે સહિત વૃત્તાલયપુરમાં આવેલા છે.' આ પ્રમાણે પોતાના ભક્તોને કહેતા સતા તપ્તમુદ્રાથી અંકિત થયાનું ફળ અતિશય વર્ણન કરતા થકા દ્વારિકાની જેમ અહીં વૃત્તાલયપુરમાં પણ સર્વભક્તોને તપ્તમુદ્રા તપાવેલા સુદર્શનાદિ કૃષ્ણના આયુધોને ધારણ કરાવતા હતા. પછી સર્વે ત્યાગીઓ શ્રીદ્વારિકેશ્વરને પ્રત્યક્ષપણે જોઈને યથાયોગ્ય સંપૂજીને પ્રાપ્ત મનોરથવાળા થયા. સર્વે ત્યાગીઓ સરોવરરૂપ ગોમતીમાં સ્નાન કરી તપ્તમુદ્રાઓ ધારણ કરતા હતા. શ્રીહરિની કૃપાથી દ્વારિકાની યાત્રા સંપૂર્ણ માનતા હતા. વૃત્તાલયપુરમાં દ્વારિકાધીશ શ્રીલક્ષ્મીનારાયણના મંદિરની આગળ ફાગણ વદી પ્રતિપદાની રાત્રિમાં અતિ વિશાળ સભા થઈ. સભામાં સમગ્ર ભક્તો પુરુષો અને સ્ત્રીઓ પોતપોતાની મર્યાદા પ્રમાણે બેઠા.

સભામાં ઊંચા આસને બેઠેલા શ્રીહરિ પોતાના ભક્તો પ્રત્યે વચન બોલ્યા : હે જનો ! તમો સર્વે પણ તમારું હિત કરનારું મારું વચન સાંભળો. આ વૃત્તાલયપુરમાં શ્રીદ્વારિકાધીશ પોતે કૃષ્ણ આવેલા છે. આ તો પ્રત્યક્ષ દર્શનથી સર્વે તમોએ હાલમાં જાણેલું છે જ. આ કૃષ્ણ જે દેશમાં નિવાસ કરે ત્યાં જ શ્રીકૃષ્ણનો સર્વે પરિવાર રાજાના મંત્રી વગેરે અનુચરો જેમ તેમ વસે જ આ પ્રમાણે જાણો. માટે આ વૃત્તાલય નગરી શ્રીકૃષ્ણની નગરી દ્વારિકા જ જાણો. સરોવરને ગોમતી જાણો. સમગ્ર તીર્થો ગોમતી સરોવરમાં છે એમ જાણો. જે જનો ગોમતી સરોવરમાં સ્નાન કરશે તે જનો સમગ્ર પાપસમૂહથી મુક્ત થશે. જે જનો પોતાના પૂર્વજોને શ્રાદ્ધક્રિયાથી તૃપ્ત કરશે તેમના પિત્રીઓની અતિશય તૃપ્તિ થશે. શિખાએ રહિત દાઢીમૂછના વાળેસહિત મસ્તકના કેશને મુંડાવશે. ઉપવાસ, શ્રાદ્ધ, બ્રાહ્મણભોજન અને સાધુભોજન, યથાયોગ્ય બ્રહ્મચર્ય, અહિંસા, આ મુંડન વગેરે વિધિ સર્વ તીર્થોમાં સામાન્ય છે. તે અહીંયા કરવો. આ ગોમતીમાં પુરુષોએ પિંડપ્રદાન સહિત શ્રાદ્ધ કરવું. તે શ્રાદ્ધથી પિતૃઓને અક્ષય તૃપ્તિ થશે જ. જે માણસો ચાતુર્માસમાં અથવા કારતક માસમાં અથવા માર્ગશીર્ષ માસમાં અથવા માઘ અથવા વૈશાખમાં પણ નિયમપૂર્વક પ્રાતઃકાળમાં સ્નાન કરશે તે જનો ઈચ્છિત ફળ પામશે.

શ્રી લક્ષ્મીનારાયણના આ મંદિરમાં જે પુરુષો જપ, સ્તોત્રપાઠ, અષ્ટાક્ષર આદિ મંત્રાવર્તન કરશે તે પુરુષો ફળની સિદ્ધિ તત્કાળ પામશે. જે દ્વિજો આ શ્રીલક્ષ્મીનારાયણના મંદિરમાં પુરશ્ચરણ કરશે તે બ્રાહ્મણો ઈચ્છિત ભુક્તિ અને મુક્તિ પામશે. જે દ્વિજ ઉપવાસ કરીને આ મંદિરમાં શ્રીમદ્ ભાગવતનો પાઠ કરશે તે દ્વિજ એક પાઠથી પણ ઈચ્છિત ફળને નિશ્ચે પામશે. જે પુરુષો આ મંદિરમાં લક્ષ્મીનારાયણાદિક મૂર્તિઓની મહાપૂજા (નૂતન વસ્ત્ર, મહાનૈવેદ્યો સહિત પંચકાલની પૂજા = તે તે સામગ્રીનું દાન) શ્રદ્ધાથી કરશે તે મનુષ્યો ભગવાનના ધામમાં પરમ સુખ પામશે.

ધનદુર્બલ જે પુરુષો શ્રી લક્ષ્મીનારાયણાદિ મૂર્તિઓની એકકાલપૂજાની સામગ્રી દાન કરશે તે મનુષ્યોને અવિનાશી પુણ્ય થશે. અને તે શ્રીહરિના અક્ષરધામને પામશે. જે મનુષ્યો આ વૃત્તાલયપુરીમાં સાધુ અને બ્રાહ્મણોને પોતાની શક્તિ પ્રમાણે ભોજન કરાવશે તે મનુષ્યો આ લોકમાં અને પરલોકમાં સુખને પામશે. જે મનુષ્યો આ પુરીમાં ગોમતી તળાવમાં સ્નાન કરી તપ્તમુદ્રાઓ ગ્રહણ કરશે તે મનુષ્યોને યમનો ભય નથી. જે જનો આ વૃત્તપુરીમાં આવીને પોતાની શક્તિ પ્રમાણે આ મેં કહેલો તીર્થવિધિ કરશે તે મનુષ્યોને શ્રીદ્વરિકાની યાત્રા સંપૂર્ણ જ સિધ્ધ થશે.

ભગવાન શ્રીહરિએ કહેલા સર્વ જનો પ્રસન્ન મનવાળા થયા સતા શ્રીહરિને પ્રણામ કરતા હતા. પછી ફાગણ વદી બીજના પ્રાતઃકાળમાં તે જનો ગોમતીમાં સ્નાન કરી તપ્તમુદ્રાઓ ગ્રહણ કરીને ભેગા થઈને શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા હતા ને જતા હતા. તે જનોની એવી ભક્તિ જોઈને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને વૃત્તપુરીમાં ભક્તોની સાથે એક માસ રહ્યા. શ્રીહરિ રામનવમીનો શ્રીકૃષ્ણના પૂજનનો મહોત્સવ કરીને સર્વ ભક્તોને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપતા હતા.

પછી દેશાંતરથી આવેલા ભક્તો અને પહેલા પોતાના દેશમાં જવા માટે શ્રીહરિએ આજ્ઞા આપેલા નંદરામાદિ અતિ નિર્મળ શ્રીહરિની કીર્તિ ગાતા સતા પોતાના દેશમાં જતા હતા. સ્વયં શ્રીહરિ તો ચૈત્ર સુદી બારસને દિવસે પારણાં કરી શ્રીલક્ષ્મીનારાયણને

પ્રણામ કરી પશ્ચિમ દેશથી આવેલા ઉત્તમ-સોમ-સૂરાદિ પોતાના ભક્તો સાથે દુર્ગપત્તન આવ્યા. આ પ્રકારે દ્વારિકાધીશ પોતાના સાધુભક્તોની પ્રસન્નતા માટે સંવત્ ૧૮૮૧ના ફાગણ સુદી એકાદશીને દિવસે વૃત્તાલયમાં આવ્યા. તે દિવસથી આરંભીને વૃત્તાલયનું મંગલ આપનારું અતિશય માહાત્મ્ય દ્વારિકાની માફક પૃથ્વીમાં પ્રસિદ્ધ થયું.

સર્વોત્તમ આ પુરુષોત્તમ શ્રીહરિ ભગવાનનું આ ચરિત્ર જે મનુષ્ય પાઠ કરશે અથવા સાંભળશે તો પણ તે માણસ આ લોકમાં સુખ અને યશ પામીને પછી પોતાના દેહના અવસાન પછી દેવતાઓને વંદન કરવા યોગ્ય શ્રીહરિકૃષ્ણ ભગવાનના પરમધામને પામશે.

(શ્રીમદ્ સત્સંગિજીવન : ૪/૨૮ થી ૩૩)

## • શ્રી હરિલીલામૃત ગ્રંથ :

**ચોપાઈ :**

અક્ષરાનંદને મહારાજે, કહેલું સર ખોદાવા કાજે; તેણે જાણા જોશીને બોલાવ્યા, જોશિ ગોર તે વનમાળિ આવ્યા...૧૪
તેણે મુહુરત શુભ જોઈ દીધું, ખાતપૂજન તે દિન કીધું; વનમાળિની પુત્રિનો તન, હરિશંકર નામ પાવન...૧૫
તેના હસ્તક અક્ષરાનંદે, ખાતપૂજા કરાવી સ્વછંદે; પછિ ખોદાવા માંડ્યું તળાવ, ભક્તિ કરવામાં સૌનો છે ભાવ...૧૬
મંડ્યા સંત તથા સતસંગી, તેહ કામમાં મમતે ઉમંગી; ખેડુતો સરમાં હળ હાંકે, કામ કરતાં તે કોઈ ન થાકે...૧૭
ટોપલા ભરિ જન લેઈ જાય, મુખે કૃષ્ણનાં કીર્તન ગાય; પરગામના હરિજન જેહ, ભક્તિ કરવાને આવિયા તેહ...૧૮
મચ્યા કામે ગરીબ શ્રીમંત, જેને વાલા ભલા ભગવંત; કોડે કરવા લાગ્યા તેહ કામ, જાણિ ભક્તિનો સમય આ ઠામ...૧૯
ઘેર તરણું તોડે નહીં જેહ, માથે ટોપલિયો લે છે તેહ; મંડ્યા કામે હજારોહજાર, જેજેકાર કરે છે ઉચ્ચાર...૨૦
ગર્જના થકી બ્રહ્માંડ ગાજે, આવ્યા દેવો મળી જોવા કાજે; કોઈ તો પુષ્પવૃષ્ટિ કરે છે, કોઈ તો ધન્ય ધન્ય કહે છે...૨૧
કૈક અક્ષરધામના મુક્ત, આવિ કામ કરે પ્રીતિ યુક્ત; એવી ભક્તિ કરી એહ ટાણે, ધન્ય ભાગ્ય પોતા તણાં જાણે...૨૨
ઇંદ્ર બ્રહ્મા ગણેશ મહેશ, આવે સંત તણો ધરિ વેશ; કરે કામ કહે જન જોઈ, ક્યાંથિ આવ્યા નવા સંત કોઈ...૨૩
કૈક તો નર એવું નિહાળે, પરમેશ્વર બેઠા છે પાળે; કરે છે જન જે મળિ કામ, જુવે છે પ્રભુ તે તો તમામ...૨૪
જનો આનંદમાં મસતાન, ભૂખ તરશ તણું નહિ ભાન; ભક્તિરસમાં થયા લીન ભારે, ઘરકામ તે કોણ સંભારે...૨૫
સાંઝે જન મળિ પુરમાં સિધાવે, કામ કરવા દેવો ત્યારે આવે; ખોદિ રાખેલી મૃત્તિકા જેહ, પાળે નાખે ઉપાડિને તેહ...૨૬
જનો આવે સવારમાં જ્યારે, પામે અચરજ અતિશય ત્યારે; તેનો મર્મ સકળ તેહ ટાણે, અક્ષરાનંદ જેવા તો જાણે...૨૭
વળિ કોઈ સમે રાતમાંય, જેજેકાર કરે દેવ ત્યાંય; ઘણા જન સાંભળે તેહ જ્યારે, કરે વાત પરસ્પર ત્યારે...૨૮
મહારાજને રીઝાવા કાજ, સર ખોદે છે દેવસમાજ; જેને હોય જો કલ્યાણ લેવું, કામ કોણ કરે નહિ એવું...૨૯
ચાલ્યું કામ ઘણું તડામાર, માસ બેમાં તો કીધું તૈયાર; પછિ અક્ષરાનંદ મુનીશે, પત્ર મોકલ્યો શ્રીહરિ દીશે...૩૦
લખ્યું તે પત્ર માંહિ સુજાણે, પ્રભુ આપની આજ્ઞા પ્રમાણે; સર ખોદાવિ કીધું તૈયાર, હતા જન તો હજારોહજાર...૩૧
આપ કેરિ પ્રસન્નતા કાજ, કામ કરતોતો સુરનો સમાજ; એવો પત્ર લઈ જન ગયો, હરિ આગળ હાજર થયો...૩૨
પત્ર આપ્યો કરીને પ્રણામ, વાંચિ રાજિ થયા ઘનશ્યામ; વાલે ઉત્તર એનો લખાવ્યો, તેમાં રાજિપો ખૂબ જણાવ્યો...૩૩
વળિ એવું લખાવ્યું એમાંય, તમે દીઠા ચમત્કાર ત્યાંય; એવા તો હજિ બીજા અપાર, તહાં થનાર છે ચમત્કાર...૩૪
વાંચ્યો પત્ર તે અક્ષરાનંદે, મનમગ્ન થયું તે આનંદે; આવિ પંચમી જ્યારે વસંત, આવ્યા ગઢપુર સંઘ અનંત...૩૫
અતિ ઉત્તમ ઉત્સવ કીધો, સંતે ખેલ કરી લાવ લીધો; નવ મૂર્તિની છાપો તૈયાર, લાવ્યા ત્યાં નારાયણજી સુતાર...૩૬
રીઝ્યા જોઈને ધર્મદુલારો, આપ્યો તેહને સરપાવ સારો; વાલે છાપો તે હાથમાં લીધી, કૃપાનાથે પ્રસાદિની કીધી...૩૭
વળિ બોલ્યા શ્રીનવઘનરંગી, સુણો સંતો સુણો સતસંગી; એહ સર્વે મારાં રૂપ જાણી, નિત્ય પૂજજો ઉર ભાવ આણી...૩૮
એથી હું બહુ થૈશ પ્રસન્ન, તમે જાણજો સૌ મુજજન; એવી આજ્ઞા કરી જગદીશ, સુણિ સૌએ ચડાવિ તે શીશ...૩૯
આધારાનંદને છાપો આપી, કહ્યું કાગળમાં દેજો છાપી; મુનિએ મૂર્તિયો છાપી દીધી, પ્રેમે પૂજવા સૌ જને લીધી...૪૦

**શાર્દૂલવિક્રીડિત :**

હે રાજા હરિકૃષ્ણ એક સમયે એકાંતમાં સંચરી, જ્યાં છે અક્ષર ઓરડો નિજ તણો ત્યાં તેહ બેઠા ઠરી;
કીધો ચિત્ત વિચાર જેહ દિનમાં દ્વારામતી હું ગયો, ત્યાં દ્વારામતિ ઈશનો શુભ સમે મેળાપ મારે થયો...૪૧
બોલ્યા દ્વારમતી પતી અતિ અહીં વાસો અધર્મે કર્યો, માટે મેં અહિથી હવે નિસરવા નિઃશંક નિશ્ચે ધર્યો;

માટે મંદિર કોઈ ઠામ કરિને જો આપ થાપો મને, લક્ષ્મીજી સહિતે નિરંતર રહું તો આવિને ત્યાં કને...૪૨
ત્યારે મેં તતકાળ ત્યાં કહ્યું હતું સ્થાપીશ સારે સ્થળે, તે તો મેં વરતાલ તેનિ પ્રતિમા સ્થાપી સુસારી પળે;
તે વાર્તા જગમાં પ્રસિદ્ધ કરવા યુક્તી પ્રયુક્તી કરું, જે જાણ્યાથિ વળી વિશેષ જનનું ત્યાં ચિત્ત ચોટે ખરું...૪૩
તીર્થો ગોમતિ આદિ દ્વારમતિનાં તેણે મને તે સમે, એવું આવિ કહ્યું હતું તમ કને ત્યાં આવશું સૌ અમે;
આપ્યું મેં પણ તેહને વચન ત્યાં તે વેણ સાચું કરું, આવે શ્રીવરતાલમાં તિરથ તે ઊપાય હું આદરું...૪૪
એવું ધારિ સભા વિષે વિચરિને માહાત્મ્ય તીર્થો તણું, ભાખ્યું શ્રીભગવાન દ્વારમતિના તીર્થો તણું તો ઘણું;
ત્યાં ગોપાળજિ નંદરામ હરિના ભત્રીજા બેઠા હતા, તેને દ્વારમતી જવા ઉર થઈ અત્યંત ઉત્કંઠતા...૪૫

**ચોપાઈ :**

પ્રભુને પદ કરિને પ્રણામ, બોલ્યા બેય જણા તેહ ઠામ; આપો આજ્ઞા જો શ્રીહરિ તમે, જૈયે દ્વારિકા તો સહુ અમે...૪૬
સુણી રાજિ થયા મહારાજ, આપ્યું ધન બહુ ખરચવા કાજ; આપિ ગાડિ અને આપ્યા પાળા, શસ્ત્રબંધ તે બખતરવાળા...૪૭
પંથ દ્વારિકાનો જાણનાર, સચ્ચિદાનંદ સ્વામી ઉદાર; સાથે મોકલ્યા તેહને નાથે, ચાલ્યા છઠને દિવસ સહુ સાથે...૪૮
ગયા સંગે શુકલ દયારામ, ઉમરેઠમાં જેહનું ધામ; મહારાજનિ આજ્ઞા તે માગી, ચાલ્યા સર્વે જનો પગે લાગી...૪૯
રહે જ્યાં જઈને રાતવાસ, સતસંગિ કરે બરદાશ; કેટલાએક દિન એમ થયા, ત્યારે દ્વિજવર દ્વારિકાં ગયા...૫૦

**પુષ્પિતાગ્રા :**

વૃષકુળ જન દ્વારિકા પધાર્યા, નિજમન મોદ વિશેષ ત્યાં વધાર્યા;
ગતિ અતિ હરિની અહો અઘાત, સુર મુનિ કોઈ કળી શકે ન વાત...૫૧

**પૂર્વછાયો :**

દ્વારામતીમાં જૈ સહૂ, એક ધર્મશાળા મોઝાર; કર્યો ઉતારો કોડથી, અહો સાંભળ ભૂપ ઉદાર...૦૧

**ચોપાઈ :**

ધર્મશાળાનો સંભાળનાર, એક વિપ્ર હતો તેહ ઠાર; તેણે જાણ્યા મેમાન શ્રીમંત, જાણ્યું દક્ષિણા દેશે અત્યંત...૦૨
તેણે બરદાસ તો બહુ કીધી, વસ્તુ જોઈએ તે લાવિ દીધી; સચ્ચિદાનંદ આકળા થયા, નાવા ગોમતીમાં તે તો ગયા...૦૩
તહાં વિપ્રમંડળ આવી લાગ્યું, તેણે સાધુ પાસે ધન માગ્યું; કહ્યું નાવાનો કર જ્યારે લેશું, ત્યારે ગોમતીમાં નાવા દેશું...૦૪
કર્યું સંતનું બહૂ અપમાન, ધર્યું ત્યારે તેણે હરિધ્યાન; ત્યારે થઈ સમાધી તેહ ઠાર, નાડી પ્રાણ ન ચાલે લગાર...૦૫
વિપ્રે જાણ્યું નથી જિવ જરિયે, રખે સર્વે ગુનેગાર ઠરિયે; એવું જાણિને ભયભિત થયા, તેથિ તેના થકી દૂર ગયા...૦૬
ધર્મવંશિ પરસ્પર પૂછે, આંહીં સ્વામી નથી તેહ શું છે; કહે કોઈ ઉતાવળા થયા, તેથી તે એકલા નાવા ગયા...૦૭
પછિ ધર્મવંશીનો સમાજ, ગયો ગોમતિયે નાવા કાજ; સમાધીમાં દિઠા મુનિરાય, બીજું કોઈ પાસે ન જણાય...૦૮
કર આપી કર્યું સૌયે સ્નાન, દીધાં વિપ્રોને દક્ષિણા દાન; એક ઝોળીમાં સંતને ધરી, ધર્મશાળામાં લઇ ગયા ફરી...૦૯
સુવાર્યા આસને સવિવેક, સારું વસ્ત્ર ઓઢાડિયું એક; તહાં વિપ્ર જમાડ્યા અથાક, પછિ પોતે જમ્યા કરી પાક...૧૦
ધર્મશાળાનો સંભાળનાર, તેને દક્ષિણા દીધી અપાર; પછિ સૌ મળિ વિચારે એમ, કરવું મુનિનું હવે કેમ...૧૧
સમાધી એને થાય છે જ્યારે, જાગે છે કદિ દિન દશ બારે; કોઈ વખતે તો પક્ષે કે માસે, સમાધીમાંથી જાગતા ભાસે...૧૨
એને મૂકિને કેમ જવાય, કેમ માસ સુધી રહેવાય; એમ ચિંતામાં સૌ પડ્યા બહુ, ધર્મશાળાના રક્ષકે કહ્યું...૧૩
તેનિ ચિંતા તજો તમે હાલ, અમે રાખશું એનિ સંભાળ; તમે જાત્રા કરી આવો આંહીં, રાખશું તેને આ સ્થળ માંહી...૧૪
અમે સાચવશું જિવ સાટે, તમે ચિંતા તજો તેહ માટે; જાગશે તો જમાડીને જમશું, સાધુને માટે સંકટ ખમશું...૧૫
વૃષવંશી રાજી થયા મન, વળિ આપ્યું તેને ઘણું ધન; પછિ સૌ ત્યાંથી વિદાય થઈ, લીધી છાપો આરામડે જઈ...૧૬
છાપો લીધાનો કર દિધો જ્યારે, છાપો દીધી દેનારાયે ત્યારે; ધર્મવંશી વિદાય તે થયા, નાવમાં બેસી બેટમાં ગયા...૧૭
કર આપીને દર્શન કીધાં, જાણ્યું જે સહુ કારજ સીધ્યાં; તહાં પાંચ દિવસ કરિ વાસ, ચાલ્યા સચ્ચિદાનંદની પાસ...૧૮
હવે સચ્ચિદાનંદની વાત, કહું તે તમે સાંભળો ભ્રાત; ધર્મવંશિ થયાથિ વિદાય, ચોથે દિવસ જાગ્યા મુનિરાય...૧૯
જાગિને ત્યાં જોયું આસપાસ, કોઈ માણસ દીઠું ન પાસ; ધર્મશાળા તણો રખવાળ, ક્યાંઇ કામે ગયેલો તે કાળ...૨૦
ત્યાંથિ ચાલિયા તે મુનિરાજ, ગયા ગોમતિયે નાવા કાજ; કર લેનારે ત્યાં અટકાવ્યા, તેથિ નાહ્યા વિના તે સિધાવ્યા...૨૧

ગયા આરામડે છાપો લેવા, પણ પાસે નહીં ધન દેવા; છાપો દીધિ નહીં લાંચખોરે, બેઠા ત્યાં મુનિ લાંઘણચોરે...૨૨
ધર્મશાળાનો રક્ષક જ્યારે, ધર્મશાળાયે આવિયો ત્યારે; મુનિને નવ દીઠા તે ઠાર, ચિંતા કરવાને લાગ્યો તે વાર...૨૩
જાણ્યું જે તે મુની જતા રહેશે, ધર્મવંશી તો ધન નહિ દેશે; વળિ ઠપકો દેશે મને ઘણો, ઓશિયાળો થઈશ તે તણો...૨૪
તેથી જોઈ વળ્યો આસપાસ, પણ ક્યાંઈ ન લાગ્યો તપાસ; ઘણા જાત્રાળુ સેવવા એને, તેથિ નવરાશ પણ નહીં તેને...૨૫
એમ ચિંતવે તે દ્વિજરાજા, હોઠ સાજા તો ઉત્તર ઝાઝા; એવિ રીતે તેણે મન વાળ્યું, ચિતે ચિંતા તણું દુખ ટાળ્યું...૨૬
મુનિયે ચાર લાંઘણો કીધી, છાપ દેનારે છાપ ન દીધી; છાપ વગર તે થૈને નિરાશ, બેઠા નાવમાં થૈને ઉદાસ...૨૭
ગયા બેટમાં દર્શન કરવા, આવ્યા ગૂગળી ત્યાં ધન હરવા; દરવાજે તેણે અટકાવ્યા, કહ્યું છાપો વગર કેમ આવ્યા ?..૨૮
કર દર્શન કેરો અપાશે, ત્યારે દેવનાં દર્શન થાશે; એક હાટે તે દ્વારથી બહાર, બેસિને કરિ લાંઘણ ચાર...૨૯
એમ લાંઘણો કીધી અગ્યાર, વળિ ચિતમાં કીધો વિચાર; મને શ્રીજિની આજ્ઞા છે એવી, કરવાં દરશન છાપો લેવી...૩૦
વિના દર્શન પાછું જવાય, તો મેં આજ્ઞા ઉલંઘી ગણાય; એવું ધારિ બેઠા એહ સ્થાન, દ્વારિકાધીશનું ધરિ ધ્યાન...૩૧
માઘ કૃષ્ણ એકાદશી હતી, દીઠા સ્વપ્નમાં દ્વારિકાપતી; શંખ ચક્રાદિ ધાર્યા છે હાથે, શોભે રુક્મિણીજિ પણ સાથે...૩૨
કૃષ્ણ દર્શને પામિયા હર્ષ, દેવ તરત થયા ત્યાં અદર્શ; તેના વિરહ થકી મુનિરાય, અતિ અંતરમાં અકળાય...૩૩
જોગિરાજ તે સ્વપ્નથી જાગ્યા, સ્તુતિ કૃષ્ણની કરવાને લાગ્યા; આવ્યાં નેહથી નેણમાં નીર, ઉચ્ચરે સ્તુતિ થૈને અધીર...૩૪

**શાર્દૂલવિક્રીડિત :**

વંદૂં વંસિધરા સદા સુખકરા ભીતીહરા ભૂધરા, સેવે સિદ્ધવરા સુરાનરવરા સૌ ભૂચરા ખેચરા;
છો આપે અજરામરા નિરડરા વિશ્વેશ્વરા શ્રીશ્વરા, જે જે શ્રીકરુણાકરા ગિરિધરા હે દ્વારિકાધીશ્વરા...૩૫

**ઉપજાતિ :**

એવી રિતે જે સ્તુતિ ઝાઝિ કીધી, શ્રીદ્વારિકેશે દિલ ધારિ લીધી;
સ્વપ્નાંતરે દર્શિત રૂપ જેવું, દેખાડ્યું પ્રત્યક્ષ પ્રમાણ તેવું...૩૬
પ્રેમે કર્યો ત્યાં મુનિયે પ્રણામ, જીભે કહીને જય મેઘશ્યામ;
કહે કૃપાળુ વરદાન માગો, ચિંતા તમે હે મુનિરાજ ત્યાગો...૩૭
કહે મુની જે ગુરુ છે અમારા, સર્વોપરી પૂરણબ્રહ્મ પ્યારા;
તેણે કહ્યું વૈષ્ણવ જેહ થાય, તે દ્વારિકાતીર્થ જરૂર જાય...૩૮
નહાય જૈ ગોમતિમાં ઉમંગે, છાપો ધરે શંખ ગદાદિ અંગે;
નિર્ખે પછી જૈ પ્રભુ દ્વારિકેશ, ગણાય તે વૈષ્ણવ તો વિશેષ...૩૯
ગૃહસ્થ ત્યાગી જનજાતિ જેવી, આજ્ઞા કરી છે સહુ શીશ એવી;
તે કારણે હું હરિ આંહિ આવ્યો, વિના ધને અર્થ કશો ન ફાવ્યો...૪૦
શ્રીગોમતીસ્નાન નહીં કરાયું, છાપો વડે અંગ નહીં છપાયું;
ને દેવનાં દર્શ થવા ન દીધાં, અગ્યાર મેં તો ઉપવાસ કીધા...૪૧
જો ત્યાગીથી દ્રવ્ય કદી રખાય, તો ત્યાગીનો ધર્મ જરૂર જાય;
વિના ધને તીર્થ અહીં ન થાય, કહો પ્રભૂ શો કરિયે ઉપાય ?..૪૨
કરો કૃપાના નિધિ કાંઈ એમ, સુખે કરે દર્શન સર્વ જેમ;
એ માગું છું હું વર આપ પાસ, નથી બિજી અંતર કાંઈ આશ...૪૩
તથાસ્તુ બોલ્યા તહિં દ્વારિકેશ, વળિ મુખેથી ઉચર્યા વિશેષ;
જે ધર્મના રક્ષક ધર્મલાલ, આવ્યા હતા આ સ્થળ જેહ કાળ...૪૪
ત્યારે કહ્યું મેં પણ તેહ પાસ, રહું છું હું આ સ્થળમાં ઉદાસ;
અધર્મિ લોભી વ્યસની વિકારી, સેવા કરે છે જન તે અમારી...૪૫
એવા તણો સ્પર્શ હમેશ થાય, તે સ્થાનમાં કેમ રહી શકાય;
માટે રહે જ્યાં શુચિ સંતવૃંદ, ઈચ્છું સદા વાસ તહાં સ્વછંદ...૪૬

એવે સ્થળે મંદિર જો કરાવો, ત્યાં મૂર્તિયો મારી તમે સ્થપાવો;
તો ગોમતી આદિક તીર્થ લૈને, વસું સદા તે સ્થળ રાજિ થૈને...૪૭
ત્યારે હરીયે પણ વેણ દીધું, તે માટે વૃત્તાલય ધામ કીધું;
સ્થાપી તહાં બે પ્રતિમા અમારી, ત્યાં હું રહું છું દઢ ચિત્ત ધારી...૪૮
તથાપિ તે વાત પ્રસિદ્ધ થાવા, ઘણા જનોને વળી તે જણાવા;
જાત્રા નિમિત્તે તમને દયાળે, છે મોકલ્યા આ સ્થળ એહ કાળે...૪૯
આવીશ હું ત્યાં તમ સંગ આજ, લૈ ગોમતી આદિક સૌ સમાજ;
માટે સિધાવો તજિને ઉચાટ, જુવે તમારી વૃષવંશી વાટ...૫૦
એવું કહી દેવ થયા અદર્શ, વધ્યો મુનીના મન માંહિ હર્ષ;
પછી મુની ત્યાંથી વિદા થઈને, બેઠા ભલા નાવ વિષે જઈને...૫૧

**ચોપાઈ :**

ધર્મવંશી ત્યાંથી ફરિ જ્યારે, ગયા ધર્મશાળા માંહિ ત્યારે; ન દિઠા સચ્ચિદાનંદસ્વામી, દ્વિજને પુછ્યું દિલગિરિ પામી...૫૨
કહે વિપ્ર ચોથા દિનમાંઈ, ઉઠિ ગુપ્ત ગયા એ તો ક્યાંઈ; અમે શોધવા બહુ થળ ગયા, પણ ક્યાંઈ ભેળા નવ થયા...૫૩
ધર્મવંશી થયા તે ઉદાસ, પછિ તેહનો કરવા તપાસ; કર્યો બે ત્રણ દિન ત્યાં મુકામ, ઘણો શોધ કર્યો ઠામઠામ...૫૪
દ્વાદશી દિન પારણું કરવા, તહાં માંડી રસોઈ આદરવા; થયો કાંઈક મધ્યાહ્ન કાળ, ધર્યો ઠાકોરજી પાસે થાળ...૫૫
સચ્ચિદાનંદસ્વામિ તે ટાણે, આવિ ઉભા રહ્યા એ ઠેકાણે; મુનિને કર્યો સૌયે પ્રણામ, અતિ આનંદ વાધ્યો એ ઠામ...૫૬
મુનિને ભલું ભોજન દીધું, પછિ પાંડેયે પારણું કીધું; પછિ દ્વારામતી તણિ વાત, મુનિયે કરિ સર્વ વિખ્યાત...૫૭

**પુષ્પિતાગ્રા :**

સુણિ મુનિ તણિ કષ્ટની કહાણી, દિલગિરિ સૌ જનને દિલે ભરાણી;
પણ વિચરણ દ્વારિકેશ કેરું, સુણિ ઉપજ્યું સુખ સર્વને ઘણેરું...૫૮

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૮/૩૬-૩૭)

ભગવાન શ્રીહરિએ વરતાલમાં અક્ષરાનંદ સ્વામીને તળાવ ગાળવા કહ્યું તેથી સ્વામીએ વનમાળી ગોરને બોલાવી ખાતપૂજન કરાવ્યું. તળાવ ગાળવા માંડ્યું. સર્વે ભક્તોએ બહુ ભાવથી સેવા કરી. ઘેર તરણું નહિ તોડનારા પણ માથે ટોપલા ઉપાડતા. એમની સેવાને દેવતાઓ પુષ્પવૃષ્ટિથી વધાવતા. ઈન્દ્ર, બ્રહ્મા, ગણેશ, મહેશ સંતોના રૂપમાં સેવા કરવા આવતા. ભૂખ-તરસનું ભાન ભુલી તળાવ ગાળવાની સેવા કરતા. ભક્તિરસમાં લીન થયેલા તેઓ ઘરકામ વિસરી જતાં. સાંજના સમયે મનુષ્યો પુરમાં જાય તે સમયે દેવતાઓ આવતા. ખોદેલી માટી ઉપાડી પાળે નાખતા. સવારે આવી નિહાળે તો અચરજ થતું. દેવતાઓ જયજયકાર કરતા. શ્રીહરિને રીઝવવા દેવસમાજ પણ સરોવર ગાળવાની સેવા કરતા. આમ બે માસમાં તળાવ તૈયાર થયું.

અક્ષરાનંદ સ્વામીએ શ્રીહરિને પત્ર લખી જણાવ્યું કે સરોવર તૈયાર થયું છે. પત્ર વાંચી શ્રીહરિએ બહુ રાજીપો દર્શાવ્યો ને લખ્યું કે બીજા પણ બહુ ચમત્કાર થશે. પત્ર વાંચી સ્વામીનું મન મગ્ન થયું.

વસંતપંચમીનો ઉત્સવ ગઢપુર ઉજવ્યો તે સમયે નારાયણ સુથાર છાપ તૈયાર કરી લાવ્યા. તે જોઈ શ્રીહરિ પ્રસન્ન થયા. તેમને શિરપાવ આવ્યો. છાપો પ્રસાદીની કરી બોલ્યા કે આ મારા સ્વરૂપોની નિત્ય ભાવથી પૂજા કરજો. હું પ્રસન્ન થઈશ. આધારાનંદ સ્વામીને એ છાપો કાગળમાં છાપવા કહ્યું.

આ બાજુ શ્રીહરિની આજ્ઞાથી સચ્ચિદાનંદ સ્વામી તેમજ નંદરામ, ગોપાલજી વગેરે ધર્મકુળ દ્વારિકા દર્શને આવ્યા.

ધર્મકુળે દ્વારિકાની ધર્મશાળામાં સર્વેએ ઉતારો કર્યો. તેની સંભાળ રાખનાર એક વિપ્ર હતો. તેને થયું આ મેમાન શ્રીમંત લાગે છે તેથી બહુ દક્ષિણા આપશે. તેમને જોઈતી વસ્તુ લાવી આપું.

સચ્ચિદાનંદ સ્વામી ગોમતીમાં સ્નાન કરવા ગયા ત્યારે ત્યાંના ગુગળીઓ આવ્યા ને ધન માગ્યું. સ્વામી પાસે ધન નહીં હોવાથી અપમાન કર્યું. સ્નાન કરવા ન દીધું તેથી સ્વામી હરિધ્યાનમાં બેસી ગયા. સમાધિ દશામાં લીન થયા. નાડીપ્રાણ બંધ થયા તે જોઈ ગુગળીઓને ડર લાગ્યો ને દૂર ખસી ગયા.

ધર્મવંશીએ સ્વામીને સમાધિમાં બેઠેલા નિહાળ્યા. તેથી તેમને છોડી ચાલતા થયા. કર આપી ગોમતીમાં સ્નાન કર્યું. વિપ્રોને દક્ષિણા આપી. ધર્મશાળા સંભાળનારને પણ દક્ષિણા આપી. તે કહે સ્વામીની ચિંતા ન કરશો. અમે તેમની સંભાળ રાખીશું. તમે જાત્રા કરી આવો. જાગશે ત્યારે તેમને જમાડીશું. તેની વાતના વિશ્વાસથી ધર્મવંશીએ વિદાય લીધી. નાવમાં બેસી બેટ ગયા. કર આપી દર્શન કર્યા. પાંચ દિવસ ત્યાં રહ્યા.

ધર્મવંશીના ગયા પછી ચોથા દિવસે સ્વામી જાગ્યા. આસપાસ કોઈ ન દીઠું તેથી ગોમતી સ્નાન કરવા ગયા. કર લેનારે અટકાવ્યા તેથી સ્નાન કર્યા વિના જ ત્યાંથી આગળ સીધાવ્યા. આરામડે ગામ છાપ લેવા ગયા પણ ધનધૂતારાએ ધન વિના છાપો ન દીધી. તેથી સ્વામી લાંઘણચોરે બેઠા. ચાર ઉપવાસ થયા પણ છાપ ન દીધી. સ્વામી બેટમાં દર્શન કરવા આવ્યા. ત્યાં પણ ગૂગળીઓ ધન લૂંટવા આવ્યા ને દરવાજે અટકાવ્યા. સ્વામી દ્વારની બહાર બેઠા. ત્યાં પણ ચાર ઉપવાસ થયા.

શ્રીહરિની આજ્ઞા હતી કે દર્શન કરવા ને છાપો લેવી તેથી પાછા કેમ ફરાય ? એમ વિચારી દ્વારિકાધીશનું ધ્યાન ધરી બિરાજ્યા. માઘકૃષ્ણ એકાદશીના દિવસે દ્વારિકાધીશે દર્શન દીધું. સ્વામી હર્ષ પામ્યા ને સ્તુતિ કરી. વરદાન માગવા કહ્યું ત્યારે સ્વામી કહે પ્રગટ પુરુષોત્તમની આજ્ઞાથી આપના દર્શને આવ્યો પરંતુ ધન વિના ન દર્શન થયા કે ન તપ્તમુદ્રાની છાપો મળી. દ્રવ્ય રાખે તો સાધુનો ધર્મ જાય. માટે સર્વેને સુખ ઊપજે તેવો ઉપાય કરો.

શ્રી દ્વારિકાધીશ કહે હું પણ અહીં ઉદાસ છું. અહીંના અધર્મી, લોભી, વ્યસની ને વિકારી જનોની લેશ સેવા ગમતી નથી. માટે તમે મંદિર કરાવો ને મારી મૂર્તિ સ્થપાવો. ગોમતી વગેરે તીર્થ સાથે હું ત્યાં આવીશ. ધર્મવંશી તમારી રાહ જુએ છે. તમે જાઓ.

આ પ્રકારની પ્રભુની વાત સાંભળી સ્વામીના મનમાં હર્ષ ઉપજ્યો ને વિદાય લીધી.

આ બાજુ ધર્મવંશીઓ સ્વામીને શોધવા લાગ્યા. દ્વાદશીના પારણાના સમયે સ્વામી ત્યાં આવ્યા. સર્વેને આનંદ થયો. મુનિને ભોજન કરાવ્યું. સ્વામીએ દ્વારામતીની વાત કહી. દ્વારિકાધીશનું આગમન સાંભળી સર્વેને સુખ થયું.

## • શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથ :

### શ્રીહરિની પ્રસન્નતાર્થે, તેમની આજ્ઞાથી શ્રદ્ધા-ભક્તિ યુક્ત ભક્તજનોએ કરેલું ગોમતી તળાવનું ખોદકામાદિ :

વરતાલથી શ્રીહરિ ગઢપુર પધાર્યા. તે સમયે શ્રીહરિએ તળાવ ખોદવાની આજ્ઞા કરી હતી તે અક્ષરાનંદ મુનિ પોતાના હૃદયમાં સંભારતા હતા. પછી સરોવર ખોદાવવાની ઈચ્છાથી બુદ્ધિમાન અક્ષરાનંદ મુનિએ વરતાલ નિવાસી પ્રત્યક્ષ ભગવાનના સ્વધર્મનિષ્ઠ ભક્ત, મોઢ જ્ઞાતિના 'અગિયારશણા' બ્રાહ્મણ વનમાળી જોષી જે આજુબાજુના ગામો તથા શહેરોમાં પ્રસિદ્ધ હતા તેમને મુહૂર્ત પૂછ્યું.

પછી અક્ષરાનંદ મુનિ પૂર્તકર્મની વિધિ વનમાળી જોષીની પુત્રીના પુત્ર હરિશંકર પાસે કરાવીને પોતાના ઈષ્ટદેવની પ્રીતિ માટે તળાવ ખોદાવવા લાગ્યા. અક્ષરાનંદ મુનિની આજ્ઞાથી શ્રીહરિની પ્રસન્નતા ઈચ્છતા મુનિસમૂહો તથા પાર્ષદો પ્રીતિપૂર્વક દરરોજ સરોવર ખોદતા હતા.

**श्रीहरिप्रीणनोद्युक्ता महोत्साहाश्च लाङ्गलैः । केचिद्विदधिरे भक्ताः कासारक्षोणिकर्षणम् ।।६।।**
**उच्चैरुच्चारयन्तस्ते स्वामिनारायणाभिधाम् । आनन्दनिभृतात्मानश्चक्रिरे तन्निरन्तरम् ।।७।।**
**यदा भविष्यति सरस्तूर्णं पूर्णं तदा हरिः । यास्यति प्रीतिमतुलां नूनमस्मासु सत्पतिः ।।८।।**
**इत्थं मनोरथं भद्रं कुर्वन्तो हृत्सु तेऽखिलाः । श्रमं त्वगणयन्तस्तच्चक्रिरे कार्यमन्वहम् ।।९।।**
**क्वचित्क्वचित्स भगवान् गुणज्ञो भक्तवत्सलः । तेभ्यो ददौ निजप्रेक्षां क्लेशमूलनिकृन्तिनीम् ।।१०।।**

પોતાના ઈષ્ટ દયાસાગર શ્રીહરિને પ્રસન્ન કરવા ઈચ્છતા ઘણા ગૃહસ્થ ભક્તો પણ દરરોજ સરોવર ખોદતા હતા. શ્રીહરિને પ્રસન્ન કરવાના હેતુથી આ મહોત્સવમાં ઉત્સાહવાળા કેટલાક ભક્તો હળ વડે તે સરોવર માટેની જમીન ખેડતા હતા. આનંદથી ભરપૂર જેમનો આત્મા છે એવા તે સર્વ ઊંચા સ્વરથી 'સ્વામિનારાયણ' નામનું ઉચ્ચારણ કરતા દરરોજ તે સરોવર ખોદતા હતા. 'જ્યારે સરોવર પૂર્ણ ખોદાઈ જશે ત્યારે સત્પુરુષોના પતિ શ્રીહરિ અમારા ઉપર જરૂર અત્યંત પ્રસન્ન થશે.' આ રીતે પોતાના અંતરમાં શુભ મનોરથ કરતા તે સમગ્ર ભક્તો પરિશ્રમને નહિ ગણતાં દરરોજ તે કાર્ય કરતા હતા. ગુણજ્ઞ, ભક્તવત્સલ, ભગવાન શ્રીહરિ ક્યારેક ક્યારેક દુઃખનાશક પોતાના દર્શન તે ભક્તોને ધ્યાનાદિમાં આપતા હતા.

શ્રીહરિના તે પ્રકારના દર્શનથી સર્વોત્તમ શાંતિ અને આશ્ચર્ય પામેલા તે સર્વ ભક્તો, તે સરોવર ખોદવામાં શ્રીહરિની અત્યંત પ્રસન્નતા જોઈ, તે સરોવર આદરપૂર્વક ખોદતા હતા. એવી રીતે શ્રીહરિની આજ્ઞાથી પૂર્તકર્મ કરતા ભક્તો ઉપર બ્રહ્માદિ ઈશ્વરો કોઈ

કોઈ સમયે પુષ્પવૃષ્ટિ કરતા હતા.

સર્વ અવતારોના કારણ અંતર્યામી શ્રીહરિએ પ્રેરણા કરેલા દેવો હર્ષપૂર્વક તે સરોવર ખોદતા હતા. દરારોજ રાત્રે દેવતાઓ, મનુષ્યોને અગોચર રહી, અહીં આવીને શ્રીહરિની પ્રસન્નતા માટે તે સરોવર ખોદતા હતા. ભક્તોના સમૂહે દિવસે ખોદેલા ભાગની ધૂળ રાત્રિએ તે દેવતાઓ બહાર કાઢતા હતા.

રાત્રિઓમાં પોતાના નિવાસાદિમાં રહેલા સમગ્ર મુનિઓ વગેરે, તે દેવોએ ખોદવા માંડેલા સરોવરના ખોદકામનો અવાજ સાંભળીને પરમઆશ્ચર્ય પામતા હતા. કેટલાક સમાધિનિષ્ઠ સંતો દેવતાઓને સરોવર ખોદતા જોઈને આશ્ચર્ય પામી તે હકીકત તે સમયે મુનિ આદિકને કહેતા હતા. સવારથી સાંજ સુધીમાં જેમણે જમીન ખોદી હતી તે સર્વે સરોવર ખોદવા બીજે દિવસે જ્યારે ત્યાં આવતા ત્યારે તે ખોદેલી જમીનની ધૂળને સરોવરના ખાડામાંથી બહાર કાઢેલી જોતા હતા.

તે પ્રમાણે જોયા પછી આશ્ચર્ય પામેલા સરોવર ખોદનારા તે ભક્તોને સમાધિવાળા સંતો 'હે જનો ! આ કાર્ય દેવોએ કર્યું છે' એમ હર્ષપૂર્વક કહેતા હતા. તેમનું એવું વચન સાંભળીને સર્વ ભક્તજનો 'આ શ્રીહરિનો પ્રતાપ છે' એમ જાણી શ્રીહરિની પ્રસન્નતા માટે સરોવર ખોદતા હતા.

પુરના ભક્તો તથા બીજા જનો આ વાર્તા સાંભળીને અતિ વિસ્મય પામી, તે સર્વ 'આ શ્રીહરિનો પ્રતાપ છે' એવું જાણતા હતા. તે સરોવર ખોદવાથી પ્રત્યક્ષ શ્રીહરિ પ્રસન્ન થશે એવું જાણીને મુક્તો પણ રાત્રિએ આવીને મનુષ્યો જોઈ ન શકે તે પ્રમાણે હંમેશાં હર્ષપૂર્વક સરોવર ખોદવામાં અત્યંત સહાય કરતા હતા. આવી રીતે શ્રીહરિની પ્રસન્નતા માટે પ્રયત્ન કરતા શ્રદ્ધાવાળા અનેક ભક્તજનો દરરોજ સરોવર ખોદતા હતા. અને એ પ્રકારે થોડા જ માસમાં અતિ વિસ્તૃત એવું સરોવર તૈયાર થવા આવ્યું.

પછી બુદ્ધિમાન અક્ષરાનંદ મુનિએ પત્ર મોકલીને શ્રીહરિને પોતાનું સર્વ વૃત્તાંત જણાવ્યું, વળી તે સમયે અનુભવેલા વિવિધ પ્રકારના આશ્ચર્યનો પણ જેમ છે તેમ તેમણે ઉલ્લેખ કર્યો.

તે પત્ર વંચાવીને અત્યંત પ્રસન્ન થયેલા સત્પુરુષોના સ્વામી શ્રીહરિએ અક્ષરાનંદ મુનિને પત્ર મોકલીને પોતાનું વૃત્તાંત જણાવ્યું. અને તે પત્રમાં આ કાર્ય માટે પોતાની અતિશય પ્રસન્નતા જણાવી. 'હે વિશાળ બુદ્ધે ! તમોએ કરાવવા માંડેલા સરોવરમાં હજી પણ વિવિધ પ્રકારનાં આશ્ચર્યો જરૂર થશે.' આ પ્રકારનો શ્રીહરિના પત્રનો અભિપ્રાય જાણીને મુનિવર્ય અક્ષરાનંદ મુનિ અત્યંત આનંદ પામ્યા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૨૦)

**શ્રીહરિએ પોતાની મૂર્તિ સહિત શ્રીકૃષ્ણાદિ મૂર્તિઓની મુદ્રાઓ (છાપો) તૈયાર કરાવી તેમજ પોતાના ભત્રીજા નંદરામાદિને દ્વારિકાની યાત્રાએ મોકલ્યા તેનું વર્ણન :**

ગઢપુરમાં રહેતા શ્રીહરિ વિચારવા લાગ્યા કે, 'શ્રીકૃષ્ણ આદિની મૂર્તિઓ જો ચિતરાવી હોય તો તેમની પૂજા વગેરેની પ્રવૃત્તિ થાય; માટે તે પ્રકારની મૂર્તિઓ હું કરાવું.

શ્રીહરિએ આવો વિચાર કરીને જૂનાગઢથી પોતાના ભક્ત નારણજી સુથારને બોલાવીને કહ્યું. 'હે ભક્ત ! તમો મૂર્તિઓ ચીતરવામાં અત્યંત કુશળ છો. માટે મેં તમોને અહીં બોલાવ્યા છે. તો તમો શ્રીકૃષ્ણાદિ મૂર્તિની મુદ્રાઓ (છાપો) તૈયાર કરો. તેમજ મારી મૂર્તિની પણ મુદ્રા તૈયાર કરો.'

આવી રીતે શ્રીહરિએ નારાયણ સુથારને કહ્યું તેથી મૂર્તિઓ ચીતરવામાં પ્રવીણ નારણજી સુથારે કહ્યું : 'બહુ સારું, જેમ આપ કહો છો તે પ્રમાણે કરીશ.' એમ કહીને દર્શન કરવા યોગ્ય મનોહર બે મુદ્રાઓ તેમણે તૈયાર કરી. તે બે મુદ્રાઓ મધ્યે એક મુદ્રા વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણની ડાબી બાજુ રાધાએ સહિત શ્રીહરિની મુદ્રા કરી. (ડાબે પડખે શ્રીકૃષ્ણ તથા રાધિકા સહિત શ્રીહરિની મુદ્રા કરી.) તેમણે બીજી મુદ્રા ભક્તિ ધર્મ સહિત શ્રીસ્વામિનારાયણની બનાવી. તે બે છાપો (મુદ્રાઓ) જોઈને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. પછી શ્રીહરિએ નરનારાયણની મુદ્રા પણ કરાવી. હે રાજન્ ! નારાયણ સુથારે તે ત્રણ મુદ્રાઓ બે માસમાં તૈયાર કરી. તે ત્રણે મુદ્રાઓ કરી એટલે અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિએ નારણજી સુથારને ઘણું દ્રવ્ય આપ્યું. તેમજ ઘણાં મૂલ્યવાળાં વસ્ત્રો તથા સુવર્ણનાં કડાં વગેરે આપ્યાં. પછી શ્રીહરિ તે મુદ્રાઓ વડે આધારાનંદમુનિ પાસે કાગળો ઉપર હજારો પ્રતિમાઓ ચિતરાવવા લાગ્યા.

પછી મહા સુદી પંચમી (વસંતપંચમી)ના દિવસે શ્રીહરિએ વસંતનો મહોત્સવ કરાવ્યો. પછી એક સમયે પોતાના નિવાસમાં એકાંતમાં બિરાજેલા, સત્ય સંકલ્પ સર્વજ્ઞભગવાન શ્રીહરિ આ પ્રમાણે ચિંતવન કરવા લાગ્યા : 'જ્યારે હું દ્વારિકા ગયો હતો ત્યારે દ્વારિકાધીશે, પોતાના સ્થાનમાં અધર્મ જોઈને, મારી સમીપે આવીને મને આ પ્રમાણે કહ્યું હતું : હે હરે ! પાપીજનોથી વ્યાપ્ત આ સ્થાનમાં રહેવું મને ગમતું નથી. માટે આપના શુભ સ્થાનમાં મારી આપ પ્રતિષ્ઠા કરો. તે સમયે તેમના સ્થાપન માટે દ્વારિકેશ આગળ

में प्रतिज्ञा करी हती. ते लक्ष्मीनारायण नामथी वृत्तालयपुरमां पूर्ण करी. એ वार्ता हुं भक्तोना आनंद माटे प्रसिद्ध करुं छुं.' એ प्रमाणे विचार करीने श्रीहरि फरी विचार करवा लाग्या :

**तद तेभ्यो ननु मया प्रतिज्ञातं यथा तथा । तानि वृत्तालयपुरं तूर्णमेवानयाम्यहम् ।।१८।।**
**एतां वार्तामपि शुभां प्रसिद्धां विद्धाम्यहम् । स विचिन्त्येति भगवान् सभास्थानं समाययौ ।।१९।।**

'मारा स्थानमां निवास करवा ईच्छता गोमती वगेरे तीर्थोए अगाउ जूनागढमां मारी पासे आवीने मारी अत्यंत प्रार्थना करी हती. त्यारे में गोमती आदि तीर्थोने जे प्रमाणे प्रतिज्ञा करी कह्युं हतुं ते मुजब तेमने पण मारे तत्काळ ज वृत्तालयपुरमां लई आववा छे; अने એ शुभ वात पण मारे प्रसिद्ध करवी छे.' आवी रीते भगवान श्रीहरि विचार करीने सभास्थानमां पधार्या.

पछी सभामां आसन उपर बिराजेला श्रीहरिએ पोताना भक्तोने आनंद उपजावतां विविध प्रकारना तीर्थोना माहात्म्यनुं वर्णन कर्युं. हे स्वामिन् ! श्रीहरिએ तेमां द्वारिकानुं माहात्म्य विशेष कह्युं, ते सांभळीने तेमना बंधुजनो भत्रीजादि अति प्रसन्न थया.

पछी श्रीहरिना बंधुजनो द्वारिकानी यात्रा करवा माटे उत्साह पूर्वक विनम्रभावे धर्मनंदन श्रीहरिने कहेवा लाग्या : 'हे स्वामिन्! आपनी आज्ञा जो होय तो अमो द्वारिका जईએ.' पछी श्रीहरिએ 'तमो जाओ' એम कहीने तेमने मार्गमां खर्चवा माटे पुष्कळ धन आप्युं.

वळी श्रीहरिએ तेमने गाडां वगेरे वाहनो पण आप्यां. तेमनी साथे जवा माटे शस्त्रधारी पार्षदोने पण आज्ञा करी. श्रीहरिએ पोताना बंधुजनोनी साथे द्वारिकानो मार्ग जाणनारा, स्वेच्छाथी समाधिमां जता, सच्चिदानंदमुनिने तेमना शिष्यमंडळ सहित मोकल्या.

आ प्रमाणे कोशळ देशवासी नंदराम, गोपाळ वगेरे तैयार थई हर्षपूर्वक श्रीहरिने प्रणाम करीने वाहनोमां बेठा अने त्यांथी तत्काळ नीकळ्या. पछी मार्गमां चालता, वाहनोमां बेठेला, कोशळ देशवासी ब्राह्मणो तथा अत्यंत समाधिवाळा साधुवर्य सच्चिदानंदमुनि थोडा दिवसमां द्वारिका पहोंच्या.

(श्रीहरिलीलाकल्पतरु : ९/२१)

### द्वारकामां सच्चिदानंद स्वामीने द्वारकाधीशे आपेला दर्शन तथा वृत्तालयमां पधारवानुं वरदानादि वर्णन :

पछी योगी मुनिवर सच्चिदानंद स्वामी द्वारिकामां श्रीकृष्णना स्थानना दर्शन करवाथी तत्काळ समाधि अवस्था पाम्या. कोशळ देशना नंदराम वगेरे ब्राह्मणोએ बे दिवस सुधी सच्चिदानंदमुनि समाधिमांथी जाग्रत थाय तेनी राह जोई. परंतु ते मुनि ऊठ्या नहि. पछी सच्चिदानंदमुनिना शिष्योએ तेमने (यात्रा करवानी उतावळ होवाथी) आज्ञा आपी એटले ते नंदराम वगेरे ब्राह्मणो आदरपूर्वक यथाशास्त्र तीर्थविधि करवा लाग्या. तेओએ गूगळी ब्राह्मणोने ईच्छित धन आपीने गोमती स्नान तथा कृष्णनी मूर्तिना दर्शन कर्या. पछी नंदरामादि सर्वे आरावणमां तप्तमुद्राओ लईने ते द्वीपमां श्रीकृष्णना दर्शन करी तीर्थोमां योग्य क्रियाओ करवा लाग्या.

कोशळ देशना ते ब्राह्मणो शंखोद्धार तीर्थमां गया. ते समये योगीप्रवर धीर मुनिवर सच्चिदानंद स्वामी समाधिमांथी ऊठ्या. गजेन्द्रना जेवी गतिवाळा, शांत मनवाळा सच्चिदानंदमुनि पोताना शिष्यो साथे धीमे धीमे गोमती आव्या. ते तीर्थमां रहेनारा धनार्थी पापीओ, सच्चिदानंदमुनि तथा तेमना शिष्यो धन रहित छे तेवुं जाणीने तेमने गोमतीमां स्नान करवा प्रतिषेध करवा लाग्या.

गोमतीना तीरे त्रण दिवस सच्चिदानंदमुनि तथा तेमना शिष्य उपवास करता बेसी रह्या तोपण त्यांना निर्दय अधिकारी गूगळी ब्राह्मणोએ गोमती तीर्थमां तेमने स्नान करवा दीधुं नहि. शिष्यो सहित ते महामुनिने स्त्रीस्पर्शादिनो त्यागादि लक्षणोथी तेओ 'स्वामिनारायणना शिष्य' छे तेवुं जाणीने, तेमने तीर्थवासी कोईએ पण अन्न आप्युं नहि. छतां पण धैर्यशाळी, शिष्यो सहित मुनिराट् सच्चिदानंदे कोईनी पण पासे अन्न माग्युं नहि अने पछी आरावण क्षेत्रमां आव्या.

अत्यंत क्षमावाळा ते सच्चिदानंद मुनि ते आरावणमां द्वारिकाधीशनी छापो लेवा माटे चारे तरफ दुःख भर्या शब्दोथी आजीजी करता, भूखथी कृश थयेला अनेक सर्वजनो प्रत्ये जोता हता.दीन अने अत्यंत भूखथी पीडा पामता मनुष्योना એवा चारेतरफना बूमराणथी सच्चिदानंद मुनिએ ते स्थानने 'चारे तरफथी बूमो पडावे छे माटे **'आ समन्तात् रावयति इति'** आरावण' એ व्युत्पत्ति प्रमाणे नाम सार्थक जाण्युं.

त्यां ते प्रकारना यात्रिकोमां केटलाकने बे उपवास थया हता. केटलाकने त्रण उपवास थया हता अने केटलाकने पांच दिवसना उपवासी ते सच्चिदानंद मुनिએ जोया.त्यां छ दिवसना उपवासी, भूखथी बेसी गया छे पेट जेमनां એवा, दीन, केटलांक वृद्धो तथा केटलाक बाळकोने ते मुनिએ त्यां जोया.

માર્ગમાં વનના રસ્તે ચોરોએ જેમનું ધન લૂંટી લીધું છે અને તેથી જ નિર્ધન બનેલા અને ભૂખથી પીડાયેલા બ્રાહ્મણો તથા સાધુઓને (વેરાગીઓને) તથા રોગિષ્ઠ જનોને તે મુનિએ ત્યાં જોયા. પુષ્કળ ધન લેવા માટે જ મુદ્રાઓ આપનારા અધિકારીઓએ અત્યંત પીડેલા કેટલાક સાધુઓ તથા નિર્ધનોને મૃતપ્રાય થયેલા જોયા.

અત્યંત દયાળુ અને દુઃખી જનોનું દુઃખ જોવા માટે અસમર્થ, છાપો લેવા માટે ઘણું કષ્ટ સહન કરતા જનસમૂહને જોઈને, તે મુનિ દુઃખ પામતા હતા. ધન લેવાની ઈચ્છાથી અતિ નિર્દય થયેલા ત્યાંના ગૂગળી વગેરેની નિર્દયતા જોઈને તે મુનિએ તે ગામને ઘોર વનથી પણ ભયંકર અને અત્યંત દુઃખ આપનારું જાણ્યું.

ત્યાંના જનોને, નિર્દય, મૂઢ બુદ્ધિવાળા, ઠગારા, વિષયાસક્ત તથા લોભી જોઈને, મુનિ ખેદ પામ્યા. તે મુનિને 'આ સ્વામિનારાયણના શિષ્ય છે અને તેથી અકિંચન છે' એમ જાણીને છાપો આપનારા ધૂર્ત ગૂગળીઓએ તેમને આરાવણથી કાઢી મૂક્યા. દેહ પડી જશે એવો જેને ભય જ નથી તેવા, નિરાહારી, પ્રશાંત આત્મા, તે મુનિ તેમના શિષ્યો સહિત દ્વારિકાધીશના દર્શન કરવા માટે ગયા.

અતિ મદાંધ અને ધનની ઈચ્છાવાળા ગુગળીઓએ તે મુનિનો અત્યંત તિરસ્કાર કર્યો. દ્વારિકાધીશના દર્શન તેમને કોઈએ કરવા દીધા નહિ. પછી પોતાના શિષ્યો સહિત તે મુનિ કોઈ સ્થળમાં જઈને એકાગ્ર ચિત્તે દ્વારિકાધીશનું ધ્યાન કરવા લાગ્યા. નિર્ભય, શાંત ઈન્દ્રિયો જેમની છે એવા, ભૂખ-તરસ-ટાઢ-તડકો વગેરે દ્વંદ્વોથી રહિત, અપરિગ્રહી સચ્ચિદાનંદ મુનિ તેમના શિષ્યો સહિત, તીર્થવાસી યાત્રિકોને આશ્ચર્ય પમાડતાં ત્યાં રહ્યા.

ભાગવતોમાં શ્રેષ્ઠ સચ્ચિદાનંદમુનિ સમાધિ દ્વારા શ્રીકૃષ્ણનું ધ્યાન કરતા કરતા જાણે ચિત્રમાં ચીતરેલા હોય ને શું ? એમ સ્થિર થઈ ગયા હતા ! તે પછી અત્યંત પ્રસન્ન થયેલા, વ્યાપક, સુંદર મંદહાસ્ય મુખવાળા, દ્વારિકાધીશ્વરે પોતાના પરિવારની સાથે સચ્ચિદાનંદ મુનિને પોતાના દર્શન આપ્યા. દ્વારિકાધીશ્વરે સચ્ચિદાનંદ મુનિને કહ્યું, 'હે ભક્તવર્ય ! હે મહામતે ! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. તમો મારાથી ઈચ્છિત વર માગો.'

એટલે સંતોમાં ઉત્તમ સચ્ચિદાનંદ મુનિએ દ્વારિકેશને નમસ્કાર કર્યો અને પછી સ્તુતિ કરીને બન્ને હાથ જોડી તેમને વિનમ્ર ભાવે કહેવા લાગ્યા. 'હે અપાર ઐશ્વર્યશાળી ! હે કરુણાસાગર ! મને તમારા દર્શનથી હમણાં અત્યંત આનંદ પ્રાપ્ત થયો છે. હવે હું આથી અધિક આપની પાસે શું યાચના કરું ? તો પણ એક પ્રાર્થના છે, જે હું તમોને કહું છું. હે વરદેશ્વર ! ભક્તોના દુઃખને નાશ કરનારા, તમારે તે પ્રાર્થના સ્વીકારવી. હે દયાનિધે ! આ લોકમાં અહીં ધનાઢ્ય પુરુષો જ યાત્રા કરી શકે છે. નિર્ધન તો કોઈ પ્રકારે યાત્રા ન જ કરી શકે. આ પ્રમાણે મને જણાય છે.

ઉદ્ધવ સંપ્રદાયના સાધુઓ જે 'ધન - સ્ત્રીના ત્યાગી' છે તે શ્રીસ્વામિનારાયણ ભગવાનના સાધુઓને અહીં યાત્રા કરવી તે તો અત્યંત દુષ્કર છે. દશ દિવસના મને ઉપવાસ થયા અને છતાં હું ગોમતી સ્નાન કરી શક્યો નથી. વળી તપ્ત મુદ્રાના ચિહ્નો પણ મેળવી શક્યો નથી. હે સત્પતે ! તમારા દર્શન તો હમણાં જ થયા. મારા શિષ્યો તો દશ દિવસના ઉપવાસથી મૃતપ્રાય થયા છે. માટે પ્રથમ તેમને તમો તમારા દર્શન આપો અને તેમની પીડા શાંત કરો. તે સર્વને તમારા દર્શન આપ્યા પછી, તમારા પ્રતાપથી જ જેની ધીરજ ટકી શકી છે એવા મારા વચન તમો સાંભળો. પછી જેવી તમારી ઈચ્છા હોય તે પ્રમાણે તમો કરજો. કારણ કે, તમો તો પરમેશ્વર છો.

હે પ્રભો ! દુર્જનોના ઉપદ્રવવાળા આ સ્થાનમાં મારા ગુરુબંધુ સાધુઓને તમારા દર્શન, દુઃખ વેઠવા છતાં પણ, નહિ થઈ શકે એવો મારા મનમાં વિચાર થાય છે. હે પ્રભો ! એ પ્રકારના આ સ્થાનમાં તો મારા ગુરુબંધુઓથી યાત્રા નહિ જ થાય. માટે તેમને જેવી રીતે યાત્રા થાય તે પ્રમાણે તમારે નિશ્ચે કરવું.'

આવી રીતે મુનીન્દ્રે પ્રાર્થના કરી તેથી મંદહાસ્ય મુખવાળા દ્વારિકેશ્વર મીઠી વાણીથી મુનિને પ્રસન્ન કરતા કહેવા લાગ્યા : 'હે મુને! તમોએ જે કહ્યું તે યથાર્થ છે એમ હું જાણું છું. ધન તથા સ્ત્રીના ત્યાગી એવા તમારા ગુરુબંધુ સંતોને અહીં યાત્રા ન થાય. સ્ત્રીઓ તથા સ્ત્રૈણ પુરુષોનો સંગ કરનારા, દ્રવ્યને ઈચ્છનારા, સમગ્ર અધર્મના કુળથી ગ્રસ્ત, કામથી વ્યાકુળ ચિત્તવાળા જનો અહીં વસે છે. શાસ્ત્ર મર્યાદાનું જેમણે ઉલ્લંઘન કર્યું છે, લોકોના ભયથી રહિત, દીન જનોના જાણે શત્રુ હોય ને શું ? એવા તે લોકો હંમેશાં ધનપ્રાપ્તિ માટે ગરીબ લોકોને દુઃખ આપે છે. દુષ્ટ આશયવાળા, દુષ્ટ કર્મોવાળા, મોહ, માન અને મદથી વ્યાકુળ થયેલા; દુષ્ટ જનોની જેમ મારા ભક્તો અને સાધુઓનો તેઓ દ્રોહ કરે છે. બહુ દિવસ ઉપવાસ કરનારા મનુષ્યોના અંગો પશુઓની માફક (જેમ પશુને ડામ દે તેમ) તપ્ત મુદ્રાઓથી બાળે છે.

હે મુને ! ક્રૂર કર્મ કરનારા, ઉગ્ર, ત્યાગ કરવા યોગ્ય એવા આ લોકોથી વ્યાપ્ત આ સ્થાનમાં રહેવું મને પણ ગમતું નથી. તેથી હે મુને ! સર્વ અવતારોના કારણ શ્રીહરિ જ્યારે અહીં પધાર્યા હતા ત્યારે મેં હર્ષપૂર્વક તેમને કહ્યું હતું : 'હે હરે ! જ્યાં આપ તથા

આપના એકાંતિક ભક્તોનો નિવાસ હોય તે સ્થાનમાં મને પણ નિવાસ આપશો.' મારું આ વચન સાંભળીને શ્રીહરિએ મને કહ્યું હતું :

**त्वत्प्रतिष्ठां विधास्यामि स्थाने मे निश्चितं ततः । वृत्तालयपुरे रम्यं कारितं तेन मन्दिरम् ।।४८।।**
**लक्ष्मीनारायणाख्यस्य मद्रूपस्य महामुने !। प्रतिष्ठा तेन विहिता मन्दिरे तत्र शोभने ।।४९।।**
**लक्ष्मीनारायणाख्यायां ततस्तस्यां ममाकृतौ । स्थितोऽस्म्यहं महायोगिन् विद्धि त्वं चेति निश्चितम् ।।५०।।**
**तथापि तामहं वार्त्तां प्रसिद्धां कर्तुमुत्सुकः । आयास्ये सार्द्धमत्रत्यैस्तीर्थैस्तत्र त्वया मुने ।।५१।।**
**ततो वृत्तालयपुरे सर्वेषां त्यागशालिनाम् । सेत्स्यति द्वारिकायात्रा तथाऽन्येषां च देहिनाम् ।।५२।।**
**तत्र पार्षदयुक्तस्य स्थितिर्भाव्या सदैव मे । स इत्युक्त्वा मुद तस्मै तिरोऽभूत्तत्र सत्वरम् ।।५३।।**

'હે દ્વારિકેશ ! મારા સ્થાનમાં તમારી પ્રતિષ્ઠા હું જરૂર કરીશ.' પછી શ્રીહરિએ વૃત્તાલય પુરમાં સુંદર મંદિર કરાવ્યું.હે મહામુને! મારા સ્વરૂપરૂપ શ્રીહરિએ લક્ષ્મીનારાયણની પ્રતિષ્ઠા વૃત્તાલયપુરના શોભાયમાન મંદિરમાં કરી છે. માટે હે મહાયોગિન્ ! લક્ષ્મીનારાયણરૂપ મારા સ્વરૂપમાં હું રહ્યો છું. આ પ્રમાણે તમો જાણો. હે મુને ! આ વાર્તા પ્રસિદ્ધ થાય તે માટે ઉત્સાહપૂર્વક અહીંના તીર્થો ગોમતી વગેરે સહિત હું તમારી સાથે ત્યાં આવીશ. તેથી વૃત્તાલયપુરના સર્વ ત્યાગીઓને તથા અન્ય મનુષ્યોને દ્વારિકાની (વરતાલમાં રહેલા દ્વારિકાધીશની) યાત્રા સુલભ થશે. વૃત્તાલયપુરમાં હું મારા પાર્ષદો સહિત સદા બિરાજીશ.' આ પ્રમાણે મુનિને હર્ષપૂર્વક કહીને દ્વારિકેશ તત્કાળ તે સ્થળમાંથી તિરોધાન થઈ ગયા.

દ્વારિકાપતિના દર્શનથી જેમની ભૂખની પીડા અત્યંત નિવૃત્તિ પામી ગઈ છે; એવા પોતાના શિષ્યો સહિત તે મુનિવર સચ્ચિદાનંદ સ્વામી, પોતાની વાટ જોતા અને દુ:ખી થયેલા નંદરામાદિ કોશળ દેશના બ્રાહ્મણોને ગોમતીના સુંદર તટ ઉપર મળ્યા.

કોશળ દેશના તે બ્રાહ્મણો તથા મુનિઓ પોતપોતાનું વૃત્તાંત પરસ્પર કહીને તથા જમીને, પ્રસન્ન મનથી ભગવાનમાં આસક્ત થકા, પોતાના મનોરથની સિદ્ધિથી શ્રીહરિનું સ્મરણ કરતાં, તૈયાર થઈને ગોમતી તીરેથી તત્કાળ ચાલ્યા.

કોશળ દેશના બ્રાહ્મણો તે મુનિમંડળ સહિત માર્ગમાં જયાં જયાં નિવાસ કરતા હતા, ત્યાં ત્યાં હંમેશાં રાત્રિએ સ્વપ્નમાં દ્વારિકાના તીર્થો તથા લક્ષ્મી સાથે આવતા શ્રીદ્વારિકાધીશને જોતા હતા.

આ પ્રકારના અદ્‌ભુત દર્શનથી આનંદ મગ્ન બની માર્ગમાં ચાલતા કોશળ દેશના બ્રાહ્મણો તથા તે મુનિ વગેરે કેટલાક દિવસે દુર્ગપત્તન પહોંચ્યા. અહીં શ્રીહરિના દર્શનથી આનંદ પામી સચ્ચિદાનંદ વગેરે શ્રીહરિને નમસ્કાર કરી પોતાનુ સમગ્ર વૃત્તાંત યથાવત્ કહેવા લાગ્યા.

આ પ્રમાણે તેમણે કહેલું સર્વ વૃત્તાંત સાંભળીને તેમણે કહ્યું તે અગાઉ પણ જે આ વૃત્તાંત જાણતા હતા. તે અતિપ્રતાપી શ્રીહરિ આર્યશીલ, સમાધિનિષ્ઠ, મુનિવર સચ્ચિદાનંદની અત્યંત પ્રશંસા કરતાં તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૨૨)

### ફૂલદોલોત્સવ કરવા માટે વૃત્તાલય પધારતા શ્રીહરિ ભક્તોનાં ગ્રામોમાં નિવાસ કરતા થકા વડતાલ પધાર્યા તથા વડોદરાથી શાસ્ત્રાર્થમાં વાદીઓને જીતીને મુક્તાનંદ સ્વામી પણ ત્યાં આવ્યા :

ફાગણ માસમાં આવતો શ્રીદ્વારિકેશનો પુષ્પદોલોત્સવ શ્રીહરિએ વૃત્તાલયમાં કરવા ઈચ્છા કરી. શ્રીહરિએ ત્યાગીઓ, ગૃહસ્થ ભક્તો તથા સ્ત્રીભક્તો વગેરેની સાથે વૃત્તાલય જવાની ઈચ્છાથી તેમને સર્વને સાથે આવવા જણાવ્યું.

શ્રીહરિએ મંગળ પત્રિકાઓ લખાવીને ચારે તરફ દૂતો મોકલી દેશાંતરોથી પોતાના ભક્તોને વૃત્તાલય બોલાવ્યા. તે રાત્રિએ સૂતેલા સંતોએ પણ સ્વપ્નમાં લક્ષ્મીની સાથે વૃત્તાલયમાં આવતા દ્વારિકેશના દર્શન કર્યા. તેથી તે સંતો સવારમાં ઊઠીને સ્વપ્નમાં જોયેલું સર્વ વૃત્તાંત શ્રીહરિને કહેવા લાગ્યા. પછી 'આ ખરેખર સત્ય છે' એમ શ્રીહરિએ સંતોને કહ્યું. પછી શ્રીહરિ ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાઈને પોતાના હજારો ભક્તોની સાથે સાતમને દિવસે દુર્ગપુરથી નીકળ્યા.

ગતિમાં શ્રેષ્ઠ લાલ અશ્વરાજ ઉપર બિરાજેલા, અતિમૃદુલ-ડાબા હસ્તકમળની કોષરૂપી મુઠીમાં ચળકતી સુંદર લગામ ધારણ કરતા અને જમણા અતિ કોમળ હસ્તકમળની કોષરૂપી મુઠીમાં સુવર્ણની છડી ધારણ કરતા, શ્વેત વસ્ત્રધારી, મનોહર-સુંદર પુષ્પોના બનાવેલા તોરા તથા હાર ધારણ કરેલા, ભાલાંઓથી સજ્જ સોમ વગેરે ઘોડેસવારોથી વીંટાયેલા શ્રીહરિ માર્ગમાં ચાલતા હતા.

તે સમયે ઉત્તમ વાહનોમાં બેઠેલા રામપ્રતાપ વગેરે શ્રીહરિના બંધુજનો તેમજ ઘોડા ઉપર બેઠેલા ઉત્તમ રાજા તથા વર્ણીગણો અને સંતો, ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનની પાછળ ચાલતા હતા. રથમાં બેઠેલી ધર્મવંશી સ્ત્રીઓ, તથા શુદ્ધ ધર્મ પાળનારી જયા વગેરે સ્ત્રીઓ પણ અતિ આનંદયુક્ત બની, જેમ ભાગ્યશાળીની પાછળ સંપત્તિ જાય તેમ, શ્રીહરિની પાછળ ચાલતી હતી. માર્ગમાં

ચાલતાં પોતાના આશ્રિત ભક્તજનોના ગામોમાં નિવાસપૂર્વક ત્યાંના ભક્તોએ અતિ હર્ષપૂર્વક કરેલી સેવા સ્વીકારતા, શ્રીહરિ એકાદશીને દિવસે સાંજે આ વડતાલપુરમાં પધાર્યા.

પછી વાજિંત્રોનો ઘોષ કરતા, સન્મુખ આવેલા પુરના સમગ્ર જનો કુબેરજી તથા જોબનપગી વગેરેએ શ્રીહરિનું સન્માન કર્યું. એ રીતે શ્રીહરિ પોતાના ભક્તજનોની સાથે મશાલોના પ્રકાશથી શોભતા અને સત્પુરુષોએ સેવેલા આ પુરમાં પ્રવેશ કરતા હતા.

પછી પોતાના બંધુઓ તથા પાર્ષદો વગેરે તેમજ ઉત્તમરાજાની સાથે શ્રીહરિએ તે સુંદર મંદિરમાં જ નિવાસ કર્યો. બીજા ભક્તજનોને યથાયોગ્ય ઉતારો આપ્યો. શ્રીહરિની સેવામાં ઉત્સાહવાળા પુરના ભક્તો શ્રીહરિની નિરંતર યથાયોગ્ય સેવા કરતા હતા. શ્રીહરિ પણ વચનરૂપી સુધારસથી પોતાના ભક્તોને તૃપ્તિ પમાડતા થકા ભક્તોને સુખ આપતા આ પુરમાં રહ્યા.

પછી સત્પુરુષોમાં શ્રેષ્ઠ મુક્તાનંદમુનિ વડોદરામાં વાદિગણોને જીતીને વડોદરાના નિવાસી નાથજીત વગેરે જનસમુદાયની સાથે અહીં આવ્યા. પછી સાધુવત્સલ શ્રીહરિ મુક્તાનંદ મુનીન્દ્રને અતિ સ્નેહથી બાથમાં ભીડીને મળ્યા. તેમજ મુક્તાનંદમુનિની સાથે આવેલા સંતોને પણ તે પ્રમાણે ભેટ્યા. પ્રસન્ન થયેલા સ્વયં શ્રીહરિએ મુક્તાનંદમુનિને તથા સંતોને કંઠમાંથી હાર ઉતારીને આપ્યા, તેમજ પોતાની પ્રસાદીનાં ભોજન પણ આપ્યાં. પછી વટપત્તનમાં બનેલું સર્વ વૃત્તાંત તથા પૃથ્વીપતિ સયાજી મહારાજનો શ્રીહરિ વિષેનો અત્યંત ભાવ વગેરે હકીકતો શ્રીહરિને મુનિરાજ મુક્તાનંદે કહી.

'તે રાજાને શ્રીહરિના દર્શન કરવાની ઘણી જ ઉત્કંઠા છે.' તે પણ મુક્તાનંદમુનિએ શ્રીહરિને કહ્યું અને પોતાના પુરમાં પધારવા માટેનું રાજાનું નિમંત્રણ કહ્યું. વડોદરામાં જોયેલ શ્રીહરિના ઐશ્વર્યની સ્મૃતિથી જેમનાં નેત્રોમાં પ્રેમનાં અશ્રુ આવ્યાં છે એવા મુક્તાનંદમુનિને શ્રીહરિએ સમગ્ર સમાચાર પૂછ્યા. પોતાનામાં જ અત્યંત આસક્ત મનવાળા મુક્તાનંદમુનિ તથા અન્ય સાધુઓને આ પ્રમાણે શ્રીહરિએ સુખી કર્યા.

દ્વારકાધીશને લક્ષ્મીનારાયણ રૂપે બિરાજતા જોઈને ત્યાગીઓ તથા ગૃહસ્થો અતિ આનંદ પામ્યા. ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો વૃંદાવનવિહારી તેમજ શ્રીહરિકૃષ્ણ મહારાજના તથા ભક્તિ-ધર્મ તથા (વાસુદેવ નામના) હરિકૃષ્ણના દર્શન કરી અત્યંત હર્ષ પામ્યા.

આ પુરમાં આવેલા સર્વ ગૃહસ્થોએ પણ સર્વ ત્યાગીઓની જેમ સ્વપ્નમાં આ પુરમાં આવેલા પ્રકાશમાન દ્વારિકેશ્વરને જોયા. તેથી વિસ્મય પામેલા ભક્તજનો લક્ષ્મીનારાયણને દ્વારિકાધીશ્વરના સ્વરૂપે જોતા હતા. વિસ્મય પામેલા તે ભક્તજનો લક્ષ્મીનારાયણને દ્વારિકાધીશ્વર જાણીને પોતાના અધિકાર પ્રમાણે સમગ્ર ઉપચારોથી તેમનું પૂજન કરતા હતા.

તે ભક્તજનો શ્રીહરિકૃષ્ણ મહારાજની તેમજ અન્ય મૂર્તિઓની વસ્ત્રો તથા વિભૂષણો વગેરે ઉપચારોથી ભક્તિપૂર્વક યથાયોગ્ય પૂજા કરતા હતા.

આવી રીતે દ્વારિકાધીશ દ્વારિકાથી પોતાના આગમનની લીલા બતાવતા હતા. પરંતુ લક્ષ્મીનારાયણથી તે જુદા નથી. દયાસાગર શ્રીમાન્ દ્વારિકેશ્વર જ્યારે અહીં આવ્યા ત્યારે તેમનો સર્વ પરિવાર પણ તેમની સાથે આવ્યો. તે સમયે દ્વારિકામાં રહેલા ગોમતી વગેરે સર્વ તીર્થો પણ આ વૃત્તાલયમાં આવ્યા.

પછી ભક્તોનો આનંદ વિસ્તારતા અનુપમ ઐશ્વર્ય-વીર્ય-તેજ-બળ વગેરે ગુણોના સમુદ્ર, સકળ અવતારોના કારણ, પોતાના જનોનું હિત કરવામાં નિપુણ સ્વામિનારાયણ શ્રીહરિએ પોતાના સમગ્રજનોને સુખી કરવા માટે પોતાના શિષ્યો પાસે વિવિધ પ્રકારની મૂલ્યવાન સામગ્રીઓથી દ્વારિકાધીશ્વરનો દોલોત્સવ પ્રીતિપૂર્વક કરાવ્યો.

પ્રભુ શ્રીહરિ મુનિઓની પંક્તિમાં વારંવાર ફરતા થકા તેમને ભક્ષ્ય-ભોજ્ય-લેહ્ય-ચોષ્ય વગેરે સુંદર ભોજનો પીરસીને તે સાધુઓ તથા પાર્ષદોને અત્યંત તૃપ્ત કરતા હતા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૨૩)

### પરિવારે સહિત દ્વારકાધીશનું વૃત્તાલયમાં આગમન તથા શ્રીગોમતીજીના પ્રાગટ્યનો મહોત્સવાદિ વર્ણન :

સભામાં બિરાજેલા ભક્તપ્રિય શ્રીહરિ આ પ્રમાણે બોલ્યા : 'હે સમગ્ર ભક્તો ! હિતકારી એવું મારું વાક્ય સાંભળો; હે ભક્તો ! દ્વારિકાધીશ પોતાના પત્ની, પાર્ષદ વગેરે પરિવાર સહિત તેમજ સર્વ તીર્થો સહિત અહીં આવ્યા છે. એમ તમો જરૂર જાણો.'

તે સમયે તે ભક્તો હર્ષપૂર્વક બન્ને હાથ જોડીને શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા : 'હે પ્રભો ! આપની કૃપાથી અમોએ તે પ્રત્યક્ષ જોયું છે. માટે આપે કહેલું આ સર્વ જરૂર સત્ય જ છે.'

**द्वारिकेशमिहायातं परिवारोऽन्वगान्निजः । भृत्यवर्गा इव क्ष्मेशं वसत्यत्र स तद्युतः ।।५।।**

**तस्मादिमां पुरिं भक्ता द्वारिकां वित्त निश्चितम् । ततोऽत्र द्वारिकायात्रा जनानां सेत्स्यति ध्रुवम् ।।६।।**

**प्रादुर्बुभूषया भक्ता गोमती त्वरते भृशम् । किञ्चिदूनं ततोऽस्माभिः पूर्णं कार्यं सरो द्रुतम् ।।७।।**

તેમની આવી વાણી સાંભળીને પ્રસન્ન થયેલા શ્રીહરિએ ફરીથી તેમને કહ્યું : 'હે ભક્તો ! અહીં આવેલા દ્વારિકેશ સાથે, જેમ રાજાનો પરિવાર ભૃત્ય વગેરે રાજાને અનુસરે છે તે પ્રમાણે દ્વારિકેશનો પરિવાર સાથે આવ્યો છે. માટે આ વૃત્તાલયમાં દ્વારિકેશ પોતાના પરિવાર સહિત વસે છે. માટે આ પુરી નિશ્ચય દ્વારિકા છે એમ તમો જાણો. તેથી આ પુરીમાં આવનાર ભક્તજનોને દ્વારિકાની યાત્રા જરૂર સિદ્ધ થશે. ગોમતી પણ અહીં પ્રગટ થવા અત્યંત ઉતાવળ કરે છે. માટે થોડું બાકી રહેલું છે તે સરોવર પણ આપણે તત્કાળ પૂર્ણ કરવું.'

શ્રીહરિને પ્રસન્ન કરવા માટે ઉદ્યમ કરતા તે ભક્તો શ્રીહરિનું આવું વચન સાંભળીને 'બહુ સારું, જેમ આપ કહો છો તેમ કરીશું.' એમ કહીને શ્રીહરિને પ્રણામ કરી આદરપૂર્વક શ્રીહરિનું વચન શિરે ધરતા હતા.

પછી શ્રીહરિએ તત્કાળ પોતાનો અશ્વ લાવવા માટે જલ્દીથી કાર્ય કરનારા નાન્ન ભક્ત નામના પોતાના પાર્ષદને અંગુલી નિર્દેશની સંજ્ઞાથી આજ્ઞા કરી. પછી શ્વેત વસ્ત્રધારી, પુષ્પોના હાર તથા તોરા ધારણ કરતા શ્રીહરિ પાર્ષદે લાવેલા શણગારેલા અશ્વ ઉપર બિરાજમાન થયા.

પછી ઘોડેસવારો તથા પાર્ષદોથી વીંટાયેલા, ચામર તથા છત્રથી વિરાજમાન, શ્રીહરિ વાજિંત્રોનો ઘોષ સાંભળતાં સરોવર પ્રત્યે ગયા. તે સમયે હર્ષ પામેલા, ઘોડા ઉપર બેઠેલા શ્રીહરિના બંધુજનો વગેરે, શ્રીહરિના દર્શનમાં ઉત્સુક થકા શ્રીહરિની સમીપે તત્કાળ ગયા.

અસંખ્ય ગૃહસ્થ ભક્તો, હજારો ત્યાગીઓ વગેરે શ્રીહરિનો યશ ગાતા થકા શ્રીહરિની આગળ પાછળ ચાલવા લાગ્યા. તે સમયે નાગાર્જુન વગેરે બંદિજનો ભક્તિપૂર્વક, ધર્મ-દેવથી જેમનો જન્મ છે એવા અનવધિકાતિશય ઐશ્વર્યવાળા શ્રીહરિનો આશ્ચર્યજનક, સમગ્ર જગતને પવિત્ર કરનારો, અનુપમ યશ ગાતા હતા.

માર્ગમાં ભક્તજનોની અત્યંત ભીડ જોઈને શ્રીહરિ પોતાના અશ્વને ધીરે ધીરે ચલાવતાં આ સરોવરના કિનારે (ગોમતીના કિનારે) પહોંચ્યા. આંબાના વૃક્ષોની પંક્તિઓથી શોભાયમાન, બીજા વિવિધ પ્રકારનાં ફળ તથા પુષ્પોવાળાં વૃક્ષોથી યુક્ત અને તેથી જ મનોહર લાગતું; પોપટ, કોયલ વગેરે વિવિધ પ્રકારનાં પક્ષીઓના નાદ તેમજ ચંચળ વૃક્ષોનાં નવપલ્લવોથી શ્રીહરિને જાણે તે કિનારો બોલાવતો હોય ને શું ?

પછી શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતરીને આ શોભાયમાન તટ ઉપર પાર્ષદે ગોઠવેલા સુંદર સિંહાસન ઉપર બિરાજમાન થયા. તેમની બન્ને બાજુએ તેમના બંધુજનો યથાયોગ્ય બેઠા. મુક્તાનંદ વગેરે કેટલાક મોટા મુનિઓ પણ તેમની યોગ્યતા પ્રમાણે બેઠા. અનેક પ્રકારનાં શસ્ત્રો ધારણ કરનારા-શૂરવીરો, સાવચેત અને ક્રિયા કરવામાં તત્પર થકા શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વર્તનારા પાર્ષદો શ્રીહરિની પાછળ ઊભા રહ્યા.

**गृहस्था लक्षशश्चान्ये त्यागिनोऽथ सहस्रशः । कासारखननं प्रीत्या चक्रिरे हरितुष्टये ।।२१।।**
**उच्चैरुच्चारयन्तस्ते स्वामिनारायणाभिधाम् । प्रेक्षमाणा हरिं साक्षाच्चक्रुस्तत्प्रीतचेतसः ।।२२।।**
**भूरिशो वंशपात्रेषु भृत्वा धूलिं जनव्रजाः । बहिर्निष्कासयांचक्रुस्तत्संप्रीणनकाङ्क्षिणः ।।२३।।**
**तद्वक्त्रेभ्यस्तदा निर्यन् हरेर्नामध्वनिर्महान् । सर्वाशुभप्रशमनो व्यानशे सर्वशो दिशः ।।२४।।**

પછી હજારો ગૃહસ્થો તેમજ બીજા ત્યાગીઓ, શ્રીહરિની પ્રસન્નતા માટે પ્રીતિપૂર્વક તળાવ ખોદવાનું કામ કરવા લાગ્યા. ઊંચા સ્વરથી સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરતા, પ્રત્યક્ષ શ્રીહરિના દર્શન કરતા, સરોવર ખોદતા તે સર્વ પ્રસન્ન ચિત્તથી તે સરોવર ખોદવા લાગ્યા. શ્રીહરિની પ્રસન્નતા ઈચ્છતા તે ભક્તજન સમૂહ ટોપલા ભરીને ધૂળ બહાર કાઢતા હતા. તે સમયે તળાવ ખોદતા તે ભક્તોના મુખમાંથી શ્રીહરિના નામનો મહાન ધ્વનિ સર્વ અશુભની શાંતિ કરતો થકો બધી દિશાઓમાં વ્યાપી ગયો.

તે સમયે ભક્તજનોને વિસ્મય પમાડતી આકાશવાણી શ્રીહરિની ઈચ્છાથી જ થઈ : 'હે હરે ! હે સત્પતે ! આ સરોવરની અંદર રહેલી મને જલ્દી જળ પ્રાપ્ત કરી બહાર પ્રગટ કરો.'

આ પ્રકારની આકાશવાણી સાંભળીને આશ્ચર્ય યુક્ત બનેલા ભક્તો શ્રીહરિને કહેવા લાગ્યા : 'હે પ્રભો ! આ પ્રૌઢ વાણી કોની છે ? તે આપ અમોને કહો.' આ પ્રકારે જાણવા ઈચ્છતા ભક્તજનોનું વચન સાંભળી, જેના મુખકમળમાં મંદહાસ્ય સ્ફુરાયમાન છે એવા શ્રીહરિ, તેમને આનંદ પમાડતાં કહેવા લાગ્યા : 'હે ભક્તો ! સ્વયં દ્વારિકાધીશ્વર જ્યારે અહીં આવ્યા ત્યારે દ્વારિકાધીશ્વરની સાથે દ્વારિકાથી ગોમતી પણ આવ્યા છે. તે ગોમતી આ સરોવરની પૃથ્વીની અંદર જળરૂપે રહી છે. બહાર આવવાની તેની તીવ્ર ઈચ્છા હોવાથી તે અતિ ઉતાવળ કરે છે. માટે ગોમતી અદૃશ્ય રૂપે આકાશવાણી સ્વરૂપે બોલે છે. માટે સર્વે ભક્તો આ સરોવરમાં તત્કાળ વાવના આકારે ખાડો ખોદો.' શ્રીહરિ સમીપે બેઠેલા ભક્તો શ્રીહરિની આવી વાણી સાંભળીને પ્રસન્ન થઈ, તળાવ ખોદતા

ભક્તજનોની સમીપે જઈ તે ભક્તજનોને કહેવા લાગ્યા.

શ્રીહરિની પ્રસન્નતા માટે એકચિત્ત બનેલા તે ભક્તોએ આદરયુક્ત થઈ ફક્ત બે જ મુહૂર્ત (૯૬ મિનિટ)માં વાવ ખોદીને પૂરી કરી. શ્રીહરિની આજ્ઞાથી પછી હાથમાં કોદાળી લઈને ભીમ પાર્ષદે વાવમાં જઈ કોદાળીનો પ્રહાર કર્યો. એટલે તે વાવમાંથી તત્કાળ જળનો પ્રવાહ નીકળ્યો. ચારેય તરફ તત્કાળ પ્રસરતા તે પ્રવાહને જોઈ ખોદનારા ભક્તો તત્કાળ વાવના કાંઠા ઉપર આવ્યા. પૂર્વે જેમ ગાંડીવ ધનુષ્ય વડે અર્જુને પૃથ્વીમાં બાણ ફેંક્યું ત્યારે તે પૃથ્વીમાંથી જળનો પ્રવાહ નીકળ્યો તેમ, તત્કાળ જળનો પ્રવાહ ત્યાં વ્યાપી ગયો.

તેવી રીતે વાવમાંથી નીકળતો જળ પ્રવાહ તત્કાળ સમગ્ર સરોવરમાં વ્યાપી ગયો. તેથી સરોવર પૂર્ણ ભરાઈ ગયું. આ રીતે નીકળેલો ગોમતીના શ્વેતજળનો પ્રવાહ હિમાદ્રિથી પણ અધિક શ્વેત જણાતો હતો, વળી બળદેવજી, શંભુ તથા મોતીઓ પણ તેની શ્વેતતા તુલ્ય થયા નહિ; એવો શ્વેત પ્રવાહ હતો.

આ રીતે એકદમ નીકળેલા ગોમતીના આ પ્રવાહ (ગોમતી)ને જોઈ શ્રીહરિ આનંદ પામ્યા અને સર્વ ભક્તો પણ આનંદ પામ્યા. તે સમયે આકાશમાં રહેલા બ્રહ્માદિ દેવસમૂહો શ્રીહરિના દર્શન કરતા થકા ઈશ્વરોના ઈશ્વર શ્રીહરિને તથા આ શોભાયમાન, અતિશુભ ગોમતીને પુષ્પોથી વધાવવા લાગ્યા.

તે સમયે પવિત્ર કીર્તિવાળા શ્રીહરિની આગળ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. દેવોના માર્ગરૂપ આકાશમાં દેવોએ વગાડેલા દુંદુભિનો ત્યાં પુષ્કળ નાદ થયો.

પછી શ્રીહરિએ અતિ સુંદર, સ્વચ્છ જળવાળી, મંગળ કરનારી, પોતાના ચરણ સ્પર્શને ઈચ્છતી આ ગોમતીને જોઈ; ધર્મપુત્ર ભગવાન શ્રીહરિએ ઘણા મુક્તો, મુનિસમૂહ, પાર્ષદો, વર્ણીઓ, બંધુસમૂહ તથા ગૃહસ્થ ભક્તોની સાથે આ ગોમતીમાં સ્નાન કરવા કરવા તત્કાળ પ્રવેશ કર્યો.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૨૪)

**દયાનિધિ શ્રીહરિનું મુનિઓ વગેરે સહિત ગોમતી સરોવરના જળમાં સ્નાન-જળક્રીડાદિ વર્ણન :**

પછી શ્રીહરિ પોતાના હાથની અંજલિથી ભક્તજનો ઉપર વારંવાર જળ છાંટતાં તે ભક્તોને આનંદ ઉપજાવતાં ગોમતીમાં અતિસુંદર, દર્શનીય, અતિ ઉત્તમ જળક્રીડા કરવા લાગ્યા. ચળકતાં ચંચળ બન્ને સુંદર નેત્રોથી; પોતાના મુખકમળ તરફ જ જેમની દૃષ્ટિ છે એવા, અતિ પ્રસન્ન થયેલા ભક્તગણો પ્રત્યે ચારે તરફ દૃષ્ટિ કરતાં શ્રીહરિ તે ભક્તોની સાથે ગોમતીમાં વિહાર કરતા હતા.

શ્રીહરિ પરસ્પર પણ ભક્તોને એકબીજા પાસે સુંદર જળ છંટાવતાં અને પરસ્પર જળ છાંટતા તે પોતાના ભક્તોને જોઈને હસતા હસતા શીઘ્રતાથી તે સર્વના પ્રત્યે પાણીની અંજલિઓ છાંટતાં તેમને વિસ્મય પમાડતાં ગોમતીમાં પુષ્કળ ક્રીડા કરતા હતા. તે સમયે ભક્તજનો અત્યંત સુખના સ્થાનભૂત, સ્વચ્છ જળના બિંદુઓથી દર્શનીય, જીતી છે હિમકણો સહિત પ્રફુલ્લિત પદ્મની શોભા જેણે એવા, શ્રીહરિના મુખકમળને અતિ હર્ષપૂર્વક જોતા હતા. અતિશય કરુણામૃતરસથી ભીનું, સારી રીતે જીત્યું છે ખંજન પક્ષીનું સુંદરપણું જેણે એવું, સુખકારી- શોભાયમાન-કટાક્ષદૃષ્ટિ ફેંકતું, શ્રીહરિનું નેત્રયુગલ તે ભક્તો જોતા હતા. સમગ્ર અવતારના કારણ પ્રગટ શ્રીહરિ-સ્વામિનારાયણની બન્ને ચંચળ હાથ વડે જળ છાંટવાની સર્વોત્તમ ચતુરાઈ જોઈને તે ભક્તો આશ્ચર્ય પામ્યા.

ઘાટા મેઘની માફક શ્રીહરિના સુંદર, વિશાળ વક્ષઃસ્થળમાં જળબિંદુની અતિસુંદર, નિર્મળ અને ઉજ્જ્વળ પંક્તિ તે જાણે અત્યંત દર્શનીય હોઈ, મોતીઓની સર્વોત્તમ માળાઓની જેમ શોભવા લાગી. નૂતન પલ્લવો સમાન શ્રીહરિના ઓષ્ઠમાં પડેલા સ્વચ્છ જળના બિંદુઓ; જાણે કે ઉત્તમ પદ્મરાગ મણિથી બનેલા જાળિયામાં પડેલા શ્વેત, નિર્મળ અને સૂક્ષ્મ- સ્ફટિક મણિના ટુકડાઓ હોય, તેમ અત્યંત શોભતા હતા

તે સમયે શ્રીહરિના કરકમળ યુગલમાં સુવર્ણનાં કડાં નહોતાં. બન્ને ચરણોમાં ઝાંઝર પણ ન હતાં. શરીરમાં વિવિધ પ્રકારનાં ભૂષણો પણ ન હતાં. એ પ્રકારનું શ્રીહરિનું શરીર પણ અત્યંત શોભાયુક્ત જણાતું હતું. (સ્વભાવથી જ જે સુંદર હોય તેને આભૂષણની શોભાથી શું ?) સુંદર જળલીલાથી અધિક શોભતા, સમગ્ર કળાઓમાં અધિક કૌશલ્યવાળા, સુંદર સ્વભાવવાળા, અત્યંત મનોહર એવી શરીરની ચંચળતાથી વિશેષ શોભતા એવા શ્રીહરિના દર્શન કરીને ભક્તજનો તૃપ્તિ પામતા ન હતા.

મધુર ધ્વનિવાળા પોપટ, ચક્રવાક, કોયલ, જળકૂકડી વગેરે પક્ષીઓના મધુર ધ્વનિ સાંભળતા શ્રીહરિ તે જળની પ્રશંસા કરતા થકા પોતાના ભક્તજનોની સાથે હર્ષપૂર્વક રમતા હતા. તે સમયે તે શોભાયમાન કિનારા ઉપર બેઠેલા મયૂરો શ્રીહરિને જોઈને અતિપ્રસન્ન થઈ નૃત્ય કરતા હતા. બીજા સમગ્ર પક્ષીઓ શાંતિ પામી જાણે ચીતરેલા હોય ને શું ? એમ સ્થિર થઈ ગયા હતા.

તે સમયે આકાશમાં આવેલા ઈન્દ્ર, શંકર, બ્રહ્મા વગેરે અગણિત દેવો જળક્રીડા કરવાથી શોભતા શ્રીહરિના દર્શન કરીને અતિ

આશ્ચર્યવત્ થઈ આનંદ પામ્યા. ઈન્દ્ર વગેરે દેવતાઓ નંદનવનના સુંદર પુષ્પોથી શ્રીહરિને વધાવવા લાગ્યા. શ્રીહરિના આ સ્વરૂપના દર્શન કરીને તે સમયે આનંદ પામેલા અપ્સરાના ગણો પણ આકાશમાં હર્ષપૂર્વક નૃત્ય કરવા લાગ્યા. તે સમયે આકાશમાં આવેલા તુંબરુ વગેરે દેવતાઓના ગવૈયા હર્ષપૂર્વક સુંદર વાદ્યોના મધુરસ્વરથી ગાન કરવા લાગ્યા. વળી ત્યાં આવેલા મુક્તસમૂહ પણ શ્રીહરિની સ્તુતિ કરતા હતા.

નારદ તેમજ સમગ્ર મહર્ષિઓ વિશ્વને પવિત્ર કરનારો, અનુપમ, અતિશુભ, ઉપનિષદોએ સ્તુતિ કરેલો શ્રીહરિનો યશ ગાવા લાગ્યા. તે સમયે સમગ્ર તીર્થો પણ ચારે તરફથી આવી, ભગવાન શ્રીહરિની સાથે ગોમતીમાં સ્નાન કરી, પ્રાયશ્ચિત્તોથી પણ નાશ ન પામે એવાં-દુસ્તર મહાપાપો કરનારા પાપીઓના વારંવાર પોતાને થયેલા સંસર્ગથી પોતાને વળગેલાં તે દુરંત પાપોનો ત્યાગ કરીને શરદઋતુના તારાની જેમ તત્કાળ પૂર્ણપણે શુદ્ધિ પામ્યાં. અહો ! (આ અતિ આશ્ચર્ય છે.)

આવી રીતે પુણ્યસાગર, સમગ્ર ઈશ્વરોના ઈશ્વર, સમગ્ર મુક્તોએ પૂજેલા, સમગ્ર અવતારના એક કારણ સમગ્ર ક્લેશ તથા પાપને હરનારું છે કીર્તન જેમનું એવા, શ્રીસ્વામિનારાયણ ભગવાન આ ગોમતીમાં પ્રીતિપૂર્વક વારંવાર જળક્રીડા કરતા હતા. માટે આ ગોમતી સંસૃતિના બંધનથી છોડાવનારી અને પાપથી મુકાવનારી બની છે.

**स्नास्यन्ति चात्र भुवि ये बहवोऽप्यभक्ता गोमत्युदारसलिले कलिकल्मषघ्ने ।**
**ते ब्रह्मराक्षसदुरन्तविपद्विमुक्तिं यास्यन्ति चापि सकला ननु सद्गतिं द्राक् ।।१९।।**
**स्नान्ति स्म येऽत्र पयसि क्षपिताघजाले ते ब्रह्मराक्षसमहार्दनतो विमुक्ताः ।**
**आयन् हि सद्गतिमुदारसुखा निजेष्टां ये ब्रह्मराक्षसगणा अपि सद्गतिं ते ।।२०।।**
**अत्राऽभवन् सपदि केचन भूतमुक्ता भूतानि तान्यपि च सद्गतिमापुरेव ।**
**स्नानाद् विमुक्तिमगमंश्च भवात् समाप्तप्रारब्धकर्मकतया म्रियमाणगात्राः ।।२१।।**

ભારતદેશની ભૂમિમાં, તેમાં પણ વૃત્તાલયમાં, અને વૃત્તાલયમાં પણ કળિના મેલને નાશ કરનાર ગોમતીના પવિત્ર જળમાં, અભક્ત એવા પણ જે જનો સ્નાન કરશે તો તે જનો પોતાનામાં પ્રવેશેલા બ્રહ્મરાક્ષસાદિની અપાર વિપત્તિથી મુક્તિ પામશે અને તેઓ સર્વ તત્કાળ સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિરૂપી શુભગતિ પામશે. પોતાના જળમાં સ્નાન કરનારાના નાશ પમાડ્યા છે પાપસમૂહ જેણે એવા આ ગોમતીમાં જે જનોએ સ્નાન કર્યું છે તે જનો બ્રહ્મરાક્ષસની મહાપીડાથી મુક્ત થયા છે અને પોતાને ઈષ્ટ એવી અત્યંત સુખકારી ગતિ પામ્યા છે. અને તેમને વળગેલા બ્રહ્મરાક્ષસો પણ સદ્ગતિ પામ્યા છે. આ ગોમતીના જળમાં સ્નાન કરવાથી, જે જનોમાં ભૂતોએ પ્રવેશ કર્યો હતો તે સર્વજનો તત્કાળ ભૂતના આવેશથી મુક્ત થઈ ગયા અને સદ્ગતિ પામ્યા. અહીં જેણે સ્નાન કર્યું છે તેવા જનોના શરીરમાં પ્રવેશેલા ભૂતો પણ સદ્ગતિને પામ્યાં છે. વળી પ્રારબ્ધાનુસાર પ્રાણવિયોગથી જેમના દેહ પડવાના હતા તે સર્વ પણ (અંત સમે આમાં સ્નાનથી) સંસારમાંથી મુક્તિ પામ્યા છે.

પોતાના આશ્રિતોના પાપ-દુઃખ તથા સંસૃતિને હરનારા, ધર્મપુત્ર શ્રીહરિ-સ્વામિનારાયણ ભગવાને, આ ગોમતીમાં મુક્તો, સાધુઓ, પોતાના બંધુજનો, વર્ણીઓ, પાર્ષદો, તથા ગૃહસ્થ ભક્તોના સમૂહોની સાથે લાંબા સમય સુધી આવી રીતે હર્ષપૂર્વક ક્રીડા કરી; પછી તીરે આવીને તત્કાળ શ્વેત વસ્ત્રો ધારણ કર્યા.

પછી શોભાયમાન છત્ર તથા સુંદર ચામરની શોભાથી શોભતા, માંગલિક વાદ્યોના ઘોષ સાંભળતા, સુંદર વક્ષઃસ્થળમાં હલતા પુષ્પના હાર જેમણે ધારણ કર્યા છે એવા, સ્વચ્છ-ઉછળતા તોરાઓથી શોભતા શ્રીહરિ, અશ્વરાજ ઉપર બિરાજી પોતાના ભક્તજનોની સાથે મંદિરમાં પધાર્યા તેટલામાં સાયંકાળ તથા ભગવાનની આરતીનો સમય થયો.

પછી પોતાના અશ્વ ઉપરથી ઊતરીને પોતાના ભક્તજનો સહિત શ્રીહરિ મંદિરમાં જઈને ત્યાં આવેલા પોતાના ભક્તજનોને લક્ષ્મીનારાયણ વગેરે દેવોની મૂર્તિના દર્શન કરવારૂપ ભક્તિ શીખવાડતાં, તાળી વગાડી નામ સંકીર્તન કરતા હતા. પછી સભામાં આવી શ્રીહરિ અત્યંત કોમળ સિંહાસનમાં પોતાના જનોના વંદન સ્વીકારતા વિરાજમાન થયા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૨૫)

**ગોમતીતીર્થનું માહાત્મ્ય કહેતાં શ્રીહરિએ સર્વતીર્થોની ગોમતીજળમાં જે તે દિશાઓમાં સ્થિતિ કહી તથા ગોમતીમાં સ્નાનનું ફળ સહિત તેનો તીર્થવિધિ આદિક કહ્યું છે :**

પછી શ્રીહરિએ સભામાં ઊભેલા, જેમનાં નેત્રો ફક્ત શ્રીહરિના મુખકમળમાં જ સ્થિર થયેલા છે એવા, ભક્તસમૂહને શ્રીહરિએ હાથની સંજ્ઞાથી તત્કાળ બેસાડ્યા.

પછી ભક્તવત્સલ શ્રીહરિ પ્રીતિથી તેમને કહેવા લાગ્યા : 'હે ભક્તજનો ! તમો સર્વ મારું કલ્યાણકારી વચન સાંભળો. જેમ સર્વ સુખ સદા ધર્મમાં જ રહે છે તેમ આ ગોમતીમાં દ્વારિકાથી સર્વ તીર્થો આવીને રહ્યાં છે, એમ તમે જાણો. તે તીર્થોમાં આ ગોમતીના પૂર્વદિશાના આરે (ઘાટે) પાપનાશક-શ્રેષ્ઠ શંખોદ્ધાર નામનું તીર્થ રહ્યું છે. આ ગોમતીના પશ્ચિમ આરે પિંડારક તીર્થ છે. દક્ષિણ તરફના આરે રુક્મિણી હ્રદ નામનું તીર્થ છે. નિર્મળ જળવાળી આ ગોમતીના ઉત્તર દિશાના આરે યજ્ઞવાટ નામનું પવિત્ર તીર્થ છે. આ ગોમતીના મધ્ય ભાગમાં ચક્ર નામનું શુભ તીર્થ છે. ગોમતીની આગ્નેયી દિશામાં રુક્મવતી તીર્થ છે. કણ્વીરક તીર્થ ગોમતીના નૈઋત્ય ખૂણામાં છે. વાયુ કોણમાં કપાલમોચન તીર્થ છે. આ ગોમતીના ઈશાન કોણમાં અગત્સ્ય સરોવર એ શુભ તીર્થ છે. આ ગોમતીમાં એવા બીજાં ઘણાં તીર્થો રહેલાં છે. માટે જે ભક્તજનો આ ગોમતીમાં સ્નાન કરશે તે જનોનાં પાપ સર્વે નષ્ટ થઈ જશે. અને એ પ્રકારે નિષ્પાપ બનીને સર્વ તીર્થના સ્નાનનું ફળ તેઓ પામશે.

જે મનુષ્યો આ ગોમતીમાં પિતૃઓનું તર્પણ કરશે. તે પિતૃતર્પણ કરનારાઓના પિતૃઓ તૃપ્તિ પામી સદ્ગતિ પામશે. બ્રહ્મચર્યવ્રતનું પાલન, અહિંસા, મુંડન, ઉપવાસ, બ્રાહ્મણ ભોજન તથા શ્રાદ્ધ, આ સર્વ વિધિ આ તીર્થોમાં કરવો. મનુષ્યોએ આ ગોમતીમાં પિંડદાન સહિત જ શ્રાદ્ધ કરવું. પિંડ સહિત શ્રાદ્ધ કરવાથી પિતૃઓની અક્ષય અને ઉત્તમ ગતિ થશે.

**चातुर्मास्येऽत्र चैवोर्ज्जे ये मार्गे माघमासि वा । प्रगे स्नास्यन्ति नियमात् स्वेष्टं यास्यन्ति ते फलम् ।।१४।।**

જે મનુષ્યો આ ગોમતીમાં ચાતુર્માસની શયની એકાદશીથી આરંભીને પ્રબોધિની એકાદશી સુધી અથવા કાર્તિક, માગશર કે માઘ માસમાં નિયમપૂર્વક સૂર્યોદય પહેલાં સ્નાન કરશે તે મનુષ્યો પોતાનું ઈષ્ટ ફળ પામશે.

જે જનો આ કૃષ્ણના મંદિરમાં ભક્તિથી જપ કરશે તેઓને ફળસિદ્ધિ ઇચ્છા પ્રમાણે જરૂર થશે. જે બ્રાહ્મણો આ મંદિરમાં ભાગવત વગેરે શાસ્ત્રોનું પુરશ્ચરણ કરશે તે ઈચ્છિત ભુક્તિ તથા મુક્તિ પામશે. જે બ્રાહ્મણ ઉપવાસ કરીને આ મંદિરમાં ભાગવતનો પાઠ કરશે તે બ્રાહ્મણ ફક્ત એકજ પાઠથી પોતાને ઈચ્છિત ફળ જરૂર પામશે. જે મનુષ્યો લક્ષ્મીનારાયણ વગેરે દેવનું મહાપૂજન (પંચામૃતસ્નાન, મહાભિષેક, મહાનૈવેદ્ય, મહાનીરાજનાદિ સહિત મહાપૂજા) કરશે, તે મનુષ્યો ગોલોકમાં ઉત્તમ સુખ પામશે. ધનબળથી રહિત જે મનુષ્યો આ મંદિરમાં લક્ષ્મીનારાયણ વગેરે દેવોની માત્ર ષોડશોપચારથી (સામાન્ય) પૂજા કરશે. તે મનુષ્યો અક્ષય પુણ્ય જરૂર પામશે. અને શ્રીહરિના ધામને પામશે. જે જનો અહીં સદ્ધર્મમાં નિષ્ઠાવાળા આ ઉદ્ધવ સંપ્રદાયના સંતો તથા બ્રાહ્મણોને શક્તિ પ્રમાણે ભોજન કરાવશે તે જનો આ લોકમાં તથા પરલોકમાં સુખ પામશે. જે આ ગોમતીમાં સ્નાન કરી લક્ષ્મીનારાયણ વગેરે દેવોના શુભ દર્શન કરશે તે જનો યમના ભયથી મુક્ત થશે. જે જનો વૃત્તપુરીમાં આવી, શક્તિ પ્રમાણે તીર્થવિધિ કરશે. તેઓને દ્વારિકાની યાત્રા અહીંથી જરૂર સંપૂર્ણ થશે.'

આ પ્રકારે શ્રીહરિએ કહ્યું તેથી પ્રસન્ન થઈ તે સમગ્ર જનો પોતાના ઈષ્ટ ધર્મપુત્ર શ્રીસ્વામિનારાયણ ભગવાનને પ્રણામ કરવા લાગ્યા. તે જનો દરરોજ પ્રાતઃકાળે આ ગોમતીમાં સ્નાન કરીને શ્રીલક્ષ્મીનારાયણના દર્શન કરવા ટોળેટોળા મળીને આવતા હતા. અને એ પ્રકારે દર્શન કરીને પાછા જતા હતા.

સંતો-ભક્તોના ધર્માદિના રક્ષણમાં ચતુર શ્રીહરિ પોતાના આશ્રિતોની આ પ્રકારની ધર્માદિયુક્ત વિશુદ્ધ ભક્તિ જોઈ અત્યંત પ્રસન્ન થયા. ગોમતીમાં સ્નાન કરવામાં ઉત્સાહવાળા પોતાના બંધુઓ તથા સાધુ વૃંદોની સાથે શ્રીહરિ આ ગોમતીમાં હંમેશાં પ્રાતઃકાળે સ્નાન કરતા અને પોતાના સર્વ ભક્તોને એ પ્રકારે અત્યંત સુખ આપતાં તે ભક્તજનોની સાથે આ વૃત્તાલયપુરમાં એક માસ રહ્યા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૨૬)

## શતાનંદમુનિના કહેવા મુજબ ગોમતીમાં સ્નાન કરવા માત્રથી શિવદત્ત વિપ્રને વળગેલા બ્રહ્મરાક્ષસની પણ મુક્તિ થઈ તેનું વર્ણન :

આ ગોમતીમાં સ્નાન કરીને ઘણા મનુષ્યો બ્રહ્મરાક્ષસોના દુઃખથી તત્કાળ મુક્ત થયા છે થશે અને થાય છે. જેના દેહમાં તે નિર્દય બ્રહ્મરાક્ષસોએ પ્રવેશ કર્યો છે તે જનોની સાથે તેઓ પણ, ગોમતીમાં સ્નાન કરવાથી, તત્કાળ તે સમયે (સ્નાન સમયમાં જ) તેમના શરીરમાંથી નીકળી નિશ્ચય સદ્ગતિ પામતા હતા. તે પ્રકારના બ્રહ્મરાક્ષસોનાં વૃત્તાંતો ઘણાં છે. તે તમામ વૃત્તાંતો કહેવાનું શક્ય નથી. માટે એક જ વૃત્તાંત તમોને હું કહું છું.

પૂર્વ દેશમાં ભૂપાલપુરમાં જનોને માન્ય, ઋગાદિ વેદો તથા શિક્ષાદિ વેદાંગોમાં પારંગત દેવશર્મા નામે બ્રાહ્મણ હતા. સંધ્યાદિ ષટ્ કર્મો કરનાર, વિદ્યા ભણાવવામાં પ્રસિદ્ધ, હંમેશાં વિષ્ણુની ભક્તિ કરતા, દેવો તથા પિતૃઓનું તર્પણ કરતા; કર્મકાંડમાં અતિનિપુણ, દેવોના દર્શન કરવામાં આદરવાળા, ધનાઢ્ય, અને રાજાએ સન્માનેલા; તે દેવશર્મા એક સમયે તેમને સભાસદોએ બોલાવ્યા તેથી

પોતાના ઘણા શિષ્યોથી વીંટાઈને વિદ્વાન બ્રાહ્મણોની મહાસભામાં આવ્યા.

તેમને આવેલા જોઈને પંડિત બ્રાહ્મણોએ તત્કાળ ઊભા થઈ પ્રીતિપૂર્વક તેમને યથાયોગ્ય માન આપીને બેસાડ્યા. પછી તે વિદ્વાનો પરસ્પર શાસ્ત્રાર્થ કરવા લાગ્યા. તે સમયે બ્રાહ્મણ દેવશર્મા પ્રમાણ માટે શ્રુતિ બોલ્યા. એટલે માધવ નામના પંડિત બ્રાહ્મણે તે સભામાં તેમને આ પ્રમાણે કહ્યું, 'હે દેવશર્મન્ ! તમો આ શ્રુતિ અશુદ્ધ બોલ્યા', એમ કહીને કહ્યું કે, '**आपो वै खलु मीयन्ते लोकोऽसाविति**' આ પ્રમાણે શ્રુતિ છે. પરંતુ તમોએ '**आयो वै**' એમાં '**प**' કારના સ્થાને '**य**' કાર ઉચ્ચાર્યો તેથી તે અશુદ્ધ ઉચ્ચારણ છે.'

માધવ પંડિતની આવી વાણી સાંભળીને તે દેવશર્મા ક્રોધથી વ્યાકુળ થઈ ગયા અને માન ભંગના ભયથી માધવ પંડિતનો તિરસ્કાર કરતા આ પ્રમાણે બોલ્યા : 'રે નીચ ! હે મૂઢ ! તમારા ઉત્કર્ષમાં જ તત્પર અને મદોન્મત્ત થયેલા તમો કયા ઉપનિષદની કઈ શાખાની તે શ્રુતિ છે તે ન જાણતાં, શ્રુતિઓનું તત્ત્વ જાણનાર અમારી આગળ મિથ્યા પ્રલાપ કરો છો.'

માધવ પંડિત પણ ક્રોધથી વ્યાપ્ત થયા. અને અત્યંત ક્રોધ કરીને કહેવા લાગ્યા, 'મેં સત્ય કહ્યું છે છતાં પણ એકદમ મૂઢ બની અવળું કેમ બોલે છે ? '**आपो वै खलु अमृतम्यः मयामीयं भुज्यन्ते तवापि असावमृतोदक लक्षणो लोको भोग्यः**' એમ ભાષ્યમાં '**आप**' શબ્દની ઉદકમાં લક્ષણા 'ઈતિ' પદના સંબંધથી છે. અને તેનો અર્થ જળ થાય છે. માટે '**प**' કારના સ્થાને '**य**' કાર, કેમ સંભવે ? માટે તમો જે બોલ્યા તે અશુદ્ધ જ છે.'

માનથી ઉત્પન્ન થયેલા ક્રોધાગ્નિની જ્વાળાથી અતિશય બળતા, તે બન્ને પંડિતો દેવશર્મા તથા માધવશર્મા અરસપરસ કઠોરવાણી બોલતા હતા. આ પ્રકારે તેમની વચ્ચે મોટો ક્લેશ થયો. સભામાં બેઠેલા બ્રાહ્મણોએ તેમને વાર્યા છતાંપણ ક્રોધરૂપી અંધકારથી આવૃત ચક્ષુવાળા તે બંને જેમ મદથી ઉદ્ધત હાથીઓ પરસ્પર લડે તેમ વેરથી પાછા વળ્યા નહિ.

સભામાં આ પ્રકારે બન્નેના શબ્દોથી કોલાહલ થવાથી બુદ્ધિશાળી, સદ્‌ગુણી, મહાતપવાળા નીલકંઠ બ્રાહ્મણ કહેવા લાગ્યા : 'હે દેવશર્મન્ ! તમારો અન્યાયનો પક્ષ છે એમ જરૂર જણાય છે. આ માધવશર્મા શાસ્ત્ર પ્રમાણે કહે છે માટે તેનું કથન સત્ય છે.'

પંડિતવર્ય નીલકંઠ પંડિતે આ પ્રમાણે કહ્યું છતાં પણ નીલકંઠ પંડિતનું આ વચન અભિમાની દેવશર્માએ તેમનો અત્યંત તિરસ્કાર કરીને અવગણી દીધું. દેવશર્માના આ પ્રકારના દુરાગ્રહથી સભામાં બેઠેલા પંડિતોને અત્યંત દુઃખ થયું. વિદ્વાનોમાં શ્રેષ્ઠ નીલકંઠ બ્રાહ્મણ પણ અપ્રસન્ન થયા.

પછી શાપરૂપી શસ્ત્રવાળા તે સર્વે બ્રાહ્મણો ક્લેશના આગ્રહવાળા માની અને ઉદ્ધત દેવશર્માને શાપ આપવા લાગ્યા : 'હે દેવશર્મન્! બ્રહ્મરાક્ષસની માફક અન્યાયનો આગ્રહ તમો નકામો કરો છો માટે તમો બ્રહ્મરાક્ષસ થાઓ.' નીલકંઠ વગેરે પંડિતોએ આ પ્રમાણે તેને શાપ આપ્યો.

પછી તત્કાળ તે દેવશર્મા બ્રાહ્મણ રાક્ષસની યોનિ પામ્યો. (તત્કાળ મરીને બ્રહ્મરાક્ષસ થયો.) પછી અદ્રિ-પુર-ગામો-શહેરો અને વાડીઓમાં તે ફરવા લાગ્યો. એક સમયે ઘોર વનમાં ફરતા તે ભયાનક બ્રહ્મરાક્ષસે શિવદત્ત નામના બ્રાહ્મણને એકલો આવતો જોયો. તે શિવદત્ત વેગથી આવતા કાળા સર્પને જોઈને ભયથી દોડતો પૃથ્વી ઉપર પડી ગયો. પછી શિવદત્ત બ્રાહ્મણને તે ક્રૂર બ્રહ્મરાક્ષસ વળગ્યો. વિદ્વાન તે શિવદત્ત બ્રહ્મરાક્ષસની પીડાથી વિભ્રાંત થયો. ઘેર જઈને વાયુથી આઘાત પામેલા વૃક્ષની જેમ તે તત્કાળ પડી ગયો.

તેને એ પ્રમાણે પડેલો જોઈ, રુદન કરતા તેના બંધુઓ, 'અકસ્માત આ શું થયું ? શાથી થયું ?' વગેરે વચનો ચિંતાતુર બનીને બોલવા લાગ્યા. પછી શિવદત્તમાં ભૂતનો પ્રવેશ થયો છે તે જાણીને શોક કરતા તેના બંધુઓ, મહા ઉપદ્રવની શાંતિ માટે તત્કાળ મંત્ર જાણનારાઓને બોલાવવા લાગ્યા. પછી તે માંત્રિકો શિવદત્ત બ્રાહ્મણને બેસાડીને મંત્રોનો પાઠ કરવા લાગ્યા. તે બ્રહ્મરાક્ષસ પણ માંત્રિકોની સાથે તેમણે ઉચ્ચારણ કરેલા મંત્રો બોલવા લાગ્યો અને તેમને કહેવા લાગ્યો. 'અહો ! મૂઢ મંત્રોને આમ અશુદ્ધ કેમ બોલો છો ?'

મંત્રો જાણનારા તે બ્રાહ્મણોના સર્વ મંત્ર-તંત્ર ક્ષારભૂમિમાં વાવેલા બીજની જેમ તે બ્રહ્મરાક્ષસ પાસે વ્યર્થ ગયા. વિવિધ પ્રકારના અભિચાર કરનારા, અતિ પરાક્રમશાળી તે મંત્રવિદો, સિંહથી પાડાઓ જેમ ત્રાસ પામે તેમ, ત્રાસ પામીને ત્યાંથી તત્કાળ પલાયન થઈ ગયા. તે ભયંકર બ્રહ્મરાક્ષસની ઉપાધિ મંત્ર-તંત્રાદિથી નિવારણ થઈ શકે તેમ નથી, એમ જાણીને તેમના બંધુઓએ બ્રાહ્મણોના કહેવાથી પ્રભાસ વગેરે યાત્રા સ્થળે તીર્થયાત્રા કરવાનું વિચાર્યું.

પછી તે બંધુઓ તેને સાથે લઈને પૃથ્વી ઉપર ઘણા તીર્થોમાં ફરવા નીકળ્યાઃ આ પ્રમાણે પોતાના બંધુ શિવદત્તના આ મહાક્લેશના નાશ માટે વિવિધ પ્રકારના પ્રયત્નો તેઓ કરવા લાગ્યા. તો પણ તેના દેહમાંથી તે દુષ્ટ બ્રહ્મરાક્ષસ નીકળ્યો નહિ. તેથી દુઃખી થયેલા તેના બંધુઓ બ્રહ્મરાક્ષસનો પ્રવેશ જેમાં છે એવા શિવદત્તને સાથે લઈને અન્ય તીર્થોમાં ગયા. આવી રીતે તીર્થોમાં યાત્રા કરતા તે

બ્રાહ્મણો નૈમિષારણ્યમાં આવ્યા. ત્યાં ભૂત-ભવિષ્ય અને વર્તમાન જાણનારા મહામુનિ શતાનંદને તેઓએ જોયા. તે બ્રાહ્મણો આ મહર્ષિને નમસ્કાર કરીને દીન બની તેમને કહેવા લાગ્યાઃ 'હે મહાબુદ્ધે ! આ બ્રાહ્મણને બ્રહ્મરાક્ષસ વળગ્યો છે. એની પીડાની શાંતિ માટે અમોએ તેને લઈને તીર્થયાત્રા કરી તોપણ બ્રહ્મરાક્ષસ તેને મૂકતો નથી. શાસ્ત્રજ્ઞોમાં ઉત્તમ આ બ્રાહ્મણ બ્રહ્મરાક્ષસથી જે પ્રકારે મુકાય તે ઉપાય તત્ત્વવિત્ તમો અમોને કહો.'

આ રીતે તેમણે પ્રાર્થના કરી તેથી દયાથી આર્દ્ર શતાનંદમુનિ સ્થિર નેત્રો કરી શ્રીહરિનું ધ્યાન કરી, માછલાંઓ જેમ પાણીના ધરામાં ક્ષણવાર સૂઈને સ્થિર થાય તેમ સ્થિર થયા. પછી દીર્ઘ દૃષ્ટિવાળા, મહાતપસ્વી, તે મુનિ જાગ્રત થઈ તેમના શોકન શમાવતાં તેમને આ પ્રમાણે સત્ય વચન કહેવા લાગ્યા : 'હે વિપ્રો ! આ બ્રહ્મરાક્ષસની પીડાની નિવૃત્તિ જે પ્રકારે થાય તે ઉપાય હું તમોને કહું છું તે તમો સાંભળો. સર્વ અવતારના કારણ, સર્વથી પર, અક્ષર બ્રહ્મ તેથી પણ પર પરબ્રહ્મ, સર્વ નિયામક, આ પૃથ્વી ઉપર ધર્મ અને ભક્તિથી પ્રાદુર્ભાવ પામ્યા હતા. તે પરમેશ્વર જીવોની આત્યંતિકી મુક્તિ કરવા અધર્મનું ઉચ્છેદન કરતા અને ધર્મનું સ્થાપન કરતા આ પૃથ્વી ઉપર ફરતા હતા.

આ પ્રકારે શ્રીહરિ પશ્ચિમ પંચાલ દેશમાં આવેલા દુર્ગપત્તને પહોંચીને પોતાના એકાંતિક ભક્તોની પ્રસન્નતા માટે ત્યાં નિવાસ કરતા હતા. મનુષ્યોના કલ્યાણ માટે તે શ્રીહરિએ વૃત્તાલયપુરમાં મંદિર રચી લક્ષ્મીનારાયણ વગેરે દેવોનું વિધિ પ્રમાણે સ્થાન કર્યું. દ્વારિકાધીશ પોતાના પરિવાર સહિત દ્વારિકાથી આવીને લક્ષ્મીનારાયણ દેવમાં રહ્યા છે.

**तत्रैत्य गोमती सार्द्धं तीर्थौघैर्द्वारिकालयैः । तत्पुरस्यान्तिके विप्राः सरोरूपेण वर्तते ।।४९।।**
**यस्यां सर्वावताराणां हेतुरेव स्वयं मुहुः । सार्द्धं भक्तजनैः सस्नौ स्वामिनारायणो हरिः ।।५०।।**
**तस्मात्तत्रैव गोमत्यां यदा स्नायादयं द्विजः । ब्रह्मराक्षसनिर्मुक्तस्तदा स्यादेव सत्वरम् ।।५१।।**
**तथैतद्देहसंलग्नः पापीयान् ब्रह्मराक्षसः । गोमतीसलिलस्नानान्मुक्तिं यास्यति संसृतेः ।।५२।।**

દ્વારિકામાં રહેલા તીર્થોની સાથે ગોમતી પણ વૃત્તાલય નગરની સમીપે સરોવર રૂપે છે. તે ગોમતીમાં સર્વ અવતારોના કારણ સ્વયં સ્વામિનારાયણ શ્રીહરિએ ભક્તજનોની સાથે ઘણી વખત સ્નાન કર્યું છે. તેથી તે ગોમતીમાં જ આ બ્રાહ્મણ જ્યારે સ્નાન કરશે ત્યારે તે બ્રહ્મરાક્ષસથી તત્કાળ મુક્ત થશે. તેમજ તેના દેહમાં પ્રવેશેલ અતિપાપી બ્રહ્મરાક્ષસ પણ ગોમતીના જળમાં સ્નાન કરશે. તેથી તેની પણ સંસારમાંથી મુક્તિ થશે.

શતાનંદમુનિનું આવું વચન સાંભળીને તે બ્રાહ્મણો તેમને પ્રણામ કરી પોતાનું કાર્ય સિદ્ધ થયું છે એવું માની, તે નૈમિષારણ્યમાંથી તત્કાળ નીકળ્યા. પછી તે બ્રાહ્મણો લોકોને પૂછતા પૂછતા વૃત્તાલયપુર પહોંચ્યા. અને આ પુરની બહાર વિસ્તારવાળા ક્ષેત્રમાં રહ્યા. પછી તે બ્રાહ્મણો ગોમતીમાં સ્નાન કરવા જતા હતા ત્યાં માર્ગમાં શિષ્યો સહિત ગોમતી સ્નાન કરવા માટે જતા માધવાનંદ મુનિને તેમણે જોયા.

તેથી તે બ્રાહ્મણો તે મુનિને નમસ્કાર કરીને તેમને કહેવા લાગ્યા : 'હે મુને ! આ બ્રાહ્મણ ઘણા પ્રકારના ઉપાયો કરવા છતાં બ્રહ્મરાક્ષસની પીડાથી મુક્ત થયો નથી. ગોમતી સ્નાન કરવાથી આ બ્રાહ્મણ બ્રહ્મરાક્ષસના ઉપદ્રવથી તત્કાળ મુક્ત થશે કે તેમાં કાંઈ વિલંબ થશે તે અમોને કહો.' (નૈમિષારણ્ય ક્ષેત્રમાં એક ઋષિએ ગોમતી સ્નાનથી આ બ્રાહ્મણ બ્રહ્મરાક્ષસથી મુક્ત થશે એમ કહ્યું છે તે સાંભળીને અમો અહીં આવ્યા છીએ.)

તેથી માધવાનંદ મુનિ તેઓને કહેવા લાગ્યા : 'હે બ્રાહ્મણો ! જ્યારે સર્વ અવતારોના કારણ સ્વામિનારાયણ નામના શ્રીહરિનો તમો આશ્રય કરશો; અને શ્રીસ્વામિનારાયણે પાલન કરવા કહેલા અહિંસા આદિ નિયમોનું તમો પાલન કરશો, ત્યારપછી આ બ્રાહ્મણ ગોમતી સ્નાન કરશે તો બ્રહ્મરાક્ષસની પીડાથી તત્કાળ તે મુક્ત થશે.'

આ સાંભળી તે બ્રાહ્મણો પ્રસન્ન થયા અને તે મુનિને કહેવા લાગ્યા : 'હે મુને ! અમારા પૂર્વના ભાગ્યથી જ કરુણાના ધામરૂપ તમો અમોને અહીં મળ્યા, માટે અમોને નિયમો આપો.' પછી તે બ્રાહ્મણો, તે મુનિને નમસ્કાર કરી, માધવાનંદમુનિ પાસેથી નિયમો ગ્રહણ કરીને, સ્નાન કરવાની ઈચ્છાથી આ પવિત્ર ગોમતી પ્રત્યે આવ્યા. તે બ્રાહ્મણો જ્યારે ગોમતીના કાંઠે આવ્યા કે તરત જ બ્રહ્મરાક્ષસ ચીસ પાડીને તે બ્રાહ્મણના દેહમાંથી નીકળીને દૂર ઊભો રહ્યો. બ્રાહ્મણની આકૃતિવાળા બ્રહ્મરાક્ષસને જોઈ તે બ્રાહ્મણો ધ્રૂજી ગયા અને આ ગોમતીનો સર્વોત્તમ પ્રતાપ જાણવા લાગ્યા.

પછી તીર્થવિધિમાં નિપુણ તે બ્રાહ્મણોએ ગોમતીમાં સ્નાન કર્યું. સ્નાન કર્યા બાદ વસ્ત્રો ધારણ કરી દૂર ઊભા રહેલા બ્રહ્મરાક્ષસને તેઓ કહેવા લાગ્યા : 'હે બ્રહ્મરાક્ષસ ! તું ગોમતીમાં સ્નાન કેમ કરતો નથી ?' બ્રાહ્મણોએ તે પ્રમાણે કહ્યું તેથી તે બ્રહ્મરાક્ષસ બોલ્યો

: 'વરુણના સેવકો મને મારે છે અને ગોમતીમાં સ્નાન કરવા દેતા નથી. હે બ્રાહ્મણો ! હું રાક્ષસ હોવાથી આ ગોમતીના પ્રતાપની બીકથી કંપું છું. આ ગોમતીમાં પ્રવેશ કરવા હું સમર્થ નથી.' આવી રીતે તે ક્રૂર રાક્ષસે કહ્યું એટલામાં ત્યાં માધવાનંદ મહામુનિ આવ્યા. પછી માધવાનંદ મહામુનિને તે બ્રાહ્મણો બ્રહ્મરાક્ષસનું વૃત્તાંત કહેવા લાગ્યા.

**नियमानथ तं दूरात्स एवाञ्जलिनाम्भसः । अधारयत्ततः सोऽस्यामस्नासीद् ब्रह्मराक्षसः ।।६९।।**
**गोमतीस्नानमात्रेण निर्धौताशेषकल्मषः । पापीयानपि स प्रापद्देवदेहं महाप्रभम् ।।७०।।**
**तेऽथ पीताम्बरधरं तेजोमण्डलशालिनम् । दृष्ट्वा तं स्वर्णसद्भूषाकिरीटं विस्मयं ययुः ।।७१।।**

પછી માધવાનંદ મુનિએ તે બ્રહ્મરાક્ષસને ગોમતીના જળની અંજલિ દૂરથી છાંટી તેને અહિંસાદિ નિયમો ધારણ કરાવ્યાં તેથી વરુણના દૂતોએ તેને સ્નાન કરવા જતા રોક્યો નહિ અને તે બ્રહ્મરાક્ષસે ગોમતીમાં સ્નાન કર્યું. ગોમતીના સ્નાન માત્રથી તેનાં સમગ્ર પાપ ધોવાઈ ગયાં. અને તેથી તે બ્રહ્મરાક્ષસ મહાકાંતિયુક્ત દેવનો દેહ પામ્યો. તે બ્રાહ્મણો તે બ્રહ્મરાક્ષસને, તેજના મંડળમાં પીતાંબર તથા સોનાનાં સુંદર ભૂષણો અને મુગટ ધારણ કરેલો જોઈ, વિસ્મય પામ્યા.

પછી દેવભાવને પામેલો તે બ્રહ્મરાક્ષસ તે બ્રાહ્મણોને આ પ્રમાણે કહેવા લાગ્યો : 'હે વાડવો ! શ્રી સ્વામિનારાયણ સમગ્ર અવતારોના (પ્રાદુર્ભાવોના) કારણ છે. પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણના સંબંધવાળી આ ગોમતીનો પણ કેવો પ્રતાપ છે ! કે જેથી આ ગોમતીમાં સ્નાન કરવાથી જ (નિયમ ધારણ કરી આ ગોમતીમાં સ્નાન કરવાથી જ) હું આ પાપરૂપ જન્મથી મુક્ત થયો છું. એમ તમે જાણો. માટે આ બ્રહ્માંડમાં વર્તતી આ ત્રિલોકીમાં આ ગોમતી સમાન કોઈ તીર્થ નથી. માટે મોક્ષની ઇચ્છાવાળા જનોને, પતિતોને પણ પવિત્ર કરનારી આ ગોમતી સેવવા યોગ્ય છે.'

દેવભાવ પામેલો બ્રહ્મરાક્ષસ એ પ્રમાણે કહી, માધવાનંદમુનિને સાષ્ટાંગ પ્રણામ કરી, સર્વોત્તમ વિમાનમાં બેસી, અપ્સરાઓથી વીંટાઈને દેવોની સાથે સ્વર્ગમાં ગયો. તે બ્રાહ્મણો તે પ્રત્યક્ષ જોઈને વિસ્મય પામ્યા.

પછી અત્યંત પ્રસન્ન થયેલા તે બ્રાહ્મણો જેમનું શ્રીસ્વામિનારાયણ એવું બીજું નામ છે એવા શ્રીહરિનો પરમ પ્રતાપ વર્ણવતા થકા માર્ગમાં આવેલા શ્રીલક્ષ્મીનારાયણના સુંદર મંદિરમાં જઈ દર્શન કરવા લાગ્યા.

પછી ધર્મવંશના જનો, સાધુઓ, બ્રહ્મચારીઓ વગેરેને ભોજન કરાવી તથા તેમનું પૂજન કરીને તેઓ વૃત્તાલયપુરથી ચાલ્યા. એ પ્રમાણે કૃતાર્થ થઈ પોતાના પુરમાં પહોંચીને પોતાના ધર્મમાં રહી હંમેશાં તેઓ શ્રીસ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યા.

હે સુમતે ! હે નરેન્દ્ર ! તમોએ મને જે પૂછ્યું તે મેં તમોને સ્પષ્ટપણે કહ્યું, 'આ ગોમતી; જેને શ્રીહરિનો પ્રસંગ વારંવાર પ્રાપ્ત થયો છે એવી અને તેથીજ સમગ્ર પાપના સમૂહનો નાશ કરવાના પ્રતાપવાળી છે.'

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૨૭)

**ભૂતોના ઉપદ્રવથી પીડાતા હરિશર્મા વિપ્રની માત્ર ગોમતી સ્નાનથી મુક્તિ થઈ તથા ભૂતોની પણ સદ્ગતિ થઈ તેનું વર્ણન :**

આ ગોમતીમાં ફક્ત સ્નાન કરીને જ ઘણા જનો ભૂતોથી મૂકાઈ ગયા છે એટલું જ નહિ પરંતુ તે ભૂતો પણ સદ્ગતિ પામ્યાં છે. અમદાવાદ નિવાસી હરિશર્મા બ્રાહ્મણ કોઈ કાર્ય માટે રાત્રિએ એકાકી પોતાના નગરમાં નીકળ્યા. પછી તે બ્રાહ્મણ પોતાના ઘર તરફ આવતો હતો એટલામાં ચોકમાં અજાણતા પગ નીચે કૂતરું દબાયું, તેથી કૂતરાને પીડા થઈ અને તે કૂતરાએ ભસવાનો ભયંકર અવાજ કર્યો. તેથી હરિશર્મા તે કૂતરો કરડશે તેવા ભયથી દોડવા લાગ્યો અને દોડતા દોડતા પડી ગયો. તેટલામાં તેના દેહમાં તત્કાળ આઠ ભૂતોએ પ્રવેશ કર્યો.

ઉપરાંત બે મોટા ભયંકર ભૈરવ વીર તે હરિશર્માને વળગ્યા. દશ ભૂતોના વળગાડથી હરિશર્મા ઘણી પીડા પામ્યો. તેના દુઃખથી દુઃખી થયેલા તેના પિતા વગેરે તેના દુઃખના નાશ માટે માંત્રિકો તથા અન્ય લોકોએ બતાવેલા ઉપાયો કરવા લાગ્યા. તેઓ તામસ દેવ-દેવીઓનું પણ ખૂબ જ આરાધન આ કષ્ટની શાંતિ માટે કરવા લાગ્યા. તો પણ તેના દેહમાંથી તે બે વીર તથા ભૂતો ન નીકળ્યાં. ઊલટાં દરરોજ તેને અત્યંત પીડા કરવા લાગ્યા. તે પીડાથી કષ્ટ પામેલા તેના પિતા વગેરે તે મહાઆપત્તિની નિવૃત્તિ માટે હરિશર્માની સાથે પૃથ્વીના તળ ઉપર સર્વ તીર્થોની યાત્રા કરવા નીકળ્યા. તો પણ તે બ્રાહ્મણ ભૂત તથા ભૈરવના કષ્ટથી મુક્ત ન થયો. તેથી તેના પિતા વગેરે અત્યંત શોકમગ્ન બની ગયા. આવી રીતે શોક રૂપી સમુદ્રમાં ડૂબેલા તે બ્રાહ્મણો વિવિધ તીર્થોમાં ફરતા ફરતા શુભ બ્રહ્માવર્ત દેશમાં આવ્યા.

અહીં તે બ્રાહ્મણોને એકાંત સ્થળમાં બેઠેલા, ત્રિકાળદર્શી, શાંત બુદ્ધિવાળા, ધ્યાનસ્થ સુવ્રત નામના મુનિના દર્શન થયા; પછી તે વિપ્રો અત્યંત તેજસ્વી અને પ્રાર્થનીય તે સુવ્રત મુનિને નમસ્કાર કરીને આ પ્રમાણે તેમને કહેવા લાગ્યા. 'હે મહર્ષે ! આ બ્રાહ્મણ,

ભૂત-ભૈરવના દુઃખથી પીડાયેલો છે. તેથી અમોને પણ ઘણું દુઃખ થાય છે. તેની પીડાના નાશ માટે વિવિધ ઉપાયો કર્યા તથા તીર્થયાત્રા પણ કરી. તો પણ આ બ્રાહ્મણ ભૂતભૈરવના દુઃખથી મુક્ત થયો નહિ. માટે તમો તે પીડાના નાશનો ઉપાય કહો.'

આવી રીતે તે ગરીબ બ્રાહ્મણોએ કહ્યું તેથી દયાર્દ્ર બુદ્ધિવાળા, દીર્ઘદર્શી સુવ્રતમુનિ ક્ષણવાર ધ્યાન ધરીને તે બ્રાહ્મણો પ્રત્યે પીડાનાશક વચન કહેવા લાગ્યા :

**देशे चरोत्तरे विप्राः पुरं वृत्तालयाभिधम् । अस्ति चाघौघशमनी तत्समीपे हि गोमती ।।१९।।**
**हेतुर्नानावताराणां स्वामिनारायणो हरिः । सार्द्धं मुन्यादिभिर्यस्यां स्नानं चक्रे मुहुर्मुहुः ।।२०।।**
**तस्मात्सर्वजगत्पापव्रातोच्छेदपटीयसी । साऽस्ति तत्तुल्यमितरत्तीर्थं भूमौ न विद्यते ।।२१।।**

'હે બ્રાહ્મણો ! ચરોત્તર દેશમાં વરતાલ નામનું પુર છે, તેની સમીપે પાપના સમૂહને નાશ કરનારી ગોમતી છે. સર્વ અવતારોના કારણ સ્વામિનારાયણ શ્રીહરિએ તેમના મુનિઓ વગેરેની સાથે તે ગોમતીમાં વારંવાર સ્નાન કર્યું છે. તેથી તે ગોમતી, જગતના સર્વ મનુષ્યોના પાપને ઉચ્છેદ કરવામાં શક્તિમાન છે. પૃથ્વી ઉપર ગોમતી સમાન કોઈ બીજું તીર્થ નથી.

આ હરિશર્મા ગોમતીમાં સ્નાન કરીને ભૂત ભૈરવની પીડાથી મુકાશે.' એ પ્રકારનું મુનિનું વચન સાંભળીને બ્રાહ્મણો સુવ્રતમુનિને પ્રણામ કરી આ વૃત્તાલયપુરમાં આવ્યા. પછી તે સમગ્ર બ્રાહ્મણો વૃત્તાલય નગરની બહાર ઊતરીને ઉત્સાહપૂર્વક સ્વચ્છ નીરવાળી ગોમતીમાં સ્નાન કરવા માટે આવ્યા.

તે બ્રાહ્મણો જ્યારે ગોમતીના કાંઠે આવ્યા ત્યારે ગોમતીને જોઈને જ ભૈરવો તથા ભૂતો ત્રાસ પામ્યાં. ભૈરવો તથા ભૂતો ચિચિયારી કરતા ચીસો પાડીને તે બ્રાહ્મણના અંગમાંથી નીકળીને દૂર ઊભાં રહ્યાં. પછી આશ્ચર્ય પામેલા તે સર્વ બ્રાહ્મણો આ ગોમતીના માહાત્મ્યનું વર્ણન કરતાં ગોમતીમાં આદરપૂર્વક સ્નાન કરવા લાગ્યા. પછી તે બ્રાહ્મણો, ભૈરવો તથા ભૂતો પ્રત્યે કહેવા લાગ્યા : 'હે ભૂતો ! ગોમતીમાં તમો કેમ સ્નાન કરતા નથી ?' તેમનું આવું વચન સાંભળીને તે ભૈરવો તથા ભૂતો તેમના પ્રત્યે કહેવા લાગ્યાં : 'હે બ્રાહ્મણો ! અમો તમારી પાછળ સર્વ તીર્થોમાં આવ્યાં હતાં. પરંતુ આ દિવ્ય ગોમતીમાં સ્નાન કરવા માટે આવવા અમો સમર્થ નથી.'

તે સમયે ગોમતીમાં સ્નાન કરવા માટે આવેલા જ્ઞાનવલ્લભાનંદ તથા સૂર્યાનંદ એ બે મુનિઓ તે વિપ્રોની સમીપે આવ્યા. પછી તે બ્રાહ્મણોએ પોતાનું સર્વ વૃત્તાંત જ્ઞાનવલ્લભાનંદ તથા સૂર્યાનંદમુનિને હર્ષપૂર્વક કહ્યું. તેથી તે બન્ને મુનિઓમાં બુદ્ધિશાળી સૂર્યાનંદમુનિ તે બ્રાહ્મણોને આ પ્રમાણે કહેવા લાગ્યા : 'હે ઉત્તમ બ્રાહ્મણો ! ભગવાને કહેલા ધર્મમાં જે રહેતા હોય તેજ આ ગોમતીમાં સ્નાન કરી ભૂતોના ઉપદ્રવથી તત્કાળ મુકાય છે. આ બ્રાહ્મણ મહા આપત્તિથી મુકાયો તે બહુ સારું થયું.'

તે મુનિએ બ્રાહ્મણોને આ પ્રમાણે કહ્યું અને પછી તેમને સર્વ અવતારોના કારણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું માહાત્મ્ય ખૂબ કહ્યું. પછી તે બ્રાહ્મણોએ શ્રીસ્વામિનારાયણને ભગવાન જાણીને તે મુનિ પાસે નિયમો લીધા અને શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો.

પછી તે મુનિએ ભૈરવો તથા ભૂતો ઉપર ગોમતીનું પવિત્ર જળ છાંટી તેમને નિયમ ધરાવ્યા. ત્યારબાદ તેમણે આ ગોમતીમાં સ્નાન કર્યું. ભૈરવો તથા ભૂતોએ ગોમતીમાં સ્નાન કર્યું તેથી તેમનાં સર્વ પાપ ધોવાઈ ગયાં અને પ્રેતપણાનો ત્યાગ કરી તત્કાળ દેવતાઓના દેહ પામ્યાં.

પછી દેવો, ભૈરવો તથા ભૂતોને ઉત્તમ વિમાનોમાં બેસારીને અપ્સરાઓની સાથે સ્વર્ગમાં લઈ ગયા. આ પ્રકારે ભૂતગણો તથા અન્ય ભૈરવાદિ મહાવીરો આ ગોમતીના જળમાં સ્નાન કરીને સદ્ગતિ પામ્યા છે. તે બ્રાહ્મણોએ વૃત્તાલયપુરમાં આવી લક્ષ્મીનારાયણાદિ દેવોની મૂર્તિઓના દર્શન કર્યા. અહીં તેમણે ધર્મવંશીઓને તથા સાધુઓ તેમજ વર્ણીઓને સુંદર ભોજનોથી અતિ તૃપ્ત કર્યા. પછી તેઓ પોતાના પુર શ્રીનગર પ્રત્યે ગયા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૨૮)

## વિદ્યાનગરના કૃષ્ણશર્મા વિપ્રનું વૈરાગ્યથી ગૃહત્યાગ કરી તીર્થોમાં ફરતા ફરતા વૃત્તાલય તીર્થમાં આગમન અને ત્યાં શાંતિપ્રાપ્તિ તથા ગોમતીના સ્નાનાદિ પૂર્વક સેવનથી તેની થયેલી અદ્ભુત મુક્તિ :

પૂર્વ દેશમાં આવેલા વિદ્યાનગરમાં વિખ્યાત કીર્તિવાળો કૃષ્ણશર્મા બ્રાહ્મણ રહેતો હતો. વેદશાસ્ત્રમાં પારંગત, મંત્રવિત્, સત્યવાદી, કોમળ અંતઃકરણવાળો, વ્રતધારી, પવિત્ર, વશ કરી છે ઈન્દ્રિયો જેણે, અતિ શોભાયમાન સ્વાભાવિક શુભ ગુણોનું સ્થાનભૂત; ગુરુ-અગ્નિ-અતિથિ તથા વૃદ્ધોની સેવા કરનારો, ગુણોમાં દોષનું આરોપણ નહિ કરનારો, યથાયોગ્ય સંભાષણ કરનારો, નિરહંકારી, સાધુતા યુક્ત, અદ્રોહી; સ્વધર્મનિષ્ઠ, સદા વાસુદેવની ભક્તિ કરનારો, બુદ્ધિમાન, તિતિક્ષા, આસ્તિક્ય, સંતોષ, વિનય વગેરે ગુણોથી સંપન્ન; પૂર્વજન્મના સંસ્કારથી બાળપણથી આરંભીને સર્વદા શ્રીહરિની ભક્તિ કરવામાં તત્પર, સાધુઓના પ્રસંગની અતિશય ઈચ્છાવાળો

તે બ્રાહ્મણ હતો. સાધુ સમાગમ કરનારા સન્મતિવાળા તે બ્રાહ્મણને કાળે કરીને સાંસારિક સુખમાં અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન થયો.

અત્યંત ગૂઢ અને તીવ્ર વૈરાગ્યવાળો, દીર્ઘદર્શી તે બ્રાહ્મણ એકાંતમાં બેસી શાંત મનથી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો : 'વિવિધ પ્રકારના ક્લેશોના સ્થાનભૂત, અતિ ભયંકર આ સંસારમાં વારંવાર ભ્રમણ કરનારા મનુષ્યો ખરેખર મહાઆપત્તિ જ ભોગવે છે. મનુષ્યોને સંસારમાં ભ્રમણ કરતાં વારંવાર કુંભીપાકથી પણ અધિક દુઃખ ભોગવવું પડે છે. પંચવિષયના ઉપભોગ સમયે વિષયો પ્રિય જણાય છે. પરંતુ વસ્તુતઃ તો તે કેવળ દુઃખ ઉત્પન્ન કરનારા છે. ફક્ત દુઃખ જ ઉત્પન્ન કરે છે એટલું જ નહિ પરંતુ વારંવાર સંસૃતિ પણ ભોગવાવે છે. તેથી જન્મ, મૃત્યુ, જરા વગેરેનું તેમને અતિશય દુઃખ થાય છે. વળી કાળરૂપી વિકરાળ સર્પના ગ્રાસનો ત્રાસ પણ સંસૃતિમાં અનિવાર્ય છે. મનુષ્યોને નિર્દય યમદૂતો વિવિધ પ્રકારના આયુધોથી વારંવાર પીડા પમાડે છે. અને યમપુરીમાં તામિસ્ર વગેરે નરકોમાં અત્યંત દુઃખ પમાડે છે. ઈન્દ્રામણાના ફળની માફક ઉપરથી રમણીય પરંતુ જેનાથી મહા આપત્તિ થાય છે એવા, સર્પની ફણાઓ સમાન વિષયના ભોગથી શું સુખ છે ? (સર્પની સુંદર દેખાતી ફણા જોઈ પાસે આવનારને જેમ દુઃખ જ થાય છે, તેમ વિષયનું સેવન કરનારાઓને પણ અત્યંત દુઃખ જ થાય છે.) માટે દુઃસહ એવું એ દુઃખ મને ફરી ન થાય તેવો ઉપાય સંસારમાંથી મુક્તિ મેળવવા માટે મારે કરવો.

વળી પુત્ર વગેરે સમગ્ર સંબંધીઓ કેવળ પોતાના સ્વાર્થમાં જ રાચનારા, દ્રવ્ય હરનારા; ચોર સમાન છે. પ્રપંચમાં રુચિવાળા, ક્ષુદ્ર આનંદ આપનારા, અંતે શોક ઉત્પન્ન કરનારા એ સર્વે સંબંધીઓ અંતકાળે મારી શું સહાય કરશે? કંઈ જ નહિ કરે. દ્રવ્યાદિક તેમજ આયુષ્ય વીજળીની માફક ચંચળ છે, તેવું શાસ્ત્રજ્ઞો કહે છે. તેવું આયુષ્ય પણ દેહના સંબંધીઓની ઘણી સેવા કરવાથી વ્યર્થ ગયું છે. માટે આ તુચ્છ ગૃહનો, સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે છે તેમ, ત્યાગ કરીને આનંદના સમુદ્રરૂપ શ્રીહરિનું હું આરાધન કરીશ. ઘણા મહાત્મા સાધુઓનો પ્રસંગ તીર્થોમાં થાય છે. સંતોના પ્રસંગથી જ સંસારના પાશને છેદનારી, શ્રીહરિમાં અત્યંત પ્રીતિ થાય છે.'

મુમુક્ષુ કૃષ્ણશર્મા આ પ્રકારનો વિચાર કરી, ગૃહનો ત્યાગ કરી, તીર્થયાત્રા કરવાની ઈચ્છાથી મુમુક્ષુ બ્રાહ્મણોની સાથે પૃથ્વી ઉપર ફરવા લાગ્યો. તે મુમુક્ષુ બ્રાહ્મણોની સાથે કાશી વગેરે તીર્થોમાં ફરતા કૃષ્ણશર્માએ પોતાનું કલ્યાણ કરવાનો ઉદ્યમ આદર્યો. પરંતુ મોક્ષનો ઉપાય મેળવી શક્યો નહિ.

મુમુક્ષુ બ્રાહ્મણોથી વીંટાયેલા બુદ્ધિમાન કૃષ્ણશર્મા આવી રીતે તીર્થયાત્રા કરતા કરતા વૃદ્ધ થઈ ગયા. એવે સમયે તેઓ આ વૃત્તાલયપુરમાં આવ્યા. બ્રાહ્મણ કૃષ્ણશર્માને અત્યાર સુધીમાં કોઈ પણ તીર્થમાં જે શાંતિ નહોતી થઈ તે શાંતિ વૃત્તાલયપુરમાં પ્રવેશ કરતા જ તેમને પ્રાપ્ત થઈ. તેથી તે અત્યંત આશ્ચર્ય પામ્યા. તેને આ પ્રકારે શાંતિ થવાથી, શાંતિ પામેલા પોતાના અનુયાયી બ્રાહ્મણો પ્રત્યે તે આ પ્રમાણે બોલ્યા : 'હે બ્રાહ્મણો ! આપણે પૃથ્વી ઉપર ઘણાં તીર્થોમાં ગયા, તો પણ તે તીર્થોમાં આવી શાંતિ આપણને પ્રાપ્ત થઈ ન હતી.માટે અહીં પ્રત્યક્ષ શ્રીહરિનું વિચરણ જરૂર હશે જ. જો એમ ન હોય તો આપણને આવી શાંતિ કેમ થાય ?'

પોતાના અનુયાયી બ્રાહ્મણોની સાથે આવું ચિંતવન કરતા તે કૃષ્ણશર્મા ચાલતા ચાલતા મનોહર ગોમતી તટ પ્રત્યે આવ્યા. વિવિધ પ્રકારના વૃક્ષોથી શોભાયમાન, આ સ્થાન જોઈ કૃષ્ણશર્મા પ્રસન્ન થઈ તપશ્ચર્યાની ઈચ્છાથી તે બ્રાહ્મણો સહિત અહીં રહ્યા. પછી તે બ્રાહ્મણોની સાથે કૃષ્ણશર્મા ગોમતીના જળમાં ત્રિકાળ સ્નાન કરતા હતા. સ્નાનના પુણ્યથી તે બ્રાહ્મણોના સમગ્ર પાપ ધોવાઈ ગયા. પછી તે બ્રાહ્મણોએ શ્રાદ્ધાદિક સમગ્ર તીર્થવિધિ શાસ્ત્રવિધિ અનુસાર કર્યા. પછી આ રમણીય ગોમતી તટ પરના પોતાના નિવાસસ્થાનમાં આવી શ્રદ્ધાપૂર્વક ઉપવાસ કરી ત્યાં રાત્રિ રહ્યા.

પછી તે બ્રાહ્મણોમાં વૃદ્ધ થયેલા મુખ્ય કૃષ્ણશર્માને કાળજવર (તાવ)ની પીડા લાગુ પડી, તેટલામાં સંજાયા ગામના શ્રીહરિકૃષ્ણ ભગવાનના ભક્ત, સુશીલ-ગુણવાન બ્રાહ્મણ અંબારામ તેની સમીપે આવ્યા. અંબારામ બ્રાહ્મણે કૃષ્ણશર્માને તેમનું વૃત્તાંત પૂછ્યું, પછી તેમને શ્રીહરિનો દૃઢ આશ્રય કરાવીને સંસારજાળનો નાશ કરનારા શ્રીહરિના ભજનમાં તેમને જોડી દીધા.

પછી ઈષ્ટ શ્રીહરિકૃષ્ણને ભજતા કૃષ્ણશર્મા નિત્ય ગોમતીના જળમાં સ્નાન કરતા હતા. તેમજ મંદિરમાં બિરાજતી સમગ્ર પીડાહારી દેવમૂર્તિઓના દર્શન કરતા હતા. શ્રીહરિની પ્રાપ્તિ માટે જેણે ચિત્તને એકાગ્ર કર્યું છે અને ભક્તિપૂર્વક જે હંમેશાં શ્રીસ્વામિનારાયણનું નામોચ્ચારણ કરે છે એવા તે કૃષ્ણશર્મા થોડા દિવસોમાં મૃત્યુ પામ્યા.

તે સમયે તેમના સહચારી બ્રાહ્મણો દિવ્ય વિમાનોની પુષ્કળ પંક્તિ જોવા લાગ્યા. તેમજ તે વિમાનોમાં બેઠેલા સૂર્ય સમાન પ્રકાશવાળા હજારો મુક્ત સમૂહને પણ જોવા લાગ્યા. તે વિમાનોના મધ્ય ભાગમાં એક અદ્‌ભુત વિમાનમાં બેઠેલા, તેજપુંજમાં વિરાજમાન, કરોડો કામદેવને મોહ પમાડનારા, ઈશ્વરોના પણ ઈશ્વર શ્રી સ્વામિનારાયણ ભગવાનના તે દર્શન કરવા લાગ્યા.

પછી તે બ્રાહ્મણો મૃત્યુ પામેલા તે કૃષ્ણશર્માને મણિઓથી સ્ફુરાયમાન સુવર્ણના સુંદર આભૂષણોવાળા, પીતાંબરધારી, રત્નજડિત

સુંદર મુગટવાળા, સૂર્યના સમાન દેદીપ્યવર્ણવાળા સ્વરૂપે; આશ્ચર્યયુક્ત બની જોવા લાગ્યા. તેટલામાં મુક્તોએ શોભાયમાન વિમાનમાં બેસાડેલા, અદ્‌ભુત દિવ્ય દેહવાળા, અત્યંત દિવ્ય તેજયુક્ત, દિવ્યભાવ પામેલા કૃષ્ણશર્મા પોતાની સાથે આવેલા બ્રાહ્મણોને હર્ષપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા : 'હે વિપ્રો ! આ સ્વામિનારાયણ ભગવાન સમગ્ર અવતારોના એક કારણરૂપ છે. તે જ અહીં પોતાના મુક્તો સહિત પોતાના શ્રેષ્ઠ-દુઃખરહિત ધામમાં મને લઈ જવા માટે પધાર્યા છે. માટે તમો પણ જ્યારે આ ઈષ્ટ શ્રીહરિકૃષ્ણનો મુક્તિ માટે આશ્રય કરશો અને તમારા ધર્મમાં નિષ્ઠાવાળા થઈ તેમને ભજશો, ત્યારે તમો મારી માફક; અન્યથી ન પામી શકાય એવા આ શ્રીસ્વામિનારાયણના ધામને પામશો.'

તે બ્રાહ્મણ કૃષ્ણશર્મા પોતાના અનુયાયી બ્રાહ્મણોને આ પ્રમાણે કહીને અક્ષરમુક્તના સમૂહ તથા પ્રત્યક્ષ શ્રીહરિની સાથે વિમાનમાં બેસી શ્રીહરિના શ્રેષ્ઠ દિવ્ય બ્રહ્મપુર ધામને પામ્યા.

આ પ્રમાણે બ્રાહ્મણ કૃષ્ણશર્મા અતિ પવિત્ર શ્રી ગોમતીના તીર્થજળમાં સ્નાન કરીને દરરોજ શ્રી લક્ષ્મીનારાયણાદિના દર્શન કરીને મુક્તિ પામ્યા. પછી તે બ્રાહ્મણોએ તેની ઔર્ધ્વદૈહિક ક્રિયા શાસ્ત્રવિધિ પ્રમાણે કરી. પછી શ્રીહરિનો આશ્રય કરીને તે સૌ પોતાના પુરમાં ગયા. સ્વધર્મમાં નિષ્ઠાવાળા તેઓ અંતકાળે શ્રીહરિના શ્રેષ્ઠ ધામને પામ્યા.

આવી રીતે બહુજન્મના પાપોના સમુદાયને હરનારી આ ગોમતીમાં સ્નાન કરીને, બીજા ઘણા જનો, આ બ્રાહ્મણની માફક સંસારમાંથી મુક્તિ પામ્યા છે. અન્ય મનુષ્યો પણ જરૂર પામશે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૨૯)

**દુષ્ટજનોના સ્નાનાદિથી વળગેલાં પુષ્કળ પાપોથી ભય પામી પ્રયાગમાં ભેગા થયેલાં ચિંતાતુર અનેક તીર્થોને નારદજીનો મેળાપ થયો તેનું વર્ણન :**

એક સમયે સર્વ તીર્થો, દુષ્ટ જનોના સંબંધથી પોતાને વળગેલાં પાપથી અત્યંત ભય પામી પ્રયાગમાં ભેગાં થયાં. પાપી પુરુષોના પુષ્કળ પાપ પોતાને લાગ્યાં છે તે જોઈને ક્લેશયુક્ત બનેલાં તે તીર્થોના કેટલાક નામો હું તમોને કહું છું. તે તમો સાંભળો.

અવટોદા, કાવેરી, વેણા, વૈહાયસી, તામ્રપર્ણી તથા ચંદ્રવશા નદી; પયસ્વિની કૃતમાલા, શર્કરાવર્તા, તુંગભદ્રા, કૃષ્ણવેણા, નિર્વિંધ્યા, ભીમરથી, ગોદાવરી, પયોષ્ણી, રેવા, ચર્મણ્વતી, ઋષિકુલ્યા, ત્રિસામા, કૌશિકી, સરસ્વતી, દૃષદ્‌વતી, સરયૂ, ગોમતી, ઓઘવતી, મહી, સપ્તવતી, વિશ્વા, સુષોમા, ઓજસ્વતી, ચંદ્રભાગા, મરુદ્‌વૃદ્ધા, શતદ્રૂ, અસિક્‌ની, વિતસ્તા, તાપી, સાભ્રમતી, વેદસ્મૃતિ, કાલિંદી તથા મહાનદી વગેરે; વળી હરિદ્વાર, કુરુક્ષેત્ર, પ્રયાગ, ગયા શિર તેમજ પૃથ્વી ઉપરના બીજા પ્રભાસ વગેરે ઘણાં પુણ્ય ક્ષેત્રો; પંપા સરોવર, બિંદુસરોવર, માનસરોવર તેમજ આ ભૂતળમાં પુષ્કર વગેરે અન્ય મોટાં સરોવર, એ સર્વે તીર્થો મહાપાપી પ્રાણીઓના સંપર્કથી કંપતાં ભેગાં થઈને આવો વિચાર કરવા લાગ્યાં :

'અહો ! અરે ! ધર્મક્ષયમાં ઉદ્યમવાળો, પાપિષ્ઠ કળિયુગ વિદ્યમાન હોવાથી હાલમાં વાયુથી જેમ અગ્નિ પ્રસરે તેમ પૃથ્વી ઉપર અધર્મ વૃદ્ધિ પામ્યો છે. અધર્મ વૃદ્ધિ પામવાથી દુષ્ટજનો - ઘણું કરીને વ્યભિચારીઓ - સુરા અને મદ્યનું પાન કરનારા અને માંસ ખાનારા થયા છે. નિષિદ્ધ કર્મ કરવામાં આસક્ત ચિત્તવાળા, મહામોહરૂપી અંધકારથી આંધળા બનેલા, ધર્મ-સાધુઓ અને દેવતાઓનો દ્રોહ કરનારા; હિંસા-ચોરી વગેરે કર્મમાં પ્રીતિવાળા, વેદોક્ત આચારથી રહિત, પોતાના બંધુઓનો પણ દ્રોહ કરનારા, સ્વાર્થ સાધવામાં તત્પર; લોકોને ઠગવામાં નિપુણ, નાસ્તિક, દુષ્ટાશયવાળા, ઉલ્લંઘન કરી છે મર્યાદા જેમણે એવા, માન- મદ-સ્મય ઘણા જેમને છે એવા; વિષયમાં આસક્ત ચિત્તવાળા, વિશ્વાસી મનુષ્યોને હણનારા, કામોપભોગમાં વાનર સમાન, ક્રોધમાં સર્પતુલ્ય; દંભ-ઈર્ષ્યા-મત્સર વગેરેથી વ્યાપ્ત, કદી સત્ક્રિયા ન કરનારા, અધર્મમાં રાચનારા, નિત્ય અધર્મ સર્ગનું પોષણ કરનારા; ક્યારેય ભગવાનનું આરાધન નહિ કરનારા, કુતર્ક કરનારા, અત્યંત પાપી-અતિદંભીઓ, દુષ્ટોનો પ્રસંગ કરનારા; પૃથ્વી ઉપર આ પ્રકારનાં ઘણાં મનુષ્યો તથા સ્ત્રીઓ જે છે તે વારંવાર આવીને અમારા જળમાં સ્નાન કરે છે. આવી રીતે જે દુષ્કર્મમાં પ્રવીણ છે તેમના વારંવાર સંગથી અમોને ઘણાં પાપ વળગ્યાં છે.

ન નિવારણ થઈ શકે એવા આ પાપસમૂહથી અમારી ઉજ્જ્વલતા, ઘાટાં વાદળાંથી તારાઓ જેમ ઢંકાય તેમ, સર્વ પ્રકારે નાશ પામી છે. અમારામાં દુર્જન સમૂહે મૂકેલાં દુરંત મહાપાપ તેમનાં નાશનો ઉપાય અમોને સૂઝતો નથી. હે તીર્થો ! વિવિધ પ્રકારનાં પાતકોના સમૂહ જોઈને અમારા ચિત્તમાં અત્યંત દુઃખ થાય છે. તેમજ અમારા અંગો કંપે છે. આવા દુષ્કૃતોનો વિનાશ કેમ થશે ? આવી રીતે અમારા અંતરમાં હંમેશાં ચિંતા રહે છે. પાપ વિનાશમાં આપણે ક્યો શ્રેષ્ઠ ઉપાય તત્કાળ કરવો ? શાસ્ત્રોમાં કહેલા અનેક ઉપાયોમાં એક કયો મહા બળવાન ઉપાય છે તે અમો જાણતા નથી. જેવી રીતે એ સમગ્ર પાપનો તત્કાળ નાશ થાય તે પ્રકારનો ઉપાય

આ લોકમાં જે જાણતા હોય એવા કયા મહા વિદ્વાનને પૂછીએ ? તેવો ઉપાય આ લોકમાં કોઈ મહર્ષિ પાસે જઈને પૂછીએ ? અથવા સ્વર્ગમાં જઈને ઉત્તમ દેવતાને અથવા પ્રજાના નાથ બ્રહ્માને અથવા શંકરને પૂછીએ ? તે ઉપાય ધર્મને પૂછીએ, લોકોનું પોષણ કરનાર વિષ્ણુને અથવા શુદ્ધ જ્ઞાન આપનારા શ્રીહરિને પ્રિય એવા સાધુઓને પૂછીએ ?'

પુષ્કળ પાપના તાપથી ક્લેશ યુક્ત ચિત્તવાળા તે તીર્થો આવી રીતે પરસ્પર અત્યંત હિતકારી વિચાર કરતા હતાં. સર્વ તીર્થો એ પ્રકારનો વિચાર કરતા હતાં. એટલામાં ત્યાં ઈશ્વરેચ્છાથી પૃથ્વી ઉપર ફરતા પ્રિયદર્શન નારદ મુનિ આવ્યા.

તે તીર્થો દૂરથી આવતા-દયાથી કોમળ-દીર્ઘદર્શી નારદ મુનિને જોઈ, પોતાના કાર્યની સિદ્ધિ હવે થશે એવું માનીને અત્યંત આનંદ પામ્યાં. સર્વ તીર્થોએ ઊઠીને શ્રીહરિને પ્રિય-સર્વ કળાઓમાં પ્રવીણ, અગાધ બોધવાળા, નારદમુનિની સન્મુખ તત્કાળ જઈ, ભક્તિપૂર્વક મનોહર આસનમાં તેમને બેસાડ્યા. પછી સર્વતીર્થો સુખપૂર્વક બેઠેલા, અનુકરણીય સ્વભાવવાળા, મુનીન્દ્ર નારદને સુંદર વાણીથી પ્રસન્ન કરી, હાથ જોડી, નમ્રતાપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યાં : 'હે મુને ! આ લોકમાં જળનિધિમાં બૂડતા જનોને નૌકાયુક્ત શ્રેષ્ઠ કર્ણધાર જેમ પ્રાપ્ત થાય તેની માફક તમો, દુર્જનોના પાપના યોગથી ત્રાસ પામેલા મનવાળા અમોને તારવાને શ્રીહરિની ઈચ્છાથી અહીં આવ્યા છો. એવા સુભાગ્યથી અમારું કલ્યાણ થયું છે.'

**નારદજીએ સર્વાવતારી શ્રીહરિ અને તેના સંબંધથી ગોમતીનો અપૂર્વ મહિમા કહેવાથી સમગ્ર તીર્થોએ તેમાં સ્નાન કર્યું અને પાપપુંજોથી તત્કાળ મુક્ત થઈને ગોમતીજીની સ્તુતિ કરી :**

પછી નિસ્તેજ થયેલા તે તીર્થોના શોકનું શમન કરવા નારદમુનિ આ પ્રમાણે તેમને કહેવા લાગ્યા :'અહો હે તીર્થો ! હંમેશાં સર્વ મનુષ્યોના ઉપકારમાં પ્રસક્ત તમારે મોટું દુઃખ શું છે ? હે તીર્થો ! તમો હાલમાં ગ્લાનિ પામ્યાં છો તેથી મને એમ જણાય છે કે, તમોને કોઈ મહાન દુઃખ છે.'

સર્વ તીર્થો નારદનું આવું વચન સાંભળીને દયાનિધિ નારદ પ્રત્યે વિનયપૂર્વક આવું દીન વચન બોલ્યાં : 'હે મુને ! પુષ્કળ પાપ કરનારા લોકોના સંસર્ગથી તેમનાં પાપ અમોને લાગ્યાં છે. તેથી અમો દુઃખી થયાં છીએ. એ બધાં પાપો અમો કયા ઉપાયથી સર્વ પ્રકારે ધોઈ નાંખીએ ? એવું અમો ચિંતવન કરતા હતાં. આ પ્રકારે દુષ્ટોએ અમારામાં મૂકેલા પાપથી અમો અત્યંત સંભ્રમમાં પડ્યાં છીએ. પરંતુ અમારા ભાગ્યવશાત્ તે દુઃખ નાશ કરવા તમો આજે અમોને મળ્યા હો તેમ અમો માનીએ છીએ. દુર્જનોના સંબંધથી પ્રાપ્ત થયેલા પાપથી અમો અત્યંત ભય પામ્યાં છીએ, તો અમોને તે પાપના નાશનો ઉપાય બતાવો.'

તેમનું આવું વચન સાંભળીને તેમની આપત્તિ નાશ કરવા માટે તે તીર્થોને આનંદ પમાડતાં નારદજી તેમને કહેવા લાગ્યા : 'હે તીર્થો! અનેક પ્રકારનાં પાપ જે તમને લાગેલાં છે તેનો તત્કાળ નાશ થાય તેવો ઉત્તમ ઉપાય હું તમોને કહું છું. હે તીર્થો ! શોભાયમાન બ્રહ્મપુરના અધિપતિ, મન-વાણીને અગોચર, સર્વ અવતારોના કારણ જે પુરુષોત્તમ છે. તે આ ભૂતળ ઉપર એકાંતિક ધર્મનું રક્ષણ તથા પ્રવર્તન કરવા માટે કોશલ દેશમાં ધર્મ તથા ભક્તિદેવી થકી પ્રાદુર્ભાવ પામ્યા છે. શાસ્ત્રોક્ત સદ્‌ગુણો યુક્ત હજારો ત્યાગી એવા પોતાના શિષ્યોની સાથે વિચરતા થકા શ્રીહરિએ હજારો દૈત્યાંશ ગુરુઓને પણ જીત્યા છે. પોતાના સાધુઓ તથા અન્ય આશ્રિતોનું અધર્મવંશથી રક્ષણ કરતા, પોતાના અતુલ પ્રતાપથી અધર્મનો મૂળ સહિત ઉચ્છેદ કરતાં, શ્રીહરિ પૃથ્વી ઉપર ધર્મનું સ્થાપન કરે છે.

જેમના અત્યંત પ્રતાપથી, આ લોકમાં હજારો ત્યાગીઓ, હંમેશાં અષ્ટ પ્રકારે સ્ત્રીના ત્યાગરૂપી નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે. મનુષ્યો-બ્રહ્મા-શિવ-ઈન્દ્રાદિ દેવો-રાવણ-આગ્નિધ્ર-અગ્નિવર્ણાદિ રાજાઓને જેણે કિંકર બનાવ્યા છે એવા કામદેવાદિ અંતઃશત્રુઓને, જે શ્રીહરિના ત્યાગીઓએ શ્રીહરિના પ્રતાપથી જીત્યા છે. જે શ્રીસ્વામિનારાયણના પ્રતાપથી પૃથ્વી ઉપર લાખો ગૃહસ્થ ભક્તો પણ દોષરૂપી અંતઃશત્રુઓને જીતીને, પોતાના ધર્મમાં રહી, અક્ષરથી પર શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે છે.

સર્વજ્ઞ, સર્વાંતર્યામી, સત્પતિ શ્રીસ્વામિનારાયણ સમાધિમાં અસંખ્ય જનોને પોતાના ગોલોકાદિ ધામ બતાવે છે. વળી સમર્થ શ્રીસ્વામિનારાયણ તે તે ધામોમાં રહેલા દિવ્ય પાર્ષદો, ઐશ્વર્ય તથા પોતાની મૂર્તિઓ પણ તે સમાધિસ્થ ભક્તજનોને બતાવે છે. જેમના હજારો ભક્તો સાધન વિના પણ સમાધિ સ્થિતિ તથા ઉત્તમ અષ્ટાંગ યોગની ગતિ પામ્યા છે. અનુપમેય ઐશ્વર્યવાળા, જેને કોઈની ઉપમા આપી શકાતી નથી એવા અદ્વિતીય, દિવ્ય સદ્‌ગુણોના નિધિ, શ્રીસ્વામિનારાયણ સર્વોપરી જ વર્તે છે.

અનુપમ પ્રતાપવાળા શ્રીસ્વામિનારાયણે વરતાલમાં મંદિર રચી ઉત્સવપૂર્વક શ્રીલક્ષ્મીનારાયણાદિ ભગવાનની મૂર્તિઓનું સ્થાપન કર્યું છે. તે સમયે પોતાના પરિવારની સાથે દ્વારિકાધીશ દ્વારિકાથી વૃત્તાલયપુરમાં આવી લક્ષ્મીનારાયણ સ્વરૂપે વિશિષ્ટ પ્રકારથી રહ્યા છે.

વળી તે પુરની સમીપે, દ્વારિકાથી ત્યાંનાં સર્વ તીર્થોની સાથે પાપમોચની ગોમતી પણ આવીને રહ્યાં છે. જે ગોમતીમાં મુનિઓ વગેરે શ્રીહરિના આશ્રિત સમૂહ તેમજ સર્વ અવતારોના કારણ શ્રીસ્વામિનારાયણ શ્રીહરિએ વારંવાર સ્નાન કર્યું છે. જેમ સમગ્ર કાષ્ઠ

સમુદાયને અગ્નિની જવાળા બાળે છે તેજ પ્રકારે આ ગોમતી પણ સમગ્ર પાપને બાળનારી છે. સ્નાન માત્રથી મનુષ્યોના પાપસમૂહ ધોઈ નાંખનારી, સમગ્ર ઈચ્છાઓ પૂર્ણ કરનારી, તેમજ મુક્તિ આપનારી; ધર્મ-જ્ઞાનાદિથી શોભતા મુનિ સમૂહોએ સેવેલી, સમગ્ર તીર્થોમાં શ્રેષ્ઠ, ગોમતીમાં જ્યારે તમો સ્નાન કરશો ત્યારે તમારા પાપસમૂહ તત્કાળ નાશ પામશે.'

આ પ્રકારનું નારદજીનું વચન સાંભળીને તે તીર્થો અત્યંત આનંદ પામ્યાં. પછી પુણ્યદર્શન દેવર્ષિને તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યાં : 'હે ધન્યભાગી મુને ! અમોએ નિશ્ચય આજે વિજય પ્રાપ્ત કર્યો છે. કારણકે, હે પીડાહારી ! આપના આગમનથી અમોએ આજે ગોમતી સર્વોત્તમ તીર્થ છે તે જાણ્યું. પાપીઓના સંપર્કથી ચોટેલાં પાપોથી અમોને દુઃખ થયું છે. અનિવાર્ય એવાં તે મહાપાપોને નાશ કરનારું સર્વ તીર્થોમાં ઉત્તમ ગોમતી તીર્થ છે એવુ અમોએ જાણ્યું છે. હવે અમો તત્કાળ જઈને આદરપૂર્વક ગોમતીમાં સ્નાન કરીશું. તેથી અમારો જન્મ સફળ થશે.'

તેમનું આવું વચન સાંભળી, નારદજી પ્રસન્ન થયા અને તીર્થોના કાર્યની સિદ્ધિ થઈ તેવું જાણીને ત્યાંથી તત્કાળ અંતર્ધાન થઈ ગયા. પછી તે સર્વ તીર્થો અતિ આદર અને પ્રીતિપૂર્વક સ્નાન કરવા માટે, પાપનો નાશ કરનારી આ ગોમતી પ્રત્યે આવ્યાં.

પછી તે તીર્થો પાપને હણનારી, બ્રહ્માદિ ઈશ્વરોએ પણ જેને વંદનીય ગણી છે તેવી આ શુભ ગોમતીને દૂરથી જોઈને અતિશય આનંદપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યાં. પછી તે તીર્થો શ્રીહરિની જેમ જ શુભ ફળ આપનારી આ ગોમતીમાં સ્નાન કરીને દુષ્ટજનોના સંપર્કથી વળગેલાં પાપપુંજોથી તત્કાળ રહિત થઈ ગયાં.

શોભાયમાન ગોમતીના સ્નાનથી સમગ્ર તીર્થો નિર્મળ થઈ ગયાં. જેમ શરદઋતુમાં સ્વચ્છ થયેલાં જળ શોભે, વળી આકાશમાં તારાઓના સમૂહ શોભે તેમ તે તીર્થો નિર્મળ બની અત્યંત શોભવા લાગ્યાં. આનંદ મગ્ન થઈ હર્ષાશ્રુથી જેમનાં ગાત્રો રોમાંચિત થયાં છે એવા થકા અતિપ્રેમપૂર્વક ગોમતીની તેઓ સ્તુતિ કરવા લાગ્યાં :

'શ્રી વૃત્તાલયની સમીપે શોભતી, કળિમળનો નાશ કરનારી, મનુષ્યોનો સંસારમાંથી ઉદ્ધાર કરનારી, સર્વ ઉપર ઉપકાર કરનારી, વિવિધ સદ્‌ગુણોને ધારણ કરનારી, યમદૂતોના ત્રાસનું ઉચ્છેદન કરનારી, આ પૃથ્વી ઉપર જનકલ્યાણ કરનારી હે ગોમતી ! તમોને અમો વારંવાર વંદન કરીએ છીએ. બ્રહ્માદિ દેવો, મુક્તાત્માઓ તથા નારદાદિ મુનિઓ આપના ઉદાર માહાત્મ્યનું ગાન કરે છે. હે ગોમતી ! આપની કલ્યાણકારિણી કીર્તિ મૃત્યુ લોકમાં વ્યાપ્ત થઈ માનવોને અને સ્વર્ગમાં વ્યાપ્ત થઈ દેવ લોકોને પરમ આશ્ચર્ય પમાડે છે. હે ગોમતી દેવી, સર્વાવતાર હેતુ ભગવાન સ્વામિનારાયણે આપનામાં સ્નાન કર્યું તેથી સામર્થિ પામેલા આપનું પવિત્ર અંતઃકરણોવાળા મુનીશ્વરો સેવન કરે છે. દર્શનમાત્રથી માનવોનાં પાપોને આપ હરો છો. દરેકને ઈચ્છેલું ફળ આપો છો. અને ભૂમંડળમાં સર્વશ્રેષ્ઠ તીર્થ થઈને વિરાજમાન છો. હે ગોમતી ! આ લોકમાં વિવિધ પાપોથી ભરપૂર મનુષ્યોએ અમારામાં સ્નાન કરીને વળગાડેલાં, અનેકવિધ પ્રાયશ્ચિત્તોથી પણ સમૂળ નાશ ન કરી શકાય તેવાં પાપો હતાં. તેનો નાશ કરવા માટે અમોએ દેવર્ષિ નારદના ઉપદેશથી આપનાં નિર્મળનીરમાં સ્નાન કર્યું તેથી અમે બધા સર્વ પાપોથી તરત મુક્ત થઈ ગયા છીએ. કામ-ક્રોધ-લોભ-મોહ-મદ આદિકની ભયંકર આગમાં બળતા જીવાત્માઓને પરમ શાંતિ પ્રદાન કરનારી તેમની ખરી માતા તો તું એકલી જ છે, તું ભયંકર પાપાચારીઓને પણ તત્કાળ પવિત્ર કરે છે, નિત્ય સર્વ જીવોની હિતેચ્છુ થઈને તેમની ઈચ્છાઓને પરિપૂર્ણ કરે છે. હે માતા, તારો વિજય થાઓ. સ્ત્રીઓ અને પુરુષો જ્યારે ''જય સ્વામિનારાયણ'' એ મૂલમંત્રનું જોરથી ઉચ્ચારણ કરી પુણ્યકારી-શાંતિદાયક જળવાળાં આપનામાં સ્નાન કરે છે ત્યારે તે મૂલમંત્રના ઘોષને સાંભળી વ્યાકુળ બનેલા યમદૂતો ત્યાંથી ખૂબ દૂર નાસી જાય છે.'

આવી રીતે સ્તુતિ કરીને તીર્થો મૌન રહ્યાં. પછી તત્કાળ ગોમતીના જળના મધ્યભાગમાંથી ગોમતીજી પ્રગટ થયાં. સ્ત્રીના સમાન રૂપવાળાં, મંદહાસ્યયુક્ત મુખવાળાં, રૂપ-લાવણ્યથી શોભતાં, સુંદર મોગરાનાં પુષ્પો જેમાં છે એવી કેશની વેણીમાં ભમતી ભમરીઓના ગુંજનથી ગુંજતાં; સુંદર કસુંબી વસ્ત્રો જેમણે પરિધાન કર્યાં છે, શોભાયમાન લલાટમાં રત્નજડિત સોનાની લલાટિકા (દામણી) ધારણ કરી છે એવાં, કમળના જેવાં નેત્રોવાળાં; રત્નજડિત સુવર્ણનાં શોભાયમાન ભૂષણોથી શોભતાં, મહાતેજસ્વી, દિવ્ય, કારુણ્યથી પૂર્ણ નેત્રોવાળાં; આ પ્રકારનાં પવિત્ર દર્શનવાળાં આ ગોમતીને જોઈને તીર્થો આશ્ચર્યવત્ બની અત્યંત હર્ષ પામ્યાં.

પછી તે તીર્થોએ ગોમતી પ્રસન્ન થયાં છે તેવું જાણીને યથાયોગ્ય વસ્ત્રો, આભૂષણો તથા વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ઉપચારોથી તેમનું પૂજન કર્યું. પછી તીર્થો હર્ષપૂર્વક ગોમતી પ્રત્યે કહેવા લાગ્યાં : 'હે ભદ્રે ! અમોને તમો તમારા આ પવિત્ર જળમાં નિત્ય વાસ આપો એ પ્રમાણે અમારી પ્રાર્થના છે. હે શુભે ! પાપીઓના સંસર્ગથી ત્રસ્ત થયેલા અમોને અમારા નિવાસસ્થાનમાં જવાની રુચિ નથી. માટે અમોને તમારી સમીપે નિવાસ આપો.'

તેમનું આવું વચન સાંભળીને પ્રસન્ન મનવાળાં ગોમતી તેમના પ્રત્યે મનોહર હાસ્ય કરતાં જોઈને આ પ્રમાણે કહેવા લાગ્યાં : 'હે

તીર્થો ! તમો અહીં ક્ષણવાર ઊભા રહો. હું સ્વામિનારાયણ શ્રીહરિને પૂછીને જેવી તેમની આજ્ઞા હશે તે પ્રમાણે તત્કાળ તમોને કહું છું.' એમ કહીને મંદિરમાં એકાંત સ્થાનમાં બિરાજેલા શ્રીહરિની સમીપે તત્કાળ જઈને ગોમતી હર્ષપૂર્વક તે તીર્થોનું સમગ્ર વૃત્તાંત શ્રીહરિને કહેવા લાગ્યાં.

તે સાંભળી શ્રીહરિએ ગોમતીને કહ્યું : 'હે શોભને ! હમણાં તો તે તીર્થોએ તેમનાં સ્થાનોમાં જવું. પાપીઓના સંગથી તેમને પ્રાપ્ત થયેલો પાપસમૂહ નાશ થયો છે. હવે પછી તે સમગ્રતીર્થોએ પોતાની પાપનાશ પૂર્વક શુદ્ધિ માટે, ચૈત્ર સુદી નવમીની તિથિએ તથા પ્રબોધિની એકાદશીએ અહીં મહોત્સવો થશે ત્યારે આ વૃત્તાલયમાં આવી, તમારી સાથે તમારા નીરમાં રહેવું. હે સુવ્રતે ! તે તીર્થોએ તે મહોત્સવના દિવસથી આરંભીને દશ દિવસ સુધી અહીં તમારે વિષે રહેવું, અને પછી પોતપોતાના સ્થાનમાં ફરીથી જવું. આવી મારી આજ્ઞા છે.'

આ પ્રકારે શ્રીહરિએ ગોમતીને કહ્યું, તેથી ભક્તિપૂર્વક સ્વામિનારાયણ શ્રીહરિને નમસ્કાર કરી પોતાના સ્થાનમાં આવીને પછી શ્રીહરિની જેવી આજ્ઞા હતી તે પ્રમાણે તે તીર્થો પ્રત્યે તેણે કહ્યું. પછી ત્યાંથી જવા માટે જેમને ઈચ્છા ન હતી તેવાં તે તીર્થો શ્રીહરિની આજ્ઞાને આધીન થઈ તત્કાળ ત્યાંથી પોતાનાં સ્થાનકોમાં જવા તૈયાર થયાં.

પછી તે તીર્થોએ વારંવાર ગોમતીને પ્રણામ કર્યા. પછી ગોમતી અંતર્ધાન થઈ ગયાં. ત્યારબાદ તીર્થોએ લક્ષ્મીનારાયણ વગેરે દેવો તથા શ્રીહરિના દર્શન કર્યા. સર્વના નિયંતા, યોગીઓને પણ પ્રાર્થનીય દર્શન જેમનાં છે એવા પુરુષોત્તમ શ્રીસહજાનંદનો યોગ (સંસર્ગ) વારંવાર જેને પ્રાપ્ત થયો છે તે આ ગોમતી ધન્ય છે. આ ગોમતીએ પૂર્વે શું તીવ્ર તપ કર્યું હશે ? વળી પ્રેમપૂર્વક શું પુણ્ય કર્યું હશે ? આવી રીતે આ ગોમતીનો દિવ્ય મહિમા તે તીર્થો પરસ્પર ગાવા લાગ્યાં.

પછી તે તીર્થો માર્ગમાં ગોમતી તથા વૃત્તાલય તેમજ શ્રીહરિનો મહિમા હર્ષપૂર્વક વર્ણવતાં લક્ષ્મીનારાયણાદિ દેવોની શુભ મૂર્તિઓનું માહાત્મ્ય કહેતાં, પોત-પોતાનાં સ્થાનમાં ગયાં.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૦-૩૧)

**કલ્યાણકારી ગોમતીમાં પુણ્ય તીર્થોનો જુદા જુદા સ્થળે નિવાસ તથા ગોમતીતીર્થમાં વિવિધ સમયે સ્નાન કરવાથી થતાં અદ્‌ભુત ફળાદિનું વર્ણન :**

પછી દરેક વર્ષે તે સર્વ તીર્થો ચૈત્ર સુદ નવમી તથા પ્રબોધિનીના ઉત્સવ પ્રસંગે; શ્રીસ્વામિનારાયણની આજ્ઞાથી વૃત્તાલય આવીને જ્યાં સુધી બન્ને મહોત્સવોની સમાપ્તિ થાય ત્યાં સુધી આદરપૂર્વક રહેવા લાગ્યા.

તે તીર્થો ગોમતીમાં જે પ્રકારે જુદાં જુદાં રહે છે તે સર્વ તીર્થોનાં સ્થાનો હું તમોને કહું છું. ગોમતીના પૂર્વ તરફના આરામાં તાપી, રેવા, ગોમતી નદી, ગોદાવરી, કાવેરી એ (પાંચ) ઉત્તમ નદીઓ રહે છે. પૂર્વદિશા અને અગ્નિકોણ એ બેના મધ્યભાગમાં ગયા તીર્થ રહે છે. અગ્નિકોણમાં વિતસ્તા, ઓજસ્વતી; વેદસ્મૃતિ, અસિક્ની, મહાનદી એ પ્રસિદ્ધ પાંચ નદીઓ રહે છે.

દક્ષિણ દિશા તથા અગ્નિ દિશા એ બેના મધ્ય ભાગમાં હરિદ્વાર તીર્થ રહે છે. આ ગોમતીના દક્ષિણ તરફના આરામાં વેણા, વૈહાયસી; અવટોદા, ચંદ્રવશા, તામ્રપર્ણી એ પ્રસિદ્ધ પાંચ નદીઓ રહે છે. દક્ષિણ અને નૈઋત્ય એ બેની વચ્ચે પંપા સરોવર રહે છે.

હવે નૈઋત્ય દિશામાં જે તીર્થો છે તે હું કહું છું. શતદ્રુ, સુષોમા, વિશ્વા, સપ્તવતી, મરુદ્‌વૃદ્ધા એ પાંચ શુભ નદીઓ નૈઋત્યમાં વસે છે. નૈઋત્ય કોણ અને પશ્ચિમ દિશાની વચ્ચે પ્રસિદ્ધ પુષ્કર તીર્થ નિવાસ કરે છે. પશ્ચિમ દિશામાં શર્કરાવર્તા, કૃતમાલા, પયસ્વિની, તુંગભદ્રા અને કૃષ્ણવેણા રહે છે. વાયવ્ય કોણ અને પશ્ચિમ દિશાની વચ્ચે માનસ સરોવર રહે છે. વાયવ્ય ખૂણામાં ત્રિસામા, ઋષિકુલ્યા, દષદ્વતી; ચર્મણવતી, તથા પયોષ્ણી એ શ્રેષ્ઠ નદીઓ રહે છે. વાયુકોણ અને ઉત્તર દિશાની મધ્યે બિંદુસરોવર રહે છે. ઉત્તર દિશામાં સરયૂ, ચંદ્રભાગા, કૌશિકી, ભીમરથી તથા સાભ્રમતી એ નદીઓ રહે છે. ઉત્તર અને ઈશાન એ બેના મધ્યભાગમાં કુરુક્ષેત્ર રહે છે.

હવે ઈશાન ખૂણામાં રહેતા તીર્થો હું તમોને કહું છું. ઓઘવતી, કાલિંદી, નિર્વિંધ્યા, સરસ્વતી, મહી એ નદીઓ ઈશાન ખૂણામાં રહે છે. ઈશાન ખૂણો તથા પૂર્વ દિશાના મધ્યભાગમાં પ્રસિદ્ધ પ્રયાગરાજ તીર્થ વસે છે. પવિત્ર જળવાળી આ ગોમતીના મધ્યભાગમાં પ્રભાસ તીર્થ વાસ કરે છે.

આવી રીતે દરેક વર્ષે બન્ને મહોત્સવમાં, સર્વ તીર્થો આવીને જુદાં જુદાં આ ગોમતીમાં રહે છે. આવી પ્રભાવવાળી આ ગોમતીમાં જે જનો નિત્ય સ્નાન કરે છે, તેમને ગોમતી સ્નાનથી અક્ષયફળ પ્રાપ્ત થાય છે. સુખ ઈચ્છતા મનુષ્યોએ દરરોજ-પરમ આદરપૂર્વક આ ગોમતીના જળમાં અરુણોદય પહેલાં સ્નાન કરવું. જે જનો આ ગોમતીમાં કાર્તિક માસમાં તથા માઘ માસમાં સ્નાન કરે છે, તેમનાં મહાન પાતકો તત્કાળ નાશ પામે છે.

રવિવાર, વ્યતિપાત, અમાવાસ્યા-પૂર્ણિમા વગેરે પર્વોમાં તથા સર્વ એકાદશી તિથિઓમાં, સૂર્યના મેષાદિ સંક્રમણના દિવસોમાં; રામનવમી-જન્માષ્ટમી વગેરે ઉત્સવના દિવસોમાં; તેમજ સર્વ વ્રતના દિવસો જે નૃસિંહ ચતુર્દશી, શિવરાત્રી વગેરેમાં તેમજ વાર્ષિક સમગ્ર શ્રવણ નક્ષત્રોમાં તથા હેમંત-શિશિર એ બન્ને ઋતુઓની કૃષ્ણ પક્ષની અષ્ટમી તિથિઓમાં, વૈધૃતિયોગોમાં તથા શ્રવણ નક્ષત્ર યુક્ત દ્વાદશી તિથિમાં, ગજછાયા નામના યોગમાં; કપિલાષષ્ઠી, ચંપાષષ્ઠી, અર્ધોદયપર્વ, ચંદ્ર-સૂર્યના ગ્રહણોમાં તથા પુરુષોત્તમ માસમાં જે જનો આ ગોમતીમાં સ્નાન કરે છે, તે પુણ્યશાળી જનો સર્વ અર્થની સિદ્ધિ તથા નિત્યસ્નાનનું ફળ પામે છે.

**प्रबोधन्युत्सवे चास्यां मध्वाद्यनवमीमहे । स्नायुर्जना ये गोमत्यां ज्ञेया धन्यतमा हि ते ।।३०।।**
**यायुर्ह्यसंख्यं पुण्यं ते भुक्तिं मुक्तिं तथेप्सिताम् । प्रीयेत तेष्वतितरां स्वामिनारायणो हरिः ।।३१।।**
**तस्मान्महोत्सवयुगे तस्मिन्नेव विशेषतः । हितैषिभिर्जनैरस्यां स्नानं कार्य्यं हि सादरम्।।३२।।**

આ ગોમતીમાં પ્રબોધિની ઉત્સવમાં તથા ચૈત્ર સુદી નવમીના ઉત્સવમાં જે જનો સ્નાન કરે છે તે જનો અતિશય ધન્ય છે. ગોમતીમાં સ્નાન કરનારા જનો અત્યંત પુણ્ય તથા ઈચ્છિત ભુક્તિ તથા મુક્તિ પામે છે. તેમના ઉપર શ્રીસ્વામિનારાયણ શ્રીહરિ પણ અત્યંત પ્રસન્ન થાય છે. આ રીતે બન્ને મહોત્સવોમાં ગોમતી સ્નાનનું ઘણું પુણ્યજનકપણું છે. તે માટે પોતાનું હિત ઈચ્છતા જનોએ તે બંને મહોત્સવોમાં આ ગોમતીમાં આદરપૂર્વક સ્નાન અવશ્ય કરવું.

સૂર્યનારાયણનો જ્યારે રાહુ ગ્રાસ કરે તે સમયે પ્રભાસમાં જે સ્નાનનું પુણ્ય કહ્યું છે, તેનાથી કોટિ ઘણું પુણ્ય ગોમતીમાં સ્નાન માત્રથી થાય છે. વૈશાખ માસમાં મધુસૂદન સંજ્ઞક દેવની મોહિની એકાદશીના વ્રતનું જે ફળ કહ્યું છે. તેથી ત્રણ ગણું ફળ મનુષ્યોને આ ગોમતીમાં સ્નાન કરવાથી થાય છે.

કેદાર તીર્થમાં મૃત્યુ થવાથી તથા તે તીર્થનું જળપાન કરવાથી જે ફળ થાય છે, તે ફળ મનુષ્યો આ ગોમતીમાં સ્નાન કરવાથી પામે છે. અમાવાસ્યાની પુણ્યતિથિએ સૂર્યગ્રહણના સમયે હજાર ગાયોના દાનથી જે ફળ થાય છે તેથી હજારગણું ફળ આ ગોમતીમાં સ્નાન કરવાથી થાય છે. વેદાધ્યયન કરનાર પવિત્ર મનુષ્ય હોય કે નીચ જાતિમાં ઉત્પન્ન થયેલો અન્ય કોઈપણ મનુષ્ય હોય તે પણ આ ગોમતીમાં સ્નાન કરીને પાપથી મુકાય છે તથા સુખ પામે છે. કરોડ સૂર્યગ્રહણમાં કરોડ વખત સરસ્વતીમાં સ્નાન કરવાથી જે ફળ થાય છે, તે ફળ આ ગોમતીમાં સ્નાન કરવાથી મનુષ્ય પામે છે. જે મનુષ્ય પ્રતિદિન ભક્તિપૂર્વક ૧૦૮ યતિ (સંન્યાસી)ઓને જમાડે છે તેને જે ફળ થાય તેનાથી પણ અધિક ફળ આ ગોમતીમાં માત્ર સ્નાન કરવાથી થાય છે. વેદજ્ઞ વિપ્રોને લાખ ગાયોનું દાન કરવાથી જે ફળ થાય છે, એ ફળ આ ગોમતીમાં સ્નાન માત્ર કરવાથી જે ફળ થાય; તેના સોળમા અંશ બરોબર પણ થતું નથી.

**सर्वपापप्रणाशिन्यां गोमत्यामत्र देहिनः । लभेरन् स्नानमात्रेण सर्वतीर्थफलं ध्रुवम् ।।४१।।**
**स्नायुर्येऽत्र जना नूनं भ्रमेयुस्ते न संसृतौ । गर्भवासे तथा दुःखं नैव यायुर्यमालये ।।४२।।**
**सन्ति तीर्थानि धरणौ भूपतेऽत्र सहस्त्रशः । तथाऽप्येतादृशं नैकं तेषु स्वर्मुक्तिदं शुभम् ।।४३।।**

પ્રાણીઓનાં સર્વ પાપનો નાશ કરનારી આ ગોમતીમાં માત્ર સ્નાન કરવાથી સર્વ તીર્થોનું ફળ જરૂર પ્રાપ્ત થાય છે. જે જનો આ ગોમતીમાં સ્નાન કરે છે. તે જનો સંસારમાં ફરી ભ્રમણ કરતા નથી. ગર્ભવાસ તેમજ યમપુરીનું દુઃખ પામતા નથી. આ પૃથ્વી ઉપર બીજા હજારો તીર્થો છે. તો પણ હજારો તીર્થોમાં એકપણ તીર્થ આ ગોમતી સમાન સ્વર્ગ તથા મુક્તિ આપનારું શુભ નથી.

જે કોઈ મનુષ્યો આ ગોમતીમાં સ્નાન કરી, લક્ષ્મીનારાયણાદિના શુભ દર્શન કરે છે તે પુરુષોને સર્વ યજ્ઞ કરવાથી જે ફળ થાય છે તે ફળ પ્રાપ્ત થાય છે. અને ભયંકર યમ તથા કાળ પણ તેમનાથી ભય પામે છે. જે જનો આ સંસારમાં પોતાના કર્મ પ્રમાણે કીડા, પશુ, પ્રેત, પિશાચ, પક્ષીઓની યોનિ પામ્યા છે, તે જનો પણ ગોમતીમાં મંગળકારી સ્નાન કરીને પાપના સમૂહથી મુક્ત થઈ, અન્યને દુર્લભ એવી સદ્‌ગતિ તત્કાળ પામે છે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૨)

### ગોમતીમાં સ્નાનાદિ કરવાથી થતું શુભકારી ફળ તથા અનુપમ પ્રભાવશાળી ગોમતીનું અસાધારણ માહાત્મ્ય કહ્યું :

જે મનુષ્ય આ ગોમતીમાં સ્નાન કરીને અહીં શ્રાદ્ધ કરે છે તેના માતા-પિતા-પત્ની એ ત્રણેના કુળમાં ઉત્પન્ન થયેલા પિતૃઓ સદ્‌ગતિ પામે છે. તીર્થરાજ પ્રયાગમાં તથા ગયા તીર્થમાં પિંડદાન તથા પિતૃતર્પણ કરવાથી પિતૃઓને જે તૃપ્તિ થાય છે; તે પિત્રીઓને, આ ગોમતીમાં પિંડદાન સહિત શ્રાદ્ધ કર્મ અને પિતૃતર્પણ કરવાથી; તેથી પણ અધિક તૃપ્તિ થાય છે. આ ગોમતીમાં જે મનુષ્યો શ્રાદ્ધ કરે છે તેમના નરકમાં ગયેલા પિત્રીઓ હર્ષપૂર્વક તેમને આશીર્વચનો આપે છે. એમ નક્કી જાણવું.

જે જનોએ આ ગોમતીમાં શ્રાદ્ધ કર્યું નથી તેના સ્વર્ગમાં રહેલા પિતૃઓ પણ ''હે મંદાત્મન્ ! અહીં તારા જન્મને ધિક્કાર છે ધિક્કાર

છે.'' એમ તેને શાપ આપે છે. જે મનુષ્યો એકાદશીને દિવસે ગોમતીમાં પિતૃશ્રાદ્ધ કરે છે તેમના કુળમાં થયેલા હજારો પુરુષોને (પિતૃ ઓને) અક્ષય તૃપ્તિ થાય છે. ભાદરવા માસના કૃષ્ણ પક્ષમાં જે મનુષ્યો આ ગોમતીમાં શ્રાદ્ધ કરે છે તેમના સમગ્ર પિતૃઓ જીવનભરના સમગ્ર શ્રાદ્ધોથી જેવી તૃપ્તિ પામે તેવી અત્યંત તૃપ્તિ પામે છે.

**अत्र स्नात्वा प्रकुर्वीरन्नानादानानि ये जनाः । तेषां सहस्रगुणितं जायेत निश्चितं फलम् ।।८।।**
**ये गोमत्यामिह स्नात्वा ब्राह्मणास्त्यागिनस्तथा । तर्पयेयुर्वरैर्भोज्यैस्तेषां पुण्यं महद्भवेत् ।।९।।**
**आप्लुत्यास्यां नरो गच्छेत्पुत्रार्थी पुत्रमुत्तमम् । द्रव्यकामो धनं विद्या विद्याकामस्तथा ध्रुवम् ।।१०।।**
**पुण्यलोकगतिं प्रेप्सुर्लोकान् यायाद्धि तान्नरः । मुक्तिकामस्तथा मुक्तिं स्नानेनास्यां किलाप्नुयात् ।।११।।**

જે જનો આ ગોમતીમાં સ્નાન કરી વિવિધ પ્રકારનાં દાન કરે છે તેમને તે સ્નાન અને દાનનું હજારગણું ફળ નિશ્ચય થાય છે. જે જનો આ ગોમતીમાં સ્નાન કરી, બ્રાહ્મણો તથા ત્યાગીઓને શ્રેષ્ઠ ભોજનોથી તૃપ્તિ પમાડે છે તેઓને મહાપુણ્ય થાય છે. ગોમતીમાં સ્નાન કરી પુત્રાર્થી પુરુષ ઉત્તમ પુત્ર, દ્રવ્યની ઈચ્છાવાળા દ્રવ્ય તથા વિદ્યાર્થી વિદ્યા જરૂર પામે છે. પુણ્યલોકની ગતિ ઈચ્છનારો મનુષ્ય આ ગોમતીમાં સ્નાન કરવાથી તે તે પુણ્યલોકને પામે છે. મુક્તિની ઈચ્છાવાળો ગોમતીના સ્નાનથી મુક્તિ પામે છે.

ઘોર કળિયુગમાં જેવી આ ગોમતી સર્વાર્થ સિદ્ધિ આપનારી છે તેવી સિદ્ધિ તો પ્રયાગ પણ આપી શકે નહિ. રેવા, ગયા, સરસ્વતી, પણ આપી શકે નહિ. આ લોકમાં ગોમતી તીર્થને ત્યજીને અન્ય લાખ તીર્થોથી બાહ્ય તથા આંતરિક પાપોનો નાશ તથા મુક્તિ શું થાય છે ? અર્થાત્ આ બંને ન જ થાય.

કળિયુગમાં જેનાં અંગો ગોમતીના જળથી ધોવાય છે. તે મનુષ્ય ફરીથી દુઃખ આપનારી સંસૃતિને પામતો નથી. કરોડો તીર્થોમાં કરેલાં શ્રાદ્ધોથી મનુષ્ય જે ફળ પામે છે તે ફળ આ ગોમતીમાં માત્ર પિતૃઓના તર્પણથી મનુષ્ય પામે છે. ગોમતીનું આવું માહાત્મ્ય મેં તમોને કહ્યું. હવે શતાનંદમુનિ પાસેથી પહેલાં જે મેં ગોમતીનું માહાત્મ્ય સાંભળ્યું છે તે હું તમોને કહું છું.

'દુરંત એવી આપત્તિ તથા પાપના સમૂહને નાશ કરનારું છે સ્વામિનારાયણ એવું નામ જેમનું એવા, અનુપમ એકાંતિક ધર્મનું રક્ષણ કરવા માટે જે જગતમાં ધર્મથકી ભક્તિદેવીમાં પ્રાદુર્ભાવ પામ્યા છે એવા, સર્વ અવતારોના એક કારણ શ્રીહરિએ વારંવાર આ ગોમતીમાં સ્નાન કરેલું છે. માટે આ ગોમતી ભરતખંડમાં બધા તીર્થોમાં અતિશય ઉત્તમ છે. પરબ્રહ્મ શ્રીસ્વામિનારાયણ ભગવાને કરેલા સ્નાનથી અખિલ જગતના પાપોનું ઉચ્છેદન કરવામાં સમર્થ થયેલી આ ગોમતી આ લોકમાં તથા પરલોકમાં બહુ સુખ ઈચ્છનારા મનુષ્યોને સેવવા યોગ્ય છે. ('એવી આ ગોમતી ભરતખંડમાં બધા તીર્થોમાં અતિશય ઉત્તમ છે.' આ પ્રમાણે શ્લોક નં. ૧૭નું અંતિમ ચરણ શ્લોક નં. ૩૨ સુધીના આ સ્તોત્રના દરેક શ્લોકને અંતે અનુસંધાન કરી લેવું.)

નેત્રપથને ગોચર એવી આ ગોમતી મનુષ્યોને આનંદ આપનારી, વંટોળિયો તૃણ સમૂહનો જેમ નાશ કરે છે તેમ મનુષ્યોનાં દુષ્કૃતોનો નાશ કરતી, સુકૃતો જેણે કર્યા નથી એવા મનુષ્યોને પણ સ્વર્ગમાં લઈ જતી; ઘણાં પ્રાયશ્ચિત્ત કર્યા છતાં પણ, અને વિવિધ પ્રકારનાં જપ-તપથી, તેમજ વિવિધ પ્રકારનાં દાન તથા વ્રત નિયમ વગેરેથી પણ જે જનોના પાપનો નાશ ન થઈ શકે એવાં પાપ સમૂહનો સર્વપ્રકારે નાશ કરવામાં અત્યંત પ્રવીણ; મનુષ્યોની સકળ ઈચ્છાને યથેષ્ટ પૂર્ણ કરતી, પોતાના જળનું સેવન કરનારા જનોનો તત્કાળ મોક્ષ કરતી, સર્વ પાપનું પ્રક્ષાલન કરી શકે તેવા જળવાળી; વાયુથી જેનામાં ચપળ-સ્વચ્છ અને સ્ફટિકનાં જેવી કાંતિવાળા તરંગો ઊઠે છે, અમૃતથી પણ જેનું જળ અધિક સ્વાદિષ્ટ છે, જેના જળ સંસારના ભયનો તથા પાપોનો પણ નાશ કરે છે, તેવા આ ગોમતીના જળનો અવર્ણનીય મહિમા સર્વોત્કૃષ્ટ છે.

આ ગોમતીનું માહાત્મ્ય સદા પિનાકી (શંકર) આશ્ચર્યવત્ બની વર્ણન કરે છે. તેમજ સુકલ્યાણકારી સરસ્વતી, બ્રહ્મા, ફણીન્દ્ર વગેરે રૂડી બુદ્ધિવાળા હંમેશાં આ ગોમતીનું માહાત્મ્ય નિરંતર ગાય છે, છતાં પણ તેના મહિમાનો અંત પામ્યા નથી. આ જગતમાં એકમાત્ર ઉન્મત્ત ગંગા નામની પરમ ગંગા વિના; કળિમળનો નાશ કરનારી આ ગોમતીને તુલ્ય કાલિંદી જે યમુના તે થઈ શકે તેમ નથી. તેમજ આ ગોમતી સમાન રેવા વગેરે નદીઓ પણ નથી.

આ ગોમતીની પુણ્યકારી મૃત્તિકાનું જે જનો લલાટમાં તિલક કરે છે (અર્થાત્ મૃત્તિકાને લલાટે ચઢાવે છે); તે તિલક કરનારાઓનો સમગ્ર શોક પણ તે હરી લે છે. માટે આ ગોમતી સાથે આ જગતમાં કઈ નદીની તુલના થાય ? અર્થાત્ કોઈ નદી આ ગોમતી સમાન થતી નથી.

જગતમાં પોતાને શરણે આવેલા મનુષ્યોની ઈચ્છા પૂર્ણ કરવામાં; ચિંતામણિ તથા સુંદર કલ્પવૃક્ષની લતા એ બે સમાન, જનસમુદાયના મોક્ષમાર્ગની ધુરા વહન કરવામાં શક્તિશાળી, આ ગોમતીના જળનું હંમેશાં પાન કરનારા તથા તેના સુંદર જળમાં

ક્રીડા કરનારા, જળજંતુના સમૂહ તથા કાંઠા ઉપર રહેનારાં, પક્ષીઓ પણ ક્યારેય મનોહર સુંદર દેવોના નગરને ઈચ્છતા નથી (પરંતુ આ ગોમતીમાં રહી હંમેશાં ક્રીડા કરવાનું જ ઈચ્છે છે.)

મહાસુખ કરનારી ગોમતીના મિષ્ટ અને ઠંડા એવા પવિત્ર જળના કણને સહેજ પણ ગ્રહણ કરી વાયુ જે જે મનુષ્યોને સ્પર્શ કરે છે. તે તે મનુષ્યોનાં પાપના પુંજનો નાશ થાય છે અને તે અત્યંત સુખ પામે છે. પુષ્કળ પાપ કરનારા જે જનોનો ઉદ્ધાર આ પૃથ્વી ઉપર સમગ્ર તીર્થોની યાત્રા કરવાથી પણ ન થાય, તેવા જનોનો સંસાર સાગરમાંથી આ ગોમતી તત્કાળ ઉદ્ધાર કરી શકે છે. અને તેવા સામર્થ્યથી જ આ ગોમતી લોકોને આશ્ચર્ય સમૂહો ઉત્પન્ન કરે છે; પોતાના જળમાં ફક્ત સ્નાન કરવાથી જ અસંખ્ય મનુષ્યોને સ્વર્ગ પ્રાપ્તિ કરાવે છે. અને તેથી અત્યંત પાપ કરનારાઓને દંડ આપવાના કાર્યમાં વિશ્રાંતિ ભોગવતા વિસ્મિત મનવાળા સૂર્યપુત્ર 'યમ' પણ આ ગોમતીનું યશોગાન કરે છે.

આ ગોમતીનો મંગળકારી વિમળ યશ સમગ્ર ભૂમંડળમાં ચારે તરફ વ્યાપ્ત થયો છે. અને લોકોને તે પરમ આશ્ચર્ય પમાડે છે, તેજ પ્રકારે તે યશ સ્વર્ગમાં પણ પહોંચીને દેવોને પરમાશ્ચર્ય પમાડે છે. પોતાના હિતપરાયણ-ધીર તાપસગણો જેનું નિરંતર સેવન કરે છે તેવી આ ગોમતીના સુંદર કિનારા ઉપર કરેલ દાન-તપ-જપ-શ્રાદ્ધ વગેરે શુભ ક્રિયાઓનું ફળ હજારગણાથી પણ અધિક થાય છે. ફક્ત દર્શનથી જ પાપને છેદનારી, પોતાના જળનું સેવન કરનારા જન સમૂહની પીડા હરનારી, એકમાત્ર નિઃસ્વાર્થ કૃપા ધારણ કરતી-મોક્ષકર્ત્રી એવી આ ગોમતી જય પામે છે. મનુષ્યોના અંતરનો મેલ જે બીજા તીર્થ સમૂહથી નાશ થઈ શકતો નથી તે મેલનો તત્કાળ ક્ષય કરનારી; એવી આ ગોમતી જય પામે છે.

આ લોકમાં દુષ્ટોના યોગથી જેમને પાપ ચોંટ્યા છે એવા, અને તેથી અત્યંત પીડા પામેલાં અન્ય તીર્થો પણ પોતાની શુદ્ધિ માટે જેનું સેવન કરે છે એવી; આ ગોમતી જય પામે છે. પવિત્ર કરનારા પોતાના જળનું અનુસેવન કરનારા દરિદ્ર મનુષ્યોની દીનતાનો નાશ કરવામાં અત્યંત સમર્થ; એવી આ ગોમતી જય પામે છે.

શુક-સનકાદિક મહર્ષિઓ તથા નારદાદિ મુનિઓ જેવા તપસ્વી, વિમુક્ત પુરુષોએ પણ જેના જળનું સેવન કર્યું છે એવી; આ ગોમતી જય પામે છે. અમૃતરસના સ્વાદનો પણ તિરસ્કાર કરે એવા સ્વાદિષ્ટ જળવાળી, પોતાના જળનું જે મનુષ્યો સેવન કરે છે તેમનામાં સન્મતિ પ્રેરનારી, વિવિધ વૃક્ષો જેના સુંદર કિનારા ઉપર છે એવી; આ ગોમતી જય પામે છે.

પૃથ્વી ઉપર પોતાના અત્યંત યશથી સમગ્ર નદીઓને પણ અતિશય આશ્ચર્ય પમાડનારી, અતિશય ઉદાર; એવી આ ગોમતી જય પામે છે. ઉત્તમ સ્વર્ગાદિ લોક, અથવા અતિશય પ્રકાશયુક્ત શ્રીહરિના અક્ષરધામ પ્રત્યે આરોહ કરવા માટે ઈચ્છતા મનુષ્યોને અતિશ્રેષ્ઠ સોપાન (નિસરણી) સમાન; આ ગોમતી ભરતખંડમાં બધા તીર્થોમાં અતિશય ઉત્તમ છે; એવી આ ગોમતી જય પામે છે.'

આ ગોમતીમાં સ્નાન સમયે જે મનુષ્ય આદરપૂર્વક આ પવિત્ર સ્તોત્રનો પાઠ કરશે તો તે સ્નાન કરનાર મનુષ્યને સ્તોત્રના અક્ષરે અક્ષરે, યજ્ઞ કરવાથી થતા ફળતુલ્ય ફળ જરૂર મળશે. અને તેના ઉપર અક્ષરથી પર ધર્મપુત્ર શ્રીહરિ પ્રસન્ન થશે. માટે જનોએ સ્નાન કરવા સમયે આ ઉત્તમ સ્તોત્રનો હર્ષપૂર્વક પાઠ કરવો.

આવી રીતે મેં આ ગોમતીનું શુભ માહાત્મ્ય કહ્યું. પૃથ્વી ઉપર જે જન તે સાંભળશે અથવા કહેશે તે જન તત્કાળ પાપથી મુક્ત થશે. અનુપમ સુખ પામશે. તેમજ અત્યંત પુણ્યવાન થશે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૩)

**ધર્મપુત્ર શ્રીહરિએ દ્વારકાવાસી બ્રાહ્મણોને પોતાનું ઐશ્વર્ય જણાવ્યું અને તેમની સાથે આવેલા ભક્ત મયારામ વિપ્ર દ્વારા દ્વારકાધીશે પોતાનાં આયુધોની છાપ વૃત્તાલયમાં સમર્પિત કરી ઈત્યાદિ વર્ણન :**

આ વૃત્તાલયપુરમાં શ્રીહરિ શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવોની પ્રતિષ્ઠા કરીને અત્યંત પ્રસન્ન થયા. પછી શ્રીહરિ લક્ષ્મીનારાયણ આદિ દેવો તથા ગોમતીનું માહાત્મ્ય કહેતા તથા બીજી પણ સુંદર વાર્તાદિથી ભક્તોને આનંદ આપતાં અહીં રહેતા હતા.

એક સમયે સ્વામિનારાયણ શ્રીહરિ સાંજના સમયે સભામાં પોતાના શ્રેષ્ઠ આસનમાં બિરાજમાન થયા હતા. તે સમયે તેમના સર્વ બંધુજનો સભામાં શ્રીહરિની આગળ આવીને બેઠા અને હજારો ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તો પણ ત્યાં બેઠા. તેટલામાં ત્યાં આવેલા દ્વારિકાવાસી મદોદ્ધત ગુગળી બ્રાહ્મણો પણ તે સભામાં આવીને બેઠા. તે સમયે શ્રીહરિએ કહ્યું કે, 'હે ભક્તો ! દ્વારિકાધીશ્વર દ્વારિકાથી અહીં આવ્યા છે.' આ પ્રકારે પોતાના જનોને આનંદ આપતાં શ્રીહરિ વાર્તા કરતા હતા : 'હે જનો ! ત્યાંનાં તીર્થો સહિત શુભ ગોમતી પણ અહીં આવી છે. તેથી સમગ્ર દ્વારિકાની યાત્રા અહીં જ છે.'

સભામાં બેઠેલા દ્વારિકાવાસી બ્રાહ્મણો શ્રીહરિનું આવું વચન સાંભળીને, શ્રીહરિના વચનનું સ્વારસ્ય (રહસ્ય) નહિ જાણતા

હોવાથી, શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા : 'હે સ્વામિન્ ! દ્વારિકાધીશ્વર અહીં કેમ આવે ? દ્વારિકેશ્વર તો પોતાની પ્રિય દ્વારિકામાં જ રહે છે. તેમજ ગોમતી પણ ત્યાંના તીર્થસમૂહ સાથે મુક્તિ આપનારી કુશસ્થળીનો ત્યાગ કરીને અહીં કેમ આવે ? માટે દ્વારિકેશ તથા તીર્થો સહિત ગોમતીનું જે આ વૃતપુરીમાં આગમન કહેવાય છે, એ હકીકતમાં અમોને મોટો સંશય થાય છે.'

અભિમાની બ્રાહ્મણોની આ પ્રકારની વાણી સાંભળીને શ્રીહરિ મંદ મંદ હસતા થકા તેમને કહેવા લાગ્યા : 'હે વિપ્રો ! જ્યાં ધર્મ હોય તથા ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય ભક્તિએ યુક્ત એકાંતિક સંતો હોય, તેમજ ભગવાનના આશ્રિત ભક્તજનો હોય; ત્યાં પરિવારે સહિત તથા ગોમતી વગેરે તીર્થો સહિત સાક્ષાત્ દ્વારિકાધીશ્વર સ્વયં પ્રભુ પોતે આવે જ. જ્યાં આત્મારામ-નિષ્કામ-નિર્મળ-મુનિઓ હોય ત્યાં જ મનુષ્યોનું શ્રેય કરનાર ગોમતી વગેરે તીર્થ સહિત દ્વારકાધીશ પણ હોય. માટે આ પુરમાં પ્રશાંત, બ્રહ્મવિદોમાં શ્રેષ્ઠ, વિશ્વની વિશુદ્ધિ કરવામાં સમર્થ, સદ્ગુણોથી શોભતા મુનિઓ છે. માટે પોતાના પરિવાર તથા તીર્થો સહિત દ્વારિકેશ અહીં આવે તેમાં શું સંશય છે ? જે સ્થાનમાં અધર્મ હોય તથા ધર્મરહિત જનો હોય ત્યાં સર્વ તીર્થો સહિત દ્વારિકાધીશ રહે જ નહિ.'

આ પ્રમાણે શ્રીસ્વામિનારાયણે તે ગર્વિષ્ઠ ગુગળી બ્રાહ્મણોને કહ્યું, એટલે તે સર્વે શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા : 'હે સ્વામિનારાયણ! અમો જોયા વગર આ વાતો સત્ય કેમ માનીએ ?'

બ્રાહ્મણોએ આવી રીતે કહ્યું એટલે શ્રીહરિ ફરીથી તેમના પ્રત્યે બોલ્યા : 'હે બ્રાહ્મણો ! આ વાર્તા જ્યારે તમોને પ્રત્યક્ષ દેખાય ત્યારે તમો માનશો કે નહિ ?' શ્રીહરિનું આવું વચન સાંભળ્યા પછી બ્રાહ્મણો બોલ્યા : 'હે સ્વામિન્ ! જ્યારે તમો અમોને ચમત્કાર બતાવશો ત્યારે જ અમો બધા માનીશું.'

તે બ્રાહ્મણોએ આ પ્રમાણે શ્રીહરિને કહ્યું ત્યારે શ્રેષ્ઠ બોલનારાઓમાં અગ્રેસર એવા શ્રીહરિ તેમને પોતાનું ઐશ્વર્ય બતાવવાની ઈચ્છાથી તેમના પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા : 'હે વાડવો ! તમારા દેશમાં રહેતા અને સત્ય તથા ધર્મમાં પ્રીતિયુક્ત છે આત્મા જેમનો એવા, આ મયારામના મુખે તમો વાતો સાંભળો. પછી તમો ચમત્કાર જોશો.' એ પ્રમાણે કહીને શ્રીહરિએ તેમને વાતો કરવા મયારામને આજ્ઞા આપી.

પછી પોતાની આગળ તથા પાછળ ચાલતા પાર્ષદોની સાથે પાદુકાના ચટ્ ચટ ધ્વનિ કરતાં શ્રીહરિ પોતાના બંધુજનોની સાથે પોતાના નિવાસસ્થાનમાં પધાર્યા. પછી મયારામ તે ગુગળી બ્રાહ્મણોની સાથે પોતાના નિવાસમાં ગયા અને ત્યાં તે બ્રાહ્મણોને બેસાડીને, પૂર્વે શ્રીહરિએ કહેલી વાર્તા (દ્વારિકેશ અને ગોમતીનું વૃત્તાલયમાં આગમન સંબંધી વૃત્તાંત) મયારામ યથાયોગ્ય કહેવા લાગ્યા. મયારામે ઘણા પ્રકારે તેમને વાતો કરી એ વાર્તા સત્ય અને કલ્યાણકારી હોવા છતાં પણ સંશય ગ્રસ્ત થયેલા તે બ્રાહ્મણો તે વાતને સત્ય માનતા ન હતા.

પછી શ્રીસ્વામિનારાયણની ઈચ્છાથી તે બ્રાહ્મણોને સમાધિ થઈ. સમાધિમાં તેઓ અત્યંત શ્વેત તેજ એકદમ જોવા લાગ્યા. તેજના મધ્યભાગમાં દ્વારિકાધીશને વિસ્મયપૂર્વક તે બ્રાહ્મણો જોતા હતા. પછી દ્વારિકાધીશ તે બ્રાહ્મણોના હૃદયમાં રહેલો સંશય જાણી તે બ્રાહ્મણોને આ પ્રમાણે કહેવા લાગ્યા : 'હે બ્રાહ્મણો ! આ સ્વામિનારાયણ સર્વ અવતારોના કારણ છે. સ્વતંત્ર, અક્ષરથી પર છે, અને એમનાથી પર કોઈ છે જ નહિ. માટે એમણે જે કહ્યું છે તે સત્ય જ માનો. હે બ્રાહ્મણો ! તમને મેં મારાં દર્શન તે શ્રીસ્વામિનારાયણની ઈચ્છાથી જ આપ્યાં છે. શ્રીસ્વામિનારાયણના એકાંતિક ભક્ત સાધુઓ તથા સ્વધર્મમાં રહેલા ગૃહસ્થ ભક્તજનો જે આ પુરમાં રહે છે તેથી મનોહર આ વૃત્તાલયપુર મને રુચે છે. માટે મારા પરિવાર સહિત તેમજ ગોમતી વગેરે તીર્થો સહિત હું દ્વારિકાથી અહીં આવીને નિત્ય રહ્યો છું.'

આ પ્રમાણે બ્રાહ્મણોને કહી, બ્રાહ્મણોની સાથે સમાધિ પામેલા મયારામ બ્રાહ્મણ પ્રત્યે દ્વારિકાધીશ જોવા લાગ્યા. પછી દ્વારિકાધીશે તે ગુગળી બ્રાહ્મણો જુવે તે પ્રમાણે પ્રેમપૂર્વક તે મયારામ વિપ્રને પોતાના શંખ-ચક્રાદિ આયુધની ચાર સુવર્ણ મુદ્રાઓ આપી. આ રીતે દયાસાગર દ્વારિકાધીશ્વરે તે બ્રાહ્મણોને વિશ્વાસ આવે તે માટે ચાર સુવર્ણ મુદ્રાઓ મયારામ વિપ્રને આપી. દ્વારિકાધીશ્વરે મયારામ બ્રાહ્મણને આપેલી તે મુદ્રાઓ જોઈ, તે સમયે ગુગળી બ્રાહ્મણો અત્યંત આશ્ચર્ય પામ્યા.

પછી દ્વારિકાધીશ્વર તે બ્રાહ્મણો પ્રત્યે જોતાં અંતર્ધાન થયા. ત્યારબાદ સમગ્ર બ્રાહ્મણો શ્રીહરિની ઈચ્છાથી સમાધિમાંથી જાગ્રત થયા. પછી અત્યંત વિસ્મય પામેલા તે બ્રાહ્મણો મયારામ વિપ્રને કહેવા લાગ્યા : 'અહો વિપ્ર ! શ્રીહરિના એકાંતિક ભક્ત તમો અતિશય ધન્યભાગી છો ! તમારા સ્વામી શ્રીસ્વામિનારાયણ પોતે પ્રત્યક્ષ ભગવાન છે. એમના પ્રતાપથી અમોને દ્વારિકાધીશના દર્શન થયાં. અમોએ શ્રીદ્વારિકેશ્વરનું લાંબા સમય સુધી સેવન કર્યું છે. છતાં પણ કામાસક્ત એવા અમોને ક્યારેય તેમણે દર્શન આપ્યાં નથી. માટે હે વિપ્રવર્ય ! અમો તો આ સ્વામિનારાયણને સર્વ કારણના કારણ પ્રત્યક્ષ ભગવાન જાણીએ છીએ.પરંતુ અમારી જ્ઞાતિના અતિદૃઢ

પ્રબંધથી બંધનમાં રહેલા અમો શ્રીસ્વામિનારાયણનો આશ્રય કરવા સમર્થ નથી.'

પછી મયારામ વિપ્રે તેમને મંગળકારી વાતો કરી. તો પણ તે બ્રાહ્મણો જ્ઞાતિના ભયથી નિયમ ગ્રહણ કરી શ્રીહરિનો આશ્રય કરી શક્યા નહિ. પછી મયારામ તે વિપ્રોને સાથે લઈને, સભામાં બિરાજેલા શ્રીહરિની પાસે ગયા અને તે વિપ્રોને સમાધિમાં દેખાયેલું સમગ્ર આશ્ચર્ય તેમણે શ્રીહરિને કહ્યું. પછી મયારામે શ્રીહરિને ચાર સુવર્ણ મુદ્રાઓ આપી, પછી તે બ્રાહ્મણો બન્ને હાથ જોડી શ્રીહરિ પ્રત્યે બોલ્યા : 'હે સ્વામિન્ ! દ્વારિકાધીશ્વરે અમોને દર્શન આપી, 'આપ જ સર્વ અવતારના કારણ પુરુષોત્તમ છો' તે પ્રમાણે કહ્યું. તેમજ ગોમતી વગેરે તીર્થો તથા પરિવાર સહિત હું આ વૃત્તાલયપુરમાં દ્વારિકાથી આવ્યો છું. હું હંમેશા આ પુરમાં રહું છું.' આવી રીતે તે દયાસાગર પ્રભુએ અમોને કહીને આ મયારામ વિપ્રને તેમણે આ મુદ્રાઓ આપી. માટે આપ ખરેખર ભગવાન જ છો. તેમજ દ્વારિકાધીશ્વર દ્વારિકાથી અહીં આવ્યા તથા ગોમતી અહીં આવ્યાં છે તે સત્ય જ છે. આ સર્વ આપના પ્રતાપથી અમો સત્ય જાણીએ છીએ તો પણ જ્ઞાતિના બંધનનો ત્યાગ કરવા માટે અમો સમર્થ નથી. હે અનવધિકાતિશય ઐશ્વર્યવાન્ ! પ્રત્યક્ષ પરબ્રહ્મ ! આપનું આવું માહાત્મ્ય ન જાણતા એવા અમોએ આપની સાથે ખોટો વિવાદ કર્યો. હે હરે ! અમારો આ અપરાધ આપ ક્ષમા કરો.'

અત્યંત દુષ્ટ સ્વભાવવાળા, જ્ઞાતિના બંધનથી બંધાયેલા, વિષયોમાં આસક્ત, તે બ્રાહ્મણો શ્રીહરિ પ્રત્યે આ પ્રમાણે કહી શ્રીહરિને પ્રણામ કરીને ગયા. પછી અત્યંત દયાથી કોમળ હૃદયવાળા ભગવાન શ્રીહરિ કરુણાર્દ્ર દૃષ્ટિથી, પોતાના મુખકમળમાં નિબદ્ધ દૃષ્ટિવાળા તે સમગ્ર ભક્તો પ્રત્યે જોતા સતા તેમને આનંદ ઉપજાવતાં મનોહર-આશ્ચર્યકારી વાણી આ પ્રમાણે કહેવા લાગ્યા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૪)

**શંખ-ચક્ર-ગદા-પદ્મ એ ચારે તપ્તમુદ્રા ધારણ કરવાનું શ્રીહરિએ કહેલું અતિ આશ્ચર્યકારી માહાત્મ્ય :**

શ્રીહરિકૃષ્ણ બોલ્યા : 'હે ભક્તો ! મારા સમગ્ર આશ્રિતો તમો સર્વ એકાગ્ર ચિત્ત બની તમારું હિતકારી મારું વચન સાંભળો. તમારા સર્વના ઉપર પ્રસન્ન થયેલા દ્વારિકાધીશ્વરે આ બુદ્ધિમાન મયારામને આ મુદ્રાઓ (શંખ, ચક્ર, ગદા, પદ્મ, એ ચાર છાપો) આપી છે. એમ તમો સર્વ નિઃસંશય થઈ જાણો. માટે હે ભક્તો ! દ્વારિકાની જેમ, અહીં પણ મારા આશ્રિત સર્વ ભક્તોએ મહાફળ આપનારી આ ચાર તપ્ત મુદ્રાઓ ધારણ કરવી. જે જનો અહીં પોતાના બાહુના મૂળમાં તપ્ત મુદ્રાનું ચિહ્ન લે તે નિશ્ચય પુનરાવર્ત્તિથી રહિત એવું વિષ્ણુનું પરમ પદ પામે છે. માટે ચાર વર્ણના વૈષ્ણવજન વિષ્ણુ લોકની પ્રાપ્તિ માટે અગ્નિથી તપાવેલી શંખ, ચક્ર, ગદા, પદ્મની છાપો ધારણ કરે; જે જનો શ્રીવિષ્ણુની આ શંખ-ચક્ર વગેરે આયુધો રૂપી પવિત્ર છાપો અગ્નિથી તપાવી આ સ્થળમાં ધારણ કરશે, તે સંસાર સાગર તરશે.

હે ભક્તો ! જે જનો તપ્ત મુદ્રાથી ચિહ્નિત થાય તે જનોના પાપ નષ્ટ થશે અને તેમનું તેજ તથા બળ વૃદ્ધિ પામશે, અને તેઓ શ્રીહરિનો શુભ દિવ્યલોક પામશે. વિપ્રાદિ (ચારે વર્ણના) મનુષ્યોએ જેમને પોતાનું કલ્યાણ કરવાની ઈચ્છા હોય તેમણે સર્વેએ બન્ને બાહુઓના મૂળમાં અગ્નિથી તપાવેલી શંખ-ચક્રાદિની શુભ છાપ લેવી. જે મનુષ્ય તપ્તમુદ્રા ધારણ કરેલા બ્રાહ્મણને અન્ન આપે તે અન્ન મેરુતુલ્ય થાય છે, તે અન્ન આપનાર સ્વર્ગમાં દેવની માફક અમૃતભાવ પામેલું અન્ન પ્રાપ્ત કરે છે.

અગ્નિથી તપેલાં વિષ્ણુનાં ચક્રાદિ આયુધો ધારણ કરેલો વિપ્ર યમપુરીનો ત્યાગ કરીને પ્રકાશમાન વિષ્ણુના લોકને પામે છે. (બ્રહ્મ પુરાણમાં **'अग्नितप्तं पवित्रं च धृत्वा वै बाहुमूलयोः । त्यक्त्वा यमपुरं घोरं याति विष्णोः परं पद्म'** એમ કહ્યું છે. ઋગ્વેદ સંહિતાના સાતમા અષ્ટકમાં ત્રીજા અધ્યાયના અષ્ટમ વર્ગમાં, સામવેદમાં દ્વિતીય પ્રપાઠકમાં, **'देवायेविधृतेन बाहुना'** ઈત્યાદિ આથર્વણમાં તથા હરિભક્તિ વિલાસમાં તથા પાદ્મોત્તર ખંડમાં, પ્રપન્નામૃતમાં તથા દ્વારિકા માહાત્મ્યમાં વિસ્તારપૂર્વક તપ્તમુદ્રા ધારણ કરવા માટેના પ્રમાણો છે.)

હે ભક્તો ! અહીં જે મનુષ્ય તપ્ત ચક્રાદિથી ચિહ્નિત થાય તેના હૃદયમાં પ્રસન્ન મનવાળા શ્રીહરિ નિત્ય વસે છે. વિષ્ણુના આયુધોથી લાંછિત મનુષ્યને જોઈને ભય પામેલા યમ પણ શંકાયુક્ત તથા મત્સર શૂન્ય થઈ તેને પ્રણામ કરીને તત્કાળ દૂરથી જ ચાલ્યા જાય છે. જે મનુષ્ય ચક્રાદિથી અંકિત દેહવાળા, રૂડી બુદ્ધિવાળા, બ્રાહ્મણોને ફક્ત ભિક્ષા જ આપે છે તે મનુષ્ય, વિષ્ણુનું ધામ પામે છે. જેમના બાહુના મૂળમાં તપ્ત ચક્રાદિનાં ચિહ્નો છે, તે મનુષ્યો પાપથી મુક્ત થઈ દેવની સમાનતા પામે છે. જે મનુષ્ય તપ્ત ચક્રાદિથી અંકિત થાય છે તે પોતાના કુળનો નરકથી ઉદ્ધાર કરી, શોક રહિત થઈ, વિષ્ણુના લોકમાં પૂજાય છે. જે મનુષ્યો આ વૃત્તાલયમાં તપ્ત ચક્રાદિ ચિહ્નોથી અંકિત થાય છે તે જનોને તો ભગવાનને પ્રિય શુકદેવજી વગેરે મુનિઓ તુલ્ય જાણવા.

આ વૃત્તપુરીમાં તપ્ત મુદ્રાથી અંકિત મનુષ્યના ચરણોદકનું પાન કરીને મનુષ્ય તત્કાળ અઘના ઓઘથી મુક્ત થાય છે એમાં કાંઈ સંશય નથી. આ વૃત્તપુરીમાં તપ્ત મુદ્રાઓથી અંકિત મનુષ્યો જે સ્થાનમાં રહે છે. ત્યાં રહેનારો મનુષ્ય મહાસુખવાળા વિષ્ણુના લોકમાં જાય છે. ચક્રાદિથી અંકિત મનુષ્યના સમીપે જે પ્રાણીઓ તપ, દાન, ધ્યાન, જપ વગેરે કરતા હોય છે તે સર્વ અક્ષય થાય છે. હે જનો!

જેનું શરીર વિષ્ણુના ચક્રાદિ આયુધોથી અંકિત થાય છે તેનું તે શરીર ગંગાના જળ સમાન પવિત્ર જાણવું.

હે ભક્તો ! આ વૃત્તપુરમાં જે ભક્ત ચક્રાદિથી અંકિત શરીરવાળો થાય છે તે ભક્ત; મનુષ્યોના પાપને, સૂર્યોદય જેમ અંધકારને નાશ કરે છે તેમ, નાશ કરે છે. જે ચક્રાદિથી ચિહ્નિત થયેલા વિપ્રને એક દિવસ પોતાને ઘેર નિવાસ કરાવે તે મનુષ્ય નિશ્ચય વિષ્ણુના લોકમાં વાસ કરવા યોગ્ય તથા પૂજ્ય થાય છે. ચક્રાદિથી અંકિત થયેલા મનુષ્યોના નામ જે સ્નેહપૂર્વક લે છે તે મનુષ્યો પાપથી મુક્તિ પામે છે અને વિષ્ણુને પણ પ્રિય થાય છે. આ વૃત્તપુરીમાં જેનું શરીર ચક્રાદિથી ચિહ્નિત થયું છે એવા ભક્ત જે દેશમાં નિવાસ કરે છે તે દેશ પણ અતિ પુણ્યશાળી છે. અને તે મારા ઉપાસકોને તથા મને પ્રિય છે.

'જે બ્રાહ્મણ તપ્તમુદ્રા તથા ઊર્ધ્વપુંડ્ર ચિહ્નો ધારણ કરે છે ત્યારે તે શ્રાદ્ધાદિ કર્મો કરવા યોગ્ય થાય છે.' એવી રીતે ઉત્તમ શ્રુતિ છે. (બ્રહ્માંડ પુરાણમાં **'शंखचक्रोर्ध्वपुण्ड्रादि धारयेद् ब्राह्मणो यदि । श्राद्धादि-सर्व-कर्मार्ह इत्येषा परमा श्रुतिः ।।'** એમ કહ્યું છે.)

આ વૃત્તપુરીમાં તપ્તમુદ્રા ધારણ કરનારા મનુષ્યોને હજારો અશ્વમેધ તથા શત વાજપેય યજ્ઞ સમાન ફળ થાય છે. અહીં ચક્રાદિ મુદ્રાઓથી જે અંકિત થયા છે તે બ્રાહ્મણો જે દેશમાં નિવાસ કરે છે, દેવતાઓ તથા ઋષિઓ હંમેશાં તે દેશનો આશ્રય કરે છે. ચક્રાંકિત ભુજાવાળા મનુષ્યને જોઈ જે મનુષ્ય તેને પ્રણામ કરતો નથી તે મનુષ્ય સો પશુજન્મ પામીને વિષ્ટાનો કીડો થાય છે. ચક્રાદિના ચિહ્નથી રહિત બ્રાહ્મણનું જે જપ, હોમ, તપ, દાન, યજ્ઞ, પિતૃ તર્પણ તે સમગ્ર નિષ્ફળ છે.

જેમ બ્રાહ્મણ યજ્ઞોપવીત વિના ત્યાજ્ય છે, એ જ રીતે તપ્તમુદ્રાઓના ચિહ્ન વિના અવૈષ્ણવ ગણાય છે. માટે આ પ્રકારના ધર્મથી બહિર્મુખ થયેલો બ્રાહ્મણ પરિત્યાજ્ય થાય છે. જે બ્રાહ્મણો તપ્ત મુદ્રાઓના ચિહ્નથી રહિત છે. તે સર્વધર્મથી રહિત તેમજ વૈષ્ણવતા રહિત થઈ કઠોર નરકને પામે છે.

જે મનુષ્ય તપ્તમુદ્રાથી અંકિત થઈ, નિત્ય તથા નૈમિત્તિક-દેવ સંબંધી તથા પિતૃ સંબંધી જે જે કર્મ કરે છે. તે મનુષ્યનું તે તે કર્મનું ફળ હંમેશાં અક્ષય થાય છે. તપ્ત મુદ્રાથી અંકિત ઉત્તમ બ્રાહ્મણ જે પંક્તિમાં જમે તે સર્વ પંક્તિ જેમ ગંગાના પ્રવાહમાં મળતા નદીઓના પ્રવાહ પવિત્ર થાય છે તેમ પવિત્ર થાય છે.

શ્રાદ્ધ કરનારના શરીરમાં શંખાદિ ચિહ્ન જોઈ, શ્રાદ્ધ કાળમાં રાક્ષસો તથા દાનવો નાસી જાય છે. તપ્તમુદ્રાનાં ચિહ્ન વગરના માણસને શ્રાદ્ધમાં નોતરવાથી શ્રાદ્ધ નકામું જાય છે અને પિતૃઓ નિરાશ થઈ પાછા વળી જાય છે. તેથી બ્રાહ્મણે તપ્તમુદ્રા ચિહ્ન ધારણ કરવાં જ જોઈએ. ભગવાન વિષ્ણુની તપ્તમુદ્રાનાં તે ચિહ્નને ધારણ કરનાર બ્રાહ્મણને આ લોકમાં અને પરલોકમાં પરમ કલ્યાણ પ્રાપ્ત થાય છે.

તપ્તમુદ્રાનાં ચિહ્ન ધારણ કરવામાં શૂદ્રને અધિકાર છે. બીજા કોઈને નથી તેવું કેટલાક કહે છે. તે જનો વેદશાસ્ત્રનો સિદ્ધાંત સર્વથા જાણતા નથી. માટે સદાય ખોટા આગ્રહથી આવો વિવાદ કરે છે. તેમણે કહેલું જો સત્ય હોય તો વેદાદિમાં 'બ્રાહ્મણાદિકને તપ્તમુદ્રાનાં ચિહ્નો ધારણ કરવાં' એમ કહ્યું છે, હે જનો ! તે કેમ બંધબેસતું થાય ? ઋગ્વેદમાં, સામવેદમાં, અથર્વશ્રુતિ તથા શતપથ શ્રુતિમાં બ્રાહ્મણાદિને તપ્તમુદ્રાનાં ચિહ્ન ધારણ કરવાનું સ્પષ્ટ કહ્યું છે. આ પ્રમાણે તમો જાણો.

રામાર્ચન ચંદ્રિકા નામનો જે ગ્રંથ સાંભળ્યો છે તેમાં તેમજ વિષ્ણુભક્તિ ચંદ્રોદય ગ્રંથમાં; તથા પદ્મપુરાણના ઉત્તરખંડમાં, શ્રીમાર્ગશીર્ષ માહાત્મ્યમાં તથા કાશીખંડમાં; એ આદિક સેંકડો ગ્રંથોમાં બ્રાહ્મણાદિ જનોને તપ્તમુદ્રાનાં ચિહ્નો ધારણ કરવાનું પ્રતિપાદન કર્યું છે. હે ભક્તો ! માટે મારા આશ્રિત સમગ્ર બ્રાહ્મણાદિ જનોએ તથા ત્યાગીજનોએ સદા શુભ કરનારી તપ્તમુદ્રાઓ ધારણ કરવી.'

મુનિઓ વગેરે તથા ગૃહસ્થ ભક્તો શ્રીહરિની આ પ્રકારની અમૃતથી પણ અતિ શ્રેષ્ઠ વાણી સાંભળી, અત્યંત હર્ષપૂર્વક, વિનયથી નમ્રતાપૂર્વક 'બહુ સારું' (જેમ આપ કહો છો તેમ કરીશું) એમ બોલ્યા.

પછી શ્રદ્ધા તથા આદર સહિત તે સર્વજનોએ શ્રીહરિને સંભારતા થકા ગોમતીના જળમાં સ્નાન કરી, વિધિ પ્રમાણે શુભ તપ્તમુદ્રાઓ ધારણ કરી. પછી સમગ્ર પીડાનો નાશ કરનારા શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવોના દર્શન હર્ષપૂર્વક કરી, શ્રીસ્વામિનારાયણના તથા મુનિ સમૂહના પવિત્ર દર્શન તેઓ કરતા હતા. નિષ્કામ ભક્તો ઉપર અત્યંત પ્રીતિવાળા, સમગ્ર ધર્મોનું રક્ષણ કરનારા ધર્મપુત્ર શ્રીહરિ તે સમગ્ર ભક્તોને અત્યંત ભક્તિયુક્ત પોતાની આજ્ઞાની અનુવૃત્તિમાં અત્યંત આસક્ત ચિત્તવાળા જોઈ, અનુપમ આનંદ પામ્યા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૫)

### શ્રીહરિના નિવાસસ્થાનરૂપ-અતિ કલ્યાણકારી વૃત્તાલયનું પરમ પાવન માહાત્મ્ય :

આ વૃત્તાલયપુરમાં સહજાનંદ શ્રીહરિ વારંવાર નિવાસ કરતા હતા. માટે પૃથ્વી ઉપર આ વૃત્તાલયપુર અતિશય ધન્ય છે. શ્રીહરિએ મુનિઓ વગેરે આશ્રિત સમૂહ સાથે આ પુરમાં વસીને જન્માષ્ટમી વગેરે ઘણા પર્વોના મહોત્સવો કર્યા હતા. આ વૃત્તાલયપુરમાં દરેક વર્ષે નિયમપૂર્વક પ્રબોધિની તથા ચૈત્ર સુદી નવમી તિથિએ શ્રીહરિ મહોત્સવ કરતા હતા.

'સર્વ ત્યાગીઓ તથા મારા આશ્રિત સર્વ ગૃહસ્થજનોએ આ વૃત્તાલયપુરમાં દરેક વર્ષે આ બે ઉત્સવો તો કરવા જ.' આ પ્રમાણે સ્વામિનારાયણ શ્રીહરિએ પોતાના જનોને આજ્ઞા કરી હતી. માટે દરેક વર્ષે આ વૃતપુરીમાં તે બન્ને ઉત્સવ થાય છે.

જે જનો આ વૃત્તાલયપુરમાં રહીને લક્ષ્મીનારાયણાદિના હંમેશાં દર્શન કરે છે તે જનો નિશ્ચિત મુક્તિ પામેલા છે માટે તેમને ધન્ય છે. જન્મથી આરંભીને જે મનુષ્યે કદી પુણ્ય નથી કર્યા તેવો મનુષ્ય પણ વૃત્તાલયના દર્શનથી જ પુણ્ય કરનારો થાય છે. સમગ્ર તીર્થોના દર્શન કરીને પણ જે મનુષ્ય આ વૃત્તાલયે જો દર્શનાર્થે ન આવે તો તેની યાત્રા પૂર્ણ થાય નહિ. તેમજ તેણે દર્શન કરાયેલા સમગ્ર તીર્થનું ફળ પણ તેને પ્રાપ્ત ન થાય. પૃથ્વી ઉપરના સર્વ તીર્થોમાં જે પ્રમાદને લીધે જઈ શકતો નથી પરંતુ કેવળ વૃત્તાલયપુરના જ જે દર્શન કરે છે તેવા મનુષ્યોને સર્વ તીર્થનું ફળ થાય છે.

પૃથ્વી ઉપર દ્વારિકા, મથુરા, માયા, કાશી, અયોધ્યા, અવંતિકા, કાંચી આ સાત પુરીઓ આ વૃત્તાલયની સમાન નથી. તેમજ અન્ય ક્ષેત્રો પણ આની તુલ્ય નથી જ.

**तस्मात्पाषण्डिभिर्जुष्टे भूतले कलिसंकुले । इदं वृत्तालयपुरं सेवनीयं मुमुक्षुभिः ।।१५।।**
**काश्यादै वसतां पुंसां यावज्जीवं तु यत्फलम् । स्यात्पुरेऽस्मिन्निवसतां दिनेनैकेन तत्फलम् ।।१६।।**
**वसेयुर्ये जनास्त्वस्मिन् पक्षं मासं च वर्षकम् । वक्तुं न शक्यते राजंस्तेषां पुण्यं महत्तरम् ।।१७।।**
**चिन्तितं मनसाऽप्येतत्पातकं शतवर्षजम् । पापं हरेदपि जनैः कीर्त्तितं सप्तजन्मजम् ।।१८।।**
**सहस्रजन्मदुरितं हन्त्यत्रागच्छतामिदम्। तस्मादेतज्जनैः सेव्यं स्वीयश्रेयोविधित्सुभिः ।।१९।।**

કળિયુગના પ્રવેશથી રહિત આ પવિત્ર વૃત્તાલયપુરમાં જે વસે છે તે જનો કળિયુગના ભયને કદાપિ વશ થતા નથી. કાશી વગેરેમાં જીવન પર્યંત રહેનારા પુરુષોને જે ફળ થાય તે ફળ વૃત્તાલયમાં રહેનારાઓને ફક્ત એક જ દિવસમાં થાય છે. જે જનો આ પુરમાં પંદર દિવસ, માસ અથવા વર્ષ દિવસ પર્યંત વસે છે તેમના મહાપુણ્યનું વર્ણન કરવું શક્ય નથી. વૃત્તાલયપુરનું મનથી જે ચિંતવન કરે છે તેના સો વર્ષમાં થયેલાં પાતકો નાશ થાય છે. જે જનો 'વૃત્તાલય' એ પ્રકારનું ફક્ત નામ ઉચ્ચારણ કરે છે તેના સાત જન્મમાં થયેલાં પાપ નાશ પામે છે. વૃત્તાલયમાં આવનારા જનોના સહસ્ર જન્મનાં પાપ વૃત્તાલયપુર નાશ કરે છે, માટે પોતાનું શ્રેય કરવા ઈચ્છતા જનોએ આ પુર સેવવા યોગ્ય છે.

શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવોના દર્શન ઈચ્છનારા બ્રહ્માદિ દેવો તથા સર્વે યજ્ઞો આ વૃત્તાલયપુરના દર્શન કરવા માટે હંમેશાં આવે છે. વૃત્તાલયપુરના દર્શન કરવા માટે ઋષિઓ, યોગનિપુણ કવિ આદિ યોગીશ્વરો તથા નારદાદિ દેવર્ષિઓ, સિદ્ધો, ગંધર્વો, કિન્નરો, હંમેશાં આવે છે.

સજ્જનોના નિવાસરૂપ, પુરુષોને સર્વાર્થ સિદ્ધિ આપનારું, આ પવિત્ર વૃત્તાલય કળિયુગમાં મુક્તિનું એક માત્ર પવિત્ર દ્વાર છે. આ વૃત્તાલયમાં પ્રવેશેલા મનુષ્યના દુસ્તર પાપનો નાશ થાય છે. હે રાજન્ ! માટે આ પુરને કયો મનુષ્ય ન સેવે ? સંસારરૂપી અગ્નિથી તપ્ત થયેલા અંગવાળા જનો અહીં શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવોના દર્શન કરીને અત્યંત શાંતિ પામે છે. નીચા કુળમાં ઉત્પન્ન થયેલા જે જનો આ શ્રેષ્ઠ વૃત્તાલયપુરમાં ભક્તિપૂર્વક આવે છે. તેઓ ઊંચાકુળમાં ઉત્પન્ન થયેલા; પરંતુ અહીં નહિ આવનારા મનુષ્યોને જે સર્વોત્તમ ગતિ દુર્લભ છે તેને નિશ્ચય પામે છે.

જે પક્ષીઓ તથા પશુઓ આ પુરમાં મૃત્યુ પામે છે તે પણ મુક્તિ પામે છે. તો મનુષ્યો મુક્તિ પામે તેમાં શું કહેવું ? નદીઓમાં જેમ સમુદ્ર, પર્વતોમાં મેરુ, ઈન્દ્રિયોમાં મન, શરીરોમાં પ્રાણ, સર્વ તારા-ગ્રહાદિમાં જેમ દેદીપ્યમાન સૂર્ય, દેવોમાં શ્રેષ્ઠ જગતપતિ મહાવિષ્ણુ છે; સમગ્ર દ્રવ્યોમાં જેમ અત્યંત શોભાયમાન ચિંતામણિ ઉત્તમ છે. તે પ્રકારે આ વૃત્તાલયપુર જ આ લોકનાં સમગ્ર પુણ્યક્ષેત્રોમાં ઉત્તમોત્તમ છે. અહીં લક્ષ્મીનારાયણાદિના દર્શન કરનારાઓને એક દિવસમાં સો ચંદ્ર પર્વથી થતું ફળ થાય છે. (અર્થાત્ કુરુક્ષેત્રમાં, સો ચંદ્રગ્રહણોમાં કરોડ ગાયોનું દાન કરવાથી જે પુણ્ય થાય છે તે અહીં શ્રીલક્ષ્મીનારાયણના એક દિવસના દર્શનમાત્રથી થાય છે.)

જેમ કુરુક્ષેત્રમાં અમાવાસ્યાને દિવસે થતા સૂર્ય ગ્રહણોમાં હજાર ગાયોનું દાન કરવાથી અથવા યજ્ઞોના સમૂહોથી જેવું ફળ થાય છે, તેવી જ રીતે શ્રીલક્ષ્મીનારાયણના આ સ્થાનમાં એક દિવસ નિવાસ કરવા પૂર્વક શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવના દર્શન કરનારા પુરુષોને તેટલું ફળ થાય છે.

જ્યારે મનુષ્યો આ વૃત્તાલયમાં પ્રીતિપૂર્વક આવીને લક્ષ્મીનારાયણાદિના દર્શન માટે ફક્ત વિચાર જ કરે છે. તે સમયે જે તેના પિત્રીઓ છે તે પોતાની મુક્તિ થઈ છે એવું માને છે, અને પોતાને નરકમાંથી સ્વર્ગની પ્રાપ્તિ થવાની છે એવું જાણી આનંદ પામે છે.

આ વૃત્તાલયપુરમાં યાત્રા માટે આવતા જનસમૂહને પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ જરૂર થાય છે. જે મનુષ્ય અહીં

શ્રીલક્ષ્મીનારાયણાદિની યાત્રા માટે બીજા જનોને પ્રેરણા કરે છે. તે મનુષ્ય રાજસૂય યજ્ઞનું ફળ પામે છે. જે મનુષ્ય અહીં યાત્રા કરવા માટે આવનાર મનુષ્યને દ્રવ્ય આપે છે. તે મનુષ્ય હજાર ગાયોનું દાન આપવાથી જે ફળ થાય છે તે ફળ પામે છે. જે જન અહીં આવનારા, પરંતુ માર્ગમાં ચાલવા માટે અસમર્થ હોય તેને બેસવા માટે વાહન આપે છે. તે કાશીની સો યાત્રાથી ઉત્પન્ન થતા પુષ્કળ ફળને પામે છે.

અહીં યાત્રા કરવા આવતા ક્ષુધાતુર જનને જે અન્ન આપે છે, તે મનુષ્યને ગયામાં શ્રાદ્ધ કરાવ્યા તુલ્ય ફળ થાય છે. અહીં આવવા માટે માર્ગમાં ચાલીને આવતા જનોને જે માત્ર જળ આપે છે. તે મનુષ્ય હજાર પરબો બંધાવ્યાનું ફળ પામે છે.

વડતાલની યાત્રામાં જનાર મનુષ્યને જે મનુષ્ય શ્રીસ્વામિનારાયણની પ્રસન્નતા માટે અપેક્ષિત વસ્તુ આપે છે. તેના સર્વ મનોરથો સિદ્ધ થાય છે. માર્ગમાં ચાલતા જે મનુષ્ય શ્રીસ્વામિનારાયણની કથા સાંભળે છે અથવા કીર્તનાદિનું ગાન કરે છે તેવા મનુષ્યથી બીજો અતિશય ધન્ય કોણ છે ? અહીં યાત્રા માટે આવતા જનોને જે મનુષ્ય વિઘ્ન કરે છે. તે મૂઢ મનુષ્યનું સમગ્ર પુણ્ય નાશ પામે છે. વિશેષ શું કહીએ ? આ વૃત્તાલય નામનું પુર ત્રિલોકીમાં શોભારૂપ છે. કારણકે આ વૃત્તાલયપુરમાં શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવોની મૂર્તિઓ વિરાજે છે.

મુનિઓએ ચિંતવન કરવા યોગ્ય છે બન્ને ચરણો જેમનાં એવા શ્રીધર્મપુત્ર શ્રીસ્વામિનારાયણ શ્રીહરિએ, આ રમણીયપુરીને જ પોતાની રાજધાની કરી છે. આ વૃત્તાલયપુરીના સમગ્ર ઉત્તમ દેશો શ્રીહરિના ચરણોથી અંકિત થયા છે. જે દેશોના દર્શન માત્રથી ભક્તો, પોતાના પ્રાણથી પણ અત્યંત-અનુપમ પ્રેમના સ્થાનભૂત શ્રીહરિને સંભારે છે.

આ શુભ સ્થાન નિર્ગુણ છે, માટે સર્વોત્તમ અને અતિ ધન્ય છે. કારણકે આ સ્થાનમાં શ્રીસ્વામિનારાયણે વારંવાર ઘણા મહોત્સવો કર્યા છે. આનંદ કરનારા છે દર્શન જેમના એવા શ્રીસ્વામિનારાયણની સુંદર રજ, સમગ્ર કલ્મષને છેદનારી હોઈ; બ્રહ્માદિ ઈશ્વરો તથા ભક્તો આનંદપૂર્વક પોતાનાં મસ્તક ઉપર તે રજ ધારણ કરે છે.

દિવ્ય ઐશ્વર્ય તથા દયા વગેરે ગુણોના મહાસાગર, અક્ષરાદિ મુક્તોના એક સ્વામી, સમગ્ર અવતારોના એક કારણભૂત, સમગ્ર ત્રાસનો નાશ કરનારો છે આશ્રય જેમનો એવા, ધર્મપુત્ર, રાજાધિરાજ, પોતાના એકાંતિક જનો જેમના સદા દર્શન કરે છે તે પ્રભુ સ્વામિનારાયણ, હાલમાં પણ આ મંદિરમાં પ્રત્યક્ષ બિરાજમાન છે. માટે આ લોકમાં તથા પરલોકમાં મનુષ્યોને જે દુર્લભ છે તે મુક્તિ હંમેશાં આ પુરમાં વસે છે. માટે શ્રીહરિના પાદારવિંદથી અંકિત વૃત્તાલયનગરી સમગ્ર લોકમાં અત્યંત સર્વોત્કૃષ્ટ છે.'

આવી રીતે તમોને આ વૃત્તાલયપુરનું કલ્યાણકારી માહાત્મ્ય મારી બુદ્ધિ અનુસાર કહ્યું. જે મનુષ્ય આ વૃત્તાલયપુરનું માહાત્મ્ય ભક્તિપૂર્વક સાંભળશે અથવા તેનો પાઠ કરશે તે મનુષ્યનાં સર્વ પાપ નાશ પામશે અને તેના સર્વ મનોરથો સિદ્ધ થશે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૬)

**વૃત્તાલયમાં કરવા યોગ્ય તીર્થવિધિનું વર્ણન :**

તીર્થ કરનારો મનુષ્ય બ્રાહ્મમુહૂર્તમાં નિદ્રાનો ત્યાગ કરી શ્રીહરિનું ધ્યાન અને નામ સંકીર્તન કરે; તીર્થવિધિ કરનારો મનુષ્ય સ્વામિનારાયણ શ્રીહરિને સંભારતો, ગોમતી પ્રત્યે જઈ શૌચવિધિ કરી, સૂર્યનારાયણના ઉદય પહેલાં સ્નાન કરે. પછી સમગ્ર નિત્યકર્મ યથાયોગ્ય કરીને ભક્તિપૂર્વક શ્રીલક્ષ્મીનારાયણાદિ દેવોના દર્શન કરે. પછી આચાર્ય તથા મુનિઓ વગેરેને હર્ષપૂર્વક પ્રણામ કરે. 'મારી ઉપર શ્રીહરિ પ્રસન્ન થાઓ.' એમ હંમેશાં હૃદયમાં ચિંતવન કરે,

આચાર્ય પાસેથી તથા સાધુઓ પાસેથી દરરોજ પ્રત્યક્ષ શ્રીહરિની શુભ વાર્તા સાંભળે, હંમેશાં આદરપૂર્વક સત્પુરુષોનો પ્રસંગ કરે, તીર્થ કરવા આવતા યાત્રીઓએ તીર્થમાં ઉપવાસ કરવો. પિંડ અર્પણ સહિત શ્રાદ્ધ કરવું તથા ક્ષૌર (મુંડન) કરાવવું. પરંતુ ચાતુર્માસ વગેરેમાં કેશ ધારણ કરનાર વ્રતધારીઓએ ક્ષૌર કર્મ ન કરાવવું.

વર્ણીઓ તથા જેમને પિતા જીવિત હોય તેવા પુરુષોએ તેમજ દરમાસે નિયત સમયે ક્ષૌર કરાવનારા સાધુઓએ ક્ષૌર ન કરાવવું. તીર્થમાં સધવા સ્ત્રીઓએ ક્ષૌર ન કરાવવું. દશ માસમાં જ જો ફરીથી તીર્થમાં આવવાનું થાય તો મનુષ્યોએ ફરીથી ક્ષૌર ન કરાવવું.

તીર્થમાં સર્વ પ્રકારે બ્રાહ્મણો, તથા સ્વધર્મનિષ્ઠ સાધુઓને જમાડવા. બ્રાહ્મણોની પરીક્ષા ન કરવી અને પોતાની શક્તિ પ્રમાણે દાન આપવું. હિતને ઈચ્છનારા જનોએ શક્તિ પ્રમાણે ભક્તિપૂર્વક લક્ષ્મીનારાયણ આદિ દેવોની ભૂષણો, વસ્ત્રો તથા ધન વગેરેથી સેવા કરવી. નિર્ધન મનુષ્ય હોય તેણે હંમેશાં લક્ષ્મીનારાયણના મંદિરમાં ધોવું, લીંપવું વગેરે સેવા કરવી. તેમજ આચાર્ય તથા સાધુઓની સેવા કરવી. જે મનુષ્ય દરિદ્ર હોય તે જો મંદિર વાળે, ગુરુ તથા સંતોની સેવા કરે તો તેને મહાપૂજાનું ફળ તથા સર્વ દાનનું ફળ, તેમજ શ્રાદ્ધ વગેરે ક્રિયાનું સર્વ ફળ જરૂર પ્રાપ્ત થાય છે.

તીર્થ કરનારા મનુષ્યે ગ્રામ્યવાર્તાનો ત્યાગ કરવો. શ્રીહરિની ભક્તિ વિના ક્યારેય ક્ષણ પણ કાળ નિર્ગમન ન કરવો. તીર્થ કરનાર ગૃહસ્થે પોતાની સ્ત્રીના સંગનો (સ્ત્રી સંભોગનો) ત્યાગ કરવો. તીર્થમાં યથાશાસ્ત્ર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું. તે બ્રહ્મચર્ય શ્રીહરિને પ્રિય છે. ગૃહસ્થ વૃદ્ધાવસ્થાવાળી પરસ્ત્રીને માતા સમાન સમજે, સમાન અવસ્થાવાળી સ્ત્રીને પોતાની બહેન સમાન સમજે, અને પોતાનાથી નાની હોય તો તે સ્ત્રીને પુત્રી સમાન સમજે, વ્યભિચારથી સર્વ સત્કર્મો નાશ પામે છે માટે સ્ત્રીઓ તથા પુરુષો કામરૂપી શત્રુને નિયમમાં રાખે. તીર્થ કરનારો પુરુષ હંમેશાં પારકાના દ્રોહનો ત્યાગ કરે. તીર્થક્ષેત્રમાં તો વિશેષપણાથી તેનો ત્યાગ કરે. અન્યની નિંદા તથા ચોરી, અસત્ક્રિયા વગેરેનો હંમેશાં ત્યાગ કરે. ક્રોધ, હિંસા, ચાડિયાપણું, લોભ, દંભ, મત્સર, અહંકાર, મદ એ સર્વ પુણ્યનો નાશ કરનારા છે. તેથી એ ક્રોધાદિ સર્વનો ત્યાગ કરે, તીર્થ કરનારો મનુષ્ય સદા મન તથા ઈન્દ્રિયોને જીતે. મિથ્યા ભાષણ, વાદ તથા સાહસ વગેરેનો ત્યાગ કરે.

જો તીર્થ કરનારો પુરુષ ક્ષમા, મૈત્રી, દયા, શૌચ, નમ્રતા વગેરે ગુણો કેળવે તો તેનું સમગ્ર સુકૃત સાર્થક થાય. તીર્થ કરનારાઓ તીર્થમાં જે પુણ્યકર્મ કરે છે તે સર્વ હજારગણાથી પણ અધિક થાય છે. તીર્થયાત્રા કરનાર પુરુષ બન્ને ચરણ, બન્ને હાથ, જીહ્વા, મન, શિશ્ન વગેરે સમગ્ર અત્યંત નિયમમાં રાખે. તેમજ વિદ્યા, તપ, વિનય, વગેરે ગુણો યથાશાસ્ત્ર કેળવે તો તે સમગ્ર તીર્થફળને પામે છે.

જે ક્રોધ રહિત, અતિશય દૃઢવ્રતવાળા, સત્યવાદી, નિર્મત્સર, વિમળ બુદ્ધિવાળા, પોતાના ધર્મમાં નિષ્ઠાવાળા, સમગ્રજનો પ્રત્યે આત્મભાવની દૃષ્ટિ રાખનારા, સુશીલ તીર્થીઓ છે, તેઓ આ લોકમાં શાસ્ત્રમાં કહેલું તીર્થનું ફળ સમગ્રપણે પામે છે. જે પુરુષ લોભ-કામ-ક્રોધ વગેરેને જીતીને, સમગ્ર પાતકકર્મથી ભય પામીને તીર્થ કરે છે તે તીર્થ કરનારા પુરુષને ભગવાનની પ્રસન્નતારૂપ ફળ તેમજ બીજું ઈચ્છિત ફળ અપ્રાપ્ય નથી જ રહેતું.

શ્રદ્ધારહિત, પાપના સ્થાનભૂત છે આત્મા જેનો એવો, સંશયવાળો, નાસ્તિક અને હેતુ ખોળનારો એ પાંચ પ્રકારના મનુષ્યો તીર્થનું ફળ પામતા નથી જ. જે દંભયુક્ત, પિશુન, લોભી, ક્રોધી તથા વિષયમાં આસક્તિવાળો હોય તે પાપી મનુષ્ય સમગ્ર તીર્થોમાં સ્નાન કરે તો પણ મલિન જ છે.

જેમ શ્રેષ્ઠ તીર્થમાં કરેલું થોડું પુણ્ય પણ વૃદ્ધિ પામે છે, તેવી રીતે મનુષ્યોએ શ્રેષ્ઠ તીર્થમાં કરેલું પાપ પણ વૃદ્ધિ પામે છે. 'અન્ય ક્ષેત્રમાં પાપ કર્યું હોય તે તીર્થક્ષેત્રમાં નાશ પામે છે. પરંતુ તીર્થક્ષેત્રમાં કરેલું પાપ તો વજ્રલેપ થાય છે'. એમ કહ્યું છે.

દ્વાદશ વર્ષ પર્યંત કહેલા પ્રાયશ્ચિત્ત કરે તો પણ તીર્થમાં કરેલા પાપની સંશુદ્ધિ થતી નથી. માટે મનુષ્ય તીર્થમાં શુભ નિયમો સહિત જ રહે. જે જનોએ તીર્થમાં પાપ કર્યું છે તે જનો પિશાચ થયા હોય છે. તીર્થમાં પાપ કરનારી સ્ત્રીઓ ડાકિની થયેલી હોય છે. તે ડાકિનીઓ તથા પિશાચો હંમેશાં, તીર્થ કરનારાઓના છિદ્ર (પ્રવેશ નિમિત્ત દોષ) ખોળે છે. માટે થોડો પણ દોષ, તીર્થ કરનારાઓનો જોઈ તત્કાળ પુરુષોમાં તથા સ્ત્રીઓમાં તેઓ પ્રવેશ કરે છે. પિશાચ અને ડાકિનીને વશ થયેલી સ્ત્રીઓ પુરુષોનો સંગ ઈચ્છે છે. તથા તેવા પુરુષો સ્ત્રીઓનો સંગ ઈચ્છે છે. દ્રવ્યના લોભથી તે સ્ત્રીઓ તથા પુરુષો હિંસા વગેરે ક્રિયામાં પ્રવર્તે છે. આવી રીતે પૃથ્વી ઉપર તીર્થ કરનારાઓને, વિઘ્ન કરનારા પણ છે. માટે તીર્થ કરનારાઓએ અયોગ્ય આચરણ કરતાં બીક રાખવી.

તીર્થોમાં પરસ્ત્રીનું દર્શન, તેનો સ્પર્શ, તેની મશ્કરી વગેરે કરવાથી શાસ્ત્રજ્ઞો હોય તેનું પુણ્ય પણ નાશ પામે છે. એવી રીતે સ્ત્રીઓ પણ અન્ય પુરુષના પ્રત્યે જુવે તથા તેનો સ્પર્શ કરે તો તેનું સુકૃત પણ નાશ પામે છે. માટે સ્ત્રીઓ તથા પુરુષોએ પોતાની ઈન્દ્રિયોને નિયમમાં રાખવી.

દેહ સંબંધી નિયમને વિદ્વાનોએ મનુષ્યનું વ્રત કહ્યું છે. મનની શુદ્ધિ એ દેવતાનું વ્રત છે. તીર્થ કરનારા મનુષ્યે તો દેહ સંબંધી નિયમો પાળવા તથા મનની શુદ્ધિ રાખવી, એ બન્ને સિદ્ધ કરવાં.'

પછી શ્રીહરિએ ચૈત્ર સુદી નવમીને દિવસે આ વૃત્તાલયપુરમાં મહોત્સવ કર્યો અને ત્યારબાદ સમગ્ર ભક્તોને પોતપોતાના દેશમાં જવા માટે આજ્ઞા આપી. પછી તે ભક્તજનસમૂહો શ્રીહરિનું, મહામૂલ્ય વસ્ત્રો તથા આભૂષણો વગેરે ઉપચારોથી, પૂજન કરીને તથા શ્રીહરિને નમસ્કાર કરી, માર્ગમાં શ્રીહરિની કીર્તિ ગાતા ગાતા પોતાના દેશ પ્રત્યે ગયા.

પછી શ્રીહરિએ દ્વાદશીની તિથિએ પારણા કરીને પોતાના ભક્તજનોને પણ તૃપ્ત કર્યા. પછી અશ્વ ઉપર વિરાજમાન થઈ પોતાના ભક્તજનોની સાથે શ્રીહરિ, કુબેર તથા જોબન વગેરે ભક્તોએ વળાવ્યા થકા આ પુરથી નીકળ્યા. દૂર સુધી પોતાની પાછળ આવેલા, નેત્રોમાં અશ્રુવાળા, પુરના ભક્તજનોને પાછા વાળીને ધર્મપુત્ર શ્રીહરિ પોતાના જનોની સાથે માર્ગમાં ચાલતાં પાંચ રાત્રિ નિર્ગમન કરીને દુર્ગપત્તન પધાર્યા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૭)

## • શ્રી હરિચરિત્રામૃતસાગર ગ્રંથ :

...તે પછી બે દિવસ ગયા ત્યારે શ્રીહરિએ નંદરામજી તથા ગોપાળજીને દ્વારકાની યાત્રા કરવા જવાની આજ્ઞા આપી. પછી રંગભીના શ્રીહરિએ તેમને તથા સંત હરિભક્તોને કહ્યું કે, "આપણે બધા ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત કહેવાઈએ છીએ. માટે સાધુ, બ્રહ્મચારી, સંન્યાસી, બધા ગૃહસ્થ તથા અયોધ્યાવાસી સહુએ દ્વારકાની તીર્થયાત્રા કરવી જોઈએ.

હવે અત્યારે તમે અયોધ્યાવાસીઓ દ્વારકાની તીર્થયાત્રા કરી આવો. ત્યાં ગોમતીમાં સ્નાન કરીને છાપો લેજો. તીર્થોમાં મોટા મોટા ઋષિ મુનિઓ મળતા હોય છે અને ત્યાં રામ, કૃષ્ણ આદિ મૂર્તિઓનાં દર્શન થાય છે. કારણ કે, માર્કંડેય, ધૌમ્ય, લોમશ, શુકદેવજી, સનકાદિકો તથા નારદજી જેવા ઋષિ મુનિઓ ભાવનાથી તીર્થ કરતા હોય છે. બધા જ તીર્થો સુખરૂપ છે પણ તેમાં દ્વારકા શ્રેષ્ઠ અને અનુપમ છે. તમે અયોધ્યાવાસીઓ ઘણા દૂર રહો છો. માટે તમારે દ્વારકા જવું તે જરૂરનું કહેવાય.

જે દિવસે પ્રભાસમાં પરસ્પર લડીને યાદવોનો નાશ થયો, તે સમયે જ સમુદ્રનાં જળે શ્રીકૃષ્ણ ભગવાનના મંદિર સિવાયની આખી દ્વારકાને ડુબાડીને શ્રીકૃષ્ણના કુળનો નાશ કર્યો હતો. સુખકારી એવા શ્રીકૃષ્ણ ભગવાન પોતાના મંદિરમાં ગુપ્તપણે કરીને રહ્યા છે. માટે દ્વારકા ઘણું મોટું તીર્થ કહેવાય છે. ત્યાં યદુપતિ શ્રીકૃષ્ણ અખંડ નિવાસ કરીને રહ્યા છે, એમ કહેવાય છે. માટે સહુ ગૃહસ્થ અને ત્યાગીઓએ દ્વારકાની યાત્રા કરવા જવું. ત્યાં જઈને વિધિએ સહિત ગોમતીમાં સ્નાન કરવું, યથાયોગ્ય દાન આપવું તથા સત્પુરુષોને ભાવથી પૂજી અવિનાશી ફળ મેળવવું." આ રીતે શ્રીહરિએ સહુને આજ્ઞા કરી અને પોતાના હરિભક્તોને શિક્ષાનાં વચનો કહ્યાં.

પછી શ્રીહરિએ કહ્યું, "તમારે કૌશલદેશવાસીઓએ ચોક્કસ દ્વારકા જવું. નંદરામજી, મંછારામ, ગોપાળજી અને સુફળ, તમે બધા નિષ્કામ ભાવવાળા છો. પ્રથમ રામપ્રતાપભાઈ અમારી આજ્ઞા લઈને દ્વારકા ગયા હતા. ઉદ્ધવ સંપ્રદાયની એવી રીત છે કે, દ્વારકા જવામાં કોઈ જાતનો બાધ નથી. ત્યાં ગોમતીમાં સ્નાન કરી અને પ્રેમથી બ્રાહ્મણોને જમાડો. પિતૃઓને પિંડદાન કરીને તેમનો ઉદ્ધાર કરો. ત્યાં જઈને તપ્ત મુદ્રાઓથી પોતાના શરીરને છાપવાળું કરો, તો તમારી બધી પીડા મટી જશે. પછી તમે બેટ દ્વારકા જઈને પાછા આવજો." ત્યારે તે બધા અયોધ્યાવાસી સંબંધીઓ બોલ્યા કે, "આપની આજ્ઞામાં જ અમે સાચો ઉદ્ધાર માન્યો છે. હવે આપ જે દિવસે કહો તે દિવસે દ્વારકા જઈએ."

અયોધ્યાવાસીઓએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું કે, "અમારે દ્વારકા જવા માટે સારો રસ્તો બતાવે તેવા ભોમિયાની ખાસ જરૂર છે." તે વખતે શ્રીહરિએ સભાની સન્મુખ જોયું અને ત્યાં મુનિવર સચ્ચિદાનંદ સ્વામીને દેખ્યા. તેઓ દૃઢ સમાધિવાળા, નિર્ભય અને નિશ્ચિંત હતા. તેમને કોઈને ન હોય તેવી પ્રત્યક્ષ પ્રભુ ઉપર પ્રીતિ હતી. શ્રીહરિએ તે મુનિવરને મહાન નિષ્કામી જાણીને આજ્ઞા કરતા કહ્યું કે, "સ્વામી ! તમે અત્યારે ધર્મકુળની સાથે જાઓ. પહેલા ત્યાં જઈને તમે દ્વારકાધીશ રણછોડજીનાં દર્શન કરીને પાછા આવો, તે પછી જ્યારે શિયાળાની ઋતુ ઊતરી જાય ત્યારે બીજા બધા સંતો દ્વારકા આવશે.

હે મુનિવર ! ભગવાન વાસુદેવનારાયણની જ્યારે ઇચ્છા થશે ત્યારે અમે દ્વારકા આવશું. અત્યારે તો તમે બધા તૈયાર થઈને દ્વારકા જવા જલદી ચાલો. ભાતું લઈ લો, વાર ન કરશો. દેશકાળનો એક સરખો નિર્ધાર રહેતો નથી." ત્યારે મુનિવર સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા, "બહુનામી હે મહારાજ ! અમે સુખપૂર્વક યાત્રા કરીને તરત પાછા આવશું." પછી શ્રીહરિએ પ્રેમથી તીર્થયાત્રા માટે જવાનું મુહૂર્ત જોવડાવ્યું. મયારામ ભટ્ટ મુહૂર્ત જોઈને બોલ્યા કે, "મહા સુદિ નવમીનું મુહૂર્ત આવ્યું છે." તે દિવસે સહુના નાથ એવા શ્રીહરિએ જવાની આજ્ઞા કરી. સચ્ચિદાનંદ સ્વામી અને અયોધ્યાવાસી સહુ શ્રદ્ધાભાવથી શ્રીહરિમાં મન રાખીને દ્વારકા જવા ચાલતા થયા. તે મહા વદિ એકમને દિવસે દ્વારકા પહોંચ્યા. સુજ્ઞ એવા સહુ અયોધ્યાવાસીએ ગોમતીમાં જઈને સ્નાન કર્યું. ત્યારે અયોધ્યાવાસીને પરદેશી દેખીને બધા ગુગળી બ્રાહ્મણો દોડી આવ્યા. તેથી તેમને અયોધ્યાવાસીએ દક્ષિણા આપી રાજી કર્યા. ત્યાગી સાધુને તો કાંઈ આપ્યા વિના તીર્થમાં સ્નાન કરવાની છૂટ હોય છે, એમ જાણીને સચ્ચિદાનંદ સ્વામી સ્નાન કરવા તૈયાર થયા.

જ્યારે સ્વામી ગોમતીમાં સ્નાન કરવા ગયા, ત્યારે ત્યાં રહેલા ગુગળીએ ગોમતીમાં સ્નાન કરવા દીધું નહિ અને તેમને પૂછ્યું કે, "બોલો, તમે ક્યાં રહો છો ? કેટલાક લોકો ત્યાગીનો વેશ ધારીને આવે છે. તેથી ચોક્કસ જાણ્યા વિના અમે કોઈને નહાવા દેતા નથી. ત્યારે સ્વામી બોલ્યા કે, "હું તો સ્વામિનારાયણનો સાધુ છું. તેમની આજ્ઞાએ કરીને અહીં આવ્યો છું. અમે જ્યારે યાત્રા કરી, છાપો લઈને પાછા જઈશું, ત્યારે તે સ્વામિનારાયણ સંતોએ સહિત અહીં આવશે. આ ઘણું પરમ પવિત્ર તીર્થ છે. માટે જે હરિભક્ત ગૃહસ્થો છે તે બધા પણ અહીં યાત્રા માટે આવશે.

અમારા જેટલા સંતો કહેવાય છે તે ધન રાખતા નથી અને બીજા પાસે રખાવતા નથી. અમે ધન રાખતા જ નથી તો તમને ક્યાંથી આપીએ ? તેથી અમારી પાસેથી ધન લેવું તે તમારે માટે યોગ્ય નથી." ત્યારે સ્વામીની આગળ ત્યાંના અધિકારી બોલ્યા કે, "જે ધન

આપ્યા સિવાય ગોમતીમાં સ્નાન કરવા માટે જાય છે તે કરોડો ઉપાય કરે, તોપણ તેને સ્નાનનું ફળ મળતું નથી.'' ત્યારે સ્વામીએ કહ્યું કે, ''જે ધન રાખતા હોય તેને માટે ધન આપવાની રીત હોય છે, પણ જે ત્યાગી ધન રાખતા ન હોય તે કયાંથી ધન આપે ?'' ગોમતીમાં સ્નાન કરવા દેવાના અધિકાર ઉપર જે કોઈ હતા, તેઓએ જેના સ્નાન કરવાથી ગોમતી પણ પવિત્ર થાય એવા આ સંત છે તેમ ઓળખ્યા નહિ. જે સંતને ઓળખતા ન હોય અને જેને સંતની કાંઈ ગમ ન હોય તેવા લોકો સંતનું અપમાન કરે છે, જેથી ભગવાન પણ દુ:ખાય જાય છે. તીર્થમાં એવા જ બધા ભેળા થયા હતા. ભગવાનને તે કાંઈ ગમતું નહિ. પછી દિવસે દિવસે તેમના ઉપર ભગવાનનો કોપ રહેવા લાગ્યો. તે તીર્થના અધિકારીઓ ભગવાનના કોપને સમજતા ન હતા. તેમને સંત કે અસંત ઓળખ્યામાં આવતા ન હતા. કેવળ એક ધનમાં જ અપાર ફળ માનતા હતા. એ જ તેમના ઉપર ભગવાનનો તદ્દન ઉઘાડો કોપ હતો. સાચા સંતો સ્ત્રી અને ધનથી દૂર રહે છે. એક ભગવાનમાં જ સર્વે સાર માને છે.

જેને સંતનો ખપ ન હોય અને જેને ભગવાનનો પણ લેશમાત્ર ખપ ન હોય, તેને તો મનુષ્ય પણ ન કહેવાય. જેને ભગવાનનો અને સંતનો ખપ ન હોય તેને મોક્ષનો અને સત્સંગનો પણ ખપ હોતો નથી. તેવા લોકોથી તો સ્વયં ભગવાન પણ દૂર રહે છે. ક્યારેય તેની સમીપ રહેતા નથી. પછી તેવા લોકોનાં દિલમાં અધર્મ નિવાસ કરીને રહે છે. જે ભગવાનના સંતોનું અપમાન કરતા રહે છે, તે જે જે યોનિમાં જાય છે ત્યાં ત્યાં તેનું અપમાન થાય છે. જય વિજય વૈકુંઠલોકમાં ભગવાનના પાર્ષદ હતા. તેમણે જ્યારે સનકાદિકોનું અપમાન કર્યું ત્યારે ભગવાને પોતે જ તેનું ફરી ફરીને બહુ વખત અપમાન કર્યું. આવું થયું હતું છતાં આ દુનિયામાં જે લોકો અધિકાર ઉપર હોય છે તે ગમે તેવા બુદ્ધિમાન હોય, તોપણ સંતોનો સમાગમ કરતા નથી. ઉલ્ટાના મોટા સત્પુરુષનું અપમાન કરે છે અને અપમાન કરવામાં જ લાભ કે પોતાની શ્રેષ્ઠતા માને છે.

અધિકાર-સત્તા મળવાથી લોકો આવા નઠારા થઈ જાય છે. જ્યારે પોતાના દિલમાં ઉદ્ધવજીના જેવી ભક્તોનું માહાત્મ્ય સમજવારૂપ સમજણ રાખે અને તેમાં જ સાર માને, ત્યારે અધિકાર પામે તોપણ તેનું માથું ક્યારેય ફરતું નથી. અધિકાર મળવો તે સહજ છે, પણ સત્તા-હોદ્દો મળ્યા પછી મતિ ન ફરે તે ઘણું કઠણ છે. અધિકાર પામીને જેના દિલમાં જેટલો સંતોનો અનાદર વર્તે અને તેના અનાદરમાં જેટલું સુખ માને, તેના ઉપર તેટલો ભગવાનનો કોપ થયો કહેવાય. હા, જે સંતો છે તેઓ તો જેટલું અપમાન સહન કરે તેટલું તે તેમનું ભૂષણ છે. પરંતુ જેટલા કુપાત્ર જીવો હોય છે, તે સંતોનું અપમાન કરીને પોતાને મનમાં નિપુણ માને છે. એવા તો ઘણા મૂર્ખાઓ હોય છે. જે સંતપુરુષો છે તે તો તેવા ઉદ્ધત્તોનો રોજ શોક કરતા હોય છે કે, 'અરે ભગવાન ! આની શી ગતિ થાશે ? ગોમતી ઉપરના જે અધિકારી હતા તેણે સચ્ચિદાનંદ સ્વામીને સ્નાન કરવા દીધું નહિ. કારણ કે, તેમને સત્સંગના આશ્રિત સાધુ જાણીને તેમના ઉપર દ્વેષ હતો. છતાં પણ સચ્ચિદાનંદ સ્વામીના મનમાં રતીભાર પણ ક્ષોભ થયો નહિ. તેમનું મન તો શ્રીકૃષ્ણ ભગવાનને અંતર્યામી જાણીને તેમના સ્વરૂપમાં જ રહ્યું હતું.

સચ્ચિદાનંદ સ્વામીનાં અંત:કરણમાં શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ પ્રત્યક્ષ સ્ફૂરી આવી અને તેમને તત્કાળ સમાધિ થઈ ગઈ. તેઓ શરીરના ભાનને ભૂલી ગયા અને ગોમતીને કિનારે જ તેમનું શરીર પરવશ થઈને પડી ગયું. તે સમયે બધા અયોધ્યાવાસીઓ તરત ત્યાં દોડી આવ્યા. સ્વામીને જગાડવા માટે બૂમો પાડવા લાગ્યા. તે સમયે ગોપાળજીએ પોતાના સંબંધીઓને કહ્યું કે, ''આમને સાથે લઈને આપણે કેમ ચાલશું ? સ્વામી તો પાંચ-દસ દિવસે જાગશે અને તેઓ ઊઠે ત્યાં સુધી આપણે જો અહીંયા રહીએ તો ઘણા દિવસ થઈ જાય. માટે આપણે એમની ચિંતા કરવાની નથી, તેમની સહાયમાં તો ભગવાન છે.

હવે આપણે બેટદ્વારકા જઈએ અને જઈને છાપો લઈએ.'' આમ વિચારીને સચ્ચિદાનંદ સ્વામીને છોડીને અયોધ્યાવાસીઓ ચાલ્યા અને આરંભડા જઈને છાપો લીધી. છાપ લેવાના જેટલા રૂપિયા થતા હતા તે તત્કાળ જ તેમને આપ્યા. પછી વહાણમાં બેસીને બેટમાં ગયા અને ત્યાં પણ ધન દઈને દર્શન કર્યાં. તીર્થનો જે જે વિધિ કહેવાય છે તે બધો અયોધ્યાવાસીઓએ ધન દઈને કર્યો. આ રીતે પાંચ દિવસમાં તેઓ ફરીને ગોમતી આવ્યા. ત્યાં મુનિને ખોળવા લાગ્યા. ગોમતી ઉપર જે લોકો હતા તેને અયોધ્યાવાસીએ પૂછ્યું કે, 'અમારી સાથે આવેલા સ્વામી કયાં ગયા ?' પણ કોઈએ કાંઈ કહ્યું નહિ.

હવે સચ્ચિદાનંદ સ્વામીને જે થયું તે કહીએ છીએ. સ્વામીએ ત્યાં ત્રણ દિવસ સુધી કાંઈ અનાજ ખાધું નહિ. પછી ગોમતીમાં નાહ્યા વિના જ આરંભડા ગામ ગયા અને લાંઘણ ચોરે ઊતર્યા. ત્યાં અનાજ વિના ઘણા યાત્રિકો બૂમો પાડતા હતા. ત્યાં જેટલા તીર્થવાસીઓ આવતા હતા તેની પાસે ધન હતું નહિ. એટલે ત્યાં ઘણા દિવસ સુધી પડ્યા રહેતા. ત્યાંના છાપ આપનારા અધિકારીઓને તલભાર પણ દયા આવતી નહિ. બહુ દિન સુધી તેમને તાવતા-પીડતા રહેતા. ગરીબ લોકોને પાર નહિ તેટલા ઉપરા ઉપર ઉપવાસ થતા હતા. ત્યાં નાના બાળકો, જુવાનો અને વૃદ્ધો અનાજ વિના વ્યાકુળ થયેલા પડ્યા હતા. કેટલાક તો પેટ અને માથું કૂટતા હતા. છતાં ત્યાંના

લોકોને દયા આવતી નહિ. છાપ આપનારા જે ઉપરના અધિકારીઓ હતા, તેને લોકો પોકાર કરીને કહેતા હતા, પણ તેમનામાં દયા હતી જ નહિ. તે ગરીબ લોકો કહેતા હતા કે, 'અરે ! અમારાથી ભૂખ સહન થાતી નથી. તમે દયા કરીને અમને છાપો આપો. અમે નિર્ધન છીએ. અમારા ઉપર દયા લાવીને અમારી વાત સાંભળો. અમે અનાજ વિના ચોક્કસ મરી જાશું, તેમાં કાંઈ ખોટુ નથી.' છતાં પણ જેનાં દિલમાં લગાર પણ દયા ન હતી એવા તે પાપી લોકો છાપ આપતા નહિ. જે નિર્ધન તીર્થયાત્રિકો હતા તે ઉપરા ઉપર શોર બકોર કરતા કે, 'અમને છાપો આપો, તો અમે જાણશું કે અમને પ્રાણ આપ્યા. અત્યારે અમારો જીવ તમારા હાથમાં છે.'

ત્યારે ત્યાં રહેલો એક ગૂગળી બોલ્યો, 'ધન વગર છાપ મળશે નહિ, તમે મરી જાશો તોપણ અમને દયા આવવાની નથી. અમે તમારાં કોઈ વચનને સાંભળવાના નથી. તમે છાપ લીધા વિના ઘેર જાઓ. અહીં શા માટે ભૂખ્યા મરો છો ? અમને ધન વિના દયા આવતી નથી. ધન દેખાય તો તરત દયા આવે છે. દામમાં જ અમે તો દયાનો નિવાસ માનીએ છીએ અને દામ મળે એમાં જ દિવસે દિવસે અમને પરમ ઉમંગ રહે છે. ધન વિના દયા નિર્જીવ છે.' એવી રીતે ત્યાં અધિકાર પર રહેલા સહુ માનતા અને વર્તતા હતા.

સચ્ચિદાનંદ સ્વામીએ આરંભડા ગામમાં જઈને જ્યારે આવું દેખ્યું ત્યારે તેઓ 'ત્રાહિ..ત્રાહિ..' એમ કરવા લાગ્યા. જેવું જમપુરીમાં દુઃખ હોય તેવું અહીંયા દેખાયું. અહીંના લોકો તો ગોમતી કિનારે હતા તે કરતા પણ અપાર નિર્દય દેખાયા. કોઈ સ્ત્રી કે પુરુષનાં હૃદયમાં દયા હતી નહિ. માનો તે બધાં જમપુરીમાંથી આવ્યા હોય તેવા હતા. કોઈમાં લગાર પણ દયા દેખાતી નહિ. સ્વામીએ બધાનો આવો જ આચાર નજરે જોયો હતો, છતાં પણ સ્વામીએ તે લોકોની સાથે વાત કરી કે, ''તમે તો શ્રીકૃષ્ણ ભગવાનના સાક્ષાત્ ભક્ત છો. તમને સંતો વાલા હોય છે. તમારા ધન્ય ભાગ્ય છે કે શ્રીકૃષ્ણના ધામમાં રહો છો. માટે તમે એક મારી વિનંતિ સાંભળો. તમે મારા ઉપર દયા કરીને છાપો આપો. પછી હું બેટમાં જઈને સંસારના ભયનો નાશ કરનારા શ્રીકૃષ્ણ પ્રભુનાં દર્શન કરું.''

સ્વામીની તે વાતને સાંભળીને ત્યાં રહેલો ગૂગળી હસીને બોલ્યો કે, ''તું તો પશુના જેવો દેખાય છો. અહીંયાં ઘણા ધુતારા આવે છે. ધન આપ્યા વગર કહેતાં પાર ન આવે તેટલા અપાર લોકો છાપો લેવા આવે છે, પણ જેને છાપોની ગરજ હોય તે ધન આપે છે. જેને ગરજ ન હોય એ બધા તો ઠગ હોય છે અને તે છાપો લીધા વિના ચાલ્યા જાય છે. જેને ધન જેટલો પણ ભાવ ન હોય એવા ઠગ અહીં આવતા દેખાય છે. ઠગને ઓળખવા માટે જ આ ભગવાનનાં આયુધોની છાપો છે. જેટલા ઠગ હોય છે તે ધન વિના જ છાપો લેવા માટે આવે છે.'' ત્યારે મહાભાગ્યશાળી સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા, ''અમે તો ધન અને સ્ત્રીના ત્યાગી છીએ. તમે સાધુ તથા અસાધુને એકસમાન માનો છો. તમને સાધુનો વિવેક નથી. જે ભગવાનના સાચા સાધુ છે તેમને તમે ક્યારેય દેખ્યા નથી. સાચા સાધુ ધન અને સ્ત્રીનો પ્રસંગ પણ રાખતા નથી. શુકદેવજી, સનકાદિકો, નારદજી અને નવ યોગેશ્વરો; ધન અને સ્ત્રીને રાખનારા સાધુને કળીયુગનું રૂપ કહે છે.'' ત્યારે તે બુદ્ધિહીન ગૂગળી બોલ્યો, ''અત્યારે કોઈ એવા ત્યાગી નથી. અત્યારના ત્યાગી તો કંથા અને કોપીનમાં પણ ધન રાખે છે.'' ત્યારે સ્વામીએ તરત જ તેને પોતાની કંથા તથા કોપીન બતાવી. તેમાંથી જ્યારે ધન ન નીકળ્યું ત્યારે તે ગૂગળી કહેવા લાગ્યો, ''જે ત્યાગી કપડાં ન રાખતા હોય તે જટામાં ધન રાખતા હોય છે. જે સાધુ હોય છે તે ક્યારેય ધન વગરના દેખ્યા નથી. અરે ! ધન વગરના ક્યારેય અમે કાનથી સાંભળ્યા પણ નથી.''

ત્યારે સ્વામીએ કહ્યું કે, ''અમે સ્વામિનારાયણના સાધુ તો ધન વગરના છીએ.'' ત્યારે તે ગૂગળી બોલ્યો કે, ''સ્વામિનારાયણની પાસે તો અપાર ધન છે. હવે તો અમે તમારી પાસેથી વધારે ધન લેશું. તેઓ તો કોઈએ ન કર્યા હોય તેવા મોટા મોટા યજ્ઞ કરે છે અને અગણિત વિપ્રોને જમાડે છે.''

તે ગૂગળી સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું કે, ''ખરેખર તમારે છાપ લેવી જ હોય તો તમે ધન લાવો.'' બરાબર એ જ સમયે ત્યાં એક ખાખી બાવાજી આવ્યા. તેણે પોતાના શરીર ઉપર રાખ ચોળી હતી. હાથમાં લોઢાનો ચીપિયો હતો. માથા ઉપર મોટી જટા હતી. કેફ કરવાથી એની આંખો અતિશય લાલ હતી. તે ઠરડાતો મરડાતો જોર કરી છાતી કાઢીને ચાલતો હતો. ભાંગ અને ગાંજાની કોથળી પાસે હતી. તે કેફે કરીને ઘોઘરી વાણી ગળામાંથી બોલતો હતો. તે ત્યાં આવીને છાપ લેવા માટે ઊભો રહ્યો. 'અમે ત્યાગી છીએ, ધન નહિ આપીએ,' આમ કહેતો તે અડબંગો મોઢામાંથી ગાળ બોલ્યો. તે સાંભળીને તત્કાળ ગૂગળી ઊઠ્યો. તેની દાઢી પકડીને જ્યારે જટાને ચૂંથી ત્યારે તેમાંથી પાંચ સોનામહોરો નીકળી. તે સોનામહોરો લઈ લીધી અને તેને છાપો આપીને કાઢી મૂક્યો.

પછી ગૂગળીએ સ્વામીને કહ્યું કે, ''તમે અહીંની રીતને દેખો. અમારે તો ધનની સાથે પ્રીતિ છે. જ્યારે તમે ધન આપશો ત્યારે તમને છાપો મળશે. જો લગાર પણ બળ દેખાડશો તો તમારા પણ આ ખાખીના જેવા હાલ થશે.'' ત્યારે સ્વામીએ કહ્યું, ''મારે માથે તો જટા જ નથી અને કંથા-કોપીનમાં પણ ધન નથી. સ્વામિનારાયણના જેટલા ત્યાગી કહેવાય છે તે બધા કરોડોથી લઈને એક દમડી સુધીનું પણ ધન રાખતા નથી. જે સ્વામિનારાયણના શિષ્ય ત્યાગી થઈને રહેતા હોય છે તે સાધુ અને બ્રહ્મચારીની એકસરખી

જ રીત હોય છે.

જો તેઓ ભૂલથી પણ સ્ત્રીને અડી જાય તો એક ઉપવાસ કરે છે. અને જો સ્ત્રીને નજર માંડીને જોઈ હોય તોપણ એક ઉપવાસ કરે છે. સ્ત્રી સંબંધી નિયમનો એક ઉપવાસ કરે ત્યારે શુદ્ધ થાય છે. આમ નિષ્કામ શુદ્ધિ ગ્રંથમાં ઘણી જાતના ઉપવાસ કહ્યા છે. તેમાં નિષ્કામ વ્રતને દૃઢ રાખવા માટે આવા ઘણી જાતના નિયમો કર્યા છે. કારણ કે, નિયમો વિના નિષ્કામ વ્રત ક્યારેય દૃઢ રહેતું નથી.

જેમ કોઈ રેલગાડીમાં આવીને બેસે તો તેને થાક લાગતો નથી તેમ નિયમ રાખે તેને બ્રહ્મચર્ય પાળવામાં મુશ્કેલી પડતી નથી. એક ભગવાનને છોડીને ગમે તેવો કોઈ હોય, તોપણ તેને નિયમો વગર નિષ્કામ વ્રત પાળવું તે ઘણું વિકટ છે. કોઈ ગમે તેવા સમર્થ ત્યાગી હોય, પણ તે જો નિષ્કામ વ્રતને ન પાળતા હોય તો કરોડો કલ્પે પણ તેઓ સાચા ત્યાગી કહેવાતા નથી. દેવોમાં બ્રહ્માના જેવા બીજા કોઈ દેવ કહેવાતા નથી, પરંતુ કામે તે બધાને વશ કરી લીધા છે. આમ કામદેવે દેવતાઓ અને મનુષ્યોને આધીન કર્યા છે. વૃક્ષ અને વેલી સુધી તે પહોંચી ગયો છે, એવો તે બળવાન છે. આ બ્રહ્માંડમાં ગણે પાર ન આવે તેટલા બધા જીવો છે, પણ જેટલા નિયમ પ્રમાણે નથી ચાલતા તે બધાને કામે આધીન કર્યા છે. પત્થર વગેરેના કોટમાં રહે તેનો પરાભવ થઈ શકે છે, પણ જે ભગવાને બાંધેલા નિયમરૂપી કોટમાં રહે તેનો પરાભવ થતો નથી, એમ દેખાય છે. નિયમરૂપી ભગવાનનો કાયદો સહુથી પર છે. જેટલા દેવ કે મનુષ્ય વગેરે ભગવાનના કાયદાનો લોપ કરે છે, તેનું જીવન ભગવાન તલ તલ જેટલું પણ દેખતા રહે છે. પછી જે જેવો કાયદો લોપે છે તેને તેવો દંડ આપે છે.

ભગવાનના જેવું બીજું કોઈ સમર્થ નથી. ભગવાન જેનું જેવું આચરણ હોય તે પ્રમાણે શુભનું શુભ ફળ આપે છે અને અશુભનું અશુભ ફળ આપે છે. જેટલું શરીરે કરીને દુઃખ-પીડા થાય છે તે બધું અશુભનું ફળ હોય છે. શાસ્ત્રમાં નિષેધ કરેલી બાબતોનું જે આચરણ કરે છે, તે બધી વાતો અશુભ છે અને તેનું ફળ દુઃખ છે. શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલી આવી બધી વાતો પ્રસિદ્ધ છે. શુભ બાબતનું આચરણ કર્યાનું ફળ સુખ છે. શુભ આચરણ કરનાર આ લોકમાં અને પરલોકમાં પણ સુખ પામે છે. જેનાથી આ લોક અને પરલોકમાં અપાર સુખ પ્રાપ્ત થાય, એવા માર્ગ ઉપર જે ચાલે છે તે વિચારવાનને ધન્ય છે. પ્રહ્લાદ, પ્રિયવ્રત, ધ્રુવ, અંબરીષ અને સ્વાયંભુવ મનુ, એ બધા સુખને માર્ગે ચાલ્યા હતા. તેથી તેમને અપાર સુખ મળ્યું હતું. ભગવાનને શરણે થઈને તેમનું ભજન કરવું તે સુખનો માર્ગ છે. તે સુખને માર્ગે અપાર ભક્તો ચાલ્યા છે.''

પછી તે ગૂગળી હસીને સ્વામીનું અપમાન કરતા બોલ્યો, ''તારા બાપનો બાપ પણ જો અહીં આવે તોપણ ધન લીધા સિવાય છાપ મળવાની નથી. શા માટે અહીંયા ઠાલો ઠાલો ખોટી થા છો ?'' તે સાંભળીને સ્વામી અત્યંત ઉદાસ થઈ ગયા. સ્વામીએ ઘણા તીર્થવાસીઓને પીડાતા દેખ્યા. સ્વામીએ અંતરમાં જ્યારે તપાસી જોયું, ત્યારે તેમનું મન બીજાનાં દુઃખથી દુઃખી થઈ ગયું. પછી ત્યાંથી પણ કાંઈ ખાધા વિના ચાલતા થઈ ગયા. સ્વામી વહાણમાં બેસીને તરત બેટ પહોંચ્યા. અત્યાર સુધીમાં તેમને ચાર ઉપવાસ થયા હતા અને અહીંયા વળી બીજા ઉપવાસો થયા. ભૂખથી પેટ એકદમ ચોંટી ગયું હતું. તેઓ ભગવાનનાં દર્શન કરવા માટે દરવાજા તરફ ગયા. પણ સ્વામીને જ્યારે છાપો વિનાના દેખ્યા ત્યારે ત્યાં ઊભેલા દરવાણીએ કહ્યું કે, ''અરે બાવા, ક્યાં જા છો ? છાપ વિના જવા નહિ દઉં. તારા જેવા તો કપટી ઠગ કેટલાય અમને ઠગવા માટે અહીં આવે છે.

જેટલા કપટી બાવાઓ અહીંયા આવે છે તે અમને પૂછ્યા સિવાય અંદર જાય છે.'' પછી તે દરવાણીએ સ્વામીને ધક્કો મારીને હાથ ઉગામ્યો. ત્યારે અપાર ગુણવાન તે સ્વામી હસવા લાગ્યા. પછી ત્યાંથી નીકળી પાસે જ એક હાટ હતું ત્યાં જઈને બેઠા. તે વખતે એક ગુગળી વિપ્ર આવ્યો. ત્યારે મુનિવર્ય સ્વામીએ તેને કહ્યું, ''એ મહારાજ, મને દર્શન કરાવોને !'' ત્યારે તે વિપ્રે કહ્યું કે, ''અહીંની તો એવી રીત છે કે બધાને કેવળ ધનમાં જ પ્રીતિ છે. આ વાત હું સાચી કહું છું. ધનને માટે તો અહીંનો મનુષ્ય પોતાની પત્ની, પુત્રી અને બહેનને પણ વેચે છે અને તેની અહીં કોઈને લાજ શરમ હોતી નથી. તેથી ન કરવાના કામ કરે છે. તારી પાસે જો ધન હોય તો ચાલ મારે ઘેર. ત્યાં તને ઘણું સુખ મળશે. ધન વિના અહીં કોઈ સુખી થાતા નથી.'' ત્યારે સ્વામી બોલ્યા કે, ''હું તો સ્વામિનારાયણનો સાધુ છું. તેથી ધન તથા સ્ત્રીથી દૂર રહું છું.''

તે વિપ્રે સચ્ચિદાનંદ સ્વામીના પ્રત્યે કહ્યું કે, ''તારા ગુરુની પાસે તો બહુ ધન રહ્યું છે. તે તો ખુદ પ્રભુ કહેવાય છે. તેનો ત્યાગ કરીને તું કયા પાપથી અત્યારે અહીં આવ્યો છો ?'' આવું બોલીને તે વિપ્ર પોતાને ઘેર ગયો. તે સાંભળવા છતાં પણ મુનિવર સચ્ચિદાનંદ સ્વામીના મનમાં કાંઈ જ ક્ષોભ થયો નહિ. ત્યાં રહેનારા બીજા ઘણા લોકો ત્યાં આવતા હતા. પણ સ્વામીને નિર્ધન દેખીને મશ્કરી કરતા હતા અને કેટલાક તો આંખો કાઢીને ડારો દેતા હતા. તેઓ એટલા દિલના દુષ્ટ હતા કે તે કહી શકાતું નથી.

પછી બેઠા બેઠા સ્વામીએ મનમાં વિચાર કર્યો કે, 'અહીંયાં આપણા હજારો ત્યાગી સંતો આવશે, તે બધાની કેવી ગતિ થાશે ?

તેને બધાને દર્શન વિના ખૂબ દુઃખ થશે. હું તો અહીં એક પળવાર પણ રોકાઉં નહિ, તરત જ ગઢડાની વાટ પકડું, પણ ગુરુની આજ્ઞા છે અને હું તેમાં જ પરમ સુખ માનું છું. 'છાપ લીધા વિના અને દર્શન કર્યા વિના તમે અહીં પાછા આવશો નહિ.' આવું જે ગુરુનું વચન છે તે મને મનમાં ખટકે છે. શ્રીકૃષ્ણ બળવીર કહેવાય છે તે હવે શું કરશે ? જો છાપ લીધા વિના અને દર્શન કર્યા વિના પાછો જાઉં તો ગુરુનો ગુનેગાર કહેવાઉં. પણ આ લોકો ધન લીધા સિવાય દર્શનની પણ છૂટ આપતા નથી.

પછી સ્વામીના મનમાંથી મંદિરમાં દર્શનની આશા છૂટી ગઈ. તેથી તેઓએ મનમાં વિવેક-વિચારથી નક્કી કર્યું કે, અંતર્યામી જરૂર દર્શન દેશે તેમાં કાંઈ ખોટું નથી. સ્વામીએ મનમાં વિશ્વાસ રાખીને દૃઢ આસન બાંધ્યું. પછી બેસીને ધ્યાન લગાવ્યું અને અખંડ ભજન કરવા લાગ્યા. પોતે તો ભારે સમાધિવાળા હતા. તેથી હૃદયમાં ભગવાનની મૂર્તિની ધારણા કરી જ્યારે ઇચ્છે ત્યારે ભગવાનના દર્શન કરી શકતા હતા. છતાં પણ નિજગુરુ ભગવાન સ્વામિનારાયણનાં વચન જેમ સત્ય થાય તેમ કરવા ઇચ્છતા હતા. તે વખતે સ્વામીએ બંને હાથ જોડ્યા અને ભગવાનની આગળ દર્શન કરવા માટે વારંવાર સ્તુતિ કરવા લાગ્યા.

"હે કૃષ્ણ ! આપનો જય થાઓ. દયાળુ, આપ પ્રસન્ન થઈને મને દર્શન આપો. તમે મારા અંતરની જાણો છો. તમે તો પરમ કૃપાળુ છો. જગદ્વંદ્ય યદુપતિ ! આપનો જય થાઓ. ભવ બ્રહ્મા જેને ચાહે છે, વળી બધા દેવતાઓ જેમની સ્તુતિ કરે છે એવા રુકિમણી રમણ આપનો જય થાઓ. આપ કીર્તિ, ભક્તિ અને સત્ય ધર્મના આશ્રય છો અને શરણાગતના વત્સલ છો. હે દ્વારકાધીશ ! મને દીન જાણી, દિલથી પ્રસન્ન થઈને મારા ઉપર કૃપા કરો. પૂર્વે આપે અસુરોનો નાશ કરીને પોતાના ભક્તજનોને ઉગાર્યા છે. હે દયાળુ! આપે દ્રૌપદીના ચીર પૂર્યા છે. દુષ્ટ દુઃશાસને દ્રૌપદીનું માથું ખુલ્લું કરીને જ્યારે તેના કેશ ખેંચ્યા, ત્યારે આપ ગરુડનો ત્યાગ કરીને તત્કાળ ત્યાં આવ્યા હતા. દ્રૌપદીના કેશ ખેંચ્યા તેના ફળ સ્વરૂપે કૌરવોની સ્ત્રીઓનાં મસ્તક પણ મુંડાઈ ગયા. વળી, જ્યારે પાંડવો વનમાં હતા તે વખતે તેમને દુર્વાસાના શાપનો ભય લાગ્યો. કારણ કે, દુર્વાસા દસ હજાર શિષ્યો સાથ લઈને દ્રૌપદીના જમ્યા પછી આવ્યા હતા. ત્યારે આપે તે દુઃખથી પાંડવોને ઉગારી લીધા હતા. આપે શાકનું પાંદડું જમીને બધા મુનિઓને તેઓ સ્નાન કરવા ગયા હતા ત્યાં જ તૃપ્તિ કરાવી દીધી હતી. પછી તે મુનિઓ ભીમનો કઠોર સ્વભાવ વિચારીને ત્યાંથી ભાગ્યા હતા.

આપે સ્વર્ગમાંથી પારિજાતકના વૃક્ષને લાવીને સત્યભામાને પ્રસન્ન કર્યા હતા. સુખધામ એવા આપે ભોમાસુરને મારીને દેવતાઓનું કામ કર્યું હતું અને ઇન્દ્રનો ગર્વ પણ ઉતાર્યો હતો. બીજાં પણ ઘણાં ઘણાં કાર્યો કર્યાં હતાં. તેમજ કંસ જેવા ઘણા દુષ્ટ રાજાઓને માર્યા હતા. આપ અસુરોને મારવા માટે ઘણા અવતારોને ધારણ કરો છો. હે હરિ ! હું ઉદ્ધવીય સંપ્રદાયનો હરિઆશ્રિત સાધુ છું. મેં કરોડો પ્રયત્ન કર્યા છતાં આપ કોઈ રીતે દર્શન આપતા નથી. હે રણછોડરાય ! આપ પ્રસન્ન થાઓ અને મને હેતથી દર્શન આપો. હે ભગવન્ ! આપ અતિશય સુકોમળ હોવા છતાં પણ અત્યારે અપાર કઠણ થઈ ગયા છો. હું તો મારા મનમાં વિચાર કરી રહ્યો છું કે આપ મારી સંભાળ શાથી નથી લેતા ? આપને માટે વસુદેવ તથા દેવકી બંધાઈ રહ્યા હતા અને આપ તો ગોકુળમાં રહીને પ્રેમથી લીલા કરી રહ્યા હતા. તેઓ બાર વર્ષ સુધી બંદીખાનામાં રહ્યા. આ વાતને તો આખું જગત જાણે છે.

હે મોહન ! તે દિવસોમાં તમે તમારું મન કઠણ કર્યું હતું તે હજી સુધી આપે છોડ્યું નથી. તે હું જ્યારે અહીં આવ્યો ત્યારે મને ખબર પડી છે. તેમજ ગોપીઓની સાથે ઘણું હેત કર્યું હતું, છતાં તેમનો ત્યાગ કરીને અહીં દ્વારકા આવીને રહ્યા. તે બધી ગોપીઓ રડતી વિલાપ કરતી રહી, પણ તેના ઉપર આપ દયા લાવ્યા નથી. આજ સુધી તમે એ તમારી રીત છોડી નથી. કારણ કે, હું વિનંતિ કરું છું તેને આપ સાંભળતા નથી. અવિનાશી આપ પોતાના આખા કુળનો નાશ કરીને અહીં આવીને વસી ગયા છો. પોતાના યાદવોને પૃથ્વીના ભારરૂપ માનીને આપે નાનામોટા સહુનો સંહાર કર્યો અને જાણે હજુ પણ તેના તે જ વેગમાં આપનું મન ચડેલું છે કે શું ? તેટલા માટે જ તમારે શરણે આવેલા ભક્તો પીડાય છે. આ પાપીઓની પાસે લોકો પીડાય છે. તમે તો દીનબંધુ કહેવાઓ છો. જે ધનવાન લોકો છે તે પાપીઓને ધન આપે છે અને છાપો લે છે, પણ જે નિર્ધન હોય છે તે નિત્ય પીડાય છે.

હે પ્રભુ ! આપના આશ્રિત ત્યાગીઓની પાસે ધન ક્યાંથી હોય ? તમે દયાળુ કહેવાઓ છો, છતાં આ ત્યાગીઓનું ઉપરાણું લેતા નથી. હે બહુનામી ! આપ નિર્ધનોના ધન છો. ગરીબનિવાજ છો. હે સ્વામી ! આપ અનાથના નાથ છો છતાં મારી વિનંતિને સાંભળતા નથી. હે પ્યારા નાથ ! આપને ઉદ્ધવજી અપાર પ્રિય હતા. હું તેના સંપ્રદાયનો સાધુ છું. હે નાથ ! જેવો તેવો તોય આપનો છું. માટે સુખકારી એવા આપ મારી વિનંતિને સાંભળો. કદાચ છોરું કછોરું થાય પણ તેનો પિતા ક્યારેય તેનો ત્યાગ કરતો નથી." આવું કહીને સચ્ચિદાનંદ સ્વામી ધ્યાન કરવા લાગ્યા ત્યારે હૃદયમાં સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં. પીડાતા તે સંતની પીડાને જાણીને ભગવાન પ્રસન્ન થયા અને દર્શન દીધાં. મહા વદિ વિજયા એકાદશીએ દયાનિધિ ભગવાને નિષ્કપટ એવા સ્વામીને અંતરમાં દર્શન દીધાં. રુક્મિણી તથા સત્યભામા ભગવાનની સાથે હતા. તેમજ નિષ્કામ પાર્ષદ ઉદ્ધવજી તથા સાત્યકી ચામર કરતાં હતાં. અર્જુને

ભગવાનના મસ્તક ઉપર સોનાનું છત્ર ધારણ કર્યું હતું. એકદમ અદ્‌ભુત નૌતમ સ્વરૂપ હતું. તે દર્શન થતાંની સાથે જ તેમાં સ્વામીનું મન ચોંટી ગયું.

સચ્ચિદાનંદ સ્વામીને નવીન મેઘના સમાન શ્યામ સુંદર અને અંતર્યામી એવા ભગવાન દ્વારકાધીશનાં દર્શન પોતાના હૃદયમાં થયાં. દર્શન થવાથી અપાર આનંદ વધ્યો અને બધી વેદનાઓ દૂર થઈ ગઈ. તે સમયે ભક્તોના પ્રાણઆધાર એવા ભગવાન પોતે ખૂબ ભાવથી બોલ્યા, "મુનિવર ! વરદાન માગો. જે માંગશો તે અત્યારે હું આપીશ. તમારી ધીરજ દેખીને હું પ્રસન્ન થયો છું. આમ કહીને હૃદયમાં રહેલા ભગવાન અંતર્ધાન થઈ ગયા. તેથી સ્વામી ધ્યાન કરતા હતા તે વ્યાકુળ થઈને એકદમ જાગી ગયા.

જે વખતે ધ્યાનમાંથી બહાર આવ્યા તે વખતે જેવાં દર્શન થયાં હતાં તેવા જ ભગવાન બહાર દેખાયા. તેમણે વિવિધ પ્રકારનાં બધાં દિવ્ય વસ્ત્ર અને આભૂષણ પહેર્યાં હતાં. મસ્તક ઉપર મણિમય મુકુટ ધારણ કર્યો હતો. કંઠમાં મોતીના હાર હતા. ભુજાઓ ઉપર નંગ જડિત બાજુબંધ ધાર્યા હતા અને બંને કાનમાં નંગ જડિત કુંડળ હતા. કમર ઉપર પીતાંબર પહેર્યું હતું અને ચરણોમાં સુંદર ઝાંઝર પહેર્યાં હતાં. મુખ ચંદ્રમા જેવું પ્રસન્ન અને સુશોભિત હતું. તે મુખનાં દર્શન કરનારાની મનોવૃત્તિ તૃપ્ત થતી નહિ. ચાર ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ એ ચાર આયુધ ધારણ કર્યાં હતાં. આવાં ચાર આયુધ ધારી રહેલા દ્વારકાનાથે ઘણા ભાવથી દર્શન દીધાં. પોતાનાં દર્શન માટે જેણે ઘણું કષ્ટ સહન કર્યું હતું એવા જે પ્રેમાધીન મુનિ હતા, તેને રણછોડજીએ જોયા. અલબેલો તેમના ઉપર અઢળક ઢળ્યા. તે મુનિને છાતી સાથે ચાંપીને ભેટ્યા. પછી વાલમજીએ એમ કહ્યું કે, "તમે માગો. જે માગશો તે હું અત્યારે આપીશ."

ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા, "મંગળમૂર્તિ એવા હે યદુનાથ ! આપનો જય થાઓ. આપને હું મારા હૃદયમાં ભૂલીશ નહિ. આપ કરુણાના સાગર છો તેથી આપે મને દર્શન દઈને મારું દુઃખ-સંકટ કાપ્યું છે. હે સુખનિધાન ! આપ સાંભળો. હવે હું જે માગું છું તે કહું છું. મારા ગુરુ ભગવાન સ્વામિનારાયણે આજ્ઞા કરી છે કે, ત્યાગી તથા ગૃહસ્થ સહુ હરિભક્તએ દ્વારકાની યાત્રા કરવી, એમ તેમણે કહ્યું છે. સ્વામી બોલ્યા કે, જેટલા ગૃહસ્થ છે તે બધા તો ધન આપીને વિધિ પ્રમાણે ખુશીથી યાત્રા કરી શકે છે, પણ જે ધનનો ત્યાગ કરી ચૂકેલા ત્યાગી છે તે આપનાં દર્શન કેમ કરી શકશે ? તમે તો મૌન વ્રત લીધું છે, પણ આમાં ત્યાગીઓની શું દશા થાય ?

પછી તો સ્વામીએ પોતાની આપવીતી કહી તથા ત્યાગીઓની પીડા વિશે પણ કહી સંભળાવ્યું. આ દ્વારકામાં અપાર લોકો પીડાય છે. તે બધાને જે રીતે સુખ થાય તેમ નિર્ધાર કરીને આપ કહો. જ્યારે હું ગોમતીમાં સ્નાન કરવા ગયો, ત્યારે હું ધન નહિ રાખતો હોવાથી મને સ્નાન કરવા દીધું નહિ અને આરંભડા ગામમાં ગૂગળીને ઘણી પ્રાર્થના કરી તોપણ છાપો આપી નહિ. છેવટે મારે જ્યારે અગિયાર ઉપવાસ થયા ત્યારે આપ મુરારિનો મેળાપ થયો છે. જેટલા તીર્થમાં આવીને બેઠા છે તેમાં કોઈને ધન લેવા સિવાયની દયા હોતી નથી. ત્યાગીઓ પાસે આપવા માટેનું ધન હોતું નથી, તેથી જેટલા નિર્ધન છે તે પીડાય છે. હે ભગવન્ ! જે નિર્ધન હોય તે પણ તીર્થમાં સુખી થાય તેવું હું માગું છું તો તે વરદાન મને આપો. સહુને સારી રીતે તીર્થ થાય તેમ આપ કરો. આ મારી વિનંતિને આપ દિલમાં ધારો."

ત્યારે દ્વારકાનાથ વિચારીને બોલ્યા કે, "હે મુનિ ! હું સહુને માટે હિતકારી વચન કહું છું. તે મારી વાતને તમે સાચી માનો. હું તમારી બધી ઇચ્છાઓને પૂરી કરીશ. આ તીર્થમાં રહેનારા તો લોભી અને નિર્દય થઈ ગયા છે. તેથી ધન માટે મારા ભક્તોને પીડે છે. લોકો અમારા માટે અપરંપાર કષ્ટને સહન કરે છે. તે લોકોને પીડીને જે ધન લેવામાં આવે છે, તે લેનારાઓને ક્યારેય ઉપયોગી નહિ થાય. જે લોકોની રક્ષા કરે છે તેની પાસે રહેલું ધન જ સાર્થક છે, પણ લોકોને પીડીને જે ધન લે છે તેને કોઈ જન્મમાં ક્યારેય સુખ થતું નથી. આ મારી વાત સત્ય છે, પણ તેને લોભી લોકો નથી માનતા. તેથી તેને ભવિષ્યમાં એટલું દુઃખ થાય છે કે જે કહી શકાતું નથી. હે મુનિવર ! તમને અહીંના લોકોએ દુઃખ દીધું છે. માટે હું તમારી સાથે જરૂર આવીશ, તે નિશ્ચિત કહું છું. હે મુનિ ! હવે તમે જ્યાં કહો ત્યાં નિવાસ કરીને હું રહીશ. મને ધર્મ રુચે છે પણ અધર્મ ક્યારેય રુચતો નથી. જે સ્થાનમાં જ્યાં સુધી પ્રસિદ્ધ રીતે ધર્મ તથા દયા રહે છે, ત્યાં સુધી હું ત્યાં નિવાસ કરીને રહું છું."

ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા કે, "આપ વડતાલધામમાં આવીને નિવાસ કરો. ચરોતર જેવો કોઈ દેશ નથી. એ દેશ આંબાનાં વૃક્ષથી છવાયેલો છે અને નિરંતર તેની ઘાટી છાંયા હોય છે. બીજાં વૃક્ષો પણ ત્યાં અપાર છે અને હજારો ચંદનનાં વૃક્ષ પણ છે. ગામેગામ ફૂલબાગ હોય છે. આપ તે સ્થાનમાં રહો. ત્યાંના પાટીદારો જમીનદાર છે. તેઓ ધર્મ અને અધર્મને સમજે છે. તે બધાને શાસ્ત્ર સાંભળવામાં ઘણો ભાવ છે અને સત્ય ધર્મ તેમને ગમે છે. જે અધર્મને માર્ગે ચાલે છે તેને તેઓ મનુષ્ય માનતા નથી.

જે સાધુ થઈને ધન કે સ્ત્રીને રાખે છે તેને તે સાધુ જ માનતા નથી, પરંતુ તેને જગતના મળના રૂપમાં દેખે છે. તેઓ સ્ત્રી-ધનનો ત્યાગ રાખનારાને જ ભાગ્યશાળી સંત માને છે. તેમને મુખે ભગવાન સિવાય બીજી કોઈ વાત હોતી નથી અને પોતાના મનને

રાત-દિવસ ભગવાનની મૂર્તિમાં જોડી રાખે છે. ધર્મની રક્ષા માટે અને અપાર ચરિત્રો કરવા માટે ભગવાન અવતાર ધારણ કરે છે. તે ભગવાનનાં ચરિત્રોને ગ્રંથમાં તથા કીર્તનોમાં યથાર્થરૂપમાં ત્યાં રહેલા ભક્ત કવિઓ ગૂંથી લે છે. ભગવાન સમાન બીજા કોઈને ન જાણનારા કવિઓ 'ભગવાનના સંબંધવાળી વાતો મોક્ષના દ્વારરૂપ છે,' એમ જાણીને ગ્રંથમાં લખતા હોય છે. તેઓ આપને પ્રસન્ન કરવા માટે જ બધી બાબતો કરતા હોય છે. આવી બધી બાબતો જ્યાં હોય તેને સત્સંગ કહેવાય છે. એવા સત્સંગમાં આપ સોહામણા લાગશો. વળી, વૈકુંઠવાસી શ્રીલક્ષ્મીનારાયણ દેવ તે વડતાલ ગામમાં ઘણા દયા ભાવથી નિવાસ કરીને રહ્યાં છે. માટે અત્યારે તો આપ તે પ્રભુ લક્ષ્મીનારાયણમાં આવીને નિવાસ કરો અને શંખ, ચક્ર, ગદા અને પદ્મરૂપ છાપોને પણ સાથે લાવો.

પ્રભુ દ્વારકાનાથને સ્વામીએ કહ્યું કે, "આપ ગોમતીને પણ સાથે લાવજો. જ્યારે આપ દ્વારકાથી વડતાલ આવશો ત્યારે આપનું નામ સદા ચરોતરમાં પણ ગુંજતું રહેશે. જ્યારે આપ વડતાલમાં નિવાસ કરો ત્યારે રુક્મિણી આદિક અષ્ટ પટરાણીઓને પણ સાથે લાવજો."

ત્યારે દ્વારકાનાથ મુનિના પ્રત્યે બોલ્યા, "તમે જે કહો છો તે બધાને હું લાવીશ. ખરેખર તો મેં વડતાલ આવવાની જ્યારે ઇચ્છા કરી ત્યારે જ તેને જાણીને તમારા ગુરુ ભગવાન સ્વામિનારાયણે તમને અહીં મોકલ્યા છે. હે મુનિવર ! તમે તો ધ્યાની છો, પણ તમારા ગુરુ અને અમારી આ જે વાત છે તેને તમે જાણતા નથી. અમે બંને તો એક જ છીએ, એમ તમે સાક્ષાત્ જાણો. અમારા અનંતરૂપ હોવા છતાં પણ અમે એક જ છીએ. જે મૂઢ બુદ્ધિના લોકો હોય છે તેમને પોતાનું પણ લેશમાત્ર જ્ઞાન હોતું નથી, છતાં અમારી બાબતમાં પોતાની બુદ્ધિ પ્રમાણે તર્ક કરે છે. અમારી બાબતમાં જેટલા તર્ક કરે તે બધા બાળબુદ્ધિના છે. બ્રહ્માથી લઈને અક્ષર પર્યંત અમારી બાબતમાં બાળક ગણાય છે.

ભલે તે લોકો બીજું ગમે તેટલું અભિમાન કરે, પરંતુ તેમને તો પોતાની પણ કાંઈ ગમ હોતી નથી. ગમે તેવા પંડિત હોય તોપણ જ્યાં સુધી પોતાના જીવનો ઉદ્ધાર નથી કરતા, ત્યાં સુધી તે ચોક્કસરૂપમાં પશુ ગણાય છે. સત્સંગની સમજણ ન આવે તો કરોડો કલ્પ સુધી તે પશુમાં જ ખપે છે. ભણનારાઓને સત્સંગે કરીને વેદ તથા પુરાણોનાં અર્થ સવળા ભાસે છે, તેથી જ તે અર્થ યથાર્થરૂપ માં સમજાય છે. સહુથી અધિક સત્સંગ કહેવાય તેવો આ સત્સંગ છે. જેમ તમે કહ્યું તેમ હું બધું કરીશ. હવે તમે ગોમતી નદીએ જાઓ. તમારા સંગાથી અયોધ્યાવાસીઓ ગોમતી તીર્થ ઉપર છે. તેઓ તમારી રાહ દેખે છે. માટે તમે જઈને તેમને મળો." આ રીતે સચ્ચિદાનંદ સ્વામીને કહીને ભગવાન તરત અંતર્ધાન થયા.

ભગવાન સ્વામિનારાયણની કૃપાથી મને અત્યારે આ દિવ્ય દર્શન થયાં છે, એમ વિચાર કરતાં કરતાં સચ્ચિદાનંદ સ્વામી બેટ દ્વારકાથી તરત ચાલતા થયા. જ્યાં અયોધ્યાવાસી હતા ત્યાં આવીને તેમને ઘણા પ્રેમભાવથી મળ્યા. તે સહુનાં મુખ આનંદથી ખીલી ગયાં અને તે સુખી સુખી થઈ ગયા. પરસ્પર એકબીજાની કુશળતા પૂછી. મુનિવરે અમુક વાત કહી અને અમુક વાત ન કહી. તે દિવસ દ્વાદશીનો હતો. સહુએ ઘણા આનંદથી પારણાં કર્યાં.

જ્યારે સવાર થયું ત્યારે દ્વારકાને સંભારતાં સહુ ચાલ્યા. પછી જ્યારે દ્વારકાનું દુઃખ દિલમાં સંભારીને સૂતા ત્યારે સ્વપ્નમાં શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થતાં હતાં. રણછોડરાયજી ચોક્કસ સાથે આવતા હતા, તેમાં કાંઈ ખોટું ન હતું. દ્વારકાના બધા તીર્થસમાજને સાથે લઈને આવતા હોય એવાં નિત્ય દર્શન કરતાં હતાં. આ રીતે સહુ ગઢપુર આવ્યા. સાંજને સમયે શ્રીહરિવર સભામાં આવીને જ્યારે બેઠા હતા ત્યારે ત્યાં આવીને સહુએ દંડવત્પ્રણામ કર્યા. ત્યારે શ્રીહરિએ તેમને હેતથી પાસે બોલાવ્યા અને કહ્યું કે, "તમે દ્વારકાની યાત્રા કરીને ભલે આવ્યા. તમારી ભક્તિને ધન્ય ધન્ય છે." પછી મુનિવર સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા કે, "અમે બધા આપના પ્રતાપ થી સકુશળ અહીં પાછા આવ્યા છીએ, પણ ત્યાંનું દુઃખ તો કહી શકાતું નથી." સ્વામીના શબ્દ સાંભળીને સભામાં જેટલા ત્યાગી સંતો બેઠા હતા તે બધા ઘણા ઉદાસ થઈ ગયા અને સહુએ શ્રીહરિને કહ્યું કે, "ત્યાગીઓએ દ્વારકા જવું તે યોગ્ય નથી."

પછી દ્વારકાધીશે જે રીતનું વરદાન આપ્યું તે બધી વાત સચ્ચિદાનંદ સ્વામીએ હરખથી કરી. ત્યારે બધા ત્યાગીઓ અપાર પ્રસન્ન થયા. તે વખતે ભગવાન સ્વામિનારાયણે બધી વાત સાંભળીને તે વાત સહ સ્વામીનો સત્કાર કર્યો અને બોલ્યા કે, "તમે બધા સાધુ અપાર ભાગ્યશાળી છો." ત્યારે તે મુનિએ હાથ જોડીને કહ્યું કે, "હે મહારાજ ! આ બધો પ્રતાપ તો આપનો છે. હવે આપ વડતાલ ચાલો, લગાર પણ વિલંબ કરશો નહિ." ત્યારે ભગવાન શ્રીહરિ રાજી થઈને બોલ્યા કે, "હવે વડતાલ તો નિશ્ચિત જવાનું છે. ફાગણ સુદિ પૂનમને દિવસ ફૂલદોલ છે, માટે હવે આપણે તે દિવસનો ઉત્સવ કરવા જવાનું છે."

શ્રીહરિએ બધા ત્યાગી અને બાઈ-ભાઈ ગૃહસ્થને કાગળ લખીને ફૂલદોલના ઉત્સવમાં વડતાલ બોલાવ્યાં. બધા સંતો આનંદથી ભગવાનનું સ્મરણ કરતાં કરતાં તે રાતે સૂતા. સહુએ સ્વપ્નમાં રુકિમણીજીએ સહિત સુશોભિત એવા રણછોડરાયજીનાં દર્શન કર્યાં

અને સવારમાં ઊઠ્યા પછી સહુ સંતોએ પરસ્પર તે વાત કહી. સહુએ ભગવાન શ્રીહરિની આગળ સ્વપ્નમાં જે રીતે દર્શન થયાં હતાં તે બધી વાત કહી. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તે વાત સાચી છે. સહુ વડતાલ જવાની તૈયારી કરો."

પછી બહુનામી સર્વ સુખનું મૂળ એવા ભગવાન શ્રીહરિ સંત હરિભક્તોની સાથે તેમજ અયોધ્યાવાસીઓની સાથે ફાગણ સુદિ સાતમને દિવસ ગઢપુરથી વડતાલ જવા ચાલતા થયા. ઉત્સવ ઉપર પહોંચવાની તૈયારી કરીને સાથે અશ્વની સવારી લીધી. શ્રીહરિએ ડાબા હાથમાં અશ્વની લગામ પકડી અને પોતાની સાથે ઘણા શૂરવીર યોદ્ધા ભક્તો હતા. શ્રીહરિની માણકી ઘોડી સોનેરી સાજથી સોહામણી લાગતી હતી. ભગવાન શ્રીહરિએ પોતે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. લલાટમાં કેસરયુક્ત તિલક અને મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો હતો. શ્રીહરિનું નૌત્તમ અદ્‌ભુત સ્વરૂપ ભક્તજનોનાં મનને હરી લે એવું હતું. મજલે મજલે સંઘે સહિત ગામની બહાર ઉતારા કરતાં કરતાં પ્રથમ કુંડળ, પછી ખસતા, ત્રીજું બોરું અને ચોથા સીંજીવાડે જઈને રાત રોકાયા.

ફાગણ સુદિ એકાદશીને દિવસે શ્રીહરિ વડતાલ આવ્યા, ત્યારે તેમની સાથે સંતો પણ હતા. તે જ દિવસે રાણી રુક્મિણી વગેરેને સાથે લઈને દ્વારકાનાથ રણછોડજી પણ વડતાલ આવ્યા. વડતાલમાં લક્ષ્મીનારાયણરૂપે શ્રીકૃષ્ણ રહ્યા છે, એમ ઘણા દેશના ભક્તોએ ત્યાં દર્શન કર્યાં. કારણ કે, તે સમયે જ દ્વારકાથી વડતાલ આવેલા રણછોડજીએ તે મંદિરમાં લક્ષ્મીનારાયણની મૂર્તિમાં નિવાસ કર્યો હતો. તે સમયે ત્રિલોકીમાં જયજયકાર થઈ ગયો. સહુને અપાર આનંદ થયો અને જેટલી જાતનાં વાજિંત્રો હતાં તે વાગવાં લાગ્યાં. પછી વડતાલમાં ફૂલદોલને દિવસે કોઈ દિવસ ન કર્યો હોય તેવો અદ્‌ભુત ઉત્સવ કર્યો.

ભગવાન શ્રીહરિએ લક્ષ્મીનારાયણ દેવના સ્વરૂપમાં દ્વારકાધીશ રણછોડજીની ઘણા ઉપચારોથી પૂજા કરી. સહુ હરિભક્તોએ પણ ઘણા પ્રેમથી પૂજા કરી. જે દિવસથી દ્વારકાધીશ બધાં તીર્થોને સાથે લઈને દ્વારકાથી વડતાલ આવ્યા, ત્યારે તે તીર્થો ગામની પાસે ઉત્તર દિશામાં સુંદર તળાવ છે ત્યાં રહ્યા. ત્યાંના ચારેય તરફને કિનારે આંબાની ઘાટી છાયાવાળા બગીચાઓ છે. તે વૃક્ષોમાં અપાર ફળો ઝૂકી રહ્યાં હતાં. શ્રીકૃષ્ણે કહ્યું ત્યારે લોકોનાં પાપને ધોવા માટે તે તળાવમાં ગોમતીજી રહ્યા. તેમજ બીજા દેવતાઓ અને ઋષિ-મુનિઓનાં જે તીર્થો હતા, તે બધાંનો નિવાસ પણ વાલમજી શ્રીહરિએ કહ્યું તે પ્રમાણે ગોમતી અને વડતાલની આસપાસમાં કરાવ્યો.

પછી દ્વારકાનાથે ભગવાન શ્રીહરિને સ્વપ્નમાં આવીને કહ્યું કે, "હવે મારા ચારેય આયુધોની સુંદર છાપો કરાવો અને પછી બધા સંતો, વર્ણી અને હરિભક્તોને તે છાપથી અંકિત કરો." રણછોડજીનું વચન સાંભળ્યા પછી શ્રીહરિએ જૂનાગઢમાં રહેતા ભુજના નારાયણજીભાઈ સુતારની પાસે તે પવિત્ર આયુધોની છાપો કરાવી. તે બાર છાપ કરીને લાવ્યા. તે શ્રીહરિની આગળ મૂકી ત્યારે તેના ઉપર ગોપીચંદન લગાવીને પ્રથમ શ્રીહરિએ લીધી. શ્રીહરિ જ્યારે વડતાલ આવતા ત્યારે આરામ કરવા માટે વાસણ સુતારને ઘેર રહેતા હતા. તેમના મકાનની પાછળ વાડામાં જવાનું બારણું હતું. તે વાડામાં એક સુંદર મંડપ બંધાવ્યો અને નીચે લીંપણ કરાવ્યું.

શ્રીહરિ સવારે અને સાંજે રોજ ત્યાં આવીને સ્નાન કરતા હતા અને ત્યાં જ બેસીને બે વખત થાળ જમતા હતા. જેટલી છાપો હતી તે બધી શ્રીહરિએ પ્રસાદીની કરી આપી. પછી તે બ્રહ્માનંદ સ્વામીને આપી. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને આનંદાનંદ સ્વામી વગેરે સંતો શ્રીહરિની સમીપે બેઠા હતા. ત્યારે શ્રીહરિની આજ્ઞાથી નારાયણજીભાઈએ તે છાપોને તપાવીને તે સહુ સંતોને છાપ આપી. તે છાપો અતિશય સુંદર છપાઈ. શ્રીહરિ તેને દેખીને ખૂબ જ રાજી થયા. સુખકારી શ્રીહરિ થાળ જમ્યા. પછી જે સંતોએ ત્યાં છાપો લીધી હતી તેમને થાળની પ્રસાદી આપી.

### ● વડતાલમાં ભવ્ય રંગોત્સવ :

પછી લક્ષ્મીનારાયણ દેવના મંદિરની પાછળના ભાગમાં એક બેઠક રચી હતી, ત્યાં આવીને શ્રીહરિ વિરાજમાન થયા. પછી સંતો, વર્ણી અને સર્વે હરિભક્તોની સભા ભરાઈને ત્યાં બેઠી. શ્રીહરિએ ધૂળેટીને દિવસે રંગ ઉડાડ્યો. તે રંગ કેસર અને કેસુડાનો બનાવ્યો હતો. તે રંગથી શ્રીહરિએ સંતો અને હરિભક્તોને ભરી દીધા. જ્યારે શ્રીહરિ રંગ ઉડાડી રહ્યા ત્યારે ગુલાલ ઉડાડવા લાગ્યા. મંદિરની ફરતો જેટલો ચોક છે તે બધાને રંગ રંગ અને ગુલાલમય કરી દીધો. ત્યાં રંગનો કીચડ કરી દીધો. તેની એવી શોભા બની કે જે કહી શકાતી નથી. નંદરામજી, ગોપાલજી અને સીતારામજીએ કેસરનો રંગ લઈને શ્રીહરિ ઉપર નાંખ્યો. કારણ કે, તેમને શ્રીહરિ ઉપર બહુ હેત હતું. જેટલા અયોધ્યાવાસીઓ હતા તે બધાએ કેસરનો રંગ બનાવીને શ્રીહરિ ઉપર નાંખ્યો હતો. જ્યાં સુધી શ્રીહરિ રંગ ઉડાડતા રહ્યા ત્યાં સુધી વિવિધ પ્રકારનાં વાજિંત્ર ઉત્સાહભેર વાગી રહ્યાં હતાં. જ્યારે શ્રીહરિ ગુલાલ ઉડાડવા લાગ્યા ત્યારે તેની ડમરી ચૌદ લોક સુધી પહોંચી ગઈ. તે ગુલાલની ડમરીને જોઈને દેવતાઓ પણ પોતાના મનમાં કૃતાર્થ માનવા લાગ્યા અને બોલતા કે, 'જ્યાં શ્રીહરિ વિચરે છે તે ભૂમિને ધન્ય છે.'

જ્યાં શ્રીહરિ વિચર્યા છે તે ભૂમિમાં રહેનારા મનુષ્ય, પશુ, વૃક્ષ, વેલી, સરોવર અને નદી આ બધાંને ધન્ય છે. કેમ જે, બીજી

બધી બાબતો તો મળી શકે છે, તે કાંઈ દુર્લભ કહેવાતી નથી; પણ સત્સંગ અને પ્રગટ શ્રીહરિનો યોગ મળવો તે અતિશય દુર્લભ છે. આવી રીતે દેવતાઓ વારંવાર સહુની અપાર પ્રશંસા કરતા હતા. જ્યારે શ્રીહરિ રંગે રમી રહ્યા, ત્યારે પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી અને જ્ઞાનાનંદ સ્વામી ઇત્યાદિક દસ-બાર સંતો દોકડ તથા સરોદ આદિક વાજિંત્રોને લઈ વસંત, હોરી તથા ધુમારનાં પદો પ્રેમ મગ્ન ભાવથી બોલવા લાગ્યા.

જ્યારે સંતો ઉપર કહેલાં પદો બોલી રહ્યા, ત્યારે શ્રીહરિએ સહુને કહ્યું, "પહેલા જેટલા સંતો અને વર્ણીઓ છો તે બધા છાપ લઈ લો. પછી જે હરિભક્તો છો તે બધાએ છાપ લેવી." શ્રીહરિએ જે રીતે કહ્યું તે રીતે બધા કરવા લાગ્યા. સંતો જ્યારે છાપ લઈ રહ્યા, તે વખતે હરિભક્તો છાપ લેવા લાગ્યા. હરિભક્તો બહુ ઝાઝા હતા. તેથી તે સહુને દેખીને શ્રીહરિ બોલ્યા, "અમારી આજ્ઞાએ કરીને નારાયણજીભાઈ સુતાર આ મંદિર છે ત્યાં હરિભક્તોને છાપો આપે અને આધારાનંદ સ્વામી ગોમતી કિનારે બેસી હરિભક્તોને છાપો આપે એવી અમારી આજ્ઞા છે." બ્રહ્માનંદ સ્વામીની પાસે છાપો હતી. તેથી શ્રીહરિએ તેમને કહ્યું કે, "તમે તે છાપો મગાવી દો." પછી બ્રહ્માનંદ સ્વામીએ તરત તે છાપો મગાવીને શ્રીહરિને આપી. તે વખતે શ્રીહરિ ગોમતીને કિનારે બેઠા હતા.

ભગવાન શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી પાસેથી જે છાપો મગાવી હતી, તે રાજી થઈને આધારાનંદ સ્વામીના હાથમાં આપી. પછી પોતાના કંઠમાં પહેરેલો ગુલાબનો હાર હતો તે તત્કાળ ઉતારીને સ્વામીને પહેરાવ્યો. ગોમતીથી પૂર્વ દિશા તરફ ઘણી સારી જાતના આંબાઓ હતા. તેની છાંયા ઘણી ઘાટી હતી. શ્રીહરિએ ત્યાં એક આંબાને ફરતો ચારે બાજુ વીશ-પચીશ હરિભક્ત બેસે તેટલો ઈંટો મૂકીને કોટ તરત કરાવી દીધો. જે હરિભક્તો છાપ લે તે બધા તેના દ્વારથી અંદર પેસે અને ત્યાંથી બહાર નીકળતા હતા. તે સહુ છાપ લઈને શ્રીહરિનો ચરણસ્પર્શ કરતા હતા. જ્યાં છાપો આપતા હતા, ત્યાં શ્રીહરિએ ચોકી માટે ચાર પાર્ષદો રાખ્યા હતા. શ્રીહરિ જ્યાં સુધી વડતાલમાં રહ્યા ત્યાં સુધી હરિભક્તો સવારથી સાંજ સુધી શ્રદ્ધાભાવથી છાપો લેતા અને તે છાપ નિમિત્તે અડધો રૂપિયો ભેટમાં ધરતા હતા.

ગોમતી તળાવ ઘણું છીછરું હતું. તેથી શ્રીહરિએ પ્રસન્ન થઈને સંતો તથા હરિભક્તોને તેનો ગાળ કઢાવવા માટે કહ્યું. તે વખતે કચ્છ દેશના સુતાર હરિભક્તો ત્યાં આવ્યા હતા. લાલજી, માવજી તથા હીરજી એ નામે તે હરિભક્ત સુતારોએ શ્રીહરિની પાસે આવીને કહ્યું, "અમે મોટાં હળ બનાવી દઈએ. ત્રણ હળ જો ફરતાં રહે તો ઘણી જમીન ઊખડે." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "જે રીતે ગાળ નીકળે તે રીતે તમે કરો." પછી તે ભક્તો હળ બનાવીને લાવ્યા અને તે ગોમતીમાં ચાલવાં લાગ્યાં. તેથી અપાર માટીનો ગાળ નીકળવા લાગ્યો. ગાળ કાઢનારા સંતો અને હરિભક્તો અપાર હતા. શ્રીહરિ પણ સહુની સાથે પોતાના રૂમાલમાં ગાળ લઈને કાઢતા હતા. સંતો તથા હરિભક્તો પોતાના વસ્ત્રમાં ગાળ લેતા હતા.

ફાગણ વદિ ત્રીજને દિવસે સર્વ પ્રથમ શ્રીહરિએ ગોમતીમાંથી ગાળ લઈને બહાર કાઢ્યો હતો. ચૈત્ર સુદિ એકાદશી સુધી શ્રીહરિ વડતાલમાં તે વખતે રહ્યા હતા. રોજ દિવસ એક પહોર ચઢે, ત્યાં સુધી શ્રીહરિ ગોમતીમાંથી ગાળ કઢાવતા હતા. દિવસ એક પ હોર પાછલો રહ્યો ત્યારે મંદિરના મંડપના પરથાર કરવાનો આરંભ કર્યો. તે સેવા કરવાનો સંતો અને હરિભક્તોમાં ઘણો હરખ ભર્યો હતો. ભક્તિપ્રિયાનંદ સ્વામી તથા અચ્યુતાનંદ સ્વામી ઈંટોને ગોઠવવા માટે રોજ માટીનો ગારો કરતા હતા. સહુ સંતો મળીને મંદિરના પાયા પાણી નીકળે ત્યાં સુધી ગાળતા હતા. તે કામમાં ગામનાં જેટલાં હરિભક્ત બાઈ-ભાઈ હતાં તે સહુ આવતાં હતાં. સહુ ઈંટોને પોતાનાં માથાં ઉપર લાવતાં હતાં, જેનાથી જેટલી ઊપડે તેટલી લેતાં હતાં. હરિભક્ત મોટા અમીન પાટીદારોના ઘરની બાઈઓ ક્યારેય ઘરનું કામ પણ કરતી નહિ, તોપણ શ્રીહરિને રાજી કરવા માટે માથાં ઉપર ઈંટો લાવતી હતી. શ્રીહરિ તે બાઈઓને 'ના' કહેતા તોપણ તે બંધ થતી નહિ. રોજ એક લાખ ઈંટ સહેજે આવતી હતી, તેમાં કોઈને થાક દેખાતો નહિ. રોજ જેટલી ઈંટો આવતી હતી તે મંદિરનો મંડપ તૈયાર કરવાના પાયામાં વપરાઈ જતી હતી. સંતો અને હરિભક્તોની મહેનત જોઈને શ્રીહરિ સંધ્યા આરતી કર્યા પછી નિત્ય અમૂલ્ય વાતો કરતા હતા કે જે વાતને તુલ્ય બીજી કોઈ વાત આવે નહિ.

એક એક હરિભક્તને કદાચ રોજ કરોડ કરોડ રૂપિયા મળતા હોય, પરંતુ તે ધન તો બધું અનિત્ય ગણાય છે. આ મંદિરની સેવા બ્રહ્માદિક દેવતાઓ રાત-દિવસ ઇચ્છતા હોય તોપણ મળે નહિ, તે વાત ખરેખર સાચી છે. એક દિવસ તો સુખદાયક શ્રીહરિ રાજી થઈને સહુ સંતોને ભેટ્યા અને સેવા કરનારા સહુ સંતોને શ્રીહરિએ ધન્યવાદ આપ્યા. આ રીતે દસ દિવસમાં મંદિરનો પરથાર અને મંડપ પૂરો કર્યો. તેટલીવારમાં રામનવમીનો દિવસ આવ્યો.

જ્યારે રામનવમી નજીક આવી ત્યારે દેશદેશના અપરંપાર હરિભક્તો વડતાલ આવ્યા. તે દિવસોમાં શ્રીહરિએ પોતાની બેઠક ગામ બહાર કરી. તે બેઠક ગોમતીને કિનારે કરી. જે હરિભક્તો આવતા હતા તે શ્રીહરિને માટે ફૂલના હાર લાવતા અને ઘણા

પ્યારથી શ્રીહરિને પહેરાવતા. સંતો ત્યાં બેસીને કીર્તન ગાતા હતા અને ક્યારેક તો રાસના રૂપમાં ફરીને કીર્તન ગાતા હતા. ક્યારેક શ્રીહરિ ધર્મ અને નિયમની વાતો કહેતા. કોઈ વખતે પ્રશ્ન ઉત્તર કરતા ત્યારે હર કોઈ ભક્ત આવીને પ્રશ્ન પૂછતા. શ્રીહરિ જે સ્થળે વિરાજમાન હોય માનો તે સ્થળ ગોલોક ધામ હોય તેવું જણાતું હતું. અથવા તો માનો અક્ષરધામ બન્યું હોય કે વૈકુંઠધામ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ, વૃંદાવન અને ગોકુળના જેવું એ સ્થાન ભક્તજનોને જણાતું હતું. ભગવાનનાં જેટલાં ધામ કહેવાય છે તે બધાં ધામના જેવી અહીંયા શોભા થઈ હતી. જેવી શોભા થઈ હતી તે મારાથી કહી શકાતી નથી. જેના અંતરમાં સત્સંગ રહ્યો હોય તેને તે દેખ્યામાં આવતું હતું. પરંતુ સત્સંગ જે રીતનો છે તે રીતે જાણવો કઠણ છે.

જેટલી નિર્દોષ બાબતો હોય તે સત્સંગ કહેવાય છે અને જેટલી દોષયુક્ત બાબતો હોય તે કુસંગ કહેવાય છે. જેટલું ભગવાન ઉપર હેત હોય તેટલું સત્સંગ ઉપર હેત હોય તો તેને સત્સંગ થયો કહેવાય. ગમે તેવી વાત હોય પણ તેને ક્યારેય શ્રીહરિના સમાન દેખે નહિ તથા સત્સંગના સમાન દેખે નહિ, ત્યારે તે સત્સંગ કહેવાય છે. જેમ ચિંતામણિ અને કાચમાં તફાવત છે, તેમ સત્સંગ અને કુસંગમાં તફાવત છે.

રામનવમીના દિવસે શ્રીહરિનો ૪૩ મો જન્મદિવસ છે, એમ જાણીને હરિભક્તોએ રંગ બનાવ્યો હતો. હુતાશની ઉપર જે હરિભક્તો વડતાલ આવી શક્યા ન હતા, તેમણે શ્રીહરિની રંગક્રીડા દેખી ન હતી. તે સહુને શ્રીહરિની રંગક્રીડાનાં દર્શન કરવાનો ભાવ હતો. તેમનો ભાવ જોઈને શ્રીહરિ અતિ પ્રસન્ન થયા અને રંગ ખેલવાની હા કહી. તેથી તે સહુ હરિભક્તો શ્રીહરિ પાસે રંગ લાવ્યા.

વડોદરા શહેરના લાલદાસ મારુ નામે સોની હરિભક્ત બહુ પ્રેમી હતા. શ્રીહરિના ઉપર તેને જે ભાવ હતો તે ન કહી શકાય તેવો હતો. તે ચાંદીની એક પિચકારી કરીને લાવ્યા હતા. તે પિચકારી શ્રીહરિના હાથમાં આપી. શ્રીહરિએ પિચકારીમાં રંગ ભરી ભરીને સંતો તથા હરિભક્તોની સભા ઉપર રંગ નાખ્યો. માનો, વરસાદની ઝડી હોય એમ રંગ નાખ્યો. જે સંતો, વર્ણી અને હરિભક્તો હતા તે સહુને રંગથી નખશિખ ભરી દીધા. જેટલા અયોધ્યાવાસી હતા તે બધાને પણ શ્રીહરિએ રંગથી ભરી દીધા. શ્રીહરિ રંગની પીચકારી ભરીને જ્યારે નાખતા ત્યારે તેમાંથી હજારો રંગની શેડ છૂટતી દેખાતી હતી. તે વખતે સર્વ ભક્તજનો 'જય જય.. જય જય..' એમ બોલતા હતા અને આનંદના સાગરમાં ઝૂલી રહ્યા હતા. તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને અપાર શોભા બની હતી. જ્યારે શ્રીહરિ રંગ ઉડાડી રહ્યા ત્યાર પછી ગુલાલ ઉડાડવા લાગ્યા. જેટલામાં સભા બેઠી હતી તેટલો ભૂમિનો ભાગ રંગ અને ગુલાલે કરીને ભરાઈ ગયો હતો.

જ્યારે શ્રીહરિ રંગ અને ગુલાલ ઉડાડી રહ્યા, ત્યારે સંતો અને વર્ણીઓ એ બધા કેસરયુક્ત ચંદન લઈને આવ્યા અને તેનાથી શ્રીહરિની પૂજા કરી. તે સમયે શ્રીહરિની નખથી શિખા પર્યંત મૂર્તિ ઉપર ઘણા ભાવથી કેસરયુક્ત ચંદન ચર્ચ્યું. જેટલામાં ગોમતી તળાવ છે તે બધી ભૂમિ ઉપર ઘણા દિવસ સુધી સવારે અને સાંજે શ્રીહરિ ખૂબ ફર્યા હતા અને તે ભૂમિને પોતાનાં ચરણોથી અંકિત કરી હતી. જ્યારે શ્રીહરિ સંતો તથા હરિભક્તોને સુખ આપીને વડતાલથી ચાલતા થયા, ત્યારે સુતાર નારાયણજીભાઈને કહ્યું કે, "તમે વડોદરા જાઓ અને આ વાસુદેવનારાયણની બે ધાતુની મૂર્તિઓ હવે કરાવી લાવો."

આમ કહ્યા પછી શ્રીહરિએ ગઢપુર જવા માટેની તૈયારી કરી. સંતોએ સહિત બધી અસવારી સાથે ચાલી. શ્રીહરિ ઝોળ, કરમસદ, ગાના, નાપા અને પામોલ થઈને દાવોલ ગામ આવ્યા અને ત્યાં રાત રોકાયા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૬૧ થી ૬૫ તથા ૬૯ થી ૭૨)

## ● શ્રી ભક્તચિંતામણિ :

### અયોધ્યાવાસી અને સચ્ચિદાનંદમુનિ દ્વારિકામાં ગયા

**પૂર્વછાયો :**

ત્યાર પછી એક સમે, બેઠા સભા માંહિ શ્યામ; દિયે દર્શન દાસને, હરિજનની પૂરે હામ. ૧
મીઠી મીટે માવજી, જ્યારે જોયા સરવે જન; દોષે રહિત દાસ દેખી, પોતે થયા પ્રસન્ન. ૨
પછી પ્રભુજી બોલિયા, તમે સાંભળજ્યો સહુ જન; આપણે સહુ ઉદ્ધવના, તેને કરવું તીર્થ અટન. ૩
મુનિ સંન્યાસી ત્યાગી ગૃહી, સુણો અવધ્યવાસી આપ; જાઓ શ્રીદ્વારામતિ, નાહી લઈ આવો સહુ છાપ. ૪

**ચોપાઈ :**

મળે તીર્થે મોટા મુનિ જન, થાય રામકૃષ્ણનાં દર્શન; મારકંડેય ધૌમ્ય લોમશ, ધર્માદિ કરે તીર્થ અવશ. ૫
સર્વે તીર્થ છે સુખરૂપ, તેમાં પણ દ્વારિકા અનુપ; તમે અવધ્યવાસી રહો દૂર, માટે જાવું તમારે જરૂર. ૬

જે દિ થયો યાદવનો નાશ, પરસ્પર લડી પરભાસ; તે દિ સમુદ્રે જળ હિલોળી, કૃષ્ણભુવન વિના પુરી બોળી. ૭
કુળ સંહારી શ્રીકૃષ્ણ પોતે, રહ્યા નિજ ઘેર નાથ ગુપતે; માટે મોટું તીર્થ દ્વારામતી, જિયાં અખંડ રહે યદુપતિ. ૮
માટે ગૃહી ત્યાગીને ત્યાં જાવું, વિધિ સહિત ગોમતીમાં ન્હાવું; યથાયોગ્ય દાન તિયાં દેવું, સત્યપુરુષ પૂજી ફળ લેવું. ૯
એમ સર્વેને આગન્યા કીધી, નિજ દાસને શિક્ષા એ દીધી; પછી કૌશલવાસીને કહ્યું, નિશ્ચે તમારે જાવાનું થયું. ૧૦
મનછારામ નંદરામ દોય, જાઓ ગોપાળ સુફળ સોય; પ્રથમ પહેલા શ્રીરામપ્રતાપ, તે પણ ગયા'તા દ્વારકા આપ. ૧૧
ઉદ્ધવ સંપ્રદાયની એ રીત, જાવું દ્વારકા થાવું પુનિત; નાહી ગોમતી વિપ્ર જમાડો, પિંડ દઈ પિત્રી પાર પમાડો. ૧૨
છાપે અંકિત કરી શરીર, બેટ જઈ આવો વહેલા વીર; ત્યારે બોલ્યાં છે સંબંધી સઉં, સારું જાશું રાજી અમે છઉં. ૧૩
પણ ભોમિયો જોઈએ જરૂર, જાણે વાટ ઘાટ ગામ પુર; ત્યારે સભા સામું જોયું સ્વામી, દીઠા સચ્ચિદાનંદ નિષ્કામી. ૧૪
દ્રઢ સમાધિ નિર્ભય નચિંત, જેને પ્રગટ પ્રભુશું પ્રીત; તેને આગન્યા આપી છે નાથે, તમે જાઓ ધર્મકુળ સાથે. ૧૫
તમે જઈ પાછા આવો જન, કરી રણછોડજીનાં દર્શન; પછી આવશે મુનિ સમસ્ત, જ્યારે થાશે શીત ઋતુ અસ્ત. ૧૬
હશે વાસુદેવની ઇચ્છાય, મુનિ ને અમે આવશું ત્યાંય; તમે તો સહુ થાઓ તિયાર, બાંધો ટીમણ મ કરો વાર. ૧૭
પછી મુનિ બોલ્યા કરભામી, સુખે યાત્રા કરાવીશ સ્વામી; પછી તીરથે જાવાને કાજે, જોવરાવ્યું મુહૂર્ત મહારાજે. ૧૮
ભટ મયારામે એમ કાવ્યું, સુદિ નવમીનું મુહૂર્ત આવ્યું; પછી નાથે આજ્ઞા તેને કરી, ચાલ્યા દ્વારિકા સ્મરતા હરિ. ૧૯
માઘ વદિ એકમને દન, નાહ્યા વિપ્ર ગોમતી દઈ ધન; દેખી પરદેશી ધાયા ગૂંગળી, જેમ પિંડે આવે કાગ મળી. ૨૦
કરી ટીલાં ને કહે અમે ગોર, લેવા નાણું થયા તતપર; નોય ત્યાગી ને તીરથે આડી, પણ મુનિને નહાતાં ના પાડી. ૨૧
વાયસ સરખે વીંટીને લીધા, મોટા મુનિને નાવા ન દીધા; બાળ જોબન ને વૃદ્ધ વળી, દિયે ડારા કહે મારશું મળી. ૨૨
તું તો સિદ્ધનું કુપળું દીસે, નાણાં વિના નાવા મન હીસે; કાઢ્ય કંથા કોપીનેથી દામ, એમ બોલે પુરુષ ને વામ. ૨૩
તોય મુનિનું મન ન ક્ષોભ્યું, કૃષ્ણરમણ રજે મન લોભ્યું; ચિત્તે ચડી શ્રીકૃષ્ણ મૂરતિ, હવી મુનિને અંતરવરતિ. ૨૪
થઈ સમાધિ ભૂલ્યા શરીર, પડ્યું પિંડ ગોમતીને તીર; તિયાં આવ્યા અયોધ્યા રહેનાર, મુનિ ન જાગે કરે પોકાર. ૨૫
કહે ગોપાળ સહુ સગાને, કેમ લઈ ચાલશું સંગે આને; દન પાંચ દશમાં જાગશે, રહેશું તો દન બહુ ભાગશે. ૨૬
માટે મ કરો ચિંતા એની કાંઈ, ચાલો છાપું લઈ બેટ માંઈ; મુનિ મેલી ગયા આરાંભડે, લીધી ચોંપે છાપો દામ વડે. ૨૭
બેસી વાણે ગયા બેટ માંઇ, કર્યાં દર્શન પૂજા દામે ત્યાંઈ; કરી તીરથ વિધિ શોભતી, પંચ દન રહી આવ્યા ગોમતી. ૨૮
શોધ્યા સચ્ચિદાનંદ ન મળ્યા, અવધ્યવાસી સહુને પૂછી વળ્યા; હવે કહું મુનિને જે વીતી, સહુ સુણો એ ધામની રીતિ. ૨૯
મુનિ અન્ન તજી ત્રણ દહાડે, નાહ્યા વિના ગયા આરાંભડે; જઈ ઊતર્યા લાંઘણ ચોરે, જ્યાં અન્ન વિના જન બકોરે. ૩૦
તિયાં તીર્થવાસી તાવે ઘણું, પડે ઉપરાઉપર લાંઘણું; બાલ જોબન ને વૃદ્ધ બહુ, વિના અન્ને વ્યાકુળ છે સહુ. ૩૧
કેંક કૂટે પેટ શીશ છાતી, ભાઈયો ભૂખ નથી જો ખમાતી; માટે દિયો છાપો દયા કરી, અમે અન્ન વિના જાશું મરી. ૩૨
નાપે છાપ દ્રવ્યના લેનાર, જેને નહિ દયા મહેર લગાર; તીર્થવાસી પાડે બુમરાણ, આપો છાપો આપ્યાં જાણું પ્રાણ. ૩૩
તૈયે બોલ્યો ચારણિયો આપ, ધન વિના તો નહિ દૈયે છાપ; મરી મટો જાઓ ઠાલાં ઘેર, તેની અમારે નહિ દયા મહેર. ૩૪
એવું દેખી આરાંભડા માંહિ, મુનિ કરવા લાગ્યા ત્રાહિ ત્રાહિ; આ તો ગામ યમપુરી જેવું, કહીએ કુરુક્ષેત્ર વળી એવું. ૩૫
જેવા ગોમતી માંહિ ગૂંગળી, પાપી અધિક એથી આ વળી; સર્વે દુઃખ તણા જે દેનાર,આંહીં આવી વસ્યાં નરનાર. ૩૬
માટે નહીં દયા કેને લેશ, વારુ પૂછી જોઉં ખોટી મેશ; કહે મુનિ સુણો ભાઈઓ વાત, તમે કૃષ્ણભક્ત છો સાક્ષાત. ૩૭
દિયો છાપો તમે દયા કરી, જાઉં બેટ હું નીરખું હરિ; તૈયેં સાંભળી મુનિના બોલ, હસી કહ્યું તું છો પશુતોલ. ૩૮
આવે ધૂતા ઘણા તુજ જેવા, વિના ધને છાપો બહુ લેવા; ગર્જ હોય તો ધન દેઈને, બુઢા જા ઘેર છાપો લઈને. ૩૯
તૈયે બોલિયા મુનિ સુભાગી, ભાઈ ધન ત્રિયા અમે ત્યાગી; કહે તું જેવા ત્યાગીને જાણું, રાખે કંથા કોપીનમાં નાણું. ૪૦
પછી કંથા દીધી મુનિ હાથે, જોઈ પટકી પૃથવી માથે; કહે જટામાં જ્યાં ત્યાંહિ રાખે, સાધુ નોય કોઈ ધન પાખે. ૪૧
અમે તો નહિ સાધુ તે જેવા, અમે સ્વામિનારાયણ સેવ્યા; જ્યારે તું જ સ્વામીજીનો સાધુ, ત્યારે તો નાણું બેસસે વાધુ. ૪૨
તારા સ્વામી પાસે બહુ ધન, કરે છે મોટા મોટા જગન; માટે શીદ ખોટી થાછ ઠાલો, છાપ લે તો ધન લાવી આલો. ૪૩
એવે સમે આવ્યો એક ખાખી, રોળી રાખ માંહિ દેહ આખી; લોહ ચીપિયો લીધો છે હાથે, જટા મોટી વીંટી વળી માથે. ૪૪
કીધી કેફે કરી આંખ્યો રાતી, ચાલે મરડાતો કાઢતો છાતી; ભાંગ્ય ગાંજાની ભેળી કોથળી, બોલે ગળેથી વાણી ગોગળી. ૪૫

આવી અટક્યો કહે ઘો મને છાપું, અમે ત્યાગી તુંને ધન નાપું; બોલ્યો અડબંગાઈમાં ગાળ, સુણી ઊઠ્યો ચારણ તતકાળ. ૪૬
ઝાલી ડાઢી ચૂંથી જટા વળી, મહોર પાંચ માથેથી નીકળી; કહ્યું જો મુનિ આંહીંની રીત્ય, અમારે તો પૈસા સાથે પ્રીત્ય. ૪૭
સાધુ તું ધન આપ્ય ને લાવી, નહિ તો થાશે ગતિ તારી આવી; કહે મુનિ જટા મારે નથી, કંથા કૌપીનમાં ધન ક્યાંથી. ૪૮
પછી ચાલ્યો ચારણ હાંસી કરી, શીદ વણ મોતે જાછ મરી; જો આવે તારા બાપનો બાપ, ધન વિના ન આપિયે છાપ. ૪૯
પછી મુનિ થયા છે ઉદાસી, દીઠાં પીડાતાં તીરથવાસી; પર દુઃખે દુઃખાણું છે મન, ચાલ્યા કહે ન લેવું આંહીં અન્ન. ૫૦
બેસી બેડી માંહિ પહોત્યા બેટ, પડી લાંઘણે મળિયું પેટ; કરવા દર્શન પોળ્યમાં પેઠા, છાપ વિના દરવાણિયે દીઠા. ૫૧
કહે જાછ ભાગ્યો કિયાં ભગવા, તું શું આવ્યો છો અમને ઠગવા; છાપ વિના જાછ છાનો છાનો, છો કપટી કોઈ સાધુ શાનો. ૫૨
દઈ ઠેલા ઉગામી ઠપાટ, મુનિ હસી બેઠા સામે હાટ; તિયાં આવ્યો બ્રાહ્મણ ગૂંગળો, ધર્યનો ધર્મ થકી વેગળો. ૫૩
તેને કહે એમ મુનિરાજ, મને દર્શન કરાવો મહારાજ; વિપ્ર કહે આંહીંની એવી રીત્ય, કેવળ પૈસા સાથે સહુને પ્રીત્ય. ૫૪
નાણું લઈ વેચે નિજ નાર્યને, આપે સુતા ભગિની જારને; તેની આ શહેરમાં નહિ લાજ, બીજાં બહુ બહુ કરે અકાજ. ૫૫
તારી પાસે હોય ધન કાંઈ, ચાલ્ય ઉતારું હું ઘર માંઈ; સર્વે વાતે થાઈશ સુખિયો, નહિ તો જાઈશ દ્રષ્ણનો દુઃખિયો. ૫૬
તૈયે કહે મુનિ સ્વામીના છીએ, દામ વામ થકી દૂર રહીએ; તૈયે બોલ્યો વળી વિપ્ર જન, તારા ગુરુ પાસે બોળું ધન. ૫૭
વળી કહેવાય છે પ્રભુ આપે, તેને મૂકી આવ્યો શિયે પાપે; એમ કહીને બ્રાહ્મણ ગયો, મુનિને મન ક્ષોભ ન થયો. ૫૮
બીજાં બહુ આવે પુરવાસી, દેખી નિરધન ને કરે હાંસી; કૈંક ડરાવે દેખાડે આંખ્ય, અતિ દુષ્ટ દલે ધનધાંખ્ય. ૫૯
વળતું મુનિયે મન વિચાર્યું, ત્યાગી આવશે આંહીં હજારું; તેહ મુનિની શિપેર્ય થાશે, દર્શન વિના દુઃખી થઈ જાશે. ૬૦
પળ એક હું આંહીં ન રહું, વળું વાટ પાંચાળની લહું; પણ કરી ગુરુએ આગન્યા, આવીશ મા છાપ દર્શન વિના. ૬૧
એહ વચન ખટકે શરીર, કેમ કરશે હવે બલવીર; છાપ દર્શન વિના પાછો જાઉં, ગુરુજીનો ગુનેગાર થાઉં. ૬૨

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૯૨)

## સચ્ચિદાનંદ સ્વામીએ સ્તુતિ કરી ને દ્વારિકાનાથે દર્શન દિધાં ને વરતાલ આવ્યા

### પૂર્વછાયો :

જેવી ગણીએ ગોમતી, તેવું જ આરાંભડુ ગામ; બેટ પણ બીજું નહિ, જાણું ત્રણે ધર્મનાં ધામ. ૧
બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય શૂદ્ર, સહુ કરે દામ દામ; પૈસા કારણ પ્રાણ લેવા, બેઠાં પુરુષ ને વામ. ૨
દામ વિના દરશનની, છૂટી તે ન કરે છેક; આશા તજી મુનિ અંતરે, પછી કર્યો એમ વિવેક. ૩
અંતરજામી આપશે, દરશન જાણી નિજદાસ; દ્રઢ આસને બેઠા મુનિ, મનમાં આણી વિશવાસ. ૪


### ચોપાઈ :

પછી મુનિ બેઠા દ્રઢ ધ્યાને, માંડ્યું અખંડ ભજન એક તાને; હતા આપે લક્ષવાન અતિ, હૃદે દેખે હરિની મૂરતિ. ૫
તોય ગુરુએ કહ્યું છે વચન, તેમ કરવા ઈચ્છે છે દર્શન; થયા એ ઠામે ઉપવાસ ચાર, વળી તજી તોયનો આધાર. ૬
મુનિ હાથ જોડી હરિ આગે, કરે સ્તવન દર્શન માગે; જય કૃષ્ણ પ્રસન્ન થાઓ આજ, દિયો દર્શન મને મહારાજ. ૭
જય યદુપતિ જગવંદ, જય રુક્મિણીપતિ રાજંદ; જય ભવ બ્રહ્માપતિ નાથ, જય સ્તવન કરે સુર સાથ. ૮
કીર્તિ ભક્તિ સત્યધર્મ કહીએ, તેના આશ્રયરૂપ હરિ લહીએ; દ્વારામતી પતિ દીન જાણી, કરો મેર્ય લેર્ય મન આણી. ૯
તમે આગે ઉગારિયા દાસ, કરી અસુર જનનો નાશ; પૂર્યા દ્રૌપદી ચીર દયાળ, આવ્યા ગરુડ તજી તતકાળ. ૧૦
તાણ્યા કેશ દુષ્ટે કરી અન્યા, તેની ત્રિયા કરી કેશ વિના; વળી દુરવાસા દેવા શાપ, આવ્યા શિષ્ય સંગે લઈ આપ. ૧૧
તેથી પાંડવ ઉગારી લીધા, જમી શાક તૃપ્ત સહુ કીધા; પારિજાતક સ્વર્ગથી આણી, રાજી કરી સત્યભામા રાણી. ૧૨
ભૌમાસુર મારી કર્યું કામ, હર્યો ગર્વ સુરેશનો શ્યામ; બીજાં કરી બહુ બહુ કાજ, જન આગે ઉગાર્યા મહારાજ. ૧૩
ઉદ્ધવીય હું તમને આશરી, કોટિ કોટિ જતન મેં કરી; કેમ દેતા નથી દરશન, રાય રણછોડ થઈ પ્રસન્ન. ૧૪
આવી કેમ કરી કઠણાઈ, હું તો વિચારું છું મન માંઈ; વસુદેવ દેવકી બંધાવી, કરી લીલા ગોકુળમાં આવી. ૧૫
રાખ્યાં બાર વર્ષ બંધીખાણે, તે તો સહુ જગતમાં જાણે; તે દિ કર્યુંતું કઠણ મન, નથી તજયું શું હજી મોહન. ૧૬
ઘણું હેત કરી ગોપી સાથ, તેને તજી આવ્યા આંહીં નાથ; મેલી રોતી રઝળતી વને, તેની મહેર નાવી કાંઈ મને. ૧૭
તેની તે જ મેલી નથી મતિ, મારી કેમ સાંભળો વિનતિ; વળી કરી નિજકુળ નાશ, આવી આંહીં વશ્યા અવિનાશ. ૧૮

જાણી યાદવ ભૂમિનો ભાર, કર્યો છોટા મોટાનો સંહાર; એ જ વેગમાં ચઢ્યું છે મન, તે સારુ પીડો છો નિજજન. ૧૯
પાપી પાસળે જન પીડાવો, તમે દીનબંધુ શાના કહાવો; ધનવાળા ધક્કા બહુ આપે, નિરધનને નિત્ય સંતાપે. ૨૦
પ્રભુ ત્યાગી જે તમારા જન, તેને પાસળ ક્યાં થકી ધન; તેનું કરતા નથી ઉપરાળું, તમે કાવો છો દીન દયાળુ. ૨૧
નિર્ધનનું ધન છો મહારાજ, વળી કહાવો ગરીબ નવાજ; અનાથના નાથ ભગવાન, કાં રે ન સુણો વિનતિ કાન. ૨૨
તમને વહાલા ઉદ્ધવ અત્યંત, તેના સંપ્રદાયનો હું સંત; જેવો છઉં તેવો નાથ તમારો, વાલાજી મુજને મ વિસારો. ૨૩
થાય છોરું કછોરું જો કોય, તજે નહિ તેને તાત તોય; એમ કહીને ધરિયું ધ્યાન, દીઠા અંતરમાં ભગવાન. ૨૪
આરત્યવાનની આરત્ય જાણી, મળ્યા મુનિને સારંગપાણી; મહા વદિ એકાદશી વિજયા, તે નિશિ મુનિ પર રીઝિયા. ૨૫
દીધાં અંતરમાં દર્શન નાથે, લક્ષ્મી સત્યભામા છે સાથે; કોટિ સૂર્ય સમ અજવાળે, ઉદ્ધવ સાત્યકિ ચમર ઢાળે. ૨૬
અર્જુને છત્ર કનકનું ધર્યું, નૌતમ રૂપે મુનિમન હર્યું; નીલ કલેવર નીરદ જેવું, મુનિ કરે દરશન એવું. ૨૭
દીઠા અંતરે અંતરજામી, વાધ્યું આનંદ વેદના વામી; પછી ભાવે બોલ્યા ભગવાન, મુનિ માગ્ય માગ્ય વરદાન. ૨૮
જે માગીશ મુનિ મુજ પાસે, તે આપીશ અધિક હુલાસે; એમ કહી અંતર્ધાન થિયા, મુનિ ધ્યાનથી તર્ત જાગિયા. ૨૯
થઈ વ્યાકુળ નીસર્યા બહાર, દીઠા તેમના તેમ મુરાર; અંબર આભૂષણ અતિ ભારી, માથે મુગટ છે સુખકારી. ૩૦
કંઠે હાર મનોહર મોતિ, પ્રસન્ન મુખે શોભે શશી જ્યોતિ; ભુજ ચારમાં આયુધ ચાર, શંખ ચક્ર ગદા પદ્મ સાર. ૩૧
એવા આયુધ ધરીને હાથે, દિધાં દર્શન દ્વારિકાનાથે; વળી પ્રેમાધીન મુનિ જોયા, સહ્યું કષ્ટ જાણી નાથ મોહ્યા. ૩૨
પછી અલબેલો અઢળ ઢળ્યા, મુનિને ઉરમાં લઈ મળ્યા; વાલો કહે તમને જે વહાલું, માગો માગો મુનિ વર આલું. ૩૩
મુનિ કહે જય મંગળ મૂરતિ, યદુપતિ ન મેલું ઉરથી; તમે છો કરુણાના દરિયા, દર્શન દઈ દુઃખ સંકટ હરિયાં. ૩૪
હવે માગું છું હું બહુનામી, સુણો ચિત્ત દઈ મારા સ્વામી; અમારે ગુરુએ આજ્ઞા કીધી, ત્યાગી ગૃહીએ શીશ ધરી લીધી. ૩૫
દ્વારિકાની યાત્રા કરી લેવી, હમણાં આજ્ઞા અમને છે એવી; મુનિ કહે ગૃહી ધન ધરશે, ત્યાગી કેમ કરી તીર્થ કરશે. ૩૬
મને જે વીતી તે કહી દાખું, એ વિધ્યે લોક પીડાય લાખું; ગોમતીમાં નાતાં બંધી કીધી, મને છાપો પણ નવ દીધી. ૩૭
થયા ઉપવાસ અગિયાર, ત્યારે તમે મળિયા મુરાર; નમેરા બેઠા પઈસા લેવા, ન મળે ત્યાગીને નાણું દેવા. ૩૮
માટે એ માગું ચિત્ત ધરીએ, સહુને તીર્થ થાય તેમ કરીએ; પછી નાથ બોલિયા વિચારી, કહ્યું વચન સર્વે હિતકારી. ૩૯
મુનિ સત્ય માને વાત મારી, સર્વે પૂરીશ ઇચ્છા હું તારી; લોભી નિર્દય તીર્થ રહેનારા, લૂંટે ધન પીડે જન મારા. ૪૦
તે માટે વરતાલ આવીશ, સર્વે તીરથ સંગે લાવીશ; લક્ષ્મીનારાયણની મૂરતિ, તેમાં વસિશ કહે યદુપતિ. ૪૧
છાપ ગોમતી સંગે લઈશ, ત્યાગી ગૃહિને દર્શન દઈશ; થાશે સહુને દર્શન ત્યાંઈ, હવે નથી રહેવું પળ આંઈ. ૪૨
સત્ય વચન માનો મુનિ મારું, તમે આવે થયું ઘણું સારું; હવે સુખે ચાલો તમે યાંથી, જુવે વાટ ગોમતીએ સંઘાથી. ૪૩
એમ મુનિને કહી ભગવાન, પછી થયા છે અંતરધાન; મુનિએ વિચાર્યું મન માંયે, થયાં દરશન ગુરુ કૃપાયે. ૪૪
પછી મગન થઈ મુનિ વળ્યા, આવી અયોધ્યાવાસીને મળ્યા; પૂછી ખબર પરસ્પરે, કહ્યું ન કહ્યું તે મુનિવરે. ૪૫
હતો દિવસ તે દ્વાદશી, કરી પારણાં ત્યાં રહ્યા નિશિ; થયું સવાર ચાલિયા સહુ, સાંભરે દ્વારિકા બહુ બહુ. ૪૬
દલે દુઃખી સૂવે સહુ જ્યારે, દેખે સ્વપ્નામાં કૃષ્ણને ત્યારે; જાણું સંગે આવે છે મહારાજ, ભેળો લઈ સર્વે સમાજ. ૪૭
એમ નિત્યે કરતા દર્શન, આવ્યા ગઢડામાં સહુ જન; સંધ્યા સમે સભા માંહિ શ્યામ, બેઠાતા સંતના સુખધામ. ૪૮
તિયાં કર્યા દંડવત આવી, હેતે લીધા પાસળ બોલાવી; ભલે જઈ આવ્યા દ્વારામતી, ધન્ય ધન્ય તમારી ભગતિ. ૪૯
પછી બોલ્યા મુનિવર આપે, આવ્યા કુશળ તમ પ્રતાપે; સ્નાન છાપ દર્શનનું દુઃખ, તે તો કેમ કહ્યું જાય મુખ. ૫૦
સુણી ત્યાગી થયા છે ઉદાસે, તિયાં આપણે કેમ જવાશે; વર દીધાની વાત કહી જ્યારે, ત્યાગી પ્રસન્ન થયા સહુ ત્યારે. ૫૧
સુંણી ગુરુએ કર્યો સતકાર, ભાગ્યવાન તું સાધુ અપાર; મુનિ કહે પ્રતાપ તમારો, હવે વરતાલ વહેલા પધારો. ૫૨
સ્વામી પ્રસન્ન થઈ એમ કહ્યું, જાવું વરતાલે નિશ્ચે એ થયું; ફૂલદોલ જે ફાગણ સુદિ, પહોંચવું પૂન્યમ દન તે દિ. ૫૩
ત્યાગી ગૃહી બાઈ ભાઈ જેહ, લખી કાગળ તેડાવ્યા તેહ; તે રાત્રિ સહુ સ્મરણ કરતા, સર્વે સંત આનંદમાં સૂતા. ૫૪
દીઠા સ્વપ્નામાં લાડીલો લાલ, રમા સહિત જાતા વરતાલ; બોલ્યા પરસ્પર પરભાત, કહી સ્વપ્નાની ગુરુને વાત. ૫૫
સ્વામી કહે સત્ય વાત સારી, કરો વરતાલ જાવા તૈયારી; ચાલ્યા સાતમ્યે સહુ જનવૃંદ, ગઢડેથી સ્વામી સહજાનંદ. ૫૬
કરી ઉત્સવ પર તૈયારી, સંગે લેઈ ઘોડાની અસવારી; વાજિવાગ ગ્રહી ડાબે હાથે, લીધા સુભટ જન બહુ સાથે. ૫૭

ઘોડી શોભે સોનેરી સાજે, શ્વેત વસ્ત્ર પહેર્યાં છે મહારાજે; કેસર કુંકુમ તિલક કર્યાં, નૌતમ રૂપે જનમન હર્યાં. ૫૮
મજલે મજલે થાય ઉતારા, સંઘ સહિત રહે ગામ બારા; કુંડળ ખસતેથી બોરુ રહ્યા, શિંજીવાડેથી વરતાલ ગયા. ૫૯
સુદિ એકાદશી વરતાલ, આવ્યા નાથ સાથ લઈ મરાલ; આવ્યા તે દિ જ દ્વારકાનાથ, રાણી રુક્મિણી લઈ સાથ. ૬૦
લક્ષ્મીનારાયણરૂપે કૃષ્ણ, કરે બહુ દેશનાં જન દ્રષ્ણ; દ્વારિકાથી રણછોડ આવ્યા, વસ્યા વરતાલે જનમન ભાવ્યા. ૬૧
કર્યો ઉત્સવ ફૂલદોલ ભારી, પૂજ્યા શિષ્યે સ્વામીએ મુરારિ; દ્વારિકાથી ચાલ્યા જે દી નાથ, સર્વે દેવ તીર્થ આવ્યાં સાથ. ૬૨
ધાર તળાવ સુંદર અતિ, કૃષ્ણ કહે ત્યાં રહો ગોમતી; બીજા દેવ તીર્થ આસપાસ, વાલે કરાવ્યો વરતાલે વાસ. ૬૩
કહ્યું સ્વપ્નામાં દ્વારિકાનાથે, મારાં આયુધ છાપજ્યો હાથે; વચને છાપ આપી વરતાલ, નરનારી થયાં સહુ નિહાલ. ૬૪
રામનવમીએ પૂજા કરી, વિમળા એકાદશી અર્ચ્યા હરિ; તિયાં જય જય બોલે છે જન, દેખી દુષ્ટનાં દાઝિયાં મન. ૬૫
એમ થાય લીલા નિત્ય નવી, કહે એક મુખે કેમ કવિ; નિત્ય તળાવે વિરાજે નાથ, મુનિ સતસંગી લઈ સાથ. ૬૬
તિયાં થાય ઉત્તર પ્રશન, કરે અનેક જન દર્શન; વાજે વાજિંત્ર તિયાં અપાર, લાવે પૂજા જન બહુ વાર. ૬૭
લઈ પિચકારી હરિ હાથ, રમે રંગે સખા સંગે નાથ; વળી આપી આજ્ઞા અવિનાશ, ગાઓ ગરબી રમો જન રાસ. ૬૮
ગાળે સર સતસંગી સહુ, દેખી રાજી થાય વાલો બહુ; જ્યારે આવે ઉતારે મહારાજ, ઉપડાવે ઈંટ્યો મંદિર કાજ. ૬૯
એક દિન રાજી થઈ નાથ, મળ્યા મુનિને ભરી ભરી બાથ; વળી જમાડે જનને આપે, એ તો વાત આવે કેમ માપે. ૭૦
એમ લીલા કરી બહુ દન, જોઈ જન થયા છે મગન; કર્યો ઉત્સવ એક માસનો, પૂરિયો મનોરથ દાસનો. ૭૧
પછી પ્રભુજી ત્યાંથી પધાર્યા, આવી ગઢડે આનંદ વધાર્યા; સુંદર વર્ષ તે સારું કહીએ, ચૈત્ર સુદિ એકાદશી લહીએ. ૭૨
તે દિ ઉત્સવ કરાવ્યો વાલે, આવ્યા દ્વારકાનાથ વરતાલે; સત્ય વાત નજરની દીઠી, લાગે હરિજનને એ મીઠી. ૭૩

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૯૩)



# વડતાલમાં ભગવાન શ્રીહરિએ હરિનવમીનો ઉત્સવ ઉજવ્યો

## સં. ૧૮૮૧ (ઈ.સ. ૧૮૨૪)

સં. ૧૮૮૧માં અમદાવાદ ભગવાન શ્રીહરિ ફૂલદોલનો ઉત્સવ ઉજવીને અસલાલી, જેતલપુર, મહેમદાવાદ, ડભાણ આવ્યા. પછી ડભાણથી ચાલતા થયા. પછી સાંજના સમયે વડતાલ ગામ આવ્યા. વડતાલ ગામમાં જેટલા હરિભક્ત હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા અને દિલમાં ઘણું હેત લાવીને શ્રીહરિને પગે લાગ્યા. ઢોલ આદિક જેટલાં વાજિંત્ર હતાં, તે બધાં વાગી રહ્યાં હતાં. એમ ધામધૂમથી શ્રીહરિ ગામમાં પધાર્યા. સહુ પહેલાં શ્રીહરિ મંદિરમાં ગયા અને લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યા. તે પછી ગામમાં હરિભક્તને ઘેર ઊતર્યા.

મંદિરની સમીપમાં જ સુતાર જ્ઞાતિના વાસણ નામે હરિભક્ત રહેતા હતા. સં.૧૮૭૨ના વરસથી શ્રીહરિ વડતાલમાં દર વર્ષે સમૈયા કરતા હતા. આગળ કહેલા વાસણ સુતારના ઉગમણા બારનાં ત્રણ ચાર ઘર હતાં અને તેની આગળના ભાગમાં વિશાળ ચોક હતો. ઘરની આગળના ચોકમાં એક લીમડાનું ઝાડ હતું. શ્રીહરિના મનમાં ગમે તેવી આ સુંદર જગ્યા હતી. ઘરની પાછળ વાડો હતો. તે શ્રીહરિના મનમાં ગમતો હતો.

### • વાસણ સુતાર અને તેના પરિવારના સદ્‌ગુણો :

**હરિ કુ પ્રસન્ન કરને હીતા, સુતાર કે મન મહીં ખચીતા...૦૬**
**તાકે બંધુ રહાયે જેતા, તાકે પુત્ર કહાવત તેતા;**
**તાકે ઘર મેં નારી હિ જેતી, એક મન સબ રહાયે તેતી...૦૭**
**હરિ ઉપર સબકુ રહે ભાવા, હરિ સે અંતર જુદે ન રહાવા;**
**ઐસે હરિજન રહેઉ તિનકે, ભવન મેં હરિ રહત હે ઈનકે...૦૮**
**ભાવ ન દેખાવત હે જબહી, હરિજન તાકે મન મેં તબહી;**
**તિહાઁ હરિ પલ એક ન રહાતા, ભાવ રહત તિહાઁ લગ ટિકાતા...૦૯**
**ભાવ તિતના રસ જોઉ તાકૂ, શ્રીહરિ માનત રહેઉ વાકૂ;**
**શ્રદ્ધા તિતના ભાવ હિ તિનકૂ, અંગિકાર કરત હરિ હિ ઈનકૂ...૧૦**

વાસણ સુતારના મનમાં શ્રીહરિને રાજી કરવાનું દૃઢ તાન રહેતું હતું. તેના તમામ ભાઈઓ, તેના પુત્રો તથા ઘરમાં જેટલી સ્ત્રીઓ હતી તે બધાં એક મનવાળાં હતાં. અર્થાત્ સહુ સંપીને રહેતાં હતાં. સહુને શ્રીહરિ ઉપર ભક્તિભાવ હતો. કોઈનું અંતર શ્રીહરિથી જુદું-અંતરાયવાળું ન હતું. આવા નિષ્કપટ હરિભક્તના ઘરમાં શ્રીહરિ આવીને રહેતા હતા. જ્યારે હરિભક્તના મનમાં ભાવ ન દેખાતો હોય, ત્યારે શ્રીહરિ ત્યાં એક પળવાર પણ રહેતા નહિ. જ્યાં સુધી ભાવ રહે, ત્યાં સુધી જ શ્રીહરિ ત્યાં ટકે છે. જેટલો ભાવ હોય તેટલો જ રસ-આનંદ રહે છે; એમ શ્રીહરિ માનતા. જેટલી શ્રદ્ધા હોય તે પ્રમાણે શ્રીહરિ ભાવ અંગીકાર કરતા હતા.

આવી રીતે સમજીને શ્રીહરિ જ્યારે વાસણ સુતારને ઘેર આવતા, ત્યારે એમ જણાતું કે, તેણે પૂર્વ જન્મમાં કોઈ વખતે શ્રીહરિને રાજી કરવા ઘણાં વરસ સુધી તપ કર્યું હશે. તે તપનું પરમ પવિત્ર ફળ દેવા માટે શ્રીહરિ પ્રગટ થયા છે. શ્રીહરિ જ્યારે હરિભક્તને સુખ આપતા હતા, ત્યારે તે હરિભક્તનું પૂર્વનું તપ પ્રગટ દેખાઈ આવતું હતું. શ્રીહરિને મેળવવા માટે તપ ન કર્યું હોય, તો શ્રીહરિનો યોગ થવો કઠણ છે; એમ હૃદયમાં જોતાં દેખાય છે. અંતરમાં જોયા સિવાય આવી વાત સમજાતી નથી. કરોડો વાર જીવ ભવમાં ભટકતો રહે, તોપણ તેને ક્યારેય ભગવાનનો યોગ થાય નહિ; એવો એ યોગ દુર્લભ છે. ભગવાન શ્રીહરિનો યોગ થવા સમાન બીજી કોઈ બાબત નથી. ભગવાનનો યોગ થવો, તે બાબત સર્વોપરિ છે; તેમ બધા ગ્રંથમાં લખ્યું છે.

આવી વાત જેમ છે તેમ વિચાર્યા વિના જણાતી નથી. કારણ કે, આવી વાતમાં જેવું હિત રહ્યું છે, તેવું બીજી કોઈ વાતમાં નથી. મનુષ્ય નિષ્ફળ વાતો કરવામાંથી એક પળની પણ નિવૃત્તિ પામતો નથી. જેટલી અસત્ વાત હોય છે, તેમાં જ્યાં સુધી સત્પણાની બુદ્ધિ રહે છે, ત્યાં સુધી તે ગમે તેવો બુદ્ધિમાન હોય, તોપણ લૌકિક વાતમાં અવરાયેલો રહે છે. તે લૌકિક વાતનું બધું ફળ તો અત્યંત તુચ્છ છે.

અલૌકિક બુદ્ધિવાળા જે કોઈ આ ભૂમિ ઉપર પ્રગટ થયા છે, તેની જે જે સમજણ હોય તે બધી અલૌકિક જ હોય છે. વળી, તે અલૌકિક પુરુષનાં જેટલાં વચન હોય, તે અમૃતથી પણ અધિક મહત્ત્વપૂર્ણ હોય છે. તે અલૌકિક પુરુષની સમજણ અને લૌકિક પુરુષની સમજણ, એ બંને કરોડો કલ્પે પણ મળતી આવતી નથી. અલૌકિકપણું ને લૌકિકપણું તે સમજણમાં દેખાઈ આવે છે. જેમ કરોડપતિ અને કંગાળ મનુષ્યમાં જેટલો ફેર છે, તેમ તે બંનેની સમજણમાં તેટલો ફરક હોય છે. તેમજ કચરો અને કંચનમાં જેટલો ફરક છે, તેટલો લૌકિક અને અલૌકિક પુરુષમાં અપાર ફરક હોય છે, તેને જે વિચારવાન પુરુષ હોય છે તે જાણે છે.

વિચાર્યા વિના જેટલી વાત કરવામાં આવે, તેમાં હિત કે અહિતની ખબર પડતી નથી. જે હિતની વાત વિચારે છે, તેને ક્યારેય દુઃખ આવતું નથી. વગર વિચાર્યે કરવામાં આવેલી વાત અહિત કરે છે અને તેમાં તેને તેટલો ક્લેશ થાય છે. પરંતુ તે ક્લેશ મોહે કરીને દેખાતો નથી. જેટલી જગત સંબંધી લૌકિક વાતો છે, તે બધી મોહ કરનારી છે. જ્યારે ભગવાન સંબંધી અલૌકિક વાતો તે મોહને ટાળનારી છે. જીવ લૌકિક વાતોને કરતાં કરતાં કરોડો કલ્પને ખોઈ નાખે છે અને તેમાં અપાર દુઃખ પામે છે, છતાં વિચાર કરીને જોતો નથી. આ જીવ મનુષ્યના શરીરમાં આવે કે દેવના શરીરમાં આવે, પણ તે સત્ય કે અસત્યનો જ્યાં સુધી વિચાર નથી કરતો, ત્યાં સુધી તે પ્રમાદીમાં ખપે છે. જેટલો પ્રમાદ છે તે જ દુઃખમાત્રનું મૂળ છે.

જેણે પૂર્વે સારાં પુણ્ય કર્યાં હોય, તેને જ શુભ વિચાર ઊપજે છે; અને જેને શુભ વિચાર થાય છે તેને શુભ વાત ગમે છે. ભગવાન સંબંધી જેટલી વાત હોય અને જેટલી ભગવાનના અવતારોની વાતો હોય, તે બધી સંસારને તારનારી છે. તેમાં કોઈ જાતનો સંદેહ નથી. આ વાતમાં જેટલો સંશય કરવામાં આવે છે, તેટલો તેને તે વાત સમજવામાં ફરક છે. જે જે ભગવાનના ભક્તો હોય છે, તે પણ અલગ અલગ સમજણવાળા હોય છે. પોતાને જે ભગવાનનું સ્વરૂપ મળ્યું હોય, તેનાથી અધિક અન્ય કોઈને ન કહે, એવા કેટલાક ભક્તો હોય છે. તેઓ પોતાની સમજણને સર્વોપરિ માને છે અને તે સમજણે કરીને જ મનમાં ખુશ રહે છે. તેમને પોતાને મળેલા ભગવાનનાં ચરિત્રો કહેવામાં નિત્ય નવો નવો ભાવ વધતો રહે છે.

પરંતુ તેના તે ભગવાનના જે અન્ય અવતારો થયા હોય, તેનાં ચરિત્રોને કહેવામાં ભાવ વધતો નથી. જેટલાં શાસ્ત્રો છે તથા જે જે અવતારના જેટલા ગ્રંથો છે, તે તો તે તે અવતારના ભક્તોને અધિક ઉત્સાહ વધારવા માટે છે. તેથી જ તે ગ્રંથોમાં તે તે અવતારનાં ચરિત્રોને મુખ્ય લખ્યાં હોય છે. ગ્રંથમાં પ્રગટ ભગવાનનાં ચરિત્રોને છોડીને પૂર્વે તેમના જે જે અવતાર થઈ ગયા છે તેનાં ચરિત્રોને, પ્રગટનાં ચરિત્ર કરતાં કોઈ ઠેકાણે મુખ્યપણે કરીને નથી કહ્યાં હોતાં. જેમ કે, ભગવાન રામચંદ્રજીનાં ચરિત્ર વાલ્મીકિ રામાયણમાં મુખ્ય કહ્યાં છે. તેથી જે રામચંદ્રજીના ઉપાસક ભક્ત હોય છે, તેમને રામચંદ્રજીનાં ચરિત્રમાં ઘણો ભાવ ઊપજે છે, તેવો વામનાદિક બીજા અવતારનાં ચરિત્રમાં તે ભક્તને ભાવ ઊપજતો નથી.

શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસક ભક્તોને શ્રીકૃષ્ણનાં ચરિત્રથી ભરેલા ગ્રંથમાં જેવો ભાવ થાય છે, તેવો ભાવ બીજા ગ્રંથમાં થતો નથી. તેટલા માટે જ જેને જે ભગવાનનું સ્વરૂપ મળ્યું હોય, તે સ્વરૂપનાં ચરિત્રને તે ભક્તો ભાવથી કહે છે; અને તેને સાંભળવામાં પણ અતિશય ભાવ વધતો રહે છે. માટે આવા પ્રગટના ગ્રંથની તુલનામાં બીજા કોઈ ગ્રંથ થતા નથી. જે પ્રગટ પરમાત્માના નિષ્ઠાવાન સાચા ભક્ત હોય, તેની સમજણ કેવી હોય ? તો પ્રગટ ભગવાનના ભક્તની સમાન પૂર્વે થઈ ગયેલા બીજા પરોક્ષ ભક્તને ક્યારેય દેખે નહીં. પ્રગટ ભગવાનના પૂર્વે જે જે અવતારો થઈ ગયા, તેમણે ચાહે તેવાં ચરિત્ર કર્યાં હોય, તોપણ તેનાથી તેને પ્રગટ ભગવાન જેવું હેત તેમાં થતું નથી. પ્રગટ ભગવાન ભૂમિ ઉપર વિચરણ કરતા હોય, તેમાં જ પ્રગટના ભક્ત સર્વે અવતારને દેખે છે. પૂર્વે જે જે અવતારોએ કરીને જેટલાં ચરિત્રો કર્યાં હોય, તે સર્વે પ્રગટ વિચરતા ભગવાનનાં ચરિત્રોમાં આવી જાય છે; એમ પ્રગટનો ઉપાસક ભક્ત માને છે.

આ વાત કહેવામાત્રની નથી. પરંતુ ભગવાનના ભક્ત ઉપર કહેલી વાતને ચોક્કસ સમજે છે. કારણ કે, સાચા ભક્તો પ્રગટ ભગવાનમાં જ ઐશ્વર્યમાત્ર રહ્યાં છે; એમ નિષ્કપટભાવે દેખે છે. કોઈપણ યુગમાં જેટલા સાચા ભક્ત થઈ ગયા છે, તે બધાની મહત્તા જેમ છે તેમ તેનાં વચનમાં અને આચરણમાં દેખાઈ આવે છે, તે છુપી રહેતી નથી. જે જે અવતાર પૂર્વે થઈ ગયા અને તેમણે જેવાં જેવાં ચરિત્ર કર્યાં, વળી તેમણે જેવો પ્રતાપ દેખાડ્યો હોય, તેમના જેવા ભક્ત થયા હોય, તે ભગવાનના ભક્તોએ ભગવાનને માટે જે રીતે લોકોની મશ્કરી સહન કરી હોય, તે તે સમયે અજ્ઞાની લોકોએ જે રીતે ભગવાનના ભક્તોનો મન, કર્મ, વચને કરીને અપરાધ કર્યો હોય, તેમજ તે અપરાધ કરનારનું મૃત્યુ જે રીતે થયું હોય અને તે સિવાયની બીજી પણ અપાર બાબતો જેમ બની હોય તેમ ગ્રંથમાં લખી હોય છે.

આવાં અપાર બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ જે રીતે થાય છે તથા ભગવાનનાં અક્ષર આદિક ધામની જેવી રીત હોય છે,

તે પણ ગ્રંથમાં કહી હોય છે. તે રીતે જ બધા ગ્રંથોમાં વર્ણાશ્રમના ધર્મની યથાર્થ રીત પણ કહી છે. તેમજ તે તે સમયે જે રાજાઓ થયા, તેમની જેવી રીત હતી તે બધી પણ કહી છે. જે સહુથી સમર્થ થાય છે, તે પોતાની રુચિ અનુસારે પ્રથાઓને કર્યા વિના રહેતા નથી. બધા જ લોકો જેની કીર્તિ ગાય, એવો રાજા તો કોઈક યુગમાં જ થાય છે. તે સમયે અપાર લોકો અનંત સુખને પામે છે. તેવા રાજા પ્રજાને જેમ સુખ થાય, તે રીતે રાત-દિવસ કરતા હોય છે. તે રાજાઓ પ્રજાને સુખી કરવા માટે કરોડોનું લશ્કર રાખતા હોય છે. સારા રાજાઓ તો પ્રજાને રાજી રાખીને તથા તપાસ કરીને તેની પાસેથી કર લે છે, પણ કેટલાક રાજાઓ તો હર કોઈ વાતે પ્રજાને પીડતા જ રહે છે. પણ સારો રાજા પ્રજા પીડનાર રાજાને કેદ કરી લે છે, તેમાં કોઈ જાતનો વિલંબ કરતો નથી. તે રાજા જોઈ તપાસીને કેદ કરે છે, તપાસ કર્યા સિવાય કાંઈ કરતો નથી.

એવા રાજાની સુરીતિ જોઈને તેના ઉપર ભગવાન તથા ભગવાનના સંતો દિવસે દિવસે વધુ પ્રસન્ન થાય છે. તે રાજા બીજાં જે કાંઈક પાપ કરે તે, તેનાં કેટલાક શુભ કર્મને કારણે અને ભગવાનની તથા સંતોની પ્રસન્નતાને કારણે નિવારણ થઈ જાય છે. તે રાજા મોટે ભાગે ભગવાનની મરજી મુજબ ચાલતા હોવાથી દુનિયામાં તેની સર્વોપરિ કીર્તિ થાય છે. તે રાજાનાં કાર્યો મોટા ભાગના સર્વોપરિ હોય છે. તેણે કરીને તે રાજા ચોક્કસપણે સર્વોપરિ કહેવાય છે. જેની જેવી બુદ્ધિ હોય છે, તે તેનું આચરણ કહી બતાવે છે; અને તે આચરણ પ્રમાણે તેની કીર્તિ વધે છે, એમ દેખાય છે. આ જગતમાં રાજાઓ તો અપાર થયા છે, પણ અંગ્રેજ સરકારના સમાન બીજો કોઈ રાજા થયો નથી. તે તેમનું આચરણ કહી દે છે.

શ્રીહરિને જેવી રુચે તેવી અંગ્રેજ સરકારની પ્રજા પ્રત્યેની નીતિ છે. જે દિવસથી આ ભારતમાં અંગ્રેજોનું રાજ્ય થયું છે, તે દિવસથી પ્રજાનો સમાજ અપાર સુખને પામતો રહ્યો છે. તેને કોઈ પણ જાતનું દુઃખ લગાર પણ રહ્યું નથી. આવું રાજ્ય થયું હોય, એવું કયાંય સાંભળ્યું નથી. હાલ બધા જ લોકો સમૃદ્ધિમાન થયા છે. અન્ય દુષ્ટજનોકૃત દુઃખના સમયમાં પણ પ્રજાને જેટલું સુખ વર્તી રહ્યું છે, તે પ્રગટ ભગવાનની એવી ઈચ્છાને કારણે છે. જેને પ્રગટ ભગવાનનો યોગ થયો હતો, તે બધા આ કહ્યું તે વાતને જાણે છે.

શ્રીહરિ જે દિવસથી વડતાલ આવ્યા, તે દિવસથી ત્યાં દિવસે દિવસે અત્યંત રસથી ભરપૂર ઉત્સવ થયા કરતા હતા. શ્રીહરિની જેટલી ક્રિયા હોય તે કોઈ પણ રસ વિનાની દેખાતી નહિ. શ્રીહરિ લક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં રોજ સભા કરીને બેસતા હતા. તે સભામાં રાતદિવસ ભગવાન સંબંધી અપાર વાતો કરતા હતા. તે વાતોને જે ભક્તજનો જેટલી અંતરમાં ઠેરાવતા, તેટલી તે વાતો તેમને સુખ આપતી. પછી તેમને કોઈ કલ્પે દુઃખ આવતું નહિ. શ્રીહરિની બધી જ વાતો ભક્તજનો માટે સુખદાયક છે.

શ્રીહરિ સિવાયની જેટલી વાતો છે, તે બધી તો જીવને સંસારમાં ભટકાવનારી છે. આવું જ્યારે સમજાય જાય, ત્યારે તેણે સાધનમાત્ર કરી લીધા છે. વળી, જેટલા સદ્‌ગુણ કહેવાય છે, તે બધા પણ તેમાં આવીને રહે છે. પરંતુ એટલી વાતને જાણ્યા વિના તેમાં એક પણ ગુણ ક્યારેય આવતો નથી. તેમજ ભગવાનની વાતને જાણ્યા સિવાય ક્યારેય કોઈ સુખને પામતો નથી. સં. ૧૮૮૧ ચૈત્ર સુદિ સાતમને દિવસ બધા સંતો વડતાલમાં આવ્યા. જે હરિભક્તો વડતાલ આવ્યા હતા, તે ભરપૂર ભાવથી સંતોને માટે રોજ રોજ રસોઈ આપતા હતા. કારણ કે, હરિભક્તોને શ્રીહરિ તથા સંતોના ઉપર બહુ હેત હતું. હેત વિના ક્યારેય સેવા થઈ શકતી નથી.

### ● વડતાલમાં ભગવાન શ્રીહરિએ રામનવમીનો ઉત્સવ ઉજવ્યો :

ભગવાન શ્રીહરિ વડતાલમાં હતા, ત્યારે સવારમાં સૂર્યોદય વખતે ગોમતી સરોવર જતા અને ત્યાં આંબાના વૃક્ષની છાયામાં બેસતા હતા. ત્યાં સંતો તથા હરિભક્તોની સભા થતી હતી. તેની એવી અદ્‌ભુત શોભા થતી હતી કે જે કહી શકાતી નથી. કહેવા છતાં પણ તૃપ્તિ ન થાય, એવી તે શોભા થતી હતી. જે શ્રીહરિની શોભાનું શ્રવણ કરે છે, તેનાં બધાં જન્મોનાં પાપ બળી જાય છે.

શ્રીહરિનાં જે જે ચરિત્ર હોય છે, તેને જે કોઈ ભક્ત શ્રદ્ધાભાવથી કાને સાંભળે, તો તેનાં અનંત જન્મનાં પાપોનો નાશ થઈ જાય છે. શ્રીહરિનાં ચરિત્રોને આવા સમજીને ઘણાં હેતથી હું કહું છું. કોઈ હેત વિના ચરિત્રોને કહે કે સાંભળે તો તે લૂખાં લાગે છે. જે બાબત લૂખી હોય, તેમાં કોઈને ક્યારેય લગાર પણ ભાવ થતો નથી.

શ્રીહરિ ગોમતી સરોવરને સવારથી જ સંતો-હરિભક્તોની પાસે રોજ ઘણા ઉત્સાહથી ગળાવતા હતા. શ્રીહરિ પોતે પણ રોજ તે ગોમતી તળાવનો ગાળ માથા ઉપર લઈ બહાર કાઢતા હતા. સંતો તથા હરિભક્તોને વારંવાર સંભારવા માટે શ્રીહરિ અપાર ચરિત્ર કરતા હતા. જે ભક્તજન તે ચરિત્રને સંભારતાં તે સંસારના પારને પામી જતા હતા. આ ગ્રંથમાં રહેલી શ્રીહરિની વાતો સંસારનાં બંધનને કાપનારી છે. સં.૧૮૮૧ના વર્ષથી સં.૧૮૮૫ના વર્ષ સુધી જે જે રામનવમીના ઉત્સવ આવતા, તેને પરમ સુખદાયક શ્રીહરિ વડતાલ આવીને ઊજવતા હતા.

રામનવમીના દિવસે જ્યારે મધ્યાહ્ન સમય થયો, ત્યારે રામચંદ્રજી ભગવાનના જન્મનો ઉત્સવ વિધિ પ્રમાણે કર્યો. તે ઉત્સવ

ક્યારેય વિધિ વગર તો કરતા જ નહિ. તે રામનવમીની રાત દસ ઘડી જ્યારે ગઈ, ત્યારે સંતો તથા હરિભક્તોએ વિધિ પ્રમાણે શ્રીહરિના જન્મનો સંપૂર્ણ ઉત્સવ કર્યો. ચૈત્ર સુદિ દશમનો દિવસ શુભ છે, એમ જાણીને પરમ સુખદાયક શ્રીહરિએ એક સરસ મંડપ કરાવ્યો અને તેમાં વિધિ પ્રમાણે સીતારામજીને જનોઈ અપાવી. અને ગોવિંદરામના પુત્રને પણ તેની ભેગી જનોઈ અપાવી. વળી, શ્રીહરિના દેશમાંથી આવેલા જે સંબંધીઓ હતા, તેમના પરાગ અને દ્વારિકા નામે બે બાળક હતા, તેને પણ શ્રીહરિએ દયા કરીને જનોઈ અપાવી. આ પ્રસંગે શ્રીહરિએ વિપ્રો અને સંતોને જમાડ્યા તથા વિપ્રોને દાન આપ્યા. આ જનોઈ આપવાનો અનુપમ ઉત્સવ થયો, જે કહી શકાતો નથી. વરસ દિવસમાં ચોવીશ એકાદશીઓ આવતી હોય છે. તે બધી એકાદશીઓના દેવના રૂપમાં ભગવાનનાં ચોવીશ સ્વરૂપ હોય છે. શ્રીહરિએ તે દરેક એકાદશીનાં અલગ અલગ નામથી કહેવાતાં ભગવાનનાં ચતુર્ભુજ સ્વરૂપો પટમૂર્તિના રૂપમાં કરાવ્યાં.

ભગવાન શ્રીહરિએ આધારાનંદ સ્વામીને ચોવીશ એકાદશીના દેવોનાં ચોવીશ ચિત્ર કપડાંમાં કરવાની આજ્ઞા કરી. જે રીતે શ્રીહરિએ કહ્યું હતું, તે રીતે આધારાનંદ સ્વામીએ ઘણા પ્રેમથી તે એકાદશીના દેવોનાં ચિત્ર કાપડમાં દોરીને શ્રીહરિને એકાદશીને દિવસે જ આપ્યા. પછી તે ચિત્રોને જોઈને શ્રીહરિએ શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે તે એકાદશીના અધિદેવ ભગવાનનું પૂજન ઘણા પ્રેમથી કરાવ્યું. ચૈત્ર સુદિ આઠમથી લઈને પૂનમ સુધીનો સમૈયો બધા સંતો તથા હરિભક્તો માટે મહા આનંદકારી થયો હતો. તેને સહુ નરનારી હરિભક્તો અરસપરસ કહેતાં-સાંભળતાં હતાં.

### ● સેવા કરનારા પર ભગવાન શ્રીહરિનો રાજીપો :

તે વખતે મંદિરની આગળના ભાગમાં સભામંડપનો ચોતરો કરાવવાનો આરંભ કર્યો. છ દિવસમાં તો તે ચોતરો પૂરો કર્યો. તે ચોતરો તૈયાર કરવામાં બધા સંતો નિત્ય ખૂબ શ્રમ કરતા હતા. તેથી તે બધા સંતોનાં શરીર ઉપર પરસેવો અને માટીનો ગારો ચોટ્યો હતો. તેથી શ્રીહરિ તેમને ઘણા ભાવથી ભેટ્યા.

શ્રીહરિ કહે, 'સંતો ! આ તમારાં શરીર ઉપર ચોટેલો ગારો તે ગારો નથી, પણ આ તો કેસરી ચંદન ભર્યું છે. માટે જો કોઈ તે ગારો લૂછીને આવશે, તો તેને અમે ભેટશું નહિ. એવું સ્પષ્ટ કહીએ છીએ. વળી, બધા સંતો સાંભળી લ્યો, જેણે સેવાની મહેનત ન કરી હોય પણ ભેટવા માટે શરીરે કીચડ ચોપડીને જો કોઈ આવશે તો તેને પણ અમે ભેટશું નહિ.' આમ કહીને શ્રીહરિ બધા સંતોને ભેટ્યા. સહુને સંભારીને તેમનાં વખાણ કર્યાં. આમ તે સંતોને રાજી-રાજી કરી દીધા.

### ● ભગવાન શ્રીહરિની પ્રશંસા સાંભળીને પાદરી બિશપ હેબર શ્રીહરિને મળવા ભારત આવ્યા :

જે અંગ્રેજ અધિકારી દુલાપ(ડનલોપ) સાહેબ અમદાવાદમાં હતા, તે પછીથી વિલાયત (ઇંગ્લેન્ડ) ગયા હતા. ત્યારે તેણે ત્યાં શ્રીહરિની વાત કરી હતી. વિલાયતમાં ત્યાંના જે મુખ્ય રાજા હતા, તેણે ભારતમાં ચાર ધામની અંદરના બધા રાજાઓને વશ કરી લીધા હતા. તે રાજાની એવી બુદ્ધિ હતી કે, તેણે પોતે ત્યાં વિલાયતમાં રહ્યા થકા ભરતખંડના બધા રાજાઓને પોતાને આધીન કરી લીધા હતા. તે દેશનાં જે જે પદાર્થ હતાં, તે બધાં સર્વોપરિ દેખાતાં હતાં. તે વિલાયતનાં પદાર્થની આગળ બીજા બધા દેશનાં પદાર્થ સૂર્યની આગળ પતંગિયા જેવા દેખાતાં હતાં. તેઓ જે જે કામ કરતા તેની આગળ બીજી બધી બાબતો ફિકી લાગતી હતી.

દુલાપ સાહેબે પોતાના અધિપતિની આગળ શ્રીહરિની બધી વાત કહી કે, 'આપણું રાજ્ય જ્યારે નીતિને આધારે થયું છે, ત્યારે નીતિ રાખીને જે કામ કરવા ધારીએ છીએ તે દિવસે દિવસે સાર્થક થાય છે. કારણ કે, એવો નીતિનો પ્રતાપ છે. નીતિ વગરની બુદ્ધિ અંધ છે અને તે અંધ બુદ્ધિનું રાજ્ય પણ અંધકારવાળું કહેવાય છે. દેખતા માણસની આગળ અંધ માણસનું લેશમાત્ર પણ ચાલતું નથી. હાલ ભૂમિ ઉપર ગુરુ અને શિષ્યો અમાપ છે. ભેખધારી-ત્યાગીઓ પણ અપરંપાર છે. તે પોતે પોતાની રીતને લગાર પણ જાણતા નથી. તે રીત વગરના ગુરુ અને શિષ્યો નામમાત્રના કહેવાય છે.

શાસ્ત્રમાં ગુરુની જેવી સનાતન રીત છે, તે બતાવી છે. તે શાસ્ત્રમાં કહેલી સનાતન રીતને જોઈ તે રીત સ્વામિનારાયણે ચલાવી છે. સ્વામિનારાયણ પોતાના જે ત્યાગી શિષ્યો છે, તે બધાને સ્ત્રી અને ધનથી દૂર રખાવે છે. તેથી જ ત્યાગી થઈને જે કોઈ ધન તથા સ્ત્રીમાં બંધાઈ જાય છે, તેને સ્વામિનારાયણ પોતાના માનતા નથી. સ્વામિનારાયણના ત્યાગી સિવાયના બીજા જેટલા ત્યાગી છે, તે પ્રાયઃ ધન અને સ્ત્રીમાં બંધાઈ ગયેલા છે; તેથી તે બધા મિથ્યા ત્યાગી કહેવાય છે. આવા જે મિથ્યા ત્યાગીઓ છે, તે સ્વામિનારાયણના સાચા ત્યાગીનો દ્રોહ કરે છે. તે બધા સાચા ત્યાગીને મિથ્યા કહેતા મનમાં ડરતા નથી. અરેરે ! એ મિથ્યા ત્યાગીઓની શી ગતિ થશે !

જે સંસારીઓ સ્વામિનારાયણનાં શિષ્યો થાય છે, તેમની પાસે પણ તેઓ માંસ, મદિરા, ચોરી અને વ્યભિચારનો ત્યાગ કરાવે

છે. કેમ જે, તેઓ આ ચારેય બાબતને પાપનું મૂળ માને છે. સ્વામિનારાયણ સિવાયના જે કોઈ પૃથ્વી પર છે, તેઓ તે ચાર પાપ ન કરવાનું નિયમ રખાવતા નથી. તેઓ તો મનમાં જેમ ફાવે તેમ વર્તે છે. જે મનમુખી ચાલે છે તેને રાજા દંડ કરે છે. છતાં પણ સ્વામિનારાયણના અનુયાયી સિવાયના લોકો મનમુખી થઈને વર્તે છે.

અયોધ્યાની સમીપે સરયૂ નદીને સામે પાર-ઉત્તર હિન્દુસ્તાનમાં સ્વામિનારાયણે જન્મ ધારણ કર્યો છે. તે સરવરિયા વિપ્ર છે. તેમનાં માતા-પિતા વૈષ્ણવ હતાં. તે પૂર્વ દેશમાં જે કંઠી ધારણ કરે છે, તે માંસ તથા મદિરાનો હંમેશાં માટે ત્યાગ રાખતા હોય છે. શ્રીરામચંદ્રજી તથા શ્રીકૃષ્ણના ઉપાસક-વૈષ્ણવ સાધુઓ માંસ તથા મદિરાનો ઉપયોગ કરતા નથી. એવા જે કોઈ ચારેય ધામમાં સાધુઓ છે, તેઓ એ બે બાબતનો ધર્મ રાખે છે. તે બાબતને સહુ લોકો પ્રસિદ્ધપણે જાણે છે. તે સાધુનાં શિષ્ય જે સંસારી હોય છે, તે પણ માંસ કે મદિરાનો ઉપયોગ ક્યારેય કરતા નથી; તે વાત પણ પ્રસિદ્ધ છે.

બીજી બાજુ તામસી દેવોના ઉપસાક ભક્ત ત્યાગી તથા ગૃહસ્થ હોય છે, તે બધા પ્રાયઃ ખાનગી રીતે દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર કરતા હોય છે. પણ સ્વામિનારાયણના જે કોઈ શિષ્ય થાય છે, તેમની પાસે તેઓ દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારનો ત્યાગ કરાવી દે છે. આ ઉપરાંત તે સ્વામિનારાયણ પોતાના આશ્રિતોની પાસે અયોગ્ય ગણાતી તમામ બાબતોનો ત્યાગ કરાવે છે અને જે યોગ્ય બાબત હોય તેને રખાવે છે. તેના મતે યોગ્ય બાબત એટલે શું ? તો, આ લોકમાં તથા પરલોકમાં જે સુખ આપે તેવી બાબત હોય, તેને તેઓ પોતાના આશ્રિતો પાસે પળાવે છે. ત્યારે તે વિલાયતના રાજાએ દુલાપ સાહેબને કહ્યું કે, 'તે સ્વામિનારાયણ ક્યાં નિવાસ કરીને રહે છે ?'

પછી દુલાપ સાહેબે વિલાયતના અધિપતિની આગળ પોતે જે રીતે જાણતા હતા તે બધી વાત કહી કે, ''તે સ્વામિનારાયણ પોતાના સેવક શિષ્યોનો જ્યાં ભાવ હોય ત્યાં પાંચ કે દસ દિવસ સુધી રહેતા હોય છે. ક્યારેક તેઓ ગુજરાતમાં આવીને રહે છે અને ક્યારેક કચ્છ દેશમાં રહે છે. કોઈ વખતે સોરઠ દેશમાં જઈને રહે છે, તો કોઈ વાર કાઠીયાવાડ દેશમાં રહેતા હોય છે. તે સ્વામિનારાયણ એક જગ્યાએ રહેવાનો ક્યારેય કોઈ ઠરાવ રાખતા નથી. તેઓ પિંડ, બ્રહ્માંડ અને સંબંધીઓની સાથે ક્યારેય રાગ રાખતા નથી. આવાં તો અપાર બ્રહ્માંડો છે. તે બ્રહ્માંડોના જે કાંઈ ભોગ કહેવાય છે, તેને ક્યારેય સત્ય ગણતા નથી. તેઓ તેને અસત્ય જાણીને તેમાં રાગ કરતા નથી. જે અસત્ય પદાર્થમાં રાગ રાખે, તે કદાચ બ્રહ્મા જેવા મોટા હોય તોપણ તેને તેઓ શાસ્ત્રના મતે બાળબુદ્ધિ માને છે.

જે જે અપાર આશ્ચર્યકારી બાબતો થતી રહે છે, તે દેવ તથા મનુષ્યના તર્કમાં પણ આવતી નથી. ખરેખર તે જ બાબત આશ્ચર્યકારી કહેવાય છે. જેટલી બાબત તર્કમાં આવે તે આશ્ચર્યકારી ન કહેવાય. કારણ કે, આશ્ચર્યની વાત એવી જ છે. દેવ તથા મનુષ્યથી બનતી જે બાબત કોઈના તર્કમાં ન આવે, તો તે પણ આશ્ચર્યકારી કહેવાય છે. તો જે બીજા કોઈનાથી બની શકતી જ ન હોય, તેવી શ્રીહરિની વાત આશ્ચર્યકારી કહેવાય તેમાં શું કહેવું ? ભગવાન તો યોગેશ્વર છે અને તેઓ પોતાની અંતર્યામી શક્તિએ કરીને જીવપ્રાણીમાત્રનાં હૃદયમાં પરમ અનુપમ રીતે વ્યાપીને રહ્યા છે. જેમ આકાશ અસંગી રહીને અણુ અણુમાં વ્યાપીને રહ્યો છે, તે જ રીતે ભગવાન પણ અસંગીપણે સર્વત્ર રહ્યા છે. તેમ છતાં પોતે અનુપમ તથા અદ્‌ભુત દિવ્ય સાકાર રૂપે પોતાના દિવ્ય ધામમાં અખંડ અને અવિનાશીપણે રહ્યા છે.

જે સ્વામિનારાયણ છે તે ઉપર કહ્યા તેવા પરમેશ્વરને પોતાના સ્વરૂપને વિષે અખંડ દેખે છે, એવા તે મહાસમર્થ છે. તે સ્વામિનારાયણના જેટલા શિષ્યો છે, તે બધા તેમનું ધ્યાન કરે છે અને તેનાથી તેને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. તેથી તેઓ પણ સ્વામિનારાયણના પ્રતાપે દિવ્ય બાબતોને દેખી શકે છે.

તે ઇંગ્લેન્ડના અધિપતિના ગુરુ મોટા પાદરી કહેવાતા હતા. તેને સહુ મોટા કરીને માનતા હતા. તેથી તે દેશના અધિપતિએ મોટા પાદરી સાહેબને કહ્યું કે, ''જ્યાં સ્વામિનારાયણ રહે છે, ત્યાં જઈને તમે તેમને મળો અને તેમના વર્તનની રીત કેવી છે ? તે જાણો. તેમજ તે કયા દેશમાં અને કયા ગામમાં પ્રગટ થયા છે ? તે કેવા સમર્થ છે ? તે જાણો. કેમ જે, આવા સમયમાં લોકોને સદ્‌બુદ્ધિ આપનારા સ્વામિનારાયણના જેવા ગુરુ અમારે ક્યાંય સાંભળવામાં આવ્યા નથી. ત્યાં ગુજરાતમાં તો બ્રાહ્મણ જાતિમાં જન્મ લેનારા લોકો પણ કુમાર્ગે ચાલે છે. સ્વામિનારાયણ સિવાયના ગુરુઓ છે, તે પ્રાયઃ પોતાના શિષ્યની પત્નીઓની આગળ પોતાને શ્રીકૃષ્ણ માનીને તેનો સંગ કરતા રહે છે.

કામ, ક્રોધ અને લોભ - આ ત્રણને તો નરકનું દ્વાર કહ્યા છે, છતાં વેદ તથા શાસ્ત્રની મર્યાદાને છોડીને તે લોકો નરકના માર્ગે ચાલે છે. સ્વામિનારાયણ પોતે વિપ્ર છે, છતાં પણ લોકો તેને મનમાં ફાવે તેમ કહે છે. છતાં સ્વામિનારાયણ તો સાધુના માર્ગમાં રહ્યા છે, એટલે દુર્જનોનાં કુવચનોને સહન કરતા રહે છે. દુર્જનોનાં દુર્વચનોએ કરીને જેમાં જેટલી સાધુતા દૃઢપણે રહી હોય, તે દેખાઈ

આવે છે, એક તલભાર પણ તે છુપી રહેતી નથી.

જે સાધુ થયા હોય તેને માટે તો દુષ્ટનાં કુવચનને સહન કરવાં, એ અમૂલ્ય આભૂષણ છે. એને જ સંતને માર્ગે ચાલ્યા કહેવાય છે. જે જિંદગીભર મન, કર્મ તથા વચને કરીને સ્ત્રી તથા ધનનો ત્યાગ રાખે છે, તે સાધુ જ સર્વોપરિ કહેવાય છે.'' તે દેશના અધિપતિએ પોતાના ગુરુ બિશપ હેબર નામે પાદરી હતા, તેમને ઉપર કહ્યા પ્રમાણેની બધી વાત કહી. અને પછી તેને ભારતમાં જવા આવવાના તથા તપાસ કરવાના બધા ખર્ચની વ્યવસ્થા કરી દીધી. પછી તે ઈસાઈ પાદરી વહાણમાં બેસીને મુંબઈ આવ્યા અને ત્યાંથી સુરત આવ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે વડોદરા આવ્યા.

ત્યાં ગાયકવાડ સરકારે પાદરી ગુરુ બિશપ હેબરનું યોગ્ય રીતે સન્માન કર્યું. સરકારના કારભારી જે નારુપંત નાના હતા, તે સ્વામિનારાયણ ભગવાનના પ્રસિદ્ધ શિષ્ય થયા હતા. તે ઈસાઈ પાદરીએ નારુપંતને પૂછ્યું કે, ''તમારા ગુરુ સ્વામિનારાયણ કયાં રહે છે ? મારે તેમને મળવું છે.'' ત્યારે નારુપંત નાનાએ કહ્યું કે, ''તમે નડિયાદ જાવ. કેમ જે, તેની સમીપમાં વડતાલ ગામ છે, મેં એવું સાંભળ્યું છે કે, આજ દિન સુધી તેમનો મુકામ ત્યાં છે. જ્યારે તમે નડિયાદ જાશો ત્યારે ત્યાં તમને સ્વામિનારાયણના યથાર્થ સમાચાર જરૂર મળી જશે.''

ત્યારે તે ઈસાઈ પાદરી ત્યાંથી ચાલ્યા અને નડિયાદ આવ્યા. નડીયાદમાં અંગ્રેજ સાહેબનો જે બંગલો હતો, તેમાં તે ઈસાઈ પાદરી આવીને ઉતર્યા અને લોકોને પૂછ્યું કે, ''અત્યારે સ્વામિનારાયણ ક્યાં છે ?'' ત્યારે જે જાણતા હતા તેમણે કહ્યું, ''હમણાં સુધી તો સ્વામિનારાયણ ભગવાન વડતાલમાં છે, તેમ સાંભળ્યું હતું. તેઓ અત્યારે ત્યાં હોય કે ન હોય, પૂરી ખબર નથી. કારણ કે, અમે તો અહીંયાં રહીએ છીએ.'' ત્યારે તે પાદરી સાહેબે એક પત્ર લખીને શ્રીહરિ ઉપર મોકલ્યો. જેમાં લખ્યું હતું કે,'વિલાયત દેશના અધિપતિના ગુરુ અમે પાદરી છીએ. તે આપ સ્વામિનારાયણને મળવા આવ્યા છીએ. આપને અહીં મારી પાસે બોલાવવા તે યોગ્ય નથી. માટે જો આપની આજ્ઞા હોય તો અમે આપની પાસે આવીએ. મોટાની મરજી જાણ્યા વિના જે કાંઈ કરવું તે યોગ્ય ગણાય નહિ, તો આપની જેમ મરજી હોય તે પ્રમાણે હું કરું. જ્યારે આપની મરજી હોય ત્યારે મારે આપને જરૂર મળવું છે. તેમાં કાંઈ ખોટું નથી. જેવી આપની મરજી હોય તેવો મને પત્ર લખજો.'

### • ભગવાન શ્રીહરિ વડતાલથી બિશપ હેબરને મળવા નડિયાદ ગયા :

જ્યારે નડિયાદથી ઈસાઈ પાદરી (બિશપ હેબર)નો પત્ર આવ્યો, તે વખતે શ્રીહરિએ વડતાલ ગામના પટેલને પોતાની પાસે બોલાવ્યા. અને તે રીતે જ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને પણ બોલાવ્યા. તે સહુને શ્રીહરિએ કહ્યું, ''હવે તમે જેમ કહો તેમ તે પાદરીને પત્ર લખાવીએ. જેમ ભગવાને ધાર્યું હશે તેમ થાશે.'' ત્યારે ગામના પટેલે વિચાર કરીને કહ્યું, ''મહારાજ ! આપ અત્યારે નડિયાદ જાઓ તો સારું. આપના જવાથી તે પાદરી સાહેબ ખુશ થાશે.'' ત્યારે શ્રીહરિએ ઘણા હેતથી તે બાબતનો પાદરીને પત્ર લખાવ્યો.

તે લખેલો પત્ર માણસની સાથે પાદરી સાહેબને મોકલ્યો, ત્યારે તે પત્રને વાંચીને તે એમ બોલ્યા, ''મારા દિલમાં જેવી વાત હતી તેવી જ રીતે સ્વામિનારાયણે લખ્યું છે. અમે જે રીતે ખુશ થઈએ તે રીતે પત્રમાં વાત લખી છે. જેના દિલમાં જેવો ભાવ હોય તે પત્રમાં દેખાય છે. જ્યારે દિવસ દોઢ પહોર ચઢશે ત્યારે અમે તમને મળવા આવશું, એવું પત્રમાં લખી જણાવ્યું છે. લખવામાં કોઈ જાતની કસર રાખી નથી. જો કોઈ વાતનો બાધ ન આવે એવું લખાયું હોય તો તે લખવાની ચતુરતા કહેવાય છે.''

વચનમાં બાધ-દોષ આવે કે વચન નિર્બાધ રહે, એવી બાબતને શ્રીહરિ ખૂબ જાણતા હતા. બધાં વચન એકસરખાં હોતાં નથી. જ્યારે તપાસ કરવામાં આવે ત્યારે તે દેખાય છે. માણસમાં જે સમયે જેવા ગુણ વર્તતા હોય તેવા ગુણ તેનાં લખાયેલાં કે સાંભળેલાં વચનોમાં આવ્યા વિના રહેતા નથી.

જ્યારે કોઈ માણસ વાત કરે છે, ત્યારે તે વ્યક્તિમાં જેવા ગુણ રહ્યા હોય તે ગુણનો ભાવ વાતમાં આવ્યા સિવાય રહેતો નથી. ભગવાનની વાત, ભગવાન સંબંધી પદ, કવિતા અને શાસ્ત્ર; એ સર્વે ભગવાન સંબંધી બાબતો નિર્ગુણ જ છે.

શ્રીહરિએ નડિયાદ જવા માટે જે દિવસે નક્કી કર્યું હતું, તે દિવસે સવારના પહોરમાં પ્રેમથી દૂધપાક, પૂરી, વડાં, ભજિયાં, રીંગણાંનું શાક અને તુવેરની દાળ વગેરે કરાવ્યાં. સૌ પહેલા શ્રીહરિ તે જમ્યા. પછી મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સંતો હતા, તેમને શ્રીહરિએ દૂધપાક, પૂરી વગેરે જમાડ્યાં. દરબાર દાદાખાચર, સોમલાખાચર, સુરાખાચર અને વસ્તાખાચર ઈત્યાદિક સહુને પણ વાસણ સુતારના ઘરની પાછળની જગ્યામાં બોલાવીને જમાડ્યા. તે સહુને જમાડ્યા પછી શ્રીહરિ વડતાલથી નડિયાદ જવા ચાલ્યા. તે વખતે શ્રીહરિએ પોતાને યોગ્ય લાગ્યા તે રીતે સંતોને પણ ભેળા લીધા. પોતે અશ્વ ઉપર બેઠા અને બધાં અંગ ઉપર શ્વેત

વસ્ત્ર ધારણ કર્યાં હતાં. જે હરિભક્ત કાઠી દરબાર દાદાખાચર આદિક હતા, તે સહુ તે વખતે પોતપોતાના અશ્વ ઉપર બેઠા હતા. તેમજ શ્રીહરિના જે પાર્ષદો હતા તે પણ શ્રીહરિની સાથે ચાલ્યા. પહેલા ગુતાલ અને પછી પીપલગ થઈને શ્રીહરિ નડિયાદ આવ્યા.

જ્યારે શ્રીહરિ ગામને સમીપ આવ્યા ત્યારે શહેરમાં જેટલા હરિભક્તો હતા તે શ્રીહરિની સન્મુખ આવ્યા. તે વખતે સહુના દિલમાં અતિશય આનંદ થયો હતો. હરિભક્તોને એટલો બધો આનંદ થયો હતો કે, તેવો આનંદ ક્યારેય થયો ન હતો. પુરને સમીપ જ એક ચોતરો હતો ત્યાં જઈ શ્રીહરિ તેના ઉપર બેઠા. નડિયાદના બધા હરિભક્તો શ્રીહરિને પગે લાગ્યા. જે સંતો અને વર્ણી સાથે આવ્યા હતા તેને પણ પગે લાગ્યા. તે વખતે ચોપદાર કુબેરસિંહને શ્રીહરિએ કહ્યું, "તમે જઈને પાદરી સાહેબને કહો કે, સ્વામિનારાયણ ભગવાન ગામની પાસે આવીને ઊભા છે. તમારી જ્યારે મરજી હોય ત્યારે તે તમને મળવા આવે. ગામમાં જે અમારા સેવક હરિભક્તો છે તેના મનમાં એવો ભાવ છે કે, વાજિંત્રો વગડાવીને અમને પુરમાં પધરાવવા. પણ તમારી રજા વગર વાજિંત્ર વગડાવીને આવવું તે યોગ્ય ગણાય નહીં."

પછી ચોપદાર કુબેરસિંહ ઘણા ઉત્સાહથી પાદરી સાહેબ બિશપ હેબરની પાસે ગયા અને શ્રીહરિએ જેમ કહ્યું હતું તેમ પાદરીને કહ્યું. ત્યારે તે પાદરી સાહેબ બોલ્યા કે, "દસ વાગ્યે તમે આવજો, તેમ કહો. અને ત્યાં સુધી તમારા સેવકોનો જેવો ભાવ હોય તેમ કરજો. પણ દસ વાગ્યે આવવાનું રાખજો."

આ રીતે સાહેબે જે કહ્યું હતું, તે કુબેરસિંહ ચોપદારે શ્રીહરિને કહી સંભળાવ્યું. તે વખતે શ્રીહરિએ હરિભક્તોને કહ્યું કે, "તમે એક પણ વાજિંત્ર લાવશો નહીં. અમે પધરામણીએ આવ્યા નથી. અમારે તો પાદરીને મળવું એટલી જ વાત છે. જેવો દેશકાળ હોય તેવો ભાવ રાખવો અને એ ભાવમાં જ બધું આવી જાય છે."

પછી જ્યારે દસ વાગ્યા ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેસીને નડિયાદ પુરમાં પધાર્યા. બહુનામી શ્રીહરિ જ્યારે રાજમાર્ગ ઉપર ચાલ્યા ત્યારે મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. બજારમાં જે લોકો હતા તે બધા શ્રીહરિ તથા સંતોને દેખીને બે હાથ જોડી મસ્તક નમાવતા હતા. સહુના દિલમાં બહુ ભાવ છવાયેલો હતો. રાજદરબારનો જ્યાં કોટ હતો, તે સ્થળે શ્રીહરિ આવી પહોંચ્યા. પાદરી સાહેબ સરકારી બંગલામાં ઊતરીને રહ્યા હતા. તેના બંગલાની આગળ ચાર-પાંચ લીમડાનાં ઝાડ હતાં અને તેનો છાંયો સારો હતો.

પાદરી સાહેબે શ્રીહરિને સંતો-પાર્ષદોએ સહિત કોટની અંદર હેતથી બોલાવ્યા એટલે તરત જ અંદર આવ્યા. બંગલાની પાસે આવી શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતર્યા. તે સમયે તરત જ પાદરી બિશપ હેબર ઘણા હરખથી શ્રીહરિની સન્મુખ દોડી આવ્યા. બંગલાનાં પગથિયાં ઊતરીને સામે આવ્યા અને શ્રીહરિનાં ચરણકમળમાં પોતાની ટોપી લઈને અડાડી. પછી શ્રીહરિનો એક હાથ પોતાના હાથમાં પકડીને પાદરી સાહેબ ઘણા હરખથી શ્રીહરિને કહેવા લાગ્યા, "આપને જેટલાની જરૂર હોય તેટલા જ બંગલા ઉપર આવે તેમ આપ કહો. જે ખાલી દેખનારા જ હોય તે બધા કોટની બહાર રહે. જેની વાણી, આંખ અને કાન નિયમમાં હોય તેવા બધાને આપ સાથે બોલાવો."

### • ભગવાન શ્રીહરિ તથા બિશપ હેબરનો પરસ્પર વાર્તાલાપ :

શ્રીહરિ (તા. ૨૬/૩/૧૮૨૫, સં.૧૮૮૧, ચૈત્ર સુદ-૭, રવિવારના રોજ) આ બિશપ હેબર નામના પાદરીને મળ્યા. ત્યારે તે પાદરી એવું બોલ્યા કે, "કોઈ બાબત વિચારવાનો પ્રસંગ હોય, ત્યારે ઝાઝા માણસની ભીડ થાય તો તે ભીડ વાતમાં વિઘ્ન કરે છે. ઝાઝા મનુષ્ય ભેળા થાય ત્યારે તેમાં ક્યારેય મનુષ્યની બુદ્ધિ સ્થિર થતી નથી. તેમાં ભ્રાંતિ થઈ શકે છે. તેથી મોટા સાહેબ બુદ્ધિના વિચારને સ્થિર રાખવા માટે મનુષ્યની ભીડ રાખતા નથી. તેઓ તો નીતિ ઉપર જ ચિત્ત સ્થિર રાખે છે અને મનને કાયદામાં રાખે છે. નીતિ વિના, કાયદામાં રહ્યા વિના તથા ભણીને વિદ્યા શીખ્યા વિના તેને ક્યારેય મોટી પદવી મળતી નથી. નીતિ, કાયદો અને વિદ્યા - આ ત્રણ મોટી પદવીનું દ્વાર છે. જે મનુષ્ય એક પણ સારી વિદ્યા ન ભણ્યો હોય, તો તેને મોટી પદવી મળતી નથી. વિદ્યા વગરનો માણસ મોટી પદવીને પામે તોપણ તે આંધળામાં ખપે છે."

પછી મુક્તાનંદ સ્વામી આદિક ચાર-પાંચ મોટેરા સંતોને તથા દાદાખાચર આદિક ચાર-પાંચ હરિભક્ત રાજાઓને શ્રીહરિએ સાથે લીધા. પછી બંગલા ઉપર પધાર્યા. ત્યાં હાથીદાંતના વિવિધ પ્રકારના ચિત્રવાળી ખુરશી શ્રીહરિને બેસવા માટે સાહેબ પોતે લાવ્યા, અને બંગલાની વચ્ચે તે ખુરશી રાખી. પછી દિલમાં ઘણું હેત લાવીને શ્રીહરિને તેના ઉપર બેસાડ્યા. જેના ઉપર જેને જેવો ભાવ હોય તે જ્યારે સન્માન કરે છે ત્યારે દેખાઈ આવે છે. તે પાદરી સાહેબે પોતાને બેસવાને માટે નેતરનો મૂંઢો(નેતરનું માંચી જેવું ગોળ આસન) નોકર પાસે મંગાવ્યો અને તે મૂંઢા ઉપર બેઠા. પાદરી સાહેબે બેસીને શ્રીહરિને પૂછ્યું કે, "આપ કુશળ છો ને ?" ત્યારે શ્રીહરિ પૂર્વ દિશા તરફ મુખ કરીને પાદરી સાહેબની સન્મુખ બેઠા હતા.

પાદરી સાહેબે કહ્યું કે, ''હું આપને મળવા માટે ઠેઠ વિલાયતથી અહીં આવ્યો છું. આપને મળવા સિવાય મારે અહીં આવવાનું બીજું કોઈ કામ નથી. હું આપને સાચું કહું છું. ઈંગ્લેન્ડમાં અમારા રાજાની પાસે અમદાવાદથી દુલાપ(ડનલોપ) સાહેબ આવ્યા ત્યારે તેમણે કહ્યું હતું કે, 'ગુજરાતમાં અપાર મતપંથ છે. તે મતપંથના જે ગુરુઓ છે તેમાં ગુરુના કહેલા ધર્મ પ્રમાણે કોઈ ચાલતા નથી. તેમજ શિષ્યની રીત પ્રમાણે કોઈ શિષ્ય પણ રહેતા નથી.

ગુરુ અને શિષ્ય પોતપોતાની રીતમાં નહિ રહીને માર્ગ છોડીને ચાલે છે. એટલે એ બધા કુમાર્ગી કહેવાય છે. પણ અત્યારે ગુજરાતમાં સ્વામિનારાયણ નામે એક ગુરુ થયા છે તેઓ ગુરુના જેવા ધર્મ કહ્યા છે તેવા ધર્મ ઉપર ચાલે છે. અને શિષ્યના જેવા ધર્મ હોય છે તે પ્રમાણે તેના શિષ્યોને વર્તાવે છે.

પોતે ગુરુ હોવા છતાં જે ગુરુના ધર્મને પાળતા નથી તે બધા સ્વામિનારાયણ વિશે ગમે તેવા શબ્દો બોલે છે, અને સ્વામિનારાયણના જે શિષ્યો હોય છે તેમને પણ મનફાવે તેવા શબ્દો સંભળાવે છે. જેટલા ખોટા ગુરુ છે તે સાચા ગુરુ સ્વામિનારાયણને ખોટા કહે છે પરંતુ અત્યારે તો સ્વામિનારાયણ ધર્મે કરીને સાચા છે. સ્વામિનારાયણનો એવો ધર્મ છે કે, તેમની તુલનાથી કુમાર્ગ ઉપર ચાલનારા જેટલા ગુરુઓ અને શિષ્યો છે, તે બધા દેખાઈ આવે છે તે કાંઈ છુપાવ્યા છુપાતા નથી. તે સ્વામીનો જે ધર્મ છે તે બધો શાસ્ત્રનાં સત્ય વચન પ્રમાણેનો છે. બધાં જ શાસ્ત્રો જેને પ્રમાણ કરે એવો તે સ્વામીનો ધર્મ કહેવાય છે.'

તે દુલાપ સાહેબે જ્યારે ઈંગ્લેન્ડના અધિપતિ સાહેબની આગળ આપના આ રીતે બહુ વખાણ કર્યા ત્યારે તે સાંભળીને તેમને ઘણો આનંદ થયો. પછી આપને મળવા માટે તેમણે મને ઘણા ભાવથી અહીં મોકલ્યો છે. અમારા ઈંગ્લેન્ડના રાજા આ દુનિયામાં જેટલી શ્રેષ્ઠ શ્રેષ્ઠ બાબતો હોય છે તેને ખોળી ખોળીને ભેળી કરે છે. કોઈ રાજા ન કરે તેવી નવી નવી અપાર બાબતોને અમારા રાજા કરે છે. એક એક કાયદાથી શ્રેષ્ઠ શ્રેષ્ઠ એવા કાયદાઓને કરતા રહે છે. તેમાં કોઈ કાયદામાં બાધ દેખાય તો તેનો ત્યાગ કરી દે છે. જેમાં કોઈ બાધ ન દેખાય તેવા કાયદાઓ રાખે છે.

આવો ઉદ્યમ તેઓ કરતા રહે છે. અમારા દેશના રાજાને કાયમ માટે દુનિયામાં સારી કીર્તિ રહે એવું કામ કરવાનું તાન રહે છે.'' ત્યારે શ્રીહરિએ તે પાદરી સાહેબની આગળ કહ્યું કે, ''જેને ભગવાન સાનુકૂળ હોય તેની બુદ્ધિ સારી થાય છે અને તેથી તેને શ્રેષ્ઠ બાબતો રુચતી રહે છે.'' ત્યારે સામેથી સાહેબ બોલ્યા કે, ''આપના જે ઈષ્ટદેવ હોય તે મને કહો. અમને તેની ખબર પડે. કહ્યા સિવાય તે કાંઈ દેખાતું નથી.''

ત્યારે શ્રીહરિ જેવી વાત હતી તે રીતે બોલ્યા કે, ''ભાગવત પુરાણમાં પંચમ સ્કંધ કહેવાય છે. તેમાં આ ભૂમિ ઉપર પ્રિયવ્રત રાજાએ સાત સમુદ્ર કર્યા છે, તેમ કહ્યું છે. તેમાં એક ક્ષીર સમુદ્ર છે. તેને મધ્યે શ્વેદ્વીપ કહેવાય છે. તે ક્ષીર સમુદ્રને મધ્યે રહેલા શ્વેતદ્વીપની શોભા વર્ણવી શકાતી નથી. ત્યાં ભગવાન વાસુદેવ એક પગે ઊભા રહીને પોતાના બંને હાથને ઊંચા રાખી તપ કરે છે. તેમની મૂર્તિ ઘણી તેજોમય છે. તે ધામમાં જે રહે છે તે બધા નિરન્નમુક્ત કહેવાય છે. તેઓ ફળ, ફૂલ, મૂળ, કંદ, પાંદડાં તથા દૂધનો આહાર કરે છે. અને જે રીતે ભગવાન વાસુદેવ તપ કરે છે તે રીતે જ બધા મુક્તો તપ કરે છે.

મહાન સમર્થ એવા તે વાસુદેવ ભગવાન અપાર નામ ધારી રહ્યા છે. તેઓ કેટલાય ધામમાં ચોક્કસપણે રહ્યા છે. આ બ્રહ્માંડો જેવાં બીજાં અપાર બ્રહ્માંડ છે. તેમની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય, ભરણ તથા પોષણ, એ બધું તે અવિનાશી ભગવાનના હાથમાં જ સદા રહ્યું છે. જીવ જે રીતનાં કર્મ કરે છે તેને બરાબર તપાસીને તેનું ફળ તેવા રૂપમાં આપે છે. પણ ક્યારેય તેને ભૂલી જતા નથી. એવા જે વાસુદેવ ભગવાન તે અમારા ઈષ્ટદેવ છે અને તે ભગવાનની ચિત્રપ્રતિમા અમે અમારી સાથે લાવ્યા છીએ.''

### • નડિયાદમાં બિશપ હેબરે ભગવાન શ્રીહરિને કુળ-કુટુંબ અંગે પરિચય પૂછ્યો :

શ્રીહરિએ ઈસાઈ પાદરી સાહેબને વાસુદેવ ભગવાનની ઉપરોક્ત વાત કહી ત્યારે તેણે શ્રીહરિને કહ્યું કે, ''તે ચિત્રપ્રતિમા અત્યારે અમને બતાવો તો હું પણ જોઉં.'' ત્યારે તે ચિત્રપ્રતિમા આધારાનંદ સ્વામીની પાસે હતી તેથી શ્રીહરિએ તરત તેમને તેડાવ્યા. જ્યારે શ્રીહરિએ તે પટમૂર્તિ બતાવી ત્યારે સાહેબ એકદમ ઊભા થઈ ગયા. તેને જોઈને અતિ વિસ્મય પામ્યા અને ઘણા ખુશ થઈ ગયા. તે ચિત્રપટને જોઈને સાહેબે શ્રીહરિને કહ્યું કે, ''અમારા ઈશુ ખ્રિસ્ત છે તેમણે પણ આવી રીતે તપ કર્યું હતું. અમે તે ઈશુ ખ્રિસ્તને માનીએ છીએ અને રાત-દિવસ તેમનો ડર રાખીએ છીએ. જે તેમનો ડર રાખતા નથી તે ક્યારેય મોટાઈ પામતા નથી. જે નીતિ ઉપર ચાલે છે તે સુખને પામે છે. જે નીતિ અનુસાર નથી રહેતા તેને વારંવાર દુઃખ આવે છે. મનુષ્યને દુઃખ આવવાનું કારણ તો નીતિનો લોપ કરવો તે જ છે.

પછી વળી, તેણે શ્રીહરિને કહ્યું કે, આપે અને અમારે ક્યારેય નીતિનો લોપ લગાર પણ કરવો નહીં. આપણી આટલી સમજણ એકસમાન છે. આપમાં નીતિ રહી છે એટલે આપના ઉપર અમારે હેત વધે છે. જે કોઈ માણસમાં જેટલી નીતિ ન દેખાય તેટલું તેની સાથે અમારું મન મળતું નથી. મન મળવાની બાબત એટલી રહી છે. નીતિ કાયમને માટે પરમ સુખદાયક છે. બંનેની એકસમાન નીતિ ન હોય છતાં જેટલું મન મળે છે તે તો આંકડાના તૂરની જેમ તરત છૂટું પડી જનાર છે. જે લોકો નીતિ પ્રમાણે ચાલતા હોય છે તેના ઉપર પરમેશ્વર હંમેશાં પ્રસન્ન રહે છે. અમે નીતિની આટલી વાતને દૃઢપણે સમજીએ છીએ. નીતિ વિના કોઈ ક્યારેય સુખ પામતું નથી. કોઈ ગમે તેવો બુદ્ધિમાન, ધનવાન કે રાજા હોય તોપણ નીતિ રાખ્યા વિના તેમાં મોટાઈ આવતી નથી. જીવનમાં નીતિ રાખ્યા વગરની જેટલી મોટાઈ કહેવાય છે તે બધી તો નાયક(બહુરૂપી)ના વેશ જેવી દેખાય છે. જે નીતિ ઉપર ચાલે છે તેટલી જ તેમાં માનવતા છે, અને જે નીતિનું ઉલ્લંઘન કરે છે તેટલો તે પશુમાં ખપે છે. માણસમાં ખરી માણસાઈ એટલી જ છે કે, નીતિ પ્રમાણે જીવવું. નીતિ ઉપરથી મનુષ્યપણું દેખાય છે.

આપમાં રહેલી નીતિ સાંભળીને હું આપને મળવા માટે વિલાયતથી અહીં આવ્યો છું. આજે આપને મેં દેખ્યા, આપણી મુલાકાત થઈ, મને ઘણો આનંદ થયો છે. જેટલી કંટકરૂપ(દુઃખરૂપ-હઠીલી) જાતિઓ કહેવાય છે. જે નીતિમાં કાંઈ સમજતી નથી, જે અનીતિભર્યા કામ કરવામાં તો સરદારરૂપ ગણાય છે, તેવી જાતિના જનોને આપે આ વખતે નીતિ ઉપર ચલાવ્યા છે. અનીતિનો ત્યાગ કરાવવો અને નીતિમાર્ગ ઉપર પ્રેમ કરાવવો તે તો ઘણો મોટો પ્રતાપ કહેવાય. તેના જેવો બીજો કોઈ પ્રતાપ કહેવાતો નથી. લોકોને નીતિ ઉપર ચલાવવા તે જ મોટાની મોટાઈનું લક્ષણ છે.

પરંતુ જો પોતે નીતિ ઉપર ન ચાલે તો બીજાને નીતિ ઉપર ક્યારેય ચલાવી શકાતા નથી. પરસ્ત્રીનો કાયમને માટે ત્યાગ કરવો અને તેને મા, બહેન તથા દીકરીના જેવી જ માનવી. કુકર્મ કરવા માટે થઈને પરસ્ત્રી સાથે કોઈ જાતનો પ્રસંગ રાખવો નહિ, આવી બધી આપની સર્વોપરિ નીતિ કહેવાય છે. ખરેખર તેના સમાન બીજી કોઈ નીતિ નથી. મોટા મોટા દેવતાઓ અને ઋષિઓને પણ આવી નીતિ રાખવી ઘણી કઠણ છે.

જેને એક પરમેશ્વરનો જ ખપ હોય, અને જે દંભ તથા કપટથી રહિત પાકા વર્તનવાળા હોય તેની આવી રીત હોય છે. તે તેનું વર્તન જ કહી દે છે. જીવનમાં ક્યારેય મદ્ય, માંસ, ચોરી તથા વ્યભિચાર ન કરવો, તે મનુષ્યનો ધર્મ કહેવાય છે. આપ પોતે તે ધર્મને દૃઢપણે રાખો છો અને બીજા પાસે પણ દૃઢપણે રખાવો છો. આપ કપિલદેવજી, દત્તાત્રેય, સનકાદિકો, શુકદેવજી અને નારદજી, જે રીતે રહ્યા હતા તે રીતે ધર્મને રાખો છો અને રખાવો છો. અત્યારે આપના સિવાય આવા કોઈ ધર્મનિષ્ઠ દેખાતા નથી. જે જે મોટા પુરુષો થયા છે તે બધા શુભ માર્ગે ચાલ્યા છે, અને તેમના માર્ગની રીતને દેખી દેખીને બીજા પણ ચાલ્યા છે. તેને લીધે જ તેઓ અપાર મોટપને પામે છે.

આપના સમાન જે જે મોટા પુરુષો થયા છે તેમણે ગ્રંથમાં નિષિદ્ધ વાતોને કહી છે. શાસ્ત્રમાં નિષેધ કરેલી બાબતોને જે કોઈ લોકો ગ્રહણ કરી લે છે તે ક્યારેય મોટપને પામતા નથી, પરંતુ લખચોરાશીમાં ભટક્યા કરે છે. અત્યારે આપ શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલી બાબતનો ત્યાગ કરી રહ્યા છો. તેમજ જે બાબત આચરણમાં ગ્રહણ કરવાની હોય અને જેનાથી દુનિયામાં કીર્તિ વધતી હોય, તેવી બધી બાબતોને આપ જોઈ તપાસીને ગ્રહણ કરી રહ્યા છો. તેને લીધે આપ સત્પુરુષ કહેવાઓ છો. જે સત્પુરુષ જેવા હોય તેને તેમનામાં રહેલી સત્ય બાબતો કહી દે છે. જેને અસત્ય વાત ગમતી હોય તેને અસત્પુરુષ કહેવાય છે. અસત્ય વાતમાં રહેલી રુચિ ઉપરથી જે જે અસત્પુરુષો હોય છે તે ઓળખાઈ જાય છે.

વળી, મારે બીજી એક વાત જાણવી છે કે, આપનો જન્મ કયા દેશમાં થયો છે ? આપનાં પ્રિય માતા પિતા કોણ છે ? અને જાતિ કઈ છે ? તમારું ગામ કયું છે ? આ બધું મને ચોક્કસપણે કહો. જે મનુષ્ય પોતાની ખરેખર જે જાતિ હોય તે બીજાને ન કહે તો અજ્ઞાની લોકો મનફાવે તે રીતે બોલતા હોય છે. જ્ઞાની પુરુષ આકાશના જેવા નિર્લેપ અને સૂર્યના જેવા પ્રતાપી હોય છે, છતાં પણ અજ્ઞાની માણસો તેને ઓળખી શકતા નથી. જ્યારે જ્યારે જેટલા મોટા પુરુષ થયા છે ત્યારે તેમની બાબતમાં પણ નાક કાન વગરના અજ્ઞાની લોકો મનમાં ફાવે તેમ બોલતા હતા.

જેને નાક કાન હોય છે અર્થાત્ જેને લાજ શરમ હોય છે તે વગર વિચાર્યું કાંઈ બોલતા નથી. ખરેખર જે જેટલું વિચારીને બોલે છે તેટલો જ તે મનુષ્ય છે. જે વગર વિચાર્યે બોલે છે તે તો પશુ જાતિમાં ગણાય છે. બીજું આપ એ કહો કે, આપે પોતાનું ઘર છોડ્યું ત્યારે તમે કેટલા વર્ષના હતા ? આ જગતમાં જેટલા ખોટા ભેખધારી હોય છે તે પોતાનું પેટ ભરવાને ખાતર જ ઘરનો ત્યાગ કરતા હોય છે. આપે ઘરનો ત્યાગ શું સમજીને કર્યો છે ? તે કહો. આપ નહિ કહો તો તે વાત મને સમજ્યામાં નહિ આવે.'' પાદરી સાહેબે

જેટલી વાત પૂછી તે બધી સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા. પછી તેનો ઉત્તર શ્રીહરિએ કર્યો. સાહેબને જે આવશ્યક અને યોગ્ય વાત જણાઈ, તે બધી સારસારરૂપમાં લખી લીધી. તે પછી તેમણે શ્રીહરિની પૂજા કરી.

### ● બિશપ હેબરને મળીને ભગવાન શ્રીહરિ વડતાલ આવ્યા અને નીતિ-અનીતિવાળા રાજાની વાત કરી :

શ્રીહરિની સાથે પ્રસન્ન મનથી વાત કર્યા પછી પાદરી સાહેબે શ્રીહરિની પૂજા કરવા માટે ગુલાબના હાર તથા ગુલાબજળ વગેરે પૂજાની બધી સામગ્રી મંગાવી, તેમાં કાંઈ વિલંબ કર્યો નહીં. તે પાદરી સાહેબે ગુલાબજળ ભરેલી ગુલાબદાની અને અત્તરદાની લઈને શ્રીહરિની આગળ ધરી. પછી ઊભા થઈને જેટલા ગુલાબના હાર હતા તે શ્રીહરિના કંઠમાં પહેરાવ્યા. તેના પછી જે અત્તર હતું તે શ્રીહરિના રૂમાલ ઉપર રૂપાની સળીથી પાંચ-છ વાર લઈ લઈને લગાવ્યું. તેમના હૃદયમાં જે પ્રેમભાવ હતો, તે કહી શકાતો નથી.

પછી તત્પર થઈને ગુલાબદાની લઈ તેમાં રહેલું ગુલાબજળ પહેલા તો શ્રીહરિનાં વસ્ત્ર ઉપર છાંટ્યું. તે પછી સંતો તથા હરિભક્તોની જેટલી સભા હતી, તે સહુના ઉપર પણ યોગ્ય રીતે ગુલાબજળ છાંટ્યું. તે પાદરીએ શ્રીહરિની ભાવથી પૂજા કરી તેથી તેણે જેટલી કરવાની બાબતો હતી તે કરી લીધી. આપણા સત્સંગમાં ઇષ્ટદેવના રૂપમાં જેટલી છાપની મૂર્તિઓ હતી, તે બધી વિલાયતમાં દેખાડવા માટે પાદરી સાહેબે માગી લીધી. પછી છાપની જેટલી મૂર્તિઓ હતી તે બધી શ્રીહરિએ સાહેબને આપી અને સત્સંગમાં સંતોના જે વ્રતમાન ધર્મ-નિયમ હતા, તે બધા કહ્યા. વળી, ગૃહસ્થ હરિભક્તોનાં વર્તનના બધા ધર્મ તથા સધવા-વિધવા બાઈઓનાં વર્તનના ધર્મ પણ તેમને કહ્યા. ઘણા વિચક્ષણ એવા સાહેબે તે બધા લખી લીધા. પછી તે સાહેબે શ્રીહરિને ત્યાંથી ચાલવા માટેની રજા આપી.

જ્યારે શ્રીહરિ જલદીથી ઊઠ્યા ત્યારે સાહેબ શ્રીહરિને ભેટી પડ્યા, અને હેતને લીધે બહુ દિલગીર થઈ ગયા. તેથી સાહેબ એક ઘડી વાર સુધી તો શ્રીહરિને ભેટી રહ્યા. તેઓ હેતનાં અશ્રુબિંદુઓને બંને આંખોથી રોકી શક્યા નહીં. પછી સાહેબે શ્રીહરિનો એક હાથ પોતાના હાથમાં પકડ્યો અને તે બંગલાના દાદરનાં પગથિયાં ઊતર્યા. શ્રીહરિ જ્યારે અશ્વ ઉપર બેઠા અને જ્યારે ચાલતા થયા તે પછી ત્યાં ઊભેલા પાદર સાહેબ પાછા વળ્યા. બંગલાનાં પગથિયાં ઉપર ચઢીને સાહેબ ઊભા રહ્યા અને જઈ રહેલા શ્રીહરિની મૂર્તિમાં નેત્ર જોડી રાખ્યાં. જ્યાં સુધી શ્રીહરિ દેખાયા ત્યાં સુધી સાહેબ તે પગથિયાંમાં જ ઊભા રહ્યા.

જ્યારે આગળ ચાલતા શ્રીહરિ રાજમાર્ગ ઉપર આવ્યા ત્યારે હજારો લોકો શ્રીહરિનાં દર્શન કરવાં ત્યાં ઊભા હતા. મોટા મોટા ચતુર અમીનો પણ શ્રીહરિને દેખી હાથ જોડતા હતા. નડિયાદમાં સત્સંગી એવું નામ ધરાવતા બધા જ ભક્તજનોએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને અલૌકિક લાભ લીધો. તેમજ જેના મનમાં જેવા મનોરથ હતા તેમને શ્રીહરિએ તેવા રૂપમાં પૂર્ણ કર્યા. નડિયાદમાં જે શુભ બુદ્ધિવાળા મોટા મોટા બારોટ હતા, તે બધા શરીરનું અભિમાન છોડી દઈને હરિભક્ત થયા હતા, પણ જેમણે અભિમાન રાખ્યું હતું તે બધા કુસંગી રહ્યા હતા.

જે કોઈ જીવ અભિમાન રાખે છે તે ગમે તેવા મોટા હોય, તોપણ વારંવાર સંસારમાં ભટકતા રહે છે. જે અભિમાન છોડી દે છે તે આ સંસારને તરી ગયા છે. સત્સંગ સમાન બીજી કોઈ મોટપ નથી, એવો સત્સંગ મહાન છે. સત્સંગ સિવાયની જેટલી મોટાઈ છે તે બધી તો આ સંસારમાં ભટકાવનારી છે. સત્સંગ સિવાયની બીજી ગમે તેટલી મોટાઈ કોઈ રાખે, પણ તેમાં અપાર દુઃખ રહ્યું છે. કેમ જે, તે મોટાઈ મોહ કરાવનારી છે. જેટલું આ સંસારનું બંધન છે તે બધું સત્સંગથી છૂટી જાય છે. તે બંધન સત્સંગ સિવાય બીજા કોઈ ઉપાયથી ક્યારેય છૂટતું નથી.

કોઈ ગમે તેટલાં વેદ અને પુરાણોને ભણે, છતાં પણ એક સત્સંગ વિના તે બધું નિર્જીવ રહે છે. જે લોકોને આવી સમજણ હતી, તે લોકો સત્સંગી થયા હતા અને તે નિષ્કપટભાવે અને દંભરહિત વર્તતા હતા. જેણે સત્સંગ જે રીતે સ્વીકાર્યો તેને સત્સંગ તે રીતે મનોવાંછિત સુખ આપે છે. એટલે જ જેમાં જેટલું કપટ રહ્યું હોય તેને તેટલું કપટનું ફળ મળે છે.

નડિયાદમાં જેઠા મહેતા નામે સાઠોદરા નાગર હરિભક્ત હતા. તેમણે ત્યારે શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરાવી. તેમણે ઘણા ભાવથી શ્રીહરિની પૂજા કરી. પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા તે પીપલગ ગામ આવ્યા. તે ગામમાં જેટલા હરિભક્ત રહેતા હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ શ્રીહરિનાં દર્શન કરીને મનમાં ખુશી થયા. પછી પીપલગથી જ્યારે આગળ ચાલ્યા ત્યારે ત્યાં એક વડનું ઝાડ આવ્યું. તેની સુંદર છાયા દેખીને સુખદાતા શ્રીહરિ ત્યાં ઊતર્યા. ત્યાં છૂટેલી એક ગાડી ઉપર બેઠા અને બધા સંતો આગળના ભાગમાં બેઠા. જેટલા હરિભક્તો હતા તે પણ ત્યાં બેસી રહ્યા. પછી શ્રીહરિએ ત્યાં સહુની આગળ કેટલીક વાત કરી. જ્યારે દિવસ પાછલો એક પહોર રહ્યો ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલ્યા.

જ્યારે શ્રીહરિ વડતાલ ગામમાં આવ્યા ત્યારે અતિ આનંદ છવાઈ ગયો. પછી જ્યારે શ્રીહરિ સભા કરીને બેઠા ત્યારે અંગ્રેજી રાજ્યની વારંવાર પ્રશંસા કરી અને કહ્યું કે, "આવું રાજ્ય ક્યારેય હતું નહીં. જેવી અદલ નીતિ છે તે પ્રમાણે અંગ્રેજો અત્યારે રાજ્ય

કરી રહ્યા છે. અંગ્રેજોને જેવું રાજ્ય કરતા આવડે છે તેવું બીજા કોઈને આવડતું નથી. બીજા બધા રાજાઓ ભલે થયા હોય, પણ તેઓ તો પ્રજાને દુઃખ દેતા ડરતા નથી. પ્રજામાં હરેક માણસને રાજા દુઃખ દે છે. જે મનુષ્ય રાજાને ધન આપે છે તેની જ વાત તે સાંભળે છે. જે વધારે ધન આપે છે તેના તરફનો જ રાજા ન્યાય કરે છે. પ્રધાન અને રાજા ભેળા મળીને જે જેવું દ્રવ્ય આપે તે પ્રમાણે તેવો ન્યાય કરે છે. ધન લઈને જે ન્યાય કરતા હોય એવા પ્રધાન અને રાજાઓને ન્યાયની ચાહક પ્રજા ક્યારેય ચાહતી નથી. ધનના લોભથી જે રાજા ગુનેગારના પક્ષમાં ન્યાય આપતા હોય છે, તેવા રાજા ક્યારેય રાજ્યાસન ઉપર વધારે ટકી શકતા નથી.''

## • વડતાલમાં ભગવાન શ્રીહરિએ હરિભક્તોને સંતસેવાની અને ધર્માદો દેવાની ભલામણ કરી :

શ્રીહરિ વડતાલમાં હતા ત્યારે ત્યાં જે હરિભક્તો આવ્યા હતા તેમને શ્રીહરિએ કહ્યું કે, ''જેટલા તમારા હરિભક્તોનાં ગામ છે તેમાં બે, ત્રણ, ચાર અથવા પાંચ જેટલા સંતોને પોતાને ગામ લઈ જાઓ. જેને જેટલી શ્રદ્ધા હોય તેટલા સંતો લખાવો. અમે કહીએ છીએ કે ગામે ગામ સંતોને મોકલશું. સંતો ગામમાં રોજ લોટ માંગવા માટે ઝોળી ફેરવશે, અને તેમાં જો પૂરતો લોટ ન મળે તો તમારે હરિભક્તોએ સંતોની સંભાળ રાખવી.''

આ વાત સાંભળીને હરિભક્તો એટલા બધા રાજી થયા કે જે મુખે કહી શકાતું નથી. શ્રીહરિને રાજી કરવા માટે સહુએ ઘણા પ્રેમથી પોતાને ત્યાં સાધુ મોકલવાનું લખાવ્યું. હરિભક્તોને જેવી શ્રદ્ધા હતી તે પ્રમાણે સાધુઓને લખાવ્યા. કોઈ પાંચ સાધુથી વધારે સાધુ મોકલવાનું કહેતા તો તે શ્રીહરિ લખવા દેતા નહીં. વધારે કહે તોપણ શ્રીહરિ પાંચ જ સંત લખતા હતા. જેમ શ્રીહરિ કહે તે પ્રમાણે લખાતું. બધા લખાઈ રહ્યા ત્યારે ત્રણ હજાર જેટલાં સાધુનાં નામ લખાયાં. પછી તે હરિભક્તોનાં ગામોમાં પાંચ પાંચ સાધુનાં મંડળ મોકલવાની આજ્ઞા કરી. પણ તે સિવાયના સાધુ ન જઈ શકે તેમ હોય તેવાં જેટલાં ગામ બચ્યાં, તે ગામના હરિભક્તોની આગળ શ્રીહરિએ કહ્યું, ''વડતાલમાં અને બીજે સ્થળે મોટાં મંદિર કર્યાં છે.

આ વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવ, વાસુદેવ અને શ્રીહરિકૃષ્ણ મહારાજ મોટા દેવ છે, તેમજ અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવ છે. આ લક્ષ્મીનારાયણ દેવના મંદિર જેવું જ અમદાવાદમાં અદ્‌ભુત મંદિર છે. વળી, ગઢપુરમાં અમે હંમેશાં રહીએ છીએ, તો એ ત્રણ જગ્યાએ ઘણો ખર્ચ રહે છે. તમે હરિભક્તો જ અમારે માટે તો ગામ ગરાસ છો, એમ અમે માનીએ છીએ. અમારું જે કાંઈ ગણાતું હોય તે તમે હરિભક્તો જ છો. મોટાં મંદિરમાં સંતો અને બ્રહ્મચારીઓ કાયમ રહે છે. અને ત્યાં શ્વેત વસ્ત્રવાળા પણ સેવા કરવા માટે ત્યાગી થઈને રહ્યા છે. અને તે અમે તથા સંતો જેમ કહીએ તેમ બધા કરે છે.

જેટલા મનમુખી થઈને વર્તે છે તે બ્રહ્મા જેવા હોય તોપણ મોટપ પામતા નથી. માટે બીજાની તો વાત જ શું કહેવી ? શ્રીહરિ અને સંતોની જે જેટલી મોટપ સમજે છે તેની તેટલી મોટપ થાય છે. તે વિના ક્યારેય મોટપ આવતી નથી. જ્યાં સુધી ભગવાન તથા સંતને મન સોંપી દેતા નથી, ત્યાં સુધી સંસારનું બંધન છૂટતું નથી અને જાત જાતના જન્મ લેવા પડે છે. વારંવાર જે જન્મ ધારણ કરવો પડે તેનું જ નામ ભવબંધન કહેવાય છે. તેમાં અપાર દુઃખ રહ્યું છે. જ્યાં સુધી જીવ આ વિચાર નથી કરતો ત્યાં સુધી તે અનંત કલ્પ પર્યંત દુઃખ ભોગવતો રહે છે, પણ ક્યારેય સુખ પામતો નથી. જે ભગવાન તથા સંતો કહે તેમ કરે છે તેના સમાન કોઈ મહાભાગ્યશાળી નથી. તેના ભવબંધન છૂટી ગયા છે તથા દુઃખમાત્ર દૂર થઈ ગયું છે. આ રીતે જે હરિભક્તો સમજે છે તે જ ભગવાન તથા સંતોને મન અર્પણ કરે છે. મન દીધાનું એંધાણ એ છે કે, ભગવાન તથા સંતો જેમ કહે તેમ જ રહે અને તેમાં જ સર્વે સુખ અને આનંદ છે એમ માને.

આગળ કહ્યું તેવી જેની સમજણ હોય તેને ક્યારેય દુઃખ લાગતું નથી. તે જ પાકો હરિભક્ત થયો ગણાય. પણ જેને જેટલું દુઃખ લાગી જાય છે તેટલી તે હરિભક્તની સમજણ કાચી કહેવાય છે. કારણ કે, વારે વારે આવો સમય આવતો નથી, તેમ અમે કહીએ છીએ. તો જે હરિભક્તો વ્યવહાર કરવામાં વરસોવરસ વધારે ચઢિયાતા રહેતા હોય, તેમણે મંદિરમાં રહેનારા સંતો, બ્રહ્મચારીઓ અને ભગવાનની મૂર્તિઓ તથા મંદિરમાં જે ખર્ચ થતો હોય તે માટે પોતાનો વ્યવહાર દેખીને દર વર્ષે દસમો અથવા વીશમો ભાગ ધર્માદા નિમિત્તે ભાવથી લખાવવો.''

ત્યારે શ્રીહરિની તે મરજી જોઈને હરિભક્તો તેનો લાભ લેવા માંડ્યા. આવો દુર્લભ લાવ કોઈએ લીધો ન હતો. બ્રહ્માંડોમાં જીવપ્રાણીમાત્રનું પોષણ એક શ્રીહરિ જ કરે છે, તોપણ સર્વનું પોષણ કરનારા ભગવાન શ્રીહરિ જ્યારે મનુષ્યદેહનું ધારણ કરે છે, ત્યારે અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે નિરંતર મનુષ્યની રીતે વર્તે છે. તેણે કરીને જે ભક્તજનો હોય છે તેને ભગવાન સંબંધી ઘણું સુખ મળતું રહે છે, જે સુખનો કહેતા પાર આવતો નથી. જ્યારે આવી વાત કરીએ છીએ ત્યારે સુખ દેખવામાં આવે છે. કહ્યા વિના ક્યારેય સુખ દેખાતું નથી. જે અવતારમાં ભક્તજનને જેમ સુખ દીધું હોય છે તે બધી વાત જ્યારે શાસ્ત્રમાં કહી હોય ત્યારે સહુને

દેખ્યામાં આવે છે. ચાહે તેવો અવતાર હોય તોપણ તે બાબતે ગ્રંથમાં લખ્યા સિવાય ક્યારેય દેખાતું નથી. આ ભૂમિ ઉપર ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પ્રકારના જે રાજાઓ થયા છે તેમાં જેનું જેવું વર્તન હોય તે પણ ગ્રંથે કરીને દેખાય આવે છે.

જેનું જેવું વર્તન હોય તેવું તેને ફળ મળે છે અને તેમની કીર્તિ પણ તેવી જ થાય છે. કારણ કે, જેવું બીજ વાવવામાં આવે છે તેવું તે ફળ પામે છે. આમ જાણીને જેટલા હરિભક્તો છે તે બધા આ લોક અને પરલોકમાં સારી કીર્તિ થાય, તે રીતે જોઈ જોઈને વર્તે છે. તેણે કરીને જ આ હરિભક્તો જેવી કીર્તિ બ્રહ્માંડમાં કોઈની નથી. જે લોકો દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારમાં સાર માનતા હોય છે તેની ક્યારેય શુભકીર્તિ થતી નથી. તે બધું સમજીને હરિભક્તો 'જો પોતે તર્યા તો આખું જગત તર્યું' એવું માનતા હતા. જે શુભ વર્તન રાખે છે તેનો મોક્ષ થાય છે અને જેનું અશુભ વર્તન હોય છે તે વારંવાર સંસારનાં દુઃખમાં ભટકતો રહે છે. જે મનુષ્ય આ રીતે સમજે છે તેને જ મનુષ્યદેહનું ફળ મળે છે, પણ જે આ રીતે નથી સમજતા તેને મનુષ્યજન્મનું ફળ મળતું નથી. આગળ કહ્યા પ્રમાણેની વાત કરીને શ્રીહરિ વડતાલથી ચાલ્યા અને પીપળાવ આવ્યા. ત્યાં સરોવરથી પૂર્વ દિશામાં ઉતારો કરીને રાત રહ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૮/૨૫-૩૫)

## ● ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બિશપ હેબરની મુલાકાત : ગુજરાતના ઈતિહાસનું એક અવિસ્મરણીય પ્રકરણ :

ભારતીય ઈતિહાસના અનેક વણખોલ્યાં પૃષ્ઠો, લાઈબ્રેરીઓની આલ્માારીઓ પર કિટાણુઓનો ખોરાક બની લુપ્ત થઈ રહ્યાં છે. એમાંના કેટલાક પૃષ્ઠો પર તો ભારતવાસીઓનાં ભાગ્યની કરવટ બદલાવનારી અનન્ય ક્ષણોનો ઈતિહાસ ભંડાર્યો છે. ઈતિહાસ પ્રત્યે ઓછી રુચિ ધરાવતી અને અસ્તિતા વિના નિર્માલ્ય બની રહેલી સરેરાશ પ્રજાને, આ પૃષ્ઠોમાં કઈ તાકાત ભંડારી છે, એનો ભાગ્યે જ પરિચય છે.

એવા તાકતવર ઈતિહાસનું એક અજોડ પ્રકરણ છે : ખ્રિસ્તી ધર્મગુરુ બિશપ રેજિનાલ્ડ હેબર અને ભગવાન શ્રી સ્વામિનારાયણની ઐતિહાસિક મુલાકાત. ગુજરાત કે ભારતના ઈતિહાસકારોએ જેના તરફ ભાગ્યે જ લક્ષ્ય આપ્યું છે, એવા આ પ્રકરણની વિશેષતા શી છે ? ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બિશપની એ મુલાકાતનો ગુજરાતના ઈતિહાસ પર કેવો અનન્ય પ્રભાવ છે, એની ગુજરાતી ઈતિહાસકારોને કે ગુજરાતની પેઢીઓને કેટલી ખબર હશે ?

બિશપ હેબર કોણ હતા ? એક ચીલાચાલુ ખ્રિસ્તી ધર્મગુરુ ? ના. ગળે ક્રોસ લટકાવીને ફરતા કોઈ સામાન્ય પાદરીમાં અને ભારતને વટલાવવાનું સ્વપ્ન ધરાવતા બિશપ હિબરમાં આસમાન-જમીનનો ફરક હતો. ઈંગ્લેન્ડમાં ૨૧ એપ્રિલ ૧૭૮૩ના રોજ જન્મેલા આ પાદરી, ગ્રેઈટ બ્રિટનના રાજવી સહિત સૌ કોઈની આશાનું પાત્ર હતા. બાળવયથી જ રેજિનાલ્ડ હેબર કાવ્ય, ચિત્ર, સાહિત્યસર્જન, વક્તત્વ વગેરેમાં પારંગત હતા. તેજસ્વી અને તરવરિયા હિબર પાસે આકર્ષક વ્યક્તિત્વ હતું. ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં તેજસ્વી કારકિર્દી બનાવીને નાની ઉંમરે લોકપ્રિય બનેલા રેજિનાલ્ડને, કોલેજકાળથી જ ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે મિશનરી પ્રવૃત્તિઓમાં અનહદ રસ હતો. દેશ-વિદેશમાં ખ્રિસ્તી ધર્મના પ્રચારની ધગશ તેની નસેનસમાં ધસમસતી હતી. પરિણામે, કોલેજ પૂરી કરીને તરત જ ખ્રિસ્તી ધર્મના પ્રચારની શક્યતાનો અભ્યાસ કરવા તેમણે છેક નોર્વેથી લઈને રશિયા સુધી પ્રવાસ ખેડી લીધો હતો.

કોલેજ પછીના બીજા જ વર્ષે, સને ૧૮૦૭માં રેજિનાલ્ડ હિબરે ઈંગ્લેન્ડના હૉડનેટ નગરના પાદરી તરીકે દીક્ષા લઈ લીધી. હેબરે અહીં જીવનના પંદર વર્ષ વીતાવ્યાં. એ દરમ્યાન હેબર પોતાની આગવી પ્રતિભાથી ઈંગ્લેન્ડની નાની-મોટી અનેક ખ્રિસ્તી સંસ્થાઓમાં લોકપ્રિય બની ગયા હતા. પોતાના આગવા પ્રભાવથી હેબરે ઈંગ્લેન્ડમાં ખ્રિસ્તી ધર્મના વિવિધ ફાંટાઓને એકત્રિત કરવામાં ખૂબ આગળ પડતો ભાગ ભજવ્યો. પરિણામે, ખ્રિસ્તી પ્રચારકોના ઊગતા તાકતવર લીડર તરીકે હેબર સૌને આકર્ષી રહ્યા હતા. એક ઊંચા ગજાના કવિ તરીકેના તેમના જુસ્સાભર કાવ્યો અને લખાણો લોકોમાં ધાર્મિક જુવાળ પ્રગટાવી દેતાં. ઈંગ્લેન્ડમાં અને જ્યાં જ્યાં ઈંગ્લેન્ડનો પ્રભાવ હતો તે દરેક દેશમાં ખ્રિસ્તી ધર્મના વાવટા ફરકાવી દેવા માટે યુવાન હેબરે અનેકવિધ યોજનાઓ આપીને સૌને ભારે પ્રભાવિત કર્યા હતા.

(Bishop Heber, Chief Missionary to the East, Lord Bishop of Calcutta, 1783-1826, by George Smith, London, 1895. Bishop Sahib, A Life of Reginald Heber, by Derrick Hughes, first published in 1986 by Churchman Publishing Limited, West Sussex, BN14 7SF, UK,)

પરંતુ હેબરને સૌથી વધારે રસ ભારતમાં હતો. એટલા માટે નહીં કે એ યુગમાં ભારત યુરોપના દેશોના આકર્ષણનું કેન્દ્ર હતું. પરંતુ એટલા માટે કે ભારતને ખ્રિસ્તી ધર્મમાં વટલાવવું - એ એક જબ્બર પડકાર હતો. અને બિશપ હેબરને એ પડકાર ઝીલીને કંઈક

ધમાકેદાર કરી બતાવવામાં રસ હતો. પરંતુ ભારતને વટલાવવામાં એવો તે શું મોટો પડકાર હતો ? હેબરના જીવનને જરા બાજુએ રાખીને, ભારતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચારની શરૂઆતની વિગતો સમજવા જેવી છે.

અઢારમી સદીનો એ યુગ એવો હતો કે જ્યારે યુરોપના જુદા જુદા દેશોના 'પીંઢારાઓ' વેપારીના વેશમાં આવીને ભારતમાં ઊતરી પડ્યા હતા. ડચ, ફ્રેન્ચ ઉપરાંત ઈસ્ટ ઈન્ડિયા કંપનીના નામે વેપાર કરવા આવેલા બ્રિટીશ વેપારીઓ, પરસ્પર સ્પર્ધા કરતાં કરતાં ધીમે ધીમે ભારતમાં સામ્રાજ્ય જમાવવાના ધંધામાં લાગી ગયા હતા. આ બધામાં સૌથી વધુ ફાવેલા બ્રિટીશ વેપાારીઓ, કુસંપથી ખદબદતા ભારતીય રાજાઓ અને નવાબોને કુટિલનીતિથી ઝુકાવીને આસાનીથી આગળ નીકળી ગયા હતા. અઢારમી સદીના મધ્ય ભાગમાં તો અંગ્રેજો 'ઈસ્ટ ઈન્ડિયા કંપની'માંથી 'કંપની સરકાર' તરીકે ભારતના સિંહાસન પર ચઢી ચૂક્યા હતા. ઈંગ્લેન્ડના રાજા અને ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે હવે ઈંગ્લેન્ડના ધર્મગુરુઓ તેમને ધનપ્રાપ્તિ ઉપરાંત ભારતમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા માટે પણ દબાણ વધારી રહ્યા હતા. પરિણામે, ચર્ચ ઓફ ઈંગ્લેન્ડ દ્વારા સને ૧૭૬૭માં પહેલો તાકતવર પાદરી ખ્રિસ્તી ધર્મના ઝંડા સાથે ભારતની ધરતી પર ઉતારવામાં આવ્યો.

એ યુગમાં માત્ર ઈંગ્લેન્ડ જ નહીં, ખ્રિસ્તી ધર્મના જુદા જુદા દેશોના પાદરીઓને પણ ભારતને 'વટલાવવાની' એક અદમ્ય ઝંખના જાગી હતી. એટલે જુદા જુદા દેશોમાંથી પાદરીઓ પોતપોતાની રીતે ભારતની 'રામભરોસે' ભૂમિ પર ઊતરી પડ્યા હતા. પરંતુ ગંગા-યમુના-સરસ્વતીના જળથી પોષાયેલી ભારતની ભૂમિ પર, સંસ્કૃતિના મૂળ એટલા ઊંડા હતાં કે ભારતીયોને વટલાવવાનું 'સરળ સ્વપ્ન' એ સૌના ધાર્યા કરતાં ઘણું જ કઠીન નીકળ્યું.

સને ૧૭૯૨ થી ૧૮૨૩ સુધી ભારતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે ખપી જનાર ફ્રેન્ચ મિશનરી પાદરી એબી ડુબોઈસે સંસ્કૃત, તામિલ વગેરે ભાષાઓ ઉપર ઘણું પ્રભુત્વ મેળવીને હિન્દુઓમાં 'યોગી' જેટલું સન્માન મેળવ્યું હતું. છતાં હિન્દુઓને ખ્રિસ્તી બનાવવામાં પોતાના અનહદ પ્રયત્નોને કેટલી સફળતા મળી તે વિશે ડુબોઈસ નિરાશાપૂર્વક લખે છે કે, "ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે મેં કરેલા પુરુષાર્થની સફળતા માટે હું સહેજ પણ ડંફાસ મારી શકું તેમ નથી..." કારણ ? હિન્દુઓને વટલાવવા માટે, હિન્દુઓની જેમ જ જીવીને પોતાની જાતને હિન્દુ તરીકે જ ઓળખાવવા સુધીના પ્રયત્નો કર્યા પછી, ડુબોઈસ લખે છે : "એક મિશનરી તરીકે ભારતમાં હું ખૂબ ૩૧ વર્ષ સુધી રહ્યો, એ દરમ્યાન હું બીજા મિશનરીઓનો સાથ લઈને, માત્ર ૨૦૦ થી ૩૦૦ સ્ત્રી-પુરુષોનું જ ધર્મપરિવર્તન કરી શક્યો છું. એ પૈકી બે તૃતીયાંશ લોકો તો ભિખારીઓ હતા ! બાકીના લોકો શૂદ્રો કે આદિવાસીઓ હતા, જેમણે કોઈક સ્વાર્થના હેતુથી જ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હતો !"

(Hindu Manners, Pg. xxv, Abbe J. A. Dubois, Published by Book Faith India New Delhi, 1999 (First printed in 1897)

૩૧ વર્ષ સુધી ડુબોઈસે કરેલા આ ધર્મપ્રચાર બદલ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તેમને પૂરતાં નાણાં અને જીવ્યા ત્યાં સુધી પેન્શનની વ્યવસ્થા કરી આપી હતી ! ડુબોઈસે નિરાશા સાથે સને ૧૮૨૩માં ભારત છોડી પેરિસ તરફ વિદાય લીધી

(Hindu Manners, Pg. XXVII)

ખ્રિસ્તી ધર્મગુરુઓ મૂર્તિપૂજા અને અવતારવાદમાં માનતા ભારતીયોને 'ગમાર' અને 'અસભ્ય' સમજીને વટલાવવાની હોંશમાં અહીં ઊતરી પડતા, ત્યારે બુદ્ધિજીવી અને સમજુ વિદેશી વેપારીઓ તેમાં ગાંડપણ જોતા. સને ૧૮૧૨માં છેક અમેરિકાના બોસ્ટનથી પાંચ પાદરીઓ ભારતી આવી પડ્યા ત્યારે આ પાદરીઓના પ્રયાસોને ગાંડપણ ગણાવતાં અમેરિકન વેપારી હેન્રી લીએ કલકત્તાથી લખ્યું હતું. : "આ લોકો પાગલ જણાય છે...` કોઈને દુનિયાની ગતાગમ જ લાગતી નથી. તેઓ જેને વટલાવવા નીકળ્યા છે, એ આ ભારત દેશ તથા તેના દેશવાસીઓ વિશે તેમનું જ્ઞાન ખૂબ પછાત છે. મને તેમના પ્રત્યે ખરેખર ખૂબ દયા ઉપજે છે."

(Yankee India, Pg. 132, By Susan S. Bean, Published by Peabody Essex Museum)

એક અધિકારીએ તો ત્યાં સુધી લખ્યું હતું કે, "અત્યાર સુધીમાં બહુ જ થોડાં અથવા તો નહિવત્ ધર્મપરિવર્તનો થયાં છે અને એક પણ આદરણીય હિન્દુ વટલ્યો જ નથી ત્યારે મને એમ લાગે છે કે હિન્દુઓનું માનસપરિવર્તન કરવું તે માણસની તાકાતની બહારની વાત છે."

(Yankee India, Pg. 133)

અમેરિકન પાદરીઓને સરળ ગુજરાતીઓને વટલાવવાનો નિર્ધાર કર્યો હતો. એટલે સને ૧૮૧૨માં તો તેમણે ગુજરાતીમાં બાઈબલ તૈયાર કરી દીધું હતું ! આ પાદરીઓએ પાંચ વર્ષ સુધી મહેનત કર્યા પછી અમેરિકાના પ્રસિદ્ધ વેપારી અને અધિકારી વિલિયમ એ. રોજર્સે તેમને મુંબઈમાં જોયા, ત્યારે તેનું વર્ણન કરતાં લખ્યું હતું : "તેમણે બાળકોને શાળાઓમાં ગુજરાતીમાં બાઈબલ

શીખવવાનું ચાલુ કર્યું છે. આ રીતે તેઓ આ બાળકોમાં માનસમાં ખ્રિસ્તી ધર્મ દૃઢ કરાવવા મથે છે. પરંતુ પાંચ વર્ષમાં હજુ સુધીમાં એક પણ જણનું ધર્મપરિવર્તન કરી શકાયું નથી, ભવિષ્યમાં પણ તેઓ નહીં કરી શકે !''

(Yankee India, Pg. 133)

અન્ય અનેક વેપારી અને અધિકારીઓનો પણ આ જ અભિપ્રાય હતો - ''હિન્દુઓને પોતાના ધર્મમાં સંતોષ છે, તેમને કોઈ જ ચેઈન્જ (ધર્મપરિવર્તન)ની જરૂર નથી.''

(Yankee India, Pg. 133)

સને ૧૭૬૭થી ૧૮૫૭ દરમ્યાન કંપની સરકારના શાસનમાં, ઈંગ્લેન્ડથી ક્રમે ક્રમે આવેલા સાત ખ્રિસ્તી ધર્મગુરુઓએ ભારતમાં ખ્રિસ્તીપ્રચારનો પાયો નાંખ્યો. પરંતુ એ પૈકી પ્રથમ ત્રણ ધર્મગુરુઓ - ચાર્લ્સ ગ્રાન્ટ, વિલિયમ કૅરી તથઆ હેન્રી માર્ટિન કોઈ ક્રાંતિકારી પરિણામ પ્રાપ્ત કરી શક્યા નહોતા. કલકત્તામાં તેમનું મુખ્ય થાણું હોવા છતાં કલકત્તા અને તેની આસપાસના બંગાળ પ્રદેશમાં, ચર્ચ ઓફ ઈંગ્લેન્ડ દ્વારા, સને ૧૮૨૩માં માત્ર ૬ જ ભારતીયોનું ધર્મપરિવર્તન થઈ શક્યું હતું !

કલકત્તાના એક પાદરી એમ. વિલ્કીન્સન તો એટલી હદે નિરાશ થયા હતા કે તેમણે આ માટે ઓક્સફર્ડ અને કેમ્બ્રિજ જેવી યુનિવર્સિટીને શરમજનક ગણાવી હતી, એમ કે આ યુનિવર્સિટીઓએ માત્ર 'બિશપો' આપ્યા છે, પરંતુ એક પણ સાચો મિશનરી આપ્યો નથી !

(Bishop Heber, Chief Missionary to the East, Pg 140.

પાદરીઓની આવી નિષ્ફળતાને કારણે સને ૧૮૧૩માં થોડા સમય માટે ધર્મપરિવર્તન પર કંપની સરકાર દ્વારા પ્રતિબંધ પણ આવી ગયો હતો. એટલું જ નહીં, બ્રિટીશ સંસદમાં સતત પાંચ દિવસ સુધી ગરમાગરમ ચર્ચા હતી કે બ્રિટને ભારતનું ખ્રિસ્તીકરણ કરવાના અભરખા છોડી દેવા જોઈએ. પરંતુ વિલિયમ વિલ્બરફોર્સ જેવા કટ્ટર ખ્રિસ્તી પ્રચારકે જબ્બર ઝીંક લીધી ત્યારે ફરીથી ધર્મપરિવર્તન પરનો પ્રતિબંધ ઊઠ્યો !

(પાંચજન્ય, અંક-૪૨, ૨૧ માર્ચ ૨૦૦૪, પેજ-૩૪-૪૯, રાજેન્દ્ર ચઢ્ઢા વર્ષ : ૪૭)

ધર્મપરિવર્તનની થોડી પણ સફળતાથી પાદરીઓનો બુઝાતો આશાદીપ ફરી ચેતનવંતો થઈ જતો. અમેરિકન પાદરીઓએ જ્યાંથી ભારત આવવા પ્રયાણ કર્યું હતું તે બોસ્ટન પાસેના સાલેમ નગરમાં તો, ભારતીયોમાં ખ્રિસ્તી પ્રચારની ઝાંખી આપતું સંગ્રહાલય પણ એ સમયે (સને ૧૮૦૧માં !) સ્થપાઈ ગયું હતું ! સાલેમની ઈસ્ટ ઈન્ડિયા મરીન સોસાયટીએ ઊભા કરેલા આ પ્રદર્શનમાં, સને ૧૮૦૯માં એ જમાનામાં, સંસ્કૃત અને બંગાળીમાં ભાષાંતરિત કરેલા બાઈબલ પણ મૂકવામાં આવ્યા હતાં ! મિશનરીઓની ભારે જહેમતને અંતે, માત્ર આંગળીના વેઢે ગણાય તેટલા જ ભિખારીઓ, શૂદ્રો કે નાતમાંથી બહાર કાઢી મૂકેલા લોકો જ ખ્રિસ્તી ધર્મમાં ભળ્યા હતા, એ યુગમાં એક બ્રાહ્મણે ખ્રિસ્તી ધર્મમાં ભળ્યા હતા, એ યુગમાં એક બ્રાહ્મણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો તેનાથી ખ્રિસ્તીઓમાં કેવું આનંદનું મોજું ફરી વળ્યું હશે ! એ બ્રાહ્મણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરતી વખતે પોતાની ચોટલી કપાવી તેને અમેરિકામાં સાલેમના મ્યુઝિયમમાં અમૂલ્ય ચીજ તરીકે પ્રદર્શનમાં મૂકી દેવામાં આવી હતી ! (સને ૧૮૩૧)

(Yankee India, Pg. 131)

આમ, ખ્રિસ્તી ધર્મગુરુઓ હિન્દુઓને વટલાવવામાં કોઈ મોટી સિદ્ધિ મેળવી શક્યા નહોતા ત્યારે, ભારતમાં ખ્રિસ્તી પ્રવૃત્તિઓ માટે થનગનતા બ્રિટિશ ધર્મગુરુઓ સામે લંડનમાં એક સમસ્યા આવીને પડી હતી. એ સમસ્યા હતી : ચર્ચ ઓફ ઈંગ્લેન્ડ (એંગ્લીકન ચર્ચ) દ્વારા ભારતમાં ચાલતી પ્રવૃત્તિઓના મુખ્ય ખ્રિસ્તી ધર્મગુરુની ગાદી ખાલી પડી હતી. એ ખાલી ગાદી હતી 'બિશપ ઓફ કલકત્તા'ની ગાદી.

સને ૧૮૨૨માં 'બિશપ ઓફ કલકત્તા' તરીકે ઈંગ્લેન્ડની ખ્રિસ્તી ધર્મપ્રવૃત્તિ સંભાળી રહેલા શ્રી મિડલ્ટન મૃત્યુ પામ્યા, તેમના સ્થાને કોને નિયુક્ત કરવા એ સમસ્યા ઊભી થઈ ત્યારે, તેના જવાબ રૂપે, બ્રિટીશ પાર્લામેન્ટના 'બૉર્ડ ઓફ કમિશ્નર્સ ફોર ધ અફેર્સ ઓફ ઈન્ડિયા'ના ચેરમેન વિલિયમ્સ વીન સમક્ષ, એક જ ચહેરો તરવરતો હતો, જેનું નામ હતું - રેજિનાલ્ડ હેબર.

ભારતમાં વટાળપ્રવૃત્તિ એક પડકારરૂપ હતી. અને એ પડકારને ઝીલી શકે એવો એ તરવરિયો બાહોશ યુવાન હતો. વળી, ચેરમેન વિલિયમ્સ વીન હેબરની પ્રતિભાને કોલેજકાળથી જાણતા હતા. તેથી ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે થનગનતા હેબરને પાંચ હજાર પાઉન્ડનો ભારેખમ પગાર અને ઉપરાંત ૧૫૦૦ પાઉન્ડના દમદાર પેન્શનની ઓફર કરીને વિલિયમ્સે 'બિશપ ઓફ કલકત્તા'નું પદ સંભાળી લેવા પત્ર લખ્યો.

તા. ૭ ડિસેમ્બર, ૧૮૨૨ના રોજ આ પત્ર મળતાં જ હેબર હરખાઈ ઊઠ્યા. તેમને ભારતનો પડકાર ઉઠાવવામાં રસ હતો. પરંતુ પત્ની એમીલિયા (લગ્ન : સને ૧૮૦૯), પુત્રી એમીલી, ઉપરાંત પિતા અને ભાઈના પ્રેમબંધનો તેમની સામે હતાં. પત્ની અને પુત્રીમાં અતિ આસક્ત હેબરને માટે તેમાંથી છૂટવાનું કપરું હતું. છતાં ધર્મપ્રચારની ધગશને કારણે 'બિશપ ઓફ કલકત્તા'ની ઓફર તેમણે સ્વીકારી લીધી.

હેબર ઈંગ્લેન્ડમાં એટલા માનીતા અને આદરણીય બની ગયા હતા કે તેમણે ભારત આવવાની તૈયારી કરી ત્યારે સતત ચાર મહિના સુધી તો મિત્રો, સંસ્થાઓ અને વિવિધ ચર્ચો દ્વારા તેમના વિદાય સમારંભો ચાલ્યા ! ઓક્સફોર્ડ યુનિવર્સિટીએ તેમને વિદાય વેળાએ 'ડૉકટર ઓફ ડિવીનીટી'ની પદવી આપી બહુમાન કર્યું.

૧લી જૂન, ૧૮૨૩ના રોજ લંડનના લેમ્બેથ પેલેસના ચર્ચમાં આર્ક બિશપ ઓફ કેન્ટરબરીએ 'લોર્ડ બિશપ ઓફ કલકત્તા' તરીકે હેબરનો વિધિવત્ અભિષેક કરી દીધો. અને ૧૬ જૂન, ૧૮૨૩ના રોજ, ભારતને ખ્રિસ્તી બનાવવાનું પડકારરૂપ સ્વપ્ન લઈને હેબરે, 'ચીફ મિશનરી ટુ ધ ઈસ્ટ' તરીકે ભારત આવવા ઈંગ્લેન્ડનો કિનારો છોડી દીધો.

ભારત આવ્યા પછી કલકત્તાના દ્વિતીય બિશપ તરીકે કાર્યભાર સંભાળીને, ચાલીસ વર્ષીય હેબરે શરૂઆતના પાંચ મહિનામાં જ બ્રિટીશ ગવર્નરો ને અધિકારીઓ પર વહીવટી દક્ષતાની આગવી છાપ પાડી દીધી. જુસ્સાભર પ્રવચનોથી તેમણે અન્ય પાદરીઓમાં આશાનો જુવાળ પ્રગટાવી દીધો.

(Bishop Heber, Chief Missionary to the East, London, 1895)

હવે તેમને ભારતીયોના ધર્મપરિવર્તનની ઝંખના બરાબર જાગી હતી. સમગ્ર ભારતનો પ્રવાસ કરીને ચર્ચની કાર્યવાહી વધુ સક્ષમ બનાવવાનો અને ધર્મપરિવર્તનનું કાર્ય મોટે પાયે ઉપાડવાનો તેમનો સંકલ્પ હતો. કદાચ, ધર્મપરિવર્તનના કાર્યમાં ખૂબ ઓછી સફળતા પામેલા પૂર્વેના પાદરીઓ સામે પોતાનું આગવું સામર્થ્ય બતાવી દેવાનો એ થનગનાટ હતો. તેમણે ઢાંકાથી લઈને છેક હિમાલય (આલ્મોડા) અને દિલ્હીથી લઈને ત્રિચિનાપલ્લી સુધી, પોતાના ધરખમ રસાલા સાથે યાત્રાપ્રવાસ આરંભી દીધો. સર્વત્ર પૂરા દબદબા સાથે બિશપની તમામ વ્યવસ્થાઓ કરી આપવા માટે કંપની સરકારે હૂકમો છોડી દીધા હતા. ઠેર ઠેર બ્રિટીશ અધિકારીઓ અને તેમની હકુમત નીચેના રાજા-મહારાજ-નવાબોએ કિંમતી ભેટસોગદો આપીને તેમનું ભવ્ય સ્વાગત કર્યું. બિશપ પોતાના આ પ્રવાસ દરમ્યાન ભારતની અનેક વિશેષતાઓને નીરખતાં ખ્રિસ્તી ધર્મના પ્રચારની શક્યતાઓ જ જોયા કરતા હતા. પરંતુ તેમને ક્યાંય અસાધારણ તક દેખાતી ન હતી.

સતત બાર મહિના સુધી ભારતપ્રવાસ કરતાં કરતાં બિશપ હેબર પોતાના રસાલા સાથે દિલ્હી-રાજસ્થાન થઈને ગુજરાતમાં આવ્યા, ત્યારે ચોંકી ગયા. કારણ કે ભારતના બીજા પ્રાંતોની સરખામણીએ ગુજરાતમાં ખૂબ શાંતિ હતી. ગુજરાતમાં જ વિશેષ કરીને પ્રવર્તેલી શાંતિનું કારણ શું હતું ? બિશપ હેબરની જિજ્ઞાસાના જવાબમાં, વડોદરામાં તેમને એક એવા વ્યક્તિવિશેષની વાત સાંભળવા મળી અને તેમાં જ બિશપને ગુજરાતને ખ્રિસ્તી બનાવવાનું એક મોટું પરિબળ દેખાયું હતું. એ વ્યક્તિવેશષ હતા : ભગવાન શ્રી સ્વામિનારાયણ.

બિશપ હેબરે એવો ઉલ્લેખ કર્યો છે કે વડોદરામાં તેમણે ભગવાન સ્વામિનારાયણ વિશે ખૂબ સાંભળ્યું હતું. બિશપે વડોદરાના પાંચ દિવસના નિવાસ દરમ્યાન મહારાજા ગાયકવાડ તથા રેસિડેન્ટ કલેક્ટર જૅમ્સ વિલિયમ્સની મહેમાનગતિ ખૂબ માણી હતી. તેથી એવું લાગે છે કે વડોદરામાં બિશપે મહદ્ અંશે જૅમ્સ વિલિયમ્સ અને મહારાજા ગાયકવાડ પાસેથી ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રભાવ જાણ્યો હશે. મહારાજા ગાયકવાડ પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત તરકે જ પોતાને ઓળખાવતા હતા.

(નોંધ : વડોદરાના આ રેસિડેન્ટ જૅમ્સ વિલિયમ્યસના પુત્ર જહોનનું અપહરણ થયું હતું ત્યારે તેમણે ભગવાન સ્વામિનારાયણ પાસે આશીર્વાદ માગ્યા હતા. ભગવાન સ્વામિનારાયણના આશીર્વાદથી તેમનો પુત્ર ત્રણ મહિના પછી લખનૌની જેલમાંથી પાછો આવી ગયો હતો. આથી ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે અતિ અનુરાગ ધરાવતા વિલિયમ્સ ભક્તતુલ્ય જ બની ગયા હતા. : વડોદરાનું સત્સંગ દર્શન, લે. શ્રી રમેશચંદ્ર લા. પંડ્યા, પેજ નં. ૧૩૦ થી ૧૩૨)

બિશપ હેબરે જોયું કે શસ્ત્ર વિના શાંતિ સ્થાપનાર એક ક્રાંતિકારક મહાપુરુષ તરીકે ભગવાન શ્રી સ્વામિનારાયણે, બ્રિટીશ અધિકારીઓના હૃદય જીતી લીધા હતા. બિશપના ઉલ્લેખ પરથી લાગે છે કે તેમની ભારતયાત્રા દરમ્યાન, તેમને ગુજરાતમાં પૂર્વે ફરજ બજાવી ચૂકેલા એવા કેટલાય અંગ્રેજ અધિકારીઓ મળ્યા હતા કે જેમણે ભગવાન શ્રી સ્વામિનારાયણની ખૂબ પ્રશંસા કરી હતી. (ભગવાન શ્રી સ્વામિનારાયણના કાર્યની પ્રશંસા એ વખતે ઈંગ્લેન્ડમાં છપાયેલા અહેવાલોમાં પણ થઈ ચૂકી હતી. સને ૧૮૨૩માં ભગવાન શ્રી સ્વામિારાયણની હયાતીમાં લંડનથી પ્રકાશિત થયેલ એશિયાટિક જર્નલમાં પણ તેના રિપોર્ટરે નોંધ્યું હતું

: "His preaching had produced great effect in improving the morals of the people." Asiatic Journal (1823) XV-P. 348-349

પોતાની જ ઉંમરના એક ધર્મગુરુ ભગવાન શ્રી સ્વામિનારાયણના ઠેર ઠેર વખાણ થતાં હતાં એ બાબત બિશપ માટે ઈર્ષ્યાપ્રેરક પણ હતી, પરંતુ આ બધી માહિતી પરથી, કટ્ટર ખ્રિસ્તી પ્રચારક બિશપ હેબરને તો ભગવાન શ્રી સ્વામિનારાયણને ખ્રિસ્તી ધર્મમાં ભેળવી દેવાય તો કેટલી મોટી સિદ્ધિ મળી જાય એ ગણિત માંડવાની વૃત્તિ જાગી હતી, તેથી તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણને મળવા માટે અધીરા બની ગયા હતા.

અને તા. ૨૬ માર્ચ ૧૮૨૬ના રોજ બિશપ હેબરને અનાયાસે એ તક સાંપડી ગઈ. આ ઐતિહાસિક દિવસ વિશે લખતાં બિશપ હેબરે પોતાના પ્રવાસવર્ણનમાં ઝીણવટપૂર્વક વિગતો નોંધી છે. ભગવાન શ્રી સ્વામિનારાણ સાથે તેમની ઐતિહાસિક મુલાકાત થઈ, તેના આગલા દિવસે વડોદરાથી વાસદ આવેલા બિશપ હેબર લખે છે : "શ્રી વિલિયમ્સને (થોમસ વિલિયમ્સન, ખેડાના કલેક્ટર) મને કહ્યું કે હિન્દુ સુધારક સ્વામિનારાયણના ઉપદેશ તથા આકર્ષક વ્યક્તિત્વથી આ જંગલી લોકોનો ઘણો ઉદ્ધાર થયો છે. વળી એમના વિશે વડોદરામાં પણ મેં ઘણું સાંભળ્યું હતું.

તેમની નૈતિકતા શાસ્ત્રમાંથી કોઈ શીખી શકે તેના કરતાં પણ ઘણી જ ચઢિયાતી છે. તેમણે પોતાના શિષ્યોને એટલી ઉચ્ચ કક્ષાના પવિત્ર આચારવિચાર શીખવ્યા છે કે, તેમના શિષ્યો રસ્તે જતી સ્ત્રીઓ તરફ નજર સુધ્ધાં કરતા નથી. તેમણે ચોરી અને લોહિયાળ હિંસાનો ખૂબ વિરોધ કર્યો છે. જે પ્રદેશ અને ગામડાંઓમાં લોકોએ તેમને સ્વીકાર્યા તે ગામડાંઓ એક સમયે સાવ બદતર હતાં, જે આજે (કાયદો તથા વ્યવસ્થામાં) એકદમ સુંદર અને અત્યંત નીતિમાન બન્યાં છે. એટલું જ નહીં, તેમણે વર્ણાશ્રમની જડતાનો પણ ઉચ્છેદ કર્યો હતો. એકેશ્વરવાદનો તેઓ ઉપદેશ આપતા હતા.

(થૉમલ વિલિયમ્સન ભગવાન શ્રી સ્વામિનારાયણના સાચા અર્થમાં અનુરાગી બની ગયા હતા. તેમણે જેમ બિશપ હેબરને ભગવાન શ્રી સ્વામિનારાયણનો ખૂબ મહિમા કહ્યો તેમ, મુંબઈના ગવર્નર જનરલ સર જહોન માલ્કમને પણ અપાર મહિમા કહ્યો હતો. તે સમયે તેઓ માલ્કમ સાહેબના અંગત સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા. થૉમસ વિલિયમ્સે જ માલ્કમ વતી ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે પત્રવ્યવહાર કર્યો હતો.)

ટૂંકમાં, સત્યને પામવામાં તેમનો નોંધપાત્ર પ્રયાસ જોતાં મને આશા બંધાઈ હતી કે, ખ્રિસ્તી ધર્મના પ્રચારનો માર્ગ મોકળો કરવા માટે તેમને નિમિત્ત બનાવી શકાશે. આમ, શ્રી વિલિયમ્સન પાસેથી, સ્વામિનારાયણ વિશે રસપૂર્વક વિગતો સાંભળી રહ્યો હતો, તે જ ઘડીએ છ માણસો મારા તંબૂ પાસે આવી પહોંચ્યા. તેમાંના ચાર તો ઉજળિયાત ખેડૂત કે વાણિયા જેવા દેખાતા હતા. પાંચમાં જુવાને માથે સ્વચ્છ સફેદ મોટું ફાળિયું વીંટેલું હતું. તેના હાથમાં સુંદર ઢાલ અને તલવાર હતાં. તે ઉપરાંત તેની સમૃદ્ધ ખાનદાની સૂચવતાં ચાંદીના ઘરેણાં એણે પહેર્યાં હતાં. છઠ્ઠો માણસ એક બુઝર્ગ મુસલમાન હતો. તેની સફેદ દાઢી અને તેના એકંદર પહેરવેશ ઉપરથી એ કોઈનો જૂનો નોકર હશે એમ જણાતું હતું.

આ સજ્જનોએ તેમની રીત પ્રમાણે પ્રસાદ અથવા નજરાણા તરીકે થોડીક સાકર અને મીઠાઈ મને ભેટ ધરી; અને તેઓ જમીન પર બેઠા. તેમાંનો એક ખેડૂત મારા આનંદ-આશ્ચર્ય વચ્ચે બોલી ઊઠ્યો : 'પંડિત સ્વામિનારાયણ આપને નમસ્કાર (સલામ) કહેવરાવે છે.'

જેમને પ્રત્યક્ષ મળવા માટે હું અત્યંત ઝંખતો હતો તે તો નજીકમાં જ બિરાજતા હતા ! એમ કહીને તેણે આગળ વાત કરી કે 'આવતી કાલે જ સ્વામિનારાયણ તમને મળવા આવવા માગે છે.'

મેં તો તરત જ અનુકૂળતા બતાવીને સાચી વાત કહી દીધી કે 'સાચેસાચ હું પણ તેમનો પરિચય કરવા માટે અત્યંત ઉત્સુક છું. કારણ કે મેં એમના ખૂબ ગુણગાન સાંભળ્યા છે.'

પછી મેં એ લોકોને પૂછ્યું : 'તમે તેમના અનુયાયીઓ છો ?' તે સૌએ 'હા' કહી. એ પૈકી એક પંડિત સ્વામિનારાયણના ખાસ શિષ્ય એવા દરબારના યુવરાજ હતા. તેઓ જાતે રાજપૂત હતા. લીલા કપડામાં વૃદ્ધ મુસલમાન સિપાઈ હતો. તેણે ઉમેર્યું કે 'અમે બધા જુદી જુદી નાતના છીએ, પરંતુ અમે બધા સ્વામિનારાયણના સત્સંગી છીએ અને તેમણે અમને એકબીજાને સગા ભાઈ માનવાનું શીખવ્યું છે.'

અંતમાં એણે કહ્યું કે 'આવતીકાલે નડિયાદ મુકામે બપોર થતાં પહેલા સ્વામિનારાયણ તમને મળવા માટે આવશે.' એમ કહી તેમણે વિદાય લીધી. યુવરાજને ભેટીને મેં તેના પિતા તથા તેમના ગુરુને સલામ કહેવરાવી..."

('Narrative of a journey through the upper provinces of india' નામના રાઈટ રેવરન્ડ રેજીનાલ્ડ હેબર લિખિત ગ્રંથના બે ભાગ શ્રીમતિ એમેલિયા રેજીનાલ્ડ હેબરે ઈ.સ. ૧૮૨૭માં લંડનથી પ્રકાશિત કર્યાં. આ ગ્રંથમાં નડિયાદ ખાતે ૨૬ માર્ચ, ૧૮૨૫ના રોજ યોજાયેલ બિશપ હેબર અને ભગવાન શ્રી સ્વામિનારાયણની મુલાકાતનો બિશપ હેબરે લખેલ અહેવાલ બીજા ભાગમાં વર્ણવાયો છે.)

બીજે દિવસે, સને ૧૮૨૬ના માર્ચની ૨૬મી તારીખે (ચૈત્ર સુદ ૭, સં. ૧૮૮૧) ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે ખૂબ મોટી આશાઓ લઈને બિશપ નડિયાદ પહોંચી ગયા. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણને વશ કરીને, તેમને ખ્રિસ્તી બનાવી દેવાની બિશપની અપેક્ષાઓ પર પાણી ફરી વળ્યું. ઈંગ્લેન્ડની ચર્ચમેન પબ્લીશીંગ લિમિટેડ કંપનીએ પ્રકાશિત કરેલા 'બિશપ સાહિબ' પુસ્તકના લેખક શ્રી ડેરીક હ્યુજીસ લખે છે : ''હેબરને આ મુલાકાત પાછળ ખૂબજ ઊંચી અપેક્ષાઓ હતી. એટલું જ નહીં, સ્વામિનારાયણને ખ્રિસ્તી ધર્મમાં વટલાવી દેવાની તેની આશા હતી. પરંતુ આ મુલાકાત નિરાશા ઉપજાવનારી રહી.''

(Bishop Heber, Chief Missionary to the East, London, 1895, Pg. 155)

બિશપ હેબરની અપેક્ષાઓ પર શા માટે પાણી ફરી વળ્યું ? હેબરના લખાણો પરથી અભ્યાસુઓને એ સ્પષ્ટ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણને મળીને ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે બિશપ હેબરે તબક્કાવાર યોજના ઘડી હતી : (૧) ભગવાન સ્વામિનારાયણની સાથે મુલાકાત યોજીને તેમને ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતોનો પરિચય કરાવવો. (૨) તેમની સાથે અંગત મિત્રતા બાંધવા માટે તેમને ખેડા લઈ જવા. પોતાની બાજુમાં જ સ્વતંત્ર તંબૂમાં ઉતારો આપીને એક અઠવાડિયા સુધી (તા. ૨૬ માર્ચ, શનિવારથી તા. ૪ એપ્રિલ ૧૮૨૫, સોમવાર સુધી) તેમની સાથએ ભાઈચારો બાંધીને ખ્રિસ્તી ધર્મની વાતો ખૂબ નિરાંતે કરવી. દેવનાગરી લિપિમાં લખાયેલું બાઈબલ તેમને આપીને બાઈબલના પ્રચાર માટે પ્રેરણા આપવી. (૩) જો સ્વામિનારાયણ હા પાડે તો, ખેડાથી છેક મુંબઈ સુધી ચાલનારા તેમના એક મહિનાના પ્રવાસ દરમ્યાન તેમને પોતાની સાથે જ રાખવા.

આ દરમ્યાન તેમનું સંપૂર્ણ ધર્મપરિવર્તન કરી નાંખવું. (૪) મુંબઈ લઈ જઈને ખ્રિસ્તી મિશનરી સમાજના સભ્યો સાથે સ્વામિનારાયણનો ગાઢ સંબંધ બંધાવી દેવો. બિશપ પોતે છેક કલકત્તા રહેતા હોવાથી ગુજરાતની નજીક રહેલા આ મિશનરીઓ દ્વારા સ્વામિનારાયણને સતત ખ્રિસ્તી ધર્મના પ્રચારની પ્રેરણા આપતી રહેવી. પરંતુ બિશપની આ ચારેચાર મુરાદો પર ટાઢું પાણી ફરી વળ્યું. નડિયાદ શહેરની વચ્ચે એક સરકાર બંગલામાં યોજાયેલી ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથેની મુલાકાતમાં શું બન્યું તેની વિગતવાર નોંધ લખતાં બિશપ પોતે લખે છે :

''અમે નડિયાદ મુકામ કર્યો. ત્યાંના કોટવાલના કહેવા પ્રમાણે તે ગામની વસ્તી પંદર હજારની હશે. આજુબાજુની જમીન ખૂબ ફળદ્રુપ અને આંબાવાડિયાથી છવાયેલી હતી. લગભગ અગિયાર વાગ્યાના સુમારે શ્રી સ્વામિનારાયણની ધારેલી મુલાકાત થવા પામી. તે માટે મને જે ઈંતેજારી અને ઉમંગ હતાં તે બીજું કોઈ જાણી ન જાય તેવી રીતે મન પર કાબુ રાખી મેં કોઈને જણાવા દીધું નહીં. રખેને સ્વામિનારાયણના મનમાં તે માટે ગર્વ થઈ જાય !

મેં કલ્પ્યું હતું તે કરતાં કોઈ જુદી જ ઢબે સ્વામિનારાયણ આવ્યા. તેમની સાથે લગભગ બસો ઘોડેસવારો હતા. દરેકની પાસે બંદૂક અને તલવાર જેવા હથિયાર હતાં. કેટલાકે ભાલા હાથમાં લીધા હતા. ઘોડેસવારો ઉપરાંત ઘણા પગે ચાલનાર તીરકામઠાં સાથે સામેલ હતા. આ બધું જોઈને મને ભાન થયું કે મારી સાથે તો ફક્ત પચાસ ઘોડા, પચાસ તલવારો અને પચ્ચીસ બંદૂકધારી વળાવિયા રક્ષકો જ હતા ! આવો સરંજામ જોતાં બરોબર મારા નાના રસાલા માટે મને ઓછું આવ્યું અને તેમની નજરે કંઈક હલકો હોઈશ એમ મનમાં થયું...

જો બંનેની ટુકડીઓનો મુકાબલો થયો હોત તો નાની પણ ક્વાયતી અને અસરકારક શસ્ત્રોથી સજજ હોવાને લીધે મારી ટુકડી પાછી પડત નહીં, પરંતુ તેમની ટુકડી અને મારી ટુકડીના નૈતિક જુસ્સામાં કેટલો ભારે તફાવત હતો ! મારા માણસો મને ઓળખતા નહોતા અને મારી તેમને પડી પણ નહોતી; છતાં મારી સાથે તે આવ્યા હતા અને મારું વફાદારીપૂર્વક રક્ષણ કરે એવા હતા; કારણ કે તેમના ઉપરીઓએ તેમને એમ કરવા માટે હુકમ કર્યો હતો. મારા જેવા સારી પ્રતિષ્ઠા ધરાવતા તદ્દન અજાણ્યા બીજા કોઈ માણસ માટે પણ તેઓ આવી વફાદારી બજાવત, એમાં શંકા નથી.

પરંતુ, બીજી તરફ સ્વામિનારાયણના રક્ષકો તો એમના પોતાના શિષ્યો જ હતા. સાથે સાથે તેમના અનુરાગી ચાહકો પણ હતા. આ લોકો વળી એવા હતા, જે તેમના ઉપદેશ અને પ્રવચનો સાંભળવા સ્વેચ્છાથી તેમની સાથે ફરી રહ્યા હતા અને આ રીતે તેમને સાથ આપવામાં તેઓ ખૂબ ગૌરવ અનુભવતા હતા; પોતાને ધન્ય માનતા હતા. પોતાના ગુરુ સ્વામિનારાયણનું અપમાન થાય કે તેમના વસ્ત્રના છેડાને કોઈ ઉદ્ધતાઈથી આંગળી પણ અડાડે તો, તેઓ બેસી રહેવાને બદલે લોહીનું છેલ્લું ટીપું બચે ત્યાં સુધી જીવસટે લડી લેવા માટે તે તૈયાર હતા !''

કવીશ્વર ન્હાનાલાલ નોંધે છે કે, બિશપ હેબરના મનમાં એક ઝંખના જાગી હતી કે સ્વામિનારાયણના જેવું મંડળ મારે પણ હોય તો ? પરંતુ પોતાને ઊપજેલી આ નાનપનું પોતાના મનમાં જ સમાધાન કરી નાંખતા બિશપ હેબર લખે છે :

''એકવખત હોડનેટમાં મને પણ લોકોએ આવો આદર આપ્યો હતો. પરંતુ એક ખ્રિસ્તી ધર્મગુરુને ભારતમાં આટલો આદર અને પ્રેમ મેળવતાં કેટલો લાંબો સમય વીતી જશે ? આમ છતાં, હિન્દુ ધર્મની રૂઢ પરંપરા કરતાં સ્વામિનારાયણનો ધર્મોપદેશ અલગ પડે છે તો પણ, તેમના જેવા ધર્મગુરુને ભારતમાં આટલી બધી સફળતા અને આવકાર મળે છે, તે બાબત ખ્રિસ્તી ધર્મપ્રચારકો માટે ઘણી પ્રોત્સાહક છે.

તેમાંથી ધીરજ અને ખંતપૂર્વક પુરુષાર્થ કરવાની પ્રેરણા મળે છે. સ્વામિનારાયણની સફળતા પરથી આપણે પણ એવી આશા રાખવી જોઈએ કે પરમાત્માની કૃપાથી એક દિવસ આપણા પ્રયત્નો પણ સફળ થશે. અત્યાર સુધી ભલે આપણાં ચર્ચ કોઈ ન ફરકતું હોય એવા વાંઝિયા ખંડેર જેવા રહ્યા, પરંતુ ભવિષ્યમાં એ ઊભરાઈ જશે.''

આમ પોતાને ઊપજેલી નાનપનું સમાધાન કરીને બિશપ હેબર ફરીથી ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથેની મુલાકાતનું વર્ણન આગળ ધપાવે છે :

''સ્વામિનારાયણના હથિયારબંધ રસાલાને કદાવર બાંધના ધોળી દાઢી અને મોટા પાઘડા જેવા ફાળિયાથી ધીરગંભીર જણાતા વૃદ્ધ ઠાકોર દોરી રહ્યા હતા. ગઈકાલે મને મળેલા યુવરાજના તે પિતા હતા. અમારા ખંડમાં એ નાયક પહેલા આવ્યા. મને તે માનપૂર્વક ભેટ્યા અને પછી તેણે પોતાના પવિત્ર પુરુષ સ્વામિનારાયણનો પરિચય કરાવ્યો.

લગભગ મારા જેવડી ઉંમર, મારા જેવડું જ કાઠું, એકવડું શરીર અને મધ્યમ કદ, સાદો દેખાવ ધરાવતી વ્યક્તિ. સૌમ્ય અને સ્વસ્થ મુખમુદ્રા એમનામાં કોઈ અસધારાણ વિલક્ષણતા જણાતી નહોતી.

મેં તેમને મારી જમણી બાજુએ મૂકેલી ખુરશી ઉપર બેસાડ્યા અને બીજી બે ખુરશીઓ ઉપર પેલા ઠાકોર અને તેમના યુવરાજને બેસવા કહ્યું. પરંતુ તેમણે તેમના ધર્મગુરુના ચરણ નીચે તેમના હાથને સ્પર્શ કરાવી, આદરપૂર્વક ચરણરજને પોતાને કપાળે સ્પર્શ કરાવ્યા પછી જ તેમણે તેમની બેઠક સ્વીકારી. બીજા મુખ્ય શિષ્યોમાંના લગભગ વીસ-ત્રીસ જણા ભોંય ઉપર બેસી ગયા. આ વખતે મારા મુસલમાન નોકરો - જેમને આ બધામાં ભારે કુતૂહલ જાગ્યું હતું - તેઓ મારી આસપાસ દરવાજા આગળ ડોકાં કાઢીને ઊભા રહી ગયા હતા, કેટલાક મારી પાછળ પણ હારબંધ ગોઠવાઈ ગયા હતા.

પરસ્પરનું ઔપચારિક અભિવાદન થયા પછી મેં કહ્યું : 'મેં આપના સંબંધી બહુ સારી સારી વાતો સાંભળી છે, અને ખાસ કરીને ગુજરાતના ગરીબ અને નીચલા થરના લોકોમાં આપ જે સદુપદેશ આપી રહ્યા છો તેના ઘણાં વખાણ સાંભળ્યાં હતાં. પરિણામે આપની ઓળખાણ કરવાની મને તીવ્ર ઈચ્છા હતી.'

મેં દિલગીરી સાથે તેમને કહ્યું કે હું થોડી અને ભાંગી-તૂટી હિન્દુસ્તાની ભાષા જાણું છું, છતાં ભાષાના મારા અલ્પ જ્ઞાન તથા મિત્રોની મદદથી, ધાર્મિક વિષયો અંગે તમારા વિચારો હું જાણી શકીશ અને પછી મારા તે સંબંધી વિચારો તમને જણાવી શકીશ, તેનો મને આનંદ છે.

પછી મેં તેમને જણાવ્યું કે જો તેઓ ખેડા આવીને મળે તો ખૂબ નિરાંતે વાતચીત કરી શકાશે. વળી મેં કહ્યું કે તેમને માટે હું ખાસ એક જુદો તંબૂ ઊભો કરાવીશ અને ભાઈની જેમ તેમને ગણીને તેમની ખાતરબરદાસ્ત કરીશ.''

બિશપને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે આટલો બધો પ્રેમ શા માટે ઊભરાઈ ગયો ? તેનો જવાબ આપતાં તેઓ લખે છે : ''મેં આમ કહ્યું કારણ કે તેમને બાઈબલની એક નકલ આપવા હું અત્યંત થનગનતો હતો. પરંતુ નાગરી લિપિમાં લખાયેલા બાઈબલની નકલ અત્યારે મારી પાસે ન હતી, અને મારે સ્વામિનારાયણને તે બાઈબલ વંચાવવું જ હતું. એટલે મેં તેમને મારી સાથે મુંબઈ આવવા નિમંત્રણ આપ્યું. કારણ કે મને એવી આશા હતી કે મુંબઈમાં તેમને સમજાવી પટાવીને, ચર્ચ મિશનરી સોસાયટીના સભ્યો સાથે ઓળખાણ - વાતચીત કરાવી, તેમની નજીકના આ ચર્ચ મિશનરીઓ દ્વારા તેમનું વધુ સારું કરાવી શકીશ. (અર્થાત્ તેમને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવરાવીને હું તેમનું 'ભલું' કરી શકીશ. કારણ કે પોતે કલકત્તા જેવા દૂરના સ્થળે હોવાથી) બીજી રીતે હું એ કરી શકું તેવી મને આશા નહોતી.''

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ભક્તો પર સતત ચાંપતી નજર રાખી રહેલા બિશપ હેબરે નોંધ્યું છે કે, સ્વામિનારાયણને મુંબઈ લઈ જવાના તેમના નિમંત્રણથી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ભક્તો રાજી થયા છે. બિશપને લાગ્યું હશે કે એમનું ધ્યેય પાર પાડવાનું કદાચ સરળ બની રહેશે. પરંતુ બિશપ હેબર આગળ લખે છે :

''પરંતુ સ્વામિનારાયણે જણાવ્યું કે તેઓ એટલા બધા વ્યસ્ત છે કે તેમને વખત જ મળતો નથી. કારણ કે અત્યારે જ પાંચ પાંચ હજારનો શિષ્ય સમુદાય બાજુના ગામડામાં (વડતાલ, હરિજયંતીના ઉત્સવ પર) તેમનો ધર્મોપદેશ મેળવવા એકત્રિત થયો હતો.

અને આવતા અઠવાડિયે ગુજરાતના જુદા જુદા પ્રાંતના પચાસ હજાર જેટલી મોટી સંખ્યામાં હરિભક્તો તેમના ભત્રીજાના જનોઈ ઉત્સવ નિમિત્તે ભેગા થવાના હતા.''

બિશપ હેબરને લાગ્યું કે કદાચ ફરી મળવાનું શક્ય નહીં બને તો ? તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણને પોતાની વાત દૃઢ કરાવવા જ રાહ જોઈ રહેલા બિશપે ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે અત્યારે જ થોડી ચર્ચા કરવાનું વિચારી લીધું. બિશપે ભગવાન શ્રી સ્વામિનારાયણને પૂછ્યું :

''તમને વાંધો ન હોય તો તમારા ધર્મના મહત્ત્વના થોડા સિદ્ધાંતો મને અત્યારે સમજાવી શકશો ?''

સરળ સ્વભાવના ભગવાન શ્રી સ્વામિનારાયણ સહેજે તેમ કરવા તૈયાર થયા. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણને તેમના સિદ્ધાંતો સમજાવવાનું આમંત્રણ આપતી વેળાએ બિશપ હેબર નોંધે છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ખાસ કરીને તેમના ભક્તો ખુશ થઈ ગયા. આ પ્રતિક્રિયાને બિશપ હેબર પોતાની ફૂટપટ્ટીથી માપતાં લખે છે :

''કદાચ મને વટલાવવાની તેમને આ તક મળી હતી એટલે તેઓ આનંદમાં આવી ગયા હતા. આમેય સ્વામિનારાયણ તો એમની વાત મારા ગળે ઉતારવા જ આવ્યા હતા ને !''

ભગવાન શ્રી સ્વામિનારાયણને સમજવામાં બિશપ કેટલા ઊણા ઊતર્યા હતા ! તેમને ક્યાં ખબર હતી કે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના દરેક સત્સંગીને આપેલા પંચવર્તમાનમાં એક નિયમ હતો : 'વટલવું નહીં અને વટલાવવું નહીં.' દરેક વ્યક્તિ પોતાના ધર્મમાં દૃઢતાથી રહે - એ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સંદેશ હતો. તો પછી બિશપ હેબરને શા માટે લાગ્યું હશે કે સ્વામિનારાયણ તેમનું ધર્મપરિવર્તન કરવા ઇચ્છતા હતા ? શું એમનું અંગત માનસ જ એમાં પ્રતિબિંબિત થતું હતું ?

બિશપ હેબરના પૂછવાથી ભગવાન શ્રી સ્વામિનારાયણે નિખાલસપણે પોતાના સિદ્ધાંતો સમજાવ્યા. એ નોંધતા બિશપ હેબર લખે છે :

''સ્વામિનારાયણે કહ્યું, 'ભગવાન એક છે. એ આખા જગતનો - સ્વર્ગ અને પૃથ્વીનો સર્જનહાર છે. એ પ્રભુ સર્વવ્યાપક છે. એ સૌના ધારક તથા નિયામક પણ છે. દરેક સાચા સાધકના હૃદયમાં તેઓ વસે છે. અંતર્યામી છે.'

પરંતુ તેમણે જ્યારે એવી વાત કરી કે તેઓ કૃષ્ણને ભગવાન માને છે અને તેમણે પૃથ્વી ઉપર અવતાર ધારણ કર્યો હતો, ત્યારે હું ચોંક્યો.* એ કૃષ્ણ કે જેનું મૃત્યુ એક દુષ્ટ માણસે નીપજાવ્યું હતું, તેના ખોટા અવતાર તરીકે અનેક ઢોંગી ધુતારાઓએ લોકોને ઠગ્યા છે ! એટલે સ્વામિનારાયણે કૃષ્ણની વાત કરી તેથી હું ચોક્યો.''

આમ કહીને બિશપ હેબર ઉમેરે છે :

''જે કૃષ્ણનું નામ અશ્લીલ અને રાક્ષસી કૃત્યો સાથે જોડાયેલું છે તે કૃષ્ણને તેમણે ભગવાન કહ્યા તે બાબત મને ન ગમી. હું તો એમ માનતો હતો કે હિંદુઓ જેને ભગવાન કહે છે, સર્વના પિતા કહે છે, તે બ્રહ્મ છે પરંતુ કૃષ્ણ નહીં. એટલે મેં એ જાણવાની ઇચ્છા દર્શાવી કે હિંદુઓમાં ભગવાન ને બ્રહ્મ બંને એક જ છે કે જુદા ગણાય છે ? બ્રહ્મનું નામ ઉચ્ચારતાં જ સ્વામિનારાયણના શિષ્યોમાં ઉત્તેજના આવી ગઈ. તેમાંના કેટલાક એકબીજા સાથે ગુસપુસ કરવા લાગ્યા.

એક-બે જણા માથું હલાવી સ્મિત કરવા લાગ્યા, જાણે તે એમ કહેતા હોય કે 'અમે એ જ માનીએ છીએ' પોતાના તેજસ્વી શિષ્યોને ભણાવતા હોય તે રીતે પંડિત (સ્વામિનારાયણ) હસીને, સહેજ લળીને મને કહેવા લાગ્યા : 'જગતમાં ફક્ત એક જ ભગવાન છે અને તે ભગવાન સર્વથી પર છે અને સર્વમાં વ્યાપક છે. તેમને લઈને જ બધી વસ્તુ છે. તેમના ઘણાં બધાં નામ છે. પરંતુ તે એકના એક જ છે. અમે અને બીજા હિન્દુઓ પણ તેને બ્રહ્મ તરીકે ઓળખીએ છીએ.''

ભગવાનના સ્વરૂપ વિશેની આટલી સ્પષ્ટતા કર્યા પછી બિશપ હેબરની કૃષ્ણ વિશેની મલિન માન્યતાઓને સુધારવા ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું :

''પરંતુ જે દૈવી આત્મામાં તે ભગવાનનો વિશેષ પ્રવેશ હોય છે, જે ભગવાનની પાસેથી આવે છે અને ભગવાનની જેવા જ હોય છે, વળી ભગવાનની ઇચ્છા - ભગવાનનો સંદેશ લોકો સુધી પહોંચાડે છે, તેમને અમે કૃષ્ણ કહીએ છીએ. ભગવાનના સ્વરૂપ તરીકે તેમની પૂજા કરીએ છીએ. સૂર્યને પણ એ જ રીતે અમે ભગવાનનું સ્વરૂપ માનીએ છીએ.

મને એમ લાગ્યું કે હવે મને વાત કરવાની તક મળી છે. એટલે મેં કહ્યું : 'એ વાત સાચી છે અને તેને દરેક સર્વત્ર સ્વીકારી શકાય તેવી છે કે ભગવાન સર્વત્ર છે, તેમની તોલે બીજું કોઈ નથી. તેઓ હૃદયમાં વસે છે અને જગતમાં શુભ વિચારો અને શુભ સંદેશના પ્રેરક છે.'

એ જ વખતે એક મુસલમાન બોલ્યો : 'અલ્લાહ અકબર.'

મેં કહ્યું : 'તમે કહ્યું તે પણ બરાબર છે, પરંતુ ભગવાનના વચનને અમે ભગવાનના પુત્ર તરીકે ઓળખીએ છીએ, જે પોતાના પિતા (ભગવાન)ની સાથે રહે છે, જેના હૃદયમાં પિતા (ભગવાન) વસે છે અને જેમના દ્વારા નિરાકાર ભગવાને પોતાનો સંદેશ લોકોને પહોંચાડ્યો છે... (એ જિસસ છે).'

આ સાંભળી એક મુસલમાન ઊભો થઈ રૂમમાંથી જતો રહ્યો. એટલે (બાકીના મુસલમાનોને થોડીવાર રોકી રાખવાના આશયથી) ચિંતાતુર થઈ મેં વાત ફેરવીને, ઠાકોરની સાથે આવેલા ઘરડા મુસલમાન સિપાઈને કહ્યું : 'સાહેબ ! તમે જાણો છો કે મારો કહેવાનો આશય શું છે. તમને ખબર છે કે મહાત્માએ પણ મેરીના પુત્ર જિસસ માટે લખ્યું છે, જિસસ ભગવાનના શ્વાસ હતા, એટલે કે જિસસ એ ઈશ્વરનો શબ્દ છે. અને કુંવારિકાથી પ્રગટ્યા હતા.'

એમ કહી જિસસને ભગવાનના પુત્ર તરીકે વર્ણવતાં બિશપ હેબરે આગળ ભગવાન શ્રી સ્વામિનારાયણને કહ્યું :

'પરંતુ હું એ નથી માની શકતો કે આકાશમાં જે સૂર્ય રહ્યા છે તે કેવી રીતે ભગવાન હોય શકે ? કારણ કે સૂર્ય ઊગે છે અને આથમે છે, એ ક્યારેક પૃથ્વીના આ ભાગમાં હોય છે તો ક્યારેક બીજા ભાગમાં હોય છે. જ્યારે ભગવાન તો એક જ સમયે સર્વત્ર વ્યાપક છે.'

જો હું બરાબર સમજી શક્યો હોઉં તો પંડિત (સ્વામિનારાયણ) તેના જવાબમાં મને આવું કહેવા માગતા હતા : 'સૂર્ય પોતે ભગવાન નથી. પરંતુ ભગવાનના જેવું તેજ અને ઐશ્વર્ય તેની પાસે છે.' વળી પૂર્વે ભગવાન પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે અને પૂર્વે આવા ઘણા અવતાર થયા છે એમ કહી તેમણે સંકેત કર્યો કે કૃષ્ણનો એક એવો બીજો અવતાર તેઓ પોતે છે. ''

(★ દેખીતું છે કે મૂંઝવણ અને સંભ્રમ બિશપ હેબરે પોતાના હિંદુ ધર્મ અને કૃષ્ણભક્તિ વિશેના અજ્ઞાન અને અણગમાથી જ કલ્પ્યાં - જાણતા પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક કિશોરલાલ મશરૂવાલા લખે છે : 'સહજાનંદ સ્વામી અને બિશપ હેબર વચ્ચેના સંવાદનો ભાવાર્થ મેં બહુ જ ટૂંકાણમાં અત્રે આપ્યો છે. બિશર હેબરે જે સંવાદનો અહેવાલ લખ્યો છે તે વાંચતાં જ માલૂમ પડી આવે છે કે કાં તો એણે સંવાદ કલ્પનાથી ઉપજાવી કાઢ્યો છે, કિંવા એનું હિંદી ભાષાનું જ્ઞાન બહુ જ અધૂરું હશે અને એ સહજાનંદ સ્વામીના ઉત્તર સમજી જ શકતો નહીં હોય. કારણ કે જે ઉત્તરોનું એ સહજાનંદ સ્વામી વિશે આરોપણ કરે છે તે હિંદુ ધર્મ વિશેનો કિંચિત પણ ન આપે.' - સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય. સને ૧૯૨૩)

બિશપ હેબર માત્ર ઊગતા અને આથમતા ભૌતિક સૂર્યની જ વાત કરતા હતા જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ તો ભગવાનનું એક નામ સૂર્ય છે તેનો ઉલ્લેખ કરતા હતા. વળી હિંદુઓની અવતારવાદની માન્યતાનો ઉચ્છેદ કરવા બેઠા ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે તો 'પોતે જ તે અવતારી પુરુષ છે' તેવો નિર્દેશ કરીને બિશપ હેબરને ટાઢાબોળ કરી દીધા. ભગવાન શ્રી સ્વામિનારાયણનો અવતારવાદનો સિદ્ધાંત બિશપ હેબરને ભારે લાગી રહ્યો હતો.

એટલું જ નહીં, તેમને તો ભગવાનનો એક જ અવતાર થયો છે અને તે ઈસુ ખ્રિસ્તી છે - એવો પોતાનો ખ્રિસ્તી મત ભગવાન શ્રી સ્વામિનારાયણના ગળે ઉતારી દેવાની તીવ્ર ઈચ્છા હતી. બિશપને શું કરવું એની દ્વિધા થઈ ગઈ. તેઓ લખે છે :

''મે કહ્યું : 'સ્વામિનારાયણ ! ભગવાને પોતાના દૂત દ્વારા અનેક વખત અનેક રીતે સંદેશ આપ્યો છે. પરંતુ એ માનવું અઘરું છે કે, ભગવાનનો એક અવતાર આખા જગતને સંદેશે આપવા માટે પૂરતો નથી. (અર્થાત્ ઈસુ સિવાય બીજા અવતારોની શી જરૂર છે? નોંધનીય છે કે ખ્રિસ્તીઓમાં અમુક વર્ગ ઈસુને ભગવાનનો અવતાર પણ સમજે છે.) ભગવાનની ઈચ્છા હશે તો આ અને બીજા ઘણા મુદ્દાઓ પર આપણે ફરીથી ચર્ચા કરીશું.''

થોડા જ વાર્તાલાપમાં બિશપ હેબરને લાગ્યું કે સ્વામિનારાયણને વટલાવવા સહેલા નથી. પરંતુ આ પ્રથમ મુલાકાતમાં એ વિશે વધુ વાર્તાલાપ કરવામાં તેમને ડહાપણ નહોતું લાગતું. આથી તેમણે વાત ભવિષ્ય પર નાંખી. છતાં અત્યારે શક્ય હોય તો સ્વામિનારાયણને બાઈબલ આપવાનો તેમનો નિર્ધાર હતો. અને કદાચ બાઈબલ ન આપી શકાય તો, જિસસની એકાદ પ્રાર્થના શીખવવાનો પણ તેમને વિચાર હશે. એટલે તેમણે એ વિશે ફરીથી વાર્તાલાપ ચાલુ કર્યો. તેઓ લખે છે :

''પછી મેં તેમને પૂછ્યું કે તેઓ ઉર્દુ લિપિ વાંચી શકે છે કે નહીં ? પરંતુ તેમણે ના પાડી એટલે મેં મારી ઈચ્છા દર્શાવતાં કહ્યું કે અત્યારે મારી પાસે નાગરી લિપિમાં બાઈબલની એકપણ નકલ નથી એટલે ખેડા અથવા મુંબઈથી હું તમને એક બે નકલ અવશ્ય મોકલાવીશ.

પછી મેં તેમને પૂછ્યું કે તમે અને તમારા શિષ્યો ભગવાનની ભક્તિ કઈ રીતે કરો છો ? મને લાગ્યું કે મારા પ્રશ્નથી તેઓ ગૂંચવી ગયા છે. એટલે મેં અબ્દુલ્લાને (એક સેવક) અમે જે નિત્ય પાઠ કરતા હતા તે પ્રાર્થના હિંદુસ્તાની ભાષામાં વાંચવા કહ્યું અને હું શું કહેવા માંગતો હતો તે દર્શાવ્યું કે અમે ખ્રિસ્તીઓ આ રીતે પ્રાર્થના કરીએ છીએ.

સ્વામિનારાયણને લાગ્યું કે હું એવું પૂછું છું કે તમે ભગવાનના ક્યા સ્વરૂપને પૂજો છો ? એટલે તેમણે એક મોટું ચિત્ર મને ખોલીને

બતાવ્યું. હકીકતે ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રશ્નને બરાબર જ સમજ્યા હતા. એટલે જ તેઓ પરમાત્માના દ્વિભુજ અને સદા સાકાર સ્વરૂપમાં માનતા હતા તે દર્શાવવા જ તેમણે ત્યાં ઊભેલા આધારાનંદ સ્વામી પાસેથી એક ચિત્રનો ખસરો માંગીને બિશપ હેબરને બતાવ્યો હતો.

સ્વસ્વરૂપમાં લીન થઈને તપ કરતા અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ અને તેમની આસપાસ સ્તુતિ કરતા બદરિપતિ નર અને નારાયણનું એ ચિત્ર હતું. ચિત્રમાં તપસ્યા કરતા અક્ષરાધિપતિ પુરુષોત્તમનું સ્વરૂપ કૌપીનધારી હતું. અજ્ઞાનને લઈને બિશપ હેબરે આનું જુદું અર્થઘટન કર્યું. તેમાં તેમને અશ્લીલતા દેખાઈ ! બિશપ હેબર લખે છે :

''ચિત્રમાં એક નગ્ન માણસના ચહેરાની આસપાસ સૂર્યનાં કિરણો નીકળતાં હતાં અને બંને બાજુ બે સ્ત્રીઓ તેમની ખુશામત કરી રહી હતી.

મેં સ્વામિનારાયણની પૂછ્યું : 'આવા સાકાર ભગવાન સર્વત્ર વ્યાપ્ત કેવી રીતે હોઈ શકે ? તેમણે મને જવાબ આપ્યો કે ભગવાનના સર્વવ્યાપી નિર્ગુણ સ્વરૂપનું આ ચિત્ર નથી. પણ મારા હૃદયમાં જે ભગવાન વસે છે, તે આવા સાકાર છે.''

બિશપ હેબર હવે પોતાનો વાક્પ્રવાહ ત્રુટી રહેલો અનુભવવા લાગ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણના ગળે પોતાની વાતો ઉતારવામાં હવે નિષ્ફળતાનો અહેસાસ થતો હતો. ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મની મૂર્તિપૂજા વિરોધી માન્યતા તેમણે યથાશક્તિ રજૂ કરી. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રભાવ એવો હતો કે સમર્થ વક્તા બિશપ હેબર આજે જાણે પાંગળા બની ગયા હતા. પોતાની વાત તેઓ બરાબર રજૂ કરી શકતા નહોતા. એટલે પ્રામાણિકપણે એકરાર કરીને તેઓ લખી નાંખે છે :

''મારો વાણીપ્રવાહ અસફળ થવા લાગ્યો હતો. બાળવયથી જ ભલભલાના ગળે પોતાની વાત ઉતારવામાં કાબેલ અને સદા પ્રખર વક્તા રહેલા બિશપ હેબરને આ બાબત કેવી આઘાતજનક લાગતી હશે ?

આથી બિશપ હેબરે વાતનો મુદ્દો બદલ્યો. હિંદુઓમાં અસંતુષ્ટ લોકોને વટલાવવા વર્ણાશ્રમનો મુદ્દાને બિશપ ખૂબ અગત્યનો માનતા હતા. વળી, ભગવાન શ્રી સ્વામિનારાયણે વર્ણાશ્રમની આભડછેટ ખૂબ સહેલાઈથી ટાળી હતી, તે તેમણે નજરે જોયું હતું. એટલે તેમને લાગ્યું કે કદાચ આ મુદ્દા પર પણ સ્વામિનારાયણ સાથે સુમેળ સાધી શકાશે. આથી એ અંગેના ભગવાન શ્રી સ્વામિનારાયણના વિચારો જાણવા માટે તેમણે પ્રશ્ન કર્યો. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઉત્તર તેમની અપેક્ષા કરતાં સાવ જુદો હતો. બિશપ હેબર લખે છે :

''સ્વામિનારાયણ નાતજાતને બહુ મહત્ત્વનો વિષય ગણતા નથી. આ બાબતે લોકોમાં નાતજાતનો ખોટો વિરોધ કરીને તેઓ લોકોનું મન દુભવવા ઈચ્છતા નથી. લોકો અહીં આ જીવનમાં સાથે બેસીને ખાય કે જુદા બેસીને ખાય. પરંતુ ઉપર (ભગવાનના ધામ તરફ આંગળી ચીંધીને) કોઈ ભેદભાવ રહેતો નથી. ઉપર તો એક એક હી જાત !''

આમ વાર્તાલાપ થયા પછી બિશપને લાગ્યું કે તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણને કોઈ રીતે, ન તો વટલાવી શકશે કે ન તો ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે તેમનો ઉપયોગ કરી શકશે. તેથી તેમણે વાતને સમેટી લીધી. વિદાય વેળાએ બિશપ હેબરે ભગવાન શ્રી સ્વામિનારાયણને અત્તર અને પાન આપ્યાં. સાથે સાથે બંને ઠાકોરો અને અન્ય શિષ્યોને પણ તેમણે ભેટ આપી. બંનેએ પરસ્પર પોતપોતાના નામ લખી આપ્યાં. ફરીથી બિશપ હેબરે 'ફરીથી હું આ દેશ છોડું એ પહેલા ખાસ મળવાનો' ખાસ આગ્રહ કર્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણે 'શક્ય હશે તો અવશ્ય મળવાનું' વચન આપ્યું.

પરસ્પર શુભેચ્છા પાઠવી બંને જુદા પડ્યા ત્યારે બિશપને લાગ્યું કે, ભગવાન શ્રી સ્વામિનારાયણને ખ્રિસ્તી ધર્મમાં ભેળવીને ધર્મપ્રચારમાં તેમનો ઉપયોગ કરવાની આશાઓ ઉપર પાણી ફરી વળ્યું છે. આથી નિરાશાપૂર્વક પોતાના અભિપ્રાયો બદલતાં બિશપ હેબર લખે છે :

''આ બધાને અંતે એકદમ સ્પષ્ટ હતું કે, મેં તેમના વિશે વાતો સાંભળી હતી એવું કાંઈ મહાન સત્ય તેઓ પામી શક્યા નહોતા.''

આમ છતાં પોતે નજરે જોયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રભાવને પણ તેઓ નકારી શકે તેમ નહોતા. તેથી લખે છે :

''છતાં એ વાત પણ એકદમ દેખીતી હતી કે તેમણે જંગલી પ્રજાઓ ઉપર જબરદસ્ત અંકુશ મેળવ્યો હતો, જેનો તેમણે અત્યારે સારા હેતુ માટે ઉપયોગ કર્યો હતો. તેમની સાથે મારે હજુ આ શરૂઆત હતી એટલે તેમને ઉતાવળમાં સીધેસીધું કહેતાં તેમને આંચકો લાગે - તેવો મને ડર હતો. (એટલે પ્રથમ મુલાકામમાં મેં ખુલ્લેઆમ ખ્રિસ્તી ધર્મમાં લાવવા પ્રયત્ન ન કર્યા.) મેં ગંભીરપણે આશા રાખી હતી કે તેઓ અત્યારે જે કાર્ય કરી રહ્યા હતા તેના કરતાં વધુ ઉત્તમ માર્ગે (ખ્રિસ્તી ધર્મના પ્રચારનું) કાર્ય કરવાની મને વિશેષ અનુકૂળતા અને તક પ્રાપ્ત થાય.

પરંતુ મેં જે કાંઈ જોયું તે પરથી લાગ્યું કે તેમને મારી સાથે મુંબઈ આવવાનું કહેવામાં કોઈ જ ફાયદો નથી !''

નિરાશ થયેલા બિશપ હેબર તે જ સાંજે પાલખીઓના રસાલા સાથે ૧૧ માઈલ દૂર ખેડા પહોંચી ગયા. પરંતુ બિશપને વધુ આંચકો મળે એવું અહીં પણ બન્યું. અહીંના સ્થાનિક કલેક્ટર થોમલ વિલિયમ્સન ઉપરાંત જજ શ્રી એડવર્ડ આયર્નસાઈડ જેવા અધિકારીઓએ પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના ભરપૂર વખાણ કર્યાં. બિશપ હેબરને આ બધું ખૂંચવા લાગ્યું. એવામાં જ ભગવાન શ્રી સ્વામિનારાયણ તરફથી વિનંતી પત્ર લઈને બે માણસો તેમને અહીં મળવા આવ્યા. બિશપ હેબર નોંધે છે :

''પત્ર પરથી દુર્ભાગ્યે એમ સ્પષ્ટ થયું કે સ્વામિનારાયણ હિંદુ ધર્મની સામાન્ય મર્યાદાઓથી બહુ આગળ જઈ શક્યા નથી. પત્ર ખૂબ સુંદર અંગ્રેજી ભાષામાં લખાયો હતો પરંતુ તેમાં સ્વામિનારાયણે નાગરી લિપિમાં સહી કરી હતી. આ પત્રનો હેતુ એટલો જ હતો કે ગવર્નમેન્ટ ઉપર તેમને મારી ઓળખાણનો ઉપયોગ કરીને લક્ષ્મીનારાયણનું એક મંદિર, ગરીબો અને પછાતો માટે હોસ્પિટલ તથા ધર્મશાળા બાંધવા માટે તેમને સહાય જોઈતી હતી.''

દિલગીરીપૂર્વક ના પાડતાં બિશપ હેબરે એ ખેપિયા હરિભક્તોને કહી દીધું :

''હું તો માત્ર પ્રવાસી છું અને ગવર્નમેન્ટમાં મારો કોઈ જ અધિકાર નથી. હું ગવર્નર એલ્ફીન્સ્ટનને તમારી અરજી આપી દઈશ. તેમને હું કહીશ કે ગરીબ યાત્રિકો માટે સદાવ્રતો અને ધર્મશાળા તમે કરવાનાં છો, અને સ્વામિનારાયણ લોકોને નૈતિક ઉપદેશ આપે છે તથા તેમના શિષ્યો નીતિમય વર્તે છે વગેરે પ્રશંસા મેં ચારે તરફ સાંભળી છે.''

જો કે આમ જવાબ આપીને પોતાના મનની વાત લખતાં તેઓ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય લખે છે : ''એક ખ્રિસ્તી તરીકે હું એવા કોઈ પ્રયાસ ન જ કરું કે જેનાથી મૂર્તિપૂજાને પ્રોત્સાહન મળે.''

બિશપ હેબરને વધુ આંચકો ખેડાના જજ એડવર્ડ આયર્નસાઈડ તરફથી મળ્યો હતો. આ અંગ્રેજ સજ્જને, લોકોનાં જીવનપરિવર્તન કરનારા ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રભાવ એક જજ તરીકે સુપેરે નીરખ્યો હતો. એટલે તેઓ બિશપ હેબર સમક્ષ પણ વારેવારે ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રશંસા કરતાં થાકતા નહોતા ત્યારે બિશપ હેબરને લાગી આવ્યું કે તેમના પોતાના જ દેશના આ ચુસ્ત ખ્રિસ્તી અધિકારી સ્વામિનારાયણમાં આટલા બધા કેમ આકર્ષાયા હશે ?

જજ આયર્નસાઈડ સાથેના વાર્તાલાપ પછી, બિશપ હેબરના હૃદયમાં જાણે ઈર્ષ્યા પ્રવેશી હોય તેમ પોતાના પત્રમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે હીન અભિપ્રાય લખી નાખ્યો :

''આયર્નસાઈડ સ્વામિનારાયણને ખૂબ સારી રીતે ઓળખે છે, અને ખૂબ પક્ષપાતપૂર્વક તેમની પ્રશંસા કરે છે. આયર્નસાઈડે કહ્યું કે સ્વામિનારાયણ મૂર્તિપૂજાના દુરાગ્રહી નથી. તેમનો સ્પષ્ટ મત છે કે અજ્ઞાની અને ભૌતિક વૃત્તિના લોકો માટે જ મૂર્તિપૂજા જેવા બાહ્ય સાધન-ઉપચારની જરૂર છે. આ તો રોમીશ ચર્ચ જેવી જ માન્યતા થઈ !

પરંતુ મેં એમને સાંભળ્યા છે ત્યારથી તેમની સાદગી અને ચારિત્ર્યની પ્રામાણિકતા ઉપર મને વિશ્વાસ નથી. તેમની પાસેથી ખ્રિસ્તી ધર્મના પ્રચારની કોઈપણ સેવાઓ લઈ શકવાની મને બહુ ઓછી આશા છે.''

આમ, તેઓ ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મના વાવટા ફરકાવવાની બાબતમાં સાવ ભાંગી પડ્યા હતા. છતાં, ભગવાન શ્રી સ્વામિનારાયણથી કેટલા બધા પ્રભાવિત થયા હશે કે છેલ્લે આટલું લખ્યા વગર રહી શકતા નથી :

''છતાં ઈશ્વરકૃપાથી સ્વામિનારાયણનો સંપ્રદાય એમના દેશબાંધવોને ખ્રિસ્તી ધર્મ પ્રત્યેના પૂર્વગ્રહોમાંથી મુક્તિ અપાવવામાં હજુ પણ ઉપયોગી બનો એ જ પ્રાર્થના.''

આટલા અહેવાલ સાથે બિશપ હેબરે ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે પોતાની કલમને વિરામ આપી દીધો. પરંતુ ઈતિહાસકારોને બિશપ હેબરના લખાણો વિશે અનેક સંશયો થયા છે. બિશપના મૃત્યુ પછી સાત વર્ષે સને ૧૮૩૪માં લંડનથી પ્રકાશિત થયેલ 'ધ ઓરિએન્ટલ એન્યુઅલ' પુસ્તકમાં રેવ. હોબાર્ડ કેઉન્ટર બિશપ હેબરના અહેવાલોને અવિશ્વસનીય ગણાવે છે. બિશપ દ્વારા લખાયેલી જર્નલમાં ઘણાં વિધાનો અવિચારીપણે ઉતાવળથી થયાં છે,

વળી જે વિષયો અંગે બિશપ હેબરનો સહેજ પણ ભરોસો ન કરાય એવા વિષયોમાં બિશપના લખાણોને કેટલાક લોકો મૂર્ખા થઈને પ્રમાણભૂત અવતરણ તરીકે મૂકે છે - એનો ખેદ કરતાં હોબાર્ડ લખે છેઃ ''બિશપ જે વિષયોને છેડે છે, તે પૈકી મોટા ભાગના વિષયોનો તેને કોઈ જ અનુભવ ન હોવાથી ગાઢ સાહજિક રીતે જ બિશપે (પોતાના વર્ણનોમાં) ઘણી ભૂલો કરી છે. જે તે બાબતના ગાઢ પરિચય કે અભ્યાસ પછી જ તેને સુધારો કરી શકાય. આથી જ એંગ્લો-ઈન્ડિયન વાંચકોને ખેદ થાય છે કે બિશપના વર્ણનો પ્રકાશનને યોગ્ય નથી. તે અશુદ્ધિઓથી ભરેલા છે. અને જેનો ઓછામાં ઓછો ભરોસો કરાય તેવાં એ લખાણોને ખૂબ મૂર્ખામીપણે

વારે વારે ટાંકવામાં આવે છે તે ખેદની વાત છે.''

(The Oriential Annual or Scenes in India : Pg. 29, Rev. Hobart Caunte, 1834)

પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક કિશોરલાલ મશરૂવાળા લખે છે : ''એ (બિશપ હેબર) સહજાનંદ સ્વામીથી કંઈક નિરાશ થયો એવું એમાં ભાન થાય છે. પણ એમાં દોષ એ સાહેબની વૃત્તિનો જ હતો. પહેલો દોષ એની ભારે મહત્ત્વાકાંક્ષાનો હતો. એણે સહજાનંદ સ્વામીએ નીચલા વર્ગમાં કરેલા સુંદર કામોનાં વખાણ સાંભળ્યા હતા. એણે વળી સાંભળ્યું હતું કે સ્વામિનારાયણનો શિષ્યવર્ગ ઘણો મોટો છે. તેથી એને લોભ છૂટ્યો કે આપણે સ્વામિનારાયણને કોઈ રીતે ખ્રિસ્તી કરી દઈએ. જો એવું થાય તો ખ્રિસ્તી ધર્મનો ફેલાવો એક સપાટામાં થઈ જાય.

બિશપ હેબરે (ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથેનો) જે સંવાદનો અહેવાલ લખ્યો છે તે વાંચતા જ માલમ પડી આવે છે કે કાં તો એણે સંવાદ કલ્પનાથી ઉપજાવી કાઢ્યો છે, કિંવા એમનું હિંદી ભાષાનું જ્ઞાન બહુ જ અધૂરું હશે અને એ સહજાનંદ સ્વામીના ઉત્તર સમજી જ શકતો નહીં હોય; કારણ કે જે ઉત્તરોનું એ સહજાનંદ સ્વામી વિશે આરોપણ કરે છે તે હિંદુ ધર્મ વિશેનો કિંચિદ્જ્ઞ પણ ન આપે... મને લાગે છે કે બિશપ હેબરે પોતાના અહેવાલમાં ઘણું અસત્ય ઉમેર્યું છે.''

( સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય. સને ૧૯૨૩)

ભગવાન સ્વામિનારાયણને સમજવામાં બિશપે ખૂબ મોટી થાપ ખાધી છે, એનો નિર્દેશ કરતાં જર્મન વિદ્વાન પ્રો. વોલ્ટર શૂબ્રીંગ પોતાના મહાનિબંધમાં લખે છે : ''અજ્ઞાની જીવોને જ મૂર્તિપૂજાના બાહ્ય ઉપચારની જરૂર છે. હકીકત એ છે કે ભગવાન સ્વામિનારાયણને તો ખૂબજ ઉત્સાહથી પવિત્ર મૂર્તિઓની પ્રતિષ્ઠાને ખૂબ ઉત્તેજન આપ્યું છે, જેને લીધે બિશપ અન્યાયી રીતે સહજાનંદ સ્વામીની સાદગી અને ચારિત્ર્યની પ્રામાણિકતા પર સંશય કરે છે. અને તેથી જ સહજાનંદ સ્વામીને ખ્રિસ્તી ધર્મમાં વટલાવવાની તેની આશાઓ પડી ભાંગી છે. બિશપે સ્વામિનારાયણની સંધ્યા પ્રાર્થનામાં આવતા સાત મુદ્દાઓને માત્ર સાંભળ્યા હોત તો પણ તેની આશાઓ ફૂલફાલી ન હોત.''

(Sahajananda and the Swami-Narayaniyas, Pg. 116, by Walther Schubring, 1962)

જે હોય તે, બિશપ હેબરની મહત્ત્વાકાંક્ષાઓએ ઈતિહાસના પાનાઓ ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય વ્યક્તિત્વને જુદા દૃષ્ટિકોણથી સમજવાની એક ભૂમિકા પૂરી પાડી છે.

બિશપ હેબરને હિંદુઓને વટલાવવા માટે ચાર બાબતો અગત્યની જડી હતી : (૧) હિંદુ પ્રજા જંગલી પ્રજા છે એવી તેમની માન્યતા હતી. (૨) હિંદુ પ્રજામાં વર્ણાશ્રમપ્રથાને કારણે વર્ગવિગ્રહ જબરદસ્ત છે. (૩) આ પ્રજા એકેશ્વરવાદમાં માનતી નથી. (૪) હિંદુ સાધુઓ પણ ખૂબ નીચલી કોટિના છે. ન મળ્યું ખાવા અને થયા બાવા - એવી વૃત્તિના સાધુઓ છે.

આ ચારે મુદ્દાઓના આધારે હિંદુઓને પોતાના ધર્મ પ્રત્યે અસંતોષ જગાડીને ખ્રિસ્તી ધર્મ પ્રત્યે આકર્ષવાની તેમની મહત્ત્વાકાંક્ષા હતી. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણને મળતાં તેમની આ ચારેય ભ્રમણાઓ ભાંગી ચૂકી હતી. તેમણે જોયું કે આ પ્રજા જંગલી નહીં, સૌથી વધુ સભ્ય છે. (બિશપ પોતાનો ઈતિહાસ ભૂલી ગયા હતા કે જ્યારે રોમન શાસક જુલિયસ સીઝર ઈંગ્લેન્ડ ગયો ત્યારે ત્યાંથી પ્રજાને જંગલી જાણીને એણે એ ટાપુ છોડી દીધો હતો.

એ સમયે તો ભારત તો સમ્રાટ સમુદ્રગુપ્તના સુવર્ણકાળમાં સમૃદ્ધિની ટોચે બેઠું હતું !) વળી, ભગવાન શ્રી સ્વામિનારાયણે નાતજાતની જડતા સામે આધ્યાત્મિક વિભાવના આપીને એક મર્યાદામૂલક ક્રાંતિ કરી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે નીચલા વર્ગને ઉન્નત વર્તનના 'એસ્કેલેટર' પર મૂકીને સંસ્કારથી નિમ્ન વર્ગને ઉપલા વર્ગની તોલે મૂકી દીધો હતો. વળી, જ્ઞાતિપ્રથાની પાબંદી સિવાય જે જે સ્થાને ઊભા હોય ત્યાંથી સીધા જ, ઊર્ધ્વગતિ કરીને ભગવાનના ધામને પ્રાપ્ત કરી શકે તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણે સંદેશ આપ્યો. પરિણામે વર્ગવિગ્રહ પણ શમી ગયો હતો.

વળી, આમજનતામાંથી વહેલ-અંધશ્રદ્ધા દૂર કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે, સનાતન હિંદુ ધર્મનો એકેશ્વરવાદ પણ જનસમુદાયમાં સહેલાઈથી સીંચી દીધો હતો. અને એમના ત્રણ હજાર સમર્થ અને વિદ્વાન સંતોએ, ખ્રિસ્તી મિશનરીઓ કરતાં પણ વધુ સમર્પણ ભાવથી લોકકલ્યાણ માટે ખપી ગયા હતા. ગુજરાતનું એકેએક ગામ એટલે જ સ્વામિનારાયણની ભણકથી ગૂંજતું હતું. અને એટલે જ બિશપ હેબરે ગુજરાતને વટલાવવાનું સ્વપ્ન છોડી દીધું.

ઈતિહાસ નોંધે છે કે આ પછી બિશપ હેબરનો ધર્મ પ્રચારનો ઉત્સાહ ઘણો ઠંડો પડી ગયો હતો. ગુજરાત છોડ્યા પછી ત્રિચિનાપલ્લી ગયેલા બિશપ હેબરનું બાથરૂમના ટબમાં પડી જવાથી કરુણ મુત્યુ થયું.

(તા. ૩ એપ્રિલ, ૧૮૨૬) અને એ સાથે ઈતિહાસે એક પ્રકરણને આલ્માારીઓ ઉપર ચઢાવી દીધું.

બિશપ હેબર તો એક દંતકથાનું નામશેષ પાત્ર થઈ ગયા. જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ આજે ય અસંખ્ય લોકોના હૃદયમાં એવા જ આદરણીય અને પૂજનીયભાવ સાથે જીવંત રહ્યા છે. એક આશ્ચર્યની વાત એ છે કે બિશપ હેબરનું જ્યાં બાળપણ વીત્યું અને ખ્રિસ્તી ધર્મના સંસ્કાર પ્રાપ્ત કર્યા હતા એવા ઈંગ્લેન્ડમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના મંદિરો સૌને આકર્ષી રહ્યા છે. મૂર્તિપૂજાનો વિરોધ કરનારા બિશપ હેબરની જ ભૂમિ પર, ભગવાન શ્રી સ્વામિનારાયણની જ મૂર્તિ અને હિન્દુ અવતારોની મૂર્તિઓનું અર્ચન-પૂજન થાય છે અને હજારો ખ્રિસ્તી લોકો પણ દર્શન કરી રહ્યા છે.

●●●

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ
આયોજીત



# 200

## શ્રી લક્ષ્મીનારાયણ દેવ

વડતાલધામ
સંવત ૧૮૮૧ સે ૨૦૮૧

# દ્વિશતાબ્દી મહોત્સવ

7 to 15 Nov. 2024


-: પ્રકાશક :-

વડતાલ ટેમ્પલ મેનેજિંગ ટ્રસ્ટી બોર્ડ વતી,

**મુખ્ય કોઠારીશ્રી ડો.શાસ્ત્રી સંતવલ્લભદાસજી સ્વામી** (Ph.D., D.Lit.)

મુ.પો. વડતાલ. તા. નડિયાદ, જી. ખેડા પીન : ૩૮૭૩૭૫(ગુજરાત)

Email : vadtaldhamvikas@gmail.com • Website : www.vadtalmandir.org